Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૮ અંક : ૧૭

મુંબઇ તા. ૧-૧-'૮૭
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છુટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

ભાષાવાદનું વિષ

ભારતમાં વખતોવખત ભાષાના વિવાદ અંગે છમકલાં થયાં કરે છે. તાજેતરમાં રાષ્ટ્રભાષા હિન્દીના વિરોધમાં તામીલનાડુમાં ઘણી ધમાલ થઇ; ભારતના બંધારણની નકલો બાળવામાં આવી. ગોવામાં કોંકણી ભાષાને રાજ્યભાષા બનાવવા માટે હિંસક તોફાનો થયાં, કેટલાકે જાન ગુમાવ્યા. થોડા વખત પહેલાં બેલગામ સરહદે મરાઠી અને કન્નડ ભાષા ભાષીઓ વચ્ચે તોફાનો થયાં હતાં. વખતોવખત થતાં આવાં તોફાનો પરિસ્થિતિને વધુ ગંભીર બનાવી દે છે. લોકોમાં પરસ્પર વેરની આગણી ઉશ્કેરાય છે. પ્રેમથી રહેતી પ્રજા વચ્ચે ભાષા-વિવાદનું વિષ પ્રસરી જાય છે.

ભારતને સ્વતંત્રતા મળી તે પૂર્વે ભાષાના નામે રમખાણો થયાનું જાણ્યું નથી. બે ભાષાઓ વચ્ચેના સરહદી પ્રદેશના ગામોમાં ભાષાનું વૈમનસ્ય રહેતું નહિ. બલ્કે બંને ભાષા સારી રીતે બોલનાર પ્રત્યે લોકો આદરથી જોતા. આજે પણ ભાષા-સીમાના ઘણા પ્રદેશોમાં એવી સુમેળભરી પરિસ્થિતિ પ્રવર્તે છે, પરંતુ પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવવા રાજદ્વારી પુરુષો કયારેક ભાષાના પ્રશ્નને સળગતો બનાવી દે છે.

ભાષા એ પોતાના વિચારોને વ્યકત કરવાનું એક મહત્ત્વનું માધ્યમ છે. ફકત મનુષ્ય પાસે જ પોતાના વિચારોને વ્યકત કરવાની શકિત છે. નાનું બાળક જે વ્યકિતઓ વચ્ચે ઊછરે છે તે વ્યકિતઓની ભાષાને સહજ રીતે ગ્રહણ કરે છે. વિદેશમાં ઊછરતાં બાળકો વિદેશીઓની ભાષાને સહજપણે શીખી લે છે, સ્વીકારે છે. એક નિઃસંતાન આયરીશ દંપતીએ છ મહિનાનું એક ફ્રેંચ બાળક દત્તક લીધું અને એને સારી રીતે તેઓ ઉછેરવા લાગ્યાં. બાળક લગભગ વરસનું થવા આવ્યું ત્યારે એ આયરીશ દંપતીએ એક પુસ્તક વિક્રેતાને ત્યાં જઇ ફ્રેંચ ભાષાની ડિકશનરી માગી. તેઓએ દુકાનદારને કહ્યું, 'અમે એક ફ્રેંચ બાળકને દત્તક લીધું છે. એ હવે બોલતાં શીખશે એટલે એ નાના બાળક સાથે એની ફ્રેંચ ભાષામાં અમે વાતચીત કરી શકીએ એવી સરળ ડિકશનરી અમારે જોઇએ છે, કે જેથી તે પ્રમાણે શબ્દો શીખીને અમે એની સાથે વાતચીત કરી શકીએ.' દુકાનદારે હસતાં કહ્યું, 'એ માટે તમારે ફ્રેંચ ભાષાની ડિકશનરીની જરૂર નથી. તમે જે ભાષા બોલતા હશો તે જ ભાષા બાળક પણ બોલશે. બાળક ભલે જન્મથી ફ્રેંચ હોય પરંતુ તમારી પાસે ઉછરીને એ આયરીશ ભાષા જ બોલશે. ફ્રાંસના લોકો પોતાની ફ્રેંચ ભાષા માટે ઘણા મગરૂર છે, પરંતુ તમારું આ ફ્રેંચ બાળક તમારી આયરીશ ભાષાનો વિરોધ નહીં કરે, પ્રેમથી હોંશે હોંશે એ શીખશે.'

આ એક ટુચકો છે, પણ તે ઘણું કહી જાય છે.

ભાષાએ વ્યકિતની એક વિશિષ્ટ સિદ્ધિ છે. બહુ ઓછા માણસને પોતાની ભાષા સંપૂર્ણ શુદ્ધ રીતે લખતાં, વાચતાં કે બોલતાં આવડતી હોય છે. વસ્તુતઃ ભાષામાં સંપૂર્ણ શુદ્ધિ જેવું હોતું નથી. ભાષાની અશુદ્ધિ શિક્ષિતોમાં જેટલી દોષપાત્ર ગણાય છે, તેટલી અશિક્ષિતોમાં ગણાતી નથી. એમને મન અશુદ્ધિ એ અશુદ્ધિ નથી. લોકવ્યવહાર ભાષાની દૃષ્ટિએ સરળ અને નૈસર્ગિક છે.

ભાષા એ સતત વહેતો નૈસર્ગિક પરિવર્તનશીલ પ્રવાહ છે. સમયે સમયે એમાં અવનવાં પરિવર્તન થયા કરે છે. માણસને એક કરતાં વધારે ભાષા આવડે તો એનો એને આનંદ થાય છે. કયારેક એ માટે એ ગર્વ પણ લે છે. પોતાની ભાષાને બદલે સામા માણસની ભાષામાં વાત કરવાનો આનંદ અનોખો છે. અજાણ્યો માણસ આપણી ભાષા ભાંગી તૂટી બોલતો હોય તો પણ આપણને તે ગમે છે. ભાષાનો વ્યવહાર દ્વેષનું નિમિત્ત તો જવલ્લે જ બને છે. એકંદરે તો પ્રેમનો જ આવિષ્કાર છે, અને એ જ સાચો વ્યવહાર છે. પોતાની ભાષા ન જાણનાર અજાણ્યા મુસાફરોને સહાયરૂપ થવા દુનિયામાં બધે જ લોકો હંમેશાં આનંદપૂર્વક ઉત્સુક અને તત્પર રહે છે.

ભાષાભિમાન મિથ્યા છે. ભાષા જન્મદત્ત છે. એવા નૈસર્ગિક માધ્યમ માટે અભિમાન કરવું કે દ્વેષ કરવો અનુચિત છે. જ્યાં મનુષ્યમાં માનવ સહજ સદ્‌ગુણો ખીલ્યા હોય છે ત્યાં કઇ ભાષા બોલાય છે એ પ્રશ્ન ગૌણ બની જાય છે. સમજાય છે કે નહિ એટલું જ મહત્ત્વનું છે. ન સમજાય તો માણસ સમજવા સાચા દિલથી પ્રયત્ન કરે છે.

જ્યાં જુદી જુદી ભાષા બોલનારા લોકો લોકો ભેગા થયા હોય છે ત્યાં પોતાની માતૃભાષામાં બોલનારા લોકો એક બીજા સાથે માતૃભાષામાં વ્યવહાર કરવા લાગી જાય છે, એથી એમને સાહજિકતાનો આનંદ થાય છે. માતૃભાષાના સંસ્કાર ઊંડા અને અનોખા છે. વિદેશમાં પોતાની માતૃભાષા બોલનાર વ્યકિત કયાંક મળી જાય તો એની સાથે માતૃભાષામાં વાતચીત કરવાનો આનંદ કંઇક જુદો જ હોય છે. જર્મની, રશિયા કે જાપાનમાં રસ્તામાં કોઇ ગુજરાતી બોલનાર મળી જાય અથવા

કયાંક ગુજરાતી ગીતની પંક્તિઓ સાંભળવા મળે કે કયાંક ગુજરાતી છાપું વાંચવા મળે તો હૃદયની લાગણીઓ વહેવા લાગે છે અને હર્ષ અનુભવાય છે એવો જ અનુભવ દરેકને પોતાની માતૃભાષા માટે થાય છે. વિદેશમાં દસ પંદર વર્ષના વસવાટ પછી માણસ પોતાના વતનમાં પાછો ફરે છે અને લોકોને એમની નૈસર્ગિક અશુદ્ધ બોલી બોલતાં સાંભળે છે ત્યારે પોતાની ભાષાનો લહેકો અને લઢણ સાંભળીને એને અતિશય આનંદ થાય છે. એના જૂના સંસ્કારો જાગૃત થાય છે.

માણસ પોતાની જાતને સારામાં સારી રીતે માતૃભાષામાં વ્યકત કરી શકે છે. માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણનું જો એ માધ્યમ હોય તો તે તેમાં ગ્રહણ કરવામાં અને વ્યકત કરવામાં વધુ સફળતા મેળવી શકે છે. દુર્ભાગ્યે ભારત ગુલામીમાં ઘણાં વર્ષો રહ્યું અને એને અંગ્રેજી ભાષાની ગુલામી સ્વીકારવી પડી. પરંતુ આઝાદી મળ્યા પછી સ્વભાષાનું જેટલું ગૌરવ થવું જોઇએ તેટલું થયું નહિ. કદાચ મહાત્મા ગાંધીજી હયાત હોત અને એમની ભાવના અનુસાર ભારતની ભાષાનીતિ રહી હોત તો ભારતની ભાષાકીય પરિસ્થિતિ જુદી જ હોત. જવાહરલાલજીના અંગ્રેજી પ્રત્યેના મોહે વહીવટીતંત્રમાંથી અંગ્રેજી ભાષાને જલદી ખસવા દીધી નહિ અને રાષ્ટ્રભાષાના પ્રચારને જોઇએ તેટલો વેગ અપાયો નહિ. ભાષાનીતિ અનિશ્ચિત રહ્યા કરી. એમની નબળાઇઓનો રાજાજી સહિત દક્ષિણના કેટલાક નેતાઓએ લાભ ઉઠાવ્યો અને રાષ્ટ્રભાષા ફરજિયાત ન કરી શકાય એવા મતને વેગ મળ્યો. આઝાદી પૂર્વે રાષ્ટ્રભાષા શીખનારા લોકોમાં તામીલનાડુના લોકો મોખરે હતા. દિન પ્રતિદિન રાષ્ટ્રભાષાનો પ્રચાર ત્યાં હોંશપૂર્વક ઝડપથી વધતો જતો હતો. દક્ષિણનાં રાજ્યોમાં જવાહરલાલજીની ઢીલી નીતિને કારણે હિન્દી વિરોધી આંદોલનો ચાલુ થયાં. ટોચની વ્યકિતઓ વચ્ચેના વૈમનસ્યના પરિણામે રાજકીય પ્રવાહો કેવા વળાંકો લે છે અને પ્રજા તથા સમગ્ર દેશ તેનો કેવો ભોગ બને છે તે હિન્દી ભાષા વિષેની આજ દિવસ સુધી ચાલી આવેલી વિષમ પરિસ્થિતિ બતાવી આપે છે.

જેમ રાષ્ટ્રભાષાની બાબતમાં તેમ શિક્ષણના માધ્યમની બાબતમાં પણ બન્યું. શિક્ષકમાં માતૃભાષાને જે સ્થાન અપાવું જોઇતું હતું, પરંતુ સમગ્ર રાષ્ટ્રમાં વેળાસર એકસરખાં (Uniform) પગલાં ન લેવાવાના કારણે અનેક વિદ્યાર્થીઓને સહન કરવું પડયું. ભાવનાશીલ રાજ્યોને માતૃભાષાનું માધ્યમ અપનાવ્યા પછી પગલાં ભરવાનો વખત આવ્યો. કેન્દ્ર સરકારની નોકરીમાં અંગ્રેજીને જ મહત્ત્વ અપાવાના કારણે કેટલાંક રાજ્યોની પ્રજાને રાષ્ટ્રવાદી ભાવના અપનાવવાને કારણે અન્યાય પણ થયો છે. સરકારી નોકરીઓમાં અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પોતાની પ્રજા પાછળ ન પડી જાય એટલા માટે રાષ્ટ્રીય ભાવના છોડીને વ્યવહારુ બનવા કેટલાંક રાજ્યોએ અંગ્રેજી ભાષાનું મહત્ત્વ બમણા વેગથી વધાર્યું. અંગ્રેજી આંતરરાષ્ટ્રીય ભાષા છે, વિજ્ઞાન અને ટેકનોલોજી માટે અનિવાર્ય છે એ સાચું તેમ છતાં ગાંધીજી કહેતા હતા તેમ પ્રજાના પાંચ દસ ટકા લોકોના લાભને માટે બાકીના લોકોને પરાણે બોજ ઊઠાવવો પડે તે યોગ્ય નથી. કેન્દ્ર સરકારે લોકશાહીના નામે આરંભથી રાષ્ટ્રભાષા માટે અને ઉચ્ચ શિક્ષણના માધ્યમ માટે બેદરકારી સેવી અને ભાષાકીય પ્રશ્નોને સળગવા દીધા. ભાષાવાર પ્રાંત રચના માટેની ગાંધીજીની ભાવના ઝડપી વિકાસ અને સાંસ્કૃતિક ઉત્કર્ષ માટે રહી હતી, પરંતુ ભાષાવાદના વિષે આપણી રાષ્ટ્રીય ભાવનાને ઘેાઇ નાખી. સ્થાપિત હિતોએ એનો શકય તેટલો લાભ ઉઠાવ્યો, હિંસક તોફાનો પણ કરાવ્યાં.

ભારત ઘણો મોટો દેશ છે. ભાષાઓ ઘણી છે. પરંતુ તેથી વિગ્રહનું કોઇ કારણ ન હોવું જોઇએ. દુર્ભાગ્યે દુષ્ટ રાજકારણીઓએ સત્તાલાલસા અને અહમ્‌ને કારણે લોકોની માતૃભાષા માટેની સંકુચિત લાગણીઓને ઉશ્કેરી શકય તેટલો ગેરલાભ ઉઠાવવા પ્રયત્ન કર્યો છે.

ભારતની પ્રજામાં પરભાષા પ્રીતિ નથી એમ નહિ કહી શકાય. સરેરાશ ભારતીય માણસ બે કે તેથી વધુ ભાષા બોલે છે. ભાષાની વિવિધતાને ભારતીય સંસ્કૃતિએ અનેક રીતોથી અપનાવી છે. ભાષા વૈવિધ્ય છતાં ભારતીય સંસ્કૃતિનું હાર્દ એકતા અને સંવાદિતાનું રહ્યું છે. એ એની પરમ સિદ્ધિ છે. વિભિન્ન ભાષા બોલવા માત્રથી માણસ દ્વેષને પાત્ર નથી બનતો તે એ બરાબર સમજે છે. સરકારી નીતિ અને સ્વાર્થી રાજદ્વારી નેતાઓ પ્રજાની લાગણીઓને ઉશ્કેરીને ભાષાવાદનું વિષ વખતોવખત પ્રસરાવે છે એ દુઃખની વાત છે. માતૃભાષા અને રાષ્ટ્રભાષાના વિકાસ અને ઉત્કર્ષની એવી યોજનાઓ સરકારી સ્તરે, શૈક્ષણિક સ્તરે અને સાંસ્કૃતિક સંસ્થાઓના સ્તરે કરવી જોઇએ જેથી ભારતીય પ્રજામાં વિભિન્ન ભાષાભાષી લોકોમાં પણ પરસ્પર પ્રેમ, આદર, સહિષ્ણુતા અને બંધુત્વની ભાવનાનું પોષણ થાય.

– રમણલાલ ચી. શાહ

ઋતંભરા વિદ્યાપીઠ – સાપુતારા

ઋતંભરા વિદ્યાપીઠ – સાપુતારાની વિદ્યાર્થિનીઓને સહાય કરવાનું સંઘે ઠરાવ્યું હતું. તદનુસાર પર્યુષણ પર્વ દરમિયાન ૨૫૦ જેટલી આદિવાસી વિદ્યાર્થિનીઓને વિદ્યાર્થિની દીઠ રૂા. ૫૦૦ (પાંચસો) લેખે સહાય કરવા માટે સંઘના પેટ્રનો, શુભેચ્છકો, આજીવનસભ્યો અને વાર્ષિક સભ્યોને વિનંતિ કરી હતી. અમને જણાવતા આનંદ થાય છે કે દાતાઓ તરફથી ૨૫૦ વિદ્યાર્થિનીઓને સહાય કરવા માટેની પૂરી રકમ પર્યુષણપર્વ દરમિયાન પ્રાપ્ત થઇ ચૂકી છે.

વિદ્યાર્થિનીઓને માટે ઉપયોગી એવી ચીજ – વસ્તુઓના વિતરણનો કાર્યક્રમ સાપુતારામાં બુધવાર, તા. ૨૧મી જાન્યુઆરી, ૧૯૮૭ના રોજ સવારના ૧૦–૦૦ વાગે રાખવામાં આવેલ છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સૌને ભાવભર્યું નિમંત્રણ છે.

ઋતંભરા માટે જે દાતાઓએ દાનની રકમ આપી છે તેઓ ઋતંભરાની મુલાકાત લઇ શકે અને વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શકે તે માટે ત્યાં જવા આવવાની બસની વ્યવસ્થા સંઘ તરફથી કરવામાં આવી છે. મંગળવાર, તા. ૨૦મી જાન્યુઆરીએ સવારે ૭ વાગે બસ સંઘના કાર્યાલય પાસેથી ઉપડશે અને બપોરે સાપુતારા પહોંચશે. બીજે દિવસે બુધવાર, તા. ૨૧મી જાન્યુઆરીએ કાર્યક્રમ અને ભોજન પછી બસ ત્યાંથી ત્રણ વાગે ઉપડશે અને રાત્રે મુંબઇ પાછી ફરશે. જે દાતાઓ બસમાં જોડાવા ઇચ્છતા હોય તેઓએ પોતાનાં નામ તા. ૧૦મી જાન્યુઆરી સુધીમાં કાર્યાલયમાં જણાવી દેવા, બસની સીટ મર્યાદિત હોવાથી ઋતંભરાના દાતાઓને વેળાસર નામ નોંધાવવા વિનંતી છે.

મંત્રીઓ

ગુજરાતી કવિતામાં પ્રાણીઓ

તનસુખ ભટ્ટ

(ગતાંકથી પૂર્ણ)

સમાજમાં પ્રસિદ્ધિ પામતા સત્પુરુષોને ઉતારી પાડવા દુર્જનો સદા તત્પર હોય છે. ચાંચો નામનો એક દાનેશ્વરી યાચકોને ગાયનું દાન આપતો હતો. તેને બદનામ કરવા દુર્જનોએ એક ચારણને તૈયાર કર્યો. ચારણે જઈને ચાંચા પાસે જીવતા સિંહનું દાન માગ્યું :

'અશ્વ દેતા કો અશ્વિપતિ, ગજ દેતા દાતાર
સાવજ દે મું સાવમલ, પારકરા પરમાર'

ચાંચાએ દ્રૌપદીની લાજ રાખનારની પ્રાર્થના કરી, પછી ગીરમાં ચારણને લઈ ગયો. માણસ પાસે આવે તો પણ સિંહ ડરતો નથી, જવાહરલાલ નહેરુ ગીરમાં સિંહ પાસે ૩૦ ફીટ સુધી ગયા હતા. ચાંચો સિંહ પાસે ગયો તેને પંપાળ્યો અને ચારણને કહ્યું કે 'લે.' ચારણના હોશકોશ છૂટી ગયા. ડરથી તેણે કહ્યું :-

'ચાંચે સિંહ સમર્પિયો, કેસર ઝાલેન કાન
હવે રમતો મેલ્યે રાણ! ચોંત્યો પરમારા ધણી!'

જરાક ધન મળતાં આછકલા બનતા લોકો ઉપર કટાક્ષથી કરતાં રાજે નામનો કવિ કહે છે :-

'મણધર વખ અણુમાવ મોટા નહિ ધારે મગજ
બિચ્છુ પુચ્છ બણાવ, રાખે શિર પર રાજિયા.'

માણસ સુપાત્ર છે કે કુપાત્ર તે કેટલીક વાર દેખાવ ઉપરથી જ વરતાય છે. સોરઠિયો કહે છે :-

'મોરી જોગ મોઢાં ય, (એને) ચોકડ કાંઉ ચલાવિયે?
અણપૂછ્યે ઓળખાય, સાચું સોરઠિયો ભણે'

દાદૂ રાજસ્થાનનો ચારણ કવિ ડારકાની જાત્રાએ બેલગાડીમાં નીકળ્યો. સોરઠમાં બાલાગામની સીમમાં એક બળદ મરી ગયો. ખેતર ખેડતા ખેડુત પાસેથી બળદ ઉછીનો લઈ જાત્રા પૂરી કરી અને વળતાં ખેડુતને બળદ પાછો આપ્યો. સોરઠની ધરતીની ઉદારતાથી પ્રભાવિત થઈ તેણે સોરઠને જ વતન બનાવ્યું :-

ચિત્રોડે ચળિયું નહિ, લાખું દેતાં દામ;
બાંધ્યું બાલાગામ, દાણોપાણી દાદવા!

પછી ડોળિયાની (બળદની) સ્તુતિ માંડે છે:-

'હારે તુંથી હોડ, નંદી નાગાંબર તણો;
ડોળિયો જોડ અજોડ, દેશમાં દીધો દાદવા!
હારે તુંથી હોડ, મદઝરતો મઘવા તણો;
જોતાં ન મળી જોડ, ડોળિયા ધોરી! દેશમાં
શકટ કરી સરી પાર, ડોળિયા! તેં દુખડાં હર્યાં;
અણગણ તુજ આભાર, શું શું કથવા દાદવા?

કુતઘ્નની નિંદા કરતાં આણંદકવિ કહે છે:-

'આણંદ કહે પરમાણંદાને, ગણ કર્યો કેમ જાય?
સાવજ પૂર્યો પાંજરે, કાઢે એને ખાય.'

અન્ય કવિ આ જ વાત ઉચ્ચારે છે :-

'પાડા લાદ્યા પરખથી, નાકર મુખમાં નાડી
(પણ) ઓપે અંબાડી, મેંગળ મથે માનડા!'

ગજ પાછળ અનેક શ્વાનો મર ભસતા ફરે
ચડપણ તણો વિવેક, ક્રોધ ન આણે કાનિયા!
માતંગ, બગિયું મોટરું, કોડ હોય કેકાણ.
પણ છેલ્લું પરિયાણ, છે પગપાળું શંકરા!

ગાયકવાડી રાજમાં બહુ કરડા સ્વભાવનો એક સૂબો થઈ ગયો. તેની ટેકડી કરતા કવિ કહે છે :-

'આશા! તારી બાકરી કમણે ન ઝાલેલ કાન,
પ ખરિયું સોતી ખાય ગ્યો ભાડલીવાળો ભાણુ.'

માણસને ઘોડાં અતિ પ્રિય હોય છે તેથી તેની ખૂબ ચાકરી પણ તેઓ કરે છે. ઘોડાને વાંસની નાળથી ઘી પાતા ધણીને કાઠિયાણી વારે છે. ત્યારે યુદ્ધવિદ્યાનો જાણકાર કાઠી કહે છે:

'કહહ કયે મત કામની! ઘોડાં ઘી દેતાહ
આડાં કદીક આવસાં, વારડલી વહંતાહ.

કાઠિયાણી મહેણું મારતાં કહે છે :-

'આગ બદુઆં, પવનઝખ, ઘોડાં આગળ જાય.
હું તુજ પૂછું સાયબા. (પ) હરણુ કિસાં ઘી ખાય?

કાઠી મહેણાના પ્રત્યુત્તરમાં કહે છે :-

'કાહું, અખતરને આડમી, ત્રણુને લઈને જાય.
હું તુજ પૂછું કામની! (પ) હરણાંથી શેં થાય?'

ઘોડા વિષેના અન્ય ઉલ્લેખો જોઈએ :-

સાઠી ચાવલ, ભેંસ દૂધ, ઘેર શીલવંતી નાર
ચોથી પીઠ તુરંગની, સરગ નિસાણી ચાર'
'મોતી ભાંગ્યુ વીંધતાં, મન ભાંગ્યું કવેણ
ઘોડો ભાંગ્યો ટેકતાં, (એનો) સાંધો ન મળે શેણું',
જોય પરખવી ઠકકરાં, બીજ પરખવું કન્ન,
જોં વિણ જાણાં ન નીપજે, નર તુરંગ ને અન્ન
લક્ષ ઘોડા, વલ વંકડા, હલ બાંધ્યાં હથિયાર
આવી ફોજું માં ઝીકવું, મરવું એક જ વાર
ઘોડાં ઘી ખાતે, કામની કરગરીએ નહિ
ચમક દી ચડયે, પારકાં પોતાનાં કરે
કોઇ ચડયા તો ખાર, કો પગપાળા ચાલતા
કરી રચના કિરતાર, ગજ પીઠ કો માનતા
કોઇ પુરુષ કોઇ ઘોડલો, કોઇ કુળવંતી નાર
સરજન હારે સરજિયાં, તીન રતન સંસાર
કૂકડ કંધા મૃગકૂદણા, શત્રવ હૈયે સાલ
નવરંગ તોરી નીપજે, પડ જોવો પાંચાળ
'જે મારગ કેસરી ગયો, રજ લાગી તરણાંય
પ ખડ ઊભાં સૂકશે, નહિ ચાખે હરણાંય.'
'સિંહણનો સુત એક, એક હજારાં
બાકર બચ્ચાં લાખ, લાખે બિચારાં.'
'નાનાં મોટાં નેહડાં, ટહુકે મોર મલાર;
સોમર, પહુ, સાવજ વસે, તુલસી શ્યામ દરબાર.'

ઊંટ વિષેના ઉલ્લેખો જોઇએ :-

'પાકા ધમળા ભાર વહે, અગર પંથ કરંત;
નરાં, તારાં ને વનફળાં, પાકમાં મીઠાં ચંત.
'દલને ડામણ દે, ઊભા ઊંટ વારે
રિયું રાડયું ઘો પાદર તારે, પોરસા!"

કૂતરા, કાચબા, મગર, મીન, વાનર, સસલું, પાડા તથા દીપડાના છૂટા ઉલ્લેખો મળે છે :-

'ગાજ્યા મે વરસે નહિં ભસ્યા શ્વાન નવ ખાય;
બહુબોલા નવરણુ ચડે, ઘોડબોલા ઘરે ન જાય.'

'સૂમ શેળો ને કાચબો, પરઘેર પહોળા થાય.
ટાણું આવે આપઘર, ઝટ સંકડાઈ જાય!'
'કમર, મગરને કાચબા, જળ સૂકયે ચલ જાય.
સાચો સ્નેહ મીનકો, જળ સૂકયે મર જાય'
'ગાંડી માથે ખેડલું, મરકટ કેટે હાર;
જણારી ગાંઠે ગરથ તે, રહે કેટલી વાર?'
'બેહેલ હું બઢયું કરે, સાંસલેલ સાંસાંજ;
કડકયું લે ફાળે, પાદર તારે પોરસા!
'મુખવછૂટયા બોલડા, પણછવછૂટયાં તીર;
જાય ઝટાપટ દીપડા, ઘડાવછૂટયાં નીર.
'પાટણ આવ્યાં પૂર, ખળહળતાં ખાંડા તણાં
શેલે માંહી શૂર બે સાસણાશે ભીમાઉત.'
કાગા વાલું કુંભજળ, વનિતા વાલી વાત;
વાલા મોદક વિપ્રને, ગઢા વાલી જાત,

જૂના વખતમાં ક્ષત્રિયને દેશનિકાલની સજા કરતા ત્યારે તેને કાળો પોશાક પહેરાવી, કાળા ઘોડા ઉપર બેસાડી, દેશ બહાર કાઢવામાં આવતો. શિયા નામના રાજવીએ, હલામણ જેવા નામના પોતાના નિર્દોષ મંત્રીજનને, તેની પ્રિયતમા પડાવી લેવા માટે દેશનિકાલની સજા કરી. કોઈ નગરની બજારમાં ત્યાંની રાજકુંવરીની દાસીએ તેને જોયો. દાસી રાજકુંવરીને કહે છે :–

'કાળો ઘોડો ને કાટવો, ભાંભર ભાલું હાથ;
બાઈ! આપણી બજારમાં, જોઈ જેટવાની જાત.

શેણી નામની ચારણ કુમારિકાનો પ્રિયતમ પરદેશ ચાલ્યો ગયો. બીજા લગ્નના ઉમેદવારો તેનું સંવનન કરવા પ્રયત્ન કરવા લાગ્યા શેણી કહે છેઃ–

'ખેતર પાકયું કણ ઝરે; મન ગેહું માળે;
વલ્લ વેલો વીજાણું દ મને રોઝડાં રંજાડે!

બકરીનાં ચાટેલાં ઘી કોણ ખાય? પશુપાલક તો બેસતું જ ઘી ખાય એમ કહી પ્રિયતમને તે નોતરે છેઃ

'ચોળાનાં ચાટેલ, ખોરાં ઘી ખવાય નહિ
મેયુંનાં મથેલ, વાલાં ઘી વીજાણું દમાં'

રાણુકદેવીનો પતિ રાખેંગાર લડાઈમાં મરી જતાં તેને સિદ્ધરાજ ઉપાડી જાય છે. ત્યારે પોતાની લાચાર દશાનું વર્ણન કરતાં તે સાબરને સંબોધે છે :–

'રે સાબર શીંગાળ! અમે ય શીંગાળાં હતાં
મરતાં રાખેંગાર, ભવનાં ભીલાં થઈ રહ્યાં,
ભીલાં એટલે નીચે લટકતાં શીંગડાંવાળું પશુ,

સત ચડતાં રાણુકદેવી કોળીને કહે છે :–

'બાળુ પાટણ દેશ, પાણી વિણ ચોરાં મરે;
સરવો સોરઠદેશ, સાવજડાં સેજળ પીએ.
સેજળ એટલે સરિતજળ.

લોકસાહિત્યનાં મુકતકોનો પ્રવાહ ચાલુ રાખતાં દલપતરામ કહે છે :–

'આપ આપને ફાવતી, કહે કાઢવા ખામી;
પીવું નહિ જળ, ગજ કહે, જળચરને શિર નામી.'
'કહે ઊંટ કદી આપણે કર્યું ન નબળું કાજ;
નીચે મુખે ન ચાલવું એમ કરો સૌ આજ.'
'કૃતઘ્નીને જે ગુણ કર્યો, વસ્તુ તણો વણસાર.
ગધેે ખાધું ખેત્ર તે, નહીં પુણ્ય, નહિ પાર.'
'આપ આપની સ્થિતિ તરફ, તાણુ ખેંચવું તાન;
શિયાળ તાણે સીમ ભણી, વસ્તી સંમુખ શ્વાન.'
'બળિયાથી સહુકો બીએ, નિર્બળને જ ન કોય.
વાઘ તણો માગે નહિ, ભોગ ભવાની માય'

પશુઓને અંકુશમાં રાખવાના ઉપાયો વર્ણવે છે :–

'હાથીને હૃદમાં હંમેશ ધરવા, સારી સજી સાંકળો
કીધું લંગર નાવને, સરહથી સાંધેલ ઘોડો ભલો,
મોરી ગાય મહિષના મુખ વિષે, રાશો વૃષોને કરી
હોવા માણસને હંમેશ હૃદમાં, છે લોકલજજા ધરી'

'પશુઓની તકરાર' કાવ્યમાં ઘણાં પશુઓ પોતાને થતા જુલમની ફરિયાદ કરે છે. આખું કાવ્ય જૂની સરકારી વાચનમાળામાં છે. અહીં યાદ રહી છે તે બે ચાર લીટી મૂકું છું.

ગાય કહે :–

કોણ ગુણોની ગણના કરશે, ગરીબડી હું ગાય
વાછરડાં વલવલે બિચારાં, ને પય બીજાં ખાય

ઊંટ કહે :

મુજ જય કાજે જીવ લિયે છે, કોઈ મુસાફર ક્રૂર

ગધેડો કહે :–

મણુષ્યધી બોજા લાદે ને ચાલું બિન તકરાર

ઉપસંહારમાં કવિ કહે છે :–

'ખર, બકરો ને બળદિયો, ગજ, ઘોડો ને ગાય
પ્રાણી બિચારાં પારકી, આશા પર અથડાય'

દોષદર્શી લોકોને ઊંટ કલ્પીને કવિ કહે છે :–

'ઊંટ કહે આસમામાં, વાંકા અંગવાળાં ભૂંડાં
ભૂતળમાં પશુઓ ને, પક્ષીઓ અપાર છે,
બગલાની ડોક વાંકી, ચોપટની ચાંચ વાંકી
કૂતરાની પૂંછડીનો, વાંકો વિસતાર છે;
વારણની સૂંઢ વાંકી, વાઘના છે નખ વાંકા
બેંશને તો શિર વાંકાં, શીંગડાંનો ભાર છે.'
સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ
'અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે.'

કવિ નર્મદાશંકર ચોમાસાનું વર્ણન કરે છેઃ

'વ્યાઘ્રો, સિંહો અતિશ તડુકે, ઝાડ મોટાં પડે છે
જોતાં ત્રાસે પ્રથમ નીકળ્યો, તે પ્રવાસી મરે રે'

હિંદુઓની પડતી નામના સુદીર્ઘ કાવ્યમાં કવિ નર્મદાશંકર પ્રતિહાસ દર્શન કરતાં ઉચ્ચારે છેઃ–

'હાથી ઘોડા, ઊંટ, પાલખી, રથનાં વાહન
દોડાદોડી ખૂબ તકતકે તનમન ને ધન'
'સિંહ તણા શિયાળ, વાત હોયે શી જસની?
'સિંહ અને હનુમાન અને બળદેવ ધ્વજ પર
સૂર્ય અને મહાદેવ, આજ કહાં તે 'હર,હર'?
નીલો ઘોડો ચતક, સવારના જેવો તેનો
ચબૂતરો છે આજ, ગયો જીવરાણમાં જેનો,
મર્દ તેહનું નામ ભોગવે શ્રમે રહેલું
સિંહ સરીખો તેહ, ખાય નહિ ઘાસ પોલું

ભકતજનની તિતિક્ષાની સ્તુતિ કરતાં નર્મદ કહે છે :–

આરબી, આફ્રીકી રેતતાતી મધે, ઊંટ ધીરું જયમે માર્ગ માપે
ભકતજન તે રીતે ભવ તણી ઝાળમાં, ધર્મ ધીરજ થકી મોહઝાપે.

નવલરામ પંડયાએ બાળલગ્ન ઉપર એક સુંદર કટાક્ષ કાવ્ય લખ્યું છે, તેમાં બાળ વરરાજાને બકરીબાઈનો બેટડો કહ્યો છે. આખું કાવ્ય વાચવા યોગ્ય છે પણ સ્મરણમાંથી ચાર લીટી મૂકું છું.

'જાન જનાવરની મળી, મેઘાડંબર ગાજે
બકરી બાઈનો બેટડો પરણે છે આજે

* * *

સમજે તો સાર બહુ છે, નહિ તો હસવું તો વારં.'

મૃગજળથી હરણો છેતરાઇને દોડે છે અને તે રથને જઇને જુએ છે તો પાણી ન મળે.

કવિ 'કાન્ત' આ મૃગતૃષ્ણા વિષે કહે છે :-

'આકાશમાં રવિ અતિશય ઉગ્ર થાય,
વાયુ પ્રચંડ અતિ આકર આમ વાય,
એવે સમે અરર આ હરિણી બિચારી
દોડે, તૃષા થકી જણાય ગયેલ હારી.'

મણિલાલ નભુભાઇ રણક્ષેત્રનું વર્ણન કરે છે, જુગુપ્સાપ્રેરિત બીભત્સરસનું આવું વર્ણન ભાગ્યે જ કોઇ વાસ્તવવાદી લેખકે કે આસ્તિત્વવાદી લેખકે કર્યું હશે તેઓ કહે છે :-

ધાલી મોઢા વિષેને, ટપકતી રુધિરે, ખોપરી ચોટલીથી
નાસે મોઢેથી વ્હેતી ટપટપ ગળતી, લાળ રવાદે થયેલી,
કેડે બીજી કુલાદી, પૂંછડી ધર ધરે, ખેંચને તાણ કર્તાં
એવાં દોડે શિયાળો, સીમપર સધળે, ઓળવાં ખોળી લેતાં
ઓળવાં ઓટલે મડદાં.

કવિ 'કાન્ત' કસ્તૂરી મૃગ વિષે લખે છે :-

'છે મંદ મંદ ગતિ આ જ પ્રદેશ સામી
આંખો થકી કહી શકાય, અપૂર્વ કામી;
કસ્તૂરિકામૃગ સમાન વપુ જણાય
દેખાવને નિરખતાં મન ત્યાં તણાય.'

ભરત રાજા વૃદ્ધાવસ્થામાં રાજ તજીને ગંડકી તીરે આશ્રમ બાંધીને રહ્યા. નદીજળમાં એક હરિણબાલને તણાતું જોઇ અનુકંપા ઉપજી. તેને બચાવ્યું, પાળ્યું, ઉછેર્યું. એમ મરણ પર્યંત તેનો સંગ કર્યો. કવિ કલાપી 'ભરત અને મૃગ' નામના ખંડકાવ્યમાં કહે છે :-

સિંહધ્વનિથી જગજંનાથી, ડરી મૃગો ઋષિ પાસે આવે
ફલંગ મારી હરણું કુદે છે, તપસ્વી તે ચિત્ર ઊભો જુએ છે.
ત્યાં એક બાલમૃગ કો શિશુ જે હતું તે, કૂદી પડયું ઝરણામાં
ધસડાઇ જતાં.

લાગ્યું ઋષિહૃદય ત્યાં અનુકંપવાને, વેગેગ્રહી
હરણને ઋષિ બાર લાવ્યો.
પંપાળ્યું પાણી પાયું ને, આશ્રમે ઉંચકી ગયો.
તૃણાદિ ત્યાં દઈ તેને, કૂદતું ઋષિએ કર્યું
જટાથી ટેકવી માથું, સૂતો છે ઋષિ એકદી
મૃત્યુથી તૂટતી નાડી, જોરથી ધબકી રહી.
પાસે ઊભું છે દુખિયું કુરંગ, શું થાય છે તે સમજવું હતુ તે
માટે ઋષિના કરને કપાલ, ને નેત્રનેત્રે મળી દદ રોતા.

* * *

'વીણાનો મૃગ' ખંડકાવ્યમાં 'કલાપી' કહે છે :-

સરર સુસવાટો થાય છે બાગમાં 'કૈ''
અરર મૃગ બિચારો, ઊછળીને પડે છે.
થર થર થર ધ્રુજે કન્યકા ત્રાસ પામી
શિથિલ કર થતાં એ બીન તૂટી પડીને.
મૃગ હૃદય મહીં છે, તીર લાગ્યું અરે રે
ખળાળળ ઢળતું હા ! રકત ભૂમિ પરે એ;
નયનજળ થકી એ, કન્યકા ધા ધુવે ને
મૃગ તરફડ થાતો. હાફતો, શ્વાસ લે છે.

સૌરાષ્ટ્રનું વર્ણન કરતાં ભોટાદકર કહે છે :-

જ્યાં બાદ્યને મદભરી મહિષી હંકાવે
તેજી તુરંગમ ગ્રહાંગણને દિપાવે.

ગ્રામજીવન વિષે તેઓ કહે છે :

નિર્ભય થઇ જલપાન કરે જ્યાં, હરિણ તણો સમુદાય
ટહુકે મોર, કળાકરી કૂદે, પિક પંચમ સૂર ગાય
સાંજરે ગોધણ આવે ઘેર, ચડે ગોરજ ઊંડી ચોમેર
ધૂલિધૂસર ઓપે આકાશ; ઊઠે વ્રજગોકુળનો આભાસ

કલાપી'ની જેમ ભોટાદકર પણ 'વિરહ મૃગ' ઉપર લખે છે :-

વસુધા વિષે બહુધા ફર્યો, ગિરિશૃંગ ઉપર અથડાયો,
પણ હર્ષવર્ષણનો પુરંદર, આજ તું મૃગને મળ્યો.

'એભલવાળો' ખંડકાવ્યમાં તેઓ અતિવૃષ્ટિ વર્ણવે છે :-

કાપી પ્રલંબ પથ આતુર અશ્વ અંતે
આવી રહ્યો ઉટજ એક તણી સમીપે;
હેષા વડે સદનના જનને જગાડે.
ને માગતો શરણ કૈં પદને પછાડે.

કૃષ્ણલાલ શ્રીધરાણી ભૂખનો ત્રાસ વર્ણવતાં કહે છે :-

સૂર્યોદયમાં સાવજ ઊભી પડછાયો નિરખી ભાખે
એક ઊંટિયું ખાવા જોશે, ઓડકાર નહિ તો ના'વે.
મધ્યાહ્ને પડછાયો જોતાં, 'શિયાળિયું એ તો ચાલે.'

* * *

અંગ્રેજીમાં ગોપકાવ્ય (Pastoral Song) નામનો એક કાવ્ય પ્રકાર છે. તેનું અનુકરણ કરીને કવિ નાનાલાલ એક ગોપ કાવ્ય લખે છે. આ કાવ્યમાં પ્રત્યક્ષ અનુભવ કરતાં કલ્પના વધારે દેખાય છે. નાનાલાલ કવિ ગોપજીવન આલેખતાં કહે છે:

'ધણને લઇ ચાલ્યા વન બાલ ગોવાળો
ગાયો લઇ જાશે રે આધી સીમમાં,
ફરતો ફાલ્યો આંબલિયાનો ફાલ રે
શીળો રે સરવરિયા પરનો વાયરો
ધણ ચરશે લીલમડું ઘાસ લવિંગરે
સરવરનીર પીશે ને તેમાં ઘૂમશે.'

કાઠિયાણીના ગીતમાં કાઠીને બિરદાવતાં કહે છે :-

'ધણ વાળીને વળશે મારો કંથડ જોબનવેશ
વનમાં ગાજે કેસરી, કાંધ ધીંગાણે મુજ નાથ'

ગુજરાતી તરુણોને સંબોધીને કવિ કહે છે :-

'સિંહના બાલથી ખેલતો, જેલતો,
એ ભરત ગોત્રના ગોત્રજો છો,
સિંહને શસ્ત્ર શાં ? વીરને મૃત્યુ શાં ?
મૃત્યુના અમૃતને ઓળખો છો.

'નવયૌવના' કાવ્યમાં કવિ કહે છે:-

'ચાંદનીના ઢગલા જેનું
શ્વેત નાનકડું હરણનું બચ્ચું
નીચે રૂપાની સાંકળે બાંધેલું હતુ"

'સુન્દરમ' દરિદ્રતાનુ કરુણામય વર્ણન પણ ઢાળવી શૈલીમાં કરી શકે છે'

'હાજીકાસમ તને વીજળી રે... મધદરિયે વેરણ થઇ' એ લોકગીતનું અનુકરણ કરીને પહેલી લીટી લખતાં તેઓ કહે છે :-

'આદમ ! તને મીંદડી રે મધરાતે વેરણ થઈ.
છાપરામાંથી કાણું કરીને, આવ્યા બિલ્લી બાઇ
જાળવા માર્યો ભુલકા તોયે, પડી પધારી મા ય
પીંજરણ કૂદવા લાગી ગઇ.
અલીયે ઊઠી લાકડી લીધી, દોડયો રસોડા મેર
ચાર પૈસાવી હાંડલી આણી, મેલી'તી ચૂલાના બેડ
અલીયાએ લાકડી ત્યાં ઘુમાઇ.
ઉંદર નાઠા, બિલ્લી નાઠી, સમઝારો જ્યાં કીધો.

ભેરુ ઉપરની હાંડલી ઉપર બલીએ ફટકો દીધો
બિચારી હાંડલી ભાંગી ગઇ.

* * *

પાંદડી નામની પાંચ વરસની બાલિકા દોઢ વરસના ભાઇને હીંચકો નાખતાં હીંચકાની દોરી અંગુઠામાં ભરાવી પાંચીકા રમે છે. 'સુન્દરમ્' આગળ કહે છે :–

વદતાં વદતાં બે બિલાડાં દોડતાં આવ્યાં ત્યાંય
બંને છોડીઓ બીને ઊભી ઓસરીએ નાસી જાય
પાંચીકા બારણામાં વેરાય.

બાળકોના બળદ ત્રિપે ઉમાશંકર જોષી લખે છે:

પેલા જલમમાં પીડયો હશે શું, ગરીબ ગાયનો જણ્યો,
આ જન્મારે મનેખનો દેહ, મૂંગો બળદિયો બણ્યો
ચારા ! કૂદાકૂદ ફરાયો.

અન્ય ગાંધીવાદી કવિ 'અનામી' સુન્દરમ્ તથા ઉમાશંકરની જેમ જ વાસ્તવવાદી કાવ્ય લખે છે:–

ઘરમાં ઘૂસી શ્વાન બિલાડીએ કડવીની ખાધી ઘેંસ
ભઠ્ઠની ભાશ ગઇ સહસ્રને, સાંભરિયા બિસ્વેશ
જજે કયાં કહેશો છુપેલ દિનેશ ?

ગોબણનું વર્ણન કરતાં રમણિક અરાલવાળા કહે છે :–

ઊંચા કરી શ્રવણ, વાંકડી શીંગડીઓ
ડોલાવતું, મધુર ઘંટડીનાદ દેતું;
આલિંગીને શિશુકને પયપૂર પાવા
ગોવંદ શું ધસમસ્યું પુરમાં પ્રવેશે.
નરસિંહ મહેતાના 'તુજ વિના ધેનમાં જાશે'
કાવ્યથી શરૂ કરી અરાલવાળાના 'ગોવૃંદ શું ધસમસ્યું પુરમાં પ્રવેશે.

પંક્તિથી આ વિવેચન પૂરું કરતાં આનંદ થાય છે. ગામ ભારતીય જીવનમાં પરિવારરૂપ બની ગઇ છે તે હકીકતનું સ્મરણ થાય છે.

કયાંક સ્મરણમાંથી પંક્તિઓ લખી છે. સ્મૃતિ દોષનો સંભવ હોવાથી અગાઉથી જ વાચકોની ક્ષમા માગી લઉં છું.

(સંપૂર્ણ)

જૈન સર્જકોના પ્રદાનનું શ્રદ્ધેય અધ્યયન

–ડો. બળવંત જાની

ગુજરાતી ભાષા સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ વિવેચક અને મધ્યકાલીન ગુજરાતી ભાષા–સાહિત્યના ઊંડા અભ્યાસી શ્રી જયંત કોઠારીનો એક (Monograph) લઘુઅભ્યાસ લેખ 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનોનું પ્રદાન' તાજેતરમાં પ્રકાશિત થયેલ છે. આ પ્રકાશનથી મધ્યકાલીન ભાષા–સાહિત્યના અતિહાસને એક બહુ મોટો વળાંક સાંપડે છે.

આ પુસ્તિકામાં જયંતભાઇએ **જૈન સાહિત્યની વિવિધતા, વિપુલતા અને સાહિત્યક ગુણવત્તા** જેવા મુદ્દાઓને અનુષંગે સૂક્ષ્મ ચર્ચા કરીને એનો ખરો અંદાજ દર્શાવ્યો છે. **ઇતિહાસમાં પ્રવેશ નહીં પામેલ કંઇ કેટલાય સર્જકો અને કૃતિઓની** વિગતો આપીને તેમણે **એક સંશોધન નિબંધ આ નિમિત્તે** તૈયાર કર્યો છે.

પ્રારંભમાં બે-એક ઉદાહરણો આપીને આપણે ત્યાં ઇતિહાસમાં જૈન સાહિત્ય કઇ રીતે સ્થાન નથી પામ્યું એ નોંધીને જયંતભાઇએ આ વિપુલ અને સત્ત્વશીલ સાહિત્યની જાળવણી–સંયમની લાક્ષણિકતાઓ દર્શાવતાં દર્શાવતાં એક હકીકત તરફ આપણું લક્ષ્ય દોર્યું છે. તેઓ નોંધે છે કે, પ્રાચીન ગુજરાતી સાહિત્ય આ જૈન જ્ઞાનભંડારોમાં સચવાયેલું જેટલું મળે છે તેટલું અન્યત્ર કયાંય મળતું નથી. જૈનેતરો આવી સંસ્થાગત વ્યવસ્થા નિપજાવી શકયા નહીં, એમની સાહિત્ય સામગ્રી વ્યક્તિગત માલિકીના ઘેરાવે રહી અને તેથી ઘણી તો રફેદફે પણ થઈ. આજે ૧૨મીથી ૧૯મી સદી સુધીના ગુજરાતી ભાષા–સાહિત્યના વિકાસનો દશકાવાર ઇતિહાસ મળી શકે છે. સિંહાલીના અપવાદે ભારતીય આર્યકુળની કોઇ ભાષાનો આવો ઇતિહાસ સાંપડતો નથી અને જગતનાં ભાષા–સાહિત્યોમાં પણ આવા દાખલાઓ ઓછા જડવાના...જૈન સંપ્રદાયે સાહિત્યના જતનની એક દૃઢ પ્રણાલિકા ઊભી કરી લીધી એનો લાભ ઊગતી અને વિકસતી ગુજરાતી ભાષાને ઘણો મોટો મળ્યો.' (પૃષ્ઠ-૩)

જૈન સાહિત્યની સ્થિતિ અંગે ટૂંકમાં ઉલ્લેખ કરીને એની ક્ષમતાનો નિર્દેશ કરી જયંતભાઇ આ સક્ષમ સાહિત્યધારા કયા કારણોસર અત્યંત મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે એ વિગતને પ્રસ્તુત કરવા તરફ વળે છે. આ માટે પ્રારંભમાં જૈન સાહિત્યના વિષય વૈવિધ્યની તેઓએ નોંધ કરી છે એમાંથી જૈન સર્જકોની વિશાળ દૃષ્ટિની જ્ઞાનોપાસનાનો પરિચય આપણને પ્રાપ્ત થાય છે. ઉપરાંત 'પોતાની સાહિત્ય પરંપરાને ઇતર પરંપરાનો લાભ લઇને સમૃદ્ધ કરનાર' જૈનસર્જકોનો ઊંડાણથી સંશોધન–અભ્યાસ કરવાની એક દિશા પણ તેમણે નિર્દિષ્ટ કરી આપી છે.

જૈનસાહિત્યના વૈવિધ્યનો તર્કબદ્ધ રીતે અભ્યાસ પ્રસ્તુત કર્યા બાદ જૈન સાહિત્યની વિપુલતાના મુદ્દાને અનુષંગે જયંતભાઇએ જૈન સાહિત્યના એક બીજા લાક્ષણિક પાસાની ચર્ચા કરી છે

કુલ : ૨૧૦૦ જેટલા મધ્યકાલીન સર્જકોમાંથી ૧૬૦૦ જેટલાં સર્જકો જૈન અને એજ રીતે ત્રણેક હજાર જેટલી મધ્યકાલીન કૃતિઓમાંથી બે-એક હજાર જેટલી રચનાઓ જૈન સર્જકો દ્વારા રચાયેલ છે. ગુજરાતી સાહિત્યની આરંભની કૃતિ 'ભરતેશ્વર બાહુબલિ રાસ' પણ જૈન સર્જક શાલિભદ્રસૂરિ દ્વારા રચાયેલી છે. ઉપરાંત આ બધા સર્જકોમાંથી યશોવિજય, જિનહર્ષ અને સમયસુંદર જેવા સર્જકો પાસેથી તો શતાધિક કૃતિઓ પણ પ્રાપ્ત થયેલી છે.

૯,૦૦૦ જેટલી કડીની લાંબી કૃતિઓ પણ આમાંના કેટલાક સર્જકો પાસેથી પ્રાપ્ત થાય છે. વળી ૭૦ વર્ષ જેટલો જેમનો લાંબો કવનકાળ છે, એવા પણ અનેક જૈન સર્જકોના ઉદાહરણો તેમણે દર્શાવ્યાં છે. બહુ નાની વયે દીક્ષા, ત્યારબાદ તરત જ શાસ્ત્રાભ્યાસ અને પછી કાવ્યસર્જન તરફ વળ્યા હોય એટલે સ્વાભાવિક છે કે આટલો લાંબો કવનકાળ તેઓને સાંપડે. આ સર્જકોની કૃતિઓમાંથી વિદ્યાગુરુઓના–બ્રાહ્મણ પંડિતોના–નામોલ્લેખ પણ સાંપડે છે, એ પરથી જણાય છે કે એ સમયે પણ જૈનોએ આ રીતે જ્ઞાન–સંપાદન માટે આયોજન કર્યું હશે અને એ પ્રકારના આયોજનને કારણે ભાષાવિદ્, શાસ્ત્રજ્ઞાની અને કાવ્યતત્ત્વના ઊંડા અભ્યાસી જૈન સર્જકો પ્રાપ્ત થયા. સ્વરૂપવૈવિધ્ય, વિષયવૈવિધ્ય ઉપરાંત

અનેક ભાષાઓનાં પણ આ સર્જકોને અભ્યાસ હતો. આથી અનેકવિધ સર્જકતાથી જુદા તરી આવતા આ સર્જકોને સ્વાભાવિક છે કે, આપણી માતૃભાષાના ઇતિહાસમાં સ્થાન મળવું જ જોઇએ. જયંતભાઇએ આ લઘુઅભ્યાસ લેખ દ્વારા એ રીતે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં પુનર્લેખ માટે પણ એક આહ્વાન કર્યું.

જૈન સાહિત્યની વિવિધતા અને વિપુલતાની ચર્ચા બાદ જયંતભાઇએ આ સાહિત્યની ગુણવત્તાની પણ વિગતે ચર્ચા કરી છે. પ્રારંભમાં તેઓ આ સાહિત્યના દસ્તાવેજી મૂલ્યની ચર્ચા કરતા નોંધે છે કે જૈનેતરમાંથી 'રણમલછંદ', 'કાન્હડદે પ્રબંધ' કે 'નરસિંહ મહેતા' વિષય કે અન્ય ચરિત્રાત્મક કૃતિઓ ખૂબ જ અલ્પ પ્રમાણમાં છે. આને આધારે આપણે એક એવો ખ્યાલ ધરાવતા થયા છીએ કે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાંથી તત્કાલીન ઇતિહાસ સામગ્રી પ્રમાણમાં ઓછી જડે છે.

પરંતુ 'જૈન સાહિત્ય આ દૃષ્ટિએ એકદમ જુદું તરી આવે છે. એમાં વિમલમંત્રી, વસ્તુપાલ-તેજપાલ, કુમારપાલ આદિ ઇતિહાસ પ્રસિદ્ધ પુરુષો. હીરવિજયસૂરિ આદિ મુનિવરો અને વખતચંદ શેઠ આદિ શ્રેષ્ઠીઓનું વિગતે ચરિત્રવર્ણન કરતા ઢગલાબંધ રાસ છે. અનેક મુનિઓના નિર્વાણ પ્રસંગે એમનું ચરિત્રનિરૂપણ કરતા રાસ લખાયેલા મળે છે. આવા ઐતિહાસિક કે ચારિત્રાત્મક રાસોની સંખ્યા ૧૦૦ જેટલી થવા જાય છે. આ ઉપરાંત, શ્રેષ્ઠીઓએ કાઢેલી સંઘયાત્રાઓને જિનમંદિરોના પ્રતિષ્ઠા મહોત્સવોને તેમ જ ચૈત્ય પરિપાટીઓને વર્ણવતી પણ ઘણી કૃતિઓ મળે છે. આ કૃતિઓમાં રાજકીય, સામાજિક, કૌટુંબિક, ભૌગોલિક વગેરે પ્રકારની વિપુલ દસ્તાવેજો માહિતી નોંધાયેલી છે. જેમ કે, શાંતિદાસ અને વખતચંદ શેઠનો રાસ એક લાંબી કુલકથા આપે છે. 'હીર વિજયસૂરિ રાસ' 'હીરવિજયસૂરિના જન્મસ્થળ પાલનપુરનો ઇતિહાસ રજૂ કરવા ઉપરાંત અકબર સાથેનો એમનો પ્રસંગ આલેખે છે અને 'સમરા રાસ' લાંબી તીર્થયાત્રાનાં અનેક સ્થળો વિશેની માહિતીથી ભરેલો છે. આ પ્રકારના જૈન રાસાઓમાં તત્કાલીન રાજવીઓ ને શ્રેષ્ઠીઓ ઉલ્લેખાતા હોય છે. વસ્ત્રાભૂષણો, અલંકારો ને સામાજિક રૂઢિરિવાજોનાં ચિત્રણો થતાં હોય છે ને ઐતિહાસિક-સામાજિક દૃષ્ટિએ મહત્ત્વની બીજી પણ ઘણી ઘણી નાની મોટી વિગતો પડેલી હોય છે.

જૈન મુનિઓ વિશે તથા તીર્થ કે તીર્થંદેવ વિશે સ્તવન-ગીત આદિ પ્રકારની અનેક લઘુ રચનાઓ થયેલી છે તેમાં પણ કેટલીક ઐતિહાસિક, સામાજિક માહિતી પડેલી છે. ઉપરાંત જૈન કવિઓ પોતાની લાંબી કૃતિઓમાં પોતાની ગુરુપરંપરા ને રચનાનાં સ્થળસમયની માહિતી લગભગ અચૂક ગૂંથે છે. તો ઘણી વાર એમાં સમકાલીન આચાર્યો, ગુરુબંધુઓ, પ્રેરક વ્યક્તિઓ તથા રચના સ્થળના રાજવીઓ શ્રેષ્ઠીઓનો નિર્દેશ થતો હોય છે; ને નમરવર્ણન પણ થતું હોય છે. જૈન સાધુઓની ગુરુપરંપરા નોંધતી પટ્ટાવલીઓ પણ ઘણી રચાયેલી છે.

ગુજરાતનો રાજકીય, સામાજિક, ભૌગોલિક ઇતિહાસ રચવામાં જૈન સાહિત્યમાંથી મળતી આ સામગ્રીનો કેટલો ઉપયોગ થયો છે એ હું જાણતો નથી. પરંતુ બહુ ઝાઝો ઉપયોગ થયો હોવાની આશા નથી. એ મોટો પ્રયત્ન પણ માગે. પણ ઇતિહાસના અભ્યાસીએ એવો પ્રયત્ન કરશે તો એ ફળદાયી નીવડ્યા વિના નહીં રહે એવો વિશ્વાસ છે. મુદ્રિત કૃતિઓ પણ ઘણી વિપુલ સામગ્રી આપી શકે તેમ છે.' (પૃષ્ઠ ૧૧-૧૨)

આ ઉપરાંત, સાહિત્યનાં ૯૦ જેટલાં સ્વરૂપો કે પ્રકારો આ જૈન સર્જકોએ ખેડ્યા છે. એમનું આ પ્રકાર વૈવિધ્ય પણ સાહિત્યિક ગુણવત્તા ધરાવનારું છે. ભાવને અનુરૂપ પ્રકાર એનો છંદોબંધ, દેશીબંધ, ઢાળ, પ્રાસ, ધુળા, દોઢાતી કે બેવડાતી પંક્તિઓ, ઢાળને આરંભે રાગનો અચૂક ઉલ્લેખ. યુવક સંગીતક્ષમ રચનાઓ, જૈન સર્જકની સર્જક પ્રતિભાનો પુરાવારૂપ છે. અને આ બધું આ સાહિત્યની ગુણવત્તાનું એક પ્રાણવાન પ્રતીક છે. અને ભાષા અભિવ્યક્તિ, સમસ્યા, સમસ્યા વિનોદ, અલંકાર-ચાતુરી, પદકૌશલ અને રચનારીતિની કોઇને કોઇ વિલક્ષણતા દ્વારા રચનાને 'એસ્થેટિક કેટેગરી' એ પહોંચાડવાની સર્જકતા ધરાવતા આ સર્જકો સાચે જ આપણા મધ્યકાલીન સાહિત્યનું એક ઉજ્જવળ પ્રકરણ છે, એવું નિબંધના આ અંતિમ તબક્કામાંના મુદ્દાની ચર્ચામાંથી પ્રતીત થાય છે. માનવ સ્વભાવનું પણ અનેક કૃતિઓમાં બારીકાઇથી આલેખન થયેલું જોવા મળે છે. સર્જક પ્રતિભાથી સંપન્ન એવા જૈન મુનિઓને સતત વિહારને કારણે વ્યાપકરૂપે લોકસંપર્કમાં આવવાનું બને એ સ્વાભાવિક છે. એ કારણે લોકમાનસનું ખરું દર્શન પણ તેઓને સાંપડેલું, તત્પરિણામે તેમની રચનાઓ ઉત્તમ અભિવ્યક્તિની કળાની સાથે સાથે ભાષા અને ભાષાકીય રીતે પણ સમૃદ્ધ બનતી.

સાંપ્રદાયિક વિગતોની સાથે સાથે પણ માનવહૃદયને સ્પર્શે એવાં તત્ત્વોને પોતાની કૃતિઓમાં નિરૂપનારા અને ક્યાંક તો સાંપ્રદાયિક સીમાને પણ વટી ગયેલા આ સર્જકોના પ્રદાનનું જયંતભાઇએ વિવિધતા, વિપુલતા અને સાહિત્યિક ગુણવત્તા જેવાં ખરા ધટક તત્ત્વોને આધાર બનાવીને પૂરા તર્કનિષ્ઠ બનીને અનેક ઉદાહરણો સમેત આ નિબંધનું આલેખન કર્યું છે. તેમાંથી એક સંશોધન નિબંધ-લેખનની આદર્શ પદ્ધતિનાં પણ દર્શન થાય છે. પ્રસ્તુત અધ્યયન ગંભીર સંશોધનની એક શ્રદ્ધેય ગંભીર સંશોધનની એક શ્રદ્ધેય ભૂમિકા પૂરી પાડે છે. આ માટે શ્રી જયંતભાઇ આપણા સૌના અભિનંદનના અધિકારી ઠરે છે.

('મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનોનું પ્રદાન'-જયંત કોઠારી. ડેમી સાઇઝ, પૃષ્ઠ-૨૦ + ૪; કિંમત રૂા. ૫ પ્રકાશક: શબ્દ મંગલ' ૨૪-સત્યકામ સોસાયટી, અમદાવાદ-૧૫)

સંઘના સભ્યોનું વાર્ષિક સ્નેહ-મિલન

(આર્થિક સહયોગ: શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાળા)

સંઘના પેટ્રનસભ્યો, આજીવનસભ્યો તેમ જ સામાન્ય સભ્યોનું વાર્ષિક સ્નેહ સંમેલન રવિવાર, તા. ૧૧-૧-'૮૭ ના રોજ યોજવામાં આવ્યું છે, તેનો કાર્યક્રમ નીચે પ્રમાણે રહેશે.

* ભગવાન મહાવીરનાં સ્તવનો-ભક્તિ સંગીત
સવારના ૯-૩૦ થી ૧૧-૩૦
* બુફે-પ્રીતિ ભોજન: કાર્યક્રમ બાદ
* સ્થળ: બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી - મુંબઇ

અગત્યની નોંધ: મોહામાં મોહું તા. ૬-૧-૮૭ના સાંજના પાંચ વાગ્યા સુધીમાં સ્નેહ - મિલન અંગેનું પ્રવેશ પત્ર સંઘના કાર્યાલયમાંથી મેળવી લેવું. બિરલા ક્રીડા કેન્દ્રના સભાગૃહમાં સીટની સંખ્યાની મર્યાદા હોવાથી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશપત્ર આપવામાં આવશે.

ચીમનલાલ જે. શાહ કે. પી. શાહ
સંયોજક પન્નાલાલ ર. શાહ મંત્રીઓ

સંઘની સહાયથી
કડોદમાં નેત્રયજ્ઞ

● નિરુબહેન સુબોધભાઇ શાહ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી રૂપિયા દસ હજારના આર્થિક સહયોગથી સુરત જિલ્લામાં કડોદ ગામે ત્યાંની હાજીદરદાસ ગાંધી હોસ્પિટલ તરફથી એક નેત્રયજ્ઞનું આયોજન રવિવાર, તા. ૧૪મી ડિસેમ્બર, ૧૯૮૬ના રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુંબઇથી સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રીમતી નિરુબહેન, જયાબહેન, મીનાબહેન, દીપકભાઇ વગેરે સંઘના કાર્યકર્તાઓ કડોદમાં ઉપસ્થિત રહ્યાં હતાં. નેત્રયજ્ઞના ઉદ્‌ઘાટનનો સમારંભ ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો.

કડોદમાં આ બીજો નેત્રયજ્ઞ હતો. કડોદની વેલ્ફેર સોસાયટીના પ્રમુખ શ્રી રણછોડભાઇ પટેલ, ગાંધી હોસ્પિટલના મુખ્ય સંચાલક શ્રી હીરાભાઇ ગાંધી, કડોદ હાઇસ્કૂલના આચાર્યશ્રી મોહિતભાઇ શાહ, કડોદ બાયન્સ ક્લબના પ્રમુખ શ્રી નવીનચંદ્ર રાણા વગેરેએ નેત્રયજ્ઞના આયોજન વિષે માહિતી આપી હતી અને મુંબઇ જૈન યુવક સંઘની આર્થિક સહાયની શરૂઆત થતાં બીજી પણ વીસેક હજાર રૂપિયા જેટલી સહાય જુદી સંસ્થાઓ અને વ્યક્તિઓ તરફથી મળી હતી તેની વિગતો રજૂ કરી હતી. પ્રમુખસ્થાનેથી બોલતાં ડૉ. રમણભાઇ શાહે કહ્યું હતું કે નેત્ર એ મનુષ્યના શરીરનું સૌથી મહત્ત્વનું અંગ છે. પરંતુ અજ્ઞાન અને ગરીબીના કારણે ગામડાંઓમાં હજારો લોકો મોતિયાને કાયમને અંધાપો સમજી લે છે. આવા નેત્રયજ્ઞ દ્વારા અનેક લોકોને નેત્રજ્યોતિ ફરી સાંપડે છે. ગામડાંઓના પછાત વિસ્તારના લોકો સુધી મોતિયાના ઓપરેશનની સુવિધા પહોંચાડવાનું કર્તવ્ય પ્રજાજનોએ પોતે ઉઠાવી લેવાની જરૂર છે.

આ નેત્રયજ્ઞમાં લગભગ ૯૦ થી ૧૦૦ જેટલા દરદીઓએ લાભ લીધો હતો, જેમાંના મોટા ભાગના આદિવાસી વિસ્તારના ગરીબ લોકો હતા. જેમની પાસે નેત્રયજ્ઞના સ્થળે પહોંચવા સુધીનું બસ ભાડું પણ નહોતું. આસપાસનાં પંદરેક ગામડામાં ફરીને દરદીઓને તપાસીને તેમને નેત્રયજ્ઞના સ્થળે લઇ આવવાની વ્યવસ્થા ગાંધી હોસ્પિટલના અને અન્ય સંસ્થાઓના કાર્યકર્તાઓએ કરી હતી.

આ પ્રસંગે ડૉ. રમણલાલ ચી. શાહે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ વતી હવે પછીના ત્રણ નેત્રયજ્ઞ માટે પ્રત્યેકને માટે રૂપિયા દસ હજારની આર્થિક સહાય આપવાનું સ્થાનિક કાર્યકર્તાઓને વચન આપ્યું હતું.

સુરતમાં હાડકાંના દરદોનો સારવાર કેમ્પ

'સંઘ'ના ઉપક્રમે અને રાષ્ટ્રીય એકતા સંમેલન અને ગાયત્રી મહાયજ્ઞ સમિતિ-સુરતના સહયોગથી મંગળવાર, બુધવાર, ગુરુવાર અનુક્રમે તા. ૨૭, ૨૮, ૨૯, જાન્યુઆરી, ૧૯૮૭ના રોજ રામી પંચની સોરડીયાવાડી, સ્ટેહ મિલન થાકની સામે, કદમ્બપલ્લી સોસાયટી પાસે, મજુરા ગેટ, સુરત ખાતે હાડકાના દરદોના નિષ્ણાત ડૉ. જે. પી. શીડાવાલાનો એક અસ્થિ સારવાર કેમ્પ યોજવામાં આવ્યો છે. આ પ્રવૃત્તિના સંયોજક **શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ** છે. હાડકાના દરદીઓને આ શિબિરનો લાભ લેવા ઉપરોક્ત સ્થળે સંપર્ક સાધવા વિનંતી.

મંત્રીઓ,

સંઘ સમાચાર

'સંઘ'ના ઉપક્રમે
સ્વ. મંગળજી જવેરચંદ મહેતા પ્રેરિત
વિદ્યાસત્ર (વર્ષ ૧૧)

વ્યાખ્યાતા : ડૉ. સુમન શાહ
પ્રમુખ : ડૉ. રમણલાલ ચી. શાહ
વિષય : સાહિત્યનું જીવન ઘડતરમાં પ્રદાન
દિવસ અને સમય : શુક્રવાર, તા. ૧૬-૧-૮૭ના સાંજે ૬-૦૦ કલાકે
શનિવાર, તા. ૧૭-૧-૮૭ના સાંજે ૪-૦૦ કલાકે
સ્થળ : ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બર કમિટિ રૂમ
ચર્ચગેટ, મુંબઇ-૪૦૦૦૨૦

સૌને સમયસર ઉપસ્થિત રહેવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

લિ. ભવદીય,

તારાબહેન ર. શાહ — કે. પી. શાહ
સંયોજક
પન્નાલાલ ર. શાહ
મંત્રીઓ

પૂ. સ્વામી સચ્ચિદાનંદનું વ્યાખ્યાન

'સંઘ' સંચાલિત 'જ્ઞાનગોષ્ઠિ'ના ઉપક્રમે પૂ. સ્વામી સચ્ચિદાનંદજીનું વ્યાખ્યાન રાખેલ છે, જેની વિગત આ પ્રમાણે છે.

વિષય : 'ધર્મ અને ધર્મગુરુઓ'
સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ
૩૮૫, સરદાર વી. પી. રોડ,
બીજે માળે, મુંબઇ-૪૦૦૦૦૪
સમય : સોમવાર, તા. ૧૨-૧-૧૯૮૭ના
સાંજના ૬-૦૦ કલાકે

સૌને પધારવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

લિ. ભવદીય,

સુબોધભાઇ એમ. શાહ — કે. પી. શાહ
સંયોજક
પન્નાલાલ ર. શાહ
મંત્રીઓ

'તત્ત્વવિચાર અને અભિનંદના'

સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહના લેખોનો છેલ્લો સંગ્રહ-'તત્ત્વવિચાર અને અભિવંદના' ગત વર્ષે નવેમ્બર ૧૯૮૫માં શ્રી મુંબઇ જૈન યુવક સંઘે પ્રગટ કર્યો હતો. આ પુસ્તકને વર્ષ દરમિયાન પ્રગટ થયેલાં પુસ્તકોમાં શ્રેષ્ઠ ચિંતનાત્મક પુસ્તક તરીકે ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી 'પરમાનંદ કાપડિયા પારિતોષિક' એનાયત કરવામાં આવ્યું છે, જે આપણા સૌ માટે આનંદ અને ગૌરવનો વિષય છે.

સાભાર સ્વીકાર

* દિવ્ય દર્શન ટ્રસ્ટ (મુંબઇ)નાં પ્રકાશનો

* યોગ દૃષ્ટિ સમુચ્ચય લે. પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિ મૂલ્ય રૂ. ૩૦/-
* પ્રતિક્રમણસૂત્ર-ચિત્ર આલ્બમ લે. ,, ,, રૂ. ૨૦/-
* સૂરિપુરંદર ,, ,, રૂ. ૫/-
* તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશી ,, ,, રૂ. ૫/-
* મનના મિનારેથી મુક્તિના કિનારે ,, ,, રૂ. ૩૦/-

ભા. ૧/૨ (બંને ભાગના)

સંપર્ક : શ્રી કુમારપાળ વી. શાહ
૧૮, ગુલાલ વાડી, મુંબઇ-૪૦૦૦૦૪.

'શ્રમ મંદિરની યાત્રા'

(પૃષ્ઠ ૧૩૮ થી ચાલુ)

(૯) વધુ જમીન અને વધુ ગ્રાન્ટ માટે ગુજરાત રાજ્યને અમે વર્ષોથી અવારનવાર અરજીઓ કરતા રહીએ છીએ. પ્રધાનોને અને અમલદારોને ફક્ત મળવા જઈએ છીએ. અમારી વસાહતની ચોમેર પથરાયેલાં ડોંગરો અને જંગલોની અમે માંગણીઓ મૂકી છે જે અમને મળે તો અમે પોતે જ એવી ઉજ્જડ જમીનને શ્રમપૂર્વક સમથળ બનાવીને સંસ્થાના ઉપયોગ માટે લઈ શકીએ.

ઉપર નોંધેલી હકીકતો ઉપરાંત એમની પાસેથી કુષ્ઠ રોગ અને કુષ્ઠ રોગીઓ સંબંધી ખૂબ જ મહત્ત્વની નીચે મુજબ માહિતી મળી :

* કુષ્ઠ રોગ કોઈપણ (Stage) અવસ્થામાં હોય, તો પણ મટી શકે છે.

* કુષ્ઠ રોગ ચેપી રોગ નથી. કુષ્ઠ રોગીના સંસર્ગમાં રહેનારા અથવા એની રાત દિવસ સેવા કરનારા કોઈને પણ આ રોગ લાગુ પડતો નથી.

* કુષ્ઠ રોગથી પીડાતા સ્ત્રી અને પુરુષ જો લગ્નગ્રંથીથી જોડાય અને એમને બાળકો પેદા થાય તો એ બાળકો કુષ્ઠ રોગી નથી હોતા મતલબ કે, કુષ્ઠ રોગ વંશપરંપરાગત નથી.

* પ્રાથમિક અવસ્થામાં કુષ્ઠ રોગનું નિદાન થાય તો આ રોગ જલદીથી અને હંમેશ માટે મટી શકે છે અને રોગી રોગમુક્ત થઈ શકે છે.

* કુષ્ઠ રોગીઓ પ્રત્યે સૂગ, ઉપેક્ષા અને તિરસ્કાર દર્શાવવાને બદલે સ્નેહ, સહાનુભૂતિ અને માનવતાભરી લાગણી રાખવામાં આવે તો તેઓને માનસિક રાહત મળે છે.

* અંતે, એમણે કહ્યું કે 'આર્થિક સહાય અને બીજી મદદની તો અમને જરૂર રહે છે જ પરંતુ સાથે સાથે, સેવાભાવી કાર્યકરોની પણ એટલી જ આવશ્યકતા છે હંમેશ માટે આ સંસ્થાને જીવન અર્પણ કરનારી વિરલ વ્યક્તિઓ તો ભાગ્યે જ મળે પરંતુ અઠવાડિયામાં એક બે વાર કે મહિનામાં એકાદ દિવસ માટે નિયમિતપણે પોતાનાં શ્રમદાન કે સમયદાન આપીને સંસ્થામાં સક્રિય કામ કરવા માટે તત્પર હોય એવાં ભાઈઓ અને બહેનોને અમે હૃદયપૂર્વક આવકારીશું. ઉપરાંત, વ્યક્તિગત રીતે કે સંસ્થાગત રીતે આપ જેવાં સહૃદયી ભાઈ બહેનો અમારા શ્રમ મંદિરની મુલાકાતે આવતા રહેશો તો અમને બળ અને પ્રોત્સાહન તો મળશે જ પણ, અહીં વસતા સેંકડો કુષ્ઠ રોગીઓના હૃદયને સાંત્વના મળશે, એમનાં મન ઉમંગથી નાચી ઊઠશે અને એમનાં અંતરના મૂક આશીર્વાદ આપને ફળશે.'

મુલાકાત દરમિયાન રોગીઓના દરેક ખંડમાં જેવા અમે પ્રવેશતા કે તરત જ રોગપીડિતો અમને નમસ્કાર કરતા ને હસતે વદને વધાવતાં. તેમના ચહેરા પર ઔશિયાળપણાની કે હતાશાની લાગણી નહીં પણ સંતોષ અને ઉદ્વેગ રહિત ભાવ વરતાતો. કોઈના એક હાથ, કોઈના બે ટુંઠા હાથ, કોઈની અપંગ દશા તો કોઈનાં ખંડિત અંગો કે વિકૃત ચહેરા, આવા આબાલવૃદ્ધોને જોઈને હૃદય દ્રવી ઊઠતું અને આંખો અશ્રુભીની બનતી.

આવી રીતે લગભગ ત્રણેક કલાક સુધી આ વિશાળ વસાહતમાં અમે બધાં ફર્યા જોયું, જાણ્યું અને ત્યાં ચાલતી અનેકવિધ નાની મોટી પ્રવૃત્તિઓનું અવલોકન કર્યું. ત્યાં પ્રવર્તતી શિસ્ત, શાંતિ, સ્વચ્છતા અને વ્યવસ્થા જોઈને અમે ઘણાં પ્રભાવિત થયા અને એ માટે સર્વેને બિરદાવ્યા.

રક્તપિત્તનો દર્દી, બીજા અનેક પ્રકારના રોગીઓ કરતાં સૌથી વધુ ઉપેક્ષિત અને તિરસ્કૃત હોય છે. કુટુંબ અને સમાજ બધા જ એને હડધૂત કરતા હોય છે. એટલે જ કુષ્ઠ રોગી આપણી સૌથી વધુ સહાનુભૂતિને પાત્ર છે. એ આપણા તરફથી માત્ર દયા કે અનુકંપા નહીં, પરંતુ હૂંફ, સમજણ, સમદૃષ્ટિ અને માનવતાસભર લાગણીની અપેક્ષા રાખે છે, સ્નેહાદર ઝંખે છે.

ખરેખર, આશ્રમમંદિર જીવંત પણ ખંડિત માનવ પ્રતિમાઓનું મંદિર છે. કુટુંબ સમાજ અને દુનિયાથી બહિષ્કૃત થયેલા શાપિત કુષ્ઠ રોગીઓનું આશ્રય સ્થાન છે, સેવા, શુશ્રુષા અને શ્રમદાનનું આદર્શ કેન્દ્ર છે. આ માનવતામૂલક સંસ્થાની મુલાકાત લીધા પછી જાણે કોઈ તીર્થયાત્રા કરી હોય એવી ધન્યતા કૃતાર્થતાની અનુભૂતિ થઈ, કારણ કે અહીં વસતા રોગીઓએ દેવો છે, સંસ્થા મંદિર છે, કાર્યકર્તાઓ પૂજારીઓ છે. અને અત્રે આવતા મુલાકાતીઓ યાત્રાળુઓ છે,

વડોદરા જતાં આવતાં ભાઈબહેનો તથા મિત્રોને શ્રમ મંદિર'ની અચૂક યાત્રાએ જવાની મારી ખાસ વિનંતી છે.

આ સંસ્થાની મુલાકાત માટેની પ્રેરણા અને તક આપવા બદલ અમે ડૉ. રમણભાઈ શાહ તથા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઋણી છીએ. વ્યક્તિગતરૂપે પણ આભાર વ્યક્ત કરતાં હું હર્ષ અનુભવું છું. ડૉ. રમણભાઈ ઉપરાંત અમે નવ જણ ઉપરોક્ત સંસ્થાના દર્શને ગયેલા.

શ્રીમતી વિદ્યાબેન ધીરજલાલ, શ્રીમતી જયાબેન વી. વીરા, શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ, શ્રી ઉષાબહેન મહેતા, શ્રી મીનાબહેન શાહ, સર્વશ્રી, રસિકલાલ લહેરચંદ શાહ, પન્નાલાલ ૨. શાહ, ધીરજલાલ કુલચંદ શાહ અને ગણપતલાલ મ. ઝવેરી.

વળી અમારી સાથે આવ્યા હતા શ્રી શિવલાલભાઈ વી. શાહ. જેઓ 'દીપક નાઈટ્રેટસ લિ., વડોદરાના ડાયરેક્ટર છે. અને વડોદરામાં એમના જે ગેસ્ટહાઉસમાં અમારો ઉતારો હતો ત્યાં અમને રહેવા જગાની તથા બીજી ઉત્તમ સગવડો મળેલી. વળી એમણે બે મોટર-ગાડીઓ પણ અમારા વપરાશ માટે અમારી તહેનાતમાં મૂકેલી. એમનાં આ આતિથ્ય અને સૌજન્ય માટે અમે સર્વે એમના ઘણાં આભારી છીએ.

'શ્રમમંદિર' સંસ્થાને, ત્યાં વસતા રોગગ્રસ્ત ભાઈબહેનોને, એમની સેવા-શુશ્રુષા કરનાર સેવાભાવી કાર્યકરોને અને સંચાલકોને વંદન કરીને અમે ત્યાંથી વિદાય થયા, ત્યારે સંધ્યાનો સુરમ્ય સમય હતો, ગોધૂલિનું પવિત્ર વાતાવરણ હતું અને પશ્ચિમાકાશમાં સહસ્ર રશ્મિ લાલ કેસરી રંગોના સાથિયા રચતાં રચતાં અસ્તાચળમાં વિલીન થઈ રહ્યા હતા અને અમારી મોટરો પૂર્વ દિશામાં વડોદરા તરફ દોડી રહી હતી. શ્રમમંદિરની મુલાકાતથી અમારા સૌના ચિત્ત ઉપર માનવ સેવાનું એક ઉત્કૃષ્ટ કાર્ય કરતી સંસ્થાની અને એના કાર્યકર્તાઓની ઊંડી છાપ અંકિત થઈ ગઈ આવા માનવતા-ભર્યા કાર્યમાં આપણે પણ યથાશક્તિ સહભાગી થવું જોઈએ એવી સદ્‌ભાવના અમારા મનમાં વસી ગઈ

'શ્રમ મંદિર'ની યાત્રા

ગણપતલાલ મ. ઝવેરી

ડિસેમ્બર મહિનાની બીજી તારીખનો શીતળ દિવસ અને બપોર પછીનો કુમાશભર્યો તડકાવાળો સોહામણો સમય હતો. તે વખતે, વડોદરા શહેરથી લગભગ ૧૮ કિ. મિ.ના અંતરે, કોતરોના નીચા પ્રદેશમાં, કુદરતના ખોળે પોઢેલ, સિંધરોટ ગામે, રક્તપિત્ત રોગીઓની સંસ્થા 'શ્રમ મંદિર'માં અમે જઈ પહોંચ્યા (પૂર્વ સૂચના આપેલ હોવાથી, હાજર રહેલા) સંસ્થાના સંચાલકો અને કાર્યકર્તાભાઈઓએ અમારું ભાવપૂર્ણ સ્વાગત કર્યું અને પછી સંસ્થાના વિવિધ વિભાગોની મુલાકાતે અમને લઈ ગયા.

રક્તપિત્ત અથવા કુષ્ઠરોગના રોગીઓ માટેની આ એક વસાહત છે, આ કેન્દ્રમાં અત્યારે લગભગ ૫૦૦ કુષ્ઠરોગીઓને વસાવવામાં આવ્યા છે, જેમાં આશરે ૧૨૫ તો બાળકો છે. બાકીના તરુણો યુવાનો અને વૃદ્ધો છે, વિવિધ પ્રાંતના કોમના અને ધર્મના રોગપીડિત સ્ત્રી પુરુષોનું આ સહિયારું સરયાન છે.

* શ્રમમંદિરનું એક ટ્રસ્ટ છે. અત્યાર સુધીમાં આ વસાહત પાછળ લગભગ રૂ. ૪૫ થી ૫૦ લાખનો ખર્ચ થયો છે.

* નાનાં બાળકોને અલગ ડોર્મિટરી આશ્રયાલય)માં રાખવામાં આવે છે અને એમને દૂધ, નાસ્તો, ભોજન, વસ્ત્રો, પથારી, શિક્ષણનાં સાધનો વગેરે મફત અપાય છે.

* બાળકો માટે બાળમંદિર છે તથા ચાર ધોરણ સુધીની એક શાળા છે.

* રોગગ્રસ્તમાંના ૨૦૦ જણ તદ્દન અપંગો અને વૃદ્ધો છે.

* શ્રમ મંદિરમાં રોગીઓના રહેઠાણ માટે મોટા અને વિશાળ ખંડો, નાની નાની કુટિરો, તાલીમશાળાઓ, વર્કશોપો, કાર્યકરો માટે ક્વાર્ટર્સ વગેરે ઇમારતોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

* ૪૦ પથારીવાળી એક હોસ્પિટલ, ઓપરેશન થિયેટર, લેબોરેટરી, બાયોટિક અને રિકન્સ્ટ્રક્ટિવ સર્જરી, ફિઝિયોથેરપીની વ્યવસ્થા છે.

* કુષ્ઠરોગના મફત નિદાન માટે વડોદરામાં ખાસ દવાખાનું ચાલે છે.

* રક્તપિત્ત સિવાયના આજુબાજુનાં ગામોમાંથી આવતા અન્ય રોગીઓનાં નિદાન, ચિકિત્સા, દવા વગેરેની ફી તરીકે માત્ર પચાસ પૈસા લેવામાં આવે છે.

* રોગીઓ માટે, તેમને સ્વાવલંબી બનાવવા માટે અને એમનાં પુનર્વસવાટ અર્થે નીચે વર્ણવેલા લઘુ ઉદ્યોગો, હસ્તકામો, અને શ્રમસાધ્ય કાર્યોનું આયોજન કરવામાં આવ્યું છે. જે માટે એમને યોગ્ય તાલીમ પણ અપાય છે.

* અંબર ચરખા, હાથશાળ, સીવણકામ, રસોઈકામ, સફાઈકામ, ખેતીકામ, ચર્મ ઉદ્યોગ, વૃક્ષ ઉછેર, પશુપાલન, હોસ્પિટલ સેવા, ઓફિસ કામ, ગોબરગેસ, દુકાનદારી અને વ્યવસાય વગેરે.

* ઉપરોકત વિવિધ કેન્દ્રોનું અને કાર્યોનું આયોજન, સંયોજન અને સંચાલન શ્રમમંદિરમાં રહેતી સાધારણ રોગવાળી અને રોગમુકત વ્યકિતઓ દ્વારા તેમ જ સંસ્થાના કાર્યકર ભાઈ-બહેનો તથા સ્વયંસેવકો દ્વારા થતું હોય છે.

* કુષ્ઠરોગની પ્રાથમિક અવસ્થા કે જેમાં શરીરના કોઈપણ ભાગમાં અમુક પ્રકારના ચાઠાં દેખાય ત્યાંથી માંડીને શરીરે બિહામણી ગાંઠો, વિકૃત અંગો અને ખંડિત અવયવોવાળા રોગ ગ્રસ્ત માનવીઓને આ મંદિરમાં આશ્રય આપવામાં આવે છે અને એમની યોગ્ય અને દીર્ઘ સારવાર કરવામાં આવે છે.

આ સંસ્થાના સેવાનિષ્ઠ અને કર્તવ્ય પરાયણ કાર્યકર શ્રી સુરેશભાઈ સોની અને કુશળ સલાહકાર અને પ્રોત્સાહક શ્રી ઇન્દુલાલભાઈ પટેલ સાથે મારે આ સંસ્થા વિષે જે વિસ્તૃત વાર્તાલાપ થયો તેનો સારાંશ નીચે મુજબ છે :–

આ શ્રમમંદિરનો વાર્ષિક નિભાવ ખર્ચ રૂા. ૧૮ લાખ લગભગ થાય છે. સરકારી ગ્રાન્ટ તથા અન્ય આવક આશરે રૂા. ૧૨ લાખની છે. એટલે આશરે દર વર્ષે રૂા. ૬ લાખ ખાધ રહે છે.

(૨) સંસ્થા માટે ફંડ ફાળા ઉઘરાવવા અમે જાહેરાત કે પ્રચાર કરતા નથી. વળી કોઈ વ્યકિત અથવા સંસ્થા પાસે દાન માટે આગ્રહ કે અપીલ પણ કરતા નથી.

(૩) આ સંસ્થા વિષે સામયિકોમાં લેખો વાંચે, બીજાઓ પાસેથી સાંભળે અને અહીં આવીને પ્રત્યક્ષપણે જુએ. એવા અનેક દયાળુ લોકોને સ્વેચ્છાએ રોકડ રકમો અન્ય ભેટો મોકલતા રહે છે, જેનો સહર્ષ અને કૃતજ્ઞભાવે સ્વીકાર કરવામાં આવે છે.

(૪) અત્યાર સુધી ઉપર પ્રમાણે જ દાન દ્વારા મળતી સહાયથી સંસ્થાનો નિભાવ થતો રહ્યો છે અને ભવિષ્યમાં પણ દીનદયાળુ ઈશ્વરની કૃપાથી અમારો આ સેવાયજ્ઞ સફળતાપૂર્વક ચાલુ રહેશે એવી અમને શ્રદ્ધા છે.

(૫) આખા ભારતમાં કુષ્ઠ રોગીઓની સંખ્યા ૧૦ લાખ જેટલી છે. તેમાં મહારાષ્ટ્રમાં જ લગભગ એક લાખની છે. તેમ છતાં, આ રોગ માટેનાં સારવાર કેન્દ્રો અથવા વસાહતો પ્રમાણમાં ઘણાં ઓછાં છે.

(૬) પરિણામે, આ 'શ્રમમંદિર'માં કુષ્ઠરોગીઓની સંખ્યા વર્ષ પ્રતિ વર્ષ વધતી જ જાય છે. સંખ્યાના વધારા સાથે, ખર્ચનો આંક વધે. રહેઠાણો માટે નવી ને વધુ ઇમારતોનું નિર્માણ કરવું પડે, આમ, આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધતું જાય છે.

(૭) 'શ્રમમંદિર'માં ગુજરાત ઉપરાંત, મહારાષ્ટ્ર, કર્ણાટક, પંજાબ, અને છેક નેપાળથી દર્દીઓ આવે છે. હિન્દુ મુસલમાન, ખ્રિસ્તી કોમનાં પણ છે. રોગીઓને કોઈ જાત કે ધર્મભેદ હોતો નથી. બધા જ સંપીને રહે છે. નાત, જાત કે ધર્મના ભેદભાવ મિટાવીને રોગીઓનાં અમે લગ્નો પણ કરાવી આપીએ છીએ અને આવાં યુગલોના વસવાટ માટે અહીં જ અલાયદી જગ્યા પણ આપીએ છીએ.

(૮) એક ચોંકાવનારી વાત એમણે એ કહી કે શ્રમમંદિરમાં આવતા રોગીઓને અમે રીતસર દાખલ તો કરીએ જ છીએ પણ કેટલીક વખતે. રક્તપિત્તગ્રસ્ત મનુષ્યોને–બાળકોથી માંડીને વૃદ્ધ સુધીનાં–એમનાં જ સગાં કે ઓળખીતાઓ કે બીજાઓ, રાત્રિના અંધકારમાં છાનામાના સંસ્થાના દરવાજાની બહાર તરછોડીને ચાલ્યા જતા હોય છે. સવારે જ્યારે દરવાજો ખોલવામાં આવે ત્યારે પેલા નિરાધાર અને કણસતા રોગીઓને અમે મંદિરમાં દાખલ કરીએ છીએ. આવી રીતે, જેમને બીજાઓ જાકારો આપે છે તેમને અમે અપનાવીએ છીએ.

(અનુસંધાન પૃષ્ઠ ૧૩૭)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૮ અંક : ૧૮

મુંબઇ તા. ૧૬-૧-'૮૭
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છુટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

નિર્દય હત્યાની પરંપરા

જેમ અસત્યને ઢાંકવા માટે બીજું અસત્ય જન્મે છે તેમ હિંસાનો બદલો લેવા કે પ્રતિકાર કરવા વળી પાછી હિંસા થવા લાગે છે. એની પરંપરા સર્જાય છે. મનુષ્ય જ્યારે નીચલી ભૂમિકાએ ઊતરી જાય છે ત્યારે આવું વધારે બને છે. કુટુંબને ખાતર, કોમને ખાતર, ધર્મને ખાતર, ભાષાને ખાતર, દેશને ખાતર એમ જુદા જુદા બહાને હિંસા – પ્રતિહિંસા ચાલતા લાગે છે. માણસ ક્યાં તો થાકીને કે હારીને શાંત થાય છે; ક્યાં તો ભયથી શાંત થાય છે; ક્યાં તો ડહાપણથી શાંત થાય છે. વર્તમાન સમયમાં જ્યાં હિંસા ફાટી નીકળે છે ત્યાં ડહાપણભરી શાંતિ જલદી આવતી નથી.

પંજાબમાં કેટલાય સમયથી સત્તાધીશો અને આતંકવાદીઓ વચ્ચે હિંસાત્મક ધર્ષણની પરંપરા ચાલ્યા કરે છે. અજાણ્યા નિર્દોષ માણસોની નિર્દય કતલ થયા કરે છે. ગુજરાત, બિહાર અને અન્ય કેટલાંક રાજ્યોમાં પણ એમ ચાલ્યા કરે છે. પાકિસ્તાન, ઇરાન, ઇરાક, શ્રીલંકા વગેરે દેશોમાં પણ એવી સ્થિતિ પ્રવર્તે છે.

આમ છેલ્લા કેટલાક સમયથી ભારતમાં અને ભારત બહાર નિર્દય હત્યાના બનાવો સામાજિક સ્તરે અને રાજકીય સ્તરે બનતા રહ્યા છે. માનવજાત માટે એ કલંકરૂપ છે.

મનુષ્યમાત્ર જન્મથી સમાન હોવા જોઇએ, પરંતુ પ્રદેશ, ભાષા, ધર્મ, રંગ, શાસનપદ્ધતિ વગેરેની દૃષ્ટિએ માણસ જુદા જુદા વિભાગમાં વહેંચાઇ જાય છે. જન્મ અને ઉછેરના કારણે માણસમાં પોતાનાં ધર્મ, ભાષા, પ્રદેશ વગેરે માટે મમત્વ, અને અભિમાન ઘણું બંધાય છે. પરિણામે એનાથી વિભિન્ન એવા લોકો સાથે સંઘર્ષ થયા કરે છે. જે કોઇ નાનકડા જૂથના લોકોમાં આર્થિક, રાજદ્વારી કે શારીરિક તાકાત બીજા જૂથ કરતાં વધે છે ત્યારે તરત એને પોતાની નજીકના વિભિન્ન જૂથ ઉપર બળજબરીથી સરસાઇ મેળવવાનું મન થાય છે. પોતાની તાકાત અજમાવીને એ બીજા જૂથને વશ કરી દે છે, ગુલામ બનાવે છે, અને એના ઉપર પછી પોતાની સત્તા ચલાવે છે. નબળું પડેલું જૂથ પોતાનામાં ફરી પાછી તાકાત આવતાં સ્વતંત્ર થવા મથે છે. જરૂર પડે ત્યારે જૂથના કેટલાક માણસો પોતાના જીવની આહૂતિ આપવા તૈયાર થઇ જાય છે. કેટલાંક નાનાં જૂથો સાથે મળીને એક મોટું જૂથ પ્રાદેશિક સ્તરે રચે છે અને બીજાં નાનાં જૂથો ઉપર પોતાનું વર્ચસ્વ જમાવવા જોર અજમાવે છે. બે જૂથો લગભગ સરખી તાકાત-વાળાં જ્યારે હોય છે ત્યારે તેમની વચ્ચે ઠીક ઠીક લાંબા સમય સુધી સંઘર્ષ ચાલે છે. માનવ જાતના ઇતિહાસમાં સમયે સમયે આવી ચડતી પડતીનો ક્રમ જુદાં જુદાં જૂથો વચ્ચે જોવા મળે છે. એક સમયનાં બળવાન જૂથો અન્ય સમયે નામશેષ પણ થઇ ગયાં છે. મોટી મોટી સમૃદ્ધ સંસ્કૃતિઓનો પણ આવા કેટલાંક કારણોને લીધે વિનીપાત થયો છે. ઇતિહાસ એની સાક્ષી પૂરે છે. સ્વાભિમાન, સ્વાર્થ, સમૃદ્ધિ માટેની લાલસા, સત્તા માટેની અભિલાષા, પોતાના ઉપર આક્રમણ આવી પડવાનો અકારણ કે સકારણ ભય, અને તે સામે સ્વરક્ષણની તૈયારી ઇત્યાદિ આવા સંઘર્ષોમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ક્યારેક નબળા પાડોશીનું રક્ષણ કરવાના માનવતાભર્યા આશયથી પણ અન્ય સાથે સંઘર્ષ વહોરી લેવાય છે.

હજારો વર્ષથી ચાલી આવતી માનવજાતની આ ઘટમાળ વર્તમાન સમયમાં વધુ વ્યાપક અને દુઃખદ બની છે. મોટા ઘાતક શસ્ત્રોને લીધે આધુનિક સમયમાં સંહારની લીલા વધારે ફેલાઇ છે. દૂરગામી ઘાતક શસ્ત્રોની સુલભતાને કારણે માણસના વિશાળ સમુદાયને ઝડપથી મારી નાખવાનું પહેલાં કરતાં હવે વધુ સરળ બન્યું છે. ઘાયલ થયા વિના કે પકડાયા વિના અને કેટલીકવાર તો ઓળખાયા વિના બીજાને મારી નાખવાનાં કાવતરાં વધુ સફળ થાય છે. રીવોલ્વર, રટેનગન, મશીનગન, બોમ્બ વગેરે દ્વારા કલત કરી ઝડપી વાહન દ્વારા ભાગી જવાય છે. બે વ્યક્તિ વચ્ચેની હાથોહાથની મારામારી, પ્રમાણમાં ઓછી થાય છે. મોટે ભાગે તો તરત મૃત્યુ નિપજાવનારી ઘટનાઓ હવે વધુ બનવા લાગી છે. પ્રજાનો મોટો વર્ગ જ્યારે આમાં સંડોવાયો હોય છે અને જ્યારે રાજ્યસત્તા નબળી હોય છે ત્યારે આવી ઘટનાઓ વધુ બને છે. અધિકારી વર્ગ, રાજદ્વારી નેતાઓ કે અન્ય રાજદ્વારી સત્તાઓ પણ પોતાનાં સ્થાપિત હિતોને કારણે આવાં કાવતરાંઓની ઉશ્કેરણીનું બળ બની રહે છે. નજીક નજીકની લગભગ સરખી શક્તિ ધરાવનારી બે રાજ્યસત્તાઓ વચ્ચે જ્યારે આવા સંઘર્ષો થાય છે ત્યારે તે લાંબા સમય સુધી ચાલે છે અને અનેક નિર્દોષ માણસો તેનો ભોગ બને છે. મૃત્યુ હાહાકાર જન્માવે છે અને મૃત્યુનો આંક મોટો મેળવવા માટે અજાણ્યા, નિર્દોષ, શાંત જીવન જીવનારા લોકો ઉપર તેનો પ્રહાર વધે છે. ઇરાન અને ઇરાક, ઇઝરાયેલ અને પેલેસ્ટાઇન, દક્ષિણ આફ્રિકા, ભારત અને પાકિસ્તાન, આગલાદેશ શ્રીલંકા, વિયેટનામ, લાઓસ, કમ્બોડિયા, ફિલિપાઇન્સ જેવા ગીચ વસતિવાળા અને આર્થિક દૃષ્ટિએ પછાત એવા પ્રદેશોમાં માનવ સંહારની નાની મોટી હોળી સળગ્યા જ કરે છે. એમ

થાય એ પાશ્ચાત્ય કેટલાક દેશોને ગમતી વાત છે. એશિયા અને આફ્રિકાના દેશોના લોકો પોતાની સાથે આર્થિક સરસાઇ ન કરે એટલા માટે તેવા પાશ્ચાત્ય દેશો આ બળતામાં વારંવાર ઘી હોમ્યા કરે છે. એમાં પોતાની આર્થિક સમૃદ્ધિ અને સ્વાયત્તતાનું હિત પણ રહેલું છે, ગરીબ, લાચાર દેશોને જંપવા ન દેવા એ એમની નીતિ રહેલી છે. એમના હાથ ઘણા લાંબા છે. એમની તાકાત ઘણી મોટી છે. વિજ્ઞાનમાં ઘણા આગળ વધેલા છે પરંતુ એવાં કેટલાંક રાષ્ટ્રોના વડાઓના હૈયામાં માનવતાના નામે મીંડું હોય છે. એમની સ્વાર્થાંધ આસુરી સંપત્તિનો કંઈ પાર નથી. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નિર્લજ્જતાનો એમને ડર નથી.

વખતોવખત આવા સળગતા દાવાનળને શાંત કરવાનો ઉપાય શો? જ્યાં સુધી ગરીબી અને લાચારી છે અને અન્ય દ્વારા તેનો લાભ ઉઠાવવાની સ્વાર્થી મનોવૃત્તિ છે ત્યાં સુધી કાયમનો કોઇ ઉપાય તો ક્યાંથી મળી શકે? પરંતુ નાના નાના સમુદાયોમાં, જૂથોમાં મૈત્રી, પ્રેમ, કરુણા, સહિષ્ણુતાનું વાતાવરણ દૃઢપણે જમાવી શકે એવા રચનાત્મક કાર્યક્રમો અને રચનાત્મક કાર્યકરો દ્વારા આવું કામ, ભલે નાના પાયા ઉપર, પણ સંગીનપણે જરૂર થઇ શકે. મનુષ્યમાં કુદરતી રીતે બીજાની ભાષા કે ધર્મ માટે વેરભાવ હોતો નથી. એ જ્યારે જૂથમાં જોડાય છે ત્યારે માનવ તરીકેની પોતાની જાત પ્રત્યેની વફાદારીમાંથી નીકળી જઇ જૂથની વફાદારીમાં પહોંચે છે. પરિણામે આવા આવા સંઘર્ષો ચાલુ થાય છે. માણસની પોતાના જૂથ માટેની વફાદારીના માનવકલ્યાણની દૃષ્ટિએ લાભ પણ છે, પરંતુ એવી વફાદારી હિંસાત્મક ઉશ્કેરણીભર્યા આવેશોમાં ન પરિણમવી જોઇએ.

માણસ કુદરતી રીતે ડહાપણવાળો છે. તે શાંતિથી, સ્વસ્થતાથી, સુખથી પોતાનું જીવન જીવવા ઇચ્છે છે. એને છંછેડનારાં પરિબળો જેમ ઓછાં તેમ તે એવું જીવન વધુ સારી રીતે જીવી શકે. પરંતુ એવાં દુષ્ટ પરિબળોને દૂર કેવી રીતે કરી શકાય? મનુષ્યમાં રહેલી પ્રેમ, મૈત્રી, ઉદારતા, સ્વાર્થત્યાગ, સ્વાપણું, ક્ષમા વગેરેની ભાવનાને જાગૃત કરી શકે અને પોષે એવું વાતાવરણ જો રચ્યા કરે તો જ માનવતાનો સર્વ રીતે ઉત્કર્ષ થાય. રાજદ્વારી નેતાઓ નહિ પણ સમાજ કલ્યાણની પ્રવૃત્તિમાં પડેલા સામાજિક નેતાઓ અને સાધુસંતો આવું કાર્ય વિશેષપણે કરી શકે. શિક્ષકો અને અધ્યાપકો પણ આમાં સારો ફાળો આપી શકે. દુર્ભાગ્યની વાત એટલી છે કે આવું કાર્ય કરનારા સાચા કાર્યકર્તાઓની આજે ઘણી મોટી ખોટ છે. પ્રજા મંડળોએ પોતાનામાંથી આવા કેટલાક કાર્યકર્તાઓ પેદા કરવા જોઇએ. અને તે માટે તેમને સક્રિય સહકાર આપવો જોઇએ. રાજદ્વારી સત્તાની અને પ્રસિદ્ધિની કોઇ પણ સ્વાર્થી આકાંક્ષા વિના નાના નાના પાયા ઉપર જો પ્રેમભાવનાનું રચનાત્મક કામ થાય તો આવા સંઘર્ષો અને નિર્દય હત્યાની પરંપરાઓ દૂર થાય. પરંતુ એવો દિવસ જલદી આવશે ખરો? એ માટે આપણે પ્રાર્થના કરવી જ રહી!

-રમણલાલ ચી. શાહ

ગુજરાતી કવિતામાં પ્રાણીઓ : વિશેષ માહિતી

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૧૨-'૮૬ ના અંકમાં શ્રી તનસુખ ભટ્ટનો 'ગુજરાતી કવિતામાં પ્રાણીઓ' નામનો લેખ પ્રગટ થયો છે. તેમાં છેલ્લે ઢેબરભાઇ માટે દૂહો મૂકયો છે. તેમણે લખ્યું છે, 'ઢેબરભાઇ ઉપર કોઇકે દૂહો રચ્યો છે.' સંભવ છે કે રચયિતાના નામની તેમને ખબર નહીં હોય પણ 'ઉર્મિ-નવરચના'ના તંત્રી અને લોક સાહિત્યના મર્મજ્ઞ શ્રી જયમલ્લભાઇ પરમારે જણાવ્યું છે કે એ દૂહો એમનો છે. ઢેબરભાઇ ઉપર કેટલાક દૂહા એમણે રચેલા છે.

રાજકોટ સત્યાગ્રહ ૧૯૪૦માં નહીં પણ ૧૯૩૮માં થયેલો ત્યારે આ દૂહા રચેલા. 'પ્રબુદ્ધ જીવન'માં છપાયેલા દૂહાનો શુદ્ધ પાઠ નીચે પ્રમાણે છે:

'આભે ગરજે મેહુલો, જંગલ ગરજે સિંહ
રાજાણે ઢેબર ગરજિયો, તેંચે ગોરાને લાગી ભીંહ.'

આ અને આવા બીજા દૂહા શ્રી જયમલ્લભાઇએ રચેલા અને લોકપ્રિય બનેલા. પણ પછીથી વિનમ્ર એવા ઢેબરભાઇએ જયમલ્લભાઇને આગ્રહ કરીને પોતાને વિશે વધુ દૂહા ન લખવા વિનંતી કરેલી. આ બાબતમાં અમારું ધ્યાન ખેંચવા માટે શ્રી જયમલ્લભાઇ પરમારના અમે આભારી છીએ.

-તંત્રી

ઋતંભરા વિદ્યાપીઠ-સાપુતારા માટે શેઠ શ્રી મફતલાલ મહેતા તરફથી દાન

ઋતંભરા વિદ્યાપીઠ-સાપુતારાની આદીવાસી વિદ્યાર્થિનીઓને માટે ગાદલાં, ધાબળા, વાસણો વગેરે ચીજ વસ્તુઓ વસાવી આપવા સંઘ તરફથી વિદ્યાર્થિની દીઠ રૂ. ૫૦૦ લેખે અઢીસો વિદ્યાર્થિનીઓને માટે સવા લાખ રૂપિયાનું ફંડ એકત્ર કરવામાં આવ્યું હતું.

ચાલુ વર્ષે ઋતંભરા વિદ્યાપીઠની વિદ્યાર્થિનીઓની સંખ્યા ૨૫૦ વધીને ૩૦૦ની થઇ છે. એ સંજોગોમાં અમને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે સંઘના વાર્ષિક સ્નેહ સંમેલનના દિવસે જાણીતા દાનવીર અને વિશ્વ ગુજરી ઓવોર્ડ વિજેતા શેઠશ્રી મફતલાલ મહેતાએ પોતાના દિવાળીબહેન મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી વધારાની ૫૦ વિદ્યાર્થિનીઓ માટે રૂ. ૨૫૦૦૦/-નું દાન જાહેર કર્યું છે. એ માટે અમે એમના અત્યંત ઋણી છીએ.

-મંત્રીઓ

પરવેઝ કાત્રકનું ભકિત સંગીત

'સંઘ'ના ઉપક્રમે પ્રસિદ્ધ પારસી કીર્તનકાર **શ્રી પરવેઝ કાત્રકના** ભકિત-સંગીતનો કાર્યક્રમ નીચે પ્રમાણે રાખવામાં આવ્યો છે. તેઓ સ્વ. કવિ કરસનદાસ માણેકનાં પદો અને ભજનો સંગીત સાથે રજુ કરશે.

દિવસ : ગુરુવાર, તા. **૨૨મી જાન્યુઆરી, ૧૯૮૭**
સમય : સાંજે ૬-૧૫ કલાકે
સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ
૩૮૫, સરદાર વી. પી. માર્ગ,
મુંબઈ-૪૦૦૦૦૪.

સર્વેને પધારવા નિમંત્રણ છે.

સુબોધભાઇ એમ. શાહ — કે. પી. શાહ
સંયોજક — પન્નાલાલ ૨. શાહ
મંત્રીઓ

દ્રવ્ય – ક્ષેત્ર – કાળ – ભાવ

● પં. પનાલાલ જગજીવનદાસ ગાંધી

'What is it?' 'Who is he? Where is it?' 'When has it happened? 'How is it?' 'How is he?' વસ્તુ, વ્યક્તિ કે પ્રસંગની માહિતી બાબત, આ જ મુખ્ય અને મહત્ત્વના પ્રશ્નો આપણે સહુ વિચારીએ છીએ અને પૂછીએ છીએ કે...

'તે શું છે?' 'તે કોણ છે?' 'તે ક્યાં છે?' 'તે કેવો છે?' 'તે કેવું છે?' 'તે ક્યારે ત્યાં હતો? 'તે કેટલું છે?'

આ મૂળભૂત પ્રશ્નની વિચારણાથી સર્વ કાંઈ માહિતી મળી રહે છે. પણ તેની સાથે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-અને ભાવ એ ચાર સંયોગ સંકળાયેલ છે એની આપણને જાણ નથી.

'કોણ' અને 'શું' નો જવાબ દ્રવ્યમાં છે.

'ક્યાં' અને 'કેવડું' નો જવાબ ક્ષેત્રમાં છે. વળી જ્યાં ત્યાં, અહીંયા, એવડું એ બધાં ક્ષેત્રવાચક શબ્દો છે.

'ક્યારે' નો જવાબ કાળમાં છે અને જ્યારે, ત્યારે, અત્યારે એ બીજાં કાળવાચક શબ્દ છે.

'કેવું'નો જવાબ ભાવ (ગુણ-પર્યાય)માં છે. એવું તેવું, જેવું, એ ભાવવાચક શબ્દ છે.

અને 'કેમ', 'જેમ', 'તેમ', 'એમ' એ ક્રિયાવાચક શબ્દો છે, જેનો સંબંધ ક્રિયાના પ્રકાર સાથે, વાસ્તવિકતા સ્વાભાવિકતા સાથે છે.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ ચાર સંયોગથી આપણે સહુ છદ્મસ્થ સંસારી જીવો ઘેરાયેલાં છીએ. અને તેની આપણને સહુને અસર છે. તેમ જ પરસ્પર એકબીજાની એકબીજાને અસર છે. અર્થાત્ દ્રવ્યની, ક્ષેત્ર-કાળ-ભાવને; ક્ષેત્રની, દ્રવ્ય-કાળ-ભાવને; કાળની, દ્રવ્ય-ક્ષેત્ર-ભાવને તેમજ ભાવની, દ્રવ્ય-ક્ષેત્ર-કાળને અસર પહોંચે છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની વચમાં રહી તેની અસરથી પર રહેવું, નિર્લેપ રહેવું તે સાધના છે. અને દ્રવ્યાતીત, ક્ષેત્રાતીત, કાળાતીત તથા ભાવાતીત થઇ જવું તે સિદ્ધિ છે.

આ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો સંબંધ દ્રવ્ય-ગુણ અને પર્યાય સાથે પણ છે. 'શું છે?'નો જવાબ દ્રવ્ય છે અને 'કેવું છે?'નો જવાબ ગુણ-પર્યાય છે. દ્રવ્ય સામાન્ય છે અને ગુણ-પર્યાય વિશેષ છે. દ્રવ્યની વિશેષતા ક્ષેત્ર-કાળ અને ભાવથી સૂચવાય છે. જે દ્રવ્યના પર્યાય છે. અથવા તો કહો કે દ્રવ્ય વિશેષ્ય છે અને ગુણ-પર્યાય વિશેષણ છે. દ્રવ્ય આધાર છે જ્યારે ગુણ-પર્યાય આધેય છે. ગુણનું અસ્તિત્વ દ્રવ્ય વિનાનું સ્વતંત્ર નથી હોતું. ગુણ, ગુણી વગર ન હોય. જેમ કે ગળપણ, સાકર વિના ન હોય. દ્રવ્ય રહિત સ્વતંત્ર ગુણધર્મ કે પર્યાય પણ ક્યારે ય નાહે મળે. માટે જ 'ગુણપર્યાય તણુ એ ભાજન (પાત્ર) એમ કહીને દ્રવ્યને ઓળખાવ્યું છે. એ જ પ્રમાણે દ્રવ્ય પણ ક્યારેય ગુણપર્યાય વિનાનું ન હોય. કારણ કે પ્રત્યેક દ્રવ્યનું નિર્માણ વિશ્વના સમષ્ટિ કાર્યમાં નિશ્ચિત કંઇક ને કંઇક કાળો આપવા સહેતુક છે પણ નિરર્થક નથી.

સર્વજ્ઞ ભગવંતે જોયેલું જગત એમણે જેવું પ્રરૂપ્યું છે તે તે પંચાસ્તિકાય પ્રમાણે નીચે મુજબ છે.

જગત એટલે મૂળ જીવ અને પુદ્ગલની રમત. રમત કદી, માત્ર ગતિશીલ કે સ્થિર ન હોય. ગતિપૂર્વક સ્થિતિ હોય કે સ્થિતિપૂર્વક ગતિ હોય, જે આપણા અનુભવથી આપણે જગતને જોઇએ છીએ. એટલે જેમ આકાશ પદાર્થોને પોતામાં રહેવા માટે અવકાશ આપે છે. તેમ ગતિસ્થિતિ પ્રધાન દ્રવ્યો જેને ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય રૂપે નામકરણ કરી સર્વજ્ઞ ભગવંતે ખ્યાતિ આપી છે. તે ઉભય દ્રવ્યો પણ આ વિશ્વમાં છે. જીવનું તો સ્વયનું ચિદાનંદ સ્વરૂપ છે. ચિદથી પ્રકાશક છે અને આનંદથી વેદક છે. જ્યારે પુદ્ગલદ્રવ્યના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ મૌલિક ધર્મ હોવા છતાં તેનાં સ્પર્શ ધર્મમાં સ્નિગ્ધતા અને રૂક્ષતાના અંગે ગ્રહણ ગુણ છે. ગ્રહણ ગુણ એટલે શું ? સજાતિય અને વિજાતિયના સંબંધમાં આવવું તે ગ્રહણ ગુણ છે. આવો ગુણ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને જીવ (જીવાસ્તિકાય)ના મૂળ શુદ્ધ સ્વરૂપમાં નથી.

આ રીતે જીવ પોતાના મૂળ સ્વરૂપને વિસારીને પોતાના જ્ઞાનની વીતરાગદશામાં રાગ દ્વેષ રૂપ વિકાર ઉત્પન્ન કરીને પુદ્ગલદ્રવ્યથી બંધાય છે. અને પુદ્ગલદ્રવ્યને બાંધે છે. આને જૈન-દર્શનમાં આશ્રવ તત્ત્વ તરીકે ઓળખવામાં આવે છે. આવી બાંધવાની અને બંધાવાની ક્રિયા માત્ર જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યમાં જ છે. પણ ધર્માસ્તકાય, અધર્માસ્તકાય, આકાશાસ્તિકાય અને જીવના શુદ્ધ પરમાત્મ સ્વરૂપમાં નથી. ધર્માસ્તકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયન સમષ્ઠિ વિશ્વકાયમાં અનાદિ-અનંત નિર્દોષ સંબંધ છે. જ્યારે જીવ અને પુદ્ગલને પરસ્પર નિમિત્ત, નૈમિત્તક સદોષ સંબંધ છે. પરંતુ ધર્માસ્તકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયની માફક જીવ પુદ્ગલદ્રવ્યની સાથેના નિર્દોષ સંબંધનું નિર્માણ સ્વપુરુષાર્થથી કરી પરમાત્મા બની શકે છે. તેનું જ નામ સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મ ભગવંતે પ્રરૂપેલ જૈન ધર્મ.

દ્રવ્ય અને ક્ષેત્રનો સંબંધ દ્રવ્ય સાથે છે. જ્યારે કાળ અને ભાવનો સંબંધ ગુણ-પર્યાય સાથે છે. દ્રવ્યની અવગાહનાની સીમા અર્થાત્ દ્રવ્યનું કદ એ દ્રવ્યનું સ્વક્ષેત્ર છે, જે 'કેવડું ?' પ્રશ્નનો ઉત્તર છે. જ્યારે દ્રવ્યનું સ્થાન (Location) એ દ્રવ્યનું પર ક્ષેત્ર છે જે 'ક્યા ?' પ્રશ્નનો ઉત્તર છે.

આ ચાર સંયોગનો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-અને ભાવ એમ નિશ્ચિત ક્રમાંકમાં જ ઉલ્લેખ થાય છે તેનું ય આગવું મહત્વ અને રહસ્ય છે. 'દ્રવ્ય' પ્રથમ કહ્યું. કારણ કે દ્રવ્ય અનાદિ અનંત, અનુત્પન્ન, અવિનાશી, સ્વયંભૂ છે. આધારતત્ત્વ છે. આપણા વ્યવહારમાં પણ પ્રથમ 'હું' છે. તે 'હું' પણ એ દ્રવ્ય છે. તેમ સન્મુખ આવનાર વ્યકિત કે પદાર્થની પ્રથમ ઓળખ 'કોણ ?' અને 'શું ?' પ્રશ્નથી જ કરીએ છીએ. અને પછી જ તેના કદ, સ્થાન, રૂપ, ગુણધર્મ, હાલત ઇત્યાદિની પૃચ્છા કરીએ છીએ. પ્રથમ 'હું' એ જીવદ્રવ્ય-આત્મ છે. સામેના પદાર્થ વિષેનો પહેલો પ્રશ્ન છે 'તે શું છે.' અને વ્યકિત માટેનો પ્રશ્ન છે 'તે કોણ છે?' ઉભય પ્રશ્નના ઉત્તરમાં દ્રવ્ય છે.

દ્રવ્ય મૂળાધાર છે. દ્રવ્ય છે તો કંઇક (Something) છે અને તે 'કંઇક' ક્યાં છે? કયારથી છે? કેવું છે? આદિ પ્રશ્નો ઉદ્ભવે છે. નથી તો આ પ્રશ્નોને કોઇ સ્થાન જ નથી. માટે જ દ્રવ્ય પ્રથમ ક્રમાંકે છે.

કન્યા નથી તો લગ્ન શા? વહુ સાપેક્ષ વર છે અને વર સાપેક્ષ જાનૈયા છે. માટે જ પહેલ પ્રથમ દ્રવ્યની અને પછી ક્ષેત્રની વાત આવે.

દ્રવ્ય પછીના બીજા ક્રમે ક્ષેત્રને સ્થાન આપ્યું છે. કારણ

કે 'હું છું' પછીનો પ્રશ્ન 'હું કેવડો છું?' અને 'હું ક્યાં છું?' અગાઉ જણાવ્યા. મુજબ 'કેવડો?' પ્રશ્નના ઉત્તરમાં કદ એટલે કે પિંડપ્રકૃતિ આવશે જે દ્રવ્યનું સ્વક્ષેત્ર એટલે કે પોતાની કાયાએ રોકેલી આકાશશ્રેણીમા અથવા તો પદાર્થે રોકેલી જગા છે.

જીવદ્રવ્ય અસંખ્ય આત્મપ્રદેશોનું બનેલું છે. જે આત્મ પ્રદેશની અસંખ્યની સંખ્યા અનાદિ-અનંત એક જ રહે છે એ સંખ્યા અખંડત્વ છે (સોની સંખ્યા હોય તો સો ના નવાણું કે એકસો એક ન થાય તેવું અસંખ્યની સંખ્યાનું અખંડત્વ છે.) વળી આ અસંખ્ય આત્મપ્રદેશ એકમેક સાથે અનાદિ-અનંત સંલગ્ન રહે છે. એ સંલગ્ન અખંડત્વ છે, એકાલાડુના બે ટુકડા કરે તો તેનું સંલગ્નત્વ તૂટી જાય છે. અને ક્ષેત્ર ભેદ થાય છે. પરંતુ આત્મપ્રદેશ વિષે એવું ક્યારેય બનતું નથી. માટે જ આત્માને અજન્મા કહ્યો છે અમર કહ્યો છે. જ્યારે પુદ્ગલ દ્રવ્ય પરમાણુનો સ્કંધ બને છે અને તે વીખરાઇને અણુ અણુમાં પરિવર્તન પામે છે. આ રીતે આત્મ પ્રદેશપિંડ (આત્મા) અને પુદ્ગલ અણુપિંડ (દેહાદિ પૌદ્ગલિક પદાર્થ)નો મહાન તફાવત છે. જીવના દેહપ્રમાણ અનુસાર આત્મપ્રદેશને સંકોચ વિસ્તાર થાય છે પણ સંખ્યા અખંડત્વ અને સંલગ્ન અખંડત્વ અનાદિ અનંત એવું ને એવું રહે છે. પરંતુ આત્મા (જીવ) જ્યારે શુદ્ધાત્મા, પરમાત્મા. સિદ્ધાત્મા બને છે ત્યારે તે આત્મપ્રદેશો સિદ્ધાત્મા બનવા પૂર્વેના ચરમ દેહપ્રમાણના ૨/૩ ભાગ જેટલાં કદ અને હદ તથા આકારમાં સંકોચાઇ જાય (દેહના ૧/૩ ભાગમાં અવકાશ હોય છે એટલે તેટલો સંકોચ થઇ આત્મ-પ્રદેશો ૨/૩ ભાગ ઘન ચરમ દેહ પ્રમાણ રહે છે.) મુકિતનિલય સિદ્ધશીલા ઉપર લોકાગ્રે સદા સર્વદા સાદિ-અનંત કાળ સુધી કષાય સંકોચ-વિસ્તાર વિના તેમ જ તસુભારના પણ ક્ષેત્રાંતર કે કંપન વિનાની પરમ સ્થિરાવસ્થામાં રહે છે. આવાં આ આત્મપ્રદેશ સંસારી જીવોને દેહાકારે દેહપ્રમાણ રહેલાં છે. તે દેહ આત્મપ્રદેશ (જીવ)નું સ્વક્ષેત્ર કહેવાય. તે જ પ્રમાણે અગાઉ જોઇ ગયા મુજબ 'ક્યાં?' પ્રશ્નના ઉત્તરમાં પર ક્ષેત્ર એટલે કે આકાશક્ષેત્ર (Loction) આવે.

દ્રવ્ય અને ક્ષેત્ર પછીના ત્રીજા અને ચોથા ક્રમાંકમાં કાળ અને ભાવ આવે છે. વ્યવહારમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બોલાય છે. અર્થાતૂ ત્રીજા ક્રમે કાળ અને ચોથા ક્રમે ભાવ એમ બોલાય છે. વાસ્તવિક પ્રક્રિયા પ્રમાણે પહેલાં ભાવ અને પછી કાળ લેવાનો છે. વ્યવહારમાં કાળને ભાગ પહેલાં મૂકવાનું કારણ એ છે કે જીવને અનિત્યતા, નિત્યતાના ભ્રમ રૂપે પરિણમેલ છે. બાકી તો કોઇ પણ કરાતી ક્રિયામાં કે કાર્યમાં જે રસ, રુચિ જાગણી, ભાવ હોય છે તો તે ક્રિયામાં કે કાર્યમાં કંટાળો આવતો નથી કે થાકોડો લાગતો નથી. દીર્ઘ એવો કાળ પણ ચપટી વગાડતાં ક્ષણમાત્રમાં પૂરો થયેલ જણાય છે. એ આપણા સહુના-સ્વાનુભવની વાત છે. સહુનો સામાન્યત: સ્વાનુભવ એવો છે કે દુ:ખના દહાડા લાંબા લાગે-વસમા લાગે અને સુખનો સમય કયાં સરકી ગયો-વીતી ગયો તેની ખબર પણ ન પડે. એટલે વાસ્તવિકતામાં તો આમ ભાવ જ કાળ રૂપે પરિણમે છે. આપણા સંસારી જીવોનો જે ભોકતાભાવ અર્થાત્ જાગણીભાવ છે તે જ કાળ છે. આપણો કર્તાભાવ કાળ નથી. પ્રતિ સમયે આપણે આપણા ઉપયોગને વેદીએ છીએ, અર્થાત્ ભોગવીએ છીએ, તે આપણા જાગણીના ભાવને કાળ કહેલ છે. બાકી પુદ્ગલદ્રવ્યના ક્રિયાત્મક ક્રમિક અનિત્ય ભાવને જે કાળ કહ્યો છે તે. વ્યવહાર કાળ છે. વળી કાળ જેવું સ્વતંત્ર દ્રવ્ય અસ્તિક્રમ રૂપે અસ્તિત્વમાં છે જ નહિ. કાળ એ તો પર્યાય પરિવર્તન છે. એટલે જ કાળ આખરે તો ઓળખાય છે પુદ્ગલ પરાવર્તન, અર્ધપુદ્ગલ પરાવર્તન એ રીતે જ. શુદ્ધ એવા સિદ્ધ પરમાત્માને કાળ છે જ નહિ. તેઓ તો કાળાતીત અર્થાત્ અકાલ એટલે કે ત્રિકાળ અકય છે. કાળ છે તે જ દુ:ખ છે. કારણ કે કાળ છે તો ભાવિ છે. અને ભાવિ છે તો ભવ છે. કે જે ભવ સાથે જન્મ-જરા-વ્યાધિ-મૃત્યુ અને તેના દુ:ખ સંકળાયેલાં છે. વળી ભવ છે તેને ભાવિ છે. અને તેને વર્તમાન છે. વર્તમાન જેને છે તેનો કોઇ ઇતિહાસ છે. કે જે ઇતિહાસ એનો ભૂતકાળ છે. આમ ભવભ્રમણનો અંત એટલે કાળનો અંત.

કાળ એ કર્મા સ્મૃતિ છે કે કર્યા તો સપનું છે. સ્મૃતિ અને સપનાં મીઠાં ય હોય અને માઠાં ય હોય. અર્થાત્ સારા-પણું હોય અને નરસાં પણ હોય જ્યારે આનંદ સ્વરૂપ મસ્તી અકાલ છે.

ભાવ એ મનઃસ્થિતિ છે-હૃદય સ્પંદન છે-ભૂમિ છે. લાગણી છે.-વેદન છે.-અનુભૂતિ છે. આત્મા એની પરમાત્મ અવસ્થામાં, શુદ્ધાવસ્થામાં સ્વભાવદશામાં હોય છે જે સચ્ચિદાનંદ અવસ્થા છે-જે મસ્ત અવસ્થા છે.-સહજાનંદ અવસ્થા છે-વીતરાગ અવસ્થા છે. જ્યારે વિભાવદશામાં, અશુદ્ધદશામાં રાગ-દ્વેષ, સુખ-દુ:ખ, ગુણ-દોષ, પુણ્ય-પાપ, હર્ષ-શોક મિશ્રિત અવસ્થામાં હોય છે.

કેવલજ્ઞાન એક જ છે. એવું ને એવું જ છે. જ્યારે એક પછી બીજો ખવાતો કોળિયો એવો ને એવો ખરો પણ એ જ નહિ. નદીનો પ્રવાહ એ જ પણ પાણી એનું એ જ નહિ જગતનું વહેણ અનાદિ-અનંત પણ જગત એનું એ જ નહિ. એ તો પ્રતિપળ પલટાતું-બદલાતું સાદિ સાન્ત દશ્ય જગત છે. અંદરમાં આપણી અપૂર્ણ અવસ્થાનું દૃષ્ટિ જગત અર્થાત્ ભાવ-જગત પણ બદલાતું અને પલટાતું જગત છે, જેને જૈન દર્શનમાં છદ્મસ્થ અવસ્થા કહેલ છે.

પરમાત્મ તત્ત્વ દેશ (ક્ષેત્ર) અને કાળથી અતીત છે. પણ દ્રવ્ય અને ભાવ ઉભયાત્મક છે, એક છે અને અભેદ છે. જ્યારે છદ્મસ્થ સંસારીનું જીવદ્રવ્ય-આત્મદ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આશ્રિત છે. જેમાં ક્ષેત્ર અને કાળ પરિવર્તનશીલ હોવાથી દ્રવ્ય અને ભાવ પણ પરિવર્તનશીલ છે જે કારણથી તે ભેદરૂપ છે.

કેવલજ્ઞાની કેવલજ્ઞાનને વેદે છે એ સ્વ સંવેદ્યરૂપ છે. કેવલજ્ઞાની સ્વ સ્વરૂપને વેદે છે. જ્યારે પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ કેવલજ્ઞાનમાં જણાય છે. (Not going to Know but come to Know) કેમ કે તે કેવલજ્ઞાનમાં (ચિદાદર્શમાં) પ્રતિબિંબિત થાય છે. ચાર જ્ઞાન જ્ઞેયને જાણવા જાય છે જ્યારે કેવલજ્ઞાનમાં સર્વ જ્ઞેયો જણાય છે. વળી તે સર્વ જ્ઞેયો જેવાં તેવાં દેખાય છે એ સિદ્ધ જ્ઞાતા-દષ્ટા ભાવ છે. કેવલજ્ઞાન ઉપયોગવંત હોય છે, જ્યારે બીજા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન ઉપયોગ મૂકવા રૂપ હોય છે. ઉદાહરણ તરીકે અરીસામાં પ્રતિબિંબ્યનું પડતું પ્રતિબિંબ રંગરોગાન અને આકૃતિયુકત અદલોઅદલ હૂબહૂ હોય છે. કેવલજ્ઞાનમાં જ્ઞેય એ પ્રમાણે પ્રતિબિંબિત થાય છે-દેખાય-જણાય છે. જ્યારે કોઇપણ પદાર્થનું ચિત્રકાર દ્વારા પ્રયત્નપૂર્વક કરાતું ચિત્રાંકન-ચિત્રામણ તેનાં અનેક રેખાંકનો અને રંગ-રોગાનની પૂર્તિથી હોય છે જે પદાર્થનું ચિત્ર હોય છે. અને તે પદાર્થ જેવું હોય છે. પણ હૂબહૂ નથી હોતું કે જેવું

પ્રતિબિંબ હોય છે. આંખોના ચાર જ્ઞાન આ પ્રકારના પ્રયત્નપૂર્વકના ચિત્રામણ જેવાં હોય છે.

કેવલજ્ઞાનીને અનાદિ-અનંત એક જ સમયમાં જણાય છે. એક જ સમયે ત્રણે કાળના સર્વ પદાર્થના સર્વ પર્યાયો કેવલજ્ઞાનમાં જણાય છે. કેવલજ્ઞાનીની આ વ્યાખ્યા જે કરી છે તે છદ્મસ્થ સંસારી જીવોને સમજવા માટે છદ્મસ્થની અપેક્ષાએ કરેલ વ્યાખ્યા છે. પર વસ્તુના ભોકતા એવાં છદ્મસ્થ સંસારી જીવતું જ્ઞાન ત્રણે કાળના ભેદરૂપ છે. એણે જાણ્યું, એ જાણે છે, અને એ જાણશે-એવાં ક્રિયાના કાળથી ત્રણ ભેદ ત્યાં પાડવા પડે છે. જ્યારે કેવલજ્ઞાનીનું જ્ઞાન, જીવન અને વેદન (ભોગ) ત્રણે એકરૂપ છે. અને અભેદ છે. પર વસ્તુનું ભોકતૃત્વ નીકળી જતાં કેવલજ્ઞાન થાય છે. પર વસ્તુના ભોકતૃત્વના કારણે જ કાળના ત્રણ ભેદ ભૂત-વર્તમાન-ભવિષ્ય પડી જાય છે. માટે જ છદ્મસ્થ સંસારી જીવના જીવન-જ્ઞાન અને ભોગ (વેદન) ત્રણ કાળરૂપ અર્થાત્ ભેદરૂપ બની જાય છે.

દિશા એટલે દેશાકાશ! દેશાકાશ; ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયને હોય છે. આત્મા એના શુદ્ધ પરમાત્મ સ્વરૂપમાં દેશાતીત છે. જે પદાર્થ દેશના બંધનમાં હોય તે કાળના બંધનમાં પણ હોય. પરમાત્મા અને કેવલજ્ઞાનમાં એકજ સમયે સર્વક્ષેત્રના સર્વદ્રવ્યો-સર્વપ્રદાર્થો તેના સર્વ ગુણપર્યાય સહિત જણાય છે. આમ આત્મા એની ચિદ્શક્તિ-જ્ઞાનશક્તિથી ક્ષેત્ર અર્થાત્ દેશ તથા કાળ અપરિચ્છિન્ન છે, અખંડ છે, અનંત છે, દેશ એ ક્ષેત્રભેદ છે જ્યારે કાળ એ પર્યાયભેદ છે. આત્મા સ્વરૂપથી દ્રવ્ય અને ભાવરૂપ છે. દેશ અને કાળ રૂપ નથી. ત્રણે કાળમાં ધર્મમાં ભાવનું પ્રધાનત્વ છે. જ્યારે ત્રણે કાળમાં સંસારમાં દ્રવ્યનું પ્રધાનત્વ છે. પરમાત્મા કેવળ ભાવસ્વરૂપ છે. પરમાત્મા, દ્રવ્યાતીત, ક્ષેત્રાતીત, અને કાળાતીત છે.

દેશ અને કાળના ભેદનો ઉપયોગ ધર્મ માટે જરૂરી છે. પરંતુ દેશ અને કાળના ભેદોનું બંધન ધર્મ કે ધર્મીને નથી હોતું. આર્યક્ષેત્ર, આર્યજાતિ, આર્યકુળ, જૈનકુળ અને પર્યાપ્તકાળ હોય તો ધર્મ સારી રીતે થાય. પરંતુ ધર્મ અને ધર્મી અનાર્યક્ષેત્રમાં, પર્યાપ્તાદિ ધર્મકાળ સિવાયના કાળમાં પણ ટકવા ધારે તો ટકી શકે એમ છે. ધર્મ તો ભાવસ્વરૂપ છે. માટે પ્રતિકૂળ દેશ અને કાળમાં પણ ભાવ ધર્મસાથે ભાવ સ્વરૂપની પ્રાપ્તિ કરી શકે છે. દેશ અને કાળના ભેદ તથા દેશ અને કાળનાં બંધન તો અર્થ અને કામને છે. ધર્મ અને મોક્ષને નહિ. પીસ્તાલીસ લાખ યોજનની સિદ્ધશીલા ઉપર પીસ્તાલીસ લાખ યોજન પહોળાં તીર્છાલોકના પ્રત્યેક ક્ષેત્રથી પ્રત્યેક કાળે આવેલ સિદ્ધ પરમાત્મભગવંતો બીરાજમાન છે. જે સર્વે ક્ષેત્રાતીત, કાળાતીત થયેછે. સાધુ ભગવંતને અતિથિ – અભ્યાગતનું સંબોધન કરવામાં આવેલ છે. તે જ સૂચવે છે કે તેમને ક્ષેત્ર અને કાળના બંધન છે નહિં. દેશકાળ તેમને બાધક છેજ નહિં. ભાવને-ધર્મને દેશકાળ બાધક નથી. અને બંધનરૂપ પણ નથી.

ક્ષેત્ર કયાં તો સીમિત છે કે અસીમ છે. કાળ એક સમયરૂપ (ક્ષણરૂપ) છે કે અનંતો છે. નિત્ય અને અનિત્યની વાતો કાળ આશ્રિત છે. બાકી સુખ દુઃખ, હર્ષ-શોક, રતિ-અરતિનું વેદન ભાવ આશ્રિત છે. સવાલ જીવના સુખનો છે, જીવના ભાવનો છે. જીવ ક્ષેત્રાતીત અને કાળાતીત થાય તો એનો ભાવ એના સ્વભાવને પામે અર્થાત્ અક્ષય, અવ્યાબાધ, અનંત શાશ્વત સુખને પ્રાપ્ત કરે.

નિશ્ચયથી તો આપણે સહુ આપણા સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવને જ વેદીએ છીએ. પછી તે જ્ઞાનમૂલક હોય કે અજ્ઞાનમૂલક, શુદ્ધ હોય કે અશુદ્ધ હોય. પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના આપણે સહુ જ્ઞાયક છીએ પણ વેદક નથી.

દૂધ અને પાણી એક ક્ષેત્રે રહેલાં હોવા છતાં જેમ હંસ, પાણીને જુદું પાડીને દૂધ પીએ છે તેમ આત્મા અને શરીર (કર્મ) એક ક્ષેત્રે છે તેમાં ગુણ સ્થાનકે આત્માના જે આંશિક ગુણો રહ્યાં છે તે ગુણના સુખને પુદ્ગલસ્કંધના (કર્મજનિત) સુખ દુઃખથી ભિન્ન કરીને-તેનો ભેદ કરીને વેદવાનું છે. આત્માની ઉજ્જવલતા હંસની જેમ પરમહંસ બનીને વેદવાની છે.

જે મારા આત્માથી કદી જુદું ન પડે તે 'હું' અને તે મારું. આપણે આપણામાં જેટલાએ એટલે કર્મથી છૂટાં થતાં જઇએ. મોહજનિત માનસિક દુઃખો અને દેહજનિત અશાતા વેદનીયના દુઃખોથી મુકત થવા માટે સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની જ્ઞાન-ધ્યાનરૂપી આંતરક્રિયા કરવાની રહે છે. બંધ આંખનું જીવન વેદન બહારના બધાય સંબંધ અને સંપર્કને તોડી નાંખવા કરવાનું હોય છે એ ધ્યાનાવસ્થામાં તે પ્રકારની દૃષ્ટિ કરવાથી તત્સમયે આત્માના સુખનો અનુભવ થાય છે. જેનાથી સકામ (સંકલ્પપૂર્વકની) નિર્જરા થાય છે. એટલું જ નહિ પણ સર્વ ઘાતિકર્મનો ક્ષય થતાં કેવલજ્ઞાન પ્રગટે છે. આમ સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રતિજ્ઞા દૃષ્ટિપાતથી મોહજનિત ભાવો ઊભા રહેતા નથી. તથા અશાતા વેદનીય ઉપર પણ કાબૂ મેળવાય છે.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળના ઝઘડાંઓ મન અને બુદ્ધિથી ચાલે છે પરંતુ મન અને બુદ્ધિથી ઊભરવાના ભાવના ઝઘડા કોઇ કાળે થતાં નથી અને ચાલતાં નથી. આત્માના શુદ્ધ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર સ્વકાળ અને સ્વભાવનું જ્ઞાન અને ધ્યાન થાય તો આ કાળમાં પણ જીવ, નિશ્ચયથી આત્મસુખની ઝલક મેળવી શકે છે-ઝાંખી કરી શકે છે. આત્મા સ્વ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો ભોકતા બને તો સુખી થાય. આત્મા પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો ભોકતા બન્યો રહેશે તો દુઃખીનો દુઃખી રહેશે.

દ્રવ્યની વિસ્તૃત વિચારણા એટલે આત્મશાસ્ત્ર, અધ્યાત્મશાસ્ત્ર, જીવ વિજ્ઞાન અને પદાર્થવિજ્ઞાન કે ભૌતિકશાસ્ત્ર, જૈનદર્શનમાં જીવ માટે જીવવિચાર છે અને જીવ-અજીવ માટે પંચાસ્તિકાયસાર, તત્ત્વાર્થસૂત્ર આદિ છે.

ક્ષેત્રની વિસ્તૃત વિચારણા એટલે ભૂગોળ અને ખગોળશાસ્ત્ર. જૈનદર્શનમાં ચૌદ રાજલોકથી ક્ષેત્રની વિચારણા ક્ષેત્ર સમાસ, બૃહતસંગ્રહણી, લઘુ સંગ્રહણી આદિમાં કરવામાં આવેલ છે.

કાળની વિચારણા એટલે ઇતિહાસ, જૈન દર્શનમાં જીવનો સામાન્ય ઇતિહાસ નિગોદમીમાંસા, ચૌદગુણસ્થાનક આદિની વિચારણામાં પ્રાપ્ય છે. બાકી જીવ વિશેષ-વ્યકિતવિશેષનો ઇતિહાસ કથાઓ, ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર, ઉપદેશમાલા, વસુદેવ હિન્દી આદિ ગ્રન્થોમાં મળે છે.

ક્ષેત્ર અને કાળ એ જીવની પુદ્ગલાશ્રિત કથા અને ઇતિહાસ છે. સિદ્ધ પરમાત્મા સિદ્ધ થયા પછીની કોઇ કથા નથી. પરંતુ તેમના પૂર્વભવની કથા છે જે કહેવાય છે, સંભળાય છે, લખાય છે અને વંચાય છે. સિદ્ધ પરમાત્મા સિદ્ધ થયાં બાદ કથારહિત થયાં છે. જ્યારે પુદ્ગલદ્રવ્ય અને સંસારી જીવની કથા ચાલુ રહેવાની છે કેમ કે તેમાં નામ નામાંતરતા, રૂપરૂપાંતરતા, પરિવર્તન અને પરિભ્રમણની ક્રિયા સતત ચાલુ છે.

ક્ષેત્રથી ચૌદ રાજલોક યા તો સમગ્ર લોકાલોક (બ્રહ્માંડ-આકાશ) અને કાળથી (ત્રિકાલ) અનાદિ-અનંતકાળ એ જે બે મહાન તત્ત્વો છે તે ઉપર જો આત્મા વિજય મેળવે તો જ્ઞાન-શક્તિ (ચિદ્‌શક્તિ)થી તે મહાનાતિમહાન (મહતો મહિયાન) બને છે. સર્વોચ્ચ, સર્વજ્ઞ, સર્વવ્યાપી, સર્વ સમર્થ બને છે.

અત્તે ભાવની જે વિચારણા છે તે ગુણની, પરમાત્મ તત્ત્વની, કેવલજ્ઞાનની સ્વરૂપ વિચારણા છે. જેમાં તામસ-રાજસ-સાત્ત્વિક ભાવ, ઔદયિક, ક્ષાયોપશમિક, ઉપશમિક, ક્ષાયિક અને પારિણામિક એ પાંચ ભાવ, કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ એ છ લેશ્યા આદિની વિચારણા છે. પાંચ ભાવ વિષે જૈન દર્શનમાં ચોથા કર્મગ્રંથમાં વિચારણા કરવામાં આવેલ છે. જ્યારે તામસાદિ ભાવ વિશે વિસ્તૃત વિચારણા વેદાંત દર્શનામાં કરવામાં આવેલ છે. લૌકિક વ્યવહારમાં કાવ્યશાસ્ત્ર-નિબંધલેખન એ ભાવ છે.

દ્રવ્યો-ખિત્તો,-કાળો,-ભાવો, એ શબ્દોચ્ચારથી જૈનદર્શનના આવશ્યક ક્રિયાસૂત્રોમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો ઠેર ઠેર ઉલ્લેખ આવે છે. મહામહોપાધ્યાયજી યશોવિજયજી મહારાજના સમકાલિન વિનયવિજયજી મહારાજાએ દ્રવ્યલોકપ્રકાશ, ક્ષેત્રલોક-પ્રકાશ, કાળલોકપ્રકાશ અને ભાવલોકપ્રકાશ નામના ચાર લોકપ્રકાશની રચના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વિષય ઉપર કરેલ છે.

વ્યવહારમાં ક્ષેત્ર અને કાળ અભેદ છે. સુરત જવું છે પણ તે જવાનો કાળ જ્યાં સુધી નિશ્ચિત ન કરાય ત્યાં સુધી જવાનો વિકલ્પ અધૂરો છે. તે જ પ્રમાણે કાળથી જવાતું નિશ્ચિત કરીએ પરંતુ જવાનું સ્થાન-ક્ષેત્ર નક્કી ન કરીએ ત્યાં સુધી જવાનો વિકલ્પ અધૂરો છે. અમે પાંચ વાગ્યે મળ્યા હતા ત્યારે હું ઝવેરીબજાર હતો અને એ વાલકેશ્વર હતો એવું વ્યવહારમાં બનતું નથી. બે વ્યક્તિના મિલનનો કાળ અને ક્ષેત્ર એક જ હોય-અભેદ હોય. આ રીતે વ્યવહારમાં ક્ષેત્ર અને કાળ જુદાં પડતાં નથી. જ્યારે નિશ્ચયમાં દ્રવ્ય અને ક્ષેત્ર અભેદ થતાં ભાવ અને કાળ અભેદ બની માત્ર દ્રવ્ય એટલે કે આત્મપ્રદેશ અને ભાવ એટલે જ્ઞાન-આનંદ (સચ્ચિદાનંદ) સ્વભાવ રહે છે.

આ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અનંતતાની વિચારણા કરીએ તો તેમાં દ્રવ્યની-અનંતતા માટે જીવદ્રવ્યનું દૃષ્ટાંત લેવાય, ક્ષેત્રની અનંતતા માટે આકાશનું દૃષ્ટાંત લેવાય, કાળની અનંતતા માટે અનાદિ-અનંત પુદ્‌ગલપરાવર્તનાનું દૃષ્ટાંત લેવાય, અને ભાવની અનંતતા માટે કેવલજ્ઞાનનું દૃષ્ટાંત લેવાય. (કેવલજ્ઞાન એક જ સમયમાં વિશ્વના સર્વ ભાવોને પી ગયેલ છે.)

હૃદય છે ત્યાં મોહનીય કર્મ છે અને ધર્મ છે. જ્યારે મગજ (Brain) એ વિચાર, બુદ્ધિ અને જ્ઞાનપ્રધાન તત્ત્વ છે. આત્માના હાર્દિક-ઉદાર ભાવ જ સત્ય છે. માલ સત્ય છે. માલ (વસ્તુ-ચીજ) ઉપરનું આવરણ (Packing-wrapper) સત્ય નથી. દ્રવ્ય-ક્ષેત્ર કાળ પેકીંગ છે. બાકી સત્ય તો ભાવ રૂપી માલ છે.

આજના વ્યવહારમાં લખાતા પત્રમાં પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વણાઈ ગયેલ છે. પત્ર મેળવનાર અને પત્ર લખનાર તથા પત્ર સ્વયં દ્રવ્ય છે. પ્રતિ અને રવાના (To & From) એ ક્ષેત્ર છે. તિથિ-વાર-તારીખ એ કાળ છે. જ્યારે પત્રમાં લખા-યેલ હકીકત અને વિગત (Matters) એ ભાવ છે.

અને હવે છેવટે જોઈશું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવમાંથી નિષ્પન્ન થતી ધ્યાનની પ્રક્રિયા.

આત્માના પ્રદેશો એ પ્રથમથી 'હું' છું. અને બીજું 'હું' છે તે ક્ષેત્ર અર્થાત્ દેહપ્રમાણથી 'હું' છું. તે જગતના બધાં પદાર્થો વિષમરૂપ હોવાથી દરેકના જડ અનુભવ ભિન્ન ભિન્ન છે. તેથી આત્માએ આત્માના વિવેક પ્રકાશમાં વિચારવું-ચકાસવું-તપાસવું કે વિકાસથી 'હું' કેવો છું ?

પહેલાં તો વિચારવું 'હું' 'હું' એટલે કોણ ? 'હું' એટલે દ્રવ્ય ! આત્મા ! આત્મપ્રદેશ ! પ્રદેશપિંડ ! 'હું' તે જીવ ! 'હું' તે ચેતન ! 'હું' આત્મા – આત્મપ્રદેશ ! પછી ચિંતવવું 'હું' કેવો ? 'હું' ક્યાં ? કેવડો કહેતાં દેહપ્રમાણ પ્રદેશપિંડ આવશે. સ્વક્ષેત્ર આવશે , અને ક્યાં કહેતાં ક્ષેત્ર આવશે આર્યક્ષેત્ર આર્યકુળ-સંજ્ઞી પંચેન્દ્રિય શરીર.

ત્યાર બાદ આવશે કાળ અને ભાવની ચિંતવના મારો સ્વકાળ શું ? અને મારો સ્વભાવ શું ? સ્વભાવ અને સ્વભાવના બે ભેદ પડશે વ્યવહાર કાળ અને વ્યવહાર ભાવ તથા નિશ્ચયકાળ અને નિશ્ચય ભાવ. નિશ્ચયકાળ અને નિશ્ચયભાવ બે જુદાં નથી. બંને એક જ છે. વ્યવહારના કાળમાં ચિંતવવું મારો કયો કાળ ચાલે છે ? પુણ્યનો ઉદય છે. તો તો પુણ્યોદયનો કાળ છે જેમાં ધર્મ અને ધર્મ-સામગ્રી તથા ધર્મરુચિ મળેલ છે જેના ટેકા વડે વડે એવી એવી ભાવના ભાવું, એવાં સ્વરૂપ ભાવમાં રમું, સ્વરૂપ રમમાણ થઈ જાઉં કે ભાવ પણ ચાલ્યો જાય અને સ્વભાવમાં આવી જાઉં. નિર્જનંદીમાંથી સહજાનંદી બનું. કાળ અને ભાવને અભેદ કરી દઉં. કાળ મારો કાળિયો કરી જાય તે પહેલાં કાળનો હું કાળિયો કરી જાઉં અને કાળને મારા ભાવમાં ભેળવી દઉં. જેથી હું સ્વયં મારા ભાવ વડે મારા સ્વભાવમાં આવી જાઉં.

-સંકલનકાર સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી

ભગવાન મહાવીરનાં સ્તવનોની કેસેટ

સંઘના વાર્ષિક સ્નેહ સંમેલન વખતે કલાકારો શ્રીમતી શીલા શેઠીયા, કિશોર મનભાવન તથા 'મેહુલે' ગાયેલા સ્તવનોની કેસેટ રૂપિયા પચ્ચીસમાં સંઘના કાર્યાલયમાંથી મળશે.

-મંત્રીઓ

'સંઘ'ના ઉપક્રમે

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત
વિદ્યામંત્ર (વર્ષ ૧૧)

વ્યાખ્યાતા : ડૉ. સુમન શાહ
પ્રમુખ : ડૉ. રમણલાલ ચી. શાહ
વિષય : સાહિત્યનું જીવન ઘડતરમાં પ્રદાન
દિવસ : શુક્રવાર, તા. ૧૬-૧-૮૭ ના
સાંજે ૬-૦૦ કલાકે
અને શનિવાર, તા. ૧૭-૧-૮૭ ના
સાંજે ૪-૦૦ કલાકે
સ્થળ : ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બર કમિટિ રૂમ
ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦

સૌને સમયસર ઉપસ્થિત રહેવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

લિ. ભવદીય,

તારાબહેન ર. શાહ — કે. પી. શાહ
સયોજક — પન્નાલાલ ર. શાહ
મંત્રીઓ

સ્વરૂપની ઓળખ

● ડા. કુમારપાળ દેસાઈ

એક અંધારી રાતે ઇંગ્લેન્ડનાં મહારાણી વિક્ટોરિયાએ શયનખંડના બારણે ટકોરા માર્યા. ખંડમાં ગુસ્સે ભરાયેલા એમના પતિ આલ્બર્ટ બેઠા હતા. ટકોરાનો અવાજ સાંભળી આલ્બર્ટ નિરુત્તર રહ્યા. જેનો સૂર્ય કદી અસ્ત થવાનો નથી એવા બ્રિટીશરાજનો ગર્વ ધરાવતી મહારાણી વિક્ટોરિયાએ કહ્યું:

'ઉઘાડો બારણાં, ઉઘાડો બારણાં!

ખંડમાંથી આલ્બર્ટનો અવાજ આવ્યો:

'કોણ છો તમે?'

બ્રિટનની મહારાણીએ કહ્યું, 'હું! હું કોણ? હું બ્રિટનની મહારાણી વિક્ટોરિયા.'

બારણાં બંધ જ રહ્યા. ઉત્તરમાં મૌન મળ્યું. ફરી મહારાણીએ બારણું ખખડાવ્યું. વળી પાછો એ જ સવાલ અને જવાબમાં એ જ શાંત, એકાંત, નીરવ, સ્મશાનવત્ મૌન બંને હૈયામાં કોલાહલ મચી ગયો. મહારાણીનો મદ ગળવા લાગ્યો. ગુમાન ગળે તો હૃદયનાં બારણાં ખૂલે. મહારાણીને એની ભૂલ સમજાઈ. એણે બારણું ખખડાવ્યું ફરી અંદરથી એ જ પ્રશ્ન: 'કોણ છો તમે?' વિશાળ સામ્રાજ્ય ધરાવતી મહારાણીએ ધીમા, સ્નેહભર્યા, સાદે કહ્યું; 'વહાલા આલ્બર્ટ, મને ન ઓળખી? હું તમારી પત્ની.'

જે દ્વાર વિક્ટોરિયા મહારાણી બનીને ન ખોલી શકી તે હૃદયરાણી થતાં તરત ખૂલી ગયા. ગુસ્સાથી વસાયેલા કમાડ પ્રેમ આગળ ઉઘડી ગયાં. સત્તાના બંધ બારણાં સ્નેહ આગળ ખૂલી ગયાં.

વ્યક્તિ પાસે જેટલી સત્તા વધુ એટલો એનો અહંકાર પ્રબળ. જેટલું ધન વધુ એટલો એનો અહમ્ મોટો. એક કરોડ રૂપિયા ધરાવનારનો અહમ્ પણ એક કરોડ જેટલો હોય. અહમ્ પહેલા સંગ્રહ કરે છે અને પછી જેટલો વધુ સંગ્રહ થાય તેટલો વધુ વકરે છે. વ્યક્તિ ઘણું વાંચે અને પછી એનામાં જ્ઞાનનો અહમ જાગે. થોડું નહિ પણ ઘણું તપ કરે અને પછી તપની શાંતિને બદલે અહમની રટણા જ સંભળાય. બહુ વિરલ વ્યક્તિઓ આ અહમથી અળગી રહી શકે છે, બંગાળમાં ભારતેન્દ્ર હરિશ્ચંદ્ર નામના એક અમીર માનવી થઈ ગયા. તેઓ મોકળે હાથે દાન કરતા. એમનાં સ્વજનોએ આ જોઈને કહ્યું,

'અરે! તમે તો પાણીની જેમ પૈસા વાપરો છો. ધનનો સંગ્રહ કરવાનો હોય લાખના દસ લાખ કરવાના અને દસ લાખના કરોડ કરવાના હોય. આમ વાપરી નાખશો તો સમય જતાં સાવ નિર્ધન થઈ જશો.'

આ સાંભળીને ભારતેન્દ્ર હરિશ્ચન્દ્રએ જવાબ આપ્યો, 'આ સંપત્તિ મારા દાદાને ખાઈ ગઈ, મારા પિતાને ખાઈ ગઈ. હવે મને પણ એ ખાવા માંગતી હતી, પરંતુ મેં વિચાર્યું કે એ મને ખાઈ જાય એ પહેલી હું જ એને ખાઈ જાઉં.'

અહમનો સંબંધ મનની ચંચળતા સાથે છે. મન બિસકોલી જેવું છે. એ આગળ દોડે છે, પાછળ જાય છે. કયાંક ચડે છે, તો કયાંક ગુલાંટ લગાવે છે. એવા મનને અહમના કેફમાં રહેવું ખૂબ ગમે છે. સ્વામી વિવેકાનંદે મનને પાગલ વાંદરા જેવું સ્વભાવથી જ ચંચળ કહ્યું છે. એમાં એ વાંદરાને કોઈએ દારૂ પાયો હોય એટલે છાકટો બન્યો હોય. એવા છાકટા વાંદરાને વીંછી કરડયો હોય, માણસને વીંછી કરડે તો આખો દિવસ કૂદાકૂદ કરે ત્યારે વાંદરાની સ્થિતિ તો કેવી કફોડી થાય! આમાં બાકી રહ્યું હોય તેમ એક પ્રેત વાંદરામાં પ્રવેશ્યું હોય અને વાંદરાની જેવી દશા થાય તેવી દશા મન માનવીની કરે છે. મન વાંદરા જેવું છે. અહમથી એ છાકટું બને છે. તૃષ્ણાની પકડમાં આવ્યા પછી બીજા લોકોની સફળતાની ઈર્ષાનો ડંખ એને લાગે છે. આખરે અભિમાનનું ભૂત એમાં પ્રવેશે છે. અને તેને પોતાની સર્વોપરિતાના વિચારો આવે છે. આવા અહમ્ પરનો વિજય સરળ નથી. ભગવાન બુદ્ધે 'ધમ્મપદ'માં કહ્યું છે કે 'એક મનુષ્ય યુદ્ધમાં હજાર માણસોને હજાર વખત જીતે અને બીજો માનવી પોતાની જાતને જીતે તો બીજો માણસ પહેલા મહાન વિજેતા છે.'

આ અહમ્ સામે કેવી જાગૃતિ રાખવી જોઈએ? એક ચિંતકે કહ્યું છે કે જેમ ઓરડામાં સાપ ભરાયો હોય અને જેવી જાગૃતિ રાખીએ તેવી જાગૃતિ રાખવી ઘટે. સાપની દરેક હિલચાલ પર બારીક નજર રાખીએ અને સહેજ સળવળાટ થાય કે અત્યંત સાવધ બની જઈએ એવી જાગૃતિ અહમને માટે રાખવી જોઈએ. અહમની ઓળખ થાય એટલે આપોઆપ અહમની લીલા પારખી શકાય. અહમના અંત પછી જ સત્યનો આવિર્ભાવ થઈ શકે. અહમને ગુમાવનારને કદી કશી હાનિ થતી નથી. બલ્કે બીજ જ્યારે વૃક્ષરૂપે ફાલે છે ત્યારે એનો કેટલો બધો વિકાસ થયો હોય. સરિતા જ્યારે સાગરમાં મળે છે ત્યારે એને કેટલો વિશાળ પથરાટ મળે છે.

સહુ પ્રાણીઓમાં સ્વ-જ્ઞાન અને આત્મજ્ઞાનની સંભવનાઓ સમાનરૂપે વિદ્યમાન છે, પણ આત્મજ્ઞાન દ્વારા દિવ્ય આનંદની અનુભૂતિનું સદ્‌ભાગ્ય માત્ર માનવીને મળ્યું છે. જગતમાં જડ વસ્તુ છે સત્તા, જીવન અને ચેતના. પથ્થરમાં સત્તા છે, પણ જીવન કે ચેતના નથી છે.ડમાં સત્તા અને જીવન બંને છે પણ ચેતના નથી. પશુમાં સત્તા, જીવન અને ચેતના ત્રણેય છે, પણ સ્વ-ચેતના (Self-Conciousness) નથી. માત્ર મનુષ્યમાં જ સ્વ-ચેતના છે. માત્ર એને જ ખ્યાલ આવે છે કે 'હું છું,' પણ જો એનો આ ખ્યાલ માત્ર શરીર પૂરતો જ મર્યાદિત રહે તો તો પ્લેટોએ આપેલી માનવી માટેની 'પીંછા વિનાના બે પગવાળા પશુ'ની વ્યાખ્યા સાચી પડે, પરંતુ માનવી અહમને ઓગાળીને જીવનમાં એક પ્રકારની સમતુલા સાધી છે. એનું એક દૃષ્ટાંત જાબાલિ નામના ઋષિનું છે. એમણે ઘોર તપશ્ચર્યા કરી. વર્ષોનાં વર્ષો સુધી વૃક્ષ નીચે અડગ ઊભા રહ્યા. એમની જટામાં પક્ષીઓએ માળો કર્યો. સમય જતાં એ જટામાં પક્ષીઓએ ઈંડાં મૂકયા અને નાનાં નાનાં બચ્ચાં થયાં.

ઋષિ જાબાલિને થયું કે જો એ સહેજ પણ હાલશે તો પડી જશે, અને પક્ષીનાં બચ્ચાં મરી જશે આથી એ લેશ માત્ર હાલ્યા-ચાલ્યા નહીં. ભિક્ષા માગવા કયાંય ગયા નહિ. મહિનાઓ સુધી એમ ને એમ રહ્યા.

આખરે એક દિવસ પક્ષીના બચ્ચાં ઊડવા લાગ્યાં. એટલે ઋષિના મનમાં ગર્વ થયો કે કેવી કઠિન તપશ્ચર્યા પોતે કરી! ન સહેજે હાલ્યા કે ચાલ્યા! ઋષિના મનમાં ગર્વ તો માતો નથી. તપના અહંકારથી વનમાં નીકળ્યા, તો કોઈ ભેદી અવાજ સંભળાયો. એ અવાજ કહેતો હતો:

'હે ઋષિ, અહંકાર કરીશ નહીં. હજી કયાં તને જ્ઞાન પ્રાપ્ત થયું છે? જો સાચો જ્ઞાની જેવો હોય તો કાશીમાં જઈને તુલાધર વૈશ્યને મળી આવ. એની પાસેથી તને જાણ થશે કે સાચો જ્ઞાની કોણ કહેવાય, ઋષિને પારાવાર આશ્ચર્ય થયું. પોતે આવો મહાન તપસ્વી અને એક સામાન્ય વેપારી પાસે જાય! એની પાસેથી વળી શું જ્ઞાન મેળવવાનું હોય? પોતે કેવી કરેણી દાખવી, વર્ષો સુધી અડગ રહીને પક્ષીઓને કેવાં ભડકાવ્યાં! આમ છતાં જાજલિ ઋષિને થયું કે જરા તપાસ તો કરું કે કાશીનો તુલાધર વૈશ્ય કેવો છે!

ઋષિ તો કાશીમાં ગયા. તુલાધર વૈશ્યની દુકાન શોધી કાઢી. જોયું તો સાવ નાનકડી દુકાન અને બહાર ગ્રાહકોની ભીડ એણે જાજલિ ઋષિને જોયા. ઋષિને તો એમ કે એમનો આ સામાન્ય વેપારી ભારે આદર સત્કાર કરશે, પણ વેપારીએ તો ઋષિને જોઈને કહ્યું.

'આવો, બેસો. તમે જ જાજલિ ઋષિ કે? જેમની જટામાં પક્ષીએ માળો બાંધ્યો હતો? એને સાચવવા તમે અડગ તપ કર્યું, અને તેનો તમને ગર્વ છે. પણ થોડીવાર બાજુમાં બેસો. આ ગ્રાહકોને પતાવીને પછી વાત કરીએ.'

ઋષિ જાજલિ તો ઊંડા આશ્ચર્યમાં પડી ગયા. આ વેપારીને કયાંથી બધી ખબર પડી ગઈ! નક્કી, એ તો ખરું કે એ સાધનામાં મારાથી આગળ છે. પણ આ દુકાનદાર પાસે કોઈ સાધના હોય એમ તો જણાતું નથી, ગ્રાહકો આવે. કોઈ સારું કહે, તો કોઈ ઝગડો કરે, કોઈ થોડું સંભળાવી દે, પણ તુલાધર તો શાંતિથી બધાની વાત સાંભળે, કોઈની સામે ક્રોધ કરે નહીં, કે કોઈની સામે રાગ-રોષ નહીં. જાણીતો હોય કે અજાણ્યો, પોતાનો હોય કે પારકો, પણ એક જ સરખો તોલ કરે.

સાંજ પડી. દુકાનનો હિસાબ પૂરો કર્યો ત્યાં સુધીમાં તો ઋષિનો ગર્વ ગળી ગયો હતો. એમણે તુલાધરને પૂછ્યું, 'મને કોઈ ઉપદેશ આપશો?'

તુલાધર વૈશ્યે કહ્યું, 'હું તો સામાન્ય દુકાનદાર છું. આપના જેવો તપસ્વી નથી કે કોઈ જ્ઞાની પંડિત નથી. પણ એટલું જાણું છું કે જેમ ત્રાજવાને બે પલ્લાં સમાન થાય તો સંતુલન સધાય છે એ જ રીતે મનના રાગ અને દ્વેષ, ક્રોધ અને પ્રેમ સમાન થાય તો હૃદયમાં એક સમતોલન સધાય છે, અને હૃદય અહંકાર-શૂન્ય બની જાય છે.'

સ્વયંને જાણવાથી જ સ્વયં-જાગૃતિનો અનુભવ થશે. સ્વયંને જાણવું એટલે હૃદયમાં પડેલા દોષ અને દુર્ગુણોની ખોજ કરવી. માણસ આખી દુનિયા જુએ છે, પરંતુ પોતાની જાતને જોતો નથી, કારણ કે જાતને જોતાં ડરે છે. આથી તો દુઃખનું મૂળ કારણ શોધવાને બદલે એ પ્રારબ્ધને દોષ આપે છે. પોતાની નબળાઈ છાવરવા માટે એ ઉપેક્ષા કે નિંદાનો આશરો લે છે. એક સ્ત્રીને અરીસા પર ભારે ચીડ હતી કારણ કે એ માનતી કે અરીસા એવા હોય છે કે જે વ્યક્તિને કુરૂપ બતાવે! એ પોતાની જાતને સાચી માનતી અને એને અરીસો ખોટો લાગતો. આ સ્ત્રી બુદ્ધિહીન લાગે, પરંતુ એવા બુદ્ધિહીનો કંઈ ઓછા નથી! માનવી પોતાની જાતને જોવાને બદલે પોતાની આગવી 'ઇમેજ' ટકાવવાની માયાજાળમાં પડ્યો છે. એ 'ઇમેજ' પર કોઈ પ્રહાર થવાની જરાય શક્યતા હોય તો એ ભભૂકી ઊઠે છે 'ઇમેજ'નું ઓઠું લઈને એ પોતાથી જાતને છૂપાવ્યા કરે છે. આખી જિંદગી જાતને ઓળખ્યા વિના જીવ્યા કરે છે. નવી ફેશનથી કે અવનવા તુક્કાઓથી પોતાની 'ઇમેજ'ને શણગારતો રહે છે. આમ જીવનની સૌથી મોટી તપશ્ચર્યા એ સ્વયંજાગૃતિની છે. આને માટે કેવા કેવા પ્રયત્નો જરૂરી છે, તેનો જવાબ કેશીકુમાર શ્રમણને ગુરુ ગૌતમ સ્વામીએ આપેલો છે. કેશીકુમારે એકવાર પ્રશ્ન કર્યો.

'તમે હજારો શત્રુઓ વચ્ચે રહો છો તેઓ તમારા પર હુમલો કરે છે. છતાં તમે કેવી રીતે વિજયી થાઓ છો?'

(ક્રમશ:)

પૂજ્ય વિમલાતાઈ ઠકાર સાથે વાર્તાલાપ

ચીમનલાલ 'કલાધર'

સંઘના ઉપક્રમે શુક્રવાર, તા. ૯-૧-'૮૭ના સાંજના ૫-૦૦ વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં પૂ. વિમલાતાઈ ઠકાર સાથેનો એક વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો.

કાર્યક્રમનો પ્રારંભ શ્રી દમયંતીબહેનની પ્રાર્થનાથી થયો હતો. કાર્યક્રમના સંયોજક શ્રી સુબોધભાઈ એમ. શાહે પૂ. વિમલાતાઈનો પરિચય આપ્યો હતો. સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે પૂ. વિમલાતાઈનું સ્વાગત કરતાં આનંદ વ્યકત કરતાં એમની લોકૈષણા વિમુખ આધ્યાત્મિક સાધનાની પ્રશંસા કરી હતી.

પૂ. વિમલાતાઈએ આ પ્રસંગે બોલતાં જણાવ્યું હતું કે પંજાબ અને અન્ય રાજ્યોમાં ચાલી રહેલા હિંસાત્મક દાવાનળને રોકવા આપણે સૌએ માનવ બિરાદરી સ્થાપિત કરવી જોઈએ. માનવ માત્ર ભાઈ ભાઈ છે. હિન્દુ શીખ કે હિન્દુ-મુસલમાનના લોહીનો રંગ એક જ છે, જુદો નથી. આપણે શા માટે એક બીજાના લોહી તરસ્યા બન્યા છીએ? એનાથી શો ફાયદો છે? કોમી ઉશ્કેરણી એક એવું ઝેર છે કે જે કોતિલ શસ્ત્રો કરતાં પણ વધુ વિઘાતક અસર કરે છે. આજના સત્તાલોલુપ રાજકારણીઓ અને આપણા સ્વાર્થી નેતાઓએ આ દેશની શાંત, સ્વસ્થ પ્રજાને કોમી હુતાશનમાં હોમવાનું ભયંકર પાપ કર્યું છે.

આજે પંજાબમાં જે હિંસાનું તાંડવ ચાલી રહ્યું છે તેને કોઈ પણ હિસાબે રોકવું જોઈએ. રાજીવ સરકાર જે રીતે કામ કરી રહી છે તેનાથી તો પરિસ્થિતિ ઊલટી વકરી રહી છે. પંજાબ સરકારની બિનકાર્યક્ષમતા અને રાજીવ ગાંધીની નિષ્ક્રિયતાએ હિંસાચારને વેગ આપ્યો છે. આજે જયપ્રકાશ જેવા નેતાની જરૂર છે, જે દેશની અખંડિતતા અને ભાવનાત્મક એકતા માટે પ્રજાની ચેતનાને જાગૃત કરી શકે અને હિંસાના દાવાનળને ઠારી શકે.

રાજીવ સરકાર બધું જ ખરાબ કામ કરે છે તેમ મારું કહેવું નથી. કેટલુંક સારું પણ કામ કરે છે. પણ પંજાબ પ્રશ્ને અને શાહબાનુના પ્રકરણમાં મુસ્લીમ લોકોના પ્રશ્નને તેની નિષ્ફળતા છતી થાય છે.

આજે બિહારમાં શું ચાલી રહ્યું છે? ગરીબી અને અજ્ઞાનતામાં સબડતા આ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાનું તંત્ર જાણે રહ્યું જ નથી. ત્યાં વખતોવખત થતી હિંસા-ખૂન-લૂટ વગેરેની બનતી ઘટનાઓ પરથી એમ જણાય છે. ત્યાં અમારા સાથી મિત્રોએ શાંતિસેના ઊભી કરી છે. પંજાબ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ વગેરે રાજ્યોમાં 'ઇન્સાની બિરાદરી' નામથી શાંતિ સ્થાપવાના અમારા પ્રયાસો છે.

આ દેશની અવદશામાં આપણો પણ ફાળો છે. આપણે અન્યાયને મૂંગે મોઢે સહન કરવામાં નિષ્ણાત છીએ. આપણી નિર્લિપ્તતા અને નીડરતાએ જાણે દેશવટો લીધો છે. આ દેશમાં સજ્જનોની નિષ્ક્રિયતા જાણે અભિશાપ બની રહી છે. દેશની એ કમનસીબી છે.

કાર્યક્રમના અંતે સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે આભાર-વિધિ કરી હતી.

સંઘનું વાર્ષિક સ્નેહ સંમેલન

સંકલન : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'



સંઘના સ્નેહ મિલન પ્રસંગે સંઘ તરફથી ઋતંભરા વિદ્યાપીઠ-સાપુતારાની વિદ્યાર્થિનીઓ માટે રૂ. ૧,૨૫૦૦૦/-નો ચેક શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસાને અર્પણ કરતા જાણીતા દાનવીર શેઠશ્રી મફતલાલ મહેતા. બાજુમાં શ્રી હરિભાઈ ટ્રેસવાળા, શ્રી વિદ્યાબહેન મહાસુખભાઈ, ડૉ. રમણલાલ ચી શાહ અને શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ આ તસ્વીરમાં દ્રષ્ટિગોચર થાય છે.

સંઘના પેટ્રન સભ્યો, આજીવન સભ્યો તેમજ સામાન્ય સભ્યોનું વાર્ષિક સ્નેહ-સંમેલન શ્રી વિદ્યાબહેન મહાસુખભાઈ ખંભાતવાલાના આર્થિક સહયોગથી રવિવાર, તા. ૧૧-૧-૮૭ના રોજ સવારના ૯-૩૦ કલાકે ખિરલા ક્રોડા કેન્દ્ર, ચોપાટી ખાતે યોજવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે સૌનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે સંઘ દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. તેમાં આ વર્ષે વડોદરા પાસે આવેલ સિંધરોટ ગામ પાસે આવેલી રક્તપિત્તિયાઓની સેવા કરતી સંસ્થા 'શ્રમ મંદિર' માટે અમે પાંચ લાખ રૂપિયા એકત્ર કરવાની ટહેલ નાખી છે. સમાજથી તરછોડાયેલા રક્તપિત્તિયા લોકોને માટે આ કામ કરવા જેવું છે. અત્યાર સુધીમાં આ કાર્ય માટે રૂ. ૭૫૦૦૦/- એકત્ર થયા છે. સૌએ આ કાર્યમાં પૂરો સહયોગ આપવાનો છે. ડૉ. રમણભાઈએ વિશેષમાં જણાવ્યું હતું કે કોઈપણ ફંડ માટે હવે હું કોઈ પાસે પૈસા માટે વ્યક્તિગત માગણી કરવાનો નથી. મેં અજાચક વ્રત લીધું છે. જે કોઈ સ્વેચ્છાએ સંઘની પ્રવૃત્તિઓ માટે સહાય આપવા માગતા હોય તેઓ પ્રેમથી રકમ આપી શકે છે.

અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા જાણીતા દાનવીર શ્રી મફતલાલ મહેતાએ કહ્યું હતું કે માનવ સેવા એજ પ્રભુ સેવા છે એમ આપણે કહીએ છીએ. પરંતુ તે જીવનમાં ઉતારવાની જરૂર છે. માનવ સેવાનું કાર્ય ખૂબજ મહત્ત્વનું છે જૈન યુવક સંઘ દ્વારા માનવ સેવાના જે કાર્યો હાલ થઈ રહ્યા છે તે અભિનંદનીય છે. વડોદરાના રક્તપિત્તિયાઓની સંસ્થા શ્રમમંદિર માટે જે ઝુંબેશ સંઘે ઉપાડી છે તે માટે તેમણે સંઘના સભ્યોને ધન્યવાદ આપતાં જણાવ્યું હતું કે જૈન કોમનું ગૌરવભર્યું કામ તમે સૌ કરી રહ્યા છો. આ પ્રસંગે ઋતંભરા વિદ્યાપીઠની ૫૦ આદિવાસી કન્યાઓને માટે રૂ. ૨૫૦૦૦/- આપવાની તેમણે જાહેરાત કરી હતી.

સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે શાહે કહ્યું હતું કે આ પ્રકારના સ્નેહ મિલનથી આપણો સંપર્ક તાજો રહે છે. વિદ્યાબહેને આ કાર્ય માટે જે આર્થિક સહયોગ આપ્યો છે તેથી આ પ્રવૃત્તિને વેગ મળ્યો છે.

સંઘના પેટ્રનો અને લાઇફમેમ્બરો વધે તે માટેની ઘનિષ્ઠ ઝુંબેશ ઉપાડવાની જાહેરાત કરતાં સંઘના મંત્રીશ્રી કે. પી. શાહે જણાવ્યું હતું કે કરુણાનાં કાર્યો માટે આપ સૌ સંઘને સવિશેષ સહયોગ આપતા રહ્યા છો અને આપતા રહેશો.

આ પ્રસંગે શ્રી ચીમનલાલ જે. શાહે સ્નેહ મિલનના દાતા શ્રી વિદ્યાબહેન મહાસુખલાલ ખંભાતવાળાને સુખડનો હાર અર્પણ કરી તેમનું બહુમાન કર્યું હતું ઋતંભરા વિદ્યાપીઠની ૨૫૦ કન્યાઓ માટે રૂ. ૧,૨૫૦૦૦/- ની રકમનો ચેક શ્રી મફતલાલ મહેતાના શુભ હસ્તે શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસાને અપાયો હતો.

શ્રીમતી પૂર્ણિમાબહેને આ માટે સંઘનો અને કાર્યવાહકોનો આભાર માનવાની સાથે ઋતંભરા વિદ્યાપીઠ દ્વારા આદિવાસી કન્યાઓના શિક્ષણ અને સંસ્કાર ઘડતરના કાર્યની માહિતી આપી હતી.

આ પ્રસંગે એમ. જે. ફાર્માસ્યુટિકલ્સવાળા શ્રી જશુભાઈ શાહ તથા તેમનાં પત્ની શ્રીમતી મૃદુલાબહેન જશુભાઈ શાહ તરફથી રૂા. ૨૫૦૦૦/- શ્રી નવનીત પ્રકાશનના માલિક શ્રી હુંગરશીભાઈ રામજી ગાલા તરફથી રૂા. ૨૫૦૦૦/- એક સદ્‌ગૃહસ્થ તરફથી રૂા. ૧૧,૧૧૧/- અને શ્રી વિદ્યાબહેન મહાસુખભાઈ તરફથી રૂા. ૫૦૦૦/- 'શ્રમ મંદિર'ને ભેટ આપવાની જાહેરાત હર્ષનાદો વચ્ચે થઈ હતી

કાર્યક્રમના પ્રારંભે શીલા શેઠિયા, કિશોર મનરાજા અને સુરેન ઠાકર 'મેહુલે' ભગવાન મહાવીરસ્વામીનાં ભક્તિ ગીતોનો સુંદર કાર્યક્રમ રજૂ કર્યો હતો.

જ્ઞાનની ગાદીમાં માહિતી

પરેશ ૨. વૈદ્ય

કોઇએ કહ્યું છે કે 'જ્ઞાન એ શક્તિ છે' Knowledge is Power. જ્ઞાનની એક પેટા શાખા છે માહિતી. આજના આધુનિક જમાનામાં હવે એમ લાગવા લાગ્યું છે કે માહિતી હોવી એ જ શક્તિ છે. જ્ઞાન જેવી ભારેખમ વસ્તુની કંઇ ખાસ જરૂર નથી. જ્ઞાન અને માહિતી વચ્ચે આમ તો પાતળી ભેદરેખા છે. જ્ઞાન એટલે શું ? તેનો ચોખ્ખો જવાબ કદાચ ન મળે, પણ અર્થ સમજમાં બધાંને આવે છે. કોઈ પણ વસ્તુની બરાબર સમજણ હોવી તેને આપણે જ્ઞાન કહીએ છીએ. આની વિરુદ્ધ 'માહિતી હોવી' એટલે તલસ્પર્શી જાણકારી નહીં પણ 'અસ્તિત્વ બાબત જાણ હોવી. અંગ્રેજીમાં હાથવગો શબ્દ છે Familiarity 'કૂવામાંથી પાણી કાઢવા માટે જે મશીન વપરાય તે ઇલેક્ટ્રિક મોટર હોય છે' તો આટલી વાતની બબર હોવી તે માહિતગારી થઇ પણ તેને કૂવામાંથી પાણી કાઢવા માટેની મોટરનું કે તેની પદ્ધતિનું જ્ઞાન ન કહેવાય. વિવિધ કદ અને કક્ષાની મોટરોમાંથી આપણે કઇ પસંદ કરવી તે તો માત્ર જ્ઞાનથી જ થાય, માહિતીથી નહીં.

માત્ર માહિતી હોવી તે કાંઇ ખોટું નથી. પરંતુ કેટલીક વાર એને જ્ઞાનની જગ્યાએ વટાવી શકાય છે તે ખોટું છે. ચપળતાથી વર્તો તો ક્યારેક તેને અસરકારક રીતે જ્ઞાનમાં ખપાવી દઇ શકો તેવું પણ બને છે. કોઇ બીમાર હોય ત્યારે એકાદ જણ કહી દે કે 'અરે, એમાં શું થયું ? એક 'મેક્ષાફ્રોમ' લઇ લો ને કે પત્યું. ત્યારે એક વાક્યમાં પોતાનું બધું દાક્તરી જ્ઞાન ઠાલવી દેનાર પાસે જ્ઞાનનો હજી ખજાનો બાકી છે તેવું જ આપણે માની બેઠાએ છીએ, આનું કારણ કે જિંદગીના મોટા ભાગના પ્રસંગોએ આપણને ખરાં 'જ્ઞાન'ની જરૂર પડતી નથી હોતી; માહિતીથી કામ ચાલી જાય તેમ હોય છે. આથી બીજા અમુક પ્રસંગોએ પોતાનાં આ નાનાં શાં સ્થળ પર મેસી 'માહિતી' મોટો મારગ કરી જાય છે.

ઉપરછલ્લી માહિતી અને ખરાં જ્ઞાન વચ્ચેનો આ ગૂંચવાડો ચાલ્યે રાખે છે કારણ કે આપણામાંના ઘણાંને તેનું ધ્યાન ગયું નથી. નવા પ્રકારની જિંદગીમાં 'સ્માર્ટ' નેસ' નું મહત્ત્વ વધતું જાય છે. આ 'સ્માર્ટ'નેસ' પોકળતાનો જ પર્યાય છે અને તેની આપણીનું મુખ્ય ઘટક વિશાળ માહિતગારી છે, ઊંડી માહિતગારી નહીં. આથી પહોળાઇ અને ઊંડાઇ વચ્ચેના તફાવતની બેને સમજ પડે છે. તેને પણ ઊંડાણમાં રસ નથી, કારણ કે જેવું ટકા ક્ષેત્રોમાં પહોળાઇથી ચાલી જાય છે, કદાચ આ પશ્ચિમની કે અમેરિકાની પ્રચ્છન્ન દેણ હશે. મોટી કંપનીઓના સંચાલકો-ઓફિસરયુટીવોમાં વિશાળ (પણ ઊંડું નહીં તેવું) જ્ઞાન હોવું જરૂરી મનાતું રહ્યું છે. કામ કઢાવવામાં તેનો સારો ઉપયોગ હશે એટલે કદાચ આર્થિક સાહસોમાં તે જરૂરી બનતું હશે. પરંતુ ત્યાંથી ધીમે ધીમે એ સાધારણ નોકરીઓ, પરીક્ષાઓ, ઇન્ટરવ્યૂઓમાં આવતું ગયું છે. આમ જેની માંગ વધે તેનો વાંધો ન હોય, પણ તલસ્પર્શી સમજના પર્યાય તરીકે માંગ વધે તે માન્ય નથી. નીચેની કક્ષાઓની પરીક્ષાઓમાં જોડકાં જોડવાના કે ખાલી જગ્યા પૂરવાના પ્રશ્નોની બહુલતા જોઇને એમ લાગે છે કે આજનો આ રોગ આવતી કાલનું તો શારિરીક બંધારણ જ બની જશે!

સમાજની આ બદલાતી જતી પસંદનો પડઘો પ્રસાર-માધ્યમો (Media) ઉપર પણ પડે છે. 'સંસ્કૃતિ' 'નિરીક્ષક' જેવાં સામયિકો બંધ પડવા વિષે ચિંતા વ્યક્ત થાય છે. આ સામયિકોને કાગળના ભાવ અને પ્રિન્ટરીની મોંઘારત નડે છે. ત્યારે સામી બાજુ સચિત્ર સાપ્તાહિકો ધીકતો ધંધો કરવા લાગ્યાં છે. દુનિયામાં સૌથી મોટો, સૌથી જાડો, સૌથી ભારે હીરો કયાં છે તેથી માંડીને કુવૈતના શાહને કેટલી બેગમો છે તેની વાત કરતાં આ સામયિકો ખૂબ જ બિન-કાયમી, અલ્પજીવી માહિતી આપતાં રહે છે. તેઓનો મુખ્ય ઉપયોગ ચર્ચગેટથી બોરીવલી પહોંચવા માટે જ છે! જીવન જીવવાનું ભાથું મળે એવું એમાં કયારેક જ મળી આવતું હશે. આમાં વાંચકોનો દોષ પહેલો કે સામાયિકનો, એ તો જૂનો પ્રશ્ન છે અને તેની ચર્ચા અત્રે વ્યર્થ છે.

માહિતી અને જ્ઞાન વચ્ચેના સંઘર્ષમાં મિડીયાના કાળાની વાતમાં ટેલિવિઝનને પણ યાદ કરવો જોઇએ. ખૂબ મોંઘા કાર્યક્રમ સમયના કારણે એમાં ટૂંકા ગાળામાં ઘણી વાત કરવાનું પ્રોડ્યુસરનું ધ્યેય હોય છે, એથી તેમાં પણ માહિતી વધુ આવે છે, દશ્યો પણ અતિ મોટાં પ્રમાણમાં કાર્યક્રમો જોઇ જોઇને અમુક ચૂંટેલી હકીકતોને જ મગજમાં ઊંડે ઊતરવા દે છે. ટેલિવિઝનમાંથી મેળવેલી માહિતીને ખરી હોવાનો સિક્કો લાગેલો હોવાથી શાળા-કોલેજોમાં તેનું ચલણ તેજ હોય છે, એ તો સારું થયું છે કે ઉપગ્રહના કારણે અને ભાવો ઘટવાના કારણે ટી. વી. નો ફેલાવો ધણો થઇ શકયો શકયો છે; નહીંતર સમાજમાં 'હેવ ટી. વી.' અને 'હેવ નોટ ટી. વી.' જેવા બે વર્ગ માહિતીના સાપેક્ષમાં પણ થઇ જાત.

આપણો ગ્રામ્ય-સમાજ માહિતીના આ વરસાદમાં કોરો રહી જતો હોવાથી શહેર અને ગ્રામ્યવિસ્તાર વચ્ચેનું અંતર વધુને વધુ વધતું જાય છે. એસ. એસ. સી કે યુનિવર્સિટીનાં પરિણામોમાં શહેરના વિદ્યાર્થીઓમાં નામ જોવા ઉપર જોવા મળે છે, પુસ્તકો સામયિકો, શિક્ષકો, એ બધાંની સગવડ શહેરી વિદ્યાર્થીને વધુ મળે છે તે મુખ્ય કારણ છે. હવે આ જ લોકોને માપદંડ માની આપણી નોકરીઓ અને ઇન્ટરવ્યુઓ ગોઠવાય છે. આથી માહિતગારીના અંધારપટમાં જીવતા ગ્રામીણ યુવકો વધુ ને વધુ પાછળ થતા જશે. બુદ્ધિની તીવ્રતામાં ગ્રામ્ય તરુણ આગળ હોવા છતાં આ દુન્યવી પધ્ધતિની સ્પર્ધામાં કદાચ તેઓ નહીં જીતે, આમ જાહેર ઉપયોગીતાનાં ક્ષેત્રોમાં શહેરીઓ વધુને વધુ આવતા જશે, તો સમાજની માન્યતા જ્ઞાન કરતાં માહિતીના પક્ષમાં વધુને વધુ દૃઢ થતી જશે. ખૂબ ઊંડે ઊતરે તો આ લક્ષણ chronic – અંતિમ કક્ષાએ પહોંચી જાય અને એવું પણ બને કે જ્ઞાનની જરૂર વિષેની આપણી સભાનતા જ ધીરે ધીરે ઓછી થતી જાય અને સમાજની સરેરાશ બુદ્ધિમત્તાનું ધોરણ નીચું ઊતરી જાય. ફૂલફૂલ વાણી બોલનારાઓ પ્રભાવ પાડી જવાદારીવાળી જગ્યાઓ લેતા જાય અને ખરા જાણકાર વિનીતો પાછળ રહેતા જાય તેમ બને. આજે પણ એવું નથી થતું તેવું તો નથી જ. એક પક્ષ પાસે શસ્ત્રો હોય અને બીજા પાસે ધુમાડાના બોમ હોય તો ધુમાડાના બોમવાળો પક્ષ જીતે તેવી આ વાત છે.

ખરી સમજ'નશીલતા અને વિશ્લેષણ શક્તિ ખીલે એવું કંઇક કરવા માટે શિક્ષણવ્યવસ્થા, અને મિડીયા અલગ અલગ સ્તર ઉપર પહેલ કરે તે જરૂરી છે. નહીંતર Knowledge is Powerમાંથી Information is Power બની જશે અને Power તે 'શક્તિ' નહીં 'સત્તા' અર્થ ધારણ કરશે.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૮ અંક : ૧૯

મુંબઇ તા. ૧-૨-'૮૭
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છુટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

આદિવાસીઓના ઉત્કર્ષ માટે

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સાપુતારામાં આવેલી ઋતંભરા વિદ્યાપીઠની આશ્રમ શાળાના ૩૦૦ વિદ્યાર્થિનીઓને માટે ગાદલાં, ઓશિકાં, ચાદર, ધાબળા, ટુવાલ, સ્વેટર, જમવા માટેના સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો ઇત્યાદિ સામગ્રી ભેટ આપવામાં આવી તેના વિતરણનો કાર્યક્રમ શ્રી દીપચંદભાઇ ગાર્ડીના પ્રમુખપદે ગુરુવાર, તા. ૨૧ મી જાન્યુઆરીએ સવારે દસ વાગે સાપુતારામાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુંબઇથી સંઘ તરફથી સમિતિના સભ્યો, દાતાઓ વગેરે મળી પચાસેક ભાઇ-બહેન ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમમાં ઋતંભરા અને પ્રેમપુરી આશ્રમના પ્રબંધકર્તાઓ વિદ્યાર્થિનીઓ અને તેમના વાલીઓ વગેરે પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

શ્રીમતિ પૂર્ણિમાબહેન પકવાસા, શ્રી હરિભાઇ ડ્રેસવાલા વગેરેએ મહેમાનોની આગતાસ્વાગતા સહિત કાર્યક્રમનું સુંદર આયોજન કર્યું હતું. વિતરણની બધી સામગ્રીની ચીવટપૂર્વક ખરીદી વગેરેની જવાબદારી આવી યોજનાઓના અનુભવી, અમારી સમિતિના સભ્ય શ્રી જયંતીભાઇ પી. શાહે ઉઠાવી લીધી હતી.

શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસા (જેમને બધાં પૂજ્ય દીદી તરીકે ઓળખે છે) એ કેટલાંક વર્ષ પહેલાં ઉનાળામાં વિદ્યાર્થિનીઓને લશ્કરી તાલીમ આપવા માટેની શિબિરોનું આયોજન ચાલુ કર્યું હતું. ક્રમે ક્રમે એમાંથી એમણે આદિવાસી વિદ્યાર્થિનીઓ માટે નાના પાયા ઉપર એક વિદ્યાપીઠની સ્થાપના કરી અને ગુજરાત સરકાર તેમ જ અન્ય સંસ્થાઓની સહાયથી સાપુતારાના હવા ખાવાના સ્થળે એક સરસ વિદ્યાધામ વિકસાવ્યું. તેમણે તથા તેમના સાથી કાર્યકરોએ આ યોજનામાં તન, મન, ધનથી જે ભોગ આપ્યો છે તે અનુમોદનીય અને અનુકરણીય છે.

એશિયા અને આફ્રિકાના ઘણા દેશોમાં આદિવાસીઓનું પ્રમાણ બહુ મોટું છે. આ બંને ખંડોની વસતિ પણ ઘણી ગીચ છે ઘણા દેશોમાં ગરીબીનો પાર નથી. કેળવણીનો અભાવ વિશેષ છે. કરોડો લોકો નહિ જેવી જીવન જરૂરિયાતની વસ્તુઓ સાથે પોતાનું જીવન ગુજારે છે. અનેક લોકોને રહેવાને પોતાનું સારું ઘર નથી. કેટલાય લોકો ગાય, ભેંસ, બકરી વગેરે પોતાનાં પાળેલાં પશુઓની સાથે જ એક ઓરડામાં રહે છે. કેટલાયને પીવાનું પાણી માઇલ દૂરથી લાવવું પડે છે.

આધુનિક વિશ્વ સાથે દુનિયાના ઘણા આદિવાસીઓનો સંપર્ક બહુ ઓછો છે. કેટલાંય આધુનિક વૈજ્ઞાનિક સાધનો તેમના સુધી પહોંચ્યાં નથી. કેટલાંય ગામોમાં પહોંચવા માટે સડક નથી, ડુંગર કે જંગલમાં આડીઅવળી કેડીએ ત્યાં પહોંચાય છે. તેમના વિસ્તારોમાં પગે ચાલીને દૂરના ઊંડાણોમાં જઇએ ત્યારે તેમના જીવનનો વાસ્તવિક ખ્યાલ આવે છે. એકવીસમી સદીના આરે આવેલા વિશ્વનો માનવી પ્રાગ્ઐતિહાસિક કાળના આદિ માનવનું જીવન હજુ જીવી રહ્યો છે એ જોઇ વિસ્મય થાય છે. કેટલાંય ગામોની વસતી પાંચ-સાત ઝુંપડાંથી વધારે નથી. જંગલોમાં લાકડાં કાપવાં અને ખેતી કરવી એ બે તેઓની આજીવિકાનાં મુખ્ય સાધનો છે. વહેમ અને અજ્ઞાનભર્યું જીવન તેઓ જીવે છે. સદીઓ જૂના કેટલાય રીતરિવાજો આજ દિવસ સુધી તેઓમાં પ્રચલિત છે. અંધશ્રદ્ધાપૂર્વક દેવદેવીઓની આરાધના થાય છે. પોતાની આસપાસની વનસ્પતિઓમાંથી બનાવેલો ગામઠી દારૂ પીવાય છે. બાપ જ દીકરાને દારૂ પીતાં શીખવે છે. દારૂની ગામઠી મહેફિલો યોજાય છે. નશાના તાનમાં આવેશભર્યાં કાર્યો થાય છે. ગોલાચાલી, મારામારી, ખૂન વગેરેની તેઓમાં નવાઇ નથી.

પશુઓનો શિકાર અને માંસાહાર પણ આદિવાસીઓમાં વ્યાપક પ્રમાણમાં છે. સ્વચ્છતાના અભાવના કારણે ચામડીના રોગો અને બીજાં ઘણાં દર્દો થાય છે. પૂરતા પોષણના અભાવે અથવા ખોરાકની વિચિત્ર ટેવોને કારણે સરેરાશ આયુષ્ય બહુ લાંબુ હોતું નથી. દાંપત્ય જીવનમાં સ્ત્રી - પુરુષની પરસ્પર વફાદારીની ભાવના કેટલીક આદિવાસી જાતિઓમાં ઘણી શિથિલ હોય છે.

આવું પ્રાકૃતિક જીવન જીવનાર એશિયા અને આફ્રિકાના કરોડો લોકોનું સરકારે અને ઉજળિયાત લોકોએ સદીઓથી ઘણું શોષણ કર્યું રાખ્યું છે. પરંતુ હવે એવી ગિરિવનવાસી પ્રજાઓમાં ક્રમે ક્રમે જાગૃતિ આવવા લાગી છે. આપણી સરકાર પણ એ વિષે ઘણાં સક્રિય પગલાં ભરી રહી છે. શહેરોની નજીકના આદિવાસી વિસ્તારોમાં પ્રાથમિક શાળાઓ ઉપરાંત હાઇસ્કૂલો અને કોલેજો થવા લાગી છે. તેઓનાં રહેઠાણ માટે ઝુંપડાને બદલે સારા ઘરો બાંધવામાં આવી રહ્યાં છે. તેમને પહેરવાને માટે વસ્ત્રો અને પાથરવા - ઓઢવા માટેનાં સાધનો સુલભ થવા લાગ્યાં છે. તબીબી અને અન્ય રાહત માટે સરકાર તરફથી સારું કાર્ય થઈ રહ્યું છે. તેમને માટે અઢળક નાણાં ખર્ચાય છે, પણ તે બધાં તેમના સુધી પહોંચતાં નથી, વચમાં ઠીક ઠીક ખવાઇ જાય છે. કેટલીક સામાજિક સંસ્થાઓ તરફથી સારું કાર્ય તેમની પ્રગતિ માટે થઇ રહ્યું છે. આમ છતાં બહુ સંતોષકારક કાર્ય

થયું છે. એમ નહિ કહી શકાય.

આદિવાસી વિસ્તારોમાં દૂર દૂરનાં જંગલ કે ડુંગરાઓમાં પગે ચાલીને પહોંચવાનું અમલદારો કે પ્રધાનો માટે અઘરું છે. એ પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવાય છે. કેટલાંક કામો માત્ર કાગળ ઉપર બતાવાય છે. વાસ્તવમાં થતાં નથી. જેવા અન્યત્ર ચાલ્યા જાય છે આદિવાસીઓના ઉત્કર્ષ માટે વિવિધક્ષેત્રે બેહદ્દા અનામત રખાય છે, પણ તે પદ્ધતિમાં કેટલીયે ત્રુટિઓ રહેલી છે, જેનો ગેરલાભ ઠીક ઠીક ઉઠાવાય છે. તબીબી અને ઓન્જિનિયરિંગ ક્ષેત્રે આદિવાસી વિદ્યાર્થીઓ માટે અનામત રખાયેલી બેહદ્દા બેઠકો અંગે વ્યાપક પ્રામાણિક અસંતોષ પ્રવર્તે છે, બેહદ્દાનો દુરુપયોગ થાય છે. પરિણામલક્ષી આયોજનો દીર્ઘદૃષ્ટિથી થવાં જરૂરી છે. ચૂંટણીમાં મત મેળવવા કે ધર્માન્તર કરાવવા માટે હેતુપૂર્વક તેઓને ગરીબીમાં રાખનારા વર્ગથી તેઓને મુક્ત કરાવવાની જરૂર છે. એ માટે મોટી સંખ્યામાં સંનિષ્ઠ કાર્યકરોની આવશ્યકતા છે. અલબત્ત આ કાર્ય એટલું ગંજાવર છે કે એકાદ સૈકા પછી પણ ભારતના કે એશિયા અને આફ્રિકાના તમામ આદિવાસીઓને સુશિક્ષિત, સુસંસ્કૃત બનાવી શકાશે કે કેમ તે એક પ્રશ્ન છે.

બીજી બાજુ કેટલાય એવા આદિવાસીઓ હશે કે જેમને આ પ્રકારના સુધારાઓ મનથી ગમતા નથી. જે સ્થિતિમાં માણસ રહે છે તેનાથી તે એટલો બધો ટેવાઇ જાય છે કે તેમાં ફેરફાર કરવાનું તેને ગમતું નથી. દુનિયાભરમાં કેટલીએ રખડુ જાતિઓ (Nomadic Tribes) પ્રાચીન કાળમાં હતી અને આજે પણ વિદ્યમાન છે. અલ્પ પરિગ્રહ સાથે કુદરતના સાન્નિધ્યમાં મનમોજીપણે ઘૂમતા રહેવાનો પણ અનોખો આનંદ હોય છે. આવી રખડુ જાતિઓને એક જ સ્થળે વસાવવા માટે પ્રયત્નો થાય છે, પરંતુ તે તેમને ગમતું નથી. વણજારાની જેમ ફરતા રામ રહેવું અને જે આજીવિકા મળે તે મેળવી લેવી એ જ એ જાતિઓને વિશેષ ગમે છે. આવી જાતિઓ એશિયા-આફ્રિકામાં છે, યુરોપ-અમેરિકામાં છે અને ઉત્તર ધ્રુવના પ્રદેશોમાં પણ છે. રખડુ જાતિઓની જેમ કેટલીક આદિવાસી જાતિઓને પણ શહેરી સંસ્કૃતિના સંપર્કમાં આવવાનું ગમતું નથી. છીએ તે જ ઠીક છે એવી મનોવૃત્તિ તેમનામાં બહુ પ્રબળ હોય છે.

આદિવાસી પ્રજાઓમાં બાહ્ય સંસર્ગ ઓછો હોવાના કારણે ભાષાકીય ફેરફાર બહુ ઓછા થાય છે. કેટલાંય ભાષા-વૈજ્ઞાનિકો આદિવાસીઓની ભાષાઓનો વિવિધ દૃષ્ટિકોણથી અભ્યાસ કરે છે. કેટલાંક પ્રકારનાં ઉચ્ચારણો અને કેટલાંક પ્રકારના શબ્દો હજુ આદિવાસી ભાષાઓમાં સચવાયેલાં મળે છે. ભાષા-વિજ્ઞાનના સંશોધનની દૃષ્ટિએ એમાં ઘણી સામગ્રી રહેલી છે.

ભાષાની જેમ લોકગીતો, લોકનૃત્યો, ઉત્સવો વગેરેના પ્રકારની સામગ્રી પણ આદિવાસીઓમાં ઠીક ઠીક પ્રમાણમાં સચવાઇ રહી છે. એમાં એમના જીવનનું તાદૃશ પ્રતિબિંબ પડેલું હોય છે. એમની ભાવનાઓ અને એમના આદર્શો એમાં સચોટ રીતે વ્યક્ત થયેલાં હોય છે. ચિત્ર, શિલ્પ અને સ્થાપત્યની તેઓની મૌલિક પ્રણાલિકા હોય છે. વનૌષધિની અને ઇતર વિદ્યાઓની તેમની પાસે ઘણી વિશિષ્ટ માહિતી હોય છે. અનેક સદીઓથી ચાલી આવતી વિવિધ પરંપરાઓ તેમની પાસે અકબંધ સચવાયેલી હોય છે. દુનિયાભરના આદિવાસીઓ પાસે આ રીતે અમૂલ્ય સાંસ્કૃતિક ખજાનો રહેલો છે. આદિવાસીઓની સુખાકૃતિ અને શરીરનો બાંધો નૃવંશશાસ્ત્ર (Anthropology)ની દૃષ્ટિએ પણ મહત્ત્વનો છે. જેમ જેમ આદિવાસીઓમાં આધુનિકીકરણ થતું જાય છે તેમ તેમ આ સાંસ્કૃતિક વારસો ધીમે ધીમે નષ્ટ થતો જાય છે.

દુનિયાની કેટલીક આદિવાસી પ્રજાઓ તો નાગરી સંસ્કૃતિના આક્રમણને કારણે લુપ્ત થઇ ગઇ છે ઓસ્ટ્રેલિયામાં અનેક આદિવાસી જાતિઓ હતી, પરંતુ કેટલીય જાતિઓ નગરજનોના હિંસક આક્રમણોથી નષ્ટ થઇ ગઇ. બચેલી કોઇ કોઇ જાતિઓમાં તો પંદરપચીસ કુટુંબો સિવાય વધુ વસતિ હવે રહી નથી. આ આદિવાસી જાતિઓને સાચવી રાખવા માટે ઓસ્ટ્રેલિયન સરકાર વધુ ચિંતિત રહે છે. આદિવાસીઓ શહેરોમાં આવીને વસવાટ કરી પોતાની જાતને પલટી ન નાખે એટલા માટે ઓસ્ટ્રેલિયન સરકાર શહેરી સંસ્કૃતિની બધી જ સગવડો તેમનાં ગામડાં સુધી પહોંચાડે છે. હેલિકોપ્ટર દ્વારા તબીબી સેવા પણ તેમને અપાય છે.

ન્યુઝીલેન્ડના માઓરી આદિવાસીઓ દુનિયાના આદિવાસીઓમાં સૌથી વધુ સુધરેલા છે. તેઓમાં કેળવણીનો પ્રચાર બહુ વ્યાપક છે. તેઓ સારાં ઘરોમાં રહે છે, સારું કમાય છે, મોટરગાડીમાં ફરે છે; રાજકારણમાં તેઓ ભાગ લે છે. અને આદિવાસી પ્રધાનો પ્રધાનમંડળમાં પણ હોય છે. આમ છતાં માઓરી લોકો પોતાના મૂળ સંસ્કાર સાચવી રાખવાની બાબતમાં ઘણા જ સભાન અને ચીવટવાળા છે.

આદિવાસીઓને તદ્દન આદિવાસી તરીકે જ રાખવા એ એમના હિતની વાત નથી. વળી એમનું શોષણ થયા કરે તે પણ સામાજિક દૃષ્ટિએ ન્યાયયુક્ત નથી. શિક્ષણ અને અન્ય નાગરિક સગવડો તેમના સુધી પહોંચાડવાનું કર્તવ્ય સરકારનું અને ભદ્ર સમાજનું છે. તેઓ આપણા જ બાંધવ છે એવી ભાવનાને જરા પણ ગૌણ કરી શકાય નહિ. જ્યાં શક્ય હોય ત્યાં ભદ્ર સમાજમાં તેમને ભેળવવાનું હિતાવહ અને ઉપયોગી બનશે. ક્યાંક આવશ્યક કે અનિવાર્ય પણ રહેશે. આમ છતાં નકલી અનુકરણ કરવા તરફ તેઓને દોરી જવાથી તેમના કૌટુમ્બિક જીવનમાં અનેક સમસ્યાઓ ઊભી થશે. તેમનાં જીવનનો મધુમધાટ હણાઇ જશે. અલબત્ત હજુ કેટલાંય એવો સમય પસાર થશે કે જ્યારે કેટલીય આદિવાસી જાતિઓમાં કેટલાય લોકો અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ જેવા રહ્યા કરશે. તો પણ તેઓની વૈયક્તિકતા સાચવી રાખવાનું માનવજાતિના હિતની દૃષ્ટિએ અને અભ્યાની દૃષ્ટિએ મહત્ત્વનું લેખાશે.

—રમણલાલ ચી. શાહ

સ્વ. શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક

'પ્રબુદ્ધ જીવન'માં ૧૯૮૬ના વર્ષ દરમિયાન જે લેખકના લેખોનું સમગ્રપણે શ્રેષ્ઠ પ્રદાન હોય તેને રૂ. ૧૦૦૦/-નું સ્વ. શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક જાહેર કરવામાં આવ્યું હતું. તે અનુસાર આ પારિતોષિક પં. પનાલાલ જગજીવન ગાંધીને એમના લેખો માટે આપવામાં આવ્યું છે. આ માટે અમે લેખકને ધન્યવાદ આપીએ છીએ અને નિર્ણાયક સમિતિના સભ્યો (૧) ડૉ. રમણલાલ ચી. શાહ (૨) ડૉ. દિનેશ ભટ્ટ (૩) શ્રી જયેન્દ્ર એમ. માહ અને (૪) શ્રી પન્નાલાલ ૨. ૨. શાહનો અમે આભાર માનીએ છીએ.

—મંત્રીઓ

સ્વરૂપની ઓળખ

ડૉ. કુમારપાળ દેસાઈ

(ગતાંકથી પૂર્ણ)

ગૌતમ ગણધરે કહ્યું : 'પહેલાં હું મારા એક શત્રુને જીતું છું, પછી સહેલાઈથી ચારને જીતી લઉં છું, ચાર તાબે થઈ જાય એટલે દશ પર હલ્લો કરું છું ને વિજય મેળવું છું. પછી તો હજારોને ક્ષણભરમાં હરાવી દઉ છું.'

કુમાર શ્રમણે પૂછ્યું : 'એ શત્રુઓ કયા કયા?'

ગૌતમ બોલ્યા : 'પહેલાં તો સહુથી મોટો મારો અહંકારી આત્મા. એને જીતુ એટલે ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય શત્રુ તરત જ જિતાય છે. એ ચારને જીતી લઉં એટલે કાન, આંખ, નાક, જીભ અને સ્પર્શ એ પાંચ ઇંદ્રિયના પાંચ સારા અને પાંચ ખોટા વિષયો જીતી શકાય છે. આ દશ શત્રુઓને જીત્યા એટલે પછી હજારની પરવા રહેતી નથી; હું પછી શાંતિથી ભ્રમણ કરી શકું છું.'

પણ માનવી શાંતિથી ભ્રમણ કરે છે ખરો? કોઈ પોતાની મહત્વાકાંક્ષા સિદ્ધ કરવા માટે દોડતો હોય છે. કોઈ પ્રતિસ્પર્ધીને પકડવાની કોશિશ કરતો હોય છે. કોઈ ઇચ્છાઓના તૃપ્તિ માટે ઉજાગરો વેઠતો હોય છે. આ બધા જ દોડતા હોય છે, પણ ખરેખર તો તેઓ સ્વયંથી દોડવા માટે બચતા હોય છે. માનવીએ પોતાના જેટલી આત્મવંચના બીજા કોઇએ કરી નથી. જે સ્વયંથી ભાગે છે એને પૂર્ણતા મળે છે. સ્વયંથી ભાગવા માટે માનવી જાત જાતની તરકીબો રચે છે. એને મૃત્યુની બીક લાગે છે. એને આજીવિકા ગુમાવવાનો ભય સતાવે છે. એને ભાવિની અનિશ્ચિતતાઓ ડરાવે છે. આમ એક યા બીજી રીતે માણસ ભયભીત છે, પણ ભય તરફ પીઠ રાખીને ઊભેલો માનવી ભયને ભૂલવા માટે જાતજાતના પ્રપંચો રચે છે. મૃત્યુનો એને ડર છે તેથી એણે એની આજુબાજુ કેટલાય રિવાજો અને માન્યતાઓની જાળ ગૂંથી દીધી. આજીવિકા ગુમાવવાનો ડર હોવાથી કેટલીય ખુશામતોના કિલ્લા રચી દીધા. ભાવિની અનિશ્ચિતતા ગભરાવતી હોવાથી એણે ભૂતકાળ પર જીવવાનું મુનાસીબ માન્યું. ભવિષ્યનો ભય અને ભૂતકાળની ચાહના રાખનારો માનવી વર્તમાનની વાસ્તવિકતાને ઓળખી શકતો નથી. આને પરિણામે એના જીવનમાં કે નિર્ણયોમાં કોઈ સંવાદિતા જોવા મળતી નથી. વાસ્તવિકતાથી ભાગવાની એની આદત એને પલાયનવૃત્તિમાં રાચતો કરી દે છે. આ વૃત્તિ એ જ એની જીવાદોરી બની જાય છે. અને પરિણામે માણસ સ્વયંથી વધુ ને વધુ દૂર ચાલ્યો જાય છે. એ જીવનની બધી જ બારીઓ બંધ કરીને માત્ર એક એવી બારીમાંથી જુએ છે, જ્યાં બહાર શૂન્યતા વ્યાપેલી છે. એક હોસ્પિટલમાં હૃદયરોગની ગંભીર બીમારી ધરાવતા દર્દીઓની ભરતી કરવામાં આવતી હતી. ચોપાસ દીવાલો હતી. માત્ર પહેલા નંબરના પલંગ પાસે એક બારી હતી. આથી પહેલા પલંગમાં સૂતેલો દર્દી બારી ખોલીને બહાર જુએ અને જોરથી સહુને બહાર દેખાતી દુનિયા વિશે વાત કરે. વહેલી સવારે ઊઠે અને બારી ખોલીને બોલે, 'ઓહ! આકાશમાં ઉષાની લાલિમા કેવી પથરાઈ ગઈ છે! કેવાં મનમોહક રંગબેરંગી ફૂલો ખીલ્યાં છે! પક્ષીઓ કેવાં કલરવ કરતાં-કરતાં આકાશમાં ઊડી રહ્યાં છે!'

આખાય વોર્ડમાં આ એક દર્દીના પલંગ પાસે જ બારી હતી. બીજા બધાને તો દીવાલ સિવાય કશું જ જોવા ન મળે. વળી બધાને હૃદયની બીમારી હતી એટલે ઊઠવાની સખત મનાઈ ફરમાવેલી હતી. સૂતાં સૂતાં બારીમાંથી બહાર જોઈ શકાય એવી સગવડ પહેલા પલંગવાળા દર્દીને જ હતી. બધા દર્દીઓ પ્રભુને પ્રાર્થના કરતાં કે પહેલા પલંગવાળા દર્દીને બહુ રીબાવીશ નહિ, એને વહેલાસર બોલાવી લે જે બન્યું પણ એવું કે પહેલા પલંગવાળા દર્દીને હાર્ટએટેક આવ્યો એટલે બીજા બધા દર્દીઓ પ્રાર્થના કરવા લાગ્યા કે ભગવાન એને હસતું મોત આપજે, બહુ પીડા થાય, એવું કરતો નહિ. મનમાં તો એમ હતું કે એ દર્દી મૃત્યુ પામે તો એનો પલંગ એમને મળે, પછી ત્યાંથી સૂરજ દેખાય, ફૂલ ખીલતાં દેખાય, પક્ષી ગાતાં દેખાય. સમી સાંજનું સૌંદર્ય જોવા મળે, ચમકતી ચાંદની દેખાય, પણ બન્યું એવું કે પહેલા પલંગવાળો દર્દી બચી ગયો અને ફરી બીજે દિવસે સવારે ઊઠીને એ બાકી બહારની દુનિયાનું બયાન કરવા લાગ્યો.

પણ થોડા દિવસ પછી પહેલા પલંગવાળા દર્દીને બીજો હાર્ટએટેક આવ્યો અને તેનું મૃત્યુ થયું. હવે પહેલો પલંગ મેળવવા માટે દર્દીઓમાં સ્પર્ધા થવા લાગી. દરેક પોતપોતાની રીતે પોતાનો દાવો કરવા લાગ્યા. કોઇ કહે, 'મારી હાલત ઘણી ગંભીર છે. થોડા દિવસનો મહેમાન છું તો મને એ બારીવાળો પલંગ મળવો જોઇએ.' કોઇ કહે કે 'હું આ વોર્ડનો સૌથી જૂનો દર્દી છું. ભીતો જોઇને મને ભારે કંટાળો ચડ્યો છે. મને પહેલો પલંગ મળવો જોઇએ.' કોઇએ ડૉક્ટરને ફોકલૂફી કરી. કોઇએ નર્સને વિનંતી કરી. કોઇ સિફારસની ચિઠ્ઠી લાવ્યું, તો કોઇએ લાંચ આપવાનો પણ પ્રયત્ન કર્યો. આખરે એક દર્દી સફળ થયો. એને પહેલા નંબરનો પલંગ મળ્યો. એના આનંદનો પાર રહ્યો. નહીં એના ગર્વની કોઇ સીમા નહોતી. એને થયું કે હવે પોતે બારી બહારની દુનિયા જોશે.. અંદરના દર્દીઓને કહેશે અને બધા કેવા રતબ્ધ બનીને આદર અને ઉત્સુકતાભેર એની વાતો સાંભળશે! કેવા માનના ભાવથી જોશે!

એ પહેલાં પલંગ પાસેની બારી ખોલે છે. પણ આ શું! બારી ખોલીને જુએ છે તો સામે બાજુના મકાનની ઊંચી દીવાલ હતી. એ દીવાલને લીધે બીજું કશું દેખાતું. નહોતું. કોઇ સૂરજ ઊગતો દેખાતો નહોતો. ફૂલ ખીલતા નજરે પડતા નહોતાં ચંદ્રની ચાંદની જોવાની તો વાત જ કયાં કરવી? પળવાર તો આ આ દર્દી દિંગ થઇ જાય છે, પણ મનમાં વિચારે છે કે જો એ એમ કહે કે સામે કશું દેખાતું નથી માત્ર દીવાલ જ છે, તો બધા દર્દીઓ કહેશે કે કેવો મૂર્ખ બની ગયો! આથી એણે અગાઉના દર્દીની માફક બારીમાં જોઇને કહેવાનું શરૂ કર્યું, 'ઓહ! આ ઉષા કેવી મનભર લાગે છે! પુષ્પોનું હાસ્ય કેવું મનમોહક લાગે છે!'

અને ફરી વોર્ડના બધા દર્દીઓ રાહ જોવા લાગ્યા કે કયારે આ દર્દી મૃત્યુ પામે અને કયારે પોતાને બારીવાળો પલંગ મળે?

અહમની દીવાલ એવી છે કે જે માણસને કશું જોવા દેતી નથી. અહમને જાળવવા માટે એને અનેક વૃથા પ્રયત્નો કરવા પડે છે અને એ પ્રયત્નમાં સ્વયંને ભૂલતો જાય છે. ધીરે ધીરે છત પર ઊંધા લટકતા ચામાચીડિયાની માફક માનવા લાગે છે, આ આખી છત એને આધારે ઊંચી રહેલી છે, 'કર્તા'નો

મોજ દૂર થાય પછી જ સ્વયંનો ખ્યાલ આવે સ્વયંને પામવા માટે ભૂતપૂર્વનું ભૂત છોડવું પડે. માણસ ભૂતકાળના બોજથી એટલો બધો દબાઈ જાય છે કે એને વર્તમાનની કશી જાણ થતી નથી. જ્યારે સ્વયંની શોધ માટે તો પોતાને શુદ્ધ સ્વરૂપની ઓળખાણ મેળવવી પડશે.

આ શુદ્ધ સ્વરૂપને પામવા માટે જીવનનો સમગ્રતયા વિચાર કરવાનો રહેશે. માણસનું જીવન ટુકડે ટુકડા થઈ ગયું છે, એ દરેક સ્થળે જુદા જુદા સ્વાંગમાં જુદું જુદું મહોરું પહેરીને હાજર થાય છે. એ દેરાસરમાં જેવો છે તેવો વેપારમાં નથી. એ ઘરના લોકો સાથે જેવું વર્તન કરે છે તેવું ગુમાસ્તા સાથે કરતો નથી. જીવનનું આ બહુરૂપીપણું એને સમગ્ર જીવનના વિચારથી ઘણું દૂર લઈ જાય છે. આપણે વણમાગી સલાહ આપીએ છીએ. બીજાને ધન્યવાદ આપવાની સાથે અંતરમાં દ્વેષ કરીએ છીએ. હૃદયને જુદા રાખીને જ હાથ મીલાવીએ છીએ અને પરિણામે માણસ જુદા જુદા ખંડમાં જીવે છે. એને અખંડ જીવનનો કોઈ ખ્યાલ નથી.

સ્વયં-જાગૃતિ થવાની સાથે અનુભવ, અનુભૂતિ અને અનુકંપાની ક્ષિતિજો વિસ્તરે છે, દેહની આસપાસ ઘૂમતા માણસને બીજાના દુઃખોનો ખ્યાલ આપે છે. દેહની આસક્તિ જાય પછી જ દેહનો અર્થ સમજાય. ભગવાન મહાવીરે 'ચાતુરંગીય સૂત્ર'માં કહ્યું છે.

પિગિંચ એમ્મુણા હેડં જસ સચિણુ ખંતિ
સરીરં પાઠવં હિચ્ચા, ઉઇઠં પક્કમઈ દિસં ॥

આનો અર્થ એ કે છે કે 'પાપ કર્મ'ના હેતુ સમાન આસક્તિને જે છેદી નાખે અને જે ક્ષમા સરળતા જેવા ગુણોને મેળવીને અતિશય યશ પ્રાપ્ત કરે તે મનુષ્ય આ પાર્થિવ શરીરને છોડીને ઊંચી દિશા તરફ પ્રયાણ કરે છે, જડમાંથી આત્મા કેદી બને છે. સ્વયં જાગૃતિથી આત્મા મુક્ત બને છે. માનવી આખો દિવસ પોતાના દેહના સુખની ફિકરમાં રચ્યો પચ્યો રહે છે, સવારથી સાંજ સુધી સ્વાર્થની પાછળ ઘૂમતો રહે છે, પરંતુ ભોગ અને સ્વાદનો આનંદ તો પ્રાણીઓ પણ મેળવે છે. માનવીએ તો ત્યાગનો આનંદ મેળવવાનો છે, માણસ મારું સુખ, મારી ઇચ્છા, મારી આકાંક્ષા એમ કહી કહીને પોતાનું કુંડાળું નાનું કરતો હોય છે, પણ જ્યારે એ બીજાની ભેવના કરવા લાગે ત્યારે એના જીવનમાં અનેરો આનંદ પ્રગટતો હોય છે.

હિટલરે યહૂદીઓનું નિકંદન કાઢી નાખવા નિર્ધાર કર્યો. સેંકડો યહૂદીઓને કારાવાસમાં પૂરી દીધા. આ કેદીઓ ક્રૂર મોતને સામે જોતા હતા. જીવવાની કશી આશા નહોતી. મરવાની રાહ જોતા મૂતપ્રાય બનીને જીવતા હતા. કેટલાક પાગલ થઈ ગયા, કેટલાકે આત્મહત્યા કરી. કેટલાક બીમાર પડી ગયા આ કેદીઓમાં એક ડોકટર હતો. અને એને બીમાર કેદીઓની સારવારનું કામ સોંપવામાં આવ્યું. એ જે કામ બહાર કરતો હતો એ કામ એને કારાવાસમાં કરવાનું આવ્યું, પરંતુ બહાર દર્દીને ગ્રાહકના રૂપમાં જોતો હતો. જ્યારે અહીં તો કોઈ ગ્રાહક ન હોતું. બહાર દર્દીની નાડીની સાથે નાણાંનો પણ વિચાર કરતો હતો. કયારેક તો એક હાથ નાડી પર રહેતો. અને બીજો હાથ દર્દીના ખિસ્સા પર. અને એમાં ય વળી કોઈ ધનિક દર્દી આવે તો તો ખાસ. પણ જેલમાં તો પરિસ્થિતિ જુદી હતી. અહીં દર્દીઓનીચાહના સિવાય બીજું કોઈ વળતર મળે તેમ નહોતું. એ રાત-દિવસ બિમારોની સારવારમાં લાગી ગયો એના ઘણા સાથીઓ મરી ગયા કે પાગલ થઈ ગયા, પણ આ ડોકટર જ્યારે જેલની બહાર આવ્યો ત્યારે તે સંપૂર્ણ સ્વસ્થ હતો આનું કારણ એ કે એના જીવનમાં એક નવો અર્થ ઉમેરાયો હતો. અને કોઈ જુદા જ પ્રકારના આનંદનો અનુભવ હતો હતો. એને અખર પડી કે દર્દી પાસેથી સહુથી મોટું વળતર કોઈ મોટી રકમ હોતી નથી, પરંતુ એની આંખમાં છલકાતો ભાવ હોય છે. આ ડોકટરે એનાં સ્મરણોમાં લખ્યું કે આ ઘટનાએ એના જીવનની દિશા બદલી નાખી. એના જીવનને એક નવો હેતુ આપ્યો. નિઃસ્વાર્થ પ્રેમની વિલક્ષણ અનુભૂતિ થઈ.

* * *

દુષ્કાળ રાહત નિધિમાં આવેલી રકમની યાદી

૪૧૮૫૭ અગાઉ આવેલી રકમનો સરવાળો
૨૫૦૧ શ્રી મણિલાલ તલકચંદ શેઠ
૨૫૦૦ ,, માણેકલાલ એચ. શાહ
૨૫૦૦ ,, ચંદ્રકાંત ડી. શાહના કુટુંબી તરફથી
૧૦૦૧ ,, ખુશાલદાસ સોજપાળ ગડા
૧૦૦૧ ,, તારાબેન ચંદુલાલ ઝવેરી ચેરીટેબલ ટ્રસ્ટ
૧૦૦૧ ,, પ્રવીણચંદ્ર હેમચંદ કાપડિયા
૧૦૦૦ ,, એ. જે. શાહ
૧૦૦૦ ,, જીવણલાલ લલ્લુભાઈ એન્ડ કું.
૧૦૦૦ ,, ઉત્તમચંદ હરગોવનદાસ શાહ
૧૦૦૦ ,, વિજયાબેન ઉત્તમચંદ શાહ
૧૦૦૦ ,, બી. બી. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ
૫૦૧ ,, નિરંજન આર. ઢીલા
૫૦૧ ,, મૂળચંદ પી. શાહ
૫૦૧ ,, ધનસુખલાલ વીરજી સંઘવી
૫૦૦ ,, સુલિબેન હીરાણી
૫૦૦ ,, સ્મિતાબેન કામદાર
૫૦૦ ,, સાકરલાલ બી. શાહ
૫૦૦ ,, મણિલાલ નરસિંહદાસ ચેરીટેબલ ટ્રસ્ટ
૫૦૦ ,, જી. કે. વોરા
૫૦૦ ડો. એચ. યુ. શાહ
૫૦૦ શ્રી સવિતાબેન એચ શાહ
૫૦૦ ,, વીરમતીબેન ખેતશી શાહ
૫૦૧ ,, દેવકુંવરબેન જેસંગભાઈ
૫૦૧ ,, હેમલ જયંતિલાલ રાંભીઆ
૫૦૧ ,, કૌશિક જયંતિલાલ રાંભીઆ.
૫૦૧ ,, દીપેશ જયંતિલાલ રાંભીઆ
૫૦૧ ,, ભૂપેન્દ્ર જયંતિલાલ રાંભીઆ
૫૦૦ ,, કોકિલાબેન રમેશભાઈ શેઠ
૫૦૦ ,, એક ભાઈ તરફથી
૫૦૦ ,, વાડીલાલ જે. શાહ
૫૦૧ મે. પારકોન પ્રોપર્સ
૫૦૧ ,, આઈડલ વાયર્ન કેબલ્સ
૫૦૦ ,, જનાર્દન એન. ભટ્ટ
૨૫૧ ,, સરલાબેન એસ. દોશી
૨૫૧ ,, રજનીકાંત એન્ડ કું.
૨૫૦ મે. સવાણી ટ્રાન્સપોર્ટ પ્રા. લિ.
૨૫૧ શ્રી શાંતિલાલ દેવજી નંદુ
૨૦૧ ,, શાંતિલાલ મોતીચંદ સંઘવી
૨૫૦ ,, ઉષાબેન મહેતા

'ધર્મ અને ધર્મગુરુઓ'

● સંકલના: 'કલાધર'

સંઘ સંચાલિત 'જ્ઞાનગોષ્ઠિ'ના ઉપક્રમે પૂજ્ય સ્વામી સચ્ચિદાનંદજીનું 'ધર્મ અને ધર્મગુરુઓ' પર એક પ્રવચન સોમવાર, તા. ૧૨-૧-'૮૭ના સાંજના ૬-૦૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ સંઘના સહમંત્રી શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહની પ્રાર્થનાથી થયો હતો. પૂ. સ્વામીજીનો પરિચય કાર્યક્રમના સંયોજક શ્રી સુબોધભાઈ એમ. શાહે આપ્યો હતો.

પૂજ્ય સ્વામી સચ્ચિદાનંદજીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે ભક્તના લક્ષણમાં સૌથી પહેલો શબ્દ અપેક્ષાથી પર છે. કોઈની પાસે કોઈ પણ જાતની અપેક્ષા નહીં રાખવી એજ સાચા સાધકની, ખરા ભક્તની ચુકવાવી છે. ધર્મનું પહેલું રૂપ તાત્ત્વિક રૂપ છે. કુળની આજ્ઞા રાખ્યા વિના કર્તવ્ય કર્યે જવાની તેમાં શીખ છે.

ધર્મનાં ત્રણ સ્વરૂપ શાસ્ત્રમાં દર્શાવ્યાં છે. (૧) સ્વત: સિદ્ધ ધર્મ એટલે કે સ્વયં સિદ્ધ ધર્મ યા સ્વયંભુ ધર્મ (૨) વ્યાખ્યાત ધર્મ અને (૩) વિકૃત ધર્મ.

આમાં સ્વત: સિદ્ધ ધર્મ એટલે કોઈનો ઉત્પન્ન કરેલો ધર્મ નહિ. એટલે જ આપણે આપણા ધર્મને સનાતન ધર્મ માનીએ છીએ એની દાર્શનિકતા એ છે કે આ સ્વયંભુ તત્ત્વ છે, સ્વયંભુ ધર્મ છે તો પ્રશ્ન એ થાય કે આ ધર્મ માત્ર માણસ માટે જ છે? બીજાં પશુઓ, પ્રાણીઓ કે જંતુઓ માટે તે નથી? જવાબ એ જ આવી શકે કે ધર્મ તો નાનામાં નાના જીવ માટે પણ છે. એક નાની એવી કીડી પણ ધર્મથી જીવે છે.

વ્યાખ્યાત ધર્મ એટલે જેની વ્યાખ્યા થઈ શકે. ધર્મ, સાહિત્ય, કલા આ બધું વ્યાખ્યાત હોય છે. વ્યાખ્યા કદી નિરપેક્ષ હોતી નથી. પ્રશ્નની સામે એક સંદર્ભ હોય છે. સંદર્ભમાં રહીને વ્યાખ્યા કરવામાં આવે તો અનર્થ થવાનો સંભવ નથી.

વિકૃત ધર્મ એટલે ધર્મ ધર્મની જગ્યાએ આજીવિકા બની જાય. મુખ મેં ગમ એવા અગલબમેં છરી જેવો ઘાટ થાય. ધર્મની ભાવના તદ્દન વિસરી જવાય એટલું જ નહિ ધર્મના નામે તમામ પ્રકારના દંભ ચોપાય એનું નામ વિકૃત ધર્મ. આવો ધર્મ મનુષ્યને દુર્ગતિ તરફ લઈ જનારો નીવડે છે.

મનુષ્ય જીવનમાં ધર્મ એ જરૂરી વસ્તુ છે. પરંતુ ધર્મને ખોટી દિશામાં ઝંઝરી ઘાચીની ઘાણી ફરે એવી પરિસ્થિતિ સર્જવામાં આવે ત્યારે ધર્મમાં ક્રાંતિની આવશ્યકતા ઊભી થાય છે. આવા સદ્‌ગુરુ કદાપિ આવા ચીલે ચાલતા ધર્મ તરફ શિષ્યોને દોરતા નથી.

પંચતંત્રમાં ચુલેશ્વર નામના સાધુ થઈ ગયા. તેમણે એક સરસ વાત કહેલી કે જ્યાં કાજી ન રહેતો હોય, જ્યાં મુલ્લાઓ વસતા ન હોય ત્યાં હે ભક્તજન તું રહેજે. એટલે કે આવા રૂઢિવાદી કાજી અને મુલ્લાઓથી સો ગાઉ દૂર રહેજે. તો જ તું સુખી થઈશ. યુગ બદલાય છે ત્યારે તેમાં અવશ્ય પરિવર્તન આવે છે. સમયના પ્રવાહમાં ભળી જવું એજ મનુષ્ય જીવનનું કર્તવ્ય છે.

આજે સૌથી મોટી વાત નિર્ભયતાની છે. જો નિર્ભયતા ન હોય તો જીવન શા કામનું? નિર્ભયતાને બદલે જ ભગવાન મહાવીર મહાવીર કહેવાયા. આજે સાચું બોલનારા વર્ગને બદલે સારું બોલનારો વર્ગ વધતો જાય છે, પરંતુ ધર્મ તો સત્ય તરફ જ અવલંબિત છે.

'તમારા દેશમાં, તમારા ગામમાં જન્મેલાને તમે ઓળખતા નથી અને તેઓ જ્યારે દરિયાપારના દેશોમાં જઈને પોતાની અપ્રતિમ બુદ્ધિમતાથી નોબેલ પારિતોષિક મેળવે ત્યારે ડો. હરગોવિંદ ખુરાના જેવી વ્યક્તિને તમે ઓળખવા માંડો છો અને તેને દેશમાં પાછા લઈ આવવાની ઝુમશાણ મચાવો છો. દેશમાં હતાં ત્યાં સુધી તો તેમને હડધૂત કરતાં રહ્યા, બજારમાં એક ઊતરતું ફૂલ સારી કિંમતે વેચાઈ જાય છે, પરંતુ જંગલમાં મહેકતા સુંદર મઝાના ફૂલની તમારે મન કશી જ કિંમત નથી.

આજે હિન્દુઓને હિન્દુ તરીકે જીવિત રાખ્યા હોય તો ભારતીય સંતોએ-સાધુઓએ. ભાવનગર પાસેના સમઢિયાળા ગામમાં થયેલા ગંગાસતી અને તેની યુવાન વિધવા વહુ પાનબાઈનું દૃષ્ટાંત વર્તમાન સમયે સામે આવે છે. ગંગાસતીએ કોઈ સ્કૂલ-કોલેજમાં શિક્ષણ લીધું ન હતું. તેમ છતાં તેમના હૈયામાંથી સ્ફુરેલી ભજનવાણી આજે વેદગ્રન્થોની ગરજ સારે છે. યુગે યુગે આવા સાધુ-સંતો-સતીઓએ આપેલાં ભજનો અને ભક્તિ કાવ્યોના વારસાએ ભારતીય સંસ્કૃતિને એક નવું પરિમાણ આપ્યું છે એટલું જ નહિ લોકોને ઈશ્વર, નીતિ, સદાચારમાં પ્રેરિત કર્યા છે.

સંઘના પ્રમુખ ડો. રમણભાઈ ચી શાહે પૂ. સ્વામીજીને અત્રે પધારી આવું સુંદર પ્રવચન આપવા બદલ આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે સનાતન સત્યો ત્રિકાલાબાધિત હોય છે. અને માણસે જીવનમાં સત્યનું આચરણ કરવું જોઈએ એ પૂ. સ્વામીજીની વાત સૌએ મન પર લેવી જોઈએ. સ્વત: સિદ્ધ ધર્મ અને વ્યાખ્યાત ધર્મની વાત સરળ શૈલીમાં સમજાવવા બદલ તેમણે પૂ. સ્વામીજીનો ફરીથી આભાર માન્યો હતો. ★

દુષ્કાળ રાહત નિધિ

(પૃષ્ઠ ૧૫૨ થી ચાલુ)

૨૫૦ ,, રમાબેન મહેતા
૨૫૦ ,, એ. સી. નીરપમ
૨૦૧ ,, પુષ્પાબેન પરીખ
૧૨૫ ,, પોપટલાલ પ્રેમજી દેઢીઆ
૧૦૧ ,, શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ
૧૦૧ ,, ભરતભાઈ સી. મહેતા
૧૦૧ ,, જયેન્દ્રભાઈ વ્યાસ
૧૦૦ ,, સુરેન્દ્ર કે. છેડા
૧૦૦ ડો. અમૂલ શાહ
૧૦૦ શ્રી રસિકચંદ ધીરજલાલ તુરખીઆ
૫૧ ,, એક જૈન તરફથી
૨૨ પરચૂરણની નીચેની રકમ

૮૧૩૨૭

'પ્રેમળા જ્યોતિમાં' આવેલી ભેટની રકમની યાદી

૫૦૦૦ શ્રી ગુણવંતી વી. કાપડિયા શૈક્ષણિક પ્રવૃત્તિમાં
૫૦૦૦ ,, યશોધરાબેન જી. કાપડિયા મેડિકલ રીલીફમાં

૧૦૦૦૦

'સાહિત્યનું જીવન ઘડતરમાં પ્રદાન'

સંકલન : 'કલાધર'

સંઘ સંચાલિત સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રના ઉપક્રમે શુક્રવાર, શનિવાર, અનુક્રમે તા. ૧૬ અને ૧૭ મી જાન્યુઆરી, ૧૯૮૭ના રોજ સાંજના સમયે ઇન્ડિયન મરચન્ટ ચેમ્બર્સના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં જાણીતા સાહિત્યકાર ડો. સુમન શાહના 'સાહિત્યનું જીવન ઘડતરમાં પ્રદાન, એ વિષય પરનાં પ્રવચનો યોજવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમના પ્રારંભે સંયોજક પ્રા. તારાબહેન ર. શાહે ડો. સુમન શાહનો પરિચય આપ્યો હતો. સંઘના અને આ કાર્યક્રમના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે ડો. સુમન શાહને સુખડનો હાર પહેરાવી તેમનું સ્વાગત કર્યું હતું.

ડો. સુમન શાહે પોતાની લાક્ષણિક શૈલીમાં પ્રવચન આપતાં જણાવ્યું હતું કે સાચું સાહિત્ય જીવનને ઘડવા માટે નથી લખાતું. જીવન સાહિત્યથી ઘડાય છે એ સાહિત્યનું એક પરિણામ છે. સાહિત્યની કલા જીવનને ઘડે છે. અવશ્ય ઘડે છે. કલામાત્ર ક્રાંતિશીલ છે અને તે ક્રાંતિ પરિવર્તનને હંમેશા પ્રેરે છે. સાહિત્ય એ સમાજ કે રાષ્ટ્રનું ઘડતર નહિ પણ વ્યક્તિનું ઘડતર કરે છે. કોઇ વ્યક્તિ સાહિત્ય વાંચે તેનું ઘડતર થવાનું જ.

વ્યક્તિ જો સહૃદયી હશે તો તેનું અવશ્ય ઘડતર થવાનું છે. સાહિત્યની સાથે સહૃદયત્વની વાત અત્યંત મહત્ત્વની છે સહૃદયત્વ ન હોય તો વ્યક્તિનું ઘડતર થવાની શક્યતા જ નથી.

આપણે કોઇ પણ પ્રકારની મુશ્કેલી વિના લેખકને આસ્વાદી શકીએ એ જ આપણી સહૃદયતા સમજવી. સાહિત્ય કૃતિ કેવો પ્રભાવ લક્ષને આવે છે તેની આપણને ખબર નથી પડતી. સાહિત્યનો પ્રભાવ ઘણો બધો અદૃશ્ય અને ધીમો હોય છે.

સાહિત્યની વાત સાથે અહીં સહૃદયતાનો ભૂતકાળમાં અર્થ આપણે સમજી લઇએ. સહૃદયતા એટલે જેમાં આપણું શરીર, મન, ચેતના બધું જ ખુલ્લું છે. જે કલાના આવિષ્કારને ઝીલવામાં સદાય તત્પર છે તે.

કોઇ પણ લેખક એવો સંકલ્પ કરે કે જીવનને ઘડે તેવું લખીશ તો ઉત્તમ સાહિત્ય કદી સર્જી શકાતું નથી. એ સાહિત્ય જ નથી બની શકતું અને એવો સંકલ્પ કરવો એ કલાની વિરોધી વાત છે.

ભારતીય કાવ્ય મીમાંસામાં લખ્યું છે કે ૬૦ પ્રકારના પ્રયોજનો કાવ્ય રચના માટે હોય છે. તેમાં ૭ પ્રકાર વધુ મહત્વના છે. (૧) યશ માટે (૨) ધન માટે (૩) કલ્યાણ માટે (૪) વ્યવહાર માટે (૫) વિશેષ જવાબદારી મળે તે માટે (૬) આનંદ માટે. આમાં શ્રેષ્ઠ પ્રયોજન આનંદ છે. સાહિત્યની રચનામાં આનંદ એ મહત્ત્વની વાત છે.

સાહિત્ય જીવનને ઘડે છે પણ કયારે કે જ્યારે આપણામાં સહૃદયત્વ હોય. સાહિત્યરસિકોએ જીવનને ઉન્નત બનાવવા માટે વિશ્વની ઉત્તમ કૃતિઓનું સતત સેવન-વાચન-મનન, કરવું જોઇએ અને તેનું સરસ પરિણામ પણ આવશે જ. સાચું સાહિત્ય, સાચી કલાકૃતિ આપણા જીવનને બદલાવવા માંગે છે અને આપણે જો મનથી નિર્ધાર કરીએ તો એ ઉત્તમ સાહિત્યથી આપણા જીવન પ્રવાહને વધુ ઉન્નત અને પ્રસન્ન બનાવી શકીએ.

સાહિત્યનો પ્રભાવ ધારીએ તેવો ઝડપી નથી. કૃતિ વાંચીને ત્વરિત પરિવર્તન થવા લાગે તેમ પણ નથી. આપણે જેટલા સહૃદયતાની નજીક તેટલો વધારે રસાનુભવ આપણે કરી શકીએ, અનુભવી શકીએ.

ભારતીય પરંપરામાં રસ, સૌંદર્ય એ મહત્વની વાત છે સાહિત્ય સર્જનની અગત્યની કેડી છે. અને એથી જ સાહિત્ય એક સંયોગ-સંયોજન છે જે દ્વારા માનવી કશુંક મેળવી શકે છે.

આપણા સાહિત્યમાં, સમાજમાં સત્યમ્, શીવમ્ અને સુંદરમનો આદર્શ ચાલ્યો આવે છે. જો સત્ય હોય તો તે સુંદર સત્ય સદૈવ શીવમ્ કરનારું હોય જ. આ બહુ સારી રીતે વિચારેલી માન્યતા છે.

વધુમાં તેમણે સાહિત્યના ફંકશન અને ફ્રેમ વિશે વાત કરતા જણાવ્યું કે સાહિત્ય જીવન સાથે આવિર્ભાવ જોડાયું છે, જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી સાહિત્ય સર્જન થવાનું જ.

આ કાર્યક્રમના અને સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે સમાપન કરતાં જણાવ્યું હતું કે સાહિત્યનું કામ રસાનુભવ, સૌદર્યાનુભવ કરાવાનું છે. જીવનને ઘડનારી કૃતિઓમાં લેખકનું સંવેદન-અનુભૂતિ એની પ્રતિજ્ઞા પણ અતિ મહત્ત્વનું કામ કરે છે. આનંદ આપવાનું સર્જક અને ભાવક ઉભય પક્ષે મહત્વનું છે. અનેક લોકોને સક્રિય કરવા એ સાહિત્યનું કામ નથી. એ કામ તો વર્તમાનપત્રો જ કરી શકે.

સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે આ વ્યાખ્યાનો પ્રત્યે પોતાનો આનંદ વ્યકત કરતા વ્યાખ્યાતાને અભિનંદન આપ્યા હતા. સંઘના મંત્રી શ્રી ક. પી. શાહે પોતાની અનોખી શૈલીથી વ્યાખ્યાતા ડો. સુમન શાહ અને શ્રોતાજનોનો આભાર માન્યો હતો.

આભાર સ્વીકાર

* ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલયનાં પ્રકાશનો

* પ્રસંગની પરમ લે. રોહિત શાહ		મૂલ્ય રૂ. ૧૦-૦૦
* પ્રસંગ અને પ્રેરણા	,,	,, રૂ. ૧૦-૦૦
* પ્રસંગ સૌરભ	,,	,, રૂ. ૧૦-૦૦
* પુનિત પંથના પ્રવાસી	,,	,, રૂ. ૧૦-૦૦
* આતમનાં અજવાળા	,,	કિંમત દર્શાવી નથી

સરનામું : રતન પોળ નાકા, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧

* રત્નાકર પ્રકાશનનાં પ્રકાશનો

* પછીતના પથ્થરો : લે. હસુ યાજ્ઞિક	મૂલ્ય રૂા. ૧૮-૦૦
* એક મિનિટ : લે. લાભશંકર ઠાકર	,, રૂા. ૧૮-૦૦
* અશ્વમેધ : લે. ચિનુ મોદી	,, રૂા. ૧૮-૦૦
* અકથ્ય : લે. સુભાષ શાહ	,, રૂા. ૧૧-૦૦

સંપર્ક : ૨૩૪૫, મહાલક્ષ્મીની પોળ રાયપુર, અમદાવાદ-૩૮૦૦૦૧.

પરિસંવાદ

'સંઘ'ના ઉપક્રમે શનિવાર, તા. ૧૪-૨-૧૯૮૭ના રોજ ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં 'રામાયણ અને મહાભારતનાં કેટલાંક ઇતર પાત્રો વિષે એક પરિસંવાદ યોજવામાં આવ્યો છે. વ્યાખ્યાતા તરીકે શ્રી મનુભાઇ પંચોળી-'દર્શક' અને આચાર્ય શ્રી યશવંત શુકલ પધારશે. આ પરિસંવાદનું પ્રમુખસ્થાન ડો. રમણલાલ ચી. શાહ લેશે. આ કાર્યક્રમના સંયોજક ડો. ધનવંત તિ. શાહ છે.

-મંત્રીઓ

ગુજરાતી કવિતામાં વનસ્પતિ

તનસુખ ભટ્ટ

ઉત્તર ધ્રુવમાં રહેનારા આર્યોને શેવાળનો તથા ઘાસનો પરિચય હશે જ; કારણ કે ત્યાંના રેઇનડિયર નામનાં સાંબરો તે ખાઈને જ જીવે છે. આગળ યુરોપમાં તથા એશિયામાં વધતાં તેમને ઘાસનાં વિશાળ મેદાનો દૃષ્ટિગોચર પણ થયાં હશે. ઈરાન અને અફઘાનિસ્તાનમાં તેમને ઝાડ પણ જોવા મળ્યાં હશે. ઉત્તર ધ્રુવની રેખા (આર્કટિક સર્કલ) આગળ પણ વસંત ઋતુમાં ઘાસ પર તો ફૂલનો પાર હોતો નથી. દક્ષિણ તરફના તેમના પ્રયાણમાં યથાકાળે ખેતી પણ આર્યભાષ હશે. ઘરાતમાં દ્રાક્ષ થાય છે તે ઉપરથી લાગે છે કે તેમને સોમવલ્લી પણ ત્યાં કર્મક મળી હોવી જોઈએ. સોમવલ્લીના માદક રસને સોમરસ કહે છે. આર્યો કંદીથી બચવા માટે તેનો ઠીક ઠીક ઉપયોગ કરતા હશે. પંજાબની ફળદ્રુપ ભૂમિ તેમને ખેતી માટે અતિ ઉપયોગી નીવડી હશે. શુક્લ યજુર્વેદની રુદ્રાધ્યાયમાં દેવતાઓ આગળ અને યજ્ઞદેવતા આગળ માગણી કરતાં ઋષિ વચનો ઉચ્ચારે છે.

'આ યજ્ઞ વડે મને વ્રીહિ (ચોખા, શાળ) જવ, અડદ, તલ, મગ, ખલ્વ (?) ણુવ (?) પ્રિયંગુ (ભાંખા મરચા) શ્યામાક (સામો) નીવાર (વગડાઉ ચોખા) ઘઉં અને મસૂર પ્રાપ્ત થાઓ.'

યમરાજ નચિકેતાને કાઠકોપનિષદમાં ઉપદેશ આપતાં કહે છે :-

'ઊંચા મૂળવાળો, નીચી શાખાઓવાળો, ચિરકાલથી પ્રવૃત્ત થયેલો, આ પીપળો છે, તે જ શુદ્ધ છે, તે જ બ્રહ્મ છે ને તે જ અવિનાશી કહેવાય છે.'

ઉપનિષદની કલ્પનાને વિકસાવીને ગીતા કહે છે :-

(પરમેશ્વરરૂપ) ઊંચા મૂળવાળા, (મહત્તત્ત્વાદિરૂપ) નીચી શાખાઓવાળા, અને છંદો (વેદો) જેનાં પાંદડાં છે એવા અશ્વત્થ (પીપળો અથવા વડવાઈઓવાળો પીપર જે વડનું અને પીપળાનું મિશ્રણ છે) ને વિદ્વાનો અવિનાશી કહે છે. તેને જે જાણે છે તે વેદ જાણનારો છે. (સત્ત્વાદિ) ગુણો વડે વધેલી તથા (શબ્દાદિ) વિષયોરૂપી કૂંપળોવાળી તેની શાખાઓ ઉપર તથા નીચે ફેલાયેલી છે- કર્મો સાથે સંબંધ રાખનારી તેની (અહંતા, મમતા તથા તૃષ્ણારૂપી) મૂળિયાં મનુષ્યલોકમાં નીચે ફેલાયેલાં છે. આ નીચેનાં મૂળિયાં એટલે વડવાઈઓ, માટે અશ્વત્થ એટલે આ શ્લોક પૂરતો પીપળો નહિ પણ વડવાઈઓવાળો પીપર.

ભાગવતપુરાણમાં ગરુડદ્રોણક્ષત્રી કથામાં પર્વતનું વર્ણન કરતાં ભાગવતકાર કહે છે :-

'એ પર્વતની ખીણમાં ઋતુમત નામનું એક ઉદ્યાન છે જે દેવાંગનાઓનું ક્રીડાસ્થળ છે. તે બગીચો ચોતરફ દેવતાઈ ફૂલઝાડો અને ફળઝાડોથી નિત્ય સુશોભિત રહે છે. માંકાર તથા પારિજાત નામનાં કલ્પવૃક્ષો પાટલા, આસોપાલવ, ચંપા, આંબા, રાયણ, કથંબ, અંબોડા, સોપારી, નાળિયેરી, ખજૂરી, બિલેરી, મહુડાં, સાગ, તાલ, તમાલ, અસનવૃક્ષ, પીળા સાજ, અરીઠા, ઉમરા, પીપર, વડ, ખાખરા ચંદન, લીમડા, પીળા કચનાર, ગુંજાળ, દેવતરુ દ્રાક્ષ, શેરડી, ફળ, જાંબુ, બોરડી, હરડાં, બહેડાં, આમળાં ખીલી, કોઠાં બિલ્વ તથા બીજાંમાં વજેરે વૃક્ષોથી તે ગીચ છે.'

તે ખીણમાંનું એક સરોવર વર્ણવતાં ભાગવતકાર કહે છે :-

'એ સરોવરનું જળ માછલાં અને કાચબાઓના સંચારથી હાલતાં કમળોની રજ વડે મિશ્રિત છે, અને કદંબ, નેતર, નલ-ઘાસ (નળી અતિ પાતળા વાંસ) આસોપાલવ અને વંજુલતાં વૃક્ષોથી તે સરોવર વીંટળાયેલું છે તેમ જ મોગરા, કાંટાસરિયા, આસોપાલવ, સરસડા, કડાયા, ધંગોરી, સોનેરી જાંબુ, નાગચંપા, પુનાગ, જાઈ, કમળો તથા માલતીલતાનાં જાળાં વડે તે સરોવર અત્યંત શોભાયમાન છે.'

કાલિદાસના 'કુમારસંભવ' મહાકાવ્યમાં ભૂર્જપત્ર (ભોજપત્ર) કીચક (વાંસ) સરલ (સાગ) દેવદાર, શિરીષને નીલકમલતાં નામો છે, રઘુવંશમાં તાલીવન (તાડનું વન) મળે છે.

આ મહાકવિના મેઘદૂત' ખંડકાવ્યમાં કુટજ, શિલીંધ્ર (બિલાડીના ટોપ) કંદલિકા (પ્રાણકંદો) જંગલી આંબા, જાંબુડો, નીપ, કંદલી, કેતકી (કેવડો) કદંબ, વેત્ર, કમળો, તાડ જપાકુસુમ (જાસૂદ) પોયણાં, ઉંબરો, કુંદ, (મોગરો, કીચક (નકકર વાંસ જેમાંથી લાઠી બને છે) કલ્પવૃક્ષ, લોધ્ર કુરબક શિરીષ, મંદાર, કેળ, અશોક માધવીલતા, બિંબ, (ટીંડોરા) માલતી, દેવવૃક્ષ અને સ્થલ કમલિનીના ઉલ્લેખો છે.

બાણભટ્ટ ગદ્યકાવ્ય કાદંબરીમાં લખે છે :-

'તે સરોવરને કાંઠે મોટું શાલ્મલિવૃક્ષ (શીમળો) ફેલાયું હતું. તેની ડાળીઓની ટોચે, બખોલોની અંદર, પાંદડાંઓની વચમાં, મોટી શાખાઓની સંધિઓમાં, થડ અને તેની ઉખડેલી છાલની વચ્ચેના પોલાણમાં વગેરે અનેક સ્થળો માળા બાંધવા યોગ્ય હોવાથી, વળી કંટકિત હોવાને કારણે મનુષ્યોને માટે તે વૃક્ષ દુરારોહ હોવાથી તથા ભયનો સંભવ ન હોવાથી અનેક પ્રદેશોમાંથી આવેલાં પોપટોનાં તથા સૂડાઓનાં ટોળાં તેમાં સેંકડો માળા બાંધીને રહેતાં હતાં.'

ભર્તૃહરિ મલયગિરિની સ્તુતિ કરતાં કહે છે :-

'સુવર્ણમય મેરુપર્વતની કે રજતમય અન્ય પર્વતની કટલીક કિંમત કહેવાય? ત્યાં ઊગેલાં વૃક્ષો તો તેમાં તે જ રહે છે. અમે તો મલયાચળને માન આપીએ છીએ કે જ્યાં ઊગેલાં કંકોલ, નિમ્બ (લીમડો) અને કુટજ જેવાં સામાન્ય વૃક્ષો પણ ચંદન બની જાય છે.'

વિ. સં. ૧૪૦૦ (ઈ. સ. ૧૩૪૪) માં કોઈ અજ્ઞાત કવિએ જૂની ગુજરાતી ભાષામાં 'વસંત વિલાસ' નામનું કાવ્ય (ઋતુ-વર્ણનનું કાવ્ય) આ નીચેનાં નામો મળે છે :-

આંબા, પદ્મિની, ચંપક, કમળ, અગર, પાટલ, કેશુડો, અશોક, કેતકી, દાડમ, વરતાલ, તમપુષ્પ, મંજરું, કેવડો, માલતી, મરવો, કુરંગી (જાઈ કે પીળા મોગરાની વાળો (એક સુગંધી ઘાસ) અગર, નવમલ્લિકા, પલાશ, કરાંબલ, ચાંપલી, કેરણ, કુંદ અને પારિજાત.

નરસિંહ મહેતા શ્રીકૃષ્ણના શેરડીના રસાસ્વાદના પ્રસંગને વર્ણવતાં કહે છે :-

વાલોજી ગયાતા વાડીએ, સરવે સુંદરી સાથે
શેરડીનો સાંઠો છોલતા, બોળી મોઢે છે હાથે
'અમરીનો તેમ મોર જ પ્રીયા, તેની પ્રીત થયા રાજી
'ચાલો સખી જોવા જઈએ, શ્રી ગોપીજન મોહ્યા.

કદંબને વૃક્ષ તળે, રાધિકા રસભરી, હરિજીને સંગ આલાપી ગાયે

વિદુરને ઘેર કૃષ્ણ પધાર્યા, કેળાં આપ્યાં ભાળી રે
ભક્તના વૃક્ષથી ભગવદ્ફળ તોડવા, મૂરખો કુહાડી ઝીંક ધરશે.
એકપત્રે કરી જગત તરપત કર્યું', ભાજીને ભોજને તું ધરાયો.

મીરાં ભક્તિમહિમા ગાતાં કહે છે :–

'સાકર રોટલીનો સ્વાદ તજીને કડવો તે લીમડો મોળમા,'
જેનું હાડે કટકડી છેયા.
આંકડિયાનાં દૂધ રે અતિ હોમ ઊજળાં,
તેને પીધે તરત મૃત્યુ થાય.
આવળ ને કંટાળો રે દીસે બળખામણા,
છાંયે બેસીએ અંગ વસ્ત્ર ઊઝરડાય.
આંબલિયાની છાંય રે દીસે રળિયામણી,
તેને સેવ્યે ફળની પ્રાપ્તિ થાય.
સાહેબ મા ઘર દૂર છે, જૈસી બંબી ખજૂર,
ચડે તે ચાખે પ્રેમરસ, પડે તે ચકના ચૂર.
વનસ્પતિ મેં તુલસી બડી હૈ, નદિયન મેં બડી ગંગ,
મારી વાડીમાં વાલા ! ચંપો ને મરવો,
વાસ લેજે તું ય પણ કૂકડાં તોડીશ મા,
ચંદ કા દેખ કમોદિની ફૂલે, હરખે અંગ મેરી માયા જી,
મરધે મીઠે, ચાખ ચાખ, મેર બાર ભીલની.'

અખાભગત સંસારસુખની તુચ્છતા આમ દર્શાવે છે.'
'ભીંતું મહુર્ય માર્યા દ્રાખ, અન્ન નો'ય અન્નર્માની રાખ
સોનામુખી સોનું નવ થાય, આંધળીને પાયરતાં વાણું વાય.
કર્મ અહંકારનું ગયું મૂળ, જેમ અરહનાં ઊડે તૂલ.
કૃણારત બે બધ્યાં, પડ વળે, વચમાંથી લુખો નીસરે'

પ્રેમાનંદ ચંદ્રહાસાખ્યાનમાં ઉદ્યાનવર્ણન કરતાં કહે છે:

'જાતભાતના વડ ને પીપળા, વનસ્પતિ ભાર અઢાર
તેજ, વાલો ને વલસડો, વાકુ વાયુ સુગંધો વાય.
આમ, સીસમ, સમડા, સાદડિયા, સરગવા તણી શોભામ
બીલ્વ, ફોફળ, કેવડા રે, કેળ ને કારંગી રે
બીલી, બદરી, મલિયાગર, મરચી, લીમડા ને લાવંગી
બાજ, જાંબુ, બોરસરા ને માલતી, ચંદન, ચંપાના ગોટ.

પ્રેમાનંદ 'નળાખ્યાન'માં વનવર્ણન કહે છે :–

"આંબા, આંબલી, લીમડા, એબરા છે અપાર
શીમળા, સાદડા, સેહટી, ન સૂઝે પંથ વિચાર
બેર, બાબર ને કાંચકી કંટાળા, થુવેર
બાવળિયા, બહુ બોરડી, સરગવા સમેર."

રક્ષક જો ભક્ષક બને તો નિર્દોષ, અસહાય લોકોનું શું થાય ? એવી નિરાધાર દશા ચાલેખતાં સામળ ભટ્ટ કહે છે :–

"વાડ થઈને ચીભડાં ભણે, સોંપી વસ્તુ કયાંથી મળે ?
કલ્પવૃક્ષ જો કેરી ખાય, તેનો ચોર કયાં પેદા થાય ?"

જગતમાં પ્રવર્તતી વિષમતાને તે આલેખે છે :–

"એક તો નામરજીનું પાન, બીજું રજકે આડે રાન
એક ગાળ અમૃતજા પ્રાણ, બીજો સામો, ક્યાંથી જાણ
એક ભોજન ભલું ભોજન, બીજું કૂકમા કેરું અન્ન.'

નગરવર્ણન કરતાં સામળ ભટ્ટ કહે છે :–

"ઘેર ઘેર મંડપ દ્વારના, ઘરે ઘરે તોરણી બત
પાન, સોપારી, બીડા મણી, કળશ ધ્વજાનાં વન."

જ્યાં ત્યાં ચારેબાજુ ચમત્કારપૂર્ણ વાતાવરણ જોઈ પ્રસન્નતા પામીને ભક્ત કહે છે :–

'એક અક્ષરજ મારા દેહમાં, ભોવી ને સિદ્ધ રમે ભેળાં જો
અવળાનાં સવળાં થયાં, કરમદીએ લાધ્યાં કેળાં જો.'

મધ્યકાલીન રાજાઓનું નામ પણ નથી રહ્યું એમ દર્શાવતાં આત્મામોલા ભોજા ભગત ગાય છે :–

'આકર આવી સાલાસું ભરતા, કરતા કકરાયું,
આકડાના તૂર જેમ ઊડી ગયા, જેમ વંટોળિયો વાયુ,'

મુસલમાનો પૂછે છે કે પહેલાં મરઘો કે પહેલાં ઈંડું ? હિંદુઓ પૂછે છે કે પહેલાં વૃક્ષ કે પહેલાં બીજ ? ભોજા ભગત પોતાનો ઉકેલ આપતાં ગાય છે :–

'બીજ રહ્યું ગટ રહ્યો બીજમાં, જ્યાં કહો ત્યાં જઈ ભાગ્યારે'

અહીં નરસિંહ મહેતાની એક પંક્તિ યાદ આવે છે :–

'વૃક્ષમાં બીજ તું બીજમાં વૃક્ષ તું, બેઉ પટંતરો એજ પાસે.'

(ક્રમશઃ)

(સામેના પૃષ્ઠથી ચાલુ)

હરિયાળી, સઝાય જેવા પ્રકાર વૈવિધ્યવાળી રચનાઓનો સમાવેશ થાય છે. જૈન ગુજરાતી કવિઓમાં એક અતિ નોંધપાત્ર કવિ લાવણ્યસમય આ સદીમાં થયા છે. શ્રી દેશાઈએ એમનો કવિ પરિચય વિસ્તારથી નોંધ્યો છે. સં. ૧૫૬૮ માં રચાયેલી 'વિમલ પ્રબંધ' સહિતની એમની લગભગ ત્રીશેક કૃતિઓની અહીં નોંધ મળે છે. જેમની મોટા ભાગની કૃતિઓ હજી અપ્રગટ હોઈ, ઓછા પ્રકાશમાં આવેલા, પણ અતિ મહત્ત્વના કવિ સહજ સુન્દર પણ આ સદીમાં થયા છે. એમને નામે નાનાવિધ છંદોને લાડ લડાવતી અને નોંધપાત્ર ભાષા પ્રભુત્વવાળી 'ગુણરત્નાકરછંદ' ઉપરાંત અનેક રાસકૃતિઓ અને સઝાઓ મળે છે. વિનયસમુદ્રની 'આરામ શોભા ચોપાઈ' સહિત સાતેક કૃતિઓ મળે છે. ભીમ નામે એક શ્રાવક કવિની ૪૬૧ કડીની 'અગડદત્તરાસ તેમજ જ્ઞાનાચાર્યની 'સિદ્ધચક્ર પંચાશિકા' આ સદીની રચનાઓ છે.

શ્રી જયંત કોઠારીએ આ સંબંધિત આવૃત્તિના 'પૂર્તિ' વિભાગમાં ૧૨મા શતકથી માંડી ૧૬ શતક સુધીના સમયગાળાના કુલ ૧૫૦ જેટલા કવિઓ વિશેની જે નોંધો કરી છે તેમાંના કેટલાક કવિઓની અપ્રગટ અથવા મુખ્યતયા અપ્રગટ ભાષાની કૃતિઓનો પણ સમાવેશ થાય છે.

આમ, 'જૈન ગૂર્જર કવિઓ'ની આ બીજી આવૃત્તિ કેવળ પુનર્મુદ્રણ નથી, પરંતુ પુનઃસંયોજિત-પરિષ્કારિત આવૃત્તિ બની છે અને તે પણ શ્રી જયંત કોઠારી જેવા અધિકારી સંપાદકને હાથે. તેથી આ ક્ષેત્રમાં કાર્ય કરવાં ઝંખતા ભાવિ સંશોધકો-અભ્યાસીઓને માટે આ ગ્રંથનું મૂલ્ય અનેકગણું વધ્યું છે. આપણી લિક્ષણસાહિત્ય-સંશોધનની સગવડોના અંધારપોળની સમૃદ્ધિ ન કેવળ પુરસ્કારની અપેક્ષાને આધારે, પરંતુ 'જૈન ગૂર્જર કવિઓ' જેવા આકરગ્રંથો જેમણે આપ્યા છે તે ક્રમે તેને વધુને વધુ મૂલવી શકાય.

---

* 'જૈન ગૂર્જર કવિઓ' ભાગ-૧

સંપાદક અને પ્રકાશક : મોહનલાલ દલીચંદ દેસાઈ
સંશોધિત-સંવર્ધિત બીજી આવૃત્તિના સંપાદક : જયંત કોઠારી
પ્રકાશક : શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ, નવેમ્બર ૧૯૮૧ કિં. રૂ. ૧૦૦.

(પૃષ્ઠ ૧૫૮થી ચાલુ)

કરી છે. કેટલીક સંક્ષેપસંજ્ઞાઓને બદલીને વધારે વિશદ બનાવાઈ છે. કેટલાક સંક્ષેપોની સમજૂતી જે પ્રથમ આવૃત્તિમાં નહોતી તે નવી આવૃત્તિના સંપાદકે શોધીને મૂકી આપી છે, અને સમગ્ર આધાર સામગ્રીની સૂચિ પણ આપી છે. આ રીતે એની પ્રાપ્યતા અંગે વધુ પ્રકાશ પડી શકયો છે. સંક્ષેપાક્ષરોથી મૂળમાં ૫૦ જેટલાં સ્થાનો દર્શાવાયાં હતાં, પણ હવે આ બીજી આવૃત્તિમાં ૨૦૦ જેટલાં સાધનોનો ઉપયોગ થયેલો દેખાય છે. આ ઉપરથી એ પણ જાણી શકાય છે કે વર્ષો અગાઉ શ્રી દેશાઈનો સામગ્રી-સંચયનો પ્રયત્ન કેટલા વિશાળ પાયા પરનો હતો.

આ તો થયું મૂળ સામગ્રીની શુદ્ધિનું કામ; પણ તે સાથે જ સંવર્ધિત બીજી આવૃત્તિના સંપાદક તરફથી એટલું જ મહત્ત્વનું કામ થયું છે તે સામગ્રીની વૃદ્ધિનું.

કર્તા કે કૃતિ વિશે કોઈ પૂરક માહિતી અન્યત્રથી મળી હોય તો તે અહીં ઉમેરવામાં આવી છે. કૃતિની હસ્તપ્રતો મુદ્રિત હસ્તપ્રત યાદીઓમાં નોંધાયેલી હોય તે યાદીઓનો ઉલ્લેખ અહીં સામેલ કરાયો છે. અને કૃતિપ્રકાશનની નવી માહિતી સાંપડી હોય તો તે પણ અહીં સમાવાઈ છે. સંપાદકે કરેલી વૃદ્ધિ [ ] કૌસમાં મૂકવામાં આવી છે; જેથી ગ્રંથોને વાચક નવાં ઉમેરણોને અલગ તારવી શકે. આ ઉપરાંત 'જૈન ગૂર્જર કવિઓ'માં નહિ નોંધાયેલ કવિઓની નહિ નોંધાયેલી કૃતિઓનો ત્રણ વર્ણનાત્મક હસ્તપ્રત સૂચિઓ (૧. કેટલોગગુરા, ૨. જૈનગૂર્જરરચનાઓ ભાગ-૧, ૩. જૈહાપ્રોસ્ટા)ને આધારે પૂરક રૂપે આ નવી આવૃત્તિમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

*

નવી આવૃત્તિના આ પહેલા ભાગમાં સંપાદકે વિક્રમ સંવતના ૧૨મા શતકથી માંડી ૧૬મા શતક સુધીના જૈન ગુજરાતી કવિઓને આવરી લીધા છે. આશરે ૪૫૦ કવિઓની ૬૦૦ જેટલી કૃતિઓની નોંધ એમાં પ્રાપ્ત છે.

આ નોંધો ઉપર ઊડતી નજર નાખતાં જે કેટલીક વિશેષતાઓ નજરે પડે છે તે એ કે જૈન કવિઓમાંના મોટા ભાગના તો જૈન સાધુ કવિઓ છે. કઠિન તપશ્ચર્યા, વૈરાગ્ય અને સંયમભર્યું જીવન જીવતાં, એમણે જે સરસ્વતી ઉપાસના કરી છે તે એમના પ્રત્યે આપણું મસ્તક ઝુકાવે એવી છે. આ બધા સાધુકવિઓ હોઈને એમની ઓળખ માટે ગુરુપરંપરાનો પરિચય પણ જરૂરી બન્યો છે. જ્યાં ઉપલબ્ધ બની છે ત્યાં અચૂકપણે મૂળ સંપાદકે ગચ્છ સહિતની ગુરુપરંપરા નોંધી છે. કૃતિઓમાં જેમનો કોઈ નામનિર્દેશ કે અન્ય ઓળખ મળતાં નથી એવા અજ્ઞાત કવિઓની સંખ્યા પણ ઠીક ઠીક છે.

આ કવિઓએ સ્તવન-સ્તુતિ સઝાય જેવી બધુ પ્રકારની કૃતિઓ આપી છે. ફાગુ, બારમાસી, વિવાહલોથી માંડી બહુસંખ્ય ભાસાવબોધો પણ લખ્યા છે; પણ વિશેષ આ જૈન સાધુ કવિઓનું સાહિત્ય સર્જન ધ્યાન ખેંચે છે કથાત્મક સાહિત્યની પ્રચુરતાને કારણે. રાસા, પ્રબંધ, ચોપાઈ, ચરિત જેમ અનેક નામોથી આ કૃતિઓ ઓળખાવાઈ છે. આ બધું મુખ્યત્વે ચરિત્ર કે વાર્તા સાહિત્ય છે. તીર્થંકરો, મુનિમહારાજો, મંત્રીઓ, શ્રેષ્ઠીઓ, સંઘપતિઓ, તીર્થો, તીર્થોદ્ધારો, જેમ અનેક વિષય પરના ચરિત્ર કે પ્રસંગ પ્રધાન રાસાઓ લખાયા છે અને એની અસંખ્ય હસ્તપ્રતો પણ થઈ છે. આ જૈન કવિઓ કેવળ જૈન સંપ્રદાયિક વિષયોને જ સ્પર્શ્યા છે એવું નથી, પાંડવકથા, નળદમયંતીની કથા શકુન્તલાનું કથાનક, શ્રીપાળ આપી છે તેવી વિક્રમરાજા સાથે સંકળાતી બેતાલપચીસી, સિંહાસન બત્રીસી જેવી વાર્તાઓ કે 'શશિકલા પંચાશિકા' જેવી પદ્યવાર્તા પણ એમની આ કથાત્મક કૃત્તિઓનો વિષય બની છે.

વિક્રમની ૧૨ મી સદીના ત્રણ કવિઓની ત્રણ કૃતિઓથી નોંધનો આરંભ થાય છે; જેમાંના એક જિનવલ્લભસૂરિની 'નવકાર માહાત્મ્ય' કૃતિ નવી આવૃત્તિના સંપાદકને મોડા સમયની લાગતાં એમણે શંકા કરી છે કે પ્રસ્તુત કૃતિના કવિ જિનવલ્લભને ૧૨ મી સદીના માનવા કે કેમ? પ્રથમ આવૃત્તિમાં શ્રી મો. દ દેશાઈએ વિક્રમની ૧૬ મી સદીના કોઈ કવિ કે કૃતિ નોંધ્યાં નથી; પણ સંવર્ધિત બીજી આવૃત્તિમાં જૈનગૂર્જરરચનાઓ ભાગ-૧ ને આધારે શ્રી કોઠારીએ 'પૂતિ' વિભાગમાં ૧૬ મા શતકના 'તિલક મંજરી'ના કર્તા ધનપાલની સત્યપુરીય મહાવીર ઉત્સાહ' નામે કૃતિની નોંધ આપી છે. તે ઉપરાંત સંવતના ૧૨ મા શતકના અન્ય ત્રણ કવિઓ નોંધ્યા છે. જો કે એમની આ બધી કૃતિઓના આરંભ અંતની ભાષા જોતાં એ બધી અપભ્રંશ ભાષાની રચનાઓ ગણવી જોઈએ એ સંપાદક શ્રી કોઠારીનો નિર્ણય યથાર્થ છે.

પ્રસ્તુત ગ્રંથની સૂચિ જોતાં ગુજરાતી ભાષામાં સર્જાયેલા સાહિત્યનો આરંભ કયારથી ગણાય? સામાન્ય રીતે તો હમણાં સુધી, વિક્રમની ૧૩મી સદીમાં સં. ૧૨૪૧માં રચાયેલી શાલિભદ્રસૂરિની 'ભરતેશ્વર બાહુબલિ રાસ'ને ગુજરાતી ભાષાની ઉપલબ્ધ કૃતિઓમાં પ્રાચીનતમ ગણવામાં આવતી હતી. પણ જૈન ગૂર્જર કવિઓની સંવર્ધિત આવૃત્તિના આ પ્રથમ ભાગની 'પૂતિ'માં શ્રી કોઠારીએ 'જૈનગૂર્જરરચનાઓ ભાગ-૧'નો આધાર લઈ, વજ્રસેનસૂરિ (દેવસૂરિશિષ્ય) કવિએ ૪૫ ગાથાની 'ભરહેસર બાહુબલિ ઘોર' નામની કૃતિ રચ્યાની નોંધ લીધી છે. આ કવિનો સમય સં. ૧૨૩૫ આસપાસનો ગણાવ્યો છે, એ રીતે હવે 'ભરતેશ્વર બાહુબલિ રાસ'ને સ્થાને ગુજરાતી ભાષાની ઉપલબ્ધ પ્રાચીનતમ કૃતિ તરીકે 'ભરહેસર બાહુબલિ ઘોર' કૃતિનો વિચાર કરવો ઘટે. આ કૃતિ 'પ્રાચીન ગૂર્જર કાવ્યસંચય'માં પ્રગટ પણ થઈ ચૂકી છે.

૧૪મા શતકમાં પદ્મ નામના એક કવિને હાથે કક્કો અને માતૃકા સ્વરૂપની કૃતિઓ રચાયાનું નોંધાયું છે. ૧૫મા શતકમાં રચાયેલા વિનયપ્રભના 'ગૌતમસ્વામીનો રાસ'ની અસંખ્ય હસ્તપ્રતો થયાનું નોંધાયું છે જે એની મોટી લોકપ્રિયતાનો નિર્દેશ કરે છે. આ કૃતિ ઉદયવંત, મંગલપ્રભ, વિજયપ્રભ, વિજયભદ્ર, વિનયવંત જેવાં નામોથી પણ નોંધાયેલી છે. આ ઉપરાંત આણિક્યસુંદરસૂરિની ખૂબ જાણીતી ગદ્યકથા 'પૃથ્વીચંદ્રચરિત્ર અથવા વાગ્વિલાસ' જયશેખરસૂરિની રૂપકકથા 'ત્રિભુવનદીપકપ્રબંધ', હીરાનંદસૂરિનો 'વસ્તુપાલ-તેજપાલનો રાસ' તથા 'વિદ્યાવિલાસ પવાડો' વ. આ શતકની નોંધપાત્ર કૃતિઓ છે. આ સદીમાં વજ્ર ભંડારી નામે એક શ્રાવક કવિ પણ થયા છે. પ્રથમ આવૃત્તિમાં શ્રી મો. દ. દેશાઈએ એમને સોળમી સદીના ગણ્યા હતા પણ બીજી આવૃત્તિના 'પૂતિ' વિભાગમાં શ્રી કોઠારીએ એમને, એમની ૨૫૮૮ રચના-સંવતવાળી કૃતિ પ્રાપ્ત થતાં, ૧૫મા શતકમાં ફેરવ્યાં છે.

૧૬ મા શતકમાં (અહમ્) જિનદાસ નામના એક દિગંબર સાધુકવિએ નવેક રાસા કૃતિઓ આપી છે. આ સદીમાં દેપાલ નામે એક ભોજક કવિ થયા છે. તેમણે પંદરેક રચનાઓ કરી છે; જેમાં 'અભયકુમાર શ્રેણિકરાસ,' 'જાવડભાવડ રાસ' 'ચંદનબાલા ચરિત્ર ચોપાઈ' આદિ રાસાઓ ઉપરાંત કક્કો, રત્નત્રયપૂજા,

(અનુસંધાન પૃષ્ઠ સામે પાને)

ગ્રંથાલયોની સમૃદ્ધિ વધારનાર આકરગ્રંથ*

સમીક્ષક : કાન્તિભાઇ બી. શાહ

જીવનમાં વકીલાત જેવી વ્યાવસાયિક કારકિર્દી સ્વીકાર્યા છતાં, પોતાના આયુષ્યના લગભગ સાડાત્રણ દાયકાના લાંબા સમયપટ ઉપર યથાર્થ રીતે સરસ્વતી ઉપાસના કરતા રહીને શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇએ વર્ષો પહેલાં 'જૈન ગૂર્જર કવિઓ' ભાગ ૧-૨-૩ના દળદાર ચાર ગ્રંથ અને 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' ઉપલબ્ધ કરી આપીને જૈન ગુજરાતી સાહિત્યક્ષેત્રે મૂલ્યવાન પ્રદાન કર્યું હતું. 'જૈન ગુર્જર કવિઓ' એટલે લગભગ ૪૦૦૦ પાનામાં વિસ્તરેલો આકરગ્રંથ. હસ્તપ્રત ભંડારો આદિ ૨૦૦ જેટલાં સાધનોને ઉપયોગમાં લઇને એમણે જે વિસ્તૃત સાહિત્યસૂચિ તૈયાર કરી એમાં લગભગ ૧૦૦૦ જેટલા જૈન કવિઓ, સોએક જૈનેતર કવિઓ અને એમની આશરે બેઢી હજાર કૃતિઓને આ ગ્રંથમાં સમાવિષ્ટ કર્યા હતા. કોઇ એક યુનિવર્સિટી હાથ ધરી શકે એવું સંશોધન – સંપાદનનું આ ભગીરથ કાર્ય શ્રી દેશાઇએ એકલે હાથે અત્યંત પરિશ્રમ લઇને દાયકાઓ પહેલાં પાર પાડ્યું હતું કર્તા અને એમની કૃતિઓનો સમયાનુક્રમિક પરિચય આપતાં, શ્રી દેશાઇએ કૃતિઓના આરંભ અને અંતના ભાગોની તેમ જ પુષ્પિકાઓની ચીવટભરી નોંધ લઇને, તત્કાલે અને એમાંની કેટલીક હજી આજે પણ જે સામગ્રી ભંડારોમાં દટાયેલી પડી છે એના આલેખક નમૂનાઓનું ચિત્ર ગુજરાતી પ્રજા સમક્ષ પ્રત્યક્ષ કરી આપ્યું હતું. આ ઉપરાંત એમણે ગુજરાતીની પૂર્વ પરંપરાનો ઇતિહાસ, જૈન ગચ્છોની ગુરુપટ્ટાવલીઓ, જૈન કથાનામકોષ, કૃતિઓમાં ઉપયોગમાં લેવાયેલી બેઢી હજાર દેશીઓની અનુક્રમણિકા તથા કર્તા કૃતિઓ અને રચણનામોની શબ્દાનુક્રમણિકાઓ જેવી મૂલ્યવર સામગ્રી એમાં સામેલ કરીને ભાવિ સંશોધન માટે મહત્ત્વની દિશાઓ ઉદ્ઘાટિત કરી આપી હતી.

પણ સંશોધન-સંપાદનનું આ કામ શ્રી દેશાઇ દ્વારા એકલે હાથે સમયના લાંબા પટ ઉપર ચાલ્યા કર્યું હોઇને બન્યું એવું કે જેમ જેમ કોઇ કર્તા કે કૃતિ વિશે વધુ માહિતી પ્રાપ્ત બનતી ગઇ અથવા તો જૂની માહિતીને સુધારવાની જરૂર ઊભી થતી ગઇ તેમ તેમ પૂર્તિ રૂપે તે, સંપાદકને હાથે જે ત્રણ તબક્કે નોંધાતી ગઇ. આથી એક જ સૈકાના કર્તા-કૃતિઓ એકથી વધુ સ્થાને પ્રસ્તુત ગ્રંથમાં નોંધાયેલાં છે; એટલે કોઇ કર્તા કે કૃતિ વિશે પૂરતું ચિત્ર મેળવવા માટે બધાં જ સ્થાનો જોઇ જવાં પડે એ સ્થિતિ ઊભી થઇ.

વળી શ્રી દેશાઇએ જાતે જોયેલી હસ્તપ્રતો ઉપરાંત બીજેથી જે સામગ્રી પ્રાપ્ત થઇ એમાં આરંભ-અંત કે પુષ્પિકાના ભાગો ઉપલબ્ધ ન થયા હોય ત્યાં કેવળ નામ-યાદીઓ અપાઇ હોઇ, સામગ્રીની અધિકૃતતાના કેટલાક પ્રશ્નો ઊભા રહેતા હતા.

૧૯૨૬થી માંડીને ૧૯૪૪ના ગાળાનાં વર્ષોમાં 'જૈન ગૂર્જર કવિઓ'ના ત્રણ ભાગોની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન ક્રમશઃ શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, મુંબઇએ કર્યું હતું. પણ ઘણાં વર્ષોથી સંશોધન માટે અતિ મહત્ત્વનો એવો આ આધારભૂત સંદર્ભગ્રંથ અપ્રાપ્ય બન્યો હતો તેમ જ વચગાળે બીજી ઘણી હસ્તપ્રતો પ્રાપ્ય બનવાને કારણે અને અનેક અપ્રગટ કૃતિઓ પ્રકાશિત થવાને કારણે મૂળ ગ્રંથમાં અનેક સુધારાવધારા કરવાનું પણ આવશ્યક બન્યું હતું.

'જૈન ગૂર્જર કવિઓ' ગ્રંથની સુધારેલી અને સંવર્ધિત નવી આવૃત્તિનું પ્રકાશન કરવાનો મહત્ત્વનો નિર્ણય કરી, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઇ દ્વારા શુદ્ધિ-વૃદ્ધિ સહિતની બીજી આવૃત્તિના સંપાદનનું કામ વરસેક અગાઉ પ્રા. જયંત કોઠારીને સોંપવામાં આવ્યું હતું. 'જૈન ગૂર્જર કવિઓ'ની આ સંશોધિત-સંવર્ધિત આવૃત્તિ લગભગ ૮ થી ૧૦ ગ્રંથમાં પ્રકાશિત કરવાનું આયોજન તેના સંપાદક શ્રી જયંત કોઠારીએ કર્યું છે તેના પ્રથમ સુફળ રૂપે તાજેતરમાં જ પ્રસ્તુત ગ્રંથનો પહેલો ભાગ પ્રગટ થયો છે. આ ગ્રંથના પુનર્નિર્માણનું કાર્ય હાથ ધરવા માટે શ્રી જયંત કોઠારીએ પર્યાપ્ત અધિકાર અને સુસજ્જતા પ્રાપ્ત કર્યાં છે, અને એમાં મુખ્ય નિમિત્ત બની છે 'ગુજરાતી સાહિત્યકોશ'ના મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય વિભાગના સંપાદનની એમણે છેલ્લાં સાતેક વર્ષોથી સ્વીકારેલી કામગીરી. મધ્યકાળના જૈન કવિઓ-કૃતિઓનાં અધિકરણ-લેખન સંપાદન માટે એક બાજુથી 'જૈન ગૂર્જર કવિઓ' મુખ્ય આધારગ્રંથ બની રહ્યો, તો બીજી બાજુથી, જૈન ગુજરાતી સાહિત્યની અન્ય ઘણી સામગ્રીમાં ને પૂરક સાધનોના ઉપયોગમાં જવાનું થતાં 'જૈન ગૂર્જર કવિઓ'માં રહી ગયેલી ત્રુટિઓ, ઊણપો પણ પ્રકાશમાં આવતી ગઇ. 'સાહિત્યકોશ'ને નિમિત્તે શ્રી જયંત કોઠારીને જે સમસ્યાઓનો સામનો કરવાનો આવ્યો અને એમ કરતાં એના ઉકેલની ચાવીઓ પણ એમને મળતી ગઇ એ સમગ્ર પ્રક્રિયા દ્વારા એમણે મેળવેલી તાલીમ અને વિશેષ સજ્જતાને એમણે 'જૈન ગૂર્જર કવિઓ'ની બીજી આવૃત્તિના સંપાદન વેળાએ સામગ્રીની શુદ્ધિવૃદ્ધિમાં સુપેરે કામે લગાડી છે.

પ્રથમ આવૃત્તિમાં અનેક તબક્કે પૂર્તિઓ દાખલ કરવાથી કર્તાપરિચયો અને કૃતિપરિચયો ખંડિત રહેતા હતા. તે બૌને સમયાનુક્રમે અહીં પુનઃ સંયોજિત કરી લેવામાં આવ્યા છે. વળી પ્રથમ આવૃત્તિમાં શ્રી દેશાઇએ પાછળથી જે જે સુધારાઓ કરેલા તે સૌને આ બીજી આવૃત્તિમાં યથાસ્થાને આમેજ કરી લેવામા છે. તે ઉપરાંત મૂળમાં ગદ્યકૃતિઓ અને એના કર્તાઓની સામગ્રી જે અલગ રીતે અપાઇ હતી તેને પણ મુખ્ય સામગ્રીની સાથે જ લઇ લેવામાં આવી છે. આમ શ્રી જયંત કોઠારીએ પૂર્તિઓમાં વિભક્ત સામગ્રીને સંકલિત કરી લીધી છે.

આ નવી આવૃત્તિમાં સંપાદકે સામગ્રીની રજૂઆત માટેની અત્યંત ચીવટવાળી વિશદ અને ચોકકસ વ્યવસ્થા ઊભી કરી છે. અહીં કર્તા કે કૃતિનો વિશેષ પરિચય કર્તા કે કૃતિના નામની નીચે જ મૂકવાની એકધારી પદ્ધતિ તેમણે અપનાવી છે. હસ્તપ્રતોના નિર્દેશ કૌંસના ઉપયોગથી સ્પષ્ટ કરવામાં આવ્યો છે તો પ્રકાશિત કૃતિઓને 'પ્રકાશિત' એવા સ્પષ્ટ નિર્દેશ સાથે હસ્તપ્રત યાદીથી જુદી પાડવામાં આવી છે. હસ્તપ્રત અંગેની માહિતીને પણ સંપાદકે એક ચોકકસ ક્રમમાં ગોઠવીને રજૂ

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૭ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. i 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૮ અંક : ૨૦

મુંબઇ તા. ૧૬-૨-'૮૭
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છુટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

ભાષામાં ઉત્ક્રાંતિ અને ક્રાંતિ

કૅલકયુલેટરની શોધ પછી મોટે હિસાબો કરવાની ટેવ દુનિયાભરમાં દિવસે દિવસે ઓછી થતી જવા લાગી છે. તેમ હવે કૉમ્પ્યુટરની મદદ દ્વારા ભાષા-લેખનના ક્ષેત્રમાં લેખકોને, પત્રકારોને અને સામાન્ય માણસોને, (જ્યાં કૉમ્પ્યુટરોનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં થવા લાગ્યો છે ત્યાં) ઘણી સુવિધા થવા માંડી છે. હવે બધા શબ્દોની જોડણી મોઢે રાખવાની જરૂરી નથી. વિજ્ઞાને કૉમ્પ્યુટર દ્વારા ભાષાના ક્ષેત્રે મોટું ક્રાંતિકારક પગલું ભર્યું છે. અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન, સ્પેનિશ વગેરે કેટલીક ભાષાનો કોઇ પણ લેખક પોતાનું કાચું લખાણ કૉમ્પ્યુટરને જોડણી સુધારવા માટે આપે તો થોડી જ ક્ષણોમાં કૉમ્પ્યુટરને સમગ્ર લખાણમાં રહેલી જોડણીની બધી જ અશુદ્ધિઓ દૂર કરીને શુદ્ધ લખાણ આપે છે. એવી જ રીતે પૂર્ણ વિરામ, અલ્પવિરામ, આશ્ચર્ય ચિહ્ન, પ્રશ્નાર્થચિહ્ન, અવતણચિહ્ન, કૅપિટલ લેટર વગેરેની જે કંઇ ભૂલચૂક હોય તે સુધારવાને માટે કૉમ્પ્યુટરને આપે તો તે કાર્ય પણ કૉમ્પ્યુટર થોડી જ ક્ષણોમાં કરી આપે છે. આ ઉપરાંત કૉમ્પ્યુટરને વ્યાકરણ વિષયક ભૂલો સુધારવાનું સોંપવામાં આવે તો તે બધી ભૂલો પણ કૉમ્પ્યુટર તરત સુધારી આપે છે. ઉ. ત. જેમ કે Is ની જગ્યાએ જ્યાં Was જોઇએ, His ની જગ્યાએ જ્યાં Her જોઇએ, Do ને બદલે જ્યાં Does જોઇએ, Has ને બદલે જ્યાં Have જોઇએ, Are ને બદલે જ્યાં Is જોઇએ, Tell ને બદલે જ્યાં Told જોઇએ. Shall ને બદલે જ્યાં Will જોઇએ-એવી એવી ભૂલો કૉમ્પ્યુટર પોતાની મેળે સુધારીને શુદ્ધ લખાણ થોડી જ ક્ષણોમાં પાછું આપે છે. વ્યાકરણની આવી તો સેંકડો પ્રકારની ભૂલો કૉમ્પ્યુટરો હવે ઘડીકમાં સુધારી આપવા લાગ્યાં છે કૉમ્પ્યુટરો દ્વારા અનુવાદનું કામ ચાલુ થઇ ગયું છે. કૉમ્પ્યુટરો હવે કવિની ઇચ્છા મુજબ પ્રાસાનુપ્રાસયુક્ત કવિતાઓ પણ લખી આપશે. જેને કૉમ્પ્યુટર વાપરતાં આવડે તે કવિ થઇ શકશે. કૅલકયુલેટર દ્વારા માણસ જેમ સેંકડો રકમના હિસાબો ઘડીકમાં કરી આપે છે તેમ સામાન્ય માણસનું કૉમ્પ્યુટર દ્વારા ભાષા ઉપર અસાધારણ પ્રભુત્વ સિદ્ધ થઇ શકે છે. ભાષાના ક્ષેત્રે આ કોઇ જેવીતેવી ક્રાંતિ નથી. એના લાભ પણ છે અને ગેરલાભ પણ છે. ભવિષ્યમાં ભાષા અને વ્યાકરણનું માણસનું અજ્ઞાન લજ્જાસ્પદ નહિ ગણાય.

માનવજાતને ભાષાનું માધ્યમ કેવી રીતે પ્રાપ્ત થયું એ વિષે જાતજાતની અટકળો થાય છે. પરંતુ પ્રાગ્‌ઐતિહાસિક કાળની એટલે કે હજારો વર્ષ પૂર્વેની એ બાબત હોવાથી એના કોઇ નિશ્ચિત વૈજ્ઞાનિક પ્રમાણ મળતાં નથી. માત્ર અટકળ કે અનુમાન કરવામાં આવે છે. માણસે કૂતરા વગેરે પ્રાણીઓના ઉચ્ચારણોનું અનુકરણ કરતાં કરતાં ભાષાનું માધ્યમ વિકસાવ્યું અથવા જે જે પદાર્થોને જોઇ આદિ-માનવના મુખમાંથી જે જે ઉચ્ચારણો સરી પડ્યાં તે તે વસ્તુને માટે શબ્દ બનતાં ગયાં એવો મત ગઇ સદીમાં કેટલાક ભાષાવૈજ્ઞાનિકો ધરાવતા હતા. માણસોએ એકઠા મળીને પોતાના વ્યવહાર માટે શબ્દો નક્કી કર્યા અને એમ ભાષા વિકસી એવો પણ એક મત છે. અને માણસની ભાષાનો ઉદ્‌ગમ એના જાતીય જીવનની જરૂરિયાતમાંથી થયો છે એવો પણ એક મત છે. નાનું બાળક કેવી રીતે ભાષા શીખે છે, આદિવાસીઓની ભાષા કેવા પ્રકારની છે અને તેમાં સૈકાઓ થયાં કેમ ખાસ કોઇ પરિવર્તનો થયાં નથી તેનો અભ્યાસ થાય છે. વેદકાળથી શરૂ કરીને વર્તમાન સમય સુધીના ગ્રન્થોની ભાષાના વિકાસનો ઇતિહાસનો અભ્યાસ કરી તેને આધારે તારવેલા નિયમોને ભૂતકાળમાં પ્રાગ્‌ઐતિહાસિક કાળમાં લંબાવીને પણ ભાષાના ઉદ્‌ગમ વિષે અનુમાન કરાય છે.

અલબત્ત એટલું તો નક્કી છે જ કે ભાષા એ સતત વહેતું અને પરિવર્તનશીલ માધ્યમ છે. બધી ભાષાઓનાં વહેણ અને વળાંક એકસરખાં નથી હોતાં. એમાં પણ ઘણાં પરિબળો કામ કરે છે. આમ છતાં આ પરિવર્તનની પ્રક્રિયા એટલી મંદ છે કે એક વ્યક્તિના જીવનકાળ દરમિયાન તે બહુ ઓછી નજરે આવે છે. આવા ધીમાક્રમિક પરિવર્તનની પ્રક્રિયાને ઉત્ક્રાંતિ જો કહેવામાં આવે તો ભાષામાં ઉત્ક્રાંતિના પરિબળો સતત કામ કરતાં રહે છે એમ કહી શકાય.

પ્રાગ્‌ઐતિહાસિક કાળમાં, ઉત્ક્રાંતિ પૂર્વેના સમયમાં મનુષ્ય પશુની જેમ સાવ મૂંગો હતો એવું અનુમાન સ્વીકારવાની ઘણા ભાષાવિદો ના પાડે છે. તો બીજી બાજુ મૂંગા માણસને ભગવાને એક દિવસ ભાષાની દિવ્ય ભક્ષિસ આપી એવું અનુમાન સ્વીકારવાનો પણ તેઓ ઇન્કાર કરે છે. ભાષા જો દૈવી ભક્ષિસ હોય તો એવી ભક્ષિસમાં અપૂર્ણતા, ત્રુટિઓ, ગેરસમજો અને અશ્લિલ શબ્દો કેમ હોઇ શકે? એવો પ્રશ્ન તેઓ કરે છે.

અન્ય પશુપક્ષીઓ પાસે માત્ર જુદા જુદા પ્રકારના ધ્વનિઓ

છે, ત્યારે મનુષ્ય પાસે અર્થપૂર્ણ શબ્દ છે જે વિકાસશીલ છે. પચીસ હજાર વર્ષ પહેલાં બિલાડી, કાગડો કે કૂતરું જેવો અવાજ કરતાં હતાં તે જ પ્રમાણે આજે અવાજ કરે છે, જ્યારે પાંચસો વર્ષ પહેલાં માણસ જે રીતે ભાષા બોલતો હતો તેવી ભાષા આજે તેના વારસો બોલતા નથી કારણ કે મનુષ્યની ભાષામાં ઉત્ક્રાન્તિશીલ પરિબળો કામ કરે છે.

ભાષા એ માનવ વ્યવહારનું સૌથી શક્તિશાળી માધ્યમ છે. એ સંપૂર્ણ છે એમ નહિ કહી શકાય. એટલા માટે તો ભાષામાં સતત પરિવર્તનો થતાં રહે છે. માણસ પોતાના બધા જ પ્રકારના વિચારોને અને બધાં જ પ્રકારનાં ભાવ-સંવેદનોને ભાષામાં યથા-તથ વ્યક્ત કરી શકતો નથી. પોતાની કેટલીક સંવેદનાઓની અભિવ્યક્તિ માટે ભાષાનું માધ્યમ માણસને અપૂર્ણ લાગે છે. બધાજ પ્રકારના અવાજો અને ઉચ્ચારણોને અભિવ્યક્ત કરવા માટે દુનિયાની કોઇ ભાષામાં જેટલા વર્ણાક્ષરો છે તેટલા બધા જ દુનિયાના બધા જ લોકો ઉચ્ચારી શકે છે એવું પણ નથી, દરેક પ્રજાના ઉચ્ચારણમાં પોતાની એક ખાસિયત હોય છે, જે દુનિયાના અન્ય કેટલાક લોકોને મર્યાદારૂપ લાગે છે. ળ, દ, ડ, થ, ર, ઝ, ણ, ફ, જેવા કેટલાંક વર્ણાક્ષરોના ઉચ્ચારણ દુનિયાની જુદી જુદી ભાષામાં જુદી જુદી રીતે થાય છે. સ્વર ઋ નું ઉચ્ચારણ લુપ્ત થઇ ગયું છે. ષ નું ઉચ્ચારણ ધસાઇ જવા લાગ્યું છે. શબ્દારંભે કે શબ્દાન્તે આવેલા કેટલાક જોડાક્ષરો દુનિયાની કેટલીક ભાષાઓમાં જુદી જુદી રીતે ઉચ્ચારાય છે. કેટલાક સ્વરોના હ્રસ્વ અને દીર્ઘ ઉચ્ચારણો પણ જુદા જુદા દેશોમાં જુદી જુદી રીતે થાય છે. કેટલાક શ્વાસધ્વનિઓ આદિવાસી પ્રજાઓ જે રીતે ઉચ્ચારે છે તે રીતે સુઘરેલી નગર સંસ્કૃતિના માણસો ઉચ્ચારી શકતા નથી. આમ ભાષાનાં ઉચ્ચારણમાં પણ એવી કેટલીએ ત્રુટિઓ રહેલી છે જે ભાષાનું માધ્યમ અપૂર્ણ છે એ સિદ્ધ કરવા માટે બસ છે.

ભાષામાં કેટલાંક પરિવર્તનો સ્વાભાવિક રીતે સ્વયમેવ થયા કરે છે. વિભિન્ન જાતિઓના સંસર્ગને કારણે કે વિદેશી ભાષાના પ્રભાવને લીધે શબ્દોનાં અલગ ઉચ્ચારણ, નવા શબ્દો, સ્લેંગલેંગ વગેરેનો પ્રચાર તરત થવા માંડે છે. નવા રૂઢપ્રયોગો અને નવી કહેવતો ક્રમે ક્રમે પ્રચલિત થાય છે. વ્યાકરણ વિષયક નવી લાક્ષણિકતાઓ ત્યાર પછી ઉમેરાય છે કે બદલાય છે. કેટલીક વખત હેતુપૂર્વક સભાનપણે ભાષામાં પરિવર્તન આણવા માટે પ્રયત્નો થાય છે. છાપાંઓ, રેડિયો, ટેલિવિઝન, ચલચિત્રો, નાટકો, ધર્મકથાઓ વગેરે માધ્યમો દ્વારા આ પ્રચાર ઝડપી બને છે. એમાં પણ છાપાંઓ વધુ ભાગ ભજવે છે. ઉદાહરણ તરીકે ક્રિકેટની રમત માટે ગુજરાતી છાપાઓમાં એના એજ અંગ્રેજી શબ્દો ચાલુ રહ્યા ત્યારે મરાઠી છાપાંઓએ તે માટેના મરાઠી શબ્દો નવા ઘડીને ઠીક ઠીક પ્રચલિત કરી દીધા.

વિદેશી ભાષાનું અનુકરણ કરનારું ગુલામી માનસ દૂર કરવા માટે ગાંધીજીના સમયમાં ભારતીય ભાષાઓમાં ક્રાંતિકારી પરિણામો આવ્યાં હતાં. સમયના વહેવા સાથે સામાજિક સંદર્ભ બદલાય છે અને તે પ્રમાણે ભાષા પાસે પણ અપેક્ષા રખાય છે. ઢેડ-ભંગી માટે ગાંધીજીએ પ્રયોજેલો શબ્દ 'હરિજન' આખા ભારતમાં પ્રચલિત થઇ ગયો સામાજિક ન્યાયનો પ્રભાવ ભાષા ઉપર પણ પડે છે. દુનિયામાં કેટલીક જાતિઓ, શોષક લોકોને કારણે વગોવાઈ જાય છે. 'અમદાવાદી', મારવાડી, 'સરદારજી' વગેરે શબ્દો જે લાક્ષણિક અર્થમાં પહેલાં વપરાતા હતાં અને હજુ પણ પણ વપરાય છે. તે પ્રત્યે વિરોધની પ્રતિક્રિયા ચાલુ થઇ છે. 'મારવાડી' એટલે કંજુસ એવો અર્થ ગુજરાતી શબ્દકોષમાં આપ્યો છે તે દૂર કરાવવા રાજસ્થાનમાં હિલચાલ થઇ હતી. આયરલેન્ડના માણસોમાં સામાન્ય બુદ્ધિ નથી હોતી એવી છાપ ઇંગ્લેન્ડના લોકોમાં રહેલી છે. અમેરિકામાં પોલેન્ડના લોકો માટે પણ એવા જ ટૂચકાઓ કહેવાઓ છે. જ્યાં સુધી નર્મ-મર્મની હળવી વાતો છે ત્યાં સુધી વાંધો ન હોય, પરંતુ જ્યારે તેવી વાતો ધિક્કારમાં પરિણમે છે ત્યારે તેનો પ્રતિકાર થાય છે. ભાષામાં ત્યારે ક્રાંતિકારક પરિબળો કામ કરી જાય છે

વર્તમાન સમયમાં સ્ત્રી-પુરુષની સમાનતાની ભાવના વધુ પ્રબળ બનતી જાય છે. પાશ્ચાત્ય જગતમાં સ્ત્રીઓ પ્રત્યેના ન્યાય માટેની માગણી માત્ર સ્ત્રીઓએ જ નહિ અનેક પુરુષોએ ઉઠાવી છે અને એની અસર ભાષા ઉપર પણ પડી છે. કેટલાક ભાષાવિદોએ ભાષામાં પણ સ્ત્રી-પુરુષની સમાનતા હોવી જોઇએ તેવો વિચાર પ્રબળપણે વ્યક્ત કર્યો છે. અંગ્રેજી ભાષામાં ઘડાએલા કાયદાઓમાં માત્ર 'He' વપરાય છે અને જ્યાં 'He' હોય ત્યાં 'She' પણ સમજી લેવાનું હોય છે. 'He' માં 'She' આવી જાય છે એમ કાયદો કહે છે. (જો કે અક્ષરોની દૃષ્ટિએ તો 'She' માં 'He' આવી જાય છે.) પરંતુ પાશ્ચાત્ય જગતમાં 'ઓલપરાન્તો' નામની નવી ભાષા તૈયાર કરવામાં આવી છે અને તે પ્રમાણે જ્યાં He લખેલું હોય ત્યાં બધે જ 'She' છાપવામાં આવે છે. અંગ્રેજીમાં One of his એમ લખવાને બદલે One of her કે One of their જેવા પ્રયોગો પ્રચલિત બન્યા છે. 'Chairman' શબ્દ પુરુષો અને સ્ત્રીઓ બંને માટે અગાઉ વપરાતો. હવે સ્ત્રીઓ માટે Chair Person શબ્દ વપરાય છે. સ્ત્રી દાક્ષિણ્યની ઉગ્ર ભાવનાવાળા Feminist માણસો તો વળી એથી આગળ જઇને એમ પણ કહે છે કે Person શબ્દમાં 'Son' આવે છે તે પુલ્લિંગ શબ્દ છે, માટે Chair perdaughtor જેવો શબ્દ વાપરવો જોઇએ. History જેવા શબ્દમાં His છે, તેને બદલે Her વાપરીને ઇતિહાસને માટે Herstorv જેવા શબ્દો પ્રચલિત કરવાના પ્રયત્નો થાય છે. એરપરાંતોની ભાવનાવાળા યુવક-યુવતીઓમાં મહિલાઓને ભાષામાં સમાન સ્થાન આપવા માટે સભાન પ્રયત્નો દ્વારા ક્રાંતિ કરવાના વિચારો ગતિમાન થઇ ચૂકયા છે. એમાં થોડો અતિરેક પણ કેટલાકને જણાય છે. એવો પરિવર્તનો કેટલો સમય ટકશે અને કેટલાં વ્યાપક બનશે એ વિશે પણ શંકા સેવાય છે.

દુનિયાની ભાષાઓમાં સૈદ્ધાંતિક દૃષ્ટિએ જોઇએ તો અનેક પ્રકારની અસંગતિઓ અને અપૂર્ણતાઓ રહેલી છે, ભાષા કયારેય સંપૂર્ણ માધ્યમ બની શકે નહિ. પાશ્ચાત્ય જગતમાં ઇંગ્લિશ અને ફ્રેન્ચ જેવી ભાષાની અસંગતિઓ તરફ વિશેષ લક્ષ ગયું છે. અંગ્રેજીમાં 'Put' નો ઉચ્ચાર 'પુટ' થાય છે અને 'Cut નો ઉચ્ચાર 'કટ' થાય છે. Calm, Psycho જેવા કેટલાય શબ્દોમાં કેટલાક વ્યંજનોનો ઉચ્ચાર થતો નથી. Colour, thorough જેવા કેટલાય શબ્દોની જોડણી અકારણ લાંબી છે. ઉચ્ચાર પ્રમાણે જોડણી કરીને ભાષાને સરળ બનાવવાનો પ્રયત્ન હવે થવા લાગ્યો છે. Unitone નામની નવી ફોન્યુંલા દ્વારા અંગ્રેજી ભાષાની જોડણીમાં ભવિષ્યમાં ધરખમ ફેરફારો થઇ જાય તો નવાઇ નહિ. વૈજ્ઞાનિક સાધનો તેમ કરવા

(અનુસંધાન પૃષ્ઠ ૧૪૬ ઉપર)

અગ્નિ એશિયામાં ભારતીય નામો કેવી રીતે આવ્યાં?

વિજયગુપ્ત મૌર્ય

અયોધ્યા ભારતમાં છે, પણ અયોધ્યા થાઇલેન્ડમાં પણ છે. આપણાં નગરો નદીઓ, વગેરે ભારત ઉપરાંત અગ્નિ એશિયાના દેશોમાં પણ એ નામધારી છે. એમ કેમ?

૧૬ મી સદીમાં યુરોપી સાહસિકો અમેરિકા જઇને વસવા લાગ્યા ત્યારે તેમને પોતાના વતનનાં નગરો, નદીઓ, વગેરે યાદ આવતાં હતાં. તેથી અમેરિકામાં તેમણે જે નગરી, વગેરે વસાવ્યાં તેમને પોતાના વતનનાં નામ આપ્યાં, પણ ગોટાળો ન થાય તે માટે એ નામની આગળ ન્યૂ એટલે નવું શબ્દ ઉમેરવામાં આવ્યો દા. ત. બ્રિટનમાં યૉર્ક નામનું નગર છે તેથી અમેરિકામાં વસાવેલા નગરને ન્યૂયૉર્ક નામ આપવામાં આવ્યું, જર્સીને ન્યૂજર્સી. આમ બ્રિટને યુરોપના ઘણા ભૌગોલિક નામોને ન્યૂ શબ્દ લગાડીને તેમણે પોતાના જન્મ સ્થળની યાદ કાયમ માટે ટકાવી રાખી. આવું રશિયામાં પણ બન્યું છે. ઝારના શાસન સુધી સાઇબીરિયા ગુનેગારોને સજા કરવાના પ્રદેશ તરીકે જ ઓળખાતું હતું. આ ભેંકાર ઠંડા પ્રદેશમાં જે કોઇ ગુનેગારને તડીપાર કરવામાં આવે તે ફરીથી પાછો પોતાના નગરમાં અને આપ્તજનોમાં આવી શકે નહીં. હવે સોવિયેત સઘની સરકારો પ્રગતિશીલ બનવા લાગી છે તેથી સાયબીરિયાને ગુનેગારોને સજા કરવાના સ્થળ તરીકે નાબુદ કરવામાં આવ્યું છે અને આપણને કલ્પનામાં ન આવે એટલી સમૃદ્ધિ ત્યાં વધતી જાય છે. નવા નવા હજાર ઉદ્યોગો સ્થપાતા જાય છે અને તેમને વિકસાવવા માટે તજજ્ઞો, ઇજનેરો, વિજ્ઞાનીઓ, કૃષિ વિસારદો, મજૂરો વગેરેને રહેવા માટે નવાં નગરોને જુદાં પાડવામાં આવે છે જેથી કયાંય ગોટાળો ન થાય. તે માટે તે સ્થળ અથવા નગરની આગળ નવો શબ્દ ઉમેરવામાં આવે છે.

વિદેશી મુસ્લિમોનાં આક્રમણ શરૂ થયાં પછી મુસ્લિમોની વસતિ વધવા લાગી તેથી તેમણે નવાં નગરો વસાવ્યાં અને જુનાં નગરોનાં સંસ્કૃત નામ બદલીને મુસ્લિમ નામ આપવામાં આવ્યાં. દા. ત. હિંદુઓના પરમ પવિત્ર યાત્રાધામ પ્રયાગને અલ્લાહાબાદ નામ આપવામાં આવ્યું.

પરંતુ અગ્નિ એશિયામાં આપણાં સંસ્કૃત નામો છે, તેની તવારિખ જૂદી છે. ઇ. સ. ના આરંભ પહેલાં પણ ભારતને પૂર્વે અગ્નિ એશિયાથી માંડીને પશ્ચિમે પૂર્વ આફ્રિકા તથા રાતા સમુદ્ર સુધી વહાણવટું હતું. રાતા સમુદ્રમાં દાખલ થયા પહેલાં એડનનો અખાત આવે છે. તેમાં સોકોટ્રા નામનો એક ટાપુ છે. જ્યાં પીવા માટે મીઠું પાણી અને ખોરાક માટે ફળો અને શિકાર મળી રહેતા હતા. ભારતના પશ્ચિમ કાંઠેથી તેજાના, ઉચ્ચ કોટીનું કાપડ, હાથી દાંતની કલાત્મક કારીગીરી, વગેરે ભરીને વહાણ ઝંપલાવે તેને એક અઠવાડિયા સુધી ઉપર ધોમ ધીખતો સૂરજ અને નીચે નીલરંગનો સમુદ્ર એ બે સિવાય બીજું કંઇ જોવા ન મળે. આખરે ક્ષિતિજ ઉપર સોકોટ્રા બેટ દેખાય ત્યારે વહાણવટીઓ ખુશ થઇ જાય. તેઓ આ મોટા ટાપુ પર ઉતરે, ન્હાય, પાણી પીએ, બીજું મીઠું પાણી ભરી લે, માંસાહાર માટે જે કોઇ પ્રાણી હાથવટમાં આવે તેમનો શિકાર કરે. જમીનના મોટા વજનદાર કાચબા પણ ભરી લે. માત્ર માંસ હોય તો તે બગડવાની વકી વધારે, પરંતુ જીવતા કાચબા હોય તો જ્યારે જોઇએ ત્યારે એકાદ જીવતા કાચબાને મારીને માંસ મેળવી લે. આ બેટ ઉપર વહાણવટીઓને દર વર્ષે અનુકૂળ ઋતુમાં આ બધું સુખ મળતું હોવાથી તેમણે આ ટાપુનું નામ સુખધરા પાડયું હતું. ધરા એટલે ધરતી, જ્યાં સુખદાયક ધરતી છે એવા ટાપુને તેનાથી વધુ સારું નામ નહીં મળ્યું હોય.

અંગ્રેજો નામ બગાડવા માટે નામચીન છે. સુખધરા નામ તો ઇ. સ.ના આરંભમાં કે તે પહેલાં અપાયું હશે ૧૬મી સદીમાં પહેલાં પોર્ટુગીઝો અને પછી અંગ્રેજો અહીં આવ્યા. પોર્ટુગીઝોએ આ ટાપુનું નામ સુખધરામાંથી સોકોત્રા કર્યું અને અંગ્રેજોએ સોકોટ્રા કર્યું. આમ સુખધરા નામ ભૂલાઇ ગયું અને સોકોટ્રા નામ પ્રચલિત થઇ ગયું.

અગ્નિ એશિયામાં આપણાં સંસ્કૃત નામોનો ઇતિહાસ જુદો છે. ઇ. સ. ના આરંભથી કે ઇ. સ. પૂર્વેથી આપણાં વહાણો સાંસ્કૃતિક મિશન લઇને અગ્નિ એશિયાના દેશોમાં જતાં હતાં. સઢવાળા વહાણોનું અગ્નિ એશિયા હંકારી જવું અને અસંખ્ય ટાપુઓ, સામુદ્રધુનીઓ, ખરાબાઓ વગેરે ભયજનક માર્ગે હંકારવા તે લોખંડી હિંમત અને દિશાઓનું ઊંડું જ્ઞાન માગી લે છે. આ વહાણોમાં ધર્મગુરુઓ, હિંદુ અને બૌદ્ધ મિશનરીઓ, કલાકારો, વિવિધ વિષયના નિષ્ણાતો વગેરે સામેલ થતાં હતા અને તેઓ અગ્નિ એશિયામાં મલય, ઇન્ડોનેશિયા, થાઇલેન્ડ, હિન્દી ચીન સુધી જતા હતા. મલેશિયામાંથી સીંગાપુરે નીકળી જવાનું પસંદ કર્યું છે.

આ ભારતીય વસાહતીઓએ અગ્નિ એશિયાના વિવિધ દેશોને ઘણું જ્ઞાન આપ્યું, ધર્મ આપ્યો, ભાષા આપી, વેપાર ઉદ્યોગ વધારી આપ્યા, કળાઓ આપી અને કેટલાંક સામ્રાજ્યો પણ સ્થાપ્યાં. દા. ત. શ્રી વિજય નામનું સામ્રાજ્ય એટલું સમૃદ્ધ હતું કે તેની સમૃધ્ધીથી કોઇપણ પ્રભાવિત થઇ શકે. તે પછી મુસ્લિમ આરબો ઇસ્લામના પ્રચાર માટે આવ્યા અને ઇન્ડોનેશિયાની પ્રજાને તથા મલયની પ્રજાને મુસ્લિમ બનાવી. આ બધી પ્રજાઓ મલય જાતિની છે પરંતુ હવે તેઓ પોતપોતાના દેશના નામે ઓળખાય છે.

અગ્નિ એશિયામાં હિંદુ અને બૌદ્ધ ધર્મનો પ્રચાર થયો હતો. ધર્મની સાથે કેટલીક વિદ્યાઓ પણ આવી લોકો કલાત્મક ચિત્રો બનાવતાં શીખ્યાં અને હિંદુઓના દેવો અગ્નિ એશિયાના દેવો તરીકે પણ ઓળખાતા થયા. સ્વ. ડૉ. રાધાકૃષ્ણનન કમ્બુચીયા (કમ્બોડીયા)ની મુલાકાતે ગયા હતા ત્યારે રાજા નરોતમ સિંહાનુકે ભારતીય સંસ્કૃતિના અવશેષો બતાવીને કહ્યું હતું કે અમારા દેશમાં ભારતની સંસ્કૃતિની કલાત્મક સમૃદ્ધિ છે તેટલી તમારા દેશમાં પણ નહીં હોય. જગતમાં સૌથી મોટું મંદિર અંગકોરવટ કામ્બુચીયામાં છે.

અત્યારે થાઇલેન્ડમાં જે પ્રજા છે તે ઉત્તરે ચીનમાંથી આવેલી થાઇ પ્રજા છે. તે રામાયણથી એવી પ્રભાવિત છે કે થાઇલેન્ડના આ રાજાઓ રામરૂપી વિશેષણ લગાવે છે, અને પછી પોતાનું નામ લખે છે. દા. ત. રામ પહેલાં, બીજા, ત્રીજા વગેરે તે પછી રાજાનું પોતાનું નામ આવે. અત્યારે જે રાજા છે. તેમનું નામ ભૂમિબાલ અતુલ્યતેજ છે. નાટકો, નૃત્યો અને સંગીત પણ રામાયણ પર આધારિત હોય છે.

ઇન્ડોનેશિયા વિશાળ બહુમતી ધરાવતો મલય દેશ છે. તેની પ્રજામાં ૮૦ ટકા જેટલી વસતિ મુસ્લિમ છે. તેમ છતાં તેની હિંદુ સંસ્કૃતિ તદ્દન નાશ નથી પામી. કેટલાક લોકો હિંદુ

ધર્મ પણ પાળે છે. સુકર્ણ મુસ્લિમ હતા છતાં નામ હિંદુ હતું. ઇન્ડોનેશિયનો પોતાના નામની પહેલાં સુ (એટલે સારું) અક્ષર ઉમેરે છે. કેટલાકનાં નામ અપભ્રંશ સંસ્કૃતમાં હોય છે. દા. ત. આન્ધ્રશાસ્ત્રવિદ્.

ભારત પાસેથી ધર્મ ગ્રહણ કરીને અગ્નિ એશિયાની પ્રજા હિંદુ સંસ્કૃતિને ભૂલી જવા માગતી ન હતી. તેથી પોતાની ભૂગોળને સંસ્કૃત નામો વડે અપનાવી લીધી. કેટલાક વિશેષ નામ ભારતમાંથી અગ્નિ એશિયાના દેશોમાં અપભ્રંશ થયાં છે. દા. ત. મલયાચલ પશ્ચિમ ઘાટની પર્વતમાળામાં જ્યાં સુગંધી તેજાના ઉગે છે તે પર્વતમાળાનું નામ મલયાચલ છે. મહાકવિ કાલીદાસે મેઘદૂતમાં તેનો ઉલ્લેખ કર્યો છે. અગ્નિ એશિયામાં મલયને ટૂંકાણે મલાયા અને મલયેશિયા બની ગયા. એવી રીતે કમ્બોજમાંથી કમ્બોડિયા થયું અને હવે કામ્પુચીયા તરીકે ઓળખાવવામાં આવે છે. શ્રી ડી. સી. સરકારે આપણાં કેટલાંક પ્રાચીન સંસ્કૃત નામો શોધી કાઢ્યાં છે જે હજી અસલ કે અપભ્રંશરૂપે બ્રહ્મદેશમાં વપરાય છે. આ નામોમાં અવંતિ, દ્વારાવતિ, ગાંધાર, કૈલાસ, કુશુમાપુર, મિથિલા, પુષ્કર, પુષ્કરાવતિ, રાજગૃહ વગેરેનો સમાવેશ થાય છે.

પંજાબની રાવી નદીનું નામ ઇરાવતિને ટૂંકાવીને બનાવવામાં આવ્યું છે. બ્રહ્મદેશની મુખ્ય નદી ઇરાવતિ છે જે બ્રહ્મદેશમાં ઇરાવદિ તરીકે ઓળખાય છે. બ્રહ્મદેશમાં આરાકાનની પર્વત-માળામાંથી વહેતી બે નદીઓને રામવતિ અને ધાન્યવતિ નામ આપવામાં આવ્યાં હતાં. પાગન નગરમાં એક મંદિરને આનંદ નામ આપવામાં આવ્યું છે આનંદ નામ થાઇલેન્ડના એક રાજાનું પણ હતું.

બ્રહ્મદેશની કળા ભારતીય કળાના સહકારથી વિકસી છે. જેમની કંઈ કિંમત ન થઇ શકે એવી કલાત્મક વસ્તુઓ બ્રહ્મદેશમાં છે. ઘણાં નગરોનાં નામ સંસ્કૃતમાંથી અપાયાં હતાં. કામ્પુચીયાનું અસલ નામ કમ્બુજ છે. શ્રેષ્ઠપુર નામના રાજ્યની રાજધાની કમ્બુજ હતી અને તે શ્રેષ્ઠવર્મને બાંધી હતી. અત્યારની મેકોંગ નદી ઉપર સમ્બર નામનું ગામ છે તેનું મૂળ નામ શંભુપુર હતું. કામ્પુચીયામાં અંગકોરવટ નામનું મંદિર સંકુલ છે જે શિવને અર્પણ થયેલ છે. દૂરના ભૂતકાળમાં કમ્બોજના રાજકર્તાઓ દુશ્મનથી ડરીને કમ્બોજ ખાલી કરીને ભાગી ગયા હતા. ત્યજી દેવાએલી સ્થાવર મિલ્કતને જીવડાં કોતરી ખાય છે અને વનસ્પતિ ઉગી નીકળે છે. તેમાં તે ધમારત ડૂબી પણ જાય. એક ફ્રેંચ વિદ્વાન આ પ્રદેશનો અભ્યાસ કરતો હતો. તેમ એમ લાગ્યું કે લોકો જેના નામ, ઠામ અને કામ ભૂલી ગયા છે એ મંદિર સંકુલને શોધી કાઢવું જોઇએ. ખૂબ રખડ્યા પછી તેને મુખ્યત્વે વડ-પીપળા વડે કંઈ દટાયેલું હોય તેમ લાગ્યું. તેણે કેટલીક વનસ્પતિ કપાવીને જોયું તો તેમાં મહાદેવનું મંદિર દેખાયું અને વડ-પીપળા વગેરે વનસ્પતિઓ મંદિરોને એવી ભીંસમાં લીધાં હતાં કે મંદિરો તેમની નાગચુડમાં ઢંકાઇ ગયાં હતાં. ખંડિયેર જેવાં બની ગયેલાં મંદિરોને મુક્ત કરવાં તેની ઉપરથી બધી વનસ્પતિ કાઢી નાખવામાં આવી ત્યારે એ ખંડિયેરોમાં પણ ઉત્તમ શિલ્પકળા જોવામાં આવી. હવે ભારત સરકાર યુનોની કોઇ શાખા દ્વારા આ મંદિરોનો જીર્ણોદ્ધાર કરી આપે એવી કંઇક ગોઠવણ થઇ છે. ઇન્ડોનેશિયાનો મુખ્ય ટાપુ જાવા છે. નાના-મોટા હજારો ટાપુઓ ચૌદ જાવામાં વસ્તુ વસતિ છે. તેનું નામ પણ આપણે આપ્યું છે. આપણાં સાહિત્યમાં તેનું નામ યવદ્વીપ છે. યવ એટલે સમગ્ર અને તેમાં આવેલો બેટ તે જાવા. શ્રી વિજયના સામ્રાજ્યનું કેન્દ્ર જાવામાં હતું. જાવાની પ્રજાએ ખેતી માટે નહેરો ખોદવાની ઇજનેરી વિદ્યાનું જ્ઞાન મેળવ્યું. નવમી સદીમાં રાજા જયવર્મન બીજાએ પોતાની રાજધાની ડુંગર ઉપર બાંધી હતી. ડુંગરનું નામ મહેન્દ્ર પર્વત હતું. એક પર્વતનું નામ હેમગિરિ હતું. હેમગિરિ એટલે સોનાનો ડુંગર. ઇન્ડોનેશિયામાં બલિ એક જ એવો ટાપુ છે કે જ્યાં ઇન્ડોનેશિયન હિંદુઓ વસે છે. બીજાઓને હજી ભારતીય નામો પણ અપાય છે.

આપ્ત પ્રજાની રામભક્તિ એટલી બધી છે કે એક નગર વસાવીને તેને અયોધ્યા નામ આપ્યું. કાળનું ચક્ર ફર્યા જ કરે છે અને સુખધરાથી સિંગાપુર સુધીના ફલકમાં કેવા બનાવો બની ગયા, અને હજી કેવા બનાવો બનશે તે આપણે જાણતા નથી. પરંતુ આપણો આ વસાહતિ ઇતિહાસ ગૌરવ લેવા જેવો તો છે જ.

રાષ્ટ્રભાષા હિન્દીમાં વિચારગોષ્ઠિ

સંઘના ઉપક્રમે રાષ્ટ્રકવિ શ્રી મૈથિલિશરણ ગુપ્તના શતાબ્દી વર્ષ નિમિત્તે રાષ્ટ્રભાષા હિન્દીમાં એક વિચાર ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમની વિગત આ પ્રમાણે છે :

વક્તા	વિષય
* ડૉ. રામમનોહર ત્રિપાઠી	રાષ્ટ્રકવિ શ્રી
મહારાષ્ટ્ર વિધાન પરિષદના	મૈથિલિશરણ
શ્રમ અને નગરવિકાસ ખાતાના	ગુપ્ત અને
ભૂતપૂર્વ રાજ્યમંત્રી	રાષ્ટ્રીય કવિતા
* ડૉ. વિનોદ ગોદરે	મૈથિલિશરણ ગુપ્તની
અધ્યક્ષ : હિન્દી વિભાગ	રાષ્ટ્રીય ચેતના
મુંબઇ યુનિવર્સિટી	

કાર્યક્રમ અધ્યક્ષ: ડૉ. રમણલાલ ચી. શાહ

અતિથિ વિશેષ: શ્રી હરિશંકર

અધ્યક્ષ: રાષ્ટ્રીય હિન્દી સંસ્થાન, મુંબઇ

સ્થળ: પરમાનંદ કાપડિયા સભાગૃહ
૩૮૫, સરદાર વી. પી. માર્ગ, પ્રાર્થના સમાજ,
વનિતા વિશ્રામ સામે,
મુંબઇ-૪૦૦૦૦૪.

દિવસ: શનિવાર, તા. ૨૧-૨-૧૯૮૭

સમય: સાંજના ચાર વાગે.

સર્વેને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ કે. પી. શાહ
ઉપપ્રમુખ પન્નાલાલ ૨. શાહ

પ્રવીણચંદ્ર કે. શાહ મંત્રીઓ
કોષાધ્યક્ષ નિરુબહેન એસ. શાહ

અસંતલાલ નરસિંહપુરા શૈલેશ એચ. કોઠારી
સંયોજક સહમંત્રીઓ

ગુજરાતી કવિતામાં વનસ્પતિ

© તનસુખ ભટ્ટ

(ગતાંકથી પૂર્ણ)

લોક સાહિત્યમાં વરત-ઉખાણાંનો એક કાવ્ય પ્રકાર છે. તેમાં પદાર્થના ગુણધર્મ વર્ણવીને તેને ઓળખી કાઢવાનું કહેવામાં આવે છે. આવાં લક્ષણ મુક્તકો જોઇએ.

ભોમાં પેસી ઘર કરે, જળમાં જેસી નહાય;
મરતક વાઢયે નવ મરે, (પણ) આંખ વાઢયે જીવ જાય.'

ઉત્તર–શેરડી

'અધસૂકું, અધલીલહું ત્રાંસાવરણું જેહ,
અમે મગાવ્યું જેઠવા, આણી આપો તેહ.

ઉત્તર–શ્રીફળ

'ઘર પર ભરિયલ કોરો, ગગનાસર બાંધલ ગળે,
પવને નવ પેખેલ, માછલજળ માણેલ નહિ.'

ઉત્તર—શ્રીફળ

'અણિયાળાં ને વાંકડાં, સૂડા, વરણાં જેહ,
સમજીને ગજકરણના ! અમને એવું દેહ.'

ઉત્તર—નાગરવેલનાં પાન

'નાગી નગરમાં ફરે, વનમાં પહેરે ચીર
ગણેશનાં કારજ કરે, લાવો મારા વીર'.

ઉત્તર—સોપારી

'લાલ ભાલ ને ગાલ સહુ, પણ પરણે નહિ કોય
લજ્જાને બાડી કરી, શામળિયા સો હોય,

ઉત્તર—ચણોઠી

'પિયુ જાજે પરદેશ ને, લાવજે હળદર, હીંગ,
એક ચીજ તો લાવજે, (જેને) માથે ચાર જ શીંગ

ઉત્તર—લવીંગ

'જે થડ વાયુ ન સંચરે, છાંય ન બેસે કોય,
ફળ મોકલજે પિયુ ! (મારે) એકાદશી વ્રત હોમ,

ઉત્તર—બગફળી (મોંડવી)

'કફકટણ, વાયુહરણ, ધાતુ ક્ષીણ, બલહીન
લોહી કેરા પાના કરે, દો ગુણ, અવગુણ તીન,'

ઉત્તર—કાફી

'આપે જલમી બેટડી, બેડીએ જલમ્યો બાપ.
અરથ કરો ધ ઠાકરાં ! બેટી વધે કે બાપ ?'

ઉત્તર–અબો

પ્રદેશ પરિચયનાં પણ મુક્તકો લોકસાહિત્યમાં છે, એક જોઇએઃ–

'કળ કોળી, ધૂળ લીબોળી, વનસ્પતિ હરમાળ
(પણ) નર પટાધર નીપજે, જોય દેવકો પાંચાળ.'

ઋતુવર્ણન કરતાં લોકકવિ કહે છે :–

'રાયણ, જાંબુ, રાવણાં, ઘન આંબુ, ગળ દ્રાખ,
પેટારી મશરી પડે, શાખ ગળે વૈશાખ,
પીપળ પાન ખરતાં, હસતી ફૂંપળિયાં,
અમ વીતી તમ વીતશે, ધીરી બાપલિયાં,
ફોરિયા ફાગણ, પવન ફરહર, મહુ અંબા મોરિયા,
ઘણ રાગ ગાવે ફાગ મનહર, ઝટે પવન જોરિયા.'

એક ઉપદેશાત્મક મુક્તકમાં લોકકવિ કહે છે :

'કડવી હોયે લીંબડી, શીતળ એની છાંય,
બંધવા હોય અબોલણાં, તો ય પોતાની બાંય.'

ગિરનારને પરાણે છોડતાં રાજુકદેવી ઠપકો આપે છે :–

'વહુંવાવડી તણું ! ન ધાણિયા ! નીલો રિયો
મરતાં રાખેંગાર, સૂની સાલ ન થિયો
ચંપા ! તું કાં મોરિયો ?' થડ મેલું અંગાર
માણીગર માર્યો ગિયો ખંતીલો ખેંગાર.'

પરચુરણ મુક્તકોમાં લોક કવિઓ લખે છેઃ

'આંબો અમૃતઝાડ, પખેડો પોગે નહિ
સહાની પડેલ શાખ, બોય પડી ભાવે નહિ,
આંબા, જાંબુ, આંબલી, સરસ ગુલાબ સુરંગ,
કેતકી ચંપો કેવડો, નિરખી હરખે મન,
આંખેથી ઊડેલ, બાવળ મન બેસે નહિ.
ચંદનથી ચૂડેલ, વિસામો વન કો નહિ.
ચંપા, તુજમેં તીન ગુન, રૂપ, રંગ અરૂ બાસ
અવગુન કિન્તુ એક હૈ, ભ્રમર ન અવિત પાસ
રાણા ! રાતે ફૂલ બાબર નોંધલિયા
સાજણ ઘેરે સામટે, આણાત, ઊધલિયાં,
ગયં ધાકી છે ગુંદીએ વનફળ વેડયાં નહિં.
આટકતે આંબે, સાધાળુ રિયાં સૂરના !
બાવળ ને ઝાડ જ બીજાં, વાધે નીર વન્યા,
(પણ) કેળવું કેળે ના, પાણીવણની પોરસા !'

લોક કવિઓની મુક્તક પરંપરાને ચાલુ રાખતાં અર્વાચીન યુગની પ્રથમ કવિતા લખનાર દલપતરામ સુંદર મુક્તકો લખે છે. તેમાંનું એક જોઇએ–

'અરે ! ન કીધાં કયમ ફૂલ આંબે, કર્યા વળી કંટક શા ગુલાબે ?
સુલોચનાને શિર અંધ સ્વામી, અરે ! વિધાતા ! તુજ કૃત્ય ખામી'

ઝપાટાબંધ ઉદય થતાં કે થોડી સંપતિ મળતાં છીછરા માણસો મગજ ગુમાવે છે. તેવા આછકલા માણસોની મૂર્ખતા પર કટાક્ષ કરતાં દલપતરામ કહે છે :–

'ભીંડો ભાદરવા તણો, વડને કહે 'સુણ વીર,
સમાઉં નહિ હું સર્વથા, તુંજ સરવર તીર"
"તું જા સરવર તીર, સુણી વડ ઉચર્યાં વાણી
"વીત્યે વર્ષાકાળ જાશે હું બીજે જાણી"
દાખે દલપતરામ, વીત્યો અવસર વર્ષાનો
ગયો સુકાઇ સમૂળ, ભીંડો તે ભાદરવાનો"

લાખો કે કરોડો વરસો ઉપર સૌરાષ્ટ્ર એક બેટ હતો. પછી ગુજરાત તરફનો સમુદ્ર પૂરાતાં તે ગુજરાત સાથે જોડાઇ ગયો. છતાં પુરાયેલા સમુદ્રની જગ્યા ઉપરના કાંપમાં દરિયાની ખારાશ તો રહીજ. લીમડીથી અમદાવાદ બસમાં આવતાં એક પણ વૃક્ષ વિનાની અને સાવ સપાટ જમીન આવે છે. તેવી જમીનને ખારોપાટ કહે છે. તેનું પાણી પણ ભાંભળું હોય છે. આમ પણ સૌરાષ્ટ્ર જળ વિનાનો ને વૃક્ષ વિનાનો પ્રદેશ છે જ. તેવા પ્રદેશમાં મધ્યાહ્નને, મુસાફરી કરનારની શી વલે થતી હશે તે વાત આજના બસની મુસાફરી કરનાર જમાનાને કલ્પનામાં જ નાહ આવે. મારા જમાનાએ ત્રિશેરા-વરથામાં આવી મધ્યાહ્નની મુસાફરી કરી છે તેથી હવે મુકાનારી કવિતાની જેટલી કદર મારી પેઢી કરી શકશે તેટલી કદર આજની બસસવાર પેઢી નહિ કરી શકે. દલપતરામે 'બાપાની પીપર' નામની કવિતા વિ. સં. ૧૯૦૧ (ઇ. સ. ૧૮૪૫)માં લખેલી અ. ક. ઠાકોર તેમની 'આપણી કવિતા સમૃદ્ધિ'માં પુષ્પિકાન્તે તેને

અર્વાચીન પ્રથમ કાવ્ય કહે છે. તેમાં એક જ વૃક્ષનો કયારેક ઉલ્લેખ છે. પરંતુ તેને કારણે ઉપજતા મનોભાવોને લીધે, અર્થાત વનસ્પતિનો માનવ ચિત્ત ઉપર પડતા પ્રભાવને લીધે, તે સ્મૃતિમાં છે તેટલી કર્યાક અધૂરી, ઉતારું છું. દલપત-નર્મદે વૃક્ષ ઉપર આખાં કાવ્યો લખ્યાં છે તે વિચારવા જેવું છે.

'વિચરીને વઢવાણથી, લીધો લીમડી પંથ
વીતક વરણુવતાં વધે, ગ્રીષમ વરણુન ગ્રંથ
ગ્રીષમવરણુન ગ્રંથ પંથમાં ન મળ્યું પાણી
છાંયો ન મળે છેક, રહી શિર રામકઢાણી
દાખે દલપતરામ, ભરી જોતાં મન ભાવી
પીપર બાપા તણી, લીમડી લગભગ આવી,
લગભગ આવી લીમડી, દોઢ ગાઉ પર દૂર
ત્યાં તો ઘોમધખ્યો ઘણો ન રહ્યું તનમાં નૂર
ન રહ્યું તનમાં નૂર, સૂરજે શરીર તપાવ્યું
પાણી ન મળે છેક, એક પણ ઝાડ ન આવ્યું.
ત્યાં બેસીને ત્રણ ઘડી કવિએ કર્યો વિરામ
જાગે અતિ સુખ ઊપજ્યું આશીષ દીધી આમ
આશીષ દીધી આમ, નામ તુજ નવજુગ રહેજો
તુજને વાવી તેહ લાખ સુખ સ્વરગે લેજો
દાખે દલપતરામ, રામનું રટણ કરીને
કવિએ કર્યો વિરામ, ઘડી ત્રણ ત્યાં બેસીને,
આરી પીપર પદમણી, શાંતિદાન દેનારી
ભૂપતિ વિક્રમરાજ સમ, તું અતિશે ઉપકારી
તું અતિશે ઉપકારી, તારી કીર્તિ શું કહીએ
જે ઉચરું તે અલ્પ, એમ અંતર ધરી રહીએ
દાખે દલપતરામ, ભલી જનમી તું ભૂ પરે,
વિક્રમ સંવત એક, ઓગણીસોની ઉપર'

દલપતરામ 'બાપાની પીપરને' 'શાંતિદાન દેનારી' કહે છે તો નર્મદાશંકર 'કબીરવડ એ શોક હરતો' કહે છે.

નર્મદ લખે છે:-

જુરો ભારખો ઝાંખો, દૂરથી ધુમેસ પ્હાડ સરખો
નદી વચ્ચે ઊભો, નિરભયપણે એક સરખો
દીસે હાર્યો જોદ્ધા, હરિ તણું હૃદે ધ્યાન ધરતો
ત્યારે એકતિ, કબીરવડ એ શોક હરતો
જતાં પાસે જોઉં, વડ નહિ વડોનું વન ખરે
અહો આડા ઊભા નિકટ નીચે ઉપર જે;
ઝાડો ઝાઝા તો યે, સહુ ભળી ગયે એક દીસતો
જળા સંઘાએાનું, અસલ જીવતું એક મૂળ તો
ફૂટી ડાળોમાથી, પ્રથમ તરુ કેરી નીકળતા
ઊંચે તેવા તંતુ, વધી જઈ નીચે જે લટકતા
જટાની શોભાથી અતિશ શરમાઇ શિવ ઊઠયા
જટા લાંબી લાંબી, મૂળ થડથી થોડેક દૂર જે
નીચે ભૂમિ સાથે અટકી પછી પૈસે મહીં જ તે,
ભળી મૂળિયામાં, ફરી નીકળી આવે તરુ રૂપે
ઝાડો બાંધી મોટો, ઘણીક વડવાઇ કરી રહે,
ઝાડો વચ્ચે વચ્ચે, તરુ અવર આસોપાલવનાં
વડોથી ઊંચાં છે, બીચબીચ ભર્યાં પત્રથી ઘણાં
ઘણા આંબા ભેગા, વળી ઘણીક સીતાફળો ઊગે
બીજાં ઝાડો, છોડો, વડની વચમાં તે જઈ ઘુસે,
જટા ઘાળી લીધે, ઘણીક ફરવાને ગલી થઇ
અબોલો બંધાઇ, રમણીય બહુ બેઠક બની
નિરંતે જેમાં તો, ખુશી થકી રમે લાલ લલના
નિરંતે જેમાં તો, ખુશી થકી રહે જોગી જપમાં
ઠરી મારી આંખો, કબીરવડ તુંને નિરખીને
ખરી પાપી બુદ્ધિ, ખરી જ રુડી જાત્રા થઇ મને
વિશેષે શોભે છે ગભીરવડ, તુંથી નરમદા
કૃતાર્થી મોટો હું, દરશન વડે છું નરમદા'

નરસિંહરાવ કરેણુ કુસુમોને કહે છે:-

'બધુ સ્રોતપટે મળી એકરસે, શું અનંત કરેણુ કુસુમ હસે.'

'ક્રાન્ત' પ્રણયગાન ગાતાં આંબાને યાદ કરે છે:-

આંબાડાળે કોયલ બોલે
મલ્હારો મોરલિયા બોલે
વ્હાલમિયો પોઢયાં હીંડોળે
જાવું ત્યાં હાવાં.

'કલાપી' ગ્રામ્યમાતામાં એક દંતકથા વર્ણવતાં કહે છે:-

'પ્યાલું ઉપાડી ઉભી શેલડી પાસ માતા
છૂરી વતી જરીક કાતળી એક કાપી
ત્યાં સેર છૂટી રસની ભરી પાત્ર દેવા
ખ્હોળો વહે રસ હવે છલકાવી પ્યાલું.'

ત્રિભુવન વ્યાસ 'ગીરનાં જંગલ' વર્ણવતાં કહે છે:-

'પુષ્પિત તરુ વનવેલ વસંતે, નવપલ્લવ ધેઘૂર બને
રૂંઢ બાખરા બિલે કેશુડે, મધુકર ગુંજન છાય વને
કલરવ કોકિલ કોર તણા, જો ગાજે જંગલ ગીર તણા

મહા કવિ નાનાલાલ વસંત વર્ણન કરે છે:-

અબોથી ઊતરી શાખો માંડવે પાકી દ્રાખ જો
આપણી યે ઋતુ પાકયે, પાકી સંસારશાખ હો,
'સરોવરની વચ્ચે વેદ જેવો
બહુશાખાળો પુરાણ વડલો ડોલતો
જુગજુની વડવાઇઓ હતી.'

ચરોતરના રમણીય પ્રદેશનું વર્ણન કવિ આમ કરે છે:

રૂપેરી ઝુલવારી ઝુલત કરિણી શી, આમ્રની માળ મોરે
ડોલંતી વસ્ત્ર ઊંચે, કનકપગ ખુલી, નર્તકી જેવી કેળો;
ચોચેયાં ચોળી ઢળતાં રતન સમ દગની કીકી શાં શ્યામ જાંબુ
ટોળે જાણે મળી શું, સહિયર રમવા વાડીની એવી કુંજો.'

અરદેશર ફરામજી ખબરદાર ચમેલીને વખાણે છે:

'બહુ સેવતી આંહી ભમેજ ફુલે, વળી ગર્વથી તેમ ગુલાબ ખુલે
પણ તુજ સુવાસ સમીપ ભુલે, કુલરાણી ચમેલી!'

અન્ય કવિઓએ ન વર્ણવ્યાં હોય તેવાં વૃક્ષો તથા પુષ્પોને વર્ણવતાં કૃષ્ણલાલ શ્રીધરાણી કહે છે:-

'ઘર આંગણે ઊભું સામે, શેતુર કેરું ઝાડ
હાથ ફેરવી પંપાળે એ, પછવાડેની વાડ
'આમલીનાં ડાળ વીંઝે વીંજણા
શાલવનનાં પણ ગાય વધામણાં'
કેતકીની ફાટફાટ કાય એનું અંતર ઊભરાય
વગડાની વાટે કો લજ્જામણીનો લુમખો
કુલડાં સંગાથે એક શેવતીનો ઝુમખો
આવળ, બાવળને બોરડી ઊભાં આડાં શરુનાં ઝાડ
પીળા પલાશનું કૂલહું લાધ્યું, જોબનપૂરમાં જોબન વાધ્યું.
તારાઓએ આંસુ પાયાં
પીલુડીએ ઢોળ્યા છાંયા
તુજ પર વલ્લભીપુર!
મોટા શ્યામ ગુલાબ સરીખો, અંબોડો રૂપકાર મઢયો
બટમોગરાની ચકચેણીએ, તિખેટ શાલીગ્રામ જડયો'

ગ્રામજીવન વર્ણવતા 'સુન્દરમ્' કહે છે :–

ભાણું ને પ્હોળું ખેતર, જુવારે લચતું હતું
લીલું, લીલું બહીને સૌ, કલ્લોલ્યાં ખાળ ને અમે
શિરીષ ના, ગુલમહોર અહીં ના
અંબો ના, કોકિલ ટહુકત ના
લતાકુંજ ના, પુષ્પકુંજ ના
સાયકલના રરતે

ઉમાશંકર જોષી વનઉપવનની વનસ્પતિ વર્ણવે છે:–

"પલાશ મહુડા વિશાળ વડ આમલીનાં મને
હલાવી નિજ મંદ ડાળ, વ્યંજનો નિમંત્રે અને
ભૂલો પડ્યો તું અહીં કયાંથી ગોટલો ?
આંબો ન એ કે નજરે પડે અહીં
મારે અંબોડેલ ત્રણ ત્રણ ફૂલ
ડોલર, ચંપો ચમેલડી
"પંપાસરોવરે ખીલ્યાં'તાં પોયણાં!"

સુંદરજી બેટાઈ ઉદ્યાન અને રાનનાં પુષ્પોને કહે છે:–

ગુલાબના છોડની જોડાજોડ
રાવી ખડા બે ત્યહીં ફુલ ઢોડ

પ્રહલાદ પારેખ જુઈનો સ્વભાવ પારખે છે :–

સાગરની ચાદર ઓઢીને. સૂરજ, જ્યારે પોઢી જાય
ખીલે છે જૂઈ, ત્યારે, તેને ગમતું અંધારે,
તિમિરમાં જરી દૂર, ધરી નિરખતો ગિવલી પડતી હતી
વિમલતા સહુ પાંખડીએ ભરી, શરદકાળ તણી વળી તાજગી !

રમણિક-અરાલવાળા પીપળાને સંત કહી સંબોધે છે :–

'શેરીના સંત સમા પીપળા રે લોલ
મરમરમાં ભનિયા મસ્તાન રાજ'

ખંડેરમાં ઊગેલા પીપળાને અરાલવાળા પૂછે છે :

'ઊગ્યો અશ્વત્થ (ધ) કયા, રસકસસભરા છોડીને આ ધરિત્રી !'

શ્રીકૃષ્ણ વિના જેમાં કોઇ સૌન્દર્ય નથી જોતું તેવી ચણોઠીમાં સૌન્દર્ય નિરખી બાલમુકુંદ દવે તેને વર્ણવે છે :–

'હું તો કાંટાળી ઝા, વનપંથ તણી વાડ વચમાં
ચણોઠી છું નાની, અચણુચ ઊગી અંતરવ્યથા !'

વનસ્પતિએ કવિ ચિત્ત પર પાડેલા પ્રતિભાવ વિષે વિચારતાં એમ લાગે છે કે અખા જેવા જ્ઞાનીને કે ધીરા જેવા યોગીને જીવ, જગતને જગદીશ્વરમાં રસ છે, ચિત્ત, ચિત્તવૃત્તિઓ, ચિત્તકષાયો અને તેનાં અનિષ્ટો દૂર કરવામાં રસ છે. બાહ્યજગત તેમને આકર્ષતું નથી, નરસિંહ જેવા જ્ઞાનીભકત થોડો અને મીરાં જેવી પ્રેમીભકત ઝાઝો રસ દર્શાવે છે–અર્થાત્ જગતમાંથી તેઓ અલંકારો ઉઠાવે છે. અર્વાચીન કવિતા સંસારમાં રસ લે છે. દલપત-નર્મદ તેનાં ઉદાહરણ છે. નગરજીવનમાં ઉછરેલા ભ્રાન્ત કલાપી, બોટાદકર વનસ્પતિ પ્રત્યે થોડો રસ દાખવે છે. ગ્રામજીવનમાંથી આવતા કે તેમાં રહેલા ગાંધીવાદના યુગના કવિઓ તેમાં વધારે રસ દર્શાવે છે. નગરજીવનના કવિઓ વન, તરુ, પુષ્પો, ઝરણાં જેવા સાધારણ ઉલ્લેખો કરે છે. પરંતુ શ્રીધરાણી, સુન્દરમ્, પ્રહલાદ પારેખ, અરાલવાળા, બાલમુકુંદ વગેરે અસ્પષ્ટ વાતો ન કરતાં નજરે જોયેલી, અનુભવેલી, જીવનમાં વણાયેલી વનસ્પતિ વિષે લખે છે, ગાંધીવાદી કવિઓ વનસ્પતિ વિષે સાચો અનુભવ દાખવે છે, પ્રેમાનંદ કે નાનાલાલને બંદીને જ વિરમીએ.

* * *

સત્સંગ-પ્રવાસ

સંઘના ઉપક્રમે, અવારનવાર, અધ્યાત્મ – સત્સંગલક્ષી પ્રવાસો યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. સત્સંગ પ્રવાસો નજીકના રથળોના અને એક કે બે દિવસ પૂરતા રાખવામાં આવશે. તેનો ખર્ચ, તેમાં જોડાનાર સભ્યોએ ભોગવવાનો રહેશે.

આવા સત્સંગ પ્રવાસોમાં જે સભ્યોને રસ હોય તેમણે તેમનાં નામો સંઘના કાર્યાલયમાં તા. ૧૫ ૩ '૮૭ સુધીમાં નોંધાવી દેવા, જેથી જ્યારે જ્યારે આવું આયોજન થાય ત્યારે ત્યારે રસ ધરાવતા સભ્યોનો સંપર્ક થઇ શકે.

ધીરજલાલ કુલચંદ શાહ — કે. પી. શાહ
સંયોજક
પન્નાલાલ ૨. શાહ
મંત્રીઓ

સુરતમાં અસ્થિ સારવાર કેમ્પ

સંઘના ઉપક્રમે અને સુરતની રાષ્ટ્રીય એકતા સંમેલન અને ગાયત્રી મહાયજ્ઞ સમિતિના સહયોગથી સુરતમાં રામીપંચની સોરઠીયા વાડી, કદમ્પલ્લી સોસાયટી ખાતે મંગળવાર, બુધવાર, ગુરુવાર અનુક્રમે તા. ૨૭, ૨૮ અને ૨૯ જાન્યુઆરી, ૧૯૮૭ના પ્રખ્યાત અસ્થિ ચિકિત્સક ડો. જે. પી. પીઠાવાલાની ત્રિદિવસીય અસ્થિ સારવાર શિબિર યોજવામાં આવી હતી. ત્રણ દિવસના આ કેમ્પમાં કુલ ૪૧૮ દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પ માટે સંઘની સમિતિના સભ્યો શ્રીમતી સુલીબહેન હીરાણી, શ્રીમતી પદ્મલેખાબહેન અને સંઘના કાર્યાલયના સભ્યોમાંથી શ્રી એલ. એમ. મહેતા, શ્રી દીપક શાહ વગેરેએ હાજરી આપી આ કેમ્પને સફળ બનાવવા સુંદર સહયોગ આપ્યો હતો. ડો. પીઠાવાળા અને તેમના સાથીઓએ ભારે જહેમત પૂર્વક તમામ દર્દીઓને યોગ્ય સારવાર આપી હતી.

'પ્રબુદ્ધ જીવન' અંગે સૂચનાઓ

* 'પ્રબુદ્ધ જીવન'માં સામાન્ય રીત કાવ્ય, વાર્તા અને નાટક ઇત્યાદિ લેવાતા નથી. ધર્મ, અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, સમાજ, રાજકારણ, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન, આદિ જીવનનાં વિવિધ ક્ષેત્રો અને વિષયો પરના લેખોને આ પત્રના ધોરણ અનુસાર સ્થાન અપાય છે.

* પ્રગટ થતા લેખોને યોગ્ય પુરસ્કાર આપવામાં આવે છે.

* લખાણ સારા અક્ષરે ફૂલસ્કેપ કાગળ પર શાહીથી એક બાજુ લખાયેલું હોવું જરૂરી છે. અસ્વીકૃત લખાણ પાછું મોકલાતું નથી. તેથી લેખકોએ લેખની એક નકલ પોતાની પાસે રાખવી. ટપાલમાં કે અન્ય કારણે ગુમ થયેલ લેખ માટે અમે જવાબદાર નથી.

* વિષયોનું વૈવિધ્ય અને પૃષ્ઠ સંખ્યાની મર્યાદા જાળવીને લેખો પ્રગટ કરવામાં આવે છે. લેખ કયારે પ્રગટ થઇ શકશે તે ચોકકસ જણાવવાનું મુશ્કેલ છે.

* 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતાં લેખોમાં રજૂ થતા વિચારો તે તે લેખકોના છે. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીની કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની તે વિચારો સાથે સહમતી હોવાની જવાબદારી રહેશે નહિ.

* લેખ મોકલવાથી માંડીને વ્યવસ્થા અંગેનો તમામ પત્રવ્યવહાર 'સંઘ'ના કાર્યાલયના સરનામા પર કરવા વિનંતિ.

–તંત્રી

અંતરના ગોકુળ—વૃંદાવનની વાત

પન્નાલાલ ૨. શાહ

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ;
તેલબિંદુ જેમ વિસ્તરેજી, જળમાંહે ભલી રીતિ.
સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ...૧

સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
મરિમલ કસ્તુરી તણોજી, મહીમાંહે મહકાય..... સોભાગી...૨

આગિળીએ નવિ મેરુ ઢંકાયે, છાબડીએ રવિ તેજ;
અંજલિમાં જિમ ગંગ ન માયે, મુજ મન તીમ પ્રભુ હેજ સોભાગી...૩

મુખો છીપે નહિ અધર અરુણ જિમ ખાતાં પાન સુરંગ;
પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તીમમુજ પ્રેમ અભંગ સોભાગી...૪

ઢંકી ઇક્ષુ પરાળશું જી, ન રહે લહી વિસ્તાર;
વાચક યશ કહે પ્રભુત ણોજી, તીમ મુજ પ્રેમ પ્રકાર સોભાગી...૫

—યશોવિજયજી

* * *

ભક્ત-ભજન મનમાં ગૂંજતા રહેવાનું, વાગોળતાં રહેવાનું શ્રી મુકુન્દરાય પારાશર્યના મોટા બા કહેતા. એમનાં મોટીબાની આ વાત એમના શબ્દોમાં નોંધતાં એમણે લખ્યું છે: 'ગાય ચૂંથીને ચરે, જે સારું હોય, પોષણ મળે તેવું હોય તે ચરી લે ને પછી નિરાંતે બેસી વાગોળે. એમ આપણે જે સારું જોયું-સાંભળ્યું હોય તે યાદ રાખી એકલાં પડીએ ત્યારે વાગોળીને તેનો સાર પચાવી લેવો જોઈએ. વળી, સારાં ભજનને આશરે રહીએ તો આડા વિચાર ન આવે એ ઘણો મોટો લાભ છે. એક સારો શ્લોક, કડી, દુહો કે લીટી: એ તો કયારેક મંદિર બની જાય, કયારેક તીર્થજળ બની જાય તો કયારેક ગોકુળ વૃંદાવનનો વગડો બની જાય.' આપણી બુદ્ધિ હાલે નહિ. વિચાર અટકાય, મૂંઝવણ થાય તોયે આ તો ભગવાનની ભજનભૂમિ છે એમ સમજાવી એમણે ઉમેર્યું: 'એ તો જે એવું ભક્ત રહ્યે યાદ કરે ને સમજે પ એ માણે'. *આધ્યાત્મિક દૃષ્ટિએ સાત્ત્વિક ચરવાની, પછી નિરાંતે વટવૃક્ષની છાયામાં બેસીને વાગોળવા-માણવા જેવી અને મનનાં એવાં ગોકુળ-વૃંદાવનની વાત અહીં કરી છે.

દુન્યવી વ્યવહારમાં પ્રેમને ગોપિત રાખવામાં, એને જગ-જાહેર ન કરવામાં ડહાપણ મનાયું છે. એ જાહેર થતાં કર્ણોપકર્ણ ટીખળ અને ટીકાનો વિષય બને છે. આવાં પ્રેમીઓ ગાંડામાં ખપે છે. પરંતુ પ્રભુ-પ્રેમીઓની રીત જ નિરાળી છે. એટલેસ્તો દુન્યવી વ્યવહારને લક્ષમાં રાખી આનંદઘનજી કહે છે:

હરિગુણ હરિગુણ રટતો જો ફિરું,
તો રણ-રોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃત પાનની,
કિમ ભાંજે વિષપાન?

રણુરોઝ કે ઘેનામાં ખપવાની દરકાર કર્યા વિના આગળ વધવાની વાત છે. આવો ઉત્કટ પ્રેમ ગોપિત રહે ખરો? ઢાંકેો ઢંકાય ખરો? એનો રંગ પણ 'પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં' એવો અવિહડ. ભગવાન સુમતિનાથના આ સ્તવનમાં આ બાબત કેન્દ્રસ્થાને છે. મહામહોપાધ્યાય યશોવિજયજીએ જીવાતા જીવનના રોજિંદા વ્યવહારમાંથી દૃષ્ટાંતો લઈને એને યથાર્થરીતે સ્ફુટ કરી છે.

ભગવાનના અદ્‌ભુત ગુણો સંબંધી વિચારતાં, તેમાં તલ્લીન થતાં, કવિ કહે છે: 'એથી મારા મનમાં એમના પરત્વેની પ્રીતિ વૃદ્ધિ પામતી રહી છે.' એ વૃદ્ધિ પામતી રહેતી પ્રીતિને જળમાં પડતા તેલબિંદુ સાથે સરખાવી છે. પાણીમાં પડતું તેલબિન્દુ જેમ પૂરા જળમાં વિસ્તરે છે, તેમ ભગવાન પરત્વેની ભક્તની પ્રીતિ વિલસે છે. રોજિંદા, સહુ કોઇના સ્વાનુભવમાંથી આવું સચોટ ઉદાહરણ ઉપાડી, સહુને પોતીકી અનુભૂતિ લાગે એવું સચોટ કવિકર્મ અહીં સિદ્ધ થયું છે.

સજ્જન સાથે થયેલી પ્રીતડી છાની રહેતી નથી; છાની રાખી શકાતી નથી. એના સમર્થનમાં એક પછી એક પ્રતીતિ-જનક, અનુભૂતિજન્ય ઉપમાઓ આપી છે: કસ્તુરીની સુગંધ પ્રસર્યા વિના રહેતી નથી, અ-છતી રહેતી નથી. આંગળીથી મેરુ ઢંકાતો નથી; રવિતેજ છાબડીથી ઢંકાતું નથી અને અંજલિમાં ગંગાનો સમાવેશ થતો નથી; નાગરવેલનું પાન ખાધા પછી હોઠ લાલ થયા વિના રહેતા નથી અને છેલ્લે શેરડી તેના પાંદડાથી આચ્છાદિત હોય તો પણ તે અ-છતી રહેતી નથી તેમ આપણી હૃદયગુહામાં ભગવદ્ પ્રત્યે પાંગરેલો પ્રેમ છૂપો-અપ્રગટ રહી શકતો નથી. એ હૃદયગુહામાં પ્રભુ ગુણ રૂપ પ્રેમ-રસ એટલો બધો ભરેલો છે કે એમાંથી 'પ્યાલા ભરી ભરીને પીવામાં આવે, એનો વરંવાર આસ્વાદ કરવામાં આવે તો પણ તે ખૂટે નહિ. એ અખૂટ છે. અહીં ગૌતમ-સ્વામીની લબ્ધિની જ યાદ આવે ને?

કટલીકવાર સાવ સરળ લાગતી બાબત શબ્દોથી-વાણીના અર્થથી સમજાવી શકાતી નથી; તેમ કટલીકવાર ગહન લાગતી બાબતોને પણ શબ્દદેહ આપી શકાતો નથી. પ્રેમની, ઉત્કટ પ્રેમની અને ભાવોલ્લાસની અભિવ્યક્તિ અંગે પણ આવું કહી શકાય. એની અનુભૂતિ માણી શકાય, પણ હૃદયના સંકુલ ભાવોની છબિ શબ્દની ફ્રેમમાં યોગ્ય રીતે મઢી શકાય કે કેમ, એની અભિવ્યક્તિ થઈ શકશે કે કેમ એની શંકા રહે છે. મહામહોપાધ્યાય યશોવિજયજીએ એવી અનુભૂતિની આપણી અંગત વાત અહીં સરળ રીતે, આપણા જીવનમાંથી જ જાણે ઉપાડી હોય એ રીતે રજુ કરી છે. એ જ તો કવિકર્મની ખૂબી છે. એ નિરાંતે વાગોળાએ, માણીએ!

* જુઓ: મારાં મોટીબા અને સત્યકથાઓ લે. મુકુન્દરાય વિ. પારાશર્ય' પૃષ્ઠ-૨૭

ભાષામાં ઉત્ક્રાંતિ અને ક્રાંતિ

(પૃષ્ઠ ૧૪૦ થી ચાલુ)

ફરજ પાડશે. ખાસ કરીને કોમ્પ્યુટરની દૃષ્ટિએ ઉચ્ચાર પ્રમાણે જોડણી કરવામાં આવે તો કોમ્પ્યુટર દ્વારા ભાષાની બાબતમાં અનેક પ્રકારની મદદ લઈ શકાય. ભવિષ્યના લેખકોને પણ એથી ઘણી રાહત થઈ જશે. કોમ્પ્યુટરના ક્ષેત્રમાં નિષ્ણાત એવા એક ભાષાવિદે કહ્યું છે કે દુનિયાની તમામ ભાષાઓમાં ઉચ્ચાર પ્રમાણે જોડણી અને વ્યાકરણ વિષયક નિશ્ચિતતા અને નિયમિતતાની દૃષ્ટિએ સૌથી વધુ સમૃદ્ધ જો કોઈ ભાષા હોય તો તે સંસ્કૃત ભાષા છે. સંસ્કૃત ભાષામાં વિભક્તિ અને વચનો વધારે છે. શબ્દોના અનેક પર્યાયો છે. તો પણ કોમ્પ્યુટરની દૃષ્ટિએ એ સૌથી વધુ સહકાર આપનારી ભાષા છે, અને ભાવિની દૃષ્ટિએ તેમાં અનેક શક્યતાઓ રહેલી છે.

એકવીસમી સદીના આરે આવીને ઊભા રહેલા વિશ્વમાં વૈજ્ઞાનિક પ્રગતિની ત્વરણકાળને કારણે અન્ય સામાજિક બાબતોની જેમ ભાષામાં ક્રાંતિકારી પરિણામો જલદી આવે તો નવાઈ નહિ. આમ છતાં ભાષા એ એક નૈસર્ગિક માધ્યમ છે અને એના વ્યવહારમાં સિદ્ધાંત કરતાં રૂઢિ વધુ બળવાન હોય છે એ વાતનું વિસ્મરણ થવું ન જોઈએ.આવતી કાલનો મનુષ્ય કોમ્પ્યુટરની સહાય વડે વિશાળ શબ્દ ભંડોળ અને ભાષાની અવનવી ખૂબીઓ ધરાવતો થઈ ગયો હશે, પરંતુ એ સમૃદ્ધિ એના જીભને ટેરવે જેટલી હશે એથી વધુ એની આંગળીના ટેરવે હશે.

-રમણલાલ ચી. શાહ

'પ્રબુદ્ધ જીવન' અંગે

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન અને વાર્ષિક સભ્યો, શુભેચ્છકો, 'પ્રબુદ્ધ જીવન' ના ગ્રાહકો અને ચાહકો, લેખક-મિત્રો અને વિવિધ સંસ્થાઓના કાર્યકર્તાઓને નમ્ર અરજ છે કે–

(૧) 'પ્રબુદ્ધ જીવન'માં કોઈપણ ધંધાદારી પેઢી કે કોઈપણ સામાજિક, ધાર્મિક વગેરે પ્રકારની સંસ્થાઓની કોઈપણ જાહેર ખબર (Advertisement) લેવામાં આવતી નથી.

(૨) 'પ્રબુદ્ધ જીવન'માં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સિવાય અન્ય કોઈ સંસ્થાના કાર્યક્રમોની – વિગતો કે સમાચાર (Anouncement) લેવામાં આવતા નથી.

(૩) 'પ્રબુદ્ધ જીવનમાં 'સંઘ' સિવાયની અન્ય કોઈ સંસ્થાઓના થઈ ગયેલ કાર્યક્રમોના અહેવાલ પ્રગટ કરવામાં આવતા નથી

(૪) અન્ય કોઈ પણ સંસ્થાઓ માટેની દાનની અપીલો છાપવામાં આવતી નથી.

(૫) સામાન્ય રીતે કોઈ પણ વ્યક્તિની અંગત સિદ્ધિઓના સમાચાર લેવામાં આવતા નથી. (અપવાદરૂપ સંજોગોમાં કાર્યવાહક સમિતિ તેનો નિર્ણય લઈ શકે છે.)

(૬) 'પ્રબુદ્ધ જીવન'માં ચિંતાત્મક લેખો આપવામાં આવે છે; એટલે વ્યાખ્યાનો વગેરેના અહેવાલો લેખના સ્વરૂપના હશે અને 'પ્રબુધ્ધ જીવન'ના ધોરણને અનુરૂપ લાગશે તો જ સ્વીકારી શકાશે.

લિ. મંત્રીઓ

સંગીતકાર સ્વ. શાંતિલાલ શાહ

(પૃષ્ઠ ૧૪૮ થી ચાલુ)

'ભક્તિગીતો' 'સ્તવનમાધુરી' 'સ્તવનકીર્તન;' 'સ્તવનિકા' 'મહાવીર દર્શન' 'દીવડો' 'સ્તવન મંગલ' વગેરે નામનાં દસેક પુસ્તકો પ્રગટ થયાં છે. કેટલાંક સ્તવનો હજુ અપ્રંથસ્થ છે. એ ઉપરથી એમની સિદ્ધિ અને લોકપ્રિયતાનો આંક મળી રહે છે. એમ છતાં એમને લોકપ્રસિદ્ધિની ખેવના નહોતી, એ બાબતમાં તેઓ હંમેશાં ઉદાસીન રહેતા. એમનો પ્રિય વિષય સંગીતનો હતો. પરંતુ દોઢ મહિના જેટલા સમયના એમની સાથેના સહવાસથી પ્રતીત થઈ હતી કે એમનો સાચો રસ તો આધ્યાત્મિક સાધનાનો હતો. એ માટે તેઓ ઘણું વાંચન, ચિંતન, મનન કરતાં. સ્વ. પૂ. સંતબાલજી મહારાજે એમને ચીંચણુમાં આવીને કાયમનો વસવાટ કરવા માટે નિમંત્રણ આપ્યું હતું, પરંતુ પોતાની આ આધ્યાત્મિક રસાનુભૂતિના કારણે તેઓ ત્યાં જઈને રહ્યા નહોતા.

સ્વ. શાંતિલાલ શાહની તબિયત કેટલાક સમયથી નરમ-ગરમ રહ્યા કરતી. જાહેર કાર્યક્રમો આપવાનું એમણે છોડી દીધું હતું. પોતે કહેતા કે વૃદ્ધાવસ્થાને કારણે કંઠમાં હવે પહેલાં જેવી હલક રહી નથી. કોઈના અંગત પ્રસંગે નાના વર્તુળમાં ગાવાનું થાય તે જુદું, પરંતુ વિશાળ શ્રોતની સમક્ષ મોટા કાર્યક્રમોમાં ગાવાનું હવે ગમતું નથી. આથી એમના છેલ્લાં કેટલાંક વર્ષો શાંતિમય અને ઓછા લોકસંપર્ક વિનાનાં એકાંતમાં, સાધના સહિત વીત્યાં હતાં. જૈન કવિતા અને સંગીતના ક્ષેત્રે આવી એક સમર્થ વિશિષ્ટ કોટિની તેજસ્વી વ્યક્તિના અવસાનથી આપણને મોટી ખોટ પડી છે. સદ્ગતના આત્માને આપણી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ હો!

मराठी चर्चासभा
'जीवन संध्याचे रंग'

'संघ'ना उपक्रमे शनिवार, ता. ७मी मार्च, १९८७ना सांजना ४/३० कलाके परमानंद कापडिया सभागृह (रूम नं. ३८५, सरदार वी. पी रोड, वनिता विश्राम शेजारी, मुंबई-४००००४)मां मराठी भाषाना जाणीतां लेखिका अने समाजसेविका **श्री ज्योतिबहेन सोमण** (B. A.) **'जीवन संध्याचे रंग'** ए विषय पर मराठी भाषामां प्रवचन आपशे. सौने समयसर पधारवा विनंती छे.

कमलबेन पीसपाटी
संयोजक

के. पी. शाह
पन्नालाल र. शाह
मंत्रीओ

સંગીતકાર સ્વ. શાંતિલાલ શાહ

● ડૉ. રમણલાલ ચી. શાહ

સુપ્રસિદ્ધ જૈન સંગીતકાર શ્રી શાંતિલાલ ખી. શાહનું રવિવાર, તા. ૧ લી ફેબ્રુઆરીએ ૭૧ વર્ષની વયે મુંબઈમાં અવસાન થયું. એમના અવસાનથી જૈન જગતને કવિતા અને સંગીતના ક્ષેત્રે એક સમર્થ વ્યક્તિની ખોટ પડી છે.

અમ્રાતના વતની શ્રી શાંતિલાલ શાહે મુંબઈમાં આવીને ફ્રેાટોગ્રાફીના વ્યવસાયમાં કેટલેાક સમય કામ કર્યા પછી વ્યવસાયી સંગીતકાર તરીકે પેાતાની કારકિર્દી શરૂ કરી હતી. સંગીતના સંસ્કાર પેાતાના પિતાશ્રી તરફથી એમને નાનપણથી જ મળ્યા હતા.

પેાતાના એ શેાખને એમણે કલાપ્રીતિ અને આજીવિકા માટે વિકસાવ્યેા. સંગીતકાર તરીકે છૂટક કાર્યક્રમેા કરીને આજીવિકા મેળવવાના ઘણા કપરા દિવસેા જ્યારે હતા ત્યારે એમણે આ સાહસ કર્યું હતું. શાંતિભાઈની લેાકપ્રિયતાના દિવસે દિવસે વધતી જવા લાગી અને એક સમય એવેા આવ્યેા કે મુંબઈ અને બહારગામ ધાર્મિક અને અન્ય શુભ અવસરેાએ ભક્તિ સંગીત માટે શાંતિલાલ શાહને બેાલાવવા માટે પ્રેમભર્યો આગ્રહ રહેવા લાગ્યેા.

સ્વ. શાંતિલાલ શાહ માત્ર સંગીતકાર નહેાતા. કવિ પણ હતા આઝાદીના દિવસેામાં એમણે દેશપ્રેમના ઘણાં ગીતેા રચ્યાં હતાં. 'વર્ધાના વડલાની છાયે' 'જમનાનાં પાણી' વગેરે એમનાં કેટલાંક ગીતેા અત્યંત લેાકપ્રચલિત પણ બન્યાં હતાં અને એમની રેકર્ડ પણ ઊતરી હતી. જાહેર સભાઓમાં તેઓ પેાતાના રાષ્ટ્રભક્તિનાં ગીતેા બુલંદ સ્વરે ગાતા.

આજીવન ખાદીધારી શાંતિભાઈ રાષ્ટ્રીય ભાવના રંગથી પૂરા રંગાયેલા હતા. રાષ્ટ્રપ્રેમનાં ગીતેાની સાથે જૈન સ્તવનેાની રચના તેઓ કરવા લાગ્યા અને બે-ત્રણ કલાકના મેાટા કાર્યક્રમ કરવા માટે જૈન કથાગીતેા પણ લખવા લાગ્યા હતા. જૈન કથાગીતેાની રચના એ એમની ખાસ વિશિષ્ટતા હતી. પેાતે કવિ અને પેાતે સંગીતકાર તથા ગાયક પણ ખરા. એટલે શબ્દાવલી એમના કંઠ અનુસાર વહેવા લાગતી. એમની પાસે પ્રાસાનુપ્રાસયુકત ભાષાની સરળતા હતી. લેાકજીભે તરત ચડી જાય એવી અર્થપૂર્ણ, મધુર, ભાવવાહી કાવ્ય પંક્તિઓ એમની વાણીમાં સરવા લાગતી. પેાતાના ઉમદા વ્યક્તિત્વ ઉપરાંત જૈનેાની સંયમશીલ ઊંડી સાધના પણ એમની કાવ્યશૈલીમાં ભળી, જેને પરિણામે એમની કવિતામાં અને સંગીતમાં સચ્ચાઈનેા રણકેા ગુંજન કરવા લાગતેા. કલાકેા સુધી શ્રેાતાઓને પકડી રાખી રસ તરબેાળ તેઓ કરી શકતા. એમની પેાતાની એક વિશિષ્ટ હલક હતી અને એમના ગવાતાં ગીતેામાં એ હલક તરત વર્તાઇ જતી. કેટલાક શબ્દેાના કંઇક અનુનાસિક ઉચ્ચારણને લીધે એમની આ હલકને મધુર લય મળતેા. ચંદનબાળા, ધન્નાશાલીભદ્રકુમાર, મેતારજ મુનિ કે નેમરાજુલની કથાને તેઓ એવી દર્દભરી હલકથી બુલંદ સ્વરે રજૂ કરતા કે કેાઇવાર શ્રેાતાઓની આંખમાંથી પણ આંસુ વહેતાં. 'રેાતી રેાતી ચંદનબાળા...' જેવી એમની કેટલીયે પંક્તિઓ કેટલાય લેાકેાને કંઠસ્થ થઇ ગઇ છે.

એમનાં કેટલાંય સ્તવનેા જિનમંદિરેામાં અને પ્રાર્થના સભાઓમાં ગવાય છે. 'પ્રભુ તારું ગીત મારે ગાઉં છે.' નામનું પેાતાનું પ્યારું પદ પેાતાના દરેક કાર્યક્રમને અંતે તેઓ ગાતા. એમનું એ સુપ્રસિદ્ધ ગીત આજે પણ કેટલાય ભક્તિ-સંગીતના કાર્યક્રમેાને અંતે લેાકેા ગાતા થઇ ગયા છે.

પર્યુષણના આઠેય દિવસ ભાવનાના કાર્યક્રમ માટે શાંતિલાલ શાહ હંમેશાં રેાકાયેલા રહેતા. રાત્રે ભાવના માટે શાંતિભાઇ શાહને મેળવવા માટે પડાપડી થતી. અન્ય પર્વ દિવસેામાં રાત્રી ભાવના માટે પણ શાંતિલાલ શાહ માટે જ આગ્રહ રહેતેા.

મુ. શાંતિભાઇએ પેાતાના બંને પુત્રેા ભરતભાઇ અને રમેશભાઇને વાદ્યસંગીતમાં તૈયાર કર્યા હતા. અને પેાતાના કાર્યક્રમેામાં એમના આ બંને પુત્રેા હંમેશાં સાથ આપતા. એમના શિષ્ય એકનાથ તબલાં ઉપર હંમેશાં સાથ આપતા.

ઈ. સ. ૧૯૭૪ માં ભગવાન મહાવીર નિર્વાણ મહેાત્સવ પ્રસંગે મારે અને મારાં પત્નીને વ્યાખ્યાનેા આપવા માટે પૂર્વ આફ્રિકામાં જવાનું થયું ત્યારે અમારી સાથે શાંતિલાલ શાહ અને એમના પુત્રેા તથા તબલચી એકનાથ પણ હતાં. આફ્રિકામાં દરેક સ્થળે દરેક કાર્યક્રમમાં પ્રાર્થના પછી એક વ્યાખ્યાન અને છેલ્લે ભક્તિ સંગીતનેા કાર્યક્રમ રહેતેા લગભગ રેાજનેા રાતનેા એ પ્રમાણે કાર્યક્રમ થઇ ગયેા હતેા. દેાઢ મહિનાના આ અમારા પ્રવાસ દરમિયાન મુ. શાંતિભાઇનેા અત્યંત નિકટના સંપર્કમાં આવવાનું બન્યું. આ એમની પહેલી વિદેશ યાત્રા હતી. તબિયતના કારણે વિદેશના નિમંત્રણેા ત્યાર પછી એમણે સ્વીકાર્યા નહેાતાં. આફ્રિકામાં તેમને સરસ સુખદ અનુભવ થયેા. એમના મધુર, મિતભાષી, સંયમિત, સ્વમાનપ્રિય, સંગીતનિષ્ઠ વ્યક્તિત્વનેા ત્યારે અમને વિશેષ પરિચય થયેા. શિસ્ત, નિયમિતતા અને ઔપચારિકતાના તેઓ આગ્રહી હતા શ્રેાતાઓમાં જરા પણ ખલેલ કે વાતચીત થાય તેા ગાવાનું તેમને ગમતું નહિ. તરત તેઓ ટકેાર કરતા. એમના ગાવામાં કયારેય વેવલાપણું આવતું નહિ કે નિમંત્રકેા પ્રત્યે ખુશામતનેા ભાવ જરા પણ રહેતેા નહિ. આજીવિકા માટે ભલે એમણે સંગીતનેા વિષય સ્વીકાર્યેા, પરંતુ તેઓ સાચા કલાકાર અને સાચા સાધક હતા. એટલે કાર્યક્રમ મેળવવા માટે ગરજ, લાચારી કે ખુશામતનેા ભાવ તેઓ કયારેય અનુભવતા નહિ. સંગીતના અનેક કાર્યક્રમેા કર્યા હેાવા છતાં જ્યારે પણ કાર્યક્રમ માટે જવાનું હેાય ત્યારે સવારથી તેઓ તાનપુરેા લઇને બેસી જતા અને સારેા મહાવરેા રાખતા. એથી જ એમના સંગીતના કાર્યક્રમેા જરા પણ ક્ષતિ વગરના રહેતા. સંગીતના કાર્યક્રમેાની રજૂઆત એ પણ એક કલા છે એની પ્રતીતિ એમની આ રજૂઆતની કલામાં થતી.

શાંતિલાલ શાહનાં પદેા, સ્તવનેા, કથાગીતેા વગેરેની વીસથી વધુ રેકર્ડ અને પાંત્રીસ જેટલી કેસેટ તૈયાર થયેલી છે. રેડિયેા અને ટેલિવિઝન ઉપર તેમના કાર્યક્રમેા વારંવાર રજૂ થયેલા છે. એમનાં ગીતેા, સ્તવનેા અને કથાગીતેાનાં 'જૈન કથાગીતેા'

(અનુસંધાન પૃષ્ઠ ૧૪૭ ઉપર)

મુદ્રક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રેાડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે નં. ૩૬૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રેાડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૮ અંક : ૨૧

મુંબઇ તા. ૧-૩-'૮૭
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છુટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની ત્રિશતાબ્દી

પ. પૂ. સ્વર્ગસ્થ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સાહેબના સ્વર્ગારોહણનું આ ત્રણસોમું વર્ષ ચાલે છે. સંવત ૧૭૪૩-૪૪માં ડભોઇમાં તેઓ કાળધર્મ પામ્યા હતા. છેલ્લાં ત્રણસો વર્ષમાં ઉપાધ્યાય મહારાજની તોલે આવે એવી કોઇ સમર્થ વ્યક્તિ જૈન ધર્મ અને સાહિત્યના ક્ષેત્રે જોવા મળતી નથી.

ભગવાન મહાવીરની પાટપરંપરામાં ગણધર ભગવંતો પછી આ અઢી હજાર જેટલાં વર્ષોમાં ભદ્રબાહુ સ્વામી, જિનભદ્રગણિ, સિદ્ધસેન દિવાકર, હરિભદ્રસૂરિ, ઉમાસ્વાતિવાચક, માનતુંગાચાર્ય, કુન્દકુન્દાચાર્ય, હેમચંદ્રાચાર્ય, જેવી પંદરવીસ મહાન વિભૂતિઓની ગણના કરવાની હોય તો તેમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીને પણ અવશ્ય ગણાવી શકાય. હેમચંદ્રાચાર્ય પછી છેલ્લાં આઠસો વર્ષમાં કોઇ એક મહાન જૈન જ્યોતિર્ધરનું નામ વિચારવું હોય તો તેમાં ન્યાયવિશારદ, 'કુર્ચાલી શારદ'નું બિરુદ ધરાવનાર, 'તાર્કિક શિરોમણિ' ઉપાધ્યાય યશોવિજયજી મહારાજનું સ્મરણ પ્રથમ થાય.

અકબર પ્રતિબોધક હીરવિજયસૂરિ અને એમના ત્રણચાર શિષ્ય પછી ઉપાધ્યાય મહારાજના સમયથી શરૂ કરીને લગભગ અઢી સૈકા જેટલા સમયમાં આચાર્યની પદવી ખાસ કોઇને અપાઇ નથી. સમર્થ સાધુ ઉપાધ્યાય કે ગણિના પદે આવીને અટકી જતા. આટલા વિપુલ સાહિત્યનું સર્જન યશોવિજયજીએ કર્યું હોવા છતાં અને આટલી મોટી એમની દાર્શનિક પ્રતિભા હોવા છતાં પોતાના ગુરુ નયવિજયજીની જેમ તેઓ પણ ઉપાધ્યાયના પદ સુધી પહોંચ્યા હતા. એ પદ એમને માટે નાનું છે. એમ સમજીને સંઘે એમને મહોપાધ્યાયનું પદ આપ્યું હતું. (કારણ કે આચાર્યનું પદ કોઇને અપાતું નહોતું), સમયસુંદર કે જેમણે અનેક ગ્રન્થોની રચના કરી હતી, અને જેમના એકસોથી વધુ શિષ્યો હતા તેમને પણ એ કાળમાં ગણિની પદવી અપાઇ હતી. જિનહર્ષ, ગુણવિનય વગેરે અન્ય કેટલાક સમર્થ સાધુઓ પણ ઉપાધ્યાય કે ગણિની પદવીએ અટકી ગયા હતા. સાધુઓને પદવીનો મોહ હોય નહિ; માન, કષાયનું એ મોટું નિમિત્ત બની જાય; તેમ છતાં ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં આ ઘટના લક્ષમાં લેવા જેવી છે.

યશોવિજયજી મહારાજ સાહિત્યના ક્ષેત્રે 'ઉપાધ્યાયજી મહારાજ'ના નામથી જ વધુ જાણીતા રહ્યા છે. 'ઉપાધ્યાયજી મહારાજ' કહીએ એટલે તે યશોવિજયજી માટે જ છે એમ જાણકાર તરત સમજી જાય. અન્ય પૂર્વાચાર્યો કરતાં એમની વિશિષ્ટતા એ હતી કે તેઓએ સંસ્કૃત અને પ્રાકૃત ભાષા ઉપરાંત તત્કાલીન ગુજરાતી ભાષામાં અનેક સુદીર્ઘ, સમર્થ, મહન કૃતિઓની રચના કરી છે. પોતાના સમયના અન્ય કવિ-લેખકોની સરખામણીમાં ઉપાધ્યાય મહારાજની વિશિષ્ટતા એ છે કે તેમણે પોતાના કેટલાક ગ્રન્થોની હસ્તપ્રત પોતાના જ હસ્તાક્ષરમાં તૈયાર કરી છે. હસ્તપ્રત લખવાની કલામાં નિપુણ બનવું એ સહેલી વાત નથી. તેઓ સારા હસ્તપ્રત લેખક પણ હતા, એવા લેખકોની પ્રતિષ્ઠા ત્યારે ઘણી મોટી ગણાતી.

ઉપાધ્યાય મહારાજનું જીવન અતિભવ્ય હતું. ઉત્તર ગુજરાતનાં પાટણ પાસે કનોડુ નામના ગામે તેમનો જન્મ થયો હતો. પૂરાં એકસો વર્ષનું આયુષ્ય એમણે ભોગવ્યું હોવાનું મનાય છે. અને છેલ્લે ડભોઇમાં એમણે અનશન કરીને સમાધિપૂર્વક દેહ છોડ્યો હતો. ડભોઇમાં એમના સમાધિ સ્થળે આજે પણ એમની પાદુકા વિદ્યમાન છે. 'સુજસવેલી ભાસ'માં કહ્યું છે :

સત્તર ત્રયાસિ ચોમાસુ રહ્યા, પાદરુ નગર ડભોઇ રે;
તિહાં સુરપદવી અણુસરી, અણસણિ કરિ પાતક ધોઇ રે,

ઉપાધ્યાયજી મહારાજની બીજી એક મોટી વિશિષ્ટતા એ છે કે એમણે સામાન્ય જનસમાજથી માંડીને વિદ્વદ્વર્ગ સુધી સૌ કોઇને માટે સાહિત્યની રચના કરી છે. એમનાં કેટલાંય સરળ, ભાવસભર સ્તવનો ત્રણસો કરતાં વધુ વર્ષથી અનેક લોકોના મુખે સતત ગવાતાં આવ્યાં છે. બીજી બાજુ એમની અર્થસભર, ગહન, કઠિન કૃતિઓ પર આજે પણ વિદ્વાનોમાં ચર્ચા વિચારણા થાય છે.

જૈન સ્તવન સાહિત્યમાં આનંદઘનજીના સમકાલીન એવા ઉપાધ્યાય મહારાજની વિશિષ્ટતા એ છે કે તેઓ જ એકમાત્ર એવા કવિ છે કે જેમણે ત્રણ જેટલી ચોવીસીની રચના કરી છે. પ્રત્યેક તીર્થંકર માટે એક સ્તવન એવી રીતે ચોવીસ તીર્થંકરો માટે ચોવીસ સ્તવનની રચનાને ચોવીસી કહેવામાં આવે છે. અસાધારણ ઉચ્ચ કવિત્વશક્તિ ન હોય તો ચોવીસીની રચના કરવી એ સરળ વાત નથી. એમાં એકવિધતામાં સરી પડવાનું ભયસ્થાન રહે છે. પરંતુ ઉપાધ્યાય મહારાજે પોતાની સમર્થ પ્રતિભા વડે આવી ત્રણ ચોવીસીની રચના કરી છે. અન્ય ઘણાં નાના સ્તવનો ઉપરાંત સવાસો ગાથા, દોઢસો ગાથા અને સાડા ત્રણસો ગાથાનાં તત્ત્વજ્ઞાનગર્ભિત સ્તવનોની રચના પણ એમણે

કરી છે અને સજઝાયો અને પદોની રચના પણ કરી છે.

રાસા સાહિત્યમાં 'જંબુસ્વામીરાસ' નામની કથારસથી સભર અને છતાં કાવ્યશૈલીની દૃષ્ટિએ ઉત્તમ એવી કૃતિનું સર્જન પણ એમણે કર્યું છે. અને 'દ્રવ્યગુણ પર્યાયનો રાસ' જેવી દ્રવ્યાનુયોગના ગહન તાત્ત્વિક વિષયની રચના પણ એમણે કરી છે. કાશીમાં જઈ ન્યાયશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કરનાર, નવ્ય ન્યાયના પ્રણેતા ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે એંસીથી વધુ ગ્રન્થોની રચના સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં કરી છે. એમાં 'અધ્યાત્મસાર', 'જ્ઞાનસાર', 'અધ્યાત્મમત પરીક્ષા', અનેકાન્ત વ્યવસ્થા', 'નયપ્રદીપ', 'નયરહસ્ય', 'પ્રતિમાશતક', 'પતિદિનચર્યા', 'વૈરાગ્યકલ્પલતા' 'ગુરુતત્ત્વવિનિશ્ચય', 'અધ્યાત્મોપનિષદ' વગેરે ગ્રન્થો સુપ્રસિદ્ધ છે. એમના કેટલાય ગ્રન્થો હજુ અપ્રકાશિત રહ્યા છે. પૂ. યશોદેવસૂરિએ ઉપાધ્યાય મહારાજના અપ્રગટ સાહિત્યમાંથી સંખ્યાબંધ કૃતિઓને સંપાદન-સંશોધન કરીને પ્રકાશિત કરી છે, એ એક ખરેખર અત્યંત પ્રશસ્ય કાર્ય થયું છે.

ઉપાધ્યાયજી મહારાજે કેટલાક આગમ ગ્રન્થોના કેટલાક ગહન વિષયોનું દોહન ગુજરાતી ભાષામાં પદ્યમાં એવી સરળ અને માર્મિક ભાષામાં રજૂ કર્યું છે, જે અનેક લોકોને માટે ઉપયોગી થઈ પડ્યું છે. ઉપાધ્યાયજી મહારાજનાં સાહિત્યનો જેમ જેમ અભ્યાસ કરતાં જઈએ છીએ તેમ તેમ શબ્દ ઉપરનું તેમનું પ્રભુત્વ કેટલું બધું અદ્‌ભુત હતું, તેમની કવિ-પ્રતિભા કેવી તેજસ્વી અને સમર્થ હતી અને તેમનું દર્શન-ચિંતન કેટલું વિશદ અને ગહન હતું તેની ગજબની પ્રતીતિ થાય છે, માટે જ કહેવાયું કે 'વાણી વાચક જસતણી. કોઈ નથે ન અધૂરી રે.'

ઉપાધ્યાય મહારાજનું સાહિત્ય વાંચવામાં અનેરો ઉલ્લાસ અનુભવાય છે. એમની કેટલીય કાવ્ય પંક્તિઓ અનેક સાધુ મહારાજો, પંડિતો, અભ્યાસીઓને કંઠસ્થ છે. તત્ત્વજ્ઞાનની કેટલીય જટિલ સમસ્યાઓમાં ઉપાધ્યાયજી મહારાજની પંક્તિઓ માર્ગદર્શક ચિત્તપ્રકાશક બની રહે છે.

ત્રિશતાબ્દી નિમિત્તે આ વર્ષે ઉપાધ્યાયજી મહારાજના સાહિત્યના અભ્યાસની જૈન સમાજને સુંદર તક સાંપડી છે. પરંતુ જૈન સમાજ એકંદરે જેટલો અર્થપ્રીતિવાળો છે તેટલો વિદ્યાપ્રીતિવાળો નથી; જમણવાર, વરઘોડા પ્રત્યે જેટલો પ્રીતિવાળો છે તેટલો સ્વાધ્યાય કે જ્ઞાનગોષ્ઠિ પ્રત્યે પ્રીતિવાળો નથી. ઉપાધ્યાયજી મહારાજની ત્રિશતાબ્દીનું વર્ષ ચાલુ થયું હોય અને હવામાં કશું જ ગાજતું ન હોય એ જૈન સમાજ માટે શોચનીય સ્થિતિ નથી? ગીતાર્થ ગચ્છાધિપતિઓ એ માટે ગંભીરપણે ન વિચારી શકે?

—રમણલાલ ચી. શાહ

શબ્દો જ કંકુ અને શબ્દો જ ચોખા...

(પૃષ્ઠ ૧૫૬થી ચાલુ)

લઘુકથા એ કલાકૃતિ છે, ટુચકો એ ચાતુરી કથા છે. ટૂચકામાં સાચું જીવન કે તેનું પ્રતિબિંબ પણ નથી. ટૂચકાનું ધ્યેય માત્ર મનોરંજન હોય છે. તેને માણવા માટે તર્કની જરૂર પડે છે, ઊર્મિ કે સંવેદનને તેમાં ઝાઝું સ્થાન નથી. ભાવકના જીવનમાં નિમજ્જન કરીને એના સંવિતમાં ખળભળાટ મચાવી શકવાની તેનામાં ચૂંજાયેશ નથી. લઘુકથાને ટૂચકો કહેવાથી તે કાંઈ ભૂલી શકાતી નથી. કારણ કે તેની પાછળ જાગણીનું પીઠબળ રહેલું છે.

લઘુકથા એ નવલિકાના ગોત્રની જ છે. ટુંકી વાર્તાનો તે અભિનવ પ્રકાર છે છતાં લઘુકથા નવલિકા કરતાં ભિન્ન છે. કારણ કે સંઘર્ષ-નિરૂપણ, પાત્રચિત્રણ કે વાતાવરણનું નિર્માણ એ વધારે કરકસર, કુશળતા અને સૂક્ષ્મતાથી કરી બતાવે છે. ટુંકીવાર્તા ઘટના, પાત્ર કે વાતાવરણ એ ત્રણમાંથી કોઈ એક અંગ પર આધારિત હોઈ શકે છે. લઘુકથા એ ત્રણમાંથી એક અંગ પર આધારિત હોઈ શકે નહીં. કેવળ વાતાવરણના તત્ત્વ પર આધારિત લઘુકથા હોઈ શકે નહીં. સગર્ભક્ષણનું આલેખન ટુંકીવાર્તા અને લઘુકથા બંનેમાં હોય છે પણ ટુંકીવાર્તામાં અંતે એમાંથી કોઈ રહસ્યનો પ્રસવ થતો હોય છે, જ્યારે લઘુકથામાં ઘટના કે રહસ્ય નહીં, પણ માર્મિક સંવેદન નિષ્પન્ન થતું હોય છે. ટુંકીવાર્તામાં પાત્રના આલેખનમાં ઘણાં પાસાંઓ વિશે અર્થ પ્રકાશ થઈ શકે છે. લઘુકથામાં પાત્રના એક પાસા, બહુ એક જ સંદર્ભને સ્પર્શે છે, તેથી જ લઘુકથા એ ટુંકીવાર્તાનું અત્યંત ટુંકાવેલું રૂપ નથી કે નથી એ ટુંકીવાર્તા રચવાનો મુસદ્દો માત્ર. લઘુકથા અને નવલિકાના સર્જન અને ભાવન વ્યાપારમાં કોઈ તાત્ત્વિક તફાવત નથી છતાં લઘુકથા પોતાનું આગવું સ્વરૂપ ધારણ કરી શકે તેવી તમામ ક્ષમતા એ ધરાવે છે. લઘુકથાને તેને આગવું સ્વરૂપ આપનાર છે તેનું આગવું સિચ્યૂએશન અને એ સિચ્યૂએશનનું લાઘવ, લઘુકથા એવા સિચ્યૂએશનમાંથી જન્મે છે કે જેને લઘુકથા સિવાય અન્ય કોઈ ગદ્યસ્વરૂપમાં ઢાળી શકાતું નથી. લઘુકથામાં કશુંક હેતુપૂર્વક છોડી દેવામાં આવે છે છતાં કથાનની અખંડિતતામાં કોઈ ફેર પડતો નથી, કારણ કે કથાનું ગુરુત્વ તો કથામાં જ સંગ્રહાયેલું હોય છે તેથી જ લઘુકથાને હિમશીલાની સાથે સરખાવવામાં આવે છે. લઘુકથા એ અગાસીમાં ઘોડેસવારી શીખવા જેવી દુઃસાધ્ય કળા છે તેથી તેના સર્જકો ઓછા રહેવાના.

સાહિત્યના આ લઘુસ્વરૂપ પર હજુ ઘણું કહી શકાય, પણ મારો નાનો પુત્ર સુગમ કંઈક લખીને તે સમજવા માંગતો હતો તેથી મારે તેની તરફ લક્ષ્ય આપવું પડ્યું. તે એક કવિતાની કડી સમજવા માંગતો હતો જે આ મુજબ હતી :

હું નાનો, તું મોટો એ ખ્યાલ જગતનો ખોટો
ખારા જળનો દરિયો મોટો, મીઠાં જળનો લોટો...

સુગમને સમજાવવા માટે મેં શું કહ્યું તે વાત કહેવી અહીં અપ્રસ્તુત છે તેથી અહીં જ અટકું છું...

સાભાર સ્વીકાર

* **જૈન ધર્મ કે પ્રભાવક આચાર્ય** (હિન્દીમાં)
લેખક : સાધ્વી સંઘમિત્રા

ડેમી સાઇઝ * પૃષ્ઠ-૯૦૧ * મૂલ્ય : ૫૦-૦૦

પ્રકાશક : જૈન વિશ્વભારતી, લાડનું, નાગૌર (રાજસ્થાન)

* **સ્મિત કર્યું ના હોત** (કાવ્ય સંગ્રહ)

* પન્નાલાલ ર. શાહ

ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ – ૬૦ * મૂલ્ય : ૧૦-૦૦

પ્રકાશક : કૌશલ પ્રકાશન, ૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયનિર્ઝર માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ચાર કારણ

● શ્રી પનાલાલ જગજીવનદાસ ગાંધી

અગાઉના લેખમાં સ્વભાવ-કાળ-કર્મ-ઉદ્યમ અને નિયતિ એ પાંચ સમવાયી કારણ વિષે વિગતે વિચાર્યું. એ પાંચ સમવાયી કારણની જેમ મુક્તિપ્રાપ્તિ માટે ચાર સાધના કારણની આવશ્યકતા છે જે પ્રાપ્ત કરી તે વડે મુક્તિપ્રાપ્તિનું કાર્ય સિદ્ધ થઇ શકે છે. એ ચાર સાધના કારણો નીચે પ્રમાણે છે:-

(૧) અપેક્ષા કારણ (૨) નિમિત્ત કારણ (૩) અસાધારણ કારણ અને (૪) ઉપાદાન કારણ.

(૧) **અપેક્ષા કારણ :**-અપેક્ષા કારણ પૂર્વકૃત કર્મથી પ્રાપ્ત થાય છે. જે જન્મથી લઇ મરણ યા તો નિર્વાણ સુધી આત્મા (જીવ)ની સાથે હોય છે. અપેક્ષાકારણનો વ્યાપાર માફક ક્ષય-વિક્ષય હોતો નથી. એ પાયો (Foundation) છે. કર્મભૂમિ (જ્યાં અસિ-મસિ અને કૃસિનો વ્યવહાર હોય છે, તે પાંચ ભરત પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહના ક્ષેત્રને કર્મભૂમિ કહેવાય છે), મુક્તિપ્રાપ્તિને અનુકૂળ કાળ કે જેને કાળચક્રની ગણતરીમાં ચોથો દુઃખમ-સુખમનો આરો કહે છે તે કાળ, આર્યક્ષેત્ર, આર્યજાતિ, ઉચ્ચગોત્ર સંજ્ઞિ પંચેન્દ્રિય મનુષ્યયોનિ તથા વજ્રઋષભ નારાચ સંઘયણ (હાડકાની રચનાને અનુસારે શરીરના બાંધા-દૃઢતાના અર્થાત્ -સંઘયણના જૈન દર્શનમાં પ્રકાર વર્ણવેલ છે કે. .વજ્રઋષભ નારાચ સંઘયણ, ઋષભનારાચ સંઘયણ, નારાચ સંઘયણ, અર્ધનારાચ સંઘયણ, કિલિકા અને સેવાર્થ અથવા છેવટનું સંઘયણ, વજ્રઋષભનારાચ સંઘયણ, એ શરિરીક બળની પરાકાષ્ઠા છે. શરીરના હાડકાની દૃઢતા અને બળ, મનના વિકાસ તથા મનોબળ માટે સહાયક છે. જેમ આપણે વ્યવહારમાં પ્રત્યક્ષ અનુભવ કરીએ છીએ કે આપણા નેમ્બળ સંઘયણને અંગે ભણમણ્યા કહેવાતા ખેરખાં શરીરની નિર્બળતાએ મનથી દીન હીન બની જાય છે.) ની પ્રાપ્તિ, મોક્ષપ્રાપ્તિની અપેક્ષા જેને છે તેને આવશ્યક છે. કર્મક્ષ કર્મભૂમિ, દુઃખમ-સુખમ નામનો ચોથો આરો અથવા મહાવિદેહ ક્ષેત્ર કે જ્યાં સદા મોક્ષપ્રાપ્તિને અનુકૂળ કાળ છે, આર્યક્ષેત્ર, આર્યજાતિ, ઉચ્ચગોત્ર, સંજ્ઞિ પંચેન્દ્રિય મનુષ્યભવ તથા વજ્રઋષભનારાચ સંઘયણ એ મોક્ષપ્રાપ્તિ માટે અપેક્ષિત છે. અને તેથી જ તે સર્વેને અપેક્ષા કારણમાં ગણાવેલ છે.

આવા પ્રકારનો મોક્ષની પ્રાપ્તિને અનુકુળ મનુષ્યભવ મળવો એ જૈન દર્શનમાં જણાવેલ દશ દૃષ્ટાંતે દુર્લભ અર્થાત્ અત્યંત દુર્લભ છે. મહાપુણ્યોદયે કરીને એની જીવને પ્રાપ્તિ થાય છે.

(૨) **નિમિત્તકારણ :**- નિમિત્તકારણનો વ્યાપાર હોય છે. અને તેને બહારથી મેળવવા પડે છે. યા તો તથાપ્રકારનો યોગ હોય તો યોગાનુયોગ એવાં નિમિત્ત આવી મળે છે. નિમિત્તકારણમાં આત્માનું કર્તાપણું છે. વળી નિમિત્ત બે પ્રકારનાં છે. એક તો જડ નિમિત્ત એટલે કે ચરવળો-ઓઘો-મુહપત્તી-કટાસણું-આસન-મંદિર-ગ્રંથ આદિ ઉપકરણો જેને કરણનિમિત્ત કહેવાય છે. બીજાં ચેતન નિમિત્ત છે જે દેવ-ગુરુ-સાધર્મિક આદિ છે જેને કર્તા નિમિત્ત કહેવાય છે. અને તે આપણાથી ભિન્નક્ષેત્રે હોય છે.

(૩) **અસાધારણ કરણ :**- અપેક્ષા અને નિમિત્ત કારણને પ્રાપ્ત કરી, અંતઃકરણની, મોક્ષપ્રાપ્તિને યોગ્ય તથા પ્રકારની (Development) થવી શુદ્ધિ થવી, તે મોક્ષપ્રાપ્તિ અર્થેનું અસાધારણ કારણ કહેવાય.

કૃકર્મો બહારના મંદિર-મૂર્તિ-આગમગ્રંથ-ધર્મ તથા દેવ અને ગુરુના નિમિત્ત કારણને પ્રાપ્ત કરીને અભ્યંતરમાં ક્રોધ-માન-માયા-લોભ આદિ કષાયોનું ઉપશમન થવું અને રાગ-દ્વેષ રહિત થતાં જડ નિરપૃહી બનવું તેને અસાધારણ કારણ કહે છે.

કાર્ય એક તત્ત્વ છે. જેનું અનંતરકારણ એક હોય છે. પરંતુ પરંપર કારણ અનેક હોય છે. કાર્યની સિદ્ધિ પૂર્વેનું અંતિમકારણ તે અનંતરકારણ અને તેની પાર્શ્વભૂમિમાં રહેલાં અન્ય કારણો તે પરંપર કારણ. સર્વજ્ઞતા અર્થાત્ કેવલજ્ઞાનની પ્રાપ્તિનું અનંતરકારણ તે વીતરાગતા-ક્ષપકશ્રેણિ છે. જ્યારે એની પૂર્વેના પરંપર કારણમાં ગુણસ્થાનક આરોહણ, સમ્યક્ત્વ પ્રાપ્તિ આદિ છે.

(૪) **ઉપાદાન કારણ :**- ઉપાદાન કારણ એટલે આત્મા સ્વયં આત્માનો મોક્ષ થઇ શકે છે અને થાય છે. જેમ કે માટીનો ઘડો બને છે પણ કપડાંનો ઘડો બનતો નથી. ઘટાકારે પરિણમનનો સ્વભાવ માટીનો છે. તેમ પરમાત્મ સ્વરૂપે પરિણમનનો સ્વભાવ આત્માનો છે. માટે આત્માને ઉપાદાન કારણ કહેલ છે.

કૃકર્મો ઉપાદાન કારણ એ ગુણી-દ્રવ્ય સ્વયં છે જ્યારે અસાધારણ કારણ એ ગુણનો ગુણ છે. અથવા તો કહો કે મોક્ષનો ઇચ્છક એ ઉપાદાનકારણ છે જ્યારે મોક્ષની ઇચ્છા એ અસાધારણ કારણ છે. ઉપાદાન કારણ દ્રવ્ય પ્રધાન છે. જ્યારે અસાધારણ કારણ ગુણપર્યાય પ્રધાન છે.

આમાં એક વિભાગમાં અપેક્ષા અને નિમિત્ત કારણ છે જેની ક્રમથી પ્રાપ્તિ છે, જ્યારે બીજા વિભાગમાં અસાધારણ અને ઉપાદાન કારણ છે જે યુગપદ પ્રાપ્ત થાય છે.

કર્મભૂમિ, આર્યક્ષેત્ર, આર્યજાતિ, ઉચ્ચગોત્ર (સાત્ત્વિકભાવ યુક્ત સંસ્કારી જીવન)ની અપેક્ષાએ જ્યાં અપેક્ષાકારણ છે ત્યાં જ નિમિત્તકારણો મળી શકે છે. અપેક્ષા કારણ મળ્યાં પછી નિમિત્તકારણના સંબંધમાં આવવું પડતું હોય છે માટે જ તેની અપેક્ષાકારણ અને નિમિત્તકારણ એવા બે ક્રમમાં વહેંચણી કરી અપેક્ષા અને નિમિત્તકારણને પામીને, આસાધારણ કારણ અને ઉપાદાનકારણને પામવાની શક્યતા ઉભી થાય છે. જે પ્રાપ્ત થયેલી અસાધારણ અને ઉપાદાન કારણ યુગપદ પ્રાપ્ત થાય છે. કારણ કે દ્રવ્યથી તેના ગુણપર્યાય અભિન્ન ફોટા છે. અર્થાત્ દ્રવ્ય એ ઉપાદાન કારણ છે અને ગુણપર્યાયનો વિકાસ એ અસાધારણ કારણ છે. ઉદાહરણ તરીકે મોક્ષનો ઇચ્છક ઉપાદાન દ્રવ્ય છે. અને મોક્ષની ઇચ્છા તથા તેને અનુકૂળ વૃત્તિ ને પ્રવૃત્તિ એ અસાધારણ કારણ છે. ગુણસ્થાનક ક્રમારોહની પરિપાટીથી ચોથા ગુણસ્થાનથી શરૂ કરી જે સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ આદિ સાધક અવસ્થાઓ છે તે અને તેમાં રહેલાં સાધનાના ગુણો યાવદ્ કેવલજ્ઞાન સુધી સર્વ અસાધારણ કારણ રૂપે છે, અંતે કેવલજ્ઞાન પ્રાપ્ત થયેથી અસાધારણ અને ઉપાદાનકારણ એક થઇ જાય છે. કેવલજ્ઞાની દ્રવ્ય છે. જેમાં જ્ઞાન ગુણ છે અને કેવલજ્ઞાન એ જ્ઞાનનો પર્યાય છે. એટલે અસાધારણ કારણ ૩૫ ગુણપર્યાય અને કેવલજ્ઞાની દ્રવ્ય અભેદ થઇ જાય છે. સાધક અવસ્થામાં, વિકાસક્રમમાં ઉપાદાનનો વિકાસ જે ભેદરૂપ દેખાય છે તે સાધ્ય અવસ્થામાં

અભેદ થઇ જાય છે. અંતિમકાર્યની કૃતિ અને કારણની સમાપ્તિથી જે કૃતકૃત્યાવસ્થાની અર્થાત્ પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે ત્યારે ગુણ અને ગુણી અભેદ થાય છે. પછી અપેક્ષાકારણ અને નિમિત્તકારણ મોક્ષ પ્રાપ્ત થયે રહેતા નથી. કેમ કે તે ઉભય 'પર' દ્રવ્ય હોવાથી ભેદરૂપ છે જેથી છૂટાં પડી જાય છે.

સમષ્ટિ વિશ્વમાં તેમ જ મોક્ષમાર્ગની સાધનામાં આ ચાર સાધના કારણોનું સંચાલન છે જે માટીને અપાતા ઘટાકાર અને ઘઉંમાંથી બનાવાતી રોટલીના દૃષ્ટાંતથી સ્પષ્ટ સમજી શકાય છે. માટીને અપાતા ઘટાકારમાં ખુલ્લો આકાશ, અને ભૂમિ અપેક્ષા કારણ છે. દંડ, ચક્રાદિ કરણનિમિત્ત કારણ છે. જ્યારે કુંભાર કર્તાનિમિત્ત કારણ છે અને માટી ઉપાદાન કારણ છે તેજ પ્રમાણે માટીનો પિંડ ઘટાકારને પ્રાપ્ત કરે ત્યાં સુધીના વચલા આકારો જેને શાસ્ત્રીય ભાષામાં સ્થાસ, કોષ કપાલ, કુશળ વિગેરે પર્યાયોથી ઓળખવામાં આવે છે તે અસાધારણ કારણો છે. તેમ ઘઉંની રોટલીમાં લોટ, કણિક અને કણિકના લુવા વગેરે અવસ્થાઓ તૈયાર થયેલી રોટલી રોટલીની પૂર્વ અવસ્થાઓ અસાધારણ કારણ કહેવાય છે. જ્યારે ઘઉં એ ઉપાદાન કારણ છે.

અપેક્ષાકારણમાં અગાઉ જણાવ્યા મુજબ પૂર્વકૃત કર્મ છે. જ્યારે નિમિત્ત કારણમા જીવનું સમ્યક્ કર્તાપણું છે. કેમકે દેવને ઇષ્ટરૂપે સ્વીકારવા-સ્થાપવામાં, ગુણજનને ગુરૂપદે સ્થાપવામાં તથા સાધર્મિક, સુજન, સંતનો સમાગમ-સત્સંગ કરવા આદિમાં તેમ જ અર્ચના-ઉપાસનાદિ કરવામાં કર્તાપણું છે. અપેક્ષા અને નિમિત્તકારણને પ્રાપ્ત કરી અસાધારણકારણ તથા ઉપાદાનકારણમાં પ્રવેશ કરવાનો છે કે જ્યાંથી અભ્યંતર મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. જેના અંતે પરમાત્મપદની પ્રાપ્તિ સાથે જ અસાધારણ અને ઉપાદાનકારણ ઉભય અભેદ થઇ જાય છે. જ્યારે નિમિત્તસાધન નિમિત્ત જ રહે છે, ભેદરૂપ જ રહે છે. પણ અભેદ થતું નથી. જ્યારે અપેક્ષાકારણ દ્વૈતના અંતે સાથે નિર્વાણ થતાં અંત પામે છે.

અપેક્ષાકરણ અને નિમિત્તકારણ સુધી પહોંચવામાં તો આપણને આપણાં શુભકર્મો સહાયભૂત થાય છે. પરંતુ નિમિત્તકારણરૂપ દેવ-ગુરુ ભગવંત આપણને અપેક્ષા અને નિમિત્તમાં જ ગોંધી ન રાખતાં આપણને અસાધારણ અને ઉપાદાન કારણમાં જવા પ્રેરે છે. કર્મ કદિ આપણને અસાધારણ અને ઉપાદાનકારણમાં લઇ જતા નથી. સ્થૂલ ઉદાહરણથી સમજવું હોય તો સમજી શકાય કે અમુક સંયોગમાં વૈદ્ય-ડોકતર નળી દ્વારા અન્ન જઠરમાં પહોંચાડી દેશે પણ તે અન્નમાંથી રસ-લોહી-વીર્ય શક્તિ તો શરીરે સ્વયં જ બનાવવી પડશે. પૂર્વ પુણ્યકર્મના ઉદયે શ્રીમંત કુટુંબમાં જન્મ એ પૂર્વકૃત કર્મને કારણે મળે અને ટળી જઇ શકે છે. પણ શ્રીમંત-સમૃદ્ધ સંસ્કાર વારસો તો શ્રીમંત સંસ્કારી સ્વજન, મિત્ર, સત્સંગ, વાચન આદિના નિમિત્તથી જ મળી શકે છે. બાહ્ય સાધન (ઉપકરણ) થી સાધના કરવાની છે. અને અભ્યંતર અસાધારણ કારણ દ્વારા ભાવમાં આરોહણ કરવાનું છે. અર્થાત્ પરંપરાએ ક્ષપકશ્રેણિ માંડવાની છે જે ઉપાદાનકારણની ખિલવણી છે.

અર્થ અને કામ એવું તત્ત્વ છે કે બીજા આપણા માટે કરી આપે જ્યારે મોક્ષ એવું તત્ત્વ છે કે કોઇ આપણું નહિ કરી આપે. આત્મા સ્વયં ઉપાદાનકારણ છે તે અસાધારણ કારણ તૈયાર કરે તો મુક્તાત્મા-પરમાત્મા બને. બીજા આપણા માટે રાંધી શકે, ખવડાવી પણ શકે પરંતુ બીજા ખાય અને આપણું પેટ ભરાય એ તો કદી નહિ બને. જે ખાય તેનું જ પેટ ભરાય. અને તે જ તૃપ્ત થાય. બીજો નહિ. એ તો આપણા સહુના અનુભવની વાત છે.

જે કારણથી નિશ્ચિત કાર્ય થાય છે તે કારણ અંશરૂપ હોવા છતાં તેમાં પૂર્ણતાનો આરોપ કરીને તેને પ્રધાનત્વ આપવું એ કૃતજ્ઞતા ગુણ છે રસોઇ માટે સર્વ સાધન સામગ્રી હાજર હોવા છતાં અગ્નિ પેટાવવા એકાદી કાંડી-દીવાસળી ન હોય તો તેના માટે છેલ્લી ઘડીએ દોડાદોડ થઇ પડે છે એ આપણા જીવન વ્યવહારના અનુભવની વાત છે એવે સમયે દીવાસળી જેવી મામૂલી વસ્તુની પ્રધાનતા થઇ પડે છે. એટલે જ તો આપણે કૃતજ્ઞતા ભાવ વ્યકત કરવા ઉપકરણોના ઉજમણાનું આયોજન કરી તે પ્રત્યેનો અહોભાવ-ઉપકારભાવ વ્યકત કરીએ છીએ. ઉજમણા દ્વારા ઉપકરણોના દર્શન-વંદન કરીએ છીએ અને તેમની ઉપકારકતા ઉપર સ્વીકૃતિની મહોર છાપ મારીએ છીએ.

બાહ્ય પંચાચારના પાલનમાં દેવગુરુ જેઓ કર્તા નિમિત્ત છે એમનું આલંબન લઇને બાહ્ય ઉપકરણાદિ જે કરણનિમિત્ત છે તેના દ્વારા સાધના કરી અભ્યંતરમાં પંચાચારના પાલનમાં અંતરયાત્રા રૂપે કષાયનું ઉપશમન કે જે અસાધારણકારણ છે તે કરતાં કરતાં કષાયનો સર્વથા ક્ષય કરવાનો હોય છે,

૬૭ બોલની સજ્ઝાયમાં તથા આઠ યોગ-દૃષ્ટિની સજ્ઝાયમાં મહામહોપાધ્યાય યશોવિજયજીએ દેવ અને ગુરુનું મહાત્મ્ય ગાયું છે કે...

'સંમકિત દાયક ગુરુ તણો પચ્ચુવયાર (પ્રતિ ઉપકાર) ન થાય.
ભવ કોડાકોડે કરી કરતાં સર્વ ઉપાય.'-૬૭ બોલ.
'પશુ ટાલી સુરરૂપ કરે જે સમકિતને અવદાત રે;
એ ગુણ વીર તણો ન વિસારું...
-સ્થિરાદૃષ્ટિ ઉપર સજ્ઝાય.

જ્યાં કાર્ય-કારણની પરંપરા ચાલે છે તેમાં કારણ કાર્ય માટે છે. અને તે થયેલ કાર્ય આગળના કાર્ય માટે કારણ બને છે. પરંતુ પૂર્ણ યાને કે અંતિમકાર્ય થયા પછી આગળનું કાર્ય હોતું નથી. તેમજ કૃતકૃત્ય થયેથી પહેલાંના કારણને જોવાની અને હોવાની જરૂર નથી. કારણ-કાર્યની પરંપરાનો ત્યાં અંત આવે છે. કારણ-કાર્યના ભાવમાં ત્રિકાલાબાધિત નિયમ છે કે.... 'અંતિમ કાર્યનું કાર્ય ન હોય અને મૂળ કારણનું કારણ ન હોય.' આ જ વિધાનમાં પેલી કાળજૂની સમસ્યા 'મુરઘી પહેલી કે ઇંડું પહેલું ?'નો ઉકેલ મળી જાય છે. કે મુરઘી ઇંડા સાપેક્ષ છે અને ઇંડું મુરઘી સાપેક્ષ છે. યાદ રહે કે કર્યું તેને કહેવાય કે જે કર્યાં બાદ કોઇ કરવાપણું જ રહે નહિ, અને થયું તેને કહેવાય કે જે થયા બાદ ટળે નહિ, વિનાશ પામે નહિ, ઓછુંવત્તું થાય નહિ, ફેરફાર થાય નહિ, ન બગાડપણું હોય કે ન સુધરવાપણું હોય, કે ન તો તેનાથી કર્યાંક, કશું અધિક હોય, તેમ તેના રક્ષણ કે જાળવણીની ય આવશ્યકતા નહિ હોય. એ ત્રિકાળ એકરૂપ હોય, થયું તે છે કે જે થયાં પછી સ્થિર થઇ જાય. રહ્યાયી બની જાય, જેમાં આગળ થવાનું હોય અથવા કરવાનું બાકી હોય તેને અંતિમ-કાર્ય ન કહેવાય.

કાર્ય-કારણની રૂપરેખા એ છે કે કર્યા તો...

(અ) સંસારમાંથી સંસાર બનાવવો અને કાર્ય-કારણની

પરંપરા ચાલુ ને ચાલુ જ રાખવી. સ્ટેશન પછી સ્ટેશન અને એક મુકામ પછી બીજા મુકામના ફેરા-ચક્કર ચાલુ જ રાખવા, કે જ્યાં મંઝિલ હોય જ નહિ.

અથવા તો...

(૨) સંસારમાંથી મોક્ષમાર્ગ કાઢવો અને સંસાર રહેત થઇ અંતિમકાર્ય કરી સિદ્ધિ મેળવવી-મુક્તિ મેળવવી અને આત્મામાંથી પરમાત્મા બની જવું. જેથી કાર્ય-કારણની પરંપરા-શૃંખલાનો અંત આણી ચક્કરમાંથી છૂટી જઇ સાદિ-અનંત સ્થિર થઇ જવાય.

જ્યાં કાર્ય-કારણ હોય છે ત્યાં કર્તા-ભોકતા ભાવ હોય છે. પ્રયોજન હોવાથી સુખ માટેનો ભોકતાભાવ અને કાર્ય હોવાથી ત્યાં કર્તાભાવ આવે છે. પુરુષાર્થ એ કર્તાભાવ છે. જ્યારે મોક્ષમાર્ગમાં મોહભાવને હણવારૂપ કર્તાભાવ હોય છે.

જે બની શકે એમ હોય તે કર્તવ્ય છે. અને તે જ કાર્યરૂપ હોય છે. જે કાર્ય પછી નિત્યત.ની પ્રાપ્તિ થાય તેને કાર્ય કહેવાય પુદ્ગલદ્રવ્ય વિનાશી હોવાથી પારમાર્થિકતાએ તે કાર્યક્ષેત્ર નથી. આત્મક્ષેત્ર એવું છે કે જ્યાં અંતિમકાર્યની સિદ્ધિ થઇ શકે છે. માટે જ મોક્ષ એ કાર્ય છે. અને તે અવશ્ય ભવ્યજીવોએ કરવા જેવું કર્તવ્ય છે. એ કર્તવ્યરૂપ છે. મોક્ષ પ્રાપ્ત થયાં પછી કાંઇ કરવાપણું રહેતું નથી. તેથી તે કાર્ય થયું કહેવાય.

અજ્ઞાની ફળને ચોંટે છે. પરંતુ તે ફળના મૂળકારણને જોતા જોતો નથી. એ શ્રાવનવૃત્તિ છે. જ્યારે જ્ઞાની કાર્ય (ફળ)માં કારણને એટલે કે મૂળને જુએ છે. અને કારણ અર્થાત્ કર્મબંધના સમયે તેના કાર્ય એટલે કે ફળનો વિચાર કરે છે. એ એ સિંહવૃત્તિ છે.

અજ્ઞાની પુણ્યોદયમાં ફળને ચોંટે છે અને પુણ્યકર્મબંધ વેળાના શુભભાવને ભૂલે છે. જ્યારે પાપકર્મબંધ વેળા અજ્ઞાની તેના ફળ સ્વરૂપે આવી પડનાર દુઃખનો વિચાર કરતો જ નથી.

અપેક્ષાકારણ મોક્ષ પ્રાપ્તિ માટે જ્યાં સુધી ન મળેલ હોય ત્યાં સુધી પ્રધાન સમજવા અપેક્ષાકારણ મળ્યા પછી દેવ-ગુરુ-ધર્મ નિમિત્તકારણ બળવાન લેખવા કે જેની પ્રાપ્તિથી જીવતા પોતાના અસાધારણકારણ (ગુણ) અને ઉપાદાનકારણ (ગુણી) ઘાતિકર્મના ક્ષય અર્થાત્ મોક્ષપ્રાપ્તિ માટે મહત્વતના બની રહે છે.

નિમિત્તકારણને પ્રાપ્ત કરીને તેને સફળ કરવા માટે-અસાધારણ અને ઉપાદાન કારણને આત્મપુરુષાર્થ કરીને તેજવંતુ બનાવવું જોઇએ. તો જ પરિણામે સ્વ સ્વરૂપને પમાય. અને આત્માને નિરાવરણ બનાવાય.

નિમિત્તકારણ એ 'પર' છે. જ્યારે ઉપાદાનકારણ 'સ્વ' છે. એટલે કે નિમિત્ત અને ઉપાદાનકારણમાં ભેદ છે. જ્યારે ઉપાદાન અને અસાધારણ કારણ ઉભય 'સ્વ' છે અને તેથી ભેદરૂપ નથી તેમ જ વિધેયાત્મક (Positive) છે તેથી વિપરીત અપેક્ષા અને નિમિત્ત કારણ ઉભય પર હોવાથી નિષેધાત્મક (Negative) છે. મૂળ આધાર કારણ એટલે ઉપાદાનકારણ અને તેની વચલી વિકાસ અવસ્થાઓ તે અસાધારણકારણ.

અપેક્ષા-નિમિત્ત-અસાધારણ અને ઉપાદાન કારણથી જે કાર્ય થાય તે વડે આકારો આત્માના ઉપયોગને અર્થાત્ ઉપાદાનને આપવાના છે. અને નહિ કે પુદ્ગલને જેમ દંડ, ચક્ર, પાણી અને હસ્તદ્વય એ ચાર વડે જે આકાર આપવાના છે તે માટીને અને નહિ કે હસ્તદ્વયના માલિક કુંભારને.

સ્વક્ષેત્ર, સ્વગુણ પર્યાયરૂપે જે હોય તે નિશ્ચય કહેવાય. તેથી અસાધારણ અને ઉપાદાન કારણ સ્વક્ષેત્રે હોવાથી તે નિશ્ચયરૂપ છે. અપેક્ષાકારણ અને નિમિત્તકારણ પરદ્રવ્ય છે અને પરક્ષેત્રે છે તેથી તે વ્યવહારરૂપ છે.

અપેક્ષાકારણ મળ્યા બાદ નિમિત્ત કારણને મેળવવા અને તેનાથી અસાધરણ અને ઉપાદાન કારણને ફેળવવાના હોય છે. તેમ કરશું તો જ પાર ઉતરશું. અન્યથા મળેલાં અપેક્ષા અને નિમિત્તકારણ પણ ચાલ્યા જશે. અને સ્થિતિ ધોબીની ધાણીના બળદ જેવી થશે.

જેટલી નિમિત્ત ઉપર આપણી દૃષ્ટિ છે તેટલી આપણા ઉપાદાન ઉપર આપણી દૃષ્ટિ નથી, નિમિત્ત ઉપરની દૃષ્ટિ નિમિત્ત ન મળે ત્યાં સુધી રાખવાની હોય છે જ્યારે ઉપાદાન ઉપરની દૃષ્ટિ તો કેવલજ્ઞાન ન થાય ત્યાં સુધી રાખવાની હોય છે.

દુઃ અને દરિદ્રતા ન હોય તો જીવન જીવવા જેવું લાગે છે. અને કાંઇક સુખને અનુભવીએ છીએ. એ જ પ્રમાણે સમ્યગ્ દૃષ્ટિપાત આવે તો આપણે ધર્મમાં કાંઇક સ્થાન પામીએ.

નિશ્ચયથી અસાધારણ કારણ (ગુણ) તૈયાર થાય તો 'આત્મકૃપા' થઇ કહેવાય. બાકી વ્યવહારથી દેવ-ગુરુના વંદન-પૂજન-સેવા-વૈયાવચ્ચથી નિમિત્તકૃપા અર્થાત્ ગુરુકૃપા તો મળી શકે છે.

આત્માના મોહાદિ, રાગ દ્વેષાદિ દુષ્ટભાવો એ ખાડાટેકરાવાળી ખરબચડી ભૂમિ છે. જે ઉપર આત્મા ભાવરૂપી નિસરણી ઊંચે ચઢવા માટે મૂકી શકતો નથી જ્યારે દેવ-ગુરુ નિષ્પરિગ્રહી, નિરારંભી, નિરવદ્ય, નિર્દોષ, નિષ્પાપ લીસી સપાટ ભૂમિ છે જે ઉપર આત્મા પોતાની ભાવરૂપી નિસરણી મૂકી ઉપર ઊઠી શકે છે. ભાવારોહણ કરી શકે છે. અને શ્રેણિએ આરૂઢ થઇ શકે છે.

દેવગુરુ નિસરણી માંડવા માટે નિમિત્ત છે. જે નિસરણીના સહારે કેવલજ્ઞાનની પ્રાપ્તિ સુધી આગળ વધવાનું છે. આત્માએ પોતે પોતાના અસાધારણ કારણ વડે અને ઉપાદાન કારણ વડે ચોર્યાસી લાખ યોનિમાંથી મનુષ્યયોનિ અને સદ્ગુરુનો યોગ મેળવ્યો એ એની ઉપર થયેલ 'પરમાત્મકૃપા' છે. હવે સદ્ગુરુનો સત્સંગ સેવી પોતાના અસાધારણ અને ઉપાદાન કારણને તૈયાર કરી સ્વયં પરમાત્મા બનવું તે 'આત્મકૃપા' છે. 'પરમાત્મકૃપા' મળેલ છે એવા આપણે સહુ 'આત્મકૃપા' કરી સ્વયં પરમાત્મા બનીએ તેવી અભ્યર્થના !

પૂજ્ય દેવચંદ્રજીકૃત ચોવીશીમાં એમણે અઢારમાં અરનાથ ભગવંતની સ્તવનામાં આ ચાર કારણ ઉપર પ્રકાશ પાડયો છે જે નીચે પ્રમાણે છે...

પ્રણમો શ્રી અરનાથ, શિવપુર સાથ ખરોરી,
ત્રિભુવન જન આધાર, ભવનિસ્વાર કરોરી, ૧.
કર્તા કારણ યોગ, કાર્ય સિદ્ધ લહેરી,
કારણ ચાર અનુપ, કાર્યથી તેહ ગ્રહેરી ૨.
જે કારણ તે કાર્ય, થાયે પૂર્ણ પટેરી;
ઉપાદાન તે હેતુ, માટી ઘટ જેમ વટેરી ૩,
ઉપાદાનથી ભિન્ન, જે વિણ કાર્ય ન થાયે;
ન હુવે કાર્યરૂપ કર્તાને વ્યવસાય ૪.

કારણ તેહ નિમિત્ત, ચક્રાદિક ઘટ ભાવે;
કાર્ય તથા સમવાય, કારણ નિયતને દાવે ૫.
વસ્તુ અભેદ સરૂપ, કાર્યપણું ન ગ્રહેરી;
તે અસાધારણ હેતુ કુંભોત્પાદન લહેરી ૬.
જેહનો ન વિવહાર, ભિન્ન નિયત બહુ ભાવી;
ભૂમિ કાળ આકાશ, ઘટ કારણ સદ્‌ભાવી ૭.
એહ અપેક્ષા હેતુ, આગમમાંહિ કહોરી;
કારણ પદ ઉત્પન્ન, કાર્ય થયે ન લહોરી ૮.
કર્તા આતમ દ્રવ્ય, કાર્ય સિદ્ધ પણોરી;
નિજ સત્તાગત ધર્મ, તે ઉપાદાન ગણોરી.
યોગ સમાધિ વિધાન, અસાધારણ તેહ વદેરી;
વિધિ આચરણા ભક્તિ, જિણે નિજ કાર્ય સંદેરી...૧૦
નરગતિ પદમ સંધયણ, તેહ અપેક્ષા જાણો,
નિમિત્તાશ્રિત ઉપાદાન, તેહની લેખે આણો...૧૧
નિમિત્ત હેતુ જિનરાજ, સમતા અમૃત ખાણી;
પ્રભુ આલંબન સિદ્ધિ, નિયમા એહ વખાણી...૧૨
પુષ્ટ હેતુ અરનાથ, તેહના ગુણથી હીલીયે,
રીઝ ભક્તિ બહુમાન; ભોગ ધ્યાનથી મીલિયે...૧૩
મોટા ને ઉછંગ, બેઠાને શી ચિંતા,
તિમ પ્રભુ ચરણ પસાય, સેવક થયા નચિંતા...૧૪
અર પ્રભુ પ્રભુતા રંગ, અંતર શક્તિ વિકાસી,
દેવચંદ્ર આણંદ અક્ષયભોગ વિલાસી...૧૫

સંકલનકાર: સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પ્રકાશનો

* **સત્યમ્ શીવમ્ સુંદરમ્**
  લે. પરમાનંદ કુંવરજી કાપડિયા
  મૂલ્ય રૂા. ૩-૦૦
* **ચિંતન યાત્રા**
  લે. પરમાનંદ કુંવરજી કાપડિયા
  મૂલ્ય રૂ. ૭-૦૦
* **મહાવીર વાણી (અપ્રાપ્ય)**
  સંપાદક : ડૉ. ભગવાનદાસ તિવારી
* **અવગાહન (અપ્રાપ્ય)**
  લે. ચીમનલાલ ચકુભાઇ શાહ
* **સમયચિંતન**
  લે. ચીમનલાલ ચકુભાઇ શાહ
  મૂલ્ય રૂ. ૩૦-૦૦
* **તત્ત્વવિચાર અને અભિવંદના**
  લે. ચીમનલાલ ચકુભાઇ શાહ
  મૂલ્ય રૂ. ૪૫-૦૦
* **જિનતત્ત્વ**
  લે. ડૉ. રમણલાલ ચી. શાહ
  મૂલ્ય રૂ. ૨૦-૦૦
* **નિહ્નવવાદ**
  લે. ડૉ. રમણલાલ ચી. શાહ મૂલ્ય રૂા. ૭-૦૦
* **અર્ધી સદીના આરે**
  (સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાના પચાસ વર્ષની સવિગત માહિતી આપતું પ્રકાશન)
  સંપાદક : પન્નાલાલ ૨. શાહ
  મૂલ્ય રૂા. ૧૦-૦૦
* **નિરીક્ષણ અને અર્થઘટન**
  લે. પન્નાલાલ ૨. શાહ
  મૂલ્ય રૂા. ૪૦-૦૦

ભગવાન મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે
'પ્રબુદ્ધ જીવન'નો સંયુકત અંક

ભગવાન મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે તા. ૧-૪-'૮૭ અને તા. ૧૬-૪-'૮૭ નો 'પ્રબુધ્ધ જીવન'નો અંક સંયુકત અંક તરીકે તા. ૧૬-૪-'૮૭ના રોજ પ્રગટ કરવામાં આવશે. એટલે તા. ૧-૪-'૮૭ નો અંક પ્રગટ થશે નહિં.

-તંત્રી

પ્રબુદ્ધ જીવન

(રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ રુલ્સ ૧૯૫૬ ના અન્વયે)
(ફોર્મ નં. ૪)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિનું સ્થળ	:	રસધારા કો. ઓ. હા. સોસાયટી, : ૩૮૫, સરદાર વી પી. રોડ, મુંબઇ-૪
૨. પ્રસિદ્ધિનો ક્રમ	:	દર મહિનાની પહેલી અને સોળમી તારીખ.
૩. મુદ્રકનું નામ	:	ચીમનલાલ જે. શાહ
ક્યા દેશના	:	ભારતીય
૪. ઠેકાણું	:	રસધારા કો. ઓ. હા. સોસાયટી : ૩૮૫, સરદાર વી પી. રોડ, મુંબઇ ૪
૪. પ્રકાશનું નામ	:	ચીમનલાલ જે. શાહ
ક્યા દેશના	:	ભારતીય
ઠેકાણું	:	રસધારા કો. ઓ. હા. સોસાયટી, : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪
૫. તંત્રીનું નામ	:	ડૉ. રમણલાલ ચી. શાહ
ક્યા દેશના	:	ભારતીય
ઠેકાણું	:	રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪
૬. માલિકનું નામ અને	:	શ્રી મુંબઇ જૈન યુવક સંઘ,
સરનામું	:	૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૩-'૮૭ રમણલાલ ચી. શાહ

શબ્દો જ કંકુ અને શબ્દો જ ચોખા....

● પ્રા. ધનજયકુમાર ત્રિવેદી

અને મહત્તાનો વિવાદ કાંઇ નવો નથી. એક બાજુ આકારના રાચતા મનમાં વિસ્મય ભરી દેવાનું સામર્થ્ય ધરાવે છે, તો બીજી બાજુ લઘુતા પોતાના અસંખ્ય સ્વરૂપમાં બુદ્ધિને જ નહીં, આત્માને પણ ચમત્કૃત કરતી આવી છે. તફાવત માત્ર એટલો જ છે– જ્યાં વિરાટ સ્વરૂપ સર્વગ્રાહી છે, જ્યારે લઘુતામાં રહેલી સુંદરતા જોવી મોટે ભાગે અઘરી છે. લઘુતામાં રહેલી સુંદરતા જોઇને અન્યની અનુભૂતિમાં તેને સંક્રાન્ત કરવી એ એથીય કઠિન છે. સુદામાના તાંદુલમાં રહેલી લાગણીઓની ભીનાશમાં ભીંજવા માટે શ્રીકૃષ્ણની વિશાળતા જોઇએ. જેનામાં ખરેખરી વિશાળતા હોય તે લઘુતામાં રહેલી પેલી સુંદરતા માણી શકે અને મૂલવી શકે. આથી અહીં ગુજરાતી સાહિત્યમાં સર્જાતી લઘુકથાના સ્વરૂપ વિશે થોડી ચર્ચા કરવાનો ઉપક્રમ રાખ્યો છે...

ગુજરાતી સાહિત્યની લઘુકથા સૃષ્ટિ ભણી નજર માંડીએ તો તરત દેખાઇ આવે એવી વાત એ છે કે ગુજરાતી ભાષામાં લઘુકથા સાહિત્ય પ્રકારને રૂપાયિત કરવાના જે કાંઇ પ્રયત્નો થયા છે એ જે તે લેખકોએ મોટે ભાગે ગંભીરતાપૂર્વક કર્યા છે અને એટલે જ ગુજરાતી કવિતામાં. 'હાઇકુ' કે 'ટ્રિઓ' અને 'તન્કા'ની જેમ આ સાહિત્ય પ્રકાર ફૂલેફાલ્યો નથી. 'હાઇકુ'ની જે દશા થયેલી એવી દશામાંથી લઘુકથા ઊગરી ગઇ છે. લઘુકથાનું સર્જન એ 'ડાબા હાથનો ખેલ' બની રહેલ નથી. ગુજરાતી વાચકોએ પણ લઘુકથાઓ પ્રત્યે સારો એવો ઉમળકો દાખવ્યો છે. લાઘવ એ કલાનો આત્મા છે અને આ લાઘવ જ્યારે કલાત્મક રીતે લઘુકથામાં સિદ્ધ થાય ત્યારે કૃતિ લેખક અને ભાવક બંનેનો સંતૃપ્ત કરે છે.

લઘુકથાના લેખકમાં સર્વદેશીય કલ્પનાશક્તિ હોવી જોઇએ, જે તેણે ભાવકના દિલમાં સંક્રાન્ત કરવાની હોય છે. લઘુકથાને સફળ બનાવવા માટે તેના લેખકમાં ઉચ્ચ પ્રકારની કલ્પનાશક્તિ, દૃષ્ટિની વિશાળતા અને જીવનનાં અંતિમ મૂલ્યો વિશે અવિચલ શ્રદ્ધા હોવી જોઇએ. સંવેદનશીલતાથી ભરપૂર માણસ જ લઘુકથા લખી શકે અને માણી શકે. સંવેદનશીલતાની ઉત્કૃષ્ટતા અનુભવ્યા પછી તે પોતાની કથાના કોઇ પાત્ર દ્વારા કે ઘટના દ્વારા ભાવકને અસ્વસ્થ બનાવી શકે અને કોઇ અભિનવ સૃષ્ટિમાં ખેંચી જઇ શકે. ફકત એક જ ઊર્મિથી ઝણઝણી ઊઠેલા ચિત્તની સ્થિતિને બરાબર પકડીને એ ભાવપરિસ્થિતિ ઉપર જ રચાયેલી વાર્તા લઘુકથા હોઇ શકે. લઘુકથામાં કોઇ એક ને એક પ્રબળ લાગણીમાંથી ભાવપરિસ્થિતિની ઉપસ્થિતિ હોવી જોઇએ. એમાં નવલિકાની જેમ કથાતંતુના તાણાવાણા ભલે રચાયા હોય પણ એમના પાયામાં પેલી એક જ લાગણી રહેલી હોય છે. એ એક જ લાગણી દ્વારા લેખક પોતાનું કથયિત્વ અભિવ્યક્ત કરે છે.

લઘુકથા એટલે લાગણીની જ કથા એવું નથી. જીવન–ફિલસૂફીના સ્પર્શ વગર કોઇ કૃતિ સાહિત્યકૃતિ બની શકતી નથી એટલે લઘુકથા સર્જકનું કથયિત્વ એ આ ફિલસૂફી જ હોય, પણ લઘુકથામાં જીવનની સર્વગ્રાહી ફિલસૂફી માટે પણ એમાં અવકાશ નથી. લઘુકથા એ ફિલસૂફીનું કોઇ એક જ વિચાર દ્વારા એનું દર્શન કરાવે છે. ફકત એક જ વિચાર, પણ એ વિચાર એટલો બળકટ હોય છે કે ભાવકના ચિત્તને એ કાયમને માટે પકડી રાખે છે. જીવનના કોઇ પાસાને સમજવા કે મૂલવવામાં તે ભાવકને એ પોતાની આગવી રીતે સહાય કરે છે. લઘુકથામાં જીવનના વ્યાપક સંદર્ભને છોડી દઇ માત્ર ભાવપરિસ્થિતિના સૂક્ષ્મ ફલક પરથી વાર્તાની રચના થાય છે. આ ભાવપરિસ્થિતિનું ફલક ઘણું સૂક્ષ્મ અને અલ્પ હોવા છતાં એમાંથી નિષ્પન્ન થતો સાહિત્ય-પદાર્થ ઘણો પ્રબળ અને બુલંદ હોય છે.

લઘુકથામાં પાત્રાલેખનના વિકાસ માટે અવકાશ નથી એમ કહીને લઘુકથાની મર્યાદા બતાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. 'બે ચહેરા' અને 'રેગ સાઇડ' નામની પ્રખ્યાત લઘુકથા તપાસવાથી ખ્યાલ આવી શકશે કે લઘુકથાનો લેખક ધારે તો પાત્રના વ્યકિતત્વની છાપ આપણા ચિત્ત પર બાંધા સમય સુધી અંકાઇ રહે એવું કરી શકે છે. લઘુકથામાં લેખક પાત્રના સમગ્ર વ્યકિતત્વને નહીં, તેના એકાદ પાસાને જ ઉઠાવ આપે છે. પરંતુ આ એકાદ પાસા પરથી પણ પાત્રના વ્યકિતત્વનું સમગ્ર દર્શન કરી શકાય છે. પાત્રના એકાદ પાસાના ઉઠાવ પરથી ભાવક તેના સમગ્ર વ્યકિતત્વ વિશે વિચારવા લાગે છે. પાત્રની તરફનો તેનો અહોભાવ સાચો પણ હોઇ શકે છે કર્ણના પગના આંગળા પર નજર પડતાં યુધિષ્ઠિર હંમેશાં સાશંક બની જતા, કારણ કે કર્ણનાં આંગળાં માતા કુંતીનાં આંગળાં જેવાં તેમને લાગતાં હતાં. લઘુકથામાં લેખક પાત્રનું ચરિત્રચિત્રણ વધુ કરકસરથી, કુશળતાથી અને સૂક્ષ્મતાથી કરે છે. લઘુકથામાં લેખક પોતાની કથાના પાત્રના વ્યકિતત્વના એકાદ પાસાને એવો ગરવો ઉઠાવ આપે છે કે તો ઊંચાઇએથી આપોઆપ સારાય પાત્રનાં બીજાં પાસાંઓની આભા સર્જનને પાત્રનું એક અખિલાઇભર્યું દર્શન પ્રાપ્ત થાય છે.

લઘુકથાના લેખક પાસે સંવેદનશીલતાનું ગંતવ્યબિંદુ સ્પષ્ટ થઇ ગયું હોય તો, અને કલમ પર સંપૂર્ણ કાબૂ હોય તો શરૂઆતમાં થોડા શબ્દો દ્વારા તે કથાને અનુરૂપ કે ઘટનાને અનુરૂપ વર્ણન પણ ઊભું કરી શકે પણ તેનો મોહ ન રાખી શકે.

લઘુકથાની ભાષા એ લેખકની આકરી કસોટી લઇ નાખે છે. લેખકમાં સમજણ અને સર્જકતા બંનેનો સમન્વય માંગી લે છે. લઘુકથાનું ગદ્ય કાવ્યના ગદ્ય તરફ જાય છે. લઘુકથામાં કાવ્યના ગદ્યની સ્વરૂપગત અનિવાર્યતા છે. પ્રતીક, કલ્પન કે વ્યંજન લઘુકથાને વધારે રુચિર, ઊંડાણવાળી અને કલાપૂર્ણ બનાવે છે તેથી જ ઊર્મિકાવ્ય કે મુકતકની જેમ લઘુકથા સર્જકની કસોટી કરે છે. જેની પાસે કલાગરા શબ્દો ન હોય તેવા કોઇએ લઘુકથા લખવાનો ચાળો કરવા જેવો નથી. કોઇ અણુયંત્ર, માણસ તાર કરાઇ જાય તો એવો મોટો મોટો તાર કરી આવશે કે તે કહેતાં તે રૂબરૂ જઇ આવવું સસ્તું થઇ પડે! લઘુકથાની ભાષા આ અર્થમાં તારની ભાષા છે. વધુ પૈસા ન દેવા પડે તેથી તાર કરતી વખતે જોખી જોખીને શબ્દો ગણીએ છીએ છતાં અર્થ સ્પષ્ટ થાય તેની તકેદારી રાખીએ છીએ. લઘુકથામાં પણ બિનજરૂરી શબ્દો ઘૂસી ગયા તો પણ ખોટ જવાની–તેનાથી લઘુકથાની કિંમત ઘટી જતી હોય છે. લઘુકથામાં શબ્દોની કરકસર હોય છે, લોભ નહીં. લઘુકથાનો લેખક લક્ષ્મીપતિની જેમ શબ્દોનો વ્યય કરી શકે નહીં. મધ્યમવર્ગનો માણસ પોતાનું માસિક બજેટ બનાવતી વખતે એક પણ બિનજરૂરી વસ્તુ પર ખર્ચ ન થઇ જાય તેનું ધ્યાન રાખે છે કારણ કે તેની આવક આવા

ખર્ચને સહન કરી શકતી નથી. લઘુકથાનું સ્વરૂપ પણ શબ્દોનો ભાર સહન કરી શકતું નથી. આમેય સંવેદનશીલતા અને લાગણીઓને ભાષાની ઝાઝી જરૂર જ ક્યારે પડી છે? સંવેદનશીલતા સમજદાર કે લિએ ઇશારા કાફી હૈ'–લઘુકથાના લેખક અને તેના ભાવક બંનેનું આ માનીતું સૂત્ર છે. લઘુકથામાં થોડા ભાષા-કર્મના પ્રતીકનું આયોજન કરવાથી ગદ્ય ઋજુ બને છે. આનાથી લાઘવ સાધી શકાય છે ઉપરાંત તેની એક બીજી પણ ઉપલબ્ધિ છે–તે લઘુકથામાં સધાતા અંતનો કથાભાવ વીંખાયા વગર લક્ષ્ય બનાવે છે ભાષાની કરકસર લઘુકથામાં અનિવાર્ય ગણાય છે. શબ્દો વેડફાઈ જાય એ લઘુકથાના લેખકને પોસાય તેવી વાત નથી. સાચી રીતે કહું તો કહેવાનું મન થાય છે કે આપણી ભાષાના શબ્દો સાચી રીતે લઘુકથામાં જેટલા ઠરે છે તેટલા બીજે ક્યાંય નહીં ઠરતા હોય. જેનો કોઠો ઠરે તે સાચા દિલથી આશીર્વાદ આપે છે. સફળ લઘુકથાનો લેખક શબ્દોના આવા આશીર્વાદ મેળવી શકે તેવું તેનું સ્વરૂપ છે. લઘુકથાના લેખક માટે તો શબ્દો જ કંકુ અને શબ્દો જ ચોખા છે. ભાવકના ચિત્તને ઝંકૃત કરવા જેટલા જરૂર પડે તેટલા શબ્દો જ કલમમાંથી વછૂટવા જોઈએ. સમુદ્રમાં તરતું વહાણ જ્યારે ડૂબવા લાગે ત્યારે ખલાસી પોતાને તથા અન્ય પ્રવાસીઓને બચાવી લેવા વહાણમાંની નિર્જીવ વસ્તુઓ દરિયામાં નાખી દે છે જેથી વહાણ હળવું રહે અને તરતું રહે લઘુકથામાં પણ તરતી સંવેદનશીલતાને જીવંત રાખવા લેખકને નિર્જીવ શબ્દો વામી દેવા પડે છે. શબ્દોના વાધા લઘુકથાને વર્જ્ય છે. 'એક બંગોટી, દો રોટીયાં' લઘુકથા માટે કાફી છે શબ્દની સર્વોચ્ચ શક્તિ દેખાડવા માટે લઘુકથા વિશાળ મેદાન પૂરું પાડે છે. લઘુકથામાં પ્રયત્નલાઘવ અને શબ્દલાઘવ બંને છે.

લઘુકથામાં શીર્ષકનું મહત્ત્વ ખૂબ વધી જાય છે. તેમાં પણ કથામાં ઘૂંટાતી સંવેદનશીલતાને રફુટ કરતું કોઇ શીર્ષક લાધી જાય તો લઘુકથાનું કાઠું વધુ વજનદાર બની જાય છે. યોગ્ય પ્રતીકાત્મક શીર્ષક લેખકને ઘણા શબ્દોની બચત કરાવી આપે છે. 'ગોળવેલ' નામની લઘુકથા તેના નવા શીર્ષકની મદદ વગર તેટલી ટુંકી બનાવી શકાઇ નહોતી તેવો મને અનુભવ છે. આંધ્ર પ્રમાણે પાઘડી મળી જાય તો માથું અને પાઘડી બંને શોભી ઊઠે છે.

યોગ્ય શીર્ષકની ગોઠવણી થઇ જાય એટલે લઘુકથાના પ્રારંભનો આરંભ થાય છે. લઘુકથાનો પ્રારંભ મુંબઇની ટ્રેઇન જેવો છે જે શરૂઆતથી જ તેની ઝડપની આગાહી આપે છે.

મુસાફર જો તૈયાર ન હોય તો ગાડી ચૂકી જાય અથવા ગબડી પડે. લઘુકથામાં પણ લેખકની પાસેથી ધ્વનિકલાની સૂઝ અને તેના ભાવકની પાસેથી ધ્વનિપરખની સૂઝની અપેક્ષા રાખવામાં આવે છે. જેની પાસે ઠીક ઠીક સમય હોય તે લઘુકથા લખી શકે, વાંચી શકે અને માણી શકે. જેને ઉતાવળ હોય તેને માટે આપણી પ્રચલિત નવલ-કથાઓ કયાં નથી? લઘુકથાના પ્રારંભથી જ લેખક ભાવકને 'ધીરે ધીરે ઉતાવળ કરો'ની દિશા તરફ દોરી જવા પ્રયાસ કરે છે. જે ક્ષણની છબી લેખકે ઝીલી છે તે ભાવકમાં સંક્રાંત કરવા તે સીધી જ દોટ મૂકે છે પણ લેખક સતત સભાન રહે છે કે ભાવક પણ તેની સાથે જ રહે કે નહીં. ભાવપરિસ્થિતિનું ફલક જેટલું ટુંકું હોય છે. એનો આવિષ્કાર વીજળીની ગતિ જેવો ઝાપી અને અસાધારણ સામર્થ્ય ધરાવનારો છે. આ આવિષ્કાર લઘુકથામાં ટુંકમાં ટુંકી રીતે સાધવાનો હોવાથી પ્રારંભ ખૂબ જ પુષ્ત હોવો જોઇએ અને પ્રારંભ પચાવનાર પણ પુષ્ત હોવો જોઇએ અને જો તેમ થાય તો ભાવક પ્રારંભથી જ પ્લાવિત થવા લાગે છે. લઘુકથાનો ટેમ્પો એકદમ ખૂબ જ ટૂંકો અને અત્યંત ઝડપી હોય છે. લઘુકથાનો લેખક આ રીતે પોતાની લઘુકથાને ભાવકના દિલમાં તરત જ તરતી મૂકી શકે છે.

શીર્ષક અને પ્રારંભની કસોટીમાંથી પસાર થયા પછી લઘુકથાના લેખકને કથાનું ઝડપી નિર્વહન કરવાનું હોય છે. કથાના પ્રારંભ પછી સતત ગતિશીલતા એ લઘુકથાનું આગવું લક્ષણ છે. કથાના ગંતવ્યબિંદુ તરફ લેખક સીધી જ દોટ જ મૂકે છે પણ તેની આ સીધી દોટ પેલા મૂર્ખ પ્રાણી રોઝની જેવી સમજણ વગરની નથી, એક ચતુર ખેલાડીની તે દોટ છે. હોકીનો ખેલાડી દડાને પોતાની હોકીની મદદથી રમાડતો, ફંગોળતો અને વચ્ચે આવતા અવરોધથી દડાને બચાવતો ગોલકિપર તરફ જે ત્વરાથી દોડે છે તેમાં માત્ર ગતિ નથી પણ સમજણપૂર્વકનો એક આયાસ છે તેથી જ તે રમત રમવી કે જોવી આપણને ગમે છે. દડાને રમાડતો રમાડતો તે એવા પોઇન્ટ સુધી દડાને લઇ જાય છે જ્યાંથી તેને લાગે છે કે બસ, અહીંથી ફકત એક જ ફટકાની જરૂર છે, એટલે પછી તે ફટકો મારે છે એટલે પ્રેક્ષકો અને ખેલાડીઓ સુધ્ધાં મોલી ઊઠે છે...'ગોલ ગોલ!' લઘુકથાનો લેખક પ્રારંભ કર્યા પછી આવી જ ગતિશીલતા ધારણ કરી શબ્દોને રમાડતો, ફંગોળતો અને શબ્દોને અવરોધથી બચાવતો પોતાના ગંતવ્યબિંદુ તરફ દોટ મૂકે છે અને ભાવકને એક એવા પોઇન્ટ સુધી લઇ જાય છે જ્યાંથી તે સર્વોચ્ચ બિંદુ પ્રાપ્ત કરવાનો છે. જેણે હોકીની રમત જોઇ કે તેની કોમેન્ટરી સાંભળી હશે તેને ખ્યાલ હશે કે અડધા કલાકના રાઉન્ડમાં ખેલાડી, પ્રેક્ષક કે કોમેન્ટેટર એક પણ ઉંતેજનાવિહીન રહેતા નથી. લઘુકથામાં પણ લેખક કે ભાવક એક ક્ષણ પણ ગફલતમાં રહે તો શબ્દો છટકી જ જવાના. લઘુકથામાં યોગ્ય શબ્દો લખવા કે વાંચવા એ પારો પકડવા જેટલું અઘરું છે. હોકીના ખેલાડીની જેમ લઘુકથાનો લેખક પણ 'સ્કડી કે જાદુગર' હોવો જરૂરી છે.

લઘુકથાનો અંત એટલે ગંતવ્યબિંદુ–ગોલ છે. આગળ કહ્યું તેમ છેલ્લા પોઇન્ટ સુધી ભાવકને લઇ ગયા પછી લેખક જે વાક્ય મૂકે તેમાં ચમત્કૃતિ આવવી જોઇએ. ભાવ-અર્થની ચમત્કૃતિ હોય છે, ચોટ હોય છે, જીવનની કોઈ ફિલસૂફીનો નિર્દેશ પણ હોય છે, જે ધ્વનિત થઇને વિસ્તરે છે. લઘુકથાનો વ્યાપ સીમિત છે. તેથી કથાનિષ્પત્તિ અંતે મળે છે તેથી ત્યારે અંત ધારદાર અને વેધક બનવો જ જોઇએ. ગુલાબના કાંટાના જેવો, બાવળના કાંટાના જેવો નહીં. લઘુકથામાં અંતની વેધકતાની અપેક્ષા રાખવામાં આવે છે. અલબત્ત ખૂબ જ સજજ લેખકે અંતમાં ધારદાર ચોટને પણ ખૂબસૂરત મોડ આપીને કલાત્મક રીતે છોડી દઇ શકે છે, છતાં તેની ચોટતા તો મૂકતો જ જાય છે.

લઘુકથાને ટુચકો કહીને તેને હીણી દેખાડવાનો બાલીશ પ્રયત્ન કરવામાં આવે છે, પણ ટુચકાને વિસ્તારથી તે કાંઇ લઘુકથા બની શકતી નથી. લઘુકથા એ ફિકશનનો એક સ્વાયત્ત અને વિશિષ્ટ પ્રકાર છે. આપણા ચિત્તને ઝંકૃત કરી શકે તેવું તેમનામાં સંવેદન છે. સામાન્ય અને સાધારણ અનુભવને કારણે થયેલા ચિત્તક્ષોભની નીપજ. છે. આપણા ચિત્તમાં જાગેલા સંવેદનોને ઝીલવાનું તે કામ કરે છે. લઘુકથામાં કથા અને ઘટના બંને છે, પણ ઘટનાનું બને એટલું તિરોધાન કરવાનું એમાં વલણ હોય છે. ઘટનાના ગર્ભમાં રહેલું સંવેદન, કથાના અંત ભાગમાં પ્રગટ થતું હોય છે.

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૦ ઉપર)

'હિન્દી વિચાર–ગોષ્ઠિ'

સંકલન : ગણપતલાલ ઝવેરી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૨૧-૨-૮૭ની સાંજે સંઘના સભાગૃહમાં રાષ્ટ્ર કવિ શ્રી મૈથિલીશરણ ગુપ્ત શતાબ્દી નિમિત્તે એક ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્વાન વક્તા અને મહારાષ્ટ્ર રાજ્ય વિધાન પરિષદના સભ્ય ડો. શ્રી રામમનોહર ત્રિપાઠીએ 'રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્ત ઔર રાષ્ટ્રીય કવિતા' વિષય પર બોલતાં કહ્યું કે "મૈથિલીશરણજી જન્મજાત કવિ હતા. શુદ્ધ હિન્દી ભાષાના તેઓ પ્રણેતા અને પુરસ્કર્તા હતા. રામનામ અને કવિતા એમની રગેરગમાં વણાઇ ગયાં હતાં.

શ્રી ગુપ્તજીનો જન્મ સંપન્ન ગુરત વૈષ્ણવ પરિવારમાં થયો હોવા છતાં પોતે ભગવાન રામચંદ્રના પરમ ભકત હતા. એટલે જ એમણે ગાયું હતું કે

રામ તુમ્હારા વૃત્ત સ્વયં હી કાવ્ય હૈ
કોઇ કવિ બન જાય, સહજ સંભાવ્ય હૈ.

મૈથિલીબાબુના જીવન ઉપર દિગંબર જૈન સંપ્રદાયની અહિંસા, 'ઝાંસી કી રાણી' લક્ષ્મીબાઇની શૌર્યગાથા અને દેશપ્રેમ તથા તત્કાલીન આર્યસમાજની વિચારધારાની પ્રબળ અસર હતી. ત્યાર બાદ મહાત્મા ગાંધીજીના ગાઢ સંપર્કમાં આવ્યા પછી તેઓ કોંગ્રેસી બન્યા અને રાષ્ટ્રભકિતના રંગે રંગાઇ ગયા તેના પરિપાક રૂપે એમણે ભારતની આઝાદીને બિરદાવતો શ્રેષ્ઠ કાવ્યગ્રંથ ભારત ભારતી'ની રચના કરી જેનાથી સમકાલીન સાહિત્યકારો, કવિઓ અને રાજપુરુષો ખૂબ પ્રભાવિત થયા. ભારતીય નારી સમાજ પ્રત્યેના અન્યાય, અસમાનતા અને ઉપેક્ષાથી તેઓ અત્યંત વ્યથિત થયા હતા. તત્કારણે નારી ઉદ્ધારના અભિયાનરૂપે એમણે પૌરાણિક અને ઐતિહાસિક પાત્રો, જેવાં કે લક્ષ્મણની પત્ની ઊર્મિલા અને સિદ્ધાર્થની રાણી યશોધરાને ઉપસાવતાં અદ્વિતીય મહાકાવ્યોની રચના કરી હતી. આમ, તેઓ દેશપ્રેમ અને રાષ્ટ્રભાષાના સ્વનામધન્ય કવિ હતા. કોંગ્રેસ તરફથી તેઓ રાજ્યસભામાં ચૂંટાઇને આવેલા ત્યારે એમણે પોતાનું ભાષણ ગદ્યમાં નહીં પરંતુ કવિતા દ્વારા આપીને શ્રોતાજનોને આશ્ચર્યચકિત કરેલા. તત્કાલીન સામાજિક, સાહિત્યિક અને રાજકીય પરિબળોનો સતત સંઘર્ષ અને પ્રતિકાર કરતા રહીને શ્રી મૈથિલીશરણ ગુપ્ત એક મહામાનવ તરીકે પ્રતિષ્ઠિત થયા હતા.

બીજા સાક્ષર હતા મુંબઇ વિશ્વવિદ્યાપીઠના હિન્દી વિભાગના અધ્યક્ષ ડો. વિનોદ ગોદરે. એમનો વિષય હતો મૈથિલીશરણ ગુપ્ત કી રાષ્ટ્રીય ચેતના.'

એમણે કહ્યું કે "ગુપ્તજી જન જાગરણના કવિ હતા. એમણે રાષ્ટ્રીય ચેતના જગાડવાનું અને ચરિત્રનિર્માણનું ભગીરથ કાર્ય કર્યું હતું એમની ૬૦ વર્ષની કારકિર્દી દરમિયાન એમણે ૬૦ જેટલાં પુસ્તકો લખ્યાં હતાં. સંવેદન, પાત્રો અને ઘટનાઓના માધ્યમ દ્વારા એમણે ભારતમાતાનું દૈવીકરણ કર્યું એટલે કે ભારતભૂમિને દિવ્યતા અપાવી હતી પોતાના અહોળા અનુભવોને આધારે મૈથિલીશરણ ગુપ્તજીએ પ્રતિપાદન કર્યું કે નારીજાગરણ વિના રાષ્ટ્રીય જાગરણ સંભવ નથી. તેઓ પરંપરાગત ધર્મયુકત હતા પરંતુ ધર્માન્ધ ન હતા. તેમનાં કાવ્યસર્જનોમાં સમકાલીન સમર્થ કવિ ભારતેન્દુ તથા કવિવર રવીન્દ્રનાથ ટાગોરની છાયા વરતાતી હતી. ત્યારબાદ શ્રી ગોદરેજીએ મહાત્મા ગાંધી અને મૈથિલીશરણ ગુપ્ત વચ્ચે સરખામણી કરતાં કહ્યું કે બન્ને પરમ વૈષ્ણવ હતા. બન્ને અનન્ય રામભકત હતા ગુપ્તજી તો રામભોલા તરીકે પ્રખ્યાત થયા હતા) બન્ને પ્રખર રાષ્ટ્રપ્રેમી હતા. રાષ્ટ્રીય ચેતનાના બન્ને પુરસ્કર્તા હતા. ગાંધીજી રાષ્ટ્રનેતા હતા જ્યારે ગુપ્તજી રાષ્ટ્રકવિ હતા. બન્ને મહાપુરુષોએ પોતપોતાનાં માધ્યમો દ્વારા નારી ઉદ્ધાર માટે, તથા ઉપેક્ષિત નારીની પ્રતિભા અને સુષુપ્ત શકિતને પ્રગટાવવા પ્રચંડ આંદોલનો કર્યા હતાં. આના અનુસંધાનમાં મૈથિલીશરણજીએ એક ઠેકાણે લખ્યું હતું કે :– "અબલાજીવન હાય, તુમ્હારી હી કહાની
આંચલ મેં હૈ દૂધ ઔર આંખો મેં પાની"

શ્રી ગુપ્તજી હિન્દી ઉપરાંત, અંગ્રેજી, બંગાળી, સંસ્કૃત અને ઉર્દૂ ભાષાના ઊંડા જ્ઞાની હતા. એમનાં કાવ્યસર્જનોમાં, સાકેત યશોધરા, ભારતભારતી, પંચવટી, કિસાન, જયદ્રથવધ ઇ. રચનાઓ અત્યંત સુપ્રસિદ્ધ અને ઉલ્લેખનીય રહી અને એમની સરળ અને હૃદયસ્પર્શી શૈલીને કારણે એમની ઘણી બધી કવિતાઓ લોકજીભે ચઢી ગયેલી."

સભાના પ્રારંભે શ્રી કે. પી. શાહે સંઘનો સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો, ત્યાર પછી ગોષ્ઠિના સંયોજક શ્રી અસંતીલાલ નરસિંહપુરાએ બન્ને વિદ્વદ્જનોનો પરિચય કરાવ્યો હતો.

અંતમાં, સભાના પ્રમુખ ડો. શ્રી રમણભાઇ શાહે પોતાની લાક્ષણિક શૈલીમાં બન્ને પ્રબુદ્ધ વ્યાખ્યાતાઓનાં માહિતીસભર, મનનીય અને રસપ્રદ વ્યાખ્યાનોની સમુચિત સમાપના કરીને તેમનો હાર્દિક આભાર માન્યો હતો.

રામાયણ અને મહાભારતનાં કેટલાંક ઇતર પાત્રો

(પૃષ્ઠ ૧૫૮ થી ચાલુ)

કારણો આપણે સમજી નથી શકતાં.

રામાયણ અને મહાભારતનાં પાત્રો ચિરંતન છે. જે આપણાં સગાંવહાલાં કરતાં પણ વધુ સાચાં લાગે છે. ભારતીય સંસ્કૃતિનો વળાંક આ કથાઓમાં જોવા મળે છે. બન્ને મહાકાવ્ય કદી વાસી નથી થવાનાં એવાં નિત્યનૂતન છે.

કાર્યક્રમના આરંભે શ્રી કોકીલાબહેન વકાણીએ શ્લોકપઠન કર્યું હતું. પરિસંવાદના સંયોજક ડો. ધનવંત તિ. શાહે સૌને આવકાર આપ્યો હતો અને પરિસંવાદની ભૂમિકા સમજાવી હતી. આ પરિસંવાદના મૂળમાં ઉર્મિલાનું ઉપેક્ષિતા કહેવાયેલું પાત્ર રહેલું છે, તે સમજાવ્યું હતું

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ ડો. રમણલાલ શાહે મહેમાનોનો પરિચય આપ્યો હતો અને એક દિવસના પરિસંવાદનો હેતુ સમજાવ્યો હતો.

આરંભે મહેમાનોનું સ્વાગત સંઘના મંત્રી શ્રી પન્નાલાલ ર. શાહ અને સહમંત્રી શ્રી નીરુબહેન એસ. શાહે કર્યું હતું.

કાર્યક્રમના સમાપનમાં ઉપસંહાર કરતાં શ્રી રમણભાઇએ કહ્યું હતું કે, જીવંત વ્યકિત અમુક વર્ષો સુધી જ રહે છે પણ સર્જક સર્જેલી પાત્રસૃષ્ટિ સૈકાઓ સુધી જીવંત રહે છે. આ બન્ને કથાઓમાં ઘણાં ફેરફાર થયા છે. સમયે સમયે જુદાં જુદાં અર્થઘટનો ઉમેરાતાં રહ્યા છે વિદેશોમાં પણ રામાયણની કથા પહોંચી છે. બાલિ, ફિલિપાઇન્સ, થાઇલેન્ડ, વગેરે સ્થળોએ રામાયણની કથા પહોંચી છે. જ્યારે કોઇ રશિયન શિલ્પી ગાંધીજીની પ્રતિમા ઘડે ત્યારે આપણને અસલ નથી લાગતી, તેમ જાપાનમાં ભગવાન બુદ્ધની મૂર્તિ પણ જાપાની શૈલીવાળી જોવા મળે એમ અનેક પાત્રો વિશે પણ બને છે. આજે આ સમર્થ અધિકારી વકતાઓએ આપણને આપણાં આકર ગ્રંથોનો આસ્વાદ કરાવ્યો છે. થોડાં નવાં અર્થઘટનો આપ્યાં છે.

કાર્યક્રમનું સંચાલન સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે કર્યું હતું.

રામાયણ અને મહાભારતનાં કેટલાંક ઇતર પાત્રો

સંઘના ઉપક્રમે રસપ્રદ પરિસંવાદ

● સં. ગુલાબ દેઢિયા

'મૂળમાં પાણી પાવાનું કામ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ કરી રહ્યું છે. કોઇ પણ પ્રવૃત્તિનું ફળ મોડું મળે પણ મૂળમાં પાણી પાવું એ શ્રદ્ધાની નિશાની છે. મને સંઘના કાર્યક્રમોમાં આવવાનું ગમે છે.

'મહાભારત એ મહાસાગર છે. મહાસાગરમાં મોટાં વહાણ પણ હોય અને નાની હોડી પણ હોય. પાત્રો નાનાં કે મોટાં હોતાં નથી. નાનાં પાત્રો પણ અદ્‌ભુત હોય છે. દરેક પાત્ર પોતાને સ્થાને મહાન છે.'

શનિવાર તા. ૧૪-૨-૮૭ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી આયોજિત રામાયણ અને મહાભારતનાં કેટલાંક પાત્રો વિશેના પરિસંવાદમાં મહાભારતનાં ઇતર પાત્રો વિશે પોતાનું વકતવ્ય રજૂ કરતાં જાણીતા સર્જક, ચિંતક અને કેળવણીકાર શ્રી મનુભાઇ પંચોળી 'દર્શક' ઉપરોકત શબ્દો ઉચ્ચાર્યા હતા.

મહાભારતનાં કેટલાંક ઇતર પાત્રો

શ્રી દર્શકે વધુમાં જણાવ્યું હતું કે, મહાભારતકાર તો ઋષિ છે. એમને સાહિત્યકાર કહેવામાં તો ઓછપ છે.

દ્રૌપદી વસ્ત્રાહરણ વખતે ભીષ્મ અને દ્રોણાચાર્ય જેવા વડીલો ચૂપ બેસી રહે છે. ત્યારે વિકર્ણ નામનો એક જુવાન ઊઠી ક્ષણો માટે આવીને વાતાવરણ પર છવાઇ જાય છે. વિકર્ણ દુર્યોધનના નવાણું ભાઇઓમાંનો એક નાનો ભાઇ છે. એ ચૂપ નથી બેસી રહેતો અને કહી દે છે કે, યુધિષ્ઠિરે દ્રૌપદીને હોડમાં મૂકી એ ખોટું કર્યું છે. દ્યૂત જ ખોટી રીતે ખેલાયું છે.

વિકર્ણની ચાતુરીથી, સ્તબ્ધ થઇ ગયેલી આખી સભા ખુશ થઇ જાય છે. ક્રાંતિક પહેલ કરનાર જોઇએ. બાકીનું પાછળ જોઇએ પછી લોકમાનસ ચાલે.

જગતમાં યુવાનોનો આદર્શ વિકર્ણ હોવો જોઇએ. વસ્ત્રાહરણ કરવાની દુઃશાસનને આજ્ઞા આપનાર કર્ણ હોય છે. મોટાની નાનપ એ કર્ણ છે અને નાનાની મોટપ એ વિકર્ણ છે. વિકર્ણ મહાભારતનો મહિમા છે. મોટાની મોટપ નહિ પણ નાનાની મોટપ એ ખરી મોટપ છે.

ગુરુ દ્રોણાચાર્યનો પુત્ર અશ્વત્થામા છે, ઉત્તમ પાત્રનું કઇ રીતે ધીમે ધીમે પતન થાય છે તે અશ્વત્થામામાં જોવા મળે છે. યુદ્ધની છેલ્લી રાત્રીએ અશ્વત્થામા પાંડવોના નિદ્રાધીન પાંચ પુત્રોને મારી નાંખે છે. આ કાર્યની પ્રેરણા તેણે રાત્રે પંખીઓનાં માળા પીંખતા ઘુવડ પાસેથી મેળવી હતી અશ્વત્થામા ઘુવડને ગુરુ બનાવી વિનાશને માર્ગે વળે છે, જ્યારે અર્જુનના ગુરુ શ્રીકૃષ્ણ છે. માણસ કોને ગુરુ કરે છે તેના ઉપર બધો આધાર છે. બ્રહ્માસ્ત્રોના યુદ્ધથી જે વિનાશ સર્જાય છે. તેનું વર્ણન મહાભારતકારે કર્યું છે, જે આજના અણુયુદ્ધના પરિણામોને સાક્ષાત કરે એવું છે.

નાનાં પાત્રો પણ જીવનનું ઊંડું રહસ્ય છતું કરી જાય છે. વ્યાસની પીંછીમાંથી કેટલા રંગ નીકળે તે કહી ન શકાય.

ઋષ્યશૃંગ નામના ઋષિપુત્રના પિતા ઇચ્છે છે કે, પોતાનો પુત્ર બ્રહ્મચારી રહે. તેને સ્ત્રી જોવા જ ન મળે એવી વ્યવસ્થા કરે છે. આખરે ઋષિની આવી અર્થહીન વ્યવસ્થા પોકળ નીવડે છે. દુનિયામાં અજ્ઞાનથી મોક્ષ નથી પરંતુ જ્ઞાન પછીના સંયમથી મોક્ષ છે. તે આ પાત્ર સૂચવી જાય છે.

મહાભારતનાં સ્ત્રી પાત્રોમાં શુક્રાચાર્યની અભિમાની પુત્રી દેવયાની પણ છે, કચના ખોટા હેતુની તે કદર નથી કરી શકતી.

શકુન્તલા પણ છે. જે કાલિદાસની શકુન્તલાથી થોડી ભિન્ન છે. પોતાના પુત્રને દશ-બાર વર્ષો સુધી સંભાળી પછી રાજા પાસે જાય છે. શકુન્તલા હિમ્મતવાળી માતા છે. તે રાજાને નિર્ભીક રીતે કહી દે છે કે. મારો પુત્ર ચક્રવર્તી રાજા થશે.

મહાભારતની સ્ત્રીઓ તેજસ્વી, મહાન અને બુદ્ધિશાળી છે. સાવિત્રી, દમયંતી અને કૌશિક આખ્યાનની બ્રાહ્મણી જેવાં પાત્રો છે.

મનુભાઇ પંચોળીએ વિવિધ દૃષ્ટાંતો આપી, સાથોસાથ આજની શિક્ષણપદ્ધતિની ઊણપો બતાવી, મહાભારતના ઇતર પણ મહત્ત્વનાં પાત્રોની ઝાંખી કરાવી હતી

રામાયણનાં કેટલાંક ઇતર પાત્રો

રામાયણનાં કેટલાંક ઇતર પાત્રો વિશે પોતાનું વકતવ્ય આપતાં જાણીતા વિવેચક અને આચાર્ય શ્રી યશવંતભાઇ શુક્લે જણાવ્યું હતું કે, રામાયણ મહાભારતથી પૂર્વે રચાયું છે. રામાયણ કુટુંબકથા છે. રામ પુરુષોત્તમ છે પણ મર્યાદા પુરુષોત્તમ છે.

રામાયણના ભાળખામાં નિર્ણાયક પાત્ર મંથરા છે. એવું કોઇ પાપ નથી જે માણસના મનમાં બીજ રૂપે પડ્યું ન હોય. તેને વાતાવરણ મળતાં ફૂલેફાલે છે. કૈકેયીને ઉશ્કેરવાનું કામ મંથરા કરે છે.

રામ અને સીતા પર ધર્મ-સત્યનો ભાર વધુ હોવાથી દુઃખ વધુ આવે છે. નવેસરથી ગોઠવનારને હમેશાં સંકટ આવે છે. મંથરા રામની વેદનાની નિર્માતા છે. લક્ષ્મણ સાથેની વાતચીતમાં રામ ભરતની પ્રશંસા કરે છે પણ કૈકેયીની નિંદા નથી કરતા જે એમની મહાનતા છે.

રામાયણમાં પ્રકૃતિ એ પણ એક પાત્ર છે. સુંદર પ્રકૃતિ વર્ણનો છે. પપા સરોવર અને પંચવટીનાં મનોરમ્ય વર્ણનો છે.

સૂપડા જેવા નખવાળી શૂર્પણખા સાથેની પ્રથમ વાતચીતમાં ગંભીર રામની પ્રથમ વખત સેન્સ ઓફ હ્યુમર દેખાય છે. શૂર્પણખા યુદ્ધ માટે નિમિત્ત બને છે.

જટાયુ દશરથ રાજાના મિત્ર છે. જટાયુમાં નિઃસ્પૃહતા, નિષ્ઠા, કર્તવ્યભાવના જોવા મળે છે.

નાનું પણ મહત્ત્વનું પાત્ર વાલીનું છે અને તેની પત્ની તારાનું છે. તે જ પ્રમાણે અશોક વાટિકામાં સરમા નામની એક રાક્ષસી છે, જે સીતાને ધીરજ બંધાવે છે અને કહે છે કે, રાવણને મૃત્યુલોભ થયો છે. શુકનુક અને વાલીના વધ માટેનાં

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૭ ઉપર)

પ્રકાશક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનભાઇ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, બિરજામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૮ અંક : ૨૨

મુંબઇ તા. ૧૬-૩-'૮૭
આંતર્દેશીય લવાજમ રૂા. ૩૦/- છુટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

લામાવતાર અને જાતિસ્મરણ જ્ઞાન

તાજેતરમાં સ્પેનના લગભગ અઢી વર્ષના એક બાળકની બૌદ્ધ લામા તરીકે પસંદગી કરવામાં આવી છે. આ ઘટનાએ જગતના ઘણા લોકોમાં કૌતુક જગાડયું છે.

તિબેટ અને નેપાળના બૌદ્ધ ધર્મગુરુઓ 'લામા' તરીકે ઓળખાય છે. લામાની જુદી જુદી કક્ષા હોય છે. તેમાં દલાઇ લામા સર્વોચ્ચ પદે ગણાય છે. તિબેટના લોકો દલાઇ લામાને અનન્ય શ્રદ્ધાથી પૂજે છે અને અનુસરે છે. દલાઇ લામાના હાથ નીચે જુદા જુદા બૌદ્ધ મંદિરો, મઠો અને કેન્દ્રો હોય છે. અને તેમાં અધિપતિ તરીકે જે બૌદ્ધ ગુરુઓની પસંદગી કરવામાં આવે છે, તેઓ 'લામા' તરીકે ઓળખાય છે.

બૌદ્ધ લામાની પસંદગીની એક વિશિષ્ટ પદ્ધતિ હોય છે. જ્યારે કોઇ પણ એક લામાનું અવસાન થાય છે ત્યારે તેમનો પુનર્જન્મ કયાં થયો હશે તેનું અનુમાન કરીને તેવી વ્યકિત માટે શોધ ચલાવવામાં આવે છે. કેટલીક મળતી આવતી નિશાનીઓ અને અટકળો ઉપરથી તેની પસંદગી થાય છે. લામાના અવસાન પછી ગર્ભાવસ્થાના નવ મહિના જેટલા સમયની ગણતરી કરી તે પછી દુનિયાભરના અનુયાયી વર્ગમાં કે તેની આસપાસ જન્મેલાં બાળકોમાં બૌદ્ધ કેન્દ્રો તરફથી શોધ ચલાવાય છે. દસેક જેટલાં બાળકોની પસંદગી થાય છે. બોલતાં ચાલતાં શીખેલા એ બાળકોને અવસાન પામેલા લામાના કેન્દ્ર સ્થળે લઇ આવવામાં આવે છે. એ લામાનાં વસ્ત્રો, માળા, પટ્ટો કે અન્ય ઉપકરણો બીજાઓનાં બધાં ઉપકરણો સાથે મૂકવામાં આવે છે. બાળક એ ઉપકરણોમાંથી તે લામાનાં ઉપકરણો કુદરતી રીતે શોધી લઇને હર્ષોલ્લાસ અનુભવે તેને તે લામાનો અવતાર માનવામાં આવે છે. પસંદગી પામેલા એ બાળકને ત્યાર પછી એ જ બૌદ્ધ મઠમાં, એકાંતમાં રાખવામાં આવે છે. એને ધાર્મિક તાલીમ આપવામાં આવે છે અને અભ્યાસ કરાવવામાં આવે છે. બાલબ્રહ્મચારી, નિર્દોષ અને પવિત્ર એવા એ કિશોરને લામાના સ્થાને, તે મઠના અધિપતિ તરીકે સ્થાપવામાં આવે છે.

નેપાળમાં કોપાન નામના બૌદ્ધ મઠના લામા યેશે ૧૯૮૪ માં આર્યની ૬૭ વારીએ અમેરિકાના કેલિફોર્નિયામાં હૃદયરોગના હુમલાથી અવસાન પામ્યા હતા. એમના પટ્ટશિષ્યે ત્યાર પછી લામા યેશેએ કયાં અવતાર ધારણ કર્યો હશે તેની શોધ ચલાવી હતી. એમ કરતાં સ્પેનિશ દંપતી મારિયા અને પાકોના પુત્ર ઓસેલની પસંદગી કરી હતી. એમણે બીજા નવ બાળકોની પણ પસંદગી કરી હતી. એ દસ બાળકોમાંથી હિમાચલ પ્રદેશના ધર્મશાળા નામના નગરમાં રહેતા દલાઇ લામાએ લામા યેશેના અવતાર તરીકે ઓસેલની પસંદગી કરી હતી, બાળક ઓસેલે દલાઇ લામા સમક્ષ લામા યેશેનાં વસ્ત્રો, માળા, પટ્ટો વગેરે જાણે પોતાનાં હોય તેમ ઉપાડીને લઇ લીધાં હતાં. નેપાળના કોપાન મઠના લામા યેશે મૂળ કર્ણાટકના હતા. એમણે ભારતમાં અને ભારત બહાર યુરોપ-અમેરિકામાં બૌદ્ધ ધર્મનાં ઘણાં ધ્યાનકેન્દ્રોની સ્થાપના કરી હતી.

બાળક ઓસેલની માતા મારિયાએ પોતાનો અનુભવ વર્ણવતાં કહ્યું હતું કે તેને એક સ્વપ્ન આવ્યું હતું. સ્વપ્નમાં પોતે કોઇ ખ્રિસ્તી દેવળમાં ગઇ હતી. ત્યાં હજારેક માણસો હતા. એ બધાં વચ્ચે લામા યેશે એને દેખાયા. પછી લામા યેશેએ ભૂમ પાડીને પોતાની પાસે બોલાવી. પછી તેઓ એને દેવળની બહાર એક ઝરા પાસે લઇ ગયા. અને એ ઝરાના પાણીમાં એનું માથું ડૂબાડયું. એમ કરવાથી પોતે કેટલુંક પાણી પી ગઇ. આવું સ્વપ્ન આવતાં પોતે જાગી ગઇ અને ત્યાર પછી લામા યેશે જાણે પોતાની પાસે જ છે એવું તેને સતત લાગ્યા કરતું હતું. એમ કરતાં થોડા દિવસ પછી તેને ખબર પડી કે પોતે સગર્ભા બની છે. અને પછીથી તો એમ લાગવા માંડયું કે તેના ગર્ભમાં જે બાળક છે તે લામા યેશેનો અવતાર છે.

બીજી બાજુ કોપાન મઠમાં લામા યેશેની જગ્યાએ આવેલા લામા તેનઝોપાને પણ એક સ્વપ્ન આવ્યું હતું. એ સ્વપ્નમાં એમને એવું દર્શન થયું હતું કે લામા યેશેએ પાશ્ચાત્ય જગતમાં અવતાર લીધો છે. સ્વપ્નમાં એ બાળક કોઇ એક વિશાળ જગ્યામાં રમી રહેલું દેખાયું. પશ્ચિમના દેશોમાં જુદે જુદે ફરતાં લામા તેનઝોપાએ જ્યારે અઢી વર્ષના બાળક ઓસેલને એક સ્થળે રમતું જોયું ત્યારે પોતાના સ્વપ્નની સ્થળ સહિત બધી વિગતો મળતી આવી. એમણે ઓસેલનાં માતા-પિતાનો સંપર્ક સાધ્યો. બધી વાત કરી અને ઓસેલની લામા તરીકે માંગણી કરી. માતા-પિતાએ એ દરખાસ્ત તરત જ સહર્ષ સ્વીકારી લીધી. એ પણ એક અનુકૂળ અને અનુરૂપ ઘટના કહેવાય.

બાળક ઓસેલ વિશે મારિયાએ કહ્યું કે વિસકન્સીન શહેરમાં જ્યારે તેઓ લામા યેશેના ગુરુને મળ્યા ત્યારે બાળક ઓસેલ પોતાની મેળે જ જમીન ઉપર નીચા નમીને પ્રણામ કરવા લાગ્યો હતો. વળી ઓસેલને જ્યારે દલાઇ લામાની વીડિયો

ટેપ બતાવવામાં આવી ત્યારે ભાવપૂર્વક અને અનિમેષ નયને દોઢ કલાક સુધી તે ટેપ જોઇ રહ્યો હતો. અને બે હાથ જોડીને દલાઇ લામાને તે વારંવાર પગે લાગ્યો હતો.

આમ એવી કેટલીક ઘટનાઓ બની છે કે જે પૂર્વજન્મના સંકેતરૂપ છે. જાણે પૂર્વજન્મનું જ્ઞાન થયું હોય તેવું બાળક ઓસેલનું વર્તન જોવા મળ્યું છે. આથી ઓસેલની લામાના અવતાર તરીકે પસંદગી કરવામાં આવી છે. પૂર્વના એક કે વધુ ભવનું ઓછુંવત્તું જ્ઞાન થવું તેને જાતિસ્મૃતિજ્ઞાન-જાતિસ્મરણ જ્ઞાન કહેવામાં આવે છે.

જાતિસ્મરણ જ્ઞાનના પ્રકારની આવી ઘટનાએ પુનર્જન્મ જેવું કંઇક છે એ વાત સિદ્ધ કરી આપે છે. પુનર્જન્મમાં ન માનનાર પાશ્ચાત્ય જગતના ઘણા લોકો આવી ઘટનાઓ પછી હવે પુનર્જન્મમાં શ્રદ્ધા ધરાવતા થયા છે.

વર્તમાન સમયના જાતિસ્મરણ જ્ઞાન વિશે દુનિયાના ઘણા દેશોમાં અભ્યાસ થઇ રહ્યો છે. જાતિસ્મરણ જ્ઞાનનો Para-Psychology નો માનસવિજ્ઞાનના વિષયનો એક પેટા વિભાગ તરીકે ભારતમાં અને ભારત બહાર અનેક દેશોમાં અભ્યાસ થઇ રહ્યો છે. જુદી જુદી યુનિવર્સિટીઓમાં જાતિસ્મરણ જ્ઞાનના સેંકડો કિસ્સાઓ નોંધાયેલા છે. અલબત્ત બધા જ કિસ્સાઓમાં કહેવાયેલી બધી જ વાતો સાચી પડી હોય એવું નથી. કેટલીક વાતોમાં થોડું કે મળતાપણું જોવા મળ્યું છે, તો કેટલાક કિસ્સાઓમાં ઘણું બધું મળતાપણું જોવા મળ્યું છે. યહુદી, ખ્રિસ્તી અને ઇસ્લામ ધર્મ પુનર્જન્મમાં માનતા નથી. પરંતુ આવા કિસ્સાઓ વખતોવખત નોંધાયા હોવાના કારણે પૂર્વજન્મ-પુનર્જન્મ જેવી કોઇ ઘટના છે એવું પાશ્ચાત્ય જગતનાં ઘણા લોકો હવે સ્વીકારવા લાગ્યા છે.

આ જાતિસ્મરણ જ્ઞાન અથવા જાતિસ્મૃતિજ્ઞાન છે શું? દુનિયાના જુદા જુદા ધર્મોના સાહિત્યનું અવલોકન કરીશું તો જાતિસ્મરણ જ્ઞાનના ઉલ્લેખો જૈન ધર્મમાં જેટલા જોવા મળે છે તેટલા અન્ય ધર્મમાં ભાગ્યે જ જોવા મળશે. અનેક જૈન ધર્મકથાઓમાં અને તીર્થંકરોના પૂર્વભવ સહિતનાં ચરિત્રોમાં જાતિસ્મણ જ્ઞાનની ઘટના જોવા મળે છે.

જૈન માન્યતા પ્રમાણે જાતિસ્મરણ જ્ઞાન એ એક પ્રકારનું માત્ર જ્ઞાન જ છે. એ કોઇ દેવ-દેવીઓએ કરેલો ચમત્કાર નથી કે ભગવાનનો સાક્ષાત્કાર નથી. એટલે જૈનધર્મમાં એ જ્ઞાનનું એક અપેક્ષાએ ઘણું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. તો અન્ય અપેક્ષાએ એનું બહુ મૂલ્ય આંકવામાં આવતું નથી.

જૈન ધર્મમાં પાંચ પ્રકારના જ્ઞાન બતાવવામાં આવ્યાં છે– (૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃ પર્યવ-જ્ઞાન અને (૫) કેવળજ્ઞાન. કોઇ પણ ગતિના જીવને ઓછેવત્તે અંશે મતિજ્ઞાન અવશ્ય હોય છે. જાતિસ્મરણ જ્ઞાન એ મતિ જ્ઞાનનો જ પ્રકાર છે એમ જૈન ધર્મ માને છે.

મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકી એ ચારેય ગતિના જીવોને જાતિસ્મરણ જ્ઞાન થઇ શકે છે. તિર્યંચ ગતિમાં ફક્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવને જ (પાંચે ય ઇન્દ્રિય તથા મનવાળા જીવને જ) જાતિસ્મરણ જ્ઞાન થઇ શકે. અસંજ્ઞી જીવોને ઉ. ત. કીડી, વાંદો, મચ્છર, પતંગિયું માખી, ઇયળ વગેરે જીવોને જાતિસ્મરણ જ્ઞાન થાય નહિ, કારણ કે મતિજ્ઞાનનો એ પ્રકાર હોઇ જેને સંજ્ઞા (દ્રવ્ય મન) હોય તે જીવને જ આ જ્ઞાન થાય.

જાતિસ્મરણ જ્ઞાન મુખ્યત્વે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપક્ષમથી થાય છે. એ ચિત્તનો એક વિશિષ્ટ પ્રકારનો ઉઘાડ છે. આ ઉઘાડ દરેકને ચિરકાલીન રહેતો નથી. આ જ્ઞાનનો પ્રકાશ કાયમ એક-સરખો પણ રહેતો નથી. એમાં વધઘટ થવાનો સંભવ રહે છે. કેટલાકને કેટલાક દિવસ સુધી એ જ્ઞાન રહે છે અને પછી કાયમને માટે ચાલ્યું જાય છે. કેટલાકને તે વધુ સમય રહે છે. મતિજ્ઞાનમાં સ્મૃતિ છે એમ વિસ્મૃતિ પણ છે. એટલે જાતિસ્મરણ જ્ઞાનમાં સ્મૃતિ અને વિસ્મૃતિનો સંભવ રહે છે.

મતિજ્ઞાનના ચાર પેટા પ્રકાર છે. (૧) અવગ્રહ (૨) ઇહા (૩) અવાય અને (૪) ધારણા. અવગ્રહ એટલે 'આ કંઇક છે.' એવો અસ્પષ્ટ ભાસ થવો. 'આ શું છે?' એ જાણવા માટે ચિત્તમાં ઉહાપોહ થવો અને કંઇક અસ્પષ્ટ નિર્ણય થવો તેનું નામ ઇહા. 'આ શું છે?' તે વિશે વિશેષ વિચાર થવો અને 'તે આ જ છે' એવો સ્પષ્ટ નિર્ણય થવો તેનું નામ અવાય. જે નિર્ણય થયો હોય તે ચિત્તમાં દૃઢપણે અંકિત થઇ જાય અને કેટલાક સમય સુધી ટકી રહે તેનું નામ ધારણા.

સ્મૃતિનો સમાવેશ ધારણામાં થઇ જાય છે. ધારણા એટલે પોતાના જોયેલા, સાંભળેલા કે અનુભવેલા પદાર્થોને કે વિચારોને ચિત્તમાં ધારણ કરી રાખવાની કે સંગ્રહી રાખવાની શક્તિ. આ શક્તિ ફક્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ હોય છે. જાતિસ્મરણ જ્ઞાન એ ધારણાનો જ એક પ્રકાર હોવાથી તે જ્ઞાન સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ થાય છે. કીડી, માખી, ઇયળ વગેરેને ધારણાશક્તિ નથી હોતી, એટલે કે સ્મૃતિ નથી હોતી મનુષ્ય અને પ્રાણીઓને સ્મૃતિના આધાર ઉપર રહેલી તાલીમ આપી શકાય. ઘોડો, હાથી, કૂતરું, ગાય, બળદ વગેરે પ્રાણીઓને કે મનુષ્યોને અમુક કરવું અને ન કરવું, એની તાલીમ એમની ધારણાશક્તિ પ્રમાણે આપી શકાય છે.

જાતિસ્મરણ જ્ઞાન ઇન્દ્રિયજનિત જ્ઞાન છે. તે ઇન્દ્રિયાતીત જ્ઞાન નથી. એ જ્ઞાન જવલ્લે જ કોઇકને થાય છે. માટે એ ચમત્કારરૂપ લાગે છે, પરંતુ એ કોઇ અતીન્દ્રિય ચમત્કાર નથી.

જાતિસ્મરણ જ્ઞાન થવા માટે સમય કે વ્યક્તિની બાબતમાં કોઇ નિશ્ચિત નિયમો હોતા નથી. જે નિયમ છે તે જ્ઞાનાવરણીય કર્મના અને સાથે દર્શનાવરણીય તથા મોહનીય કર્મના ક્ષયોપક્ષમનો જ છે. તીર્થંકરોના સમયમાં, ચોથા આરામાં અનેક લોકોને જાતિસ્મરણ જ્ઞાન થયાના ઉલ્લેખો મળે છે. ભગવાન મહાવીરસ્વામીના સમયમાં ચંડકૌશિક સર્પને, દેડકારૂપે અવતરેલા નંદ મણિયારને, હાથીની ગતિમાંથી આવનાર મેઘકુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. વર્તમાન સમયમાં એ જ્ઞાન થવાનો સંભવ ઘટતો ગયો છે. શ્રીમદ્ રાજચંદ્રને એ જ્ઞાન થવાની ઘટના સુપ્રસિદ્ધ છે. કાળના પ્રભાવને કારણે જીવોની તેની યોગ્યતા ઘટતી ગઇ છે. એટલે આવી ઘટના વિરલ બનતી હોવાને કારણે એની વાત સાંભળતાં અનેક લોકોને કૌતુક થાય એ સ્વાભાવિક છે.

જાતિસ્મરણ જ્ઞાન ફક્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ થતું હોવાને કારણે જે જીવને એ જ્ઞાન થાય તે જીવને પોતાના પૂર્વના એક અથવા વધારે ભવનું સ્મરણ થાય છે. એ ભવોમાં પણ પોતે અસંજ્ઞી જીવ તરીકે એટલે કે કીડી, વાંદો, મચ્છર, સૂક્ષ્મ જીવાણુ ઇત્યાદિ કે વનસ્પતિ એકેન્દ્રિય જીવ તરીકે જે ભવ કર્યા હોય તે ભવનું સ્મરણ ન થાય. પૂર્વના ભવોમાં સંજ્ઞીપણું અને વર્તમાન ભવ સુધી એનું સાતત્ય મહત્ત્વનું છે.

જાતિસ્મરણ જ્ઞાન ફક્ત સમકિત જીવોને જ થાય એવું નથી. તે સજ્જનને પણ થાય અને દુર્જનને પણ થાય, તે

(અનુસંધાન પૃષ્ઠ ૧૬૧)

અદૃશ્ય સૃષ્ટિનો અનુભવ

-તનસુખ ભટ્ટ

મારા એક મસિયાઇભાઇના પુત્ર અમૃતલાલ રાવળ, ભાવનગરની શામળદાસ કૉલેજમાં અભ્યાસ કરતા હતા, દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના સ્થાપક અને નિયામક સ્વ. નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ (નાનાભાઇ)ની પ્રતિષ્ઠા તેમણે સાંભળી. નાનાભાઇ સૌરાષ્ટ્ર-ગુજરાતના યોગેશ્વર નથુરામ શર્માના શિષ્ય હોવાથી યોગમાર્ગી છે, ગુજરાત વિદ્યાપીઠના ઉપકુલપતિ હોવાથી ગાંધીવાદી છે, 'દક્ષિણામૂર્તિ' ત્રૈમાસિકના તંત્રી હોવાથી કેળવણીકાર છે, પ્રોફેસરપદ છોડીને સ્વેચ્છાએ મારતરપદ ગ્રહણ કરવાથી ત્યાગી છે, રાજકારણ, સમાજકારણ, કેળવણી વગેરેમાં આદર્શવાદી હોવા છતાં યે પ્રશ્નોરા નાગર હોવાથી દક્ષ, વ્યવહારુ અને મુત્સદ્દી છે, વગેરે અનેક વાતો તેમણે સાંભળી-આથી તેમનો સત્સંગ કરવા તેઓ નાનાભાઇને મળ્યા-નાનાભાઇનું વ્યકિતત્વ અનાક્રમક અને બુદ્ધિગ્રાહ્ય દલીલો કરીને પોતાનો મત સમજાવવાનું જાગવાથી તેમને આ સત્સંગ ગમ્યો અને તેને ચાલુ રાખ્યો અદૃશ્ય સૃષ્ટિનો તેમને કોઇ અનુભવ છે કે નહિ એવો પ્રશ્ન એકવાર આ યુવક જિજ્ઞાસુએ ધીરપ્રશાંત નાનાભાઇને કર્યો. ઉત્તરમાં નાનાભાઇએ સ્વાનુભવ વર્ણવ્યો-નાનાભાઇનો આ અનુભવ પછીથી તેમણે મારા વડીલબંધુ સ્વ. હરિહર ભટ્ટ આગળ વર્ણવ્યો અને મારા મોટાભાઇએ તેમને કહ્યો.

નાનાભાઇ ભટ્ટનું કથન

દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન પાસે ગાંધીજીના સિદ્ધાન્ત અનુસાર કોઇ સ્થાયી ભંડોળ રહેતું નથી. દર વરસે અમે કાર્યકર્તાઓ, મુખ્યત્વે હું જ ભારતના જુદા જુદા ભાગોમાં જઇને ત્યાં વસતા ગુજરાતી વેપારીઓ પાસેથી ફંડફાળો ઉઘરાવી લાવું છું અમારી સંસ્થા આમ જ ચાલે છે, એકવાર મને થયું કે પૂર્વ આફ્રિકામાં જઇને ત્યાંના ગુજરાતી વેપારીઓને મળું, ત્યાંથી વધારે પૈસા મળવાનો સંભવ છે, આથી હું પૂર્વ આફ્રિકામાં ગયો અને ત્યાંના કેનિયાના પાટનગર નાઇરોબીમાં એક ગુજરાતી વેપારીને ત્યાં ઊતર્યો; આખો દિવસ વેપારીઓને મળવામાં ગયો. રાતે વાળુ મેં મારા યજમાન પતિપત્ની વચ્ચે બાજુના ઓરડામાં વાર્તાલાપ ચતો સાંભળ્યો. અવાજ મોટો થતો ગયો. અવાજમાં ગરમી આવતી ગઇ અને છેવટે જીભાજોડી થતી હોય તેવો આભાસ આવ્યો, આથી મેં હાક મારીને પૂછયું કે રાત છતાં વાતાવરણમાં ગરમી કેમ આવી છે? બંને જણાં જરાકવાર ડધાઈ ગયાં પણ પછી તેમણે વડચડતું કારણ કહ્યું. પતિ મને, હું દિવસે રહ્યો તે જ ઓરડો સુવા માટે, આપવા માગતા હતા, પણ પત્નીને તે સામે વાંધો હતો, કારણ કે ઓરડો વહેમવાળો હતો, રાતે તે ઓરડામાં 'ચાળિતર' (ભૂતચરિત) થતું હતું એવી તે ઘરનાં લોકોની માન્યતા હતી. 'ચાળિતર'ની વાત સાંભળતાં જ મેં આગ્રહ રાખ્યો કે મારે વહેમવાળા ઓરડામાં જ સૂવું છે, કારણ કે મને ભૂતપ્રેતની અદૃશ્ય સૃષ્ટિમાં રસ છે. મારો આગ્રહ જોઇને દંપતીએ નમતું મૂકયું. અને પત્નીએ મારી માગણી સ્વીકારી.

આટલી ધમાલ થયા પછી ઊંઘ શાની આવે? વિચાર, પ્રતીક્ષા અને ઉત્તેજનામાં અધરી રાત ગઇ.

મારે આજે પ્રેતસૃષ્ટિનાં પારખાં લેવાં હતાં, રાત અધી વીતી ગયા પછી થોડે વખતે એક સ્પષ્ટ અવાજ સાંભળ્યો. કોઇક બોલતું હતું, અને અંગ્રેજી ભાષામાં મને પ્રશ્ન પૂછતું હતું.

'પ્રોફેસર ભટ્ટ તમે મારો અવાજ સાંભળો છો?'

'હા, અવાજ સાંભળું છું, પણ તમે કોણ છો? અને હું પ્રોફેસર છું એની ખબર તમને કયાંથી પડી?' મેં સામે અંગ્રેજીમાં સવાલ કર્યો.

'દિવસ દરમિયાનની તમારી વાતોમાંથી મેં જાણ્યું કે તમે પ્રોફેસર છો. અને હું કોણ છું જાણવા માટે તો મારે મારી કહાણી તમને કહેવી પડશે. તમારામાં હિંમત ને ધીરજ છે?'

'હા, મેય છે એવો મારો દૃઢ વિશ્વાસ છે.'

'મારી કહાણી હું તમને સંભળાવું તે પહેલાં મારે તમને એક સૂચના આપવી પડશે. કહો કે એક પ્રયોગ કરી બતાવવાનો રહેશે. જુઓ આ બત્તી છે, આ તિપાઇ છે, આ કાચનો પ્યાલો તેની ઉપર છે, આ બધું અહીં પડેલું તમે યથાસ્થિત જુઓ છો?"

'હા, બરાબર જોઇ શકું છું.'

'હવે એ બધાં મેજ ઉપરથી ઊંચકાઇને 'હવામાં અદ્ધર થતાં તમે જુઓ છો?'

'હા, જોઉ છું ને સારી રીતે જોઉં છું' હવે તમને ખાતરી થઇ હશે કે તમે અધરી રાતના ઊંઘના ઘેનમાં નથી, સ્વપ્નામાં નથી કલ્પનાસૃષ્ટિમાં નથી કે નશામાં પણ નથી, તમે જાગૃત અવસ્થામાં છો. અને પૂરેપૂરી બુદ્ધિમાં છો એ ચોખ્ખી હકીકત છે. ખરું ને?'

હા, હું પૂરેપૂરા ભાનમાં ને તંદુરસ્તીમાં છું' તો પછી હવામાં ઊંચકાયેલી વસ્તુઓ આપમેળે નથી ઊંચકાઇ પણ પણ તેને ઊંચકનાર કોઇક જીવ છે એની પણ તમને પૂરી ખાતરી થઇ હશે જ. તેમ છતાં વસ્તુને ઊંચકનાર મને તમે જોઇ નહિ શકો પણ હું તમને યથાર્થપણે જોઇ શકું છું એ પણ તમને સમજાયું હશે જ.'

'હા, તમે અદૃશ્ય છો ને હું દૃશ્યમાન છું'

'ત્યારે હવે મારી કહાણી સાંભળો, મારે આ કહાણી ઘણા જણને કહેવી હતી પણ કોઇ જ તે સાંભળવા તૈયાર નથી. વાત આદરતાં જ તે માણસ તરત ભાગી છૂટે છે. પછી હું વાત પણ કોને કરું ને કેમ કરીને કરું?'

'હું, ચલાવો તમ તારે, તમને આજે જોઇએ તેવો જ શ્રોતા મળ્યો છે, નિરાંતે વાત કરો.'

પ્રેતનું કથન

પહેલા વિશ્વવિગ્રહના આરંભના સમયની મારી આ કહાણી છે. જર્મની ઇંગ્લેંડની સામે લડાઇ ઉભી કરવા ધારતું હતું. પરંતુ લડાઇ આરંભાય તેની અગાઉ પૃથ્વી પરના તમામ દેશોમાંથી જર્મન મૂડીને જર્મનીમાં ખેંચી લેવા તેની મુરાદ હતી. આથી પરદેશોમાંની તમામ જર્મન વેપારી પેઢીઓને જર્મનીના લડાઇ જગાવવાના ઇરાદાની જાણ જાસૂસો મારફત કરી દેવામાં આવી. આ સાથે જ પેઢીઓની તમામ મૂડી સ્વદેશમાં મોકલી દેવાની સૂચના પણ અપાઇ ગઇ.

આ વખતે હું ભારતમાં મુંબઇની એક જર્મન પેઢીમાં નાનો અફસર હતો. પેઢીએ પોતાની મને તેટલી સ્થાવરજંગમ મિલકત ઝપાટાબંધ વેચવા માંડી. આમ વેચવા છતાં યે રાચરચીલાં કાર્યોપયોગી નાનાં યંત્રો સુખસગવડનાં યંત્રો, અને તેવી પરચુરણ ઘણી ચીજો વેચાયા વિના પડી રહી. મોટાં ખાતાંઓની રકમો તથા મોટાં યંત્રો વેચતાં ઉપજેલી રકમો વગેરેને તો ચોપડામાં

અદલાબદલી કરીને જર્મની બેગી કરી દેવામાં આવી. પણ આ પરચુરણ કીમતી ચીજોના ધરાક શોધતાં વાર લાગે તેમ હતું. દરમિયાન યુદ્ધ સળગવાની તારીખ તો નજીક આવતી જતી હતી. તમામ જર્મનો ત્રાંસડાપોટલાં બાંધી તૈયાર થયા. આ વેળાએ પેઢીના સંચાલક પેઢીના જૂના પઠાણ ચોકીદારને પાસે બોલાવી કહ્યું કે આ બધી ચીજો તું વેચી નાખીને તેના પૈસા તારી પાસે જ રાખજે. થોડાં વરસો પછી અમે મુંબઇમાં પાછા આવીશું ત્યારે તે રોકડ રકમ મારા હાથમાં મૂકજે. તારી આ સેવાના બદલામાં પેઢી તને સારું ઇનામ આપશે એટલું કહી પઠાણને લાખોની પરચુરણ કીમતી ચીજો સોંપીને બધા જર્મનો સ્વદેશ ભેગા થઇ ગયા, હું જર્મન લશ્કરમાં જોડાયો, લડાઇને મોરચે ગયો અને ત્યાં લડતાં માર્યો ગયો. વફાદાર પઠાણ ચોકીદારે પરચુરણ કીમતી ચીજો વેચીને તેમાંથી ઉપજેલી રકમ કર્યાંક દાટી કે છુપાવી બેકાર પઠાણે નોકરીની શોધ આદરી. જર્મન પેઢીના ચોકીદારને અંગ્રેજ પેઢીઓ કે તેના પક્ષની પેઢીઓ નોકરી શાને આપે? છેવટે કંટાળીને તે ભારત છોડી અહીં પૂર્વ આફ્રિકામાં આવ્યો છે ને ચોકીદારની નોકરીની તલાશમાં છે, હવે વાત એમ છે કે અહીં પૂર્વ આફ્રિકાના અમુક શહેરમાં અમુક જર્મન પેઢીમાં ચોકીદારની નોકરી ખાલી છે, અને તે પેઢીને ચોકીદારની ખૂબ જરૂર છે, હવે જો આ પઠાણને આ ખાલી જગ્યાની જાણ થાય તો તે એ શહેરમાં જઇને નોકરી મેળવી શકે-પણ તેને જાણ કરે કોણ? જેને હું આ સમાચાર આપવા જાઉં છું તે માણસ ભડકીને બે આફ્રિકો થઇ જાઉં છું-અને હોઠે આવેલા મારા બોલ મારા હૈયામાં જ રહી જાય છે. પ્રોફેસર ભટ્ટ! તમે મારો આ સંદેશો એ વફાદાર પઠાણને પહોંચાડશો? તેનું તથા પેલી જરૂરતમંદ જર્મન પેઢીનું સરનામું હું તમને લખાવું છું તે તમે અહીં જ લખી લો. આ માહિતી તમને કયાંથી મળી ને કેમ મળી તેની વાત કોઇને કરવાની જરૂર નથી, કારણ કે તેથી તો અહીંનાં બધાં માણસો ભટકશે. તમને કોઇક રીતે આ માહિતી મળી છે. એમ ગોળ ગોળ વાત કરજો પ્રોફેસર ભટ્ટ! અહીં મારી ઓળખાણ પૂરી થાય છે, તમે હિંમતથી તથા ધીરજથી મારી આખી કથની સાંભળી તેથી મને ખૂબ શાંતિ થઇ છે. પ્રોફેસર ભટ્ટ તમારા જેવા સજ્જન મને મળ્યા તે મારું સદ્‌ભાગ્ય છે, પ્રોફેસર ભટ્ટ! થેંક યૂ'

નાનાભાઇ ભટ્ટનું કથન

ત્યાર પછી હું નિરાંતે સૂઇ ગયો. સવારે યજમાનની સાથે ચા પીતી વખતે મને પૂછવામાં આવ્યું કે રાતે કોઇ વિચિત્ર અનુભવ થયો હતો ખરો? મેં કહ્યું કે તમારી વાતોથી મને જરા શંકા પડેલી અને તેથી કંઇક આભાસ થાય છે તેવો ભ્રમ પણ ઉપજેલો પણ મનને દૃઢ કરીને જોતાં મને ભૂત બૂત કાંઇ જણાયું નહિ. શંકા ભૂત ને મંછા ડાકણ, એ કહેવત સાવ સાચી છે. તમે લોકો વહેમી છો ને બીજાને વહેમી બનાવી મૂકો છો. તમારી વાતમાં કાંઇ જ વજૂદ નથી.

આ પછી મેં મારા આગમનના હેતુની અને અહીંના કામ કાજની વાત ઉપાડી વાતવાતમાં મેં ધરજમાનને કહ્યું કે આ શહેરમાં ભારતમાંથી કોઇ પઠાણ આવ્યો છે તેવી જાણ મને ભારતમાં થઇ હતી, અને પૂર્વ આફ્રિકામાં અમુક શહેરમાં અમુક જર્મન પેઢીમાં ચોકીદારની નોકરી ખાલી છે તેવી માહિતી મને અહીં કૂંડ ઉધરાવતી વખતે અહીંના ભારતીયો તરફથી મળી છે. તો શેઠ! તમે તે પઠાણને શોધી કાઢીને મારો આટલો સંદેશો પહોંચાડશો? શેઠે તરત હા કહી. આફ્રિકામાં ભારતીય પઠાણને શોધવાનું કામ કઠણ ન હતું. શેઠે પઠાણને ખાલી જગ્યાની જાણ કરી, પઠાણને તો ભૂખ્યો નોતરી ને કાખમાં ભાણું ધ્રુવાળું હતું. તે ત્યાં ગયો તો નોકરી તેની જ વાટ જોઇ રહી હતી. તે સુખી થયો.'

અમૃતલાલ રાવળનું કથન

આટલું સાંભળ્યા પછી મેં નાનાભાઇને પૂછયું 'નાનાભાઇ! ભારતમાંથી તમને પઠાણની માહિતી મળેલી અને અહીંથી તમને ખાલી નોકરીની માહિતી મળેલી એમ વાતને ઉથલપાથલ કરવામાં અસત્યકથનનો દોષ આવે કે નહીં'.

'ના જરાયે નહીં આવે-આને માટે તમને હું મહાભારતનું વાક્ય મારા સમર્થનમાં સંભળાવું છું. મહાભારતમાં યુધિષ્ઠિરના અસત્ય કથનની ચર્ચા આવે છે. આનંદશંકર બાપુભાઇ ધ્રુવે પણ પોતાના 'આપણો ધર્મ' નામના પુસ્તકમાં યુધિષ્ઠિરના અસત્ય કથનની ચર્ચા પોતાની દૃષ્ટિએ કરી છે. મહાભારતકાર યુધિષ્ઠિરના અસત્યકથન વિષે ચર્ચા કરતાં સત્યની વ્યાખ્યા આમ આપે છે:

सत्यं भूतहितं प्रोक्तम्। અર્થાત જે કથનથી કોઇ પણ જીવનું હિત થાય તે કથન સત્યવચન કહેવાય છે. આ પછી મેં સત્સંગ માટે નાનાભાઇનો આભાર માની તેમની રજા લીધી.

અગ્નિ એશિયાના દેશોની ભાષાઓમાં ભારતીય શબ્દો

● જશવંત શેખડીવાળા

પ્રાચીન કાળથી ભારતીય રાજ્ય અને સામ્રાજ્યનો વિસ્તાર ભારતીય ઉપ-મહાખંડ પૂરતો મર્યાદિત રહ્યો છે; પરંતુ ભારતીય ધર્મ-સંસ્કૃતિ-ભાષા-સાહિત્યનો વિસ્તાર હિંદ મહાસાગરની આસપાસ આવેલા ઘણા દેશોમાં થયો છે. પશ્ચિમમાં અફઘાનિસ્તાન, ઉત્તરમાં મધ્ય એશિયા અને તિબેટ, દક્ષિણમાં શ્રીલંકા, પૂર્વમાં બ્રહ્મદેશ, થાઇલેન્ડ, કમ્બોડિયા ઉપરાંત અગ્નિ (દક્ષિણ-પૂર્વ) દિશામાંના મલાયા અને ઇન્ડોનેશિયામાં ભારતીય ધર્મ-સંસ્કૃતિ-ભાષા-સાહિત્યનો વ્યાપક તેમ ઊંડો પ્રભાવ પડયો છે. તેથી ઇતિહાસકારો ઘણીવાર પૂર્વ-અગ્નિ એશિયાના દેશોને બૃહદ ભારત તરીકે ઓળખાવે છે.

ઇન્ડોનેશિયા, મલાયા, થાઇલેન્ડ આદિ દેશોમાં પર્વતો, નદીઓ, નગરો, દેવાલયો, લોકો વગેરેનાં નામોમાં તેવાં ભારતીય નામોનું પ્રતિબિંબ પડયું છે. તેમની ભાષા અને સાહિત્યમાં પણ ભારતીય સંસ્કૃત ભાષા-સાહિત્યના સંસ્કાર સ્પષ્ટ દેખાય છે. અગ્નિ એશિયાના સૌથી મોટા દેશ ઇન્ડોનેશિયાના નામમાં ભારતની પર્યાયવાચી સંજ્ઞા 'ઇન્ડો'નો યોગ થયો છે. તેના જાવા દ્વીપનું નામ સંસ્કૃત यव દ્વીપ પરથી વ્યુત્પન્ન થયું છે. બાલી અને મદુરા દ્વીપોનાં નામ ભારતીય નામો પરથી પડયાં છે. બોર્નિયો દ્વીપના ઉત્તર પ્રદેશમાં આવેલ બ્રુનેઇ રાજ્યની રાજધાની બંદર શ્રી ભગવાન છે! રામાયણ અને મહાભારતના પ્રસંગો-પાત્રોનું નિરૂપણ કરતાં છાયાનાટક ('વાયંગ') ત્યાં લોકપ્રિય છે. રામ, હનુમાન, અર્જુન આદર્શ વીર-નાયકો તરીકે સર્વત્ર સુપરિચિત છે.

ભારતીય યા ભારતીય ધર્મ-સંસ્કૃતિમાં દીક્ષિત રાજાઓ પ્રાચીન અને મધ્યકાળમાં મલાયા-ઇન્ડોનેશિયાના વિવિધ દ્વીપોમાં શાસન કરતા હતા. પ્રાચીન ચીની ઇતિહાસગ્રંથોની કેટલીક નોંધો

એવું દર્શાવે છે કે જાવાનો પ્રથમ રાજા ગણાતો અજિ-શાકા પશ્ચિમ ભારતમાંથી આવ્યો હતો. ૪૨વીસનની પહેલી અને બીજી સદીમાં ભારતીય રાજા રાજ્ય કરતા હતા, ભારતના બૌદ્ધ ભિક્ષુઓએ ચોથી સદીથી જાવા-સુમાત્રાના દ્વીપોમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર શરૂ કરી દીધો હતો. સુમાત્રાના શ્રી વિજય વંશના રાજાઓ બૌદ્ધધર્મી હતા તેઓ પાલિ અને સંસ્કૃત ભાષા-સાહિત્યના આશ્રયદાતા અને પુરસ્કર્તા હતા. જાવામાં ચોથી-પાંચમી સદી દરમિયાન શાસન કરતો ભારતીય વંશી એક રાજા પૂર્ણવર્મા સંસ્કૃત ભાષા-સાહિત્યનો અનુરાગી હતો. સંસ્કૃત ભાષામાં અને એક પ્રકારની પલ્લવ લિપિમાં લખાયેલા તેના અનેક શિલાલેખ અરુતાન, જરુબ્બુ, કેમોન-કોપી, તુગુ જેવાં સ્થળોએથી મળી આવ્યા છે. સુમાત્રાના શ્રી વિજય વંશના રાજા શૈલેન્દ્રે જાવામાં રાજ્ય સ્થાપ્યું હતું, જે અગિયારમી સદી સુધી ટકી રહ્યું હતું. બરોબુદુરનાં ભવ્ય મહાચૈત્ય મંદિરો શૈલેન્દ્રવંશી શાસનકાળ દરમિયાન બંધાયાં હતાં ૪ન્ડોનેશિયા અને આસપાસના દેશોમાં હિંદુ-બૌદ્ધધર્મી રાજાઓનાં શાસન પંદરમી સદી સુધી ચાલુ રહ્યાં હતાં.

આ સમય દરમિયાન રાજા-પ્રજા પર સંસ્કૃત-પાલિ ભાષા-સાહિત્યનો પ્રભાવ વ્યાપક રૂપમાં પડ્યો હતો. સામાન્ય લોકસમૂહ રોજિંદા વ્યવહારમાં સ્થાનિક જાવાઇ બોલી બોલતો હતો; પરંતુ કવિઓ-લેખકો સાહિત્યસર્જન જાવાઇ બોલીના શિષ્ટ-સંમાર્જિત સ્વરૂપ 'કાવી' યા 'કવિ' ભાષામાં કરતા હતા. કવિ-ભાષા સંસ્કૃતથી પ્રભાવિત હતી. દસમી-અગિયારમી સદીથી તેમાં રામાયણ, મહાભારતના અનુવાદો કરવાની પ્રવૃત્તિ શરૂ થઇ ગઇ હતી. અઢાર પર્વો ધરાવતા મહાભારતની અનેક વાચનાઓ પ્રચલિત થઇ હતી. સેદહ કવિ કૃત 'ભારતયુદ્ધ' (૧૨ મી સદી) તેમાંની એક હતી. રામકથા વિશે તો કવિ-ભાષામાં ડઝનેક કૃતિઓ રચાઇ હતી. કવિ ભટ્ટી (૬-૭ મી સદી)ના 'રાવણવધ' યા ભટ્ટીકાવ્યનો આધાર લઇ, યોગીશ્વર નામના કવિએ (૧૧ મી સદી) કવિ-ભાષામાં 'રામાયણ કકાવીન' નામનું ૨૬ સર્ગીય મહાકાવ્ય લખ્યું હતું. (નૂતન કવિ-ભાષામાં પણ 'સેરત રામ' નામનું મહાકાવ્ય રચાયું છે.) એક કવિએ, દેવોની વિનંતીથી હરિ (વિષ્ણુ)એ રાક્ષસોને કેવા હણેલા તેનું નિરૂપણ કરતું 'હરિશ્રય' નામનું કાવ્ય લખ્યું છે; તો અન્ય એક કવિએ સહસ્રબાહુ અર્જુનના રાવણ પરના વિજયનું વર્ણન કરતું 'અર્જુનવિજય' નામનું કાવ્ય લખ્યું છે. સત્યવાન સાવિત્રીની કથા કવિ-ભાષામાં 'સંગસત્યવાન' નામના એક કાવ્યમાં નિરૂપાઇ છે (જેમાં સાવિત્રીને યયાતિ – દેવયાનીની પુત્રી તરીકે વર્ણવવામાં આવી છે) પંચતંત્રનાં પ્રાચીન કવિ – ભાષા ઉપરાંત નૂતન કવિ – ભાષામાં તથા બાલી અને મદુરા દ્વીપોની સ્થાનિક ભાષાઓમાં બારેક જેટલાં રૂપાંતરો પ્રાપ્ત થાય છે. ૪ન્ડોનેશિયાનાં ભાષા-સાહિત્ય પર પ્રાચીન ભારતીય સંસ્કૃત ભાષા-સાહિત્યનો કેવો પ્રભાવ પડ્યો છે, તે આ હકીકતો પરથી સમજી શકાશે.

વસ્તુતઃ, આજે પણ ૪ન્ડોનેશિયામાં ભારતીય સંસ્કૃતિ અને સંસ્કૃત ભાષા-સાહિત્યનો પ્રભાવ સર્વત્ર જોઇ શકાય છે. પંદરમી સદી પછી મલાયા અને ૪ડોનેશિયા મુસ્લા-મધર્મી દેશો બન્યા છે. તેમના પર આરબ પશ્ચિયન સંસ્કૃતિનો અને અરબી ભાષાનો ઘણો પ્રભાવ પડ્યો છે. તેમ છતાં તેઓ ઇસ્લામી કટ્ટરતાથી મુક્ત રહ્યા છે. બિન-મુસ્લિમ પૂર્વજોનાં પ્રાચીન ધર્મ સંસ્કૃતિ તરફ તેમણે ઘૃણા, દ્વેષ કે ઉદાસીનતા દાખવ્યાં નથી. લોકોનાં ૪૨લામી નામોની સાથે સાથે સંસ્કૃત તત્સમ-તદ્ભવ અટકો-સુકર્ણ, સમિત્ર, સુહાર્દ, સુજન, સુમંત્રી વગેરે-ચાલુ રહી છે. ધર્મવિજય, દ્વિજાત્મજ, સૂર્યપ્રસૂત, સુશીલવતી, સીતા જેવાં નામો હજી ટકી રહ્યાં છે. રામ સીતા તરફ તેઓ આદરભાવ દાખવે છે, અર્જુનને પોતાનો એક આદર્શ વીર-નાયક માને છે; રામાયણ અને મહાભારતના પ્રસંગોનું નિરૂપણ કરતાં છાયા નાટકોને ઉત્સાહ-પૂર્વક માણે છે.

૪ન્ડોનેશિયા નામમાં પણ '૪ન્ડો' (ભારત) શબ્દ સંકળાયેલો છે. વિષ્ણુના વાહન 'ગરુડ' પરથી તેની વાયુ સેવાનું નામકરણ 'ગરુડ' થયું છે. તેની રાષ્ટ્રભાષા 'બહાસા' (ભાષા) ૪ન્ડોનેશિયન છે, આ ભાષા મલય પોલિનેશિયાઇ કુળની છે; હાલ રોમન લિપિમાં લખાય છે; તેમ છતાં સંસ્કૃત તેમજ અન્ય ભારતીય ભાષાઓના તત્સમ અને તદ્ભવ શબ્દો મોટી સંખ્યામાં પ્રચલિત છે. તેના સમગ્ર શબ્દભંડોળમાં લગભગ પંદર ટકા શબ્દ સંસ્કૃત મૂળના છે. ધર્મ, દર્શન, શાસન, સમાજ, કુટુંબ, પશુ-પંખી, ઝાડ-છોડ, નદી-પર્વત, આકાશી તત્ત્વ, નગર, વ્યક્તિ નામ-અટક તમામ ક્ષેત્રોમાં સંસ્કૃત તત્સમ અને તદ્ભવ શબ્દો જેવા મળે છે. રોજિંદા વ્યવહારની બોલીમાં તે બોલાય છે અને સાહિત્યિક ભાષામાં કૃતિઓમાં તે લખાય છે.

કેટલાક શબ્દો તો સંસ્કૃતમાં છે તેવા જ તત્સમ રૂપમાં 'બહાસા-૪ન્ડોનેશિયા'માં યોજાય છે; દા. ત. રાજા, પત્ર, સેનાપતિ, ગુરુ, તપ, સેવા, દેવી, ૪ન્દ્ર, રાહુ, સાક્ષી, દૂત, ફલ, રસ, ચંદન, મણિ, નગરી, પુસ્તક, નામ, માસ, તર્ક, દંડ, ગદા, ગાંડીવ, નાગ, ગરુડ વગેરે. ધર્મ માટે 'આગમ', દેવીમંદિર માટે 'ચંડી' પાદરી માટે પંડિત, નેતા માટે 'પુંગવ', શિક્ષક માટે 'ગુરુ', ગુનેગાર માટે 'દુર્જન', પક્ષી માટે 'ખગ', અને નદી માટે 'નમંદા' જેવા પર્યાયનો કોઇવાર કંઇક ઉચ્ચારણ ભેદ સાથે પ્રયોગ થાય છે, રાજા, રાની, પરદાના (પ્રધાન), મનતરી (મંત્રી) પરમાઇસૂરી (પરમેશ્વરી), બેંડાહારી (ભંડારી), નલેન્દ્ર (નરેન્દ્ર), મકોટ (મુકુટ), સૂઆમી (સ્વામી), દેવા (દેવ), સાકતી (શક્તિ), નરાકા (નરક), સૂરગા (સ્વર્ગ), સૂરયા (સૂર્ય), કીરાના (કિરણ), મહાગુરુ (આચાર્ય,) રાદસાસા (રાક્ષસ), આસરામા (આશ્રમ-છાત્રાવાસ), પરભા (પ્રભા), અગાનિ (અગ્નિ), આધર (ધરા-પાણી), સમુદ (સમુદ્ર), પ્રવત (પર્વત), ભુમિ (ભૂમિ), આગામા (આગમ-ધર્મ), વ્રત (વ્રત), સિલોક (શ્લોક), આતમા (આત્મા), જીવા (જીવ), કૈવલ્ય (કૈવલ્ય), કોપીન (કૌપીન), સુપત (શપથ), પરેકસા (પરીક્ષા) જેવા શબ્દો ૪ન્ડોનેશિયન ભાષામાં વ્યાપક રૂપમાં યોજાય છે.

ઘર અને સંસારના સંદર્ભમાં પ્રચલિત શબ્દોમાં મનુસીયા (મનુષ્ય), બંસ (વંશ), સુઆમી (સ્વામી), ૪સતરી (સ્ત્રી-પત્ની) વાનીતા (વનિતા), પુતરા (પુત્ર), પુતરી (પુત્રી) સૌદરા (સહોદર – ભાઇ), તારુના (તરુણ), તારુની (તરુણી) વગેરે શબ્દો સંસ્કૃતના તદ્ભવ તરીકે તરત જ ઓળખાઇ જાય છે. મુખ માટે મૂકા, બાહુ માટે બાજૂ, હસ્ત માટે અસ્ત, રુધિર માટે લુદિર, વેશ્યા માટે બિસી શબ્દ યોજાય છે. સ્પર્ધા માટે સ્વયંવરનો અપભ્રંશ સાયેમબારા પ્રચલિત છે. એક થી સંખ્યા માટે અંકા, પ્રથમ માટે પરતામ, બે માટે દુઆ, ત્રણ માટે તીગા, કોટિ માટે લાખ, દસ લાખ માટે

યુત, કરોડ માટે ભાર, દિવસ માટે દેવસ, રાત્રિ માટે લાત્રિ, કલાક કે પહોર માટે જામ, પૂર્ણિમા માટે પરનમા શબ્દનો પ્રયોગ થાય છે. પશુ-પંખીના નામોમાં મહિષ (પાડો) માટે મેસ, સિંહ માટે સીંગા, ગજ-હાથી માટે ગાજાહ, ઊંટ માટે ઊનતા, ઘોડા માટે કૂદા શબ્દ યોગ્ય છે. શૃગાલ-શિયાળ પરથી વ્યુત્પન્ન શબ્દ સરીગાલા વરુનો પર્યાય બન્યો છે. મયૂર માટે મિયૂર શબ્દ પ્રચલિત છે.

ચરિતર (ચરિત્ર) આનીઆયા (અન્યાય), લાભ (લાભ), બિસ (વિષ), દોસ (દોષ), સુદિ (શુદ્ધિ), આચારા (આચાર-કાર્યક્રમ), રનચાના (રચના), રૂપા (રૂપ), સામા (સમ-સમાન), સરૂપા (સમાન), કતા (કથા,) ચરીતા (ચરિત-કથા), ચરિતર (ચરિત્ર), ભીરુ (ભૂરુ), જામણું (જાંણુડિયું), નોપુર (નૂપુર), સમપૂરના (સંપૂર્ણ), સનતોસા (સંતોષ), કારેના (કારણ), ચૂરી (ચોરી), અનતારા (અંતર), દૂકા (દુઃખ), દેસા (દેશ-ગામડું), કાપાસ (કપાસ), ચીનતા (ચિંતા-ફ્રેમ), ચીતા (ચિત્ત) જેવા સેંકડો સંસ્કૃત શબ્દો કંઈક ઉચ્ચારભેદ અને કવચિત્ અર્થભેદ સાથે ઇન્ડોનેશિયન ભાષામાં ભળી ગયા છે. વાંચું છું માટે બાચા અને આજ્ઞા યા બોલ આપવા માટે બોલેહ યોગ્ય છે. દક્ષિણ ભારતની તમિળ ભાષાના પણ ઘણા શબ્દો તોક્કાન (ટુંવાલ), પેતી (પેટી), સનતરી (સંત્રી), માનીક્કમ (માણિક્ક), કૂઇલ (મંદિર), નલાયાન (માછીમાર) વગેરે ઇન્ડોનેશિયન ભાષામાં પ્રચલિત થઇ ગયા છે.

ભારતીય ભાષા-સાહિત્યનો દક્ષિણ-પૂર્વના દેશોમાં કેવો પ્રભાવ પડ્યો છે, તે આ બધી વિગતો પરથી કંઈક સમજી શકાશે.

સંકટકાળમાં પ્રભુ સ્મરણની ન્યાયયુક્તતા

● પન્નાલાલ ૨. શાહ

દુઃશાસનના હાથે જ્યારે દ્રૌપદીના ચીર ખેંચાયાં ત્યારે તે એકવસ્ત્રા હતી. ભિષ્મ દ્રોણ જેવા વડીલો આગળ લાજનો સવાલ હતો, સૌ પ્રથમ અકળાયેલી આ સતીએ કુરુસભાને બૌદ્ધિક અને સચોટ પ્રશ્નો પૂછ્યાં. પોતાના બાહુબળના આધારે, એકલા હાથે, ઝઝૂમી શકશે નહીં એમ જ્યારે એને લાગ્યું ત્યારે પોતાના સમર્થ પતિદેવો-યુધિષ્ઠિર, ભીમ, અર્જુન વગેરે સમક્ષ એણે ધા નાખી. પ્રભાવશાળી પાંચે ય પાંડવો જ્યારે લાચાર જણાયાં ત્યારે પાંચાલીએ ભિષ્મ પિતામહ, ગુરુ દ્રોણાચાર્ય, અને ધૃતરાષ્ટ્ર જેવાં વડીલોને એણે આથી પરિસ્થિતિનું નિવારણ કરવા વિનંતી કરી. પરંતુ એ વડીલો ટચલી આંગળી પણ આવા પ્રસંગે હલાવતા ન હતા. એ લાજ પણ ઓછી ન હતી. દ્રૌપદીની કસોટી તો મોતથી પણ ભૂંડી હતી. અને દુઃશાસન અબળાનાં વસ્ત્રો ખેંચવા જ લાગ્યો ત્યારે દ્રૌપદીએ શ્રી કૃષ્ણને સંભાર્યા: 'કૃષ્ણ! હવે તો તમે જ મને આ આપત્તિમાંથી ઉગારી શકો એમ છો!!'

અને કથા કહે છે કે શ્રી કૃષ્ણે અંતરીક્ષમાંથી પાંચાલીના ચીર પૂર્યાં. દુઃશાસન વસ્ત્રો ખેંચતા થાકી ગયો, પણ દ્રૌપદીના અંગો પરથી વસ્ત્રો ખૂટ્યાં નહીં.

માનવી વિચારશીલ પ્રાણી છે એટલે આવાં પ્રસંગોમાં ઔચિત્ય કે ન્યાયયુક્તતા કેટલી એને એ ચકાસે છે. એ આવકારવાલાયક પાસું છે. આ કથામાં પણ માનવી અવશ્ય એમ વિચારી શકે કે દ્રૌપદીએ જે કામ સૌથી પહેલાં કરવા જેવું હતું એ કામ એણે સહુથી છેલ્લે કર્યું. એણે સહુ પ્રથમ શ્રી કૃષ્ણને સ્મર્યાં હોત તો કદાચ વસ્ત્રાહરણ જ ન થયું હોત એવો તર્ક એ જરૂર લડાવી શકે! માણસ સ્વબળે ઝઝૂમે, એ બળ ઓછું નીવડે ત્યારે બીજાની સહાય લે એમાં કંઈ ખોટું નથી. પરંતુ આવી પડેલાં સંકટમાંથી છૂટવા જ્યારે કોઇ ઉપાય હાથવગો રહ્યો જ ન હોય ત્યારે નાછૂટકે ભગવાનનું સ્મરણ કરે અને અરજ કરે કે 'હે ભગવાન! હવે તો તારે આશરે છું!' એમ કહેવામાં પ્રભુનું ગૌરવ જળવાતું નથી. એ તો એક હકીકત છે કે માનવીની શક્તિ અને સામર્થ્યને મર્યાદા છે. કોઇ જ રસ્તો ન રહે ત્યારે નાછૂટકે ઇશ્વર સ્મરણ કરવું એમાં ઇશ્વર માટેની શ્રદ્ધા પ્રગટતી નથી. એમાં 'હતાશાનો હાયકારો છે. આવી પરિસ્થિતિ સર્જાય, એ પહેલાં જ, ઇશ્વરની આંગળી પકડી લઇએ તો?

'ડૂબતો માણસ તરણું ઝાલે' એ ન્યાયે ના છૂટકે ઇશ્વરના શરણે જવું એમાં હતાશાનો જેમ રચુકાર છે તેમ વાતવાતમાં એનું સ્મરણ કરી, એની પાસેથી કામ કઢાવી લેવાની વૃત્તિમાં આપણી 'વાણિયા-વૃત્તિ' કે કાયરતા છતી થાય છે. એ બન્ને અંતિમોની વચ્ચે માનવીએ, પુરુષાર્થ ખેડીને, મધ્યમ-માર્ગ અપનાવવાનું કૌશલ દાખવવું જોઇએ.

માનવીનું ગૌરવ પુરુષાર્થમાં છે. એના બળની મર્યાદા છે એ સમજવા છતાં એણે પુરુષાર્થ કરવો જરૂરી છે, કરવો જોઇએ. એ પુરુષાર્થની ગાથા એળે જાય અને કોઇ જ રસ્તો ન રહે ત્યારે પ્રગટ ઇશ્વર સ્મરણ કરીને એ કહે: ભગવાન! મેં મારું છતું વીર્ય, છતું બળ ગોપવ્યું નથી. આમ છતાં વર્તમાન પરિસ્થિતિમાંથી ઉગરી શકાય તેમ નથી! પોતાના પુરુષાર્થનું એવે વખતે અભિમાન ન હોય, માત્ર વિનમ્રભાવે પોતાની જાતનું વિલોપન હોય. એ વખતે અંતરનો આર્તનાદ હોય કે ભગવાન! હવે આ પરિસ્થિતિમાંથી મને તારવો કે ડૂબવા દેવો એ આપના હાથની વાત છે. એમાં માત્ર સારાં પરિણામની જ અપેક્ષા ન હોય, પરિણામ વિષે અનાસક્તિ હોય. જેવી પરિસ્થિતિ સર્જાય, એમાં ઇશ્વરની કૃપા સમજીને, એને સ્વીકારવાની તત્પરતા એમાં હોય તો ભગવાનનું ગૌરવ જળવાતું નથી, એવો પ્રશ્ન જ ઉપસ્થિત ન થાય, એની કૃપા અને કોપ ઉભયનો નત મસ્તકે સ્વીકાર કરવો એમાં આપણું લાંબે ગાળે હિત જ છે એવી શ્રદ્ધા હોય તો 'ઇશ્વરની આગળી પહેલાં પકડી હોત તો? એવો પ્રશ્ન ઉપસ્થિત ન થાય.

ઉપરના પરિચ્છેદમાં મેં પ્રગટ ઇશ્વર સ્મરણની વાત સહેતુક કરી છે. સાચા ભક્તના હૃદયમાં ભગવાનનું રટણ સતત દિવસ અને રાત, નિરંતર ચાલતું જ હોય. ઇશ્વર સ્મરણ એની નસેનસમાં અને પ્રશ્વાસોચ્છ્વાસમાં ઘૂંટાયેલું જ હોય. પ્રગટ સ્મરણ કરીને પોતાને યોગ્ય એવી સહાય કરજે એવી એની પાસે યાચના હોત. પ્રગટ સ્મરણ એ વ્યવહારની ભૂમિકા છે, નિરંતર, સતત ચાલતું રટણ એ માનવીના આંતરિક વિકાસની અને અટળ શ્રદ્ધાની ભૂમિકાનું સૂચક છે.

શ્રી ઉમાશંકર જોશીએ 'નિશ્રેના મહેલમાં' પુસ્તકમાં સરસ વાત કરી છે. 'દ્રૌપદીની કથામાં લોકકવિએ ઉમેર્યું છે કે વસ્ત્ર છટક્યું એટલે એણે (દ્રૌપદીએ) છેવટે દાંતથી પકડી રાખ્યું. દ્વારકામાં શ્રીકૃષ્ણને નિરાંતે બેઠેલાં જોઇને સત્યભામાએ એમને ટકોર કરી

અને સામટા થવા કહ્યું. પરંતુ શ્રીકૃષ્ણને કશી ઉતાવળ જ નથી ને! દાંતથી વસ્ત્ર પકડી રાખી શકતી હોય તો એ રીતે ભલે આપ-રક્ષણ કરતી. પણ જ્યાં એ 'ગોવિંદ! દ્વારિકાવાસિન્!' કરતીક કરતીક મદદ માંગે છે અને એ શબ્દો બોલતા જતાં વસ્ત્ર છૂટે છે ત્યાં ભગવાન ધસી આવે છે.' (જુઓ: નિશ્ચેના મહેલમાં, પૃષ્ઠ ૬૮) આમ અહીં પુરુષાર્થનો મહિમા છે.

વળી, ના છૂટકે પ્રભુ સ્મરણ કરીએ, એમાં ભગવાનનું ગૌરવ જળવાતું નથી, એના તર્કમાં, ઈશ્વર-તત્ત્વમાં માનવીય કલ્પનાનું આરોપણ કરવાનો ચાળો છે. માનવીની સ્વાભાવિક પ્રક્રિયા એવી હોય છે, મનોવૈજ્ઞાનિક ભૂમિકા એવી હોય છે કે ક્રોધ પણ વ્યકિત ના છૂટકે એના શરણે આવે, એમાં એની સમર્થ વ્યકિતનું ગૌરવ જળવાતું નથી; એવો ભાવ સમર્થ માનવીને થાય, 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ'ના ન્યાયે ભગવાનનું પણ એથી ગૌરવ ન જળવાય એવું આપણે ગૃહિત કર્યું! ખરેખર તો, હારીને, થાકીને, સ્વગૃહે પાછાં ફરી રહેલાં સંતાનને ઈશ્વર આશ્લેષમાં લે એનો કરુણાથી સ્વીકાર કરે, એવા પુનરાગમનની વેળાએ 'કાં રહી રહીને શરણે આવ્યો?' એવા લેશ માત્ર માનવીય ભાવ વિના પ્રભુ એનો સ્વીકાર કરે, એને આવકારે અને ઉગારે એમાં જ ઈશ્વરની ઈશ્વર તરીકેની મહત્તા છે. બાઈબલના 'Prodigal Son'ની કથાનો આ સૂર છે. શરણે આવેલાને ધૂત્કારે અથવા માનવીની જેમ પોતાની મહત્તાનું એને ભાન કરાવે એમાં ઈશ્વરનું ગૌરવ જળવાતું નથી. એવે વખતે પોતાની મહત્તાનું ભાન કરાવવાની ભાવના પણ ઈશ્વરીય તત્ત્વને હીણું પાડે છે. એમાં એના વિશાળ અને વિરાટ સ્વરૂપની ઝાંખી થતી નથી. અહીં અંગ્રેજ કવિ ફ્રાંસિસ ટોમ્સનના 'The Hound of Heaven' કાવ્યનું સ્મરણ થાય છે. એ કાવ્યમાં કરુણાસાગર ઈશ્વરનો પ્રેમ કે અનુગ્રહ, જીવને આશ્લેષમાં લપેટી લેવા, તેની પાછળ દોડે છે. પ્રભુના એ પ્રેમપાશમાં ન ફસાવા જીવ ચોતરફ દોટ મૂકે છે તો બીજી બાજુ કરુણાનિધિ ઈશ્વર જીવની સારસંભાળ લેવા, એને આશ્લેષમાં લેવા, એને ઉગારવા એની પાછળ પડે છે. ન છૂટકે ઈશ્વર સ્મરણમાં એનું ગૌરવ જળવાતું નથી એવા તર્કમાં ભગવાનની અસીમ કૃપાનું આ પાસું વણપ્રીછ્યું રહે છે.

પુરુષાર્થના ધર્મની સમજ ધરાવનારને અવિરત પ્રયત્નો છતાં પાછા પડવાનું થાય તો 'ડૂબતો માણસ તરણું ઝાલે' એ એ ન્યાયે નહીં, પરંતુ જ્ઞાતવિલોપનના ધર્મથી સંપૂર્ણ સમર્પણ જ ઈષ્ટ છે. મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાથી પર જઈને જ આ વાત સમજી શકાય. એમાં માનવીનું ગૌરવ છે અને ઈશ્વરનું પણ.

વળી, ઈશ્વર સ્મરણ એ છેવટના, અંગ્રેજીમાં આપણે જેને 'Lender of Last resort' કહીએ છીએ, તે અંતિમ શસ્ત્ર તરીકે ઉપયોગી છે. એનો વારંવાર ઉપયોગ ન થાય તે જોવું પણ જરૂરી છે. એનું યોગ્ય રીતે મૂલ્ય જાળવીને સંસારના ત્રિવિધ તાપમાંથી છૂટવા એના શરણે જવાય. એમાં પાયાની વાત એટલી કે એના નામનું સતત, નિરંતર રટણ રહેવું જોઈએ અને સાચા ભકત તરીકે ઈશ્વરની હૃદય-ગુહામાં આપણું સ્થાન હોવું જોઈએ.

સાભાર સ્વીકાર

* **શ્રી ભંવરલાલ નાહટા અભિનંદન ગ્રન્થ**
સંપાદક : શ્રી ગણેશ લલવાની
ક્રાઉન આઠ પેજી * પૃષ્ઠ : ૫૨૫ *
મૂલ્ય : રૂા. ૧૦૦/-
પ્રકાશક : શ્રી ભંવરલાલ નાહટા
અભિનંદન સમારોહ સમિતિ
૮૬, ક્રેનિંગ સ્ટ્રીટ, કલકત્તા-૭૦૦ ૦૦૧

* **વાનગી**
લેખક : શ્રી ભંવરલાલ નાહટા
ડેમી સાઇઝ * પૃષ્ઠ : ૧૪૮ *
મૂલ્ય : રૂા. ૪-૫૦
પ્રકાશક : રાજસ્થાન સાહિત્ય અકાદમી (સંગમ) ઉદયપુર
પ્રાપ્તિસ્થાન : મે. નાહટા બ્રધર્સ, ૪, જગમોહન મલ્લિક લેન, કલકત્તા-૭૦૦ ૦૦૭.

* **યાદોં કે આયને મેં**
લેખિકા : રાજકુમારી બેગાની
ડેમી સાઇઝ * પૃષ્ઠ : ૬૭
મૂલ્ય : રૂ. ૧૦-૦૦
પ્રકાશક : પ્રમિલા જૈન
૨૧૪, ચિત્તરંજન એવન્યુ,
કલકત્તા-૭૦૦૦૦૬

* **નિર્લાંજના :**
લેખક : શ્રી ગણેશ લલવાની
ડેમી સાઇઝ * પૃષ્ઠ : ૧૨૬
મૂલ્ય : ૧૨-૦૦
પ્રકાશક : જૈન ભવન,
પી/૨૫, કલાકાર સ્ટ્રીટ,
કલકત્તા-૭૦૦૦૦૭

* **આત્મ મુકત**
લેખક : શ્રી ગણેશ લલવાની
ડેમી સાઇઝ * પૃષ્ઠ : ૧૧૮ *
મૂલ્ય : ૮-૦૦
પ્રકાશક : જૈન ભવન,
પી / ૨૫, કલાકાર સ્ટ્રીટ,
કલકત્તા-૭૦૦૦૦૭

* **ચંદનમૂર્તિ**
લેખક : શ્રી ગણેશ લલવાની
ડેમી સાઇઝ * પૃષ્ઠ : ૧૫૯ *
મૂલ્ય : ૨૦-૦૦
પ્રકાશક : જૈન ભવન,
પી / ૨૫, કલાકાર સ્ટ્રીટ,
કલકત્તા-૭૦૦૦૦૭

* **વામનનાં પગલા**
લેખક : પ્રા. ઉજ્જવતકુમાર ત્રિવેદી
ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ : ૬૬ મૂલ્ય રૂ. ૧૦-૦૦
પ્રકાશક : કુસુમ પ્રકાશન ૬૧/એ, નારાયણનગર
સોસાયટી, જયભિક્ષ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૭

લાભાવતાર અને જાતિ સ્મરણ જ્ઞાન

(પૃષ્ઠ ૧૬૦ થી ચાલુ)

ભક્તિને થાય અને મિથ્યાત્વીને પણ થાય. જેને જેને જાતિ-સ્મરણ જ્ઞાન થાય તે બધા જ જીવો બહુ ઊંચી કોટિના પવિત્ર ભક્તી જીવ છે એવું માનવું અનિવાર્ય નથી.

જેને જાતિસ્મરણ જ્ઞાન થાય તે વ્યકિત અચાનક અસંબદ્ધ બોલતી હોય તેવું આસપાસના લોકોને લાગે છે. એમાં જો કંઈ સાબિતી મળે કે કંઈક અણસાર મળે તો તેવી વાત પ્રસરે છે. અનેક લોકોને એ વાતની જિજ્ઞાસા થાય છે. પરંતુ લોકો તેવી વ્યકિતને પ્રશ્નો પૂછી પૂછીને એના ચિત્તને થકવી નાખે છે. અને પરિણામે એના જ્ઞાનની વૃદ્ધિ થતી નથી. એથી કેટલીકવાર તેવું જ્ઞાન વહેલું ચાલ્યું જાય છે. પરિણામે જાતિસ્મરણ જ્ઞાન થયું હોવા છતાં તે જીવને તે જ્ઞાન આત્મસાધનામાં ઉપકારક નીવડતું નથી. જે જીવને જાતિસ્મરણ જ્ઞાન થાય તે જીવ તેનો બહુ બાહ્ય ઉપયોગ ન કરતાં એકાંતમાં રહીને જો પોતાના આત્મામાં જ તેનો ઉહાપોહ વધારે છે, તો તેનું જ્ઞાન વૃદ્ધિ પામે છે. એને વધુ ને વધુ પૂર્વભવોનું દર્શન થાય છે. વળી જેમ જેમ આ જ્ઞાન વધતું જાય છે તેમ તેમ તે જીવ વધુ નિર્મળ બને છે અને તે જ્ઞાન તેને આત્મસ્વરૂપનું ભાન કરાવી તેની આત્મ સાધનામાં ઉપકારક નીવડે છે. એટલા માટે જ જાતિસ્મરણ જ્ઞાનની ઘટનાની બહુ જાહેરાત આત્માર્થીઓ માટે ઉપયોગી મનાતી નથી.

જાતિસ્મરણ જ્ઞાન જીવની નિર્દોષ અને નિર્મળ અવસ્થામાં પ્રગટ થાય છે. સામાન્ય રીતે આવી અવસ્થા બાલ્યકાળમાં વિશેષ હોય છે, એટલે બાલ્યકાળમાં જાતિસ્મરણ જ્ઞાન થવાની ઘટનાઓ વિશેષ જોવા મળે છે. આમ છતાં આ જ્ઞાન માત્ર બાલ્યકાળમાં જ થાય એવું નથી. સદાચાર, સત્સંગ, સ્વાધ્યાય, આત્મચિંતન, આરાધના વગેરે દ્વારા પ્રાપ્ત થયેલી નિર્મળતાથી કિશોરવયે કે યુવાન વયે કે મોટી ઉંમરે પણ જાતિસ્મરણ જ્ઞાન થવાની ઘટના નોંધાયેલી જોવા મળે છે.

જાતિસ્મરણ જ્ઞાન એ અવધિજ્ઞાનનો પ્રકાર નથી. જેને જાતિસ્મરણ જ્ઞાન થયું હોય તેવી વ્યકિત દૂરના કોઈ સ્થળ અને એવી વ્યકિતઓ વિશે જોવા લાગે છે, પરંતુ એમાં વર્તમાનની તત્ક્ષણ બનતી જતી ઘટનાઓની વાત હોતી નથી, પરંતુ પૂર્વે બની ગયેલી ઘટનાનું સ્મરણ હોય છે. અને તે પણ કોઈ નિશ્ચિત સ્થળ અને સમય પૂરતું મર્યાદિત હોય છે. વળી જેને જાતિસ્મરણ જ્ઞાન થાય છે તેને પૂર્વ ભવનું સ્મરણ થાય છે પરંતુ તેને ભાવિ વિશે કશું જ્ઞાન હોતું નથી. અવધિજ્ઞાનમાં તો ભૂત, વર્તમાન અને ભાવિ એ ત્રણેય કાળનું જ્ઞાન પોતાની સ્થળ, કાળની સીમા અનુસાર જ્ઞાન થાય છે. એટલે જાતિસ્મરણ જ્ઞાન એ અવધિજ્ઞાનનો કોઈ પ્રકાર નથી. એ સ્પષ્ટ સમજી લેવું જોઈએ. અવધિજ્ઞાનમાં વ્યકિત પોતે ઉપયોગ મૂકે ત્યારે તેને તે જ્ઞાન થાય છે. જાતિસ્મરણ જ્ઞાનમાં અવધિ-જ્ઞાનની જેમ એ રીતે ઉપયોગ મૂકવાની વાત સામાન્ય રીતે હોતી નથી.

જીવના જ્ઞાનની વૃદ્ધિ સતત ચાલ્યા કર્યા કરે છે. એમાં સ્મૃતિ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. જે કંઈ જ્ઞાન આપણે મેળવ્યું તે બધું જ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતું જીવનપર્યંત ટકી રહે એવું હોતું નથી. એક સમયે મોટા જ્ઞાની તરીકે વિખ્યાત બનેલા મહાત્માઓને પણ વૃદ્ધાવસ્થામાં અનેક વાતોનું વિસ્મરણ થાય છે. યુનિવર્સિટીઓનું પ્રમાણપત્ર મેળવનાર વ્યકિતઓનું તે તે વિષયનું જ્ઞાન, જો મહાવરો ન હોય તો ઝાંખું થઈ જાય છે. એક જન્મમાં ગમે તેટલું જ્ઞાન મેળવ્યું હોય, તો પણ બીજા જન્મમાં જીવને નવેસરથી શરૂઆત કરવાની રહે છે. અલબત્ત એમાં પૂર્વેના જ્ઞાના-વરણીય કર્મોનો ક્ષયોપક્ષમ એને કામ લાગે છે. તો પણ ભાષા શીખવાથી માંડીને જ્ઞાન સંપાદન કરવાની બધી ક્રિયા તેને ફરીથી કરવી પડે છે. જન્મ અને મૃત્યુ એ બે એવી મોટી ઘટનાઓ છે કે જેને કારણે જીવનો દેહાધ્યાસ ઘણો બધો વધી જાય છે. જેમ દેહાધ્યાસ વધુ તેમ જ્ઞાનનો ઉઘાડ ઓછો. મૃત્યુ વખતે વેદના, આસકિત વગેરેને કારણે જીવનો દેહાધ્યાસ ઘણો વધી જાય છે અને ત્યારપછી નવા ગર્ભવાસનું દુઃખ પણ ઓછું નથી હોતું. એટલે નવો જન્મ થતાં મગજની પાટી ફરીથી કોરી થઈ જાય છે. એટલે જ જીવોને સામાન્ય રીતે પૂર્વના ભવનું જ્ઞાન-જાતિ સ્મરણ જ્ઞાન થતું નથી.

કોઈ કોઈ જીવોને દેહાધ્યાસ બહુ ઓછો હોય છે. કેટલાકને અંત સમયે પણ દેહની કે અન્ય સાંસારિક વાસનાઓ કે આસકિત હોતી નથી. તેઓનું આત્મામાં લીનપણું વિશેષ હોય છે. તેવા નિર્મળ જીવોના જ્ઞાનના સંસ્કાર કેટલેક અંશે સચવાઈ રહે છે. એવા જીવોને જન્માન્તરમાં જ્ઞાનાવરણીય કર્મના તેવા પ્રકારના ક્ષયોપક્ષમને લીધે જાતિસ્મરણ જ્ઞાન થાય છે. કેટલીકવાર એ જ્ઞાન સહજ રીતે કશા નિમિત્ત વગર થાય છે. કેટલીક વાર પૂર્વ ભવમાં જોયેલી કોઈ પદાર્થની કે વ્યકિતની આકૃતિનો અણસાર મળતાં કે અમુક શબ્દો સાંભળતાં એકદમ જ્ઞાનનું આવરણ હટી જાય છે અને પૂર્વભવ સ્પષ્ટરૂપે ભાસે છે.

જાતિસ્મરણ જ્ઞાન થયું હોય એવી કેટલીક વ્યકિતઓ અચાનક પૂર્વભવની ભાષા બોલવા લાગે છે. કેટલીક વખત પૂર્વભવની કોઈ ચેષ્ટા પણ કરવા લાગે છે. શ્રીમદ્ રાજચંદ્રે લખ્યું છે કે 'જેમ બાલ્યાવસ્થાને વિશે જે કંઈ જોયું હોય અથવા અનુભવ્યું હોય તેનું સ્મરણ વૃદ્ધાવસ્થામાં કેટલાકને થાય ને કેટલાકને ન થાય, તેમ પૂર્વભવનું ભાન કેટલાકને રહે ને કેટલાકને ન રહે, ન રહેવાનું કારણ એ છે કે પૂર્વ દેહ છોડતાં બાહ્ય પદાર્થોને વિષે જીવ વળગી રહી મરણ કરે છે અને નવો દેહ પામી તેમાં જ આસકત રહે છે, તેને પૂર્વ પર્યાયનું ભાન રહે નહિ; આથી ઊલટી રીતે પ્રવર્તનારને એટલે અવકાશ રાખ્યો હોય તેને પૂર્વનો ભવ અનુભવવામાં આવે છે. પૂર્વ પર્યાય છોડતાં મૃત્યુ આદિ વેદનાના કારણને લઈને, દેહ ધારણ કરતા ગર્ભવાસને લઈને, બાલપણા માં મૂઢપણાને લઈને અને વર્તમાન દેહમાં અતિ લીનતાને લઈને, પૂર્વ પર્યાયની સ્મૃતિ કરવાનો અવકાશ જ મળતો નથી; તથાપિ જેમ ગર્ભવાસ તથા બાલપણુ સ્મૃતિમાં રહે નહિ તેથી કરીને તે નહોતાં એમ નથી; તેમ ઉપરનાં કારણોને લઈને પૂર્વપર્યાય સ્મૃતિમાં રહે નહિ તેથી કરીને તે નહોતા એમ કહેવાય નહિ. તેવી રીતે આંબા આદિ વૃક્ષોની કલમ કરવામાં આવે છે તેમાં સાનુકૂળતા હોય તો થાય છે. તેમ જો પૂર્વ પર્યાયની સ્મૃતિ કરવાને ક્ષયોપશમ આદિ સાનુકૂળતા (યોગ્યતા) હોય તો જાતિસ્મરણ જ્ઞાન થાય, પૂર્વ સંજ્ઞા કાયમ રહેવી જોઈએ. અસંજ્ઞીનો ભવ આવવાથી જાતિ-સ્મરણ જ્ઞાન ન થાય.'

જાતિસ્મણ જ્ઞાન વિશે, અલબત્ત મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ પાંચે પ્રકારના જ્ઞાન વિશે જૈન ધર્મમાં જેટલી સૂક્ષ્માતિસૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે. તેવી વિચારણા અન્યત્ર કયાંય થઈ નથી,

—રમણલાલ ચી. શાહ

બે સન્મિત્રની ચિરવિદાય

(પૃષ્ઠ ૧૬૮ થી ચાલુ)

એનો દિવ્ય પ્રકાશ, પ્રકાશ નકી,
એક દીપક પ્રગટ્યો ચંદ થકી;
એને જીવન કોડિયે સ્નેહ છલોછલ,
એનાં કર્મની વાટ અહો કશી નિર્મલ!
સ્થિર સૌર પ્રકાશ ઝગી શું પલેપલ,
નિશ-દિન નિશા હરવાનું કશું બલ!
મહાજ્યોતિ શું આખિર એ લપકી,
એક દીપક પ્રગટ્યો દીપ થકી.

* * *

શ્રી જગજીવન પોપટલાલ શાહનું શુક્રવાર, તા. ૨૭ મી ફેબ્રુઆરી, ૧૯૮૭ના રોજ સિત્તેર વર્ષની વયે અવસાન થયું. એમના અવસાનથી મને એક સાથી કાર્યકરની અને જૈન સમાજને એક સંનિષ્ઠ સેવકની ખોટ પડી છે.

શ્રી જગજીવનભાઇ મુંબઇના જૈન સમાજના એક અગ્રણી કાર્યકર્તા હતા. શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં મંત્રી તરીકે હું જોડાયો ત્યારે ઘણાં વર્ષોથી વિદ્યાલયના મંત્રી તરીકે કાર્ય કરનાર જગજીવનભાઇ સાથે ઘનિષ્ઠ પરિચય થયો. વિદ્યાલયમાં મંત્રી તરીકે અમારે પૂના, વડોદરા, વલ્લભવિદ્યાનગર, અમદાવાદ, ભાવનગર વગેરે શાખાઓની મુલાકાતે એમની સાથે જવાનું થતું અને એથી જગજીવનભાઇના અંગત પરિચયમાં આવવાની સરસ તક સાંપડી હતી. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મુખ્ય મંત્રીશ્રી કે. આર. શાહની ઓફિસે અમારી વિદ્યાલયના મંત્રીઓની બેઠક ઘણીવાર મળતી એથી જગજીવનભાઇ સાથેનો મારો સંબંધ ઘણો ગાઢ થયો હતો.

જગજીવનભાઇએ જૈન યુવક સંઘની અમારી કારોબારી સમિતિના સભ્ય તરીકે પણ ઘણાં વર્ષ સુધી સેવા આપી હતી.

જગજીવનભાઇએ પાલિતાણામાં શ્રી સિદ્ધક્ષેત્ર બાલાશ્રમમાં રહી મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો ત્યાર પછી મુંબઇ આવી શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં રહી કોલેજનો અભ્યાસ ચાલુ કર્યો હતો. પોતે એન્જિનિયર થવા ઇચ્છતા હતા એટલે કરાંચીની નાદિરશાહ એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ મળતાં તેઓ ત્યાં કોલેજમાં જોડાયા હતા. અને પોતાની તેજસ્વી કારકિર્દી બનાવી હતી. તેમણે ત્યાર પછી મુંબઇમાં આવી એન્જિનિયર તરીકે લાર્સન અને ટુબ્રો નામની પ્રસિદ્ધ કંપનીમાં કેટલાંક વર્ષ કામ કર્યું હતું. ત્યાર પછી તેમણે મકાન બાંધકામનો પોતાનો સ્વતંત્ર વ્યવસાય વિકસાવ્યો હતો અને એમાં યશસ્વી સિદ્ધિ મેળવી હતી.

પોતાની કારકિર્દી ઘડવામાં શ્રી સિદ્ધક્ષેત્ર બાલાશ્રમ અને શ્રી મહાવીર જૈન વિદ્યાલય એ બે સંસ્થાઓએ ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો હતો એટલે એ ઋણ ચુકવવા એમણે એ બે સંસ્થાઓમાં વર્ષો સુધી અનેરી સેવા આપી. આ ઉપરાંત તેઓ માનવ સેવા સંઘ, જીવદયા મંડળી, સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ, શ્રી ગોડીજી જૈન દેરાસર, શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, શ્રી આત્માનંદ જૈન સભા વગેરે અનેક સંસ્થાઓમાં તેઓ પોતાની વિશિષ્ટ સેવા આપતા રહ્યા હતા.

છેલ્લાં કેટલાંક વર્ષોથી જગજીવનભાઇએ વ્યવસાયમાંથી ક્રમિક નિવૃત્તિ લીધી હતી, અને જિંદગીનાં છેલ્લાં વર્ષોને તેમણે સમાજ સેવાનાં સુંદર કાર્યો કરીને શોભાવ્યાં હતાં.

જગજીવનભાઇ એટલે સંનિષ્ઠ, પ્રામાણિક અને કર્તવ્ય-પરાયણ સમાજસેવક, વિદ્યાલયની શાખાઓની મુલાકાત દરમિયાન મેં જોયું હતું કે તેઓ દરેક પ્રશ્નોના ખૂબ ઉંડાણથી ચીવટ-પૂર્વક અભ્યાસ કરતા અને પોતાના મૌલિક વિચારો દર્શાવતા. તેમની પાસે વિશાળ અનુભવ હતો, જેથી એમનાં સૂચનો માર્ગદર્શક બની રહેતાં. તેઓ અત્યંત વિનમ્ર અને સૌજન્યશીલ સ્વભાવના હતા. વ્યક્તિના હિત કરતાં સંસ્થાના હિતને તેઓ વધુ પ્રાધાન્ય આપતા. અને પોતે જે જે સંસ્થાઓને વરેલા હતા તે સંસ્થાઓના હિતને જરા પણ આંચ ન આવે એવાં પગલાં લેવાની સતત જાગૃતિ દર્શાવતા.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી જૈન સાહિત્ય સમારોહનું આયોજન થયું ત્યારે સાહિત્યમાં પોતે ઊંડો રસ ન ધરાવતા હોવા છતાં પણ કર્તવ્યરૂપ સમજીને તેઓ તેમાં અવશ્ય હાજરી આપતા એથી તેઓ અમારા બધાને માટે પ્રેરણારૂપ બની રહેતા.

સ્વ. જગજીવનભાઇની સુવાસ મુંબઇના જૈન સમાજમાં ઘણી મોટી હતી. તેમના અવસાનથી એક સન્નિષ્ઠ, પ્રામાણિક, જાગૃત કાર્યકરની આપણને ખોટ પડી છે.

* * *

* સંઘ સમાચાર *

સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ વસંત વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે પ્રતિવર્ષ યોજાતી સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ વસંત વ્યાખ્યાનમાળા આ વર્ષે સોમવાર, મંગળવાર, બુધવાર અનુક્રમે તા. ૬, ૭, ૮ એપ્રિલ, ૧૯૮૭ના રોજ યોજવામાં આવી છે. તેનો કાર્યક્રમ નીચે મુજબ છે.

વિષય : રાષ્ટ્રીય એકાત્મકતા, પડકાર અને નિરાકરણ

સ્થળ : વાલકચંદ હીરાચંદ સભાગૃહ, ઇન્ડિયન મરચન્ટસ્ ચેમ્બર, ચર્ચગેટ, મુંબઇ-૨૦

સમય : સાંજના ૬-૩૦ કલાકે.

ઉદ્‌ઘાટક : **શ્રી નાની પાલખીવાળા**

પ્રમુખસ્થાન : **શ્રી અમરભાઇ જરીવાલા**

મોતિયાના દર્દીઓને ચશ્માં માટે સહાય

સંઘના ઉપક્રમે સાધારણ સ્થિતિવાળા મોતિયાના દર્દીઓને ઓપરેશન પછી ચશ્મા માટે સહાય આપવાની યોજના કરવામાં આવી છે. તે માટે શ્રીમતી સરસ્વતીબહેન ડાહ્યાભાઇ ઝવેરી તરફથી અમને રૂા. ૧૫૦૦૦/- નું દાન મળ્યું છે. તે માટે અમે એમના અત્યંત ઋણી છીએ.

સંઘની આ એક નવી પ્રવૃત્તિ છે અને એમાં આર્થિક સહકાર આપવા સૌ કોઇને વિનંતી છે.

આ યોજના અંગે વધુ વિગતો હવે પછી જાહેર કરવામાં આવશે.

– મંત્રીઓ

ભગવાન મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે 'પ્રબુદ્ધ જીવન'નો સંયુક્ત અંક

ભગવાન મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે તા. ૧-૪-'૮૭ અને તા. ૧૬-૪-'૮૭નો 'પ્રબુદ્ધ જીવન'નો અંક સંયુક્ત અંક તરીકે તા. ૧૬-૪-'૮૭ના રોજ પ્રગટ કરવામાં આવશે. એટલે તા. ૧-૪-'૮૭નો અંક પ્રગટ થશે નહિ.

-તંત્રી

એ સન્મિત્રની ચિરવિદાય

❖ ડૉ. રમણલાલ ચી. શાહ

શ્રી શિવલાલભાઇ દીપચંદ શાહનું મંગળવાર, તા. ૨૭ મે, ૧૯૮૭ના રોજ મુંબઇમાં ૬૨ વર્ષની વયે અવસાન થયું. એથી અંગત રીતે મને પોતાને એક સન્મિત્રની અને અમારા શ્રી જૈન યુવક સંઘને એક શુભેચ્છક કાર્યકરની ખોટ પડી છે. જૈન યુવક સંઘ તરફથી શ્રમમંદિર (વડોદરા) માટેના અમારા પ્રોજેકટનું આયોજન સહગત શિવલાલભાઇના હસ્તક થયું હતું એ માટે તેઓ મને ત્રણેક વખતે શ્રમમંદિરની મુલાકાતે લઇ ગયા હતા. અમારો એ પ્રોજેક્ટ પાર પડે તે પહેલાં તેઓ આપણી વચ્ચેથી વિદાય થયા.

શિવલાલભાઇ સાથેનો મારો પરિચય છેલ્લાં થોડાક વર્ષનો જ, પણ પરસ્પર આત્મીયતા એટલી બધી થઈ હતી કે જાણે અમે સગા ભાઇઓ ન હોઇએ ! રાજકોટમાં શશિકાન્તભાઇ મહેતાને ત્યાં ગયો હોઉં ત્યારે એમનાં પુત્રવધૂ ભારતીબહેનની સાથે મારા વિદેશના પ્રવાસોના અનુભવોની વાત થતી. સાહિત્ય અને સંગીતમાં ઊંડી રુચિ ધરાવનાર બહેન ભારતી તે શિવલાલભાઇની પુત્રી છે એ પરિચય તો શશિકાન્તભાઇ દ્વારા ત્યાર પછી થયો. મારા મિત્ર પન્નાલાલ શાહ સાથે અમે જૈન યુવક સંઘના કાર્ય અંગે વડોદરા ગયા ત્યારે શિવલાલભાઇને પહેલીવાર પ્રત્યક્ષ જોયા, જાણે વર્ષોથી ઓળખતા હોઇએ એવો અનુભવ થયો.

શિવલાલભાઇનો જન્મ કરાંચીમાં થયો હતો. ૧૯૪૨ની લડત વખતે અભ્યાસ છોડી કુમળી વયે લડતમાં ઝંપલાવ્યું. પોતાની આર્થિક સ્થિતિ સાધારણ હતી માટે તેમણે લશ્કરી ખાતામાં નોકરી સ્વીકારી. બાવીસ વર્ષ લશ્કરી ખાતામાં કામ કરવાનો એમને બહોળો અનુભવ હતો. મેં પણ લશ્કરી કેન્દ્રમાં તાલીમ લીધેલી અને ૨૦ વર્ષ એન. સી. સી.ના ઓફિસર તરીકે કામ કરેલું. એટલે અમારી વચ્ચે લશ્કરી બાબતોની ઘણી રસિક બાબતો નીકળતી. શિસ્ત, નિયમિતતા, ચોકકસાઇ જવાબદારીની સભાનતા વગેરે ગુણો લશ્કરમાં કામ કરવાને કારણે શિવલાલભાઇમાં સહજ રીતે જોવા મળતા.

લશ્કરી નોકરી છોડી તેમણે વ્યાપારમાં ઝંપલાવ્યું અને પોતાના સાળા શ્રી ચીમનભાઇ કે. મહેતા સાથે મળીને મુંબઇમાં દીપક ટ્રેડીંગ કું. ચલાવી. અને સમય જતાં વડોદરામાં દીપક નાયટ્રાઇટ લિ. ની સ્થાપના કરી અને તેના તેઓ સેક્રેટરી બન્યા. એ ઉદ્યોગ દ્વારા તેમણે ઉદ્યોગના ક્ષેત્રે યશસ્વી સિદ્ધિ હાંસલ કરી હતી. પોતે નોકરી કરતાં કરતાં જીવનમાં ઊંચા સ્થાને પહોંચ્યા હતા. એટલે નોકરી કરનાર માણસોની મુશ્કેલીઓ પ્રત્યે તેમને હંમેશા સહાનુભૂતિ રહેતી. તેઓ સ્વભાવે અત્યંત ઉદાર અને પરગજુ હતા, પરિચિત વ્યક્તિનું કામ તેઓ હોંશથી તરત કરી આપતા.

છેલ્લાં કેટલાક વર્ષથી અમારે વડોદરા જવાનું થતું ત્યારે એમના ગેસ્ટ હાઉસમાં ઊતરવા માટે એમનો આગ્રહ રહેતો. ત્યાં બધી જ સગવડ મળતી પણ એમની વિશેષતા એ હતી કે તેઓ એકાદ દિવસ તીર્થયાત્રા માટે પણ ફાળવતા, કોઇ વખત કાવી, કોઇ વખત ગાંધાર, કોઇ વખત માતર તો કોઇ વખત જોરાલી કે પરોલી તીર્થની યાત્રાએ તેઓ અમને પોતાની ગાડીમાં લઇ જતા. આમ મારા માટે અંગત રીતે તો શિવલાલભાઇ એક ધર્મમિત્ર જેવા બની ગયા હતા. થોડા મહિના પહેલાં જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના અમે દસ સભ્યો વડોદરા ગયા ત્યારે એમણે હલોલના લોઢણ પાર્શ્વનાથની યાત્રાનો અને શ્રમમંદિરની મુલાકાતનો કાર્યક્રમ ચીવટપૂર્વક ગોઠવ્યો હતો. શિવલાલભાઇનું ધર્મસ્નેહયુકત આતિથ્ય અમને આ રીતે ઘણીવાર માણવા મળ્યું હતું.

કેટલાક સમય પહેલાં એક કાર્યક્રમ માટે વડોદરા જવાનું થયું હતું ત્યારે એમણે પોતાની દીપક જ્ઞાનવર્ધક સભા નામની સંસ્થાના ઉપક્રમે એક સભાનું આયોજન કર્યું હતું. અને એમાં ડૉ. સાડેસરા, ડૉ. અનામી, ડૉ. સુધાબહેન પંડ્યા વગેરે જૈન સાહિત્યમાં રસ ધરાવતી વિદ્વાન વ્યક્તિઓને નિમંત્રણ આપ્યું હતું. જૈન સાહિત્યના ઉત્કર્ષ માટે શું શું કરી શકાય એ વિશેની વિચારણા દરમિયાન મેં જ્યારે એવો પ્રસ્તાવ રજૂ કર્યો હતો કે જૈન ઉદ્યોગપતિઓએ પોતાના ઉદ્યોગના Pay Roll ઉપર વિદ્વાનોને લેવા જોઇએ કે જેથી વિદ્વાનો આર્થિક રીતે નિશ્ચિંત બનીને પોતાની ઇચ્છા મુજબ સંશોધન કાર્ય કરી શકે. આ વિચાર તેમને ખૂબ ગમી ગયો અને ત્યાંને ત્યાં જ જાહેરાત કરી કે માસિક ત્રણ હજાર રૂપિયાનો પગાર મે વિદ્વાનોને આપવા માટે તેઓ પોતે જવાબદારી સ્વીકારે છે. જૈન સાહિત્યના ઉત્કર્ષ માટે તેમની ભાવના કેટલી ઉદાર હતી તે તેની પ્રતીતિ એ કરાવે છે.

બેએક મહિના પહેલાં સમાચાર મળ્યા કે એમની તબિયત બરાબર રહેતી નથી અને ડૉકટરને બતાવવા માટે મુંબઇ આવ્યા છે. નિદાનમાં ફેફસાનું કેન્સર જણાયું. શ્રી ચીમનભાઇ મહેતાને ઘરે અમે એમને મળવા ગયા ત્યારે તેઓ પૂરેપૂરા સ્વસ્થ હતા. જીવનનાં સક્રિય વર્ષો તો માણી લીધાં છે. આ તો વધારાનાં વર્ષો છે એમ બેલદિલીથી એમણે હસતાં હસતાં કહ્યું. કુદરતે એવી નોટિસ આપી છે કે જેથી ઉત્તમ ધર્મકાર્ય વેળાસર કરી શકાય. ત્યારે એમની સ્વસ્થતા અને સમતા જોઇને એમના પ્રત્યે બહુ આદર થયો હતો. એમનો રોગ આટલી ઝડપથી વૃદ્ધિ પામશે અને આટલા વહેલા તેઓ આપણી વચ્ચેથી વિદાય લેશે એની ત્યારે કલ્પના નહોતી.

શિવલાલભાઇ વડોદરાની અનેક સામાજિક સંસ્થાઓ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા હતા. એમની સવાસ ઘણી મોટી હતી. અંગત રીતે પણ તેઓ અનેક લોકોને કશી પણ પ્રસિદ્ધિની કે નામનિર્દેશની અપેક્ષા વિના સહાય કરતા અને અનેકને અંગત મુશ્કેલીમાં મદદરૂપ થવા પ્રયત્ન કરતા. વડોદરાના સુપ્રસિદ્ધ કવિ ડૉ. રણજિતભાઇ પટેલે (અનામી) એમને અંજલિ આપતાં નીચેની પંકિતઓ લખી છે :

એક દીપક પ્રગટયો દીપ થકી,
જેણે શિવ-કલ્યાણની જ્યોત ધરી;
જેની ચોગમ સૌમ્ય દ્યુતિ ઊભરી,
કૈં કૈંની વિપદ-તિમિર હરી.

(અનુસંધાન પૃષ્ઠ ૧૬૭)

પ્રકાશક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૬૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જયન્તશ્રય શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૮ અંક : ૨૩

મુંબઇ તા. ૧-૪-'૮૭ અને તા. ૧૬-૪-'૮૭
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છુટક નકલ રૂા. ૩-૦૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

લાં છ ન

'લાંછન' શબ્દ જૈનોમાં વિશેષ પ્રચલિત છે. 'લાંછન' સંસ્કૃત શબ્દ છે અને તેનો અર્થ થાય છે 'નિશાની' અથવા 'ચિહ્ન'. લાંછન ઉપરથી પ્રાકૃત અને અપભ્રંશમાં 'લંછણ' શબ્દ પણ વપરાયા છે.

લાંછન માટે 'મષતિલકાદિક ચિહ્ન', 'लंछणं अंको चिंध' 'उल्मुकादिमिरंकन' ઇત્યાદિ ઉલ્લેખો પ્રાચીન ગ્રંથોમાં મળે છે. લાંછન માટે 'ચિહ્ન' ઉપરાંત 'ધ્વજ', 'લિંગ' જેવા શબ્દો પણ પણ વપરાયા છે.

કેટલાક શબ્દોના અર્થમાં ચાલીપડતી થાય છે. અર્થવિસ્તાર, અર્થસંકોચની પ્રક્રિયા શબ્દોની બાબતમાં થયા કરે છે. કેટલાક શબ્દો વખત જતાં હલકા અર્થમાં પણ વપરાવા લાગે છે, એટલે કે અર્થવિનિપાતની ક્રિયા પણ થાય છે. 'લાંછન' શબ્દ તીર્થંકરોની બાબતમાં શ્રેષ્ઠ અર્થમાં વપરાય છે. પરંતુ વર્તમાન સમયમાં લાંછન' શબ્દ કલંક અથવા ડાઘના અર્થમાં પણ વપરાય છે.]

વ્યક્તિની ઓળખ માટે એનાં લક્ષણો ઉપકારક નીવડે છે. કેટલાંક લક્ષણો સારાં અને કેટલાંક ખરાબ હોય છે. આંખે કાણો, હાથે ઠૂંઠો, પગે લંગડો, કોઢવાળો કે એવાં ખરાબ લક્ષણો દ્વારા પણ માણસ તરત ઓળખાઇ આવે છે. જેમ વ્યક્તિ પુણ્યશાળી તેમ એના શરીરનાં અસામાન્ય શુભ લક્ષણોને વધુ મહત્ત્વ અપાય છે. તીર્થંકરોને ઓળખવા માટે એમના અસામાન્ય એવાં અનેક શુભ બાહ્ય લક્ષણોમાંથી કોઇ વિશિષ્ટ એકાદ લક્ષણને સૌથી મહત્ત્વનું ગણવામાં આવે છે. એ રીતે 'લાંછન' એ તીર્થંકરનું એક વિશિષ્ટ લક્ષણ છે.

અન્યથી કોઇ વ્યક્તિને ઓળખવા માટે ઉંચાઇ, આંખોનો રંગ, ચામડીનો વર્ણ વગેરે એના દેહનું વર્ણન કરવામાં મદદરૂપ બને છે, તેમ છતાં કોઇકવાર એવા વર્ણનવાળી સમાન વ્યક્તિ એક કરતાં વધુ હોઇ શકે છે, એટલે તેમાં ગેરસમજ થવાનો સંભવ રહે છે. પરંતુ દરેક મનુષ્યના શરીરમાં મસ્તક કે ચહેરા ઉપર અથવા હાથે કે પગે અથવા શરીરના અન્ય કોઇ ભાગે એવી કોઇક નિશાની હોય તો તે વડે એને તરત ઓળખી શકાય છે. તલ, મસો, લાખું, રુઝાયેલો ઘા, રસોળી, ડાઘો, રુવાટી, ભૂરી આંખો, ધોળા વાળ, માથે ટાલ વગેરે જેવા કોઇ લક્ષણથી એ વ્યક્તિને ઓળખવાનું અઘરું નથી. જ્યાં સમાન ચહેરા હોય કે જ્યાં સમાન દેહાકૃતિ હોય ત્યાં આવાં જુદાં કોઇક લક્ષણોની અપેક્ષા વધારે રહે છે, વર્તમાન સમયમાં શરીર પરનાં વિશિષ્ટ લક્ષણો દ્વારા તથા ફોટોગ્રાફ દ્વારા અજાણ્યા માણસને ઓળખવાનું સરળ થઇ પડે છે. પાસપોર્ટ માટે અને પોલીસ ખાતાના રેકોર્ડ માટે અનેક માણસોના ફોટાઓ ઉપરાંત એનાં વિશિષ્ટ લક્ષણો (Identification Marks)ની નોંધ રાખવામાં આવે છે. બે માણસના હાથ પગની રેખાઓ સરખી હોતી નથી. તેમાં પણ, એમ કહેવાય છે કે દુનિયામાં કોઇ પણ બે માણસના હાથના અંગૂઠાની રેખાઓની છાપ કયારેય સરખી હોતી નથી. એ રેખાઓમાં અનંત વૈવિધ્ય રહેલું છે. એટલે કે દરેક માણસનાં શરીરમાં એવું તો કંઇક લક્ષણ હોય છે કે જે એનું પોતાનું વિશિષ્ટ, વૈયક્તિક જ હોય છે. તેવા એક લક્ષણ દ્વારા કે થોડાંક લક્ષણોના સમૂહથી માણસને ઓળખવાનું સરળ થઇ પડે છે.

શરીરનાં વિવિધ અંગોનાં અવલોકન ઉપરથી માનવજાતિએ પોતાના અનુભવને આધારે કેટલાંક લક્ષણોને ઉત્તમ પ્રકારનાં, અને કેટલાંકને કનિષ્ઠ પ્રકારનાં ગણ્યાં છે. શરીરના વિભિન્ન અવયવોમાં રહેલાં એવાં ઉત્તમ લક્ષણોમાંથી જેનામાં બત્રીસ ઉત્તમ લક્ષણો હોય તેવા માણસને 'બત્રીસ લક્ષણો' કહેવામાં આવે છે. તે ભાગ્યશાળી અને શુકનવંતો ગણાય છે.

ભારતીય સામુદ્રિકશાસ્ત્રમાં માનવ શરીરનાં વિભિન્ન લક્ષણોનું જેટલું ઝીણવટભર્યું અવલોકન, પૃથક્કરણ અને અધ્યયન કરી જે શુભાશુભ અનુમાનો તારવવામાં આવ્યાં છે તેવું દુનિયાના અન્ય કોઇ સાહિત્યમાં જોવા મળતું નથી. શરીરનાં વિવિધ અંગોને પણ લક્ષણ, વ્યંજન (મસો, તલ વગેરે) ગુણ, માન (પાણીથી માપ), ઉન્માન (વજનથી માપ), પ્રમાણ (આંગળથી માપ)ની દૃષ્ટિએ તપાસી તેના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ પ્રકારો દર્શાવવામાં આવ્યા છે. ભગવાન મહાવીરના શરીરનું વર્ણન કરતાં કલ્પસૂત્રમાં લખવામાં આવ્યું છે, 'अहीण-पडिपुन्नपंचिंदियसरीरं लक्खणवंजणगुणोववेयं माणुम्माणप्पमाणपडिपुन्नसुजाय सव्वंग-सुंदरंग.....' (અર્થાત્ હીનતા રહિત, પાંચેય ઇન્દ્રિયોથી પરિપૂર્ણ, લક્ષણો, વ્યંજનો અને ગુણોથી યુકત, માન, ઉન્માન અને પ્રમાણથી પરિપૂર્ણ, સુજાત અને સર્વાંગસુંદર.....)

મનુષ્યનાં બત્રીસ ઉત્તમ લક્ષણોની ગણનામાં જુદા જુદા ગ્રંથોમાં થોડો ફરક છે. ગુણની દૃષ્ટિએ આ પ્રમાણે ઉત્તમ બત્રીસ લક્ષણ ગણાવવામાં આવે છે:

(૧) નખ (૨) હાથ (૩) પગ (૪) જીભ (૫) હોઠ (૬) તાળવું (૭) નેત્રના ખૂણા–આ સાતે રક્તવર્ણા હોય, (૮) કાંખ (૯) વક્ષઃસ્થળ (૧૦) મળું (૧૧) નાસિકા (૧૨) નખ (૧૩) મૂછ–એ છ ઊંચા હોય, (૧૪) દાંત (૧૫) ત્વચા (૧૬) વાળ (૧૭) આંગળીનાં ટેરવા (૧૮) નખ–આ પાંચ નાનાં–પાતળાં હોય, (૧૯) આંખ, (૨૦) હૃદય (૨૧) નાક (૨૨) હડપચી (૨૩) મુખ–આ પાંચ ભર્યાં હોય (૨૪) લલાટ (૨૫) છાતી (૨૬) મુખ–આ ત્રણ વિશાળ હોય (૨૭) ડોક (૨૮) જાંઘ (૨૯) પુરુષચિહ્ન–આ ત્રણ લઘુ હોય, (૩૦) સત્ત્વ (૩૧) સ્વર (૩૨) નાભિ આ ત્રણ ગંભીર હોય–એવાં બત્રીસ લક્ષણવાળો પુરુષ બત્રીસ લક્ષણો, ઉત્તમ, ભાગ્યશાળી મનાય છે.

શરીરનાં અંગોપાંગોમાં રહેલી બત્રીસ મંગળ આકૃતિઓની દૃષ્ટિએ પણ 'બત્રીસ લક્ષણો' માણસ કહેવાય છે. એ લક્ષણો નીચે પ્રમાણે છે:

(૧) છત્ર (૨) કમળ (૩) રથ (૪) વજ્ર (૫) કાચબો (૬) અંકુશ (૭) વાવડી (૮) ધનુષ્ય (૯) સ્વસ્તિક (૧૦) તોરણ (૧૧) બાણ (૧૨) સિંહ (૧૩) વૃક્ષ (૧૪) શંખ (૧૫) ચક્ર (૧૬) હાથી (૧૭) સમુદ્ર (૧૮) કળશ (૧૯) મહેલ (૨૦) મત્સ્ય (૨૧) જવ (૨૨) યજ્ઞરત્નભ (૨૩) સ્તુપ (૨૪) કમંડળ (૨૫) પર્વત (૨૬) ચામર (૨૭) દર્પણ (૨૮) વૃષભ (૨૯) પતાકા (૩૦) લક્ષ્મી (૩૧) માળા અને (૩૨) મોર.

શરીરના અંગોપાંગોમાં જેમ વધુ ઉત્તમ લક્ષણો તેમ તે વ્યક્તિ વધુ ભાગ્યશાળી મનાય છે. બત્રીસથી વધુ ૧૦૮ કે ૧૦૦૮ ઉત્તમ લક્ષણો ગણાવવામાં આવે છે. એવાં ઉત્તમ લક્ષણો જેનામાં હોય તેવી વ્યક્તિ તેથી વધુ શ્રેષ્ઠ ગણાય છે. જૈન માન્યતાનુસાર બળદેવોમાં ૧૦૮ ઉત્તમ લક્ષણો હોય છે. ચક્રવર્તીઓમાં અને તીર્થંકરોમાં એવાં ૧૦૦૮ ઉત્તમ લક્ષણો હોય છે.

આમ લક્ષણોની દૃષ્ટિએ તીર્થંકરોનાં શરીર સર્વશ્રેષ્ઠ મનાય છે. શુભ કર્મના ઉદયથી તેવાં લક્ષણો સાંપડે છે.

बत्तीसा अट्ठ सयं, अट्ठ सहस्सं व बहुतराइं च ।
देहेसुं देहीणं लक्खणाणी सुभकम्मजणिताणि ॥

આ બધાં દેહનાં બાહ્ય લક્ષણો છે. સ્વભાવ કે પ્રકૃતિનાં લક્ષણો તે અભ્યંતર લક્ષણો છે. એના વૈવિધ્યનો તો પાર નથી.

दुविहा य लक्खणा खलु, अभ्यंतर–बाहिरा उ देहीणं ।
बहिया सुर–वगाइ, अंतो सब्भाव सत्ताई ॥

બાહ્ય લક્ષણોના અંગભૂત અને અંગ બાહ્ય એવા બે પ્રકાર છે. શરીરમાં રહેલા અને સામાન્ય રીતે કાઢી ન શકાય એવાં (સિવાય કે ઓપરેશનથી) તે લક્ષણો અંગભૂત અને વસ્ત્ર, આભૂષણ વગેરે દ્વારા ઓળખાતાં લક્ષણો તે અંગ બાહ્ય. લશ્કરના સૈનિકો, સાધુ સંન્યાસીઓ, હોસ્પિટલનાં ડોક્ટર – નર્સ, વગેરે પોતાના ગણવેશના લક્ષણથી ઓળખાઈ આવે છે. પણ તે કાઢી કે બદલી શકાય એવાં લક્ષણો છે. મૂછ, દાઢી, નખ, માથાના વાળ વગેરે અંગભૂત લક્ષણોમાં પણ ફેરફાર કરી શકાય છે.

તીર્થંકરનું સર્વશ્રેષ્ઠ અને અર્થ, ભાવ તથા જીવનની દૃષ્ટિને સર્વથા અનુરૂપ એવું એક લક્ષણ તે 'લાંછન' તરીકે ઓળખાય છે. બધાં જ લક્ષણો 'લાંછન' તરીકે ન ઓળખાવી શકાય. આમ 'લાંછન' એ અવશ્ય લક્ષણ છે, પણ કોઈપણ લક્ષણ એ લાંછન હોય કે ન પણ હોય.

તીર્થંકરોનાં આ લાંછન આવ્યાં ક્યાંથી? કોણે નક્કી કર્યાં? પ્રાચીન ગ્રન્થો વાંચતાં એમ માલમ પડે છે કે દરેક તીર્થંકરોની પોતાની જાંઘ ઉપર (કે શરીરના જમણા અંગ ઉપર) આવું એક લાંછન–ચિહ્નાકૃતિ હોય છે.

'અભિધાન ચિંતામણિ'ની સ્વોપજ્ઞ ટીકામાં શ્રી હેમચન્દ્રાચાર્ય લખે છે:

एते च दक्षिणाङ्ग विनिवेशिनो लांछनमेदा इति ।

આમ હેમચંદ્રાચાર્યના જણાવ્યા પ્રમાણે તીર્થંકરોનાં લાંછન એમના શરીરના જમણા ભાગમાં હોય છે.

'આવશ્યક નિર્યુક્તિ' (ગાથા–૧૦૮૦) માં કહ્યું છે કે ઋષભદેવ ભગવાનની બંને જાંઘ ઉપર બળદનું લાંછન હતું. માટે તેઓ ઋષભજિન તરીકે ઓળખાતા હતાં વળી એમની માતાને સ્વપ્નમાં પ્રથમ બળદનું દર્શન થયું હતું. જુઓ:–

'उरुसु उसभलञ्छण उसभ सुमिणम्मि तेण उसभजिणो ।'

તીર્થંકરના દેહ ઉપરનું લાંછન તે એમના નામ–કર્મ અનુસાર હોય છે. તેમ છતાં એ લાંછન એમની પ્રકૃતિને દર્શાવનાર પ્રતિનિધિરૂપ પણ ગણાય છે લાંછનો બળદ, હાથી, ઘોડો, સિંહ મગરમચ્છ, વાંદરો, મહિષ, ગેંડો, હરણ વગેરે જેવાં પશુઓનાં, કૌંચ, બાજ વગેરે પક્ષીઓનાં, સૂર્ય, ચંદ્ર વગેરે અવકાશી પદાર્થોનાં, સ્વસ્તિક, નંદ્યાવર્ત, કમળ, કળશ, શંખ વગેરે મંગલરૂપ મનાતાં પ્રતીકોનાં એમ વિવિધ પ્રકારનાં હોય છે. આ પ્રત્યેક લાંછનનો પોતાનો કોઈક ઉત્કૃષ્ટ ગુણ હોય છે અને એ ઉત્કૃષ્ટ ગુણ અનંત ગુણના ધારક એવા તીર્થંકરના જીવનમાં પ્રકૃષ્ટપણે જોવા મળે છે. માતાને આવેલાં સ્વપ્ન, પોતાના શરીરના વર્ણ કે અન્ય રૂપે પણ તે એમના જીવન સાથે સંકળાયેલ હોય છે, ઉ. ત. પદ્મપ્રભુની કાન્તિ અથવા પ્રભા પદ્મના સમૂહ જેવી હતી, એમનું શરીર પદ્મના રાતા વર્ણ જેવું હતું. એમની માતાને પદ્મની શય્યામાં શયન કરવાનો દોહદ (દોહદ) થયો હતો, માતાએ સ્વપ્નમાં પદ્મ સરોવર પણ જોયું હતું અને ભગવાનના પોતાના શરીર પર પદ્મનું લાંછન હતું. એવી રીતે ચન્દ્રપ્રભુની કાન્તિ ચન્દ્ર જેવી હતી, એમની માતાને ચન્દ્રનું પાન કરવાનો દોહદ થયો હતો, અને એમની માતાને ચૌદ સ્વપ્નોમાં ચન્દ્રનું સ્વપ્ન આવ્યું હતું અને ભગવાનના શરીર ઉપર ચન્દ્રનું લાંછન હતું. પાર્શ્વનાથ ભગવાન માતાના ગર્ભમાં આવ્યા પછી એક અંધારી રાત્રે માતાને અંધારામાં પણ સર્પ દેખાયો હતો જે એમના પિતા રાજા અશ્વસેનને, દેખાયો નહોતો, એ ગર્ભમાં રહેલા પુત્રનો જ ચમત્કાર હતો. વળી ભગવાનના શરીર ઉપર સર્પનું લાંછન હતું. આમ લાંછન માત્ર શરીર પરનું એક ચિહ્ન જ માત્ર ન રહેતાં તીર્થંકરના સમગ્ર જીવનમાં અર્થ અને ભાવની દૃષ્ટિએ વિવિધ રીતે તે સંકળાયેલું જોવા મળે છે.

જૈન માન્યતા અનુસાર આ અવસર્પિણીના કાળમાં ભરત ક્ષેત્રમાં ચોવીસ તીર્થંકરો થઈ ગયા. આ દરેક તીર્થંકરનું પોતાનું જુદું લાંછન છે, જેમકે 'બળદ' એ ઋષભદેવનું' લાંછન છે; 'હાથી' અજિતનાથનું લાંછન છે; 'સર્પ' પાર્શ્વનાથનું લાંછન છે; 'સિંહ' મહાવીરસ્વામીનું લાંછન છે.

વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકરોનાં લાંછન નીચે પ્રમાણે છે:

(૧) ઋષભદેવ–બળદ; (૨) અજિતનાથ–હાથી; (૩) સંભવનાથ – ઘોડો; (૪) અભિનંદનસ્વામી – વાંદરો, (૫)

(અનુસંધાન પૃષ્ઠ ૨૦૧ ઉપર)

સ્વરૂપમંત્ર

પન્નાલાલ જગજીવનદાસ ગાંધી

માનવમનમાં અહંકાર અને આસક્તિ એ બે મોટા દોષ છે. બીજાના ગુણ જોવાથી અને પોતાના દોષ તપાસવાથી અહંકાર અને આસક્તિ દૂર થાય છે. નમસ્કાર એ બીજાના ગુણે ગ્રહણ કરવાની અને પોતામાં રહેલાં દોષો દૂર કરવાની ક્રિયા છે. નમસ્કારથી સદ્‌બુદ્ધિનો વિકાસ થાય છે અને સદ્‌બુદ્ધિના વિકાસથી સદ્‌ગતિ હસ્તામલકવત્ બને છે.

જેટલો અહંકાર એટલું સત્યનું પાલન ઓછું. અને જેટલું સત્યનું પાલન ઓછું એટલી અનેક દોષમાં દૃઢતા વધુ. અર્થાત્ કામ, ક્રોધ, લોભનું બળ વધારે. નમસ્કારથી વાણીની કઠોરતા અને બુદ્ધિની દુષ્ટતા નાશ પામે છે એટલું જ નહિ પણ મનની કૃપણતા ફોમળતા-નમ્રતા, ઉદારતા અને સુજનતાના ગુણ વિકસિત થાય છે

મનનું બળ મંત્રથી વિકસે છે. 'મન' એટલે વિચારવું અને 'ત્ર' એટલે રક્ષણ કરવું. મન + ત્ર = મંત્ર આમ મંત્ર શબ્દનો અર્થ વિચારનું રક્ષણ થાય છે. વિચારનું રક્ષણ કરવું. એટલે વિચારને-વિકલ્પને શિવસંકલ્પરૂપ બનાવવા અથવા શુભ સાત્વિક ભાવ સ્વરૂપ બનાવવા.

મંત્રોમાં સૌથી શ્રેષ્ઠ મંત્ર 'નમસ્કાર મહામંત્ર' છે. કેમકે તે જીવ માત્રના સત્ય, સાધ્ય અને સાધક સ્વરૂપને કહેનારો, સમજાવનારો, જાગૃત કરનારો તેમજ સત્ય સ્વરૂપમાં લાવનારો અને તે મય બનાવનારો મંત્ર છે. માટે જ તેને 'પરમ શ્રેષ્ઠ મંત્ર' યા તો 'સ્વરૂપ મંત્ર' કહ્યો છે.

નમસ્કારરૂપી વજ્ર અહંકારરૂપી પર્વતનો નાશ કરે છે. નમસ્કાર માનવીના મનોમય કોષને શુદ્ધ કરે છે. અહંકારનું સ્થાન મસ્તક છે. મનોમય કોષ શુદ્ધ થવાથી અહંકાર આપોઆપ વિલય પામે છે.

નમસ્કારમાં શુભકર્મ, ઉપાસના અને જ્ઞાન એ ત્રણે-કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગનો સુભગ સુમેળ છે. કહો કે ત્રિવેણી સંગમ છે. શુભકર્મનું ફળ પુણ્યોદય (સુખ-અનુકૂળતા); ઉપાસનાનું ફળ શાંતિ અને જ્ઞાનનું ફળ પ્રભુત્વ-પરમપદની પ્રાપ્તિ છે. કર્મ-ફળમાં વિશ્વાસાત્મક બુદ્ધિ (શ્રદ્ધા) તે સદ્‌બુદ્ધિ છે. જે શાંતિદાયક છે. અને એ નમસ્કારથી વિકસે છે. એટલું જ નહિ પરંતુ તેના પ્રભાવથી હૃદયમાં પ્રકાશ પ્રગટે છે, જ્ઞાન-વિજ્ઞાનનું સ્થાન બુદ્ધિ છે જ્યારે શાંતિ અને આનંદનો વાસ હૃદયમાં છે. બુદ્ધિનો વિકાસ અને હૃદયમાં પ્રકાશ એ નમસ્કારનું અસાધારણ ફળ છે.

નમસ્કારની ક્રિયા શ્રદ્ધા, વિશ્વાસ અને એકાગ્રતા વધારે છે. શ્રદ્ધાથી એકલક્ષ્યતા; વિશ્વાસથી સર્વાર્પણતા અને અભેદતાથી ચિત્ત (બુદ્ધિ)ની સ્થિરતા-એકાગ્રતા વધે છે.

નમસ્કારમાં અહંકાર વિરુદ્ધ નમ્રતા છે, પ્રમાદ વિરુદ્ધ પુરુષાર્થ છે, હૃદયની કઠોરતા વિરુદ્ધ કોમળતા છે અને ઉપકારીના ઉપકાર પ્રતિ કૃતજ્ઞતા છે. નમસ્કારના કારણે એક-બાજુ મલિન વાસના અને બીજી બાજુ ચિત્તની ચંચળતા દૂર થવાની સાથે જ્ઞાન ઉપરનું ઘોર આવરણ (અજ્ઞાન) ટળી જાય છે અર્થાત્ દૂર થાય છે.

અઘાતિકર્મની પાપપ્રકૃતિના ઉદયને પુણ્યપ્રકૃતિમાં ફેરવી આપે છે એ નમસ્કાર. મહામંત્રનો પ્રભાવ છે. જ્યારે પરંપરાએ [illegible] પાપપ્રવૃત્તિ અને પાપપ્રવૃત્તિ રહિત થવાય છે તે નમસ્કાર મહામંત્રનો સ્વભાવ છે. નમસ્કાર મહામંત્રના પ્રભાવથી વિઘ્નો દૂર થાય છે. જ્યારે નમસ્કાર મહામંત્રના સ્વભાવથી વ્યક્તિ સ્વયં કેવલજ્ઞાની, અરિહંત પરમાત્મા બની જાય છે. પ્રભાવ એ ચમત્કાર છે, મહિમા છે; અતિશય છે. જ્યારે સ્વભાવ એ સ્વરૂપ પરિણમન છે. પ્રભાવ સ્થૂલ કારણ-કાર્ય ભાવની બુદ્ધિને કુંઠિત કરી નાંખે છે. શંખેશ્વર પાર્શ્વનાથ; અંતરિક્ષ પાર્શ્વનાથ શબ્દમાં શંખેશ્વર' અને 'અંતરિક્ષ' એ બનાવરૂપ પ્રભાવ છે જ્યારે લોકાગ્ર શીખરારૂઢ પાર્શ્વનાથ પરમાત્મતત્વ એ સ્વભાવ છે. તીર્થંકર ભગવંતના પ્રાતિહાર્યો અને અતિશય એ એમનો પ્રભાવ છે જ્યારે કેવલજ્ઞાન એ સ્વભાવ છે.

અહંકાર કરનાર વ્યક્તિ પોતે તો ડૂબે છે પરંતુ અન્યને ડૂબવામાં નિમિત્ત બને છે. જ્યારે નમસ્કાર કરનાર વ્યક્તિ પરંપરાએ નમસ્કારના પ્રભાવે સ્વયં નમસ્કાર્ય બની જાય છે. અને અન્ય સંપર્કમાં આવનારના ઉત્કર્ષમાં નિમિત્ત બને છે.

અહંકારને ઓગાળનાર, મામ (મારાપણા)ને ગાળનાર પ્રથમ મંગળરૂપ નમસ્કાર વિષયક મહાપ્રભાવક નમસ્કાર મહામંત્ર-સ્વરૂપમંત્ર નીચે પ્રમાણે છે જે પ્રાકૃતભાષામાં છે.

'ણમો અરિહંતાણં
ણમો સિદ્ધાણં
ણમો આયરિયાણં
ણમો ઉવજ્ઝાયાણં
ણમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઇ મંગલં.'

એના નવ પદ હોવાથી તે 'નવકારમંત્ર' તરીકે પણ પ્રસિદ્ધ છે. એની વિશિષ્ટતા એ છે કે એમાં જે નમસ્કાર કરવામાં આવેલ છે તે કોઇ વ્યક્તિ વિશેષને નહિ પરંતુ ગુણ-પર્યાયને નમસ્કાર કરવામાં આવેલ છે. પદને-ગુણને નમસ્કાર કરવામાં આવ્યો છે. કોઇ વ્યક્તિવિશેષને નમસ્કાર નથી. અને તેથી જ આ મહામંત્રને 'સ્વરૂપમંત્ર' કહેલ છે. માટે જ તે મંત્ર સાંપ્રદાયિક નથી. જીવમાત્રના મૂળ સત્ય સ્વરૂપને કહેનાર શબ્દરૂપ કલ્પવૃક્ષ છે, જે સહુ કોઇને લક્ષ્ય કરવા યોગ્ય છે. એટલું જ નહિ પણ તે જીવ માત્રની માંગ છે-ચાહ છે. પછી તે જીવ ચાહે તે શાબ્દિક ધર્મનો હોય, જાતિનો હોય કે ચાહે તે દેશનો હોય. નમસ્કાર મહામંત્રને જાણતો હોય કે ન જાણતો હોય પણ પ્રત્યેક માનવ જાણે કે અજાણે નમસ્કાર મહામંત્રના ભાવને જ ચાહી રહ્યો છે. ઇચ્છી રહ્યો છે. માંગી રહ્યો છે, પ્રાર્થી રહ્યો છે.

એવો કોણ છે જે વિશ્વની અંદર પોતાથી વિરુદ્ધ યા પ્રતિકૂળ પદાર્થને ચાહતો હોય યા તો સહન કરી શકતો હોય ? જીવ માત્ર અંદરથી પોતાથી વિરુદ્ધ પદાર્થનો વિરોધી છે અને અસહિષ્ણુ છે વિશ્વમાં જ્યાં સુધી પોતાથી વિરોધી તત્વ અથવા પ્રતિકૂળ તત્વ હોય ત્યાં સુધી પોતાની અસિદ્ધિને જ અનુભવતો હોય છે. આ રીતે જીવ માત્ર અભાવમાં જ જીવતો હોય છે. બહારથી પ્રાપ્ત વસ્તુ તો માત્ર ભાંસરૂપ જ હોય છે. એવો કોણ છે કે જે પોતાના ધ્યેયની સિદ્ધિને ઇચ્છતો ન હોય અને અસિદ્ધ રહેવા માંગતો હોય ? આનો આંતરિક લક્ષ્ય અર્થ તો એ થયો કે જીવ

માત્ર અંદરમાં સિદ્ધત્વનું જ વણાટ કરી રહ્યો છે. સર્વ કોઇ સર્વ પ્રકારની સર્વ સિદ્ધિને ઇચ્છે છે-સર્વસિદ્ધિ સિદ્ધ થયાં વગર પ્રાપ્ત થવી શક્ય નથી. વળી સિદ્ધ તે જ હોઇ શકે કે જેનો કોઇ શત્રુ અર્થાત્ અરિ નથી. 'અરિ'થી હણાયેલો 'અરિહંત' છે જ્યારે 'અરિ'ને જેણે હણી નાંખ્યાં છે તે 'અરિહંત' છે. પ્રશ્ન એ થાય કે શત્રુ કોણ? પુદ્ગલદ્રવ્ય જ આત્મદ્રવ્યથી વિરુદ્ધ ગુણધર્મવાળું છે. જે વિરુદ્ધ છે તે દુશ્મન અર્થમાં છે. તે શત્રુ છે. માટે પુદ્ગલ એ શત્રુ છે. અરિ એવાં પુદ્ગલ દ્રવ્યના સંયોગ સંબંધનો અભાવ કરવાનો છે એટલે કે દેહાતીત (અશરીરી) અને કર્માતીત (કર્મરહિત-નિરંજન) થવાનું છે. તે જ મુજબ પુદ્ગલસંગે પોતામાં રહેલ રાગ દ્વેષ આદિ પોતાના જ હોવા છતાં તે વડે પોતાને મલિન-વિકૃત કરી રહ્યો છે તે પણ અરિ રૂપ છે. અને તેને પણ હણી નાંખવાના છે. આવાં આ ઉભયપ્રકારના બહિરંગ (પુદ્ગલદ્રવ્ય) અને અંતરંગ (રાગ-દ્વેષ) અરિઓને જેણે હણી નાંખ્યાં છે તે 'અરિહંત' છે. રાગને કારણે મોહ, માયા, મમતા, લોભની ઉત્પત્તિ છે. અને રાગીને જ્યાં રાગ નથી ત્યાં દ્વેષ છે જેના કારણે માન અને ક્રોધની ઉત્પત્તિ છે. ક્રોધપણ એક સામાન્ય દોષમાંથી પણ સર્વ-દોષની ઉત્પત્તિની શક્યતા છે. આજ અંદરના રાગ-દ્વેષ; ક્રોધ, માન માયા, મમતા, મોહ, લોભને કારણે બહારના બીજા જીવો સાથે અર્થાત્ પરસ્પર શત્રુતા છે. તો બહારના શત્રુઓને હણ્યા વગર તેમને મિત્ર બનાવવા હોય અને અજાતશત્રુ અર્થાત સર્વ-મિત્ર થવું હોય તો અંતરના અંતરંગ શત્રુઓને હણવા પડે અને 'અરિહંત' બનવું પડે જે બનવાની ઇચ્છા એવો કોણ છે જે ન રાખતો હોય, સહુને-સહુ કોઇ પોતાના મિત્ર બની રહે તે પસંદ છે અને નહિ કે શત્રુ.

જગતનુ એવું સ્વરૂપ નથી કે જીવ સંખ્યા માત્ર એક છે. જીવની જાતના બે વિભાગ સંસારી અને સિદ્ધ ઉભયમાં જીવની સંખ્યા અનંત છે. સંસારી જીવને બીજા સંસારી જીવોની સાથે અને જીવોની વચ્ચે રહેવું પડે અને જીવન જીવવું પડે એવો વિશ્વનો અટલ નિયમ છે. તેથી જ પરસ્પર એકબીજાના જીવનનો આધાર થઇને અને આધાર લઇને જીવવું પડે એવો અકાટય નિયમ છે. આ નિયમથી જીવનું જીવ પ્રત્યેનું આચરણ અને વર્તન સિદ્ધ થાય છે. 'परस्पर उपग्रहो जीवानाम' આચરણ અને વર્તન બે પ્રકારના હોઇ શકે છે. સદ્વર્તન-સદાચાર અને અસદ્વર્તન-દુરાચાર પરસ્પર સદ્વર્તન વડે જ જીવ, જીવની સાથે સત્ય અને પ્રામાણિક જીવન જીવી શકે છે કે જે તેને પોતાના પરમ સ્વરૂપ સુધી લઇ જાય છે-પરમ સ્વરૂપ સુધી પહોંચાડે છે. એ જ 'અરિહંત' અને સિદ્ધ' શબ્દનો વાસ્તવિક અર્થ છે. એ કોઇનો શત્રુ રહેતો નથી અને અસિદ્ધિનો પછી પ્રશ્ન રહેતો નથી. એક વ્યક્તિને સો મિત્ર હશે અને એક શત્રુ હશે તો તે એક શત્રુ ચોવિસે કલાક યાદ આવશે પણ મિત્ર યાદ નહિ આવે એક વ્યક્તિને સો સંયોગ અનુકૂળ હશે અને એક સંયોગ પ્રતિકૂળ હશે તો તે પ્રતિકૂળ સંયોગ નિત્ય સ્મરણરૂપ બની રહેશે અંદર ઉંડાણમાં સૂક્ષ્મ રીતે અવગાહન કરીશું તો આપણને ખાત્રી થશે કે 'અરિહંત' અને 'સિદ્ધ' શબ્દના અર્થની જ માંગ આપણા સહુ કોઇની છે. આમ જેણે 'સિદ્ધ બનવું' હશે એણે અરિહંત થવું પડશે અને તે માટે જીવ માત્ર પ્રત્યે સદ્વર્તન કરવા રૂપ સદાચારી બનવું પડશે. દયા, દાન, સેવા, પ્રેમ કરુણા, મૈત્રિ, માધ્યસ્થતા, ક્ષમા ઉપેક્ષા, પ્રમોદ (ગુણાનુ-રાગ) આદિ ગુણો કેળવવાં પડશે. અનાચાર, દુરાચારથી દૂર થવું જોઇશે. એ માટે આચાર-અનાચાર, સદાચાર-દુરાચારનો વિવેક કરવો પડશે. એ વિવેક કરવા માટે અજ્ઞાન હઠાવવું પડશે અને જ્ઞાન મેળવવું જોઇશે, તે માટે કરીને વિનયી બની નમ્રતાપૂર્વક ઉપાધ્યાય-અધ્યાપક [વિદ્યાગુરૂ-શિક્ષક] પાસે જઇ અધ્યયન કરવું પડશે. અધ્યયન માટે સાધના કરવી પડશે. બાધક મટી સાધક થવું પડશે. દુર્જન-દુષ્ટ મટી સજ્જન-સાધુ થવું પડશે અને અન્ય સાધકની સંગતમાં-સત્સંગમાં સહન કરતાં શીખીને તેમજ સહાયક બનીને અને સહાય લઇને સાધનાપથે આગળ વધવું પડશે. એ માટે જ...

"णमो लोएसव्व साहुणं" પદથી સાધુ માત્રને અર્થાત સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર કરેલ છે. અને તેથી જ પોતાના જીવનમાં સાધુરૂપ સાધક અવસ્થાની આવશ્યકતા એકાંતે ઊભી થાય છે. પરમાત્માની દ્રવ્યપૂજા ઔચિત્ય સહિત, નમ્રતાથી, વિનયપૂર્વક કરવાની છે. ત્યારબાદ જ્ઞાન અને પ્રકાશ વડે ભાવપૂજા કરતાં મન અને બુદ્ધિ ભાવપૂજામાં પરમાત્માના ચરણે ધરી દેવાના છે. જે મન અને બુદ્ધિ પરમાત્માને અર્થાત અરૂપી તત્વને ધર્યાં તેને પાછા રૂપી એવાં પર પદાર્થ, વિરૂદ્ધ ધર્મી એવાં પુદ્ગલદ્રવ્ય એટલે કે શરીર, ઇન્દ્રિય આદિને ન ધરાય. સાધુ ભગવંતો તો સદા સર્વદા સતત ભાવપૂજામાં રત હોય છે. સાધુ ભગવંતો પોતાના મન અને બુદ્ધિ પરમાત્માને ધરી ચૂક્યા હોય છે. જેથી તેમના શરીર, ઇન્દ્રિયાદિ પણ મન-બુદ્ધિને આધીન રહી સતત્ ભાવ પરમાત્મપૂજામાં રત રહે છે અને દુન્યવી તત્વોથી અલિપ્ત રહે છે. આમ સાધુ ભગવંતો સમગ્રપણે પરમાત્મમય હોય તેઓને પંચ પરમેષ્ઠિ નવકારમંત્રમાં. **'णमो लोएसव्वसाहुणं"** પદથી નમસ્કાર કરવામાં આવેલ છે સાધુ ભગવંતનું સ્થાન પંચ પમમેષ્ઠિના પાંચમાં પદમાં છે. તેજ પ્રમાણે આગળ ઉપર.

'णमो उवज्झायाणं" પદથી સર્વ ઉપાધ્યાય ભગવંતોને;
'णमो आयरियाणं" પદથી સર્વ આચાર્ય ભગવંતોને,
'णमो सिद्धाणं" પદથી સર્વ સિદ્ધ પરમાત્મ ભગવંતોને, અને
'णमो अरिहंताणं"પદથી સર્વ અરિહંત પરમાત્મ ભગવંતોને 'નમસ્કાર કરવામાં' આવેલ છે.

આ પાંચે પદો અંતઃકરણમાં ભાવરૂપ છે. અંત : = આંતરિક-Internal, અંદરમાં આપણા મતિજ્ઞાનના ઉપયોગરૂપ સાધન (કરણ) જે આપણાથી અભેદ છે તે અંતઃકરણ છે. અંતઃકરણ એટલે કરણના ભેદોમાં અંતિમ કરણ-અંતિમ સાધન. જેનાથી આગળ સાધન અર્થમાં કોઇ કરણ નથી. તેની પૂર્વમાં અને સાથે ઉપકરણ અને કરણ છે જે અંતઃકરણની શુદ્ધિ માટે સહાયક અને પુરક સાધન છે. જીવનું પરમાર્થ સ્વરૂપ સિદ્ધ થયેથી સર્વ સાધનોથી પર થઇ જાય છે. એ અપેક્ષાએ સર્વ સાધનનો અંત કરનાર જે કરણ છે તે અંતઃકરણ છે. અરિહંત અને સિદ્ધ પરમાત્મામાં પરમાત્મ તત્વની પૂર્ણતા વડે તેઓ સાધનાથી પર છે. એ અર્થમાં અંતઃકરણનો આ રહસ્યમય અર્થ છે.

આ પાંચ સહુ કોઇને પરમ ઇષ્ટ છે તેથી તે પાંચને પંચ પરમેષ્ઠિ તરીકે ઓળખાવેલ છે. સ્વરૂપમંત્ર-નમસ્કારમંત્ર-નવકાર-મંત્ર દ્વારા તે પંચ પરમેષ્ઠિનું સ્મરણ કરતાં કરતાં 'અરિહંત' માંથી 'અરિહંત' બનવાનું છે; 'અસિદ્ધ'માંથી 'સિદ્ધ' થવાનું છે, જે માટે દુર્જન મટી સજ્જન અને દુષ્ટ મટી સાધુ બનવાનું છે. અભણ- અણઝ- ગમાર- અજ્ઞાની અજ્ઞાન

મટી જઇ સજ્ઞાન-સચેત-જ્ઞાની પાઠક-ઉપાધ્યાય થવાનું છે. અને આગળ ઉપર પંચાચાર પાલન કરનાર આચાર યુકત આચાર્ય એવાં સર્વોચ્ચ સાધક બનવાનું છે. જ્ઞાનાચાર દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારના પાલનને પંચાચાર પાલન કહે છે.

અજ્ઞાની છીએ એટલે જ દુરાચારી-અનાચારી છીએ, અને તેથી જ દુષ્ટ-દુર્જન છીએ. દુર્જન છીએ તેથી દુશ્મનો છે માટે અરિહંત છીએ. અને અમાઉ જણાવ્યા મુજબ અરિહંત હોય તે અસિદ્ધ જ હોય! 'અરિહન્ત' એ સત્ય સ્વરૂપનામ છે. 'અરિહંત' એ અસત્ય અને વિરૂપ નામ છે. જીવના આંતરિક સાચા નામ પાંચ છે.

(૧) અરિહન્ત (૨) સિધ્ધ (૩) આચાર્ય (૪) ઉપાધ્યાય અને (૫) સાધુ. પ્રથમ બે નામ સાધ્ય અવસ્થાના છે. અને પછીના ત્રણ નામ સાધક અવસ્થાના છે. આ નામથી તેઓને નમસ્કાર કરવાથી અને તે મુજબ બનવાથી ને જીવન જીવવાથી અરિહન્ત અને સિદ્ધ સ્વયં બની શકાય છે.

જગતમાં આધ્યાત્મ શાસ્ત્ર સમજાવનારા મહાન છે. એટલે જ પંચપરમેષ્ઠિમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને સ્થાન મળેલ છે. તેઓ ઉચ્ચતમ એવાં પરમાત્મા સાથે સંબંધ કરી ઊંચું ચારિત્રયુકત જીવન જીવનારા છે. ઉચ્ચતમ એવાં પરમાત્મા સાથે સંબંધ કરી તેવું ઊંચું જીવન જીવે તેનું જીવન ઊંચું હોય. પરમાત્મા સાથે યથાપ્રમાણ સંબંધ, અનુભવન કર્યા પછી પદવી ઉપર અવાય. પરમાત્મા કે પરમાત્મતત્વ સાથે સંબંધ કર્યા વિના સદ્વિચાર, સદ્વર્તન, સત્યજ્ઞાન આવતું નથી. પરમાત્મતત્વ સાથે સંબંધ બાંધીને જગત સમક્ષ આવનાર જ લોકોનો પરમાત્મા સાથે સંબંધ કરાવવાની જગત સુધારવા શકિતમાન બને છે પરમાત્મતત્ત્વ નિર્મોહી-વીતરાગ દેહાતીત તત્વ છે અને તેથી જો આત્મા એવા વીતરાગ પરમાત્મતત્વ સાથે પોતાના મતિજ્ઞાનના ઉપયોગથી ભળે તો આત્મા સ્વયં પરમાત્મા-સિદ્ધાત્મા બની શકે છે

પરમાત્મ તત્વ એ સર્વ ગુણની ખાણ છે. એ તત્ત્વને જેટલું ઢઢોળીએ અને જેટલું વટીએ તેટલાં તેટલાં આત્માના ગુણ ખીલતા જાય. સર્વ સત્યનુ સત્ય, સર્વના સર્વ, સર્વ સુખના સુખરૂપ, સર્વ સતમાં સત્સ્વરૂપ બ્રહ્માંડમાં કોઇ હોય તો તે અરિહંત પરમાત્મા અને સિદ્ધ પરમાત્મા છે. આમ સમગ્ર વિશ્વમાં સર્વેસર્વા કોણ હોય તો તે સર્વેશ્વરા એવા અરિહંતેશ્વરા, સિદ્ધેશ્વરા જ છે

પરમાત્મા કેવલજ્ઞાનના ઉપયોગથી વિશ્વમૂર્તિ છે (કેમકે કેવલજ્ઞાનમાં સમગ્ર વિશ્વ પ્રતિબિમ્બિત થાય છે.) તો આખા વિશ્વને પરમાત્માની મૂર્તિમાં જોતાં શીખવું જોઇએ પરમાત્મા બનવા અહં ટાળવું જોઇએ. જે પરમાત્મા પ્રત્યે દાસત્વભાવના સ્વીકારવાથી ટળે છે અહં ટાળવાથી અહં એટલે કે ત્રિલોકપૂજ્ય બનાય છે.

નવકારમંત્રમાં રહેલ પંચપરમેષ્ઠિ ભગવત વિશ્વના સર્વ સાત્વિક ભાવના સમૂહરૂપ છે. અરિહંત સિદ્ધ પરમાત્માનું કેવલજ્ઞાન મહાસાગરરૂપ છે. જ્યારે આચાર્યો, ઉપાધ્યાયો, સાધુ-ભગવંતો અધ્યવસાય સ્થાનકરૂપી શ્રુતનદીઓ છે શ્રુતજ્ઞાન સરિતા છે જે મહાસાગરમાંથી નીકળે છે અને મહાસાગરમાં ભળે છે. સુંદર સુંદર ભાવો અધ્યવસાયરૂપ નદીઓ છે.

અરિહંત – સિદ્ધ પદ એ નિર્વિકલ્પ દશા, નિર્વિકલ્પ બોધ છે. જે નિરપેક્ષી શુદ્ધસ્વરૂપ સહજાવસ્થા છે. સકલ્પ – વિકલ્પ રહિત એવી નિર્વિકલ્પ, સહજાત્મ સ્વરૂપ આનંદાવસ્થા એટલે અરિહંત અને સિદ્ધની અવસ્થા, એ સાધકનું સાધ્ય છે, ધ્યેય છે, સાધ્યની અવસ્થા છે, સાધ્યનું સ્વરૂપ છે. જ્યારે આચાર્ય – ઉપાધ્યાય – સાધુપદ એ સાધ્યના લક્ષ્યે સાધકની સાધકાવસ્થા છે સાધ્યના સ્વરૂપને સાધનામાં ઉતારી તે મુજબ જીવવું તે જ સાધકની સાધના છે. માટે જ જેટલું નિર્વિકલ્પદશામાં અર્થાત્ સ્વભાવ દશામાં જીવી શકાય તેટલું તેટલું નિશ્ચયથી સાધુપણું છે. બાહ્ય ચારિત્ર પાલનનો આ જ મહત્વનો ભેદ ભવિ અને અભવિ વચ્ચે છે.

પંચપરમેષ્ઠિનું સ્વરૂપ એ પ્રત્યેક જીવનું સ્વ સ્વરૂપ છે એટલે કે સ્વ ગુણપર્યાય છે. જ્યારે પંચપરમેષ્ઠિ વ્યકિત એ સજાતિય પર દ્રવ્ય છે. પંચપરમેષ્ઠિનો શબ્દાર્થ એ જ જગતમાં સત્યજીવન છે. વિરોધી પદાર્થના સયોગનો નાશ કરવો અથવા પુદ્ગલથી સર્વથા જુદાં પડવું તેનું જ નામ 'અરિહન્ત' અને ફરી પાછા પુદ્ગલસંગી (દેહરૂપી પુદ્ગલાવરણને ન ધારણ કરવા) ન બનવું તેનું નામ 'સિદ્ધ' સિદ્ધ જ સાચા દિગંબર છે કેમકે એમને દેહાંબર પણ નથી.

અંતિમ સિદ્ધને કાર્યસિદ્ધિ કહેવાય. સિદ્ધ પરમાત્માને સિદ્ધ એટલા માટે કહેલ છે કે ત્યાં આત્યંતિક એવી અંતિમ સિદ્ધિ છે. જે થયા પછી કાંઇ થવાપણું, કરવાપણું, કે બનવાપણું આગળ રહેતું જ નથી સિદ્ધાવસ્થામાં જતન [જાળવણી-સાચવણી રક્ષણ] પતન [વિકૃતિ-અવનતિ]; કે ઉત્થાન [સંસ્કૃતિ-ઉત્કર્ષ-ઉન્નતિ] હોતા નથી. જતનમાં પરાધીનતા છે; વિકૃતિમાં-પતનમાં મલિનતા છે; અને સંસ્કૃતિ-ઉત્થાનમાં ઉણપ-અભાવ અપૂર્ણતા છે. આત્માનું સિધ્ધને કશુંય હોતું નથી.

'અરિહંત' અને 'સિધ્ધ' પદ સાથે આપણું સ્વરૂપ ઐકય છે, તેમજ જાતિ ઐકય છે. જાતિથી અરિહંત, સિધ્ધ અને આપણે સહુ જીવ જાતિના-ચૈતન્ય જાતિના છીએ. પુદ્ગલ જડ જાતિનુ છે. તેમ આપણે ચૈતન્ય જાતિના છીએ. વળી સ્વરૂપથી આપણે પરમાત્મ સ્વરૂપી છીએ. અરિહંત અને સિદ્ધ અવસ્થાને પામેલ વ્યકિતનું પરમાત્મસ્વરૂપ પ્રગટ છે. જ્યારે આપણું પરમાત્મ સ્વરૂપ સત્તામાં છે પણ વેદનામાં નથી. જે આપણે આવરણ હઠાવી, કર્મના પડળો દૂર કરી પ્રગટાવવાનું છે. અનુભવન વેદનામાં લાવવાનું છે તે માટે અરિહંત અને સિદ્ધ પદને, નમસ્કાર કરીને આપણે પણ તે સ્વરૂપે પરિણમવાનું છે. તદુપરાંત થવાનું છે.

પંચપરમેષ્ઠિ ભગવંતોને આનંદ સ્વયંના આત્મામાં છે. તેઓ સ્વરૂપ નિષ્ઠાવંત છે. તેથી તેઓનો પ્રેમ સમસ્ત વિશ્વ ઉપર, જીવ-અજીવ સચરાચર સમગ્ર બ્રહ્માંડ ઉપર છે. તેઓનો પ્રેમ અસીમ છે. તેઓ જ્ઞાની છે. અને તેથી સ્વરૂપને વેદે છે. જ્યારે આપણા વેદનનો આધાર અજ્ઞાનવશ આપણે પર પદાર્થનો બનાવ્યો છે. પર પદાર્થ નૈમિત્તિક આપણે વેદન કરીએ છીએ. તેથી પરપદાર્થમાંથી વેદન મળે છે એવું માનીએ છીએ. અને તેમાં સમજીએ છીએ જેથી પર પદાર્થને આપણે સર્વસ્વ સમજીએ છીએ. પરિણામે તે પર પદાર્થ પૂરતો જ આપણા પ્રેમને સીમિત, સાંકડો અને રાંકડો બનાવીએ છીએ. એટલે જ આનંદ સ્વરૂપી એવાં આપણે દુઃખી થઇએ છીએ. આનું કારણ આત્માનું અર્થાત્ સ્વ સ્વરૂપનું અજ્ઞાન છે. પોતાના આત્માના સાચા શુદ્ધ સ્વરૂપથી આત્મા અજ્ઞાન છે. તેથી બેભાન બની બેફામ બની ભમે છે. ચારે ગતિમાં ફંગોળાયા કરે છે. આ અજ્ઞાનને કારણે

આત્મા દોષનું સેવન કરે છે. તેથી પાપ બંધાય છે અને પરિણામે દુઃખી થાય છે.

ભૌતિક ભોગના સાધનો કરતાં ભોકતા એવા જીવની કિંમત વધારે છે. જીવ કરતાં સાપેક્ષ સત્યની કિંમત વધારે છે. અને સાપેક્ષ સત્ય કરતાં નિરપેક્ષ પરમ સત્ય એવાં પરમાત્મ તત્વની કિંમત વધારે છે પરમાત્મ તત્વની એના નામ સ્વરૂપમાં એમ ચારેય સ્વરૂપમાં રક્ષા કરતાં ભૌતિક દુન્યવી સાધનો, જીવ સ્વયંનો અને સાપેક્ષ સત્યનો ભોગ આપવાની તૈયારી રાખવી જોઇએ.

"પરમ પંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવંત;
ચાર નિક્ષેપે ધ્યાઇએ, નમો નમો શ્રી જિનભાણ."

ચારે નિક્ષેપાથી ભગવાનને ભજવાં એટલે મતિજ્ઞાનમાં તેની વિસ્મૃતિ ન થાય અને સ્મૃતિ કાયમ બની રહે. એ ચારે ભેદ નીચે પ્રમાણે છે. નામ નિક્ષેપાથી નામસ્મરણ, સ્થાપના નિક્ષેપાથી દર્શનસ્મરણ, દ્રવ્ય નિક્ષેપાથી પરમાત્મ જીવન, કર્માશ્રવણ, સ્મરણ અને ભાવ નિક્ષેપાથી કર્મક્ષય (આઠ કર્મોના નાશ)થી પ્રગટ થયેલ શુદ્ધ સ્વરૂપ સ્મરણ.

પરમાત્મ તત્વ નિરાલંબન, સ્વાધીન, અનૈમિત્તિક અને નિરપેક્ષ એવું પૂર્ણ તત્વ છે. જેમ સો (૧૦૦)ની સંખ્યામાં નવ્વાણું (૯૯)ની સંખ્યા સમાય પણ ૯૯માં ૧૦૦ નહિ સમાય તેમ પૂર્ણ તત્વમાં અપૂર્ણ તત્વ સમાય પણ અપૂર્ણ તત્વમાં પૂર્ણ તત્વ નહિ સમાય.

બાહ્યદૃશ્યની જે જે સુંદરતા છે તેના ઉપાદાન અને નિમિત્ત કારણમાં જીવ ભાવ છે. જે જીવ ભાવમાં શ્રેષ્ઠ ભાવ પંચ-પરિમેષ્ઠિ પાસે છે. માટે એમના સિવાય પ્રધાન શ્રેષ્ઠતા અન્યમાં નથી. પૂર્ણ સ્વભાવમાંથી કયા પ્રભાવો નહિ નીકળે?

આપણે અમાઉ જોયું તે મુજબ પંચ પરમેષ્ઠિમાં અરિહંત અને સિદ્ધ એ બે વીતરાગ સ્વરૂપ સાધ્યપદ છે. જ્યારે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણ વૈરાગી સાધકપદ છે. અરિહંત અને સિદ્ધને સાધ્યપદ કહ્યાં પરંતુ વાસ્તવિક તે ઉભય ધ્યેયપદ, લક્ષ્યપદ છે. સૂક્ષ્મ રીતે વિચારીએ તો સમભિરુઢનય પ્રમાણે શબ્દ ફરતાં અર્થ ફરે તે મુજબ સાધ્ય અને લક્ષ્ય શબ્દમાં ભેદ છે. લક્ષ્ય અરિહંત અને સિદ્ધ બનવાનું છે અને સાધ્ય વીતરાગતાની પ્રાપ્તિ છે, વીતરાગતાની સાધના છે. અને વીતરાગતાની ફળપ્રાપ્તિ રૂપ અરિહંત-સિદ્ધ-પદની પ્રાપ્તિ છે. તેથીજ જ્ઞાનવિમલસૂરિશ્વરજીએ ગાયું છે કે

'વીતરાગ ભાવ ન આવહી જ્યાં લગી મુજને ટેવ;
ત્યાં લગે તુમ પદ કમલની સેવના રહેજો ટેવ;
મનમાં આવજો રે નાથ હું થયો આજ સનાથ.'

તેમાંય અરિહંતને નવકારમંત્રમાં પ્રથમ સ્થાન આપેલ છે. કારણ કે અરિહંત એ સદેહી-સયોગી-સાકાર અને અષ્ટપ્રાતિહાર્યો તથા અતિશયોના પ્રભાવયુકત પરમાત્મ સ્વરૂપ છે. જેથી કરીને અરિહંત સાથે વ્યવહાર શકય છે. વળી પ્રભાવયુકત પ્રભાવશાળી હોવાથી સહુ કોઇ સહજ જ આકર્ષાય છે. આપણે સહુ દેહધારી છીએ. દેહધારીને દેહના માધ્યમથી વ્યવહાર છે. સિદ્ધ પરમાત્મા અશરીરી-અદેહી હોઇ, દેહનું માધ્યમ નથી. તેથી તેઓની સાથે વ્યવહાર શકય નથી એટલે અરિહંત ભગવંતની જેમ તેઓ વ્યવહાર ઉપકાર નિમિત બની શકતા નથી. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજીએ તેથી જ ગાયું છે કે.....

'સત્તા શુદ્ધ અરૂપી તેરી નહિ જગકો વ્યવહાર;
કા કહીએ કછુ કહ્યો ન જાએ તું પ્રભુ અલખ અપાર.'

અરિહંત ભગવંતો, અરિહંત પરમાત્મા બન્યા બાદ દેહ હોવાના કારણે દેહ હોય ત્યાં સુધી દેહના માધ્યમથી નિર્વાણ થતાં સુધીના શેષ આયુષ્યકાળ દરમિયાન લોકસંપર્કમાં હોવાથી લોકો ઉપર દેશના આદિ દ્વારા ખૂબ ખૂબ ઉપકાર કરે છે. જ્યારે અરિહંત ભગવંતનું નિર્વાણ થતાં તેઓ સિદ્ધ બને છે. અદેહી થાય છે. પછી તેમની સાથે વ્યવહાર શકય નથી. છતાં ય તેઓ સિદ્ધપદેથી ધ્રુવતારક બની આપણને સિદ્ધ બનવામાં પ્રેરણારૂપ રહે છે.

આ નમસ્કાર મહામંત્ર સંબંધી વળી એક શાસ્ત્રીય પાઠ છે કે...

'નવકાર ૪ક અક્ખર પાવ ફેડેઇ સત્ત અયરાઇ...'

સાત સાગરોપમ સુધી નર્કની અશાતા વેદનીય વેદીને જે કર્મનિર્જરા થાય તેટલી કર્મનિર્જરા નવકારમંત્રના એક અક્ષરના ઉચ્ચાર માત્રથી થાય છે. તો હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે અરિહંત-સિદ્ધ અને આચાર્ય-ઉપાધ્યાય-સાધુમાં ભેદ હોવા છતાં પાંચે પદનું ફળ એકસરખું કેવી રીતે હોઇ શકે? પદ-ભેદ જે છે તે અવસ્થા અને વ્યવસ્થાના ભેદો છે. અરિહંત સયોગી-સદેહી વીતરાગ પરમાત્મા છે. સિદ્ધ અશરીરી અદેહી વીતરાગ પરમાત્મા છે. જ્યારે આચાર્ય જ્ઞાનધૂરા ધારક સર્વોચ્ચ વૈરાગી સાધક છે, ઉપાધ્યાય પઠન પાઠન કરાવનાર વૈરાગી સાધક છે અને સાધુ સ્વયં સાધના કરનારા, સાધના કરનાર અન્યને સહાયક બનારા તેમજ સાધનાનો આદર્શ આપનારા વૈરાગી સાધક છે. આ બધાં અવસ્થા અને વ્યવસ્થાના ભેદ છે. પરંતુ ફળપ્રાપ્તિની દૃષ્ટિએ પાંચે પદથી સરખું ફળ મળી શકે છે. અરિહંત અને સિદ્ધના શરણથી અને હાજરી-નિશ્રામાં જ કેવલજ્ઞાન થાય અને આચાર્ય-ઉપાધ્યાય-સાધુના શરણથી અને તેમની નિશ્રામાં કેવલજ્ઞાન-મોક્ષપ્રાપ્તિ ન થાય એવું નથી. પાંચેય પદના શરણથી અને અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય, સાધુની નિશ્રામાં અથવા તો માત્ર શરણથી કેવલજ્ઞાન, મોક્ષપ્રાપ્તિનું કે પછી તેની પૂર્વભૂમિકામાં પુણ્યાનુબંધી પુણ્ય, સમકિત દેશવિરતિ અને સર્વવિરતિની પ્રાપ્તિનું ફળ મળી શકે છે. ફળપ્રાપ્તિ અંગે પાંચે પદ સરખું ફળ આપવા સમર્થ છે. આ અંગે મૃગાવતી સાધ્વી અને ચંદનબાળા સાધ્વીજી, અણિકાપુત્ર આચાર્ય અને પુષ્પચૂલા સાધ્વીજી, ચંડરુદ્રાચાર્ય અને તેમના વિનયી શિષ્ય, ગૌતમસ્વામીજી અને પંદરસો તાપસના શાસ્ત્રીય દૃષ્ટાંત આપણી પાસે મોજુદ છે. તેથી જ તો ગાયું છે કે...

'ગુરુ રહ્યાં છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન...'

હવે આપણે 'અરિહન્ત' શબ્દ વિષે થોડી વિસ્તૃત છણાવટ કરીશું.

અરિહન્તપણું એટલે અરિરૂપી દોષ જે જીવના ખરાં શત્રુ છે. તેને હણવાની-દુર કરવાની ક્રિયા, એ જીવની સાધના છે. જ્યારે 'અરિહંત'ને 'અરહન્' (અરહન) તરીકે પણ ઓળખવામાં આવે છે. મહાદેવ વીતરાગ સ્તોત્રમાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય ભગવંતે 'અરહન્' શબ્દની વિસ્તૃત સમજ તેના ચાર અક્ષર 'અ' 'ર' 'હ' અને 'ન્' ઉપર એક એક શ્લોકની રચના કરીને આપી છે.

અરહન્ શબ્દના પ્રથમ 'અ' અક્ષર ઉપર નીચે પ્રમાણેનો શ્લોક છે.

'અકાર આદિ ધર્મસ્ય આદિ મોક્ષ પ્રદેશકઃ ।
સ્વરૂપે પરમમ્ જ્ઞાનમ્ અકારસ્તેન ઉચ્યતે ॥'

'અ'નો લક્ષ્ય અર્થ અક્ષર, 'અક્ષર' એટલે કે જેનો 'ક્ષર'

અર્થાત્ વિનાશ નથી તે 'અવિનાશી.' અથવા તે અક્ષર એટલે શ્રુતજ્ઞાનનું મૂળ.

ભગવાને આપેલ દ્વાદશાંગીનું મૂળ શું ? સ્વર અને વ્યંજનરૂપ વર્ણ એ દ્વાદશાંગીનું મૂળ છે. એટલે કે.....

અક્ષરનો સમૂહ શબ્દ બને છે. કર્તા અને ક્રિયાપદપૂર્વક શબ્દનો સમૂહથી સૂત્ર બને છે. સૂત્રનો સમૂહ અધ્યયન બને છે. અધ્યયનનો સમૂહ આગમ બને છે. અને આગમનો સમૂહ તે દ્વાદશાંગી. આમ દ્વાદશાંગીનું મૂળ અક્ષર છે.

જેમ કેવલજ્ઞાની સ્વયં અક્ષર છે તેમ કેવલજ્ઞાનીના વદન-કમલમાંથી મળેલ દ્વાદશાંગી પ્રમાણ શ્રુતજ્ઞાનનું મૂળ સ્વર અને વ્યંજન રૂપ જે વર્ણ છે તેને પણ અક્ષર કહેવાય છે. એટલે કે અક્ષર એવાં કેવલજ્ઞાનનાં મૂળ રૂપ પણ અક્ષર અને અક્ષરનું ફળ. પણ અક્ષર એવું કેવલજ્ઞાન.

જેમ કેવલજ્ઞાન નિર્વિકલ્પક છે તેમ કોઇ પણ સ્વર અને વ્યંજન રૂપ એક વર્ણોક્ષરના ચિંતવન કે ઉચ્ચારથી કોઇ પણ વિકલ્પ સિદ્ધ થતો નથી. એથી કરી અક્ષર માત્રના ઉચ્ચારથી પદાર્થ સંબંધી કોઇ પણ ભાવ થઇ શકતા ન હોવાથી માત્ર અક્ષરનું ચિંતવન નિર્વિકલ્પકતા છે.

આમ 'અ' એ આદિ છે, મૂળ છે. કેવલજ્ઞાનનું બીજ છે. માટે 'કેવલજ્ઞાન' છે.

બીજો શ્લોક 'ર' અક્ષર ઉપર નીચે પ્રમાણે છે.

રૂપિ દ્રવ્યમ્ સ્વરૂપમ્ વા દ્રષ્ટવા જ્ઞાનેન ચક્ષુષા ।
દ્રષ્ટં લોકમ્ લોકમ્ યા રકારસ્તેન ઉચ્યતે ॥

'ર'નો લક્ષ્ય અર્થ રૂપીથી રૂપીનું અને અરૂપીથી રૂપી ને અરૂપી ઉભયનું દર્શન છે અથવા તો લોકાલોક જોનારું 'કેવલ દર્શન' છે.

ત્રીજા શ્લોકમાં 'હ' અક્ષર ઉપરની સમજુતી આ પ્રમાણે આપી છે કે...

હતા : રાગાશ્ચદ્વેષાશ્ચ હતા : મોહ પરિષહા : ।
હતાની યેન કર્માણિ હકારસ્તેન ઉચ્યતે ॥

'હ' નો લક્ષ્ય અર્થ રાગદ્વેષાદિ દ્વૈષરૂપી શત્રુને હણવાની ક્રિયા જે ચારિત્ર છે. અથવા તો અધ્યાત્મભાવ, સંસારભાવ, દ્વૈતભાવ કાઢી નાખવાથી પ્રગટ થયેલ ચારિત્ર છે.

છેવટનો ચોથો 'ન' અક્ષર ઉપરનો શ્લોક નીચે મુજબ છે.

સંતોષેણામિ સંપૂર્ણો પ્રાતિહાર્યાષ્ટકેન ચ ।
જ્ઞાત્વા પુણ્યમ્ ચ પાપમ્ ચ નકારસ્તેન ઉચ્યતે ॥

'ન્' નો લક્ષ્ય અર્થ નિષેધ છે. પરનો નિષેધ અને સ્વનો અનુરોધ. એટલે કે ઇચ્છાનિરોધ અર્થાત્ તલપ (ઇચ્છા-તલસાટ) ઉપર તપ ક્રિયા દ્વારા વિજય અને અંતે પૂર્ણકામ તૃપ્તદશા જે તપ છે.

સંસારમાં રાગી આત્માને કામી કહેવાય છે જે બાધક ભાવ છે. વૈરાગી આત્માને નિષ્કામ કહેવાય છે જે સાધકભાવ છે. અને વીતરાગને પૂર્ણકામ કહેવાય છે જે સિદ્ધિ છે.

નકારાત્મકવૃત્તિ જે શુભાશુભ પુણ્યપાપના ઉદયને અસદ્ (નાશવંત) ગણવારૂપ વૃત્તિ છે તે તપ છે. અને તેમાંથી ઉદ્ભવતી તૃપ્તિ છે તે નિરાલંબભાવ છે. જે નિર્વિકલ્પ ભાવ છે.

એટલે કે પોતાના આત્માના પ્રદેશથી અભેદ એવાં ચાર ઘનઘાતિકર્મ, આઠકારક શરીર અને આકાના ક્ષત્રભૂતા સર્વ બાહ્ય પદાર્થોના એકસરખા જ્ઞાતા દ્રષ્ટા છે. અર્થાત્ તેમાં કોઇ રાગ-દ્વેષ, હેતુ, કે પ્રયોજન છે નહિ તે તેમનો પૂર્ણ જ્ઞાતાદ્રષ્ટા ભાવ છે.

આ પ્રમાણે 'અરહન્' શબ્દનું અદ્‌ભૂત આયોજન રહસ્ય કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય ભગવંતે મહાદેવ વીતરાગ સ્તોત્ર દ્વારા સમજાવ્યું છે કે 'અરહન્' શબ્દમાં 'જ્ઞાન', 'દર્શન', 'ચારિત્ર' અને 'તપ' સંકલિત થયેલ છે કે જે પાછા આત્માના સ્વરૂપગુણ છે

અરિહંત અર્થાત્ અરહન્ ત્રૈલોક્ય પૂજ્ય હોવાથી 'અર્હં' તરીકે પણ ઓળખાય છે. સંસ્કૃત ભાષામાં 'અરહ' ધાતુનો અર્થ પૂજવાને યોગ્ય છે. આ 'અર્હં' શબ્દનું આયોજન પણ ખૂબ સુંદર અને રહસ્યમય છે. 'અર્હં' શબ્દમાં 'રામ (આત્મા)' શબ્દનો સમાવેશ થઇ જવા ઉપરાંત વધારામાં 'હ' અક્ષર જોડાયેલ છે જે મહાપ્રાણ Aspirate છે જે હૃદયમાંથી ઊઠે છે (ઉચ્ચારાય છે) વળી તે સ્વર અને વ્યંજનનો સત્તાધીશ છે. ઉપરાંત 'અ' જેમ બારાખડી-વર્ણમાળાનો આદ્યાક્ષર છે તેમ 'હ' એ અંત્યાક્ષર છે. આમ આદ્યંતાભ્યામ્ ન્યાયે આદિ અને અંતે આવી ગયા હોય એટલે સર્વ મધ્યના અક્ષરો એમાં સમન્વિત થઇ ગયા છે એમ કહેવાય. એટલે જ ઋષિમંડલ-સ્તોત્રનો શ્લોક છે કે...

'આદ્યંતાક્ષર સંલક્ષ્ય-મક્ષરવ્યાપ્ય યત્સ્થિતમ્ ;
અગ્નિ જ્વાલાસમં નાદ, બિંદુ રેખા સમન્વિતમ'

એટલું જ નહિ પણ 'ય' જેમ વાયુતત્ત્વ છે, 'વ' જેમ જલતત્ત્વ છે, 'લ' જેમ પૃથ્વીતત્ત્વ છે, તેમ 'હ' એ આકાશ-તત્ત્વ છે અને 'ર' એ અગ્નિ તત્ત્વ છે.

'અ' અને 'હ'ની વચ્ચે 'ર' અક્ષર જે અગ્નિ તત્ત્વ છે તેને ગોઠવવાથી; 'અ' અને 'હ' અક્ષરના માથે 'મ' ચઢી જે 'અર્હં' શબ્દ બન્યો છે તે 'અર્હં'ને ભસ્મીભૂત (બાળી નાખવાના) કરવાના સૂચનરૂપ છે. આવી રહસ્યમય 'અર્હં' શબ્દની પણ શબ્દ વ્યુત્પત્તિ છે.

જગતમાં કોઇ ન હણાતું હોય તો તે અરહન છે. અર્હં સત્‌તત્ત્વ છે. અસત્ તત્ત્વ હોય તે જ હણાય. સત્ તત્ત્વ કયારેય હણાતું નથી અર્હંનો આશરો લેનારો અર્થાત્ સત્‌તત્ત્વનો આધાર લેનારો હણાતો નથી. જન્મ-મરણ જીવન હણે છે. છે. જન્મ-મરણનો અંત અર્થાત્ ભવાંત કરનારા પરમાત્મા છે જે અરહન્ છે.

પ્રથમ પાપવૃત્તિથી અટકી પાપપ્રવૃત્તિથી વિરમવાનું છે. જેના અંતે પાપપ્રકૃતિનો નાશ કરવાનો છે.

પાંચ મહાવ્રતના અંગીકારથી પાપવૃત્તિ અને પાપપ્રવૃત્તિના નાશની શરૂઆત થાય છે. પરંતુ પાપપ્રકૃતિ-ઘાતિકર્મનો નાશ તો નિર્વિકલ્પ ઉપયોગમાં રહેવાથી થાય છે માટે જ 'સવ્વ પાવપ્પણાસણો' એમ નવકારમંત્રમાં કહેલ છે, વળી પાપથી મુક્ત થવામાં મુક્તિ છે પાપબંધ એ અધર્મ છે તેથી જ અઢારે પ્રકારનાં પાપથી પાપસ્થાનકોથી વિરમવાનું છે.

પુણ્યબંધથી થતાં પુણ્યોદયમાં સુખની ઇચ્છા, સુખની લાલસા, આસક્તિ અને મોહ હોય છે. માટે જ પુણ્યબંધનું લક્ષ્ય રાખવાનું નથી. દુઃખનો મોહ કોઇને નથી. માટે જ ખોટા સુખનો (પરાધીન સુખ) મોહ છોડી નિર્મોહી થવું તે ધર્મ છે. પુણ્યના બંધ અને પુણ્યના ઉદયનો ઉપયોગ પાપનાશ માટે કરવાનો છે. અને નહિ કે નવાં પાપબંધ

માટે. પાપનાશથી મોક્ષ છે. માત્ર પુણ્યપ્રાપ્તિથી મોક્ષ નથી. હા! પુણ્યપ્રાપ્તિથી દુઃખ, દરિદ્રતા અને નર્ક તીર્યંચ ગતિ ટળે છે તેટલા પૂરતી પુણ્યની આવશ્યકતા પાપનાશ અને મુક્તિપ્રાપ્તિના લક્ષ્યે જરૂરી ખરી. જીવ પાપબંધથી અટકે એટલે પુણ્યના આગમનનો સવાલ જ રહેતો નથી. શુભ ભાવથી બંધાતું પુણ્ય તે સમયે અમૃતરૂપ છે અને દુઃખરૂપે ઉદયમાં આવે ત્યારે જીવ તેનો કેવો ઉપયોગ કરે છે તે પ્રમાણે તે વિષ કે અમૃત બને છે. આથી જ ચુલિકામાં "સવ્વ પાવપ્પણાસણો' કહ્યું પણ પુણ્યનો કોઈ સંકેત ન કર્યો.

અરિહન્ત શબ્દનો લક્ષ્યાર્થ છે 'અભેદજ્ઞાન' એટલે કે આત્માના ક્ષાયિક સ્વરૂપની પ્રાપ્તિ. જ્યારે વ્યંગ્યાર્થ છે ભેદજ્ઞાન અર્થાત્ આત્મા અને દેહ બે ભિન્ન છે તે, ક્ષીરનીર રૂપ થઈ ગયા છે એને જુદાં પાડવાનું જ્ઞાન તે ભેદજ્ઞાન.

અરિહન્ત શબ્દનો નિશ્ચય અર્થ એ છે કે જેણે રાગ દ્વેષ રૂપી અંતરંગ શત્રુને હણ્યા છે તે અરિહન્ત! જ્યારે એનો વ્યાવહારિક અર્થ એ છે કે જેણે ઘાતિકર્મોનો નાશ કર્યો છે તે અરિહન્ત છે. તેમ 'અરિ' એટલે દ્રવ્યાનુયોગ અને 'હન્ત' એટલે ચરણકરણાનુયોગ પણ કહી શકાય.

અરિહન્ત શબ્દની વિચારણા બાદ હવે નવકારમંત્રની ચુલિકામાંના 'સવ્વ પાવપ્પણાસણો'ના સાતમા પદ વિષે વિચારીશું.

ચાર ઘાતિકર્મની બધી પ્રકૃતિ પાપપ્રકૃતિરૂપ છે. જ્યારે ચાર અઘાતિકર્મમાં પુણ્ય-પાપ ઉભય પ્રકૃતિ છે. પાપવૃત્તિ અને પાપપ્રવૃતિ અટકે એટલે પાપપ્રકૃતિ નહિ બંધાય. ઘાતિકર્મ પાપવૃત્તિ અને પાપપ્રવૃત્તિથી બંધાય છે. સ્વરૂપની અપેક્ષાએ ચારે ઘાતિકર્મ આત્માને પરમાત્મા બનવા દેતા નથી તેથી જ તેને પાપપ્રકૃતિ કહેલ છે. અહીં એક પ્રશ્ન એ ઉદ્ભવે છે કે નિદ્રા એ ઘાતિકર્મમાંના દર્શનાવરણીય કર્મનો એક ભેદ છે તે નિદ્રા તો જીવને આવશ્યક છે, કેમ કે નિદ્રા વિના જીવ જીવી શકતો નથી. નિદ્રાનાશના રોગી આપઘાત કરી જીવનનો અંત આણવા સુધી જાય છે. તો એને પાપપ્રકૃતિ કેમ કહેવાય? એનો જવાબ એ છે કે નિદ્રા એ જડવત્ દશા છે, અને પ્રમાદરૂપ હોવાથી કદી ય નિદ્રાવસ્થામાં કેવલજ્ઞાન થતું નથી અર્થાત્ પરમાત્મા બની શકાતું નથી માટે તેને પાપપ્રકૃતિ કહેલ છે.

'મંગલાણંચ સવ્વેસિં પઢમં હવઈ મંગલં'

સર્વ મંગલમાં પ્રથમ મંગલ એટલે કે ઉત્કૃષ્ટ મંગલ નમસ્કાર મહામંત્રમાંના પંચ પરમેષ્ઠિ પદોને કરવામાં આવતો નમસ્કાર છે.

અહીં હવે પ્રશ્ન એ ઉદ્ભવે છે કે આનંદ અથવા સુખનો સંકેત કેમ ન કર્યો? પાપને ગાળે તે મંગલ એ 'મંગલ' શબ્દનો અર્થ છે. વ્યાકરણશાસ્ત્રની પદ્ધતિએ 'મંગલ' શબ્દના એવા ઘણાં અર્થ થાય છે. જ્યાં આનંદ યા સુખ હોય ત્યાં મંગલ હોય પણ ખરું અને ન પણ હોય. પરંતુ જ્યાં મંગલ હોય ત્યાં આનંદ અને સુખ નિયમા હોય જ. 'મંગલ થાઓ'! એ આશીર્વચન કલ્યાણ અને હિતને સૂચવે છે. હિત અને સુખ એ બેમાં મોટો ભેદ છે. હિત અને કલ્યાણ નિત્ય તત્ત્વ છે. જ્યારે હિત અને કલ્યાણ નિરપેક્ષ સુખ અનિત્ય છે. માટે જ નમસ્કાર મહામંત્રની ચુલિકામાં

'સર્વ પાપનો પ્રણાશ થાઓ!' અને 'સર્વનું મંગલ થાઓ!' એવી જે રચના છે તે જીવને પરમાર્થ તત્ત્વની મહામૂલ્યવાન ભક્ષિસરૂપ છે.

આ રીતે નમસ્કાર મહામંત્રમાં એકેક શબ્દની રચના અને યોજન વિસ્મયકારક, અતિ અદ્‌ભુત અલૌકિક અર્થાત્ લોકોત્તર છે.

અગાઉ જોઈ ગયા તે મુજબ 'હ' એ મહાપ્રાણ છે જે હૃદયમાંથી ઉચ્ચારાય છે. તેમ મંત્રાક્ષર 'ર્હીં' (અથવા હ્રીં) હૃદયમાં શ્રદ્ધા અને જાગૃતી શુદ્ધ કરે છે – માયા બીજ છે. જ્યારે 'ૐ' બુદ્ધિ શુદ્ધ કરે છે જે મસ્તિકમાંથી ઉચ્ચારાય છે અને તે મંત્રાક્ષર પ્રણવબીજ છે. વળી આ 'ૐ'માં પંચપરમેષ્ઠિનો સમન્વય થયેલો છે જે નીચે પ્રમાણે છેઃ

સંસ્કૃત ભાષાના અક્ષર સંધિના નિયમ મુજબ અરિહંતનો 'અ' અને અશરીરી કે સિદ્ધ ભગવંતનું મુખ્ય વિશેષણ છે તેનો 'આ' મળી અ + આ = આ થાય છે. એમાં આચાર્ય શબ્દનો પહેલો અક્ષર 'આ' ભળવાથી આ+આ = આ એમાં ઉપાધ્યાય શબ્દનો પહેલો અક્ષર 'ઉ' મળવાથી આ + ઉ = ઓ થાય છે. અને મુનિનો પહેલો અક્ષર 'મ' જોડવાથી ઓ+મ = ૐ શબ્દ બને છે.

હવે પ્રશ્ન એ થાય કે પાંચમાં સાધુપદના સાધુ શબ્દનો 'સા' અક્ષર ન લેતાં મુનિ શબ્દનો 'મ' અક્ષર ક્રમ લેવામાં આવ્યો. ? તેનું કારણ એ છે કે પંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપી અષ્ટપ્રવચનમાતાની આરાધનાનું અતિમહત્ત્વ જો કોઈ હોય તો તે મનનું મૌન છે. અને મૌન એ અબોલ તત્ત્વ છે. એટલે આત્મા મૌનથી પણ પર છે તેથી 'મુનિ' શબ્દ લક્ષ્ય અર્થથી બહુ મહત્વનો હોઈ સાધુના સ્થાને અત્રે પ્રયોજ્યો છે અને સાધુને મુનિ તરીકે પણ ઓળખવામાં આવે જ છે.

લિપિભેદે 'ૐ' બે પ્રકારે લખાય છે 'ૐ' આ ૐનું બીજું રહસ્ય એ છે કે સચરાચર વિશ્વ-બ્રહ્માંડ અસીમ ગોળાકાર છે. અને તેનું મૂળ એક બિંદુરૂપ આકાશપ્રદેશ પણ જે અવિભાજ્ય છે તે ગોળાકારે છે. આમ અંતસીમાંત અને અસીમ ઉભય ગોળાકારે રૂપનું ૐ લિપિમાં આલેખન થયેલ છે.

સ્વરૂપમંત્રથી સ્વરૂપપદે પહોંચેલ પરમાત્માને નમસ્કાર થાય છે જે નમસ્કારના ત્રણ ભેદ છે.

(૧) કાયયોગથી ચરણ, ઘૂંટણ, હસ્ત, નાસિકા અને મસ્તક એમ પંચ અંગ ધરતી સરસા અડાડી થતો પંચાંગ પ્રણામ-નમસ્કાર.

(૨) વચનયોગથી પરમાત્મ ભગવંતની સ્તુતિ કરવા દ્વારા થતો નમસ્કાર.

(૩) અને મનોયોગથી પરમાત્માના શુદ્ધ સ્વરૂપના જ્ઞાન-ધ્યાનમાં લીન થવા દ્વારા અતિ સૂક્ષ્મતાએ શૂન્ય બનવા દ્વારા થતો પ્રણિધાનરૂપ સર્વોત્કૃષ્ટ નમસ્કાર કે જે નમસ્કાર વિષે જ કહેવાયું છે...

'પ્રકટ્યો વિ. નમુક્કારો જિનવર વ સહસ્સ

વદ્ધમાણસ્સ સંસાર સાગરાઓ તારેઇ નરં વા નારી વા'...

પંચ પરમેષ્ઠિના ભાવપદને ત્રણે યોગથી નમસ્કાર કરવા દ્વારા સર્વ પાપનો પ્રણાશ એટલે કે મૂળથી નાશ અર્થાત્ ક્ષય થાય છે. તેથી જ 'સવ્વ પાવપ્પણાસણો' કહેલ છે. નમસ્કાર કરવા દ્વારા સર્વ પાપના ડુંગરોને ઓળંગવાના છે. ખતમ કરવાના છે. પંચ પરમેષ્ઠિની આરાધના એટલે પુણ્યના ડુંગરો ખડકવા એમ નથી સમજવાનું, પરંતુ પંચ પરમેષ્ઠિને નમસ્કાર એટલે

પાપોના ડુંગરોનો નાશ.

નમસ્કાર એટલે કે નમન. અને નમન એટલે નમવું અર્થાત્ ઊલટવું. મનને ઉલટાવવું એટલે નમ તેમ મનને ઉલટાવવું એટલે કે મનને અમન કરવું. આમ નમવું એટલે પરિણમવું–તદ્રૂપ થવું અર્થાત્ અમન થવું. અમન થવું એટલે ઇચ્છા-રહિત થવું–નિરિહિ થવું. વ્યાકરણશાસ્ત્રના નિયમ પ્રમાણે 'મન' શબ્દનો અર્થ વિચારવું 'To Think' એટલે કે બુદ્ધિ તત્ત્વ છે. તે જ પ્રમાણે મનની ચંચળતાના અર્થમાં મન એ વિકલ્પ અને ઇચ્છાનું પોટલું છે. આમ નમસ્કાર એટલે કે નમન એ અમન–ઇચ્છારહિત–નિરિહિ–પૂર્ણકામ બની પરમાત્મ સ્વરૂપનું પ્રાગટ્ય કરવાની ક્રિયા છે એથી જ તો શ્રીમદ્જીએ ગાયું છે કે.....

શુભ ભાવ વડે મન શુદ્ધ કરો,
નવકાર મહાપદને સમરો;
નહિ એ સમાન સુમંત્ર કહો,
ભજીને ભગવંત ભવંત લહો.

શાસ્ત્રીય પરિપાટીથી પંચ પરમેષ્ઠિમાં અરિહંત ભગવંત એ છે કે જેઓ અષ્ટ પ્રતિહાર્યો અને ચાર અતિશય મળી બાર ગુણોથી યુક્ત છે. જ્યારે આઠ કર્મોના ક્ષયથી પ્રગટેલા આઠ ગુણોથી યુક્ત છે તે સિદ્ધ ભગવંત છત્રીસ ગુણો ધરાવે છે તે આચાર્ય છે, પચીસ ગુણોને જે ધારણ કરે છે તે ઉપાધ્યાય છે અને સત્તાવીસ ગુણોથી જે ગુણવાન છે તે સાધુ છે. બધાં મળીને ૧૨+૮+૩૬+૨૫+૨૭ = ૧૦૮ ગુણો થતાં હોવાથી નવકારમંત્ર ભણવાની માળા જેને નવકારવાળી કહેવાય છે તે માળાના કુલ મણકા અથવા પારા એકસો આઠ છે.

નવકારના પદ નવ છે. અને પંચ પરમેષ્ઠિના ગુણોનો સરવાળો ૧૦૮ છે તેના બે અંકોનો સરવાળો નવ છે કે જે નવનો આંક અખંડ અને અભંગ ગણાય છે. એ એક ગણિત ચમત્કાર છે કે નવના આંકને ગમે તે અંકથી ગુણીએ તો ગુણાકારની રકમનો આંકનો સરવાળો નવ જ આવશે. વળી નવના કોઠા પલાખા વિષે વિચારીશું તો ય જણાશે કે નવ એકું નવમાં નવથી શરૂ થઇ આંકડો ક્રમબદ્ધ ઊતરતો ક્રાયે નવે નેવુમાં ૯૦ના શૂન્ય સુધી પહોંચે છે. તેમ કોઇ પણ ગમે તેટલા આંકડાની રકમના અંકોના સરવાળાને તે મૂળ રકમમાંથી બાદ કરતા આવતી રકમના અંકોનો સરવાળો હંમેશ નવ આવશે. જેમ ૪૩૨ ત્રણ આંકડાનો સરવાળો આઠ ૪૩૨ માંથી આઠ જાય એટલે ૪૨૪ એ ત્રણનો સરવાળો નવ રહેશે.

પાંચ અસ્તિકાયરૂપ વિશ્વનું મૂળ એક પ્રદેશત્વ જે અવિભાજ્ય છે તે ગોળાકાર શૂન્ય રૂપ છે. અને તેનો વિસ્તાર પણ અસીમ એવું આકાશદ્રવ્ય ગોળાકાર રૂપ છે.

શૂન્ય એ મૂળ (બીજ) છે અને શૂન્ય એ ફળ છે. અહીં શૂન્ય એટલે શૂન્યત્વ. અર્થાત્ પરમાત્મ તત્ત્વ. મૂળમાં સત્તાગત આપણામાં જ રહેલાં આપણા પરમાત્મતત્ત્વનું આપણે પ્રાગટીકરણ કરવાનું છે. સ્થૂલમાંથી સૂક્ષ્મમાં થઇ સૂક્ષ્મમાં થઇ શૂન્યમાં જવાનું છે અહીં શૂન્ય એટલે પદાર્થ-દ્રવ્યનો અભાવ નહિ પરંતુ પરસ્પર વિરુદ્ધ પદાર્થની અસરનો અભાવ કોઇને બાધા પહોંચાડે નહિ અને કોઇથી બાધા પામે નહિ તેવી અવ્યાબાધ અવસ્થા તે શૂન્યાવસ્થા. એ અવસ્થાનો સંકેત ઉપરોક્ત ગણિત ચમત્કારમાં છે. એટલું જ નહિ પણ ગણિતમાં શૂન્યની અવસ્થા એવી જ છે. શૂન્યને કોઇ રકમમાં ઉમેરો કે કોઇ રકમમાંથી બાદ કરો યા તો કોઇ રકમ વડે તેને ગુણો કે ભાગો તો તે રકમ અકબંધ રહેશે કોઇ અસર તે રકમને થશે નહિ તેમ શૂન્ય પણ શૂન્ય જ રહેશે. આમ ગણિત ચમત્કાર પણ અધ્યાત્મ તરફ દોરી જાય છે.

ઉપરાંત અરિહંત ભગવંતનો રંગ શ્વેત છે, સિદ્ધ ભગવંતનો રંગ રક્ત (લાલ) છે, આચાર્ય ભગવંતનો રંગ પીત્ત (પીળો) છે, ઉપાધ્યાય ભગવંતનો રંગ હરિત (લીલો) છે, અને સાધુ ભગવંતનો રંગ શ્યામ (કાળો) છે.

પંચપરમેષ્ઠિના પાંચ રંગોની જે કલ્પના કરી છે, તે કેટલી યથાયોગ્ય છે, તેનો વિચાર કરીએ...

પંચ પરમેષ્ઠિ જેમ જપનો વિષય છે તેમ-પરમાર્થથી ધ્યાનનો વિષય છે. ધ્યાન સાધનાના અનેક ક્રમો અને ભેદો છે. તેમાં આપણા શરીરની રચનામાં મુખ્ય જે તાળવું છે કે જે જ્યારે બાળક જન્મે છે ત્યારે હાડકાનો ભાગ પૂરાયેલો હોતો નથી અને તે કોમળ હોય છે એ જ સહસ્રદલ કમલનું કેન્દ્ર છે કે જેમાં પરમાત્મપદની સ્થાપના છે. ત્યાંથી નીચે ઊતરતાં છ ચક્રમાંનું છઠ્ઠું ચક્ર કે જેને 'આજ્ઞાચક્ર' કહેવામાં આવે છે તેનું સ્થાન બે નેણ વચ્ચે રહેલ ભ્રકુટિ છે તે ગુરુનું સ્થાન છે. અને ગુરુપદને સાધીએ તો જ તેમના દ્વારા પરમાત્મદેવનું મિલન થાય છે. એટલે સુખાસને બેસીને ચિત્તને સ્થિર કરીને, ચક્ષુ બંધ કરીને તે ભ્રકુટિ સ્થાનમાં ઇચ્છા અને વિચારને સ્થગિત કરી દઇને ત્યાં શું બંધ આંખે દેખાય છે તે દ્રષ્ટા બની જોયાં કરવું-ધ્યાન કરવું તે અનેક પ્રકારના ધ્યાનના ભેદોમાં મહત્વનો ઊંચો ભેદ છે. કારણ કે પરમાત્મ તત્ત્વ પૂર્ણ જ્ઞાતા અને દ્રષ્ટા છે. માટે સાધકે પણ કર્તા-ભોક્તા મટીને એટલે કે ઇચ્છા અને વિચારને છોડીને દૃશ્યથી જુદાં પડવા માટે દૃશ્યને જોતાં શીખવું જોઇએ. પરંતુ ઇચ્છા અને વિચારથી દૃશ્ય સાથે ભળવું ન જોઇએ. આ રીતે આજ્ઞાચક્રમાં માનસિક ત્રાટક કરી ધ્યાન કરવાનું શરૂ કરીશું એટલે પહેલાં કાળું બિંબ દેખાશે. ને એ પ્રમાણે સતત દર્શન કરવાથી તે કૃષ્ણવર્ણમાં તૂટફૂટ થશે. અને ક્રમિક વિકાસ પ્રમાણે નીલવર્ણ જેવું દેખાશે. આગળ તે દર્શનને દૃઢ કરતાં કરતાં વધુ તિર થયાં જ કરશે. અને પરિણામે પરમ ઉજ્જ્વળ, પરમ તેજસ્વી શ્વેત વર્ણ દેખાશે. આવો આ સાધનાનો પ્રયોગ છે. હવે કયા સાધકે પૂર્વભવમાં કેવી સાધના કરી હોય અને કયાં સુધી પહોંચ્યો હોય તે કહેવું અશક્ય છે. તેથી તેની સાધના જ્યાં અધૂરી રહી હોય ત્યાંથી શરૂ થાય એટલે ગમે તે વર્ણ દેખાય. વળી સાધનામાં જો ચઢ-ઊતર થાય તો તે પ્રમાણે પણ વર્ણાંતર થાય પરંતુ આ વર્ણદર્શનનો સાર એ છે કે સાધકે એ નિર્ણય કરવો કે જ્યારે જે વર્ણ દેખાય ત્યારે તે પદનું અજપાજાપપૂર્વક ધ્યાન થયે રહ્યું છે. એ રીતે સતત અભ્યાસ કરી સાધકે આગળ વધવું અને અનુભવ કરવો આ હકીકતની વાતો કરવાથી કાંઇ ન વળે પણ પ્રયોગ કરવાથી મળે.

અહીં પ્રશ્ન એ ઉદ્ભવે કે પંચપરમેષ્ઠિના વર્ણમાં, સિદ્ધ-પરમાત્મા અશરીરી હોવાથી તેમના બીજી અપેક્ષાએ જે ૩૧ ગુણો વર્ણવ્યા છે એમાં અવર્ણ, અગંધ, અરસ આદિ ગુણો કહેલ છે, તો સિદ્ધ ભગવંતમાં લાલ

વર્ણ કેમ આરોપાય ? સાધકને ઉપર જણાવેલ પ્રયોગની અપેક્ષાએ વર્ણન કરવામાં આવેલ છે. જેમ સૂર્યોદય વેળાએ જેને ઉષા કહેવામાં આવે છે તે વખતે સૂર્યનો વર્ણ રક્ત હોય છે જે પછી શ્વેત બને છે તે પ્રમાણે સાધકને ધ્યાનની પ્રક્રિયામાં વર્ણન થાય છે. જેવી રીતે પંચ પરમેષ્ઠિના પાંચ વર્ણો છે તેવી જ રીતે ચોવીસે તીર્થંકર ભગવંતો પણ પાંચ વર્ણમાં વહેંચાયેલા છે.

દોય શતા જિનવર અતિ ભલા,
દોય ધોળા જિનવર ગુણનીલા;
દોય નીલા, દોય શામળ કહ્યા,
સોળે જિન કંચન વર્ણ લહ્યા.

સાધુ સાધનાની પ્રાથમિક ભૂમિકામાં હોવાથી એમનો રંગ કાળો સૂચવ્યો છે. વળી ધ્યાનની પ્રક્રિયામાં પણ સાધકને શરૂઆતમાં પ્રથમ કાળું ધબ્બ દેખાય છે. ત્યારબાદ સાધનામાં વિકાસ થયા છે. તેના નિર્દેશરૂપ ઉપાધ્યાયનો રંગ લીલો કહ્યો છે, જે શુદ્ધિકરણ સૂચવે છે. અને એ જ પ્રમાણે ધ્યાનમાં પણ કાળા રંગ બાદ જાંબલી, નીલો, લીલો રંગ દેખાય છે. તેથી આગળ સાધનામાં વિકાસની ઉપલી ભૂમિકામાં કર્મમલને ભસ્મીભૂત કરવાના સામર્થ્યરૂપ જે તેજ પ્રગટ થયું છે એના સંકેત રૂપે આચાર્યનો રંગ પીળો બતાડ્યો છે જે પ્રમાણે ધ્યાનમાં પણ બને છે એ જ પીળો રંગ પછી લાલચોળ રક્ત વર્ણ થઇ અંતે શ્વેત રંગમાં પરિણમે છે.

કોલસો પણ પહેલાં કાળો હોય છે જેને અગ્નિથી સળગાવતા એમાં પ્રથમ લીલી. પીળી જ્યોત ઊઠે છે અંતે શ્વેત રાખ બને છે.

તેવી જ રીતે ગાઢ તિમિરમાંથી પહો ફાટે છે જે ઉષા ટાણે રક્ત, પીત રંગ ધારણ કરે છે. અને પૂર્ણ સૂર્યોદય થયા બાદ શ્વેતવર્ણી પ્રકાશરૂપે પરિણમે છે.

અનેક મંત્રો અનેક ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. જેવી જેની વાંછના, એ મંત્રોના બે મુખ્ય ભેદ છે. કેટલાંક ક્રૂર ક્રૂર મંત્રના આરાધ્ય દેવ કે જે અધિષ્ઠાયક દેવ કહેવાય છે તે પણ ક્રૂર હોય છે જ્યારે સૌમ્યમંત્રના અધિષ્ઠાતા દેવ સૌમ્ય હોય છે. ક્રૂર મંત્રની સાથે દાન કે તપનો કોઇ સબંધ હોતો નથી. જ્યારે સૌમ્યમંત્રના જપ સાથે જો દાન અને તપ ભળે છે તો તે મંત્રને બળ ભળે છે જેથી તે શીઘ્ર ફળે છે. અને ફળ પણ શ્રેષ્ઠ હોય છે. નમસ્કાર મહામંત્ર એ સૌમ્ય પ્રકારનો મંત્ર છે. જેનો જપ શીઘ્ર અને શ્રેષ્ઠ ફળ પ્રાપ્તિ અર્થે દાન અને તપ સહિત કરવો યોગ્ય છે. કારણ કે બીજા મંત્રોના અધિષ્ઠાયક દેવોની અવસ્થા તપ, ત્યાગ અને દાન સ્વરૂપ નથી હોતી જ્યારે પંચ પરમેષ્ઠિનાં પંચ પદો સ્વયં તપ, ત્યાગ, દાનાદિ અનેક ગુણોની પ્રતિષ્ઠારૂપ છે. માટે જ આત્માથી ચઢિયાતો મહાન મંત્ર કયો હોઇ શકે. ?

વળી અન્ય મંત્રોની આરાધનામાં ધ્યેય, ધ્યાન, ધ્યાતા ત્રણે ભિન્ન હોય છે. અને કદી અભેદ થતાં નથી. કારણ કે ધ્યાન કરનાર ધ્યાતાની જે દશા હોય છે તે જ રહે છે. અને એની માંગ દ્વારા પ્રાપ્ત થયેલ વાંછિત પદાર્થ કાયમ રહેતો નથી અને ચંચલપણું પણ ટળતું નથી એટલું જ નહિ પણ આપનાર અધિષ્ઠાયક દેવ-દેવીની અવસ્થા-સ્થિતિ પણ સાદિ-સાન્ત હોય છે

જ્યારે પંચપરમેષ્ઠિમંત્રના પદો અવિનાશી છે અને ધ્યાતાને અવિનાશી બનાવી ધ્યાનથી પર કરી અભેદ થાય છે સાધનાકાળે ત્રણે ભિન્ન હોવા છતાં આધ્ય પ્રાપ્તિ થયે ત્રણે અભેદ થાય છે.

ઉદાહરણ તરીકે કોઇ દેવ-દેવીના મંત્રોની આરાધના-સાધના કરનાર જો સ્વયં તે દેવ કે દેવીના પદની વાંછના રાખે તો કોઇ એવું ન બને કે તે દેવ-દેવી પદચ્યુત થઇ એમની ગાદી એમનું પદ સાધકને આપી દે ઊલટા તેવી માગણી કરનાર ઉપર તે કોપાયમાન થાય જ્યારે અરિહંત અને સિદ્ધ પદનો આરાધક અરિહંત અને સિદ્ધ પદની માંગણી કરી શકે, અને તે પદ સાધકને પ્રાપ્ત પણ થાય. નવપદજીની ઓળીમાં પ્રત્યેક પદના દુહામાં આજ પ્રકારની માંગ આવે છે.

અરિહંત પદ ધ્યાતો થકો, દ્રવ્ય ગુણ પજ્જાય રે;
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે.
વીર જિનેશ્વર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાય રે;
આતમ ધ્યાને આતમા, ઋધ્ધિ મળે સવિ આય રે
રૂપાતીત સ્વભાવ જે, કેવલ દંસણ નાણી રે;
તે ધ્યાતા નિજ આતમા, હોવે સિદ્ધ ગુણખાણી રે. —વીર૦
ધ્યાતા આચારજ ભણ્યા, મહામંત્ર શુભ ધ્યાની રે;
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે. —વીર૦
તપ સજ્જાયે રત સદા, દ્વાદશ અંગેતા ધ્યાતા રે:
ઉપાધ્યાય તે આતમા, જગમંદિર જગભ્રાતા રે. —વીર૦
અપ્રમત્ત જે નિત રહે નવિ હરખે નવિ શોચે રે;
સાધુ સુધા તે આતમા, શું મુડે શું લોચે રે. —વીર૦
ગમ-સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ તસ થાય રે;
દર્શન તેહી જ આતમા, શું હોય નામ ધરાવે રે; —વીર૦
જ્ઞાનાવરણીય જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે.
તો કૂંએ એહીજ આતમા, જ્ઞાને અબોધના જાય રે. —વીર૦
જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે;
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવી ભમતો રે. —વીર૦
ઇચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે;
તપ તે એહીજ આતમા, વર્તે નિજ ગુણ ભોગે રે. —વીર૦

આમ છતાંય સમકિતિ દેવ-દેવીનું મહાત્મ્ય છે જેને માટે ચૌદપૂર્વમાંના એક પૂર્વમાં નીચે પ્રમાણેની ગાથા છે.

'ભમ મંગલ-મરિહંતા, સિદ્ધા સીદ્ધ સુમં ચ ધમ્મો અ,
સમ્મ-દિટ્ઠી-દેવા, દિંતુ સમાહિં ચ બોહિં ચ.'

આ ગાથા એમ સૂચવે છે કે જીવને સમાધિ અને બોધિની પ્રાપ્તિ માટે અરિહંત, સિદ્ધ આચાર્ય-ઉપાધ્યાય-સાધુ અને શ્રુતધર્મ જેટલાં સહાયક છે તેટલાં જ સમકિત દૃષ્ટિ દેવ-દેવીઓ સહાયક છે. એ સમકિત દૃષ્ટિ દેવોનું વિશ્વમાં શું સ્થાન છે તે હકીકત એટલા માટે મહત્વની છે કે આ વિશ્વમાં સર્વ જીવોમાં સર્વશ્રેષ્ઠ એવાં તીર્થંકર પરમાત્મા તીર્થંકર નામકર્મનો ભોગવટો પ્રધાનપણે દેવ નૈમિત્તિક કરે છે. આ રીતે શાસનરક્ષા અને શાસન પ્રભાવના માટે દેવોનું સ્થાન પણ એટલું જ મહત્વનું છે.

જેમ આપણી લઘુતા અને નમ્રતા માટે દાસાનુંદાસપણું સ્વીકારીએ છીએ તેમ દેવો પણ દાસાનુંદાસપણું સ્વીકારે છે અને નમસ્કાર મંત્રના આરાધકની યથાયોગ્ય અવસરે દૃષ્ટ અને અદૃષ્ટરૂપે સહાયતા કરે છે. દેવોના જીવનમાં તેમની સાધનામાં આ એ વિકાસ વિભાગ છે કારણ કે તેમના નિકાચિત પુણ્યના ઉદયમાં અને ભોગ સુખમાં આપણી જેમ વિરતિધર્મનું તેઓ પાલન કરી શકતા નથી એથી જ તો ગાઢ ....

'સમરો મંત્ર ભલો નવકાર એ છે ચૌદપૂર્વના સાર...
દેવો સમરે દાનવ સમરે, સમરે રાજા રંક.....'

એટલું જ નહિ પણ ૧૫૦ ગાથાના સ્તવનમાં મહામહોપાધ્યાય યશોવિજયજી મહારાજાએ પણ સમકિતદૃષ્ટિ દેવોનું મહાત્મ્ય વર્ણવ્યું છે કે.....

'સમકિત દૃષ્ટિ સુર તણી આશાતના કરશે જેહ લાજ રે,
બોધિ દુર્લભ તે થશે થાણુંગે ભાખ્યું એહ લાજ રે...'

નમસ્કાર મહામંત્રમાં નામસ્મરણ છે. અરિહંત અને સિદ્ધ એ જીવ માત્રના સ્વરૂપનામ છે એ સ્વરૂપનામનું સ્મરણ નમસ્કાર મહામંત્રના જપ કરવાથી થાય છે. તે નામસ્મરણની મહત્તા મહામહોપાધ્યાય યશોવિજયજી મહારાજાએ આ રીતે બતાડી છે.

નક્કા મંત્ર, નવિ યંત્ર, નવિ તંત્ર મોટો,
જિસ્યો નામ તાહરો સમામૃત લોટો
પ્રભુ નામ મુજ, તુજ અક્ષય નિધાન,
ધરું ચિત્ત સંસાર તારક પ્રધાન.

આ પંક્તિનું પરમ રહસ્ય શું છે? મનુષ્ય યોનિમાં જન્મેલો જીવ ચાહે તે જાતિ, જ્ઞાતિ, કે ક્ષેત્રનો હોય પરંતુ તે વિશ્વના કોઇ પણ પદાર્થના અર્થ કે ભાવને જન્મતાની સાથે જાણતો કે સમજતો નથી. પરંતુ બીજાના શબ્દોચ્ચાર વડે સાંભળીને પહેલાં તો તે ઉચ્ચારાયેલ શબ્દને જ પકડે છે– ગ્રહણ કરે છે. ત્યાર બાદ અવસ્થાની પરિપક્વતાએ ધારણામાં રાખેલ તે શબ્દના અર્થ અને ભાવને પામે છે. તે પ્રમાણે આપણે પણ આપણા સ્વરૂપમંત્ર રૂપ આ પાંચ પદોનાં નામોની ખૂબ રટણપૂર્વક જપક્રિયા કરવી જોઇએ જેથી આપણે તેના અર્થ અને ભાવને પામી શકીએ

આમ પંચ પરમેષ્ઠિના શબ્દોચ્ચાર રૂપ નામ સ્વરૂપ અને તેના જપનું કેટલું મહત્વ છે તે જીવનના અનુભવથી સહુ કોઇ સહજ જ સમજી શકે છે. એથી જ તો ચાર નિક્ષેપામાં નામ નિક્ષેપાને પ્રથમ ક્રમાંકે સ્થાન આપ્યું છે.

વિશ્વમાં ગમે તે ધર્મમાં, ગમે તે ભાષામાં, ગમે તેટલા મંત્રો હોય પરંતુ બધાંય મંત્રોનું મૂળ આ પાંચ શબ્દો હોવાથી આ પાંચ પદોનું સ્મરણ કરીને જો બીજા મંત્રોની સાધના કરે તો જ તે મંત્રોને બળ મળે અને તેનું ફળ મળે કારણ કે આ પંચપરમેષ્ઠિ શબ્દ રૂપ મંત્ર સર્વરૂપ છે જ્યારે બીજા બધા મંત્રો તેના અંશરૂપ-દેશરૂપ છે. જેમ જ્ઞાન સર્વરૂપ કહેવાય અને ક્રિયા દેશરૂપ કહેવાય એવું આ મંત્રનું છે. જ્ઞાન પરમાર્થથી અવિનાશી છે, જ્યારે ક્રિયા વિનાશી છે. અવિનાશી સ્વયંભૂ હોય જ્યારે વિનાશી એ અવિનાશીનો આધાર લઇને જ ઉત્પન્ન થાય અને વ્યય થાય ત્યારે તેમાં જ લય પામે

પંચ પરમેષ્ઠિ મંત્રની સ્તુતિ નીચેના શ્લોકથી કરવામાં આવે છે.

અર્હન્તો ભગવન્ત ઇન્દ્ર મહિતા:
સિદ્ધાશ્ચૈય સિદ્ધિ સ્થિતા;
આચાર્યા જિનશાસનોન્નતિ કરા:
પૂજ્ય ઉપાધ્યાયકા:
શ્રી સિદ્ધાંત સુપાઠકા મુનિવરા:
રત્નત્રયા આરાધકા:
પંચૈતે પરમેષ્ઠિન:
પ્રતિદિનં કુર્વન્તુ વો મંગલમ્.

આ શ્લોકમાં અરિહંત ભગવંતો ઇન્દ્રોને પૂજ્ય છે એમ 'ઇન્દ્ર મહિતા' શબ્દોથી કહેવાયું છે તો પછી પ્રશ્ન થાય કે નરેન્દ્ર–નરેંદ્ર એવાં ચક્રવર્તી–વાસુદેવ–પ્રતિવાસુદેવ મહિતા એમ કેમ ન કહેવાયું? એનું કારણ એ છે કે...તીર્થંકરને બાદ કરતાં સર્વાધિક પુણ્યના સ્વામિ ઇન્દ્ર જેવા ઇન્દ્ર જો અરિહંત ભગવંતની પૂજા અભિષેક વૃષભનું રૂપ લઇને ય કરતાં હોય તો પછી બીજા એનાથી ઊતરતાં પુણ્યશાળીઓ તેમ કરે એમાં નવાઇ શી?

આખું વિશ્વ દ્રવ્ય ભાવાત્મક છે. દ્રવ્ય એટલે પાંચ અસ્તિકાય. અને ભાવ એટલે દ્રવ્ય ગુણ અને પર્યાય. અનાદિકાળથી જીવ માત્ર પોતાના સ્વાભાવિકપણાથી-સ્વ અસ્તિત્વથી-સ્વ સત્તાથી વ્યક્તિ રૂપે પોતે પોતાને પ્રાપ્ત છે. પરંતુ સ્વ શુદ્ધ ગુણ પર્યાયથી અપ્રાપ્ત છે. એટલે જૈનદર્શનમાં પહેલાં જીવના શુદ્ધ ગુણપર્યાયનું લક્ષ કરીને નમસ્કાર મહામંત્ર સામાન્ય પદ રૂપે સ્થાપિત કરેલ છે આવા શુદ્ધ ગુણપર્યાયને જે પ્રાપ્ત કરે તે વ્યક્તિ પ્રગટ પરમાત્મ સ્વરૂપ વ્યક્તિ છે. એટલે હવે એવી વ્યક્તિના સંશોધનનો પ્રશ્ન ઉપસ્થિત થયો. એ પ્રશ્નનો જવાબ લોગસ્સ – ચતુર્વિંશતિસ્તવ – નામસ્તવ સૂત્ર છે જેમાં વર્તમાન ચોવિસીના ચોવિસે ય તીર્થંકર ભગવંતનાં નામ નિર્દેશ છે તેથી લોગસ્સ સૂત્રમાં શુદ્ધ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે ય નો સમાવેશ થાય છે. માટે જ કાઉસગ્ગમાં લોગસ્સનો કાઉસગ્ગ એ મુખ્ય ધ્યાન સાધના છે જ્યારે નમસ્કાર મહામંત્ર એ મુખ્યત્વે જપ સાધના છે.

પ્રાય: પ્રત્યેક મંત્રનો યંત્ર હોય છે છે તે પ્રમાણે નમસ્કાર મહામંત્રનો પણ યંત્ર છે જે સિદ્ધચક્રયંત્ર યા નવપદજી યંત્ર તરીકે પ્રસિદ્ધ છે. જેનું પૂજન, નમન, વંદન અને આરાધના થાય છે.

એ યંત્ર કમલાકારે હોય છે. કમલના મધ્ય ભાગ કેન્દ્રમાં અરિહંત ભગવંત બિરાજમાન કરવામાં આવે છે અને તેની આસપાસ આઠે દિશામાં કમળની આઠ પાંખડીમાં સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપની સ્થાપના અનુક્રમે ઉત્તર, પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઇશાન, નૈઋત્ય અગ્નિ અને વાયવ્ય દિશામાં કરવામાં આવે છે.

આ યંત્રમાં રત્નત્રયી અને તત્ત્વત્રયી સમવિષ્ટ છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ રત્નત્રયી છે. જ્યારે અરિહંત ને સિદ્ધ એ દેવ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ ગુરુ અને દર્શન, જ્ઞાન, ચારિત્ર ને તપ ધર્મ છે એમ દેવ-ગુરુ અને ધર્મ તત્ત્વત્રયી છે. વળી આમાં પાંચ ગુણી અથવા ધર્મી છે. જે પાંચ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ છે. અહીં અરિહંત અને સિદ્ધ પરમાત્માને 'વસ્થુ સહાવો ધમ્મો' એ અર્થમાં ધર્મી કહેલ છે જ્યારે બાકીના ચાર દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ગુણ છે અથવા ધર્મ છે. એટલું જ નહિ પણ એમાં અરિહંત અને સિદ્ધ પરમાત્મા સાધ્ય સ્વરૂપ છે જ્યારે આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ સાધક સ્વરૂપ છે. તથા દર્શન, જ્ઞાન, ચારિત્ર ને તપ એ ચાર સ્વરૂપ ગુણ છે. એ ચાર જીવના શુદ્ધ સ્વરૂપગુણ છે તે અંશ રૂપે અથવા લક્ષણ-ચિહ્નરૂપે જીવમાત્રમાં શ્રદ્ધા (વિશ્વાસ), બુદ્ધિ (જ્ઞાન), શ્રમ (વર્તન) અને તપ (ઇચ્છા-તપ) રૂપે અસ્તિત્વ ધરાવે છે જે સ્વમાં સત્તાગત અંશરૂપે પણ હોય તે જ પૂર્ણસ્વરૂપે અશુદ્ધિ, આવરણ હઠી જતાં પ્રગટે અર્થાત્ પ્રકાશમાં આવે. પરંતુ જ્યારે ય સ્વ થાય નહિ. સત્તામાં રહેલ આ શ્રદ્ધા, બુદ્ધિ, શ્રમ (વર્તન) અને

ઇચ્છાને સુધારવાના છે, અસદ્ થયેલ છે, વિનાશી (સાદિ સાન્ત) બનેલ છે. તેને સદ્, અવિનાશી બનાવવાના છે. સદ્ ઇચ્છા રાખી, સદ્બુદ્ધિ વાપરી સદ્ વર્તન આચરી સત્ એવા અવિનાશી પરમાત્મામાં શ્રદ્ધા-વિશ્વાસ રાખી તેમના આદર, બહુમાન, સન્માન, વંદન, પૂજન કરવા સહ સ્વયં પરમાત્મા બનવાનું છે અને આત્માના ચાર શુદ્ધ સ્વરૂપ ગુણ દર્શન (કેવલદર્શન), જ્ઞાન (કેવલજ્ઞાન), ચારિત્ર (યથાખ્યાત ચારિત્ર સહજાનંદ સ્વરૂપ), તપ (પૂર્ણકામ) છે તેનું પ્રાગટ્ય અશુદ્ધિ-કર્મ પડળ હઠાવીને કરવાનું છે. તે માટે શ્રદ્ધા-બુદ્ધિ-શ્રમ અને ઇચ્છાને પરમાત્મતત્ત્વ સાથે જોડવાના છે અને મોક્ષ લક્ષ્યે સમ્યગ બનાવવાના છે. ત્યાર બાદ દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર એ પાંચ આચાર-પંચાચારનું પાલન કરવાનું છે. તે માટે જ પંચ પરમેષ્ઠિ-નમસ્કાર મહામંત્રના જાપ કરવાના છે અને સિદ્ધચક્ર યંત્રની-નવપદજીની આરાધના કરવાની છે.

નવપદજી ઓળી જે ચૈત્ર સુદી સાતમથી ચૈત્ર સુદી પૂનમ અને આશો સુદી સાતમથી આશો સુદી પૂનમ દરમિયાન વર્ષમાં બે વાર આવે છે ત્યારે આયંબિલનો તપ કરવા સહ વિશિષ્ટ રીતે એકેક પદની એકેક દિવસ આરાધના કરવા દ્વારા નવપદજીની આરાધના થાય છે આ આરાધના પર્વને શાશ્વતી ઓળી-શાશ્વતી અઠ્ઠાઇ તરીકે પણ ઓળખવામાં આવે છે.

એ નવેપદની આરાધના પૂજન દરમિયાન નીચે મુજબની ભાવના ભાવી શકાય...

અરિહંત એવો હું અરિહંત બનવા માટે અરિહંત ભગવંતો કે જેઓએ પોતાના અત્યંત વિશુદ્ધ એવા સાકાર પરમાત્મ તત્ત્વનું પ્રાગટીકરણ કર્યું છે અને વર્તમાને તીર્થંકર સ્વરૂપે વિદ્યમાન છે તે સર્વ અરિહંત ભગવંતો, તથા પૂર્વે થયેલાં અને હવે થનાર સર્વ અરિહંત ભગવંતોના દર્શન, વંદન નમન, પૂજન, સન્માન, સત્કાર, બહુમાન આ સિદ્ધચક્ર યંત્ર દ્વારા કરતો થકો તેના ફળ સ્વરૂપ અરિહંતપણાનો નાશ અને અરિહંતપદની પ્રાપ્તિને હું ઇચ્છું છું. મને તે પ્રાપ્ત થાઓ! પ્રાપ્ત થાઓ!

॥ ૐ **णमो अरिहंताणं** ॥

અસિદ્ધ એવો હું સિદ્ધ બનવા માટે અનંત સિદ્ધ ભગવંતો કે જેઓ પોતાના અત્યંત વિશુદ્ધ એવાં નિરંજન નિરાકરણ પરમાત્મ સ્વરૂપનું પ્રાગટીકરણ કરી સિદ્ધશિલા ઉપર લોકાગ્ર શિખરે સ્થિત થયાં છે, વર્તમાને ચૌદમા ગુણસ્થાનકે રહી સિદ્ધ થઇ રહ્યાં છે અને જેઓ હવે સિદ્ધ થનાર છે તે સર્વે સિદ્ધ ભગવંતોના દર્શન, વંદન, નમન, પૂજન, સન્માન, સત્કાર બહુમાન આ સિદ્ધચક્ર યંત્ર દ્વારા કરતો થકો તેના ફળ સ્વરૂપ અસિદ્ધપણાનો નાશ અને સિદ્ધપદની પ્રાપ્તિને હું ઇચ્છું છું. મને તે પ્રાપ્ત થાઓ! પ્રાપ્ત થાઓ!

॥ ૐ **णमो सिद्धाणं** ॥

અસદાચારી એવો હું સદાચારી બનવા માટે આચાર્ય ભગવંતો કે જેઓ અરિહંત અને સિદ્ધ બનવાના લક્ષ્યે, અરિહંત અને સિદ્ધની નિશ્રામાં પંચાચાર પાળી રહ્યાં છે, પંચાચારની પાલના કરાવી રહ્યાં છે, અરિહંત અને સિદ્ધ બનવામાં નિમિત્તભૂત, સહાયભૂત થઇ રહ્યાં છે એવાં સર્વોચ્ચ સાધક સર્વ આચાર્ય ભગવંતોના દર્શન, વંદન, નમન, પૂજન, સન્માન, સત્કાર, બહુમાન આ સિદ્ધચક્ર યંત્ર દ્વારા કરતો થકો તેના ફળ સ્વરૂપ અસદાચારનો નાશ અને સદાચારરૂપ પંચાચારની સર્વથી પ્રાપ્તિ સહ સર્વોચ્ચ સાધકપદની પ્રાપ્તિને હું ઇચ્છું છું મને તે પ્રાપ્ત થાઓ! પ્રાપ્ત થાઓ!

॥ ૐ **णमो आयरियाणं** ॥

અજ્ઞાની એવો જ્ઞાની બનવા માટે, અવિનયી એવો વિનયી થવા માટે ઉપાધ્યાય ભગવંતો કે જેઓ અરિહંત અને સિદ્ધ બનવાના લક્ષ્યે, અરિહંત અને સિદ્ધની નિશ્રામાં, આચાર્યના માર્ગદર્શન હેઠળ જ્ઞાન મેળવી રહ્યાં છે અને જ્ઞાન આપી રહ્યાં છે, તેવાં વિનય ગુણથી ઓપતાં, ઉત્તમ સાધક સર્વ ઉપાધ્યાય ભગવંતના દર્શન, વંદન, નમન, પૂજન, સન્માન, સત્કાર, બહુમાન આ સિદ્ધચક્ર યંત્ર દ્વારા કરતો થકો તેના ફળ સ્વરૂપ અજ્ઞાનનો નાશ, જ્ઞાનની પ્રાપ્તિ, વિનય ગુણની પ્રાપ્તિ, ઉત્તમ સાધકપદની પ્રાપ્તિને હું ઇચ્છું છું. મને તે પ્રાપ્ત થાઓ! પ્રાપ્ત થાઓ!

॥ ૐ **णमो उवज्झायाणं** ॥

દુર્જન એવો સજ્જન બનવા, શઠ એવો સાધુ બનવા, બાધક મટી સાધક થવા માટે આપ સાધુ ભગવંતો કે જેઓ અરિહન્ત અને સિદ્ધ બનવાના લક્ષ્યે, અરિહંત અને સિદ્ધની નિશ્રામાં, આચાર્ય અને ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ સાધના કરી રહ્યાં છો, સાધના કરનારાને સહાયક થઇ રહ્યાં છો, અને સાધનાનો આદર્શ આપી રહ્યાં છો, એવાં સર્વ સાધુ ભગવંતોનાં દર્શન, વંદન, નમન, પૂજન, સન્માન, સત્કાર, બહુમાન આ સિદ્ધચક્ર યંત્ર દ્વારા કરતો થકો તેના ફળ સ્વરૂપ દુર્જનતાનો નાશ, સજ્જનતા-સાધુતાની પ્રાપ્તિ, બાધકતાનો નાશ, સાધકતાની પ્રાપ્તિને હું ઇચ્છું છું! મને તે પ્રાપ્ત થાઓ! પ્રાપ્ત થાઓ!

॥ ૐ **णमो लोए सव्वसाहुणं** ॥

કેવલદર્શન કે જે મારા આત્માનો પરમ વિશુદ્ધ આત્મગુણ-સહજ શુદ્ધ સ્વરૂપ ગુણ છે તે કેવલદર્શનની પ્રાપ્તિ માટે હું દર્શનપદનાં દર્શન, વંદન, નમન, પૂજન, સન્માન, સત્કાર, બહુમાન આ સિદ્ધિચક્ર યંત્ર દ્વારા કરતો થકો તેના ફળ સ્વરૂપ કેવલદર્શનની પ્રાપ્તિને ઇચ્છું છું! મને તે પ્રાપ્ત થાઓ! પ્રાપ્ત થાઓ! જ્યાં સુધી કેવલદર્શન પ્રાપ્ત ન થાઓ ત્યાં સુધી કેવલદર્શનને આપનાર સમ્યગ્દર્શન અને તેને આપનાર સુદેવ, સુગુરુ, સુધર્મના સંયોગ, ભક્તિ અને શ્રદ્ધામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થાઓ.

॥ ૐ **णमो दंसणस्स** ॥

કેવલજ્ઞાન કે જે મારા આત્માનો પરમ વિશુદ્ધ આત્મ-ગુણ, સહજ શુદ્ધ સ્વરૂપગુણ છે તે કેવલજ્ઞાનની પ્રાપ્તિ માટે હું જ્ઞાનપદના દર્શન, વંદન, નમન, પૂજન, સન્માન, સત્કાર, બહુમાન આ સિદ્ધચક્ર યંત્ર દ્વારા કરતો થકો તેના ફળ સ્વરૂપ કેવલજ્ઞાનની પ્રાપ્તિને હું ઇચ્છું છું! મને તે પ્રાપ્ત થાઓ! પ્રાપ્ત થાઓ! જ્યાં સુધી કેવલજ્ઞાન પ્રાપ્ત ન થાઓ ત્યાં સુધી કેવલજ્ઞાનને આપનાર સમ્યગ્ જ્ઞાન નમસ્કાર મહામંત્રથી લઇ દ્વાદશાંગી સુધીનું ઉત્તરોત્તર પ્રાપ્ત થાઓ!

॥ ૐ **णमो नाणस्स** ॥

વીતરાગ સ્વરૂપ યથાખ્યાત ચારિત્ર એ મારા આત્માનો પરમ વિશુદ્ધ આત્મગુણ, સહજ શુદ્ધ સ્વરૂપ ગુણ છે, તે યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ માટે હું ચારિત્રપદના દર્શન, વંદન, નમન, પૂજન, સન્માન, સત્કાર, બહુમાન આ સિદ્ધચક્ર

યંત્ર દ્વારા કરતો થકો તેના ફળ સ્વરૂપ યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિને હું ઇચ્છું છું! મને તે પ્રાપ્ત થાઓ! પ્રાપ્ત થાઓ! જ્યાં સુધી યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ ન થાઓ ત્યાં સુધી સર્વવિરતિ ચારિત્ર, દેશવિરતિ સદ્‌વર્તન, સદાચારની મને પ્રાપ્તિ થાઓ!

ચારિત્રને સ્વરૂપ વેદનના અર્થમાં ઘટાવીએ તો તે અપેક્ષાએ નીચે મુજબની ભાવના પણ ભાવી શકાય.

આત્મસ્થિતતા, આત્મલીનતા, સ્વરૂપરમણતા, સહજાનંદાવસ્થા એ મારા આત્માનો પરમવિશુદ્ધ આત્મગુણ સહજ શુદ્ધ સ્વરૂપ ગુણ છે, તે સહજાનંદીતાની પ્રાપ્તિ માટે હું ચારિત્રપદના દર્શન, વંદન, નમન પૂજન, સન્માન, સત્કાર, બહુમાને આ સિદ્ધચક્રયંત્ર દ્વારા કરતો થકો તેના ફળ સ્વરૂપ આત્મસ્થિતતા, આત્મલીનતા, સ્વરૂપ રમણતા, સહજાનંદાવસ્થા ની પ્રાપ્તિને ઇચ્છું છું તે મને પ્રાપ્ત થાઓ! પ્રાપ્ત થાઓ! જ્યાં સુધી સ્વરૂપાવસ્થા, સહજાનંદાવસ્થાની પ્રાપ્તિ ન થાઓ ત્યાં સુધી સુખ અને દુઃખથી અલિપ્ત રહી જ્ઞાતા અને અજ્ઞાતાથી પર થઇ, સ્વમાં સ્થિર થઇ, સ્વરૂપમાં લીન રહી નિજાનંદની મસ્તી માણતો માણતો સહજાનંદી થાઉં!

॥ ૐ णमो चारित्तस्स ॥

નિરિહિતા, આત્મતૃપ્તતા, અણાહારિતા, વીતરાગતા, પૂર્ણકામ એ મારા આત્માનો પરમ વિશુદ્ધ આત્મગુણ છે, સહજ શુદ્ધ સ્વરૂપ ગુણ છે. તે નિરિહિતા, તૃપ્તતા, વીતરાગતા, પૂર્ણકામ અવસ્થાની પ્રાપ્તિ માટે તપપદનાં દર્શન, વંદન, નમન, પૂજન, સન્માન, સત્કાર, બહુમાન આ સિદ્ધચક્રયંત્ર દ્વારા કરતો થકો તેના ફળ સ્વરૂપ અણાહારિપદ વીતરાગતા, પૂર્ણકામને હું ઇચ્છું છું! મને તે પ્રાપ્ત થાઓ! પ્રાપ્ત થાઓ! જ્યાં સુધી વીતરાગતા, અણાહારિતા, પૂર્ણકામની પ્રાપ્તિ ન થાઓ ત્યાં સુધી સર્વ સંયોગો પ્રસંગો, અને પરિસ્થિતિમાં હું સદા સર્વદા સંતુષ્ટ રહું-સમભાવમાં વર્તું.

॥ ૐ णमो तवस्स ॥

નમસ્કાર મહામંત્રમાંના પંચ પરમેષ્ઠિ પદો તેઓના તથા-પ્રકારના ગુણોને અંગે, સ્વરૂપપદ, ધ્યાનપદ, સમાધિપદ, સમતાપદ, શાંત-પ્રશાંતપદ, યોગપદ, પવિત્રપદ, આનંદપદ આદિ છે. માટે પંચપરમેષ્ઠિ પદને તથા પ્રકારના ભાવથી ભાવવાથી તે પ્રકારના ભાવને પામી શકાય છે. માટે...

હે જીવ! જો તું તારા વિરૂપથી, વિભાવથી પીડાય છે તો તું પંચપરમેષ્ઠિપદને સ્વરૂપપદે ભાવશે તો તું સ્વરૂપને સ્વભાવ દશાને પામીશ

હે જીવ! તું અશાંત છો? તો પંચપરમેષ્ઠિપદને શાંત પ્રશાંત પદે ભાવીશ તો શાંત ઉપશાંત-પ્રશાંત ભાવને પામીશ.

હે જીવ! તું મમતાથી મુંઝાણો છો? તો આ પંચપરમેષ્ઠિ પદોને સમતાપદે ભાવીશ તો સમતા મેળવીશ.

હે જીવ! તું ભોગની ભૂતાવળથી છૂટવા ઇચ્છે છે? તો યોગની પ્રાપ્તિ થશે.

હે જીવ! તું ઉપાધિગ્રસ્ત છો? તો સમાધિપદે આ પંચપરમેષ્ઠિને જપીશ તો ઉપાધિ વચ્ચે પણ સમાધીમાં રહી શકીશ.

આમ આ પંચપરમેષ્ઠિપદ, – નમસ્કાર મહામંત્ર-સ્વરૂપમંત્ર-નવકારમંત્રનું દઢ ઇચ્છા શક્તિથી પૂર્ણ વિશ્વાસપૂર્વક સ્મરણ કરવામાં આવે તો તે તથાપ્રકારના ફળને આપનારા કલ્પતરુ એવો ચિંતામણિમંત્ર છે. સ્વરૂપનામ અને સ્વરૂપપદના જાપમંત્રને મેળવવા પુણ્યશાળી એવાં આપણે તે સ્વરૂપનામ-જાપ સ્મરણથી સ્વરૂપપદને પામવા ભાગ્યશાળી થઇએ એવી અભ્યર્થના!

અનાદિકાળથી સંસારી જીવ માત્ર મોહ અને અજ્ઞાનવશ મિથ્યાત્વ અવિરતિ અને કષાયની વૃત્તિ, પ્રવૃત્તિ કરે છે અને તેને અંગે ચાર ગતિમાં રખડે છે તેમાં નામકર્મના ઉદયને અંગે જે ગતિના અને ઇન્દ્રિયના ભેદે નામ ધરે છે તથા રથુલ વ્યવહારના અંગે જે નામકરણ કરવામાં આવે છે તે તો દશ્ય જગત ના વ્યવહારિક છે અને તે ફરતાં જ રહે છે.

પંચપરમેષ્ઠિના યથા નામો તથા ગુણો અનાદિ અનંત છે તે વિપરીત ભાવને પામતા નથી તેમ આપણા સંસાર ભાવે મોહ ભરત અને ચેષ્ટાએ અંદરની દશાએ પંચ પરમે પ્હેલાં નામોથી વિરુદ્ધ નામો સર્વ જીવને સરખાં લાગુ પડે છે એ જ જીવ માત્રના પાંચ નામ 'અરિહંતા, અસિદ્ધ, આચારભ્રષ્ટ, 'અભણ અજ્ઞાની અણુઝગમાર,' અને 'શઠ' છે આ જીવના સંસારભાવે કલંકિત નામો છે તેની જ સામે પંચ પરમેષ્ઠિના નામો આપણને આપણી સાચી દશાનું ભાન કરાવનારા છે અને સાચી દશામાં લાવનારા છે.

માટે વાચકો વિચારે કે આ પંચપરમેષ્ઠિ સ્વરૂપ મંત્રના નામો કયા સંપ્રદાયના? કોના ધર્મના? કયા વર્ણના? કઇ જાતિના? કયા દેશના? સ્વરૂપમંત્રને કહેનારા પાંચ શબ્દોના સ્મરણ અને રટણ વિના ત્રણે કાળમાં કયા ધર્મનો? કયા સંપ્રદાયનો? કયા વર્ણનો? કઇ જાતિનો? કયા દેશનો? કોના સંસારનો ઉદ્ધાર થઇ શકે?

સંકલન-સૂર્યવદના ઠાકોરદાસ ઝવેરી

સંઘ સમાચાર

શ્રી ધીરજલાલ ધનજીભાઈ પારિતોષિક

'પ્રબુદ્ધ જીવન'નાં વર્ષ દરમિયાન પ્રગટ થતાં લેખોમાં નિર્ણાયક સમિતિને જે લેખકનું યોગદાન શ્રેષ્ઠ જણાય તેમને રૂપિયા એક હજારનું પારિતોષિક આપવામાં આવે છે.

૧૯૮૬ના વર્ષ દરમિયાન આ પારિતોષિક પંડિતશ્રી પનાલાલ જગજીવનદાસ ગાંધીને તેમના ઉત્તમ લેખો બદલ આપવાનું નિર્ણાયક સમિતિએ ઠરાવ્યું હતું.

આ પારિતોષિક આપવાનો કાર્યક્રમ સંઘના કાર્યાલયમાં મંગળવાર, તા. ૧૭-૩-'૮૭ના રોજ કાર્યવાહક સમિતિની બેઠક દરમિયાન યોજવામાં આવ્યો હતો, અને પં. શ્રી પનાલાલ ગાંધીનું પુષ્પહારથી અભિવાદન કરીને રૂપિયા એક હજારનો ચેક તેમને અર્પણ કરવામાં આવ્યો હતો.

સન્માનના પ્રત્યુત્તરમાં શ્રી પનાલાલ ગાંધીએ જણાવ્યું હતું કે 'પોતે જે કંઇ લખે છે અને સંઘના કાર્યાલયમાં અધ્યાત્મના વર્ગો ચલાવે છે તે માટે માન-સન્માન કે પારિતોષિકની કોઇ અપેક્ષા રાખી નથી.' અને એમણે પોતાને મળેલી પારિતોષિકની રકમમાં બીજા રૂ. ૧૦૦૦/-પોતાના તરફથી ઉમેરી સંઘને રૂ. ૨૦૦૦/-ની ભેટ 'શ્રમ મંદિર'ના પ્રોજેક્ટ માટે આપી હતી.

શ્રી પનાભાઇ ગાંધીના આવા ઉદાર અને અનુકરણીય સત્કૃત્ય માટે અમે તેમના અત્યંત ઋણી છીએ. –મંત્રીઓ

કેવળજ્ઞાન (તાત્ત્વિક–વિચારણા)

ઉષાબહેન જે. મહેતા

કેવળ એટલે માત્ર ફક્ત એક જ–એટલે અજ્ઞાનનો સર્વથા અભાવ એનું નામ કેવળજ્ઞાન. કેવળજ્ઞાનની વ્યાખ્યા જૈન શાસ્ત્રોમાં આ પ્રમાણે કરેલ છે, 'લોકાલોકની અંદર રહેલાં રૂપી–અરૂપી સર્વ દ્રવ્યોને તથા તેના અતીત, અનાગત અને વર્તમાનકાળના સર્વ પર્યાયોને એક સમયે જાણે તેને કેવળજ્ઞાન કહેવાય છે.' કેવળજ્ઞાન પક્ષેત્રે પ્રકાશક જ્ઞાનમય છે અને સ્વક્ષેત્રે આનંદવેદન છે. કેવળજ્ઞાનમાં સર્વ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી અનંત જ્ઞાનનો પ્રકાશ થાય છે.

જ્ઞાનાવરણીય કર્મ સાથે મોહનીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મ પણ નષ્ટ પામે છે. આમ જેમના ચાર ઘાતી કર્મો ક્ષય થયાં છે તેને જૈન-દર્શન 'કેવળી' નામથી ઓળખે છે. જેનાં આઠ કર્મોનો ક્ષય થયો છે તેને સિદ્ધ કહેવાય છે.

કેવળજ્ઞાન આત્માની શક્તિ છે, નિરાવરણ અવસ્થા છે, તેની આ અવસ્થામાં જ્ઞાનનાં તમામ આવરણ દૂર થઈ જાય છે. અને પૂર્ણ ચેતના–અખંડ ચેતનાનો ઉદય થાય છે અને કેવળ જાણવાની દિશામાં એવી અતીન્દ્રિય ભૂમિકા પર પહોંચી જાય છે કે જ્યાં જાણવાવાળો પણ નથી રહેતો, જાણવા જેવી કોઈ વસ્તુ બાકી નથી રહેતી, ફક્ત 'જાણવું' એ જ રહી જાય છે, 'કેવળજ્ઞાન' તેને જ કહે છે.

સત્ય ફક્ત એક જ છે કે સ્વયંથી અતિરિક્ત આ વિશ્વમાં કંઈ મેળવવાનું છે જ નહિ તે 'જાણતા હોવા' છતાં આપણે ત્યાં પહોંચી નથી શકતા કારણ? ભગવાન મહાવીર આનો જવાબ આપતાં કહે છે કે આ જીવ હજી સમજ્યો નથી કે આપણા દુઃખનો પ્રારંભ જ્યારે આપણાથી વિભિન્ન વ્યક્તિ કે પદાર્થ જોડે સંબંધ બંધાય છે ત્યારે થાય છે, કારણ કે ગમે તેટલું ઇચ્છીએ તો પણ જે 'હું' નથી તેને આપણે એક દિવસ ખોવાનાં જ છીએ મૃત્યુ પણ જેને છીનવી નથી શકતું તે 'મારું' છે ગમે તેટલો અંધકાર જેને મિટાવી ન શકે તે મારો પ્રકાશ છે અને આ પ્રકાશ આપણે બહારની વસ્તુ અને વ્યક્તિમાં શોધીએ છીએ; નથી શોધતાં આપણે ફક્ત સ્વયંમાં અને તેથી આપણી આ દોડ પૂરી જ નથી થતી. ભગવાનની આ ઘોષણા કાલ્પનિક તર્ક નથી, નથી એ માત્ર દાર્શનિક વક્તવ્ય, પરંતુ તે સ્વયં અનુભૂતિ છે, તેથી જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવું એ જૈનદર્શનનું જ્ઞાનોપાર્જનનું અંતિમ લક્ષ્ય છે, કારણ– यो वै भूमा : तत्सुरणा : । જે ખરેખર પૂર્ણ છે તે જ સુખ છે. જીવ જ્યાં સુધી સ્વરૂપ પૂર્ણતાને ન પામે ત્યાં સુધી પૂર્ણ સુખી નથી. એ પૂર્ણતાને પામવાનાં પુરુષાર્થને જૈનદર્શનમાં ઘણું મહત્ત્વ આપેલું છે.

આ પુરુષાર્થને જૈનધર્મમાં શા માટે અગ્રતમ સ્થાન આપવામાં આવ્યું છે તે જાણવા માટે આપણે ટૂંકમાં બીજાં ધર્મો કરતાં જૈનધર્મ આત્માનાં સ્વરૂપની બાબતમાં કેવી રીતે જુદું પડે છે તે જોઈએ, તેમ જ આત્માનાં ભાવને કેવી રીતે ઉચ્ચતમ સ્થાને પહોંચાડીને 'કેવળજ્ઞાન' પ્રાપ્ત કરી શકાય છે તે ટૂંકમાં અવલોકીએ.

આત્માનાં સ્વરૂપની બાબતમાં જૈનદર્શનને અન્ય દર્શનથી જુદું પાડતાં ઉમાસ્વાતિએ તત્ત્વાર્થાધીગમસૂત્રમાં આ પ્રમાણે બતાવેલ છે.

૧) સાંખ્ય અને વેદાંતદર્શન આત્માને કૂટસ્થનિત્ય માને છે એટલે કે ગમે તેટલાં ભવોમાં પડે છતાં જેમ એરણ સ્થિર રહે છે તેમ આત્માને દેશ–કાળ આદિની અસર થતી નથી આત્મામાં કોઈ જાતના પરિણામ માનતા નથી. જ્ઞાન-સુખ-દુઃખ આદિ પરિણામોને તેઓ પ્રકૃતિના જ માને છે જ્યારે જૈનદર્શનનું કહેવું છે કે પ્રાકૃતિક-જડ–પદાર્થોમાં કૂટસ્થનિત્યતા નથી એટલે આત્માને નિરાવરણ કરવામાં તેઓ માનતા નથી.

૨) વૈશેષિક અને નૈયાયિક દર્શન જ્ઞાન આદિને આત્માનો ગુણ માને છે ખરાં પણ તેઓ આત્માને એકાંત નિત્ય અપરિણામી માને છે. એટલે કે મૂળ વસ્તુ ત્રણેય કાળમાં સ્થિર રહ્યાં છતાં દેશ, કાળ આદિ નિમિત્ત પ્રમાણે ફેરફાર પામ્યાં કરે છે તેથી જ જ્ઞાન, સુખ, દુઃખ આદિ પર્યાયો આત્માના સમજવાં જોઈએ એમ માને છે.

(૩) બૌદ્ધ દર્શન પ્રમાણે આત્મા એકાંત ક્ષણિક અર્થાત્ નિરન્વયપરિણામોનો પ્રવાહ છે એટલે કે ભિન્ન ભિન્ન ક્ષણોમાં સુખદુઃખ ઓછુંવત્તું–ભિન્ન વિષયનું જ્ઞાન આદિ જે પરિણામો અનુભવાય છે તે પરિણામો માત્ર માનવા અને તે બધાં વચ્ચે અખંડ સૂત્રરૂપ કોઈ સ્થિર તત્ત્વનું ન હોવું તેને નિરન્વયપરિણામોનો પ્રવાહ કહે છે જ્યારે જૈનદર્શનનું કહેવું છે કે આત્મા એકાંત ક્ષણિકતા નથી

આત્માના બધા પર્યાયો એક જ અવસ્થાવાળા નથી હોતાં. કેટલાંક પર્યાયો કોઈ એક અવસ્થાવાળાં તો બીજાં કેટલાંક બીજી કોઈ અવસ્થામાં હોય છે પર્યાયોની ભિન્ન ભિન્ન અવસ્થાને ભાવ કહેવાય છે. તે પાંચ ભાવોનાં નામ આ પ્રમાણે છે.

૧) ઔપશમિક ૨) ક્ષાયિક ૩) ક્ષાયોપશમિક ૪) ઔદયિક ૫) પારિણામિક

આ પાંચ ભાવો આત્માનું સ્વરૂપ છે અર્થાત્ સંસારી કે મુક્ત કોઈપણ આત્મા હોય એના સર્વ પર્યાયો ઉક્ત પાંચ ભાવમાંથી કોઈ ભાવવાળાં અવશ્ય હોવાના, સમસ્ત મુક્ત જીવોમાં ફક્ત બે ભાવ હોય છે: ક્ષાયિક અને પારિણામિક. સંસારીનાં પર્યાયો ત્રણેથી પાંચ ભાવોને જીવનું સ્વરૂપ કહ્યાં છે.

આત્માનાં આ ભાવોને પોતાના પુરુષાર્થથી ઉચ્ચતમ સ્થાને પહોંચાડીને જીવ ક્ષાયિક અને પારિણામિક ભાવમાં વિહરે છે, અને એ જ ભાવ જીવને કેવળજ્ઞાન અપાવીને મોક્ષગતિને પ્રાપ્ત કરાવે છે.

આમ પુરુષાર્થથી મનુષ્ય તેરમે ગુણસ્થાનકે પહોંચે છે ત્યારે કેવળજ્ઞાન થાય છે, ત્યાં શુકલધ્યાનનાં બીજાં ભેદનાં પ્રભાવથી સર્વ જ્ઞાનાવરણીય કર્મનો નાશ થાય છે. એક વખત પ્રકાશ થયાં પછી તે મલિન થતું નથી, કારણ કેવળજ્ઞાન એ સ્વરૂપની પૂર્ણતા છે.

આમ કેવળજ્ઞાન એટલે એક શુદ્ધ, પરિપૂર્ણ અસાધારણ અને અનંત એવું જ્ઞાન કેવળ એટલે ૧) ઇન્દ્રિય આદિની સહાયથી ઉત્પન્ન થતાં છદ્મસ્થ અવસ્થાનાં મતિ-શ્રુત આદિ જ્ઞાનની ગેરહાજરી થવાથી માત્ર એક.

૨) આવરણ કરનાર સર્વ મલનો નાશ થયા બાદ ઉત્પન્ન

ચતું હોવાથી શુદ્ધ.

૩) ઉત્પત્તિ કાલથી જ સર્વ જ્ઞેય પદાર્થોને જણાવનાર હોવાથી પરિપૂર્ણ.

૪) બીજાં જ્ઞાનો તેનાં સમાન ન હોવાથી અસાધારણ.

૫) કાલ સ્થિતિની અપેક્ષાએ અંતરહિત હોવાથી અનંત.

કેવળજ્ઞાન સાથે જૈનદર્શન બીજાં ચાર જ્ઞાનની પણ ચર્ચા કરે છે.

ઉમાસ્વાતિએ તત્ત્વાર્થ તત્ત્વાર્થાધીગમસૂત્રમાં જ્ઞાનના મુખ્ય પાંચ પ્રકાર બતાવ્યાં છે. (૧)મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યયજ્ઞાન (૫) કેવળજ્ઞાન આમ જુઓ તો જ્ઞાન એક જ છે પણ જ્ઞાનાવરણીય કર્મનાં ક્ષયોપશમ કે ક્ષય અનુસાર જ્ઞાનનાં પાંચ ભેદ પડે છે. મતિ તથા શ્રુતજ્ઞાન ઇંદ્રિય તથા મનની મદદથી ઉત્પન્ન થાય છે તેથી પરોક્ષજ્ઞાન કહેવાય છે. બાકી ત્રણ જ્ઞાન આત્માની યોગ્યતાથી થાય છે તેથી પ્રત્યક્ષ છે વધુ વિસ્તારથી તેને જોઇએ.

મતિજ્ઞાન–જે જ્ઞાન વર્તમાન વિષયક હોય અને પાંચ ઇન્દ્રિયા તથા છઠ્ઠું મન એનાં વડે જે જ્ઞાન તેને મતિજ્ઞાન કહેવાય છે. જેટલો મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ થાય છે. તેટલી જ વિશેષ મતિજ્ઞાનની શક્તિ પ્રગટ થાય છે.

શ્રુતજ્ઞાન :– આ જ્ઞાન, અતીત, વિદ્યમાન તથા ભાવિ એ ત્રૈકાલિક વિષયોમાં પ્રવૃત્ત થાય છે. મતિજ્ઞાનમાં શબ્દોલ્લેખ નથી હોતો અને શ્રુતજ્ઞાનમાં હોય છે

મતિ અને શ્રુતજ્ઞાત દ્વારા રૂપી અરૂપી બધાં દ્રવ્યો જાણી શકાય છે. પરંતુ મતિજ્ઞાનથી તેનાં બધાં પર્યાયો જાણી નથી શકાતા અર્થાત્ મતિજ્ઞાન એ પારેમિત પદાર્થોથી મુકત સર્વ દ્રવ્યોમાં હોય છે. જ્યારે શ્રુતજ્ઞાન ત્રિકાળગ્રાહી હોવાથી ત્રણે કાળનાં પર્યાયોને જાણી શકે છે. પરંતુ પ્રત્યક્ષ જોઇ શકે નહિં તેમાં પણ બધાં પર્યાયો નથી જાણી શકાતા તેથી આ જ્ઞાન પૂર્ણ નથી.

અવધિજ્ઞાન :– મર્યાદાને વિષે રહેલ જે રૂપી દ્રવ્ય છે તેને ઇંદ્રિયોની અપેક્ષા વિના જે જ્ઞાન થાય તેને અવધિજ્ઞાન કહેવાય છે. અવધિ એટલે મર્યાદા. દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવની મર્યાદામાં રહેલાં પુદ્ગલોનું અથવા પુદ્ગલ સહિત અશુદ્ધ જીવોનું વર્ણન જાણવું તે આ જ્ઞાનનું કામ છે. આત્મા પોતે જ જાણે છે. પરમ પ્રકર્ષને પહોંચેલા અવધિજ્ઞાની પરમાવધિજ્ઞાની કહેવાય છે. પરમાવધિજ્ઞાનીને આ લોકમાં પણ લોકપ્રમાણ અસંખ્યાત્ ખંડોને જોવાનું સામર્થ્ય છે. આ સામર્થ્ય હોવા છતાં પણ તે ફકત દ્રવ્યોનો જ સાક્ષાત્કાર કરી શકે છે. તેમાં પણ તે મૂર્ત દ્રવ્યોનો જ સાક્ષાત્કાર કરી શકે છે. તેમાં પણ તે મૂર્ત દ્રવ્યોના ત્રિકાલિત સર્વ પર્યાયોને જાણી નથી શકતા, તેથી આ જ્ઞાન પણ અપૂર્ણ છે.

મનઃપર્યવજ્ઞાન :– અઢિ દ્વિપની અંદર રહેલ પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોનાં મનોગત ભાવોને જાણનારું જ્ઞાન તે મનઃપર્યવજ્ઞાન કહેવાય છે. મનમાં પર્યાય એટલે ધર્મો. તેનું જ્ઞાન તે મનઃપર્યવજ્ઞાન. મનમાં પુદ્ગલ કે જીવ સબંધી શું શું વિચાર ચાલી રહ્યા છે અથવા કયા કયા વિચાર થઇ ચૂકયા છે અથવા કયા કયા વિચાર થશે એ સર્વેને જાણી શકે તેને મનઃપર્યવજ્ઞાની કહેવાય છે. કાળની અપેક્ષા એ મનઃપર્યવી પલ્યોપમના અસંખ્યાતમાં ભાગનું ભૂત અને ભવિષ્યનું જાણી શકે. તેઓ મનમાં અનંતા પર્યાયો જાણે છે. તથા દ્રવ્યમન વડે જાણેલાં બાહ્ય ઘટાદિ પદાર્થોને અનુમાનથી જાણે છે.

મનઃપર્યવજ્ઞાની પણ અવધિજ્ઞાનીની જેમ પુદ્ગલમય મૂર્ત દ્રવ્યોનો જ સાક્ષાત્કાર કરે છે પરંતુ તેને ક્ષેત્રની મર્યાદા હોય છે. કારણ કે અવધિજ્ઞાન દ્વારા સર્વ પ્રકારના પુદ્ગલ દ્રવ્ય ગ્રહણ કરી શકાય છે જ્યારે મનઃપર્યવી મનરૂપ બનેલા પુદ્ગલોને જ ગ્રહણ કરે છે અને તે પણ અઢિ દ્વિપમાં જ એટલે કે માનુષોત્તર ક્ષેત્રમાં જ મર્યાદિત છે પણ ક્ષેત્રની દ્રષ્ટિએ બહારનાં પ્રાણીઓનાં ચિંતિત અર્થને જાણી શકાતું નથી. આમ હોવા છતાં મનપર્યવીનો વિષય અવધિજ્ઞાન કરતાં સૂક્ષ્મ છે તેથી જ તે ક્ષમાદિ વિશિષ્ટ ગુણોથી અપ્રમત્ત ચારિત્રવાળાને જ આ જ્ઞાન થાય, બીજાને નહિ.

મનઃપર્યવજ્ઞાની આત્મા દ્વારા જાણી શકે, મનોવર્ગણાનાં પુદ્ગલો જોઇને મનમાં વિચારો કરે એ અપેક્ષાએ એને અનુમાનપ્રમાણ કહેવાય, જ્યારે કેવળીભગવંતો મતિજ્ઞાનનાં ચૈતન્યભાવોને પ્રત્યક્ષ જાણે. આમ આ ચારે જ્ઞાન અપૂર્ણ છે. તો પૂર્ણ કયારે બને.

આપણી પાસે જે જ્ઞાન છે તે વિચારતત્ત્વરૂપ મતિજ્ઞાન છે. તેમાં રાગાદિ-મોહાદિ ભાવોનો વાસ છે તે વિકારનાં ભાવોનો નાશ થાય એટલે મતિજ્ઞાન વિકારી મટીને અવિકારી બને. રાગદ્વેષનાં નાશથી વીતરાગતા પ્રાપ્ત થાય. આ પ્રમાણે મતિજ્ઞાનનાં બે ભેદ પાડી શકાય ૧) વિકારી ૨) અવિકારી.

વિકારીમાં જીવ ક્રમથી જાણે જ્યારે અવિકારીમાં જીવ અક્રમથી જાણે અવિકારી મતિજ્ઞાનને નિર્વિકલ્પક જ્ઞાન પણ કહેવાય છે તેનાં પણ બે ભેદ પડે છે.

(૧) અવિકારી નિર્વિકલ્પકતા એટલે કેવળ જ્ઞાન.

(૨) વિકારી નિર્વિકલ્પકતા.

અવિકારી નિર્વિકલ્પકતા એટલે વીતરાગતા આવે અને કેવળજ્ઞાન થાય. કેવળજ્ઞાનનું ઉત્પાપન ન થાય, તેથી તેને પરમાર્થિક નિર્વિકલ્પકતા પણ કહેવાય છે.

આમ દ્રવ્ય મન વડે મનઃપર્યવ પછી ઉદ્દેશ-શુદ્ધિ અને લાભ વડે સર્વ આવરણનો ક્ષય થયે સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિ થવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. આ કેવળજ્ઞાન જીવાદિ સર્વ દ્રવ્યોનાં પ્રયોગ-સ્વભાવ અને તે બન્ને પ્રકારે પણ થતાં પરિણામ ઉત્પાતાદિ સર્વ પર્યાયો, તેની સત્તાને વિશેષ પ્રકારે જાણનાર છે. વળી ભેદ વિનાનું છતાં પણ સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ અને ભાવનાં અસ્તિત્વને જણાવનાર છે, જાણવાયોગ્ય અનંત વિષય હોવાથી તેમજ અનંત પર્યાયોવાળુ હોવાથી કેવળજ્ઞાન અનંત છે. નિરંતર ઉપયોગવાળુ હોવાથી શાશ્વતુ છે. નાશ નહિ પામતું હોવાથી અવ્યય છે અપ્રતિપાતિ છે.

આવું અનુપમ, અલૌકિક, અવર્ણનીય એવું જ્ઞાન ક્ષપક-શ્રેણીને અંતે પ્રાપ્ત થાય છે. આવું કેવળજ્ઞાન પ્રાપ્ત કરનારાં અનેક છે તેનાં ભેદ નીચે પ્રમાણે છે.

૧) તીર્થંકર કેવળી–ચોવીસ તીર્થંકર ભગવાન.

૨) સામાન્ય કેવળી–હજારો લાખો વર્તમાનમાં સીમંધર સ્વામિને દશ લાખ કેવળી છે.

૩) મૂક કેવળી–કેવળજ્ઞાન થયા પછી ઉપદેશ ન આપે.

૪) અશ્રુત્વા કેવળી–ઉપદેશ સાંભળ્યા વિના કેવળી થાય.

૫) અંતઃકૃત્ત કેવળી–કેવળજ્ઞાન થયા પછી અંતમુહૂર્તમાં મોક્ષ થાય. દા. ત. મરૂદેવી માતા. કેવળજ્ઞાન કયારે થાય તે વિચારીએ.

(૧) અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનનાં ઉપયોગ વખતે ક્ષપકશ્રેણી ન મંડાય તેથી કેવળજ્ઞાન મતિજ્ઞાનનાં ઉપયોગમાં જ થાય.

(૨) કેવળજ્ઞાન માટે વજ્રઋષભનારાચ સંઘયણ તેમજ મનુષ્ય ગતિ જ જોઇએ.

(૩) કેવળી ભગવંતની ઊંચાઇ પોતાનાં આઠ હાથની અવગાહથી વધારે હોવી જોઇએ.

(૪) કેવળજ્ઞાન કોઇની જોડે વાત કરતાં ન થાય.

(૫) સંભોગ આસને કેવળજ્ઞાન ન થાય.

(૬) વીર્યાંતરના લબ્ધિ વખતે કેવળજ્ઞાન ન થાય.

(૭) શ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાન ન થાય.

કેવળજ્ઞાન પ્રથમ મનુષ્યગતિ અને સિદ્ધિગતિમાં જ હોય છે. ઇંદ્રિયદ્વારમાં (નામકર્મરૂપી મનુષ્યગતિમાં) અતીન્દ્રિયને હોય છે કાયદ્વારમાં ત્રસકાય અને અકાયમાં હોય છે. યોગદ્વારમાં સયોગી અને અયોગીને હોય છે. વેદદ્વારમાં અવેદીને હોય છે (અહીં વેદ શબ્દ મોહનીય કર્મનાં રાગાદિ-મોહાદિ; ભાવો લેવાનાં છે) કષાયદ્વારમાં અકષાયીને હોય છે. લેશ્યાદ્વારમાં સલેશી અને અલેશીને હોય છે. સમ્યક્ત્વદ્વારમાં સમ્યક્ત્વદૃષ્ટિને હોય છે. જ્ઞાનદ્વારમાં કેવળીને હોય છે. દર્શનદ્વારમાં કેવળદર્શનવાળાને હોય છે. આહારકદ્વારમાં આહારી અને અનાહારી (સિદ્ધો) બન્નેમાં હોય છે. ઉપયોગદ્વારમાં સાકાર અને અનાકાર બન્ને ઉપયોગમાં હોય છે. ભાષકદ્વારમાં વક્તા અને અવક્તા ઉભયમાં સૂક્ષ્મદ્વારમાં બાદરને અને નોબાદરમાં સૂક્ષ્મને હોય છે. સંજ્ઞીદ્વારમાં નોસંજ્ઞીનોઅસંજ્ઞીને હોય છે. ભવ્યદ્વારમાં ભવ્યને અને નોભવ્યોઅભવ્યને હોય છે. ચરમદ્વારમાં ચરમ એટલે ભવસ્થ કેવળીને હોય છે. અને નોચરમનોઅચરમ એટલે સિદ્ધને કેવળજ્ઞાન હોય છે.

કેવળજ્ઞાન થયાં પછી પણ કેવળીને લોમાહાર અને શ્વાસોચ્છવાસનો આહાર અવશ્ય લેવો પડે છે કારણ કે હજુ દેહ છે.

કેવળજ્ઞાન ત્રણ ભેદે અભેદ છે.

૧ સજાતિય-અભેદતા :-

જીવમાત્રને પરમાત્મસ્વરૂપે જુએ તેને સજાતિય અભેદતા કહેવાય છે.

૨ વિજાતિય-અભેદતા :-

તેને કહેવાય કે જેટલાં જ્ઞેય પદાર્થો જોડે જ્ઞેય-જ્ઞાનનો સંબંધ હોય તેની જોડે નિર્દોષ સંબંધ કરીને અભેદતા કરે.

૩ સ્વાગત-અભેદ :-

કેવળી ભગવંતોનાં એક પ્રદેશમાં ત્રણે કાળનું જગત સમાઇ જાય તેમનાં, અંગૂઠામાં કે મસ્તકમાં બન્ને આત્મપ્રદેશમાં એક જ સરખું વેદન હોય. આપણે ભિન્ન ભિન્ન આત્મ વેદન પ્રદેશોમાં ભિન્ન ભિન્ન હોય છે, જેવાં કે અંગુઠામાં ફક્ત સ્પર્શેન્દ્રિયનું જ વેદન છે, પ્રત્યેક આત્મપ્રદેશ નિરાવરણ થયાં પછી એક જ શક્તિ અને એક જ ગુણવાળાં થાય તેને સ્વાગત અભેદતા કહેવાય છે.

કેવળી ભગવંતો લોક આખાને જાણે છે અને દેખે છે. એટલે કે અઢિ દ્વિપ, સાત-નારકી, બાર દેવલોક અને અસંખ્ય દ્વિપસમુદ્રો તથા મુક્તિશીલા આવેલાં છે. તેને અત્રિાને કેવળી જાણે છે અને દેખે છે.

કેવળી ભગવંતો અલોકને જાણે છે ચૌદ રાજલોકનો સમાવેશ થયાં પછી અનંતગણો મોટો ગોમેર અલોક આવે છે. એમાં ૬ દ્રવ્ય વૈકી આકાશ એક જ દ્રવ્ય હોય છે. તે ઘણો મોટો પ્રદેશ છે. તે કેવળી જાણે છે.

આવી રીતે કેવળજ્ઞાની સર્વ ક્ષેત્રને, સર્વ કાળને અને સર્વ વસ્તુનાં દ્રવ્ય, ગુણ અને પર્યાયોને સર્વપ્રકારે દેખે છે અને વિગતવાર જાણે છે. આમ કેવળજ્ઞાનીને એક સમય, એક પરમાણુ અને એક પ્રદેશનું યથાર્થ દર્શન થાય છે (સામાન્યપણે સંસારી જીવોનો ઉપયોગ અસંખ્યાત્ સમયવર્તી છે. તે ઉપયોગનું એક સમયવર્તીપણું કષાયાદિના અભાવે થાય છે. જ્યાં કષાયનો સર્વથા અભાવ હોય ત્યાં કેવળજ્ઞાન થાય.)

આ દર્શન જેનાં ચાર ઘાતી કર્મો નાશ પામ્યાં છે તેને થાય છે. ચાર અઘાતી કર્મોને આયુષ્ય હોય ત્યાં સુધી ભોગવે છે. વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર-એ ચારે અઘાતી કર્મો ભવોપગ્રાહી કહેવાય છે.

જે ભવમાં કેવળજ્ઞાન થાય તે છેલ્લો ભવ હોય છે. છેલ્લા ભવનું આયુષ્ય નિરૂપક્રમી હોવાથી તેનાથી જુદું નહિ તેવું તે આયુ હોય છે. તેમની સાથે વેદનીય કર્મ, નામકર્મ અને ગોત્રકર્મ પણ હોય છે.

કેવળજ્ઞાન પામ્યા પછી જ મોક્ષની પ્રાપ્તિ છે. કેવળી ભગવંતો મોક્ષપ્રાપ્તિ પહેલાં સંપૂર્ણ કર્મક્ષય માટે તથા નવા કર્મ ન બંધાય તે માટે દેહ અને આત્માનો જે બે મહત્ત્વની ક્રિયા કરે છે તે અનુક્રમે સમુદ્‌ઘાત અને શૈલેશીકરણ છે.

કેવળજ્ઞાન પ્રાપ્ત થયાં પછી કેવળી ભગવંતોને જ્યાં સુધી શરીર છે, ત્યાં સુધી ચાર અઘાતીકર્મો ભોગવવાનાં રહે. પરંતુ એમાં આયુષ્યનાં સમય કરતાં બાકીનાં ત્રણે કર્મોનો કાળ જો વધુ હોય તો તે એકસરખો કરવા માટે કેવળી ભગવંતો સમુદ્‌ઘાત નામની ક્રિયા કરે છે. જેથી આયુષ્યકાળ ૬ મહિના કે તેથી ઓછો રહે ત્યારે તેઓ સમુદ્‌ઘાત કરીને ચાર અઘાતિ કર્મોમાં આયુષ્ય કર્મના સ્થિતિ અને કાળ પ્રમાણે સમ કરી લે છે.

કેવળી સમુદ્‌ઘાત આજ 'સમય'માં કરવામાં આવે છે. સમય એટલે જૈન પારિભાષા પ્રમાણે કાળનું સૂક્ષ્મતમ એકમ-આંખના પલકારા જેટલાં કાળમાં અસંખ્ય સમય વીતી જાય છે. સમુદ્‌ઘાતમાં દંડ, કપાટ (કમાટ), પ્રતર (મંથાન) અને લોકપૂરણ (આંતરા) એ નામની ચાર ક્રિયા કરવામાં આવે છે. આ ક્રિયા માટે કેવળી ભગવંતો શરીરમાં રહેલાં પોતાનાં આત્મપ્રદેશોને શરીરની બહાર ફેલાવે છે. પ્રથમ સમયે તેઓ દંડ કરે છે, એટલે કે પોતાનાં આત્મપ્રદેશોને ચૌદ રાજલોકમાં લોકાન્તપર્યંત ઉપર નીચે એટલે કે ઉર્ધ્વ-શ્રેણીએ અને અધો શ્રેણીએ ગોઠવે છે. તેથી દંડ કે સ્તંભ જેવી આકૃતિ થાય છે. ત્યાર પછી બીજા સમયે દંડરૂપે બનેલાં આત્મપ્રદેશોને દંડની બન્ને બાજુએ લોકાન્ત સુધી વિસ્તારે છે, એટલે કે રવૈયા જેવી થાય છે ત્યાર પછી ચોથા સમયે બાકી રહેલાં આંતરાઓમાં પોતાના આત્મપ્રદેશોને ફેલાવીને લોકપૂરણની ક્રિયા કરે છે. આ રીતે ચાર સમયમાં કેવળી ભગવંતનો આત્મા ચૌદ રાજલોકમાં સમગ્ર વિશ્વમાં વ્યાપી રહે છે દરેક આકાશ પ્રદેશ ઉપર એકેક આત્મપ્રદેશને ગોઠવી તેઓ કાર્મણ વર્ગણાના વધારાના પુદ્‌ગલોને, વેદનીય અને નામ એ ત્રણે કર્મોની સ્થિતિ આયુષ્ય કર્મની, સ્થિતિ જેટલી થઇ જાય છે ત્યાર પછી કેવળી ભગવંતો આત્મપ્રદેશોને સંકોચવાની ક્રિયા કરે છે હવે એનો ક્રમ ઊલટો છે. પાંચમાં, છઠ્ઠા, સાતમા અને આઠમા સમયે અનુક્રમે લોકપૂરણ, મંથાન, કપાટ અને દંડને તેઓ સંકેલી લે છે. એમનો આત્મા હવે ફરીથી શરીર પ્રમાણ થઇ જાય છે.

શૈલેશીકરણની ક્રિયા બધાં જ કેવળીભગવંતો કરે છે. યોગનિરોધક દ્વારા શૈલેશીકરણ થાય છે. જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી સ્થૂલ કે સૂક્ષ્મ યોગ છે, જ્યાં સુધી યોગ છે, ત્યાં સુધી શરીરનાં આત્મપ્રદેશો કંપાયમાન રહે. નવું અઘાતીકર્મ ન બંધાય તે માટે આત્મપ્રદેશોને શૈલેષની જેમ-મેરુ પર્વતની જેમ અપ્રક

કરવા જોઇએ. એ માટે મનવચનકાયાનાં યોગનો વિરોધ કરવો જોઇએ. એ માટે મન-વચન-કાયાના યોગનો નિરોધ કરવો જોઇએ કેવળી ભગવંતો જીવનની અંતિમ ક્ષણે બધા યોગોનો વિરોધ કરી લેશ્યારહિત બની દેહ છોડી મુક્ત બને છે- મોક્ષ પામે છે, એટલે ઉર્ધ્વગતિએ લોકનાં અગ્રભાગે ચરમ-શરીરથી એક તૃતિયાંશ ઓછું આત્મ-પ્રદેશનું કદ થઇ લોકનાં અગ્રભાગે સ્થિર થાય છે.

આમ બધાં જ્ઞાનનો આધાર કેવળજ્ઞાન છે અને જેમ આકાશ પોતામાં બધાંને સમાવે છે, તેમ-ચિદાકાશરૂપ કેવળ-જ્ઞાનમાં અસીમ એવું આકાશ તથા અનાદિ અનંત એવો ક્ષણ ક્ષણનો કાળપ્રવાહને યુગપદ સમાય છે તેથી મહત્તો મહાન છે. તેથી જ જૈનદર્શનને કેવળજ્ઞાન એક આગવું સ્થાન આપે છે. આપણે બધાંએ તેથી જ કેવળી ભગવંતોને શરણે જવાનું છે.

કેવળી પન્નતો ધમ્મો શરણમ્ પવજ્જામિ

(આઠમા જૈન સાહિત્ય સમારોહમાં રજુ થયેલ નિબંધ)

આઠમો જૈન સાહિત્ય સમારોહ

અહેવાલ : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

પૂર્વભૂમિકા : સમેતશિખર એટલે જૈનોની મહાન, પવિત્ર તીર્થભૂમિ આ પર્વત ઉપર જૈનોના વર્તમાન ચોવીશીના ચોવીશ તીર્થંકરોમાંથી વીસ તીર્થંકરો નિર્વાણ પામ્યા હતા. આ ભૂમિમાં એવું તે શું હશે કે વિચરતાં વિચરતાં નિર્વાણ માટે આ પર્વત પર આવવાનું વીશ જેટલા તીર્થંકર પરમાત્માઓએ નક્કી કર્યું હશે. આ ભૂમિનું જ કોઇ અદ્‌ભુત માહાત્મ્ય છે. આવા અત્યંત મહિમાશીલ, તરણતારણ શ્રી સમેતશિખરજી મહાતીર્થમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે અને રવિ ટુર (મુંબઇ) વાળા શ્રી શાંતિલાલ ગડાનાં માતુશ્રી કુંતાબહેન કાનજી રાયશી મહાની સ્મૃતિમાં તેમના આર્થિક સહયોગથી તા. ૧, ૨, ૩, માર્ચ, ૧૯૮૭ના રોજ આઠમા જૈન સાહિત્ય સમારોહનું આયોજન થયું હતું.

આજથી લગભગ બે વર્ષ પહેલાં સમેતશિખરજી તીર્થ મધ્યે અચલગચ્છના પૂજ્ય ગણિવર્ય શ્રી કલાપ્રભસાગરજી મહારાજ સાહેબની નિશ્રામાં એક વિદ્વદ્ પરિષદનું આયોજન થયું હતું તેમાં ભાગ લેવા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી અને જૈન સાહિત્ય સમારોહના સંયોજક ડો. રમણલાલ ચી. શાહ, જાણીતા લેખક અને એડવોકેટ શ્રી નેમચંદ ગાલા વગેરે વિદ્વાનો તથા અતિથિવિશેષ તરીકે શ્રી વસનજી લખમશી શાહ પધાર્યા હતા. આ વિદ્વદ પરિષદનું આયોજન જોઇ તે સમયે ત્યાં ઉપસ્થિત રહેલા કચ્છી ભવનના મંત્રી અને રવિ ટુરના માલિક શ્રી શાંતિલાલ ગડાએ એવો પ્રસ્તાવ મૂકયો હતો કે જો આઠમા જૈન સાહિત્ય સમારોહનું આયોજન સમેતશિખરમાં કરવામાં આવે તો ભોજન તથા ઉતારા અને અન્ય ખર્ચની જવાબદારી રવિ ટુર તરફથી પોતે સ્વીકારવા તૈયાર છે મુંબઇ આવ્યા પછી શ્રી શાંતિલાલ ગડાએ પોતાનાં માતુશ્રી કુંતાબહેનના સ્મરણાર્થે આઠમો જૈન સાહિત્ય સમારોહ સમેતશિખરજીમાં યોજવા માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયને વિધિસર લેખિત નિમંત્રણ આપ્યું હતું. અને તેની આર્થિક જવાબદારી સ્વીકારી હતી શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિ દ્વારા આ નિમંત્રણનો સ્વીકાર થતાં આઠમો જૈન સાહિત્ય સમારોહ સમેતશિખરમાં યોજવાનું નક્કી થયું હતું.

ઉદ્‌ઘાટન બેઠક : રવિવાર, તા. પહેલી માર્ચ, ૧૯૮૭ના સમેતશિખરજી મહાતીર્થ ખાતે કચ્છી ભુવનમાં જૈન ધર્મના પ્રકાંડ વિદ્વાન અને શ્રી પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન વારાણસીના નિયામક ડો. સાગરમલ જૈનના અધ્યક્ષસ્થાને આઠમા જૈન સાહિત્ય સમારોહનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે મુંબઇના જાણીતા જૈન અગ્રણી શ્રી વસનજી લખમશી શાહ, શ્રી ઝવેરચંદ જેઠાલાલ સાવલા અને કલકત્તાના કચ્છી સમાજના અગ્રેસર શ્રી કુંવરજી નાથાભાઇ પાસુ અતિથિવિશેષ તરીકે પધાર્યા હતા. મધ્યકાલીન જૈન સાહિત્યના પ્રકાંડ પંડિત અને જૈન જગતના આદરણીય વિદ્વાન શ્રી ભંવરલાલ નાહટાથી ઉપસ્થિતિથી આ સાહિત્ય સમારોહને વિશિષ્ટ ગૌરવ પ્રાપ્ત થયું હતું. કાર્યક્રમના પ્રારંભે શ્રી ઉષાબહેન મહેતા અને શ્રી કંચનબહેન ખીમશિયાએ મંગલ સ્તુતિ કરી હતી.

સ્વાગત :-સમારોહના નિમંત્રક શ્રી શાંતિલાલ કાનજી ગડાએ સૌનું ભાવભીનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે સમેત-શિખરજી તીર્થમાં આઠમો જૈન સાહિત્ય સમારોહ યોજવાની મને જે તક આપવામાં આવી છે તે મારા માટે મોટું સદ્‌ભાગ્ય છે, અને તેથી આયોજક સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી શ્રી જે. આર. શાહ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો તથા ડાયરેક્ટર શ્રી કાંતિલાલ કોરાનો હું અત્યંત ઋણી છું. આ સમારોહમાં ભાગ લેવા પધારેલા સાક્ષરોને વંદન કરતાં તેમણે વધુમાં જણાવ્યું હતું. કે આપ સૌની હાજરીથી આ કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ થઇ છે. આપ સૌનું સ્વાગત કરતાં હું અત્યંત આનંદ અને ગૌરવ અનુભવું છું.

જૈન સાહિત્ય સમારોહની રૂપરેખા : આ સમારોહના સંયોજક ડો. રમણલાલ ચી. શાહે જૈન સાહિત્ય સમારોહની ભૂમિકા સમજાવતાં જણાવ્યું હતું કે આજે આનંદની વાત છે કે મુંબઇ અને ગુજરાતમાં યોજાતી આ જૈન સાહિત્યિક પ્રવૃત્તિ ઠેઠ સમેતશિખરજી તીર્થમાં પહોંચી છે. જૈન સાહિત્ય સમારોહનો પ્રારંભ સન-૧૯૭૭માં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના હીરક મહોત્સવ પ્રસંગે થયો હતો એ પછી મહુવા, સુરત, સોનગઢ, માંડવી (કચ્છ), ખંભાત અને પાલનપુર ખાતે આવા સાહિત્ય સમારોહ યોજાયા હતા. વિદ્યાલયના ઉપક્રમે યોજાતા આ સાહિત્ય સમારોહ માટે કોઇ ઔપચારિક માળખું ઘડવામાં આવ્યું નથી. સમારોહનું કોઇ બંધારણ નથી કે તેના સભ્યપદનું કોઇ લવાજમ નથી આ એક સ્વૈરપણે વિકસતી સાહિત્યિક પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિમાં કોઇ ફિરકા નથી કે જૈને-જૈનેતર એવી સાંપ્રદાયિક સંકુચિતતા પણ નથી. જૈન વિષયો પર લખનારા જૈન-જૈનેતર લેખકો આમાં ભાગ લઇ શકે છે. આ સમારોહ નિમિત્તે વિદ્વાનો પોતાના નિબંધ તૈયાર કરવા નવા નવા વિષયોનો અભ્યાસ કરે છે. અહીં પરસ્પર સંપર્ક વધે છે. વિચાર-વિનિમય થાય છે. તેથી જૈન સાહિત્ય અને તત્ત્વજ્ઞાનની દિશામાં નવા નવા ઓલિગમ જન્મે છે. આ આખી પ્રવૃત્તિ વિદ્વાલય, વિદ્વાનો અને નિમંત્રક સંસ્થાઓના સહયોગથી ચાલે છે. જૈન સાહિત્ય સમારોહને આંતરભારતીય અને ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય સ્તરે મૂકી શકાય. આપણા સૌના પ્રયત્નો એ દિશામાં પ્રેરક બળ બની રહે એવી આશા વ્યકત કરું છું.

જ્ઞાન અને ચારિત્રનું જીવનમાં મૂલ્ય :- દીપક પ્રગટાવીને સમારોહનું ઉદ્‌ઘાટન કરતાં ડૉ. સાગરમલ જૈને જણાવ્યું હતું કે જૈન સમાજ અર્થપ્રાપ્તિ તરફ જેટલું લક્ષ્ય આપે છે તેટલું લક્ષ્ય જ્ઞાનપ્રાપ્તિ તરફ આપે તેવા પ્રયત્નો આજના સાહિત્યકારોએ કરવા જોઇએ. સમાજમાં બે વસ્તુનું ભારે મૂલ્ય છે. એક છે જ્ઞાન અને બીજું ચારિત્ર. આજે જૈન વિદ્યા અને સાહિત્ય ક્ષેત્રે જૈનોનું પ્રદાન કેટલું ? આજે જૈન વિષયો પર પી એચ. ડી. કરનારા મોટા ભાગના જૈનેતર વિદ્યાર્થીઓ છે આપણે આપણી જાતને તીર્થંકરોના ઉત્તરાધિકારી તરીકે મનાવીએ છીએ, પરંતુ તીર્થંકરોએ ફરમાવેલ આદેશને આપણે આપણા જીવનમાં કેટલો ઉતાર્યો છે તે વિષે વિચારવાની જરૂર છે.

અતિથિઓનો સંદેશ : અતિથિવિશેષ તરીકે પધારેલા શ્રી વસનજી લખમશી શાહે કહ્યું હતું કે જીવનમાં જ્ઞાન નહિ હોય તો આપણે બહુ પાછળ રહી જઇશું. જ્ઞાન જ મોક્ષ પ્રાપ્તિની ચાવી છે જ્ઞાન વિનાનું જીવન નકામું છે.

સમેતશિખરના કચ્છી ભુવનના પ્રમુખ શ્રી ઝવેરચંદ જેઠાલાલ સાવલાએ જણાવ્યું હતું કે આપણા વીસ તીર્થંકરોની નિર્વાણ ભૂમિમાં કચ્છી ભુવનના અમારા આંગણે પધારીને આપ સૌએ અમને ઉપકૃત કર્યા છે. જૈન સાહિત્યકારોનું આ સંમેલન અમને જ્ઞાન પ્રાપ્તિની એક નવી દિશા તરફ લઇ જવા પ્રેરે છે.

કલકત્તાના કચ્છી સમાજના અગ્રણી શ્રી કુંવરજી નાથાભાઇ પાસુએ જણાવ્યું હતું કે જૈન સાહિત્ય ક્ષેત્રે મહત્વનું યોગદાન આપનાર આટલા બધા સાક્ષરો અત્રે પધાર્યા છે તેનો સવિશેષ આનંદ છે.

જૈન સાહિત્ય સમારોહ ગુચ્છ : ૨નું પ્રકાશન :

અત્યાર સુધીના સાતેય જૈન સાહિત્ય સમારોહમાં રજૂ થયેલા લેખોમાંથી પસંદ કરાયેલા લેખોનું વિદ્વાનો દ્વારા તૈયાર કરાયેલ પુસ્તક 'જૈન સાહિત્ય સમારોહ ગુચ્છ : ૨'નું વિમોચન શ્રી કુંવરજી નાથાભાઇ પાસુના વરદ હસ્તે થયું હતું આ પુસ્તકનું સંપાદન ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી કાંતિલાલ ડાહ્યાભાઇ કોરા, શ્રી પન્નાલાલ ૨. શાહ, પ્રા. ગુલાબ દેઢિયા અને શ્રી ચીમનલાલ કલાધરે કર્યું છે.

સ્મરણિકાનું વિમોચન : આ સમારોહ પ્રસંગે રવિ ટુર એક સ્મરણિકા (સંપાદક: ચીમનલાલ એમ. શાહ, 'કલાધર') તરફથી તૈયાર કરવામાં આવી હતી. તેનું પ્રકાશન શ્રી ઝવેરચંદ જેઠાલાલ સાવલાના વરદ હસ્તે થયું હતું. આ સ્મરણિકામાં જૈન ધર્મ, તત્ત્વજ્ઞાન અને સાહિત્યના પ્રકાંડ વિદ્વાનોના પંદર જેટલા લેખો લેવામાં આવ્યા છે.

ભગવાનની વાણીનો પ્રચાર અને પ્રચાર :

સમારોહના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી ભંવરલાલ નાહટાએ જણાવ્યું હતું કે આજે ભગવાન મહાવીરની વાણીને સારાએ વિશ્વમાં ફેલાવવાની જરૂર છે. જો આ કામ થઇ શકે તો યુદ્ધને આરે આવેલી આ દુનિયા શાંતિનો શ્વાસ લઇ શકશે. ભગવાન મહાવીરે પ્રરૂપેલા સત્ય, અહિંસા, અપરિગ્રહ, અચૌર્ય અને અનેકાન્ત જ સંસારના દાવાનળને બુઝવવાની ક્ષમતા ધરાવે છે. આપણે સૌ સાથે મળીને પ્રભુની આ અમૃતવાણીના પ્રસાર અને પ્રચારના કાર્યને વધુ વેગીલું બનાવીએ.

અભિવાદન : સમારોહના પ્રમુખ ડૉ. સાગરમલ જૈનનું, સમારોહના સંયોજક ડૉ. રમણલાલ ચી. શાહનું, શ્રી ભંવરલાલ નાહટાનું તેમ જ અતિથિવિશેષો શ્રી વસનજી લખમશી શાહનું શ્રી ઝવેરચંદ જેઠાલાલ સાવલાનું અને શ્રી કુંવરજી નાથાભાઇ પાસુનું નિમંત્રક પરિવાર તરફથી પુષ્પહાર અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું સાથે સમેતશિખરજી તીર્થમાં પોતાનાં માતુશ્રી કુતાબહેનની સ્મૃતિમાં જૈન સાહિત્ય સમારોહ યોજવા બદલ રવિ ટુરના સંચાલક શ્રી શાંતિલાલ કાનજી ગડાનું શ્રી વસનજી લખમશી શાહ તરફથી શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું.

આ ઉદ્‌ઘાટન બેઠકનું સંચાલન શ્રી ચીમનલાલ કલાધરે કર્યું હતું અને આભારવિધિ શ્રી નેમચંદ ગલાએ કરી હતી.

સાહિત્ય-તત્ત્વજ્ઞાન વિભાગની બેઠકો :

આઠમા જૈન સાહિત્ય સમારોહના પ્રમુખ ડૉ. સાગરમલ જૈન અને વિદ્વદ્‌વર્ય શ્રી ભંવરલાલ નાહટાની ઉપસ્થિતિમાં રવિવાર, તા. પહેલી માર્ચ, ૧૯૮૭ના બપોરના સાડા ત્રણ વાગે તેમજ તે જ દિવસે રાત્રીના આઠ વાગે અને મંગળવાર, તા. ત્રીજી માર્ચ, ૧૯૮૭ના સવારના ૯-૦૦ કલાકે જૈન સાહિત્ય તત્ત્વજ્ઞાન વગેરે વિષયોની કુલ ત્રણ બેઠકો યોજવામાં આવી હતી. તેમાં નીચેના વિદ્વાનોએ પોતાના વિદ્વત્તાપૂર્ણ શોધ નિબંધો રજૂ કર્યા હતા.

કવિ જયાનંદ કૃત સુશર્મપુરીય નૃપતિ વર્ણન છંદ : હિન્દીમાં રજૂ થયેલ નગરકોટ કાંગડાના ઇતિહાસની માહિતી આપતા આ શોધ નિબંધમાં શ્રી ભંવરલાલ નાહટાએ જણાવ્યું હતું કે જાલંધર મંડલ-કાંગડા નગરકોટ વિગત્તનો રાજવંશ અતિ પ્રાચીન છે. મહાભારતકાલીન રાજા સુશર્મચંદ્રથી આ વંશની પરંપરા ચાલી આવી છે. અને એનાં ૫૦૦ નામોમાં ૨૪૪મા નંબરે છે. બ્રહ્માંડ પુરાણ મુજબ દેવી ખવંતિએ દૈત્યોના નાશ માટે બ્રહ્મા પાસેથી વરદાન મેળવ્યું અને તે મુજબ પોતાના પરસેવાના ટીપાથી શક્તિશાળી માનવનું સર્જન કર્યું. તે ભૂમિચંદ્ર થયો. ભૂમિચંદ્રે દૈત્યોનો વધ કર્યો તેના બદલામાં દેવી દુર્ગા ત્રિગત્તનું રાજ્ય તેને પ્રાપ્ત થયું. શ્રી હેમચંદ્રાચાર્યના મત અનુસાર ત્રિગર્ત જલંધરનો જ પર્યાય છે. મહાભારત અને કલ્હણ કવિની રાજતરંગિણિમાં પણ તેનો ત્રિગર્ત નામનો ઉલ્લેખ જોવા મળે છે. પહેલા કટોચ વંશનું મૂળસ્થાન-મુલતાન હતું પણ વીર અર્જુનથી પરાજિત થયને સુશર્મચંદ્રે કાંગડા-નગરકોટ યા સુશર્મપુર વસાવ્યું હતું.

દર્શન, જ્ઞાન ઔર ચારિત્રકે સમ્યકત્વ ઔર મિથ્યાત્વકી કસૌટી : ડૉ. સાગરમલ જૈને ઉપરોકત વિષય પર બોલતાં જણાવ્યું હતું કે જૈન પરંપરામાં સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રને મોક્ષ માર્ગરૂપ માનવામાં આવ્યા છે. પણ પ્રશ્ન એ થાય છે કે આપણે કોને સમ્યગ્ દર્શન જ્ઞાન, ચરિત્ર કહીએ. દર્શન શબ્દનો આજે આપણે જે અર્થ કરી રહ્યા છીએ તે મૂળ અર્થ નથી પરંતુ પ્રાચીન દર્શન શબ્દનો અર્થ પોતાની જાતને જોવી એ થાય છે. મતલબ દર્શન શબ્દનો મૂળ અર્થ આત્મદ્રષ્ટા થવું એ છે. આપણી દૃષ્ટિ રાગ-દ્વેષ રહિત હોવી જોઇએ. તો જ સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ શકય છે. જીવનમાં સ્વનું અધ્યયન-આચરણ અને બીજાને જરા પણ પીડા ન પહોંચે તેની કાળજી આત્માને ઉર્ધ્વગતિ તરફ લઇ જઇ શકે. સમ્યગ્ ચારિત્રની પ્રાપ્તિ એથી સહજ બની શકે.

લાંછન : ડૉ. રમણલાલ ચી. શાહે 'લાંછન' સ્વાધ્યાય અને 'સાગર શેઠ ચોપાઇ' એ ત્રણ વિષયો પર સમારોહ માટે તૈયાર કરેલા નિબંધોમાંથી 'લાંછન' વિષય પરનો નિબંધ રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે લાંછન શબ્દ સંસ્કૃત ભાષાનો છે. ચિહ્ન અથવા વિશિષ્ટ લક્ષણ એવો તેનો અર્થ થાય છે. જૈનોમાં લાંછન શબ્દ વિશેષપણે વપરાય છે. દરેક માણસને શરીરમાં જેની પોતાની કહી શકાય એવી કોઇક લાક્ષણિકતા જોવા મળે છે. આવી લાક્ષણિકતા તેના ઉત્તમ સ્વરૂપમાં તીર્થંકરોના શરીરમાં જોવા મળે છે. વર્તમાન ચોવીશીના ચોવીશ તીર્થંકરો અને વીસ વિહરમાન જિનેશ્વરના લાંછનો સુપ્રસિદ્ધ છે. આવશ્યક નિર્યુક્તિમાં જણાવ્યા પ્રમાણે લાંછન એ તીર્થંકરોના જમણા અંગ ઉપર જોવા મળતું વિશિષ્ટ ચિહ્ન છે. સિંહ, હાથી, બળદ, હરણ છોડો, શંખ, ચામરિયો વગેરે લાંછન મંગલમય ગણાય છે. અને તીર્થંકરોના નામકર્મના ઉદય પ્રમાણે તે તેમના શરીર ઉપર જોવા મળે છે. લાંછન પ્રતીકરૂપ છે. અને તેના વિશિષ્ટ ગુણો તીર્થંકરના જીવનમાં જોવા મળે છે. વર્તમાન ચોવીસીમાં કોઇ પણ એક લાંછન બે તીર્થંકરોમાં જોવા મળતું નથી. પરંતુ વીસ વિહરમાન જિનેશ્વરોમાં બળદ, હાથી, ચંદ્ર, સૂર્ય, કમળ વગેરે લાંછનો એક કરતાં વધારે તીર્થંકરોમાં જોવા મળે છે.

તામળ જૈન મહાકાવ્ય : શિલ્પાધિકારમ્ :

આ વિષય પર બોલતાં શ્રી નેમચંદ ગાલાએ જણાવ્યું હતું કે શિલ્પાધિકારમ્ એ પ્રાચીન તમિળ સંસ્કૃતિનું મહાકાવ્ય છે. તમિળ દેશની મૂળ સંસ્કૃતિ એટલે દ્રવિડ સંસ્કૃતિ. આ મહાકાવ્યના રચયિતા કવિ ઇલેન્કો જૈન હતા. અને ચેરા ગામના રાજકુમાર હતા. સંસારની અસારતા જોઇને તેમણે જૈન દિક્ષા ગ્રહણ કરી હતી. તેમણે રચેલા શિલ્પાધિકારમ્ મહાકાવ્યમાં કન્નગી નામની પ્રતિભાશાળી સતિ સ્ત્રીની કથા વણી લેવામાં આવી છે. કન્નગીના લગ્ન કોવાલણ નામની વ્યકિત સાથે થયા હતાં. લગ્ન પછી કન્નગીના પતિને માધવી નામની નર્તકી સાથે પ્રેમ થયો હતાં. અને કન્નગી એ પછી તેના પતિ તરફથી સતત ઉપેક્ષા પામવા લાગી અને આમ એક આર્યનારી પોતાના સંસાર રથને ગતિશીલ રાખવા કેવી રીતે મથે છે તેનું સુભગ દર્શન આ મહાકાવ્ય કરાવે છે.

લોકાયત અને જૈન મત :

ઉપરોકત વિષય પર બોલતાં શ્રી ગોવિંદજી જીવરાજ લોડાયાએ કહ્યું હતું કે ભારતીય દર્શનના ઇતિહાસમાં લોકાયત પણ એક પ્રાચીન મત તરીકે સ્વીકારવાનું આચાર્ય હરિભદ્રસૂરિના વિવરણથી સૂચિત થાય છે. અને તે સંબંધી માહિતી બહુધા અન્ય મત દ્વારા જ મળતી રહી છે, જડવાદી વિચારધારાને દર્શનમાં સમાવિષ્ટ કરવાની આ ચેષ્ટા દાર્શનિક પરંપરામાં અપનવી ગણી શકાય.

તેમણે લોકાયતની વ્યાખ્યા, તેનું દાર્શનિક સ્થાન અને મહત્ત્વ તેમજ જૈન મત દ્વારા તેનું સ્પષ્ટીકરણ અને તેને સ્પર્શતી બાબતો ઉપર રસપ્રદ ચર્ચા કરી હતી.

કેવળજ્ઞાન :

શ્રી ઉષાબહેન મહેતાએ આ વિષય પર પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે કેવળ એટલે માત્ર કેવલ એક જ, એટલે અજ્ઞાનનો સર્વથા અભાવ એનું નામ કેવળજ્ઞાન. કેવળજ્ઞાનની વ્યાખ્યા જૈન શાસ્ત્રોમાં આ પ્રમાણે કરેલ છે-લોકાલોકની અંદર રહેલા રૂપી અરૂપી સર્વ દ્રવ્યોને તથા તેના અતીત, અનાગત અને વર્તમાનકાળના સર્વ પર્યાયોને એક સાથે એક સમયે જાણે તેને કેવળજ્ઞાન કહેવાય છે. કેવળજ્ઞાન પરક્ષેત્રે પ્રકાશક જ્ઞાનમય છે અને સ્વક્ષેત્રે આનંદવેદન છે. કેવળજ્ઞાનમાં સર્વ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી અનંત જ્ઞાનનો પ્રકાશ થાય છે.

જૈન તત્ત્વજ્ઞાન :

આ વિષય પર બોલતાં શ્રી હસમુખભાઇ જેઠાલાલ ખીમસિયાએ જણાવ્યું હતું કે જીવનનું ધ્યેય મોક્ષ છે. મોક્ષપ્રાપ્તિનું સાધન ધર્મ છે. સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ રત્નત્રયી મોક્ષમાર્ગ છે. પ્રશમ, સંવેદ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એ સમ્યકત્વની ઓળખ છે. જીવ, અજીવ, બંધ, આસ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષ એ તત્ત્વોની ઓળખ અનિવાર્ય છે. જે ચાર નિક્ષેપોની પદ્ધતિથી કરી શકાય છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપો છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ એ જ્ઞાનના પાંચ પ્રકારો છે. નયવાદ, અને કાંતવાદ અને સ્યાદ્વાદના સિદ્ધાંતો જૈનોનું વિશિષ્ટ યોગદાન છે નયના મુખ્ય બે પ્રકારો અને સાત ભેદો છે. ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગળ એ ચાર અજીવ અસ્તિકાયો છે. પાંચમું જીવદ્રવ્ય છે. સમયને દ્રવ્ય ગણીએ તો એ છઠું દ્રવ્ય છે. આત્મા, શરીર, યોગ તથા કર્મ બાબત પણ જૈન તત્ત્વજ્ઞાન વિશિષ્ઠ છે.

ધર્મનું મૂળ-સમ્યગ્ દર્શન :

ઉપરોકત વિષય પર બોલતાં પ્રા. ઉત્પલા કાંતિલાલ મોદીએ જણાવ્યું હતું કે ત્રિકાળ સ્વરૂપની સાચી સમજણ તે સમ્યગ્ દર્શન છે. જીવનમાં સમ્યગ્ દર્શન પ્રગટતાં તેને સત્સ્વરૂપનો અનુભવ થાય છે. જે જીવ અવિકારી, નિર્વિકલ્પ, આત્મિક સુખનું આસ્વાદન કરે છે તે સમકિત છે જે જ્ઞાનમાં પોતાનું નિજ સ્વરૂપ પ્રતિભાસે છે તે સમ્યગ્ જ્ઞાન છે, નવતત્ત્વો પરની શ્રદ્ધા એ જ સમ્યગ્ દર્શન છે. સમ્યગ્ દર્શનમાં વિપરીત માન્યતા હોતી નથી. નિશ્ચયથી શુદ્ધ આત્માનો પ્રતિભાસ તે સમ્યગ્ દર્શનનું લક્ષણ છે. ભગવતી સૂત્રમાં કહ્યું છે કે અભેદ દૃષ્ટિમાં આત્મા પોતે જ સંયમ છે, સંવર છે અને સમ્યગ્ દર્શન છે.

જૈન દર્શનમાં ધ્યાન યોગ :

પ્રા. સાવિત્રીબહેન શાહે આ વિષય પર બોલતાં કહ્યું હતું કે જૈન દર્શનમાં ધ્યાન યોગને શ્રેષ્ઠ તપનો પ્રકાર કહ્યો છે. માનવીના મનમાં શુભાશુભ વિચારો ચાલે છે તેના માટે તેનું મન જ જવાબદાર છે. આથી ધ્યાન માર્ગનું પ્રથમ સોપાન છે ચિત્તવૃત્તિ નિરોધ. ચિત્તવૃત્તિની એકાગ્રતા ધ્યાનમાં અનન્ય સિદ્ધિ અપાવે છે. ધ્યાનના બે પ્રકારો છે: એક શુભ ધ્યાન અને બીજું અશુભ ધ્યાન. શુભ ધ્યાનમાં ધર્મ ધ્યાન અને શુકલ ધ્યાન અને અશુભ ધ્યાનમાં આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન એવા પ્રકારો છે. આજની યંત્ર સંસ્કૃતિના પ્રત્યાઘાતરૂપે માનવ જીવન ક્ષત-વિક્ષત બની ગયું છે. અને આથી જ જીવનમાં ધ્યાન યોગનું મહત્ત્વ વધી જાય છે આચાર્ય તુલસીનું પ્રેક્ષા ધ્યાન કે શ્રી ગોયેન્કાજીની વિપશ્યના સાધના આજના જનસમૂહનું ધ્યાનયોગ તરફ લક્ષ્ય કેન્દ્રિત કરે છે.

જૈન દૃષ્ટિએ યોગ :

પ્રા. (ડૉ.) કોકિલાબહેન શાહે આ વિષય પર બોલતાં

જણાવ્યું હતું કે જૈન ધર્મ અહિંસા પ્રધાન છે. તેમ યોગ પ્રધાન પણ છે. યોગ સાધના એ જૈનોનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે. જૈન ગ્રન્થકારોએ યોગને શ્રેષ્ઠ કલ્પતરુ જેવો, ઉત્તમ ચિંતામણિ રત્ન જેવો અને સિદ્ધિ કે મુક્તિના દ્વાર જેવો કહ્યો છે. જૈનદર્શનની યોગ સાધનાનું ભારતીય યોગ પરંપરામાં વિશિષ્ટ સ્થાન છે. યોગાભ્યાસ નિર્વાણ સાધક છે. યોગ એ સાધનાનો રાજપથ છે. જૈન પરંપરામાં યોગ એટલે મોક્ષ સાથે યોજન કરાવનાર અથવા પરમતત્ત્વ સાથે જોડાવનાર. જૈન આગમોમાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર આ રત્નત્રયને મોક્ષના ઉપાય તરીકે બતાવવામાં આવ્યા છે. યોગ એટલે સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ શ્રદ્ધા અને સમ્યગ્ ચારિત્ર. આચાર્ય હરિભદ્રસૂરિએ યોગને સર્વ દુઃખથી મુક્ત હોવાના સાધન તરીકે વર્ણવ્યો છે. આમ સુખપ્રાપ્તનો માર્ગ જૈન ધર્મે યોગના રૂપમાં બતાવ્યો છે.

પર્યાવરણ અને પરિગ્રહ પરિમાણ :

ઉપરોક્ત વિષય પર બોલતાં પ્રા ચુનીભાઈ દેઢિયાએ જણાવ્યું હતું કે જૈન ધર્મે પહેલેથી જ અપરિગ્રહી બનવા, સંગ્રહ ઓછો કરવા કહ્યું છે તે જ વાત આજે પર્યાવરણના નિષ્ણાતો કહી રહ્યા છે. બધું ભેગું કરવાની લ્હાયમાં પડેલો માણસ પ્રકૃતિને લૂટવા લાગ્યો છે. પાણી, જમીન, વૃક્ષો, હવા, શક્તિના સાધનો તે બધું પોતાના માટે જ છે તેમ તે માની રહ્યો છે. કુદરત તો પોતાના માટે જ અસ્તિત્વ ધરાવે છે તેમ તે માની રહ્યો છે. અને તેથી જ તે ઉપયોગને બદલે તેનો ગેરઉપયોગ વધુ કરી રહ્યો છે. આપણે ટોકયોના વિશાળ બંગલાનું સુંદર ફર્નિચર જોયું એ છીએ ત્યારે તાજુબ થઈ બંગલાના માલિકની પ્રશંસા કરીએ છીએ. ત્યારે આપણે એ ભૂલી જઈએ છીએ કે એમાં બારકાના મોહમ વપરાશ પાછળ કેટલાંય અનામી વૃક્ષોનો સંહાર થયો હશે. વિના કારણ મોટર દોડાવનાર ધાર્મિક રીતે તો સૂક્ષ્મ જીવોની હિંસા કરી પાપ આચરી રહ્યો છે પણ પર્યાવરણની દૃષ્ટિએ પણ પ્રદૂષણ વધારી રહ્યો છે.

અન્ય નિબંધો :

આ બેઠકમાં ઉપરોક્ત નિબંધોની રજુઆત ઉપરાંત અન્ય વિદ્વાનો અને અભ્યાસીઓએ પણ જુદા જુદા વિષયો પર નિબંધો રજૂ કર્યા હતા, તેની વિગત આ પ્રમાણે છે :

(૧) શ્રી નગીનદાસ જે. શાહ, 'વાવડીકર' (મુંબઈ)–ગણધર શ્રી ગૌતમસ્વામી.

(૨) શ્રી ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'–(મુંબઈ) વીસમી સદીના જૈન ગૂર્જર સાક્ષરો

(૩) ડૉ. ધવલ નેમચંદ ગાલા–(મુંબઈ) 'Jainism- It's Relevance today'

(૪) ડૉ. શિલ્પા નેમચંદ ગાલા (મુંબઈ)- જૈન ધર્મમાં અહિંસાનું વ્યાપક સ્વરૂપ

(૫) શ્રીમતી ઉષાબહેન નગીનદાસ વાવડીકર (મુંબઈ) આપણાં પ્રાચીન સ્તવનો–કાવ્યોનો અમર વારસો.

(૬) શ્રી કાંતિલાલ ખેતશી શાહ (મુંબઈ) મારી સમજણ મુજબનો જૈન ધર્મ

(૭) ડૉ. ઉદયચંદ જૈન (ઉદયપુર) આચારાંગમાં સમતા

(૮) શ્રીમતી માયા જૈન (ઉદયપુર) વિવેક વિલાસ: પરિચય

આઠમા જૈન સાહિત્ય સમારોહ માટે જ્યા ઉપરાંત નીચેના નિબંધો પણ મળ્યા હતા પરંતુ તે તે નિબંધોના લેખકો સંજોગવશાત્ સમારોહમાં ઉપસ્થિત રહી શકયા ન હતા.

(૧) પૂજ્ય સાધ્વી મોક્ષગુણાશ્રીજી (મુંબઈ)– જૈન દીક્ષાના પ્રકારો.

(૨) પં. પન્નાલાલ જગજીવનદાસ ગાંધી (મુંબઈ)– ચાર શરણ.

(૩) પ્રા. તારાબહેન રમણલાલ શાહ (મુંબઈ)– સમરાદિત્ય કથા.

(૪) ડૉ. રમેશચંદ્ર ચુનીલાલ લાલન (મુંબઈ)– આશાતના.

(૫) ડૉ. નિલેશ એન. દલાલ (મુંબઈ)– Significance of the discussion on Kartakarma in Samaysar.

(૬) શ્રી નાનાલાલ વસા (મુંબઈ)– જૈન ગુફા-મંદિરો.

(૭) પ્રા. કાન્તાબહેન દિનેશ ભટ્ટ (મુંબઈ)– આનંદ ખોજના યાત્રી

(૮) શ્રી બસંતલાલ નરસિંહપુરા (મુંબઈ)– જૈન ધર્મનો ઇતિહાસ.

(૯) શ્રી રમેશ લાલજી ગાલા (મુંબઈ)– સત્સંગ : પારસમણિ

(૧૦) પૂજ્ય સાધ્વી પૂર્ણભદ્રાશ્રીજી (ખંભાત)– શ્રી સ્થંભન પાર્શ્વનાથ માહાત્મ્ય

(૧૧) પં. છબીલદાસ કેશરીચંદ સંઘવી (ખંભાત)– ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ

(૧૨) પ્રા. જયંતીલાલ એમ. શાહ (પાલિતાણા)– શ્રી ભગવતીસૂત્રની ભાવના : એક તાત્ત્વિક વિચારણા

(૧૩) પ્રા. માવજી કે. સાવલા (ગાંધીધામ)– ઉત્ક્રાંતિવાદ અને જૈનદર્શનની તાત્ત્વિક ભૂમિકા

(૧૪) ડૉ. શેખરચંદ્ર જૈન (ભાવનગર)– જૈન ધર્મમેં સામાયિક ઔર સ્વાધ્યાયકા વિવેચન

(૧૫) પ્રા. અરુણ શાંતિલાલ જોશી (ભાવનગર) મહાશતકનું આખ્યાન : એક સમીક્ષા

(૧૬) પ્રા. બાલકૃષ્ણ એમ. ધ્રુવ (ભાવનગર)– જૈન દર્શન : ટૂંકો પરિચય

(૧૭) ડૉ. પ્રિયબાળા શાહ (અમદાવાદ) ભદ્રેશ્વરનું જૈન મંદિર

(૧૮) પ્રા. મલૂકચંદ રતિલાલ શાહ (અમદાવાદ)– બાલ દીક્ષા : યોગ્ય? અયોગ્ય?

(૧૯) શ્રી હસમુખ શાંતિલાલ શાહ (અમદાવાદ)– જૈનાચારની ઉપયોગિતા

(૨૦) શ્રી દેવેન્દ્ર પ્રા. ઓઝા (અમદાવાદ)– માનવીય જીવનવાદ

(૨૧) પ્રા. આર. પી. મહેતા (જૂનાગઢ)– નેમિદૂતમ : એક અવલોકન

(૨૨) ડૉ. પ્રેમસુમન જૈન (ઉદયપુર)– હોમિણાહચરિઉ (લક્ષ્મણદેવ) કી પાંડુલિપિયાં

(૨૩) ડૉ. રમેશચંદ્ર સી. ગુપ્ત (વારાણસી)–
જૈનદર્શન મેં ભક્તિકા સ્થાન

(૨૪) ડૉ. સુભાષ કોઠારી (વારાણસી)–
શ્રાવકાચાર ઔર રાષ્ટ્રીય કર્તવ્ય

(૨૫) ડૉ. વશિષ્ઠ નારાયણ સિન્હા (વારાણસી)–
અહિંસા એક સપ્રિક્રરણ

(૨૬) ડૉ. કે. બી. લોખંડે (સોલાપુર) –
Live & Let Live.

(૨૭) શ્રી એ. એલ. સંચેતી (જોધપુર)
તમિલ મહાકાવ્ય શિલપ્પાદિકારમ: ઉસકે લેખક જૈનયતિ ઇલંગો

(૨૮) શ્રી સોહનલાલ સુરાણા (થાણા) –
ધાર્મિક સહિષ્ણુતાકે પ્રસંગમેં જૈન મંદિરોમેં હિન્દુ દેવી દેવતાઓ તથા હિન્દુ મંદિરમેં જૈન મૂર્તિઓ કી વિદ્યમાનતા

(૨૯) શ્રી મધુસૂદન એમ વ્યાસ (દ્વારકા)–
જૈન ધર્મ અને તેનાં મંદિરોની શિલ્પ-સ્થાપત્ય અને ભવ્યતા.

(૩૦) શ્રી નાગેશ કે. એલ. (દ્વારકા)–
સનાતન ધર્મના સહોદર : બ્રાહ્મણ અને શ્રમણ

(૩૧) શ્રી હજારીમલ (કુચેરા)–
આત્મારકી અનાદિપન

(૩૨) પ્રા. ભક્તિનાથ શુકલ (વલ્લભવિદ્યાનગર)–
હેમચંદ્રાચાર્ય કૃત યોગશાસ્ત્ર.

(૩૩) શ્રીમતી સરોજ ચંદ્રકાન્ત બાલકા (ઝારંજા-લાડ)
ભગવાન મહાવીર અને પૂર્વભવો

(૩૪) વૈદ્ય હેમાન્દ્ર જૈન (વડોદરા)
જૈન જ્ઞાતિ વિભાગ

પાઠ્ય પુસ્તકોમાં જૈન કૃતિઓની થતી ઉપેક્ષા અંગે ઠરાવ :

શ્રી ગોવિંદજી જીવરાજ લોડાયા દ્વારા રજૂ થયેલ અને શ્રી દિનેશભાઇ જેઠાલાલ ખીમસિયાના ટેકાથી નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

'આજે તા. ૩-૩-૧૯૮૭ ના રોજ સમેતશિખરજી તીર્થમાં મળેલ આઠમા જૈન સાહિત્ય સમારોહનું આ અધિવેશન સર્વાનુમતે ઠરાવે છે કે ઇતિહાસ અને સાહિત્યના પાઠ્ય પુસ્તકોમાં જૈન ઐતિહાસિક પ્રમાણભૂત હકીકતો અને જૈન સાહિત્ય રચનાઓની ઘોર ઉપેક્ષા થતી રહી છે. જેથી ભારતીય સંસ્કૃતિમાં જૈનોની ગૌરવગાથા પર જાણે અકુદરતી પડદો પાડી દેવામાં આવ્યો હોય તેવી પરિસ્થિતિ નિર્માણ થયા કરે છે. મધ્યકાલીન સાહિત્યમાં જૈનોનું યોગદાન નેવુ ટકા કરતાં પણ વધારે હોવા છતાં પાઠ્ય પુસ્તકોમાં જૈન કૃત્તિઓને ખાસ કશું સ્થાન આપવામાં આવતું નથી એ અત્યંત શોચનીય સ્થિતિ છે. આ પરિસ્થતિ નિવારવા માટે આજનું આ અધિવેશન ભારત સરકાર તથા ગુજરાત, ઉત્તર પ્રદેશ, બિહાર, બંગાળ તથા અન્ય રાજ્ય સરકારોને અનુરોધ કરે છે કે આ દિશામાં યોગ્ય પગલાં લેવામાં આવે અને જૈન સાહિત્ય તથા ઇતિહાસને થતા અન્યાયને દૂર કરવામાં આવે.'

સન્માન :

કાર્યક્રમની અંતિમ બેઠકમાં શ્રી ભંવરલાલ નાહટા, ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી વસનજી લખમશી શાહ અને શ્રી ચીમનલાલ કલાધરનું તેમણે આપેલ સેવાઓ બદલ નિમંત્રક સંસ્થા તરફથી ચંદનહાર અર્પણ કરી બહુમાન કરવામાં આવેલ હતું. સાહિત્યિક વિભાગની ત્રણે બેઠકનું સંચાલન પ્રા. ગુલાબભાઇ દેઢિયાએ કર્યું હતું, જ્યારે કાર્યક્રમના અંતે શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી ડૉ. રમણલાલ ચી. શાહે અને નિમંત્રક સંસ્થા તરફથી શ્રી શાંતિલાલ ગડાએ આભારવિધિ કરી હતી.

નિમંત્રણ :

હવે પછીના સમારોહ માટે રાજકોટ, તીથલ, પાલિતાણા, ભૂજ વગેરે સ્થળોની સંસ્થાઓ તરફથી નિમંત્રણો મળ્યાં હતાં.

તીર્થયાત્રા :

આ સમારોહ તા. પહેલીથી તા. ત્રીજી માર્ચ સુધી સમેતશિખરજી તીર્થમાં યોજાયો હતો સમેતશિખરજી જેવા દૂરના પવિત્ર તીર્થસ્થળે આવતાં તેની આજુબાજુની તીર્થંકર ભગવંતોની કલ્યાણક ભૂમિ અને અન્ય સ્થાનોની યાત્રાનો લાભ મળે તે હેતુથી સાક્ષરોને નિમંત્રક સંસ્થા દ્વારા બનારસ, સિંહપુરી, ભદૈની, ભેલુપુર, સારનાથ, બુદ્ધગયા, રાજગૃહી, કુંડલપુર, નાલંદા, પાવાપુરી, ચુલિયાજી, ક્ષત્રિયકુંડ, કલકત્તા, વગેરે સ્થળોની યાત્રા કરાવવામાં આવી હતી. આમ જ્ઞાન યાત્રા સાથે તીર્થયાત્રાનું આયોજન કરીને શ્રી મહાવીર જૈન વિદ્યાલયે અને નિમંત્રક સંસ્થાના સંચાલકોએ આઠમા જૈન સાહિત્ય સમારોહને વધુ યશસ્વી અને યાદગાર બનાવ્યો હતો.

પાર્શ્વનાથ વિદ્યાશ્રમની મુલાકાત :

આ કાર્યક્રમમાં બનારસની તીર્થયાત્રાની સાથે સાથે પાર્શ્વનાથ વિદ્યાશ્રમની મુલાકાતનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. મંગળવાર, તા. ૨૪ મી ફેબ્રુઆરીએ બપોરે ચાર વાગે સમારોહના સૌ પ્રતિનિધિઓ પાર્શ્વનાથ વિદ્યાશ્રમ પહોંચ્યા હતા ત્યાં સ્વાગતું આયોજન કરવામાં આવ્યું હતું. અને વિદ્યાશ્રમના ડાયરેક્ટર ડૉ. સાગરમલ જૈન, વિદ્યાશ્રમના પ્રમુખ અને અન્ય હોદ્દેદારોએ તથા ડૉ. રમણલાલ ચી. શાહે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. વિદ્યાશ્રમ તરફથી સમારોહના સૌ પ્રતિનિધિઓનું ફૂલહાર પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું.

પૂર્ણાહુતિ :

જૈન સાહિત્ય સમારોહની સમાપ્તિ પછી સૌ પ્રતિનિધિઓને કલકત્તા પધારવા માટે કલકત્તાના કચ્છી ભવનના પ્રમુખ શ્રી કુંવરજીભાઇ નાથાભાઇ પાસુ તરફથી નિમંત્રણ આપવામાં આવ્યું હતું. તે પ્રમાણે સૌ પ્રતિનિધિઓ તા. ચોથી માર્ચના કલકત્તા પહોંચ્યા હતા. ત્યાં પ્રતિનિધિઓને રહેવા માટે કચ્છી ભવનમાં સુંદર વ્યવસ્થા કરવામા આવી હતી. વળી કચ્છી ભવન તરફથી ડૉ. રમણલાલ ચી. શાહનું 'જૈન ધર્મ અને વર્તમાન જગત' એ વિષય ઉપર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. ડૉ. રમણભાઇના પરિચય પ્રા. ગુલાબ દેઢિયાએ આપ્યો હતો. આ પ્રસંગે શ્રી કુંવરજીભાઇ, શ્રી વસનજી લખમશી શાહ, શ્રી નાનાભાઇ મેઠાની, શ્રી શાંતિલાલ ગડા વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. આ કાર્યક્રમ સાથે જૈન સાહિત્ય સમારોહની પૂર્ણાહુતિ થઇ હતી. ✱

ભગવાન મહાવીરની નારીભાવના

પ્રો. તારાબહેન રમણલાલ શાહ

જગતના સર્વ જીવોમાં મનુષ્ય સર્વોચ્ચ પદ છે. આમ છતાં વખતોવખત સ્વાર્થ, કલહ, સંઘર્ષ, વેરભાવ, શોષણ, અન્યાય વગેરેને કારણે મનુષ્યમાંથી માનવતાના ઉદાત્ત ગુણો નષ્ટ થઈ જાય છે પરંતુ જગતનું એ સદ્‌ભાગ્ય છે કે સમયે સમયે મહાન વિભૂતિઓ જન્મે છે અને મનુષ્ય જીવનની ખોરવાયેલી સમતુલાને વળી પાછી સ્થિર કરે છે. અઢી હજાર વર્ષ પૂર્વે ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરે પણ પોતાના જીવનકાળ દરમિયાન આવી સમતુલા સ્થાપવા અનેરો પુરુષાર્થ કર્યો હતો. મોક્ષમાર્ગ પ્રવર્તાવવાનું અલૌકિક કાર્ય તેમણે કર્યું, પરંતુ સાથેસાથે તેમના ઉપદેશથી સાંસારિક વ્યવહાર પણ સુધર્યો. સ્ત્રીઓને સમાજમાં ગૌરવભર્યું સ્થાન મળ્યું.

ભગવાન મહાવીરનો સમય એટલે અજ્ઞાન, અંધશ્રદ્ધા અને જાતજાતની વાડાબંધીનો સમય. એ સમયે સ્ત્રીઓ અને શુદ્રોનું સ્થાન તદ્દન ઊતરતી કક્ષાનું ગણાતું. સામાન્યત: ધાર્મિક અનુષ્ઠાનોમાં ભાગ લેવાની તેઓને છૂટ નહોતી. કેટલીકવાર નીચલા સ્તરની સ્ત્રીઓ બજારમાં ચીજ-વસ્તુની માફક વેચાતી. આવા કેટલાંયે કારણોને લીધે તે સમયની સામાજિક પરિસ્થિતિ અવ્યવસ્થિત થઈ ગઈ હતી.

સ્ત્રીઓની આવી અવદશા જોઈ ભગવાન મહાવીરનું હૃદય અનુકંપાથી દ્રવી ઊઠયું. આ દુર્દશા દૂર કરવા તેમણે પુરુષાર્થ આદર્યો. સામાજિક ન્યાય પ્રવર્તાવવા, ગરીબ અને તવંગર, સ્ત્રી અને પુરુષ વચ્ચે સમાનતા સ્થાપવા તેમણે સાધુ અને સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાના બનેલા ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, અને એમાં સાધુ અને સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાને સંઘના સમાન અંગ ગણ્યાં. સંઘને તીર્થસ્વરૂપ ગણી તેનું ગૌરવ વધાર્યું. અઢી હજાર વર્ષ પહેલાં સ્ત્રી જાતનું આવું ગૌરવ ભગવાન મહાવીરસ્વામીના હાથે જે થયું તે એક અનોખી ઘટના ગણાય છે.

એ જમાનામાં દાસી તો ઠીક, પરંતુ કુળવાન નારી પણ પરિગ્રહ-ભોગવટાની વસ્તુ ગણાતી. આ અનિષ્ટને દૂર કરવા પાંચ મહાવ્રતોમાં તેમણે ચોથા વ્રત-બ્રહ્મચર્યની પ્રતિષ્ઠા કરી, સાધુઓ માટે પૂર્ણ બ્રહ્મચર્ય અને ગૃહસ્થો માટે સ્વદારા-સંતોષનું વ્રત આપીને; અનાચાર દૂર કરાવીને કરાવીને સમાજમાં સ્ત્રીનું માન વધાર્યું. સ્ત્રી શુદ્ધ આત્મતત્ત્વની દૃષ્ટિએ પુરુષ જેવું જ સ્વતંત્ર અને સમાન વ્યક્તિત્વ ધરાવે છે તેવું તેમણે પ્રતિપાદિત કર્યું, ભગવાન મહાવીરનું આ કાર્ય તે જમાનાની દૃષ્ટિએ એક મહાન ક્રાંતિકારક પગલું હતું.

ભગવાન બુદ્ધ બૌદ્ધ સંઘમાં ભિક્ષુણીઓને સ્થાન આપવાની બાબતમાં પોતાના પટ્ટશિષ્ય આનંદ પાસે નારાજી વ્યક્ત કરેલી. તેમણે એવી ચેતવણી ઉચ્ચારેલી કે પાંચસો વર્ષમાં જ બૌદ્ધ સંઘમાં ભિક્ષુણીઓને કારણે શિથિલતા પ્રવેશશે અને સંઘ નષ્ટ થશે. ઘણે અંશે એ આગાહી સાચી પડી. ભગવાન મહાવીરે જૈન સંઘમાં સાધ્વી અને શ્રાવિકાને ગૌરવભર્યું સ્થાન આપ્યું અને આચારના એવા કડક નિયમો ઘડયાં કે જેથી કોઈ અનિષ્ટ ઊભું ન થયું. ઊલટું, ધર્મની આરાધનામાં સાધુ કરતાં સાધ્વીની સંખ્યા વધી અને હજુ પણ ઉત્તરોત્તર વધતી જાય છે. ભગવાન મહાવીરે નક્કી કરેલા આચારો-કેશલોચન, પાદવિહાર, અને ગોચરીના આચારો આજે પણ જૈન સાધુ-સાધ્વીઓ ચુસ્તપણે પાળે છે અને સમાજ સાધ્વીઓ પ્રત્યે પણ એટલો જ માન અને ગૌરવની દૃષ્ટિએ જુએ છે. સાંસારિક ક્ષેત્રે આરાધના અને તપની બાબતમાં સ્ત્રીઓ આજે પણ પુરુષો કરતાં આગળ છે.

ભગવાન મહાવીરને કારણે સ્ત્રીને કેવું ઉત્કૃષ્ટ સ્થાન મળ્યું તેનાં અનેક દૃષ્ટાંતો જૈન સાહિત્યમાં મળે છે. આચાર્ય હરિભદ્ર જેવા બ્રાહ્મણ પંડિત અને પ્રખર વિદ્વાન જૈન સાધ્વી યાકિની મહત્તરાને કારણે જ જૈન સાધુ બન્યા—અને જૈનધર્મના વિકાસમાં એમણે ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો. પોતાની કૃતિઓમાં તેઓ બહુ નમ્રભાવે અને ગૌરવપૂર્વક પોતાને યાકિની મહત્તરાના પુત્ર તરીકે (याकिनी महत्तरा सूनु) ઓળખાવતા.

ભગવાન મહાવીરના સમયમાં વિદ્વાનો અને ભદ્ર વર્ગના પુરુષો માટે સંસ્કૃત ભાષાનો ઉપયોગ થતો સ્ત્રીઓ અને શુદ્રો પ્રાકૃત (અર્ધમાગધી) માં બોલતા. સમાનતાના હિમાયતી મહાવીર સ્વામીએ સ્ત્રીઓ સહિત બધા જ લોકો સમજી શકે તેવી લોકભાષા – અર્ધમાગધીમાં ઉપદેશ આપ્યો, જેથી તે સમજવામાં સ્ત્રીઓને પુરુષની મદદની જરૂર ન પડે. ભગવાનનું આ એક દીર્ઘદૃષ્ટિયુક્ત અને સ્તુત્ય કાર્ય હતું.

ભગવાને સ્ત્રીને સાંસારિક ક્ષેત્રે સમાનતાની અને આધ્યાત્મિક ક્ષેત્રે વિદ્યાપ્રાપ્તિની અને મુક્તિની અધિકારી ગણી. તેમના સમયની કેટલીક સમર્થ સ્ત્રીઓનો જો વિચાર કરીએ તો તેમનો આ અભિગમ કેવો પ્રશસ્ય અને અર્થપૂર્ણ હતો તેની પ્રતીતિ થાય છે.

આ સમર્થ નારીરત્નોમાં ચંદનબાળાનું નામ મોખરે છે. ચંપાપુરીના દધિવાહન રાજાની લાડકી પુત્રી વસુમતી ભાગ્યવશાત્ કૌશામ્બીના બજારમાં ગુલામની ચીજ તરીકે વેચાઈ. તેના સદ્‌નસીબે ધનવાહન શેઠે તેને પુત્રી તરીકે સાચવી અને ચંદના નામ આપ્યું. પરંતુ શેઠાણીના હાથે તેને અસહ્ય યાતના ભોગવવી પડી. સત્કર્મના ફળરૂપે ચંદનબાળા ભગવાન મહાવીરની દીર્ઘ તપસ્યાનું પારણું કરાવવા અને તેમનો કપરો અભિગ્રહ પૂરો કરવા સદ્‌ભાગી બની.

ભગવાન મહાવીરે સ્ત્રીમાં સહનશીલતા અને તપની, સંયમ અને જ્ઞાનપ્રાપ્તિની ઉચ્ચતમ શક્તિઓ જોઈ. તેથી જ તેમણે ચંદનબાળાને દીક્ષા આપી. ચંદનબાળા હવે સાધ્વી થયાં. ભગવાને એમને સાધ્વી સંઘના મુખ્યપદે સ્થાપ્યાં. એક રાજકુમારી ભાગ્યવશાત્ દાસી બની, પરંતુ સ્વયંકિત અને ભગવાનની કૃપાને કારણે સાધ્વી ગણની પ્રથમ પ્રવર્તિની થવાનું માન પામી.

સામાન્ય પરંતુ ધર્મપરાયણ ગૃહિણીની કદર પણ ભગવાન મહાવીરે કરી છે. રાજા બિંબિસારના સારથિ નાગની પત્ની સુલસા એક ભલી, ભોળી અને પતિપરાયણ સ્ત્રી હતી. નિર્મળ, સરળ, અને ધર્મ પ્રત્યેની તેની અનન્ય શ્રદ્ધાને કારણે ભગવાને તેને 'ધર્મ લાભ' કહેવરાવ્યા હતા આ કંઈ નાનો સૂનો લાભ ન કહેવાય!

ભગવાને નારી શક્તિમાં મૂકેલી શ્રદ્ધાને કારણે એમના સમયમાં જે સ્ત્રીઓએ અકલ્પ્ય હિંમત અને કુનેહ બતાવી તેમાંની એક તો કૌશામ્બીના રાજા શતાનિકની રૂપવતી રાણી મૃગાવતી છે. તેના રૂપને કારણે ઉજ્જયિનીના રાજા ચંડપ્રદ્યોતની તેના પર કુદૃષ્ટિ

(અનુસંધાન પૃષ્ઠ ૨૦૦ ઉપર)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

તા. ૩૧-૧૨-૧૯૮૬ ના દિવસનું સરવૈયું

૧૯૮૫	ફંડો અને દેવું			૧૯૮૫	મિલકત અને લેણું		
	રીઝર્વ ફંડ				બ્લોક (કરાર મુજબ)		
					રસધારા કો. ઓ. હા. સો. લિ.		
૧૦૧૧૮૭૦-૧૮	ગયા સરવૈયા મુજબ બાકી		૧૧૧૨૨૮૦-૧૮	૫૧૨૩૦-૦૦	ગયા સરવૈયા મુજબ બાકી		૫૧૨૩૦-૪૦
	ઉમેરો : આજીવન મેમ્બરોનાં				ઇન્વેસ્ટમેન્ટસ (ચોપડા પ્રમાણે)		
૨૪૬૧૦-૦૦	લવાજમના વસુલ	૧૪૫૨૮-૦૦			પરિશિષ્ટ ૨ મુજબ		
૫૫૦૦-૦૦	પેટ્રન મેમ્બરોના લવાજમના	૯૦૦૦-૦૦		૫૬૩૫૦-૦૦	શેરો તથા ડીબેન્ચર્સ	૫૬૩૫૦-૦૦	
૭૦૦૦૦-૦૦	ભેટના	—		૧૦૨૦૦૦-૦૦	યુનિટ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા. યુનિટો	૧૦૨૦૦૦-૦૦	
૧૦૦૪૧૦-૦૦				૧૧૭૦૦૦૦-૦૦	ગવ. કાંમાં ડીપોઝીટ	૧૩૨૦૦૦૦-૦૦	
		૨૩૫૨૮-૦૦		૯૮૦૦૦૦-૦૦	બેંકોમાં ફીક્ષ ડીપોઝીટ	૮૩૫૦૦૦-૦૦	
૧૧૧૨૨૮૦-૧૮			૧૧૩૫૮૦૮-૧૮	૨૩૦૮૩૫૦-૦૦			૨૩૧૩૩૫૦-૦૦
	અન્ય ફંડો :				ફર્નીચર અને ફીક્ષાર (ચોપડા પ્રમાણે)		
૧૪૦૦૭૦૦-૯૮	પરિશિષ્ટ અ મુજબ		૧૪૩૮૪૭૦-૩૨	૧૦૧૬૦-૨૪	ગયા સરવૈયા મુજબ બાકી	૧૧૫૩૦-૨૪	
				૬૦૩૨-૨૪	બાદ : કુલ ઘસારાનાં	૬૫૮૨-૨૪	
				૪૧૨૮-૦૦		૪૬૪૮-૦૦	
	દેવું :			૧૩૭૦-૦૦	ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદી	૧૪૨૬૧-૦૦	
				૫૪૬૮-૦૦		૧૬૨૦૯-૦૦	
૨૨૬૫૪-૩૭	સ્ટાફ પ્રો. ફંડના	૩૧૪૦૪-૮૭		૫૫૦-૦૦	બાદ : વર્ષ દરમિયાન ઘસારાના	૧૧૦૦-૦૦	
૭૮૫-૦૦	અગાઉથી આવેલ લવાજમના	૧૦૨૫-૦૦		૪૬૪૮-૦૦			૧૮૧૦૬-૦૦
૧૭૦૮૦૧-૧૨	પરચુરણ દેવું	૨૬૮૭૨૬-૦૦	૩૦૧૧૫૮-૮૭				
૧૬૪૫૪૦-૪૬					**ડીપોઝીટ**		
				૧૨૫-૦૦	પોસ્ટ ઓફિસમાં	૧૨૫-૦૦	
				૬૭૫-૦૦	બી. બ. એસ. ટી	૬૭૫-૦૦	
				૩૬૦-૦૦	ટેલિફોન અંગે	૩૬૦-૦૦	
					બિરલા ક્રીડા કેન્દ્ર	૫૦૦-૦૦	
				૧૪૬૦-૦૦		૨૦૬૦-૦૦	૨૦૬૦-૦૦
૨૭૦૭૫૨૧-૬૫			કુલ રૂ ૨૮૭૫૪૩૭-૩૭				૨૩૮૪૭૪૬-૪૦
	સરવાળો પાછળ લઇ ગમા				સરવાળો પાછળ લઇ ગયા		

૨૭૦૭૫૨૧-૬૫	ચારણી પાલડીથી બાબા	૨૩૮૫૪૬-૪૦
૨૭૦૭૫૨૧-૬૫	ચારણી આંબાથી બાબા	૨૩૮૫૪૬-૪૦

લેણું સરભર

૧૪૮૭૪૭-૭૩ શ્રી મણિલાલ એમ. શાહ ચા. પુરતકાય	૧૭૬૬૮૨-૭૩
૪૮૮૪૪-૧૬ ધનમેઘ રીફંડ	૧૫૮૪૦-૧૬
૭૬૭૭૪-૪૭ ડીબેન્ચરો તથા ડીપોઝીટ પર લેણા થયેલ વ્યાજ	૭૨૫૮૧-૨૯
૧૮૫૮૪-૪૫ ચાલે	૪૪૮૨૦-૮૩
૩૬૬૬૫-૦૦ બચ્ચું આંગે આવે પરચુરણ લેણું	૫૭૦૦-૦૦
૩૨૨૬૦૫-૮૧	૩૦૭૬૨૫-૦૧

રોકડ તથા બેંક બાકી

૮૬૨૫-૩૦ બેંક ઓફ બરોડા ચાલુ ખાતે	૪૭૦૬-૪૫
૪૫૧-૨૨ ,, બચત ખાતે	૧૬૭૦૮૮-૧૭
	૧૬૭૧૭૬૭-૬૨
૧૫-૬૭ રોકડ પુરાંત	૫૩-૬૨
૬૨૬૨-૪૬	૧૭૧૮૫૧-૨૫
૬૩૬૫-૭૫ શ્રી ભગવાન ફંડ (આપક ખર્ચ બાદ) (પાછળ મુજબ)	૧૧૨૧૧-૭૨
	૬૭૦૭૫૨૧-૬૫

ઉત્તમચંદ ડુંગર, શાહ
ચારણી પાલડીથી બાબા

ઓડિટર્સ રીપોર્ટ

અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુંબઈનું તા. ૩૧-૧૨-૧૯૮૬ ના રિથરતું ઉપરનું સરવૈયું મજકૂર સંઘનાં ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે. અને અમારા ધી મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટ અનુસાર જુદા રીપોર્ટ આધીન બરાબર છે.

ચારણી આંબાથી બાબા

૨૭૦૭૫૨૧-૬૫

ઓડિટર્સ, મેસર્સ. ચોકસી

૨૭૦૭૫૨૧-૬૫

મુંબઈ તા. ૨૬-૩-૧૯૮૭

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ મુંબઇ

તા. ૩૧ મી ડીસેમ્બર ૧૯૮૬ના હિસાબે પુરા તથા વર્ષના આવક ખર્ચના હિસાબ

૧૯૮૫	આવક			૧૯૮૫	ખર્ચ		
	ભેટના :-				**વહીવટી તથા વ્યવસાય ખર્ચ**		
૨૪૨૭૭-૫૦	ચાલુ ભેટ	૧૦૦૫૦૩-૦૦		૭૬૭૦૭-૫૦	પગાર તથા બોનસ	૯૩૩૭૬-૦૦	
૧૦૦૦૦-૦૦	પરિસંવાદ અંગે	—		૬૦૬૫-૧૪	બ્લોક મેન્ટેનન્સ તથા વિજળી ખર્ચ	૯૦૬૫-૧૧	
૫૫૨૧-૦૦	પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમ્યાન	૧૭૫૨-૦૦		૭૪૮૭ ૦૦	રીપેરીંગ તથા રંગ રોગાન	—	
૧૪૦-૦-	કેસેટ અંગે			૬૦૬૯-૩૦	પ્રી-ટીંગ અને સ્ટેશનરી	૫૫૫૨-૦૦	
૩૯૬૩૮-૫૦			૧૦૨૨૫૫-૦૦	૪૯૬૨-૬૦	ટેલિફોન ખર્ચ	૫૨૬૨-૦૦	
	લવાજમ			૩૮૮-૦૦	પોસ્ટેજ	૧૬૦-૦૦	
૪૪૭૫-૦૦	વસુલ આવ્યા		૪૧૫૦-૦૦	૧૦૦૦-૦૦	ઓડિટરોને ઓનરેરીયમ	૧૦૦૦-૦૦	
૧૭૫૦-૦૦	બાદ :- શ્રી મુંબઇ જૈન યુવક		૧૨૫૦-૦૦	૬૬૭૪-૦૦	સ્ટાફ પ્રો. ફંડ ફાળો અને વ્યાજ	૫૮૬૫-૦૦	
૨૭૨૫-૦૦	સંઘના સભ્યોને પ્રબુદ્ધ જીવન						
	પ્રત વિના મૂલ્યે મોકલી તેના			૨૬૦૦-૦૦	૨૪૦૮૩-૪૫ ગાડીભાડું, છત્રી, ડ્રેસ તથા		
					અન્ય પરચુરણ ખર્ચના	૧૬૫૬૧-૫૦	
	વ્યાજ તથા કમીશનના			૫-૦૦	બેંક કમીશન	૧૧-૫૦	
૬૪૧૩-૭૦	ડીબેન્ચરો અને બોન્ડના	૬૪૧૩-૭૦		૩૨૪૭-૮૫	લોન પર વ્યાજ	—	
૧૧૦૪૮૬-૭૩	બેંકના ખાતાઓના	૬૨૮૫૫-૭૦		૧૩૫-૦૦	પરમાનંદ કાપડિયા સભાગૃહ ખર્ચ	—	
૧૭૩૬૪૧-૧૨	બર્વ. કું. ની ડીપોઝીટ પર	૧૭૭૬૫૧-૨૨		—	કેસેટ ખર્ચ	૧૮૮૬-૦૦	
૧૩૨૫૦-૦૦	યુનીટ ટ્રસ્ટના યુનીટ પર	૧૩૭૫૦-૦૦		૬૪૬૩-૦૦	મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એન્ડ ફંડ ફાળાના	—	
૪૪૫૦-૦૦	ડીપોઝીટ પર કમીશનના	૩૫૦૦-૦૦		૬૬-૦૦	સ્ટાફ ઇન્સ્યુરન્સ પ્રીમીયમ	—	
૩૦૮૫૪૫-૦૫			૨૬૪૪૭૦-૬૨	૪૬૦૮-૦૦	સ્ટાફ બેનીફીટ ખર્ચ-રેલ્વેપાસ ચહાના	૬૭૬૨-૦૦	
	બાદ : આજીવન સભ્યોને પ્રબુદ્ધ			૧૪૮૬૨૧-૮૪			
	જીવનની પ્રત વિના મૂલ્યે મોકલીએ તેના			૫૫૦-૦૦	ફરનીચર સમારાના		૧૪૬૬૬૧-૧૧
૧૭૫૦૦-૦૦	બાદ :	૧૭૫૦૦-૦૦			સરવૈયા ફેરના	૧૧૦૦-૦૦	૪-૨૪
૧૪૩૬૨-૦૦	અન્ય અંકિત ફંડોને ૧૦%	૧૧૫૫૦-૦૦					
૨૭૬૬૦૩-૦૫			૨૬૦૫૦-૦૦				
			૨૬૫૪૨૦-૬૨				
૩૪૬૭-૦૦	પરમાનંદ કાપડિયા સભાગૃહ જવાબ		૧૧૫૦-૦૦				
૩૨૨૭૩૩-૫૫	સરવાળો પાછળ લઇ ગયા		કુલ રૂા. ૩૭૧૭૨૫-૬૨		સરવાળો પાછળ લઇ ગયા		૧૪૬૬૬૫-૩૫

૩૨૨૭૩૩-૫૫	સરવાળો આગળથી લાવ્યા.	૩૭૧૭૨૫-૬૨		સરવાળો આગળથી લાવ્યા	૧૪૯૬૬૪-૩૫
			ઉદ્દેશ અંગે શૈક્ષણિક :		
		૩૩૪૭૬-૯૫	પરિસંવાદ	૬૨૧-૦૦	
			રમકડા ઘર	૧૦૦૦૩-૦૦	
			મરાઠી ગોષ્ટી ખર્ચ	૨૭૨-૫૦	
			હિન્દી ગોષ્ટી લેક્ચર ખર્ચ	૨૧૪૬-૦૦	
		૧૫૦-૦૦	અભ્યાસ વર્તુળ ખર્ચ	૧૯૧-૦૦	
			શ્રેષ્ઠ લેખક પારિતોષક	૧૯૦૦-૦૦	
		૪૩૭૫-૦૦	પુસ્તક પ્રકાશન સહાય	—	
		૧૦૧૬૬ ૩૦	વસંત વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ	૬૦૬૨-૮૦	
			વિજય વલ્લભસૂરિ વ્યાખ્યાનમાળા	૩૪૫૧-૭૫	
		૨૩૫૨૮-૦૫	વિદ્યાસત્ર પ્રવૃત્તિ ખર્ચ	૩૮૭૬-૦૦	
		૫૩૦૭૮-૫૫	પર્યુષણ વ્યાખ્યાનમાળા ખર્ચ	૪૧૮૨૫-૮૦	
		૫૮૬-૨૦	લંડન સ્પોન્સર	૪૪-૫૦	
		૧૬૦-૩૦	પર્યટન	—	
		૧૫૧૨-૦૦	મહિલા વકતૃત્વ	—	
૩૨૨૭૩૩-૫૫		૩૭૧૭૨૫-૬૨			
			વૈદ્યકીય :		૭૩૪૨૪-૩૫
		૧૭૭૮૬-૬૫	નેત્રયજ્ઞ	૧૭૬૫૧-૦૦	
			શ્રમ મંદિર રકતપીત	૧૬૪૬-૦૦	
			અન્ય સંસ્થાને	૩૦૦૦૦-૦૦	૪૬૬૦૦-૦૦
			અન્ય હેતુ		
			અનાજ રાહત	૫૧૮૫-૦૦	
		૨૮૮૦-૧૫	ટેલિફોન બુથ	—	
		૧૧૭૩૩-૨૦	સ્નેહ સંમેલન	૨૩૦૧૧-૦૦	
			અન્ય સંસ્થાઓને	૧૩૫૦૦-૦૦	૪૧૬૬-૦૦ ૧૬૫૦૨૦-૩૫
		૧૪૦૬૮-૩૬	વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો વધારો		૫૭૦૩૬-૬૨
		૩૨૨૭૩૩-૫૫			કુળ રૂા. ૩૭૧૭૨૫-૬૨

ઉપરનો હિસાબ તપાસ્યો છે. અને બરોબર માલુમ પડયો છે.

મુંબઇ તા. ૨૩-૩-૧૯૮૭

યુ. એસ. શાહ એન્ડ એસોસીએટસ વતી
ઉત્તમચંદ એસ. શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર-પ્રોપ્રાયટર

મુંબઇ તા ૨૩-૩-૮૭

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુંબઇ

તા. ૩૧ મી ડીસેમ્બર ૧૯૮૬ના દિવસે પૂરાં થતાં વર્ષનો શ્રી પ્રબુદ્ધ જીવનનો આવક ખર્ચનો હિસાબ

૧૯૮૫	આવક			૧૯૮૫	ખર્ચ		
	લવાજમ						
૧૨૬૬૬-૦૦	વસુલ આવ્યા		૬૬૪૭-૦૦	૪૮૦૦-૦૦	પગાર તથા બોનસ	૪૮૦૦-૦૦	
	પ્રબુદ્ધ જીવનની પ્રત વિના મૂલ્યે			૩૬૭૬૫-૭૧	પ્રિન્ટીંગ	૩૭૬૫૨-૫૪	
૧૭૫૦-૦૦	સભ્યોને મોકલી તેના	૧૨૫૦-૦૦		૨૪૭૧૮-૦૦	પેપર ખરીદ્યો, પ્રબુદ્ધ જીવન માટે	૩૦૪૦-૦૦	
	આજીવન સભ્યોને પ્રબુદ્ધ જીવનની			૭૧૭૫-૪૫	પોસ્ટેજ	૭૪૭૨-૬૫	
૧૭૫૦-૦૦	પ્રત વિના મૂલ્યે મોકલી તેના	૧૭૫૦-૦૦		૫૩૨૦-૦૦	પુરસ્કાર	૫૦૦૮-૫૦	
				૬૭૫-૦૫	પરચુરણ ખર્ચ	૨૬૨૨-૦૦	
૩૧૬૬૬-૦૦		૧૮૭૫૦-૦૦	૨૮૬૬૭-૦૦				૮૭૮૬૫-૬૬
૮૦૧-૦૦	બેટ		૨૭૬-૦૦				
૪૬૬૮૭-૨૧	વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો		૫૮૬૨૨-૬૬				
૮૨૪૮૪-૨૧			કુલ રૂા. ૮૭૮૬૫-૬૬	૮૨૪૮૪-૨૧			૮૭૮૬૫-૬૬

ઉપરનો હિસાબ તપાસ્યો છે. અને અમારા ધી મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એક્ટ અનુસાર જુદા રીપોર્ટ આધીન બરાબર છે.

મુંબઇ તા.

મુંબઇ તા. ૨૩-૩-૧૯૮૭

યુ. એસ. શાહ એન્ડ એસોસીએટસ વતી
ઉત્તમચંદ એસ. શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડીટર્સ પ્રોપ્રાયટર્સ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુંબઇ

તા. ૩૧મી ડીસેંબર સરવૈયામાં દર્શાવેલ અન્ય ફંડોની વિગત દર્શાવતું પરિશિષ્ટ "અ"

અ. નં.	ફંડની વિગત	તા. ૧-૧-૮૬ના દિવસે		વર્ષ દરમિયાન લેટ હવાલા		વ્યાજના હવાલા		વર્ષ દરમિયાન ખર્ચ હવાલા		
૧	શ્રી મકાન ફંડ	૨૪૦૧૯-૧૯	— —	— —	— —	— —	૮૧૯૦-૦૦	— —	— —	૧૫૮૨૯-૧૯
૨	,, પુસ્તક પ્રકાશન ખાતું	૧૪૪૧૪-૩૯	૨૪૦૬૪-૫૦	— —	— —	— —	૮૦૬૬-૩૦	— —	— —	૩૦૩૮૨-૫૯
૩	,, માવજત ખાતું	૧૨૬-૪૮	— —	— —	— —	— —	— —	— —	૧૨૬-૪૮	— —
૪	,, પ્રેમળ જ્યોતિ રીઝર્વ ફંડ	૧૮૧૪૭૭-૫૫	૧૭૨૨૪૦-૦૦	૧૨૬-૪૮	— —	— —	૧૩૬૯૭૧-૪૧	— —	— —	૨૧૬૮૭૨-૬૨
૫	,, પ્રબુદ્ધ જીવન કાયમી ફંડ	૨૦૦૦-૦૦	— —	— —	— —	— —	— —	— —	— —	૨૦૦૦-૦૦
૬	,, દીપચંદ ત્રી. શાહ ટ્રસ્ટ ફંડ	૬૫૪૪-૨૮	૫૦૩૬-૦૦	— —	— —	૬૫૪૪-૦૦	— —	— —	— —	૭૭૧૩૪-૨૮
૭	,, વિદ્યાસત્ર પ્રવૃત્તિ ફંડ	૪૫૦૦૫-૦૦	— —	— —	— —	૪૫૦૦-૦૦	— —	— —	— —	૪૬૫૦૫-૦૦
૮	,, જીવન ધડતર લક્ષી પ્રવૃત્તિ ખાતું	૪૬૬૬-૮૬	— —	— —	— —	૪૬૬-૦૦	— —	— —	— —	૫૪૬૨-૮૦
૯	,, ચીમનભાઇ ચકુભાઇ શાહ સ્મારક નિધિ ખાતું	૪૭૬૫૮-૦૫	— —	— —	— —	— —	૨૬૬૦-૦૦	— —	— —	૪૪૬૬૮-૦૫
૧૦	,, સ્ટોક રીઝર્વ ફંડ	૨૬૬૩૮૮-૦૦	— —	— —	— —	— —	૧૭૬૮૭૭-૮૫	— —	— —	૮૬૫૧૦-૧૫
૧૧	,, દત્તક બાળક પ્રવૃત્તિ રીઝર્વ ફંડ	૫૪૦૦૧-૦૦	— —	— —	— —	— —	— —	— —	— —	૫૪૦૦૧-૦૦
૧૨	,, સેવંતીલાલ ટ્રસ્ટ પર્યુષણ વ્યા. ફંડ	૨૫૦૦૦૬-૦૦	— —	— —	— —	— —	— —	— —	— —	૨૫૦૦૦૦-૦૦
૧૩	,, નેત્રયજ્ઞ ખાતું	— —	૨૬૪૦૩-૦૦	— —	— —	— —	૨૬૪૦૩-૦૦	— —	— —	— —
૧૪	,, ધરમપુર પ્રોજેક્ટ ખાતું (ઉ)	૧૪૩૨૧-૫૫	૧૪૫૦-૦૦	— —	— —	— —	— —	— —	— —	૧૨૮૭૧-૫૫(ઉ)
૧૫	,, સી. સી શાહ શ્રેષ્ઠ ગુજરાતી પત્રકાર ફંડ	૧૫૧૦૦૦-૦૦	— —	— —	— —	— —	— —	— —	— —	૧૫૧૦૦૦-૦૦
૧૬	,, વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યા. શ્રેણી ખાતું	૭૬૬૬૩-૦૦	— —	— —	— —	— —	— —	— —	— —	૭૬૬૬૩-૦૦
૧૭	,, ધી. ધ. શાહ પ્ર. જી. શ્રેષ્ઠ લેખક પારિતોષક ખાતું	૧૧૦૦૦-૦૦	— —	— —	— —	— —	— —	— —	— —	૧૧૦૦૦-૦૦
૧૮	,, ટી. બી. દર્દી ઓપરેશન ખાતું	૪૮૧૫-૦૦	— —	— —	— —	— —	૧૮૧૫-૧૦	— —	— —	૩૦૦૦-૦૦
૧૯	,, મહિલા વકૃત્વ ખાતું	૧૦૫૦-૦૧	૧૩૫૦-૦૦	— —	— —	— —	૨૩૦૩-૦૦	— —	— —	૧૭-૦૦
૨૦	,, ધીરજબેન દીપકચંદ શાહ સ્મરણાર્થ ઘર ખાતું	૨૦૬૫૧-૧૬	૨૩૭૬૬-૦૦	— —	— —	— —	— —	— —	— —	૪૪૪૫૦-૧૬
૨૧	,, મહાવીર વંદના સ્નેહમીલન ખાતુ	૧૫૦૦૦૬-૦૦	— —	— —	— —	— —	— —	— —	— —	૧૫૦૦૦૦-૦૦
૨૨	,, પ્રવાસ આવક ખર્ચ ખાતું	૬૦૭૮-૦૦	૫૦૬૮-૦૦	— —	— —	— —	૭૨૦૬-૦૦	— —	— —	૬૬૬૭-૦૦
૨૩	,, ફળવણી ફંડ	૫૨૫૧-૦૦	— —	— —	— —	— —	— —	— —	— —	૫૨૫૧-૦૦
૨૪	,, અનાજ રાહત ફંડ	૨૭૫૮૩-૦૦	૩૪૮૨૬-૦૦	— —	— —	— —	— —	— —	— —	૬૨૪૧૨-૦૦
૨૫	,, સી. યુ. શાહ મેડીકલ એઇડ	— —	૬૦૮૫૬-૦૦	— —	— —	— —	— —	— —	— —	૬૦૮૫૬-૦૦
૨૬	,, મોહનલાલ મહેતા 'સોપાન' પારિતોષિક ફંડ	— —	૧૫૦૦૦-૦૦	— —	— —	— —	— —	— —	— —	૧૫૦૦૦-૦૦
	કુલ રૂા.	૧૪૦૦૭૦૦-૬૮	૪૦૩૧૨૫-૫૦	૧૨૬-૪૮		૧૧૫૫૦-૦૦	૩૭૬૬૦૬-૧૬	૧૨૬-૪૮		૧૪૩૮૪૭૦-૩૨

મુંબઇ તા. ૨૩-૩-૧૯૮૭

યુ. એસ. શાહ એન્ડ એસોસીએટસ
ઉત્તમચંદ એસ. શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટસ પ્રોપ્રાયટર

તા. ૩૧-૧૨-૮૬ ના દિવસના સરવૈયા મુજબ બતાવેલ ઈન્વેસ્ટમેંટની વિગત દર્શાવતું પરિશિષ્ટ બ

વિગત							
૧	**શેરો અને ડીબેંચરો**						
	રસધારા કો. ઓ. હા. સો. લી. શેર-૧૦		૫૦૦-૦૦				
	તાતા ઓઇલ કું. લી. ડીબેન્ચરો ૨૦૦	૨૦૦૦૦-૦૦					
	બોમ્બે કાર્ડિંગ એન્ડ મેન્યુ કું. લિ. ૧૫૦	૧૫૦૦૦-૦૦					
	વોલ્ટાસ લિ. ૧૫૦	૧૫૦૦૦-૦૦					
	તાતા લોકો. એન્ડ એંજી. કું. લિ. બોન્ડ	૫૮૫૦-૦૦					
			૫૫૮૫૦-૦૦				
				૫૬૫૫૦-૦૦			
૨	યુનીટ ટ્રસ્ટ ઓફ ઇ. ના યુનીટ			૧૦૨૦૦૦-૦૦			
૩	**ગવ. કું.માં ફીક્સ ડીપોઝીટ**						
	હિન્દુસ્તાન ઝીંક લિ,		૩૫૦૦૦-૦૦				
	ઇન્ડિયન ટેલીફોન ઇન્ડી. લિ.		૫૦૦૦૦-૦૦				
	ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન		૫૬૫૦૦૦-૦૦				
	ભારત હેવી ઇલેક્ટ્રીકલ્સ કું. લિ.		૧૫૦૦૦૦-૦૦				
	ભારત પેટ્રો. કોર્પોરેશન		૨૦૦૦૦૦-૦૦				
	રાષ્ટ્રીય કેમી. એન્ડ ફર્ટીલાઇઝર		૬૦૦૦૦-૦૦				
	સ્ટીલ ઓથોરીટી ઓફ ઇ. લિ.		૮૦૦૦૦-૦૦				
	મદ્રાસ રીફાનરી કું. લિ.		૧૦૦૦૦૦-૦૦				
	નેયવેલી લેનાઇટ કોર્પોરેશન		૫૦૦૦૦-૦૦				
				૧૩૨૦૦૦૦-૦૦			
૪	**બેંકોમાં ફીક્ષ ડીપોઝીટ**						
	બેંક ઓફ ઇ. વી. પી. રોડ		૩૨૫૦૦૦-૦૦				
	જૈન સહકારી બેંક લિ.		૩૦૦૦૦-૦૦				
	કપોળ કો. ઓ. બેંક લિ.		૧૨૦૦૦૦-૦૦				
	માંડવી કો. ઓ. બેંક લિ.		૧૨૦૦૦૦-૦૦				
	ધી બોમ્બે મર્ક. કો. ઓ. બેંક લિ.		૧૨૦૦૦૦-૦૦				
	સારસ્વત કો. ઓ. બેંક લિ.		૧૨૦૦૦૦-૦૦				
				૮૩૫૦૦૦-૦૦			
	કુલ રૂ			૨૩૧૩૩૫૦-૦૦			

દેવું			
જવાબ્રમ			
૧૯૮૭		૬૮૫-૦૦	
૧૯૮૮		૪૦-૦૦	
			૧૦૨૫-૦૦
			૧૦૦૦-૦૦
ખર્ચ અંગે			૩૪૮૭૪-૦૦
દુષ્કાળ રાહત ફંડ			૧૮૬૫૩-૦૦
દાદર રફુલ અંધ બાળક ખાતું			૧૦૦૦૦-૦૦
પુસ્તક પ્રકાશન ડીપોઝીટ			૩૧૬૮૦-૦૦
યુસુફ મહેરઅલી સેન્ટર			૫૦૦૦૦-૦૦
ઇન્ટરનેશનલ લેકચર સીરીઝ			૧૨૨૫૨૨-૦૦
શ્રી ઋતંભરા વિદ્યાપીઠ			
સ્ટાફ પ્રોવિડન્ટ ફંડ			
શ્રી શાંતિલાલ ટી. શેઠ		૧૦૪૩૪-૧૩	
,, એલ. એમ. મહેતા		૨૦૬૭૦-૭૪	
			૩૧૪૦૪-૮૭
		કુલ રૂ.	૩૦૧૧૫૮-૮૭
લેણું.			
અલ્પાહાર ખાતે			૩-૩૮
લંડન સ્પોન્સર ખાતે			૩૦૦૦-૦૦
શ્રી ચિકિત્સક સમૂહ શિરોડકર રફુલ			૫૦૦-૦૦
,, આર્ય એજ્યુ. સોસાયટી			૫૦૦-૦૦
તેજપાળ હોલ			૨૦૦-૦૦
શ્રી મથુરદાસ દામોદર ગાંધી			૧૫૦૦-૦૦
સ્ટાફ પાસે			
શ્રી શાંતિલાલ ટી. શેઠ			
,, દીપક એન. શાહ			૫૭૧૩-૫૫
પ્યુન વિજય			૨૫૫૦-૦૦
,, હરિચંદ			૪૧૦૦-૦૦
,, અશોક			૧૨૫૦-૦૦
શ્રી એલ. એમ. મહેતા			૩૧૬૬-૩૦
,, ચીમનલાલ એમ. શાહ			૧૦૦૦૦-૦૦
			૩૩૮૧૭-૪૫
કુલ રૂ			૩૬૫૨૦-૮૩

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય મુંબઇ

તા. ૩૧-૧૨-૧૯૮૬ નાં દિવસનું સરવૈયું

૧૯૮૫	ફંડો અને દેવું		૧૯૮૫	મિલકત લેણું અને			
	કાયમી ફંડો			**ઇન્વેસ્ટમેન્ટસ**			
				ફીક્સ ડીપોઝીટ			
૧૦૭૮૬૪-૦૦	ગયા સરવૈયા મુજબ બાકી	૧૦૭૮૬૪-૦૦					
	શ્રી પુસ્તક ફંડ :-		૫૦૦૦૦-૦૦	હિન્દુસ્તાન ઓર્ગેનિક કેમી. લી.			૫૦૦૦૦-૦૦
				ફર્નીચર : (ખરીદ કિંમતે)			
૫૫૦૦-૦૦	ગયા સરવૈયા મુજબ બાકી	૫૫૦૦-૦૦	૧૦૬૯૫-૬૩	ગયા સરવૈયા મુજબ બાકી	૧૦૬૯૫-૬૩		
	શ્રી ફર્નીચર ફંડ :-			ઉમેરો વર્ષ દરમિયાન ખરીદી	૫૨૬૫-૭૦	૧૫૬૬૧-૬૩	
૨૪૦૦-૦૦	ગયા સરવૈયા મુજબ બાકી	૨૪૦૦-૦૦	૭૨૦૫-૬૩	બાદ : કુલ ઘસારાના	૭૫૪૫-૬૩		
	શ્રી રીઝર્વ ફંડ :-		૩૪૬-૦૦	બાદ : વર્ષ દરમિયાન ઘસારાના	૮૪૦-૭૦	૮૩૮૬-૬૩	
૩૧૬૭૩-૪૨	ગયા સરવૈયા મુજબ બાકી	૩૧૬૭૩-૪૨	૩૧૫૦-૦૦				૭૫૭૫ ૦૦
				પુસ્તકો (ખરીદ કિંમતે)			
			૮૮૦૦૦-૦૦	ગયા સરવૈયા મુજબ બાકી	૮૨૦૧૭-૩૫		
૧૪૭૪૬૭-૪૨		૧૪૭૪૬૭-૪૨	૭૨૧૭-૩૫	ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદીના	૧૩૮૬૦-૫૫		
			૯૫૨૧૭-૩૫		૯૫૮૭૭-૬૦		
	દેવું :-						
૨૦૬૨૧-૦૦	પુસ્તકો અંગે ડીપોઝીટ	૧૫૩૪૬-૦૦		બાદ : વર્ષ દરમ્યાન ઘસારાના લખીવાળા	૧૨૬૬૦-૦૦		૮૨૬૧૭-૬૦
૨૧૬૫-૫૨	સ્ટાફ પ્રોવિ. ફંડના	૪૫૩૭-૭૨	૧૩૨૦૦-૦૦				
૧૪૮૭૪૭-૭૩	શ્રી મુંબઇ જૈન યુવક સંઘ	૧૭૬૬૮૨-૭૩	૮૨૦૧૭-૩૫				
૧૦૦૦-૦૦	ખર્ચ અંગે	૧૦૦૦-૦૦		**લેણું**			
			૧૦૦૦૦-૦૦	મ્યુનિસિપાલિટી આંટના			
૧૭૨૮૬૪-૨૫		૨૦૦૫૬૬-૪૫	૧૦-૦૦	સ્ટાફ પાસે			
				રોકડ તથા બેંક બાકી :	૧૦૦-૦૦		૧૦૦-૦૦
	ઓડીટરોનો રીપોર્ટ :-		૧૨૭૬-૧૪	બેંક ઓફ ઇન્ડિયા બચત ખાતે	૧૫૦૬૪-૬૬		
	અમોએ શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય		૬૫-૦૪	રોકડ પુરાંત	૪૬-૫૬		૧૫૧૧૩-૨૮
	મુંબઇ તા. ૩૧-૧૨-૧૯૮૬ના રોજનું ઉપરનું મજકુર સંસ્થાનાં		૧૧૩૫૪-૧૮				
	ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને અમારા ધી મુંબઇ			**શ્રી આવક ખર્ચ ખાતું :**			
	પબ્લીક ટ્રસ્ટ એક્ટ અનુસારનાં જુદા રીપોર્ટ આધીન બરાબર છે.		૧૪૬૮૭૪-૩૬	ગયા સરવૈયા મુજબ બાકી	૧૭૩૮૧૦-૧૪		
	મુંબઇ તા. ૧૪-૩-૧૯૮૭	યુ. એસ. શાહ એન્ડ એસોસીએટસ	૧૦૦૦૦-૦૦	બાદ : મુંબઇ મ્યુ. આંટના વસુલ	૧૦૦૦૦-૦૦		
		ઉત્તમચંદ એસ. શાહ	૧૩૬૮૭૪-૩૬		૧૬૩૮૧૦-૧૪		
		પ્રોપ્રાયટર	૩૩૬૩૫-૭૮	ઉમેરો : વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો	૨૮૫૧૭-૫૫		૧૬૨૩૨૭-૬૬
		ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડિટર					
			૧૭૩૮૧૦-૧૪				
૩૨૦૩૩૧-૬૭		કુલ રૂા. ૩૪૮૦૩૩-૮૭	૩૧૦૩૩૧-૬૭				કુલ રૂા. ૩૪૮૦૩૩-૮૭

મુંબઇ તા. ૨૩-૩-૧૯૮૭

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય મુંબઈ

તા. ૩૧-૧૨-૧૯૮૬ના રોજ પૂરાં થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

૧૯૮૫	આવક	૧૯૮૬	૧૯૮૬	ખર્ચ	૧૯૮૫
	વ્યાજ અને કમિશન			વહીવટ તથા વ્યવસ્થા અર્થે	
૭૧૨-૯૪	બેંકનાં વ્યાજનાં વગેરે	૧૭૪-૭૦		પેપર લવાજમ	૫૫૪૬-૬૫
૬૬૬૩-૮૪	ગવ. કે પબ્લીક્સ ડેપોઝીટનું	૭૨૫૦-૦૦	૬૮૭૬-૬૫	પગાર તથા બોનસ વગેરે	૪૪૪૭૭-૦૦
૭૮૦૬-૭૭			૪૪૪૭૭-૦૦		
	લેણાનાં		૭૪૨૪-૭૦	બુક બાઈન્ડીંગ	૧૧૭૮૨-૫૦
૧૦૦૦૦-૦૦	આગમ પ્રેસનો તરફથી	૫૦૦૦-૦૦		ડેડ સ્ટોકના તથા વાહનના ગ્રો ફંડના	૨૬૪૬-૭૦
૧૦૦૧-૦૦	લેણાનાં	૧૯૬૩૦-૦૦		ગ્રેચ્યુ. ફ્રિમિયમનાં	૧૧૧૫-૦૦
૭૮૧૦-૦૦	પુસ્તક વધારાનાં	૭૨૮૦-૦૦	૪૨૭૧૬-૭૫		
૧૮૮૧૬-૦૦				વ્યવસ્થા અર્થે	
૪૧૮-૦૦	ધનસંગ્રહ રકમોનાં (નેટ)		૭૧૬૧૦-૦૦	ઓડીટરોને ઓનરેરીયમનાં	૧૦૦૦-૦૦
	પેનસુરક્ષા આવક :			રહાટને ચશ્મા, રેલ્વે પાસ, મેડીકલ, છટ્ટી	૮૧૮૮-૦૦
૬૬૫-૦૦	પરતી વેચાણનાં	૮૨૪-૨૦		અને અન્ય ઓફિસોર્ડના પગારોના	
૫૫૫૫-૦૦	ફ્રુની જમા ડીપોઝીટના ચાલુ	૬૧૭૫-૦૦	૧૦૬૪૫-૫૦	પ્રી-પ્રીંગ તથા રદ્દોશનરી	૬૨-૦૦
૨૮૬-૫૦	લેણાં ટુંના	૫૨૬-૩૦	૭૦-૦૦	સેફેક્સનાં રેક્ષ	૫૦-૦૦
૪૪૫-૦૦	દાખલા ફી	૪૮૫-૦૦	૧૧૪૪૭-૧૦		૬૮૩૦-૦૦
૬૬૩૧-૫૦				ઘસારાનાં	
		૮૦૦૫-૫૦	૪૪૦-૦૦	ફર્નીચર પર ઘસારાનાં ૧૦%	૮૪૦-૭૦
૪૪૮૪૫-૦૭	વર્ષ દરમ્યાન આવક કરતાં	૪૭૪૪૦-૨૦	૧૩૨૦૦-૦૦	પુસ્તક પર ૧૫%	૧૨૬૬૦-૦૦
	ખર્ચનો વધારો	૨૮૫૬૭-૫૫			
૬૬૬૦૪-૦૫		૭૪૮૫૭-૭૫	૬૬૬૦૪-૦૫		૬૬૬૦૪-૦૫

અંગ્રેજીમાં ઉપરનો હીસાબ પત્રકો છે.
અને અપીમર છે.

ચ. એસ. શાહ એન્ડ એસોસીએટ્સ વતી
ઉત્તમચંદ એસ. શાહ
ભાગીદાર

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ

મુંબઈ તા. ૧૪-૩-૧૯૮૭

(પૃષ્ઠ ૧૯૦ થી ચાલુ)

ભગવાન મહાવીરની નારીભાવના

થઇ. વિધવા થયેલી મૃગાવતીએ ચંડપ્રદ્યોતનું હૃદય પરિવર્તન કરાવ્યું. અને ત્યાર પછી સંસાર ત્યાગ કરી મૃગાવતીએ ભગવાન પાસે દીક્ષા લીધી. રાજા બિંબિસારની રાણી ચેલણાએ પણ જૈન ધર્મનું સરસ પરિપાલન કર્યું. અને સમાજમાં ધર્મ-વિકાસનાં કાર્યોમાં અગત્યનો ભાગ ભજવ્યો. અનોખા બુદ્ધિ વૈભવ અને શ્રદ્ધા વડે તેણે પતિ-બિંબિસાર, પુત્રો અને સાથે સાથે પ્રજાને-સૌને જૈન ધર્મના અનુયાયી બનાવ્યાં. સમયસૂચકતા અને કુનેહથી તેણે કહેવાતા દંભી અને પાખંડી ધર્મપુરુષોનાં કરતૂતોને ખુલ્લાં પાડ્યાં.

ભગવાન મહાવીરની કરુણા અને ક્ષમાભાવ માર્ગ ભૂલેલા તરફ વિશેષ વહેતો. તે સમયે રાજગૃહી નગરીમાં બારવ્રતધારી-ધર્મપરાયણ મહાશતક નામના શ્રાવક હતા. તેમની પત્ની રેવતી વ્યભિચારિણી-સ્વચ્છંદી અને દુષ્ટ હતી. એક વખત ઉપાશ્રયમાં મહાશતક પાસે આવી તેણે સ્ત્રીને અઘટિત એવું વર્તન કર્યું. તેનું પરિણામ શું આવશે તે મહાશતક અવધિજ્ઞાનથી જાણ્યું અને તેમણે રેવતીને કહ્યું કે 'તું તારા આ અધમ વર્તનથી નરકની યાતના ભોગવીશ. ભગવાનને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેમણે ગૌતમસ્વામીને મોકલી મહાશતકને કહેવરાવ્યું કે તમારી પત્ની દુષ્ટ હોય તો પણ તમારા જેવા વ્રતધારીથી તમારી પત્નીને આવાં આકરાં અને અપ્રિય વચન ન કહેવાય, કારણ કે તેમાં એક પ્રકારની સૂક્ષ્મ હિંસા રહેલી છે.' મહાશતકે ભગવાનની આજ્ઞા માથે ચઢાવી અને દુરાચારી પત્નીને દુભાવવા બદલ પ્રાયશ્ચિત કર્યું. પોતાની અધમ પત્ની પ્રત્યે પણ આવું ક્ષમાયુક્ત વર્તન રાખવાનું કહેવું તે ભગવાનની અપાર કરુણા, સમભાવ અને સ્ત્રી દાક્ષિણ્ય સૂચવે છે.

સામાન્ય વર્ગની તો ઠીક પરંતુ ઉચ્ચકુળની અને સુખની છોળોમાં ઊછરતી સ્ત્રીઓ બાર વ્રતધારી શ્રાવિકા બને અને સમજીને ધર્મને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરે તે ખરેખર આનંદની વાત ગણાય. રાજા શતાનિકની બહેન જયંતી વિદૂષી સ્ત્રી હતી. તે શ્રાવિકા બની હતી. આત્માને ઉર્ધ્વગામી કરવા અને જીવનને સાર્થક કરવા ભગવાનને કેટલાક માર્મિક પ્રશ્નો પૂછીને એણે ચિત્તનું સમાધાન મેળવેલું. તેણે પૂછેલા પ્રશ્નો પરથી તેની ચિંતનશીલતા અને ધર્માભિમુખતાની પ્રતીતિ થાય છે. આજે પણ એણે પૂછેલા પ્રશ્નો અને ભગવાને આપેલા જવાબો આપણા ચિત્તનું પણ સમાધાન કરે છે. ઉદાહરણ તરીકે એણે પૂછ્યું કે 'ભગવાન, જીવ આળસુ સારો કે ઉદ્યમી?' ભગવાને કહ્યું: 'ધર્મપરાયણ જીવ હોય તો તે સબળ અને ઉદ્યમી સારો, કારણ કે તે કલ્યાણનાં જ કામ કરશે. અધર્મી હોય તો તે આળસુ અને નબળો સારો, કારણ કે આળસ અને નબળાઈને કારણે અકલ્યાણનાં કામ નહિં કરે.'

જૈન ધર્મની એ વિશેષતા છે કે ભગવાન મહાવીરે સ્થાપેલો ચતુર્વિધ સંઘ આજે પણ અવિચ્છિન્નપણે ચાલુ છે ગૃહ-સંસારમાં રહેલી સ્ત્રીઓ પણ પોતપોતાની શક્તિ અનુકૂળતા અનુસાર આત્મ-કલ્યાણ સાધે છે. ભગવાને આપેલું શ્રાવિકાપદ એ પવિત્ર નવકારમંત્રનું પાંચમું પદ છે. અને સ્ત્રી જાતિ માટે તે ખૂબ ઉપકારક થઇ પડ્યું છે. સ્ત્રીને વૈરાગ્ય ઉપજે તો તે ગૃહત્યાગ કરી સાધ્વી થઇ શાંતિથી પોતાની આરાધના કરી શકે એવી અનુકૂળતા જૈન ધર્મમાં છે. સમાજ સાધ્વીઓના પોષણ રક્ષણની જવાબદારી સ્વીકારે છે.

આમ, ભગવાન મહાવીરે પ્રવર્તાવેલ સ્ત્રી-પુરુષની સમાનતાના આદર્શને કારણે આજ દિવસ સુધી સ્ત્રીઓ અનેક પ્રકારે આત્મોન્નતિના પંથે આગળ વધી રહી છે.

સત્સંગ એક સવારનો

આત્મસિદ્ધિશાસ્ત્ર

વ્યાખ્યાતા : ડૉ. રમણલાલ ચી. શાહ

ભક્તિસંગીત : કુ. ઈન્દુબહેન ધાનક

સ્થળ : ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઇ.

સમય : રવિવાર, તા. ૩-૫-૧૯૮૭
સવારના ૯-૩૦ વાગે

સૌને પધારવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

– મંત્રીઓ

દુષ્કાળ રાહત નિધિમાં આવેલી રકમની યાદી

૫૦૦૦ શ્રી પ્રજ્ઞેશ કાંતિલાલ દેસાઇ
૨૫૦૦ ,, અશોક ટેક્ષટાઇલ્સ
૨૫૦૦ ,, સ્વ. શિવજી માણેક ભેદા તથા સ્વ. ઉમરબાઇ શિવજી ભેદાના પુણ્યાર્થે
૧૦૦૦ ,, મંગાબેન ઝવેરી
૧૦૦૦ ,, ડી. વી. કોઠારી
૭૦૦ ,, અતુલ એચ. કોઠર
૫૦૧ ,, ચંપકરાજ કે. શાહ
૫૦૧ ,, એક બેન તરફથી
૨૫૧ ,, કમલબેન પીસપાટી
૨૫૧ ,, હેમલત્તાબેન એલ શાહ
૨૫૧ ,, લક્ષ્મીચંદ કે. શાહ
૨૫૧ ,, રેખાબેન પી. દોશી
૨૫૧ ,, અનિલા આર. શાહ
૨૫૧ ,, ધન્વિયન ફાર્માકેમ્સ
૨૫૦ ,, અમિતકુમાર કુંદનલાલ શાહ
૧૫૦ ,, રૂપીબેન કોઠારી
૧૦૧ ,, મફતલાલ રતનચંદ પરીખ
૧૦૧ ,, પૂર્ણિમાબેન પકવાસા

એક્યુપ્રેશર તાલીમ વર્ગ

સંઘના ઉપક્રમે એક્યુપ્રેશર પદ્ધતિ દ્વારા સારવાર માટેના નિઃશુલ્ક તાલીમ વર્ગ અંગ્રેજી ભાષામાં ગુરુવાર, તા. ૨૩મી એપ્રિલ, ૧૯૮૭થી પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૪૮૫, સરદાર વી પી. માર્ગ, રસધારા કો. ઓપ. સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામ સામે, મુંબઇ – ૪૦૦૦૦૪. (ફોનઃ ૩૫૦૨૯૬) ખાતે શરૂ થશે. સપ્તાહમાં બે વખત દર ગુરુવારે અને સોમવારે બપોરના ૨–૦૦ થી ૪–૦૦ સુધી ચાલનારા આ વર્ગનું સંચાલન શ્રી જગમોહનભાઇ દાસાણી કરશે. એક્યુપ્રેશરના બે મહિનાના આ તાલીમ વર્ગમાં જોડાવા ઇચ્છુક ભાઇ-બહેનોએ સંઘના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી છે.

– મંત્રીઓ

લાંછન

(પૃષ્ઠ ૧૭૦ થી ચાલુ)

સુમતિનાથ – ક્રૌંચપક્ષી; (૬) પદ્મપ્રભુ – કમળ (પદ્મ); (૭) સુપાર્શ્વનાથ – સ્વસ્તિક (સાથિયો); (૮) ચંદ્રપ્રભસ્વામી – ચંદ્ર; (૯) સુવિધિનાથ–મગર; (૧૦) શીતલનાથ–શ્રીવત્સ; (૧૧) શ્રેયાંસનાથ ગેંડો; (૧૨) વાસુપૂજ્યસ્વામી–પાડો, (૧૩) વિમલનાથ–ભૂંડ; (૧૪) અનંતનાથ–બાજ; (૧૫) ધર્મનાથ–વજ્ર; (૧૬) શાંતિનાથ–હરણ; (૧૭) કુંથુનાથ–બકરો; (૧૮) અરનાથ – નન્દ્યાવર્ત; (૧૯) મલ્લિનાથ–ઘડો અથવા કુંભ (કળશ) (૨૦) મુનિસુવ્રતસ્વામી – કાચબો; (૨૧) નમિનાથ – નીલકમળ; (૨૨) નેમિનાથ–શંખ; (૨૩) પાર્શ્વનાથ–સર્પ અને (૨૪) મહાવીરસ્વામી–સિંહ.

ચોવીસ તીર્થંકરોનાં લાંછનો અનુક્રમે જણાવતાં શ્રી હેમચન્દ્રાચાર્યે અભિધાનચિંતામણિમાં લખ્યું છે,

वृषो गजोऽश्वः प्लवगः क्रौञ्चोऽब्जं स्वस्तिकः शशी ।
मकरः श्रीवत्सः खड्गी महिष शूकरस्तथा ॥ ४७ ॥

श्येनो वज्र मृगश्छागो नन्द्यावर्त्तो घटोऽपि च ।
कूर्मो नीलोत्पलं शङ्खः फणी सिंहोऽर्हतां ध्वजाः ॥ ४८ ॥

હેમચંદ્રાચાર્યે લાંછન માટે અહીં ધ્વજ' શબ્દ પ્રયોજ્યો છે.

શ્રી પ્રદ્યુમ્નસૂરિએ 'વિચારસારપ્રકરણ'માં ચોવીસ લાંછનો પ્રાકૃત ભાષામાં નીચે પ્રમાણે અનુક્રમે આપ્યાં છે :–

वसह गय तुरय वानर कुञ्चो कमलं च सत्थिओ चन्दो ।
मयर सिरिच्छ गण्डय महिस वराहो य सेणो य ॥१०८॥

वज्ज हरिणो छगलो नन्दावत्तो य कलस कुम्मो य ।
नीलुप्पल सङ्ख फणी सीहो य जिणाण चिन्धाइं ॥ १०९ ॥

શ્રી પ્રદ્યુમ્નસૂરિએ લાંછન માટે અહીં 'ચિહ્ન' શબ્દ પ્રયોજ્યો છે.

જેમ તીર્થંકરોની માતાને આવતાં સ્વપ્નોની બાબતમાં તેમ તીર્થંકરોના લાંછનની બાબતમાં પણ શ્વેતામ્બર અને દિગમ્બર પરંપરા વચ્ચે થોડો ભેદ જોવા મળે છે. પાંચમા સુમતિનાથ ભગવાનનું લાંછન શ્વેતામ્બર પરંપરા પ્રમાણે ક્રૌંચ પક્ષી છે અને દિગમ્બર પરંપરા પ્રમાણે ચક્રવાક પક્ષી છે. દસમા શીતલનાથ ભગવાનનું લાંછન શ્વેતામ્બર પરંપરા પ્રમાણે શ્રીવત્સ છે અને દિગમ્બર પરંપરા પ્રમાણે કલ્પવૃક્ષ છે. ચૌદમા અનંતનાથ ભગવાનનું લાંછન શ્વેતામ્બર પરંપરા પ્રમાણે બાજ પક્ષી છે અને દિગમ્બર પરંપરા પ્રમાણે શાહુડી છે. અઢારમા અરનાથ ભગવાનનું લાંછન શ્વેતામ્બર પરંપરા પ્રમાણે નન્દ્યાવર્ત છે અને દિગમ્બર પરંપરા પ્રમાણે મત્સ્ય છે.

આ ઉપરાંત બીજા બે લાંછનમાં સહેજ ફરક છે. પંદરમાં ધર્મનાથ ભગવાનનું લાંછન શ્વેતામ્બર પરંપરા પ્રમાણે વજ્ર છે અને દિગમ્બર પરંપરા પ્રમાણે વજ્રદંડ છે. વળી એકવીસમા નમિનાથ ભગવાનનું લાંછન શ્વેતામ્બર પરંપરા પ્રમાણે નીલકમળ છે. દિગમ્બર પરંપરા પ્રમાણે રક્તકમળ છે.

દરેક તીર્થંકરના શરીર ઉપર અન્ય કોઇ તીર્થંકરના શરીરમાં ન હોય એવું સર્વથા જુદું જ લાંછન હોય એવું નથી. અલબત્ત, વર્તમાન ચોવીસ તીર્થંકરોનાં બધાં લાંછન જુદાં જુદાં છે, પરંતુ વીસ વિહરમાન જિનેશ્વરોમાં બળદ, હાથી, સૂર્ય, ચંદ્ર, કમળ જેવાં લાંછન એક કરતાં વધારે તીર્થંકરોનાં છે. નીચેની યાદી ઉપરથી એ સ્પષ્ટ થશે.

મહાવિદેહ ક્ષેત્રમાં હાલ વિચરતા વીસ વિહરમાન તીર્થંકરોનાં લાંછન નીચે પ્રમાણે છે : (૧) સીમંધર–બળદ; (૨) યુગમંધર (યુગંધર)–હાથી; (૩) બાહુજિન–હરણ; (૪) સુબાહુ–વાંદરો; (૫) સુજાત–સૂર્ય; (૬) સ્વયંપ્રભ–ચંદ્ર; (૭) ઋષભાનન–સિંહ; (૮) અનન્તવીર્ય–હાથી; (૯) સુરપ્રભ–ઘોડો; (૧૦) વિશાલ–સૂર્ય; (૧૧) વજ્રધર–શંખ; (૧૨) ચંદ્રાનન–બળદ; (૧૩) ચન્દ્રબાહુ–કમળ; (૧૪) ભુજંગ–કમળ; (૧૫) ઈશ્વર–ચંદ્ર; (૧૬) નેમિપ્રભ સૂર્ય; (૧૭) વીરસેન (વારિષેણ) –બળદ; (૧૮) મહાભદ્ર – હાથી; (૧૯) ચન્દ્રયશા – ચન્દ્ર; (૨૦) અજિતવીર્ય–સ્વસ્તિક

'વિવિધ પ્રશ્નોત્તર'માં લખ્યું છે :–

'वसह गय हरिण कवि रवि ससि सिंह करी य चन्दमाणू य ।
संखो वसहो कमलो कमलो ससि सूर वसहो य ।
हत्थि य चन्दो सत्थिय ।

(આ યાદી પ્રમાણે સુરપ્રભ તીર્થંકરનું લાંછન ઘોડો નહિ પણ ચન્દ્ર છે.)

વીસ વિહરમાન તીર્થંકરોમાં કેટલાંક લાંછન સમાન છે, પરંતુ તે જુદા જુદા પાંચ મહાવિદેહના હોવાથી જુદા ગણાવી શકાય.

અજિતનાથ ભગવાનના સમયમાં પાંચેય ભરત, પાંચેય ઐરાવત અને પાંચેય મહાવિદેહક્ષેત્રમાં મળીને ૧૭૦ તીર્થંકરો એક જ સમયે વિચરતા હતા તો એ બધા તીર્થંકરોનાં બધાં જ લાંછન જુદાં જુદાં નહોતાં. એટલે કે કુલ ૧૭૦ જેટલા જુદાં જુદાં લાંછનો હતાં એમ નથી. અલબત્ત એ બધા તીર્થંકરોના લાંછનોની માહિતી આપણને મળતી નથી. પરંતુ વર્તમાન સમયના વીસ વિહરમાન તીર્થંકરોના લાંછનોમાંથી ઉપર દર્શાવ્યું તેમ કેટલાંક લાંછનો એક કરતાં વધુ તીર્થંકરોનાં છે. એ ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે સર્વકાળને માટે દરેક તીર્થંકરનું જુદું જુદું, અનન્ય લાંછન હોવું જોઇએ એવું અનિવાર્ય નથી. પરંતુ પોતપોતાના ક્ષેત્ર અનુસાર અનન્ય હોય છે.

ઋષભ, ચંદ્રાનન, વર્ધમાન અને વારિષેણ એ ચાર તીર્થંકરો શાશ્વત મનાય છે. એટલે કે એમાંના જે કોઇ તીર્થંકરો નિર્વાણ પામે કે તરત તે નામના બીજા તીર્થંકર થાય છે. એ ચારે તીર્થંકરોના લાંછન પણ એના એ જ શાશ્વત રહે છે. એવી માન્યતા છે, જો કે આ વિશે વધુ પ્રકાશ પડવાની અપેક્ષા રહે છે કારણ કે શાશ્વત જિનની પ્રતિમાઓનાં લાંછનમાં ક્યાંક ફરક જોવા મળે છે.

ભારતીય સંસ્કૃતિમાં જૈન, હિન્દુ, બૌદ્ધ, દેવદેવીઓની સંખ્યાનો કોઇ પાર નથી. દેવ કે દેવીની મુખાકૃતિ તો શિલ્પીઓ પોતાની કલ્પના અનુસાર લગભગ સરખી બનાવે. એકલી મુખાકૃતિઓ પરથી દેવો કે દેવીઓને ઓળખવાનું સરળ નથી. પરંતુ દેવ–દેવીના વાહન, આયુધ તથા અન્ય ઉપકરણ દ્વારા તેમને ઓળખવાનું સરળ થઇ પડે છે. વાઘ, સિંહ, પાડો, કાચબો, ઊંદર, હંસ, મોર, ગરુડ, હાથી, બળદ વગેરે પશુ–પક્ષી વાહન તરીકે જોવા મળે છે. કેટલાંક દેવ–દેવીનાં વાહન જો સમાન હોય છે તો એમનાં આયુધ કે ઉપકરણ ઉપરથી તેમની ઓળખ નક્કી થઇ શકે છે. હાથમાં કમળ, પુસ્તક, માળા, શંખ, ચક્ર, વીણા,

પાશ, ભાલો, ધનુષ્ય, દરસી, ત્રિશુલ વગેરમાંથી શું શું છે, કેટલા હાથ છે અને ડાબા તથા જમણા હાથમાં શું શું છે તેના ઉપરથી પણ કેટલીક દેવ-દેવીઓની આકૃતિ ઓળખી શકાય છે. કેટલીક દેવ-દેવીઓની મુખાકૃતિ મનુષ્ય કે પશુ કે પક્ષીઓ જેવા હોય છે એ ઉપરથી પણ તેમને ઓળખી શકાય છે. મસ્તક ઉપર કે હાથે કે પગે પહેરેલા અલંકારો દ્વારા પણ તેઓ ઓળખાય છે. આમ નિશાની દ્વારા દેવ-દેવીઓને ઓળખવાનું જાણકારો માટે અઘરું નથી. જૈન મંદિરોમાં ચોવીસ તીર્થંકરોનાં યક્ષ-યક્ષિણીની મૂર્તિઓ હોય છે. તેમજ કયાંક સોળ વિદ્યાદેવીઓની મૂર્તિઓ પણ હોય છે. એ બધી એમનાં વાહન, આયુધ કે ઉપકરણ દ્વારા ઓળખી શકાય છે. અલબત્ત એમાં પણ કોઇક કોઇની બાબતમાં થોડો ફરક જોવા મળે છે, પરંતુ ઓળખવાનું અઘરું નથી. ઉદાહરણ તરીકે જૈન મંદિરોમાં પાર્શ્વ યક્ષની મૂર્તિને ઘણા હાથીની સૂંઢને કારણે ગણપતિની મૂર્તિ માનવાની ભૂલ કરે છે, પરંતુ ગણપતિનું વાહન ઉંદર છે અને પાર્શ્વ યક્ષનું વાહન કાચબો છે. વળી હાથમાં રહેલી વસ્તુઓમાં ફરક છે. એવી રીતે હિંદુ અંબામાતા અને નેમિનાથની અધિષ્ઠાયિકા અંબિકામાં પણ ફરક છે.

વળી કેટલીક પ્રતિમાઓમાં પરંપરાથી ફરક જોવા મળે છે. ઉદાહરણ તરીકે ચક્રેશ્વરીદેવીનું વાહન કયાંક ગરુડ બતાવવામાં આવે છે તો કયાંક વાઘ પણ બતાવવામાં આવે છે. શિલ્પીઓ એ બધા દેવ-દેવીઓનાં વૈયક્તિક લક્ષણોના સારા જ્ઞાતા હોય છે. કેટલાક તદ્‌વિદો પણ આ બાબતમાં સારું જ્ઞાન ધરાવતા હોય છે. મંદલિપ્તસૂરિકૃત 'નિર્વાણકલિકા' ગ્રંથમાંથી તીર્થંકરોનાં લાંછનો અને દેવદેવીઓનાં વાહન, આયુધ, ઉપકરણ વગેરે વિશે આધારભૂત માહિતી સાંપડે છે.

જિનેશ્વર ભગવાનની પ્રતિમા વીતરાગની પ્રતિમા છે. એમાં સરાગતાનાં કોઇ ચિહ્ન, આયુધ ઇત્યાદિ હોઇ શકે નહિ. બધા જ તીર્થંકરોની પ્રતિમા એક સરખી હોય છે. એટલે એ પ્રતિમાઓને ઓળખવા માટે લાંછન એ સૌથી અગત્યનું સાધન છે. શિલ્પશાસ્ત્રની પરંપરામાં આ લાંછન તીર્થંકરની પ્રતિમાની નીચેના મધ્ય ભાગમાં કોતરવામાં આવે છે. જ્યાં સુધી આ લાંછન કોતરવામાં આવ્યું નથી હોતું ત્યાં સુધી પ્રતિમા સામાન્ય જિન પ્રતિમા ગણાય છે. 'લાંછન' કોતરવામાં આવતાં તે કોઇ એક નિશ્ચિત તીર્થંકરની પ્રતિમા બને છે.

જિનેશ્વર ભગવાનની પ્રતિમા એમની નિર્વાણ અવસ્થા અનુસાર બનાવાય છે. પ્રત્યેક તીર્થંકર પદ્માસન અથવા પર્યંકાસનમાં (કાઉસગ્ગ ધ્યાનમાં) નિર્વાણ પામે છે. એટલે તીર્થંકર ભગવાનની પ્રતિમા પદ્માસનવાળી અથવા કાઉસગ્ગ ધ્યાનમાં ઊભેલી એવી હોય છે. આ બે સિવાય અન્ય કોઇ આસનમાં તીર્થંકર ભગવાનની પ્રતિમા હોઇ શકે નહિ. (કેટલીક પ્રતિમાઓ અર્ધ પદ્માસનમાં હોય છે, પરંતુ તે પદ્માસનનો જ એક પ્રકાર છે.)

આમ તીર્થંકરોની પ્રતિમા મુખ્ય બે આસનમાં હોવાથી અને તેમના હાથમાં કોઇ આયુધ કે ઉપકરણ ન હોવાથી કઇ પ્રતિમા કયા તીર્થંકરની છે એ ઓળખવા માટે અન્ય કોઇ આલંબનની જરૂર રહે છે.

ચોવીસ તીર્થંકરમાં કોઇક રાતાવર્ણના, કોઇક નીલવર્ણના, કોઇક શ્યામ વર્ણના અને કોઇ કાંચન વર્ણના હોય છે. વર્ણ અનુસાર પ્રતિમા બતાવવામાં આવી હોય તો પણ એક વર્ણની એક કરતાં વધુ તીર્થંકરની પ્રતિમા હોઇ શકે છે. એટલે પણ ઓળખવામાં મુશ્કેલી રહે છે પરંતુ એકંદરે તો વર્ણાનુસાર પ્રતિમા બનાવવામાં આવી હોય એવું ઓછું જોવા મળે છે. એટલે તીર્થંકરોની પ્રતિમાને લાંછન ન હોય તો ઓળખવામાં મુશ્કેલી રહે છે. પાર્શ્વનાથ ભગવાનની મોટા ભાગની પ્રતિમાઓમાં માથે નાગની ફણા જોવા મળે છે. એટલે લાંછન વગર પણ તે ઓળખી શકાય છે. બીજા ભાગે માથે ફણા ન હોય એવી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાઓ પણ ઠીક ઠીક જોવા મળે છે. વળી કોઇ કોઇ કિસ્સામાં અપવાદરૂપે સુપાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ફણાવાળી જોવા મળે છે એટલે કે દેહલક્ષણ અને ફણા વગેરે દ્વારા પ્રતિમાને નિશ્ચિતપણે ઓળખવામાં પણ કેટલીક મુશ્કેલી તો રહે છે.

આમ, જિન પ્રતિમાઓ આકૃતિની દૃષ્ટિએ લગભગ એક જ સરખી હોવાથી એમને ઓળખવા માટે કોઇક વિશિષ્ટ લક્ષણની અપેક્ષા રહે છે. આ વિશિષ્ટ લક્ષણ તે 'લાંછન' છે.

આમ, તીર્થંકરોનાં લાંછનની એક વિશિષ્ટ પરંપરા જૈન શાસ્ત્રોમાં તેમજ શિલ્પવિદ્યામાં જોવા મળે છે, જે અન્યત્ર કયાંય જોવા મળતી નથી.

રમણલાલ ચી. શાહ

ફોન : ૩૫૦૨૯૬

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

૩૮૫, સરદાર વી. પી. રોડ, વનિતા વિશ્રામ સામે,
મુંબઇ-૪૦૦૦૦૪.

વાર્ષિક સામાન્ય સભા

'સંઘ'ની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૨૫મી એપ્રિલ, ૧૯૮૭ના રોજ સાંજના ૪-૦૦ વાગે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે, જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વર્ષના વૃત્તાંતને તથા 'સંઘ' તેમજ શ્રી મણિલાલ મોહનચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબોને મંજૂર કરવા.

(૨) નવા વર્ષનાં અંદાજપત્રો મંજૂર કરવા.

(૩) 'સંઘ'ના અધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી.

(૪) 'સંઘ' તેમજ વાચનાલય – પુસ્તકાલયના ઓડિટરોની નિમણૂક કરવા.

આ વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે 'સંઘ'નો વૃત્તાંત તથા 'સંઘ' તેમજ વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો 'સંઘ'ના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે.

તા. ૧૮-૪-૮૭ થી તા. ૨૩-૪-૮૭ સુધીના દિવસો દરમિયાન બપોરના ૧ થી ૫ વાગ્યા સુધીમાં કોઇપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે.

કોઇને પ્રશ્ન પૂછવાની ઇચ્છા હોય તો બે દિવસ અગાઉ સંઘના કાર્યાલયમાં લેખિત મોકલી આપવા વિનંતી.

વાર્ષિક સામાન્ય સભામાં ઉપસ્થિત થવા સર્વ સભ્યોને વિનંતી.

નિરુબહેન એસ. શાહ — કે. પી. શાહ
શૈલેશ એચ. કોઠારી — પન્નાલાલ ૨. શાહ
સહમંત્રીઓ — મંત્રીઓ

ભક્તામર સ્તોત્ર-કેટલાક પ્રશ્નો

(પૃષ્ઠ-૨૦૬ થી ચાલુ)

ભક્તામર સ્તોત્રની ૪૪ ગાથાની કૃતિમાં ક્વચિત્ ગાથાનો પાઠ-ફેર જોવા મળતો નથી. એટલે કે હસ્તપ્રતોમાં ૪૪ શ્લોકમાંથી એકને બદલે બીજો શ્લોક લખાયો હોય એવું જોવા મળતું નથી. જ્યારે ૪૮ શ્લોકવાળી જેટલી પ્રાચીન હસ્તપ્રતો જોવા મળે છે તેમાં વધારાના ચાર શ્લોક ત્રણ જુદી જુદી રીતે મળે છે. અલબત્ત એમાં રાયમલ્લ બ્રહ્મચારીની હસ્તપ્રત પ્રમાણે જે શ્લોક 'ગંભીરતાર'થી શરૂ થાય છે એ ચાર શ્લોક વધુ પ્રચલિત થઈ ગયા છે જે નીચે પ્રમાણે છે :

गंभीरताश्रवपूरितदिग्विभाग –
स्त्रैलोक्यलोकशुभसङ्गमभूतिदक्षः ॥

सद्धर्मराजजयघोषणघोषकः सन् ।
खे दुन्दुभिर्ध्वनति ते यशसः प्रवादी ॥ ३२ ॥

मन्दारसुन्दरनमेरुसुपारिजात –
सन्तानकादिकुसुमोत्करवृष्टिसद्धा ।

गन्धोदबिन्दुशुभमन्दमरुत्प्रयाता
दिव्या दिवः पतति ते पचसां ततिर्वा ॥ ३३ ॥

शुम्भत्प्रभापलयभूरिविभा विभोस्ते,
लोकत्रये द्युतिमता द्युतिमाक्षिपन्ति ।

प्राच्यदिवाकरनिरन्तरभूरिसङ्ख्या,
दीप्त्या जयत्यपि निशामपि सोमसौम्याम् ॥ ३४ ॥

स्वर्गापवर्गगममार्गविमार्गणेष्टः
सद्धर्मतत्त्वकथनैकपटुस्त्रिलोक्याः ।

दिव्यध्वनिर्भवति ते विशदार्थसर्व-
भाषास्वभावपरिणामगुणप्रयोज्यः ॥ ३५ ॥

૪૮ શ્લોકના ભક્તામરની કેટલીક હસ્તપ્રતોમાં 'ગંભીરતાર'ને બદલે નીચેના ચાર શ્લોક મળે છે :

विश्वग्विभोः सुमनसः किल वर्षयन्ति ।
दिग्बन्धनाः सुमनसः किमु ते वदन्ति ॥

त्वत्सङ्गताविहसतां जगती समस्ता –
स्यामोदिनी विहसता मुदयेन धाम्नः ॥ ३२ ॥

द्वैधापि दुस्तरतमः श्रमपिप्रणाशा –
त्साक्षात्सहस्रकरमण्डलसभ्रमेण ॥

वीक्ष्य प्रभोर्वपुषि कञ्चनकाञ्चनाभं ।
प्रोद्बाधनं भवति कस्य न मानसाब्जम् ॥ ३३ ॥

भाषाविलक्षपरिणामविधौ परिष्टो ।
जीवादितत्त्वबोधादिकरणे समर्थः ॥

दिव्यध्वनिर्ध्वनितदिग्वलयस्तवार्हं –
न्नाकर्षति प्रवरमासपदे मनुष्यान् ॥ ३४ ॥

विश्वैकक्षेत्रभटमोहमहामहेन्द्रं ।
सद्यो जिगाय भगवान निजदन्निवेत्थम् ॥

सन्तर्जयन युगपदेष भयानि पुंसां ।
मन्द्रध्वनिर्नदति दुन्दुभिरुच्चकैस्ते ॥ ३५ ॥

આ ચાર શ્લોક પ્રચલિત થયા નથી. પરંતુ હસ્તપ્રતોમાં તે મળે છે. વસંતતિલકા છંદમાં નવી શ્લોક રચના કરીને મૂળ સ્તોત્રમાં ઉમેરો કરવાનું અશક્ય કે અઘરું નથી. એટલે પ્રાતિહાર્યના ચાર શ્લોક ઉમેરીને ૪૮ શ્લોકનું સ્તોત્ર બનાવવાના ત્રણ જુદા જુદા પ્રયાસો થયેલા જોવા મળે છે એ પ્રયાસ કરનાર દરેકને કદાચ બીજાએ કરેલ પ્રયાસની ખબર નહિ હોય, કારણ કે મુદ્રણકળાનો એ જમાનો નહોતો. એમ તેમ પણ સ્તોત્રમાં વધુ ચાર શ્લોકનો ઉમેરો એ ત્રણ સૈકાથી વધુ પ્રાચીન નથી એમ હસ્તપ્રતોના આધારે જણાય છે. જ્યારે ભક્તામર સ્તોત્રનું પઠન લગભગ ૧૩૦૦ કે ૧૫૦૦ વર્ષથી ચાલ્યું આવે છે.

ભક્તામર સ્તોત્રની લોકપ્રિયતા અને મહત્તા એટલી બધી છે કે સૈકાઓ પૂર્વે પણ એની અનુકૃતિરૂપે અને તીર્થંકર ભગવાનની સ્તુતિરૂપે સંસ્કૃતમાં વસંતતિલકા છંદમાં કેટલીક રચનાઓ થઈ છે. શાંતિ-ભક્તામર, પાર્શ્વ ભક્તામર, વીર ભક્તામર, સરસ્વતી ભક્તામર વગેરે રચનાઓમાં પણ ૪૪ શ્લોક જ જોવા મળે છે. એટલે ભક્તામરના ૪૪ શ્લોક હોવાની શક્યતામાં વિશેષ સમર્થન મળે છે.

શ્વેતાંબર અને દિગંબર પરંપરા વચ્ચે કેવલીભુક્તિ અને સ્ત્રી-મુક્તિ જેવા મહત્ત્વના તાત્ત્વિક પ્રશ્નો ઉપરાંત નાની નાની બીજી કેટલીક બિનતામાં પણ જે મતભેદ છે તેમનો એક તે ભક્તામરની શ્લોક સંખ્યા વિષેનો પણ છે. આ અંગે ઉપલ્લા સૈકામાં વખતોવખત કેટલીક ચર્ચા થઈ છે.

ભક્તામર સ્તોત્રમાં કવિએ તીર્થંકર પરમાત્માના પ્રાતિહાર્યોનું વર્ણન કર્યું છે. ૪૪ શ્લોકના ભક્તામરમાં ચાર પ્રાતિહાર્યનું ચાર શ્લોકમાં વર્ણન છે, ભગવાનના પ્રાતિહાર્ય આઠ છે એટલે પ્રાતિહાર્યના ચાર નહિ, આઠ શ્લોક હોવા જોઈએ એવો દિગંબર મત છે. એટલા માટે વધારાના ચાર શ્લોકમાં તીર્થંકર ભગવાનના બાકીના ચાર પ્રાતિહાર્યોનું વર્ણન છે.

શ્વેતાંબર મત એમ કહે છે કે કવિનો આશય બધા જ પ્રતિહાર્યોનું વર્ણન કરવાનો નથી. જો તેમ હોત તો જે ચાર શ્લોક આપવામાં આવ્યા છે તેમાં પ્રાતિહાર્યોનું ક્રમાનુસાર વર્ણન હોત, પરંતુ તેને બદલે કવિએ અશોક વૃક્ષ, સિંહાસન ચામર અને છત્ર-એમ પહેલાથી છેલ્લા પ્રાતિહાર્ય સુધીમાંથી ચાર પ્રાતિહાર્યોનું વર્ણન કર્યું છે. દુંદુભિ, પુષ્પવૃષ્ટિ, ભામંડલ અને દિવ્યધ્વનિ એ ચાર પ્રાતિહાર્યને લગતા શ્લોક જો ઉમેરવામાં આવે તો પ્રાતિહાર્યોનો ક્રમ સચવાતો નથી. કવિનો આશય જો બધા જ પ્રાતિહાર્યોનું વર્ણન કરવાનો હોય તો કવિ આઠેય પ્રાતિહાર્યોનું ક્રમાનુસાર વર્ણન કરે. અહીં ક્રમાનુસાર વર્ણન નથી. એ બતાવે છે કે કવિનો આશય બધા પ્રાતિહાર્યોનું વર્ણન કરવાનો નથી.

તીર્થંકર પરમાત્માનાં પ્રાતિહાર્યો એ અતિશય છે. જો એ આઠેય અતિશયોનું વર્ણન કરવાનો કવિનો આશય હોય તો તે પછી શરૂ થતાં 'उन्निद्रहेम...' શ્લોકની અંદર એક વધુ દેવકૃત અતિશયનું વર્ણન છે એમાં તીર્થંકરો જ્યાં વિચરે ત્યાં તેમના ચરણ નીચે દેવો સુવર્ણકમળની રચના કરે છે. જો કવિના આશય દેવકૃત બધા જ અતિશયોનું વર્ણન કરવાનો હોય તો પછી માત્ર સુવર્ણ કમળવાળા અતિશયને

વર્ણવવાની શી જરૂર? એટલે વસ્તુતઃ કવિ તો દેવો દ્વારા કરાતા ઓગણીસ અતિશયમાંથી નમૂનારૂપ પાંચ અતિશયનું (ચાર પ્રાતિહાર્યનું અને એક સુવર્ણકમળનું) વર્ણન કરે છે. જો એવી દલીલ કરવામાં આવે કે દેવકૃત બધા અતિશયોનું વર્ણન કરવા જતાં કૃતિનો વિસ્તાર વધી જાય તો તે દલીલ પણ યોગ્ય નથી, કારણ કે તો પછી પ્રાતિહાર્યના વધુ શ્લોકની આવશ્યકતા રહેતી નથી, વળી કવિએ તીર્થંકર પરમાત્માની ભક્તિનો મહિમા કેવી કેવી આપત્તિમાં ચમત્કારિક રીતે રક્ષણ કરે છે તેનો મહિમા વર્ણવવા માટે આઠ – નવ જેટલા શ્લોકની રચના કરી છે, જે મહિમા બે કે ત્રણ શ્લોકમાં વર્ણવી શકાત, અથવા 'મત્તદ્વિપેન્દ્ર' એ એક જ શ્લોક પૂરતો હતો એવી દલીલ કરાય છે.

આમ, ભક્તામરની શ્લોક સંખ્યા માટે મતભેદ ચાલ્યો આવો છે. આમ છતાં જે કોઈ આરાધકો ૪૪ને બદલે ૪૮ શ્લોકનું પઠન કરે તો તેથી કોઈ હાનિ હોવાનો સંભવ નથી. ૪૪ કે ૪૮ શ્લોકના વિવાદમાં ઊતરવું કે અમુક જ મતનો આગ્રહ રાખવો એના કરતાં પોતપોતાની શ્રદ્ધા અનુસાર એ સ્તોત્રના ભાવોલ્લાસમય પઠન દ્વારા આરાધના કરવી એજ મહત્ત્વની વાત આરાધકો માટે હોવી ઘટે.

(૨) કેટલાક પ્રશ્ન કરે છે કે ભક્તામર ઘણું કઠિન સ્તોત્ર છે, જલદી મોઢે થતું નથી એના કરતાં એનો ગુજરાતી અનુવાદ મોઢે કરવામાં શું ખોટું છે?

ભક્તામર સ્તોત્ર ઘણું કઠિન છે એ વાત સાચી છે. એમાં કેટલાય અપરિચિત શબ્દો અને જોડાક્ષરો આવે છે અને શબ્દો વચ્ચેની સન્ધિના કારણે ઉચ્ચારણ અટપટું લાગે છે. એથી સ્તોત્ર જલદી કંઠસ્થ થતું નથી એ વાત પણ કંઈક અંશે સાચી છે. એનો અર્થ સમજતો નથી કે યાદ રહેતો નથી, એવી ફરિયાદમાં પણ કંઈક તથ્ય જરૂર રહેલું હશે! આમ છતાં જેઓના મનમાં એક વખત ભક્તામર સ્તોત્ર પ્રત્યે સબહુમાન ભક્તિ-પ્રીતિ જાગે છે અને આરાધનામાં રસ અને રુચિ વધવા લાગે છે તેમને માટે ભક્તામર સ્તોત્રમાં કશું કઠિન નથી. અનેક લોકોના સ્વાનુભવની આ વાત છે. અભણ સ્ત્રીપુરુષો પણ ભક્તામર કંઠસ્થ કરી શક્યાં છે. ભક્તામર કંઠસ્થ કરવા માટે વિશિષ્ટ પદ્ધતિ અપનાવવી જોઇએ. એક સાથે આખો શ્લોક જેમનાથી કંઠસ્થ ન થાય તેઓએ શ્લોકની અધી પંક્તિથી શરૂઆત કરવી જોઇએ. સો-બસો વખત એ થોડાક શબ્દનું એવું સતત રટણ કરવું જોઇએ કે જેથી એ શબ્દો જીભમાં બેસી જાય ત્યાર પછી બાકીની પંક્તિનું પણ એ પ્રમાણે રટણ કર્યા પછી એક આખી પંક્તિનું સો બસો વખત સતત રટણ કરવું જોઇએ. એક પંક્તિ કંઠસ્થ થઇ જાય, ત્યાર પછી બીજી પંક્તિ, ત્યાર પછી ત્રીજી પંક્તિ, ત્યાર પછી ચોથી પંક્તિ એમ ચારે પંક્તિ કંઠસ્થ થઇ ગયા પછી આખા શ્લોકનું સળંગ રટણ સો-બસો વખત કરવાથી આખો શ્લોક કંઠસ્થ થઇ જાય છે. શ્લોકને કંઠસ્થ કરવામાં પોતાની પ્રકૃતિ અને ફાવટ અનુસાર પદ્ધતિ અપનાવવી જોઇએ. પરંતુ કંઠસ્થ કરવામાં કોઇ એક પદ્ધતિ ઉપરાંત પોતાની સાચી રુચિ, ઊંડી લગની અને અનન્ય શ્રદ્ધા ઘણું વધુ કાર્ય કરી જાય છે. જ્યાં તમન્ના છે ત્યાં કંઠસ્થ કરવાનું કાર્ય પાર પડ્યા વગર રહેતું નથી. ઊલટું, ભક્તામર સ્તોત્ર કંઠસ્થ કરવાનું બહુ સરળ છે એવી કેટલાય લોકોની સ્વાનુભવસિદ્ધ બાબત છે.

અર્થ ન આવડતો હોય તો પણ મૂળ સંસ્કૃત ભક્તામરનું પઠન જેટલું લાભદાયી છે તેટલું તેના અનુવાદની બાબતમાં નથી. કવિતાના કોઇપણ અનુવાદમાં કવિતાનું બધુ જ હાર્દ અને સૌંદર્ય સર્વાંશે ઊતરે છે એવું બનતું નથી. વળી શબ્દોનું પોતાનું પણ સૂક્ષ્મ ઔચિત્ય અને ગૌરવ છે, જે શબ્દાન્તરને કારણે અનુવાદમાં આવતું નથી. વળી ભક્તામર માટે એમ કહેવાય છે કે એના શ્લોકો મંત્રગર્ભિત છે. એમાં વર્ણાક્ષરોનું સંયોજન કવિએ એવી ખૂબીથી કર્યું છે કે એક બાજુ તે તીર્થંકર પરમાત્મા ઋષભદેવ ભગવાનનું સ્તવન કીર્તન છે, તો બીજી બાજુ મંત્રાક્ષરોનું અનાયાસ ઉચ્ચારણ પણ થાય છે. એ મંત્રો કયા છે તેની આપણને ખબર પડતી નથી. મૂળ સ્તોત્રમાં જે મંત્રાક્ષરો એના રચયિતા, આર્ષદ્રષ્ટા માનતુંગસૂરિએ ગોઠવ્યા છે, તે મંત્રાક્ષરો ગુજરાતી, હિન્દી કે અન્ય ભાષાના અનુવાદમાં ન આવે એ સ્વાભાવિક છે. આથી અનુવાદ કરતાં મૂળ સંસ્કૃત સ્તોત્રનું પઠન વધુ લાભદાયી છે, એમ મનાય છે. અર્થ ન આવડતો હોય તો પણ અનાયાસ મંત્રાક્ષરનું ફળ હોંશોલ્લાસપૂર્વક કરેલા પઠનથી થાય છે એ અત્યંત મહત્ત્વની બાબત છે.

(૩) ભક્તામર સ્તોત્રનું પઠન ક્યારે કરવું?

ભક્તામર સ્તોત્રનું સવારે બપોરે-સાંજે-રાત્રે એમ જુદે જુદે સમયે લોકો પોતાની અનુકૂળતા અનુસાર પઠન કરે છે. ભક્તામર સ્તોત્ર એક અત્યંત પવિત્ર સ્તોત્ર છે, માટે એનું પઠન સ્વાધ્યાય કાળમાં જ કરવું, અસ્વાધ્યાય કાળમાં ન કરવું એવો એક મત છે. જૈન ધર્મમાં સાધુ-સાધ્વીઓ અને ગૃહસ્થો માટે કયારે કયારે અસ્વાધ્યાય કાળ ગણવો તેના નિયમો આપેલા છે દિવસ-રાત્રીના ચોવીસ કલાકમાં સંધિકાળના સમય ઉપરાંત કેટલોક સમય અસ્વાધ્યાય કાળ તરીકે બતાવ્યો છે. એ સમયે કેટલાક લોકો ભક્તામરનું પઠન કરતા નથી. સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક લોકો અસ્વાધ્યાય કાળમાં ભક્તામરનું પઠન ન કરવાના નિયમનું ચુસ્તપણે પાલન કરે છે. પરંતુ અસ્વાધ્યાય કાળમાં ભક્તામર સ્તોત્રનું પઠન ન કરવું એવું કોઇ વિધાન પ્રાચીન શાસ્ત્ર ગ્રન્થોમાં જોવા મળતું નથી. એટલે અસ્વાધ્યાયકાળમાં ભક્તામરનું પઠન ન કરવું એ કોઇ શાસ્ત્રીય વિધાન નથી, પરંતુ લોકલાગણીથી વ્યાપક બનેલ એક મર્યાદિત પરંપરા માત્ર છે. ઘણા જૈનો પોતાની અનુકૂળતા અનુસાર દિવસ કે રાત્રિના ગમે તે સમયે ભક્તામરનું પઠન કરે છે.

ભક્તામરમાં ભગવાનની સ્તુતિ છે. સ્તુતિ એ હૃદયનો ઉદ્‌ગાર છે. એટલે ભક્તિભાવપ્રચુર આ સ્તોત્રના પઠન કે ગાનમાં કોઈ સમયનું બંધન હોઇ શકે નહિ પ. પૂ. વિજયરામચંદ્રસૂરિજી મહારાજ, પ. પૂ. (સ્વ) વિજય ધર્મસૂરિજી મહારાજ, પ. પૂ. (સ્વ.) શ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજ વગેરે કેટલાક આચાર્ય ભગવંતો અને મુનિ મહારાજો સાથે આ પ્રશ્નની મેં છણાવટ કરી છે અને તેઓ બધાનો એક જ મત રહ્યો છે કે ભગવાનની સ્તુતિ ગાવામાં સમયનું કોઇ બંધન હોઇ શકે નહિ વળી ભક્તામરના છેલ્લા શ્લોકમાં આ સ્તોત્રનું પઠન ક્યારે કરવું તે માટે 'અજસ્રં' શબ્દ આવે છે 'અજસ્રં' એટલે નિત્ય અને નિત્ય એટલે સમયના કોઇપણ બંધન વગર આમ ખુદ કવિએ પોતે જ ભક્તામરનું પઠન ગમે ત્યારે કરી શકાય એવું સ્તોત્રમાં જ ફરમાવ્યું છે. અલબત્ત આમ છતાં અસ્વાધ્યાય કાળ કરતાં સ્વાધ્યાયકાળમાં કરેલું પઠન કે ગાન વિશેષ ફળ આપે એ સ્પષ્ટ છે. એવી જ રીતે મુખશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ, સ્થળશુદ્ધિ સાથે

કરેલું પઠન પણ અવશ્ય વિશેષ ફળ આપે, પરંતુ અસ્વાધ્યાય કાળમાં પઠન-પાન કરવા માટે કોઇ શાસ્ત્રીય પ્રતિબંધ નથી. માત્ર કેટલાક લોકોમાં એવી પરંપરા છે.

એવી જ રીતે નાહી-ધોઇને, સ્વચ્છ વસ્ત્ર પહેરીને જ દેહ અને વસ્ત્રની પૂરી શુચિ જાળવીને જ ભક્તામરનું પઠન કરી શકાય અને મોટા સમૂહ વચ્ચે અથવા ટ્રેઇનમાં કે બસમાં ભક્તામરનું પઠન ન થઇ શકે એવું વિધાન પણ સાચું નથી. મુસાફરીમાં ટ્રેન, બસ કે મોટરકારમાં ભક્તામરનું પઠન થઇ શકે છે. એ માટે પણ કોઇ પ્રતિબંધ કોઇ શાસ્ત્રીય ગ્રંથમાં જોવા મળતો નથી નાહી-ધોઇને સ્વચ્છ વસ્ત્રો ધારણ કર્યા પછી જ પઠન થાય એવું પણ કોઇ વિધાન નથી. અસ્વસ્થ એમ કરવાથી વિશેષ લાભ મળે છે, એ દૃષ્ટીતું છે, પરંતુ નિષેધ નથી. ભક્તામરનું યંત્ર સહિત પૂજન કરનારે શુદ્ધિના બધા નિયમો સાચવવા જોઇએ

ભક્તામર દિવસમાં એક જ વાર બોલી શકાય કે એક કરતાં વધારે વાર બોલી શકાય? આવો પ્રશ્ન પણ કેટલાક કરે છે. આ બાબતમાં ભક્તિમર સ્તોત્રના અનન્ય આરાધક શ્રી તત્ત્વાનંદ-વિજયજી મહારાજને પ્રશ્ન કરતાં તેમણે મને જણાવ્યું હતું ભક્તામર સ્તોત્ર તો જેટલી વાર બોલીએ તેટલીવાર વધુ લાભદાયક છે. સારી આરાધના કરનારે દિવસમાં ઓછામાં ઓછી ત્રણવાર-સવાર, બપોર અને સાંજ અવશ્ય પઠન કરવું જોઇએ. બાર મહિના ત્રણે વખત પઠન કરનારને અવશ્ય ચમત્કારિક લાભ થયો હોવાના દાખલા નોંધાયેલા છે. ભક્તામરના પઠન વખતે ભાવપૂર્ણ હર્ષોલ્લાસ હોવો અને તીર્થંકર પરમાત્માના સ્વરૂપ સાથે તદ્રુપતા હોવી એજ સૌથી મહત્ત્વની વાત છે. એવું પઠન કરતી વખતે આંખમાં હર્ષાશ્રુ આવે એ એની એક સાચી કસોટી છે.

(૪) 'ભક્તામરસ્તોત્ર'માં અલ્પશ્રુતમ્થી શરૂ થતા શ્લોકમાં નીચેની પંક્તિ આવે છે :

'યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ ।
તચ્ચારુચૂતકલિકા નિકરૈક હેતુ ॥'

આ શ્લોક કેટલાક લોકો નીચે પ્રમાણે બોલે છે :

'યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ ।
તચ્ચારુચામ્રકલિકા નિકરૈક હેતુ ॥'

આ બે પાઠમાંથી કયો પાઠ સાચો એવો પ્રશ્ન કેટલાકને થાય છે.

આ બે પાઠમાં ફક્ત એક શબ્દ પૂરતો જ ફરક છે. 'ચૂત'ને બદલે 'આમ્ર' શબ્દ કેટલાક બોલે છે. 'ચૂત' શબ્દનો અર્થ આંબો થાય છે. 'આમ્ર' શબ્દનો અર્થ પણ આંબો થાય છે. પરંતુ કવિએ પ્રયોજેલો મૂળ શબ્દ તો 'ચૂત', જ છે. બધી પ્રાચીન હસ્તપ્રતોમાં એ પ્રમાણે જ છે. સંસ્કૃતમાં 'ચૂત' શબ્દ ઘણો પ્રચલિત છે. આંબાના અર્થમાં તે ઘણો વપરાયેલો છે, અને સારી રીતે રૂઢ થયેલો છે. પરંતુ છેલ્લા એક દોઢ સૈકાથી 'ચૂત' શબ્દ ગુજરાતી, હિન્દી, મરાઠી વગેરે ભાષાઓમાં સ્ત્રીલિંગદર્શક શબ્દ તરીકે પ્રચલિત બની ગયો છે. એટલે વ્યવહારમાં બોલવામાં અશિષ્ટ અને નિષિદ્ધ મનાય છે. એટલે એ શબ્દ કેટલાકને અશ્લીલ કે બીભત્સ લાગે એવો સંભવ છે. આથી કોઇક પંડિતે પોતાની મરજીથી 'ચૂત'ને બદલે તેના પર્યાયરૂપ 'આમ્ર' શબ્દ મૂકી દીધો છે, જે છંદની દૃષ્ટિએ પણ બંધ બેસતો આવ્યો છે. પાઠશાળાઓમાં બાળકોને માટે પણ તે કેટલાકને ઉપયોગી લાગ્યો છે. પરંતુ આ એક અનધિકાર ચેષ્ટા છે. કવિએ જે શબ્દ પ્રયોજ્યો છે તે શબ્દમાં પોતાની મરજી મુજબ લોકાચારને લક્ષમાં રાખી ફેરફાર કરવાનો અધિકાર કોઇને નથી. એવો ફેરફાર કવિને અભિપ્રેત પણ ન હોય. આરાધકોએ તો કવિના મૂળ શબ્દને જ વળગી રહેવું જોઇએ. વ્યાવહારિક સુગથી જે લોકો પર ન થઇ શકે તેમની આરાધના એટલી કાચી સમજવી. વળી કવિનો શબ્દ મનીષીનો શબ્દ છે; આર્ષદૃષ્ટાનો શબ્દ છે. કવિને 'આમ્ર' શબ્દ નહોતો આવડતો માટે 'ચૂત' શબ્દ પ્રયોજ્યો એવું નથી. પરંતુ કવિની વાણીમાં જે શબ્દ અનાયાસ સરી પડ્યો છે. ને એમના આત્માના અતલ ઉંડાણમાંથી આવેલો છે. માટે સાચા આરાધકોએ મૂળ શબ્દને જ વફાદારીપૂર્વક વળગી રહેવું જોઇએ અને શાબ્દિક સુગમાંથી ચિત્તને નિવૃત્ત કરી ઉત્તમ અધ્યવસાયમાં રમવું જોઇએ. હિન્દુઓના ગાયત્રી મંત્રમાં પણ પ્રચોદયાત એવો એક શબ્દ આવે છે, કે જે છેલ્લા કેટલાક સૈકાઓથી અશ્લીલ કે બીભત્સ શબ્દ તરીકે પણ વપરાય છે. તેમ છતાં એ મંત્રમાં હજુ સુધી કોઇ પંડિતોએ ફેરફાર કર્યો નથી. એવી અનધિકાર ચેષ્ટા કોઇ કરે તો તે ચલાવી લેવાય નહિ.

'ભક્તામર સ્તોત્ર' વિશે કેટલાક સામાન્ય પ્રશ્નોની છણાવટ અહીં મારી અલ્પ મતિ મુજબ કરી છે. એથી અન્ય મત પણ હોઇ શકે. મારી દૃષ્ટિએ જાણ્યા ચર્ચા કે વિવાદ કરતાં સાચી શ્રદ્ધાપૂર્વકની આરાધના જ સૌથી મહત્ત્વની છે.

'ગુજરાત અને નર્મદાનાં નીર' વિષે વ્યાખ્યાન

સંઘના ઉપક્રમે સોમવાર, તા. ૨૭-૪-૧૯૮૭ના રોજ નીચે પ્રમાણે એક જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું છે.

વ્યાખ્યાતા : **શ્રી બાબુભાઈ જશભાઇ પટેલ**
(ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી

વિષય : **'ગુજરાત અને નર્મદાનાં નીર'**

પ્રમુખ : **ડૉ. રમણલાલ ચી. શાહ**

સ્થળ : **ઇન્ડિયન મરચન્ટસ્ ચેમ્બર, કમિટિ રૂમ**
ચર્ચગેટ, મુંબઇ – ૪૦૦૦૨૦

સમય : **સાંજના ૬-૧૫ વાગે**

સૌને સમયસર પધારવા હાર્દિક નિમંત્રણ

નિકુંજબહેન એસ. શાહ	**કે. પી. શાહ**
શૈલેશ એચ. ઝોઠારી	**પન્નાલાલ ૨. શાહ**
સહ મંત્રીઓ	મંત્રીઓ

ભક્તિ સંગીતના વર્ગો

બહેનોને ભક્તિ સંગીત – સ્તવન વગેરે શીખવવા માટેના છ અઠવાડિયાના વર્ગો સંઘના ઉપક્રમે ચાલુ કરવાની યોજના છે.

સમય: દર બુધવારે બપોરે ૩-૩૦ થી ૫-૩૦ તા. ૬ઠ્ઠી મે, ૧૯૮૭ થી તા. ૧૭મી જુન ' ૧૯૮૭ સુધી

સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ,
૩૮૫, સરદાર વી. પી. માર્ગ,
રસધારા કો-ઓપ. સોસાયટી, બીજે માળે,
વનિતા વિશ્રામ સામે, મુંબઇ – ૪૦૦૦૦૪
ફોન : ૩૫૦૨૯૬

આ વર્ગમાં મર્યાદિત સંખ્યામાં બહેનોને લેવાની છે. વિશેષ માહિતી માટે સંઘના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી

ઉષાબહેન મહેતા	**કે. પી. શાહ**
સંયોજક	**પન્નાલાલ ૨. શાહ**
	મંત્રીઓ

ભક્તામર સ્તોત્ર—કેટલાક પ્રશ્નો

રમણલાલ ચી. શાહ

જેમાં જિનેશ્વર ભગવાનની સ્તુતિ કરવામાં આવી હોય એવાં સંસ્કૃત સ્તોત્રોમાં 'ભક્તામર સ્તોત્ર'નું સ્થાન અદ્વિતીય છે. જૈનોમાં ચારે ફિરકાને માન્ય, જૈન જૈનેતર વિદ્વાનો અને આચાર્યોએ જેની ખૂબ પ્રશંસા કરી છે, જેના ઉપર ટીકા, ભાષ્ય, પાદપૂર્તિ, સમશ્લોકી પદ્યાનુવાદ, વિવરણ વગેરે અનેક રચનાઓ થઈ છે, જેનું પઠન-પાઠન અને પૂજન ચમત્કારયુક્ત મનાયું છે, એ 'ભક્તામર સ્તોત્ર'ની રચના મહાકવિ શ્રી માનતુંગસૂરિએ વસંતતિલકા છંદમાં કરી છે. કવિએ પોતે એના અંતિમ શ્લોકમાં પોતાના નામનો નિર્દેશ કર્યો છે.

આ સ્તોત્રના પઠન-પૂજનની ફલશ્રુતિ કર્તાએ એના છેલ્લા શ્લોકમાં વર્ણવી છે. આઠ પ્રકારના ભયનું એથી નિવારણ થાય છે; યશ અને લક્ષ્મી સહજ રીતે પ્રાપ્ત થાય છે; આપાદકણ્ઠ બેડીઓ હોય તો તે તૂટી જાય છે. આ શ્લોક ઉપરથી એવી માન્યતા પ્રચલિત બની છે કે માનતુંગસૂરિએ પોતાના શરીર પરની (૪૪ અથવા ૪૮) બેડી તોડવાનો પ્રયોગ ભક્તામરનો એક એક શ્લોક રચીને શ્રી હર્ષશ્રી સમક્ષ કરી બતાવ્યો હતો.

શ્રી માનતુંગસૂરિ વિષે નિશ્ચિત પ્રમાણભૂત માહિતી ઓછી મળે છે, કારણ કે એ નામના એક કરતાં વધારે આચાર્ય થઈ ગયા છે. આમ છતાં 'ભક્તામર સ્તોત્ર' વિષે કે એના કેટલાક શ્લોક વિશે હેમચંદ્રાચાર્ય, હીરવિજયસૂરિ જિનપ્રભસૂરિ, ઉપાધ્યાય યશોવિજયજી, મુનિસુંદરસૂરિ વગેરે પૂર્વસૂરિઓએ જે ઉલ્લેખો કરેલા છે તથા 'પ્રભાવક ચરિત'માં એમના વિષે જે પ્રબંધ આપેલો છે તે પરથી એટલું તો નિશ્ચિત છે કે શ્રી માનતુંગસૂરિ ત્રીજીથી સાતમી શતાબ્દી સુધીના સમયમાં થયા હોવા જોઈએ. તેઓ જન્મે બ્રાહ્મણ હતા; વારાણસીના વતની હતા; વેદાદિ શાસ્ત્રોમાં પારંગત હતા. તેઓ 'ભક્તામર' ઉપરાંત 'ભયહર સ્તોત્ર' અને ભક્તિભર સ્તોત્ર' ના રચયિતા હતા અને વિક્રમના સાતમા સૈકામાં શ્રી હર્ષદેવના સમયમાં હયાત હતા. એટલું ઘણા ખરા વિદ્વાનો સ્વીકારે છે.

ભક્તામર સ્તોત્ર એમના કર્તાની નમ્રતા, લઘુતા, હૃદયની નિર્મળતા તથા ભાવની ઉત્કટતાને કારણે ભક્તિના સ્તોત્ર તરીકે જેમ હૃદયસ્પર્શી છે, તેમ કર્ણમધુર વર્ણરચના, ઔચિત્યયુક્ત શબ્દસંકલના, ઉપમાદિ અલંકારો અને કલ્પનાની નવીનતા અને ચિત્રાત્મકતાને કારણે કાવ્ય તરીકે પણ તે અદ્ભુત છે.

સંસ્કૃત ભાષામાં અર્થ સમજતો હોય, શાંત, અનુકૂળ અને પ્રેરક વાતાવરણ હોય ચિત્ત પ્રસન્નતાથી અને હૃદય ભક્તિથી સભર હોય તેવે સમયે 'ભક્તામર'ના શ્લોકનું ઉચ્ચ સ્વરે પઠન કે ગાન કરવામાં અનેરો ઉલ્લાસ અનુભવાય છે. એવે સમયે ચિત્તમાં રહેલા અશુભ ભાવો સ્વયમેવ ગલિત થઈ જાય છે. ભક્તામરનો આનંદોલ્લાસ મનને નિર્મળ બનાવવાનું કાર્ય અવશ્ય કરી જાય છે.

કોઈ પણ પ્રજા પોતાના નિઃસત્ત્વ સાહિત્યને ઝાઝો સમય સંઘરતી નથી. તેરસો કરતાંયે વધુ વર્ષથી સેંકડો અને હજારો લોકોના મુખે રોજેરોજ એનું આજ દિવસ સુધી પઠન થતું આવ્યું છે એ જ 'ભક્તામર સ્તોત્ર'ની કાવ્ય તરીકે તેમ જ સ્તોત્ર તરીકે સબળતા સિદ્ધ કરી આપે છે.

ભક્તામર સ્તોત્ર વિશે નીચેના કેટલાક પ્રશ્નો વારંવાર પુછાય છે:

(૧) ભક્તામર સ્તોત્રની શ્લોક-સંખ્યા કેટલી? આ પ્રશ્ન ઘણા સમયથી ચર્ચાતો આવ્યો છે. વાચક ઉમાસ્વાતિ કૃત 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' જેમ શ્વેતાંબર સંપ્રદાયને માન્ય છે તેમ દિગંબર સંપ્રદાયને પણ માન્ય છે. એવી જ રીતે માનતુંગસૂરિકૃત ભક્તામર સ્તોત્ર પણ બંને સંપ્રદાયોને માન્ય છે. પરંતુ દિગંબર સંપ્રદાયમાં ભક્તામર સ્તોત્રની શ્લોકસંખ્યા ૪૮ની મનાય છે. જ્યારે શ્વેતાંબર પરંપરામાં (કેટલાક અપવાદ સિવાય) શ્લોક સંખ્યા ૪૪ની માનવામાં આવે છે. અલબત્ત ૪૪ની શ્લોક અને તેના શબ્દોના પાઠ વિષે કોઈ મતમતાંતર નથી.

શ્વેતાંબરો એમ માને છે કે ભક્તામર સ્તોત્રના શ્લોકની સંખ્યા કલ્યાણ મંદિર સ્તોત્રની જેમ ૪૪ની છે. કલ્યાણમંદિર સ્તોત્રમાં પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ છે. અને ભક્તામર સ્તોત્રમાં આદિનાથ ભગવાનની સ્તુતિ છે. બંને સ્તોત્રની રચના સાથે ચમત્કારની ઘટના વણાયેલી છે. શ્વેતાંબર માન્યતા એવી છે કે વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકર અને મહાવિદેહ ક્ષેત્રમાં વિહરમાન એવા વીસ તીર્થંકરો એમ મળી કુલ ૪૪ તીર્થંકર છે. એટલે ૪૪ની સંખ્યાને લક્ષમાં રાખીને તીર્થંકર ભગવાનની સ્તુતિરૂપ ભક્તામર સ્તોત્ર અને કલ્યાણ મંદિર સ્તોત્ર—આ બંનેની રચના થયેલી છે. ભક્તામર સ્તોત્રમાં ઋષભદેવ ભગવાનનો પ્રથમ જિનેન્દ્ર તરીકે આરંભમાં નિર્દેશ થયો છે એટલું જ. એ સિવાય કોઈપણ તીર્થંકર ભગવાનની સ્તુતિરૂપ એ રચના ગાઈ શકાય એવી છે અને ગવાય પણ છે. વર્તમાન સમયમાં આરાધ્ય એવા ૪૪ તીર્થંકરો હોવાથી ૪૪ની શ્લોક સંખ્યા યોગ્ય છે એમ શ્વેતાંબર પરંપરા માને છે.

ભક્તામર સ્તોત્ર ચમત્કારયુક્ત ગણાયું છે. તેની સાથે લબ્ધિ, ઋદ્ધિની વાત પણ સંકળાયેલી છે. અને લબ્ધિ-ઋદ્ધિ માટે ભક્તામર સ્તોત્રનું યંત્ર સહિત વિધિવત્ પૂજન થતું આવ્યું છે. અને લબ્ધિ-ઋદ્ધિની સંખ્યા ૪૮ની હોવાથી ભક્તામર શ્લોકની સંખ્યા ૪૮ હોવી જોઈએ એવો દિગંબર મત છે.

ભક્તામર સ્તોત્રની રચના થયાને આશરે ૧૩૦૦ થી ૧૫૦૦ વર્ષ થઈ ગયાં. વિક્રમના સાતમા સૈકામાં માનતુંગસૂરિ થયા હોવાનું મનાય છે. ભક્તામર સ્તોત્રની પ્રાચીનતમ જે હસ્તપ્રત મળે છે તે બધી હસ્તપ્રતોમાં ૪૪ શ્લોકની સંખ્યા મળે છે. વિ. સં. ૧૪૨૬ માં ગુણાકરસૂરિએ ભક્તામર સ્તોત્રના પ્રત્યેક શ્લોક ઉપર તેનો મહિમા દર્શાવતી એક એક કથા આપેલી છે. એવી કથાની સંખ્યા ૪૪ શ્લોક પ્રમાણેની ૪૪ છે. ભક્તામર તોસ્ત્રના ૪૮ શ્લોક દર્શાવતી હસ્તપ્રતો અને તેના ઉપર ૪૮ કથાઓ આપવામાં આપવામાં આવી હોય તેવી અને તેના પૂજન માટે ૪૮ યંત્ર દર્શાવતી હસ્ત પ્રતો ૨૦૦-૩૦૦વર્ષથી વધુ પ્રાચીન નથી. દિગંબર પરંપરામાં રાયમલ્લ બ્રહ્મચારીએ 'ભક્તામર કથા સંગ્રહ'ની રચના કરી છે. અને તેમાં ૪૮ શ્લોક છે અને તેના ઉપરની ૪૮ કથા આપવામાં આવી છે. પરંતુ એ રચના ૩૫૦ વર્ષથી પ્રાચીન નથી. એટલે કે ભક્તામર સ્તોત્રની રચના થયા પછીના બારસો વર્ષના ગાળામાં જુદા જુદા સમયની મળતી હસ્તપ્રતોમાં ૪૪ શ્લોકનો જ ઉલ્લેખ છે. હેમચંદ્રાચાર્ય, હીરવિજયસૂરિ, શુભશીલગણિ, ઉપાધ્યાય યશોવિજયજી, વગેરે કોઈએ ભક્તામર સ્તોત્રના ૪૮ શ્લોકનો ઉલ્લેખ કર્યો નથી.

(વધુ માટે પૃષ્ઠ-૨૦૩ જુઓ)

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનભાઈ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬: મુદ્રણસ્થાન: ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, નિરણામ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૭ અંક : ૯મો

મુંબઇ તા. ૧-૫-'૮૭
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છુટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

ક્રિકેટનો અતિરેક

છેલ્લા કેટલાક સમયથી ક્રિકેટ રમનારા દુનિયાના જુદા જુદા દેશો વચ્ચે રમાતી ક્રિકેટ મેચનું પ્રમાણ વધી ગયું છે અને ટી. વી. ઉપર એના જીવંત પ્રસારણ કરવાના કલાકોનું પ્રમાણ પણ ઘણા દેશોમાં વધી ગયું છે. કયારેક તો આખી મેચ ઘરના ઓરડામાં બેસીને ટી વી. ઉપર પ્રત્યક્ષ રમાતી હોય તેમ જોઇ માણી શકાય છે. કરોડો લોકોના મનોરંજન માટે ટી. વી. એ રીતે આશીર્વાદરૂપ બન્યું છે. એને કારણે ક્રિકેટમાં લોકોનો રસ ઘણો વધ્યો છે સમજ પડે કે ન પડે તો પણ ટી. વી. ઉપર મેચ જોનારાઓની સંખ્યા વધી છે. ભારતે પણ ટી. વી. ઉપર ક્રિકેટ મેચના પ્રસારણના કલાકો ઘણા વધારી દીધા છે. નવરા માણસોને માટે તો સમય પસાર કરવાનું એક સરસ સાધન મળી ગયું છે, ટાઇમ ડિફરન્સને કારણે બીજા દેશોમાં રમાતી મેચ અડધી રાતે બતાવાય છે અને એ જોવા અનેક લોકો મીઠા ઉજાગરા પણ કરે છે.

ક્રિકેટ મારી પ્રિય રમત છે. શાળા અને કોલેજનાં દિવસોમાં વિદ્યાર્થી મિત્રો સાથે ક્રિકેટની રમત હું ઘણી રમ્યો છું. જુદી જુદી ટેસ્ટ મેચ પ્રત્યક્ષ જોવા માટે ઘણીવાર ગયો છું. પહેલાંના વર્ષોમાં રેડિયો ઉપર ક્રિકેટ મેચની કોમેન્ટ્રી અને પછીથી ટી. વી. ઉપર મેચ જોવામાં ઘણો રસ લીધો છે. (અલબત્ત છેલ્લાં કેટલાક સમયથી મારો એ રસ સહજ રીતે ઓછો થઇ ગયો છે.) મારા અનેક મિત્રોની જેમ ભારતના લાખો-કરોડો લોકો ક્રિકેટના રસિયા છે. આમ છતાં મને લાગે છે કે ભારતમાં છેલ્લા કેટલાક સમયથી ક્રિકેટની રમત માટે અનાવશ્યક અતિરેક થઇ રહ્યો છે.

ક્રિકેટ એ ઇંગ્લેન્ડની રાષ્ટ્રીય રમત છે. અંગ્રેજોએ દુનિયાભરમાં જ્યાં જ્યાં પોતાનું સામ્રાજ્ય જમાવ્યું ત્યાં ત્યાં ગુલામ રાજ્યોમાં તેઓ પોતાની આ રાષ્ટ્રીય રમત લઇ ગયા. ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગલાદેશ, ઓસ્ટ્રેલિયા ન્યુઝીલેન્ડ, વેસ્ટ ઇન્ડિઝ વગેરે દેશોમાં ક્રિકેટ અતિશય લોકપ્રિય રમત રહી છે. બ્રિટિશ સામ્રાજ્યવાદના અસ્ત પછી પણ ક્રિકેટનું આકર્ષણ ઘટયું નથી. બલકે ઝડપી વિમાન વ્યવહાર, અનુકૂળ આબોહવા વાળા રથળોની પસંદગી વગેરેને લીધે પાંચસાત દેશોની અંદરઅંદરની વારા ફરતી સ્પર્ધાઓને લીધે પહેલાં કરતાં ક્રિકેટની રમતનું પ્રમાણ ઘણું વધી ગયું છે. દુરદર્શન ઉપર આખો દિવસ-આખી મેચ એક અથવા બીજા દેશમાં રમાતી બતાવવાને કારણે જોનારાઓની સંખ્યા પણ ઘણી બધી વધી ગઇ છે. એક દૃષ્ટિએ આ ઘણી મોટી સગવડ થઇ છે, મનોરંજનનું મોટું સાધન પ્રાપ્ત થયું છે, અનેક વૃદ્ધો અને નવરા માણસોનો સમય આનંદમાં પસાર થાય છે. એ એના ગુણપક્ષે છે તેમ છતાં વર્તમાન સંદર્ભમાં મને લાગે છે કે ભારતમાં ક્રિકેટનો અતિરેક થઇ રહ્યો છે.

ચતુર અંગ્રેજોએ પોતાના સામ્રાજ્યમાં આવેલા દેશોમાં સામાન્ય પ્રજા માટે ક્રિકેટની રમત દાખલ કરી, પરંતુ એ દેશોમાં લશ્કરના સૈનિકો માટે ક્રિકેટની રમત દાખલ ન કરી કે ન ફરજિયાત બનાવી બીજી કેટલીક રમતો લશ્કરમાં ફરજિયાત બનાવવામાં આવી છે સૈનિકો જો ક્રિકેટના રસિયા થઇ જાય તો બેઠાડુ, પ્રમાદી થઇ જાય અને સંરક્ષણ નબળું પડી જાય એટલી દીર્ઘદૃષ્ટિ એમણે ત્યારે પણ પોતાના સંરક્ષણાત્મક સ્વાર્થ માટે ધરાવી હતી અને બીજી બાજુ, એક મત પ્રમાણે ગુલામ પ્રજાને બેઠાડુ અને રોકાયેલી રાખવાની તરકીબ ક્રિકેટ દ્વારા શોધી કાઢી હતી.

ક્રિકેટની રમતમાં બંને પક્ષે મળીને ૨૨ ખેલાડીઓ હોય છે પરંતુ કોઇ પણ વખતે સક્રિય પણે રમનાર તો માત્ર ત્રણ ચાર ખેલાડીઓ જ હોય છે. ઇંગ્લેન્ડના જ એક વિચારકે કહ્યું છે કે ક્રિકેટ એ બાવીસ મૂર્ખાઓની રમત છે. તે જોવા માટે સ્ટેડિયમમાં બાવીસ હજારથી વધુ મુર્ખાઓ ભેગા થાય છે. અને બાવીસ લાખથી વધુ મુર્ખાઓ ટી વી. પર જોવા બેસી રહે છે. અંગ્રેજ કવિ રુડયાર્ડ કિપ્લિંગે ક્રિકેટની હાંસી ઉડાવતાં લખ્યુ હતું Criket is casting a ball at three straight sticks and defending the same with a fourth.

અંગ્રેજોએ કેટલાય દેશોને રાજદ્વારી ગુલામીની સાથે સાથે સાંસ્કૃતિક ગુલામી પણ આપી, અંગ્રેજી ભાષા, રમતગમત, તુમારશાહી વહીવટીતંત્ર, રહેણીકરણીના રીત રિવાજો વગેરેનો પ્રભાવ બ્રિટિશ સામ્રાજ્યવાદના દેશોમાં ઘણો પડયો છે.

રાજદ્વારી ગુલામીમાંથી ઘણા બધા દેશો મુકત થઇ ગયા, પરંતુ સાંસ્કૃતિક ગુલામીના પ્રભાવમાં મુકત થવાનું સહેલું નથી ભારત હજુ માનસિક રીતે બ્રિટનનું ગુલામ રહ્યા કર્યું છે. એમ કેટલાય રાષ્ટ્રવાદી વિચારકો જે માને છે. એમાં તથ્ય નથી એમ નહિ કહી શકાય.

સ્વતંત્રતા મળ્યા પછી ભારતે પોતાની સાંસ્કૃતિક અસ્મિતાનો પ્રભાવ જેવો અને જેટલો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પાડવો જોઇએ. તેટલો પાડયો નથી. સ્વતંત્ર ચીન માટે એમ નહિ કહી શકાય.

દુશ્મન રાજ્ય કે પ્રજાના ઉત્તમ ગુણો ન અપનાવવા જોઇએ એવી માન્યતા સાચી નથી, એ અપનાવવામાં પણ ભયસ્થાનો નથી હોતાં એમ નહિ. ભારત દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે. પરંતુ એને આઝાદીનાં આરંભથી એવી નેતાગીરી સરકારી સ્તરે સાંપડયા કરી કે જેને કારણે વહીવટી તંત્રમાંથી અંગ્રેજી ભાષાને તિલાંજલિ આપી શકાઇ નહિ. એવી જ રીતે ક્રિકેટને બદલે રાષ્ટ્રીય રમતોને જે ગૌરવભર્યું સ્થાન અપાવવું જોઇએ તે પણ આપી શકાયું નથી.

દુનિયાની અડધા કરતાં વધુ પ્રજાને ક્રિકેટમાં બિલકુલ રસ નથી. કરોડો લોકો દુનિયામાં એવા છે કે જેમણે ક્રિકેટનું નામ સુદ્ધાં સાંભળ્યું નથી, અમેરિકા. રશિયા, જર્મની. ફ્રાન્સ, ઇટલી, ચીન, જાપાન, કોરિયા વગેરે દેશોમાં ક્રિકેટને જરાપણ સ્થાન મળ્યું નથી. ફુટબોલ, હોકી બેઝબોલ, ટેબલ ટેનિસ વગેરે રમતો ઉપરાંત જીમખાનામાં અંદર રમવાની (Indoor) રમતો તથા તરવું, દોડવું, કુદવું, વજન ઊંચકવું વગેરે પ્રકારની, શરીર કસાય એવી રમતોને મહત્વનું સ્થાન અપાય છે. એથી યુવાન પ્રજાનું શરીર ઘડતર સારું થાય છે અને એ પ્રકારની પ્રવૃત્તિઓ તરફ તેનું મન આકર્ષાય છે. દેશની શરીર સંપત્તિની દૃષ્ટિએ એ આવશ્યક છે. ભારતના યુવાનોની શરીર સંપત્તિ એકંદરે જોઇએ તો જરા પણ પ્રશંસાપાત્ર રહી નથી. ભારત માટે તો ઓલમ્પીયાડોને વધુ પ્રસિદ્ધિ અપાય અને એ માટે આંતરરાજ્ય સ્પર્ધાઓ વગેરે પ્રકારની પ્રોત્સાહક નવી નવી યોજનાઓ એમને માટે ઘડાય એ આવશ્યક છે. ભારતની આર્થિક સ્થિતિ જોતાં ઓછી ખર્ચાળ અને ગરીબમાં ગરીબ ઘરનાં છોકરાં પણ ભાગ લઇ શકે એવી ખોખો, હુતુતુ, આટાપાટા, મલ્લકુસ્તી, લાકડીદાવ, લેઝીમ, યોગાસન વગેરેને વધુ મહત્વ આપવાની જરૂર છે શહેરી નળીયાઓ દ્વારા એનું જે ગૌરવ ઘટાડી દેવાયું છે તેને પુનર્પ્રસ્થાપિત કરવાનું કર્તવ્ય સરકારનું, શાળા-કોલેજોનું, સામાજિક સંસ્થાઓનું છે. રાષ્ટ્રીય ચળવળ વખતે ગાંધીજી અને અન્ય નેતાઓ દ્વારા અખાડા પ્રવૃત્તિનો પ્રચાર આખા દેશમાં જે વધી ગયો હતો તે આઝાદી પછી તરત ઓસરી ગયો એ ખેદની વાત છે.

છેલ્લા કેટલાંક સમયથી ટેસ્ટ મેચોનું પ્રમાણ ઘણું વધી ગયું છે. ભારતમાં બહારથી ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, પાકિસ્તાન, વેસ્ટઇન્ડિઝ, શ્રીલંકા વગેરે દેશોને ટેસ્ટ મેચો માટે નિમંત્રણ અપાય છે. તેવી જ રીતે ભારતના ખેલાડીઓને તે તે દેશોમાં ક્રિકેટની ટેસ્ટ મેચો રમવા માટે મોકલવામાં આવે છે.

પાંચ દિવસની ટેસ્ટ મેચ ઉપરાંત એક દિવસની 'વર્લ્ડકપ' માટેની મેચ પણ હવે રમાવી શરૂ થઈ ગઇ છે. આમ આમ લગભગ જુદી જુદી મેચ મળીને ફક્ત ભારતના જ સૌથી વધુ દિવસ ક્રિકેટ માટે વપરાવા લાગ્યા છે. ફુટબોલ, હોકી કે અન્ય રમતો થોડા કલાક માટેની હોય છે. ક્રિકેટ આખા દિવસની મેચ છે. એટલે અન્ય રમતગમતો કરતાં ક્રિકેટ જોવામાં પ્રેક્ષકોનો કે કોમેન્ટ્રીમાં ભળનારાઓમાં લગભગ આખો દિવસ વપરાય છે. તેમાં ભારતના બધા નવરા માણસોનો કુરસદ કે નિરાંતનો સમય જ વપરાય છે એમ નહિ કહી શકાય. કોમના કલાકોનો સમય પણ એમાં ઘણો વપરાય છે. કે વેડફાય છે. એ હકીકત છે.

એક બાજુ લાખો કે કરોડો લોકોને આનંદ અનુભવવા મળે છે, તો બીજી બાજુએ લાખો કરોડો લોકો દ્વારા કોમના જે કિમતી સમયનો દુર્વ્યય થાય છે તેનો હિસાબ મૂકવામાં આવે તો સમગ્ર દેશને સમયની દૃષ્ટિએ ઘણું મોટું નુકસાન થઇ રહ્યું છે તેમ નિષ્પક્ષ પણે અને પ્રામાણિકપણે વિચારનાર લોકોને લાગ્યા વિના રહેશે નહિ જેવો ક્રિકેટના રસિયા ઘેલા કે વ્યસની છે તેને ગળે આ દલીલ ન ઊતરે એ સ્વાભાવિક છે.

ક્રિકેટની મેચ જોવા સાંભળવા લોકોનો જે સમય વપરાય છે એથી કેટકેટલી ઓફિસોના કોમના કલાકો બગડે છે એ તો નિર્વિવાદ હકીકત છે મેચ રસાકસી ભરી હોય ત્યારે કેટલીક સરકારી કચેરીઓમાં, બેન્કોમાં-લિમિટેડ કંપનીઓની ઓફિસોમાં, કારખાનાઓમાં માણસો ટ્રાન્ઝિસ્ટર લઇને કોમેન્ટ્રી સાંભળવા બેસી જાય છે અને પોતાના ફરજરૂપ કાર્યમાં ધ્યાન આપતાં નથી, અથવા નહિ જેવું જ ધ્યાન આપે છે. શાળા કોલેજોમાં કેટલાય વિદ્યાર્થીઓ વર્ગમાં હાજરી આપતા નથી. ચાલુ વર્ગે કાનમાં ખપસોન ભરાવી કોમેન્ટ્રી સાંભળવાના પ્રયાસો થાય છે. અભ્યાસના કલાકો બગડે છે, આ રીતે આખા દેશમાં લાખો લોકોનાં કેટલા બધા કિંમતી કલાકો વેડફાઇ જાય છે! ઉપરાંત એથી કામચોરી અને અશિસ્તનું પ્રમાણ વધતું જાય છે. સરવાળે દેશની નીતિમત્તાનું ધોરણ, જે બહુ ઊંચું નથી તે પણ ઘણું નીચું ઊતરે છે, આપણે ક્રિકેટ મેચની પરિસ્થિતિથી વર્ષો વર્ષોથી એટલા બધા ટેવાઇ ગયા છીએ કે હવે આવી કોઇ ટીકાત્મક વાતનું બહુ મહત્વ આપણને સમજાતું નથી. પરંતુ જે દેશોમાં ઓફિસના કામના કલાકોનો પૂરેપૂરો હિસાબ આપવાનો રહે છે તેવા પ્રગતિશીલ લોકોની નજરે તો આપણે ત્યાં ભારે Criminal સમય બગાડ થઇ રહ્યો છે એમ લાગ્યા વગર રહેશે નહિ.

ભારતમાં ક્રિકેટ માટેનો નાદ, ઘેલછા કે ગાંડપણ પહેલેથી જ વધુ પ્રમાણમાં રહ્યાં છે. છેલ્લા કેટલા સમયથી તો ક્રિકેટને સરકારી પ્રોત્સાહન અતિશય મળતું રહ્યું છે. પરિણામે ક્રિકેટમાં રસ લેનારની સંખ્યા ઉત્તરોત્તર વધતી રહી છે. કેટલીક સંખ્યા તો દેખાદેખીથી, ગમાર ન ગણવાની બીક થી કે વાતનો કંઇક વિષય મેળવાની વૃત્તિથી વધતી ગઇ છે. લોકોને રસ પડે છે માટે છાપાઓ પણ ક્રિકેટના સમાચારોને હવે વધુ પડતું મહત્વ આપતાં રહ્યો છે. એવું વધુ પડતું મહત્વ સરકારી કે બિનસરકારી એવાં વિવિધ સ્તરે અપાય છે. તેથી અન્ય રમતગમતોને આકરતરી રીતે ઓછું પ્રોત્સાહન મળે છે એવું તે તે ક્ષેત્રોની રમતોમાં કે વ્યાયામ પ્રવૃત્તિમાં પડેલા ઘણા વિચારકોને લાગે છે.

જે રમતગમતને રેડિયો, ટી વી., છાપાં સામયિકો વગેરે માધ્યમો દ્વારા વધુ પ્રસિદ્ધિ અપાય તેવી રમતો તરફ કુદરતી રીતે નવો યુવાનવર્ગ વધુ આકર્ષાય. અન્ય રમતગમતોને વધુ પ્રાધાન્ય ન અપાતું હોવાના કારણે એ ક્ષેત્રોમાં સારા યુવાનો નથી આકર્ષાયા એ સરકારને માટે ચિંતાનો વિષય બનવો જોઇએ. સરકારે પોતાનાં માધ્યમો દ્વારા અન્ય રમતોના શ્રેષ્ઠ ખેલાડીઓને વધુ પ્રસિદ્ધિ આપવી જોઇએ. દેશના લાખોના રમતવીરોમાં માત્ર ક્રિકેટવીરો જ નહિ અન્ય ખેલાડીઓને પણ સારું સ્થાન મળે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૧૭ ઉપર)

મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્યમાં હાલરડાં

શ્રદ્ધા એ. ત્રિવેદી

આપણને સૌને કાલિદાસે કહેલી ચેલી વાતનું સ્મરણ છે કે બાળકના અંગ પરની રજના સ્પર્શથી મલિન થવામાં ધન્યતા રહેલી છે. એમ કહી શકાય કે પરમેશ્વરને સૃષ્ટિના સર્જનથી જેટલો ને જેવો આનંદ થાય તેટલો ને તેવો આનંદ સ્ત્રીને પોતાના બાળકની સામે જોતાં થાય છે, આમ, બાળક આપણા જીવનમાં પ્રસન્નતાનું, જીવનને જીવવાનું બળ પૂરું પાડવાનું નિમિત્ત બની રહે છે. બાળકને ઊંઘાડવા માટે માતા જ્યારે ગાતી હોય છે ત્યારે કેટલી બધી આનંદવિભોર બની જતી હશે! બાળકને પારણામાં સુવાડતી વખતે તે શું શું અનુભવતી હશે તે તો માત્ર તે અનુભવનાર જ જાણે. પણ કવિની કલ્પના સર્વત્ર પહોંચી શકે છે ને તેથી જ કેટલીક મનોરમ કૃતિઓ પ્રસ્તુત વિષયક મળી છે. રામકૃષ્ણની બાળલીલાનાં પદ મધ્યકાલીન કવિઓએ જેમ કે નરસિંહ-ભાલણ-પ્રેમાનંદ વગેરેએ આપેલાં જ છે. કૌશલ્યા અને જશોદાના નિમિત્તે મળેલાં વાત્સલ્યરસથી ભરપૂર પદો આપણે હજી પણ માણ્યાં કરીએ છીએ. માતા બાળક માટે તો સર્વસ્વ છે; પણ બાળક માતા માટે શું છે; તેના વિશે તે કેવું વિચારે છે, કેવા કેવા ભાવો તે અનુભવે છે તે બધું માતા જ્યારે બાળકને પારણામાં સુવાડતી હોય છે, ત્યારે જે ગીતો ગાઈને સુવાડે છે તેમાં વ્યક્ત થાય છે.

'હાલરડું'-એ શબ્દપ્રયોગ કરીએ કે તરત જ બાળકને ઊંઘાડવાના હેતુથી, પારણું ઝુલાવતાં ગાતી માતાનું ચિત્ર ખડું થઈ જાય છે, અને એ સાથે જ કેટલી બાબતોનો તેમાં સહજ સમાવેશ થઈ જાય છે. પ્રથમ તો બાળકને ઊંઘાડવાના હેતુથી આ ગવાતું હોવાથી તેને ઊંઘ આવે તેવો લય, એવું મધુર, કોમળ, મદીલું સંગીતતત્ત્વ તેમાં અનિવાર્ય હોય છે. પછી તેમાં સામાન્ય રીતે બાળકનું, પારણાનું અને તેની બાળરમતોનું ક્રમશઃ વર્ણન આવે છે. હાલરડું માતા જ ગાય એ બાબત તેમાં ગર્ભિત જ છે. આથી, તે વાત્સલ્યરસથી તરબોળ હોય છે. બાળકના સંબંધને કારણે માતા દ્વારા અનુભવાતાં ધન્યતા, પ્રસન્નતા, ઉલ્લાસ આદિ એમાં વણાયેલાં હોય છે. સાથે સાથે બાળકના શણગારાદિના અને કૌટુંબિક સંબંધોના સ્વભાવોક્તિભર્યાં મધુર ચિત્રોને અહીં પૂરતો અવકાશ મળે છે. એક અત્યંત મહત્વની વાત આ સ્વરૂપમાં એ છે કે આવાં પદો કે ગીતોમાં હંમેશાં ઉલ્લાસ જ હોય. બાળકના ઉત્તમોત્તમ ભાવિની આશા એમાં પ્રગટ થતી હોય છે. હંમેશાં અહીં ઊજળો આશાવાદ દૃષ્ટિગોચર થાય છે. કયાંય નિરાશા કે હતાશા નથી હોતી. આનંદ અને શાંતિનું, પ્રસન્નતાનું અને ધન્યતાનું હાલરડાંમાં વિશેષભાવે નિરૂપણ થાય છે.

હવે આપણે મધ્યકાલીન ગુજરાતીમાંથી જૈન કવિઓ દ્વારા રચાયેલા ઉપલબ્ધ ત્રણ મુદ્રિત હાલરડાંનો વિચાર કરીએ. આ હાલરડાંઓ વિશે એક બાબત સૌ પ્રથમ એ નોંધની જોઈએ કે એના સર્જકો સાધુ હોવા છતાં બાળક અને માતાના માધુર્યભર્યા સંબંધોનો ખૂબ કોમળતાથી, વાસ્તવિક રીતે રજૂ કરે છે. વૈરાગી સાધુ આવા ભાવની આર્દ્રતાથી ભરેલાં, રસિક મધુર ચિત્રો આપે એ જ આનંદદાયક ઘટના છે. બાળક-માતાના સંબંધનું 'ગૌરવભર્યું' ચિત્ર તેઓ ઉપસાવે છે. તે સાથે બાળકો માટેનો તેઓના અંતરનો નિર્મળ પ્રેમ, બાળક પ્રત્યેનો મહિમાભાવ પણ તેઓ આડકતરી રીતે સૂચવે છે.

ઉપલબ્ધ ત્રણ મુદ્રિત કૃતિઓ આ પ્રમાણે છે:

(૧) **જયવિજયકૃત:** કલ્યાણવિજય ગણિનો રાસ' (રચના સંવત ૧૬૫૫, આસો સુદ ૫) કલ્યાણવિજયગણિનો રાસ એ મૂળ કૃતિ ૧૪ ઢાળની છે. તેમાંની **ત્રીજી ઢાળ** 'માતા હુલાવન હાલરડું' છે-જે ૧૭ કડીનું છે.

બીજા બે હાલરડાં મહાવીર સ્વામી વિષયક છે. (૨) રૂપવિજય શિષ્ય **અમીવિજય** કૃત જે ૧૮ કડીનું છે અને (૩) રત્નવિજય શિષ્ય **દીપવિજય** કૃત જે ૧૭ કડીનું છે આ બંને ૧૯મી સદી પૂર્વાર્ધનાં છે.

પ્રથમ આપણે જયવિજય કૃત કલ્યાણવિજયગણિનું હાલરડું જોઈએ.

માતા પૂંજી પોતાના પુત્રને સુવડાવતાં કહે છે:

'ધરમ ફળ્યું જનવરતણું'

અને તેથી

'દુલભ વદન દીઠું પુત્રનું,
મુઝ સફલી હો ફલીઓ ગૃહવાસ.'

પોતાના ગૃહસ્થજીવનની સફળતા આ પુત્ર પ્રાપ્તિમાં તેઓ માને છે, તે પુત્ર કેવો?

'ગુણનિધિ પુત્ર તું જનમિઓ,
મેં પામીઓ હો સઘલી સનમાન.'

ગુણોના સાગરરૂપ એ પુત્ર પ્રાપ્તિથી જગતનું સર્વ સન્માન પોતાને પ્રાપ્ત થયાનો તેમને આનંદ છે. પછી તો પુત્રના શણગારનું મધ્યકાલીન પરંપરાગત વર્ણન છે, જેમ કે:

'ભલી ટોપી લાલ ફરંગ તણી,
મણિ મોતી હો ભરી અપાર' ક

'પાય તણી ભલી મોજડી,
પહિરાવું હો તનું જનમનિ આજ.'

અને પછી તેના લગ્નની પણ કલ્પના બાળક હજી ઘોડિયામાં હોય પણ માતા માત્ર પોતાના બાળક માટે સારામાં સારી કન્યા આવશે એમ જ વિચારે. આપણામાં પણ એમ ગાય છે કે:

'રાજાની કન્યા રાળી, ભાખએ પાછો વ્હેલી વાળી.' અહીં પણ પુત્રના લગ્ન અંગે એક માતાનો ભાવ કેવો ચિત્રિત થયો છે. તે જોઈએ:

'આવસિ પુત્રને માંગલાં
રડો કરસિઓ હો વિવાહ સમજોડિ;
કુલવધૂ મૂઝ પાય લાગશે,
પુહચશે હો મન વાંછિત કોડ.'

આ હાલરડામાં માતાના બાળક પ્રત્યેના પ્રેમને કવિએ જે રીતે રજૂ કર્યો છે તે ખાસ ઉલ્લેખનીય છે;

'કમલ નયન પુત્ર નિરખતાં,
મુઝ કેડું મન ભમર લીન;
દિન દિન વાધે નેહલું,
જિમ દીઠે હો જલ સંચય મીન.'

માતૃપ્રેમની ઉચ્ચતમ અભિવ્યક્તિ કાવ્યાત્મક રીતે કર્યા પછી માતા બાળકની રક્ષા માટે અનેક દેવીઓને પ્રાર્થે છે. એ રક્ષાની પ્રાર્થના સાથે આ હાલરડું સમાપ્ત થાય છે.

બીજાં બે હાલરડાં મહાવીર સ્વામીનાં છે. કલ્યાણવિજયજી-ગણિના હાલરડામાં માતા કહે છે કે જિનવરના ધર્મના પાલનનું મને ફળ મળ્યું. અહીં તો ખુદ જિનવર પુત્ર છે, છતાંય માતાના ભાવો તો મૂળભૂત રીતે એ જ રહે છે. સાથે તે સિવાય કંઈક વિશિષ્ટ બને છે. પ્રથમ અમીવિજયકૃત હાલરડામાં જોઈએ તો ત્રિશલાએ જન્મ આપેલા પુત્રને જોઈ ચોસઠે ઇન્દ્રનાં આસન કંપે છે. એક કરોડ ૬૦ લાખ કલશથી તો મહાવીરનો સ્નાત્ર મહોત્સવ થાય છે. મહાવીરના જન્મથી કુળમાં આનંદ આનંદ છવાઈ જાય છે, પ્રજાને પણ અપાર આનંદ થાય છે. ઘેર ઘેર શ્રીફળનાં તોરણ બંધાય છે ને સ્ત્રીઓ મંગળગીત ગાય છે. રાજાએ ખૂબ રંગેચંગે જન્મોત્સવ ઊજવ્યો. આ બધાંના આનંદમાં શિરમોર તો છે ત્રિશલાની વાત. કવિ ત્યાં કહે છે:

'માતા ત્રિશલા થઈ ઉજમાલ.'

'ઉજમાલ' શબ્દપ્રયોગ કરી ત્રિશલાને કવિ કેટલાં બધાં ગૌરવાન્વિત કરે છે! પછી મહાવીરના સૌંદર્યને વર્ણવતાં કવિ કહે છે:

'વીરના મુખડા ઉપર વારુ કોટી ચંદ્રમા,
પંકજ લોચન સુંદર વિશાલ કપોલ,
શુકચંચૂ સરિખી દીસે નિર્મલ નાસિકા,
કોમલ અધર અરુણ રંગરોલ.'

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના કેટલાક નાયકોના રૂઢ વર્ણનની અહીં સહજ યાદ આવી જાય. પછીનું એક ચિત્ર ખાસ નોંધપાત્ર છે:

'કર અગૂંઠો ધાવે વીરકુમર હર્ષે કરી,
કાંઈ બોલાવતાં કરે કિલકાર.'

જાણે આપણા જ અનુભવનું ચિત્ર. ચિત્રાત્મકતા આ હાલરડાની ખાસ વિશેષતા છે. મહાવીરને શણગારી તેને નજર ના લાગે માટે માતા શું કરે છે તે રજૂ કરતાં કવિ કહે છે:

'ત્રિશલાયે જગતે આજી
અણિયાલી બેહુ આંખડી;
સુન્દર કસ્તુરીનું ટપકું કીધું ગાલ.'

પછી મળતું પારણાનું ચિત્ર પણ સરસ છે. બીજું સુંદર દૃશ્ય આ રીતે કંડારાયું છે:

'મારો લાડકવાયો સરખા સંગે રમવા જશે.
મનોહર સુખલડી આપિશ એહને હાથ,
ભોજન વેળા રમઝમ રમઝમ કરતો આવશે,
હું તો ધાવને ભીડાવીશ હૃદયા સાથ.'

ને પછી બાળરમતોમાંથી ક્રમશઃ મોટા થતા મહાવીરની બીજાં કાર્યોની કલ્પના કરી વાત અંતે પહોંચે છે તેના લગ્નમાં. તેને મોટા ઘરની કન્યા સાથે પરણાવીશ. એ તો મોટો રાજરાજેશ્વર થશે ને અંતે ત્રિશલા બોલી ઊઠે છે.

'માશ મનના મનોરથ પૂરશે જગીશ'

તેનો પુત્ર જગીશ છે ને છતાંય માતા ત્રિશલા પોતાની મનોકામનાઓ જગીશ પૂરશે તેમ પ્રાર્થે છે! આમ, સિદ્ધાર્થના કુળના 'દિનમણિ' રૂપ મહાવીરનું આ હાલરડું તેમના અનેક સુંદર ભાવભર્યાં ચિત્રોને કારણે હૃદયસ્પર્શી બન્યું છે.

દીપ વિજયજી 'મહાવીર સ્વામીનું હાલરીયું'ની ધ્રુવપંક્તિ 'હાલો હાલો હાલો હાલો મારા નંદને' આપણને સીધા જ મહાવીરના પારણાને ઝુલાવવાની પ્રક્રિયામાં જોડી દે છે. મહાવીર તીર્થંકર છે એ વાત અહીં અનેક રીતે બતાવાઈ છે. ચૌદ સ્વપ્નની વાત કે કેશીસ્વામીના મુખેથી સાંભળેલી વાતથી ત્રિશલાને સંપૂર્ણ ખ્યાલ છે કે 'ચક્રી નહિ ચક્રીરાજ' તેને ત્યાં અવતર્યાં છે. ને તેથી તે પ્રસન્નતાથી ગાય છે.

'મારી કૂખે આવ્યા તારણ તરણ જહાજ,
મારી કૂખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ;
મારી કૂખે આવ્યા સંઘ તીરથની લાજ,
હું તો પુણ્ય પનોતિ ધંદ્રાણી થઈ આજ.'

ને આમ પુત્ર અને માતા બંનેની મહત્તા વધુ વધાઈ છે. એક દિવ્ય વાતાવરણ અહીં સર્જાયું છે. આ કૃતિનું બીજું નોંધપાત્ર લક્ષણ છે લય. 'નંદન નવલા' એ શબ્દથી શરૂ કરી કૌટુંબિક જીવનની અનેક પ્રેમભરી ઉચ્ચતમ સ્થિતિઓ લયબદ્ધ રીતે અહીં રજૂ કરી છે:

'નંદન નવલા બંધવ નંદીવર્ધનના તમે,
નંદન ભોજાઈઓ કહી દેવર છે સુકમાલ,
હસશે ભોજાઈઓ કહી દીયર મારા લાડકા,
હસશે રમશે ને વળી ચૂંટી ખણાશે ગાલ,
હસશે રમશે ને વળી ઠુંસા દેશે ગાલ'

ચૂંટી ખણશે કે ઠૂસા દેશે જેવી બાબતો કેવું સુંદર વાસ્તવિક ચિત્ર દોરી જાય છે! તે જ રીતે મામા – મામી શું કરશે તેનાં પણ લાક્ષણિક રંગીન જીવંત ચિત્રો અહીં ઊભાં થયાં છે.

'નંદન મામા-મામી સુખલડી સહુ લાવશે,
નંદન ગજવે ભરશે લાડુ મોતીચૂર.' ...વગેરે

પછી તેને રમવાનાં રમકડાંઓની પણ એવી જ ચિત્રાત્મક રજુઆત છે. પછી તેમને નિશાળે મૂકશે ત્યારે:

'નંદન નવલા ભણવા નિશાળે પણ મૂકશું,
ગજ પર અંબાડી બેસાડી મોહોટે સાજ.
પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગરવેલશું,
સુખલડી લેશું નિશાળીયાને કાજ.'

આ તો મોટા ઘરનો દીકરો છે ને માતાની ભાવના છે એટલે બધાં જ નિશાળિયા માટે તેઓ સુખડી લઈ જાય એવી જ કલ્પના હોય ને?! ને પછી કુંવર મોટો થશે એટલે સરખી વહુવર લાવવાની તો વાત હોય જ પણ અહીં તે પછી ત્રિશલા જે કહે તે જોઈએ:

'મહારે આંગણ વૃક્ષ અમૃત દુધે મેહુલા,
મહારે આંગણ ફલિયા સુરતરુ સુખના કંદ.'

આ રીતે અમૃતની વર્ષા અને કલ્પવૃક્ષરૂપ પુત્રને પોતે જન્મ આપ્યો છે તેની પ્રસન્નતા સાથે તેનું હાલરડું પૂરું થાય છે. પછી કવિ તેના પર મહોર મારે છે કે આ પારણું જે ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ' તીર્થંકરનું આ હાલરડું ગાવામાં આવે તો તેનું સફળ પણ મળવું જોઈએ ને!

આમ, અહીં મળતા ત્રણેય હાલરડાં તેમનાં સ્વભાવિકતા-ભર્યાં અનેક ચિત્રો અને વાત્સલ્યભાવને કારણે હૃદયસ્પર્શી બન્યાં છે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આ હાલરડાં તેની કાવ્યાત્મકતાને કારણે ઊંચું સ્થાન ધરાવે તેવાં છે. બીજી રીતે કહીએ તો વાગોળવી ગમે તેવી આ કાવ્યકૃતિઓ છે.

(શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય વિષેના પરિસંવાદમાં રજૂ થયેલ નિબંધ)

(૧) જૈન (ઐતિહાસિક) રાસમાળા, ભા. ૧, પૃ ૨૨૧-૨૨૨
સંશો. મોહનલાલ દલીચંદ દેસાઇ.
પ્રકા. અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ-મુંબઇ,
આ. વિ. સં. ૧૯૬૫.

(૨) ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ-૧,
પૃ. ૪૫૮ થી ૪૬૧ અને પૃ ૪૬૧ થી ૪૬૫.
પ્રકા. ભારતર ઉમેદચંદ રાયચંદ.
ત્રીજી આવૃત્તિ. ઇ. ૧૯૩૩.

'અદૃશ્ય સૃષ્ટિનો અનુભવ' વિશે

❖ એમ. પી. ગાંધી

'અદૃશ્ય સૃષ્ટિનો અનુભવ' એ વિષે 'પ્રબુદ્ધ જીવન'ના ૧૬-૩-૮૭ના અંકમાં રો. તનસુખ ભટ્ટનો લેખ મેં રસપૂર્વક વાંચ્યો.

આધુનિક જમાનામાં ઘણાં વર્ષો પહેલાં દક્ષિણામૂર્તિના સ્થાપક નાનાભાઇને 'અદૃશ્ય સૃષ્ટિ'નો જે અનુભવ આફ્રિકામાં થયો તે વાત વાંચી નાનાભાઇના અનુભવનું મૌખિક (લેખિત નહિ) પહેલાં તનસુખભાઇના માસીઆઇબાઇના પુત્ર અમૃતલાલ રાવલે સાંભળ્યું. પછીથી તેણે તનસુખ ભટ્ટના વડીલ બંધુ હરિહર ભટ્ટને યે વાતનું વર્ણન કર્યું. અને પછી હરિહર ભટ્ટે (જે હાલ વિદ્યમાન નથી) તનસુખ ભટ્ટને અહેવાલ સંભળાવ્યો.

આમ એક મૂળ વાત વર્ષોના અંતરે ત્રણ ચાર મૌખિક રીતે પહેલી વાર તનસુખ ભટ્ટના લખાણમાં 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશ પામી.

એક મૌખિક વાત, ત્રણ વાર, વર્ષોના અંતરે, જુદી જુદી કોટિની સમજણ ધરાવતા માણસોને જ્યારે Relay થાય, જુદા જુદા પ્રસંગો અને પરિસ્થિતિમાં, ત્યારે અર્થનો અનર્થ થઇ જવાનો ભય તો રહે જ. એક એવી કહેતી છે કે એક વાત એક બીજાને કહેલી ચાર વાર ફરે, તો પહેલી વાતનું ધડ અને માથું તદ્દન જુદું થઇ જવાનો સંભવ રહે. વળી નાનાભાઇ ભટ્ટની આ મૂળ વાત અનોખા વિષયની અને રહસ્યમય જાતની છે અને તેથી મૂળ શબ્દોમાં, અતિશયોક્તિ અને ગેરસમજણ થયા વિના, મૂળની માફક જ પ્રસારણ કરવી એ લગભગ અશક્ય છે અને આ કિસ્સામાં તો થોડાં થોડાં વર્ષોના અંતરે થઇ છે.

નાનાભાઇએ એમના પોતાના વિપુલ લખાણમાં આ વાત કયાંય પ્રકટ કરી હોય એવું તનસુખ ભટ્ટે બતાવ્યું નથી તેથી લાગે છે કે એ ગ્રંથસ્થ તો નહિ જ થઇ હોય.

નાનાભાઇ એક મહાન વિદ્વાન, સન્નિષ્ઠ, સજ્જન અને ચારિત્ર્યવાન વ્યક્તિ હતાં જેમને માટે ગુજરાત ગૌરવ લઇ શકે, એ વાત સુવિદિત છે. એમના આવા અનોખા અનુભવની વાત જો એમને પોતાને બહુ રસપ્રદ, અથવા મહત્ત્વની લાગી હોત, જેના પ્રસારણથી લોકોની બુદ્ધિ, જ્ઞાન, અથવા વિચારશક્તિમાં કાંઇ ફેરફાર થવાની શક્યતા હોત તો, મારા પ્રમાણે જરૂર આ વાતને વધારે બહોળી પ્રસિદ્ધિ આપી હોત. વળી, એકમાત્ર મુંબઇથી આફ્રિકા જઇ ચડેલા પટ્ટાણીને ત્યાંની જર્મન કંપનીમાં નોકરી અપાવવાના શ્રેય માટે, તેમણે રાતના ટાઢા પહોરે પ્રેત-સૃષ્ટિ દ્વારા સાંભળેલી વાતમાં, જે સૂચન થયું હોય તેને વફાદાર પણ રહ્યા વિના, વળતી સવારે, પોતાનાં વિચાર અને કલ્પનાથી, અસંગત ફેરફાર કરીને, વગર કારણે સત્યને વેગળું મૂકીને, નાનાભાઇ આમ કરે એ વાત મારા જેવા સાધારણ માણસની કલ્પનામાં ઊતરે એવી નથી, મને લગભગ અસંભવિત કે અશક્યવત્ જેવી લાગે છે, એટલે મને દૃઢ પ્રતીતિ રહે છે કે તનસુખ ભટ્ટના માસીબાઇ ભાઇ અમૃતલાલ રાવળે કાંઇક સમજવામાં ભૂલચૂક કરી હશે. અથવા અનાયાસે, in a fit of forgetfulness, એ વાતની કડી કાંઇ ખોઇ નાખી હશે, અથવા હરિહર ભટ્ટને આવી વાત કરવામાં કાંઇ ભૂલ કે વિસ્મૃતિ થઇ હોય એ પણ શક્ય છે અથવા વડીલબંધુની સમજણમાં અને બીજા કામમાં એમણે તનસુખ ભટ્ટને કહેવામાં કે એમના સમજવામાં કાંઇ ટૂંકાણે ભૂલ થઇ હોય તો તે પણ સ્વાભાવિક છે.

અહીં એટલું કહેવાની મારે ખાસ જરૂર છે કે મને પોતાને મહાભારત, વેદ, કે એવા આપણા બીજા મહાન ગ્રંથોનો કાંઇ ઊંડો અભ્યાસ નથી. અલબત્ત, એ તો મારા જીવનની એક ક્ષતિ છે. પણ હિન્દુસ્તાના ઉચ્ચ આદર્શો, સિદ્ધિઓ અને ઊંડી વિચારશક્તિ જોતાં, જો આપણે આવી વાત સ્વીકારતા થઇ જઇએ તો આપણી જૂની સંસ્કૃતિનું આમાં અવમૂલ્યન જ થશે!

એમ મારા જેવા સામાન્ય માણસ કે જેની કોઇ જાતની જાહેર કરવા જેવી સિદ્ધિ નથી. એને પણ લાગે છે મહાત્મા ગાંધીની સત્યની વ્યાખ્યા આપણે જોઇ કે વિચારીએ તો આવું આચરણ મને તો દોષયુક્ત લાગે. God is Truth, and Truth is God એવું મહાત્માજીનું પ્રતિપાદન, અને વર્તન Means must be as pure as the ends-એ પણ મહાત્માજીનું અનેક વાર જાહેર કરેલું સૂત્ર. આવા ઊંચા આદર્શ અને રત્નર ઉપરથી આવી રીતે, એક પટ્ટાણીને નોકરી અપાવવા માટે, નાનાભાઇ જેવા મોટા ચિંતક મૂળ વાતને ઉથલપાથલ કરવામાં, અસત્ય-કથનનો દોષ આવે કે ન આવે, એવા પ્રશ્નના જવાબમાં ના જરાય, ન આવે' એવું પ્રતિપાદન, આવા નજીવા લાભના કિસ્સા માટે, નાનાભાઇ કરે એ તો મને અકલ્પ્ય, અવિશ્વસનીય લાગે છે. આ વિષયમાં મારું જ્ઞાન તો ઘણું અલ્પ છે પણ તે છતાં આવા વિષયમાં કાંઇક સારો પ્રકાશ પાડે એવા મહાનુભાવો (ઉ. ત. રણછોડદાસજી મહારાજ મુ. ડાકોર, આઠવલેજી) જેવી અધિકાર ધરાવતી વ્યક્તિઓની સાથે સંપર્ક સાધીને, કંઇક સ્પષ્ટીકરણ મેળવી શકાય તો હિતકર થશે એમ માનું છું સૌથી વધારે યોગ્ય ઉત્તર આપીને સમાધાન કરી શકે એવા તો વિનોબાજી, કેદારનાથજી ગણાય. પણ તે તો વિદ્યમાન નથી. આવા ગૂઢ વિષયમાં હું તો બીજું કંઇ કહી શકું નહિ, પણ એક સામાન્ય માણસની દૃષ્ટિએ 'સત્ય'માં દૃઢ રહેવાની આપણી પ્રબળ ભાવનાને વ્યકત કરું છું.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
વાર્ષિક વૃત્તાંત

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માત્ર સંસ્થા નથી પરંતુ અનેકવિધ પ્રવૃત્તિઓનો સ્રોત છે સાડા પાંચ દાયકા પહેલાં સ્થપાયેલી આ સંસ્થાએ વિચાર જાગૃતિ અને વિચાર પરિવર્તનની મશાલને સતત પ્રજ્વલિત રાખી સમાજના સંસ્કાર ઘડતર માટે અગ્રીમ ભાગ ભજવ્યો છે. આ સંસ્થાના સદ્‌નસીબે તેને સમયે સમયે યોગ્ય નેતૃત્વ મળતું રહ્યું છે. સંસ્થાના પ્રારંભથી જ શ્રી પરમાનંદ કાપડિયાએ નિર્ભીક નેતૃત્વ પૂરું પાડીને આ સંસ્થાની વિકાસ-યાત્રામાં મોટો ફાળો આપ્યો છે, તો શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આ સંસ્થાની પ્રવૃત્તિઓને નવું પરિમાણ આપીને આ સંસ્થાને વધુ લોકપ્રિય બનાવી છે. વર્તમાન પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહની ઉમદા માવજતથી આ સંસ્થાના કાર્યક્ષેત્રનો સારો એવો વિસ્તાર થયો છે.

સંઘ એના ૫૮મા વર્ષની યાત્રા હવે પૂરી કરે છે. ત્યારે વીતેલા વર્ષની વિવિધ પ્રવૃત્તિઓનું અહીં દિગ્દર્શન કરાવતાં અમે આનંદ અનુભવીએ છીએ. વર્ષ દરમિયાન હાથ ધરાયેલી મોટા ભાગની પ્રવૃત્તિઓનો સવિગત અહેવાલ 'પ્રબુદ્ધ જીવન'માં અગાઉ પ્રગટ થયેલ છે એટલે અહીં એ પ્રવૃત્તિઓ પર ઊડતી નજરે અવલોકન કરીશું.

વહીવટી અને આર્થિક દૃષ્ટિએ આ અહેવાલ તા. ૧-૧-'૧૮૬ થી તા. ૩૧-૧૨-૧૮૬ સુધીનો અને કાર્યવાહીની દૃષ્ટિએ છેલ્લી વાર્ષિક સામાન્ય સભા તા. ૧૨-૪-૧૮૮૬ ના રોજ મળી ત્યારથી કાર્યવાહક સમિતિએ અહેવાલ મંજૂર કર્યો ત્યાર સુધીનો એટલે કે તા. ૨-૪-૧૮૮૭ સુધીનો છે.

સંઘના સભ્યો :

સંઘના સભ્યોની સંખ્યા હાલ આ પ્રમાણે છે : પેટ્રન સભ્યો ૧૨૭, આજીવન સભ્યો ૧૭૦૦, સામાન્ય સભ્યો ૧૨૫ અને 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો ૪૫૦.

'પ્રબુદ્ધ જીવન' :

'પ્રબુદ્ધ જીવન' શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર છે, તેમ એક વૈચારિક સામયિક પણ છે. યથાશક્ય નિયમિતપણે પ્રગટ કરવા માટે અમે સતત પ્રયત્નશીલ રહીએ છીએ. સુપ્રતિષ્ઠિત વિદ્વાન લેખકોનો અમને સારો સહકાર સતત સાંપડતો રહ્યો છે, જે માટે અમે તેમના ખૂબ આભારી છીએ. સાહિત્ય, શિક્ષણ, ધર્મ, રાજકારણ, વિજ્ઞાન, મનોવિજ્ઞાન, સમાજ-સેવા ઇત્યાદિ વિવિધ ક્ષેત્રોના વિવિધ વિષયો પર લેખો છાપીને 'પ્રબુદ્ધ જીવન'માં વૈવિધ્ય જાળવવા પ્રયત્ન કરીએ છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના હિસાબો પ્રગટ કર્યા છે, તે અનુસાર વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો રૂ. ૫૮,૯૨૨/૬૯ થયો છે.

'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતા લેખોને અન્ય દૈનિકો અને સામયિકો ઉધ્ધૃત કરે છે એ આપણા માટે ગૌરવની બાબત છે.

'પ્રબુદ્ધ જીવન'નું પ્રકાશન સમયસર નિયમિત થઈ શક્યું છે. એ માટે મે ટ્રેન્ડ પ્રિન્ટર્સ અને તેના મુખ્ય સંચાલક શ્રી કાકુભાઈના અને તેમના સ્ટાફના સભ્યોના અમે આભારી છીએ.

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય :

પુસ્તકાલયમાં વર્ષ દરમિયાન રૂા. ૧૩૮૬૦/૫૫ નાં પુસ્તકો વસાવવામાં આવ્યાં છે. વર્ષ આખરે આશરે ૧૩૦૦૦ પુસ્તકો છે.

વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો રૂા. ૨૮૫૧૭/૫૭ થયો, તેમાંથી બૃહદ મુંબઈ મહાનગરપાલિકા તરફથી મળેલ ગ્રાન્ટના રૂ. ૧૦,૦૦૦/-બાદ જતાં એકંદર રૂ. ૧૮૫૧૭ની ખાધ રહી છે.

વાચનાલયમાં ૧૫ દૈનિકો, ૩૦ સાપ્તાહિકો, ૧૪ પાક્ષિકો, ૪૧ માસિકો અને ૬ વાર્ષિક સહિત ૧૦૬ સામયિકો આવે છે. ભાષાવાર વર્ગીકરણ પ્રમાણે ૬૧ ગુજરાતી, ૬ હિન્દી ૭ અંગ્રેજી અને ૨ મરાઠી સામયિક આવે છે.

વાચનાલય અને પુસ્તકાલય સમિતિના સભ્યો અને મંત્રી શ્રી હરિલાલ ચુનીલાલ શાહનો તેમ જ બૃહદ મુંબઈ મહા-નગરપાલિકાનો અમે આભાર માનીએ છીએ

'પ્રેમળ જ્યોતિ' :

સંઘ સંચાલિત અને ખંભાત નિવાસી શ્રી મહાસુખભાઈ પ્રેરિત 'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે વર્ષ દરમિયાન દાદર, માટુંગા, વાંદરા, જોગેશ્વરી, અંધેરી, સાન્તાક્રુઝ, મલાડ, બોરીવલી, દહીંસર, વિરાર, વરલી, પ્રજ્ઞાદેવી, નાયર હોસ્પિટલ વગેરે જુદાં જુદાં સ્થળોએ ટેલિફોન બૂથ આપવાના કાર્યક્રમો યોજાયા હતા.

'પ્રેમળ જ્યોતિ'ના સંયોજકો શ્રીમતી નિરુબહેન શાહ અને શ્રીમતી કમલબહેન પિસપાટીની જાત દેખરેખ હેઠળ 'પ્રેમળ જ્યોતિ'ની પ્રવૃત્તિઓ સુપેરે ચાલી રહી છે, એ માટે તેમના અને અન્ય કાર્યકર બહેનોના અમે આભારી છીએ.

વિલે પાર્લાની પ્રેમળ જ્યોતિ શાખા :

આજથી અઢી વર્ષ પહેલાં વિલે પાર્લા ખાતે 'પ્રેમળ જ્યોતિ'ની શાખાનો પ્રારંભ થયો હતો. આ શાખાની બહેનો દર ગુરુવારે વિલે પાર્લાની નાણાવટી હોસ્પિટલના દર્દીઓને આર્થિક સહાય આપે છે, આ શાખાના સંયોજકો તરીકે શ્રીમતી સ્મિતાબહેન કામદાર અને શ્રીમતી સુલીબહેન હીરાણી સેવા આપે છે તેની સાભાર નોંધ લઈએ છીએ.

અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં તા. ૩૧-૭-૮૩ થી અસ્થિ સારવાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે, આ કેન્દ્રમાં હાડકાંના દરદોના નિષ્ણાત ડૉ. જે. પી પીઠાવાલા દર રવિવારે ૯-૦૦ થી ૧-૦૦ દરમિયાન સ્લીપડિસ્ક, મણકાની તકલીફ ઘૂંટણનો સોજો, પગની ઓડી અને કોણીનો દુખાવો, ખભાનું જામ થઈ જવું કે વારંવાર ઊતરી જવું, લોન ટી બી., શરૂઆતનો પોલિયો, સ્પોન્ડિલેસીસ આદિ રોગોની સેવાભાવે સારવાર કરે છે. દવાનો ખર્ચ દરદીઓએ આપવાનો રહે છે. તેમાં પણ યોગ્ય દરદીઓને રાહત આપવામાં આવે છે. આ કેન્દ્રના સંયોજક તરીકે કારોબારી સમિતિના સભ્ય શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ દર રવિવારે અચૂક હાજરી આપી સેવા આપી રહ્યા છે. એમાં છેલ્લા કેટલાક સમયથી સમિતિનાં સભ્ય શ્રીમતી જયાબહેન વીરા પણ નિયમિત સેવા આપતાં રહ્યાં છે. એ બંનેના અને ડૉ. પીઠાવાલાના અમે ઋણી છીએ.

વિલેપાર્લા માં અસ્થિ સારવાર કેન્દ્ર

તા. ૨૬-૧-૮૫ ના રોજ શરૂ થયેલા આ કેન્દ્રમાં દર

મહિનાના છેલ્લા રવિવારે બપોરનાં ૨-૩૦ થી ૫-૩૦ સુધી અસ્થિ નિષ્ણાત ડૉ. જે. પી. પીઠાવાલા સેવા આપે છે. આ કેન્દ્રના સંયોજક તરીકે શ્રી પ્રવીણભાઇ મંગળદાસ શાહ અને શ્રીમતી પદ્મલેખાબહેન દોશી સેવા આપે છે. તેઓ સૌનો અમે હાર્દિક આભાર માનીએ છીએ

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક

વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે ઉપરોક્ત વ્યાખ્યાનમાળા તા. ૧૪, ૧૫ અને ૧૬મી એપ્રિલ, ૧૯૮૬ એમ ત્રણ દિવસ માટે ચર્ચગેટ ખાતેના ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં સાંજના ૬-૦૦ વાગે યોજાઇ હતી. વિષય હતોઃ 'રાજીવ ગાંધીની આર્થિક નીતિ અને ભારતનો સામાન્ય માનવી.' ત્રણેય દિવસના વ્યાખ્યાતાઓ અનુક્રમે 'ઇકોનોમિક' ટાઇમ્સ'ના તંત્રી શ્રી મનુ શ્રોફ, 'બિઝનેસ સ્ટાન્ડર્ડ'ના તંત્રી શ્રી કેવલ વર્મા અને સેન્ટર ફોર સાયન્સ ફોર વિલઝીઝ, વર્ધાના ડાયરેક્ટર શ્રી દેવેન્દ્રકુમાર ગુપ્તા હતા. વિદ્વાન વ્યાખ્યાતાઓએ આ વિષય ઉપર રસપ્રદ પ્રવચનો આપ્યાં હતાં. પરિસંવાદનું ઉદ્‌ઘાટન જાણીતા ઉદ્યોગપતિ વીરેન શાહે કર્યું હતું. પ્રમુખસ્થાન શ્રી અમરભાઇ જરીવાલાએ લીધું હતું. આ માટે અમે તેમના અને વ્યાખ્યાતાઓના આભારી છીએ.

એક્ઝયુક્રેશર તાલીમ વર્ગ :

સંઘના ઉપક્રમે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં આ વર્ષે તા. ૨૮-૪-૮૬ના અને તા. ૨૯-૬-૮૬થી એક્ઝયુક્રેશર તાલીમ વર્ગનાં બે સત્રો યોજવામાં આવ્યાં હતાં. અંગ્રેજી ભાષામાં ચાલતા આ તાલીમ વર્ગમાં સારી સંખ્યામાં ભાઇ બહેનોએ લાભ લીધો હતો. આ વર્ગના માનદ્ સંચાલક શ્રી જગમોહનભાઇ દાસાણીનો આ તકે અમે આભાર માનીએ છીએ.

યુરોપ યાત્રા સ્પોન્સરશિપ :

સંઘ તરફથી (૧) શ્રી મનુભાઇ શેઠ (૨) શ્રી બસંતલાલ નરસિંહપુરા (૩) અને શ્રી શૂન્ય પાલનપુરીને જુન, ૧૯૮૬ના યુરોપનો યાત્રાપ્રવાસે મોકલવાનું નક્કી થતાં આ ત્રણે મહાનુભાવોનું અભિવાદન કરવા અને તેમની યાત્રા પ્રત્યે શુભેચ્છા વ્યક્ત કરવા સમાજ શ્રી જે. આર. શાહના પ્રમુખસ્થાને તા. ૨૨-૫-૮૬ના બિરલા ક્રીડા કેન્દ્રમાં સાંજના સાત વાગે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જુદા જુદા વક્તાઓએ વિદેશ જનારા મહાનુભાવોને તેમની વિદેશ યાત્રા માટે શુભેચ્છા આપી હતી અને કાર્યક્રમને અંતે ભોજન લઇ સૌ છૂટા પડ્યા હતા. આ સ્પોન્સરશિપ યોજના માટે શ્રી શૈલેશભાઇ એચ. કોઠારી, શ્રી રજનીકાન્તભાઇ ઝવેરી તથા શ્રી દામજીભાઇ એન્કરવાળા તરફથી સ્પોન્સરશિપ માટેની રકમ મળી હતી તે માટે અમે તેમના ઋણી છીએ.

મરાઠી ચર્ચાસભા :

સંઘના ઉપક્રમે માજી સંસદસભ્ય શ્રીમતી અહલ્યા રાંગણેકરે 'સામાજિક સાંપ્રત પ્રવાહો' એ વિષય પર શનિવાર, તા. ૨૪-૫-'૮૬ના સાંજના ૫-૦૦ વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મરાઠી ભાષામાં વ્યાખ્યાન આપ્યું હતું. આ કાર્યક્રમનું સંયોજન શ્રીમતી કમલમહેન પીસપાટીએ કર્યું હતું. એ માટે અમે તેમના આભારી છીએ.

'જ્ઞાનગોષ્ઠિ'ના ઉપક્રમે વાર્તાલાપો :

સંઘ સંચાલિત જ્ઞાનગોષ્ઠિના ઉપક્રમે નીચેના વર્તાલાપો-પ્રવચનો યોજાયાં હતાં.

* શ્રી શૈલેશભાઇ મહાદેવિયાનો 'હરદ્વાર કુંભદર્શન-૧૯૮૬' અંગેનો એક વાર્તાલાપ શનિવાર, તા. ૭-૬-'૮૬ ના સાંજના સાત વાગે યોજવામાં આવ્યો હતો જેમાં સ્લાઇડ દ્વારા કુંભ મેળાનું દર્શન કરાવવામાં આવ્યું હતું.
* જૈન ધર્મના પ્રખર અભ્યાસી અને કેલિફોર્નિયા યુનિવર્સિટી, અમેરિકાના જૈનીઝમ એન્ડ બુદ્ધિઝમના પ્રોફેસર ડૉ. પદ્મનાભ જૈન સાથે એક વાર્તાલાપ ગુરુવાર, તા. ૨૬-૬-૮૬ના સાંજના ૬-૧૫ કલાકે રાખવામાં આવ્યો હતો.
* જાણીતા રાજકીય અગ્રણી ડૉ. સુબ્રમણ્યમ સ્વામીનું 'રાજકારણના પ્રવાહો' એ વિષય પરનું પ્રવચન સોમવાર, તા. ૨૦-૧૦-૮૬ના સાંજના ૬-૧૫ કલાકે યોજવામાં આવ્યું હતું.
* શ્રી ત્રિભક્તાઇ ઠક્કર સાથેનો એક વાર્તાલાપ શુક્રવાર, તા. ૯-૧-૮૭ના રોજ સાંજના પાંચ વાગે રાખવામાં આવ્યો હતો.
* સ્વામી સચ્ચિદાનંદજીનું 'ધર્મ' અને ધર્મગુરુઓ' એ વિષય પરનું વ્યાખ્યાન સોમવાર, તા. ૧૨-૧-'૮૭ ના સાંજના ૬-૦૦ વાગે રાખવામાં આવ્યું હતું.

ઉપરના બધા જ કાર્યક્રમો આપણા પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજાતા હતા. કાર્યક્રમમાં પધારેલા વિદ્વાન વ્યાખ્યાતાઓના અને આ પ્રવૃત્તિના સંયોજક શ્રી સુબોધભાઇ એમ. શાહના અમે એ માટે આભારી છીએ.

પર્યુષણ વ્યાખ્યાનમાળા :

સંઘના ઉપક્રમે રવિવાર, તા. ૩૧-૮-૮૬ થી સોમવાર, તા. ૮-૯-૮૬ સુધી એમ નવ દિવસની વ્યાખ્યાનમાળા બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ-૪૦૦૦૦૭ ખાતે યોજવામાં આવી હતી. આ નવેય દિવસની વ્યાખ્યાન સભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહે શોભાવ્યું હતું ગત વર્ષની માફક આ વર્ષે પણ કોલોઝ સરકિટ ટી. વી. ની વ્યવસ્થા રાખવામાં આવી હતી. વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ અને વિષયોની વિગતો આ પ્રમાણે છે.

*	શ્રી શશિકાન્તભાઇ મહેતા	જૈનમ્ જયંતી શાસનમ્
*	પૂ. રાકેશ મુનિ	ધર્મ જીનેકી કલા
*	શ્રી અનુપ જલોટા	ભક્તિ-સંગીત
*	શ્રી નેમચંદ ગાલા	શ્રીમદ્ રાજચંદ્ર
*	પૂ. દેવેન્દ્રકીર્તિ ભટ્ટારક	દક્ષિણ મારતમેં જૈન સંસ્કૃતિ
*	શ્રી વિશ્વનાથ સચદે	માનવમૂલ્ય
*	પ્રા. કિશોરભાઇ દવે	સ્યાદ્‌વાદ અને ગીતા
*	ડૉ. ચીનુભાઈ દવે	પથ્થર લઇ કહો કેમ તરીએ ?
*	શ્રી અજીત શેઠ	રવીન્દ્ર સાહિત્યમાં નારી
	આન : શ્રીમતી નિરુપમા શેઠ	
*	ડૉ. રમણલાલ ચી. શાહ	પ્રભાવના (દર્શનાચાર)
*	પૂ. મોરારીબાપુ	ધર્મ અને સમાજ
*	શ્રી રામુ પંડિત	ઉત્તમતા માટેની ખોજ
*	પ્રા. રમેશભાઇ દવે	ગુરુ-અધ્યાત્મ માર્ગની આવશ્યકતા
*	ડૉ. રમણલાલ ચી. શાહ	પંચ પરમેષ્ઠિનું પ્રથમ પદ
*	ડૉ. સાગરમલજી જૈન	ભગવાન પાર્શ્વનાથ ઔર ઉનકી પરંપરા
*	શ્રી સત્યનારાયણ ગોયન્કા	વિપશ્યના સાધના
*	પ્રા. તારાબહેન ર. શાહ	ગુરુ ગૌતમસ્વામી
*	શ્રી ભંવરલાલ નાહટા	અપરિગ્રહ

આ વ્યાખ્યાનમાળાના ખર્ચ માટે મે. સેવંતીલાલ કાંતિલાલ શાહ તરફથી ઈ. સ. ૧૯૮૨માં માતબર રકમનું દાન સંસ્થાને મળેલ છે. તેથી તેમના આર્થિક સહયોગથી આ વ્યાખ્યાનમાળા સારી રીતે ચાલી રહી છે. સંઘ તરફથી તેમની ઉમદા ભાવના અને પ્રેમ બદલ આ તકે અમે તેઓનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

સંઘનો સ્નેહ મિલન કાર્યક્રમ :

પર્યુષણની સમાપ્તિ પછી પ્રતિવર્ષ યોજવામાં આવતો સંઘનો સ્નેહ મિલન કાર્યક્રમ આ વર્ષે પણ શનિવાર, તા. ૧૩-૯-૮૬ના સાંજના સાત વાગે એમ. સી. ઘીયા હોલમાં ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો, આ પ્રસંગે જુદા જુદા વક્તાઓએ પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા.

અસ્થિ સારવાર કેમ્પ :

બહારગામના લોકોને હાડકાંના નિષ્ણાત ડૉ. પીઠવાલાનો લાભ મળી શકે તે હેતુથી બહારગામના દર્દીઓ માટે અસ્થિ સારવારના કેમ્પ યોજવાનું નક્કી કરવામાં આવે છે તે મુજબ આ વર્ષે સુરત ખાતે જૈન સોશ્યલ ગ્રુપ સુરતના ઉપક્રમે અને સંઘના આર્થિક સહયોગથી તા. ૨૨, ૨૩, ૨૪, સપ્ટેમ્બર, ૧૯૮૬ના રોજ ડૉ. જે. પી પીઠાવાલાની એક સારવાર શિબિર યોજવામાં આવી હતી.

તેમજ સુરત ખાતે આ જ પ્રકારનો બીજો કેમ્પ રાષ્ટ્રીય એકતા સંમેલન અને ગાયત્રી મહાયજ્ઞ સમિતિ-સુરતના સહયોગથી તા. ૨૭, ૨૮, ૨૯, જાન્યુઆરી, ૧૯૮૭ના રોજ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં સહયોગ આપનારી સૂરતની ઉપરોક્ત સંસ્થાઓના અને ડૉ. પીઠવાલાના અમે આભારી છીએ.

મહિલા વકતૃત્વ તાલીમ વર્ગ :

સંઘના ઉપક્રમે ગત વર્ષની જેમ આ વર્ષે પણ પરમાનંદ કાપડિયા સભાગૃહમાં તા. ૨૧-૯-૮૬થી બહેનો માટેના એક વકતૃત્વ તાલીમ વર્ગ શરૂ કરવામાં આવ્યો હતો. આ વર્ગનું સંચાલન કરનાર પ્રા. ધીરેન્દ્ર રેલિયાનો તથા સંયોજક શ્રી જ્યોતિબહેન પ્રમોદચંદ્ર શાહના અમે આભારી છીએ

વલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાન શ્રેણી :

સંઘના ઉપક્રમે અને શ્રી આત્માનંદ જૈન સભા પ્રેરિત પ્રતિવર્ષ યોજાતી આ વ્યાખ્યાનશ્રેણીમાં આ વર્ષે સોમવાર, તા. ૨૯-૯-૮૬ના સવારના ૯-૦૦ વાગે ભારતીય વિદ્યાભવન, ચોપાટી મધ્યે શ્રી શશિકાન્ત મહેતાનું 'આપણી આવશ્યક ક્રિયાઓનું રહસ્ય' એ વિષય પર પ્રવચન રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માટે શ્રી આત્માનંદ જૈન સભા (મુંબઈ), વ્યાખ્યાતા શ્રી શશિકાન્તભાઈ મહેતા તથા કાર્યક્રમના સંયોજક શ્રી શૈલેશભાઈ ડોઢારીનો અમે આભાર માનીએ છીએ

'સ્મૃતિશેષ સોપાન' પુસ્તકનું વિમોચન :

સંઘના ઉપક્રમે સ્વ. મોહનલાલ મહેતા 'સોપાન'નાં ધર્મપત્ની શ્રીમતી લાભુબહેન મહેતાએ સોપાનનાં જીવનસ્મરણોના લખેલા પુસ્તક 'સ્મૃતિશેષ સોપાન' પુસ્તકનો ઉદ્ઘાટન સમારોહ ગુરુવાર, તા. ૧૩-૧૧-'૮૬ના સાંજના ૪-૦૦ કલાકે શ્રી ઘનશ્યામભાઈ ઓઝાના પ્રમુખસ્થાને ઈન્ડિયન મરચન્ટસ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહના યોજાયા હતા. આ કાર્યક્રમમાં મુંબઈનાં ગુજરાતી વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થતાં શ્રેષ્ઠ ચિંતનાત્મક લેખોના કટાર લેખકને સોપાનની સ્મૃતિમાં પ્રતિવર્ષ રૂા. ૧૦૦૦નું પારિતોષિક સંઘ દ્વારા અપાશે એવી જાહેરાત સોપાન પરિવાર વતી શ્રીમતી કુસુમબહેને કરી હતી આ માટે તેમણે સોપાન પરિવાર વતી રૂા. ૧૫૦૦૦ નો ચેક સંઘને અર્પણ કર્યો હતો. એ માટે અમે તેઓના આભારી છીએ.

નેત્રયજ્ઞ :

સંઘ દ્વારા 'નેત્રયજ્ઞ'ની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે. તે મુજબ શ્રી ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ સંચાલિત સર્વોદય આશ્રમ-ચુંદીના ઉપક્રમે અને સંઘના આર્થિક સહયોગથી સોમવાર, તા. ૧-૧૨-૮૬ના વારણા-વટામણ ગામે એક નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે સંઘની સમિતિના સભ્યો હાજર રહ્યા હતા.

એ પછી રવિવાર, તા. ૧૪-૧૨'-૮૬ના રોજ સુરત જિલ્લાના કડોદ ગામે ત્યાંની દામોદરદાસ ગાંધી હોસ્પિટલના ઉપક્રમે સંઘની આર્થિક સહાયથી એક નેત્રયજ્ઞ યોજાયો હતો. તેમાં પણ સમિતિના કેટલાક સભ્યોએ ભાગ લીધો હતો. નેત્રયજ્ઞની વ્યવસ્થાની સઘળી જવાબદારી વહન કરવા માટે અને સંસ્થાઓના પદાધિકારીઓના અમે આભારી છીએ.

સંઘનું વાર્ષિક સ્નેહ સંમેલન :

સંઘના પેટ્રનો, આજીવન સભ્યો, સામાન્ય સભ્યોનું વાર્ષિક સ્નેહ સંમેલન શ્રી વિદ્યાબહેન મહાસુખભાઈ ખંભાતવાળા આર્થિક સહયોગથી રવિવાર, તા. ૧૧-૧-૮૭ના રોજ સવારના ૯-૩૦ કલાકે બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી ખાતે યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંયોજન શ્રી ચીમનલાલ જે. શાહે કર્યું હતું. આ પ્રસંગે શીલા શેઠિયા, અને કિશોર મનરાજના ભગવાન મહાવીરના ગીતોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ વાર્ષિક સ્નેહ સંમેલન પ્રસંગે ઋતભરા વિદ્યાપીઠ સાપુતારાની આદિવાસી કન્યાઓ માટે જરૂરિયાતની સામગ્રી ભેટરૂપે આપવાની યોજના માટે એકત્ર થયેલી રકમ રૂા. ૧,૨૫,૦૦૦ની જાહેરાત કરવામાં આવી હતી. એમાં એ સમયે શ્રી મફતલાલ મોહનલાલ મહેતા તરફથી વતી વધુ ૫૦ વિદ્યાર્થિનીઓ માટેની રકમ રૂા. ૨૫૦૦૦ સંઘ દ્વારા આપવા માટેની જાહેરાત થઈ હતી. વળી આ પ્રસંગે રક્તપિત્તના દર્દીઓ માટેની સિંધરોટ (વડોદરા)ની સંસ્થા શ્રમમંદિર માટેની યોજના જાહેર કરવામાં આવી હતી અને તેના ઉમળકાભર્યા પ્રતિસાદરૂપે નીચેની રકમો તરત જ જાહેર થઈ હતી.

૨૫૦૦૦ શ્રીમતી મૃદુલાબહેન જશુભાઈ શાહ (મે. એમ. જે. ફાર્માસ્યુટીકલ્સવાળા) તરફથી

૨૫૦૦૦ શ્રી હુંગરશી રામજી ગાલા (મે. નવનીત પ્રકાશનવાળા) તરફથી

૧૧૦૦૦ શ્રી રમણિકલાલ શિવલાલ ગોસલિયા તરફથી તેમના માતુશ્રીના સ્મરણાર્થે

૫૦૦૦ શ્રીમતી વિદ્યાબેન મહાસુખભાઈ ખંભાતવાળા તરફથી

આ પ્રસંગે શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઈ ખંભાતવાળાને કલાકારોનો, દાતાઓનો અને કાર્યક્રમના સંયોજક શ્રી ચીમનલાલ શાહનો આભાર માનીએ છીએ.

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્ર :

સંઘના ઉપક્રમે સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રમાં ડૉ. સુમન શાહના 'સાહિત્યનું જીવન ઘડતરમાં

પ્રદાન' એ વિષય પર બે પ્રવચનો તા. ૧૬ અને ૧૭મી જાન્યુઆરી, ૧૯૮૭ના રોજ સાંજના સમયે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો. વિદ્યાસત્રના દાતા શ્રી જોરમલ મંગળજી મહેતા, વ્યાખ્યાતા ડૉ. સુમન શાહ અને સંયોજક પ્રો. તારાબહેન ર. શાહના અમે આભારી છીએ.

ઋતંભરા વિદ્યાપીઠ-સાપુતારા :

૧૯૮૬ના વર્ષ માટે સંઘે બહારગામના પ્રોજેક્ટ તરીકે ઋતંભરા વિદ્યાપીઠ-સાપુતારાની આદિવાસી વિદ્યાર્થિનીઓ માટે શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસા અને શ્રી હરિભાઇ ડ્રેસવાલા સાથે વિચાર વિનિમય કરીને પ્રત્યેક વિદ્યાર્થીની દીઠ રૂ. ૫૦૦-લેખે રકમ એકત્ર કરીને વિદ્યાપીઠને આ વર્ષે ચીજ-વસ્તુઓ વસાવી આપવા માટેનું કાર્ય હાથ ધર્યું હતું. આ કાર્યક્રમના સંયોજનની જવાબદારી સમિતિના સભ્ય શ્રી જયંતીલાલ પી. શાહે સ્વીકારી હતી. આ કાર્ય માટે દાતાઓ તરફથી નિર્ધારિત રકમ મળી ગઇ હતી અને આવશ્યક ચીજ-વસ્તુઓના વિતરણનો કાર્યક્રમ સાપુતારામાં ગુરુવાર, તા. ૨૧ મી જાન્યુઆરી, ૧૯૮૭ના રોજ શ્રી દીપચંદભાઇ ગાર્ડીના પ્રમુખપદે યોજાયો હતો. આ કાર્યક્રમ પ્રસંગે ઉપસ્થિત રહેવા સંઘના સભ્યો માટે બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. અને એ પ્રવાસનું આયોજન સંયોજક શ્રી ગુણવંતભાઇ એમ. ઝવેરીએ કર્યું હતું. વિતરણની સામગ્રીની ખરીદી વગેરેની જવાબદારી સમિતિના સભ્ય શ્રી જયંતીલાલ પી. શાહ અને શ્રી નવનીતભાઇ પારેખે કરી હતી આ પ્રસંગે સત્ર દાતાઓ અને સંયોજકોનો અમે આભાર માનીએ છીએ.

પરવેઝ કાત્રકનું ભક્તિ સંગીત

સંઘના ઉપક્રમે જાણીતા પારસી કીર્તનકાર શ્રી પરવેઝ કાત્રકના ભક્તિ-સંગીતનો એક કાર્યક્રમ ગુરુવાર, તા. ૨૨-૧-'૮૭ના રોજ સાંજના ૬-૧૫ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શ્રી કાત્રકે સ્વ. કવિ કરસનદાસ માણેક રચિત ભક્તિગીતો રજૂ કર્યાં હતાં.

પરિસંવાદ :

સંઘના ઉપક્રમે શનિવાર, તા. ૧૪-૨-૮૭ના સાંજના ૩-૩૦ વાગે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં 'રામાયણ અને મહાભારતનાં કેટલાંક ઇતર પાત્રો' એ વિષય પર એક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો આ પરિસંવાદ યોજવામાં શ્રી મનુભાઇ પંચોળી-'દક્ષ'ક' મહાભારતના કેટલાંક ઇતર પાત્રો અને આચાર્યશ્રી યશવંત શુક્લે રામાયણનાં કેટલાંક ઇતર પાત્રો એ વિષય પર મનનીય પ્રવચનો આપ્યાં હતા આ તક અમે વિદ્વાન વક્તાઓનો અને કાર્યક્રમના સંયોજક ડૉ ધનવંત તિ. શાહનો આભાર માનીએ છીએ.

રાષ્ટ્રભાષા હિન્દીમાં વિચારગોષ્ઠિ :

સંઘના ઉપક્રમે રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્તના શતાબ્દી વર્ષ નિમિત્તે રાષ્ટ્રભાષા હિન્દીમાં એક વિચારગોષ્ઠિનું શનિવાર, તા. ૨૧-૨-'૮૭ના રોજ સાંજના ચાર વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં મહારાષ્ટ્ર વિધાન પરિષદના સભ્ય ડૉ. રામમનોહર ત્રિપાઠીએ 'રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્ત અને રાષ્ટ્રીય કવિતા' વિષે અને મુંબઇ યુનિવર્સિટીના હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. વિનોદ ગોદરેએ 'મૈથિલીશરણ ગુપ્તની રાષ્ટ્રીય ચેતના' એ વિષય પર વ્યાખ્યાનો આપ્યાં હતાં. આ કાર્યક્રમનું સંયોજન શ્રી બસંતલાલ નરસિંહપુરાએ કર્યું હતું. એ સર્વના અમે આભારી છીએ.

આધ્યાત્મિક વર્ગ :

સંઘના ઉપક્રમે જૈન તત્ત્વજ્ઞાન વિષેના વર્ગો દર શનિવારે સંઘના કાર્યાલયમાં ચાલુ કરવામાં આવ્યા હતા અને તે માટે પં. શ્રી પનાલાલ જમજીવનદાસ ગાંધીએ સેવા આપી હતી તે માટે અમે તેમના ઋણી છીએ

ધરમપુર ક્ષેત્રે :

ધરમપુર આદિવાસી વિસ્તારમાં સંઘ તરફથી એનાડેમ ફાઉન્ડેશન દ્વારા તળીબા અને કેળવણીનાં સેવા કાર્યો છેલ્લાં ત્રણેક વર્ષથી સારી રીતે ચાલે છે.

શ્રીમતી ધીરજબહેન દીપચંદ શાહ રમકડાં ઘર :

સંઘ દ્વારા બાળકોને ઘરે રમવા માટે રમકડાં આપવાની આ પ્રવૃત્તિ દર રવિવારે બપોરે ૩-૦૦ થી ૫-૩૦ સુધી નિયમિત ચલાવવામાં આવે છે

આ વર્ષે બાળકોની સભ્ય સંખ્યા ૧૯૬ જેટલી રહી છે. રમકડાં-ઘર માટે વખતોવખત નવા રમકડાં ખરીદવામાં આવે છે અને બાળકો તેનો સારો લાભ લે છે. આ પ્રવૃત્તિના સંયોજક ડૉ. અમુલ શાહ અને શ્રીમતી જયાબહેન વીરા દર રવિવારે કાર્યાલયમાં નિયમિત હાજર રહી સારી સેવા આપે છે એ માટે અમે તેમના આભારી છીએ.

દુષ્કાળ રાહતનિધિ :

આ વર્ષે પણ ગુજરાતમાં દુષ્કાળ હોવાથી મુંગા જાનવરોને ઘાસચારા વગેરે માટે સંઘ તરફથી દુષ્કાળ રાહત નિધિ એકત્ર કરવામાં આવ્યો હતો. તેમાં કુલ રૂ ૯૩,૧૨ -ની રકમ મળી હતી. આ રકમ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની જીવદયાનું કાર્ય કરતી જુદી જુદી સંસ્થાઓને મોકલી આપવામાં આવી હતી.

શ્રી જે. વી. મહેતા અનાજ રાહત ફંડ :

શ્રી જે વી. મહેતાનાં કુટુંબીજનો રૂ. ૨૫૦૦૦-અનાજ રાહત ફંડમાં મળતા જરૂરિયાતવાળા કુટુંબોને રાહતના દરે અનાજ આપવાનું કાર્ય સારી રીતે ચાલી રહ્યું છે. આ પ્રવૃત્તિ માટે જુદા જુદા દાતા તરફથી અત્યાર સુધીનાં રૂ. ૬૭,૫૬૭-ની રકમ મળેલ છે. આ પ્રવૃત્તિના સંયોજક તરીકે શ્રી ઉષાબહેન મહેતા અને શ્રી રમાબેન મહેતા સેવા આપી રહ્યા છે. આ તકે અમે આ પ્રવૃત્તિના સંયોજકોના અને દાતાઓના આભારી છીએ.

શ્રી સી. યુ. શાહ મેડિકલ એઇડ ફંડ :

અત્યાર સુધીમાં 'પ્રેમળ જ્યોતિ' દ્વારા જુદા જુદા દરદીઓને દવાના રૂપમાં જે સહાય કરવામાં આવતી હતી એનો વિકસાવવા શ્રી સી. યુ. શાહ તરફથી માતબર રકમ મળી છે. આ પ્રવૃત્તિના સંયોજક શ્રી રૂપચંદભાઇ ભણશાળી છે. તેઓ મુંબઇની જુદી જુદી હોસ્પિટલોમાં ફરીને જરૂરિયાતવાળા દરદીઓને સંઘ તરફથી સહાય કરે છે. આ માટે અમે દાતા અને સંયોજકનો આભાર માનીએ છીએ.

શ્રી દીપચંદ ત્રિભોવનદાસ પુસ્તક પ્રકાશન ટ્રસ્ટ

સંઘના ભૂતપૂર્વ મંત્રી સ્વ દીપચંદ ત્રિભોવનદાસ શાહના

પરિવાર તરફથી એમની સ્મૃતિમાં જૈન ધર્મના પુસ્તકોના પ્રકાશન માટે રૂા. ૩૦,૦૦૦ની રકમ ભેટ આપવામાં આવી હતી અને તેમાં વખતોવખત ઉમેરો થતો રહ્યો છે. મહાવીર-વાણી, નિહ્નવવાદ, જિનતત્ત્વ વગેરે પ્રકાશનો આ ટ્રસ્ટ ફંડ દ્વારા થયા છે. અને ચાલુ વર્ષ દરમિયાન 'જિનતત્ત્વ'ની બીજી આવૃત્તિ છપાઈ રહી છે.

શ્રી દીપચંદ ત્રિભોવનદાસ ટ્રસ્ટની શરૂઆતમાં એટલે કે તા. ૧-૧-૮૫ના રોજ રૂા. ૬૫,૫૪૪-૨૮ની પુરાંત હતી અને વર્ષ દરમિયાન વ્યાજ અને ભેટના રૂા. ૧૧,૫૬૦ મળ્યા હતા. વર્ષ આખરે રૂા. ૭૭,૧૩૪-૨૮ની પુરાંત રહે છે.

શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક :

સંઘના ભૂતપૂર્વ કાર્યકર સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહની સ્મૃતિમાં પારિતોષિક માટે શ્રીમતી કમળાબહેન સુતરીયા તરફથી રૂા. ૧૧૦૦૦/- સંઘને ભેટ મળ્યા હતા તે મુજબ 'પ્રબુદ્ધ જીવન'માં વર્ષ દરમિયાન (જાન્યુઆરીથી ડિસેમ્બર) પ્રગટ થયેલા લખાણ (એક અથવા વધુ લેખો) માટે રૂા. ૧૦૦૦ - નું શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક સંઘ તરફથી આપવામાં આવે છે. તદનુસાર સને ૧૯૮૬ નું પારિતોષિક પં. પનાલાલ જગજીવનદાસ ગાંધીને તેમના લેખો બદલ આપવામાં આવ્યું છે. આ પારિતોષિકના નિર્ણાયકો તરીકે ડો. રમણલાલ ચી. શાહ, ડો. દિનેશ ભટ્ટ શ્રી જયેન્દ્ર એમ. શાહ અને શ્રી પન્નાલાલ ૨. શાહે સેવા આપી હતી. આ માટે અમે સર્વેનો આભાર માનીએ છીએ.

'તત્ત્વવિચાર અને અભિવંદના'ને પારિતોષિક :

સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહના લેખોનો છેલ્લો સંગ્રહ 'તત્ત્વવિચાર અને અભિવંદના' ગત વર્ષે નવેમ્બર, ૧૯૮૫માં સંઘ દ્વારા પ્રગટ થયો હતો. આ પુસ્તકને વર્ષ દરમિયાન પ્રગટ થયેલા પુસ્તકોમાં શ્રેષ્ઠ ચિંતનાત્મક પુસ્તક તરીકે ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી પરમાનંદ કાપડિયા પારિતોષિક એનાયત કરવામાં આવ્યું છે. જે આપણા સૌ માટે આનંદ અને ગૌરવનો વિષય છે.

'નિરીક્ષણ અને અર્થઘટન'નું પ્રકાશન :

સંઘના મંત્રી શ્રી પન્નાલાલ ૨. શાહના લેખોનું એક પુસ્તક 'નિરીક્ષણ અને અર્થઘટન'નું પ્રકાશન સંઘ તરફથી કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં મોટા ભાગના લેખો અગાઉ 'પ્રબુદ્ધ જીવન'માં પ્રસિદ્ધ થયેલા છે.

મોતિયાના દર્દીઓને ચશ્માં માટે સહાય :

સંઘના ઉપક્રમે સાધારણ સ્થિતિવાળા મોતિયાના દર્દીઓને ઓપરેશન પછી ચશ્મા માટે સહાય આપવાની યોજના કરવામાં આવી છે. તે માટે શ્રીમતી સરસ્વતી બહેન ડાહ્યાભાઈ ઝવેરી તરફથી સંઘને રૂ. ૧૫૦૦૦/ નું દાન મળ્યું છે તે માટે અમે એમના અત્યંત ઋણી છીએ.

આભાર :

* વર્ષ દરમિયાન કાર્યવાહક સમિતિની ૧૧ સભા મળેલ હતી. કારોબારી સમિતિ, સહયોગ સમિતિ અને કારોબારી સમિતિના નિમંત્રિત સભ્યોનો દિલ અને ઉમંગથી સહકાર મળે છે એનો અમને આનંદ છે. સમિતિની અગિયાર મિટિંગોમાંથી એક મિટિંગ સમિતિના સભ્ય શ્રી જયંતીલાલ પી. શાહના નિમંત્રણથી તેમના ચેમ્બુર ખાતેના નવા બંગલામાં ગુરુવાર, તા. ૧-૧ ૧૯૮૭ના રોજ સાંજના ૬-૩૦ કલાકે બોલાવવામાં આવી હતી. પ્રસન્ન વાતાવરણમાં આ મિટિંગનું આયોજન થયું હતું. આ માટે શ્રી જયંતીલાલ પી. શાહના અને એમના પરિવારના સભ્યોના અમે આભારી છીએ.

* ચોકકસ પ્રવૃત્તિ માટે મળેલા માતબર રકમના દાન ઉપરાંત પર્યુષણ વ્યાખ્યાનમાળા પ્રસંગે કે વર્ષ દરમિયાન સંઘની વિવિધ પ્રવૃત્તિઓ માટે અવારનવાર અર્થસિંચન કરનાર દાતાઓને તો કેમ ભૂલાય? સર્વ દાતાઓનો આ તકે હાર્દિક આભાર માનીએ છીએ.

* સંઘની પ્રવૃત્તિને લોકો સુધી પહોંચાડનારું માધ્યમ છે. પ્રેસ. જેથી જાગીરના ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષાનાં માતબર દૈનિકો અને સંચાલકોએ સંઘની દરેક પ્રવૃત્તિના અહેવાલ યોગ્ય રીતે પ્રગટ કરી સંઘને સમાજમાં નવું પરિમાણ આપ્યું છે. તે દરેક વર્તમાનપત્રો અને સામયિકોનો અત્રે અમે આભાર માનીએ છીએ.

* આપણી વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો અને વ્યાખ્યાન-શ્રેણી કે વાર્તાલાપના વિદ્વાન વકતાઓ તો આપણી પ્રવૃત્તિનું અંગ છે એમના સહકાર માટે અમે દરેક વ્યાખ્યાતાઓનો આભાર માનીએ છીએ.

* સંઘની પ્રવૃત્તિઓના ફલકનો આટલો બધો વિસ્તાર થયો છે તેનું મુખ્ય કારણ સમિતિના ઘણા બધા સભ્યોએ યથાશકિત ઉત્સાહપૂર્વક જુદી જુદી પ્રવૃત્તિઓની સંપૂર્ણ જવાબદારી ઉપાડી લીધેલી છે. એ સર્વ સંયોજકોનાં નામોનો તો તે પ્રવૃત્તિના અહેવાલમાં નિર્દેશ કરવામાં આવ્યો છે. સંયોજકોના આવા ઉદારદિલ સહકાર અને સમયના ભોગ વિના સંઘની આટલી બધી પ્રવૃત્તિઓની જવાબદારી માત્ર મંત્રીઓ વહન કરી શકે નહિ. એ માટે એ સર્વ સંયોજકોનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

* સંઘના કર્મચારીગણ પણ આપણી પ્રવૃત્તિમાં એટલો જ ઉપયોગી રહ્યો છે. એમની ચીવટ અને ખંતની નોંધ લેતાં અમને આનંદ થાય છે.

અમને આશા, વિશ્વાસ અને શ્રદ્ધા છે કે આવો જ ઉમંગભર્યો સહકાર ભવિષ્યમાં સંઘને સૌ તરફથી મળતો રહેશે અને એથી સંઘની અવિરત વિકાસયાત્રા ચાલુ રહેશે

લિ. ભવદીય,

નિરુબહેન એસ. શાહ — કે. પી. શાહ

શૈલેશભાઈ એચ. કોઠારી — પન્નાલાલ ૨. શાહ

સહ-મંત્રીઓ — મંત્રીઓ

* કારોબારી સમિતિએ મંજૂર કર્યા તા. ૨-૪-૧૯૮૭

* વાર્ષિક સામાન્ય સભાએ મંજૂર કર્યા તા. ૨૫-૪-૧૯૮૭

ક્રિકેટનો અતિરેક (પૃષ્ઠ ૨૦૮ થી ચાલુ)

એની યોજનાઓ કરવી જોઇએ. રમતગમતની બધી જ હોંશિયારી માત્ર ક્રિકેટના ખેલાડીઓમાં જ હોય છે એવો ભ્રમ દૂર થવો જોઇએ. બલકે ક્રિકેટ કરતાં પણ વધુ તાકાત અને હોંશિયારીની જરૂર અન્ય રમતવીરોમાં હોઇ શકે છે. એવું કોઇને પણ અન્યાય ન થાય એ રીતે દર્શાવી આપવું જોઇએ ભારતમાં બીજા દેશોની જેમ અને ક્યારેક બીજા દેશો કરતાં પણ વધુ મહત્ત્વ ક્રિકેટને સરકાર દ્વારા અપાઇ રહ્યું છે. એટલે આટલા મોટા રાષ્ટ્રના રમતવીરો તે માત્ર ક્રિકેટના ખેલાડીઓ જ એવી છાપ સમગ્ર દેશમાં ઊભી થઇ ગઇ છે. ખેલાડીઓના ફોટાઓ અને એમના જીવનની નાની મોટી હકીકતો કે સિદ્ધિઓ છાપાઓમાં, સામયિકોમાં વખતોવખત છપાયા કરે છે. છાપાઓ અને દૂરદર્શનની જાહેરખબરોમાં પણ તેઓના ફોટા આપ્યા કરે છે. લોકો સમક્ષ આદરપાત્ર ખેલાડીઓ તે આ માત્ર ક્રિકેટરો જ છે. એવી જે અસમતુલા છે.પ સમગ્ર દેશમાં સરકાર અને અન્ય માધ્યમો દ્વારા ઊભી થઇ છે. એને પરિણામે કુસ્તીબાજ, હોકી, ટેનિસ જેવી આંતરરાષ્ટ્રીય રમતો ઉપરાંત દોડવા કૂદવા કે તરવાની રમતોના ભારતીય ખેલાડીઓને ઘણો અન્યાય થઇ રહ્યો છે. દૂરદર્શન તથા છાપાંઓ અને અન્ય માધ્યમોએ પણ પોતાના અભિગમને બદલવાની જરૂર છે

ઓલમ્પિકની રમતોમાં ક્રિકેટને વધુ પડતું મહત્ત્વ આપે છે. એને પરિણામે ઓલમ્પિકની એશિયાઇની રમતોમાં ભારતનો દેખાવ ઘણો નિરાશાજનક રહ્યો છે એ દુર્ભાગ્યની વાત છે. ભારત પાસે જે વિશાળ માનવ-સંપત્તિ છે તે જોતાં ઘણી બધી રમતોમાં તે શ્રેષ્ઠ ખેલાડીને મેળવી-કેળવી શકે એમ છે. ચીન રશિયા કે અમેરિકા જેવા દેશો જેટલી સિદ્ધિ રમતગમતમાં મેળવી શકે છે તેથી વધુ મેળવવાની ક્ષમતા ભારત પાસે હોવી ઘટે છે. પરંતુ એ દિશામાં સરકારી સ્તરે લક્ષ અપાયું નથી. રાજ્યોની અને કેન્દ્ર સરકારની રમતગમત માટેની સમિતિઓ છે પરંતુ તેમા ગતાનુગતિક વિચારણા અને સ્થાપિત હિતેચ્છુ વર્ચસ્વ વિશેષ ભાગ ભજવે છે

પાંચ દિવસની ટેસ્ટમેચનો જમાનો હવે ઘસાવા લાગ્યો છે. એની નિરર્થકતા રમનારાઓને પણ સમજાવા લાગી છે. પાંચ દિવસ રમાતી ટેસ્ટ મેચોનું પરિણામ, બધા દેશો, બધી મેચોનું જો પૃથ્થકરણ કરવામાં આવે તો પચાસ ટકા કરતાં વધુ મેચ ડ્રોમાં ગઇ હોય એવું જોવા મળશે એમાં ખેલાડીઓની ખેલદિલી પણ ઘટે છે અને ઇરાદાપૂર્વક અપ્રામાણિક રીતે રમવું પડે છે. એ રીતે પણ પાંચ દિવસની ટેસ્ટ મેચની નિરર્થકતા હવે ઘણાને જણાવા લાગી છે, ભારત જો એ રમવાનું સદંતર બંધ કરે તો પણ બીજા દેશો ઉપર એની અસર પડશે.

એ ટેસ્ટ મેચો ખર્ચાળ પણ બનવા લાગી છે. ટેસ્ટ મેચોનું આયોજન કરનારને જાહેરખબર દ્વારા ઘણી મોટી આવક થાય છે તે સાચું, પણ તેની સામે જે સમય-નાણાનો રળુન-સૂક્ષ્મ ભયંકર દુર્વ્યય થાય છે તેની સરખામણીમાં તે લાભ ઘણો ઓછો છે.

ક્રિકેટનો શોખ આપણા દેશમાં એટલો બધો વ્યાપી ગયો છે કે એની વિરુદ્ધ રજૂ કરેલા વિચારો જૂનવાણી લાગે. પરંતુ જે દેશોમાં ક્રિકેટની રમત બિલકુલ રમાતી નથી અને જે દેશોની સમગ્ર સામાન્ય પ્રજાને ક્રિકેટમાં બિલકુલ રસ નથી એવા અમેરિકા, રશિયા, જાપાન, ચીન જેવા પ્રગતિશીલ દેશોમાં ફરીએ ત્યારે ક્રિકેટ માટેની આપણી વધુ પડતી ઘેલછાનું આપણને ભાન થયા વિના રહે નહિ એમ થાય કે નહિ તો પણ ભારતની વર્તમાન નબળી આર્થિક, સામાજિક અને શારીરિક પરિસ્થિતિને લક્ષમાં લઇને ક્રિકેટ પ્રત્યેના આપણા અભિગમને તાત્કાલિક બદલવાની આવશ્યકતા છે એમ તટસ્થ અને પ્રામાણિકપણે વિચારનાર અનુભવી રાષ્ટ્રહિતચિંતકોને લાગ્યા વગર રહેશે નહિ.

—રમણલાલ ચી. શાહ

'ગુજરાત અને નર્મદાનાં નીર'

સંકલન : ચીમનલાલ 'કલાધર'

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે સોમવાર, તા. ૨૭-૪-'૮૭ના સાંજના ૬-૧૫ કલાકે ચર્ચગેટ ખાતેના ઇન્ડિયન મરચન્ટસ્ ચેમ્બરના કમિટિ હોલમાં ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી બાબુભાઇ જસભાઇ પટેલનું 'ગુજરાત અને નર્મદાનાં નીર' વિષેનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

આ વિષય પર બોલતા શ્રી બાબુભાઇ પટેલે જણાવ્યું હતું કે બીજી બધી બાબતો ગૌણ સમજીને નર્મદા યોજના વહેલીમાં વહેલી તકે પૂર્ણ કરવા તરફ પોતાની શક્તિઓ કેન્દ્ર કરવાની આપણી તથા રાજ્ય સરકારની ફરજ છે. ગુજરાત આજે ભારતનું સૌથી વધારે દુષ્કાળગ્રસ્ત રાજ્ય છે તેના ૬૦ ટકા જિલ્લા દુષ્કાળગ્રસ્ત છે. ગુજરાતમાં ઘણી નદીઓ છે. પરંતુ આ બધી નદીઓના કુલ પાણી કરતા દેઢ ગણું પાણી નર્મદા નદી ધરાવે છે. આ નદી પર બંધો બંધવાથી દુષ્કાળમાં સારી એવી રાહત મળશે. વીજળી ઉત્પન્ન કરી શકાશે તેમજ પુર પર નિયંત્રણ મેળવી શકાશે. ગુજરાતની કોઇ પણ નદી માત્ર એક બે જ જિલ્લાને પાણી પુરું પાડી શકે. જ્યારે એકલી નર્મદા નદી જ ગુજરાતના બાર જિલ્લાને પાણી પૂરું પાડવાની ક્ષમતા ધરાવે છે સરદાર પટેલે ૧૯૪૬માં આ નદીના પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી. આ વાતને ૪૧ વર્ષ વીતી ગયા હોવા છતાં અત્યાર સુધી માત્ર અભ્યાસ ચર્ચા મંત્રણા, પત્રો, મજૂરી વગેરેમાં જ સમય વેડફાઇ ગયો છે. છેવટે મજૂરી મળી છે તે આનંદની વાત છે એવા ટકોર તેમણે કરી છે.

બાબુભાઇ પટેલે જણાવ્યું હતું કે બંધની ઊંચાઇ પણ આ બધી પ્રક્રિયાઓમાં ધરાડી નખાઇ છે. આમ છતાં તે ગુજરાતની જમીનને હરિયાળીમાં ફેરવવા શક્તિમાન છે પરંતુ ગુજરાતના લોકોને પ્રિલિમિનરી પરીક્ષા, અનામત વગેરે બાબતોમાં રસ છે, પાયાના પ્રશ્નોમાં તેઓ રસ ધરાવતા નથી. આ ઉપરાંત ગુજરાતના ધારાસભ્યો અને સંસદ સભ્યો પણ વામણા છે, તે ખરેખર ગુજરાતની કમનસીબી છે. એવી ટીકા કરતાં તેમણે કહ્યું હતું કે ગુજરાતના બાંધકામ ખાતાના ઇજનેરોની સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પણ સારી શાખ છે.

પર્યાવરણ પ્રશ્ન વિશે તેમણે જણાવ્યું હતું કે દર વર્ષે અનધિકૃત રીતે ૧૫ લાખ હેકટર જમીન પરના વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવે છે. તે રોકવાનો પ્રયત્ન કેન્દ્ર સરકાર કરતી નથી અને માત્ર એક જ વાર દશ હજાર હેકટર જેટલી જમીન પરના જંગલોનો નાશ થશે તેની સરકાર ચિંતા કરે છે ! નહેર, રસ્તા, રેલવે વગેરેની બંને બાજુએ વૃક્ષો ઉગાડવાથી અને જે જંગલોનો વિનાશ થયો છે, ત્યાં વૃક્ષો રોપવાથી પર્યાવરણનો પ્રશ્ન આસાનીથી ઉકેલી શકાશે.

યોજનાના આર્થિક પાસા પર ટિપ્પણ કરતાં તેમણે કહ્યું કે ગુજરાતમાંથી મળી આવતા ખનિજ તેલ પરની રોયલ્ટી આપવા બાબત કેન્દ્ર સરકાર ગુજરાતને ભારે અન્યાય કરે છે. કેન્દ્ર સરકારે ગુજરાતને તેનો બાજબી ભાગ આપવો જ જોઇએ જો કે મેં વડી અદાલત અને સર્વોચ્ચ અદાલતમાં આ અંગે અરજી કરી હતી. ત્યારે ગુજરાત સરકારે અમારે કંઇ કહેવું નથી એમ જણાવતા આ બાબત પાછી ફરી વળ્યું હતું ગુજરાત પોતે આગ્રહી નથી એટલે જ તેને સહન કરવું પડે છે. રોયલ્ટી વધારવામાં આવે તો આર્થિક પ્રશ્ન ઘણોખરો ઉકેલી શકાય.

કાર્યક્રમના પ્રારંભે શ્રી અમર જરીવાલાએ શ્રી બાબુભાઇનો પરિચય આપ્યો હતો. સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચા શાહે શ્રી બાબુભાઇને પુષ્પગુચ્છ અર્પણ કરી તેમનું સ્વાગત કર્યું હતું. સંઘના મંત્રી શ્રી કે. પી શાહે આભાર માન્યો હતો.

ચિંતન તત્ત્વની આરાધના

● ગુલાબ દેઢિયા

ડૉ. અમૃતલાલ ગોપાણી મધ્યકાલીન જૈન સાહિત્ય-તત્ત્વજ્ઞાન અને અર્ધમાગધીના ઊંડા અભ્યાસી છે. એમના 'મારી લેખન યાત્રા ભા.૧-૨' પુસ્તકોમાંથી ચુંટીને 'આરાધના' નામે નવો લેખ સંગ્રહ ડૉ. યશવંત ત્રિવેદીએ સંપાદિત કર્યો છે. આ પુસ્તકમાં અધ્યાત્મ, આચાર, કર્મવીર, તર્ક અને અંતર્જ્ઞાન, ધર્મ, પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનીઓ, વિજ્ઞાન, શિક્ષણ સમાજ, સમીક્ષા, સાહિત્ય, સંસ્મરણો, પ્રસ્તાવના, બોધકથાઓ અને પ્રકીર્ણ જેવા ૬૫ વિભાગોમાં ૪૨ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. લેખક જૈન અને બૌદ્ધ ધર્મના અભ્યાસી હોવાથી સૌથી વધુ આઠ લેખ જૈન અને બૌદ્ધ ધર્મને કેન્દ્રમાં રાખીને લખવામાં આવ્યા છે.

પુસ્તક વાંચવાનું શરૂ કરતાં મારું ધ્યાન સંસ્મરણો ઉપર ગયું. આપણને સહેજે કુતૂહલ થાય કે, કોઈ પણ વ્યક્તિ બીજી વ્યક્તિનું પોતાની પરિચિત વ્યક્તિનું કેવું શબ્દચિત્ર આપે છે, કઈ રીતે એને યાદ કરે છે. ગોપાણી સાહેબે પોતાના ગુરુવર્ય એ મનીષીઓ, પંડિત સુખલાલજી અને મુનિ જિનવિજયજીને અંજલિ આપી છે. બન્નેનો સહવાસ માણ્યો હોવાથી બન્ને વિશે વિગતે લખ્યું છે. બંને મહાપુરુષોની સરખામણી કરતાં લખે છે, 'પંડિત સુખલાલજી પાસે જતાં ડર લાગે, મુનિજી પાસે જવાનું મન થાય. પંડિતજી બુદ્ધિપ્રધાન; મુનિજી ઊર્મિપ્રધાન અલ્પભાષી છતાં ઘણું જ સંવેદનશીલ અન્યને અતડા લાગે પણ ચિરપરિચિત સાથે પેટ ભરીને હસે.' મુનિ જિન વિજયજીની ટેવો અને શોખનું વર્ણન સુંદર છે. જિનવિજયજીને જેમણે નહિ જોયા હોય, પરિચય નહિ હોય એમને પણ આ લેખ વાંચીને પરિચય થઈ જાય એવો ભાવપૂર્ણ લેખ છે.

પોતાના સહાધ્યાયી અને ડોલ્હાપુરની કોલેજના અર્ધમાગધીના અધ્યાપક સ્વ. ડૉ. આદિનાથ નેમિનાથ ઉપાધ્યેનો પરિચય પણ સુંદર છે. પોતાના પરમ-મિત્ર અને ખ્યાતનામ અભ્યાસી સંશોધક ઉપાધ્યેનું અવસાન ૭૨ વર્ષની વયે થયું છતાં મિત્રની અંજલિ શું છે! 'જાવા નિરાડંબરી અને બહુમુખી પ્રતિભા ધરાવનાર સજ્જનનો હું મિત્ર હતો એનું મને અભિમાન છે અને એથી જ એમના અણધાર્યા મૃત્યુએ મારા હૃદય ઉપર કારી ઘા કર્યો છે.'

પોતાનાં ભાભીએ એમને બાર વર્ષની ઉંમરે 'ભક્તામરસ્તોત્ર' કઈ રીતે શીખવ્યું, તેનું યાદગાર પ્રસંગ ચિત્ર મૂકયું છે એક નાનકડો પ્રસંગ જીવનમાં કેટલો મોટો ભાગ ભજવી જાય છે તેની અહીં પ્રતીતિ થાય છે. પોતાનાં પ્રેરણામૂર્તિ ભાભીનું નામ લખ્યું હોત તો વધુ સારું થાત. તે જ પ્રમાણે આયુર્વેદ માર્તંડ યાદવજીભાઈની ઉદારતાનું ઉદાહરણ વિરલ છે. જે હસ્તપ્રત પર પોતે કામ કરી રહ્યા છે, તે જ હસ્તપ્રત બીજાને આપી દેવી અને પોતાને હાથથી મળનાર નામનાનો પણ મોહ ન રાખવો, એવું ભાગ્યે જ બને છે. જે યાદવજીભાઈ કરી શકયા હતા.

'જૈન ધર્મ અને સંસ્કૃતિની કેટલીક લાક્ષણિકતાઓ' નાનકડા લેખમાં જૈન તત્ત્વજ્ઞાનની ઘણી સમજ આપવામાં આવી છે. અને જૈન મત સામે અન્ય પક્ષોના આક્ષેપના ખુલાસા પણ આપ્યા છે, બધા જીવોનો મોક્ષ કઈ રીતે ન થાય તે સમજાવ્યું છે, તો દુષ્કર્મા કર્મ સિદ્ધાંત પણ સમજાવ્યો છે. સ્યાદ્વાદ સંશયવાદ છે એવા આક્ષેપનો જવાબ પણ એમણે યોગ્ય રીતે આપ્યો છે.

વર્તમાન પરિસ્થિતિ અને અશાંતિ માટે વિજ્ઞાન તરફનો આપણો સ્વાર્થી અભિગમ જવાબદાર છે એમ વિજ્ઞાન વિશેના લેખમાં ચિંતા કરતાં એમણે લખ્યું છે, 'વર્તમાનમાં વિજ્ઞાનનો જે રીતે ઉપયોગ થઈ રહ્યો છે તે આપણને એ માન્યતા તરફ દોરી જાય છે કે એણે માનવના અંતરમાં વિરાજતા 'આત્મા'ને ધ્યાનમાં લીધો નથી અને મનુષ્યને સમગ્ર પણે નજર સમક્ષ રાખવાને બદલે એના માત્ર આંશિક સ્વરૂપને જ ગણનામાં લીધું છે વર્તમાન વિજ્ઞાનના આ અભિગમે જ સમગ્ર કૌભાંડ રહ્યું છે' જરૂરિયાતો વધારતા જવું અને પછી તેને સંતોષવા દોડધામ કરવા એના કરતાં જરૂરિયાતો મર્યાદિત રાખવી એવો ગોપાણી સાહેબનો મત છે.

'આરાધના'ના લેખોમાં ફરી ફરીને એક બાબત ધ્યાન ખેંચે તે એ છે કે, પરોપકાર કરવો, સાર ગ્રહણ કરવો, જીવનનો અને શુભમાં શ્રદ્ધા રાખવા.

જીવનભર વિદ્યાવ્યાસંગ કરનાર ચિંતક ગોપાણી સાહેબ વિજ્ઞાન અને ધર્મના સમન્વયની વાત કરતાં નોંધે છે, વિજ્ઞાન અને ધર્મનું દાંપત્ય શોભારૂપ બની રહેશે, કજોડું નહિ. સારાંશ એ નીકળે છે કે એકલો વિજ્ઞાનવાદ કે યંત્રવાદ માનવને માનવમાંથી દાનવમાં રૂપાંતરિત કરશે જ્યારે એકલો અધ્યાત્મવાદ માનવને વિશ્વસંદર્ભમાંથી એકલો, અટૂલો બનાવી દેશે. બન્ને વચ્ચેનો વિચારપૂર્વકનો સુમેળ વિશ્વ માટે કલ્યાણકારી, મંગળમય બની શકશે. જમાનાની આ માંગ છે.'

લેખક પોતે શિક્ષક હોવાને નાતે 'આપણી કથળતી જતી કેળવણી' વિશે ચિંતા વ્યકત કરી છે. તેમાં શિક્ષકોની વિટંબણાઓનો પણ વિચાર આપ્યો છે વિશેષ નોંધ્યું છે કે, 'શિક્ષણ એ ચારિત્ર્ય ઘડતર માટે છે. શૈક્ષણિક સંસ્થાઓનું ધ્યેય વ્યક્તિને વિશેષજ્ઞ બનાવવા તરફ જેટલું હોય તેનાથી અનેકગણું વધારે એને પૂર્ણ પુરુષ બનાવવા તરફ હોવું જોઈએ. કોઈ પણ વિષયના ખાસ જ્ઞાનને નહિ પરંતુ સ્વતંત્ર વિચારણા અને નિર્ણય લેવાની માનવમાં સર્વસાધારણ જે શક્તિ છે તેની ઉત્તરોત્તર વૃદ્ધિ ઉપર શિક્ષણ પ્રણાલિએ અગ્રતાક્રમમાં સર્વપ્રથમ સ્થાન આપવું જોઈએ' કોઈપણ સંસ્કારપુરુષની શિક્ષણ માટે આ ચિંતા રહી જ છે, છતાં દેશભરમાં આ પરિસ્થિતિને સુધારવાને બદલે બગાડવાના પ્રયત્નો વધુ કામયાબ થતા જાય છે, યંત્રયુગ પશ્ચિમના દેશોમાં તો આપણાંથી પહેલાં આવ્યો છે છતાં શિક્ષણ વિશે જે જાગૃતિ છે, જે ઉચ્ચ કક્ષા છે તે આપણે ત્યાં કયાં છે?

'આરાધના'ના સંપાદક ડૉ. યશવંત ત્રિવેદીએ 'આરાધનાનું અમૃત' નામે વિગતવાર, પુસ્તકને સમજવામાં સહાયક થાય અને લેખકના અંતરવૈભવનો ખ્યાલ આપે એવી અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના લખી છે

પુસ્તકનું પ્રકાશન કરનાર ટ્રસ્ટે ખૂબ જ સૂઝપૂર્વક અને સુઘડ છપાઈનો ખ્યાલ રાખ્યો છે, પુસ્તક આકર્ષક બન્યું છે, આવા સુંદર પુસ્તકને વિનામૂલ્યે ભેટરૂપે આપવાનો ટ્રસ્ટનો હેતુ જણાવાયો છે પરંતુ જેને કિંમત આપી ખરીદવાની ઇચ્છા હોય તે બધાને આ પુસ્તક પરવડે એવું નથી. ટ્રસ્ટ ભેટ આપવાને બદલે સસ્તી કિંમત મૂકી શકયું હોત તો સારું થાત.

આરાધના :- (લેખસંગ્રહ) **લેખક :** ડૉ. અમૃતલાલ ગોપાણી, **સંપાદક :** ડૉ. યશવંત ત્રિવેદી; **પ્રકાશક :** ડૉ. ભાનુબહેન મ નાણાવટી, **ટ્રસ્ટી :** ડૉ. ભાનુબહેન મ નાણાવટી, પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ 'સન ફ્લાવર' જેવીપીડી સ્કીમ વિલેપાર્લે (પશ્ચિમ) મુંબઈ : ૪૦૦૦૫૬. પૃષ્ઠ ૨૧૬ ડેમી. કિંમત રૂા. ૭૫.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૮ અંક : ૨

મુંબઇ તા. ૧૬-૫-'૮૭
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

કચ્છમાં પુનરુત્થાનની પ્રવૃત્તિઓ

પાંચમો જૈન સાહિત્ય સમારોહ કચ્છમાં-માંડવીનગરમાં યોજાયો તે પ્રસંગે અમારે કચ્છમાં જવાનું બન્યું હતું. ત્યારપછી હમણાં ફરીથી કચ્છમાં જવાનો પ્રસંગ પ્રાપ્ત થયો.

પ. પૂ. શ્રી ભુવનચંદ્રવિજયજી મહારાજની નિશ્રામાં નાની ખાખરમાં ત્યાંના ચિંતામણિ પાર્શ્વનાથ જિનમંદિરની શતાબ્દીના મહોત્સવ નિમિત્તે યોજાયેલ ધાર્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવાનો હતો.

નાની ખાખરના વતની-મારા મિત્ર શ્રી બિપિનભાઇ જૈન અને એમનાં ધર્મપત્ની શ્રીમતી નીલમબહેનના પ્રેમભર્યા આગ્રહથી તથા કાર્યક્રમના આયોજકોમાંના એક મુખ્ય એવા મારા મિત્ર શ્રી ચુનીભાઇ દેઢિયા તથા અન્ય મિત્રોના આગ્રહથી નાની ખાખર ઉપરાંત કચ્છમાં અન્ય ઘણે સ્થળે પણ ફરવાનું બન્યું. કચ્છની સામાજિક અને સાંસ્કૃતિક પ્રગતિ જોઇ હર્ષ અનુભવ્યો.

સાડત્રીસ વર્ષના અધ્યાપનકાળ દરમ્યાન મારે અનેક કચ્છી વિદ્યાર્થીઓના નિકટના પરિચયમાં આવવાનું બન્યું છે. કચ્છી સમાજનાં વિવિધ સ્તરના મહાનુભાવોના ગાઢ સંપર્કમાં આવવાનું પણ થયું છે પરિણામે, હું જાણે કચ્છનો વતની હોઉં એટલી બધી આત્મીયતા કચ્છી સમાજના અનેક મિત્રો સાથે થઇ ગઇ છે.

પ્રવાસનો મને પહેલેથી શોખ છે અને N. C. C.ની તાલીમ નિમિત્તે ભારતમાં ઘણે સ્થળે ફરવાનું બન્યું છે. કચ્છમાં પહેલીવાર જવાનું થયું ૪. સ. ૧૯૫૪-૫૫માં. વયોવૃદ્ધ કવિ બળવંતરાય ઠાકોરના ઘરે એમનું લખવા-વાંચવાનું કામ કરી આપવા માટે જતો હતો, ત્યારે એમણે કચ્છમાં જવા માટે પ્રેરણા કરેલી. તે સમયે કચ્છમાં જવાનું સરળ નહોતું. પરંતુ બળવંતરાય ઠાકોર કચ્છમાં ઘણે સ્થળે ફર્યા હતા. એમનું કહેલું પણ આજે યાદ છે કે 'કચ્છી પ્રજાની જેવી આતિથ્યભાવના છે તેવી ગુજરાત કે સૌરાષ્ટ્રમાં જોવા તમને નહીં મળે. આર્થિક દૃષ્ટિએ કચ્છ પછાત છે, પરંતુ લોકો પહેરવેશ અને રહેણીકરણીમાં સાદા, સરળ સ્વભાવના અને ભોળા છે.'

એ અરસામાં 'કુમાર' માસિકમાં 'કચ્છનું સાંસ્કૃતિદર્શન' નામની શ્રી રામસિંહજી રાઠોડની લેખમાળા પ્રગટ થતી હતી તે હું નિયમિત વાંચતો હતો અને કચ્છ જવા માટે મન આકર્ષાતું હતું. 'કુમાર'ના તંત્રી સ્વ. બચુભાઇ રાવત અને પંડિત સુખલાલજીએ પણ કચ્છના પ્રવાસ માટે પ્રોત્સાહન આપ્યું. એટલે લગભગ તેત્રીસેક વર્ષ પહેલાં હું મારાં પત્ની સાથે કચ્છના પ્રવાસે ઊપડ્યો હતો. ત્યારે કચ્છમાં અમને કોઇ જ ઓળખતું નહોતું. ધર્મશાળામાં ઊતરવું અને બસ કે ગાડામાં બેસી પ્રવાસ કરવો, જે સગવડ મળે તે ચલાવી લેવી એવા ભાવથી કચ્છના પ્રવાસે અમે ઊપડ્યા હતાં. પાલનપુરથી ગાંધીધામની ટ્રેન ત્યારે નવી જ શરૂ થઇ હતી. ગાંધીધામથી અમે પ્રવાસનો પ્રારંભ કરેલો. એક સુશિક્ષિત નિરાશ્રિત સિંધીભાઇનો ટ્રેનમાં પરિચય થયો. એમના ઘરે ઊતરવાનું થયું. એમની દીકરી મારી વિદ્યાર્થિની નીકળી. આમ પ્રવાસની શરૂઆત સારી થઇ એથી આનંદ થયો. એમ કરતાં એક ગામથી બીજે ગામ અમે પહોંચતાં. ત્યાંથી બીજા ગામ માટે કોઇકની ભલામણચિઠ્ઠી મળી જતી. કયાંક ગામની ધર્મશાળામાં ઊતરતાં. હાથે ચા-પાણી કે રસોઇ બનાવવાના પ્રસંગો જૂજ જ આવ્યા હતા, કારણ કે ભુજપુરના પ્રજ્ઞાચક્ષુ પંડિત આણંદજીભાઇએ ઘણે સ્થળે ભલામણપત્રો મોકલી આપ્યા હતા. કેટલાંયે ગામોમાં કોઇક અજાણ્યાનાં ઘરે જમવાનું નોતરું મળ્યું જ હોય. આખા કચ્છમાં અમે ઠેઠ નારાયણ સરોવર, કોટેશ્વર અને લખપત સુધી ફર્યાં હતાં. ભદ્રેશ્વર અને અબડાસાની પંચતીર્થીની જાત્રા પણ કરી હતી. 'પ્રોફેસર' શબ્દ ત્યારે કચ્છમાં અપરિચિત હતો. પ્રથમ અનુભવ પરથી જ અમે બંનેએ 'મારતર' છીએ એમ અમે કહેવાનું શરૂ કર્યું હતું. મોટા ભાગનાં ગામોમાં ત્યારે વીજળી કે પાણીનાં નળ ન હતા. થિયેટરો નહોતાં. શૌચાદિ માટે ગામ બહાર જવું પડતું. લોકોનું જીવન શાંતિમય, સ્વાભાવિક, નિયમિત, વ્યસનરહિત, સરળ હતું. નારાયણ સરોવરની બાજુનાં ગામોમાં પાકિસ્તાનની સરહદને કારણે ઘણી વસ્તી સ્થળાંતર કરી ગઇ હતી, અને જે હતી તેને પણ બીક જેવું લાગ્યા કરતું. આથી અમને પણ બીક કે એકલતાનો અનુભવ થતો. નારાયણ સરોવરમાં અમે બે, બસના ડ્રાઇવર-કંડક્ટર અને મંદિરના પૂજારી સિવાય કોઇ ન મળે. કચ્છના પ્રવાસનો અમારો આ એક વિલક્ષણ અનુભવ હતો.

ત્યારપછી આટલાં વર્ષોમાં કચ્છ ઘણીવાર જવાનું બન્યું છે. અને દરેક વખતે કચ્છની વધુને વધુ પ્રગતિ નિહાળવા મળી છે. સંરક્ષણની દૃષ્ટિએ સરકારને કચ્છમાં લશ્કરી મથકો સ્થાપવાની ફરજ પડી. એ માટે મોટા સીધા રસ્તાઓ બનાવવાની જરૂર ઊભી થઇ. લશ્કરના માણસોને બીજી સગવડો પૂરી પાડવા માટે સરકારને ફરજિયાત રસ લેવો પડ્યો. એ દ્વારા પણ કચ્છ પ્રવૃત્તિમય બનવા લાગ્યું.

ભારતના નકશામાં સમુદ્રકિનારો ધરાવતા કચ્છનું સ્થાન ભૌગોલિક દૃષ્ટિએ અનોખું છે. પ્રાચીન સમયમાં કચ્છની જાહોજલાલી ઘણી મોટી હતી. માંડવી, કંડલા, જખૌ બંદરેથી મોટાં મોટાં વહાણ ઊપડતાં અને દક્ષિણમાં ઘોઘા, ખંભાત, સૂરત, મુંબઇ, લંકા, બર્મા, ચીન સુધી પહોંચતાં. ઉત્તરમાં કરાંચી, બહરીન, ઝાંઝીબાર, મોમ્બાસા સુધી વહાણો જતાં. ભારતમાં રેલવે આવી તે પહેલાં કચ્છના સાહસિક વેપારીઓ વહાણો દ્વારા વિદેશો સાથે ઘણો મોટો વેપાર ખેડતા. તેઓ ઘણું ધન કમાઇ લાવતા. કચ્છ ત્યારે પ્રમાણમાં ઘણું સમૃદ્ધ રહેતું. રેલવેની સ્થાપના પછી વહાણવટાના વેપાર ઉપર માઠી અસર પડી. વળી ભૌગોલિક ફેરફારોને કારણે, ઓછા વરસાદને કારણે, સિંધુ નદી પરના બંધને કારણે, ધરતીકંપોને કારણે કચ્છની ધરતી સૂકી થઇ ગઇ. રણપ્રદેશ વધ્યો. અંગ્રેજ સલ્તનત દરમ્યાન કચ્છનો પ્રદેશ એકંદરે આર્થિક દૃષ્ટિએ બહુ પછાત રહ્યા કર્યો. ભારતના બીજા પ્રદેશોના સંપર્ક માટે બાસ સાધનો ત્યારે વધ્યાં નહોતાં.

કચ્છના પ્રાચીન અવશેષો જોતાં કચ્છી પ્રજાના ભવ્ય ભૂતકાળનું સ્મરણ થયા વગર રહે નહિ. જૈન ઇતિહાસની દૃષ્ટિએ જોઇએ તો ભદ્રેશ્વર-ભદ્રાવતીનું પ્રથમ સ્મરણ થયા વગર રહે નહિ ભારતનાં પ્રાચીન જૈન તીર્થોમાં ભદ્રાવતી-ભદ્રેશ્વરનું માહાત્મ્ય પણ ઘણું બધું છે. ભગવાન મહાવીર સ્વામીના સમયનું એ તીર્થ મનાય છે. મંદિરમાં મૂળનાયક ત્યારે પાર્શ્વનાથ ભગવાન હતા. (પછીથી મૂળનાયક તરીકે મહાવીરસ્વામી બિરાજમાન છે, અને પાર્શ્વનાથ પાછળની મુખ્ય દેરીમાં છે) બાવન દેરીવાળા એ દેરાસરનો પંદરેક વખત જીર્ણોદ્ધાર થયાના ઐતિહાસિક ઉલ્લેખો મળે છે, જેમાં સંપ્રતિ રાજા, વનરાજ ચાવડો, કુમારપાળ રાજા, જગતચંદ્રસૂરિ, વસ્તુપાળ-તેજપાળ, જગડૂશાહ વગેરે સુપ્રસિદ્ધ પુણ્યશાળી વ્યક્તિઓનાં નામ જોડાયેલાં છે.

ભદ્રેશ્વરની તીર્થયાત્રામાં વિજય શેઠ અને વિજયા શેઠાણીનું સ્મરણ થયા વગર રહે નહિ. અઢી હજાર વર્ષ પૂર્વે દેરાસરની પ્રતિષ્ઠા થાય ત્યારે વિધિમાં ભાગ લેનારાઓએ બ્રહ્મચર્યનું વ્રત લેવાનો મહિમા પણ રહ્યો છે. તે સમયે વિજય નામના કુમારે ગુરુ મહારાજ પાસે શુકલ પક્ષમાં આજીવન બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું. કુમારી વિજયાએ કૃષ્ણપક્ષ માટે એ વ્રત આજીવન ધારણ કર્યું. બંનેને કે બીજા કોઇને એ વ્રતની ખબર નહોતી. યોગાનુયોગ એ બંને લગ્નગ્રંથિથી જોડાયાં. લગ્નની પહેલી રાતે જ બંનેને એકબીજાના બ્રહ્મચર્યવ્રતની ખબર પડી. હવે કરવું શું ? કુટુંબીજનોને જણાવે તો બીજે પરણાવવાનો પ્રશ્ન ઊભો થાય. બંનેએ સમજણપૂર્વક નિર્ણય કર્યો કે પોતાના વ્રતની કોઇને વાત કરવી નહિ. મન, વચન, કાયાથી આજીવન બ્રહ્મચર્યવ્રત પાળવાનો પતિપત્નીએ દૃઢ સંકલ્પ કર્યો અને એ પ્રમાણે વ્રતનું પાલન કરતાં રહ્યાં. પરંતુ વિમળ નામના કેવળી ભગવંતને એક વખત પોતાના કેવળજ્ઞાનના ઉપયોગથી એમના વ્રતની ખબર પડી. જિનદાસ નામના એક શ્રેષ્ઠીની ભાવના ચોરાશી હજાર સાધુઓને પારણું કરાવવાની હતી, પરંતુ એવી અનુકૂળતા મળતી નહોતી. ત્યારે કેવળી ભગવંત એને બતાવે છે કે ગૃહસ્થજીવનમાં દુષ્કર એવું બ્રહ્મચર્યવ્રત ધારણ કરનાર વિજય શેઠ અને વિજયા શેઠાણીની એક વાર આહાર-પાણીથી ભક્તિ કરવાથી ચોરાશી હજાર સાધુઓને પારણું કરાવવાનું ફળ મળે છે.

ભદ્રેશ્વરના જગડૂશાનું નામ અતિ વિખ્યાત છે. બહુ મોટા દાનવીર માટે કયારેક જગડૂશાની ઉપમા અપાય છે. કચ્છ, રાજસ્થાન અને પશ્ચિમ ભારતમાં જ્યારે ઉપરાઉપરી ત્રણ વર્ષ દુકાળ પડ્યો ત્યારે જગડૂશાએ ઠેઠ દિલ્હી સુધી લોકોને પોતાના તરફથી અનાજ પૂરું પાડ્યું હતું. કચ્છનો ઇતિહાસ વાંચીએ ત્યારે જૈન ધર્મ અને અન્ય ધર્મના અનેક મહાપુરુષોનાં ઉદાત્ત ચરિત્ર જાણવા મળે છે.

મધ્યયુગમાં ઓસવાલ ક્ષત્રિયો રાજસ્થાનથી આવીને કચ્છમાં વસ્યા. ઓસવાલો જૈનધર્મી હતા. કચ્છના રાજપુત રાજાઓને પણ જૈનધર્મ પ્રત્યે આદર હતો. મહારાવ ખેંગારજી, ભારમલ્લજી વગેરે રાજાઓએ જૈન મંદિરો બંધાવી આપી જૈનધર્મના પ્રચારમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. ભુજની પ્રજ પાઠશાળા પશ્ચિમ ભારતમાં પ્રખ્યાત હતી. જૈન યતિ કનકકુશળજી વિદ્યાર્થીઓને સંસ્કૃત ઉપરાંત વ્રજભાષા અને પિંગળશાસ્ત્ર શીખવતા. સ્વામીનારાયણ સંતકવિ બ્રહ્માનંદ એ પાઠશાળામાં ભણેલા માંડવી પાસેનું કોડાય નગર કચ્છનું કાશી ગણાતું. આજે પણ ત્યાં ઘણી પ્રાચીન હસ્તપ્રતો ઉપલબ્ધ છે. કોડાયના હેમરાજ ભીમશીનો એમાં મહત્ત્વનો ફાળો છે. આર્યરક્ષિતસૂરિ, કલ્યાણસાગરસૂરિ, પાર્શ્વચન્દ્રસૂરિ (પાર્શ્વચન્દ્ર ગચ્છ), મુનિ કલ્યાણચંદ્રજી (સોનગઢવાળા), મુનિ ચારિત્રવિજયજી (પાલિતાણાવાળા), મુનિ રત્નચંદ્રજી, ગૌતમસાગરસૂરિ વગેરે અનેક મહાન સાધુઓ ઉપરાંત શ્રાવક ભીમશી માણેક, પં. રવજી દેવરાજ, પંડિત લાલન, શિવજી દેવશી મઢડાવાળા વગેરે વિદ્વાન શ્રાવકો તથા શેઠ નરશી નાથા, શેઠ કેશવજી નાયક, શેઠ વેલજી માલુ, શેઠ શિવજી નેણશી, શેઠ વસનજી ત્રિકમજી, શેઠ ખેતશી ખીયશી, શેઠ રવજી સોજપાર, શેઠ મેઘજી સોજપાર વગેરે અનેક મહાનુભાવોએ છેલ્લાં ત્રણ-ચાર સૈકાઓમાં કચ્છના સાંસ્કૃતિક વિકાસ માટે મહત્ત્વનું યોગદાન આપ્યું છે. જૈનો ઉપરાંત ભાટિયા અને અન્ય કોમના શ્રેષ્ઠીઓનું યોગદાન પણ મહત્ત્વનું રહ્યું છે. જેમાં શેઠ ગોકુલદાસ તેજપાલ (જેમના તરફથી મુંબઇમાં અને અન્ય સ્થળોએ ઘણી મોટી સખાવતો થઇ છે)નું નામ મોખરે છે. સહજાનંદસ્વામી અને એમના સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુઓએ કચ્છના ધાર્મિક વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. છેલ્લાં પચાસ કે સો વર્ષમાં તો આવાં બીજાં અનેક નામો કચ્છના ઇતિહાસમાંથી સાંપડી રહે છે. એ બધાની નોંધ તો ઘણી મોટી થઇ જાય. અહીં નિર્દેશ કર્યો છે તેમાં પણ કેટલાંક મહત્ત્વનાં નામો રહી ગયાં હશે !

વર્ષોથી પછાત પડી ગયેલા કચ્છમાં છેલ્લા બેત્રણ દાયકાથી વળી પાછાં પુનરુત્થાનનાં કાર્યો થતા જાગ્યાં છે. કચ્છની મોટા ભાગની પ્રજા મૂળ તો ખેડૂત પ્રજા. અનાજનો વેપાર એના લોહીમાં. વહાણો દ્વારા અનાજનો વેપાર કરવામાં પણ તેઓ કુશળ. ગઇ સદીમાં શેઠ નરશી નાથા વગેરે શ્રેષ્ઠીઓએ મુંબઇમાં આવીને અનાજનો વેપાર મોટા પાયા ઉપર ચાલુ કર્યો. જ્ઞાતભાઇઓને મદદ કરવાની પ્રેમભરી સહકારની ભાવનાને લીધે અનેક કચ્છીઓ મુંબઇમાં અનાજના વેપારમાં જોડાયા. આજે પણ સમગ્ર મુંબઇમાં અનાજની દુકાનોમાં કચ્છીઓનું પ્રભુત્વ રહ્યું છે. બીજા વિશ્વયુદ્ધ પછી અનાજની માપબંધી આવી. એથી કચ્છી વેપારીઓને એક બાજુ લાભ થયો તો બીજી બાજુ સરકારી કનડગત ચાલુ થઇ, આઝાદી પછી દિવસે દિવસે સરકારી કનડગત વધતી

(અનુસંધાન પૃષ્ઠ ૨૨ ઉપર)

જૈન સાહિત્યમાં આચાર્યશ્રી જ્ઞાનવિમલસૂરિજીનું પ્રદાન

ડૉ. કુમારપાળ દેસાઈ

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વિપુલ, વૈવિધ્યમય અને કવિત્વપૂર્ણ સર્જન માટે, વિક્રમના ૧૮મા સૈકામાં થયેલા, તપગચ્છની વિમલ શાખાના જૈન સાધુ આચાર્યશ્રી જ્ઞાનવિમલસૂરિનું પ્રદાન નોંધપાત્ર ગણાય. એમણે ગુજરાતી ભાષામાં એટલી બધી કૃતિઓની રચના કરી હતી કે એથી એમ કહેવાતું કે સંસ્કૃતમાં જેમ હેમચંદ્રાચાર્ય તેમ પ્રાકૃતમાં એટલે કે દેશી ભાષાઓમાં જ્ઞાનવિમલસૂરિ છે. વૈવિધ્યની દૃષ્ટિએ જોઈએ તો એમની કૃતિઓ કથાત્મક, તત્ત્વવિચારાત્મક, બોધાત્મક અને સ્તુત્યાત્મક-એમ બધા પ્રકારની છે. આ કૃતિઓમાં એમના પાંડિત્ય ઉપરાંત છંદ, અલંકાર આદિ કવિકૌશલની પ્રૌઢિનો પણ પરિચય થાય છે. એમણે સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી-એમ ત્રણે ભાષાઓમાં ગ્રંથો રચ્યા. ગદ્ય અને પદ્ય બંને સ્વરૂપમાં મહત્ત્વપૂર્ણ રચનાઓ આપી. આચાર્ય જ્ઞાનવિમલસૂરિજીનું સાહિત્ય બહુધા સાંપ્રદાયિક પરિપાટીનું છે. પરંતુ, એ મર્યાદા જાળવીને પણ, એમણે અલંકારરચના, પદ્યબંધ, દૃષ્ટાંતબોધ વગેરેની જે શક્તિ બતાવી છે તે પ્રશસ્ય છે.

જ્ઞાનવિમલસૂરિની કૃતિઓમાંથી અને એમના સમકાલીનોની નોંધમાંથી એમના જીવન વિશે સારી એવી માહિતી સાંપડે છે. એમનો જન્મ વિક્રમ સંવત ૧૬૯૪માં મારવાડના ભિન્નમાલ નગરમાં થયો હતો. તેઓ વીશા ઓશવાલ જ્ઞાતિના હતા. તેમના પિતાનું નામ વાસવ શેઠ અને માતાનું નામ કનકાવતી હતું. બાળપણમાં એમનું નામ નાથુમલ હતું. માત્ર આઠ વર્ષની વયે વિક્રમ સંવત ૧૭૦૨માં એમણે તપગચ્છની વિમલ શાખામાં પંડિત વિનયવિમલગણિના શિષ્ય પંડિત ધીરવિમલગણિ પાસે દીક્ષા લીધી. દીક્ષા સમયે એમનું નામ 'નયવિમલ' રાખવામાં આવ્યું. આ પછી એમણે કાવ્ય, તર્ક, ન્યાય, શાસ્ત્રાદિમાં નિપુણતા મેળવી. તેઓએ શ્રી અમૃતવિમલગણિ તથા શ્રી મેરુવિમલગણિ પાસે વિદ્યાભ્યાસ કર્યો. વિક્રમ સંવત ૧૭૨૭ મહા સુદ દશમને દિવસે મારવાડના સાદડી પાસેના ઘાણેરાવ ગામમાં ઉત્સવપૂર્વક આચાર્ય વિજયપ્રભસૂરિએ એમને પંન્યાસપદ આપ્યું. ત્યારબાદ વિક્રમ સંવત ૧૭૪૮ ફાગણ સુદ પાંચમ ને ગુરુવારના દિવસે શ્રી નયવિમલગણિને આચાર્યપદની પ્રાપ્તિ થઈ અને તેમના વિશાળ જ્ઞાનને લીધે તેમનું નામ જ્ઞાનવિમલસૂરિ રાખવામાં આવ્યું. શ્રી જ્ઞાનવિમલસૂરિએ સુરત, ખંભાત, રાજનગર (અમદાવાદ), પાટણ, રાધનપુર, સાદડી, ઘાણેરાવ, સિરોહી, પાલિતાણા, જૂનાગઢ વગેરે સ્થળોએ વિહાર કર્યો. એમની વિહારભૂમિ મુખ્યત્વે ગુજરાત, રાજસ્થાન અને સૌરાષ્ટ્રનો પ્રદેશ હતી. શત્રુંજય તીર્થની એમણે અનેક વખત યાત્રા કરી હતી. જ્ઞાનવિમલસૂરિની રચનાઓમાં પણ શત્રુંજય તીર્થ પ્રત્યેની એમની દૃઢ આસ્થા સ્થળે સ્થળે પ્રગટ થાય છે. એમણે સંસ્કૃત ભાષામાં 'પ્રજ્ઞનવ્યાકરણવૃત્તિ:', 'શ્રીપાલચરિત્ર' અને 'સંસારદાવાનલસ્તુતિવૃત્તિ:' જેવા ગ્રંથોની રચના કરી છે.

જ્ઞાનવિમલસૂરિની સંસ્કૃત ભાષાની નિપુણતાનો ખ્યાલ એમના જીવનપ્રસંગમાંથી પ્રાપ્ત થાય છે. એકવાર તપાગચ્છના આચાર્ય શ્રી વિજયપ્રભસૂરિ શત્રુંજય તીર્થમાં પધાર્યા હતા, ત્યારે તેઓ તીર્થનાયક આદિશ્વર ભગવાન સમક્ષ ચૈત્યવંદન કરવા ગયા, પરંતુ એ સમયે શ્રી નયવિમલગણિ ત્યાં આવ્યા અને તાત્કાલિક નવાં કાવ્ય રચીને સ્તુતિ કરવા લાગ્યા. એમની કવિત્વશક્તિ જોઈને આનંદિત થયેલા આચાર્યશ્રીએ નયવિમલગણિને 'આવો જ્ઞાનવિમલસૂરિ' કહીને સૂરિપદની યોગ્યતા દર્શાવી આદરપૂર્વક બોલાવ્યા. શ્રી નયવિમલગણિએ નમ્રતાથી भवत्प्रसादेन એમ કહ્યું. આ પછી આચાર્યશ્રીએ નયવિમલગણિને ચૈત્યવંદન કરવાનું કહ્યું. સામાન્ય રીતે જે સૌથી વધુ પૂજ્ય હોય તે ચૈત્યવંદન કરે તેવી પ્રણાલિકા હોવાથી અન્ય સાધુજનો ખેદ પામ્યા, પરંતુ એમને સમજાવતાં આચાર્યશ્રીએ કહ્યું, ભલે મારા પદને કારણે હું પૂજ્ય ગણાઉં, પરંતુ મારામાં નયવિમલગણિ જેવું જ્ઞાન અને કવિત્વશક્તિ સતાંશે પણ નથી. તેઓ જ્ઞાનવૃદ્ધ છે તેથી એમને આદર આપું છું.' શ્રી નયવિમલગણિએ તાત્કાલિક નવાં કાવ્યો રચીને ૪૫ કાવ્યો વડે ચૈત્યવંદન કર્યું.

જ્ઞાનવિમલસૂરિનું વિપુલ સાહિત્યસર્જન જોતાં એમનો સમકાલીનો આદર પણ પ્રગટ થાય છે. એમણે આનંદઘન અને યશોવિજયની કૃતિઓ પર ટબા રચ્યા છે. આનંદઘન ચોવીસીના ટબો લખવા માટે એમણે સુરતના સુવિધિનાથ પાર્શ્વનાથના દેરાસરમાં છ મહિના સુધી ધ્યાન ધર્યું હતું અને એ પછી આનંદઘનજીના ચોવીસ સ્તવનો પર સ્તબક રચ્યો. એ જ રીતે 'નવપદની પૂજા'માં જ્ઞાનવિમલની પૂજા સાથે યશોવિજય અને દેવચંદ્રની પૂજા પણ સંકલિત રૂપે મળે છે. વિક્રમ સંવત ૧૭૮૨ના આસો વદ ચોથ ને ગુરુવારે પ્રાતઃકાળે અનશનપૂર્વક તેઓ નેવ્યાસી વર્ષની વયે કાળધર્મ પામ્યા.

જ્ઞાનવિમલની ગુજરાતી રચનાઓમાં સૌથી વિશેષ નોંધપાત્ર એમની 'ચંદ્રકેવલીનો રાસ', 'અશોકચંદ્રરોહિણી રાસ', 'જંબુસ્વામિ રાસ', 'રત્નસિંહ રાજર્ષિ રાસ', 'બારવ્રત-અક્ષયનિધિ-રાસ' અને 'સાધુવંદના રાસ' જેવી કથાત્મક કૃતિઓ મળે છે. જ્ઞાનવિમલસૂરિની કાવ્યનિપુણતાનો મનોરમ પરિચય 'શ્રી ચંદ્રકેવલીનો રાસ'માં થાય છે. આ રાસમાં પૂર્વભવના આયંબિલ તપને કારણે કેવલીપદ પામનાર ચંદ્રકુમારનું પ્રભાવક ચરિત્ર આલેખાયું છે. ચાર ખંડ, ૧૧૧ ઢાળ અને ૭૧૪૯ કડીઓમાં વિસ્તરેલા આ રાસની રચના જ્ઞાનવિમલે વિક્રમ સંવત ૧૭૭૦ના મહા સુદ તેરસના દિવસે રાધનપુરમાં પૂરી કરી. આ રાસના લેખનની શરૂઆત પણ રાધનપુર શહેરમાં કરી હતી. મુખ્યત્વે દુહા-દેશીબદ્ધ આ રાસને 'આનંદમંદિર રાસ' એવું બીજું નામ પણ જ્ઞાનવિમલે આપ્યું છે. જ્ઞાનવિમલ આ આનંદમંદિરની કલ્પના પણ ઉપમાથી દર્શાવે છે. જેમાં સુવિહિત સાધુ મનન કરતાં નિવાસ કરતા હોય. આનંદમંદિરનો નિવાસ સદ્‌ગુણોના નિવાસરૂપ છે. એના અનુપમ સ્તંભો જેવા ૧૦૮ વિવિધ રાગની રસાળ ઢાળો છે. જિનેશ્વરનું સ્તુતિકીર્તન કરતા ગવાક્ષો છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી ઓરડાઓ છે. શત્રુંજય અને નવકાર તેના ચોગાન છે અને વિવિધ કવિત્વ સહિત ગાથા વગેરે ઘણા સૂક્તોથી શોભતું એનું આંગણું છે. તેમાં સુદેવ, સુગુરુ અને સુધર્મ જેવા સંસારના દુઃખનું નિવારણ કરનાર ઓછાડ છે. આવી રીતે જ્ઞાનવિમલ આનંદમંદિર સાથે પોતાની કૃતિને સરખાવે છે. જ્ઞાનવિમલમાં આવી સરખામણી ઘણે સ્થળે જોવા મળે છે. જેમ

ક વિવેકરૂપી વિશાળ નગર, સમકિતરૂપી એનો પાયો, નવતત્ત્વ રૂપી એનો દરબાર, સમ્યક બોધરૂપી મહેલો, સમવાય રૂપી સેનાની કલ્પના પણ એ આપે છે. જિનમંદિરની ઊંચે ફરકતી ધજાઓ જાણે સ્વર્ગલોકની હાંસી કરતી ન હોય એ રીતે જુદા જુદા અલંકારોથી પોતાની વાત કરે છે. આ રાસના પહેલા ખંડમાં કથાપ્રવાહ વેગથી ચાલે છે, પણ બાકીના ત્રણ ખંડમાં સમસ્યા, સુભાષિતો, દૃષ્ટાંતો, આડકથાઓ અને ધર્મસિદ્ધાંતોની સાથે કથાતંતુ ચાલે છે.

જ્ઞાનવિમલની વિશેષતા એ છે કે એના ચિત્તમાં એટલાં બધા દૃષ્ટાંતો, સુભાષિતો, અલંકારો, આડકથાઓ અને ધર્મસિદ્ધાંતો ઉભરાયા કરે છે કે એને આને માટે કોઈ આયાસ કરવો પડતો નથી. એ બધું જ આપોઆપ કથાનકની સાથે ગૂંથાતું આવે છે. તક મળે ત્યાં એ ધર્મનો મહિમા કે કર્મની મહત્તા ગાવાનું ચૂકતા નથી. ક્યાંક સંસ્કૃત સુભાષિતની સાથે તેનો ગુજરાતીમાં અનુવાદ કરે છે. કણપિશાચિની, સામુદ્રિક શાસ્ત્ર, લક્ષણશાસ્ત્ર, વશીકરણ, અષ્ટાંગ નિમિત્ત કે જ્યોતિષની વાત કરે છે, તો અસ્વનાં લક્ષણો, સ્વપ્નનો અર્થ, સ્ત્રીઓના પ્રકારો, પુરુષની બોતેર કળા, સ્ત્રીઓની ચોસઠ કળા કે વનમાં થતાં વૃક્ષોની યાદી આપે છે. આ રાસમાં સૂર્યવતી રાણીની વેદનાનું કે સાસુની વહુને દુઃખી કરવાની મનોવૃત્તિનું આલેખન આકર્ષક છે. કથારસની સાથોસાથ જ્ઞાનોપદેશ એ આ કૃતિનું મહત્ત્વનું પાસું છે. તાંબુલ અને અંતરંગ તાંબુલ, સ્નાન અને અંતરંગ સ્નાન, ભાવખીચડી વગેરેનાં લક્ષણોનું વર્ણન રસપ્રદ બને છે. જ્ઞાનવિમલસૂરિ આમાં જૈન માન્યતા પ્રમાણે ભૌગોલિક રચનાનું આલેખન કરવા સાથે જૈન ધર્મના સિદ્ધાંતો અને નિયમોનું વિવરણ પણ આપે છે સંસ્કૃત શ્લોકો અને પ્રાકૃત ગાથાઓનાં ઉદ્ધરણો આપે છે તો સુભાષિત-સમસ્યા-હરિયાલીની મનોરમ ગૂંથણી રચે છે. આ કૃતિની એક વિશેષતા એ એનો કાવ્યબંધ છે. વિવિધ પ્રકારની ઢાળો પ્રયોજતી સુગેય દેશીઓ, કવિત, જકડી, ચંદ્રાવળા આદિ કાવ્યબંધો મળે છે અને ઝડઝમકવાળી ચારણી શૈલી જ્ઞાનવિમલની કાવ્યનિપુણતાનો મનોરમ ખ્યાલ આપે છે. માત્ર વિસ્તારને કારણે જ નહીં પણ પ્રચુર કથારસ, તત્ત્વવિચારનિષ્ઠ ધર્મબોધ તથા વ્યુત્પન્ન કવિત્વને કારણે આ કૃતિ જ્ઞાનવિમલસૂરિની સૌથી પ્યારી કૃતિ બને છે.

'ચંદ્રકેવલીનો રાસ'માં આયંબિલ તપનો મહિમા છે તો 'અશોકચંદ્રરોહિણી રાસ'માં રોહિણી નક્ષત્રના દિવસે ૨૮ વર્ષ સુધી કરવામાં આવતા રોહિણી તપનો મહિમા ગાયો છે. જ્ઞાનવિમલસૂરિએ વિક્રમ સંવત ૧૭૭૨ની માગસર સુદ પાંચમને દિવસે સુરત પાસે સૈયદપરામાં આ રાસ પૂરો કર્યો. આજે એ સૈયદપરાના નંદીશ્વર દ્વીપના જિનાલયના ચોકમાં જ્ઞાનવિમલનાં પગલાંની દેરી મળે છે. મુખ્યત્વે દુહા-દેશીબદ્ધ એવા 'અશોકચંદ્રરોહિણી રાસ'માં પ્રસંગોપાત કવિત, ગીત, ત્રોટક આદિ પદ્યબંધોનો ઉપયોગ કર્યો છે. રાજા અશોકચંદ્રની રાણી રોહિણી શોકભાવથી એટલી બધી અળખુ છે કે પુત્રમૃત્યુના દુઃખે રડતી સ્ત્રીના રુદનમાં કયો રાગ છે એમ પૂછે છે, આવા પ્રશ્નથી અશોકચંદ્રને આ સ્ત્રીમાં બીજાનું દુઃખ સમજવાની વૃત્તિનો અભાવ અને ગર્વ જણાયા. તેથી તેને પાઠ ભણાવવા તે એના ખોળામાં બેઠેલા પુત્ર લોકપાલને અટારીએથી નીચે નાખે છે. પરંતુ રોહિણીને તો આ ઘટનાથી પણ શોક થતો નથી અને એના પુણ્યપ્રભાવે પુત્ર ક્ષેમકુશળ રહે છે. રોહિણીના આ વીતશોક-વીતરાગપણાના કારણરૂપે એના પૂર્વભવની કથા કહેવાઈ છે. જેમાં એ પોતાના આગલા ભવના દુષ્કર્મને કારણે કુરૂપ અને દુર્ગંધી નારી બની હોય છે. અને રોહિણીતપના આશ્રયથી એ દુષ્કર્મના પ્રભાવમાંથી છૂટીને આ રોહિણી-અવતાર પામી હોય છે. રોહિણીના બે પૂર્વભવો, અશોકચંદ્ર તેમજ રોહિણીનાં સંતાનોના પૂર્વભવો તથા એકાદ આડકથા વડે આ રાસ પ્રસ્તાર પામ્યો હોવા છતાં એમાં કથાતંતુ પાંખો છે, કેમ કે એક જ ઘટનાસૂત્રવાળી સાદી કથા છે. ધર્મબોધના સ્પષ્ટ પ્રયોજનથી રચાયેલી આ કૃતિમાં કવિએ કર્મ, તપ ઇત્યાદિના સ્વરૂપ અને પ્રકારોની સાંપ્રદાયિક માહિતી ગૂંથી લીધી છે તેમજ સુભાષિતો અને સમસ્યાઓનો પણ વિનિયોગ કર્યો છે. કાવ્યમાં કવિની કાવ્યશક્તિનો પણ પરિચય પ્રસંગોપાત આપણને મળ્યા કરે છે જેમ કે મધવા મુનિના પુણ્યપ્રતાપને પ્રગટ કરતાં વાતાવરણનું ચિત્રણ કવિએ જે વિગતોથી કર્યું છે તે મનોરમ લાગે છે. નગર વગેરેનાં અન્ય કેટલાંક વર્ણનો પણ નોંધપાત્ર છે. આવાં વર્ણનોમાં રૂપકાદિ અલંકારોનો કવિએ લીધેલો આશ્રય એમની ક્ષમતાને પ્રગટ કરે છે. રોહિણીના રૂપવર્ણનમાં 'ઉરસી પણિ મનિ નવિ વસી રે' જેવા વ્યતિરેક-ચમત્કૃતિના સંકરાલંકારની હારમાળા યોજી છે અને પૌરાણિક હકીકતોને રોહિણીના પ્રભાવના હેતુ રૂપે કલ્પી છે. તે કવિની આ પ્રકારની વર્ણનક્ષમતાનું એક વિશિષ્ટ ઉદાહરણ છે. સમગ્ર રાસમાં શિષ્ટ પ્રૌઢ ભાષાછટાનું આકર્ષણ છે તો જુગુપ્સા અને તિરસ્કારના ભાવોને અનુરૂપ ભાષા પણ કવિ એટલી જ અસરકારકતાથી પ્રયોજી બતાવે છે. થોડીક સુંદર ધ્રુવાઓ અને ક્વચિત્ કરેલી ચાર પ્રાસની યોજના પણ કવિની કાવ્યશક્તિની દ્યોતક છે.

'જંબૂસ્વામી રાસ'માં જંબુકુમારની આઠ પટરાણીઓનો સંવાદ આલેખાયો છે. દરેક પટરાણી જંબૂકુમારને પૂછે અને જંબુકુમાર જુદી જુદી દૃષ્ટાંતકથાઓ સાથે એમને જવાબ આપે. પાંત્રીસ ઢાળ અને છસો આઠ કડીઓના દુહા-દેશીબદ્ધ આ રાસમાં આવતા રૂપક, ઉપમાવલિ અને લૌકિક દૃષ્ટાંતોથી કૃતિ કેટલેક અંશે રસાવહ બની છે.

'રણસિંહ રાજર્ષિ રાસ' એ ૩૮ ઢાળ ધરાવતો અગિયારસો કડીનો રાસ છે, તો 'સુસઢ રાસ'માં કવિએ જયણાનું મહત્ત્વ ગાયું છે. 'બારવ્રતગ્રહણ ટીપ રાસ'માં વ્રતનિયમોની યાદી અને સમજૂતી મળે છે, જ્યારે 'સાધુવંદના રાસ'માં ઋષભદેવના ગણધરોથી માંડીને પ્રાચીન સાધુજનોની નામાવલિ જૈન શાસ્ત્રગ્રંથોને આધારે આપવામાં આવી છે. અને કેટલેક સ્થળે નામોલ્લેખને બદલે ટૂંકું ચરિત્રસંકીર્તન કરવામાં આવ્યું છે. જ્ઞાનવિમલની કથાતંતુવાળી બીજી પણ કેટલીક કૃતિઓ મળે છે. 'સુર્યાભ નાટક'માં સુર્યાભદેવે અપ્સરાઓની મદદથી મહાવીર સ્વામી સમક્ષ રજૂ કરેલ ભક્તિભાવપૂર્ણ સંગીત-નૃત્યનો પ્રસંગ ૭૩ કડીમાં વર્ણવાયો છે. જ્ઞાનવિમલના બે 'તીર્થમાલાયાત્રા-સ્તવન' મળે છે. એકમાં સુરતથી મારવાડ સુધીની તીર્થયાત્રાનું આલેખન છે, તો બીજીમાં વિજયસેનસૂરિની પ્રેરણાથી વજિયો અને રાજિયો એ બે શ્રેષ્ઠીઓએ કરેલા પ્રતિષ્ઠા મહોત્સવનું વર્ણન છે. 'કલ્પસૂત્ર' વ્યાખ્યાન ભાસ'માં પર્યુષણ પર્વ પ્રસંગે વ્યાખ્યાનમાં વાંચવા માટેની ધર્મકથાઓ આપી છે.

જ્ઞાનવિમલે સ્તુતિ, સ્તવન, ચૈત્યવંદન, સજ્ઝાય આદિ પ્રકારની કૃતિઓ વિપુલ સંખ્યામાં રચેલી છે. એમણે સિદ્ધાચલના ૩૬૦૦ જેટલાં સ્તવન રચ્યાનું કહેવાય છે. કવિએ આબુ, તારંગા, રાણકપુર જેવાં તીર્થોના સ્તવનોમાં તીર્થવિષયક ઐતિહાસિક-

ભૌગોલિક માહિતી ગૂંથી છે. એમણે બે ચોવીસી. બે વીસી ઉપરાંત અનેક તીર્થંકર સ્તવનો લખ્યાં છે. ચોવીસીમાંની એક જ્ઞાનભક્તિયુક્ત છે અને ભાષા તથા અલંકારની પ્રૌઢિથી તેમજ એમાં પ્રયુક્ત સુંદર ગેય દેશીઓથી ધ્યાન ખેંચે છે જ્યારે બીજી ચોવીસીમાં તીર્થંકરોના પૂર્વભવોની માહિતી આપવામાં આવી છે. વિષયોની સાથે વિષયનિરૂપણનું વૈવિધ્ય પણ તેઓ ધરાવે છે આવું વૈવિધ્ય ધરાવતાં એમનાં સ્તવનોમાં 'શાસ્વતી-જિનપ્રતિમા-સંખ્યામય-સ્તવન' 'સત્તરિસયજિન-સ્તવન' અને 'અધ્યાત્મગર્ભિત-સાધારણ જિન-સ્તવન' મુખ્ય છે દેશીઓ તેમજ ત્રોટક આદિ છંદોવાળું પાંચ ઢાળ અને ૮૧ કડીનું શાંતિનાથ જિનનું સ્તવન પણ નોંધપાત્ર ગણાય. એમણે હિંદીમાં ૨૯ કડીમાં 'ચતુર્વિંશતિ જિન-છંદ' જેવી તીર્થંકર સ્તવનની કૃતિ રચી છે. જ્ઞાનવિમલના વિપુલ સાહિત્યમાં 'બાલાવબોધ'નો પણ સમાવેશ થાય છે એમણે અઢાર જેટલા ગદ્ય બાલાવબોધો રચ્યા છે.

એંશી વર્ષના સાધુજીવન દરમિયાન, સાધુની અનેક મર્યાદાઓનું પાલન કરીને જ્ઞાનવિમલસૂરિએ આટલું વિપુલ સર્જન કઇ રીતે કર્યું હશે તેનો વિચાર સહજ રીતે જ આવે. માત્ર સંખ્યાની દૃષ્ટિએ જ નહિ પરંતુ ગુણવત્તાની દૃષ્ટિએ પણ જ્ઞાનવિમલનું પ્રદાન મધ્યકાલીન સાહિત્યમાં મહત્ત્વનું ગણાય.

(મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય વિષેના પરિસંવાદમાં રજૂ થયેલ નિબંધ)

શ્રીમદ્ રાજચંદ્ર કૃત 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' પર વ્યાખ્યાન

સંકલન : ચીમનલાલ 'કલાધર'

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે રવિવાર, તા. ૩-૫-૧૯૮૭ના સવારના ૯-૩૦ કલાકે શ્રી કાનજી ખેતશી સભાગૃહ, ભારતીય વિદ્યા ભવન, ચોપાટી ખાતે શ્રી રજનીભાઇ વોરા પ્રેરિત ડૉ. રમણલાલ ચી. શાહનું શ્રીમદ્ રાજચંદ્ર કૃત 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' ઉપરનું વ્યાખ્યાન અને સુ. ઇન્દુબહેન ધાનકના ભક્તિસંગીતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમના પ્રારંભે સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે સવારના આ સત્સંગના કાર્યક્રમમાં પધારેલા શ્રોતાજનોનું સ્વાગત કર્યું હતું. કુ. ઇન્દુબહેન ધાનકની મંગલ પ્રાર્થના બાદ ડૉ. રમણલાલ ચી શાહે 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' પર બોલતા જણાવ્યું હતું કે છેલ્લા સૈકામાં જે કેટલાક મહાપુરુષો થઇ ગયા તેમાં શ્રીમદ્ રાજચંદ્રનું નામ પણ લઇ શકાય. તેમણે નાની ઉમરે દેહ છોડ્યો તે ખરું પણ તેમને નાની ઉમરમાં જ આત્મજ્ઞાન જાગ્યું અને કેટલીક અપૂર્વ રચના દ્વારા તેઓ સ્વ-પર કલ્યાણના ગામી બન્યા તે મહત્ત્વની ઘટના છે.

'આત્મસિદ્ધ શાસ્ત્ર'ના નામે ઓળખાતી શ્રીમદ્‌ની આ પદ્યરચના તેમની સર્વ કૃતિઓમાં શ્રેષ્ઠ ગણાય છે. આ કૃતિની રચના અંગે એમ કહેવાય છે કે વિ. સં. ૧૯૫૦માં શ્રી ભાઇરાજસ્વામીની તબિયત સારી નહોતી રહેતી તે વખતે તેમની વિનંતીને માન આપીને તત્ત્વજ્ઞાનનો બોધ આપતા આત્માના છ પદ-આત્મા છે, તે નિત્ય છે, તે કર્તા છે, તે ભોક્તા છે, મોક્ષ છે અને તેનો ઉપાય છે તે સમજાવતો પત્ર શ્રીમદે ગદ્યમાં લખીને તેમને વાચવા-વિચારવા તથા મનન કરવા મોકલ્યો. તે પછી વિ. સં. ૧૯૫૧માં શ્રી સોભાગભાઇની તબિયત પણ ઘણી નરમ થઇ હતી તે વખતે પણ એ જ પત્રની નકલ, તે પત્ર મુખપાઠે કરી વારંવાર વિચારવાની આજ્ઞાથી મોકલવામાં આવ્યો. વિ સં. ૧૯૫૧માં સોભાગભાઇની વૃદ્ધાવસ્થા હતી અને સાથે-સાથે તબિયત પણ ઘણી નરમ હતી. તેથી ગદ્ય પત્ર મુખપાઠે કરતા તેમને ખૂબ મુશ્કેલી નડી. પોતાની મુશ્કેલી જાણી સોભાગભાઇને જાગ્યું કે અન્ય મુમુક્ષુ ભાઇઓને આ પત્ર મુખપાઠે કરતાં આવી જ મુશ્કેલી નડશે સર્વની મુશ્કેલી દૂર કરવાના હેતુથી સોભાગભાઇએ શ્રીમદ્‌ને એવી વિનંતી કરી કે આ ગદ્ય-પાઠ યાદ કરવામાં બહુ તકલીફ પડે છે તેથી માંદગી વખતે પથારીમાં સૂતાં સૂતાં પણ સતત રટણ કરી શકાય તેવી આત્મબોધ આપતી પદ્યરચના આપ કૃપા કરી લખી જણાવો તો મારા જેવા જીવો પર ઘણું ઉપકારનું કાર્ય થાય. અને આમ એમની વિનંતી સ્વીકારીને વિ. સં. ૧૯૫૨ના આસો વદ ૧ના દિવસે નડિયાદ ખાતે શ્રીમદ્ 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની પદ્યમય રચના કરી. ૧૪૨ ગદ્યમાં રચાયેલ સરળ, ભાવવાહી શબ્દોમાં દોહરાવે રજૂ થયેલ આ કૃતિમાં શ્રીમદ્‌ની વિચારધારા એટલી સ્પષ્ટ હતી કે તેમણે લખાણમાં શાબ્દિક ફેરફાર ભાગ્યે જ કર્યો છે

આત્મસિદ્ધિ શાસ્ત્રની રચના થતાં તેની ચાર નકલ બનાવી (૧) શ્રી સોભાગભાઇને (૨) શ્રી લલ્લુજી મહારાજને (૩) શ્રી અંબાલાલભાઇને અને (૪) શ્રીમદ્‌ના ભાગીદાર શ્રી માણેકલાલ ઘેલાભાઇ ઝવેરીને વાચન-મનનાર્થે મોકલી આપવામાં આવી. સાથે આ કૃતિને જાહેરમાં નિર્દેષ કરવાનો નિષેધ કરવામાં આવ્યો.

'આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં પ્રારંભે મંગલાચરણ કર્યા બાદ આ રચનાનો હેતુ, શુષ્કજ્ઞાની તથા ક્રિયાજડ લોકોનું સ્વરૂપ, વૈરાગ્ય અને આત્મજ્ઞાનની અગત્ય, સદ્‌ગુરુની આજ્ઞાએ ચાલવાનું મહત્ત્વ, સદ્‌ગુરુનાં લક્ષણો, શિષ્યધર્મ, મતાર્થી અને આત્માર્થી જીવનાં લક્ષણો, આત્માનું અસ્તિત્વ અને આત્માના છ પદની સિદ્ધિ, તેના આરાધનથી મોક્ષપ્રાપ્તિ, જ્ઞાની અને મુમુક્ષુનાં લક્ષણો વગેરે બાબતો દર્શાવી છે.

આત્મસિદ્ધિમાં શ્રીમદે છ પદને ગુરુશિષ્યના સંવાદરૂપે સમજાવ્યા છે. આ છ પદ વિષે તેમણે લખ્યું છે કે:

ષટ્‌સ્થાનક સંક્ષેપમાં, ષટ્‌દર્શન પણ તેહ;
સમજાવવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ... ૪૪
દર્શન ષટે સમાય છે, આ ષટ્‌સ્થાનક માંહી;
વિચારના વિસ્તારથી, સંશય રહે ન કાંઇ...૧૨૮

આમ શ્રીમદ્‌ના અભિપ્રાય પ્રમાણે મીમાંસા, જૈન, સાંખ્ય, નૈયાયિક, બૌદ્ધ અને ચાર્વાક એ છ યે દર્શનનો સાર આત્માના આ છ પદમાં આવી જાય છે અને આત્મસિદ્ધિમાં તે છ પદનું નિરૂપણ થયું હોવાથી 'આત્મસિદ્ધિ' એ છ દર્શનનો સાર છે એમ કહી શકાય.

આ કૃતિની ભાષા સાદી સીધી, સરળ ટૂંકાક્ષરી અને તુરત સમજાય તેવી છે, તેમ છતાં આ આખી કૃતિ સૂત્રાત્મક છે. તેમાંથી પ્રત્યેક જીવ પોતપોતાની યોગ્યતા અનુસાર પામી શકે છે

'આત્મસિદ્ધિ શાસ્ત્ર' એ એકાંતે અવગાહન કરવા જેવી રચના છે. અને તેમાં નિરૂપાયેલા વિષયોમાં-સૌથી અગત્યનું દ્રવ્ય તે આત્મા છે. અને આત્માનું અસ્તિત્વ સ્વીકારવું તે મોક્ષમાર્ગનું સૌથી પ્રથમ પગથિયું છે.

ડૉ. રમણલાલ ચી. શાહના વ્યાખ્યાન પછી કુ ઇન્દુબહેન ધાનકે શ્રીમદ્ રચિત પદો અને કાવ્યોની મધુર કંઠે સંગીતમય રજૂઆત કરી હતી. કાર્યક્રમના અંતે શ્રી ચીમનલાલ જે. શાહે આભાર માન્યો હતો.

આર્યો ક્યાંથી આવ્યા ?

● વિજયગુપ્ત મૌર્ય

આપણા દેશમાં તેમજ બીજા ઘણા દેશોમાં ભાષા, વર્ણ (રંગ) અને ધર્મના નામે ઘણું લોહી રેડાયું છે. જ્યાં એકથી વધુ વર્ણના, ધર્મના અને ભાષાના લોકો રહેતા હોય ત્યાં પરસ્પર અસહિષ્ણુતા હિંસામાં પરિણમે છે. પૃથ્વી પર મોટા ભાગના આ અસહિષ્ણુ લોકો ભેગા રહ્યા હોય તો હવે જુદા પડે છે. જુદા પડયા પછી પણ ગળાકાપ સંઘર્ષ થાય છે. આપણે જોયું કે આપણા દેશમાં આસામમાં આસામી પ્રજા અને બંગાળી પ્રજા વચ્ચે વર્ષો સુધી કેવી લડત ચાલી હતી. હિંદમાંથી ધર્મના ધોરણે મુસ્લિમ લીગે ભાગલા પડાવ્યા, તે પછી પણ કેવો રક્તપાત થતો રહ્યો અને અગ્નિની જવાળાઓએ પ્રજાની કેટલીક મિલકતનો નાશ કર્યો તમિળનાડુને રાષ્ટ્રભાષા હિંદી નથી જોઇતી. હિંદી રાષ્ટ્રભાષા અંધારણના આદેશ પ્રમાણે તમિળનાડુને તે લાગુ પાડવા જતાં તમિળોએ લગભગ બળવો કર્યો હતો.

ભારતની બહાર દૃષ્ટિ કરીએ તો પાકિસ્તાન અને બ્રિટન સહિત ઘણા દેશોમાં આવી પરિસ્થિતિ છે. આપણે જગતનો ઇતિહાસ જોઇએ તો ત્યાં પણ આવાં કારણોથી ઘણી હિંસા થતી રહી છે. જર્મનીના હિટલરે જર્મન પ્રજા અણીશુદ્ધ આર્ય હોવાની જાહેરાત કર્યા પછી તેણે યહુદીઓના સર્વનાશની નીતિ અપનાવી આર્યત્વના પ્રતીક તરીકે તેણે આપણા સ્વસ્તિકની પસંદગી કરી. તેની દૃષ્ટિએ રશિયનો પણ આર્ય ન હતા. જર્મન પ્રજા એક કુળની હોવાનો દાવો કરીને હિટલરે જર્મનભાણી ઝેકોસ્લોવાકિયા જર્મન સૈન્ય દ્વારા કબજે કરી લીધું હતું અને તેને જર્મનીમાં જોડી દીધું. બીજો વિશ્વવિગ્રહ ફાટી નીકળવાનું એક કારણ આ હતું.

નૃવંશ વિજ્ઞાનીઓએ સમગ્ર માનવજાતિને ત્રણ કુટુંબમાં વહેંચી નાખી છે: ૧) કોકેસોઇડ ૨) મોંગોલોઇડ અને ૩) નિગ્રોઇડ. કોકેસોઇડમાં ગોરી તેમજ ઘઉવર્ણની જાતિઓ આવે છે. તે ઉત્તર અમેરિકામાં, દક્ષિણ અમેરિકામાં, યુરોપમાં, ઉત્તર આફ્રિકામાં, પશ્ચિમ એશિયામાં ફેલાયેલ છે તેમાં કેવળ આર્યો જ નહિ, આર્યેતર બીજી જાતિઓનો પણ સમાવેશ થાય છે. મોંગોલોઇડ એટલે મોંગોલવંશી પ્રજા, ચીન, જાપાન, કોરિયા, અગ્નિ એશિયા, બ્રહ્મદેશ, તિબેટ, નેપાલ, અરુણાચલ વગેરે દેશોમાં વસે છે યુનાઇટેડ સ્ટેટસમાં પણ ચીનાઓની મોટી વસાહત છે જે ચાઇન ટાઉન તરીકે ઓળખાય છે. મોંગોલવંશીનો અર્થ મોંગોલ દેશની પ્રજા. મોંગોલ્યાનાં બે રાજ્યો છે: ચીનમાં છે તે ચીનનો એક પ્રાંત છે અને તેની ઉપર સ્વતંત્ર મોંગોલ્યા છે. જે સામ્યવાદી છે અને રશિયાના આશ્રય નીચે છે. રશિયાના સાઇબીરિયામાં ઘણી મોંગોલ જાતિઓ વસેલી છે. લાક્ષણિક મોંગોલવંશીને જોઇએ તો કદ સામાન્ય રીતે પાંચ ફૂટથી નીચું કે જરા વધારે, નાક ચીબું, વાળ બહુ પાંખા, ચામડીમાં જરાક પીળાશ હોય અથવા ન પણ હોય, ગાલના હાડકાં જરા આગળ પડતાં અને આંખો પૂરી ઉઘાડતી ન હોય તેમ અર્ધમીંચાયેલી હોય છે, નિગ્રોઇડ વંશમાં પણ ઘણાં કુટુંબો છે. આફ્રિકા ખંડમાં સૌથી વધુ પ્રજા નિગ્રોઇડ વંશની છે. તદુપરાંત ગુલામ તરીકે આફ્રિકામાંથી અમેરિકામાં જે લોકોને લઇ જવામાં આવ્યા હતા તેઓ મોટા ભાગે અમેરિકામાં વસી ગયા છે અને અત્યારે તેમની વસતિ ત્રણ કરોડથી વધારે છે. હવે તેઓ વેસ્ટ ઇંડીઝમાં પણ પોતાનાં રાજ્યો સ્થાપીને રહ્યાં છે. આપણા આંદામાન અને નિકોબાર ટાપુઓમાં નિગ્રોના વંશની એક જાતિ વસે છે જે નેગ્રીટો નામે ઓળખાય છે. પૃથ્વીની આ અસંખ્ય જાતિઓમાં આપણે ક્યાં છીએ ? આપણે કયા વંશની પ્રજા છીએ તે જાણવા માટે તેની ભાષા જોવી જોઇએ. આપણી ભાષાને ભાષાશાસ્ત્રીઓએ ઇન્ડો-યુરોપિયન અને ઇન્ડો-આર્યન ભાષાઓના કુટુંબની હોવાનું બતાવ્યું છે. રશિયન અને ઇટાલિયન ભાષામાં સંસ્કૃત શબ્દો એટલા બધા છે કે આપણને આશ્ચર્ય થાય. જેની ઉપરથી કોકેસોઇડ નામ પડયું તે કોકેસસ નામની પર્વતમાળા છે. કોકેસોઇડ વંશમાં આપણું કુટુંબ આર્ય જાતિનું છે. યુરોપની લગભગ બધી જાતિઓને આપણી સંસ્કૃત ભાષા સાથે સરખાવો તો તેમની વચ્ચે કેટલું બધું સામ્ય છે તે જોઇ શકાય. ભાષાશાસ્ત્રીઓ એવી માન્યતા ધરાવે છે કે સંસ્કૃત અને બીજી ઇન્ડો-યુરોપિયન ભાષાઓની પૂર્વજ એક જ મા હતી. તેથી બંને જૂથમાં સમાન શબ્દો ધરાવે છે. ઋગ્વેદના કેટલાક શબ્દો રશિયન ભાષામાં છે. રશિયન વિદ્વાનો કહે છે કે આર્યો જ્યારે રશિયામાં હતા ત્યારે તેમણે ઋગ્વેદ રચવાની પ્રવૃત્તિ અપનાવી હતી. ભૂતકાળમાં માનવજાતિઓએ ઠરીઠામ થવા માટે ઘણા પ્રદેશો તપાસ્યા હતા. આર્યો ઉત્તર ધ્રુવપ્રદેશમાં વસતા હતા જ્યાં ઠંડી અસહ્ય હોય છે. ઉનાળામાં દિવસો ૨૦ કલાકના પણ હોય અને શિયાળામાં રાત્રી એટલી જ લાંબી હોય. અતિ ઠંડીથી અને સગવડોની અછતથી તેઓ યોગ્ય સ્થળની તપાસ કરતા કરતા રશિયાથી ઇરાન અને અફઘાનિસ્તાન ઓળંગીને હિન્દુસ્તાનના મેદાનમાં આવ્યા હતા. અને પંજાબમાં નદીઓના કાંઠે વસ્યા હતા બાકીનો ઋગ્વેદ અને બાકીના ત્રણ વેદ પંજાબમાં લખાયા હતા.

યુરોપમાં ગ્રીક સંસ્કૃતિ અને પછી રોમન સંસ્કૃતિ ખીલી હતી ત્યારે ગ્રીક વિજેતાઓ પશ્ચિમ એશિયા જીતી લેતા હતા. અને પોતાની ગ્રીક સંસ્કૃતિ પ્રજામાં ફેલાવતા હતા. કેટલાક આર્યોએ ઇરાનમાં જ વસી જવાનું પસંદ કર્યું. ઇરાનનું નામ પણ આર્યન શબ્દ ઉપરથી પડયું છે.

જગતની વસતિ હવે પાંચ અબજ જેટલી થવા જાય છે. તેમાંથી અર્ધી સંખ્યાના લોકોની ભાષા ઇન્ડો-યુરોપિયન વંશની છે. સૌથી વધુ પ્રચાર થતો હોય એવી ૧૯ ભાષાઓમાંથી ૧૧ ભાષા ઇન્ડો-યુરોપિયન છે. યુરોપમાં ઇન્ડો-યુરોપી ભાષાઓ બાલ્ટીક સમુદ્રના કાંઠે, બીજે છેડે ઉત્તર સમુદ્રના કાંઠે અને મધ્યમાં મધ્ય યુરોપ સુધી તેમનો વિકાસ થયો હતો. પ્રાચીનકાળમાં ઇન્ડો-ઇરાનિયનો પોતાને આર્યો તરીકે ઓળખાવતા હતા જ્યારે હીટલર સત્તા પર આવ્યો ત્યારે જર્મન પ્રજાને આર્ય તરીકે જાહેર કરી.

હવે પોતાના દેશને ઇન્ડો-યુરોપી પ્રજાનું મૂળ વતન તરીકે ઓળખાવવાની સ્પર્ધા ચાલે છે. એક અભિપ્રાય એવો છે કે પશ્ચિમ એશિયાની ઉત્તરે અને કોકેસસ પર્વતમાળાની દક્ષિણે તેમજ મધ્ય ઇરાકની ઉત્તરે ઇન્ડો યુરોપિયન ભાષાઓનો જન્મ અને વિકાસનો પ્રદેશ હતો. કેટલાક રશિયન વિદ્વાનોએ આ અભિપ્રાય સ્વીકાર્યો છે. આર્યો વસવાટ માટે વધુ સારા પ્રદેશની શોધ કરતા હતા. તેની આ શોધમાં આર્યોનો સમુદાય જુદાં જુદાં જૂથોમાં વહેંચાઇ ગયો. તેથી ઇન્ડો-યુરોપી

ભાષાઓ પણ નવી ભાષાઓમાં વિકસિત થઈ ગઈ. જો સંસ્કૃતની અને બીજી ઇન્ડો-યુરોપી ભાષાઓની એક માતૃ ભાષા હોય તો તે ક્યાં ગઈ ! તે ભાષાના અસ્તિત્વને સિદ્ધ કરે એવો પુરાવો નથી મળતો એ જમાનામાં લખવા માટે સંતોષકારક સાધનો ન હોવાથી સાહિત્ય કંઠસ્થ કરવામાં આવતું હતું. અત્યારે સંસ્કૃત ભાષા મૃત ભાષા ગણાય છે. તેમ છતાં તેમાં કેટલું બધું સાહિત્ય છે ! અને વંશપરંપરા કેટલું બધું સાહિત્ય કંઠસ્થ કરવામાં આવ્યું હતું ! જો લેખન માટેનાં સાધનો ન હોય, જે ભાષા બોલાતી હોય તે લખવા માટે લિપિ ન હોય તો ખડકો ઉપર પ્રાણીઓનાં ચિત્રો દોરીને ભાવિ પ્રજાને જે કહેવું હોય તે કહી શકાયું છે. મિશ્ર (પ્રાચીન ઇજિપ્ત) પાસે સંતોષકારક લિપિ ન હતી તેથી અક્ષરો સાથે ચિત્રો દોરીને ભાવિ પ્રજાને જે કહેવાનું હતું તે કહેવાયું છે. દા. ત. ઘોડાના જીવનને વ્યક્ત કરતાં ચિત્રો વડે ઘોડા વિષે ઘણું કહી શકાય. એવી રીતે ઇન્ડો-યુરોપી પ્રજાનું જીવન પણ ચિત્રો વડે બતાવી શકાયું હોત

ઇન્ડો-યુરોપી પ્રજા પછાત ન હતી. ઘોડેસવારી કરતી હતી, બીજાં પ્રાણીઓને પણ પાળ્યાં હતાં. ધાતુઓ પૈકી શુદ્ધ કાંસુ કેમ બનાવવું તે જાણતી હતી. તે રથ પણ વાપરતી હતી.

૨૪૦૦ વર્ષ પહેલાં પણ રથ બનાવવામાં આવતા હતા અને તે વ્યક્તિવિશેષનાં વાહન હતાં. ઇન્ડો-યુરોપી પ્રજાઓ વિષે એ પણ જાણવામાં આવ્યું છે કે હિંદુઓમાં જેમ ચાર વર્ણ હતા તેમ આ ઇન્ડો-યુરોપી આર્યોમાં ત્રણ વર્ણો હતા : ધર્મગુરુઓ, લડવૈયાઓ અને કારીગરો તે દરેકને પોતપોતાના દેવ હતા, પ્રજા સમૃદ્ધ હતી. તેઓ કાંસાની કુહાડી વાપરતા હતા. એક જંગલી ઘોડાનું ચિત્ર બતાવીને રથમાં જોડાયેલા ઘોડા વડે સંકેત કરવામાં આવ્યો હતો કે તેમણે જંગલી ઘોડાને પાળીને તેમને પોતાની સેવામાં જોડયા છે. અશ્વમેધ યજ્ઞમાં ભારતમાં ઘોડાનો ભોગ આપવામાં આવતો હતો. કાળા સમુદ્રના ઉત્તરકાંઠા સહિત પૂર્વ યુરોપમાં અને ઉત્તર યુરોપમાં સ્કેન્ડીનેવિયા એટલે કે નોર્વે, સ્વીડન અને ફિનલેન્ડમાં ઇન્ડો-યુરોપી પ્રજાનો વસવાટ હતો. રશિયન વિદૂષીએ પશ્ચિમ એશિયાને ઇન્ડો-યુરોપિયન લોકોના વસવાટ તરીકે ઓળખાવેલ છે

જ્યારે હિટલર સત્તા પર આવ્યો ત્યારે તેણે ઇન્ડો-યુરોપિયન પ્રજાને આર્ય નામ આપ્યું. આ પ્રજા જૂના અને નવા પથ્થર-યુગની સંસ્કૃતિથી ઘણી આગળ વધી ગઈ હતી. તેઓ ઘોડે-સવાર થઈને યુદ્ધમાં જતા હતા. તેઓ જેમ જુદા જુદા પ્રદેશોમાંથી પસાર થતા હતા તેમ શબ્દોનો વિનિમય કરીને ભાષાને સમૃદ્ધ બનાવતા હતા. સમયનો ઘણો ભાગ ઘર બહાર પસાર થતો હતો તેથી તેઓ પ્રકૃતિને પૂજતા થઈ ગયા હતા. એ તેમનો આર્ય ધર્મ હતો. તેઓ ઉષા, સંધ્યા, વાયુ, જલ, વીજળી, અગ્નિ વગેરેને પૂજતા હતા. ઋગ્વેદમાં કુદરતનાં આ દશ્યો પ્રત્યે પ્રાર્થનાઓ છે અને કુદરત પ્રત્યે, પૂજ્યભાવ વ્યક્ત થાય છે. મેઘ, વનસ્પતિ અને સૂર્ય-ચંદ્ર વગેરે દેવ-દેવીઓને રીઝવવાની પ્રાર્થનાઓ થતી હતી. સંગીત પહેલી જ વાર સામવેદથી શરૂ થાય છે. આર્યો ભરતખંડમાં આવ્યા ત્યારે તેઓ અધૂરો ઋગ્વેદ લાવ્યા હતા, બાકીનો અર્ધો અને બીજા ત્રણ વેદ સપ્તસિંધુના કાંઠે લખાયા હતા જેમાંથી આજે મોટાભાગનો પ્રદેશ હવે પાકિસ્તાનમાં છે. આ અભિપ્રાય રશિયન વિદ્વાનોનો છે. મધ્ય યુરોપમાં વસેલા ઇન્ડો-યુરોપી લોકો જર્મન આર્યો તરીકે ઓળખાયા તેથી જ હિટલરે આર્ય તરીકે ઓળખાવવામાં ગર્વ અનુભવ્યો હતો

એ જમાનામાં વસતિ ગામડાંઓ વચ્ચે વહેંચાયેલી હતી. યુરોપમાં શહેર એક જ હતું અને તે રોમ. પરંતુ ત્યારે ખ્રિસ્તી ધર્મ ન હતો અને ખ્રિસ્તી ધર્મના એટલે કે રોમના કેથોલિક ખ્રિસ્તીઓના વડા પોપનું કે તેમની ગાદીનું અસ્તિત્વ નહોતું. ઇસુના જન્મને હજી ઘણીવાર હતી. રોમ-લેટિન પ્રજાનું અને લેટિન ભાષાનું નગર હતું. ખેતી માટે સર્વસંમત જમીનનું વિભાજન કરવું મુશ્કેલ હતું તેથી જમીન ખેડી શકે તેને મોટો ભાગ મળે.

આપણે વાંચીએ અને સાંભળીએ છીએ કે આર્યો ઉત્તર ધ્રુવપ્રદેશમાંથી આવ્યા. આ વિધાન સાથે બીજી શક્યતાઓનો પણ વિચાર કરવો જોઈએ. ઉત્તર ધ્રુવપ્રદેશમાં ધરતીનો ખંડ નથી પણ અતિ ઠંડો મહાસાગર છે સ્વીડન, નોર્વે, સોવિયેત રશિયા અને કેનેડાના ઉત્તરના છેડા ઉત્તર ધ્રુવ મહાસાગરમાં ડોકાય છે અને ત્યાં એસ્કિમો, લાપ વગેરે જાતિના શિકારી લોકો ભટકે છે. આ મહાસાગરમાં નાના-મોટા ઘણા ટાપુઓ પણ છે. રવ. લોકમાન્ય ટિળકે ઉત્તર ધ્રુવ અને આર્યોને સમાવી દેતો એક ગ્રંથ લખ્યો છે. જે આર્યો ભરતખંડમાં આવ્યા તેઓએ શિકાર અને બીજા ખોરાકની શોધમાં ભટકવાનું છોડીને અહીં સપ્તસિંધુના કાંઠે કાયમી વસવાટ કર્યો હતો જ્યારે તેઓ આવ્યા ત્યારે બહુ સંસ્કારી ન હતા, પરંતુ તેમના સંસ્કાર સપ્તસિંધુ નદીઓના કાંઠા ઉપર બીજા સમય જતાં તેઓ વિદ્યાભ્યાસ કરીને જ્ઞાન મેળવવા લાગ્યા. કેટલાક ઇન્ડો યુરોપી ગોત્ર એકે સાથે વસ્યા.

વિદ્વાનોએ તેમને ઇન્ડો-આર્યન એટલે કે હિંદુ-આર્ય પ્રજા તરીકે ઓળખાવી છે જેઓ યુરોપમાં વસી ગયા તેમને ઇન્ડો-યુરોપી તરીકે ઓળખાવવામાં આવે છે ઇન્ડો-આર્યનોએ યુરોપમાં ભેંસ નહોતી જોઈ, માત્ર ગાય જોઈ હતી અને પાળી હતી તેથી ધનની ગણતરી ગાયોની સંખ્યા વડે થતી હતી. જેની પાસે વધુ ગાયો હોય તે ધનવાન મનાય.

ખેતી પર આધારિત સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ઊંચું હતું. એક પ્રશ્ન એવો પુછાય છે કે ઇન્ડો-આર્ય સહિત ઇન્ડો-યુરોપીઓએ પોતાનું મૂળ વતન શા માટે ત્યજી દીધું અને અંધારા ભવિષ્યમાં ઝંપલાવીને હજારો કિલોમીટર સુધી ભટકવા શા માટે નીકળી પડયા ? તેનો એક સાચો ખુલાસો એ હોઈ શકે કે જે ઉત્તરાદા પ્રદેશમાં એટલે કે ઉત્તર ધ્રુવપ્રદેશમાં તેઓ વસતા હતા ત્યાં ઠંડી અસહ્ય બની જવાથી તેમણે પોતાનું મૂળ વતન છોડયું. પરંતુ જેઓ આજીવન ભટકતા રહે, જિપ્સીનું જીવન જીવતા હોય તેમને મૂળ વતન શું હોઈ શકે ? ઉત્તર યુરોપમાં રહેનારાઓ શિકાર સિવાય બીજો શો ખોરાક શોધી શકે ? તેમના પૂર્વજોએ ક્યાંય જાણે કેટલાં 'મૂળ વતન' છોડયાં હશે ? તેઓ માનવસંસ્કૃતિના એ સ્તરે હતા કે જ્યાં લોકો કૌટુંબિક સમુદાયોમાં વહેંચાયેલા હતા અને ખોરાક મેળવવા રઝળવું પડતું હતું. ભરતખંડમાં આવ્યા પછી તેઓ શિકારપ્રધાન મટીને ખેડૂત બન્યા. દૂધાળાં ઢોરને મારવાને બદલે તેમને પાળવાથી દૂધ મળે તે સારો ખોરાક ગણાય. યુરોપમાં તેઓ ગાયોથી પરિચિત હતા તે સમયે ખેતી સૌથી ઉત્તમ ધંધો ગણાતી હતી. આશરે સાડાત્રણ હજાર વર્ષ પહેલાં કે પછી આર્ય કુટુંબો આવવા લાગ્યાં અને ભરતખંડમાં મુખ્યત્વે નદીકાંઠે ફેલાતાં ગયાં. તેમણે ખગોળ અને ગણિતનું જ્ઞાન ખીલવ્યું અને ભાવિ પ્રજા માટે જ્ઞાન-વિજ્ઞાનનો વારસો મૂકી ગયા તેઓ ક્યાંથી આવ્યા એ પ્રશ્નનો સર્વમાન્ય જવાબ જડયો નથી.

સંઘ આયોજિત વસંત વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ વસંત વ્યાખ્યાનમાળા આ વર્ષે તા. ૬, ૭ અને ૮ એપ્રિલ, ૧૯૮૭ના રોજ ચર્ચગેટ ખાતે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં રોજ સાંજના ૬-૧૫ વાગે 'રાષ્ટ્રીય એકાત્મતા : પડકાર અને નિરાકરણ' (National Integration: Challenges & Solutions) એ વિષય પર અનુક્રમે જાણીતા ધારાશાસ્ત્રી શ્રી નાની પાલખીવાલા, સંસદ-સભ્ય શ્રી આરીફ મહમ્મદ ખાન અને 'પંજાબ અને શીખો' (Punjab & Sikhs) એ વિષય પર ખ્યાતનામ પત્રકાર શ્રી ખુશવંતસિંહનાં વ્યાખ્યાનો યોજાયાં હતાં. આ વ્યાખ્યાન-માળાનું પ્રમુખસ્થાન શ્રી અમરભાઇ જરીવાલાએ લીધું હતું.

શ્રી નાની પાલખીવાલા

વ્યાખ્યાનમાળાનું દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરતાં શ્રી નાની પાલખીવાલાએ જણાવ્યું હતું કે એક રાજ્યે બીજા રાજ્ય પર આધાર રાખવો પડે છે, એક વ્યક્તિએ બીજી વ્યક્તિ પર આધાર રાખવો પડે છે. પરંતુ તેનાથી રાષ્ટ્રીય એકતા થતી નથી. જો આપણે રાષ્ટ્રીય એકતા મજબૂત બનાવવી હોય તો ૧૫મી ઓગસ્ટનો દિન 'ઇન્ટર-ડિપેન્ડન્ટસ ડે' તરીકે ઉજવવો જોઇએ. તો જ આપણે રાષ્ટ્રીય એકતા તરફ વધુ ઝડપથી આગળ વધીશું.

રાષ્ટ્રીય એકતા બાંધવાનાં સૂચન આપતી વખતે તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાન, બાંગલાદેશ જેવા પાડોશી દેશો સાથે આપણે વધુ સારો સંબંધ રાખવો જોઇએ. તે જ પ્રમાણે ફક્ત એક વ્યક્તિની નેતાગીરી હોવી જોઇએ અને આ અંગેનું શિક્ષણ બહોળા પ્રમાણમાં આપવું જોઇએ. કોઇ પણ મોટો પ્રશ્ન દેશમાં નિર્માણ થાય તો તે અંગે વિદેશી હાથ હોવાનું આપણે તરત સ્વીકારી લઇએ છીએ, પરંતુ દરેક પ્રશ્નો પાછળ વિદેશી હાથ હોતો નથી. આપણે પોતાની જવાબદારી સમજતા નથી. આપણે પોતાની જવાબદારી બીજા પર નાખી દઇએ છીએ.

આપણે ઘણા ગુજરાતી, મરાઠી, બંગાલી, પંજાબી અને જુદી જુદી ભાષાના લોકોને જોઇએ છીએ. પણ આપણે ઘણા ઓછા ભારતીયોને જોઇએ છીએ. ભાષાનો ભેદ ભૂલી જઇ આપણે ફક્ત ભારતીય થઇને રહેવું જોઇએ. રાષ્ટ્રીય એકતાની જે જરૂરિયાત ઊભી થઇ છે તે અગાઉ કયારેય ઊભી થઇ ન હતી. આજે આપણી પાસે મક્કમ નેતાગીરી રહી નથી.

આરીફ મહમ્મદ ખાન

સંસદ સભ્યશ્રી આરીફ મહમ્મદ ખાને જણાવ્યું હતું કે દિલ્હીમાં સંસદનું સત્ર શરૂ થયું તે વખતે જ બોટ ક્લબ પર ભાષણ કરી સંસદનું અપમાન કરવામાં આવ્યું હતું અને મુસ્લિમ સાંસદોની ટાંગ તોડવાની અને તેમનાં ઘરો સળગાવી મૂકવાની ધમકી આપતામાં આવી છતાં સાંસદે આ સામે એક અક્ષર પણ ઉચ્ચાર્યો નથી. જ્યારે બીજી તરફ એક તંત્રી વિધાનસભ્ય અને પ્રધાનનું વ્યંગચિત્ર દોરે તો તેને કેદની સજા ફરમાવવામાં આવે છે. આ બંને પ્રકરણોમાં ચૂપ રહી રાષ્ટ્રીય એકાત્મતાની દરરોજ વાતો કરતી સંસદ કોમી એકતા પ્રતિ દુર્લક્ષ કરે છે. જ્યારે બીજી કિસ્સામાં અખબારી સ્વતંત્રતા પર તરાપ મારવામાં આવે છે.

બાબરી મસ્જિદ અંગેના હાલના વિવાદ અંગે તેમણે જણાવ્યું હતું કે બાબરી મસ્જિદ અને રામ જન્મભૂમિ અંગે કોઇપણ પ્રકારનો વિવાદ ઊભો નથી. પરંતુ કેટલાક રાજકારણીઓ પોતાનો સ્વાર્થ સાધવા અને પ્રસિદ્ધિ મેળવવા માટે પ્રશ્નોને ઉકેલવાને બદલે વધુ ગૂંચવી રહ્યા છે. જો આવા તકસાધુ લોકોને દૂર કરવામાં આવે તો જ બાબરી મસ્જિદનો પ્રશ્ન આસાનીથી હલ થઇ શકે છે. એક જ પરિવારમાં પતિ-પત્ની, મા-બાપ, બાળકો વગેરે જુદા જુદા વિચારસરણીવાળાં, જુદા જુદા ભગવાનને માનવાવાળાં હોય છે, તે જ રીતે રાષ્ટ્રમાં પણ જુદા જુદા ધર્મના લોકો રહે છે, તેમણે એક પરિવારની માફક રહેવું જોઇએ.

શ્રી ખુશવંતસિંહ

પત્રકાર શ્રી ખુશવંત સિંહે 'પંજાબ અને શીખો' એ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે પંજાબનો પ્રશ્ન હલ કરવાથી માંડીને પંજાબના ત્રાસવાદને અટકાવવા બધાં જ પગલાં વડા પ્રધાન શ્રી રાજીવ ગાંધીએ લીધાં છે અને થોડા જ સમયમાં પંજાબમાંથી ત્રાસવાદને દૂર કરવામાં સરકાર સફળ થશે. લોંગોવાલ સાથે થયેલા કરારની કેટલીક કલમોનો અમલ કરવાનો બાકી હોવા છતાં ત્રાસવાદીઓને સંપૂર્ણપણે મહાત કર્યા બાદ બાકી રહેલી કલમોનો પણ અમલ કરવામાં આવશે.

શીખ લોકોએ નિવેદન બહાર પાડીને જણાવવું જોઇએ કે ગુનાઓને છુપાવવા કોઇ પણ ધાર્મિક સ્થળનો ઉપયોગ કરવામાં આવશે નહિ. તેમ જ ત્રાસવાદીઓનો સંપૂર્ણપણે વિરોધ કરી ખાલિસ્તાનની માગણી ફગાવી દેવી જોઇએ. ખાલિસ્તાનની માગણી અમને માન્ય નથી એવી મતલબનો ઠરાવ દરેક ગુરુદ્વારમાં કરવો જોઇએ.

કોંગ્રેસી નેતાઓ અને લૂંટારુઓ વચ્ચે એક સામ્ય છે એવી ટકોર કરી તેમણે કહ્યું હતું કે લૂંટારુ પહેલાં લૂંટ કરે છે અને ત્યારબાદ જેલમાં જાય છે પરંતુ આજના કોંગ્રેસી નેતાઓ પહેલાં જેલમાં જાય છે અને ત્યારબાદ ખુલ્લેઆમ લૂંટ ચલાવે છે.

ભિંદરાણવાલેનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે તેમને જેમ જેમ પ્રસિદ્ધિ મળતી ગઇ તેમ તેમ તેમને ક્રેઝ ચડતો ગયો, અને એ પછી તેઓ હિન્દુઓ સાથે ખરાબ વર્તન કરવા લાગ્યા હતા. હિન્દુઓનું ખરાબ બોલવાનું શરૂ કર્યું. પરંતુ તેમણે કદી પણ ખાલિસ્તાનની માગણી કરી ન હતી.

શ્રી નાની પાલખીવાલાનો પરિચય સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી શાહે, શ્રી આરીફ મહમ્મદ ખાનનો પરિચય જાણીતા ઉદ્યોગપતિ શ્રી વીરેન શાહે અને પ્રસિદ્ધ પત્રકાર શ્રી ખુશવંતસિંહનો પરિચય શ્રી ગિરિશ ચિત્તારીએ આપ્યો હતો. શ્રી સુબોધભાઇ એમ. શાહે, શ્રી કે. પી શાહે અને ડો. રમણલાલ ચી. શાહે અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય દિવસે આભારવિધિ કરી હતી.

* * *

'આત્મસિદ્ધિ શાસ્ત્ર' તથા ભક્તિસંગીતની કેસેટો

સંઘના ઉપક્રમે તાજેતરમાં યોજાયેલ 'સત્સંગ : એક સવારનો' કાર્યક્રમમાં શ્રીમદ્‌ રાજચંદ્ર કૃત 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' પરના ડો. રમણલાલ ચી. શાહના વ્યાખ્યાનની તેમજ કુ. ઇન્દુબહેન ખાનકના ભક્તિસંગીતની કેસેટો તૈયાર થઇ ગઇ છે. આ બંને કેસેટો રૂા. ૪૦/= માં સંઘના કાર્યાલયમાંથી મળી શકશે.

—મંત્રીઓ

સંઘ સમાચાર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૨૫-૪-૧૯૮૭ના રોજ સાંજના ૪-૦૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળી હતી. 'સંઘ'ના અન્વેષિત હિસાબો, સરવૈયું અને નવા વર્ષનાં અંદાજપત્રો રજૂ થયાં હતાં. તે મંજૂર થયા બાદ નીચે પ્રમાણે પદાધિકારીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી:

પદાધિકારીઓ :-

(૧) ડૉ. રમણલાલ ચી. શાહ-પ્રમુખ
(૨) શ્રી ચીમનલાલ જે. શાહ-ઉપપ્રમુખ
(૩) શ્રી કે. પી શાહ-મંત્રી
(૪) શ્રી પન્નાલાલ ૨. શાહ-મંત્રી
(૫) શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ-ફોષાધ્યક્ષ

ત્યારબાદ કારોબારી સમિતિના સભ્યોની ચૂંટણીનું કામ હાથ ધરવામાં આવ્યું હતું અને તેમાં નીચે જણાવેલા પંદર સભ્યો ચૂંટાઇ આવ્યા હતા:

કારોબારી સમિતિ :

(૧) પ્રા. તારાબેન ૨. શાહ
(૨) શ્રીમતી નિરુબહેન સુબોધભાઇ શાહ
(૩) શ્રી સુબોધભાઇ એમ શાહ
(૪) ,, ગણપતભાઇ એમ. ઝવેરી
(૫) ,, રસિકલાલ જહેરચંદ શાહ
(૬) ,, શૈલેશ હિંમતલાલ કોઠારી
(૭) ,, અમર જરીવાલા
(૮) ,, પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ
(૯) ,, કમલબહેન પીસપાટી
(૧૦) ,, મફતલાલ ભીખાચંદ શાહ
(૧૧) ,, ડૉ. ધનવંત ટી. શાહ
(૧૨) ,, શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ
(૧૩) શ્રીમતી સ્મિતાબહેન શિરિષભાઇ કામદાર
(૧૪) શ્રી ધીરજલાલ કુલચંદ શાહ
(૧૫) શ્રીમતી જ્યોતિબહેન પ્રમોદભાઇ શાહ

સોમવાર, તા. ૧૧-૫-૧૯૮૭ના રોજ મળેલ કારોબારી સમિતિની સભામાં નીચેની વિગતે સહમંત્રીઓની તથા કારોબારીના કો-ઓપ્ટ સભ્યોની, સહયોગ સમિતિના સભ્યોની, નિમંત્રિત સભ્યોની અને વાચનાલય-પુસ્તકાલય સમિતિના સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી.

કો-ઓપ્ટ સભ્યો :

(૧) શ્રી જયંતીલાલ પી. શાહ
(૨) ,, અરવિંદભાઇ મોહનલાલ ચોકસી
(૩) ,, જયાબહેન ટોકરશી વીરા
(૪) ,, વસુમતીબહેન ભણશાલી
(૫) ,, ચંદ્રકાન્ત દીપચંદ શાહ

સહમંત્રીઓ :

(૧) શ્રીમતી નિરુબહેન એસ. શાહ
(૨) શ્રી શૈલેશ એચ. કોઠારી
(૩) ,, વસુમતીબહેન ભણશાલી

સહયોગ સમિતિ :

(૧) શ્રી એ જે. શાહ
(૨) ,, કુંવરશી રામજી ગાલા
(૩) ,, વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલા
(૪) ,, ઉષાબહેન મહેતા
(૫) ,, શાંતિલાલ દેવજી નન્દુ
(૬) ,, જયંતીલાલ ફતેચંદ શાહ
(૭) ,, રમણલાલ લાલચંદ લાકડાવાલા
(૮) ,, માણેકલાલ વી. સવાણી
(૯) ,, વસનજી લખમશી શાહ
(૧૦) ,, ચંપકલાલ એમ. અજમેરા
(૧૧) ,, જોરમલ મંગળજી મહેતા
(૧૨) ,, સી એન. સંઘવી
(૧૩) ,, બસંતલાલ નરસિંહપુરા
(૧૪) ,, પ્રવીણચંદ્ર ટી. શાહ

કારોબારીના નિમંત્રિત સભ્યો :

(૧) શ્રી બિપિનભાઇ જૈન
(૨) ,, કપૂરચંદભાઇ ચંદરિયા
(૩) ,, શર્મીબહેન ભણશાલી
(૪) ,, મીરાંબહેન રમેશ મકેતા
(૫) ,, ચંદ્રકુમાર જે શાહ
(૬) ,, સુલીબહેન હિરાણી
(૭) ,, ગુલાબચંદ કરમચંદ શાહ
(૮) ,, તરુણાબહેન બિપિનભાઇ શાહ
(૯) ,, જ્યોત્સનાબહેન શેઠ
(૧૦) ,, શિરિષભાઇ કામદાર
(૧૧) ,, પુષ્પાબહેન પરીખ
(૧૨) ,, રજનીભાઇ એસ વોરા
(૧૩) ,, પદ્મલેખાબહેન દોશી
(૧૪) ,, જગમોહન દાસાણી
(૧૫) ,, ડૉ. અમૂલ શાહ
(૧૬) ,, ચંદ્રાબહેન હરસુખભાઇ શાહ
(૧૭) ,, રમાબહેન વિનોદભાઇ મહેતા
(૧૮) ,, રૂપચંદ ભણશાલી
(૧૯) ,, નવીનભાઇ મહેતા
(૨૦) ,, સરોજબહેન મહેતા
(૨૧) ,, મૃદુલાબહેન જે. શાહ
(૨૨) ,, રવીન્દ્ર એચ મહેતા
(૨૩) ,, મુકુન્દભાઇ ગાંધી
(૨૪) ,, શાંતિલાલ ભાવચંદ ગાંધી
(૨૫) ,, શ્રીપાલ ભંડારી
(૨૬) ,, પ્રદીપ એ. શાહ
(૨૭) ,, મહેન્દ્રભાઇ વોરા
(૨૮) ,, મીનાબહેન એન. શાહ
(૨૯) ,, ધીરજબહેન વોરા
(૩૦) ,, અરુણભાઇ પરીખ
(૩૧) ,, નવનીતભાઇ પરીખ
(૩૨) ,, કાંતિલાલ નારણદાસ શાહ
(૩૩) ,, કુસુમબહેન ભાઉ
(૩૪) ,, દમયંતીબહેન શાહ
(૩૫) ,, નાનાલાલ સંઘરાજકા
(૩૬) ,, મીરાંબહેન ભંડારી
(૩૭) ,, યશોમતીબહેન શાહ
(૩૮) ,, રમાબહેન વોરા
(૩૯) ,, બચુભાઇ પી. દોશી
(૪૦) ,, રસિલાબહેન મહેન્દ્રભાઇ ઝવેરી

શ્રી મણિલાલ મોકમચંદ શાહ વાચનાલય-પુસ્તકાલય સમિતિ :

(૧) શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ – મંત્રી
(૨) ,, ગણપતલાલ મ. ઝવેરી – સભ્ય
(૩) ,, પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ – ,,
(૪) ,, પન્નાલાલ ૨. શાહ – ,,
(૫) ,, જ્યોતિબહેન પ્રમોદભાઇ શાહ – ,,

(પૃષ્ઠ ૧૪ થી ચાલુ)

ગઇ. એથી અને અન્ય બીજાં કારણોને લીધે કેટલાય સમર્થ શ્રેષ્ઠીઓએ અન્ય વ્યવસાયમાં ઝંપલાવ્યું. આજે મુંબઇમાં હવે પુસ્તક પ્રકાશન, મકાન બાંધકામ, સ્ટેનલેસ સ્ટીલ, દવા, કાગળ, કાપડ, મોટા સ્ટોર્સ વગેરે ઘણા વ્યવસાયોમાં કચ્છી પ્રજાએ સારું વર્ચસ્વ જમાવી લીધું છે અને સારું ધન કમાયા છે. સંપ અને ઉદારતા તેમના સ્વભાવમાં હોવાથી કમાયેલું ધન ઠીક ઠીક વાપરવા પણ લાગ્યા છે. ભલે વતનમાં ઓછું રહે તો પણ વતનમાં પોતાનું સારું ઘર બાંધવા તરફનું એમનું વલણ રહ્યું છે. કચ્છમાં જાહેર સેવાકાર્યો, ધાર્મિક ઉત્સવો, સામાજિક પ્રસંગો વગેરેમાં તેઓ સક્રિય ભાગ લેવા લાગ્યા છે. વતનનું આકર્ષણ ગુજરાત-સૌરાષ્ટ્રની અપેક્ષાએ કચ્છીઓમાં હજુ વધુ રહ્યું છે. એથી કચ્છનાં ગામડાંઓમાં ઠીક ઠીક પ્રગતિ જોવા મળે છે. છેલ્લા બે-ત્રણ દાયકામાં કચ્છની રોનક ઘણી બદલાઇ ગઇ છે. કચ્છ દિવસે દિવસે વધુ અને વધુ સમૃદ્ધ થતું ગયું છે.

કચ્છમાં આજે પણ એવાં જૈન સાધુ-સાધ્વીઓ છે જે જૈન ધર્મનું અત્યંત સૂક્ષ્મ અને ચુસ્ત પાલન કરે છે. કોરાધોરા નામના ગામમાં સ્થાનકવાસી આઠ કોટિ નાની પક્ષના પ. પૂ. રાઘવજીસ્વામી તથા પ પૂ. મૂલચંદજીસ્વામીને વંદન કરવાની અમને તક મળી. માત્ર સુવર્ણ જ નહિ, અન્ય ધાતુઓનો પણ પોતાનો પરિગ્રહ ન હોવો જોઇએ. એ માટે પ્લાસ્ટિકની ફ્રેમના ચશ્માંમાંથી રબ્બર અને દોરી કાઢી નાખી દોરો પરોવી કોઇ ચશ્મા વહોરાવે તેવાં જ ચશ્મા પહેરવાં જેટલું પોતાના સંયમધર્મનું ચુસ્ત પાલન તેઓ કરે છે. ગામડાંઓમાં જ વિચરવું, કચ્છ બહાર જવું નહિ અને આચારનું ચુસ્ત પાલન કરવું-આવા સાધુ-મહાત્માઓનું જીવન વંદનીય અને અનેકને માટે પ્રેરણારૂપ છે.

નાની ખાખરનું મને પહેલેથી જ વિશેષ આકર્ષણ રહ્યું છે. નાનું પણ રળિયામણું ગામ છે. કચ્છના પેરીસ તરીકે તે ઓળખાય છે. જાણે અમેરિકાની પદ્ધતિએ ટાઉન પ્લાનિંગ કરીને ગામ વસાવ્યું હોય તેવી છાપ પ્રથમ દૃષ્ટિએ પડે છે. ત્યાં સ્વચ્છતા પણ એટલી જ છે. મચ્છર ન મળે. કચ્છનાં બધાં જ ગામડાંઓમાં આ એક ગામડું જુદું પડે છે. સીધા મોટા રસ્તાઓ, હારબંધ વ્યવસ્થિત મકાનો, ચારે બાજુ લીલીછમ વાડીઓ, કેટલાય બંગલાઓમાં તરવા માટેના હોજ-આ બધાંને કારણે નાની ખાખરનું હવામાન જાણે જુદું જ અનુભવાય છે. શેઠ પ્રેમજી લાખાભાઇએ આ ગામનું દૃષ્ટિપૂર્વકનું આયોજન કરેલું. એમના બંગલામાં કચ્છના રોહા રાજ્યની કુંવરીને પરણેલા યુવાન કવિ કલાપીનો બીજા મહારાવ સાથે ફોટો છે એ શ્રી બિપિનભાઇ જૈને મને બતાવ્યો. આ વિરલ ફોટો ત્રિષે ભાગ્યે જ કોઇ સાહિત્યકારને જાણ હશે. નષ્ટ થાય એ પહેલાં એ ફોટાની નકલ કરાવી લેવાનું કાર્ય કોઇ સાહિત્યરસિક સંસ્થા કે વ્યક્તિએ કરાવી લેવા જેવું છે.

નાની ખાખરમાં પ. પૂ. ભુવનચંદ્રવિજયજી ઉપરાંત અચલ ગચ્છાધિપતિ પ. પૂ. શ્રી ગુણસાગરસૂરિજી મહારાજ અને એમના શિષ્યોના તથા પ. પૂ. શ્રી વસંતપ્રભાશ્રીજી અને એમની સાધ્વીઓનાં દર્શનનો લાભ મળ્યો. કેટલાય સાધુ-સાધ્વી એવાં છે કે જે કચ્છની બહાર વિહાર કરવા ઇચ્છતાં નથી, કારણ કે તેઓ પોતાના સંયમના આચારનું અત્યંત બહુ કડક પાલન કરવા ઇચ્છે છે

કચ્છના અબડાસાની પંચતીર્થીનાં અમે દર્શન કર્યાં. સુથરી, નલિયા, તેરા, કોઠારા, જખૌનાં દેરાસરો ત્રણ દાયકા પહેલાં જોયાં હતાં તેના કરતાં આજે એની રોનક વધી છે. એનાં શિલ્પ-સ્થાપત્યમાં ભારતીય સંસ્કૃતિની પરંપરા સાથે વિદેશી સંસ્કૃતિનો સમન્વય જોવા મળે છે. કોઠારાના દેરાસરની ઊંચાઇ માટે રાજાએ વાંધો લીધો તો જૈન સંઘે પોતાના ખર્ચે રાજ-મહેલની દીવાલ ઊંચી કરાવી આપી હતી, જેથી દેરાસરમાંથી કોઇની રાજમહેલમાં નજર ન પડે

રતાડિયા ગામમાં કર્નલ જીલુભા જાડેજા અને એમના સાથી મિત્રો દ્વારા ચાલતું સમાજસેવાનું કાર્ય જોવાની પણ તક સાંપડી. ભિદડામાં આંખની હોસ્પિટલમાં નેત્રયજ્ઞો યોજાય છે. ત્યાં ગરીબ દર્દીઓ માટે ઘણું સરસ કાર્ય થઇ રહ્યું છે.

કચ્છમાં ખનીજ સંપત્તિ ઘણી છે, લિગ્નાઇટની ખાણો છે. વેપાર-ઉદ્યોગ વૃદ્ધિ પામી રહ્યા છે. નવાં નવાં સુંદર મકાનો બંધાતાં કેટલાંક ગામોની રોનક વધવા લાગી છે. નર્મદાની નહેરનાં પાણી જ્યારે કચ્છને મળશે ત્યારે તો કચ્છની ધરતી ફરી લીલીછમ બનશે અને સમૃદ્ધિ વધશે.

સ્વતંત્રતા મળ્યા પછી એકાદ-બે રાજ્યો સિવાય ઘણાં રાજ્યોમાં ભૌતિક દૃષ્ટિએ ઠીક ઠીક પ્રગતિ થઇ છે. કરવા જેવાં અનેક કાર્યો હજુ બાકી છે. ભારતમાં ગરીબી, બેકારી, ગંદકી, કોમવાદ, ભાષાવાદ, ભ્રષ્ટાચાર જેવી અનેક સમસ્યાઓ છે. એમાં કચ્છ અને કચ્છીઓ પણ અપવાદ નથી. પરંતુ પ્રેમ, ઉદારતા અને સહકારથી પ્રજાનો ઉત્કર્ષ થયેલો જોવા મળે તો તે આનંદની વાત છે. એવો આનંદ કચ્છમાં અમને અનુભવવા મળ્યો.

-રમણલાલ ચી. શાહ

સંઘના ઉપક્રમે શરૂ થયેલ ભાક્તસંગીતના વર્ગો

સંઘના ઉપક્રમે ગુરુવાર, તા. ૬-૫-'૮૭ના બપોરના ૩-૩૦ વાગે શ્રી પરમાનંદ કાપડિયા હોલમાં શ્રી ચીમનલાલ જે. શાહના પ્રમુખપદે ભક્તિસંગીતના વર્ગના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભમાં શ્રીમતી વસંતીબહેન દાણીએ પ્રાર્થના કરી દીપ પ્રગટાવ્યો હતો. આ વર્ગના સંયોજક શ્રી ઉષાબહેન મહેતાએ સૌનું સ્વાગત કર્યું હતું. વર્ગના અધ્યાપક શ્રી બંસીભાઇ ખંભાતવાલાએ બહેનો માટેના સંગીતના વર્ગ શરૂ કરવાના નિર્ણય બદલ સંઘના કાર્યવાહકોને અભિનંદન આપ્યાં હતાં. શ્રી ચીમનલાલ જે. શાહ, શ્રી ગુણપતભાઇ ઝવેરી, પ્રા. રમેશભાઇ ભોજક વગેરેના પ્રાસંગિક વક્તવ્ય બાદ મંત્રી શ્રી પન્નાલાલ ૨. શાહે સૌનો આભાર માન્યો હતો. (વર્ગ વિશે માહિતી માટે કાર્યાલયનો સંપર્ક સાધવો.)

-મંત્રીઓ

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૯ અંક : ૩

મુંબઇ તા. ૧-૬-'૮૭
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

વ્યક્તિ, પક્ષ, રાષ્ટ્ર અને વિશ્વ

છેલ્લા બે-ત્રણ મહિનાથી ભારતમાં અને ભારત બહાર જે બધી ઘટનાઓ બની રહી છે તે વિચારશીલ માણસને ખેદ કે નિર્વેદ ઉપજાવે એવી છે. વડા પ્રધાન રાજીવ ગાંધીએ રાષ્ટ્રપતિને બધી વાતથી પોતે માહિતગાર રાખે છે એવો દાવો કરીને, અને વડા પ્રધાન બધી વાતથી પોતાને માહિતગાર રાખતા નથી એવો સામો આક્ષેપ કરીને રાષ્ટ્રપતિ ગ્યાની ઝૈલસિંહે રાષ્ટ્ર સમક્ષ નિરર્થક મોટો વિવાદ ઊભો કર્યો. એથી બંનેની પ્રતિભાને ઝાંખપ લાગી છે. 'Clean Man' અને 'જ્ઞાની' શબ્દો ભોંઠા પડી ગયા છે. ફેરફેક્સ અને બોફર્સ કંપનીના પ્રકરણની બાબતમાં વિશ્વનાથ પ્રતાપસિંહ અને રાજીવ ગાંધી વચ્ચે મોટો વિવાદ ઉત્પન્ન થયો અને વિરોધ પક્ષોએ બળતામાં ઘીનું કામ તેટલું ઘી હોમ્યું છે. પંજાબ, હરિયાણા અને દિલ્હીમાં વારંવાર કોમી રમખાણો કે આતંકવાદીઓનાં તોફાનો ચાલ્યા કરે છે. The country is bleeding. એવી જ રીતે શ્રીલંકામાં ઉદ્દામવાદી તમિળો અને સરકાર વચ્ચેના સંઘર્ષમાં સેંકડો નિર્દોષ લોકોના જાન હણાયા કરે છે. અમેરિકા પાકિસ્તાનને એવાક્સ વિમાનો આપવાનું વિચારે છે અને એના પ્રત્યાઘાતો ભારત અને સોવિયેત યુનિયનમાં વિપરીત પડ્યા છે. ઇરાક અને ઇરાન વચ્ચેનું યુદ્ધ કેટલાંક વર્ષથી સતત ચાલ્યા કરે છે અને વખતોવખત અનેક નાગરિકો અચાનક મૃત્યુનો ભોગ બને છે. પ્રમુખ રેગને પોતાના દુશ્મન જેવા દેશ ઇરાનને ગુપ્ત રીતે શસ્ત્રસહાય કર્યાની વાત બહાર આવતાં ખળભળાટ મચ્યો છે. ફિલિપાઇન્સ અને ફીજીની પ્રજામાં અશાંતિ પ્રસરાવવામાં અમેરિકાનો હાથ હોવાની વાત થાય છે. દુનિયામાં ચારે બાજુ નજર કરો ત્યાં અશાંતિનાં એંધાણ જોવા મળે છે. મધ્ય-પૂર્વ અને એશિયાના દેશોમાં તેનું પ્રમાણ વધુ છે.

રાજદ્વારી ક્ષેત્રે સત્તાધારી કે સત્તાકાંક્ષી સમર્થ વ્યક્તિઓ સત્તા માટેની પોતાની લાલસા માટે ભયંકર ઘોર પાપો કરતાં જરાપણ અચકાતી નથી એ વર્તમાન જગત માટે મોટી દુઃખદ પરિસ્થિતિ છે.

પક્ષીય રાજકારણમાં દુનિયાના કેટલાય રાજદ્વારી પક્ષો ગુપ્ત રીતે મોટાં હિંસાત્મક આંદોલનો જગાવે છે. પોતાના દેશના હિતને ખાતર વિશ્વની સમતુલા ખોરવવા માટે મોટાં રાષ્ટ્રો કેવા કેવા દાવપેચ ખેલે છે એનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે જાણે લાગે છે કે આ બધા સત્તાધીશોને મન મનુષ્ય એટલે માત્ર ક્ષુદ્ર જંતુ કે રમતનું પ્યાદું છે. 'પોતાનું ધ્યેય સિદ્ધ કરવા માટે કેટલાક માણસોનો ભોગ લેવાય જ તેથી થયું શું ગયું ?–' એવી નિર્દય વિચારણા વિશ્વના રાજકારણમાં વધતી જાય છે. ઉચ્ચતર સ્થાને બિરાજેલા સત્તાધીશ મનુષ્યો હિંસક પ્રાણીઓ કરતાં પણ કેટલા બધા હિંસક દાનવ બની શકે છે તે આવી ઘટનાઓ પરથી દેખાઇ આવે છે.

રાજકારણમાં વ્યક્તિ અને નેતાગીરી સૌથી મહત્ત્વનો ભાગ ભજવે છે. સમર્થ, ઉદાત્ત, સાધુચરિત વ્યક્તિ રાજકારણમાં નીતિરીતિનાં ઉચ્ચતમ ધોરણો સ્થાપિત કરી શકે છે અને વિશાળ માનવસમુદાયને પ્રજાકલ્યાણના સન્માર્ગે દોરી જઇ શકે છે! મહાત્મા ગાંધીજીએ એવું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. એવા મહાપુરુષો પોતાના પક્ષને સબળ બનાવે છે, રાષ્ટ્રહિતને અગ્રસ્થાન આપે છે અને સમસ્ત વિશ્વના કલ્યાણની ભાવનાને સર્વોપરી ગણે છે.

વર્તમાન સમયમાં દુનિયાભરમાં ઘણા બધા દેશોમાં રાજકારણ ઘણી નિમ્ન કક્ષાએ પહોંચ્યું છે. સાધનશુદ્ધિની ભાવના ઓસરી ગઇ છે. સ્વાર્થ અને સત્તાલોલુપતા પ્રાધાન્ય ભોગવવા લાગ્યાં છે.

સાહિત્ય, શિક્ષણ, વિજ્ઞાન, ધર્મ, સમાજસેવા ઇત્યાદિ જાહેર ક્ષેત્રોમાં પડેલી વ્યક્તિની કરતાં રાજકારણમાં પડેલી વ્યક્તિ તાસીર જ કંઇક જુદી હોય છે કે પાછળથી જુદી થઇ જાય છે. અન્ય ક્ષેત્રમાંથી રાજકારણમાં આવેલી વ્યક્તિઓની પ્રતિભા અને નીતિરીતિ પણ પલટાઇ જાય છે. જેફરસને કહ્યું છે તેમ 'Whenever a man has cast a longing eye on offices, a rottenness begins in his conduct.'

અન્ય ક્ષેત્રો કરતાં રાજકારણમાં અસત્યનો આશ્રય વધુ લેવાય છે સત્યનિષ્ઠ, પ્રામાણિક માણસોને રાજકારણમાંથી પીછેહઠ કરવી પડે છે. એવા સાચા માણસોને બીજાં કુટિલ તત્ત્વો ફાવવા દેતાં નથી. તેવો માણસો છેવટે કંટાળીને, થાકીને, નિર્વેદ પામીને રાજકારણમાંથી નીકળી જાય છે. અસત્યની સાથે નિંદાનું તત્ત્વ પણ ઘટનાઓને વિચિત્ર વળાંક આપવામાં મહત્ત્વનું કામ કરી જાય છે સાચી ખોટી અફવાઓ લોકોને અને નેતાઓને ભ્રમિત કરી નાખે છે એમાં અખબારો અને અન્ય માધ્યમો પણ પાછાં પડે એવાં નથી. પ્રેમ અને સુમેળથી કામ કરતા સર્વોચ્ચ સત્તાધીશો વચ્ચે અણબનાવ કરાવવા માટે સ્વપક્ષના કે વિરોધ પક્ષના માણસો પણ ખોટી નિંદાકુથલી ઊભી કરીને ફાટફૂટ પડાવે છે, રાજી થાય છે અને તકનો લાભ લેવા મથામણ કરે છે. વ્યક્તિ કરતાં પક્ષનું હિત મહત્ત્વનું છે. પરંતુ આવા લોકો પોતાના સત્તા-સ્વાર્થ માટે પક્ષમાં પણ ભંગાણ પડાવે છે. Rule કરવા

ન મળે તો Ruin કરવા તેવો તૈયાર જ હોય છે.

લોકશાહી એટલે બધું જ જાહેર એ સાચું અને જરૂરી પણ છે, પરંતુ લોકશાહીમાં પણ કેટલીક વસ્તુઓ ગુપ્ત રહે એ પ્રજાના હિતમાં છે. દેશના સંરક્ષણની દૃષ્ટિએ કેટલીક માહિતી રાષ્ટ્રની થોડીક વ્યક્તિઓની જાણમાં જ રહે એ અનિવાર્ય છે. પરંતુ છાપાંવાળાઓ મુલાકાતો લઈ લઈને, તરેહતરેહના પ્રશ્નો પૂછીને, બલચાવનારી દરખાસ્તો મૂકીને, રાજકારણમાં પડેલી વ્યક્તિ પાસે ન બોલવા જેવું બોલાવી દે છે. છાપાંઓમાં છાપે છે અને વાતને ચકડોળે ચડાવે છે. જેમ વ્યક્તિ ઉચ્ચ સ્થાને તેમ એના શબ્દોના પ્રત્યાઘાતો ઘણે દૂર સુધી પડે છે. એક શબ્દ આડોઅવળો બોલાયો તો રામાયણ થઈ જાય. ગાંધીજીએ તોળીતોળીને, માપીમાપીને શબ્દો બોલવાની કળા સારી રીતે સિદ્ધ કરી હતી. ચતુર અને પાકા અંગ્રેજો સાથે એમણે કયારેય એવી ગફલત કરી નહોતી. મિતભાષીપણું એ ઉચ્ચત્તમ નેતાઓનો સદ્‌ગુણ છે. એ બાબતમાં ભૂતપૂર્વ વડા પ્રધાન શ્રી મોરારજી દેસાઈ અત્યંત નિપુણ છે. રાજીવ ગાંધીને રાજ્ય કક્ષાએ કે કેન્દ્ર કક્ષાએ પ્રધાન તરીકે કાર્ય કર્યાનો અનુભવ નથી. તેઓ સીધા આવડા મોટા દેશના વડા પ્રધાન થયા છે અને તેમણે ઘણું સારું કાર્ય કરી બતાવ્યું છે. તો પણ એમનાં વચન અને વર્તનમાં કયારેક ઉતાવળ અને અપરિપકવતા દેખાઈ આવે છે. વાતે વાતે પત્રકારો પાસે દોડી જવાની કે મુલાકાતો આપવાની નીતિ કોઈપણ રાષ્ટ્રના વડા પ્રધાન માટે યોગ્ય ન ગણાય. માત્ર વિદેશના પત્રકારો જ નહિ, ખુદ ભારતના પણ કેટલાક પત્રકારો રટોરી ચમકાવીને જશ ખાટી જવાના રસિયા હોય છે. એથી દેશને ભોગવવા પડતાં માઠાં પરિણામોની એમને પડી હોતી નથી.

દરેક વ્યક્તિમાં કેટલાક ઉત્તમ સદ્‌ગુણો અને કેટલાક સ્થૂલ કે સૂક્ષ્મ અવગુણો હોય છે. મનુષ્યની પ્રવૃત્તિઓ સામાન્ય રીતે સ્વાર્થમૂલક હોય છે. પોતે અને પોતાના કુટુંબના સભ્યોની સુખાકારી માટે કમાવવાની પ્રવૃત્તિ તેની મુખ્ય પ્રવૃત્તિ બની રહે છે. પોતાનું ગુજરાન સારી રીતે ચાલી શકે એટલી કે એથી વધુ આજીવિકા અને સંપત્તિ હોય અને પોતાની પાસે ફુરસદનો સમય હોય ત્યારે એવી કેટલીક વ્યક્તિ સાચા દિલથી કે પ્રસિદ્ધિ વગેરેના આશયથી સમાજોપયોગી કાર્યો કરવા માટે નીકળે છે કેટલીક વ્યક્તિઓ પોતાનાં અંગત સુખોના ભોગે પણ સમાજકલ્યાણનાં કાર્યો કરવા કે રાજકારણમાં ભાગ લેવા નીકળી પડે છે. કયારેક લોકકલ્યાણની સાચી નિષ્ઠાભરી ભાવનાથી પ્રેરાઈને એવું કાર્ય તે કરે છે, તો કયારેક પોતાનો સમય પસાર કરવા માટે કે સેવાનાં બદલામાં યશ, સત્તા, મોટાઈ વગેરે મેળવવાને માટે તે તેમાં જોડાય છે. કયારેક પોતાના અહંમૂને પોષવા માટે તે આવાં લોકકલ્યાણનાં કાર્યોની પ્રવૃત્તિ ઉપાડે છે.

અન્ય લોકો માટેનું કામ કરતાં કરતાં માણસની શકિત, આવડત, પ્રતિભા જેમ જેમ ખીલે તેમ તેમ તેનું કાર્યક્ષેત્ર વિસ્તરતું જાય છે. એવી શકિતસંપન્ન તેજસ્વી વ્યક્તિઓને લોકો મોટાં કાર્યક્ષેત્રોમાં લઈ જઈને સત્તાના ઉચ્ચ સ્થાને બેસાડે છે. જેમ સત્તાનું સ્થાન મોટું તેમ તેની ઉપર આવેલા માણસની પ્રસિદ્ધિ મોટી. કેટલીક વાર પદ દ્વારા વ્યક્તિ શોભે છે. કેટલીક વાર વ્યક્તિ દ્વારા પદ શોભે છે અને કેટલીક વાર વ્યક્તિ અને પદ અન્યોન્યને શોભાવે છે. જ્યારે સમર્થ વ્યક્તિને એક અથવા અન્ય કારણે મોટું પદ મળતું નથી તો તેવી વ્યક્તિની પ્રસિદ્ધિ સીમિત બની રહે છે. અન્ય પક્ષે, ખોટી વ્યક્તિને મોટું પદ મળી જાય છે તો તે અચાનક ખ્યાતનામ બની જાય છે, પછી ભલે પાછળથી તે નિષ્ફળ નીવડે.

આધુનિક સમય લોકમાધ્યમો દ્વારા પ્રચારનો છે. આપણા દેશમાં નગરકક્ષાએ, રાજ્યકક્ષાએ અને કેન્દ્રકક્ષાએ સત્તાનાં અનેક સ્થાનો છે. કોઈ વ્યક્તિ કોઈ એક રાજ્યના શહેરની નગરપાલિકામાં સારું કામ કરતી હોય તે વ્યક્તિને અચાનક જો રાજ્યના મંત્રી-મંડળમાં સ્થાન મળી જાય છે તો તે રાતોરાત આખા રાજ્યમાં સુપ્રસિદ્ધ બની જાય છે. તેવી રીતે કેન્દ્રના પ્રધાનમંડળમાં સ્થાન મળતાં આખા દેશના નેતા તરીકે સ્વીકારાઈ જાય છે. ચૂંટણીમાં જે જીતી જાય છે અને પ્રધાનમંડળમાં જેને સ્થાન મળે છે તેવી વ્યક્તિ લોકોને બહુ મોટી લાગવા માંડે છે. વસ્તુતઃ એનાં કરતાં ઘણી વધુ સમર્થ અને વધુ તેજસ્વી વ્યક્તિઓ તે જ નગરમાં કે તે જ રાજ્યમાં હોય છે; પણ જેને પદ મેળવવાની તક મળે છે તે વ્યક્તિ અચાનક લોકોના આદરને પાત્ર બની જાય છે. આમ પણ ભારતમાં સત્તાધારી વ્યક્તિઓ તરફ લોકોનું ઘેલછાભર્યું આકર્ષણ બહુ રહ્યા કર્યું છે. સત્તાધારી વ્યક્તિના સંપર્ક માટે કેટલાક સાધુ-સંતોમાં પણ ઘણી મોટી લાલસા હોય છે. કેટલાય સાધુ-સંતો પ્રધાનો સાથે ફોટા પડાવી બહુ રાજી થઈ જાય છે એ દુઃખની વાત છે. પ્રસિદ્ધિ એ પણ એક પ્રકારનો નશો છે. તે જીરવવો એ સહેલી વાત નથી. સાધુસંતો પણ તેમાં અપવાદરૂપ નથી.

સત્તાસ્થાનો ઓછાં હોય અને તે મેળવવાની દોડમાં અનેક વ્યક્તિઓ પડેલી હોય ત્યારે તે મેળવવા માટે સ્પર્ધા થાય છે. અનેક વ્યક્તિઓ કુટિલ રીતિ-નીતિ અપનાવે છે. મોટા માણસોની પગચંપી ચાલુ કરે છે, ખુશામત કરે છે, કાવાદાવા કરે છે, જૂઠાણાં ફેલાવે છે, એવી રીતે ફાવી ગયેલી ઘણી વ્યક્તિઓ કશુંય કામ કર્યા વગર માત્ર સત્તાસ્થાન ભોગવે છે. ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવેલા બધા જ સભ્યો રાજ્યના કારભારની બધી જ બાબતોનો અભ્યાસ કરી રસપૂર્વક તેમાં સક્રિય ભાગ લે છે એવું નથી હોતું. કેટલાયે સભ્યો ભથ્થાં મેળવવામાં, નવી નવી ઓળખાણો કરવામાં, નવા સંબંધો બાંધવામાં, મિત્રો, સગાંસંબંધીઓનાં સાચાં-ખોટાં કામ જલદી કરાવી આપવામાં પોતાના પદનો ઉપયોગ કરે છે. જેમ રાજ્યની ધારાસભા માટે કહી શકાય તેમ કેન્દ્ર સરકારની લોકસભા માટે પણ કહી શકાય. વ્યક્તિ જે પ્રદેશમાંથી ચૂંટાઈ આવેલી હોય ત્યાં તે લોકપ્રિય હોય, પરંતુ લોકસભામાં બેસવા જેટલી પ્રતિભા તેની પાસે નથી હોતી. આખા રાષ્ટ્રના પ્રશ્નો વિશે વિચારવાનું તેનું ગજું નથી હોતું. જુદાં જુદાં રાજ્યોમાંથી આવેલી અને લોકસભાના સભ્ય બનેલી એવી કેટલીય વ્યક્તિઓના ચહેરા ઉપર મોટું પદ મળી જવાને કારણે કદાચ કેટલુંક કૃત્રિમ તેજ દેખાશે, પરંતુ એવી વ્યક્તિઓ પણ ભાડાભથ્થાં મેળવવામાં, સંબંધો બાંધવામાં, સમિતિઓ અને સરકારી કમિશનોમાં સભ્ય તરીકે ઘૂસી જવા માટે પ્રયત્ન કરવામાં, મિત્રો, સંબંધીઓમાં સાચાં-ખોટાં કામ, પોતાને મળેલી લાગવગ વાપરીને કરાવી આપવામાં પ્રયત્નશીલ રહે છે. દેશના સળગતા પ્રશ્નોમાં તેને રસ નથી. એવો એમનો અભ્યાસ પણ નથી હોતો. રસ અને અભ્યાસ હોય તો પણ પોતાનો સ્વતંત્ર મત વ્યકત કરવાની બાબતમાં એને પક્ષની શિસ્તની મર્યાદામાં રહેવું પડે છે. પરિણામે પાર્લામેન્ટમાં ઘણા વિષયોની ચર્ચામાં કેટલીયવાર કોરમ કરતાં પણ ઓછા સભ્યોની હાજરી રહ્યા કરે છે. મતદાન થવાનું હોય અને પક્ષનો આદેશ

(અનુસંધાન પૃષ્ઠ ૨૬ ઉપર)

જૈન ધર્મમાં નય, પ્રમાણ, નિક્ષેપ અને સમવાય

● મુનિશ્રી વાત્સલ્યદીપ

* નયવાદ

વાદ અને વિવાદ વધારવા માટે નહિ પરંતુ વાદવિવાદમાંય સંવાદ સ્થાપિત કરવા શ્રમણ ભગવાન મહાવીરે જે વિચાર-પદ્ધતિનું નિરૂપણ કર્યું તે સ્યાદ્વાદ, અનેકાંતવાદ કે નયવાદના નામે ઓળખાય છે. જૈન ધર્મની આ મૌલિક વિચારપદ્ધતિ છે.

વસ્તુ, વ્યક્તિ અને વિચાર અનંત ધર્માત્મક છે. તેમાંથી કોઇ એક વિશેષ ધર્મને ગ્રહણ કરીને, અન્ય ધર્મો તરફ ઉદાસીન ભાવ રાખીને તે વસ્તુ આદિનો વિચાર કરવો તેને નય કહે છે.

પ્રમાણનો અંશ જોવો, વિચારવો તે નય છે.

નય એટલે અમુક અપેક્ષાએ. અર્થાત્ કોઈપણ વિષયની સાપેક્ષપણે વિચારણા કરવી તે નય છેઃ

નય સાત પ્રકારના છે.

૧ **નૈગમ નય** : કોઇપણ વસ્તુમાં અંશમાત્ર ગુણ હોય તો પણ તેને પૂર્ણ માનવી અને નામ પ્રમાણે પૂર્ણ ગુણ હોય તો પણ તે વસ્તુ માનવી તે નૈગમ નય છે. આ નયમાં ધર્મ અને ધર્મીમાંથી કોઇ એકને ગૌણરૂપે અને બીજાને મુખ્યરૂપે વિચારવામાં આવે છે.

દા. ત ચા પીતાં પીતાં કપડાં પર ઢોળાઇ. માણસ તરત બોલી ઊઠે છે : 'મારું પેન્ટ બગડ્યું.' લખતાં લખતાં નીબ તૂટી ગઇ. માણસ બોલી ઊઠે છે : 'પેન તૂટી ગઇ.'

અહીં વાસ્તવમાં ન આખું પેન્ટ બગડ્યું છે. ન તો પૂરેપૂરી પેન ભુક્કા થઇ ગઇ છે. છતાંય અંશને પૂર્ણ માનીને એમ કહેવામાં આવે છે.

૨. **સંગ્રહ નય** : વિશેષ પદાર્થોને સામાન્યપણે ગ્રહણ કરવું તે સંગ્રહ નય છે. સરળતાથી કહી શકાય કે થોડામાં ઘણું સમજવું તે સંગ્રહ નય છે. આ નયવાળો સામાન્યને માને છે. તે વિશેષને બતાવતો નથી

દા. ત. કોઇ કહે કે ત્યાં બાગ છે. આ સાંભળનાર તરત જ સમજી જાય છે કે ત્યાં ઝાડ, ફૂલ વગેરે બધું છે.

૩. **વ્યવહાર નય** : વસ્તુનો વિગતવાર વિચાર કરવો તે વ્યવહાર નય છે.

દા. ત. સંગ્રહનયવાળો કહે છે કે ત્યાં કાપડની દુકાન છે. વ્યવહાર નયવાળો કહેશે કે ત્યાં અમુક મિલના કાપડની દુકાન છે.

૪. **ઋજુસૂત્ર નય** : માત્ર વર્તમાનકાળનો જ વિચાર કરવો તે ઋજુસૂત્ર નય છે. ઋજુ એટલે સરળ. સૂત્ર એટલે વિચારવું. સરળ વિચારવું. સામે પ્રત્યક્ષ દેખાય તે જ સ્વીકારવું તે ઋજુ સૂત્ર નય છે.

દા. ત. સાધુનો વેષ પહેર્યો હોય પરંતુ સાધુધર્મનું પાલન ન કરતો હોય તો આ નયવાળો તેને સાધુ નહિ કહે.

નવકારવાળી ફેરવતાં માણસ જો ખરાબ વિચાર કરે તો આ નયના હિસાબે તે 'ઢેઢવાડે ગયો' એમ કહેવાય.

૫. **શબ્દ નય** : પર્યાયભેદ હોવા છતાં પણ જે કાળ, લિંગવાચક શબ્દોને એક રૂપ માનવા તે શબ્દ નય છે. આ નયવાળો જુદાં જુદાં નામના શબ્દોના અર્થ પ્રમાણે તે વસ્તુમાં ગુણ છે કે નહિ તે જોતો નથી. તે તો મૂળ નામને જ માને છે.

દા. ત. પુરંદર, શચિપતિ, દેવેન્દ્ર વગેરે ઇન્દ્રનાં ઘણાં નામો છે. પરંતુ આ નયવાળો એ દરેકને ઇન્દ્રને નામે જ ઓળખે છે. એ દરેકનો તે ઇન્દ્ર જ અર્થ ગ્રહણ કરે છે.

મોહ, આસક્તિ, રાગ, મમત્વ, વાસના, પ્રેમ આ બધા પર્યાયવાચી શબ્દો છે. પણ આ નયવાળો દરેકનો અર્થ પ્રેમ જ કરે છે.

૬. **સમભિરૂઢ નય** : દરેક શબ્દનો વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ વિચારવો તે સમભિરૂઢ નય છે. આ નયવાળો શબ્દના મૂળ અર્થને પકડે છે

દા. ત. સ્ત્રી અને પુરૂષનાં સંબંધમાં કામવૃત્તિ ને પ્રવૃત્તિ જણાશે તો આ નયવાળો તેને પ્રેમસંબંધ નહિ માને; પણ વાસનાનો સંબંધ કહેશે.

૭ **એવંભૂત નય** : જે શબ્દ વિદ્યમાન અર્થનો વાચક અને તે અર્થની ક્રિયાકારીમાં બરાબરી રાખે તેને એવંભૂત નય કહે છે. નામ, કામ અને પરિણામ ત્રણેયનો સંપૂર્ણ વિચાર કરવો તે એવંભૂત નય છે.

આ નયવાળો એને જ પોલીસ માને છે કે જે પોલીસની ફરજ બજાવતો હોય. પૂજા જે કરી રહ્યો હોય તેને જ તે પૂજારી કહે છે.

આ સાત નયના કુલ ૭૦૦ ભેદ છે. મુખ્યતયા નૈગમના ૧૦, સંગ્રહના ૬ કે ૧૨, વ્યવહારના ૮ કે ૧૪, ઋજુસૂત્રના ૪ કે ૬, શબ્દના ૭, સમભિરૂઢના ૨ અને એવંભૂતનો ૧ એમ ભેદ છે.

* નય દૃષ્ટિએ ધર્મની વિચારણા :

૧. નૈગમનયી કહે છે : બધા ધર્મ ધર્મ છે.

૨. સંગ્રહનયી કહે છે : મારા વડવા-વડીલોએ આદર્યો તે ધર્મ છે.

૩. વ્યવહારનયી કહે છે : સુખનું કારણ ધર્મ છે. પુણ્યકરણી એ ધર્મ છે.

૪. ઋજુસૂત્રનયી કહે છે : ઉપયોગ સહિત વૈરાગ્ય પરિણામ તે ધર્મ છે.

૫. શબ્દનયી કહે છે : ધર્મનું મૂળ સમકિત છે અને સમકિત એ જ ધર્મ છે.

૬. સમભિરૂઢનયી કહે છે : નવ તત્ત્વને જાણવા, તેનાં જે છોડવાયોગ્ય તત્ત્વ છોડવાં અને આદરવાં યોગ્ય તત્ત્વ આદરવાં તે ધર્મ છે.

૭. એવંભૂતનયી કહે છે : કર્મનો ક્ષય કરાવીને મોક્ષ મેળવી આપે તે ધર્મ છે.

આમ સાત નયથી નવ તત્ત્વને તેમ જ અન્ય બાબતોનો વિચાર કરવાથી સાપેક્ષ-આંશિક સત્યનો સ્વીકાર થાય છે. તેથી વિવાદ રહેતો નથી અને સંવાદ સધાય છે.

* પ્રમાણ :

જેનાથી વસ્તુ બરાબર જણાય અને સમજાય તેને 'પ્રમાણ' કહે છે. સાચું જ્ઞાન થતાં શંકા, ભ્રમ વગેરે દૂર થાય છે અને યથાર્થ સમજાય છે. યથાર્થ સમજને પ્રમાણ ગણવામાં આવે છે.

પ્રમાણ થવાથી જાણવાયોગ્ય જાણી શકાય છે. છોડવાયોગ્ય છોડી શકાય છે, અને આચરવાયોગ્ય આચરી શકાય છે,

પ્રમાણ પણ જ્ઞાન છે. પ્રમાણના ચાર પ્રકાર છે :

૧. **પ્રત્યક્ષ પ્રમાણ** : વસ્તુનું પ્રત્યક્ષપણે જ્ઞાન થવું તે પ્રત્યક્ષ પ્રમાણ છે. તેનાં એકથી વધુ ભેદ અને પ્રભેદ છે.

૨. **અનુમાન પ્રમાણ** : અનુમાનથી, તર્કથી વસ્તુનું જ્ઞાન થવું તે અનુમાન પ્રમાણ. દા. ત. ધુમાડો જોઇને ત્યાં કંઇક બળતું હોવાનું જાણવું. તેના એકથી વધુ ભેદ અને પ્રભેદ છે.

૩. **આગમ પ્રમાણ** : આપ્ત પુરુષો દ્વારા કથિત શાસ્ત્રોથી પદાર્થનું જ્ઞાન થવું તે આગમ પ્રમાણ છે. તેના ત્રણ પ્રકાર છે.

૪. **ઉપમા પ્રમાણ** : ઉપમાથી વસ્તુનું જ્ઞાન થવું તે ઉપમા પ્રમાણ. દા. ત. આગામી ચોવીશીમાં પદ્મનાભ તીર્થંકર થશે તે વર્તમાન ચોવીશીના તીર્થંકર શ્રી મહાવીરસ્વામી જેવા થશે.

* **નિક્ષેપ** :

જ્ઞાનનું વાહન ભાષા છે. અમૂર્ત જ્ઞાન ભાષાના માધ્યમથી મૂર્તરૂપ બની વ્યવહાર્ય બને છે.

ભાષા શબ્દાત્મક છે. સામાન્યતઃ શબ્દોનો અર્થપ્રયોગ ચાર રીતે થાય છે. અર્થપ્રયોગને નિક્ષેપ કહે છે.

કોઇપણ એક નામવાળી વસ્તુમાં ગુણનું કે અવગુણનું અવલોકન કરીને તેનું શુદ્ધ કે અશુદ્ધ સ્વરૂપ પ્રકટ કરવું તેને નિક્ષેપ કહે છે. આ નિક્ષેપ ચાર પ્રકારના છે :

૧. નામ નિક્ષેપ : જે કહેવાથી વસ્તુનો બોધ થાય તેને નામ કહે છે. દા. ત. ટેબલ કહેવાથી ટેબલનો બોધ થાય છે. આ નિક્ષેપના ત્રણ પ્રકાર છે.

૨. સ્થાપના નિક્ષેપ : મૂળ વસ્તુની પ્રતિકૃતિથી જેનો બોધ થાય તેને સ્થાપના નિક્ષેપ કહે છે. દા. ત. ભગવાનની પ્રતિમા કે ચિત્ર જોવાથી ભગવાનનો બોધ થાય છે. આ નિક્ષેપ ૪૦ પ્રકારના છે.

૩. દ્રવ્ય નિક્ષેપ : પદાર્થ તો છે પરંતુ તેમાં નામ પ્રમાણે ગુણ નથી અથવા હજી સુધી ગુણ પ્રકટ થયા નથી તે દ્રવ્ય નિક્ષેપ છે. દા. ત. શાસ્ત્રો કે સૂત્રો ભણે પણ તેનો કંઇ અર્થ સમજે નહિ અથવા શૂન્યચિત્તે ભણે. તેના એકથી વધુ ભેદ અને પ્રભેદ છે.

૪. ભાવ નિક્ષેપ : વસ્તુમાં વસ્તુનો નિજગુણ હોય તેને ભાવ નિક્ષેપ કહે છે. દા. ત. એકાગ્ર ચિત્તે શાસ્ત્રો કે સૂત્રો ભણવાં, તેના અર્થ અને મર્મ જાણવા.

* **પાંચ સમવાય** :

જીવાત્મા જે કંઇ સુખ-દુઃખ અનુભવે છે, તેના જીવનમાં જે કંઇ સૌભાગ્ય કે દુર્ભાગ્ય જોવા મળે છે, તે માટે માત્ર કોઇ એક જ કારણ કે શક્તિ કે ઇશ્વર મુખ્ય નથી. પરંતુ પાંચ કારણની તરતમતાથી જીવનમાં વૈવિધ્ય જોવા અને અનુભવવા મળે છે.

સુખ-દુઃખના કારણના વિવાદમાં સંવાદ સ્થાપિત કરવા શ્રમણ ભગવાન મહાવીરે તદ્દન નવીનપ્રકાર વિચારપદ્ધતિ આપી છે. 'પંચ સમવાય' નામે તે પ્રતિષ્ઠિત અને પ્રચલિત છે.

સમવાય એટલે સમૂહ પંચ એટલે પાંચ. જીવનના વૈવિધ્યમાં આ પાંચ સમૂહનો અવિભાજ્ય ફાળો છે. તે આ પ્રમાણે:

૧. કાળ : સૃષ્ટિનાં તમામ તત્ત્વો પર કાળનું સામ્રાજ્ય છે. દરેક કર્તા અને હર્તા છે કાળ એટલે સમય સમય પાકે જ પરિણામ આવે છે. અકાળે કશું બનતું નથી.

દા. ત. કોઇપણ બીજ વાવો તો તેનું ફળ તરત જ ઊગતું નથી. અમુક કાળ પાક્યા પછી જ બીજ ફળવાળું વૃક્ષ બને છે.

-ગર્ભાધાન થાય કે તરત જ બાળક જન્મતું નથી. અમુક નિશ્ચિત સમયે જ બાળક જન્મે છે.

-સૂર્ય, ચંદ્ર, ભરતી, ઓટ વગેરે સમયની અદ્દલ જાળવે છે.

પરંતુ આટલા માત્રથી કાળ જ સૃષ્ટિસંચાલક અને નિયંતા છે, તેમ માનવું મિથ્યા છે. આ માટે અન્ય કારણો પણ વિચારવાં અનિવાર્ય છે.

૨. સ્વભાવ : જે કંઇ બને છે તેમાં સ્વભાવ મુખ્ય છે. કાળ પાક્યો હોય તો પણ બીને દાઢી-મૂછ ઊગતાં નથી, વંધ્યાને સંતાનપ્રાપ્તિ નથી થતી. કેટલાંક વૃક્ષોને કાળ પાક્યો હોવા છતાંય ફળ ઊગતાં નથી. અર્થાત્ કાળ જ મુખ્ય નથી, સ્વભાવ પણ ભાગ ભજવે છે.

પંખીનો સ્વભાવ છે આકાશમાં ઊડવાનો. માછલીનો સ્વભાવ છે પાણીમાં તરવાનો. કોયલનો સ્વભાવ છે મધુર સ્વરનો. આમ દરેકને પોતાનો સ્વભાવ હોય છે. સ્વભાવ અનુસાર પણ જીવનમાં બહુરંગ જોવા મળે છે.

૩. નિયતિ : બધું જ નિશ્ચિત છે. જે બનવાનું હોય છે તે બને જ છે. તેમાં કોઇ ફેરફાર કરી શકતું નથી. આવું માનવું તે નિયતિવાદ છે.

આ નિયતિવાદી કાળ અને સ્વભાવને માનતો નથી. તે દરેક ઘટનાને નિશ્ચિત માને છે. પ્રયત્ન કરવા છતાંય જે નિશ્ચિત છે તે મિથ્યા નથી થઇ શકતું, એવી તેની એકાંતિક માન્યતા હોય છે.

૪. કર્મ : જેવી કરણી તેવી ભરણી. સારાં કામ કર્યાં હોય તો સારાં ફળ મળે. ખરાબ કર્મ કર્યાં હોય તો ખરાબ ફળ મળે. આમ માનનાર કર્મવાદી કાળ, સ્વભાવ અને નિયતિ ત્રણેયનો ઇન્કાર કરે છે અને કર્મને જ મુખ્ય અને મહત્ત્વનું માને છે.

૫. પુરુષાર્થ : પ્રયત્નથી જ બધું થાય છે. પ્રયત્નથી દુઃખને સુખમાં બદલી શકાય છે. પુરુષાર્થવાદી કાળ, સ્વભાવ, નિયતિ અને કર્મ આ ચારેયનો અસ્વીકાર કરે છે અને માત્ર પુરુષાર્થને જ પ્રાધાન્ય આપે છે.

આ પાંચમાંથી કોઇ એકને મુખ્ય અને અન્યને ગૌણ કરવાં તે મિથ્યાત્વ છે. પરિણામમાં પાંચેયનો તરતમતાએ ફાળો હોય છે.

દા. ત. એક જીવનો મોક્ષ થયો. તેનો મોક્ષ થવામાં ઉપર્યુક્ત પાંચેયનો ફાળો હોય છે.

૧. કાળ પાક્યો એટલે તેને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું.

૨. ભવ્ય જીવોનો જ સ્વભાવ હોય છે કે તે મોક્ષ માટે પુરુષાર્થ કરે.

૩. પુરુષાર્થ કર્યો-સાધના કરી.

૪. કર્મનો ક્ષય થયો.

૫. નિયતિ હતી કે તેનો મોક્ષ થાય એટલે થયો.

આમ પાંચ સમવાય સાથે રહે છે.

ઉપાલંભરસનું કાવ્ય

જયંત કોઠારી

નેમિનાથ વિશે કેટલાંયે ફાગુકાવ્યો રચાયેલાં છે! ઉત્તમ કવિઓના ઉત્તમ કવિત્વનો લાભ આ કાવ્યપરંપરાને મળેલો છે. તોપણ એ બધાંની વચ્ચે કોઈ અજ્ઞાત કવિનું એક નાનકડું 'નેમિનાથ ફાગ' આપણી નજરમાં વસી ગયા વિના રહેતું નથી. વસ્તુ ને નિરૂપણની એવી કેટલીક રસપ્રદ વિશિષ્ટતાઓ એમાં છે

નામ છે 'નેમિનાથ ફાગ' પણ ફાગની દેશીમાં રચાયેલું હોવાથી જ એ નામ અપાયું છે. ફાગુકાવ્યની જેમ એમાં વસંતવર્ણન અને શૃંગારનિરૂપણ નથી, પરંતુ બાર માસની પ્રકૃતિની ભૂમિકામાં વિરહિણી સ્ત્રીના મનોભાવોનું આલેખન છે. એટલે કે વસ્તુની દૃષ્ટિએ એ ફાગુકાવ્ય નથી, બારમાસી કાવ્ય છે.

બારમાસી કાવ્ય ઘણી વાર પ્રકૃતિ અને માનવભાવનો વિરોધ રચે છે ને એ રીતે વિરહિણીની મનોવ્યથાને વધારે તીક્ષ્ણ બનાવે છે. આ કાવ્યમાં પણ એવું એક માર્મિક વિરોધનું ચિત્ર મળે છે:

ભાદ્રવા ભરિ ઊલટ્યઉ, સરોવર લહિર કે જાઇ,
કાયાસરોવર અહ્મ તણુ, વિણુ સામી સીદાઇ.

(ભાદરવામાં પાણીથી છલકાતા સરોવર લહેરે ચડે છે. પણ અમારું કાયાસરોવર તો સ્વામી વિના દુઃખપીડિત બને છે.)

કાવ્યમાં ભેત્રણ સ્થાને તે-તે માસના પ્રકૃતિનું આછું ચિત્ર દોરાયું છે પણ દેખાઈ આવે છે કે, કવિના રસ પ્રકૃતિચિત્ર દોરવામાં નથી, નેમિનાથને ઝંખતી રાજિમતીના હૃદયભાવોને આલેખવામાં જ છે. વિશિષ્ટ માસોને તો એમણે ઘણીવાર માત્ર ખાંટી તરીકે જ વાપર્યા છે

* આસો આશાલૂરડી, હું મેલી અણિ કંતિ,
* કાતી માસ મેલાવહુ નમિ ન કીધઉ આઇ,
* ફગુણિ ફાગ ન મુ ગમઇ, દમઇ તિ મદન સરીર

વિરહશૃંગારના લાક્ષણિક ભાવો આ કાવ્યમાં છે-મનમાં વ્યાપેલો મન્મથ, કઠોર સ્વામી, વિરહનો સંતાપ, રંગરાગ ન ગમવા વગેરે. પણ આ કાવ્યમાં તળપદા નારીભાવની એક સરસ રેખા અંકાયેલી છે તે આપણું ધ્યાન ખેંચ્યા વિના રહેતી નથી:

જિમજિમ સહીઅર સાસરઇ જાતી દેખું, માઇ,
તિમતિમ મોરું મન આવટઇ, કિમઇ ન થાહરિ થાઇ.

(મા, જેમ જેમ મારી સહિયરોને હું, સાસરે જતી જોઉં છું તેમતેમ મારું મન ભટકવા લાગે છે ને તે કેમે સ્થિર થતું નથી.)

પણ આ કાવ્યની તરી આવતી વિશિષ્ટતા છે તે તો નેમિનાથ પ્રત્યેના રાજિમતીના ઉપાલંભો. વાલમ કઠોર હૃદયનો છે એટલું જ કહીને રાજિમતી અટકતી નથી પણ નેમિનાથના વ્યવહાર વિશે એ તીવ્ર ને મર્મવેધક વ્યંગવચનો કહે છે. એ વ્યંગ-વચનોને દૃષ્ટાંતાદિકની મદદથી મળેલી કાવ્યાત્મક અભિવ્યક્તિ પણ ધ્યાનાર્હ છે:

હંસ ભણી મઇ હેલવિઉ, સર ખગમાતુ દીધ,
અંબ ભણી મઇ સેવીઉ, ફલ્ય ધંતૂરા દીધ.

(હંસ માનીને મેં હેળવ્યો ને એણે સ્વર કર્યો ત્યારે બગલાનો. આંબો માનીને મેં સેવ્યો ને ફળ આપ્યાં ત્યારે ધંતૂરાનાં.)

કરંડી કીધઉ, મઇ વહિઉ વાર વિષહર જાણિ
દ્રિષ્ટિ વંચી મુઝ ડસી ગયુ, દેખત રાણોરાણિ.

(ખરેખરો વિષધર-સર્પ જાણીને મેં પટારીને કરંડિયામાં પૂર્યો, પણ સૌ રાણારાણીના દેખતાં નજર ચૂકવીને એ મને ડસી ગયો.)

કહીએ ઇશ્વર કૂડીઉ, ગંગ વહઇ સિરિ કીધ,
તિહિ પાહિ તું આગલુ કર અવિકેરુ દાહ,

(ઇશ્વર-શંકર ભગવાન તો કૂડકપટભર્યા કહેવાય. એમણે ગંગાને લઈને મથે ચડાવી દીધી પણ તું તો એનાથી પણ ચડયો. મને કેવી ભારે બળતરા કરાવી!)

રાજિમતી પોતાની વ્યથાને વાચા આપતાં-આપતાં નેમિનાથને એકાદ હળવો ઉપાલંભ આપી દે એવું તો આ વિષયનાં ઘણાં કાવ્યોમાં જોવા મળતું હોય છે પણ હતાશાની મારી રાજિમતી આવા તીક્ષ્ણ કંઈકભર્યા ઉદ્‌ગારો કરે એવું અન્યત્ર જોવા મળવું મુશ્કેલ છે.

નેમિનાથે રાજિમતીનો ત્યાગ કરી સંયમનો કઠોર માર્ગ સ્વીકાર્યો અથવા એમ પણ કહેવાય કે રાજિમતીને છોડીને સંયમશ્રીને વર્યા નેમિનાથના આ વ્યવહાર વિશે રાજિમતી કેવા ધારદાર કટાક્ષો કરે છે!-

રાજહંસ પરમનિ રઅહુ, કિમઇ ન આવઇ હેઠિ,
માનસરોવર પરિહરી, છીલ્લર ઊપરિ દ્રેઠિ.

(રાજા રાજહંસ પર્વત પર જ રહે છે ને કેમેય નીચે આવતા નથી ત્યારે આપણે તો માનસરોવરને છોડીને છીલર (રાજસ્થાનનું એક સામાન્ય સરોવર) ઉપર દૃષ્ટિ કરી.)

આસો આશાલૂરડી હું મેલી અણિ કંતિ,
મધુકર માલતી પરિહરી, પાખિ પુંઠિ ભમતિ.

(આસો માસ છે. આશાલુબ્ધ એવી મને આ કંથે છોડી દીધી છે. જાણે કે ભમરો માલતીને તજીને પારધિપુષ્પ પાછળ ભમવા લાગ્યો.)

કરહુ સહિજિ કુમંચીઉ, મુહવાદિ કરીરિ,
ગલી દ્રાખ જુ પરિહરી. કંટકિ લઇ સરીરિ.

(એને સાચે જ કુબુદ્ધિ-મૂર્ખ કહેવો જે મુખમાં કેરડા મૂકે ને મીઠી દ્રાક્ષને મૂકીને શરીરને કાંટા લગાડે.)

ચૈત્રિ ન ચેતઇ કંતહુ, સવિ ફૂલી વણરાઇ,
પાડલ પરિમલ અહિકતુ, મૂરખ મેલી જાઇ.

(ચૈત્રમાં કંથ ચેતતો-સમજણ બતાવતો નથી. સર્વ વનરાઈ ખીલેલી છે ને એ મૂરખ પાટલકૂળની અહેકતી સુગંધને તજીને જાય છે.)

આ કટાક્ષોમાં એક બાજુથી મૂર્ખાઈનો આક્ષેપ છે, તો બીજી બાજુ ભ્રમરવૃત્તિનો-ચંચળતાનો આક્ષેપ છે એ જોઈ શકાય છે.

આમ આ કાવ્ય ઉપાલંભોથી છલકાતું કાવ્ય બની જાય છે ને એમાં એક વિશિષ્ટ રસસૃષ્ટિનું નિર્માણ થાય છે.

કાવ્યની અભિવ્યક્તિની એક બીજી તરાહ પણ નોંધપાત્ર છે. આખું કાવ્ય રાજિમતીના ઉદ્‌ગારરૂપે છે જે ઘણાં બારમાસી કાવ્યોનું લક્ષણ છે. પણ અહીં સંબોધ્ય બદલાયા કરે છે. ક્વચિત એમાં આત્મકથન છે, એક વાર માને તો ઘણીવાર નેમિનાથને ઉદ્દેશીને કથન થયું છે. તે ઉપરાંત, પ્રાકૃતિક પદાર્થોને પણ સંબોધન છે. મોરને રાજિમતી કહે છે – તું મધુર અવાજ ન કર.

અષાઢના ઊમડતા મેઘને પણ કહે છે – હે પાપી, ગાઢી ગર્જના કર, છાનો વરસ.

પણ આથીયે આગળ જઈને કવિએ, આ પરંપરાના કાવ્યોમાં જોવા ન મળતી એક વિલક્ષણ યોજના કરી છે. એમણે રાજિમતીનો કૃષ્ણ સાથેનો નાનકડો સંવાદ આમાં ગૂથી લીધો છે. કૃષ્ણ જાણે રાજિમતીને આશ્વાસન આપતાં કહે છે, તારો સ્વામી મળશે. પણ રાજિમતી એને ઉત્તર આપે છે !–

જાણઉં યાદવ કૂડીઉ, હું આમહ મન માંહિ,
સોલ સહસ ગોપીયણી, મૂરખ તેડી મ વહિ

(યાદવ કૂડો છે એ મેં પહેલેથી જ મારા મનમાં જાણ્યું છે. સોળ સહસ્ર ગોપીઓના ધણી, મૂરખ માનીને મને બનાવીશ નહીં.)

અહિં પણ ઉપાલંભ ને વ્યંગવચન વિના કવિને ન ચાલ્યું ! પછી આ કાવ્યને ઉપાલંભરસતું કાવ્ય ન કહીએ તો શું કહીએ ?

ભાવ-ઉદ્ગારની આ વિલક્ષણ સૃષ્ટિમાંથી રાજિમતીનું પણ વિલક્ષણ વ્યક્તિત્વ ઊપસે એમાં નવાઇ નથી. આ વિષયનાં અન્ય કાવ્યોમાં રાજિમતીનું વિરહપીડિત પણ નેમિનાથ પ્રત્યે અચલ નિષ્ઠા ને વિશ્વાસ ધરાવતું, મૃદુકરુણ વ્યક્તિત્વ પ્રગટ થતું હોય છે. ત્યારે અહીં તો રાજિમતી આપણી સમક્ષ એક ધવાયેલી ને વ્યંગનિદગ્ધ તીખી નારી તરીકે આપણી સમક્ષ આવે છે. કાવ્યની ભાવસૃષ્ટિ મૃદુકરુણ નહીં પણ કટુવિકટ છે.

આ ભાવસૃષ્ટિ લૌકિક છે એમાં શંકા નથી. કાવ્યના રચનાર કોઇ જૈન મુનિ હોવાનો સંભવ છે. એમને આ લૌકિક ભાવ ચરમ ઉદ્દિષ્ટ ન હોઇ શકે. રાજિમતીની કથા પણ એ સ્થિતિને અવકાશ ન આપે. આથી, કાવ્યની છેલ્લી કડીમાં એક કૂદકો મારીને કવિ આપણને એકાએક ક્યાં લઇ જાય છે ! એ કહે છે કે તપજપસંયમપૂર્વક જીવન ગાળી, કાયાને નિર્મળ કરી રાજિમતી નેમિનાથની પહેલાં મુક્તિદશાને પામી એમ કહી શકાય કે લૌકિક ભાવની ભરતીમાંથી પસાર થઇને રાજિમતી સંયમને માર્ગે ચડી ને મુક્તિદશાને પામી, પરંતુ રાજિમતીનું આ અવસ્થાન્તર અહીં સ્વાભાવિક ક્રમે થતું બતાવાયું નથી. કવિનો મુખ્ય કવનવિષય તો પેલી લૌકિક ભાવની ભરતી જ રહ્યો છે.

ધર્મ : માનવતાના વિકાસનું સાધન

© ડૉ. શેખરચન્દ્ર જૈન

પર્યુષણને ધર્મારાધનાના દિવસો માનવામાં આવ્યા છે. આપણે બધા જોઇએ છીએ કે ધાર્મિક ક્રિયાઓનું પૂર આવી જાય છે. આખું વર્ષ મંદિરની ગલીમાં પણ ન જનારો જૈન પણ ઓછામાં ઓછું, ઘર-કુટુંબ-સમાજના માણસો જુએ, એ માટે પણ મંદિર તરફ વળી જાય છે. આખો દિવસ પોતાના ધાર્મિક હોવાની ઘોષણા માટે ફેસરનો ચાંદલો કરીને પણ ફરે છે. મન ભલે ગમે ત્યાં ફરતું હોય પણ માળા ફેરવી લે છે. ઉપવાસ કરીને ભૂખ પણ સહન કરી લે છે, પણ પ્રશ્ન એ થાય છે કે શું આ જ ધર્મ છે ? હું મારો ઉત્તર આ રીતે રજૂ કરવા ઇચ્છીશ કે આ બધી ધર્મના નામની ક્રિયાઓ છે ધર્મ નહીં. આજે ધર્મના મર્મને સમજ્યા વિના કરવામાં આવી રહેલી આ ક્રિયાઓથી ધર્મ દંભાતો જઇ રહ્યો છે. ક્રિયાઓ પણ કેવી ? ખાલી દેખાદેખી, ધર્મના ભાવને, એની ભાવનાને સમજ્યા વિના કરવામાં આવતી. જેમ જીવવિનાનું શરીર મહત્ત્વહીન છે, તેમ ધર્મની ભાવના યા નિષ્ઠાને જાણ્યા-સમજ્યા વિના કરવામાં આવેલી આ ક્રિયાઓ નિરર્થક છે. પણ આનો અર્થ એ નહીં કે ધાર્મિક ક્રિયાઓ કરવામાં જ ન આવે. જો આ ક્રિયાઓને એમાંના ભાવોને સમજીને, એમને જીવનમાં પ્રયોગાત્મકરૂપે ઢાળીને કરવામાં આવે તો એ ધર્મના તત્ત્વોની પોષક બનશે. મનને શાંતિ પ્રદાન કરશે. દા. ત. 'ઉપવાસ' એટલે ખાલી ભૂખ્યા રહેવું એ જ નહીં પણ જીભ અર્થાત્ રસના ઇન્દ્રિય પર સંયમ રાખીને ચિત્તની પ્રસન્નતા સાથે ભગવત્ભક્તિ કરતાં કરતાં ભૂખ પર વિજય મેળવવો.

સાચું તો આ છે કે આજે આપણે ધર્મની વાસ્તવિકતાને ભૂલીને માત્ર ધર્મના નામને ચીલે જ ચાલી રહ્યા છીએ. ધર્મ જાણે કે આપણા જીવન કે દૈનિક વ્યવહારથી કોઇ અલગ જ વસ્તુ છે, આવું માનવા લાગ્યા છીએ. આપણે 'ધર્મ"નો ઉપયોગ બહુ જ છીછરી રીતે કરવો શરૂ કર્યો છે. કયાંક ઇસ્લામ ખતરામાં છે, તો કયાંક હિન્દુત્વની રક્ષાને માટે હથિયાર વહેંચવામાં આવી રહ્યાં છે. આરબ-ઇઝરાયલ યુદ્ધ કે પંજાબમાં હિન્દુઓની હત્યા વગેરે કામો શું ધાર્મિક કામો કહેવાશે ? આપણે ખરા અર્થમાં ધર્મની વ્યાખ્યા જ નથી સમજી. ધર્મને નામે ઉછરતી સાંપ્રદાયિક ઘૃણાત્મક વાતોને જ ધર્મ માની લીધો. ધર્મની સાથેના નિન્દ્યમણને જ ધર્મની મહત્તા આપી દીધી. વાસ્તવમાં આપણે ધર્મથી ગાઉના ગાઉ છેટા છીએ.

સંક્ષેપમાં ધર્મની પરિભાષાને સમજીએ તો ધર્મ એ તત્ત્વ છે જે વસ્તુના સત્ય કે વાસ્તવિક સ્વરૂપને જાણવા-સમજવાની ક્ષમતા પ્રદાન કરે છે ધર્મની પરિભાષા કરતાં આચાર્યોએ વસ્તુના સ્વરૂપને ધર્મ કહ્યો. ધર્મ એવું શુદ્ધ સોનું છે જેને કોઇ પણ અગ્નિમાં તપાવવામાં આવે તોય શુદ્ધ સોનું જ રહે. ધર્મનો પર્યાય જ સત્ય છે, ઇશ્વર છે.

જ્યારે આપણે સત્ય અને ઇશ્વરની વાત કરીએ છીએ, ત્યારે આપણું પ્રયોજન ઇશ્વરના એ રૂપથી છે જે કરુણા, દયા, ક્ષમા, મમતા અને વાત્સલ્યયુકત છે, જેનો પ્રાણી માત્ર પ્રત્યે સ્નેહ છે, જેમાં કષાય બનાવટ, છળ, ઇર્ષ્યા નથી. એટલે જ મહાપુરુષોએ સત્યને ધર્મ અને ધર્મને સત્ય કહ્યો છે. આ જ શબ્દ જૈનદર્શનમાં ભેદવિજ્ઞાનની દૃષ્ટિનો વાચક છે. બીજા શબ્દોમાં કહીએ તો ધર્મ સાધ્ય છે, મંજિલ છે, ચરમ લક્ષ્ય છે, અને ધાર્મિક ક્રિયાઓ રસ્તા છે, સાધન છે. માર્ગનું સંબલ છે. સંપ્રદાય સંકુચિત મનોવૃત્તિથી જન્મેલું ખરૂ છે. મિત્રો ! આખો ઇતિહાસ સાક્ષી છે કે ધર્મે મનુષ્યને જોડયો છે અને સંપ્રદાયે એને તોડયો છે. ઉપર મેં ધર્મના પર્યાયરૂપે ઇશ્વરની તેજોમય શક્તિની કલ્પના કરી છે. જેને કરુણા, દયા, ક્ષમા વગેરે ગુણોનો પ્રતીક કહેવામાં આવ્યો છે. ત્યારે એક સ્વાભાવિક પ્રશ્ન છે કે આ ગુણોનો પ્રયોગ કોના દ્વારા કોને માટે કરવામાં આવે ? શું ઇશ્વર સીધો આવીને આનો ઉપયોગ કે પ્રયોગ કરશે ? આ સવાલનો જવાબ જ મારા મૂળ વિષયનું પ્રતિપાદન છે. ઇશ્વરની સહુથી ઉત્તમ રચના બુદ્ધિ અને વાણીનું વરદાન પામેલો મનુષ્ય છે. આ મનુષ્ય દ્વારા મનુષ્ય, પ્રાણી, વનસ્પતિ બધા પ્રત્યે કરુણા, દયા, મમતા, વાત્સલ્યનો પ્રસાર જ ઇશ્વરના ગુણોનો પ્રસાર છે, આ જ ધર્મનો પ્રસાર છે અને આ જ માનવતાના ગુણોનું

પ્રતીક છે. આથી આમ કહેવું યોગ્ય ગણાશે કે ધર્મ એટલે આખી માણસજાત જ નહીં, પશુ-પંખી તેમજ વનસ્પતિ વગેરે પ્રત્યે ઉદારતા, સહિષ્ણુતા અને સમતાના ભાવોનો વિકાસ.

થોડું વધારે ઊંડાણથી વિચારીએ તો આપણા ધર્મગ્રંથોમાં આપણી જીવનક્રિયાઓને ધર્મ સાથે કે પાપ-પુણ્ય સાથે શા માટે જોડવામાં આવી ?-આનું કારણ છે કે મનુષ્યે જીવવાને માટે, વ્યવસ્થિત રૂપમાં રહેવાને માટે સમાજ-વ્યવસ્થાના જે નિયમ બનાવ્યા એમાં સ્ખલન ન આવે એટલા માટે એમને ધર્મની સાથે જોડવામાં આવી. ધર્મનું ઉલ્લંઘન કે સ્ખલન નરકની સાથે જોડાયું અને નરક એટલે અપાર શારીરિક-માનસિક કષ્ટોનું સ્થાન. પરિણામે મનુષ્ય નરકને ભયે ધર્માચરણને દૃઢતાથી પાળવા લાગ્યો. આ સામાજિક નિયમો જ ધર્મના નિયમો બન્યા કે જે સમાજ-સંચાલનને માટે જરૂરી હતા.

આપણે ત્યાં સ્વર્ગ અર્થાત્ સુખ, સમૃદ્ધિ, સૌંદર્ય તેમ જ શાંતિનું પ્રતીક છે. નરક દુઃખ, વેદના કદરૂપાપણાં તેમ જ સંત્રાસનું પ્રતીક મનાયું છે. એક ગરીબ કુટુંબ છે. ઘરમાં દાદા-દાદી, મા-બાપ, ભાઈ-ભાભી બહેન-બધાં સાથે રહે છે. બધાં પોતાની શક્તિથી મજૂરી કરે છે. દાદાનું કહેવું બધાં માને છે. એમની આજ્ઞા બ્રહ્મવાક્ય છે. ઘરમાં સાસુ-વહુ વચ્ચે મા-દીકરી જેવો વ્યવહાર છે. સાંજે બધાં પોતાની મજૂરીની કમાણી દાદાજીના હાથમાં મૂકી દે છે. લૂખું-સૂકું બધાં સાથે બેસીને ખાય છે. સુખેથી રહે છે.

બીજું ઘર શ્રીમંત ધનવાન કુટુંબ છે. ઘરમાં નવી ફેશન ને આધુનિકતાને નામે કોઈ વડીલનું કહ્યું નથી માનતા, ઊલટું એમને જૂની પેઢીના પુરાણપંથી માનીને એમનું સાંભળતા નથી. છોકરા દારૂડિયા છે, તો છોકરીઓ ફૂલફટાક બનીને ચારિત્રિક રૂપે સ્ખલિત થઈ રહી છે. સાસુ-વહુમાં કજિયા છે. ધંધામાંથી પોત-પોતાનું પચાવી પાડવાના પેંતરા છે. બધા એકબીજા પ્રત્યે સાશંક છે. ઘરમાં નિરંતર કલહ થતો રહે છે.

આ બે કુટુંબોનાં દૃશ્ય આપની સામે છે. કહો, સ્વર્ગ ક્યાં છે અને નરક ક્યાં છે ? આપ સહેજે કહેશો, કે ગરીબને ઘરે જ્યાં શાંતિ છે, ત્યાં સુખ છે. અમીર પાસે ધન હોવા છતાં શાંતિ, વિશ્વાસ અને પ્રેમ નથી, એટલે નરક છે તો સાર એ જ નીકળ્યો કે જ્યાં પ્રેમ અને વિશ્વાસ છે ત્યાં માનવતા છે, અને જ્યાં માનવતા છે, ત્યાં જ ધર્મ છે. જ્યાં માનવતા નથી ત્યાં ધર્મ નથી ટકી શકતો.

માણસ જન્મે મનુષ્ય કે માનવ ભલે રહ્યો, પણ જ્યાં સુધી એનામાં માનવતાના ગુણોનો વિકાસ નથી થતો ત્યાં સુધી એ પૂર્ણ માનવ ન કહેવાઈ શકે. આ માનવતાના વિકાસમાં ધર્મ જ વધારેમાં વધારે યોગ આપનારું તત્ત્વ છે. ધર્મ આ રીતે કર્તવ્ય-નિષ્ઠા, વિશ્વાસ, શાંતિનું જ બીજું નામ છે

સહુથી પહેલાં મેં ધર્મને વસ્તુનું સત્ય સ્વરૂપ કહ્યો. આને આ રીતે પણ કહી શકાય, કે પ્રાણીમાત્રનો સ્વભાવ જ એનો ધર્મ છે. જે રીતે લીમડાને દૂધથી ગમે એટલો સીંચીએ, તોય કડવાપણું જ એનો સ્વભાવ રહેશે. આંબાના ઝાડને કડવું પાણી રેડવા છતાં એ પોતાનો સ્વભાવ નહીં બદલે. અગ્નિનો સ્વભાવ ગરમ છે, તો પાણીનો શીતળ. આ જ રીતે મનુષ્યનો મૂળ સ્વભાવ તો ઉત્તમ ગુણોવાળો મનાયો છે. પણ દુર્ભાગ્યે મનુષ્યે પોતાના એ સ્વભાવને જ છોડી દીધો છે, જ્યારે સંસારના કોઈ પ્રાણી કે વનસ્પતિએ પોતાનો સ્વભાવ નથી છોડ્યો. આ મૂળ સ્વભાવ કે ધર્મનો ત્યાગ જ એના વર્તમાન પતનનું મૂળ કારણ છે.

તત્ત્વાર્થસૂત્રમાં પૂ. ઉમાસ્વામીએ મનુષ્યના આત્માના ધર્મોનો ઉલ્લેખ કરતાં કહ્યું છે-'ક્ષમા માર્દવ આર્જવ સત્યશૌચ-સંયમતપત્યાગ આકિંચન્યબ્રહ્મચર્યધર્માઃ' જુઓ, આચાર્યએ કર્યાંય પૂજા-ભજન કે ક્રિયાને ધર્મ ન કહીને માનવના આત્માના મૂળ સ્વભાવ, એના વ્યવહારને પૂર્ણ માનવતામાં પરિવર્તિત કરનારા ગુણોને જ ધર્મ કહ્યો છે મનુષ્યમાં ક્ષમા, નિરભિમાનતા, નિષ્કપટતા, સત્યભાષણ, મનની પવિત્રતા, વૃત્તિઓ (ઇન્દ્રિયો)નો સંયમ, ઇન્દ્રિયોની સ્થિરતા પછી આંતરિક અને બાહ્ય બાર પ્રકારનાં તપ, સમ્પૂર્ણ અપરિગ્રહ તેમજ ઉત્તરોત્તર ઊંચે જતાં જતાં સમ્પૂર્ણ ભોગ-સામગ્રીનો ત્યાગ તેમજ આખરે બ્રહ્મચર્ય વ્યાવહારિક તેમ જ આત્મામાં રમણ કરવાને જ ધર્મ માન્યો છે

જો મનુષ્ય ગુસ્સો કરવો છોડી દે તો એની અનેક દુર્ભાવનાઓ ખતમ થઈ જાય. ક્રોધ મનુષ્યને આંધળો બનાવી દે છે. વિવેક હણાઈ જાય છે વાણીનો સંયમ તૂટી જાય છે અને એ એવાં હિંસાત્મક કામ કરી બેસે છે કે એનું કુપરિણામ જન્મજન્માંતરો સુધી ભોગવે છે. આ જ રીતે અભિમાન કે અહમ્ મનુષ્ય પાસે અનેક કુકૃત્ય કરાવે છે. નાની નાની બાબતોના ઝઘડા આ અહમ્ને લીધે જ પેદા થાય છે. સાચું પૂછો તો બધા સંબંધોને તોડવાનું કારણ આ અહમ્ બની જાય છે. 'ઇગોની' પુષ્ટિને માટે એ કયો કુપથ નથી અપનાવતો ? મનુષ્યના મનને કાચ જેવું સ્વચ્છ અને નિષ્કપટ માનવામાં આવ્યું છે. એ દગાબાજી કે છળ નહીં કરે એવો એની માનવતાનો ગુણ માનવામાં આવ્યો છે. પણ આજે આપણે મુખવટાની જિંદગી જીવવાવાળા કેટલા કપટી છીએ! આપણે દરેકની સામે વ્યવહાર તો એવો કરીએ છીએ કે જાણે એને માટે જીવ કાઢી આપશું. પણ વાસ્તવિકતામાં એનાં જ મૂળિયાં ખોદી નાખીએ છીએ. આ જ છે આપણી વર્તમાન સભ્યતા. એટલે તો કોઈ કવિએ કહ્યું છે-

આદમીમેં બસ કહર વિષ ભર ગયા હૈ,
વિષધરોંકા વિષ હી સારા ઝર ગયા હૈ.
કલ સુનોગે, આદમી કે કાટનેસે-
રાસ્તેમેં સાંપ કોઈ મર ગયા હૈ.

કપટનો સંબંધ અહમ્ અને અસત્ય બન્ને સાથે હોય છે. અસત્યવાદિતા આજે સહુથી વધારે પાંગરી રહી છે. આપણે ડગલે ને પગલે સમ ખાઈને ખોટાનું સાચું કરી રહ્યા છીએ. પણ વિશ્વાસ રાખો, અસત્યનો ભાંડો ફૂટે જ છે. અસત્ય બોલનારો પહેલાં પોતાને ઠગે છે, પછી બીજાને. એક જૂઠાણાને છુપાવવાને માટે એ અનેક જૂઠાણાં બોલે છે જ્યાં સુધી માણસમાં હિંસા, અહમ, કપટ ને જૂઠું બોલવાની વૃત્તિ રહેશે, ત્યાં સુધી તે પવિત્ર નહીં બની શકે. એની માનવતાનો વિકાસ ન થઈ શકે. પવિત્રતાનો સંબંધ માત્ર સ્નાન અને ધોયેલાં વસ્ત્રોના ધર્મ પૂરતો સીમિત નથી પરંતુ, આપ સ્નાન કરીને પૂજન માટે જઈ રહ્યા છો, રસ્તામાં એક પીડાથી કણસતી, ગંધારું લોહી ઝરતી વ્યક્તિના વ્રણ સાફ કરો છો તો આપે સાચા, પવિત્ર માનવતાના ધર્મનો નિર્વાહ કર્યો છે, અહીં પાવનતા મન અને સેવાની છે દુઃખીની સેવા ખરેખર પ્રભુસેવા છે.

પોતાની ઉચ્છૃંખલ ઇન્દ્રિયો પર સ્વયંનો સંયમ અમલી જેણે કર્યો એ જ સ્વાધીન છે, એજ જિન છે, એ જ સાચો જૈન અને સાચો માનવ છે. માનવતાના શિખરેથી પતનના ખાડામાં ધકેલનારી મોં-બળુકી ઇન્દ્રિયોના ઘોડા પર જો સંયમની લગામ ન લગાવવામાં આવે તો આપણી માનવતા કોઈ પણ ક્ષણે પશુતામાં ફેરવાઈ શકે છે. વાણી અને

આચરણનો સંયમ જો વ્યક્તિમાં ન હોય તો એ વ્યભિચારી-અનૈતિક બધાં ખોટાં કામ કરશે-આવો મનુષ્ય, મનુષ્ય-શરીરધારી હોવા છતાં પણ અમારી દૃષ્ટિએ પશુ યા રાક્ષસ છે.

જૈન દર્શનમાં આ ૬ આત્માના ધર્મો યા આચરણોને મનુષ્યને બાંધવા અર્થાત્ સ્વાધીન યા આત્મપ્રદેશમાં વાળવાની દિશા દેનારા કહ્યા છે. મનુષ્ય જ્યારે આ સંયમને સમજી લે છે ત્યારે એની વિવેકદૃષ્ટિ યા દિવ્યદૃષ્ટિ ખૂલે છે. એ પરિગ્રહથી મુક્ત થવાને માટે તત્પર બને છે અને 'તપ' ભણી વળે છે. અહીં તપનું તાત્પર્ય પરંપરાગત શરીર સૂકવવું કે એને કષ્ટ દેવું એવું નથી પણ પ્રાણીમાત્રની સેવા કરતાં કરતાં સ્વયંને કષ્ટ આપીને પણ વિશ્વકલ્યાણને માટે તત્પર થવાનું કહ્યું છે. એમ પણ કહ્યું છે-'इच्छानिरोधस्तपः' અર્થાત્ ઇચ્છાઓને રોકવી એ જ તપ છે. મનુષ્યની ઇચ્છાઓ ક્રમશઃ જ્ઞાનસાઓ અને એષણાઓ બન્ને છે. આની પૂર્તિને માટે મનુષ્ય આજીવન કરણીય-અકરણીય કામ કરતો રહે છે. સ્વાર્થપૂર્તિને માટે એ પરહિત કરવામાં પણ નથી અચકાતો. આ 'તપ'ની ભાવનાના પ્રાદુર્ભાવની સાથે ત્યાગ અર્થાત્ અપરિગ્રહનું ઉત્કૃષ્ટ સ્વરૂપ પ્રગટ થવા લાગે છે. ભગવાન મહાવીરનો સમતાવાદ આ જ તથ્યનું પ્રયોગાત્મક સ્વરૂપ છે. મનુષ્યની માનવતા એટલી જ્વલંત યા તેજોલેશ્યામય બની જાય છે કે એનામાં યત્કિંચિત પણ સ્વાર્થ રહેતો નથી આવો પુરુષ ધન-ધાન્ય ત્યાગીને અકિંચન હોવા છતાં પણ સંસાર પ્રત્યે અગાધ કરુણા-ક્ષમાનો સાગર બની જાય છે. માનવતાનો ચરમોત્કર્ષ છે એનું ચરાચરમાં એકરૂપ, બ્રહ્મરૂપ બની જવું. આધ્યાત્મિક ભાષામાં બ્રહ્મમાં રમણ કરવું. વ્યાવહારિક દૃષ્ટિએ બ્રહ્મચર્યવ્રતમાં આરૂઢ થવું. મનુષ્યની વાણીની ઉચ્છૃંખલા અને ભોગોની તીવ્ર ઇચ્છા એના પતનના સહુથી મોટાં કારણો છે. ગાંધીજીએ વાચ - કાયાના સંયમ પર આ માટે જ સહુથી વધુ ભાર મૂક્યો. ચારિત્રભ્રષ્ટ હંમેશાં તિરસ્કાર જ પામે છે. શરીરના રોગ, દંડ અને રાજદંડ ભોગવે છે. આ માટે જ જૈનદર્શનમાં જ્ઞાન અને દર્શનને ત્યારે જ પૂર્ણ માન્યું છે જ્યારે એ ચારિત્રથી વિભૂષિત હોય. ચારિત્રને જ સર્વશ્રેષ્ઠ ધર્મ કહ્યો છે. આનું કારણ પણ આ છે કે જ્ઞાનદર્શનનું પ્રયોગાત્મક રૂપ ચારિત્ર જ છે. જો ચારિત્ર દૃઢ હોય તો બધાં જ્ઞાન શીખી શકાય છે.

મનુષ્ય આજે બાહ્ય ભૌતિક સુખોના ઝાંઝવાને માટે જૂઠ અને ચોરીની વધુ નજીક પહોંચી રહ્યો છે. ઓછું જોખવું, કાળાબજાર, ભેળસેળ, દાણચોરી, કરચોરી, પારકાનું પચાવી પાડવાની વૃત્તિ આદિ ઘૃણાજનક કાર્યો કરી રહ્યો છે. પૈસા માટે ભ્રષ્ટાચાર-જાસૂસી જેવા દ્રોહી કાર્યો કરીને માનવતાનાં મૂળ ઉખેડી રહ્યો છે.

અસીમ લાલસાઓ જ કુકૃત્યોની જનની છે. મનુષ્ય મનુષ્યના લોહીનો તરસ્યો શા માટે બની રહ્યો છે ?- કેમ કે એને બધાં સુખ પોતે જ ભોગવવાં છે આપણે સહુ સુખી થઇએ-'सर्वे भवन्तु सुखिनः'ની માનવતાનું સૂત્ર ખોવાઇ ગયું છે. 'कोई भी भूखा ना रहे, साधु न भूखा जाय'-ની ભાવના મરી ગઇ છે. 'दोनों हाथ उलीचिये यह सज्जन का काम' પર કુઠારાઘાત થઇ ગયો છે. આથી આ વ્રતોનું અણુરૂપમાં પણ પાલન કરીને ખોવાયેલી માનવતાને પુનઃ પ્રાપ્ત કરવી છે. ભૌતિક સાધન માનવતાના વિનાશનાં સાધન બની રહ્યાં છે. એટલે ઉપર જેને આપણે માનવનો ધર્મ કહ્યો છે એનો પુનઃ વિકાસ કરવો પડશે; માનવતાના ઉન્નયનનું સાધન બનાવવું પડશે.

ભારતીય સંસ્કૃતિમાં ધર્મ-અર્થ-કામ અને મોક્ષ ચાર પુરુષાર્થોની વાત કરવામાં આવી છે. ત્યાં પ્રારંભ ધર્મથી છે અને લક્ષ્ય મોક્ષ છે આચાર્યોએ ઊંડાં ચિંતન-મનન પછી આ સૂત્ર આપ્યું હતું. એમનો ઉદ્દેશ્ય એ હતો કે આપણે 'अर्थ' અર્થાત્ ધનની પ્રાપ્તિ ધર્મથી કરીએ. આપણે ધનોપાર્જન જીવન-ગુજરાનને માટે એવી રીતે કરીએ કે જેનાથી ઓછામાં ઓછી હિંસા-જૂઠાણું ચોરી કરવી પડે. શોષણને સ્થાન ન હોય, અન્યનાં ધન-વસ્તુ હડપવાનો હીનભાવ ન હોય, આ જ રીતે 'काम' અર્થાત્ આપણાં જીવનવ્યવહારની ક્રિયાઓ સંયમપૂર્ણ હોય, આપણે વિનાશી ન બનીએ. પતિ-પત્નીનો સંબંધ પ્રેમબંધનનો હોય. તેઓ ધર્મની ધુરાનું સંયમથી વહન કરે. ઉત્તમ ગુણધારી સંતાનની પ્રાપ્તિ કરે. અંતે ધર્મની આરાધનામાં સંસારથી મુક્ત થઇને નિષ્કામભાવે મુક્તિ અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરે. અહીં ધર્મનો અર્થ નીતિ, સંયમ અને સાધના થયો. આજે જ્યારે ધર્મ અને રાજનીતિના સમન્વયની વાત થાય છે તો લોકો નાકનાં ટીચકાં ઊંચા ચડાવે છે. ધર્મવિહીન રાજનીતિ હંમેશાં સ્વાર્થ, ભ્રષ્ટાચાર, સત્તાલોલુપતા તેમ જ શોષણને જન્મ આપે છે. આજે રાજનીતિ અને રાજનેતા જેટલાં બદનામ છે, એટલા કદાચ કયારેય નહોતાં. જ્યારે રાજા ધર્મથી યુક્ત રાજનીતિનો વાહક હતો ત્યારે તે ત્યાં ધર્મના પ્રયોગ અને પ્રજાના કલ્યાણનો પ્રતીક હતો. આજના શાસક પ્રજામાંથી ચુંટાવા છતાંય પોતાનું જ કલ્યાણ કેન્દ્રમાં રાખે છે. રાજનીતિના સંદર્ભમાં ધર્મ-નૈતિકતા અને કર્તવ્યનિષ્ઠા અને સેવાનો પ્રતીક હોવો જોઇએ. ગાંધીજી જેવા નેતા પ્રજાની શ્રદ્ધા પ્રાપ્ત કરી શકયા એનું કારણ એમનો ધર્મયુક્ત રાજનીતિનો પ્રયોગ હતો. જ્યારે જ્યારે રાજનેતામાં ધર્મ અર્થાત્ સેવા-કલ્યાણના ભાવ નષ્ટ થઇ જાય છે, ત્યારે સરમુખત્યારશાહી, જંગાલિયત અને અત્યાચાર જન્મ લે છે. આવા રાજનીતિજ્ઞો માનવતાને માટે કલંક બને છે. હિટલર, મુસોલિની કે ખદી અમીન આના પ્રતીક છે.

શિક્ષણ મનુષ્યને મનુષ્યતાના પાઠ ભણાવે છે. એ અબુધ મનુષ્યને સુંદર રૂપ પ્રદાન કરે છે. પરન્તુ આજે ઊલટું જ છે. શિક્ષણમાંથી ધર્મ લુપ્ત છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો આદર અને વાત્સલ્ય ભૌતિકવાદી સંસ્કૃતિમાં નષ્ટ થઇ ગયાં છે. વિદ્યાર્થીમાં સદ્ભાવનાઓ નથી જન્મતી. શિક્ષક પ્રત્યે આદરભાવ નથી રહ્યો. હારણ કે આજે એને શિક્ષણને નામે માત્ર માહિતી જ દેવામાં આવે છે. ચારિત્રિક વિકાસ, સામાજિક વ્યવસ્થા, સંસ્કૃતિના ધર્મથી વંચિત રાખવામાં આવે છે. આ અક્ષરજ્ઞાને એને બૌદ્ધિક બનાવ્યો, પણ એનું કૌશલ હરાઇ ગયું. યુવકસમાજને બેકારી મળી, પૂર્ણ ન થઇ શકે એવી આકાંક્ષાઓ મળી અને અધુનિકતાને નામે વિવેકશૂન્ય યુવક કુંઠા, બેકારીને કારણે કુમાર્ગે ચાલી નિકળ્યા. એમની રાષ્ટ્ર, સમાજ પ્રત્યેની ભાવનાઓ જ મરવા માંડી. અહીં ધર્મ વાસ્તવિક જીવનલક્ષી જ્ઞાનનું પ્રતીક છે. ધર્મ સંસ્કાર અને માનવતાને પલ્લવિત કરવાનું પ્રતીક છે.

ધર્મ અને વિજ્ઞાનને લોકો પરસ્પરવિરોધી માને છે. વાસ્તવમાં તેઓ નથી ધર્મને સમજતા કે નથી વિજ્ઞાનને. વિજ્ઞાન સહુથી વધુ ધર્મનું ઋણી છે; ધર્મ પર આશ્રિત છે; કેમ કે વસ્તુના મૂળ ગુણધર્મ (સ્વભાવ)ને સમજીને જ એ આગળ વધે છે; ત્યારે જ પ્રયોગસિદ્ધિ પણ પ્રાપ્ત કરે છે. આપણે માત્ર શોધખોળોને જ વિજ્ઞાન માની લીધું, પણ એના આધારરૂપ તત્ત્વોને સમજ્યા નહીં, જો આપણે વિજ્ઞાનની ઉપલબ્ધિઓની સાથે એના માનવકલ્યાણની

ઉપયોગિતાને સમજીએ તો આ ભ્રમણા દૂર થઈ જશે વિનાશનાં કારણ બનનારાં વિજ્ઞાનનાં ઉપકરણ વિકાસનાં સાધન બની જશે. વિજ્ઞાનની ઉપલબ્ધિઓને જો સ્વાર્થી, સંકુચિત હાથમાં દઈ દેવામાં આવે તો હિરોશિમાનો વિનાશ જ થાય. જો એનો ઉપયોગ જનકલ્યાણના ધર્મને સમજીને કરવામાં આવે તો એ માનવ-સંસ્કૃતિના વિકાસનું ઉત્તમ સાધન બનશે. વિજ્ઞાનરૂપી મરિતષ્કને ધર્મરૂપી હૃદયથી જોડીએ તો સોનામાં સુગંધ ભળશે.

ધર્મ શબ્દ આ રીતે અનેક રૂપોનો દ્યોતક છે. એ કર્મકાંડ કર્તવ્યનો બોધક છે, કર્યાક દયા-ક્ષમાનો, તો કર્યાક પરોપકારનો, પણ બધા અર્થોમાં એનો મૂળ સ્વર તો માનવતાનો વિકાસ કરવાનો છે.

આજના મનુષ્યની એ વિડંબના છે કે માનવતાના પ્રાકૃતિક એનો મૂળ સ્વર માનવતાનો વિકાસ કરવાનો જ છે. ગુણોથી ઘણો છેટો પડતો જઈ રહ્યો છે. પ્રકૃતિ સાથેના એના સંબંધ વિચ્છેદાઈ રહ્યા છે. આથી આજે ધર્મની વાસ્તવિક વ્યાખ્યા એના જીવનમાં પુનર્સ્થાપિત કરવી પડશે. જે ધર્મ માનવતાનો વિકાસ કરતો નથી, એનું કલ્યાણ કરતો નથી, એ ધર્મ હોઈ શકે જ નહીં. ધર્મ સિવાય એ બીજું ગમે તે હોઈ શકે

આજના ધર્મનો પોકાર એ છે કે આપણે, ઓછામાં ઓછું, માનવ તો બનીએ, કે જે આપણો મૂળ સ્વભાવ છે. *

વ્યક્તિ, પક્ષ, રાષ્ટ્ર અને વિશ્વ

(પૃષ્ઠ ૨૪થી ચાલુ)

હોય ત્યારે ફરજિયાત હાજરી આપવાનું બને છે નહિ તો પાર્લામેન્ટના પણ ઘણાખરા સભ્યોને દેશના હિતના પ્રશ્નોની ચર્ચામાં રસ હોતો નથી. દેશના વિભિન્ન ભાગોમાંથી ચૂંટાઈને દિલ્હીમાં ગયેલા એવા કેટલાક સભ્યોને જ્યારે જોઈએ છીએ ત્યારે લાગે છે કે એમનું સ્થાન એમના જિલ્લામાં જ બરાબર છે. અહીં તો તેઓ અજાણ્યા ક્ષેત્રમાં આવી પડેલા અસમર્થ તેજહીન Misfit જેવા લાગતા હોય છે.

આપણા દેશમાંથી રાજાશાહી નાબૂદ થઈ, પરંતુ લોકશાહીના નામે ઘોળા હાથીઓ ઊંચા સ્થાને બેસી ગયા છે. એનો આર્થિક બોજો સમગ્ર રાષ્ટ્રને ઉઠાવવો પડે છે તે તો ખરું, પરંતુ આવા નવરા લોકો અનેક ખટપટો કરીને દેશનું નખ્ખોદ વળાવે છે. એ નુકસાન પણ જેવુંતેવું નથી.

ભારતમાં લોકશાહી છે. એંસી કરોડ જેટલી જનતાનું રાષ્ટ્ર લોકશાહી ઢબે ચાલે છે. આખી દુનિયામાં મોટામાં મોટી લોકશાહીની દૃષ્ટિએ એ અપૂર્વ સિદ્ધિ છે. પરંતુ લોકશાહી એ સંપૂર્ણ રાજ્યવ્યવસ્થા નથી. અન્ય કેટલાક પ્રકારની રાજ્ય-વ્યવસ્થા કરતાં આ રાજ્યવ્યવસ્થા વધુ સારી છે. જેમ પ્રજા વધુ સુશિક્ષિત, સાધનસંપન્ન, પ્રામાણિક, હિતાહિતનો વિચાર કરવાની શક્તિવાળી તેમ લોકતંત્ર વધુ કાર્યક્ષમ નીવડે જેમ પ્રજામાં ગરીબી અને બેકારીનું પ્રમાણ વધારે તેમ લોકશાહીમાં અપ્રામાણિકતાનું અને નિષ્ઠાના અભાવનું તત્ત્વ વધુ પ્રમાણમાં રહ્યા કરે. ભારતમાં તો જુદા જુદા ધર્મોના, ભાષાઓના અને પ્રદેશોના પ્રશ્નો છે, જે લોકશાહીને વારંવાર કચડી નાખે છે. આ બધું ઓછું હોય તેમ ભારતમાં રાજદ્વારી પક્ષો પણ ઘણા બધા છે. એટલે ભારતની લોકશાહીનાં ચીર બેચવાળા પરિબળો ઘણાં બધાં છે. પરંતુ ચીર પૂરનાર મહાન નેતાઓ કોઈ રહેલા દેખાતા નથી.

લોકશાહીમાં રાજદ્વારી પક્ષ વગર ચાલે નહિ અને પક્ષ પ્રત્યેની વફાદારી દરેક વખતે દેશના હિતમાં જ હોય છે એમ નથી. કેટલાંક રાજદ્વારી નેતાઓ પક્ષના સ્વાર્થને જેટલું મહત્ત્વ આપે છે તેટલું રાષ્ટ્રહિત એમના હૈયે હોતું નથી. દેશનું જે થવાનું હોય તે થાય, અમારો પક્ષ મજબૂત બનવો જોઈએ એવી સંકુચિત ભાવના તેમનામાં પ્રબળ હોય છે.

લોકશાહીમાં વિભિન્ન પક્ષો અને પક્ષીય રાજકારણ મહત્ત્વનો ભાગ ભજવે છે. લોકશાહીમાં વાણીસ્વાતંત્ર્ય હોવાથી મહત્ત્વના પ્રશ્નો વિષે વિભિન્ન મત પ્રવર્તે એ સ્વાભાવિક અને જરૂરી છે. એકસરખી વિચારસરણી ધરાવનાર લોકોના જૂથમાંથી પક્ષની રચના થાય છે. જો પક્ષને સમર્થ અને સંનિષ્ઠ નેતાગીરી સાંપડી રહે તો પક્ષ વૃદ્ધિ પામે છે અને કાળક્રમે બહુમતી પક્ષ બની શકે છે. લોકશાહીમાં એક કરતાં વધારે પક્ષ રહેવાના સાચી લોકશાહીમાં વિરોધ પક્ષનું કાર્ય અને કર્તવ્ય સરકારને સતત જાગૃત રાખવાનું અને એની ભૂલો બતાવવાનું છે. સરકાર જો ગેરમાર્ગે જતી હોય તો લોકમત કેળવીને વિરોધ પક્ષો સરકારને પરાજિત કરી શકે છે અને પોતે સત્તારૂઢ થઈ શકે છે. કેટલાક લોકશાહી દેશોમાં મુખ્ય બે જ પક્ષ હોય છે અને તે બેમાંથી કોઈ પણ એક સત્તારૂઢ બને છે. ભારતમાં લોકશાહી છે અને ભારતીય બંધારણમાં દુનિયાનાં બધાં બંધારણોમાંથી શક્ય એટલાં શુભ લક્ષણોનો સમન્વય કરવામાં આવ્યો છે. એ એના ગુણપક્ષે છે, તો બીજી બાજુ વ્યવહારમાં એ કેટલેક અંશે એના દોષપક્ષે પણ છે; કારણ કે ભારતમાં ઘણા બધા લોકો અશિક્ષિત છે; ઘણા લોકોમાં સાચી સમજદારીનો અભાવ છે; ઘણા બધા લોકો ગરીબ કે બેકાર છે; ભારતમાં ઘણી બધી ભાષાઓ છે અને ઘણા બધા ધર્મો છે. એને કારણે ભારતમાં એક સમર્થ વિરોધ પક્ષ હોવાને બદલે નાના નાના ઘણા બધા પક્ષો રાજકીય અને રાષ્ટ્રીય સ્તરે રહ્યા કર્યા છે. એથી આટલી મોટી લોકશાહી હોવા છતાં ભારતમાં લોકશાહી તંત્ર જેટલું સંતોષકારક રીતે ચાલવું જોઈએ તેટલું ચાલતું નથી. ભારતના લોકતંત્રમાં અસ્થિરતા અને અરાજકતાનો પાર નથી. ભારતની લોકશાહી એને પોષાય તે કરતાં ઘણી વધુ ખર્ચાળ નીવડી છે. આ બધાનાં દુષ્પરિણામો વખતોવખત પ્રજાને ભોગવવાં પડે છે.

પક્ષ પ્રત્યેની વફાદારી અને રાષ્ટ્ર પ્રત્યેની વફાદારી વચ્ચે સંઘર્ષ ન થાય એવું નથી. કેટલીકવાર રાજદ્વારી નેતાઓ પોતાના પક્ષ પ્રત્યે વફાદાર રહે છે, પરંતુ એ વફાદારી રાષ્ટ્રના હિતને પોષક ન હોય એવું બને છે. કેટલાક પક્ષના નેતાઓ સત્તા માટેની પોતાની આકાંક્ષા સિવાય બીજા કશાને વરેલા હોતા નથી. સત્તારૂઢ પક્ષના કાર્યોમાંથી દૂષણના પોરા કાઢવા અને હોબાળો મચાવવો એ સિવાય એમનું વિશેષ લક્ષ હોતું નથી. પોતાની અંગત મહત્ત્વાકાંક્ષા માટે લોકોમાં ભ્રામક પડાવવા કે દુશ્મનાવટ ઊભી કરવા તેઓ તૈયાર થઈ જાય છે. નિત્શેએ કહ્યું છે : 'A politician divides mankind into two classes: tools, and enemies; that means he knows only one class i. e. enemies. આખા દેશનું ભવિષ્ય જોખમાતું હોય તો પણ તેવું જોખમ ખેડવા સત્તાલોલુપ રાજદ્વારી પુરુષો તૈયાર થઈ જાય છે.

લોકશાહીમાં સારો, સાચો અને સંનિષ્ઠ પક્ષ તો તે જ કે જે પોતાની પ્રતિષ્ઠા વધારવા માટે કે પોતાના નેતાઓની સત્તા માટેની મહત્ત્વાકાંક્ષાને સંતોષવા માટે રાષ્ટ્રના હિતને નુકસાન થાય એવું કોઈ કાર્ય કરવા ન દે પરંતુ એમ થવું સરળ નથી. કારણ કે મનુષ્યની બુદ્ધિ એટલી બીકણ હોય

છે કે પોતાનાં અપકૃત્યોને પણ રાષ્ટ્રના હિત માટે કરેલાં સત્કાર્યો તરીકે જોરશોરથી તે ખપાવી કે ઠસાવી શકે છે, પોતાનાં તમામ કાર્યોને ન્યાયયુક્ત ઠરાવવાનો પ્રયાસ બધા જ પક્ષો કરી શકે છે. પરંતુ છેવટે તેનાં પરિણામો તેને જ ભોગવવાં પડે છે. એક ચિંતકે કહ્યું છે કે 'All Political parties die at last swallowing their own lies.'

ભારતની લોકશાહીનું એક સૌથી વરવું લક્ષણ તે હિંસાત્મક આંદોલન છે. નાની વાતે તોફાનો મચાવવાં, હુલ્લડો કરાવવાં, સરકારી માલમિલકતને નુકસાન પહોંચાડવું, અનેક નિર્દોષ માણસોના જાન જાય એવાં કાર્યો કરાવવાં તે છે. પ્રજામાં સરકારની ખરાબ છાપ ઊભી કરવા માટે અને લોકોની નજરમાં સરકારને નીચી ઉતારી પાડવા માટે આ એક જ કારગત દાવપેચ છે એવી કુટિલ અને કુત્સિત અંગત માન્યતા ભારતના કેટલાય રાજદ્વારી પુરુષોની છે. આ આપણું મોટું દુર્ભાગ્ય છે. આવડા મોટા દેશમાં તોફાનો માટે નિમિત્તો શોધવા જવાં પડે તેમ નથી. યુનિવર્સિટીમાં પ્રિલિમિનરી પરીક્ષા લેવી કે ન લેવી, બસનું ભાડું વધારવું કે ન વધારવું કે એવા બીજા કોઈપણ પ્રકારના નજીવા પ્રશ્નો ઉપર પણ મોટાં હિંસાત્મક આંદોલનો જગાવતી વખતે વિરોધ પક્ષનું લક્ષ સરકારને બદનામ કરવા સિવાય બીજું કશું હોતું નથી. રાષ્ટ્રની સંપત્તિને ઘણું મોટું નુકસાન પહોંચે છે. અને જાણી જોઈને કરાવેલા ટ્રેનના અકસ્માતો કે બોમ્બ-વિસ્ફોટ વગેરે દ્વારા અનેક નિર્દોષ માણસોના જાન જાય છે. બીજી બાજુ સત્તારૂઢ પક્ષ પણ નાની વાતે હઠ પકડીને બેસી જાય છે, પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી દે છે. અને વાત જ્યારે વકરી જાય છે ત્યારે જ તેની આંખ ઊઘડે છે. છેલ્લા દોઢ-બે દાયકામાં સત્તારૂઢ પક્ષો તરફથી કે વિરોધ પક્ષો તરફથી રાજ્યોમાં કે કેન્દ્ર સરકારમાં ડહાપણભરી અને નિષ્ઠાભરી ઊંચી નેતાગીરી પ્રમાણમાં આપણને ઘણી ઓછી સાંપડી છે એ આપણું દુર્દૈવ છે. ઠેઠ ઇન્દિરા ગાંધીના સમયથી કે એથી પણ પૂર્વેથી સરકારી તંત્રમાં લાંચ રુશવત અને ભ્રષ્ટાચારની બદી જે ઘર કરી ગઈ છે તેનાં પરિબળો પણ લોકશાહીને બહુ ફાવતાં નથી, એ પણ આપણું એક મોટું કમભાગ્ય છે.

પોતાના રાષ્ટ્રના સર્વોચ્ચ સત્તાસ્થાને આવેલા દુનિયાના રાજદ્વારી નેતાઓમાંના લગભગ બધા જ પોતાના રાષ્ટ્ર સિવાય બીજા રાષ્ટ્રના લોકોના કલ્યાણનો વિચાર ઓછો કરે છે. પોતાના રાષ્ટ્રનો સ્વાર્થ એ સૌથી મહત્ત્વની વસ્તુ આજે બની ગઈ છે. પોતાના રાષ્ટ્રમાં શાંતિ એને સલામતી જળવાઈ રહે અને પોતાના રાષ્ટ્રની આર્થિક સમૃદ્ધિ વધતી રહે એટલા માટે પાડોશી રાજ્યોમાં અને દૂર દૂરનાં રાષ્ટ્રોમાં પણ એક નહિ તો બીજા નિમિત્તે હોળી સળગતી રહે એ માટે મોટી સત્તાઓના દાવપેચ સતત ચાલ્યા કરે છે. જો જાગ્રત ન રહીએ તો પોતાના રાષ્ટ્ર ઉપર બહારથી આક્રમણ કે આફતનો ભય રહ્યા કરે છે. 'આપણા ઘરમાં શાંતિ ત્યાં સુધી જ છે કે જ્યાં સુધી પાડોશીના ઘરમાં અશાંતિ છે'—એ સૂત્ર કંઈક અંશે વ્યવહારુ હોય તો પણ મલિન વૃત્તિનું છે સોવિયેત યુનિયન હોય કે અમેરિકા હોય, પોતાના રાષ્ટ્રના હિતને ખાતર દુનિયાના અનેક દેશોને બરબાદ કરવા તરફ તેમનું લક્ષ રહ્યા કરે છે. વિશ્વના ભાવિની દૃષ્ટિએ આ એક મોટું અશુભ લક્ષણ ગણાય. પોતાની શસ્ત્ર-શક્તિના પ્રભાવે અનેક રાષ્ટ્રોમાં પોતાના ગુપ્ત એજન્ટો દ્વારા કંઈકને કંઈક પ્રશ્નો તેઓ સળગાવતા જ રહે છે પોતાને આજ્ઞાંકિત રહે અને પોતાની શોષણખોરીની નીતિને ફાવવા દે એવી નેતાગીરીને તે તે દેશોમાં સત્તા પર લાવવા માટે તેમની સતત ચાલબાજી રહ્યા કરે છે. વિશ્વશાંતિ અને વિશ્વસમૃદ્ધિ માટે યુનાઇટેડ નેશન્સ જેવી મહાન સંસ્થાની સ્થાપના થઈ, પરંતુ એના ઉપર પણ પોતાનું આધિપત્ય જમાવીને અને વિશેષાધિકારો મેળવીને એ સંસ્થાને પણ તેઓએ માત્ર નામની, શોભાની, બનાવી દીધી છે. વિશ્વની સમસ્યાઓ ઉકેલવામાં યુનાઇટેડ નેશન્સનો આરંભમાં જેટલો સક્રિય ફાળો રહ્યો હતો તેટલો હવે રહ્યો નથી. ઇરાક-ઇરાન કે શ્રીલંકાના પ્રશ્નો એની સાબિતી છે.

સમગ્ર વિશ્વને તો એ જ નેતાઓ શાંતિમય અને સુખમય બનાવી શકે કે જેમના હૈયે પોતાના રાષ્ટ્રના હિતના વિચારથી આગળ વધીને જગતના અન્ય દેશોના ગરીબ, દલિત, કચડાયેલા લોકોના કલ્યાણને માટે શુભ ચિંતા રહ્યા કરે. માનવ માત્ર પ્રત્યે અંતરમાં કરુણાના સાચા ભાવ વિના આવી ઉત્તમ નેતાગીરી જગતનાં રાષ્ટ્રોને સાંપડી ન શકે. ભાષાભેદ, રંગભેદ, સંસ્કારભેદ, વર્ગભેદ, પ્રકૃતિભેદ જેવા અનેક ભેદોથી પર થઈ ગયા હોય અને સમસ્ત માનવજાતના કલ્યાણનું અહોરાત્ર ચિંતન જેઓ કરતા હોય તેઓ જ આખા વિશ્વને કલ્યાણકારી નેતાગીરી આપી શકે. પરંતુ સત્તાનું ક્ષેત્ર જ એવું કુટિલ છે કે આવી સરળ, સનિષ્ઠ નેતાગીરીને ફાવવા ન દે. અન્ય પક્ષે જેમના હૈયે આવી કરુણા વસેલી છે તેઓ તો સત્તાથી દૂર રહેવા જ ઇચ્છે છે. આલ્બેર કેમૂએ કહ્યું છે, 'Politics and the fate of mankind are shaped by men without ideals and without greatness. Men who have greatness within them do not go in for politics.'

જગતના મહાન ધર્માચાર્યો માનવ માનવ વચ્ચેની ભેદ-રેખાઓને ઓળંગી જઈને વિશ્વકલ્યાણનું સર્વોત્તમ કાર્ય કરી શકે છે રાજ્યસત્તા કરતાં સાચી ધર્મસત્તા જ્યારે બળવાન બને છે ત્યારે આવો સુવર્ણયુગ વિશ્વમાં પ્રસરી રહે છે. પરંતુ વિશ્વનું સ્વરૂપ એવું છે કે આવો સુવર્ણયુગ જલદી આવતો નથી અને આવ્યા પછી કાયમને માટે ટકી શકતો નથી.

—રમણલાલ ચી. શાહ

જાહેર વ્યાખ્યાન

સંઘ સંચાલિત 'જ્ઞાનગોષ્ઠિ'નો ઉપક્રમે ગુરુવાર, તા. ૪થી જૂન, ૧૯૮૭ના રોજ નીચેની વિગતે એક જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું છે.

વ્યાખ્યાતા : જાણીતા પત્રકાર શ્રી એમ. વી. કામથ

વિષય : The President, The Prime Minister and the Press

સ્થળ : ઇન્ડિયન મરચન્ટ્સ ચેમ્બરનો કમિટિ રૂમ, બીજે માળે, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦

સમય : સાંજના ૬/૧૫ કલાકે

—આપ સૌને સમયસર પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

લિ. ભવદીય,

સુબોધભાઈ એમ. શાહ **કે. પી. શાહ**

સંયોજક

પન્નાલાલ ૨. શાહ

મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનભાઈ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૬૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૮૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ - ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

યુવક જીવન

વર્ષ : ૪૯ અંક : ૪

મુંબઇ તા. ૧૬-૬-'૮૭

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

પ્રવાસ ઉદ્યોગ

વીસમી સદીના ઉત્તરાર્ધમાં વિજ્ઞાને એટલી ઝડપી પ્રગતિ કરી છે કે જાણે આખા વિશ્વનું સ્વરૂપ બદલાઇ રહેલું લાગે છે. દુનિયામાં અવાજનું ઉત્પાદન વધ્યું છે, વીજળી અને પાણીનો વપરાશ વધ્યો છે, વાહનોની અવરજવર અને ગતિ વધી છે; ચીજવસ્તુઓની અને માણસોની હેરફેર વધી છે. હજારો માઇલ દૂર બેઠેલા માણસો સાથેનો તત્ક્ષણ સંપર્ક વધ્યો છે અને દુનિયાભરમાં બનતી ઘટનાઓનાં વાસ્તવિક દૃશ્યો ટી. વી. ઉપર નિહાળવાની સગવડ વધી છે. યંત્રમાનવો હવે દુનિયાનાં અનેક કારખાનાંમાં કામ કરવા લાગી ગયા છે. અઢારમી કે ઓગણીસમી સદીનો કોઇ માણસ આજની દુનિયા જુએ તો તે આશ્ચર્યથી દિઙ્મૂઢ બની જાય.

વાહનોની ત્વરિત ગતિને લીધે દુનિયાભરમાં અવરજવર ઘણી વધી ગઇ છે. વર્તમાન જગતને Global Village તરીકે ઓળખવામાં હવે અતિશયોક્તિ જણાતી નથી. જેટ વિમાન આવ્યા પછી દુનિયાનાં આંતરરાષ્ટ્રીય વિમાની મથકો ઉપર રોજની હજારો વિદેશીઓની અવરજવર ચાલુ થઇ ગઇ છે. જ્યાં સરેરાશ દર મિનિટે એક વિમાન ચઢે છે અને એક ઊતરે છે એવાં લંડન કે શિકાગો જેવાં શહેરોમાં તો રોજની એક લાખથી પણ વધુ વિદેશીઓની અવરજવર રહેવા લાગી છે. વિમાનો સીધી ગતિએ ઊડીને જ્યાં પહોંચવું હોય ત્યાં પહોંચી શકે છે. એટલે દુનિયાભરમાં નાનામોટાં વિમાનમથકો વચ્ચે સીધાં ઉડ્યનો દિવસે દિવસે વધતાં જાય છે. રેલવે તો જૂના સમયથી છે જ, અસબ્યવહાર પણ હતો જ, પરંતુ મોટરકાર અને વિમાનોને લીધે દુનિયાભરમાં પ્રવાસીઓની સંખ્યા દિનપ્રતિદિન ઘણીબધી વધતી જાય છે. પ્રવાસીઓનાં ટોળાં રજાઓમાં, અનુકૂળ ઋતુઓમાં, આંતરરાષ્ટ્રીય મહોત્સવોમાં, પરિષદોમાં, પ્રતિનિધિમંડળોમાં ઘૂમતાં રહે છે. અમેરિકન પ્રવાસીઓને જાપાન કે કોરિયામાં, જાપાની પ્રવાસીઓને ફ્રાંસ કે જર્મનીમાં, ફ્રેન્ચ કે જર્મન પ્રવાસીઓને આફ્રિકાનાં શહેરોમાં, આફ્રિકાના પ્રવાસીઓને બ્રિટન કે અમેરિકામાં નિહાળતાં સ્થાનિક લોકોને કે અન્ય દેશના કોઇ પ્રવાસીઓને હવે ખાસ કૌતુક થતું નથી. લંડન, ન્યુયૉર્ક, પેરીસ, ફ્રેન્કફર્ટ, ટોકિયો, લોસ-એન્જલસ, સિડની, હોંગકોંગ, સિંગાપુર જેવાં અનેક શહેરોનાં આંતરરાષ્ટ્રીય વિમાનીમથક એટલે જાણે કે વિવિધ પહેરવેશ, વિવિધ ભાષા, વિવિધ રંગાકૃતિઓ ધરાવતાં ચહેરાવાળાં પચરંગી સ્ત્રી-પુરુષોની એક નાનીસરખી દુનિયા–Mini Universe.

દુનિયા આટલી બધી ઝડપથી બદલાઇ રહી હોવા છતાં કેટલાય દેશોમાં પ્રવાસ ઉદ્યોગનો વિકાસ રાજદ્વારી, આર્થિક કે અન્ય કારણોને લીધે હજુ જોઇએ તેટલો થયો નથી. કેટલાક દેશોની એ માટે હજુ દૃષ્ટિ જ ખૂલી નથી, તો કેટલાક દેશો દૃષ્ટિ ખોલવા ઇચ્છતા જ નથી. રશિયા, ચીન વગેરે સામ્યવાદી દેશોમાં વિદેશીઓ માટે નાનાં ગામડાંઓ સુધીની મુક્ત અવરજવર માટે ઘણાબધા પ્રતિબંધો છે. એશિયા–આફ્રિકાના ઘણા દેશોમાં આર્થિક કારણોસર સારી સગવડોનો ઠીક ઠીક અભાવ છે. કેટલાય દેશો સાધનસંપન્ન હોવા છતાં લશ્કરી શાસનને કારણે વિદેશીઓને દાખલ થવા દેવામાં ગભરાય છે. ચીલી, આર્જેન્ટિના, વેનેઝુએલા વગેરે દક્ષિણ અમેરિકાના ઘણા દેશોમાં આવી સ્થિતિ છે.

દુનિયાનાં કેટલાંક નાનાં નાનાં રાષ્ટ્રોએ પર્યટન ઉદ્યોગમાં જેટલો વિકાસ કર્યો છે તેની સરખામણીમાં ભારતમાં ઝાઝો વિકાસ થયેલો દેખાતો નથી. ભારત પાસે હજારો રમણીય સ્થળો છે, પરંતુ પ્રવાસની દૃષ્ટિએ પાશ્ચાત્ય દેશોની સરખામણીમાં ત્યાં ખાસ સુવિધા નથી. એટલે એવાં સ્થળોમાં પ્રાકૃતિક સૌંદર્ય દિવસ-રાત માણવા માટે સહેલાણીઓને પૂરી તક મળતી નથી.

ભારત પાસે હિમાલયથી માંડીને બીજા અનેક નાના મોટા પર્વતો અને રમણીય ડુંગરાઓ છે. તેવી જ રીતે ભારત પાસે બે હજારથી વધુ માઇલનો સુંદર મનોહર સાગરકિનારો છે. અરાબ્બર દરિયાને અડીને હોટેલ (Beach Hotel) કરવાની આધુનિક પ્રણાલિકા દુનિયામાં વધતી જાય છે. દરિયાના પાણીમાં તરવા માટે કે વિવિધ પ્રકારની સાહસિક મોજ માણવા માટે Water Ski-ing, Sailing, Surfing, Windsurfing, Scuba Diving વગેરે માટે બારે માસ સગવડ પૂરી પાડી શકાય એવી સરસ ઋતુ અનેક સ્થળે છે. પશ્ચિમના ઠંડા પ્રદેશોમાં વસતા ગોરા લોકોને આવી પ્રવૃત્તિઓનો જેટલો નાદ છે તેટલો નાદ ભારતની યુવાપેઢીમાં સગવડોને અભાવે હજુ જાગ્યો નથી. ભારત પાસે નિયમિત ઋતુઓ છે અને આઠ મહિનાથી વધુ સમય તડકાવાળું સરસ હવામાન છે, એનો લાભ પર્યટન ઉદ્યોગની દૃષ્ટિએ જેટલો લેવાવો જોઇએ તેટલો લેવાયો નથી. દુનિયાના બીજા દેશોમાં દરિયા ઉપરની હોટેલોનું અવલોકન કરવાની તક મળે ત્યારે જણાય કે આ બાબતમાં ભારત હજુ ઘણું પાછળ છે. જે જે કેટલાક પછાત દેશોમાં આવી જરૂરત મોટી હોટેલો કરવામાં

આવી છે તેમાંના કેટલાક દેશોએ તો પોતાનું કશું જ મૂડી-રોકાણ કર્યું નથી. વિદેશોમાં હોટેલ – ઉદ્યોગનો વ્યવસાય કરનારી મોટી મોટી કંપનીઓ આવા દેશોમાં પોતાનું મૂડી રોકાણ કરીને સરસ હોટલ થોડા સમયમાં જ તૈયાર કરે છે અને દુનિયાભરના પ્રવાસરસિક સહેલાણીઓને પોતાની જાહેરાતો અને જાહેરખબરો દ્વારા આકર્ષી લાવે છે. શરૂઆતનાં બે-ચાર વર્ષ હોટેલ સરખી ન ચાલે તો પણ તેઓને તેની ફિકર નથી, કારણ કે દુનિયાની પોતાની બીજી ઘણી બધી હોટેલો તેમને એટલું સારું કમાવી આપે છે કે નવી હોટેલનું મૂડીરોકાણ તેમને પરવડે છે. એક વખત હોટેલ ચાલુ થયા પછી હજારો પ્રવાસીઓની વણઝાર દિવસરાત ત્યાં ચાલ્યા કરે છે. મોટા ભાગની હોટેલો ઘણું સારું કમાય છે અને તે તે પછાત દેશોને સારું વિદેશી હુંડિયામણ કમાવી આપે છે. અન્ય દેશના નાગરિકો ત્યાં પ્રવાસાર્થે આવે છે, પરંતુ એનો એક વિશિષ્ટ લાભ એ થાય છે કે તેઓને એ સ્થળ પ્રત્યે અને તે દ્વારા તે દેશ અને પ્રજા પ્રત્યે મમતા બંધાય છે. વિભિન્ન દેશો વચ્ચેના નાગરિકોમાં રહેલી પૂર્વગ્રહયુક્ત ગ્રંથિઓ દૂર કરવામાં આવી હોટેલો ઘણો સારો ભાગ ભજવી શકે છે. જેટ વિમાનોની ઝડપી અને સીધી અવર-જવરને કારણે દુનિયાના પ્રવાસીઓ હવે થોડા કલાકોમાં જ હજારો માઇલ દૂર પહોંચીને, થોડા દિવસોની મોજ માણીને થોડા કલાકોમાં સ્વદેશ પાછા ફરી શકે છે. દુનિયાના કેટલાક શ્રીમંત દેશો પાસે એટલું અઢળક નાણું છે કે સરસ પંચતારક હોટેલો દ્વારા પર્યટન ઉદ્યોગને વિકસાવીને સારો લાભ ઉઠાવવાની તક કેટલાય દેશો માટે વધતી જાય છે.

પર્યટન ઉદ્યોગનો વિકાસ થતાં દુનિયાનાં કેટલાંય શહેરોમાં મોટી મોટી પંચતારક હોટેલો છેલ્લા બેત્રણ દાયકામાં સ્થપાઇ છે. એક રાત રહેવાના પાંચ-દસ હજાર રૂપિયા સુધીનું ભાડું એવી કેટલીક હોટેલોમાં લેવાય છે. આટલી મોંઘી હોટેલમાં કોણ રહેવા જતું હશે એવો આપણને પ્રશ્ન થાય. પરંતુ નજરે જોઇએ ત્યારે ખબર પડે કે દુનિયાભરના શ્રીમંત પ્રવાસીઓથી તેવી હોટેલો ભરચક રહે છે. એવી હોટેલોની ડિઝાઇન દુનિયાના શ્રેષ્ઠ આર્કિ-ટેક્ટો પાસે કરાવાય છે. એક જુઓ અને એક ભૂલો એટલી બધી નવીનતા તેના વાતાવરણમાં, તેની ડિઝાઇનમાં, તેનાં ફૂલઝાડ અને ફુવારામાં, તેના સ્વીમિંગ પુલ અને રેસ્ટોરાંનાં શણગારમાં, વિવિધ ચીજવસ્તુઓની પસંદગીમાં અને ગોઠવણીમાં જોવાય છે. એકલા ઓસ્ટ્રેલિયાની હોટેલોના સ્વીમિંગ પુલની ડિઝાઇન ઉપર કોઇ લેખક સારો સચિત્ર અભ્યાસગ્રન્થ પ્રગટ કરી શકે એટલું બધું વૈવિધ્ય ત્યાં છે.

તડકો કેટલો કિમતી છે એ તો વિદેશોમાં ઠંડા પ્રદેશોમાં ચોવીસે કલાક વાદળોથી ઘેરાયેલા આકાશવાળા હવામાનમાં રહેતા લોકોને જ્યારે મળીએ ત્યારે તેની ખાતરી થાય છે. યુરોપ-અમેરિકાના લાખો સહેલાણીઓ શિયાળાની ઋતુમાં (અન્ય ઋતુમાં પણ) એશિયા કે આફ્રિકામાં સમુદ્રકિનારે આવેલી સારી હોટેલોમાં માત્ર તડકો માણવા માટે જ જાય છે. માણવા માટે જાય છે તેમ કહેવા કરતાં તડકો ખાવા જાય છે એમ કહેવું કદાચ વધારે યોગ્ય ગણાય. સવારથી ઊઠીને સાંજ સુધી હોટેલના ખુલ્લા ચોગાનમાં કે હોટેલને અડીને આવીને સાગરના કિનારાની રેતીમાં તડકામાં પડ્યા રહેવાનું તેમને ખૂબ પ્રિય હોય છે. તડકાના અભાવના કારણે શરીરમાં ખૂટતાં વિટામિનો અને અન્ય શક્તિઓ મેળવી લેવાના એક માત્ર આશયથી પણ કેટલાક પ્રવાસીઓ આવે છે. પોતાના વતનથી આવીને સીધા હોટેલમાં પહોંચે છે. પંદર–પચીસ દિવસ હોટેલમાં રહે છે અને આખો દિવસ સ્વીમિંગ પુલ પાસે કે કિનારાની રેતીના તડકામાં અર્ધ–નગ્ન શરીરે માત્ર સ્વીમિંગ કોસ્ચ્યુમ પહેરીને પડ્યા રહેવાની પ્રવૃત્તિ કરીને છેવટે સીધા પોતાના વતન ચાલ્યા જાય છે. પોતાના વતનનો આકરો શિયાળો આવી રીતે તેઓ નિવારે છે અને શરીર માટે આવશ્યક શક્તિ મેળવીને પાછા ફરે છે. ઋતુઓ અનુસાર સ્થળાંતર કરનારાં પક્ષીઓ (Migrating birds) શિયાળામાં જેમ યુરોપની ઉત્તરથી ઊડતાં ઊડતાં આફ્રિકા અને એશિયાના દેશોમાં આવી પહોંચે છે તેમ Migrating Touristsની સંખ્યા હવે જેટ વિમાનોની વધતી જતી સગવડોના કારણે દુનિયાભરમાં દિન-પ્રતિદિન વધતી જાય છે. પ્રવાસીઓને આકર્ષવાનો અવકાશ વર્તમાન સમયમાં એટલો બધો વધતો જાય છે કે અર્ધવિકસિત દેશોએ આવી તક ચુકાવવા જેવી નથી. ભારતમાં વિદેશી મૂડીના રોકાણને માટે વધુ પડતાં કડક નિયંત્રણો છે; અનેક અટપટા કાયદાઓ છે; સરકારી વિધિઓની જટિલ જંજાળ છે અને ડગલે ને પગલે ભ્રષ્ટાચાર છે. એ બધા અવરોધો ઝડપથી દૂર કરીને પણ સરકારે આ બાબતમાં વિશેષ જાગૃત થવાની જરૂર છે.

પ્રવાસના શોખ વિશે ભારતના લોકોને કહેવું પડે એમ નથી, કારણ કે તીર્થયાત્રાનું માહાત્મ્ય તો ઘણા પ્રાચીનકાળથી સ્વીકારાયેલું છે. હજારો વર્ષ પૂર્વે ભારતના ચાર છેડે આવેલાં ચાર ધામોની પગપાળા યાત્રા કરનારા અનેક યાત્રિકો થઇ ગયા. મોટી નદીઓની પરિક્રમા કરનારા યાત્રિકોનો ઇતિહાસ પણ મળે છે ઘર છોડી બહાર નીકળી યાત્રા કરવી એ ભારતીય લોકોના લોહીમાં રહેલા સંસ્કાર છે. વર્તમાન સમયમાં અતિ વસ્તિ, નબળા આર્થિક સંજોગો અને સુવિધાઓના અભાવના કારણે ભારતના યુવાનોમાં ખડતલ પ્રવાસની તમન્ના જેટલી ખીલેલી હોવી જોઇએ તેટલી જણાતી નથી. વૃક્ષો, વેલાઓ, પુષ્પો, ફળો, પક્ષીઓ, પ્રાણીઓ, શંખલાઓ વગેરેની ઓળખ ભારતીય સુશિક્ષિત યુવાનોને ઘણી ઓછી હોય છે. એથી અન્ય સ્થળે પ્રવાસ કરવા જ્યારે તેઓ જાય ત્યારે પણ તે સ્થાનિક પ્રદેશ સાથે આત્મીયતા ઓછી અનુભવે છે. કેટલાય શ્રીમંત યુવક, યુવતીઓને મન પ્રવાસ એટલે કોઇ સ્થળે જઇ એરકન્ડિશન્ડ રૂમમાં ભરાઇ જઇ ટી. વી. પરના કાર્યક્રમો જોયા કરવા અને જાતજાતની વાનગીઓના ઓર્ડર આપી હોટેલના નોકરોને મૂંઝવવા અને ધમકાવવા, એથી વિશેષ રસ પ્રવાસમાં તેમને હોતો નથી. એવા કેટલાકની બહાદુરી હોટેલોમાંથી કોઇ સારી ચીજવસ્તુ ઉઠાવી લાવવામાં જ હોય છે. દિલ્હીની એક શ્રીમંત મહિલાએ પોતાના પતિને ફરિયાદ કરતાં કહ્યું કે 'આપણા ઘરનોકરને તરત રજા આપી દેવાની જરૂર છે, કારણ કે તે આપણા સામાન સારા બે ટોવેલ ચોરી ગયો છે'. પતિએ પૂછ્યું, 'કયા ટોવેલ ચોરી ગયો ?' મહિલાએ કહ્યું કે, 'હોંગકોંગની હિલ્ટન હોટેલમાંથી આપણે જે ઉઠાવી લાવ્યા હતા તે ચોરી ગયો છે.' આ તો એક ટૂચકા જેવું દૃષ્ટાન્ત છે. પરંતુ આપણા યુવાન વર્ગનો કે આપણા પ્રવાસીઓનો દેશ-વિદેશના પ્રવાસ પ્રત્યેનો અભિગમ વધુ ઉત્સાહજનક, તંદુરસ્ત અને પ્રામાણિક થવાની જરૂર છે.

પ્રવાસ કે પર્યટનને હવે વેપાર-ઉદ્યોગ તરીકે ઓળખાવવામાં

(અનુસંધાન પૃષ્ઠ ૪૧ ઉપર)

'જૈન સાહિત્ય સમારોહ'ના સંદર્ભે થોડાક વિચારો

• પં. શીલચન્દ્રવિજય ગણી

શ્રી મહાવીર જૈન વિદ્યાલયે આદરેલી અને આરંભ્યા પછી નિષ્ઠાપૂર્વક થતી રહેતી કેટલીક પ્રવૃત્તિઓમાં 'જૈન સાહિત્ય સમારોહ'નો પણ સમાવેશ થાય તેમ છે. 'સમારોહ'ની શરૂઆત થઈ ત્યારે થતું કે આ તો થોડાક પૈસાપાત્ર માણસોને શોખ થયો હશે તે એક-બે વરસ આ ચાલશે, ને એમનો શોખ ઓસરતાં આ પ્રવૃત્તિ આપમેળે ઠપ્પ થઈ જશે. પરંતુ આઠ સમારોહ થઈ ગયા અને વળી તેમાંથી પસંદ કરાયેલા નિબંધ-લેખોના બે સંગ્રહ-ગ્રન્થો પણ પ્રગટ થયા, તે જોતાં આ સાહિત્ય-પ્રવૃત્તિ નક્કર સ્વરૂપ ધારણ કરી રહી હોવાનું સમજાય છે.

આથી જ, આ પ્રવૃત્તિ પરત્વે કંઈક સૂચન કરવાનું મન થાય છે

સામાન્યતઃ 'જૈન સાહિત્ય સમારોહ' દરેક વખતે કોઈક કોઈક ગામ કે સ્થાનવિશેષની કોઈક સંસ્થાના કે કોઈક વ્યક્તિવિશેષના આમંત્રણના આધારે યોજાતો રહે છે. સંસ્થા કે વ્યક્તિવિશેષ આમંત્રણ આપે તેનો અર્થ એ સમારોહનો સઘળો કે મોટા ભાગનો ખર્ચ આમંત્રણ આપનાર સંસ્થા કે વ્યક્તિવિશેષે ભોગવવાનો રહે, એવો સમજાય છે. અને આવાં આમંત્રણો મળવામાં અગત્યનો ફાળો, સંસ્થા (વિદ્યાલય) કે 'સમારોહ'ના કાર્યવાહકો તથા પ્રમુખ વગેરેના સામાજિક મોભાનો તેમ જ સંબંધોનો ગણાય. આજે તો વ્યાપકપણે આપણે ત્યાં એવી સ્થિતિ પ્રવર્તે છે કે કોઈ પણ સંસ્થા કે પ્રવૃત્તિ ચલાવવી કે ઊભી કરવી હોય તો તેમાં, અમુક માણસો કે વ્યક્તિવિશેષોને, તેઓ કશું જ કામ કરી શકવાના નથી તેવું જાણવા હોવા છતાં, અનિવાર્યપણે નિયુક્ત કરવાના રહે છે. અલબત્ત, આ કંઈ ખોટું નથી. પરંતુ સાહિત્ય સમારોહ જેવી પ્રવૃત્તિને લાગેવળગે છે ત્યાં સુધી, જ્યાં સુધી તેના કાર્યવાહકોને સાહિત્ય-પદાર્થ સાથે સંબંધ હોય ત્યાં સુધી તો વાંધો નહિ, પણ આવો કશો જ સંબંધ ન હોય અને માત્ર વગદાર કે ધનિક હોવાના જ નાતે તે આ પ્રવૃત્તિના સંચાલક બને ત્યારે ઘણી વિડંબના સર્જાવાનો અવકાશ રહે છે.

જ્યારે ધનિક/વગદાર વ્યક્તિઓના હાથમાં આવી પ્રવૃત્તિનું સંચાલન હોય ત્યારે, જ્યાં સુધી એ પ્રવૃત્તિ દ્વારા એના આવા સંચાલકર્તાઓના અહંનું પોષણ થતું રહે કે આ પ્રવૃત્તિના આડકતરા ભૌતિક લાભો તેમને મળતા રહે ત્યાં સુધી તો આવી પ્રવૃત્તિ તરફ તે લોકો પૂરું ધ્યાય આપવાના. પરંતુ જે ક્ષણે આ બધા લાભો ઓછા થતા જતા હોવાનું એમને પ્રતીત થશે, તે ક્ષણે જ, એ લોકો આ પ્રવૃત્તિનું સંચાલન છોડશે કે બીજાને સોંપશે તો નહીં જ, પરંતુ આ પ્રવૃત્તિ ઠપ્પ થઈ જાય તે હદે તેના તરફ ઉપેક્ષા તો સેવવાના જ.

બીજી મહત્ત્વની વાત એ છે કે જ્યાં સુધી 'સાહિત્ય સમારોહ' માટે કોઈ ને કોઈ સંસ્થા કે વ્યક્તિ તરફથી આમંત્રણ મળે, એટલે કે એના પૂરા કે મોટા ભાગના ખર્ચનો બોજ ઉપાડનાર કોઈ નીકળે ત્યાં સુધી તો બરાબર; પરંતુ જ્યારે એવું બને કે કોઈ વખત આવું કોઈ પણ આમંત્રણ ન મળે; ખાસ કરીને સમારોહ-પ્રવૃત્તિનું સંચાલન કોઈ ધનિક, વગદાર, સમાજ પ્રતિષ્ઠિત મનુષ્યના નહિ, પરંતુ કોઈ સાહિત્યાભિમુખ અને વર્ગી સમાજને એછી પરિચિત એવી વ્યક્તિના હાથમાં આવે ત્યારે આવું બનવાની શક્યતા વિશેષ ગણાય; તે વખતે આ 'સાહિત્ય સમારોહ' આપમેળે બંધ કે મૂર્ચ્છિત થઈ જાય એવું ન બને? અથવા તો આવા અવસરે સાહિત્ય/વિદ્યાધનના દાસ કે ઓશિયાળા બની જાય અને સાહિત્ય-પદાર્થને કુંઠિત કરી મૂકે તેવી તેમજ સાહિત્યાભિમુખ વર્ગની માનહાનિ કરે તેવી દશા સર્જાય તેવું ન બને.

'જૈન સાહિત્ય સમારોહ'ને 'ગૂજરાતી સાહિત્ય પરિષદ'નો દરજ્જો મળવો અભીષ્ટ હોય તો તેના સંચાલકગણે આ અને આવાં અન્ય સંભવિત ભયસ્થાનો પરત્વે સજાગ થવું જોઈએ, અને આ ભયસ્થાનોથી મહદંશે ઊગરી જવાય તેવી પદ્ધતિ અને વ્યવસ્થા યોજવી જોઈએ.

સામાન્યતઃ 'સમારોહ'-નિમિત્તે એવું સ્થાયી ફંડ યોજવું જોઈએ કે જેથી આ પ્રવૃત્તિ માટે અન્યનું આમંત્રણ ન મળે તોય તે રૂંધાય નહિ; અટકી કે ભાંગી ન પડે. આવું ફંડ હોવાનો વિશેષ લાભ એ હશે કે પછી 'સમારોહ'ના તંત્ર પર કોઈ ધનિક-વગદારની બિનજરૂરી પકડ રહેવા નહિ પામે. વહીવટ ભલે ધનિકો કરશે, પણ 'સમારોહ'ની જવાદારી તો સાહિત્યનિષ્ઠ વ્યક્તિઓ જ બની રહેશે. આવી સ્થિતિ જ આવી પ્રવૃત્તિ માટે ઉપકારક બની શકે.

"જૈન સાહિત્ય સમારોહ" આજે જ્યારે સ્થિર અને નક્કર સાહિત્યિક જૈન સંસ્થાના રૂપરંગ કે આકાર-પ્રકાર ધારણ કરી રહ્યો છે ત્યારે તેના માધ્યમથી કરવા જેવાં કે કરી શકાય તેવાં કેટલાંક કાર્યોનો નિર્દેશ કરવો ઉચિત લેખાશે.

શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ એ આપણા અજોડ અને અનન્ય સાહિત્યકાર થઈ ગયા. એમની હરોળમાં મૂકી શકાય તેવી બીજી એક જ વ્યક્તિ જડે છે : શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા, આ બન્ને ગૃહસ્થ સાક્ષરોએ એકલે હાથે, કોઈનીય મદદ વિના અને સાધનોની તીવ્ર તંગીના સમયમાં પણ, જે સાહિત્યસર્જન અને સંપાદનો કર્યાં છે તે ભલભલાનાં માન મુકાવે તેવાં છે. આ બે માટે મને તો એક જ શબ્દ-પ્રયોગ સૂઝે છે : વન મેન યુનિવર્સિટી.

શ્રી મોહનલાલ દેશાઈનું પ્રદાન એ તેમના સંદર્ભગ્રંથો છે. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ,' 'જૈન ગુર્જર કવિઓ' આ બે સંદર્ભગ્રંથો જો મોહનલાલજીએ ન આપ્યા હોત તો આજે પણ જૈન સાહિત્યનું ક્ષેત્ર દિશાદેવિહોણું જ રહ્યું હોત અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય અલૂણું રહ્યું હોત. આ ઉપરાંત 'જૈન ધર્મ', કોન્ફરન્સ હેરલ્ડ-જૈન યુગ' જેવાં સમૃદ્ધ સાહિત્યિક-સામાજિક સામયિકોનું સફળ સંપાદન ને સંચાલન, જૈન ધાર્મિક પાઠ્યક્રમની વિરલ કહી શકાય તેવી ગુંથણી. 'જિનદેવદર્શન', 'સામાયિક' વિગેરે વિષયોનાં સ્વતંત્ર પુસ્તકોનું સર્જન તેમજ અન્ય અનેક કૃતિઓનું સંપાદન; અને આ બધું કરવા માટે વગર સાધને-વગર મદદે, જાતજાતની તંગીઓ ને તકલીફો વેઠીને ગામગામના ભંડારોની પોથીઓનું જાતનિરીક્ષણ-આ બધું, આજના પંખા નીચે ટેબલવર્ક કરવા ખુરશી પર બેસતા અને કામના આઠ કલાકોમાં પણ વધુ ને વધુ સમય વ્યર્થ ગુમ જાય ને ઓછું કામ કરવા છતાં પગાર, પદ ને પ્રતિષ્ઠા વધુ ક્રમ મળે તેની જ ચીવટ રાખનારા એમ. એ. પીએચ. ડી.ને સમજાય તો નહિ જ.

ડૉ. હરિવલ્લભ ભાયાણીએ કહ્યું છે કે મોહનભાઈનું જૈન ઇતિહાસ અને સાહિત્યના ક્ષેત્રમાં એવું અનન્ય પ્રદાન છે કે કોઈક યુનિવર્સિટીમાં તેમના નામની ચેર થવી જોઈએ.

ઇતિહાસ અને ઐતિહાસિક વ્યક્તિઓના ગૌરવનું રક્ષણ કરવા માટે દૃષ્ટિવિહોણા અને ઉપેક્ષાત્મક વલણ ધરાવનારા સમાજ પાસે આવી અપેક્ષા સેવવી તે તો વસ્તુતઃ વધુ પડતી છે. પણ આવી વ્યક્તિના નામે, દરેક વર્ષે કોઈ એવોર્ડ કે ચંદ્રક આપવાનું થાય તોપણ તે ઓછું નથી.

શ્રી હીરાલાલ કાપડિયાનો સંદર્ભ વિચારીએ ત્યારે તો અકલ્પ્ય કામ નથી કરતી. એમણે આર્હત દર્શન દીપિકા નામે જૈનતત્ત્વના સર્વસંગ્રહ જેવા સંદર્ભગ્રંથની રચના કરી છે. ૪૫ આગમોનું સરસ દિગ્દર્શન, 'યશોદોહન' એ નામે ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના સમસ્ત સાહિત્યનો પ્રમાણભૂત પરિચય; જૈન સંસ્કૃત સાહિત્યના ઇતિહાસના ત્રણ ખંડો, ભાણુ પનાલાલ હાઇસ્કૂલ - મુંબઈ માટે ૧થી ૧૧ ધોરણના જૈન પાઠ્યક્રમ (કિરણાવલી ૧ થી ૧૧), પતંગ-પુરાણ, પતંગપોથી, મધ્યકાલીન પહેરવેશ-સચિત્ર વગેરે વિષયોનાં અનેક પુસ્તકો સર્જ્યાં છે. લગભગ ૧૫૦૦ થી ૨૦૦૦ જેવા સંશોધનાત્મક લેખો લખ્યા છે. જેમાં મોટા ભાગના હજુ અગ્રંથસ્થ રહ્યા છે. પૂના-ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટની જૈન હસ્તપ્રતોનું વર્ણનાત્મક સૂચિપત્ર એમણે તૈયાર કર્યું છે, જેનાં ૧૮ જેટલાં વોલ્યુમો છપાયાં છે છતાં હજી બારેક વોલ્યુમો અપ્રગટ પડ્યાં છે અને આ સિવાયનાં સંપાદનો, અનુવાદો વગેરે પ્રકારના ગ્રંથોનો તો મોટો ઢગલો થાય. સંપાદન પણ એવાં કે સર્જનનેય ટક્કર મારે!

અને આ બધું કાર્ય જોયા-જાણ્યા પછી આ બન્ને સાક્ષરોને 'વન મેન યુનિવર્સિટી' શી રીતે ઓળખી શકાય? વસ્તુતઃ આવા સાક્ષરવર્યો જૈન સમાજ અને સાહિત્યના ગૌરવ સમાન છે, અને આવા સાક્ષરોથી જ આજનું સાહિત્યક્ષેત્ર ઊજળું છે, એ નિઃસંદેહ છે.

કમનસીબે, આવી વ્યક્તિઓને તેમના જીવનકાળ દરમ્યાન તો સમાજે પ્રીછ્યા કે પોંખ્યા નહિ. પણ એનો અફસોસ કરવા કરતાં, હવે, આ બન્ને સાક્ષરોના નામથી કોઈ પુરસ્કારની યોજના થાય તોપણ તેમના ગૌરવને પ્રીછ્યું ગણાશે.

'જૈન સાહિત્ય સમારોહ'ના માધ્યમથી આ કાર્ય થઈ શકે. દર વર્ષે જૈન સાહિત્યને લગતી, ખાસ કરીને જૂની ગુજરાતી ભાષા સાથે સંબંધ ધરાવતી, અથવા તો જૈન ધર્મવિષયક સંશોધનાત્મક કે સર્જનાત્મક કૃતિને નિર્ણાયકો દ્વારા પસંદ કરાય; તેવી કૃતિ ઉપલબ્ધ ન થાય તો સમારોહમાં આવેલા અથવા અન્યત્ર છપાતા કે છપાયેલા સંશોધનાત્મક કોઈ નિબંધ-લેખ પર પસંદગી ઉતારી શકાય; અથવા તો પસંદગીનાં ધોરણો નક્કી કરાય અને તે રીતે પસંદગી કરાય, અને તે કૃતિને, લેખને શ્રી મો. દ. દેશાઈ એવોર્ડ (પારિતોષિક કે ચન્દ્રક)થી નવાજવામાં આવે. એ જ રીતે શ્રી હી. ર. કાપડિયાના નામનો પણ એવોર્ડ અપાય. આ એવોર્ડો વિવિધલક્ષી પણ હોઈ શકે. કયારેક કોઈ કૃતિ માટે અપાય, કયારેક કોઈ કૃતિના પ્રકાશન કે પુનઃ મુદ્રણ માટે અપાય, કયારેક કોઈ પરિસંવાદ કે વ્યાખ્યાનમાળા સાથે આ બે સાક્ષરોનું નામ જોડવા માટે અપાય-ઇત્યાદિ વિવિધ હેતુઓસર વાપરવાની જોગવાઈ પણ કરી શકાય.

'સમારોહ'ના ઉપક્રમે થઈ શકે તેવી, કરવાલાયક, બીજી પણ કેટલીક આવશ્યક કામગીરી છે. જેમ કે, આપણે ત્યાં સંશોધનાત્મક પદ્ધતિએ લેખો લખવાનું છેલ્લા પાંચ - છ દાયકાઓથી કે તેથીય વધુ પહેલાંથી ચાલુ છે. આ ગાળામાં 'જૈન સાહિત્ય સંશોધક', 'ભારતીય વિદ્યા', 'પુરાતત્ત્વ'-'ફોર્બ્સ્સ હેરલ્ડ અને જૈન યુગ', 'જૈન સત્યપ્રકાશ', 'રૂપમ્' 'વિશાલ ભારત', 'ભાગ', 'બુદ્ધિપ્રકાશ' વગેરે વગેરે અનેકાનેક સામયિકો તથા અનેક અભિનંદન-સ્મૃતિગ્રંથો, હિંદી-અંગ્રેજી ગુજરાતી વગેરે ભાષાઓમાં પ્રગટ થતાં જ રહ્યાં છે, જેમાં આજ-પર્યંત અસંખ્ય શોધલેખો - નિબંધો પ્રગટ થયા છે. આમાં 'જૈન' સાહિત્યની વિવિધ શાખાઓ સાથે સંબંધ ધરાવતા લેખોનું પ્રમાણ ઘણું મોટું છે.

હવે આજે આ બધાં સામયિકોનાં નામની પણ ઘણાને જાણ નથી હોતી, તો તેમાં કયા વિષયનો કોનો લેખ કયારે છપાયો છે તેની તો ખબર જ શેની હોય? પરિણામે થાય એવું કે કોઈ એક વિષય પરત્વે આજના કોઈ શોધ-લેખક પોતાનાં તારણો, અનુમાનો, સંશોધનો પોતાની રીતે તૈયાર કરીને કોઈ લેખ કર્યાક છાપવા મોકલ્યો કે છપાવ્યો હોય, અને તેને એમ થાય કે મેં આ નવી જ વાત શોધી છે, જે આજ પૂર્વે કોઈનાય ધ્યાન પર આવી નથી; હવે બને એવું કે તેનાં નોંધેલાં જ તારણો અને સંશોધનો, આજથી ૪-૫ દાયકા અગાઉ કોઈ મોટા ધુરંધર વિદ્વાને, કોઈ સામયિકમાં પ્રગટ કર્યાં હોય, ને તેનાથી આ નવ-લેખક તદ્દન અનભિજ્ઞ જ હોય અને તેથી કયારેક કોઈ આ નવ-લેખક ઉપર ચોરીનો આક્ષેપ મૂકી શકે. આવું બને ત્યારે કેવી વિડંબના સર્જાય!

આથી જ, મને થાય છે કે જૂનાં ને અત્યારે ચાલુ હોય તેવાં, દરેક શોધ-સામયિકોની ફાઇલો કે અંકોમાંથી, "જૈન સાહિત્ય" સાથે સંબંધ ધરાવતા શોધ-લેખોની વિષયવાર તથા લેખકવાર વર્ગીકૃત એક વિસ્તૃત સૂચિ હવે થવી જોઈએ. આવી સૂચિ માટે સંબંધિત સામયિકો ઉપલબ્ધ કરી આપે તેવી મોટી લાઇબ્રેરીઓ-રોયલ એશિયાટિક સોસાયટી, મુંબઈ યુનિવર્સિટી, ભારતીય વિદ્યા ભવન, જૈન સાહિત્ય વિકાસ મંડળ, ફોર્બ્સ ગુજરાતી સભા વગેરે માતબર સંસ્થાઓ મુંબઈમાં વિદ્યમાન છે. આ સંસ્થાઓના સંગ્રહમાં શોધ-સામયિકોનું સાહિત્ય વિપુલ પ્રમાણમાં મળી રહે એ નિઃશંક છે.

જો 'સમારોહ'ના તંત્રવાહકો ઇચ્છે તો આ કામ માટે એક કે બે વર્ષ પૂરતી ખાસ શિષ્યવૃત્તિની જોગવાઈ કરી, પૂરા સમયના એક સક્ષમ નિષ્ણાતને આ કામ સોંપી શકે, આ કામ કરાવી શકે, તો એક અત્યંત જરૂરી અને મહત્ત્વપૂર્ણ કામ કર્યું ગણાશે. આવા સંદર્ભગ્રંથોનું મૂલ્ય વૈજ્ઞાનિક પદ્ધતિએ થતાં સંશોધન માટે કેટલું છે, તે તો આ ક્ષેત્રમાં કામ કરનાર સૌ સમજી શકે છે,

આવી 'વર્ગીકૃત નિબંધસૂચિ'થી સીધો લાભ એ થશે કે એક બાજુ, એક જ વિષય ઉપર કામ બેવડાશે નહિ, અને તેથી સારા સંશોધક/સાહિત્યકાર અજાણપણે ઉઠાંતરીના સંભાવિત આરોપથી બચી જશે, તો બીજી બાજુ, એક વિષય પર જેટલું કામ થયું હોય-લખાયું હોય તે બધું, તે જ વિષય ઉપર આગળ કામ કરવા ઇચ્છનાર વિદ્વાન કે વિદ્યાર્થી માટે સહાયક સામગ્રીરૂપ બની રહેશે. અને આમ થવાનું શ્રેય આ 'વર્ગીકૃત સૂચિ'રૂપ સંદર્ભગ્રંથને આભારી ગણાશે

આ કામ કોઈ ખંતીલા સાધુ માટે પણ શક્ય જરૂર બને, પરંતુ તેમાં મર્યાદા એ છે કે ઉપાશ્રયથી ઘણે દૂર અને વળી

જુદે જુદે સ્થળે આવેલી ઉપર્યુક્ત સંસ્થાઓમાં રોજ રોજ-દિવસો કે મહિનાઓ સુધી-પગપાળા જવું આવવું વગેરે સાધુ-જીવનના નીતિનિયમો પાળવાપૂર્વક જ તેઓ આ કામ કરી શકે, જે તદ્દન અશક્ય છે. અને કોઈ સંસ્થા જથ્થાબંધ સામયિકો બહાર તો આપે નહિ તેથી જ આ કામ માટે પૂરા સમયના એક નિષ્ણાતને રોકવા જોઈએ ને તેમને યોગ્ય શિષ્યવૃત્તિ અપાવી જોઈએ

ઉપર બે સાક્ષરવર્યોના નામે વિવિધલક્ષી એવોર્ડ અંગે વિચાર મૂક્યો છે, તે પૈકી એક કે બન્ને એવોર્ડો માટેની રકમ એ બે સાક્ષરોનાં નામ જોડીને આ શિષ્યવૃત્તિ માટે આપી શકાય ખરી.

આવાં કાર્યો 'જૈન સાહિત્ય સમારોહ'ના ઉપક્રમે થશે તો તે આ સંસ્થાનું મૌલિક પ્રદાન ગણાશે. *

આર્યો (?) ક્યાંથી આવ્યા ?

કે. કા. શાસ્ત્રી

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૫-'૮૭ના અંકનાં ૧૮-૧૯મા પાનાંઓમાં આપણા એક આરૂઢ વિદ્વાન શ્રી વિજયગુપ્ત મૌર્યનો ઉપરના શીર્ષકનો એક અભ્યાસપૂર્ણ લેખ વાંચવામાં આવ્યો ('આર્યો (?)' એટલું મેં કર્યું છે, એમનું નથી). વાંચી આનંદ થયો. આ લેખમાં વિદ્વાન લેખકે પશ્ચિમના વિદ્વાનોએ સ્થાપિત કરેલાં વિધાનોનો તારવેલો નીચોડ જોવા મળે છે. 'શ્રી કે. કા. શાસ્ત્રી અમૃત મહોત્સવ અભિનંદન ગ્રંથ-૧, પૃ ૧૧૪-૧૩૬'માં છપાયેલો મારા 'આર્ય પ્રજાઃ મૂલસ્થાન અને પ્રસાર' ('પથિક'-ગુજરાત અંક, મે-જૂન ૧૯૭૨, પૃ. ૭૩-૬૬માં છપાયેલા મૂળ લેખને આગળ વિભાગ ૧ અને છેલ્લે વિભાગ ૩નો ઉમેરી છાપવામાં આવ્યો છે તે)માં નિરૂપાયેલી વિગતો શ્રી મૌર્યના વાંચવામાં નથી આવી તેમજ ૧૯૮૬ના જાન્યુ ની ૮, ૯, ૧૦ તારીખોમાં 'મુંબઈ જૈન યુવક સંઘ' તરફથી મારાં વ્યાખ્યાન થયાં અને એ તા. ૧૬-૧-'૮૬, તા. ૧-૨-'૮૬ અને તા. ૧૬-૨-'૮૬ના 'પ્રબુદ્ધ જીવન'ના અંકોમાં છપાયાં તેમાંથી તા. ૧-૨-'૮૬ના અંકનાં પૃ. ૧૮૬-૧૮૭ માની વિગતો પણ એમના વાંચવામાં આવી નથી. અહીં માત્ર એમના લેખના અનુસંધાનમાં થોડું ઉમેરવાનું જરૂરી માની, સાહસ કહો-દુઃસાહસ કહો, સુસાહસ કહો, આ લખવા પ્રેરાયો છું.

નૃવંશશાસ્ત્રીઓએ સમગ્ર માનવજાતિને હવે પાંચ કુટુંબોમાં વહેંચી નાખી છે: (૧) કૉકેસોઇડ, (૨) મોંગોલોઇડ, (૩) ઑસ્ત્રાલોઇડ, (૪) ક્રેપોઇડ અને (૫) કૉંગોઇડ. ૧૯૮૨ માં પ્રસિદ્ધ થયેલા એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકાની ૧૫મી આવૃત્તિના નવમા પુનર્મુદ્રણમાં (ગ્રંથ ૧૪, પૃ ૮૪૦, સ્તંભ ૨) આ વસ્તુ જોવા મળે છે, જ્યાં 'નેગ્રોઇડ'ના વિષયમાં લખ્યું છે કે 'The term Negroid (which usually includes Capoid and Congoid) is avoided for Negros proper because it fails to include the Pygmies, who also belong to it...' ત્યાં જ જણાવ્યા પ્રમાણે યુરોપ અને પશ્ચિમ એશિયામાંથી મળેલા અસ્થીભૂત અવશેષોને કારણે 'કૉકેસોઇડ,' જાવા બોર્નિયો ઑસ્ત્રાલિયામાંથી મળેલાને કારણે 'ઑસ્ત્રાલોઇડ,' પૂર્વ-એશિયા અને ઉત્તર અમેરિકામાંથી મળેલાને કારણે 'મોંગોલોઇડ', ઉત્તર આફ્રિકા અને સહરાના પ્રદેશમાંથી મળેલાને કારણે 'ક્રેપોઇડ' અને દક્ષિણ આફ્રિકામાં 'બુશમેનો'ની પહેલાંના 'કૉંગોઇડ'.

'આર્ય' શબ્દના વિષયમાં ઉપરના એ. બ્રિ. (૧૯૮૨)ની 'માક્રોપીડિયા' આવૃત્તિમાં કશી નોંધ નથી, પરંતુ 'માઇક્રોપીડિયા' આવૃત્તિના (ગ્રંથ ૧, પૃ. ૫૬૬) ઉપર નાની નોંધ આપવામાં આવી છે. જેની કે "Aryan (from Sanskrit arya, "noble"), a people, and their language, who in prehistoric times settled in Iran and northern India, from the Aryan language the Indo-European lauguage of South Asia are descended. In the 19th century the term was used as a synonym for "Indo-European" and also, more restrictively to refer to the Indo-Iranian languages (q. v)

'આર્ય' પ્રજાવાચક સંજ્ઞા છે એમ કહેનાર ડૉ. મેક્સમ્યૂલર ઘણું કરીને પહેલા હતા 'હિસ્ટરી ઑફ એન્શિયન્ટ સાન્સ્કૃતા લિટરેચર' (૧૮૫૯, પૃ ૨૧૧)માં એમણે 'આર્ય' પ્રજાઓનો મૂળ પ્રવાહ હમેશાં વાયવ્ય દિશા તરફ વહ્યો રહ્યો છે' અને છેવટે એમણે પામીરની ગિરિમાળાથી લઇ મધ્યએશિયામાં કહેવાતા આર્ય-ગૌરાંગોનું મૂળ સ્થાન હોવાનો મત આપ્યો હતો. આગળ જતાં 'કલેક્ટેડ વર્કસ-ગ્રં. ૧૦, પૃ. ૬૦ માં) એમનો નીચેનો અભિપ્રાય ધ્યાનમાં લેવા જેવો છે: "Aryan im seientific langange, is ulterly inaplicable to race. It means language and nothing but language and if we speak of Aryan race at all we should know that it means no more than X + Aryan speech" આનાથી નોંધપાત્ર એ બની રહે છે. ડૉ. મેક્સમ્યૂલર પે.તાની ઉત્તરાવસ્થામાં 'આર્ય' સંજ્ઞાને વંશ કે પ્રજાનો વાચક સ્વીકારતા નહોતા.

આમ છતાં આપણા મનમાંથી હજી જૂની માન્યતા ખસી નથી. અહીં એ 'ગૃહીત'ને થોડા સમય માટે સ્વીકારી થોડું કહું. આપણે ત્યાં પણ આર્યોના મૂળ સ્થાન વિશે ચર્ચા-વિચારણાઓ થઇ છે. ડૉ. ડી એસ. ત્રિવેદે મુલતાનમાં આવેલી દૃવિકા નદીના પ્રદેશમાં કહ્યું ('એ હિસ્ટ્રી ઑફ ધ ભાંડારકર ઓરિયન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ-ગ્રં. ૨૦, પૃ. ૨૨). તો શ્રી લક્ષ્મીધર શાસ્ત્રી કલ્લાએ કાશ્મીર અને હિમાલયને આર્યોનું મૂલસ્થાન કહેલ (ડિક્ટરી ઑફ કલ્ચર ઑફ ધી ઇન્ડિયન પીપલઃ વેદિક એજ, પૃ. ૧૨૫માં સૂચિત અને ૬ઠ્ઠી પ્રાચ્ય વિદ્યા પરિષદના સારગ્રંથ (૧૯૩૦)માં પૃ ૭૮૩-૨૫), જ્યારે શ્રી કે. મા. મુનશી 'ગુજરાતની કીર્તિગાથા (Glory that was Gurjara Desa) ગ્રં.૧લો પૃ ૧૧૦)'માં જણાવે છે કે 'આર્યોની પહેલવહેલી વસાહત સુમેરથી કાબુલ, કાબુલથી હરિદ્વાર અને શૂરપરિક આ રેખાઓના બહારના પ્રદેશમાં હોય એવું કોઇ સંભારણું છે નહીં. આ નાનકડી સૃષ્ટિ, એ એક હતી ત્યાં લગી તો, સિંધુ પ્રદેશની ખરીની આસપાસ જ ચકર ચકર ફરતી હતી.'

બીજી કોઇ લાંબી ચર્ચામાં ન પડતાં એક મહત્ત્વનો જ ઉલ્લેખ કરી લઉં. કલકત્તાની વડી અદાલતના ભૂતપૂર્વ અંગ્રેજ ન્યાયમૂર્તિ શ્રી પાર્જિટર એમના 'એન્શિયન્ટ ઇન્ડિયન હિસ્ટોરિકલ ટ્રેડિશન (૧૯૨૬, પૃ. ૨૯૮-૩૦૦)'માં નીચોડ લાવી આપ્યો છે કે

આર્યો 'મધ્યવર્તી' હિમાલય (Mid-Himalayan) પ્રદેશ'-માંથી ઊભા થયા છે. આ પ્રદેશ તિબેટ અને પામીરની ગિરિમાળાની વચ્ચેનો પ્રદેશ એમને અભીષ્ટ છે. ડો. મેકસમ્યૂલર પામીરથી લઇ મધ્ય એશિયાને કહે છે. શ્રી લક્ષ્મીધર શાસ્ત્રી કલ્હા કાશ્મીર અને હિમાલયને કહે છે અને પાર્જિટર મધ્ય-હિમાલય પ્રદેશ કહેતા હોય તો મૂલ સ્થાન કયું હોઇ શકે એ વિશે ગૂંચવાડો રહેતો નથી. પાર્જિટરે ત્યાં જ કહ્યું છે કે ઋગ્વેદમાંના પંચ પ્રજા – કુળોમાંના દ્રુહ્યુઓ પછી પશ્ચિમમાં આગળ વધ્યા તે આજની ગૌરંગ યુરોપીય પ્રજાના પૂર્વજ. (મારે મને એમાં યહૂદીઓ અને અરબીનસલની પ્રજા પણ આની જાય છે)

'કોકેસોઇડ' સંજ્ઞા યુરોપીય વિદ્વાનોએ ગૌરંગો (white-race)ને માટે આપી છે, જે ભારતીય 'ચંદ્રવંશ' છે. 'સૂર્યવંશ'માં ઇક્ષ્વાકુનો પિતા મનુ અને મનુનો પિતા 'સૂર્ય'; એનો અર્થ એટલો જ કે આ વંશનો રંગ પીળો. અમેરિકામાં સ્થિર થયેલા અમેરિકન (રેડ) ઇન્ડિયન્સનો મૂળ દેવ સૂર્ય અને એમનો ગુરુ સૂર્યનો અવતાર. આ અમેરિકન પ્રજા 'મોંગોલોઇડ' પ્રજાનો પ્રકાર છે. આ સાથે ભારતનો 'સૂર્યવંશ' પણ 'મોંગોલોઇડ', પાર્જિટરે આર્યોને ચંદ્રવંશી અને દ્રવિડોને સૂર્યવંશી કહેલ છે. એમને અમેરિકન (રેડ) ઇન્ડિયન-સની ધાર્મિક માન્યતાઓનો અભ્યાસ કરવાનો યોગ મળ્યો હોત તો દ્રવિડોને સૂર્યવંશી ન કહેત. 'આર્ય' જેવી જ 'દ્રવિડ' સંજ્ઞા પણ ભ્રામક છે. એને સ્વીકારી લઇએ તો દ્રવિડવાસીઓનો એની ચામડીના રંગને કારણે 'ઓસ્ત્રેલોઇડ' છે.

ટૂંકમાં, 'કોકેસોઇડ' એ ગૌરંગ (ઘઉંલા સહિતનો) વંશ 'ચંદ્રવંશ', મોંગોલોઇડ' એ પીતાંગવંશ–'સૂર્યવંશ' અને 'ઓસ્ત્રા-લોઇડ' એ 'શ્યામાંગ-દ્રવિડ' યા 'દાનવ'-વંશ'(?), મધ્ય-હિમાલય પ્રદેશને મથાળે તિબેટ ત્રિવિષ્ટપ-સ્વર્ગ') છે અને એનો રાજા તે 'ઇંદ્ર' (સામા-ન્ય નામ, બધા રાજવીઓ 'ઇંદ્ર' કહેવાતા હશે), ઇંદ્ર ત્રિવિષ્ટપનો રાજા. આ 'દેવો' તે ચંદ્રવંશના. આ સપ્ત સિંધુના પ્રદેશમાં પ્રયુર્યા અને એમની સાથે પીતાંગ સૂર્ય-વંશનું સંમિશ્રણ થયું. પૌરાણિક આખ્યાયિકા પ્રમાણે અગસ્ત્યે સમુદ્રનું પાન કર્યું અને એઓ દક્ષિણમાં આગળ વધ્યા. અર્થાત્ ભૂસ્તરમાંના ફેરફારને કારણે સમુદ્ર સુકાઇ જતાં વૈદિક આર્યો (સંસ્કારી પ્રજા) દક્ષિણમાં આગળ વધ્યા, તો દક્ષિણના શ્યામાંગ દ્રવિડો ભરતવર્ષમાં ફેલાતા રહ્યા. મધ્ય વૈદિક કાળમાં આમ ગૌરંગ-પીતાંગ-શ્યામાંગનું સંમિશ્રણ ઉચ્ચ કોટિના ઋષિઓમાં અને રાજવંશોમાં પણ અનુભવાય છે. સૂર્યવંશી રામ અને ચંદ્રવંશી કૃષ્ણ શ્યામાંગ કેવી રીતે હોઇ શકે? છતાં લક્ષ્મણ અને બલરામ ગૌરંગ! આંધ્રના ઉચ્ચતમ બ્રાહ્મણો શ્યામાંગ કેવી રીતે હોઇ શકે?

અહીં હવે જે કહેવાનું પ્રાપ્ત થાય છે તે તો એ કે ઋગ્વેદમાં સેંકડો વાર વપરાયેલો આર્ય શબ્દ અને તેરેક વાર વપરાયેલો અનાર્ય શબ્દ વિશેષ સંસ્થાવાચક નામો નથી, પણ ગુણવાચક વિશેષણો છે કે જેવા દસ્યુ અને દાસ શબ્દ. ડો. મેકસમ્યૂલર પહેલાં કોઇએ વંશ કે પ્રજાના વાચક તરીકે આર્ય શબ્દ કહ્યો નહોતો અને પાછલી ઉંમરમાં એમણે જ એને માત્ર ભાષાકુળનો વાચક કહ્યો અને ઇન્દો-યુરોપિયન કે ઇન્દો-જર્મનિક ભાષાકુળ કહેવાને બદલે એમણે આર્ય ભાષ કુળ કહ્યું–એમણે આ ઊજળી પ્રજાનું મૂળ સ્થાન પામીરથી લઇ મધ્ય એશિયામાં કયાંક કહીને આંતરિક રીતે 'હિમાલય'ને જ બળ આપ્યું એ ઓછું સૂચક નથી.

યુરોપીય નૃવંશશાસ્ત્રીઓએ 'કોકેસોઇડ' સંજ્ઞા આપીને અભીષ્ટ પ્રજાવંશને ગૌરંગ કહ્યો છે. આ મધ્ય એશિયાનો કાસ્પિયન સમુદ્રની પશ્ચિમ બાજુનો અડીને આવેલા યુરોપના અગ્નિ ખૂણાનો છેલ્લો ભૂભાગ છે. એની નીચે ઇરાન, એની પૂર્વે અફઘાનિસ્તાન, એની પૂર્વે જમ્મુ-કાશ્મીરનો અને એના અગ્નિ ખૂણે સપ્તસિંધુનો આજનો પંજાબ- આટલા પ્રદેશોમાં પથરાયેલી પ્રજામાં 'કોકેસોઇડ' વંશની લાક્ષણિકતા પ્રબળ પ્રમાણમાં જોવામાં આવે છે. ગૌરંગોનું વાસ્તવિક સૌંદર્ય પણ પ્રજામાં આ પ્રદેશોમાં છે. ભારતવર્ષના જે પ્રદેશ કિંવા ભૂભાગને આર્યાવર્ત સંજ્ઞા મળી છે તેનો વિસ્તાર પણ શુક્રો: 'પૂર્વ સમુદ્રથી લઇ પશ્ચિમ સમુદ્ર સુધીનો હિમાલય અને વિંધ્ય પર્વતો વચ્ચેનો ભાગ તેને ડાહ્યાલોક 'આર્યાવર્ત' કહે છે (મનુસ્મૃતિ ૨-૨૨)' વિંધ્ય સહ્યાદ્રિએ પૂરો થાય છે. આ પ્રદેશમાં જે પ્રજા રહેતી આવી તે એના સંસ્કારને કારણે આર્ય પારંપરિક વંશ તરીકે આર્ય નહિ. ઋગ્વેદનું પેલું કૃણ્વન્તો વિશ્વમાર્યમ્ વાક્ય સમગ્ર વિશ્વને આર્ય કરનારાઓની વાત કરે છે. જો આર્ય વંશવાચક હોય તો એ કેવી રીતે શક્ય બને? સમગ્ર વિશ્વને 'સંસ્કારી' બનાવવાની આ વાત છે. સાચી સંજ્ઞાઓ તેથી જ એશિયાની (અને પછી પશ્ચિમમાં આગળ વધતાં પશ્ચિમ એશિયા અને યુરોપની) પ્રજા તે ગૌરંગ – ચંદ્રવંશી પીતાંગ-સૂર્યવંશી અને શ્યામાંગ-'દનુજ' કિંવા 'દાનવ' શબ્દોથી અનુક્રમે વ્યવહૃત કરીએ તો એ વધુ પ્રામાણિક થઇ રહેશે, આમ પ્રજા કે વંશના વાચક તરીકે આર્ય શબ્દને આપણે જતો કરવો જોઇએ.

સમય–એક વિલક્ષણ પરિમાણ

સંગમ વા. વોરા

ભવિષ્યની પ્રત્યેક ક્ષણ વર્તમાન બનીને ભૂતકાળમાં ભળી જાય છે. સમય એક ન પકડી શકાય એવું પરિમાણ છે. ચાલ્યો જતો સમય કયારેય એકલો નથી જતો. પોતાની સાથે ઘણું બધું લઇને જાય છે

જનમતું બાળક મૃત્યુનો પરવાનો લઇને જ આવે છે. સવાલ ફકત સમયનો છે. સગતા સમયને બાંધી નથી શકાતો. સમયનો પ્રવાહ વક્ર કરે છે એકધારી ગતિથી. સકળ સૃષ્ટિને પોતાના શાસનતળે લાવી દેવાની ધખના ધરાવતો માણસ સમયની પાસે લાચાર છે બિચારો છે, વામણો છે. આમ છતાં સમયની અવિરત ધારાને અતિક્રમીને સમયહીન અવસ્થા પર પહોંચવાની ઝંખના હંમેશા રહ્યા કરી છે.

સમય માણસના ચહેરા પર ત્રાસ પાડતો જાય છે. જેમ જેમ સમય વીતે છે તેમ તેમ ચહેરા પર લકીરો ઉમેરાતી જાય છે. નવજાત શિશુના ગોળમટોળ ચહેરાની સામે જ્યારે કોઇ વૃદ્ધનો ચહેરો દેખાય ત્યારે મને હારી ચૂકેલી માનવજાતનો અહેસાસ થાય છે. આખું જીવન સમયને થપ્પાવી દઇને જે કંઇ સારું છે, શ્રેય છે, હૃષ્ટ છે, મનભાવન છે એ બધાને still કે pause પર રાખી મૂકવાની મથામણ ચાલ્યા કરે છે, પણ સમય સામે ઝીંક લેવાની વાત માણસના ગજા બહારની છે. અહીં rewind કે fast forward – એમાંથી કશું જ શકય નથી. Playback એની રીધમિક ગતિએ ચાલ્યા કરે છે.

આ playbackને થંભાવીને સમયના વહેણને ઉપરવાસ

ભણી ધકેલવાનો પ્રયત્ન કર્યો યયાતિએ.

યયાતિ એટલે મહારાજા યયાતિ, અગ્નિની સાખે લગ્ન તો થયેલા દેવયાની સાથે પણ યયાતિનું ચિત્ત ચોંટેલું દેવયાનીની સખી શર્મિષ્ઠામાં. શર્મિષ્ઠાથી યયાતિને થયેલો પુત્ર તે યદુ. પ્રૌઢાવસ્થા પ્રાપ્ત થવા છતાં તૃષ્ણા, કામના અને વાસના યયાતિનો પીછો છોડતાં નથી. અને એક નબળી પળે યયાતિ પોતાના જ્ઞાનજ્યેષ્ઠ પુત્ર યદુ પાસેથી યુવાની માગી લ્યે છે અને બદલામાં પુત્રને મળે છે યયાતિના શ્વેત કેશ, કંપિત સ્વર અને જર્જરિત દેહ.

શર્મિષ્ઠા અને દેવયાની જેવી મનોરમ સ્ત્રીઓને ભોગવીને વાર્ધક્યને આરે પહોંચ્યા પછી પણ પુત્ર પાસેથી યૌવન માગીને ફરી ફરીને વાસના દ્વારા તૃપ્તિ મેળવવાની ધારણા એ ફક્ત યયાતિની જ નહીં, પ્રત્યેક મનુષ્યની ધારણા છે.

સદાબહાર યૌવનની ચરમસીમા પર હંમેશ માટે સ્થિર થઇ જવાની પ્રગાઢ તૃષ્ણા યયાતિના પાત્ર દ્વારા અદ્‌ભુત રીતે છતી થાય છે. બધું જ કાયમ માટે ટકી રહે એવી ઇચ્છા આપણી અંદર-મનુષ્ય માત્રની અંદર પડેલી છે. પદાર્થોને સાચવી-ધબરીને રાખવાની માણસની વૃત્તિ એ યયાતિ-વૃત્તિ છે, પાવડર, મેક-અપ, કલપ ને મેરીલીન મનરો ને એવું બધું ભેગું મળીને સમયની સામે મોરચા માંડ્યા કરે છે. પણ સમય કોઇને ગણકારતો નથી.

વિજ્ઞાનની ધારણાઓ કે પૂર્વધારણાઓ દ્વારા ટાઇમલેસનેસને પ્રાપ્ત કરવાની માણસની ખ્વાહેશ પાછળ પણ યયાતિ-માનસ કામ કરી રહ્યું છે. અવાજ કરતાં પણ વધુ ગતિથી ઊડનારાં 'કોન-કોડ' વિમાનો તો માણસે શોધ્યાં પણ પ્રકાશની ગતિ જેટલી ઝડપે એટલે કે એક સેકંડની અંદર લગભગ એક લાખ છપ્પાસી હજાર માઇલ જેટલું અંતર કાપી નાખવાનું માણસ માટે શક્ય બનશે ત્યારે કહે છે કે સમય નામનું એકમ ખરી પડશે; માણસની ઉંમરમાં વધારો નહીં થાય. અને પ્રકાશ કરતાં પણ વધુ ઝડપથી માણસ જ્યારે ગતિ કરી શકશે ત્યારે શક્ય છે કે માણસની ઉંમરમાં ઘટાડો થવા માંડે!

સમય માણસને આમૂલાગ્ર જકડી લેતું જડબેસલાક બંધન છે. વાસ્તવમાં, કલ્પનો દ્વારા કે વિજ્ઞાન દ્વારા સમયની સીમાને ઉલ્લંઘી જવાની કોશિશો દુનિયાના તમામ મૂળે એક યા બીજા પ્રકારે થતી રહી છે.

બે નાના પંગિતો દ્વારા યુવા અને વૃદ્ધાવસ્થાને પોતાના કાવ્યમાં રજૂ કરતાં કવિ શ્રી નલિન રાવળ કહે છે-

અંધારના મખમલ મુલાયમ પોત શા
મારા સુવાળા વાળ
આજે રૂખડા સુકકા

ફરકતા ઘાસના ટુકડા સમા અહીં તહીં જરી ફરકી રહ્યા. અને આગળ ચાલતાં કહે છે-

જાડી કશી કૈં દોરડા જેવી ઝાર મારી નસો
જેની મહીં વેગે વહેતા મત્ત મારા રક્તમાં
શત સૂર્યની ઉષ્મા હતી.

સમય પસાર થાય છે. સૂર્યની પ્રખર ઉષ્મા ધીરે ધીરે ઘટવા માંડે છે ને પશ્ચિમના પ્રલંબ પડછાયા પૂર્વ ભણી સ્થાનાંતરિત થાય છે.

'જગત' શબ્દની વ્યાખ્યા આપતાં સંસ્કૃત ભાષા કહે છે-ગચ્છતિ ઇતિ જગત-જે જાય છે એ જગત-જવું, ચાલવું, પસાર થવું એ જગતનો સ્વભાવ છે. સ્થિરતાની અનુભૂતિ ભ્રાન્તિ-મૂલક છે. યશ અને કીર્તિ માટેનો પ્રયત્ન એ માણસની ભીતર રહેલા ચિરકાલીન યયાતિની છટપટાહટ છે. સમયના કોઇ નાના ટુકડા પર કે વિશાળ ફલક પર છવાઇને સદ્‌ગત થયા પછી પણ અમર બની જવાની અદમ્ય ઇચ્છાનું એ પરિણામ છે. રૂપ-રૂપે નહીં તો નામરૂપે પણ પોતાની અસ્મિતા સદાકાળ માટે ટકાવી રાખવાનો પ્રયત્ન પ્રત્યેક યયાતિ હંમેશા કરતો રહે છે.

લીલામાંથી પીળો રંગ ધારણ કરવો ને છેવટે ખરી પડવું એ પ્રત્યેક પર્ણની નિયતિ છે. કેશતેલની જાહેરખબરમાં આવતાં તમામ વિશેષણોથી યુક્ત કાળા વાળ શ્વેત થવાને સર્જાયા છે એ હકીકત તરફ આંખમીંચામણાં થઇ શકે એમ નથી.

અનિત્ય સિવાયની તમામ જણસો અનિત્ય છે. ધર્મશાસ્ત્રોના પાનામાંથી બહાર પડેલો આ શબ્દ જેટલો ભારે છે એથી વધુ વજનદાર છે. સમયને ઓળંગીને એને કાબૂમાં લઇ લેવાની અંધ દોટને રોકીને એમાઉટ-ટર્ન કરી નાખવાની ક્ષમતા કદાચ આ 'અનિત્ય' શબ્દમાં રહેલી છે.

આ અનિત્ય-ભાવના એ નિત્ય-સાપેક્ષ ભાવના છે. નિત્ય અને અનિત્ય ને કાળ ને સમય ને પહેલાં ને પછી ને નવું ને જૂનું ને ગઇ કાલે ને આવતી કાલે ને એવું બધું માનવ-મનની નીપજ છે. પશુને ગઇ કાલ નથી, આવતી કાલ નથી. પ્રાણીસૃષ્ટિ ભૂતકાળ અને ભવિષ્યકાળના સંદર્ભથી મુક્ત છે. 'હતા' અને 'હશે'ની વિભાવનાઓ મનુષ્યેતર જૈવસૃષ્ટિ માટે અપ્રસ્તુત છે. વીતેલા અને નહીં વીતેલા સમયની શોધ માણસે કરી છે. સમયના સ્તર પર ફેલાઇ જવાના એક ભ્રાન્ત પ્રયત્નના પરિણામ રૂપે ભૂત-ભવિષ્યની ભાષા પ્રયોજાય છે; બાકી છે ફક્ત વર્તમાનકાળ, અને આ વર્તમાન-કાળની ધારણા પણ હકીકતમાં તો ભૂત-ભાવી સાપેક્ષ જ છે ને? 'વર્તમાનકાળ છે' એમ કહેવાને બદલે 'છે' એમ કહેવું પૂરતું છે.

આયુર્વેદમાં ચ્યવનઋષિની વાત આવે છે. લીલા આમળા અને બીજાં ઔષધો ભેળાં કરીને બનાવેલો અવલેહ (ચાટણ) ખાવાથી-અસ્ય પ્રયોગાત્ ચ્યવનઃ સુવૃદ્ધઃ અભૂત્ પુનઃ યુવા-ખૂબ વૃદ્ધ એવા ચ્યવનઋષિ ફરીથી (રિપીટ ફરીથી) યુવાન થયા.

ચ્યવન પ્રાશાવલેહ ખાઓ કે પુત્રો પાસેથી ભીખ માગો. ફરક માત્ર પદ્ધતિમાં છે. યૌવન આપનાર આમળા હોય કે પુત્ર એ ઔષધ બાબત છે. કાળને નાથવાનો પ્રયત્ન એક યા બીજા રૂપે દેખાયા કરે છે.

વાદળા સમયે સમયે આકાર બદલે છે. નભોમંડળમાં છવાયેલી સંધ્યાની ભાલિમાનું વર્ણપરિવર્તન કેટલું ઝડપી હોય છે? You can't step in the same river અમથું તો નહીં જ કહેવાયું હોય? છતાં વસંતના સ્વીકારમાં પાનખરનો સ્વીકાર અભિપ્રેત છે એ સમજવું બહુ કઠિન થઇ પડે છે.

સમયના અનવરત પ્રવાહની સામે તરતાં તરતાં માણસના બાહુ નિર્બળ બની જાય છે. તરવાની શક્તિ તૂટી જાય છે. શ્વાસ ચડવા માંડે છે ને અસ્તિત્વનું નાસ્તિત્વ થવાની શરૂઆત થઇ જાય છે છતાં પ્રત્યેક યયાતિ સંજીવનીપ્રાશન બનવાનો પ્રયત્ન જાળવી રાખે છે.

વાસ્તવિકતા જ્યારે સહન ન થાય એટલી હદે ભયાનક હોય ત્યારે કલ્પનાના વાઘા પહેરાવીને પોતાની ભ્રાન્ત ધારણાઓને એક યા બીજા સ્વરૂપે પોષ્યા કરવાનું માણસ ચૂકતો નથી. લેખક હરવિંગ વોલેસની નવલકથા 'ધ પીજિયન પ્લોટ'માં આયુષ્યને બમણું કરી શકતા રસાયણની વાત આવે છે. આયુષ્યમાં બીજાં

એટલાં જ વર્ષો ઉમેરી આપતું આ અદ્‌ભુત રસાયણ ફેન્ટસીના અલૌકિક જગતમાં માણસને વિહાર કરાવે છે. વાસ્તવિક વિશ્વમાં અશક્ય જણાતી બાબતો નવલકથારૂપે માનવ-મનને બહેલાવ્યા કરે છે. સદાકાલીન યૌવનની ઇચ્છા નામશેષ થતી નથી.

ચ્યવનપ્રાશ ખાઓ, રસાયણ શોધો, કવિતા રચો, નવલકથા લખો કે માગીને લો. વાત એકની એક છે. સમયના પટ પર ફેલાઈ જવાની માણસની અદમ્ય ને શાશ્વત ઇચ્છા એક યા બીજા સ્વરૂપે ડોકાયા કરે છે.

આ ઇચ્છાનું મૂળ શું હશે?

પોતાના અસ્તિત્વ-બોધને સદાને માટે ટકાવી રાખવાનો પ્રયત્ન માણસ શા માટે કરતો હશે?

શા માટે માણસ પોતાના 'હોવા'ની અનુભૂતિને ભવિષ્ય તરફ વિસ્તારી રહ્યો હશે?

'રાષ્ટ્રપતિ, વડા પ્રધાન અને અખબારો' એ વિષય પર વ્યાખ્યાન

સંઘ સંચાલિત જ્ઞાનગોષ્ઠિના ઉપક્રમે ગુરુવાર, તા. ૪-૬-'૮૭ના ચર્ચગેટ ખાતેના ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના કમિટિ રૂમમાં સાંજના ૬-૧૫ કલાકે 'રાષ્ટ્રપતિ, વડા પ્રધાન અને અખબારો' એ વિષય પર જાણીતા પત્રકાર શ્રી માધવ કામથનું વ્યાખ્યાન યોજાયું હતું.

આ વિષય પર બોલતાં શ્રી કામથે જણાવ્યું હતું કે, તાજેતરમાં રાષ્ટ્રપતિ, વડા પ્રધાન વિવાદ તથા અન્ય બોફર્સ, જર્મન સબમરીન, ફેરફેક્સ પ્રકરણ વગેરે વિષે અખબારોને સ્પષ્ટ માહિતી આપવામાં આવી નહિ તેમજ ચીન સરહદે બનતી ઘટનાઓ અને શ્રીલંકા સાથેના ખટરાગ સંબંધે પણ સરકારે પોતાના વલણનો ચોકકસ ખ્યાલ આપ્યો નથી તેથી આવી પરિસ્થિતિમાં અખબારોએ પરિસ્થિતિ રજૂ કરી વિશ્લેષણ આપીને લોકમત જાગૃત કરવો જોઇએ.

પંડિત નહેરુના વડા પ્રધાનપદના સમયથી અખબારોને પૂરતી માહિતી આપવામાં આવતી નથી. અવગણના પણ થાય છે અને એ જ પદ્ધતિ આજે રાજીવ ગાંધી ચલાવી રહ્યા છે. અખબારો અને પત્રકારોને તુચ્છકારની દૃષ્ટિએ જોવામાં આવે છે. જો કે પંડિત નહેરુનું વાચન ખૂબ હતું. તેમણે વિશ્વનો સારો એવો પ્રવાસ ખેડયો હતો. જ્ઞાની હતા. તેની સામે એ વખતના ઉચ્ચ પત્રકારોએ વિશ્વના અન્ય દેશોનો પ્રવાસ નહીંવત્ ખેડયો હતો. કદાચ સરખામણીમાં ઓછું વાચન પણ કહેવાય પરંતુ આજના પત્રકારોમાં વિશ્વના અન્ય દેશો કરતાં ભારતીય પત્રકારોને આંતરરાષ્ટ્રીય બાબતોનું જ્ઞાન ઘણું જ સારું છે. અને મોટાભાગના અગ્રણી પત્રકારોએ વિશ્વનો વ્યાપક પ્રવાસ કર્યો છે.

શ્રીલંકાને ભારત તરફથી સહાય માટે મોકલાયેલાં જહાજોને પાછાં ફરવું પડયું એ બાબત અપમાનજનક છે. અને તેની સામે ભારતના પ્રત્યાઘાતો કેવા હશે એ બાબતે પણ વર્તમાનપત્રોને કોઇ માહિતી અપાઇ નથી. ખરી લોકશાહીમાં આવું ન બને. પત્રકારો અને લોકોને યોગ્ય એવી બાબતોથી માહિતગાર રાખવામાં આવે, વિશ્વાસમાં રાખવામાં આવે.

રાષ્ટ્રપતિ, વડા પ્રધાન વિવાદ વિષે કામથે કહ્યું હતું કે વડા પ્રધાન માટે દેશની મોટાભાગની બાબતો અને ખાસ મહત્ત્વની બાબતો હોય તો એ અંગે રાષ્ટ્રપતિ સાથે ચર્ચા કરવાનું જરૂરી છે. આ એક પ્રણાલી છે અને એનો પણ એક સાવ નવરાસ ના રાજકારણી એના વડા પ્રધાન ભંગ કરે, એટલે કે એમ કહી દે કે હું કોઇપણ રીતે આ બાબતો પર તેમની સાથે વાતચીત કરવા બંધાયેલો નથી, ત્યારે અતિશય ગણાય. ભારતમાં રામની પાદુકાને સિંહાસન પર મૂકી ભરતે રાજ ચલાવ્યું હતું. એવા ભારત દેશમાં રાષ્ટ્રપતિનું સ્થાન પિતા સમાન ગણાવું જોઇએ. કમસેકમ નૈતિક રીતે તો રાષ્ટ્રપતિને સર્વોચ્ચ ગણીને જ ચાલવું જોઇએ.

રાજીવ ગાંધીએ કહ્યું હતું કે અખબારો લોકશાહી તોડવા માગે છે પણ ખરી રીતે વિશ્વના ઇતિહાસમાં લશ્કરોએ લોકશાહી તોડી હોવાના દાખલા છે, અખબારોએ નહિ – એમ કહેતાં તેમણે ઉમેર્યું હતું કે અખબારોનું કામ પરિસ્થિતિના તટસ્થ નિરીક્ષક અને લોકશાહીના રક્ષકનું છે. પરંતુ કેટલાંક અખબારો સરકારના બોળામાં બેસી જાય છે અને કેટલાંક અખબારો 'નરો વા કુંજરો વા'ની નીતિ અપનાવે છે. ખરેખર અખબારોનો અવાજ સ્પષ્ટ હોવો જોઇએ.

કાર્યક્રમનું પ્રમુખપદ અમર જરીવાલાએ સંભાળ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું જ્યારે કાર્યક્રમના અંતે સંયોજક શ્રી સુબોધભાઇ એમ. શાહે આભારવિધિ કરી હતી.

સાભાર-સ્વીકાર

* **પ્રશમરતિ**

વિવેચન: શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

ક્રાઉન આઠ પેજી * પૃષ્ઠ – ૭૨૩ * મૂલ્ય: ૪૦-૦૦

* **જૈન ગુર્જર કવિઓ ભાગ બીજો**

સંગ્રાહક અને સંપ્રયોજક : શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ

સંપાદક : પ્રા. જયંત કોઠારી

પૃષ્ઠ-૪૦૪ * ડેમી સાઇઝ * મૂલ્ય રૂા. ૭૫/૦૦

પ્રકાશક : શ્રી મહાવીર જૈન વિદ્યાલય,

ઓગસ્ટ ક્રાંતિ માર્ગ,

મુંબઇ-૪૦૦૦૩૬.

* **પ્રેક્ષા ધ્યાન આધાર અને સ્વરૂપ**

* **પ્રેક્ષા ધ્યાન-કાયોત્સર્ગ**

લેખક: યુવાચાર્ય મહાપ્રજ્ઞ

સંપાદક: શ્રી રોહિત શાહ

પૃષ્ઠ ૬૦ × ૬૦ ક્રાઉન સોળપેજી

બંને પુસ્તિકાની કિંમત રૂા. ૬-૦૦

પ્રકાશક: અનેકાન્ત ભારતી

૪, ચારૂલ-સહજાનંદ કોલેજ પાસે,

આશાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

* **નોતરું** (સરળ ગુજરાતી લગ્નવિધિ)

સંકલન : જગદીશ શાહ પૃષ્ઠ-૨૮ ક્રાઉન સોળપેજી-મૂલ્ય રૂા. ૧-૨૫

પ્રકાશક : યજ્ઞ પ્રકાશન સમિતિ હુઝરતપાગા, વડોદરા-૩૯૦૦૦૧

અસ્થિર સારવાર કેન્દ્ર

'સંઘ'ના ઉપક્રમે નિષ્ણાત અસ્થિ ચિકિત્સક ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા હાડકાંના રોગોની નિઃશુલ્ક સારવાર દર રવિવારે સવારના ૯-૩૦ થી ૧-૩૦ સુધી પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો. ઓ. સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામ સામે, પ્રાર્થના સમાજ, (ફોન : ૩૫૦૨૯૬) મુંબઈ-૪૦૦૦૦૪ ખાતે આપવામાં આવે છે.

આ ઉપરાંત 'સંઘ'ના ઉપક્રમે દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૨-૩૦ થી ૫-૩૦ સુધી શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ ઝાલાવાડ નગર, સી. ડી. બરફીવાલા માર્ગ, જુહુ લેન, અંધેરી (પશ્ચિમ), મુંબઈ – ૪૦૦૦૫૬ માં ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા ઉપરોકત સારવાર વિનામૂલ્યે અપાય છે. જરૂરિયાતવાળા દરદીઓ અવશ્ય તેનો લાભ ઉઠાવે તેવી વિનંતી છે.

સાભાર સ્વીકાર

* **શ્રી શાંતિનાથચરિત્રચિત્ર પટ્ટિકા** (સચિત્ર) લે. પં. શ્રી શીલચંદ્રવિજય ગણિવર, પૃષ્ઠ-૮૨, મૂલ્ય ૮૦/- પ્રકાશક : શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય વિદ્યા મંદિર, અમદાવાદ. * **શ્રી અબંધહેતુભંગ પ્રકરણમ્** લે. મહોપાધ્યાયશ્રી યશોવિજયજી ગણિ પૃષ્ઠ-૩૬, ડેમી સાઇઝ. મૂલ્ય જણાવ્યું નથી. પ્રકાશક- શ્રી યશોભદ્ર શુભંકર જ્ઞાનશાળા, જૈન સોસાયટી, ગોધરા (પંચમહાલ) * **રાધનપુર જૈન દર્શન** (સાધર્મિક શ્રમણિકા વિશેષાંક) તંત્રી-શ્રી જિતેન્દ્ર વીરવાડીયા અને શ્રી ચંદ્રેશ મસાલીયા મૂલ્ય રૂા. ૧૫/-, પ્રકાશન સ્થળ : એ/૩, મહાવીર-નગર, શંકર લેન, કાંદીવલી (પ.), મુંબઈ-૪૦૦ ૦૬૭ * **ગુર્જર ગ્રન્થ રત્ન કાર્યાલય** ગાંધી માર્ગ, અમદાવાદનાં પ્રકાશનો : * **ચંદ્ર પર જંગ** લે. યશવંત મહેતા ક્રાઉન સોળ પેજી, પૃષ્ઠ-૧૦૪, મૂલ્ય રૂા. ૧૩/- * **અવકાશી ચાંચિયા** લે. યશવંત મહેતા, ક્રાઉન સોળ પેજી, પૃષ્ઠ ૨૪૨, મૂલ્ય રૂા. ૩૦/-, **જ્ઞાન કૌશલ્યમાળા ભાગ ૧ થી ૫** લે. યશવંત મહેતા, ક્રાઉન સોળ પેજી, પૃષ્ઠ-૩૨૦, મૂલ્ય રૂા. ૪૦ * **પ્રસંગ સૌરભ** લે. રોહિત શાહ, ક્રાઉન સોળ પેજી, પૃષ્ઠ ૮૦, મૂલ્ય રૂા. ૧૦, * **પ્રસંગની પરબ** લે. રોહિત શાહ, ક્રાઉન સોળ પેજી, પૃષ્ઠ ૮૦, મૂલ્ય રૂા. ૧૦, * **પ્રસંગ અને પ્રેરણા** લે. રોહિત શાહ, ક્રાઉન સોળ પેજી, પૃષ્ઠ ૮૦, મૂલ્ય રૂા. ૧૦ * **પુનિત પંથના પ્રવાસી** લે. રોહિત શાહ, ક્રાઉન સોળ પેજી, પૃષ્ઠ ૮૦, મૂલ્ય રૂા. ૧૦.

'પ્રબુદ્ધ જીવન'નો પર્યુષણ અંક

પર્યુષણ પર્વ નિમિત્તે 'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧ લી ઓગસ્ટ, ૧૯૮૭ અને તા. ૧૬ મી ઓગસ્ટ, ૧૯૮૭ નો અંક સંયુક્ત અંક તરીકે તા. ૧૬-૮-૧૯૮૭ના રોજ પ્રગટ થશે.

પ્રવાસ ઉદ્યોગ

(પૃષ્ઠ ૩૪ થી ચાલુ)

આવે છે. કેટલીયે યુનિવર્સિટીમાં Tourismનો અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યો છે. દુનિયાભરમાં કેટલીયે સુપ્રસિદ્ધ કંપનીઓ આ વ્યવસાયમાં પડી છે. તેવી કંપનીઓ બારે માસ પ્રવાસનું આયોજન કરી આપે છે. લોકોની જરૂરિયાતો સંતોષાય અને પ્રવાસનો તેઓ સરખો આનંદ માણી શકે એટલા માટે તેઓ સજાગ અને ઔપચારિક વિધિ ઓની અદ્યતન માહિતીથી સજજ હોય છે.

રેલવેસ્ટેશનો કરતાંપણ એરપોર્ટ અને હોટેલોના પ્લાન બનાવવામાં દુનિયાભરના નામાંકિત આર્કિટેક્ટ ઘણા આગળ નીકળી ગયા છે. નવા નવા વિચારો (Ideas), નવાં નવાં દષ્ટિબિન્દુઓ નવી નવી ચીજ વસ્તુઓ, નવી નવી કરામતો દ્વારા પોતાના આયોજનને મૌલિકતા, વૈયકિતકતા અને વિશિષ્ટતા આપવા માટેના પ્રયાસો દુનિયાભરમાં થઈ રહ્યા છે. વહાણના આકારની હોટેલ કે ટ્રેનના ડબ્બાઓની બનેલી રેસ્ટોરાં કે એવી બીજી ઘણી નવીનતાઓ દુનિયામાં આવી ગઈ છે. જેઓએ એવા પ્રયાસોમાંથી શોડાકનું પણ અવલોકન કર્યું હશે તેઓને લાગ્યા વગર રહેશે નહિ કે ભારત હજુ એ બાબતમાં ઘણું બધું પછાત છે. ભારતનાં જુદાં જુદાં રાજ્યોમાં અને કેન્દ્ર સરકારમાં પણ પ્રવાસ-ખાતું (Tourism) હોય છે. પણ તેમાં બહુ દમ હોતો નથી. જુદાં જુદાં રાજ્ય સરકારો તરફથી પ્રવાસ માટેનાં માહિતીકેન્દ્રો ચલાવવામાં આવે છે, પરંતુ એ બધાં જુનવાણી અને આવશ્યક સંપૂર્ણ માહિતી વિનાનાં હોય છે. કયારેક શોચનીય સ્થિતિ તો એવી હોય છે કે પોતાના રાજ્યના માહિતી ખાતામાં કામ કરનારા કર્મચારીએ પોતે એ પ્રદેશ નજરે જોયો હોતો નથી. જિજ્ઞાસુ પ્રવાસીને સંતોષ થાય એટલી માહિતી એમની પાસે હોતી નથી અને હોય છે તો આપવા માટેની ઉત્સુકતા હોતી નથી. માહિતી મેળવવા માટે જનારા પ્રવાસીઓ પાસે તો કેટલા બધા પ્રશ્નો હોય એ સ્વાભાવિક છે. પરંતુ એક-બે પ્રશ્નોના જવાબ જ એની ઉષ્મા વગર, અરિમત અપાય છે કે વધુ પૂછવાનું મન ન થાય.

ભારતમાં દેશના અને વિદેશના પ્રવાસનું આયોજન કરનારી કંપનીઓ જોઈએ તેટલી સંખ્યામાં નથી અને જે છે તેમાં પણ પ્રતિષ્ઠિત અને આધારભૂત કહી શકાય એવી ઓછી છે. કેટલીક કંપનીઓ ખરેખર સરસ સંતોષકારક કાર્ય કરે છે, પરંતુ કેટલીક પ્રવાસ કંપનીઓ છાપામાં મોટી મોટી જાહેરાતો આપે છે, ખોટા આંકડાઓ અને ખોટાં વચનો છાપે છે અને પ્રવાસીઓને લુચ્ચા ઇરાદાપૂર્વક છેતરે છે. કેટલીક કંપનીઓ પ્રવાસે જનારાઓ માટે પોતાના નગરમાં મોટી મહેફિલો યોજે છે, પરંતુ પાછીથી તેની પાસેથી બમણું કે તેથી વધુ સારું પ્રવાસ દરમિયાન વાળી લે છે. વિદેશમાં એક યુવાન દંપતી મળેલું તેણે કહેલું કે 'એમની પ્રવાસ કંપનીએ એમના હનિમૂનનો કાર્યક્રમ બગાડી નાખ્યો, કારણ કે વિદેશ પહેલી વાર સફર કરતા હતા અને એરપોર્ટ ઉપર કોઈ લેવા આવ્યું ન હતું અને જે હોટેલનું નામ આપ્યું તેમાં કે બીજી કોઈ પણ હોટેલમાં એમના નામનું રિઝર્વેશન થયું ન હતું. એથી તેઓ મૂંઝાઈ ગયા હતા. પ્રવાસ કંપનીએ ચોખ્ખી છેતરપિંડી જ કરી હતી. બીજી એક પ્રવાસ કંપની વિશે એક પ્રવાસીએ કહેલું કે 'શેઠની ખાનગી સૂચનાથી (તરકટથી) પ્રવાસ દરમિયાન એમના નોકરો અને રસોઇયાઓ ઇરાદાપૂર્વક ખોટે-

ખોટી મારામારી કરી અને ભાગી ગયાં એથી અમે બધા પ્રવાસીઓ રસ્તામાં પારાવાર અગવડમાં મુકાઈ ગયા હતા.'

વિદેશીઓ માટે ભારતમાં પ્રવાસની સમગ્રહ ઓછી હોય છે એટલું જ નહિ ભારતમાં પ્રવાસ માટે આવવાનું મન ન થાય એવાં કારણો પણ ઘણુંબધાં રહે છે. વિદેશમાં એક પ્રવાસીએ કહેલું કે 'India is an affected and infected area for a foreign tourist.' પોતાનો અનુભવ વર્ણવતાં એણે કહ્યું કે મુંબઈમાં આવ્યા પછી મુંબઈ બંધને કારણે પોતાનો બધો કાર્યક્રમ ખોરવાઈ ગયો હતો. રસ્તામાં બિમારીઓ તો ઊભી જ ન દે. લુચ્ચા ફેરિયાઓ અને ટેક્ષીવાળાઓ ઘણી બદમાશી કરે. અસ્વચ્છતાને કારણે અચાનક માંદા પડી જવાય. ભારતમાં અચાનક રમખાણો ફાટી નીકળે. નાની નાની બાબતો માટે મોટી મોટી લાઈનોમાં ઊભા રહેવું પડે કર્મચારીઓનાં તોછડા, અવિવેકી વર્તન જોવા કરવાં પડે. અરે મુંબઈ કે દિલ્હી જેવા એરપોર્ટમાં ઊતરીએ તો કસ્ટમ્સના કર્મચારીઓના ચહેરા ઉપર આવકારનો કોઈ હાવભાવ ન મળે. સસ્મિત કોઈ સેવા નહિ. અજાણતાં જરાસરખી પણ Irregularity થઈ ગઈ હોય તો લાંચ અને ભેટસોગાદની બહુ અપેક્ષા રાખે. જાણી જોઈને અતિ મંદગતિએ કામ કરે ગિરીનો કોઈ પાર નહિ. એમ થાય કે આ દેશમાં આપણે કયાં આવી ફસાયા. મારા મત પ્રમાણે તો ભારતના આંતરરાષ્ટ્રીય વિમાનમથકના કર્મચારીઓને વિદેશોમાં ચાર-પાંચ મોટાં આંતરરાષ્ટ્રીય મથકોમાં થોડા દિવસ કામ કરવા મોકલી આપવા જોઈએ અને ત્યારપછી જ ભારતના વિમાનમથકમાં તે પોતાની નોકરી ચાલુ કરી શકે તો ઘણો ફરક પડે. જેણે બહારની દુનિયા જોઈ નથી, એવા કૂપમંડૂક કર્મચારીઓ સત્તારથાને એવી છાતી ફુલાવીને બેઠા હોય છે કે જાણે સમગ્ર વિશ્વને પોતાની ઇચ્છા અનુસાર નચાવી શકે છે કે શિક્ષા કરી શકે છે.'

કેટલાકને એવો પ્રશ્ન થશે કે આપણા દેશમાં અનેક ગરીબ લોકોને બે ટંક પૂરું ખાવાનું નથી મળતું તે દેશમાં મોટી મોટી પંચતારક હોટેલો કરવાનો અર્થ શો? આ દલીલમાં કશું વજૂદ નથી, એમ નહિ કહી શકાય. તો પણ જે દેશોએ સર્વાંગીણ ભૌતિક વિકાસ કરવો છે એ દેશમાં વિવિધ કોટિના લોકો માટે વિવિધ પ્રકારની સગવડો ઊભી કરવી જરૂરી છે. ગરીબી અને બેકારીનો પ્રશ્ન તો બીજાં બસો-પાંચસો વર્ષ સુધી ચાલી શકે એટલો મોટો છે. એટલા માટે અન્ય વિકાસ અટકાવવો યોગ્ય ન ગણાય. અગ્રતાક્રમ જરૂર રાખી શકાય. જુદાં જુદાં ક્ષેત્રે વિકાસની પરંપરા ચાલે ત્યારે વિભિન્ન વર્ગ વચ્ચે લગભગ સમાન પરિપાટી સ્થાપવા માટે ઉપરના વર્ગને નીચે ઉતારવા કરતાં નીચેના વર્ગને ઉપર ચઢાવવાનું સમાજ માટે વધુ હિતાવહ ગણાય. Have અને Have not એ બંને વર્ગોને લગભગ સરખા કરવા હોય તો Haveવાળાને Have not વાળા કરવા કરતાં Have not વાળાને Haveવાળા કરવામાં જ સમાજનું શ્રેય રહેલું છે. સાચું, સંનિષ્ઠ આયોજન હોય તો કશું મુશ્કેલ નથી. એવા વિવિધલક્ષી, વિવિધ પ્રકારના, વિવિધ કક્ષાના આયોજનમાં સાદાઈ અને સૌંદર્યના અભિગમને સગવડના અભિગમ સાથે જોડી શકાય

દુનિયાભરના દેશોમાં પંચતારક હોટેલો જેવી સુવિધાની જાણે કે સ્પર્ધા ચાલી છે. એ સ્પર્ધાનો આંતરરાષ્ટ્રીય પવન એવો જોરદાર ફૂંકાઈ રહ્યો છે કે એથી આપણે આપણી બારીઓ બંધ કરવાથી બહુ ફાવી શકીશું નહિ. મોટી હોટેલોના અનેક ગેરલાભો જેમ છે તેમ લાભ પણ એટલા જ છે. માટે આવા ભૌતિક વિકાસમાં ગ્રંથિરહિત મુક્ત-ઉદાર વલણ અપનાવવું વધુ શ્રેષ્ઠ ગણાશે.

કોઈપણ પ્રદેશ વિશે વાંચીને માહિતી મેળવવી તે એક વાત છે અને તે પ્રદેશ નજરે નિહાળવો તે બીજી વાત છે. પ્રવાસથી માણસની દૃષ્ટિ ખીલે છે; અનુભવજન્ય જ્ઞાન વધે છે; પ્રાદેશિક સંકુચિતતા દૂર થાય છે; દૂરના લોકો સાથે આત્મીયતા બંધાય છે અને જીવન અનુભવસમૃદ્ધ બને છે. પ્રવાસ શિક્ષણનો એક પ્રકાર છે. આથી ઠેઠ પ્રાચીન સમયથી પ્રવાસના મહત્ત્વ ઉપર ભાર મુકાયો છે. चराति चरतो भग: । એમ કહેનાર પ્રાચીન ઋષિમુનિઓએ, ધર્માચાર્યોએ પવિત્ર ધર્મસ્થળોનું નિર્માણ દૂરની એકાંત રમણીય જગ્યામાં એવી સરસ રીતે કર્યું છે કે જેથી તીર્થયાત્રાને નિમિત્તે પણ માણસ ઘરની બહાર નીકળે અને પ્રકૃતિના વિશિષ્ટ સાંનિધ્યમાં રહી આનંદ અનુભવે.

ધન્યકુમારચરિત્રમાં કહ્યું છે,

दोसइ विविहचरिअं,
जाणिज्जइ सज्जण – दुज्जण विसेसो ।
आप्पाणं च कलिज्जइ
हिंडिज्जइ तेण पुहवीए ॥

(પ્રવાસ કરવાથી વિવિધ પ્રકારનાં ચરિત્રો જોવામાં આવે છે, સજ્જન અને દુર્જન વચ્ચેનો તફાવત સમજવામાં આવે છે તેમજ આત્માની શક્તિ ખીલે છે; માટે પૃથ્વીનો પ્રવાસ કરવો.)

સેમ્યુઅલ જહોન્સને કહ્યું છે: All travel has its advantages. If the traveller visits better countries, he may learn to improve his own; and if fortune carries him to worse, he may learn to enjoy his own.

ઓગસ્ટાઈન ઓફ હિપોએ કહ્યું છે: The world is a great book of which they who never stir from home read only a page.

વર્તમાન જગત પ્રવાસ ઉદ્યોગના ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે, એની સાથે આપણે કદમ મિલાવી શકીશું?

–રમણલાલ ચી. શાહ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનભાઈ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૪૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૯ અંક : ૫ ૧

મુંબઇ તા. ૧-૭-'૮૭

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

શ્રીમતી માર્ગરેટ થેચર

બ્રિટનની ચૂંટણીમાં પોતાના રૂઢિચુસ્ત પક્ષને વિજય અપાવી શ્રીમતી માર્ગરેટ થેચર સતત ત્રીજી વાર બ્રિટનનાં વડા પ્રધાન બન્યાં છે. શ્રીમતી થેચરે બ્રિટનના અને યુરોપના ઇતિહાસમાં પ્રથમ મહિલા વડા પ્રધાન તરીકે આઠ-વર્ષ પહેલાં સ્થાન મેળવ્યું એ એમની પ્રથમ મોટી સિદ્ધિ છે. બ્રિટનના વડા પ્રધાન તરીકે સતત ત્રીજી વાર તેમણે સ્થાન મેળવ્યું એ પણ છેલ્લાં ૧૬૦ વર્ષના બ્રિટનના ઇતિહાસમાં અદ્વિતીય ઘટના છે. એમના વ્યક્તિત્વની, વિચારણાની અને રાજનીતિની કેટલીક મર્યાદાઓ હોવા છતાં બ્રિટિશ પ્રજા ઉપર એમનું પ્રભુત્વ જળવાઇ રહ્યું છે એની આ ઘટના દ્વારા જગતને પ્રતીતિ થાય છે.

બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વના રાજકારણમાં મહિલાઓએ રાષ્ટ્રના સર્વોચ્ચ સત્તાધીશ તરીકે સ્થાન મેળવવા માંડ્યું એ વર્તમાન રાજકારણની નવી લાક્ષણિક સિદ્ધિ છે.

મહિલાઓમાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક જાગૃતિ ઉપરાંત રાજકીય જાગૃતિ આણવામાં વીસમી સદીમાં મહાત્મા ગાંધીજીનો સૌ પ્રથમ અને સૌથી મહત્ત્વનો ફાળો રહ્યો છે. પહેલા અને બીજા વિશ્વયુદ્ધ પૂર્વે સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન એમણે ભારતમાં નારીશક્તિને સજાગ અને ચેતનવંતી બનાવી. નગરે નગરે અને જિલ્લે જિલ્લે એમણે અનેક નારી કાર્યકર્તાઓને તૈયાર કરી અને તેમનામાં નેતૃત્વની શક્તિ ખીલવી. કસ્તુરબા ગાંધી, સરોજિની નાયડુ, કમલાદેવી ચટોપાધ્યાય, વિજયાલક્ષ્મી પંડિત, અરુણા અસફઅલી, મણિબેન પટેલ, સુશીલા નૈયર, મીરાંબહેન, સુચેતા કૃપલાની જેવાં અનેક અગ્રગણ્ય નામો તો આરંભકાળનાં છે. ત્યાર પછી તો સેંકડો શક્તિશાળી મહિલાઓનાં નામો ગણાવી શકાય કે જેમણે ગાંધીજીની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર નીચે આવીને સમાજનાં વિવિધ ક્ષેત્રે મહત્ત્વનું સ્થાન ધરાવી ઉત્તમ સેવાકાર્ય કર્યું. કેટલીયે મહિલાઓએ જેલજીવન ભોગવ્યું. તેજસ્વી સેવાભાવી મહિલાઓ આજે પણ વિદ્યમાન છે જે ગાંધીજીએ ચીંધેલા માર્ગે શાંતપણે પોતાનું કાર્ય પૂરી નિષ્ઠાથી કરી રહી છે.

બીજા વિશ્વયુદ્ધ પૂર્વે ગાંધીજીએ જે નારી – નેતાગીરીની દૃષ્ટિ જગતને આપી તે પછીથી તો દુનિયાના ઘણા દેશોમાં મહિલાઓ વિવિધ ક્ષેત્રે મહત્ત્વનું જવાબદારીભર્યું કાર્ય કરતી થઇ ગઇ છે. સમયની પણ એ માંગ હતી. બીજા વિશ્વયુદ્ધમાં યુરોપમાં જેટલા બધા પુરુષો માર્યા ગયા હતા કે કેટલીક જવાબદારીઓ, નોકરીઓ વગેરે સ્ત્રીઓને સ્વીકાર્યા વગર છૂટકો નહોતો. શિક્ષણ, સમાજસેવા, ઓફિસોનું વહીવટી કાર્ય, તબીબી ક્ષેત્ર, વૈજ્ઞાનિક પ્રયોગશાળાઓ વગેરેમાં અનેક મહિલાઓ કામ કરતી થઇ ગઇ. એ ક્ષેત્રમાં કાર્ય કરવું મહિલાઓ માટે એટલું અઘરું નથી, જેટલું રાજકારણમાં ભાગ લઇ, રાજકીય દાવપેચ ખેલતા જઇ સર્વોચ્ચ સત્તાસ્થાને પહોંચવાનું અઘરું છે. તેમ છતાં રાજદ્વારી ક્ષેત્રે પણ હિંમતથી, સ્વસ્થતાથી, નિર્ભયતાથી કાર્ય કરનારી મહિલાઓ જગતને સાંપડવા લાગી છે એ સુખદ નિશાની છે. મહિલાઓ વડા પ્રધાન થતાં જગતમાં યુદ્ધો ઘટશે એવી ભાવના, અલબત્ત, હુંગારી નીવડી છે.

બીજા વિશ્વયુદ્ધ પછી ઇઝરાયલમાં શ્રીમતી ગોલ્ડા માયર, ભારતમાં શ્રીમતી ઇંદિરા ગાંધી, શ્રીલંકામાં શ્રીમતી ભંડારનાયક, બ્રિટનમાં શ્રીમતી માર્ગરેટ થેચર અને ફિલિપાઇન્સમાં શ્રીમતી કોરેઝોસ એક્વિનો જેવી સમર્થ મહિલાઓ પોતપોતાના રાષ્ટ્રમાં સર્વોચ્ચ સત્તાસ્થાને પહોંચી શકી છે (અમેરિકા લોકશાહીમાં માનનારો આટલો મોટો પ્રગતિશીલ દેશ હોવા છતાં એના ઇતિહાસમાં રાષ્ટ્રની પ્રમુખ કોઇ મહિલા થઇ શકે એવી જોગવાઇ નથી એ શોચનીય છે). જે બધી સમર્થ મહિલાઓ રાજકીય ક્ષેત્રે આવી ઉચ્ચ સત્તાસ્થાને આવી તેમાં શ્રીમતી ભંડારનાયક અને શ્રીમતી એક્વિનોને એમના પતિનો સત્તાવારસો, પ્રજાની સહાનુભૂતિ અને લોકગ્રાહ્યના તરીકે મળ્યો છે. શ્રીમતી ઇંદિરા ગાંધીને તેમના પિતા જવાહરલાલ નહેરુનો વારસો, તાલીમ સહિત મળ્યો હતો. (શ્રી રાજીવ ગાંધીને રાજકારણમાં રસ ન હોવા છતાં અને વહીવટી અનુભવ ન હોવા છતાં પ્રજાએ ઇંદિરા ગાંધી પ્રત્યેની સહાનુભૂતિના પ્રતીક તરીકે એમને વડા પ્રધાનનું પદ અપાવ્યું હતું.)

શ્રીમતી ગોલ્ડા માયરે સમર્થ મહિલા તરીકે કામ કર્યું; પરંતુ ઇઝરાયલ જેવા નાનકડા દેશની દૃષ્ટિએ તેમનું કાર્યક્ષેત્ર બહુ નાનું ગણાય. એ દૃષ્ટિએ જોતાં શ્રીમતી થેચરે, આગળ-પાછળની કોઇની લાગવગ, સહાનુભૂતિ, ભલામણ કે વારસાહક વગર પોતાની આગવી સમર્થ સ્વતંત્ર પ્રતિભા અને શક્તિ દ્વારા પોતાના દેશમાં જે સર્વોચ્ચ સત્તાસ્થાન મેળવ્યું છે અને વહીવટી ક્ષેત્રે તે સિદ્ધ કરી બતાવ્યું છે તે નોંધપાત્ર છે. શ્રીમતી ઇંદિરા ગાંધીની પ્રતિભા એથી ઘણી તેજસ્વી અને વધુ સમર્થ હતી. છતાં રાજકીય કાવાદાવા, જૂઠાણાં, કુટિલતા અને ભ્રષ્ટાચારી વહીવટથી તે પ્રતિભા ઝરવાઇ ગઇ છે. શ્રીમતી થેચરની મુદ્રા સ્વચ્છ અને ભ્રષ્ટાચારથી રહિત છે. આ બધી

દૃષ્ટિએ સર્વોચ્ચ સત્તાસ્થાને પહોંચેલી મહિલાઓમાં શ્રીમતી થેચરના ગુણપક્ષે કેટલીક વિશિષ્ટતાઓ છે

શ્રીમતી થેચરનું વ્યક્તિત્વ અત્યંત પ્રભાવશાળી છે. કોઇ પણ સમુદાયમાં એક જાજ્વલ્યમાન નારી તરીકે તેઓ તરત પરખાઇ આવે એવાં છે. ભાષા ઉપરનું તેમનું પ્રભુત્વ અસાધારણ છે. તેમનો અવાજ સ્પષ્ટ, રણકારવાળો અને આત્મ-વિશ્વાસપૂર્વકનો છે. પ્રત્યેક રાજદ્વારી પ્રશ્નની તેમની સમજશક્તિ અને ગ્રહણશક્તિ ઊંડી છે. તેમની વિચારણા વિશદ છે. પોતે વડા પ્રધાન નહોતાં તે પૂર્વે પાર્લામેન્ટના એક સભ્ય તરીકે ચર્ચાઓમાં જ્યારે તેઓ ભાગ લેતાં ત્યારે તેમના સ્પષ્ટ વકતવ્યની પાર્લામેન્ટના સભ્યો ઉપર ઘણી સારી છાપ પડતી. તેમનો અભિપ્રાય શો છે તે જાણવા સભ્યો ઉત્સુક રહેતા. તેમની વકતૃત્વછટા અનોખી છે. તેઓ અત્યંત બુદ્ધિશાળી છે અને મહિલા હોવા છતાં પણ સંવેદનશીલ બન્યા વિના તેઓ પોતાના વિચાર અને નિર્ણયમાં મક્કમ રહે છે. ક્યારેક તો નિષ્ઠુર ગણાય એટલી હદ સુધી તેઓ પોતાના નિર્ણયમાં અડગ રહે છે.

શ્રીમતી થેચરના વડા પ્રધાન તરીકેના આઠ વર્ષના વહીવટ દરમિયાન બ્રિટનમાં ફુગાવાનું પ્રમાણ ઘટયું છે. ચીજવસ્તુઓના ભાવ જળવાઇ રહ્યા છે. આર્થિક વિકાસ નિયમિત ગતિએ થતો રહ્યો છે. પાઉન્ડ મજબૂત બન્યો છે. યુરોપિયન કોમન માર્કેટમાં બ્રિટનનું માન વધ્યું છે. આર્થિક સમસ્યાઓ ઘટી છે. ભવિષ્યમાં બ્રિટનના લોકોની પાસે પોતાની માલિકીનું ઘર હોય, મોટરકાર હોય, કંપનીઓના શેર હોય અને પોતાની મૂડી રોકીને વેપાર-ઉદ્યોગમાં વધુને વધુ કમાવા માટે પુરુષાર્થ કરવા માટેની મુકત તક હોય એવું અર્થતંત્ર રચવાની આશા શ્રીમતી થેચર સેવે છે. અમેરિકા અને પ્રમુખ રેગનને અનુસરીને તેઓ પોતાના દેશને મુકત મૂડીવાદ તરફ લઇ જવા ઇચ્છે છે. બીજી બાજુ મજૂર પક્ષના નેતા નીલ કિનોકનો એવો આક્ષેપ છે કે શ્રીમતી થેચરની આર્થિક નીતિથી ગરીબ અને તવંગર વચ્ચેની ખાઇ બ્રિટનમાં વધતી ગઇ છે. બેકારીનું પ્રમાણ વધ્યું છે. કેટલાંક કારખાનાંઓ બંધ પડયાં છે. ગુનાખોરી વધી છે. સૌને સમાન તક મળે એવી ભાવના નષ્ટ થઇ છે. આરોગ્ય, વસવાટ, મજૂરી અને આવકની બાબતમાં માણસ માણસ વચ્ચેનું અંતર વધતું જાય છે. ઉત્તર અને દક્ષિણ બ્રિટનના લોકો વચ્ચે પણ ભેદભાવ વધવા લાગ્યો છે. કુટુંબો વચ્ચે, ગોરા અને કાળા વચ્ચે, ગરીબ અને તવંગર લોકો વચ્ચે થેચર સરકારની ભેદભાવભરી નીતિ વધતી જાય છે. શ્રીમતી થેચરની નીતિથી પ્રજાનો કેટલોક વર્ગ વધુ સમૃદ્ધ થશે, પરંતુ તેની સાથે સાથે પ્રજાનો ઠીક ઠીક વર્ગ ગરીબી અને બેકારીમાં સડવા લાગશે.

સત્તા ઉપર બેઠેલી વ્યકિત સત્તાને પચાવીને સરળ અને વિનમ્ર રહી શકે એવું ઓછું બને છે. શ્રીમતી થેચર આઠ વર્ષથી વડા પ્રધાનનું પદ ભોગવતાં આવ્યાં છે. તેઓ સ્વભાવે સ્વાભિમાની છે અને ઉત્તરોતર એમનામાં આપખુદી વલણ વધતું રહ્યું છે. કડક શિક્ષિકાની જેમ પોતાના સહકાર્યકરોને લાંબી લાંબી શિખામણો આપવી, વિરોધી સૂર સહન ન કરવો, ઉગ્ર પ્રતિકાર કરવો, તરત તડફડ જવાબ સંભળાવી દેવો ઇત્યાદિ એ એમના સ્વભાવની ખાસિયત વધતી ચાલી છે. સત્તાનાં વધુ પાંચ વર્ષ એમને મળ્યાં છે. એમાં એમનું આપખુદીપણું વધશે કે ઘટશે તે કહી શકાય તેમ નથી. પરંતુ એટલું નિશ્ચિત છે કે એક મહિલા વડા પ્રધાન તરીકે તેમણે બ્રિટનના અને યુરોપના ઇતિહાસમાં ઘણું મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે.

એશિયા અને આફ્રિકાના કેટલાક દેશોની સરખામણીમાં બ્રિટનની ચૂંટણીમાં મુકત અને સમજદાર મતદારને પૂરો અવકાશ હોય છે. ભારત અને અન્ય કેટલાક દેશોમાં લોકશાહી હોવા છતાં અશિક્ષિત અને ગરીબ વર્ગનું પ્રમાણ એટલું મોટું છે કે એવા વર્ગ પાસેથી ચૂંટણીમાં મત ખરીદી શકાય છે; જેથી કેટલીક વખત સમર્થ ઉમેદવારો હારી જાય અને પૈસાના જોરે અયોગ્ય ઉમેદવારો ચૂંટાઇ આવે એવી ઘટનાનું ભારતમાં બહુ આશ્રય રહ્યું નથી. એટલે ભારતમાં લોકશાહી હોવા છતાં પાર્લામેન્ટમાં ચૂંટાયેલા બધા જ સદસ્યો પ્રજાના સાચા પ્રતિનિધિ છે એમ નહિ કહી શકાય. વળી ચૂંટણીમાં અવળો પ્રચાર અને ગેરરીતિઓ પણ વારંવાર બને છે. શાસક પક્ષ પોતાની સત્તાનો, સરકારી તંત્રનો અને લોકમાધ્યમોનો ચૂંટણી માટે વધુમાં વધુ લાભ ઉઠાવે છે આવી પરિસ્થિતિની સરખામણીમાં બ્રિટનની ચૂંટણીમાં શ્રીમતી થેચર પ્રજાના બહુમતી વર્ગના સાચા પ્રતિનિધિ તરીકે વડા પ્રધાન થયાં છે એ નિઃસંદેહ અને પ્રશંસાપાત્ર છે.

નીલ કિનોક મજૂર પક્ષના મુખ્ય નેતા છે. હજુ પિસ્તાલિસની ઉંમરે પહોંચ્યા છે, પરંતુ ઉત્તર બ્રિટન અને સ્કોટલેન્ડના લોકો–ખાસ કરીને મધ્યમ વર્ગના કામદારોની ચાહના તેમણે ઘણી મેળવી છે. સ્ટીલના કારખાનાના કામદારો અને કોલસાની ખાણના ખાણિયાઓના વેતનસુધારા માટે તેમણે જબરો પુરુષાર્થ કર્યો છે. ગરીબો પ્રત્યે તેમને ઘણી હમદર્દી છે. તેઓ સ્વભાવે અત્યંત સંવેદનશીલ છે. કયારેક ભાષણ કરતાં કરતાં તેઓ સાચે જ ગળગળા બની જાય છે. દક્ષિણ બ્રિટન કરતાં ઉત્તરના લોકોમાં ગરીબી અને બેકારીનું પ્રમાણ વિશેષ છે. ઘણા લોકોની સ્થિતિ સાધારણ છે. તે સુધારવા માટે કિનોકે ભારે પુરુષાર્થ કર્યો છે. ચૂંટણીમાં એમનો પક્ષ ન જીતી શકયો એ હકીકત છે, તો પણ આગલી ચૂંટણી કરતાં આ ચૂંટણીમાં તેઓ ઘણી વધુ બેઠક મેળવી શકયા છે તે તેમની વધતી જતી લોકપ્રિયતા દર્શાવે છે. શ્રીમતી થેચરને મન પોતાની અને પોતાના પક્ષની સત્તા સૌથી મહત્ત્વની છે. સમગ્ર પ્રજાના કલ્યાણની વાત પછીથી આવે છે. કિનોકને મન સમગ્ર પ્રજાના કલ્યાણનો પ્રશ્ન અને સમગ્ર દેશની અખંડિતતાનો પ્રશ્ન સૌથી મહત્ત્વનો છે.

કિનોક બ્રિટનના મૂળ ગોરા વતની હોવા છતાં એમને એશિયા અને આફ્રિકાના બ્રિટનમાં વસેલા કાળા વતનીઓ પ્રત્યે એટલો જ ભ્રાતૃભાવ છે. માનવતાનો અંશ શ્રીમતી થેચર કરતાં કિનોકમાં વિશેષ રહેલો છે. શ્રીમતી થેચર પ્રગટપણે કશું ન બોલતાં હોવા છતાં બ્રિટનમાં વસતા બિનગોરા લોકો પ્રત્યેનો એમનો દ્વેષ કે અણગમો એમના અંતરના ખૂણે પડેલો હોય એવો ભાસ થાય છે. કિનોકે કાળા લોકોને પણ પાર્લામેન્ટમાં સ્થાન અપાવ્યું છે. ભારત સાથેના બ્રિટનના રાજદ્વારી સંબંધો સારા હોવા છતાં શ્રીમતી થેચરના રાજદ્વારી વલણમાં સ્વાર્થપરતા રહેલી છે. નીલ કિનોક બ્રિટનના વડા પ્રધાન બન્યા હોત તો ભારતના બ્રિટન સાથેના રાજદ્વારી સંબંધો વધુ ઉષ્માભર્યા બન્યા હોત એમ તો જરૂર કહી શકાય. બીજાં પાંચ વર્ષ પછી આવતી ચૂંટણીમાં પણ જીતી જવાની આશા શ્રીમતી થેચરને છે, પરંતુ માનવતાવાદી કિનોક અને એમનો મજૂર પક્ષ આવતી ચૂંટણીમાં જીતી જઇ સત્તાસ્થાને આવે તો તે તેમની વધતી જતી લોકપ્રિયતાના સંદર્ભમાં આશ્ચર્યકારક નહિ ગણાય.

રમણલાલ ચી. શાહ

જૈન કથાસાહિત્ય : કેટલીક લાક્ષણિકતા

● હસુ યાજ્ઞિક

પ્રાચીન અને મધ્યકાલીન ભારતીય કથાસાહિત્યની મુખ્ય ધારાઓ વૈદિક, બૌદ્ધ અને જૈન એ ત્રણ છે. વૈદિક અને જૈન ધારાનું કથાસાહિત્ય એના ઉદ્‌ગમથી શરૂ કરીને તે છેક આજ સુધી વિકાસ પામતું રહ્યું છે. ભાષાનું સ્વરૂપ અને ઉપલબ્ધ ગ્રંથોના નિર્માણકાળની દૃષ્ટિએ પુનર્જન્મ અને કર્મસિદ્ધાંતને પ્રાધાન્ય આપતી જૈન ધર્મની ધારા બૌદ્ધની અનુગામી છે. છતાં ડૉ. એ. એન. ઉપાધ્યે (૧) જેને 'માગધી-ધર્મ' એવું નામ આપે છે તેની શાખા તરીકે દૃષ્ટાંતિક રૂપમાં જૈન તત્ત્વવિચારણાની ધારા બૌદ્ધ જેટલી જ પ્રાચીન છે. આ ધારાનો મૂળ ધર્મગ્રન્થ 'આગમ' આજના એના ઉપલબ્ધ સ્વરૂપમાં વહેલામાં વહેલો ઇસુની પહેલી સદીમાં રચાઈ ચૂક્યો હતો, એ નિશ્ચિત છે. મહાકાલના અનંતયુગો અવિચ્છિન્ન સ્રોતનાં ઉદ્‌ગમ-બિન્દુઓ તો વૈદિક, બૌદ્ધ અને જૈન ત્રણેમાં મળે છે. પરંતુ તત્કાલીન જનસમાન્યનો જીવનધર્મકાર કોઈ વિશેષ પરિવર્તન પામ્યા વગર બૌદ્ધ અને જૈન ધારામાં સવિશેષ જીવંત રહીને ઝિલાયો. વેદધારા ઇશ્વરવાદને સ્વીકારતી હોઈ, એમાં દેવી અને દેવતાઓની કથાના રૂપમાં લોકકથાઓનું જ કાળક્રમે દેવકથા – Mythના રૂપમાં રૂપાન્તર થતાં સામાન્ય જન-જીવનનો ધબકાર એમાં મૂળભૂત રૂપમાં ન ઝીલાયો, પરંતુ બૌદ્ધ અને જૈન ધારાના કથાસાહિત્યમાં ટૂંકી ટૂંકી કથાનકો કે લાંબી વાર્તાઓમાં રાજા અને શ્રેષ્ઠી જેવા ઉચ્ચ અને ભદ્ર વર્ગની સાથે સમાજના નિમ્ન વર્ગને પણ પ્રતિનિધિત્વ મળતું રહ્યું. જોકે કોઈ ધર્મનો સંપ્રદાય કથાનો ઉપયોગ કરે છે, ત્યારે તેનો હેતુ તો પોતાના ધર્મના કોઈ મહત્ત્વના સિદ્ધાંતને પુષ્ટ કરવાનો કે કોઈ ધર્માત્માના જીવનવિશેષ દ્વારા તે ધર્મના અનુયાયીની ધર્મશ્રદ્ધા દૃઢ કરવાનો હોય છે, આથી લોકસામાન્યમાં વિહરતી કથા જ્યારે કોઈ ધર્મધારામાં પ્રવેશે છે, ત્યારે તેના નિજી રંગરૂપમાં અચૂક પરિવર્તન થાય છે. આ દૃષ્ટિએ લોકસામાન્યમાં વિહરતી કથાઓનો જૈન ધારામાં વિનિયોગ થતાં જે પરિવર્તનો થયાં, રૂપરંગ બદલાયાં તે એમાંથી આ ધારાના કથાસાહિત્યમાં જે નિજી રૂપ પ્રગટ્યું, લાક્ષણિકતા પ્રવેશી તેનું દર્શન કરવાનો આ લેખમાં અભિગમ રહ્યો છે.

વાર્તાવિકાસની દૃષ્ટિએ જૈન ધારામાં 'આગમ'ના પ્રથમ અંગના ત્રીજા ચુળામાં મળતી મહાવીર જીવનકથા, પાંચમા અંગમાં મળતી ભગવતી – વિવાહ – પણ્ણત્તિ અને છઠ્ઠા અંગમાં મળતી મહાવીરમુખે વહેતી ણાયધમ્મ – કહાઓ અત્યંત મહત્ત્વની છે. અહીં લોકકથા, દૃષ્ટાંતકથા, દંતકથા, રૂપકગ્રન્થિકથા, સાહસ અને પ્રવાસની કથા, અદ્‌ભુતરંગી પરીકથા, ચોર-લૂંટારાની કથા એમ વિવિધ પ્રકારના ભારતીય કથાસાહિત્યના પ્રમુખ વાર્તાવસ્તુ પ્રકારોનો પરિચય મળે છે. આથી ણાયધમ્મકહાઓ પ્રાચીન વાર્તાઓનો વૈવિધ્યસભર કથાસંગ્રહ છે. ચાર પુત્રવધૂઓને પાંચ-પાંચ ચોખાના દાણા આપી, પ્રત્યેકનાં બુદ્ધિમત્તા અને વલણ તારવી, તદ્‌નુરૂપ વ્યવહાર સોંપતા સસરાના ચાતુર્યની કથામાં લોકર જક કથાનું જ પૂર્ણરૂપ છે. સામાન્ય મનોરંજક ટૂચકામાં અભિનવ અર્થનો પ્રાણ પૂરી નવા પ્રકાશથી અજવાળવાની કલાનું દર્શન કમળ પ્રાપ્ત કરતા સાધુની દૃષ્ટાંતકથામાં મળે છે. સરોવર વચ્ચે રહેલા કમળની નજીક રહેલી ચાર વ્યક્તિઓ એને પ્રાપ્ત કરી શકતી નથી, સાધુ દૂર છે, છતાં માત્ર શબ્દોચ્ચારે કમળ લઈ શકે છે. કથાની આ ચમત્કારયોજનામાં ધર્મતાતત્ત્વની દૃષ્ટિએ આકર્ષક નાવીન્ય છે. એથી વિશેષ એના રૂપકાત્મક ચાર વ્યક્તિ તે રાજાને પરિચિત ને નિકટ એવા ધર્મપન્થો. રાજકુલથી દૂર છતાં કેવળ શ્રદ્ધા જન્માવવાના સામર્થ્યને કારણે જૈનધર્મ રાજ્યાશ્રય પ્રાપ્ત કરી શક્યો એનું રૂપકગ્રન્થિ દૃષ્ટાંત છે અર્થની રીતે સામાન્ય ને તુચ્છ લાગતો ટૂચકો વિશેષ દૃષ્ટિબિન્દુ અને અર્થનો વાહક બની દૃષ્ટાંતકથા બને છે, ત્યારે એ સજીવ સાહિત્યસ્વરૂપ બને છે. ટૂચકાઓને આવું રૂપ જૈન ધારાએ આપ્યું છે. 'ઉત્તરાધ્યયન'માં પણ આ પ્રકારનાં દૃષ્ટાંતકથાનકો–Parables–મળે છે.

'ણાયધમ્મકહાઓ'ની બીજી મૂલ્યવત્તા એમાં પ્રતિબિંબિત થતા સમાજજીવનને કારણે છે. પૂર્વજન્મની ખુશાલીમાં રાજા કેદીઓને તો છોડી મૂકે, સાથોસાથ તોળવા અને માપવાનાં સાધનોનાં માપ પણ મોટાં કરવાની આજ્ઞા કરે, (૨) ધનની ક્ષણિકતાને સાબિત કરવા માટે મેઘકુમાર ધનને અગ્નિ અને ચોરથી અરક્ષિત હોઈ, નાશવંત ગણાવતાં એવા ત્રીજા ભવસ્થાનરૂપે રાજાને ગણતરીમાં લે (૩) દેવદત્તાના અપહરણનો પત્તો ન લાગતાં સાર્થવાહ ભેટસોગાદ લઈને જ કોટવાલ પાસે ફરિયાદ નોંધાવવા પહોંચે (૪) વગેરે પરિસ્થિતિમાં પ્રાચીન સમાજ અને રાજવ્યવસ્થાનું સ્વાભાવિક પ્રતિબિંબ મળે છે.

કર્મવિપાકના ધર્મસિદ્ધાંતની અગ્રગામી જૈન ધર્મના કથાસાહિત્યમાં અસદ્ કૃત્યનાં તદ્‌નુરૂપ ફળ ભવાન્તરે મળે એવું દર્શાવતાં કથાનકોનું બાહુલ્ય તો રહે જ. આ પ્રકારનાં કથાનકોમાં અનેક દંતકથાઓ–Legends-સચવાઈ છે. નાયકના વિવિધ ભવની કથાઓ જૈન કથાસાહિત્યની નોંધપાત્ર એવી પ્રથમ લાક્ષણિકતા છે. સમગ્ર જૈન પ્રવાહમાં નાયકના અનેક ભવોને સાંકળી લેતી અસંખ્ય કથાઓ ચરિત્રગ્રન્થ અને રાસાઓમાં મળી આવે છે. નાનાં નાનાં ભિન્ન-વિભિન્ન સ્વતંત્ર કથાનકોને કોઈ એક વ્યક્તિના વિવિધ ભવરૂપે સાંકળી લઈને એમાંથી મધ્યમ કે મોટા કદનું કથાનક સર્જવામાં જૂની સામગ્રીમાંથી જ નવી કથા સર્જવાની અનુકૂળતા હોઈ, જૈનેતર રંજકકથાઓમાં પણ પાત્રના વિવિધ ભવોની કથાને આલેખવામાં આવી છે. 'ણાયધમ્મકહાઓ'ના ૧૬મા પ્રકરણની કથામાં વિવિધ ભવને અંતે માણસને દેવત્વ શી રીતે પ્રાપ્ત થાય છે એ દર્શાવતું કથાનક મળે છે. સોળમા પ્રકરણમાં તો બ્રહ્મ ધારાની કૃષ્ણ અને દ્રૌપદીની કથાનો જૈનાવતાર મળે છે. પાંચ વિવિધ પુરુષોને માણતી વેશ્યાના દરજ્જાનું સુખ પોતાને મળે તો કેવું સારું, એવું મૃત્યુકાળે ઇચ્છતી, તપ કરતી સુકુમાલિકા બીજે ભવે દ્રૌપદી બની. સમાજશાસ્ત્રની

(૧) કથાકોષ : હરિષેણ : સંપાદક-ડૉ. એ. એન. ઉપાધ્યે, પ્રથમ આવૃત્તિ, પ્રસ્તાવના પૃ.–૧૨

(૨) ણાયધમ્મકહાઓ : ગુજરાતી ભાષાંતર, સંપાદક-બેચરદાસ પંડિત, પૃ.–૧૪.

(૩) ણાયધમ્મકહાઓ : ગુજરાતી ભાષાંતર, સંપાદક-બેચરદાસ પંડિત, પૃ.–૨૬.

(૪) ણાયધમ્મકહાઓ : ગુજરાતી ભાષાંતર, સંપાદક બેચરદાસ પંડિત–પૃ.–૬૭.

દૃષ્ટિએ વિચારીએ તો મહાભારતમાં આવતું એક સ્ત્રી અને એના પાંચ પતિ બહુપતિત્વની સામાજિક પરિસ્થિતિનું પરિચાયક છે. વાસ્તવમાં, કોઈ કાળે સમાજમાં પ્રવર્તતી સ્થિતિ સાહિત્યમાં પ્રતિબિંબિત, એક યા બીજા રૂપમાં, થતી જ હોય છે. લગ્ન પરત્વેનાં ધોરણો અને બંધનો અસ્તિત્વમાં આવી સ્વીકારાયાં તે પરિસ્થિતિ પહેલાંનાં અને સંધિકાળનાં કથાનકોમાં એક લોહીનો સંબંધ ધરાવતાં ભાઈ અને બહેન વચ્ચેના શરીરસંબંધનો ઉલ્લેખ, આ કારણે જ, વૈદિક અને જૈન બન્ને ધારામાં યમ-યમી સંવાદ અને પુષ્પચૂલ-પુષ્પચૂના (૫)માં મળે છે. આમ, કથાસાહિત્યમાં નિરુપિત માનવ્યવહારની પરિસ્થિતિ એક રીતે તો કોઈ કાળે અસ્તિત્વ ધરાવતી વાસ્તવિક પરિસ્થિતિની પરિચાયક હોય છે, ને બીજી રીતે ક્રમિક તે અમુક સિદ્ધાંત સ્થાપવા માટેના જરૂરી દૃષ્ટાંતનું કાર્ય પણ બજાવે છે. ધર્મ-સંપ્રદાયોમાં કથાનકોનો ભિન્નભિન્ન ઉપયોગ થયો તે સ્વતંત્ર અભ્યાસરૂપે તપાસવા જેવો વિષય છે. પ્રાચીન સાહિત્યમાં વિપુલ રીતે ખેડાયેલાં અને અવનવા અવતાર પામેલાં કથાનકોને આધારે એક જ પાત્ર અને એક યુગને રજૂ કરતી કથાઓ કેવા કેવા રૂપરંગે રજૂ થઈ તેનો વાસ્તવિક ચિતાર ભિન્ન ભિન્ન ધારાઓમાં ઉછરેલાં કથાનકો સામ્યમૂલક અભ્યાસ (Comperative Study) દ્વારા રજૂ કરી શકાય. ભારતીય કથાસાહિત્યમાં રામકથા અને કૃષ્ણકથા (પાંડવકથા સંયુક્ત) નો અભ્યાસ આ દૃષ્ટિએ કરવા જેવો છે. રામ અને કૃષ્ણ બ્રાહ્મણ ધારાના મુખ્ય અને પ્રાણભૂત છે. ક્રમક્રે, તે ધર્મના અવતાર રૂપ મનાયા છે. છતાં એ બૌદ્ધ અને જૈન ધારામાં આ કથાઓ પ્રચલિત રહી વિકસતી આવી છે. બ્રાહ્મણ ધારાની આ પ્રાચીન ધર્મકથાઓ બૌદ્ધ અને જૈન ધારામાં આલેખાતાં એમાં નાનામોટાં પરિવર્તનો થયેલાં છે, આ બધાં પરિવર્તનો ધર્મ-સંપ્રદાયોએ પોતાના ધર્મસિદ્ધાંતને અનુકૂળ રહીને કર્યાં છે. તેમ છતાં એમ કરવામાં તે સંપ્રદાયનો હેતુ, આ પ્રકારનાં પરિવર્તનો દ્વારા પોતાના સંપ્રદાયની શક્તિ અને મહત્તા વધારવાનો છે. એવું માનીને ચાલવાને બદલે સાચા અભ્યાસીએ તો આ બધાં પરિવર્તનો અને રૂપાંતરો ભિન્નભિન્ન ઉદ્‌ગમ અને પરંપરામાં સમાન્તર સંવર્ધન શી રીતે પામ્યાં તેનો અભ્યાસ કરવો જરૂરી છે. કોઈ એક જ કથાના જુદા જુદા પ્રવાહો એ કથાના ઘડતર-વિકાસમાં જેટલે અંશે નિર્ણાયક બને છે, તેથી વિશેષ અંશે પ્રવર્તિત પરિસ્થિતિ અને સાંસ્કૃતિક મૂલ્યોનાં પણ નિર્દેશક બની ઐતિહાસિક તથ્યને ઉપયોગી બને છે. હરિષેણના 'કથાકોષ' અને 'વસુદેવહિંડી'માં મળતી વિષ્ણુકુમારની વાર્તા (૬)નો સંબંધ જૈન હરિવંશ જોડે છે. કેટલાંક કથાનકોનો સ્વતન્ત્ર ઉદ્‌ગમ ભિન્ન ભિન્ન ધારાઓમાં થયેલો છે. રામકથા અને કૃષ્ણકથાનો સાહજિક સંબંધ બ્રાહ્મણ ધારા સાથે છે, છતાં એની દીર્ઘ પ્રાચીન પરંપરા બૌદ્ધ અને જૈન બન્નેમાં મળે છે. સ્થપાતો અને વિસ્તરતો સંપ્રદાય અન્ય સંપ્રદાયના પરંપરાપ્રાપ્ત કથાનકને અપનાવી એક વિશાળ સમુદાયને પોતાના ધર્મ પ્રત્યે અભિમુખ કરવા માટે લોકશ્રદ્ધાના અવિભાજ્ય અંગરૂપ બનેલી વિભૂતિઓનો સંબંધ પોતાના પંથની સાથે સાંકળી, કથાના મૂળભૂત માળખામાં પોતાના સંપ્રદાયની ધર્મછાંય-Religious Shades-ઉમેરવા પ્રેરાય એ શક્યતાને નકારી ન શકાય. પરંતુ રામકથા અને કૃષ્ણકથાનું બૌદ્ધ-જૈન રૂપમાં આવું થયું છે, એમ માનવું ઉચિત નથી. જૈનાવતારની રામકથા અને કૃષ્ણકથા પાછળથી થયેલાં પરિવર્તનો નથી. પરંતુ સ્વતંત્ર મૂળ અને ઉદ્‌ભવ ધરાવતા કથાપ્રવાહો છે. ડો. એ. એન. ઉપાધ્યે (૭) હરિવંશપુરાણના અધ્યયનને આધારે દર્શાવ્યું છે કે, જૈન પરંપરાના કૃષ્ણની વિભાવનાનો સંબંધ હરિવંશપુરાણ કે મહાભારત જોડે નથી, પરંતુ પ્રાચીનકાળથી જ સ્વતંત્ર રીતે ઉછરેલી જૈન પરંપરામાં છે. કૃષ્ણકથાની જેમ રામકથાનું જૈન કથારૂપ પદ્મપુરાણ રૂપે છે, તેની સ્વતંત્ર પ્રણાલીઓ, મૂળનો અભ્યાસ જરૂરી છે.

બુદ્ધિચાતુર્યનાં કથાનકોમાં બૃહત્કથાકુળમાં જે સ્થાન યૌગંધરાયણ અને ગોમુખ જેવા રાજાના પ્રધાન કે મિત્રના પાત્રનું છે, તે જૈન ધારામાં શ્રેણિકપુત્ર અભયકુમારના પાત્રનું છે. પ્રત્યેક પરિસ્થિતિનો બુદ્ધિપૂર્વક ઉપાય અને ઉકેલ શોધનાર, અનિષ્ટ અને આપત્તિમાંથી ઉગારી રાજાના અને રાજ્યની ચિંતાને જીવનધર્મરૂપે અંગીકાર કરનાર આ પાત્ર ણાયધમ્મકહાઓથી શરૂ કરીને કથાકોષમાં તથા સ્વતન્ત્ર કથારૂપે માનભર્યું ને રસપ્રદ સ્થાન પામે છે. 'આગમ'ના સાતમા અંગમાં ઉવાસગદશાઓ (કર્તવ્યવિષયક દસ પ્રકરણ)નો મોટો ભાગ કથાનકોએ રોકયો છે. અહીં વિશેષ પ્રમાણ શ્રેષ્ઠીનું છે. વિવિધ જન્મોમાં મહાવીરની ધર્મદેશના પામી ધર્મધ્યાન અને અપવાસથી મોક્ષ પામી દેવત્વ પ્રાપ્ત કરતાં પાત્રોનાં કથાનકો એક જ ઢાળાનાં છે. આનંદ, કામદેવ, ચુલણીપિયા, સુરાદેવ અને ચુલ્લસયય ઇત્યાદિ પાત્રો વિવિધ પ્રલોભનો પાર કરતાં કરતાં અંતે દેવત્વ પ્રાપ્ત કરે છે. કારણ અને પરિણામની કથા-માળખાની યોજના એવી તો બીબાંઢાળ છે કે, ડો. એ. એન. ઉપાધ્યે (૮) નોંધે છે તેમ કેવળ પાત્રના નામને બદલવાથી એવાં કથાનકોની સંખ્યા હજુ વધારી શકાય. આઠમું અંગ 'અંતગદ્દ દસાઓ' તીર્થંકર પ્રભોધને મોક્ષ પામતાં સ્ત્રી-પુરુષોની આ પ્રકારની જ કથાઓ આપે છે. અહીં પણ જૈનસ્રોતની કૃષ્ણકથા છે. અગિયારમા અંગમાં 'વિવાગસુયમ્'માં બૌદ્ધ ધારાનો કર્મસિદ્ધાંત સમજાવતી અવદાનશતક અને કર્મશતક જેવો જ કર્મવિપાક દર્શાવતી કથાઓ મળે છે. પહેલા વિભાગની દસ કથાઓમાં દુષ્ટ કૃત્યોનાં પરિણામ દર્શાવાયાં છે, તો બીજા વિભાગમાં સત્કર્મનાં. શિષ્યના પૂછવાથી મહાવીરે બદનસીબીનાં કારણો સ્પષ્ટ કરવા તે તે પાત્રોની કથા કહી છે. આમ કરતાં અહીં વેપારી, શિકારી, અમલદાર એમ વિવિધ વર્ગનાં પાત્રોની ભવોભવકથા કહેવામાં આવી છે. પૂર્વભવના સંબંધો, મિત્રો અને વેરીઓ શી રીતે ફરી એક સાથે થઈ જાય છે, તે વણાંતી પરિસ્થિતિ રોચક અને વાર્તાત્મક બને છે.

'આગમ'ના ઉપાંગોમાં પણ કેટલાંક કથાનકો મળે છે. પરંતુ કથાવિકાસની દૃષ્ટિએ એ મહત્ત્વનાં નથી બનતાં. બીજા ઉપાંગનો આરંભ પૌરાણિક શૈલીની નિરસ કથાથી થાય છે. વિવિધ ઉપાંગોમાં મળતી અજાતશત્રુ, અરિષ્ટનેમિ, નિષધ ઇત્યાદિ કથાઓ કથાલેખે ઉપરાંત ઐતિહાસીક તથ્યરૂપે પણ મૂલ્યવાન છે. બૌદ્ધધારામાં

(૫) ઉપદેશપદ, ગુજરાતી ભાષાંતર, પ્રથમ આવૃત્તિ, પૃ.-૧૪૬
(૬) કથાકોષમાં ૧૧મી વાર્તા, વસુદેવ હિંદીમાં પૃ.-૧૨૦

(૭) હરિષેણકૃત કથાકોષનો ઉપોદ્‌ઘાત: પૃ.-૮૬
(૮) હરિષેણકૃત કથાકોષનો ઉપોદ્‌ઘાત: પૃ.-૨૧

નિંદા પામતો બિંબિસારપુત્ર બૌદ્ધધર્મનો ત્યાગ કરી જૈન ધર્મનો સ્વીકાર કર્યાનું સૂચવે છે. કથાસાહિત્યે ભારતમાં કલ્પનાવિલાસ કરી લોકોનું માત્ર મનોરંજન નથી કર્યું, લોકોનો ધર્મ પણ સમજાવી, તે ટકાવી બનેલી ઘટનાને જાળવવામાં ઇતિહાસનું કામ પણ કરી બતાવ્યું છે.

વૈદિક-ધારાના પરિશિષ્ટ ગ્રંથ જેવા આગમના પણ્ણાસમાં પુષ્પચુન્ના, અમયઘોષ, અવન્તિ સુકુમાલ દલ પુત્ર ઇત્યાદિનાં અનેક કથાનકોમાં દૈહિક યાતનાઓ સામે માનસિક દૃઢતાથી લડતા વીર મહાત્માઓના ઉદાત્ત અંશને વાચા આપતા પ્રસંગો નિરૂપવામાં આવ્યા છે. પ્રાણીજીવનની અસહ્ય શારીરિક અને માનસિક યાતનાઓનું તીવ્ર આલેખન જૈનધારાનાં કથાનકોની નોંધપાત્ર લાક્ષણિકતા છે. જીવતાં-સળગાવી મૂકવામાં આવતાં, પૈડાં નીચે ચગદાતાં, હિંસક પશુઓના તીક્ષ્ણ દાંતોનો ભોગ બનતાં કે સ્વેચ્છાએ કીડીઓને પોતાનું લોહી ચૂસવા દઈ હસતે મુખે મૃત્યુને વહોરી લેતાં પાત્રોનાં કથાનકોમાં ભયંકર યાતનાની જે માત્રા છે, તે વિશ્વના અન્ય સાહિત્યમાં ભાગ્યે જ જોવા મળશે. જૈનધર્મે સ્વીકારેલા ચુસ્ત નિયમ-પાલન માટે દૃઢ મનોબળ કેળવી શકાય તથા સ્થૂલ દૈહિક વાસના તથા જિજીવિષાના પ્રબળતર આકર્ષણથી મુક્ત બની શકાય એવી મનઃસ્થિતિ સર્જવાનો આ કથાનકોનો મુખ્ય હેતુ રહેલો છે. શરીરની સ્થૂલ વાસના અને સંસારી સંબંધો પ્રત્યે વૈરાગ્ય જન્માવતી મનોવૈજ્ઞાનિક માવજત-Psychological Treatment-અહીં કથા દ્વારા થાય છે. કથાનો ઉપયોગ બ્રાહ્મણધારાએ માનવમનના શ્રદ્ધાસામર્થ્યને જગાડવા કર્યો, બૌદ્ધધારાએ તત્ત્વના સૂક્ષ્મ-અતિસૂક્ષ્મ તંતુને સુગ્રાહ્ય કરવામાં કર્યો, તો જૈનધારાએ આથી પણ આગળ વધીને ધર્મપ્રતિપાદિત સિદ્ધાંતોને ચુસ્ત રીતે પાળી શકાય અને પ્રકારની મનઃસ્થિતિ અને દૃઢતા સર્જવવા માટે કર્યો. કથાના સ્વરૂપનું ધાતર ભલે પ્રસ્તુત ધારાના પ્રાચીન અંશમાં ન થઈ શક્યું; પરંતુ એના અંતરમાં એક નવા જ વિશ્વનું નિર્માણ તો થયું છે. માનવચિત્તની ખુમારી અને તાકિંક ભૂમિકા બુદ્ધે ધારાનાં કથાનકોની વિશેષતા બને છે. તેમ શરીર અને સંસાર આસક્તિની ક્ષણિકતા પ્રત્યે સહેજે અભિમુખ કરી શકવાનું સામર્થ્ય જૈનધારાના કથાનકોની વિશેષતા છે. બે-ઘડીની મોજ માટે જ જેનો ઉદ્ભવ થયાનું સામાન્યતયા સ્વીકારાય છે તે આ ટચુકડી વાર્તામાં માનવચિત્તને ઘડવામાં આટલો અગત્યનો ફાળો છેક પ્રાચીનકાળથી જ આપી ચૂકી હોય એ ઘટના પ્રાચીન કથાસાહિત્યની અલ્પ સિદ્ધિ નથી.

કથાઓનું માધ્યમ

પ્રાચીન જૈનધારામાં કથાઓનું મુખ્ય માધ્યમ તો ગદ્ય જ બન્યું છે. કેટલેક સ્થળે જ પદ્યનો ઉપયોગ થયો છે. 'ણાયધમ્મકહાઓ'માં કથાના હેતુ-સાર પદ્યમાં છે. 'ઉવાસગદસાઓ'માં પ્રશ્નોત્તનું પદ્ય સમગ્ર કથાનકનું મોળખું સ્પષ્ટ કરતું હોય છે. કથાના મુખ્ય મોળખાને સાંકળી રાખતા પદ્યપ્રયોગોની સ્મૃતિ-સહાયે નિરૂપક સમગ્ર કથાનકને માંડીને કહી શકે એમ છે. આગમનું સંસ્કરણ મહાવીરના મૃત્યુ પછીનાં બસો વર્ષે થયું હતું. મૂળ પદ્યપ્રયોગોની સ્મૃતિસહાયે બે સદી વીત્યે થયેલું, સંપાદન શક્ય બન્યું હશે આ આધારે જો કે મૂળ કથાઓ સર્વાંશે પદ્યમાં જ હશે, એવી સંભાવનાને સ્થાન નથી કેમ કે જો સમગ્ર કથાનકોનો સર્વાંશ પદ્યમાં જ હોય તો, એને અનુસરવાને બદલે સાર પદ્યમાં અને નિરૂપણ ગદ્યમાં એવો પરંપરાલોપ ધર્માનુયાયીઓ ન જ કરે.

'આગમ' પછીનું બીજું સ્થાન નિયુક્તિ ગ્રન્થોનું છે. મૂળભૂત ધર્મગ્રન્થના સિદ્ધાંત ઉપરાંત એનું સ્પષ્ટિકરણ અને પૂરક હકીકતોને પણ આ પ્રકારના ધર્મગ્રન્થમાં સ્થાન મળતું હોય છે. આમ થતાં કેટલાંક વિશેષ કથાનકો આ પ્રવાહમાં પ્રાપ્ત થાય છે. મૂળભૂત દસ શાસ્ત્રગ્રન્થોની નિયુક્તિ ઉપરાંત 'પિંડ', 'ઓઘ' અને 'આરાધના' જેવી ત્રણ સ્વતંત્ર નિયુક્તિ લખાયેલી છે નિયુક્તિમાં સ્પષ્ટિકરણ અર્થે રચાતાં 'ચૂર્ણી' ભાષા અને ટીકામાં બીજા પૂરક કથાનકો સુલભ બન્યાં છે. હરિભદ્ર, શીલાંક, શાન્ત્યાચાર્ય દેવેન્દ્ર, મલયગિરિ ઇત્યાદિની ટીકાઓમાં નાની-મોટી અનેક કથાઓ મળે છે.

મૂળ ધર્મગ્રન્થોમાં બીજરૂપે રહેલાં વિવિધ કથાનકોની સ્વતંત્ર રચનાઓ છેક પંચમી સદીથી શરૂ કરીને તે પંદરમી સદી સુધીમાં રચાયેલાં ચરિય, પ્રબંધ, રાસા કે કથાકોષરૂપે ઉપલબ્ધ બને છે. ભારતીય કથાસાહિત્યના વિકાસ અને વૈવિધ્યનું ચિત્ર ઉપસાવતી સામગ્રી જૈનધારાના આ તબક્કાના કથાસાહિત્યમાં સર્વસુલભ રહી શકી છે. ધર્મના પ્રચાર અને પ્રસાર અર્થે વિદ્યાવતી જૈન યતિઓને મુકામસ્થલે અન્ય પરિવ્રાજકોએ લૌકિક જ્ઞાન અને ઉપયોગી અન્ય માહિતી પરત્વે ઓછું લક્ષ્ય આપ્યું છે. પગપાળા પરિભ્રમણ કરી ચારમાસ કોઈ એક સ્થળે ગાળતાં જૈન સંપ્રદાયના સાધુઓ વિવિધ પ્રવાસના ભાથારૂપ સંચિત જ્ઞાનરાશિનો ધર્માર્થે વિનિયોગ કરી લેવાનું ચૂક્યા નથી. ધર્માર્થ ઉપદેશ આપતા કથાઓ રચતા કે વાચન કરતા જૈન યતિઓ સાહિત્ય અને ધર્મ ઉપરાંત જ્યોતિષ અને વૈદક જેવાં શાસ્ત્રના પણ જ્ઞાતા હોઈ, તેમણે મંત્રતંત્ર અને ચિકિત્સાના ચમત્કારોનું કથાઓમાં નિરૂપણ કર્યું છે. રાજા અને રાજ્યનો જૈન યતિઓને આદર પ્રાપ્ત થયો અને રાજાશ્રયથી પ્રચાર-પ્રસાર વધ્યો તેનું કારણ યતિઓનું શાસ્ત્રજ્ઞાન છે. હરિષેણના 'કથાકોષ'માં તથા સંઘદાસગણિના 'વસુદેવહિંડી'માં વૈકના કેટલાક અજબ નુસખાઓ આલેખાયા છે. હરિષેણના 'કથાકોષ'ના ૧૩મા કથાનકમાં ગંધોદકની દવા તરીકેની અસર અને ૧૦૮.૨૫ લક્ષપાક તેલની ચામડીના દાઝ પરની અસરનું 'વસુદેવહિંડી'માં કૃમિરોગને દૂર કરવાના ઉપાયોનું વર્ણન મળે છે. વાનાજીકૃત રાસરચનામાં હરિતરોગ મટાડતા યતિની વાત આવે છે. વિવિધ ચમત્કારોનું અને વાર્તાના ચમત્કારોનું જનસામાન્યને અદમ્ય આકર્ષણ છે, એવું જાણતા યતિઓએ વિવિધ ગ્રન્થો અને કંઠમાં વેરાયેલી વિવિધ સામગ્રી અને વાર્તાઓને એકરસમાં ઘૂંટી પ્રબંધ, ચરિય, રાસ ઇત્યાદિ રચ્યાં.

(ક્રમશ:)

(શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે યોજાયેલ 'મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય' વિષેના પરિસંવાદમાં રજૂ થયેલા નિબંધ)

વીજળીના ઝબકારે મોતીડાં પરોવવાનો કસબ

© ડૉ. ભગવતીલાલ ર. દવે

અંગા સતીના ભજનની એક પંક્તિ ઘણી જાણીતી છે: 'વીજળીના ઝબકારે મોતીડાં પરોવો, પાનબાઈ' આનો સંકેત અધ્યાત્મ જીવનમાં ક્વચિત્‌વાર આવી જતા અગમ્યના સ્પર્શના ઝબકારાનો છે. જીવનની ક્વચિત વિરલ ક્ષણોમાં એ શક્ય બને છે. સાહિત્યના સર્જનમાં માનવજીવનની લીલામાંથી એવી કોઈ વિરલ ક્ષણ વીજળીના ઝબકારા જેવી પકડવાનું લઘુકથામાં અનિવાર્ય બને છે. લઘુકથાને વીજળીના ઝબકારે મોતીડાં પરોવવાના કસબની અપેક્ષા છે. લઘુકથા પરત્વે પક્ષપાત ધરાવનાર શ્રી ઉર્જિતકુમાર ત્રિવેદીએ આ કસબ હાથ ધરવાનો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે. એમના લઘુકથા સંગ્રહ 'કાસમ માસ્તરનું વસિયતનામું', 'કાંટા : ગુલાબના અને બાવળના,' સુદામાના તાંદુલ' અને 'વામનનાં પગલાં' પ્રસિધ્ધ થયાં છે. આ ચારેય સંગ્રહોમાં મળીને સો ઉપરાંત લઘુકથાઓ એમણે આપી છે. માનવજીવનની લીલાનાં વિવિધ રૂપોને લઘુકથાના માધ્યમમાં કંડારવાનો એમનો સતત પ્રયત્ન રહે છે. લઘુકથાને માટે જ જાણે અવતાર લીધો હોય એટલી બધી લગની એમને લઘુકથા પ્રત્યે છે.

લઘુકથામાં લાઘવ તો હોવું જ. અમુક આગવા 'સિચ્યુએશન' પર પણ કેટલાક વિદ્વાનો ભાર મૂકે છે શ્રી ઉર્જિતકુમારે 'વામનનાં પગલાં'ના અંતભાગમાં 'મીઠાં જળનો લોટો' નામનો લઘુકથા વિષયક નિબંધ એમણે મૂક્યો છે. તેમાં નવલિકા અને લઘુકથા વચ્ચેનું વ્યાવર્તક તત્ત્વ દર્શાવવાનો તેમણે પ્રયત્ન કર્યો છે. નવલિકાને રહસ્ય સાથે તથા લઘુકથાને સંવેદન સાથે સવિશેષ સંબંધ છે એમ તેઓ દર્શાવવા માગે છે. આ પ્રકારનું વ્યાવર્તન વાસ્તવિક જણાતું નથી. રહસ્ય બન્નેમાં હોઈ શકે તેમ સંવેદન પણ બન્નેમાં હોઈ શકે. સંવેદનમાંથી પણ રહસ્ય ઊભું થતું હોય.

લઘુકથાના સ્વરૂપ પરત્વે શ્રી ઉર્જિતકુમારની ફાવટ વધતી જાય છે. 'કાસમ માસ્તરનું વસિયતનામું' એ પ્રથમ લઘુકથા-સંગ્રહમાં જ તેની લઘુકથાની હથોટીની કુશળતા દેખાવા માંડી હતી. હવે તેમાં વિશેષ કસબની શક્તિ આવવા માંડી છે. 'વામનનાં પગલાં' એ સંગ્રહમાં એનાં કેટલાંક સુભગ દૃષ્ટાંતો જોઈ શકાય છે. 'વામનનાં પગલાં' નામ રાખ્યું છે, તેમાં પણ લઘુકથાના વિશિષ્ટ સ્વરૂપનો નિર્દેશ છે લઘુકથા દ્વારા વિરાટના સંસ્પર્શની શક્યતાઓનો એમાં સંકેત છે. તેવી રીતે 'સુદામાના તાંદુલ' નામના એમના લઘુકથાસંગ્રહના નામમાં લઘુકથાનો કલાવિશેષ નિર્દેશવાનો આશય જણાય છે.

લઘુકથાના સ્વરૂપમાં લાઘવ, ક્ષણને પકડવાની કલા, આત્મકૃતિ જેવાં તત્ત્વો વિશેષ હોય. લઘુકથાનું સ્વરૂપ એવું છે કે એનો મર્મ કયામાં એકાદ વાક્યમાં-એકાદ શબ્દમાં છુપાયો હોય. જો એ વાક્ય ચૂકી ગયા તો મર્મ ન સમજાય. લઘુકથા વધારે સાવધ ભાવકની અપેક્ષા રાખે છે લઘુકથાનો મર્મ ક્વચિત્‌વાર શીર્ષકમાંથી સ્ફુરિત થાય. દા. ત. : 'શ્રાવણ' નામની એમની લઘુકથામાં વૃદ્ધ થયેલાં વિધુર પિતાની પુત્રવધૂ પ્રત્યેની કુદૃષ્ટિની સમસ્યા ઊભી થાય છે. પત્ની પતિને ફરિયાદ કરે છે. એ કહે છે કે હું તમને પરણી છું (તમારા પિતાને નહીં). પતિ મૂંઝાય છે. વૃદ્ધ પિતાને ઘર બહાર કાઢી મૂકી શકાય તેમ નથી. પિતાની કામ-વાસના હજુ શમી નથી એને એક રસ્તો સૂઝે છે. સોસાયટીમાં એક શિથિલ ચારિત્ર્યની સ્ત્રી રહેવા આવી છે. એને ત્યાં ગામના ઉતાર માણસો આવે છે સોસાયટીમાંથી એને કાઢી મૂકવી જોઈએ એમ લોકો કહે છે અને કોઈક રસ્તો કાઢવા યુવાનને સૂચવે છે. એ શિથિલ ચારિત્ર્યવાળી સ્ત્રીને પોતાના પિતાની સેવામાં મૂકી દે છે. પોતાનાં ઘરમાં જ એ સ્ત્રીને રહેવા રૂમ આપે છે આ રીતે પિતાની સેવા કરવા માટે તત્પર એવા યુવાનને એમણે આધુનિક શ્રવણ બનાવી દીધો છે. 'શ્રવણ' એ શીર્ષકમાં જ આ માર્મિકતા પ્રગટ થાય છે. વળી આ શ્રવણ સોસાયટીના લોકો તરફથી એક હલકટ બાપને સુવાર્યાનો યશ પણ મેળવે છે.

એવી રીતે 'ધોણ' નામની લઘુકથામાં વ્યંગાર્થ સૂચિત થાય છે. રવજી ધોબીને કપડાં ધોતાં ધોતાં વિચાર આવે છે કે એની પત્ની રળિયાત કાના કોળી સાથે સંબંધ ધરાવે છે. ધોવાનું પડતું મૂકી એ રળિયાતને આ સંબંધમાં પૂછે છે. રળિયાતમાં પતિને ઠંડો પાડવાની કેટલીક શક્તિઓ છૂપાયેલી છે એ પ્રગટ થાય છે. એ કહે છે કે કાનાની વાત પડતી મેલ્ય. કાનાએ મારો હાથ પકડવાની વાત મૂકી દે. મેં તો તારો હાથ પકડ્યો છે એમ કહીને પતિને રોંઢો કરવા બેસાડે છે. રળિયાત એ વખતે દીકરાને બચરાવે છે અને કહે છે કે 'મારો રોયો અસલ તારી જેમજ-' આમ કહીને આ છોકરો પોતાના પતિનું જ સંતાન છે તે સૂચવી દે છે. સ્ત્રીમાં પુરુષના મનને પારખવાની અને ઠંડું પાડવાની જે શક્તિઓ પડેલી હોય છે તે અહીં રળિયાત દ્વારા પ્રગટ થાય છે. આમાં 'ધોણ' શીર્ષક લેખકે આપ્યું છે તે સૂચક છે ધોબણી છે, ધોબીઘાટે કપડાં ધૂવે છે અને તે વખતે આ ઘટના બને છે તેથી વાક્યાર્થમાં તો ધોણ છે જ પણ વ્યંગ્યાર્થમાં પણ બીજા પ્રકારની ધોણ છે. પતિના મનમાં બેઠેલા મલિન વિચારો-શંકાને પણ રળિયાત ધોઈ નાખે છે, એવો વ્યંગ્યાર્થ સહજ રીતે સ્ફુરી રહે છે.

બે પડવાળી લઘુકથાનો એક સારો નમૂનો લેખકે 'કાંટા : ગુલાબના અને બાવળના' નામના તેમના સંગ્રહમાં 'આ રહ્યા પપ્પા!' એ લઘુકથામાં આપ્યો છે. આ તેમજ બીજી કેટલીક લઘુકથાઓમાં લેખકની જીવનદર્શનની એક લાક્ષણિકતા પ્રકટ થાય છે. ભ્રષ્ટાચાર પ્રત્યેનો તીવ્ર આક્રોશ અને પ્રામાણિક સંનિષ્ઠ, વિશુદ્ધ જીવન માટે ઉમળકાભર્યો આદર એમની વાર્તાઓમાં અવારનવાર દેખાય છે. લેખકમાં હાસ્યરસ નિષ્પન્ન કરવાની શક્તિ રહેલી છે, તેનો લાભ એમની લઘુકથાઓને મળ્યો છે. બુદ્ધ ભગવાન એમના પ્રિય શિષ્ય આનંદને આજની યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર બનવાનો આદેશ આપે છે તે સાંભળીને આનંદ જેવો આનંદ પણ નાસી જાય છે. એક બીજી લઘુકથામાં ભગવાન બુદ્ધ પોતે પણ નાસી જાય છે. કિસા ગોતમીએ જૂના વખતમાં પોતાના એક મૃત પુત્રને સજીવન કરવા માટે બુદ્ધ ભગવાનને પ્રાર્થના કરી હતી. ભગવાન બુદ્ધે તે વખતે કહ્યું હતું કે જે ઘરમાં કોઈ ન મર્યું હોય ત્યાંથી ચપટી રાઈ લઈ આવે તો તારો પુત્ર સજીવન કરી આપું. દુનિયામાં એવું

કોઇ ઘર તો હતું નહીં એટલે બુદ્ધ ભગવાન કિસા ગોતમીના પ્રશ્નમાંથી છૂટી ગયા પણ આ વખતે બુદ્ધ ભગવાન ભારતમાં– તે પણ ગોવામાં ફરવા આવ્યા ત્યારે કિસા ગોતમી કહે છે કે આ મારો બીજો પુત્ર છે, જે બેકાર છે, તેને કોઇ નોકરી નથી માટે એને નોકરી અપાવી દો. ભગવાન બુદ્ધ કિસા ગોતમીની નજરે ચડવા માગતા નહોતા, પણ કિસા ગોતમી એમને ગોવામાંથી પકડી પાડે છે. ભગવાન બુદ્ધ કહે છે કે આ દેશમાં લાગવગ કે 'ભ્રષ્ટાચાર વગર કોઇને નોકરી મળી હોય તેનું નામ મને આપ તો હું તારું કામ કરી આપું. આ રીતે લેખકમાં હાસ્ય અને કટાક્ષની સારી શક્તિ છે અને તેમને તે લઘુકથાના લેખનમાં સહાયક બની છે.

લેખક મૂળ તો ઇતિહાસના અધ્યાપક છે. એમણે ઇતિહાસમાંથી સાહિત્યક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે. તે માટે સાહિત્યનો કોઇ માણસ કદાચ ગૃહપ્રવેશનો દાવો માંડી શકે પણ અગાઉ પણ આવા ઇતર ક્ષેત્રમાંથી પ્રવેશો સફળતાપૂર્વક થયા છે. ઇતિહાસના પ્રાધ્યાપક શ્રી બ ક. ઠાકોરે આપણી કવિતાનો પ્રવાહ જ સમૂળગો બદલાવી નાખ્યો હતો તે સુવિદિત છે. સાહિત્યનું ક્ષેત્ર એક સમુદાર છે કે એમાં કોઇ પણ પ્રતિભાને ઝળકવાનો અવકાશ છે. લઘુકથાને ક્ષેત્રે ઝળકવાનો શ્રી ઉજ્જવતકુમારને પૂરો અધિકાર છે અને એમાં એની સજ્જતા ઘણી છે. એમણે લઘુકથાની ઉજ્જવત ઘણી વધારી છે. પોતાની પ્રતિભાને શું અનુકૂળ નથી એ સમજાય એ સ્થિતિ ઘણી અવકારદાયક છે.

પાડોસી.....પા–ડોસી.....

પ્રા : ઉજ્જવતકુમાર આર. ત્રિવેદી

ગુજરાતના ગરવાગાંઠિયા સંશોધકોમાં અત્યારે મારું નામ બોલાય છે તેની તમને ખબર નથી તેની પણ મને ખબર છે! મને સંપૂર્ણ શ્રદ્ધા છે કે મારા છેલ્લા સંશોધનમાં તમને જરૂર રસ પડવાનો છે કારણ કે તે તમારા, મારા અને આપણા સૌના 'પાડોસી' નામના પ્રાણી વિશે છે. પ્રાણીમાત્ર દયાને પાત્ર હોય છે જ્યારે આ પ્રાણીની વિશિષ્ટતા એ છે કે તેની દયા વગર કોઇ સલામત નથી! જગતના દરેક ધર્મમાં કહ્યું છે કે 'પહેલો સગો તે પાડોસી' આ વિધાન વિશે પણ મેં થોડું સંશોધન કર્યું છે. સંસ્કૃત ભાષામાં એક શ્લોક છે કે જો તમારી આસપાસ તમારાં સગાંસંબંધી રહેતાં હોય તો પછી તમારે અગ્નિની જરૂર નહીં પડે. અહીં 'અગ્નિ' શબ્દ ખોટો વપરાયો હોય તેમ મને લાગે છે. મૂળ શબ્દ 'આગ' હોવો જોઇએ કારણ કે 'અગ્નિ' શબ્દમાં પવિત્રતા અભિપ્રેત હોય છે; મારું આટલે સુધીનું સંશોધન બરાબર સમજ્યા હો તો હવે થોડું ગણિત, થોડું લોજિક ચલાવો કે પાડોસી=સગો=અગ્નિ, એટલે કે પાડોસી=અગ્નિ. ઈતિ સિધ્ધમ...ધર્મનો દરેક સિદ્ધાંત સમજવો અને તેનો અમલ કરવો દુષ્કર છે તેવી જ રીતે પાડોસીને ચાહવા અત્યંત દુષ્કર છે. આગની સાથે રમત હોય? મારું એવું દૃઢ માનવું છે કે ભગવાનને પણ પાડોસી હતા જ તેથી જ આવી અમલમાં ન મૂકી શકાય તેવી સલાહ તેઓ આપણને આપી છે, નહીં? [મારા સમ, સાવ સાચું જ કહેજો, આ તો ઘરમની વાત છે!]

વૃદ્ધ થઇ ગયેલી સ્ત્રીને આપણે ડોસી કહીએ છીએ. ડોસીઓને એક એવી ટેવ હોય છે કે જ્યાં સુધી ઘરની બધી જ વાત ન જાણે ત્યાં સુધી ટકટક કર્યા જ કરે છે. (ભૂતકાળ કોઇને છોડવો ગમતો નથી!) પાડોસી એટલે પા–ડોસી. જ્યાં સુધી તે આપણા ઘરની સઘળી વાત ન જાણી લે ત્યાં સુધી તેના પિત્ત શાંત થતા નથી. વાત જાણી લીધા પછી જેમ ડોસી કંઇ ઉપયોગી થઇ શકતી નથી તેમ પાડોસી પણ ઉપયોગી થઇ શકતા નથી. તમારા ચહેરા પરના ભાવ પરથી એમ લાગે છે કે તમને મારા સંશોધનમાં થોડો થોડો રસ પડવા લાગ્યો છે. (તમેય પાડોસી તો હશો જ ને!). મારા એક બીજા સંશોધનની પણ હું ધરાર વાત કરીશ કે આખું છાપું જો બરાબર કોઇ વાંચતું હોય તો નક્કી માનજો કે તે વ્યક્તિ છાપું કોઇની પાસેથી માગીને વાચનાર હશે. જેણે છાપું ખરીદ્યું હોય તે કદી આખું છાપું વાંચતો જ નથી કારણ કે, તેને બિચારાને એવી શ્રદ્ધા હોય છે કે છાપું આપણું જ છે તેથી નિરાંતે ગમે ત્યારે વાંચી લઇશું. તેની આ શ્રદ્ધા ખરેખર અંધશ્રદ્ધા છે તેની પ્રતીતિ તેનો પાડોસી કરાવે છે! આપણા પાડોસી માગીને છાપું વાચનારની જોવા છે. આપણા ઘરે કેટલા મહેમાન આવ્યા, આવ્યા ત્યારે તેઓની સાથે કેટલા દાગીના હતા, ગયા ત્યારે તે કેટલા રહ્યા, વધ્યા કે ઘટ્યા? આવી બધી માહિતી તેની જીભને ટેરવે હોય છે. આવા નિવડેલા પાડોસીઓને ફરજિયાત ખાતામાં ભરતી કરવામાં આવે તો જ દાણચોરી અટકશે એ મારું એક ચોંકવનારું સંશોધન છે.

પાડોશીઓ જ આપણા સાચા મિત્રો છે. આટલી બધી ટીકા કર્યા પછી હું પાડોશીઓને મિત્રો કહું છું એટલે તમને નવાઇ લાગી હશે; પણ મારા ભાઇ! તમારા દિલને પૂછી જુઓ કે આ જીવનમાં તમે દુશ્મનથી જેટલા હેરાન થયા છો તેની કરતાં હજારગણા મિત્રોથી દુઃખી નથી થયા? માટે જ મેં એક સૂત્ર બનાવ્યું છે કે પાડોશી સાથે તો 'ન દુશ્મની અચ્છી, ન દોસ્તી અચ્છી...'

કોઇ પણ પાડોસીને ખુશ કરવો સહેલો નથી, પૂછો કેમ? માનો કે તમે નવું ટી. વી. લાવ્યા અને તમે તમારા પાડોસીને જોવા આવવાનું નિમંત્રણ આપ્યું તો તમે એમ નહીં માની લેતા કે ખુશ થશે. ટી. વી જોતાં તે વિચારતો હશે: 'ખૂબ કિમતી ટી. વી. લઇ આવ્યો એટલે નક્કી કંઇ કાળાધોળા કર્યા હશે...' બધાં એક અગ્નિ છે. એટલે હવે તમે જ કહો કે આગમાં અગ્નિ ભળે તો શું થાય?

પાડોસીના માત્ર બે જ પ્રકાર છેઃ સ્ત્રી પાડોસી અને પુરુષ પાડોસી. જો પાડોસી સ્ત્રી હશે તો તમારે ત્યાં આવનાર દરેક પુરુષની તે માહિતી રાખશે અને પાડોસી જો પુરુષ હશે તો તમારે ત્યાં આવનાર દરેક સ્ત્રીની માહિતી રાખશે. જો સ્ત્રી અને પુરુષ બન્ને તમારા પાડોસી હોય તો? 'સૂડી વચ્ચે સોપારી'ની કહેવતનું મૂળ આમાં રહેલું છે. આ પણ મારું જ સંશોધન છે.

એક વખત બાદશાહ અકબરને 'સાળા'ની આખી જાત પર એટલો બધો ગુસ્સો આવ્યો કે તેણે હુકમ કર્યો હતો કે રાજ્યના દરેક 'સાળાઓ'ને ફાંસીએ લટકાવી દો. આખા રાજ્યમાં આ હુકમથી હાહાકાર વ્યાપી ગયો હતો. તે વખતે ચતુર બિરબલે બાદશાહ સલામતને અત્યંત ધીમેથી કહ્યું હતું: 'જહાંપનાહ! આપ પણ કોઇકના સાળા છો...' આમ એક હોનારત થતાં થતાં અટકી ગઇ હતી. હું પાડોસી વિશે લખવા બેઠો છું તેમ ખબર પડતાં જ મારી પત્ની હજાર કામ પડતાં મૂકીને કહેવા આવી છે કે, 'જરા ધ્યાન રાખજો, આપણે પણ કોઇના પાડોસી છીએ, આપણી વિશે કેવું કેવું બોલે છે તે તો ખબર છે ને?...?...!'

અ ર કૃ ત

પ્રા. અરુણ જોષી

જેમ કમળ જળમાં ઉત્પન્ન થાય છે, તેમાં જ રહે છે અને વિકસે છે છતાં તેનાથી ભીંજાતું નથી તેમ કેટલીક વ્યક્તિઓ સંસારમાં જન્મે છે, તેમાં ઉછરે છે અને બધા પ્રકારનો વ્યવહાર કરે છે છતાં તેમાં બધાથી અળગી રહે છે. ભવસાગરની ચક્રચોરાશી ધારાઓ છે તેમાં જે રકત રહે છે, આસકત રહે છે તે તેમાં ડૂબી જાય છે જ્યારે અરકત રહેનાર ભવસાગરને તરી જાય છે.

સંસારના વિષયો પ્રત્યે આસકિત રાખનારને કામનાઓ થાય છે તેનાથી ક્રોધ જન્મે છે, પછી સંમોહ થાય છે અને પરિણામે સ્મૃતિભ્રમ થતાં બુદ્ધિનો નાશ થાય છે અને અંતે પૂર્ણ વિનાશ થાય છે એમ કહી 'ભગવદ્‌ગીતા'એ આસકિતથી થતા અનર્થોની હારમાળાનો ખ્યાલ આપ્યો છે.

મનમાંથી આસકિત દૂર ન થઈ હોય અને માત્ર દેખાડો કરવા માટે જ ભગવાં ધારણ કર્યાં હોય તો તે દંભ ગણાય એવા માણસની હાંસી ઉડાડતાં કબીરજીએ યોગ્ય જ કહ્યું છે કે 'મન ન રંગાએ, રંગાએ જોગી કપડાં.' આવા દંભી કરતાં અરકત દશામાં એટલે કે અનાસકત ભાવે રહેનાર સંસારી અનેકગણો ચઢિયાતો કહેવાય.

'સરસ્વતીચંદ્ર' નામની ગુજરાતી સાહિત્યની મહાન નવલકથામાં અરકત છતાં સંસારમાં રહેનાર વિષ્ણુદાસનું પ્રેરકપાત્ર નિરૂપવામાં આવ્યું છે. તે અલખ એવા બ્રહ્મનો ઉપાસક છે પણ લખ એવા સંસારનો પૂજક પણ છે. સંસારને જટામાં બાંધી રાખનાર અને સંસારને ભસ્મરૂપ બનાવી શરીરે ચોળનાર આ વિભૂતિ ગૃહસ્થ ધર્મરૂપ સંસારને વાસનાહીન બનાવવાનો ઉપદેશ આપે છે. સંસારના બંધ અને મોક્ષનું કારણ ખરેખર તો મન છે એ ઉપનિષદ્‌વાકયાનુસાર, મનના રાગને દૂર કરી, માણસ નિર્લિપ્ત અથવા અરકત રહી શકે છે. આ બાબતમાં જનકવિદેહી એ એક આદર્શ દૃષ્ટાંત છે.

પ્રકૃતિની ઘટમાળ માનવની ઇચ્છા મુજબ ફરતી નથી. તેની સાથે માનવને ફરવું પડે છે એમ વિચારી અરાગીપણું કેળવી જે કામ કરે છે તે જ ખરો અરકત છે. આવો માનવી માત્ર પોતાના ઉત્કર્ષ માટે, જગતનો ત્યાગ કરી સંન્યાસી બની જતો નથી પણ પ્રવૃત્તિશીલ રહી લોકસંગ્રહ અર્થે કાર્યરત રહે છે. સજ્જનોના રક્ષણ માટે દુષ્ટોના નાશ માટે અને ધર્મનું સંસ્થાપન કરવા માટે ભગવાન પોતે પણ કાર્યરત રહે છે અને માનવજાતને માટે સુંદર ઉદાહરણ પૂરું પાડે છે. આમ શ્રેષ્ઠ વ્યકિત જે જે આચરણ કરે છે તેને બીજા અનુસરે છે એમ આપણને 'ભગવદ્‌ગીતા'માંથી જાણવા મળે છે.

જગતનું ગમે તે થાવ, હું તો સર્વ કર્મ છોડી વિરકત થઈ જઈશ એમ માનનાર કરતાં અનાસકત ભાવે ફળની સ્પૃહા રાખ્યા વગર કર્મ કરનારની જગતને વધારે જરૂર છે. 'કર્મણ્યે વાધિકારસ્તે, મા ફલેષુ કદાચન' એ ગીતાનું સુપ્રસિદ્ધ વાકય પણ અરકત રહી લોકકલ્યાણ અર્થે કાર્યરત રહેવાનો બોધ આપે છે.

સંસારનો ત્યાગ કરી વનમાં વસનાર કરતાં, અરકતભાવે સંસારમાં કાર્યરત રહેનારનું જીવન વધારે કપરું છે કારણ કે તેને અનેક કસોટીઓમાંથી પસાર થવું પડે છે. પોતે સફળ જીતેન્દ્રિય બન્યો છે કે નહિ તે જાણવું હોય તો સંસારમાં રહેવાથી જ જાણી શકાશે, જ્યારે વનમાં તો એવી કોઈ તકના અભાવે સફળ આત્મપરીક્ષણ સંભવી શકશે નહિ.

પોતાની બુદ્ધિને નિસ્પૃહ રાખી અરકતભાવે લોકકલ્યાણ અર્થે જે માણસ કાર્ય કરે છે તે ખરેખર તો યજ્ઞ જ કરી રહ્યો છે. નિઃસ્વાર્થભાવે કરેલ કોઈ પણ કલ્યાણકારક કાર્ય યજ્ઞની સંજ્ઞાને પ્રાપ્ત કરે છે. આવા યજ્ઞો પાંચ પ્રકારના છે એમ ઋષિ-દૃષ્ટા શ્રી ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર'માં જણાવ્યું છે, તે મુજબ એક છે પિતૃયજ્ઞ. તે યજ્ઞમાં પુત્રે પોતાનાં કાર્યો દ્વારા માતા-પિતાનું તર્પણ કરવાનું હોય છે. સાધુઓએ પિતૃયજ્ઞને બદલે મનુષ્યજ્ઞ કરવાનો હોય છે અને તે દ્વારા તેમણે પોતાના આચરણ દ્વારા મનુને ઉન્નત કરી ધર્માનુષ્ઠાન આચરવાનું હોય છે. મનુષ્ય યજ્ઞ દ્વારા પ્રીતિની સૂક્ષ્મતા, હૃદયનું અદ્વૈત અને સદ્ધર્માચારની સંપૂર્ણતા કેળવવાની હોય છે. ભૂતયજ્ઞ દ્વારા યોગ્ય પુરુષાર્થ કરી ભૂત માત્ર પ્રત્યે દયાભાવ કેળવવાનો હોય છે. દેવયજ્ઞ દ્વારા દેવોને તૃપ્ત કરવા માટે પ્રયત્ન કરવાનો હોય છે જ્યારે બ્રહ્મયજ્ઞ દ્વારા સત્યરૂપ અલક્ષ્ય બ્રહ્મને પામવાનો પુરુષાર્થ કરવાનો થાય છે. આમ અરકત સંસારમાં કૂદ્યા સિવાય પ્રગતિનાં ઉચ્ચ શિખરો સર કરી શકે છે.

'પ્રબુદ્ધ જીવન'નો પર્યુષણ અંક

પર્યુષણ પર્વ નિમિત્તે 'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧ લી ઓગસ્ટ, ૧૯૮૭ અને તા. ૧૬ મી ઓગસ્ટ, ૧૯૮૭ નો અંક સંયુકત અંક તરીકે તા. ૧૬-૮-૧૯૮૭ ના રોજ પ્રગટ થશે. *

સરદાર પૃથ્વીસિંહ આઝાદનું વ્યાખ્યાન

સંઘ સંચાલિત 'જ્ઞાનગોષ્ઠિ'ના ઉપક્રમે ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને પરમાનંદ કાપડિયા સભાગૃહ (સંઘનું કાર્યાલય)માં નીચે મુજબ એક વ્યાખ્યાન રાખવામાં આવ્યું છે.

વ્યાખ્યાતા : **'સરદાર પૃથ્વીસિંહ આઝાદ'**
વિષય : **આઝાદીની લડતનાં સંસ્મરણો**
તારીખ : શુક્રવાર, ૩૦ જુલાઈ, ૧૯૮૭
સમય : સાંજના ૬-૦૦ કલાકે

સર્વેને પધારવા વિનંતી છે.

સુબોધભાઈ એમ. શાહ — કે. પી. શાહ
સંયોજક — પન્નાલાલ ર. શાહ, મંત્રીઓ

શ્રી દીપચંદ ત્રિભોવનદાસ ટ્રસ્ટ ગ્રન્થ શ્રેણી
ગ્રન્થ ત્રીજો
સરળ, ભાવવાહી શૈલીએ લખાયેલ
જૈનધર્મ વિષયક લેખોનો સંગ્રહ

જિ ન ત ત્ત્વ

લે. ડૉ. રમણલાલ ચી. શાહ

એક વર્ષના ટૂંકા ગાળામાં વેચાણ થઈ જવાથી, બીજી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી * પાકું પૂઠું * પૃષ્ઠ-૧૬૪

મૂલ્ય રૂ. ૨૦/-

—: પ્રકાશક :—
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૩૮૫, સરદાર વી. પી. માર્ગ,
મુંબઈ-૪૦૦૦૦૪.

પર્યુષણ પ્રસંગે ભેટ આપવાલાયક આ પુસ્તક સંઘના કાર્યાલયમાંથી મળી શકશે.

શ્રમ મંદિર માટે નોંધાયેલી ભેટની યાદી

શ્રી મુંબઇ જૈન યુવક સંઘે ગત વર્ષે પર્યુષણ બાદ સ્નેહ-મિલન પ્રસંગે વડોદરા નજીક સીંધરોટ ગામની સીમમાં રક્ત-પિત્તના દર્દીઓની આવેલ વસાહતના લાભાર્થે રૂા. ૨૫૦૦૦) ભેટ આપ્યા હતા.

આ વર્ષના પ્રારંભમાં સંઘના પેટ્રનો, શુભેચ્છકો, આજીવન અને વાર્ષિક સભ્યોના સ્નેહ સમ્મેલન વખતે શ્રમમંદિરને સહાયરૂપ થવા રજૂઆત કરી હતી. એ વખતે રૂા. ૫૦૦૦૦)-થી પણ વધુ રકમનાં વચનો મળ્યાં હતાં ત્યારથી આજ સુધીમાં સંઘ દ્વારા નીચે મુજબ રકમ નોંધાઇ છે.

પર્યુષણ પર્વ પ્રસંગે શ્રમમંદિરને માતબર રકમ આપવાની ભાવના છે. શ્રમમંદિર રક્તપિત્તના દર્દીઓની સારવાર અને એમને સ્વાશ્રયી બનાવવાની માનવતાલક્ષી પ્રવૃત્તિ હાથ ધરે છે. અત્યાર સુધીમાં લખાયેલી રકમ આ પ્રમાણે છેઃ

રૂા.	
૨૫૦૦૦-૦૦	મે. એમ. જે. ઇન્ટરનેશનલ હ. મૃદુલાબહેન જે. શાહ
૨૫૦૦૦-૦૦	નવનીત પ્રકાશન હ. શ્રી હુંગરશી રામજી ગાલાના પરિવાર તરફથી
૧૫૦૦૦-૦૦	મે. સેવંતીલાલ ફકીરચંદ એન્ડ કું.
૧૧૦૦૦-૦૦	શ્રી ચંપાબેન રમણીલાલ ગોસલિયા
૧૦૦૦-૦૦	શ્રી હિંમતલાલ ડી. ફોઠારી એચ. યુ. એફ.
૧૦૦૦૦-૦૦	શેઠ હીરાચંદ તલકચંદ સ્મારક ટ્રસ્ટ
૭૫૦૦-૦૦	શ્રી વિદ્યાબેન મહાસુખભાઇ
૫૦૦૦-૦૦	શ્રી ટી. એમ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦-૦૦	શ્રી સોમચંદ ઝવેરચંદ ફાઉન્ડેશન
૫૦૦૦-૦૦	શ્રી ક્રાંતિલાલ નારણદાસ શાહ
૫૦૦૦-૦૦	શ્રી વસનજી લખમશી શાહ
૫૦૦૦-૦૦	શ્રી માણેકલાલભાઇ સવાણી
૫૦૦૦-૦૦	શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૫૦૦૦-૦૦	શ્રી શાંતિલાલ ખાવચંદ ગાંધી
૫૦૦૦-૦૦	શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ
૫૦૦૦-૦૦	શ્રી સેવંતીલાલ ક્રાંતિલાલ ટ્રસ્ટ
૩૦૦૦-૦૦	શ્રી રમણલાલ ચી શાહ, તારાબેન ર. શાહ
૩૦૦૦-૦૦	શ્રી ચીમનલાલ જે. શાહ
૩૦૦૦-૦૦	શ્રી સવિતાબેન કે. પી. શાહ
૩૦૦૦-૦૦	શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ
૩૦૦૦-૦૦	શ્રી જ્યોતિબેન પી. શાહ
૩૦૦૦-૦૦	શ્રી કિશોરભાઇ એન. વોરા હ. રજનીભાઇ વોરા
૨૫૦૦-૦૦	સ્વ. શીવજી માણેક ભેદા તથા સ્વ. ઉમરબાઇ શીવજી ભેદાના સ્મરણાર્થે
૨૦૦૦-૦૦	શ્રી પન્નાલાલ જે. ગાંધી
૨૦૦૦-૦૦	શ્રી મફતલાલ ભીખાચંદ શાહ
૨૦૦૦-૦૦	શ્રી રમાબેન વોરા
૨૦૦૦-૦૦	શ્રી અરુણભાઇ કે. પરીખ
૧૫૦૧-૦૦	શ્રી તારાબેન વાડીલાલ ગોસલિયા
૧૦૦૦-૦૦	શ્રી વી. પી. તુરખીઆ
૧૦૦૦-૦૦	શ્રી ઠાકોરલાલ કેશવલાલ મહેતા ટ્રસ્ટ
૧૦૦૦-૦૦	શ્રી યશોમતીબેન
૧૦૦૦-૦૦	શ્રી વસુમતીબેન સી. ભણુશાળી
૧૦૦૦-૦૦	શ્રી રમીબેન ભણુશાળી
રૂા.	
૧૦૦૦-૦૦	શ્રી અરવિંદભાઇ ચોકસી
૧૦૦૦-૦૦	શ્રી સુલીબેન અનિલાભાઇ હીરાણી
૧૦૦૦-૦૦	શ્રી સ્મિતાબેન શિરિષભાઇ કામદાર
૧૦૦૦-૦૦	શ્રી બચુભાઇ પી. દોશી
૧૦૦૦-૦૦	શ્રી સરોજબેન મહેતા
૧૦૦૦-૦૦	શ્રી સુબોધભાઇ એમ શાહ અને નીરુબેન એસ. શાહ
૧૦૦૦-૦૦	શ્રી મીરાંબેન મહેતા
૧૦૦૦-૦૦	શ્રી ધીરજબેન વોરા
૧૦૦૦-૦૦	શ્રી કમલબેન પીસપાટી
૧૦૦૦-૦૦	શ્રી ગણપતભાઇ મ. ઝવેરી

૧૯૩૫૦૧-૦૦

સંઘના પેટ્રન તેમજ આજીવન સભ્ય બનવા માટે વિજ્ઞપ્તિ

છેલ્લાં થોડાં વર્ષોથી સંઘની પ્રવૃત્તિઓનો વ્યાપ અવિરતપણે વધતો ચાલ્યો છે – પ્રવૃત્તિઓની વિવિધતામાં પણ સારો વધારો થયો છે. આ બધી પ્રવૃત્તિઓ આપ સૌના સહકારના કારણે વિકસી રહેલ છે. ખરેખર તેનો અમને ખૂબ જ આનંદ છે.

જેમ, સંઘની પ્રવૃત્તિઓનો વ્યાપ વધી રહ્યો છે અને તેની સાથે આર્થિક જવાબદારી વધતી રહી છે, તેવી રીતે તેની સભ્યસંખ્યામાં પ્રેમળ તેમજ ઉમળકાભર્યા સહયોગની ખૂબ જ આવશ્યકતા છે.

હાલ સંઘના ૧૩૩ પેટ્રન સભ્યો છે તેમજ ૧૭૪૦ આજીવન સભ્યો છે. અમારો સંકલ્પ ૨૦૦ પેટ્રન સભ્યો અને ૨૦૦૦ આજીવન સભ્યોના લક્ષ્યાંકને આંબવાનો છે. આ રીતે આપણે નવા ૬૭ પેટ્રન સભ્યો અને ૨૬૧ આજીવન સભ્યો મેળવવાના રહે છે.

આપશ્રી જો સંઘના પેટ્રન અથવા આજીવન સભ્ય ન હો તો સત્વરે સભ્ય થઇ જવા, અને જો આપ સંઘના સભ્ય હો તો ફકત – એક જ – પેટ્રન અથવા આજીવન સભ્ય મેળવી આપી આપનો પ્રેમળ સહકાર આપવા નમ્ર વિનંતી છે.

સંઘની આ વિકાસયાત્રામાં આપશ્રીનો લાગણીભર્યો સહયોગ અવશ્ય મળી જ રહેશે એવી અમને આશા, વિશ્વાસ અને પૂર્ણ શ્રદ્ધા છે.

હાલ પેટ્રન સભ્યનું લવાજમ રૂા. ૩૦૦૦) છે અને આજીવન સભ્યનું લવાજમ રૂા. ૫૦૧) છે. આજીવન સભ્ય જો પેટ્રન સભ્ય બનશે તો, તેમણે આજીવન સભ્ય તરીકે ભરેલું લવાજમ તેમને મજરે આપવામાં આવશે.

ખૂબ જ ટૂંકા ગાળામાં ઉપરના સંકલ્પને ચરિતાર્થ કરવાનો હોઇ, આપે જે રીતે સહકાર આપવાનો નિર્ણય કર્યો હોય તે કાર્યાલયમાં ૩૫૦૨૯૬ નંબર પર ફોન દ્વારા અથવા પત્રથી જણાવશો તો તેને લગતું પ્રવેશપત્ર આપને પહોંચાડવામાં આવશે.

લવાજમનો ચેક 'Shri Bombay jain yuvak Sangh'ના નામનો મોકલવા વિનંતિ.

લિ ભવદીય

કે. પી. શાહ

પન્નાલાલ ર. શાહ

માનદ મંત્રીઓ

રાજકીય નૈતિકતા કરતાં રાજકીય ગણતરીઓ વધુ

– ચિદમ્બરમ્

લોકશાહી મૂલ્યોને પાળવાં ન હોય, બનકે ટાળવાં હોય તો પણ એની પ્રતિષ્ઠા કરતા આપણે થાકતા નથી એવો જાહેરમાં વારંવાર દેખાવ કરવો પડે એવું આપણું જાહેર જીવન થતું રહ્યું જણાય છે બીજી બાજુ, પક્ષીય સ્વાર્થ કે પક્ષમાંના ચોકકસ જૂથના સ્વાર્થ કે રાજકીય હેતુપ્રેરિત અવિચારી, લાંબા ગાળાના હિતની દૃષ્ટિએ અયોગ્ય કે અન્યાયી પગલાંને વાજબી ઠેરવવા લોકશાહી મૂલ્યો અને પ્રક્રિયાનો આશરો લેવામાં આવે એવી રાજકીય શૈલી, છેલ્લા બે દાયકામાં, સતત વિકસી રહી હોવાનું જણાય છે.

ભૂતકાળમાં વડા પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી પક્ષ પરિવર્તન કે અનૈતિક માર્ગે વિપક્ષોમાં ભંગાણ પડાવતાં હતાં ત્યારે વિરોધ પક્ષો આ અનૈતિક રાજકારણની સખત અને સતત આલોચના કરતા હતા. એ જ વિરોધ પક્ષોએ કોંગ્રેસ પક્ષના સત્તાવાર ઉમેદવાર શ્રી વેંકટરામન સામે જ્ઞાની ઝૈલસિંહ બીજી મુદત માટે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઝંપલાવે એવો પ્રયત્ન કોંગ્રેસ પક્ષના અસંતુષ્ટ સભ્યોના સહકારમાં કર્યો (અત્રે એ યાદ રહે કે વિરોધ પક્ષોએ પોતાના ઉમેદવાર તરીકે ન્યાયમૂર્તિ શ્રી કૃષ્ણ અૈયરની પસંદગી કયારનીય કરી લીધી હતી.) અલબત્ત, જ્ઞાની ઝૈલસિંહે બીજી મુદત માટે ઉમેદવારી કરવાની સાફ ના કહી અને ૧૯૬૯ની રાષ્ટ્રપતિની ચૂંટણી વખતે 'આત્માના અવાજ'ના નામે પોતાના જ પક્ષના સત્તાવાર ઉમેદવાર શ્રી સંજીવ રેડ્ડીને હરાવવાનું જે દુષ્કૃત્ય કર્યું હતું અને એનાં ઘાતક પરિણામોમાંથી દેશ હજુ મુકત થયો નથી એનું પુનરાવર્તન થતું સહેજમાં રહી ગયું. વિરોધ પક્ષોને પણ આવા રાજકારણને પ્રોત્સાહન આપવામાં લેશમાત્ર શરમ કે છોછ નથી એમ કહી શકાય.

સંસદીય લોકશાહીમાં પ્રતિસ્પર્ધી રાજકીય પક્ષને તોડવાનો માર્ગ પક્ષપરિવર્તન કે અનૈતિક માર્ગોએ ભંગાણ પડાવવાનો નથી, પરંતુ હરિયાણાની ચૂંટણીમાં શ્રી દેવીલાલે જે પ્રકારે લોકપ્રચુકાદો પ્રાપ્ત કર્યો તેવા લોકાદેશો પ્રાપ્ત કરવાનો છે આ માર્ગ લાંબો, અત્યંત ધીરજ ધરવાનો અને કઠિન છે. એ સિવાયના ટુંકા માર્ગો સંસદીય લોકશાહી તથા પ્રજાતંત્ર માટે ઘાતક પુરવાર થયા વિના રહી શકતા નથી. છેલ્લા બે દાયકા દરમિયાન, કોંગ્રેસ પક્ષે તમામ રાજનૈતિક મૂલ્યો ફગાવી દઇ, સંખ્યાબંધ રાજકીય લક્ષ્યાંકો હાંસલ કર્યા; પરંતુ સાથોસાથ કોંગ્રેસ પક્ષના ભવ્ય આદર્શોને જડમૂળથી ઉખેડી નાખ્યા. ગાંધી-નહેરુની કોંગ્રેસને સત્તાપ્રાપ્તિનું જડયંત્ર (કે ષડ્યંત્ર ?) બનાવી દીધી. રાજકીય ક્ષેત્રે જે વિનાશ વેરાયો એમાંથી મુકત થવાનો એક માત્ર માર્ગ રાજનૈતિક મૂલ્યોનું પુનઃ સ્થાપન કરવાનો છે. વિરોધ પક્ષો પાસે પ્રજાને આવી અપેક્ષા રહે એ સ્વાભાવિક છે.

કોંગ્રેસના અસંતુષ્ટ સભ્યો અને વિપક્ષોનો સહયોગ સધાયો હોત અને જ્ઞાની ઝૈલસિંહે બીજી મુદત માટે ઉમેદવારી કરી હોત તો પણ તેઓ ચૂંટણીમાં જીતી જાત એ નિશ્ચિતપણે કહી ન શકાય. આમ છતાં ધારી લઇએ કે તેઓ ચૂંટણીમાં જીતી જાત તો રાષ્ટ્રપતિ અને વડા પ્રધાન વચ્ચેના વિવાદના કળણમાં દેશ ખૂંપી જાત. નવા રાષ્ટ્રપતિ વડા પ્રધાનને બરતરફ કરે કે મધ્યસત્ર ચૂંટણી યોજવાની ફરજ પાડે તેવા સંજોગોની શકયતા ગણાય. અત્યારે વિપક્ષોમાં એકરાગતા નથી અને ભૂતકાળનો જનતા પક્ષનો આપણને એવો અનુભવ છે એ જોતાં વિરોધ પક્ષોની તરફેણમાં ચૂંટણીનાં પરિણામો આવે તોપણ તેઓ દેશને સ્થિર સરકાર આપી શકે કે કેમ એ પ્રશ્ન રહે જ. આમ જ્ઞાની ઝૈલસિંહને બીજી મુદત માટે ચૂંટણીમાં ઊભા રાખી, કોંગ્રેસમાં ભંગાણ પડાવવાના ખ્યૂહ પાછળ રાજકીય અનૈતિકતા ઉપરાંત સ્થિર વિકલ્પની શકયતા ન હોવા છતાં, વડા પ્રધાન રાજીવ ગાંધીનું પતન કરવા વિરોધ પક્ષો આવી ચાલ ચાલવા તૈયાર થયા એ કમનસીબ ઘટના ગણાય. વિરોધ પક્ષની વિશ્વસનીયતા એટલા માટે નથી રહેતી કે શ્રી કૃષ્ણ અૈયરની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઉમેદવાર તરીકે પસંદગી કર્યા બાદ જ્ઞાની ઝૈલસિંહ માટે એમણે ઉમળકો બતાવ્યો હતો.

વી. પી. સિંહની રાજકીય ગણતરીઓ

શ્રી વી. પી. સિંહને બદનામ અને અપમાનિત કરવાનો જ્યારે કોંગ્રેસ પક્ષના કેટલાક સભ્યો દ્વારા વ્યવસ્થિત પ્રયાસ ચાલી રહ્યો છે ત્યારે જ્ઞાની ઝૈલસિંહને ટેકો આપીને આ અપમાનનો બદલો લેવાની એમને સુવર્ણ તક હતી. પરંતુ એમણે જ્ઞાની ઝૈલસિંહને અનુમોદન આપવાનો ઇન્કાર કર્યો તેમાં એમનું રાજકીય શાણપણ જણાય છે. અત્યારે વડા પ્રધાન ચારે તરફથી ઘેરાયેલા છે; પરંતુ સંસદના બહુમતી સભ્યો એમની સાથે છે. કોંગ્રેસ પક્ષ પણ એમની નેતાગીરી ફગાવી દેવા તૈયાર થયો નથી. હવે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં, આવા સમયે કોંગ્રેસની વિરુદ્ધ જઇને, બાજી બગાડવાનું, એમને પાલવે નહીં. એને બદલે ધીરજ ધરવી અને આગામી થોડા સમયમાં બોફર્સ, જર્મન સબમરીન અને ફેરફેકસ પ્રકરણોની વધુ વિગતો પ્રગટ થાય તે પછી પરિસ્થિતિ સહજપણે એવો આકાર લ્યે કે વડા પ્રધાન રાજીવ ગાંધીનો વિકલ્પ શોધવાની ખુદ કોંગ્રેસ પક્ષને જરૂર અને ફરજ પડે. એવી પરિસ્થિતિ આકાર લ્યે તો શ્રી વી. પી. સિંહ સહેલાઇથી પસંદગી પામે અને કોંગ્રેસ પક્ષ પણ અકબંધ રહે. શ્રી વી. પી. સિંહને વિરોધ પક્ષની વિશ્વસનીયતા અંગે પણ કદાચ શંકા હોય.

જ્ઞાની ઝૈલસિંહને ટેકો આપી, શ્રી વી. પી. સિંહ સફળતા પ્રાપ્ત કરે તોપણ તેમણે ભાવિ કારકિર્દી માટે અસંતુષ્ટ કોંગ્રેસીઓ, જનતા પક્ષ, લોકદળ, માકર્સવાદી સામ્યવાદી પક્ષ અને તેલુગુદેશમ્ જેવા વિપક્ષો પર આધાર રાખવો પડે. આવો પ્રયોગ કેટલો જોખમી છે એનો સ્વ. ચરણસિંહના, ઇ. સ. ૧૯૭૯ના અનુભવ પરથી, શ્રી વી. પી. સિંહ ખડો લે એવા પરિપકવ જરૂર જ છે. પોતે કોંગ્રેસ પક્ષના સભ્ય છે ત્યાં સુધી પોતાના પક્ષના ઉમેદવારને છેહ ન દેવો અને વિરોધ પક્ષના ઉમેદવારને ટેકો આપવાનો ઇન્કાર કરવામાં કેટલાક નિરીક્ષકોને રાજકીય નૈતિકતા દેખાઇ આવે છે, પરંતુ એમાં નૈતિકતા કરતાં, આજના રાજકીય નેતાઓની તાસીર જોતાં, રાજકીય ગણતરીઓ હોવાનો સંભવ વિશેષ છે.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૬૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૯ અંક : ૬

મુંબઇ તા. ૧૬-૭-'૮૭
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

સ્વ. યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિ

કેટલાક દિવસ પહેલાં મુંબઇમાં પ. પૂ. શ્રી પદ્મસાગરસૂરિજીની નિશ્રામાં ગોડીજી ઉપાશ્રયમાં યોગનિષ્ઠ આ. સ્વ. પ. પૂ. બુદ્ધિસાગરસૂરિશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ગુણાનુવાદની એક સભા યોજાઇ હતી. તેમાં મારે પ્રાસંગિક વક્તવ્ય કરવાનું પ્રાપ્ત થયું હતું. એ નિમિત્તે ફરી એકવાર સ્વ. પ. પૂ. બુદ્ધિસાગરસૂરિશ્વરજીના જીવન અને સાહિત્યનું અવલોકન કરવાની તક સાંપડી. ગત સૈકાની આ એક મહાન વિભૂતિનું જીવન અને સાહિત્ય ખરેખર ખૂબ પ્રેરણાદાયી લાગ્યું છે.

ગઇ સદીમાં અંગ્રેજોનું શાસન ભારતમાં ચાલતું હતું ત્યારે ખ્રિસ્તી મિશનરી પાદરીઓ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર ગામડાંઓમાં અને ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં જોરશોરથી કરતા હતા. અંગ્રેજોની સત્તા હતી એટલે મિશનરીઓ સામે બહુ વિરોધ થઇ શકતો નહોતો. એક વખત ધર્મપ્રચારનું કામ રોકટોક વિના વેગથી ચાલે એટલે એમાં ધર્માન્તર કરાવવા માટે વિવિધ તરકીબો પણ અજમાવાય. ગામડાંઓના અભણ અને અબુધ લોકોને પોતાના ધર્મના ચમત્કારની વાતોથી આશ્ચર્યમુગ્ધ કરી દેવાના પ્રયાસો પણ થતા. એક પાદરી પોતાની પાસે બે નાની સરસ રંગેલી મૂર્તિઓ રાખતા. એક ભગવાન વિષ્ણુની અને એક ક્રોસ સહિત ઇશુ ખ્રિસ્તની. ગામડાંના લોકોને ભેગા કરી તેઓ ઉપદેશ આપતા કે સાચા ભગવાન એ જ કે જે પોતે તરે અને બીજાને તારે. એવો ઉપદેશ આપ્યા પછી લોકો પાસે એક મોટું વાસણ મગાવી તેમાં પાણી ભરાવતા. પછી પોતાની થેલીમાંથી ભગવાન વિષ્ણુની મૂર્તિ કાઢી બધાના દેખતાં તેઓ પાણીમાં તે મૂકતા. એ મૂર્તિ પાણીમાં ડૂબી જતી. ત્યારપછી પોતાની થેલીમાંથી ઇશુ ખ્રિસ્તની મૂર્તિ કાઢતા અને તે પાણીમાં મૂકતા અને સૌના આશ્ચર્ય વચ્ચે તે મૂર્તિ પાણીમાં તરવા લાગતી. આવો ચમત્કારભર્યો પ્રયોગ કરીને ગામડાંના ગરીબ અબુધ લોકોના મનમાં તેઓ ઠસાવતા કે જે પોતે તરી શકે તે જ બીજાને તારી શકે. માટે સાચા ભગવાન ઇશુ ખ્રિસ્ત જ છે, કારણ કે તે પોતે તરે છે અને બીજાને તારે છે. માટે તેમનો ધર્મ સ્વીકારવો જોઇએ.

ધર્માન્તરની તેમની આ પ્રવૃત્તિની વાત સાંભળી કુતૂહલથી પ્રેરાઇને એક વખત એક યુવાન પણ ત્યાં આવ્યો હતો. લોકોની વચ્ચે બેસીને પ્રચારક પાદરીનો પ્રયોગ તેણે નિહાળ્યો. પોતે બુદ્ધિશાળી હતો એટલે પ્રયોગનું રહસ્ય તરત સમજી ગયો. તેણે પ્રયોગ પૂરો થયા પછી પાદરીને કહ્યું કે સાચા – ખોટા ભગવાનની જળપરીક્ષા પૂરી થઇ. હવે મારે તમને આ ભગવાનની અગ્નિપરીક્ષા કરી બતાવવી છે. માટે બંને ભગવાન મને આપો. પાદરી તરત વાત પામી ગયા, કારણ કે ભગવાન વિષ્ણુની મૂર્તિ પથ્થરની હતી અને ઇશુ ખ્રિસ્તની મૂર્તિ લાકડાની હતી. પરંતુ બંને રંગેલી હતી એટલે ભોળા લોકોને તેના ફરકની ખબર પડતી નહિ. જો અગ્નિપરીક્ષા કરવામાં આવે તો ઇશુ ખ્રિસ્તની મૂર્તિ બળીને ખાખ થઇ જાય. એટલે પાદરીએ આડાઅવળાં ગલ્લાંતલ્લાં કર્યાં અને તરત ત્યાંથી વિદાય થઇ ગયા. પેલા યુવાને લોકોને આવા ભરમાવનારા ધર્મપ્રચારથી ન દોરવાઇ જવા માટે શિખામણ આપી.

પાદરીની સામે પડકાર ફેંકનાર એ યુવાનનું નામ હતું અહેચરદાસ પટેલ, જેઓ પાછળથી જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ તરીકે સુવિખ્યાત બન્યા.

અહેચરદાસ જાતે પાટીદાર હતા. ગુજરાતમાં મહેસાણા જિલ્લાના વિજાપુર ગામમાં વિ. સં. ૧૯૩૦ માં (ઇ. સ. ૧૮૭૪માં) મહા વદ ચૌદસના રોજ, મહાશિવરાત્રિના પર્વના દિવસે રાતના બાર વાગે એમનો જન્મ થયો હતો. એમના પિતાનું નામ શિવદાસ હતું અને માતાનું નામ હતું અંબાબાઇ. શિવદાસના એ પાંચમા સંતાન હતા.

શિવદાસ ખેડૂત હતા. પતિ પત્ની આખો દિવસ ખેતરમાં કામ કરતાં. ખેડૂતો સામાન્ય રીતે કરે છે તેમ ઝાડની નીચી ડાળી ઉપર ઝોળીની જેમ લૂગડું બાંધીને તેમાં નાના બાળકને સુવાડે. એવી રીતે નાના બાળક અહેચરદાસને રોજ સુવાડતા હતા. એક દિવસ ખેતરમાં એવી રીતે બાળકને સુવાડ્યું હતું ત્યારે તે ડાળને બાંધેલી ઝોળી ઉપર એક કાળો મોટો નાગ આવ્યો. એ જોઇને અંબાબાઇ ડઘાઇ ગઇ. ડંખ મારે તો ઊંઘતા બાળકનું તરત મૃત્યુ થાય. એ દૃશ્ય જોઇ એમના મુખમાંથી ચીસ નીકળી ગઇ. સાથેસાથે પોતાને જેમાં પરમ શ્રદ્ધા હતી એવી બહુચરા માતાની તરત માનતા પણ માની લીધી. થોડીવારમાં નાગ ત્યાંથી ચાલ્યો ગયો. બાળક બચી ગયું. એટલે માતા-પિતાએ બાળકનું નામ અહેચરદાસ રાખ્યું.

અહેચરદાસ મોટા થતાં એમને ગામની પ્રાથમિક શાળામાં મૂકવામાં આવ્યા. ભણવામાં તે તેજસ્વી હતા. એમના સહાધ્યાયીઓમાં એક ડાહ્યાભાઇ નામનો જૈન વિદ્યાર્થી

હતો. એણે બહેચરદાસને સરસ્વતીદેવીનો મંત્રજાપ શીખવ્યો હતો. બીજો એક વચ્છરાજ નામનો સહાધ્યાયી હતો. તે જાતે બારોટ હતો અને કવિતા કેમ વાંચવી અને કરવી તે જાણતો હતો. એણે બહેચરદાસમાં કવિતાનો રસ જગાડ્યો હતો. શાળામાં ભણવું અને બેતરમાં કામ કરવું એ બે બહેચરદાસની મુખ્ય પ્રવૃત્તિ સાથે મંત્રજાપ અને જોડકણાં બનાવવાની પ્રવૃત્તિ ચાલતી.

એવામાં વિજાપુરમાં રવિસાગર નામના જૈનાચાર્ય પધાર્યા હતા. એક દિવસ સવારમાં ગામને પાદર તેઓ સ્થંડિલ માટે જતા હતા ત્યારે બે ભેંસો લડતી લડતી રવિસાગર તરફ ધસતી હતી. બહેચરદાસે એ દૃશ્ય જોયું. એમને ભય લાગ્યો કે રખેને આ ભેંસો જૈન મહારાજને અડફેટમાં લઈ પાડશે તો મહારાજ મોતના પંજામાં પડશે. એટલે એમણે પોતાના હાથમાં રહેલી ડાંગ એક ભેંસને જોરથી ફટકારી. એથી બંને ભેંસો છૂટી પડીને ચાલી ગઈ. રવિસાગરજી બચી ગયા. પરંતુ એ દૃશ્ય જોનાર રવિસાગરજી મહારાજે બહેચરદાસને પાસે બોલાવી પ્રેમથી કહ્યું, 'ભાઈ! મૂંગા ઢોરને આમ મરાય નહિ. એને કેટલું દુઃખ થાય!'

રવિસાગરજી મહારાજે જે વાત્સલ્યભાવથી થોડા શબ્દોમાં આ શિખામણ આપી તે બહેચરદાસના હૃદયમાં એવી સોંસરી ઊતરી ગઈ કે જાણે કે આ ઘટનાએ એના સમગ્ર જીવનમાં પરિવર્તન કરી નાખ્યું. આ કોઈ મોટા મહાત્મા છે, એમના પરિચયમાં આવવા જેવું છે એવી અંતરમાં તરત પ્રતીતિ થઈ ગઈ. ઉપાશ્રય જઈ રવિસાગરજી મહારાજનો વધુ પરિચય કર્યો અને પૂર્વના કોઈ ઋણાનુબંધથી રવિસાગરજી મહારાજને પણ બહેચરદાસના જીવનમાં રસ પડ્યો. વિદ્યાર્થી તરીકે તે તેજસ્વી હતા અને ગામઠી નિશાળમાં ભણવાનું ચાલતું હતું. પરંતુ તેઓ વધુ હોંશિયાર થાય એ માટે અંગ્રેજી, સંસ્કૃત, અર્ધમાગધી, ઉર્દૂ વગેરે ભાષાઓ શીખવા માટે રવિસાગરજીએ જૈન ગૃહસ્થોને ભલામણ કરીને પ્રબંધ કરાવી આપ્યો. વિજાપુરમાં તે સમયના નથુરામ મંછાચંદ દોશી નામના ગૃહસ્થે તેમાં ઘણી આર્થિક મદદ કરી અને બધી સગવડ કરાવી આપવામાં અંગત રસ લીધો.

વિદ્યાભ્યાસ કર્યા પછી ખેતીના વ્યવસાયમાં ન રહેતાં તેજસ્વી બહેચરદાસ પાસે આવેલા ગામ આજોલની પાઠશાળામાં શિક્ષક બન્યા. ત્યારપછી વધુ અભ્યાસ માટે મહેસાણાની પાઠશાળામાં તેઓ જોડાયા. રવિસાગરજી મહારાજ સાથેનો તેમનો સંપર્ક ઉત્તરોત્તર ગાઢ થતો ગયો. એ સંપર્કથી જૈનધર્મના સંસ્કાર તેમનામાં આવતા ગયા. રાત્રિભોજન અને અભક્ષ્યનો તેમણે ત્યાગ કર્યો. સામાયિક, પ્રતિક્રમણ વગેરે ક્રિયાઓ ચાલુ કરી પોતાના અંતિમ દિવસોમાં રવિસાગરજી મહારાજે બહેચરદાસને પોતે જે રોજ ગણતા હતા તે નવકારવાળી પોતાની સ્મૃતિ તરીકે આપી અને આત્મસાધના કરવાની ભલામણ કરી. બહેચરદાસની ત્યારે ૨૩ વર્ષની ઉંમર હતી. તેઓ મહારાજની સેવાચાકરી કરતા. અવાજ એમનો બુલંદ હતો. તેઓ મહારાજશ્રીને ઉચ્ચ સ્વરે સ્તવન-સજ્ઝાય સંભળાવતા. જૈન સાધુઓનું જીવન જોઈ એમને સંયમનો રસ લાગ્યો હતો. એમણે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી. વિ. સં. ૧૯૫૪માં મહેસાણામાં રવિસાગરજી મહારાજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

વિ. સં. ૧૯૫૬માં ભયંકર દુકાળ પડ્યો. છપ્પનિયા દુકાળ તરીકે તે જાણીતો થયો. એ અરસામાં બહેચરદાસ જ્યારે અમદાવાદમાં હતા ત્યારે શેઠ નાથુભાઈનો પત્ર મળ્યો કે બહેચરદાસનાં માતા અને પિતા બંને પાંચેક દિવસના અંતરે અવસાન પામ્યાં છે. બહેચરદાસ તરત વિજાપુર આવ્યા. માતા-પિતાની ઉત્તરક્રિયા કરી. વૈરાગ્ય તરફ એમનું મન વધુ જતું હતું. વિ. સં. ૧૯૫૭માં એમણે રવિસાગરજીના શિષ્ય સુખસાગરજી મહારાજ પાસે જઈ પાલનપુરમાં ૨૭ વર્ષની યુવાન વયે દીક્ષા અંગીકાર કરી. બહેચરદાસ પટેલ હવે મુનિ બુદ્ધિસાગર બન્યા. મુનિ તરીકે આજીવન ખાદી પહેરવાનો તેમણે નિયમ લીધો. મુનિજીવનનું તેઓ ચુસ્તપણે પાલન કરવા લાગ્યા.

બુદ્ધિસાગર મહારાજ અત્યંત તેજસ્વી, શ્રદ્ધાવાન અને વિદ્યાવ્યાસંગી હતા. તેમણે ઝડપથી શાસ્ત્રાભ્યાસ ચાલુ કર્યો. જૈન અને અન્ય ધર્મના અનેક ગ્રન્થો તેઓ વાંચવા લાગ્યા. એમ કરતાં એમની તર્કશક્તિ, તારતમ્ય શક્તિ વિશેષ ખીલવા લાગી. દીક્ષા પછી પ્રથમ ચાતુર્માસ વિ. સં. ૧૯૫૭માં સૂરતમાં થયું. એ સમયે જૈન સાધુમાંથી ખ્રિસ્તી બની ગયેલા જયમલ્લ નામના ભાઈ ખ્રિસ્તી ધર્મનો બહુ પ્રચાર કરવા લાગ્યા હતા. ત્યારે તેની એકેએક દલીલોનો તર્કયુક્ત શાસ્ત્રીય ઉત્તર આપતો 'જૈનધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો' નામનો ગ્રન્થ બુદ્ધિસાગરજી મહારાજે લખ્યો. એમના એ પ્રથમ ગ્રન્થથી લેખક તરીકેની, વિચારક તરીકેની અને શાસ્ત્રજ્ઞ તરીકેની તેમની ઊંચી શક્તિનો પરિચય બધાને થયો. આ રીતે યુવાન સાધુ બુદ્ધિસાગરનો પ્રભાવ અનેક લોકો ઉપર પડવા લાગ્યો.

લેખનશક્તિ સાથે સાથે તેમની વ્યાખ્યાનની શક્તિ પણ ખીલવા લાગી. શિક્ષક તરીકે બોલવાનો મહાવરો તો હતો જ. તેમને સાંભળવા માટે જૈન-અજૈન ઘણા શ્રોતાઓ આવતા. બુદ્ધિસાગર મહારાજે પોતાના ગુરુ મહારાજ સાથે ત્યારપછી પાદરા, મહેસાણા, માણસા, વિજાપુર, અમદાવાદ વગેરે સ્થળે ચાતુર્માસ કર્યા. ઉત્તરોત્તર તેમની શક્તિ ઘણી વિકસતી જતી હતી. વિ. સં. ૧૯૬૯માં એમના ગુરુ સુખસાગરજી મહારાજ અમદાવાદમાં ઝવેરીવાડ, આંબલી પોળના ઉપાશ્રયે કાળધર્મ પામ્યા. હવે સમુદાયમાં પોતે સૌથી મોટા રહ્યા હતા. એટલે પેથાપુરમાં ત્યાંના સંઘે વિ. સં. ૧૯૭૦માં એમને આચાર્યની પદવી આપી, તેઓ બુદ્ધિસાગરસૂરિ થયા.

બુદ્ધિસાગર મહારાજ એકાવન વર્ષની નાની ઉંમરે વિજાપુરમાં સં. ૧૯૮૧માં કાળધર્મ પામ્યા હતા. દીક્ષાના ચોવીસ જેટલાં વર્ષ એમને મળ્યાં. એટલાં વર્ષ દરમિયાન એમણે જે કાર્ય કર્યું તે અજોડ છે. એમના સંપર્કમાં આવેલી કેટલીક વ્યક્તિઓ આજે પણ હયાત છે. એમની પાસેથી બુદ્ધિસાગર મહારાજના પ્રભાવશાળી વ્યક્તિત્વની અનેક યાદગાર વાતો સાંભળવા મળે છે.

ચોવીસ વર્ષના દીક્ષાપર્યાયમાં બુદ્ધિસાગર મહારાજે ૧૧૦ કરતાં વધુ ગ્રન્થોની રચના કરી, જેમાંથી ૧૦૮ જેટલા ગ્રન્થો એમની હયાતી દરમિયાન છપાઈ ગયા હતા. તેઓ પોતે કવિ હતા, સંશોધક હતા, વિવરણકાર હતા, અધ્યાત્મ યોગી હતા. 'કર્મયોગ', 'આનંદઘનજીનાં પદો,' 'પરમાત્મજ્યોતિ' 'પરમાત્મદર્શન,' 'તત્ત્વજ્ઞાન દીપિકા,' 'યોગદીપક,' 'અધ્યાત્મ શાંતિ,' 'ષડ્દ્રવ્ય વિચાર,' 'ધ્યાન વિચાર', 'તીર્થયાત્રાનું વિમાન,' 'શિષ્યોપનિષદ,' 'અધ્યાત્મ મહાવીર,' 'ભજનપદ સંગ્રહ' 'શ્રીમદ્ દેવચંદ્ર' (ભા. ૧ અને ૨) વગેરે તેમના અનેક ગ્રન્થો સુપ્રસિદ્ધ છે. સંસ્કૃત ભાષામાં એમણે 'મહાવીરગીતા' નામનો કાવ્યગ્રંથ લખ્યો છે જે કવિ, લેખક, ચિંતક તરીકેની તેમની વિશિષ્ટ કોટિની પ્રતિભાનો પરિચય કરાવે છે.

(અનુસંધાન પૃષ્ઠ ૬૦ ઉપર)

જૈન કથાસાહિત્ય : કથાનકોનું મૂળ

ડૉ. હસુ યાજ્ઞિક

(ગતાંકથી પૂર્ણ)

જૈનસ્રોતમાં કથાનકોનું મૂળ વૈદિક, બૌદ્ધ કે જૈનપરંપરામાં જોઇ શકાય. ઋષભદેવ, પાર્શ્વનાથ, નેમિનાથ અને મહાવીર સ્વામી આદિ તીર્થંકરોની જીવનવિષયક દૃંતકથાઓ, શારીરિક અને માનસિક યાતનાઓ, અહિંસા, કર્મવિપાક, સંસારસંબંધોની નાશ્વરતા ઇત્યાદિનાં કથાનકો, અગ્રસર ધર્મમુખ્ય સાધુસાધ્વીના જીવનસંદર્ભે પ્રગટેલાં ચરિત અને પ્રબંધો નિઃશંક જૈન પરંપરામાં જન્મેલી જૈનધારાની નિજી મૂડી છે. શેષ કથાનકોનાં મૂળ અન્ય પરંપરામાં જોઇ શકાય. ધર્મના કેટલાક મહત્ત્વના સિદ્ધાંતો પરત્વે બૌદ્ધ અને જૈન સમાન વલણ ધરાવે છે. આથી બન્ને ધર્મના પ્રાણભૂત અંશને સમાન અભિવ્યક્તિ આપતાં બૌદ્ધ ધર્મનાં પ્રચલિત કથાનકોને જૈનપરંપરામાં સ્વાભાવિક સ્થાન મળી ચૂક્યું છે. જાતક અને અવદાનસાહિત્યનાં આવાં કેટલાંક કથાનકો જૈનપરંપરામાં પણ નિરૂપાયાં છે. કેટલાંક કથાનકો બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન એ ત્રણે ધારામાં ભારતીય વાર્તાવિશ્વના સમાન ધનમાંથી પ્રાપ્ત થયેલાં છે. રાસાઓનો પણ મોટો ભાગ લોકપરંપરાની પ્રચલિત કથાઓમાંથી લેવાયો છે. ત્રણે ધારામાં પ્રાપ્ત થતાં હોય એવાં કથાનકોનો તુલનાત્મક અભ્યાસ ભારતીય કથાઓના મૂળ પર વિશેષ પ્રકાશ પાડી શકે. અન્ય ધારાનાં, સવિશેષ તો બ્રાહ્મણધારાનાં કથાનકો જૈનધારામાં પ્રવિષ્ટ થયાંનાં બે મુખ્ય કારણ સ્પષ્ટ છે : એક તો એ કે બ્રાહ્મણધારાની કેટલીક કથાઓ તો એટલી રસપ્રદ અને લોકહૃદયમાં સ્થાન પામી ચૂકેલી હતી કે, કેવળ કથાના આકર્ષક સાધને ધર્મપ્રચાર કરવા ઇચ્છતા યતિઓને સહેજે એ સ્વીકારવી પડે. બીજું એ કે, એક પક્ષે તે કથાનકો પોતાના ધર્મપંથનાં હતાં એવું પ્રસ્થાપિત કરી ધર્મપંથનું ગૌરવ વધારી શકાય. તો બીજે પક્ષે એ નાયકોના જીવનની ક્ષતિઓ અને ધર્મસિદ્ધાંતની અગ્રહસ્થતા દર્શાવી એ દ્વારા પોતાના ધર્મની મહત્તા પ્રગટ કરી શકાય. વાર્તાના સામર્થ્યપૂર્ણ માધ્યમે ધર્મનો ફેલાવો કરવાનું અને બ્રાહ્મણધારા જેટલો જ વિપુલ અને વૈવિધ્યયુક્ત કથાઓ સર્જવાનું જાણે યતિઓએ બીડું ઝડપ્યું હતું. બ્રાહ્મણધારા ઇશ્વરવાદી અને દેવી-દેવતાઓનો વિપુલ વર્ગ ધરાવતી હોઇ, અનેક પ્રકારનાં ચમત્કારપૂર્ણ સદ્‌ભુત-રસિક કથાનકો પીરસી શકી હતી. આ ખોટ પૂરી પાડવા જૈનધારા સ્વાભાવિક રીતે જ બ્રાહ્મણધારાના કથાસાહિત્યની હરોળમાં આવવા, ધર્મ અને ધર્મપ્રવર્તક પ્રત્યેનાં ભક્તિશ્રદ્ધા પ્રાપ્ત કરવા, પુરાણગ્રન્થ જેવી જ રચનાઓ પોતાની ધારામાં પુરાણ અને ચરિત કે ચરિતનામાભિધાને સંસ્કૃતમાં અને સવિશેષ તો અપભ્રંશમાં અવતાર પામી. લોકશ્રદ્ધા અને આકર્ષણ જન્માવવા સમર્થ હોય તેવી બધી જ ધાર્મિક અને ધર્મેતર વાર્તાઓ જૈનધારામાં સ્વીકાર પામી શકી. આ ઘટના ભારતીય કથાસાહિત્યમાં જૈન ધર્મની અવિસ્મરણીય સેવા તરીકે નોંધપાત્ર છે.

જૈનધારાનાં ચરિત, પ્રબંધ, રાસા વગેરે સંસ્કૃતપરંપરાનાં વીરચરિત મહાકાવ્ય, પુરાણ અને ગદ્યકથાની આનુષંગિક કડી જેવાં છે. સંસ્કૃત અને ગુજરાતી વચ્ચેની સેતુરૂપ મુખ્ય કડી ભાષાક્ષેત્રે જેમ અપભ્રંશ છે, તેમ સાહિત્યક્ષેત્રે પ્રાકૃત અને અપભ્રંશ છે. જૈનેતર પ્રાકૃત અને અપભ્રંશ લગભગ લુપ્ત છે, તેમ છતાં જૈનધારાનું સાહિત્ય એટલું સર્વાશ્લેષી અને વિપુલ છે કે, અન્ય લુપ્ત અંશની ખોટ પડી જાગતી નથી. કેવળ કથાસાહિત્યનો જ વિચાર કરીએ તો, જૈનધારામાં જે કંઇ ઉપલબ્ધ છે તે સર્વાંશનું જ પરિચાયક બની રહે એટલું વિપુલ અને વૈવિધ્યસભર છે.

કથાના વર્ગો

૧. પૌરાણિક –

ઉપલબ્ધ જૈન કથાસાહિત્યને પૌરાણિક, ચરિતાત્મક, લોકકથાત્મક અને સંગ્રહરૂપ એમ ચાર વર્ગમાં વહેંચી શકાય. સામાન્ય જનતાનાં શ્રદ્ધા અને આકર્ષણને પ્રાપ્ત કરવા જૈન ધર્મના સાહિત્યમાં બ્રાહ્મણધારાના પુરાણગ્રંથોની પરંપરા જેવા ધર્મખ્યાત પાત્રોના કથાગ્રંથો રચાયા છે. આદિનાથ, નેમિનાથ, ઋષભદેવ અને મહાવીર આદિ તીર્થંકરોના જીવનને સ્પર્શતા કથાગ્રન્થોને પૌરાણિક કથાવસ્તુના વર્ગમાં મૂકી શકીએ. રામકથા અને કૃષ્ણકથા જેવી બ્રાહ્મણધારાની પરંપરામાં ઉદ્‌ભવેલી જૈન પૌરાણિક કથાઓ પણ પ્રસ્તુત વર્ગમાં સમાવેશ પામે છે. રામકથાનો જૈનાવતાર મહાવીરના મૃત્યુ પછી ૩૩૦ વર્ષે વિમલસૂરિરચિત 'પદ્મચરિત'માં થયો છે. પ્રાકૃત ભાષામાં ૧૧૮ સર્ગનું પૂર ધરાવતી આર્ય છંદમાં રચાયેલી આ લાંબી રચના છે. રામકથાનું દેવકથાત્મક-Mythological-માળખું તો અહીં મૂળ બ્રાહ્મણધારાનું જ જળવાયું છે. ભેદ માત્ર નામકરણ અને અર્થદર્શન પરત્વે રહ્યો છે. વાનરને બદલે અહીં વિદ્યાધરો છે. શિવધનુષ્યનો સંદર્ભ બદલાયો છે. મહાવીરની સૂચનાથી પટ્ટશિષ્ય ગોયમે રાજા શ્રેણીયને આ કથા કહી, એમ દર્શાવાયું છે. જૈનપરંપરા દર્શાવતી આ છાંટ બાદ્ય છે, કથાનકનું આંતરિક માળખું તો એક કથાના રૂપમાં મૂળ ધારાનું જ રહ્યું છે. આમ રામકથા જૈનધારામાં સ્વતન્ત્ર ઘડતર અને વિકાસ પામેલી જણાતી નથી. આથી ઊલટું કૃષ્ણકથાનું છે. તે કથામાં સ્વતન્ત્ર અને મૌલિક ગણાય એવો ઘડતરવિકાસ જોઇ શકાય છે. ઇ. સ. ૬૭૮માં રવિષેણે સંસ્કૃતમાં રચેલી ત્રણ પદ્મપુરાણની રચનામાં પણ રામકથાનું માળખું બદલાતું નથી. અનુગામી ઉત્તરપુરાણ તથા ત્રિષષ્ટિશલાકાપુરુષના સાતમાં પર્વમાં પદ્યમાં તો દેવવિજયગણિ દ્વારા ગદ્યમાં રામચરિત ગવાયું છે. રામકથાનું આ અવતરણ અપભ્રંશરાસાઓ સુધા વિસ્તરેલું છે.

આવું બીજું, બ્રાહ્મણધારાના મહાભારતનાં કથાનકોનું અવતરણ જૈનધારામાં થયું છે ઇ. સ.-૭૮૩માં જિનસેને હરિવંશપુરાણ રચ્યું. આ સમગ્ર કથા મહાવીરના મુખ્ય શિષ્ય ગૌતમના મુખમાં રજૂ થઇ છે. આરંભમાં કહેવાતી ઋષભદેવની કથાને કૃષ્ણના ભત્રીજા નેમિનાથ સાથે સાંકળી મહાભારતના પાંડવોનું કથાવસ્તુ ચૂંથી લેવાયું છે. કૌરવ તથા કર્ણ અહીં જૈનધર્મ અંગીકાર કરતા દર્શાવાયા છે. અંતે તો પાંડવો પણ જૈન બની નિર્વાણ પામે છે. ઇ. સ.-૧૨૦૦ આસપાસ રચાયેલું દેવપ્રભસૂરિ કૃત ૧૮ સર્ગવાળું 'પાંડવચરિત્ર' ૧૫મી સદીનું ૩૯ સર્ગ ધરાવતું સકલકીર્તિરચિત 'હરિવંશ,' વાદિચંદ્રકૃત 'પાંડવપુરાણ' ઇ. સ.-૧૫૫૧માં શુભચંદ્રે લખેલું 'જૈન મહાભારત' તથા અન્ય અપભ્રંશસાહિત્યમાં નિરૂપાતી મહાભારતની કથાવસ્તુ ધરાવતી રચનાઓ પણ પૌરાણિક કથાવર્ગની ગણી શકાય.

૨. ચરિતાત્મક –

સંસ્કૃતધારાનાં પુરાણ અને મહાકાવ્યની પરંપરાના વિપુલ પ્રવાહથી ઉછરેલા જૈનધારાના ચરિય કે ચરિત્ર નામાભિધાન પામતા કથાગ્રન્થોમાં ધર્મખ્યાત પુરુષોના જીવનની ઐતિહાસિક તથા અનુશ્રુત્યાત્મક હકીકતો નિરૂપાઈ છે. કથાવસ્તુની દૃષ્ટિએ કથાગ્રન્થોનો આ વર્ગ ચરિતાત્મકએવી સંજ્ઞા વડે ઓળખાવી શકાય. ચૌરાણીકરૂપે જેમ વિવિધ તીર્થંકરોના જીવનનું કથાત્મક નિરૂપણ થયું છે, તેમ વિજ્ઞાપ્તિવતી, સુકુમાલ, પ્રદ્યુમ્ન, જિનદત્ત, આદ્રકુમાર, નાગકુમાર, સુલોચના ઇત્યાદિ ધર્મખ્યાત પાત્રોના ચરિત્રાત્મક અંશોનું પણ કથા તરીકે આલેખન થયું છે. આ પ્રકારનાં સંધિબદ્ધ કથાકાવ્યો મધ્યકાલીન ગુજરાતી કથાઓના પૂર્વજો છે. આ કથાનકો રાસાઓમાં ઊતરી આવ્યાં. અપભ્રંશ રાસાઓ મધ્યકાલીન ગુજરાતી કથાઓની નજીકમાં નજીકની કડી છે.

૩. લોકકથાત્મક–

રાસામાં નિરૂપાતાં ચરિત્રોમાં કથારસની માત્રા તીવ્ર બનાવે તેવાં લોકકથાનાં આકર્ષક અંગો જૈનધારામાં લગભગ સર્વાંશે સ્વીકૃત બન્યાં છે. આથી રાસાઓનાં કથાવસ્તુનો વિપુલરાશિ લોકકથાત્મક વર્ગનો છે. અદ્‌ભુતરસિક અને પ્રેમકથાત્મક અંશો ધર્મના સંસ્કાર પામી આલેખાયા છે. લુપ્ત થયેલી મૂળ પ્રાકૃતમાં લખાયેલી પાદલિપ્તકૃત 'તરંગલીલા' તથા સંસ્કૃતમાં લખાયેલી 'તરંગવતી', હરિભદ્રે ગદ્યમાં લખેલી 'સમરાઇચ્ચકહા' ઇત્યાદિ સર્વાંશે લોક–કથાત્મક કથાવસ્તુ ધરાવતી આ પ્રકારની રચનાઓ છે. પ્રેમ, શૌર્ય અને અદ્‌ભુત ચમત્કારવાળાં મધ્યમકદનાં કથા તરીકે લોકોનાં હૈયાંને વશ કરી ચૂકેલાં કથાનકોના ઉત્કટ આકર્ષણને ધ્યાનમાં લઈને જૈન યતિઓએ આ પ્રકારને પોતાની રચનાઓમાં સવિશેષ પ્રમાણમાં સમાવિષ્ટ કર્યો છે. આથી મધ્ય-કાલીન લોકકથાને આજ પર્યંત સુરક્ષિત રહી શકવાનો પરોક્ષ લાભ મળતો રહ્યો. આ કથાઓમાંથી ધર્મનો પુટ દૂર કરવાનું કાર્ય અત્યંત સરળ છે. મોક્ષ કે દીક્ષામાં પરિણમતા વૈરાગ્યમૂલક અંતને અન્યથા કલ્પવાથી જ લોકકથા તરીકેનું એનું મૂળભૂત સ્વરૂપ ઊપસી આવે છે. મધ્યકાલીન પદ્યકથાનાં વિષયવસ્તુ અને સ્વરૂપને ઘડવામાં આ પ્રકારની જૈન રચનાઓનો ઘણો મોટો ફાળો છે.

૪. સંગ્રહરૂપ–

જૈનધારાના કથાસાહિત્યનો ચોથો વર્ગ તે કથાકોષ નામે જાણીતો, ટૂંકા અને મધ્યમ કદનાં વિવિધ કથાનકોનાં સંગ્રહરૂપ સંપાદનગ્રન્થોનો, સંસ્કૃતધારાના બૃહત્કથાકુળના ગ્રન્થો સામે હોડમાં ઊતરી શકે એટલો સમૃદ્ધ આ વર્ગ છે. આ પ્રકારમાં સંગ્રહ પામેલાં અસંખ્ય નાનામોટાં કથાનકો આપણા પ્રાચીન અને મધ્યકાલીન કથાસાહિત્યનું બહુમૂલ્ય ધન છે. જૈનધારામાં છેક આગમ, નિર્યુક્તિ, પર્યુષણાકલ્પ અને આરાધનાદિથી સંપાદિત કથાનકોનાં ઝુમખાં મળી આવે છે. ધર્મશાસ્ત્રાનુ-યોગે એ કથાનકો મુખ્યત્વે ઉપદેશાત્મક દૃષ્ટાંતરૂપે રહ્યાં છે. મૂળ ધર્મગ્રન્થમાં ક્યારેક માત્ર ઉલ્લેખરૂપ રહી જતાં કથાનકો ટીકાગ્રન્થમાં સંપૂર્ણરૂપે માંડીને કહેવામાં આવ્યાં છે. આવાં કથાનકો ગદ્ય કે પદ્ય તો ક્વચિત ગદ્ય-પદ્યના સંમિશ્રણરૂપે નિરૂપાતાં હોય છે. ઉપદેશના હેતુથી કહેવામાં આવતા વિવિધ કથાગુચ્છો 'કથાકોષ' એવી સંજ્ઞારૂપે પ્રાકૃત તેમજ સંસ્કૃતમાં મળે છે. કોઈ એક મુખ્ય સૂત્રરૂપ કથાનક સાથે વિવિધ અન્ય ટૂંકાં કથાનકો સાંકળી લેવામાં આવતાં હોય છે. અહીં મુખ્ય હેતુ ઉપદેશ આપવાનો હોવા છતાં વિવિધ પ્રકારની કથાઓની માળા બને છે. સ્વતંત્ર રચનારૂપે અસ્તિત્વ ધરાવતી કથાઓનું સંક્ષિપ્તરૂપ અહીં પ્રાપ્ત થાય છે. આથી કથાકોષ વિવિધ પ્રકારની કથાઓનો આછેરો આછેરો પરિચય આપતો પ્રતિનિધિરૂપ પ્રકાર છે. 'બૃહટ્ટિપ્પણિકા', 'જૈનગ્રન્થાવલિ', 'જિનરત્ન કોશ' ઇત્યાદિ બહુસંખ્ય રચનાઓ આ પ્રવાહમાં લખાયેલી છે.

વિષયવસ્તુની દૃષ્ટિએ પાડેલા ઉપર્યુક્ત ચાર વર્ગોમાં સમાવિષ્ટ થતા જૈનધારાના સમગ્ર વાર્તાધનને ધર્મકથા અને મનોરંજક કથા એમ બે વર્ગમાં તાત્ત્વિક રીતે વિભાજિત કરી શકાય. આ બંને વર્ગની કથાઓના અભ્યાસથી વાર્તાથી આપણને પ્રાચીન તેમ જ મધ્યકાળમાં શું અપેક્ષિત હતું, તેનો નિર્દેશ મળી રહે છે. એટલે કે, આવો અભ્યાસ, વાર્તાવિભાવનની દૃષ્ટિએ તેમ જ જૈનધારાના કથાનકોના અભ્યાસની દૃષ્ટિએ મહત્ત્વની બની રહે છે.

૫. ધર્મકથા –

ધર્મસિદ્ધાંતના દૃષ્ટાંતરૂપે કે ધર્મનાં વ્રત, સ્થળ કે વ્યક્તિનું માહાત્મ્ય દર્શાવવાના હેતુથી જે કથાઓ નિરૂપાઈ તેમાં કેટલીક મૂળભૂત ધર્મકથાઓ છે, તો કેટલીક મૂળભૂત મનોરંજક લોક-કથાઓ પણ છે. ધર્મસિદ્ધાંતની તત્ત્વચર્ચામાં સામાન્ય માણસને રસ અને સમજ ન પડે તેથી, લૌકિક વિશ્વની મનોરંજકકથાઓ દ્વારા ધર્મતત્ત્વને પ્રગટ કરવાનો ઉપક્રમ તો ભારતવ્યાપી અને વિશ્વવ્યાપી છે. વ્યવહાર, નીતિ અને ધર્મના જ્ઞાનને સર્વગમ્ય અને રસપ્રદ બનાવવામાં વાર્તા મુખ્ય સાધન છે. 'વસુદેવ હિંડી'માં ધર્મસેનગણિએ ગ્રન્થારંભમાં : 'ણરવાહણદત્તાદીણં કહાઓ કામિયાઓ લોગો ણુગંતેણં કામકહાસુ રજ્જતિ' એમ જણાવીને 'કામકહા રત્ત હિ તયરસ જણસ સિંગાર કહાવવએસેણ ધમ્મં એવ પરિકહેમિ' કહ્યું છે. અર્થાત્ કામકથામાં લોકો રસ લેતા હોવાથી શૃંગારકથાના વ્યપદેશથી પોતે ધર્મકથા કહે છે, એમ સ્પષ્ટ જણાવ્યું છે, આથી જેને આપણે શુદ્ધ ધર્મકથાના વર્ગની ગણીએ તેમાં પણ એક કે બીજા રૂપમાં લોકરંજક કથાઓ તો રહેલી જ હોય છે. ધર્મમાહાત્મ્યની કથાઓને ડો. સત્યેન્દ્ર (૯) વ્રતકથા, તીર્થ માહાત્મ્યકથા અને અન્ય એમ ત્રણ વર્ગમાં વિભાજિત કરે છે. આ ત્રિવર્ગમાં પણ મનોરંજક કથાના કુળની ન હોય અને શુદ્ધ ધર્મપ્રવાહમાં જ ઉદ્‌ભવ અને પોષણ પામી હોય એવી કથાઓની સંખ્યા અત્યલ્પ હોવાની, છેક વેદકાળથી લોકકથાઓ જ ધર્મકથાઓના પરિવેશમાં આવી છે. ધર્મકથાઓ આમ મોટે ભાગે મનોરંજક લોકકથાઓ હોવા છતાં ધર્મકથાના વર્ગને તાત્ત્વિક રીતે ભિન્ન વર્ગની ગણવાનું કારણ એ છે કે, ધર્મમાં પ્રવેશતાં લોકકથાને નવું અને ભિન્ન એવું રૂપ મળે છે. જૈન-ધારામાં લોકરંજક કથાઓનો ધર્મકથા તરીકે વિનિયોગ થયો છે, એની પાછળ મુખ્ય હેતુઓ ૧. પોતાના ધર્મની શક્તિ, સંપૂર્ણતા અને મહત્તા પ્રસ્થાપિત કરવી. ૨. ધર્મનું સ્વરૂપ સ્પષ્ટ કરવું અને ૩. ધર્મ પ્રત્યેની શ્રદ્ધા દૃઢ કરવી એ છે. પ્રથમ હેતુને સિદ્ધ કરવા માટે જૈનધર્મમાં વિપુલ સંખ્યામાં ચરિતગ્રન્થો રચાયા અને બીજા હેતુની સિદ્ધિ માટે આગમમાં પણ કથાનકો સંગ્રહાયાં. આ બે હેતુ માટે આવતાં કથાનકોનો મોટો ભાગ ધર્મમૂળમાંથી જ પોષાતાં કથાનકોનો છે, પરંતુ ત્રીજા હેતુની સિદ્ધિમાં અન્ય પ્રવાહનાં કથાનકો સમાવિષ્ટ થયાં છે.

મનોરંજક લોકકથામાંથી અન્ય સંપ્રદાય કે પ્રવાહમાંથી જૈનધારામાં અનેક સ્વરૂપ અને પ્રકારનાં કથાનકો સમાવિષ્ટ

(૯) મધ્ય યુગીન હિંદી સાહિત્ય का लोकतात्त्विक अध्ययन. પૃ.–૧૮૫

થયા. પરંતુ તેમ છતાં પ્રત્યેકમાં એ ધારાની નિજી મુદ્રા અંકિત થયેલી છે. જ્યારે કોઇ એક વિશિષ્ટ વિચારસરણી અને જીવન-ભાવનાથી વિષયવસ્તુની પસંદગી અને નિરૂપણ થતાં હોય છે ત્યારે તેના સમગ્ર સંપાદનરાશિમાં સ્વકીય ગણી શકાય એવી લાક્ષણિકતા સ્વયમેવ પ્રગટે છે. જૈનધારાના કથાસાહિત્યમાંથી પણ આવી કેટલીક લાક્ષણિકતા આ પ્રકારની છે

(૧) જન્મજન્માંતરનાં કથાનકો :-

કર્મને પ્રાધાન્ય આપતા આ ધર્મના કથાસાહિત્યમાં કર્મ-વિપાકનાં ચટપટાં પરિણામો દર્શાવી એ દ્વારા કથાને મનોરંજક અને ચમત્કારભરી બનાવવા સાથે ધર્મસિદ્ધાંત દૃઢભૂત થાય એ માટે પાત્રના એક ભવની ઘટનાની સાથે ગત અનેક ભવની કથની સાંકળીને ભવોભવની કથાઓ આપી છે. અન્ય ધારાઓમાં જન્મ-જન્માન્તરનાં કથાનકોનું પ્રમાણ ઓછું નથી. 'સદેવંત સાવલિ ગા' જેવી શુદ્ધ મનોરંજક લોકકથામાં પણ જે ભવોભવનાં કથાનકો સંકળાયાં તેનું કારણ જૈનધારાની મધ્યકાલીન સામાન્ય સાહિત્યધારા પર પડેલી અસર છે.

(૨) વિપુલસંખ્ય લોકકથાઓ :-

બ્રાહ્મણધારા કરતાં બૌદ્ધ અને જૈનધારામાં જનસામાન્યમાં વિહરતી લોકકથાઓની સામગ્રીનો ઉપયોગ વિપુલ પ્રમાણમાં થયો છે. વિશ્વનિયંતા ઇશ્વરની કલ્પનાનો સ્વીકાર કરતી બ્રાહ્મણધારાના કથાસાહિત્યમાં દેવી-દેવતાઓની વિપુલસંખ્ય વાર્તાઓ છે કર્મને પ્રાધાન્ય આપતી જૈનધારામાં આ પ્રકારનાં પાત્રોની સૃષ્ટિ સંગત ન હોઇ, દેવી-દેવતાઓ, ઋષિઓ અને રાજવીઓને બદલે શ્રેષ્ઠીઓ અને જનસામાન્યવર્ગનાં પાત્રોની વાર્તાઓને ધર્મસાહિત્યમાં સ્થાન આપ્યું. જૈનધારાએ લોકભાષાને સ્થાન આપ્યું તેમ લોકસૃષ્ટિને પણ અગત્યનું સ્થાન આપ્યું. દેવતા, કિન્નર, અપ્સરા, ગન્ધર્વ, વિદ્યાધર, શ્રેષ્ઠી વગેરેની સાથે સમાજના નિમ્નસ્તરના લોકો, ચોર, લૂંટારા, વ્યંતર, રાક્ષસ ઇત્યાદિને પણ સ્થાન મળ્યું. લોકરંજક કથાનાં પ્રેમ, શૃંગાર, સાહસ, શૌર્ય, તિલસ્માતી ઘટનાઓ પણ આ કારણે જૈનધારાના કથાસાહિત્યમાં સ્થાન પામે છે.

(૩) સંસારની અસારતા :-

વિષયવાસના તેમ જ સંસારી સંબંધો પરત્વે વૈરાગ્ય જગાડે એવાં કથાનકો આ ધારાની ત્રીજી લાક્ષણિકતા છે. સંસારી રસ અને સંબંધની ક્ષણિકતા અને અસારતા વિશે બોધવચનો કહેવાને બદલે જૈન આચાર્યોએ વાર્તાના સામર્થ્યનો ઉપયોગ કરી સંસાર અને વિષયવાસના પ્રત્યે જુગુપ્સા જગે ને વૈરાગ્યભાવના દૃઢ થાય એવાં કથાનકો આપવાનો મનોવૈજ્ઞાનિક માર્ગ અપનાવ્યો છે. કુબેરદત્ત અને કુબેરદત્તાની જાણીતી કથા દ્વારા માતા, પિતા, ભાઇ, બહેન, પુત્ર, પતિ, પત્નીના સંસારી સંબંધો કેવા અસ્થાયી, ભ્રામક અને પરિસ્થિતિજન્ય છે, તે દર્શાવ્યું છે. યુકરસેના અને કુબેરદત્તથી થયેલું સંતાન સાધ્વી બનેલી કુબેરદત્તાનો સંસારી સંબંધે ભાઇ, દિયર, પુત્ર, કાકા અને ભત્રીજો છે: કુબેરદત્ત એનો ભાઇ, પતિ, પિતા, પિતામહ, સસરો અને પુત્ર સુદ્ધાં છે: સંસારસંબંધની નશ્વર-તાનું આટલું ધારદાર નિરૂપણ વિશ્વવાઙ્મયમાં અન્યત્ર છે: આ રીતે વમન કરીને ખાધેલા દૂધપાકનો સ્વાદ ફરીથી લેવા ઇચ્છતા બ્રાહ્મણમહના દૃષ્ટાંત દ્વારા વસુદેવ હિંડીમાં (૯) ભવદેવનો વૈરાગ્ય દૃઢાવવાનો પ્રયત્ન થયો છે, તે પણ આ સંદર્ભનું નોંધપાત્ર ઉદાહરણ છે.

(૪) રૂપકગ્રન્થિ કથાનકો :-

ધર્માર્થ કથાઓમાં દૃષ્ટાંત તરીકે મોટે ભાગે એક રફેટવાળા ટુચકાનો ઉપયોગ થતો હોય છે. ક્વચિત બ્રાહ્મણકથા પરીકથા કે પશુકથાનો પણ દૃષ્ટાંતકથામાં ઉપયોગ થાય છે. આ પ્રકારનાં કથાનકોમાં વસ્તુજન્ય, ઘટનામૂલક વિસ્મયમાંથી સ્ફુરતો ચમત્કારનો અંશ મુખ્ય હોય છે. પરંતુ જૈનધારાનાં કેટલાંક એવાં પણ કથાનકો છે, જેમાં દેખીતી રીતે કોઇ ઘટનાજન્ય ચમત્કાર હોતો નથી રૂપકગ્રન્થિય કથાનકો આ પ્રકારનાં છે સિદ્ધાંતાનુરૂપ સંદર્ભ જ આ પ્રકારમાં સૂક્ષ્મ ચમત્કારનો અંશ બને છે, કથા-સરિત્સાગરના ભ્રમરમાલાના કુળનાં આવાં કથાનકોમાં જૈનધારામાં 'ણાયધમ્મકહાઓ'માં આવતું સાધુ અને પદ્મનું બે કાચબા, પાણી, ઘોડાઓ એ ચાર દૃષ્ટાંતો કે 'વસુદેવ હિંડી'માં (૧૦) આવતાં મધુબિન્દુ (૧૧) ગર્ભવાસના દુઃખ વિશે લલિતાંગનું દૃષ્ટાંત (૧૨) કે નીલયશા લંબકમાં આવતું કાગડાનું દૃષ્ટાંત (૧૩) આનાં સુંદર ઉદાહરણો છે.

આ પ્રકારનાં જૈનધારાનાં કથાનકોમાં વસ્તુજન્ય ચમત્કાર અને સંદર્ભજન્ય સૂક્ષ્મ ચમત્કાર બને છે. બ્રાહ્મણધારામાં ઉપનિષદ અને વેદાંતની દૃષ્ટાંતકથાઓમાં આ પ્રકાર જોવા મળે છે.

(૫) સ્ત્રીચરિત્ર :-

સંસારની અસારતા અને વૈરાગ્યની સ્થાપનાને કારણે જૈનધારામાં પ્રાકૃત અને જૂની ગુજરાતીમાં લોકરંજક કથાઓમાં સ્ત્રીચરિત્રની કથાઓને વિશેષ સ્થાન મળ્યું છે. જોકે હકીકતે તો આ પ્રકારનાં કથાનકો એમાં રહેલી યુક્તિને કારણે જ વિશેષ રસપ્રદ બનતાં હોઇ, પ્રયોજાયાં છે. જે યુક્તિથી સ્ત્રી શિથિલચારિત્ર્યમાં બચી શકે છે, એ જ યુક્તિથી શિયળને રક્ષતી પણ જૈનધારાની શીલવતી જેવી કથા જોઇ શકાય છે.

આમ પ્રાચીન અને મધ્યકાલીન સાહિત્યનું સુંદર, સર્વા-સ્પર્શી અને સંપૂર્ણરૂપ જૈનધારાની કથાઓમાં જળવાયું છે. ભાષા અને પ્રજાનાં સ્થિત્યંતરો વહેતા કાળની સાથે લુપ્ત થતાં હોય છે. જગતમાં સંસ્કૃતિનો આદિ યુગ આરંભાયો ત્યારથી શરૂ કરીને આજસુધીમાં જે કંઇ ઘટનાઓ ઘટી તે કાળના પ્રવાહમાં વિલુપ્ત બની છે. પરંતુ એનો કથાત્મક ઇતિહાસ જૈનધર્મમાં, ધર્મસાહિત્યના પોષણ અને સંરક્ષણની પ્રાચીન તમ પરંપરા હોઇ, આજસુધી અક્ષત અને અક્ષર રહ્યો છે. વિશ્વ સમગ્રની માનવકુલની વિકાસયાત્રાનાં પદચિહ્નો સંસ્કૃત-સભ્ય માણસની કથાવાર્તામાં જળવાયાં છે, એથી ભારતનું પ્રાચીનતમ કથાસાહિત્ય અમૂલ્ય દાન મનાય છે. પરંતુ પ્રાચીન અને મધ્યકાળમાં પણ જે કાળાપ્રવાહમાં અને અંધાધૂંધ તેનો ઘણો મોટો અંશ જૈનધારામાં જળવાયો છે. આથી જૈનકથાસાહિત્ય કોઇ ધર્મ, વાદ કે સંપ્રદાયનું જ નહીં, સમગ્ર સંસ્કૃત માનવ-સમાજની અમૂલ્ય મૂડી છે. આ સ્ત્રોતના કથાસાહિત્યમાંથી ધર્મ અને માત્ર કથાતત્ત્વના સ્થૂલઅંશો પાર કરીને એમાં ધબકતા સભ્યતા, સંસ્કૃતિના માનવઇતિહાસને જોવાની, પામવાની દૃષ્ટિ છે એને માટે તો આ કથાસાહિત્ય, આટલા અમથા જીવનમાં સંપૂર્ણ જાણી-માણી-પામી ન શકાય એવી અગાધ અમૂલ્ય સંપત્તિ અને સામગ્રી છે.

(૧૦) વસુદેવ હિંડી, સાંડેસરા, પૃ-૧૮
(૧૧) વસુદેવ હિંડી, ડો. સાંડેસરા, પૃ.-૧૦.
(૧૨) વસુદેવ હિંડી, ડો. સાંડેસરા, પૃ-૧૩.
(૧૩) વસુદેવ હિંડી, ડો. સાંડેસરા, પૃ-૨૧૮.

(શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે 'મધ્યકાલીન ગુજરાતી જૈનસાહિત્ય' વિષે યોજાયેલા પરિસંવાદમાં રજૂ થયેલ નિબંધ).

મારા અનુભવો : ભારતીય પ્રજાની ખુમારી, દુર્બળતા અને મર્યાદાનો આલેખ

● સ્વામી અક્ષરાનંદ સરસ્વતી

આત્મકથા લખનારે વિચારોમાં પારદર્શકતા, આત્મ-નિરીક્ષણ, ભૂલસ્વીકાર અને સુધારવાની તત્પરતાનું તપ આચરવું પડે છે. 'સત્યના પ્રયોગો'માં ગાંધીજીએ આવું તપ આદર્યું હતું.

ગૃહત્યાગ કર્યા પછી થયેલા અનુભવોને સ્વામી સચ્ચિદાનંદ-જીએ શબ્દસ્થ કર્યા છે. 'મારા અનુભવો'માં એમને દેશાટન દરમિયાન થયેલા અનુભવોના આધારે એમણે ભારતીય પ્રજાની દુર્બળતા અને મર્યાદાનું ભાન કરાવ્યું છે. તો કયાંક એ અંગે આક્રોશ અને રોષ ઠાલવ્યો છે. કયાંક એ પોતાના અનુભવ પર આધારિત, મર્યાદિત દર્શન હોઈ, એમનું કથન એકાંગી કે અસ્પષ્ટ રહ્યું હોવાનો સંભવ છે, તો કયાંક એમણે દીઠેલી વાસ્તવિકતા સાથે જ નિસ્બત હોઈ, એમના વિચારોમાં કે અર્થઘટનમાં તર્કદોષ હોવાનો કે સનાતન સત્યોથી જુદા પડતા હોવાનો સંભવ જણાય છે.

જીવનમાં એક તરફ ભાવના અને બીજી તરફ વૈજ્ઞાનિક અભિગમ હોવો જોઈએ. વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા એમને આશ્રમ વ્યવસ્થા ગળે ઊતરતી નથી. એમણે પુસ્તકની ભૂમિકામાં લખ્યું છે: 'પચ્ચે તેર વર્ષે કોઈ વૃદ્ધ સંન્યાસ ગ્રહણ કરે એ વાત જ હાસ્યાસ્પદ છે. જ્યારે તેનું શરીર રોગોથી તથા દુર્બળતાથી ખખડી ગયું હોય, તેને સેવા-સુશ્રુષા ની તથા લાગણીઓની જરૂર હોય, પથારીપૂણું આહારની જરૂર હોય, ઠંડી-ગરમી-વરસાદથી રક્ષણની જરૂર હોય ત્યારે તે વૃદ્ધને ગૃહત્યાગ કરાવી, ગામ બહાર વૃક્ષ નીચે રહેવું તથા પાંચ ઘરની ભિક્ષા લાવી, પાણીમાં બોળીને એક વખત ખાવું, કોઈ પચ્ચ સ્થળે ત્રણ દિવસથી વધુ ન રહેવું વગેરે કઠોર નિયમો સાથે જીવનનાં પાછલાં વર્ષો વીતાવવા કહેવું તે વ્યાવહારિક તો નથી જ, માનવીય પણ નથી.' (પૃષ્ઠ-૧૧)

આ વાત આગળ લંબાવતાં તેઓ કહે છે: 'બીજી તરફ બાલ્યાવસ્થા કે યુવાવસ્થામાં સાધુ થઈ જવાનું કે કરી દેવાનું પણ કલ્યાણકારી નથી. આમાં થોડા માણસો અપવાદ હોઈ શકે કેટલાક મહાન વિભૂતિઓ થઈ શકયા હોય તેની પણ ના નહિ.' પોતાના સ્વાનુભવની વાત કરતાં તેઓ નિખાલસતાથી ઉમેરે છે: 'જો મેં ગૃહત્યાગ ન કર્યો હોત તો હું આજે જે છું તે ન થઈ શકયો હોત. આટલી સ્વીકૃતિ પછી પણ મારા અને બીજા અનેકના અનુભવોથી કહી શકું છું કે આ કુદરતી માર્ગ નથી. નાનાં બાળકો કે ભોળા યુવાનોને વૈરાગ્યનો નશો ચડાવીને આ માર્ગે વાળી તો શકાય છે, પણ પાર પાડવાનું કામ સરળ નહિ, અત્યંત કઠિન બની જાય છે.' આમ જોઈએ તો એમના વિચારો સંન્યાસાશ્રમની વિરુદ્ધના જણાય. પરંતુ તેઓ કહે છે: 'પોતાનાં બાળકોને સાધુ ના બનાવશો. સજ્જન બનાવજો. આટલું કરો તો ઘણું છે.' આમ કહી આગળ ચાલતાં તેઓ ઉમેરે છે: 'આટલું કહ્યા પછી પણ બધા જ માણસોએ સંસારી જ થઈ જવું તેવો મારો દુરાગ્રહ પણ નથી. શારીરિક, માનસિક અને આર્થિક રીતે અક્ષમ હોય તેવા માણસો માટે તે દુઃખનું ક્ષેત્ર થઈ શકે છે. તેમણે બચવું જોઈએ. જેમ આંખ મીંચીને ઉતાવળે ઉતાવળે સાધુ થવાથી બચવું જોઈએ તેમ આંખ મીંચીને ઉતાવળે ઉતાવળે સંસારી થવાથી પણ બચવું જોઈએ.' (પૃષ્ઠ-૧૨)

સ્વામી સચ્ચિદાનંદના આ વિચારો પર શાંત ચિત્તે વિચાર કરીએ તો અયોગ્ય અવસ્થાએ સંસારીએ દીક્ષિત થવાનું કે સંસારીને દીક્ષિત કરવાનું ટાળવું જોઈએ એવું એમનું કહેવાનું હોઈ શકે એમણે છેલ્લા પરિચ્છેદમાં 'અક્ષમ' હોય એવા માણસો માટે સંસાર દુઃખનું ક્ષેત્ર થઈ શકે છે. તેમણે બચવું જોઈએ, એમ જે કહ્યું છે એથી એનો ભાવાર્થ નીકળવાનો સંભવ ખરો કે શારીરિક, માનસિક અને આર્થિક રીતે અક્ષમ માણસો માટે સંસાર દુઃખનું ક્ષેત્ર છે તેનાથી તેમણે બચવું જોઈએ. મતલબ કે સંન્યાસ ગ્રહણ કરવો જોઈએ? સ્વામીજીના આ વિચારો સાથે સંમત થવું મુશ્કેલ છે. હિન્દુ ધર્મના સન્યાસાશ્રમ કે સાધુ ધર્મના આદર્શોનો એથી છેદ જ ઊડી જાય છે કારણ કે એમણે બાલ્યાવસ્થા, યુવાવસ્થા કે વૃદ્ધાશ્રમમાં સંન્યાસ લેવાનું બિનજરૂરી કે અકુદરતી લેખાવ્યું છે.

ગૃહત્યાગથી શરૂ થયેલી એમની અનુભવયાત્રાની અનુભૂતિ થાય એવી કેટલીક ક્ષણો આ પુસ્તકમાં ભારોભાર પડી છે. વૈરાગ્યની ઉત્કટ ક્ષણે, ગૃહત્યાગ પહેલાંના તેર દિવસ તેઓ પૂરું જમી શકયા ન હતા એમણે આ માટે તારવ્યું આપ્યું છે: 'ચિંતા તથા ભયમાં જેમ માણસનો ખોરાક ઘટી જાય તેમ હર્ષની તાનાવેલીમાં પણ ખોરાક ઘટી જાય છે.' એમના ગૃહત્યાગમાં ચાર વખત જમવાની ટેવ અડચણરૂપ હતી. એ ટેવે તેઓ વારંવાર ઢીલા પડયા હતા. દિનપ્રતિદિન વૈરાગ્યનું જોર વધતું ગયું અને દૃઢ નિશ્ચય સાથે તેઓ સાધુ માર્ગે જવા આગળ વધ્યા. આ પરિસ્થિતિનું એમણે વેધક અવલોકન કરતાં કહ્યું છે: 'કોઈ પકી ધૂની વિના સાહસ નથી કરી શકાતું અને ધૂની માણસને લોકો ડાહ્યો નથી માનતા. જો કે આવા ધૂની માણસો જ કોઈવાર મહાન કાર્ય કરી શકતા હોય છે. બહુ ફૂંકી ફૂંકીને પગલાં ભરનારા બહુ બહુ તો સારી રીતે ઘરબાર-પેઢીઓ સાચવનારા નહિ.'

સ્ટેશન પર પરિચિત વ્યકિત ટિકિટબારી પર ઊભી હતી. તેઓ ત્યાંથી ખસતાં જ ન હતા. ઓળખાણ ટાળવા સ્વામીજીએ ટિકિટ લીધા વિના જ ગાડીમાં બેસી જવાનો નિર્ણય કર્યો એ અંગે એમણે નોંધ્યું છે કે આદર્શો પરિસ્થિતિ સાથે બાંધછોડ કરી લેતા હોય છે. જે આવી બાંધછોડ નથી કરતા તે કાં તો દેવ થઈને પૂજાય છે, કાં તો વેદિયા થઈને હાંસીને પાત્ર બને છે.' (પૃષ્ઠ ૭)

સૂત સ્ટેશને તેઓ ઊતર્યા દરવાજા પર ટિકિટ માગશે તો? એવા ભય સાથે તેઓ આગળ વધ્યા. એમના આશ્ચર્ય વચ્ચે ટિકિટ લેનાર અધિકારીએ ટિકિટ માગવાની જગ્યાએ એમને પ્રણામ કરી, થોડા બક્ષી જઈને જગ્યા કરી આપી. આ દેશમાં આજે પણ સાધુસંતો પ્રત્યે કેટલો ભાવ છે! આટલી ઘોર અવ્યવસ્થામાં પણ આવો ભાવ ટકી રહ્યો છે, એનું એમને આશ્ચર્ય થયું. (પૃષ્ઠ-૮) એવા એમના સ્વાભાવિક ઉદ્‌ગાર છે.

ભિક્ષુકોના પ્રશ્નની ચર્ચા કરતા એમણે એમાં પેસી ગયેલાં અનિષ્ટોની વાત કરતાં એમણે સહજ ઉદ્‌ગાર કાઢયો છે કે કેટલાક સશકત માણસો આ માર્ગે જીવી રહ્યા છે. ચીનાજોરી અને દાદાગીરી કરનાર પણ આમાં છે તો પણ એમના મનમાં આ લોકો પ્રત્યે આજે પણ લાગણી છે. ભિક્ષુકો ટુકડો

શ્રીમંતોને ત્યાંથી નહિ, પણ ગરીબોને ત્યાંથી તેમને મળતો હોય છે. સ્વામીજી તેમના પ્રત્યે સહાનુભૂતિથી કહે છે : 'તે કાંઈ દેવો નથી કે આપણે તેમની પાસે ઉત્તમ સ્વભાવ કે જીવનની અપેક્ષા રાખી શકીએ. તેમનામાં અનેક દોષો છે. દોષો તો આપણામાંય કયાં નથી? પણ દોષોનું ઢાંકણ પૈસો છે.' બાર કરોડ રૂપિયાની ગાયની ચરબી વેજિટેબલ ઘીમાં ભેળવી દેનાર શ્રીમંત, દેશનાં ગુપ્ત રહસ્યોને વિદેશીઓને વેચી મારનાર, લાંચ-રુશ્વત લઈને ભાલચોળ થયેલા અધિકારીઓ અને પરલોક સુધારી આપવાના ઇજારદાર ચાખડીઓળા કરતાં આ ખોટા નથી. બે અનિષ્ટોની તુલના કરી એક અનિષ્ટને ન્યાયમુકત ઠેરવવામાં તર્કસંગતતા નથી.

અમેરિકાના દૂરદર્શન પર મુલાકાત આપતા ભિક્ષુકો વિશે એમણે વેધક પ્રત્યુત્તર આપ્યો હતો: 'જો તમારો દેશ આજે તમામ પ્રકારની વેલફેર સહાય બંધ કરી દે તો કરોડો માણસો પગ ઘસીને મરી જાય. સામાજિક સહાયતાની જવાબદારી સરકારે લીધી હોવાથી બેકારી ભથ્થું કે વૃદ્ધાવસ્થાનું ભથ્થું કે અન્ય કોઈ ભથ્થું અહીં લોકો મેળવે છે ને લોકો જીવે છે. અમારે ત્યાં આવું કોઈ ભથ્થું નથી અપાતું છતાં લોકો જીવે છે કારણ કે ગરીબ પ્રજા પોતાના ટુકડામાંથી ટુકડો આપીને આ અભિશપ્ત હતભાગી પ્રજાને જીવાડે છે' (પૃષ્ઠ-૧૪)

એમને પરિભ્રમણ દરમિયાન થયેલા અનુભવો રસપ્રદ છે, એમ એ અનુભવો પર એમનું ચિંતન પણ એટલું જ રસપ્રદ છે. ટાપટીવેલી રેલવે જાઇન પરના એક સ્થળે એક બેડૂતને સવારના પહોરમાં સ્વામીજીનાં દર્શન થયાં એથી ભાવવિભોર થયો. એણે સાંઠડા ગજવામાં હાથ નાખી કાણાવાળો પૈસો કાઢયો અને અત્યંત ભાવથી કહ્યું : 'લ્યો આપજી કૂલ નહિ તો કૂલની પાંખડી.' સ્વામી સચ્ચિદાનંદ સંન્યાસી થયા એની પાછળ કંચન અને કામિનીના ત્યાગની ભૂમિકા હતી. એ દર્શાવતા એમણે સગર્વ કહ્યું: 'હું પૈસાને અડતો નથી.' પૈસાનો અસ્વીકાર કરવાથી પેલા બેડૂતની શ્રદ્ધા ખૂબ જ વધી ગઇ. આ દૃશ્યમાં ત્યાગનો કેટલો મહિમા છે એના પર ચિંતન કરતાં એમણે નોંધ્યું છે કે 'ત્યાગની પણ ખુમારી હોય છે, આવી ખુમારી ધીરે ધીરે અહંભાવમાં પણ બદલાઇ જતી હોય છે. કોઇ પણ ગુણ ઝટ દઇને દોષમાં રૂપાંતરિત થઇ જતાં વાર નથી કરતો. ઇશ્વરકૃપા હોય તો જ સભાનતા રહે, નહિ તો ગુણો પણ વ્યકિતને બેભાન બનાવી મૂકે.' (પૃષ્ઠ-૧૯).

માણસને પોતાની જ્ઞાતિ પ્રત્યે કેટલો રાગ હોય છે એનું એક સરસ ઉદાહરણ એમણે આપ્યું છે. પરિભ્રમણ દરમિયાન એક ગોસાંઇ જેવી અણઘડ કોમને ત્યાં જમવાની એમણે હા પાડી. તેની ગોરવાળીને નવાઇ લાગી. આપણી સમાજ વ્યવસ્થામાં નવા પરિચય કે સંબંધમાં જ્ઞાતિ કે જાતિની સ્પષ્ટતા અનિવાર્ય ગણાય છે. ગોસાંઇની પત્નીએ એમને પૂછયું: 'મહારાજ, તમારું દૂધ કયું?' સ્વામીજીએ પ્રત્યુત્તરમાં કહ્યું : 'તમારું.' આ શબ્દે ગોસાંઇ કુટુંબને અનહદ આનંદ આપ્યો. જો કે સ્વામી સચ્ચિદાનંદ આવા ભેદોના વિરોધી છે.

ગૃહત્યાગના ચોથા કે પાંચમા દિવસે તેઓ મઢી પહોંચ્યા. ગામ વચ્ચે સામાન્ય એવું રામજી મંદિર. મંદિરની ચારે તરફ પ્રદક્ષિણાનો માણસ સૂઇ શકે તેવો કેટલો પહોળો ગાળો. કદાચ સાધુસંતો અહીં વિશ્રામ કરતા હશે. ભગવાનને નમસ્કાર કરી પ્રદક્ષિણાવાળા રવેશીમાં એમણે થેલો મૂકયો.. ત્યાં પૂજારીએ બૂમ મારી : 'મહારાજ ઇધર રહનેકા નહિ હૈ.' સૂઇ આથમવાની તૈયારી હતી. તેઓ સાંજે જમતા નહિ, માત્ર સૂવાનો જ પ્રશ્ન હતો એટલે સ્વામીજીએ પૂછયું : 'ઔર કોઇ સ્થાન રાત કાટને કા હૈ?' તો પૂજારીએ કઠોર થઇને કહ્યું, 'આપ કહીં ભી જાઓ, યહાં રહનેકા હુકમ નહિ હૈ.' પૂજારીના આવા વલણ માટે તે જવાબદાર નથી તેવું તારણ કાઢતાં એગણે યોગ્ય જ કહ્યું છે કે ગાંજો, ભાંગ, ચરસ વગેરેનો ઉપયોગ કરનારા, જબરદસ્તીથી ઉઘરાણા કરનારા, અર્ધનગ્ન અને બીભત્સ શબ્દો બોલનારા બાવાઓ આવા સ્થાને અવારનવાર આવતા હોય છે એટલે બાળબચ્ચાંવાળો પૂજારી સાધુ માત્રને બાવા સમજી ઘૃણા કરતો થઇ જાય તે સ્વાભાવિક છે. આવું અવલોકન એમણે આ પુસ્તકમાં ઘણી જગ્યાએ કર્યું છે.

પાટડીમાં કથાને પ્રશ્ને એક તાંત્રિક સાથે એક માસથી વિખવાદ ચાલતો હતો. ઉત્તર પ્રદેશના તાંત્રિક બ્રાહ્મણ સાધુનો રવાળ હતો અને બીજી તરફ પૂર્ણેશ્વર નામના એક સોની ભકત કથા કરવા આવ્યા હતા. સોની તો શૂદ્ર કહેવાય. એનાથી વ્યાસપીઠ પર બેસાય નહિ. ઉત્તર પ્રદેશના બ્રાહ્મણ સાધુએ તેને અને ગામને શાપ આપવાની ધમકી આપી. આ ધમાલમાં સ્વામી સચ્ચિદાનંદને એમણે વચ્ચે નાખતાં કહ્યું: 'દેખો કૈસા ચલ રહા હૈ' એટલે સ્વામીજીએ 'બહોત બૂરા ચલ રહા હૈ' એમ કહ્યું. એમના પ્રત્યુત્તરથી એમને ઠેસ લાગી. ઉત્તર પ્રદેશના બ્રાહ્મણ સાધુના શરીરમાં જાણે હનુમાનનો પ્રવેશ થયો હોય તેમ તે ધ્રુજવા લાગ્યો. એને પડકારતાં સ્વામી સચ્ચિદાનંદજીએ કહ્યું : 'ધન કબૂતરોંકા આપ ડરા રહે હૈ, જિન્હોંને દો દો તીન તીન મહિને આપકી સેવા કી હૈ. અબ ધનકા ચિડિયા બનાના ચાહતે હો? સબસે પહલે મુજે હી ચિડિયા બના દો.' એમ કહી તાંત્રિક સાધુનું ત્રિશૂળ પકડી લીધું. તે ડધાઇ ગયા. વાતાવરણમાં પરિવર્તન થયું. ગામલોકોએ સ્વામીજીને સાક્ષાત્ મુરલીધર ભગવાન માન્યા. આ પ્રસંગ પર ટિપ્પણ કરતાં એમણે કહ્યું છે કે 'દુર્બળ પ્રજાને આપત્તિઓમાંથી છોડાવનાર વ્યકિતને આ જ પ્રમાણે લોકો ભગવાન માની બેસતા હશે. ઉદ્ધારક વીર કે જ્ઞાની પુરુષ આજ રીતે અંતે ભગવાન થઇ જતા હશે. પણ આ પ્રકારથી તો પ્રજાની દુર્બળતા કાયમની થઇ જાય છે. કારણ કે ફરી પાછી આપત્તિ આવે ત્યારે કોઇને કોઇ ભગવાન આવીને સારું કરી જશે તેવી આશા તેમને અકર્મણ્ય, સાહસહીન અને કાયર બનાવવામાં નિમિત્ત થતી હોય છે.' (પૃષ્ઠ-૧૬૭).

હરિજનોના મંદિરપ્રવેશ પ્રકરણમાં એમણે સરસ વાત કરી છે : 'હિન્દુ પ્રજાના દુર્ભાગ્યે ધર્મનું સુકાન ધર્મથી આજીવિકા ચલાવનારા માણસોના હાથમાં રહ્યું છે. આ લોકોએ પોતાની બેઠી આજીવિકા ચાલે તે માટે અસંખ્ય કર્મકાંડો, વિધિઓ, વિધાનો વગેરે કર્યાં. ધર્મને જીવન માટે સુવ્યવસ્થા તથા સમાજને સાંધનારું તત્ત્વ બનાવવાની જગ્યાએ પેટપોષણનું મધ બનાવ્યો. આવું કરવા માટે કેટલાંક અનિષ્ટોને સ્થાપિત કરવા જરૂરી હતાં. પ્રથમ અનિષ્ટ તે વર્ણવ્યવસ્થા, બીજું અનિષ્ટ તે વર્ણવ્યવસ્થાને ઇશ્વરરચિત મનાવવાની વૃત્તિ. ત્રીજું અનિષ્ટ તે આવી વ્યવસ્થાનું નામ જ ધર્મ' (પૃષ્ઠ-૨૬૫). મંદિરોના સરકારી અધિકારીઓની મદદથી તાળાં તોડી હરિજનોએ મંદિરપ્રવેશ કર્યો અને આરતી, પૂજા, ભજન, કીર્તન કર્યાં એ પ્રસંગનું આલેખન કરતાં એમણે પરદેશ જઇ આવેલા એક સંન્યાસીનું ઉદાહરણ આપ્યું છે. જીવનભર આ લોકોના કલ્યાણ માટે કામ કરવાની અહાલેક પોકારતા આ સંન્યાસી ગાદી પર આવતાં બદલાઇ ગયા. એ અંગે એમણે રિમાર્ક કરી છે : 'શ્રીમંત શેઠો આમળ વૈચારિક ક્રાંતિની મશાલ પ્રદીપ્ત રાખવી કઠિન હોય છે. શ્રીમંતો વિના મઠો ચલાવવા કઠિન હોય છે. જેમણે મઠો ચલાવવા હોય, મોટા મોટા ભંડારા કે સમૈયા કરવા હોય તેણે સીધી યા આડકતરી રીતે શ્રીમંતોની ચરતો માનવી જ પડતી હોય છે.' (પૃષ્ઠ-૨૬૮).

(ક્રમશ :)

સ્વ. યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિ

(પૃષ્ઠ ૫૪ થી ચાલુ)

બુદ્ધિસાગર મહારાજે આટલા અલ્પ આયુષ્યકાળ દરમિયાન ૨૦ હજારથી વધુ ગ્રન્થોનું વાંચન કર્યું હતું. આ અતિશયોક્તિ નથી. સત્ય હકીકત છે. તેમની વાંચવાની અને ગ્રહણ-સ્મરણ કરી લેવાની શક્તિ ઝડપી હતી. એમણે દેવચંદ્રસૂરિ કૃત 'આગમસાર' ગ્રન્થ સો વખત વાંચ્યો હતો. શ્રીમદ્ ભગવત ગીતા છ વખત વાંચી હતી. એકી બેઠકે સળંગ છ કલાક બેસી તેઓ તે વાંચી જતા. આચારાંગસૂત્રનું અધ્યયન ત્રગુવાર કર્યું હતું. તેમની વાંચવાની એકાગ્રતા અદ્ભુત હતી

તેમનો આખો દિવસ લેખન અને વાંચનમાં પસાર થતો. પેથાપુરમાં ચાતુર્માસ દરમિયાન પોતાનો અંતકાળ નજીક આવ્યો જાણીને પોતાના ૨૦થી વધુ ગ્રન્થો એક સાથે છપવા માટે આપી દીધા હતા. એમના સમયમાં ફાઉન્ટન પેન (તે સમયનો શબ્દ ઇન્ડીપેન)નો વપરાશ ચાલુ થયો હતો, પરંતુ તેમણે પોતે ઇન્ડીપેન ક્યારેય વાપરી ન હતી. ઘણું ખરું પેન્સિલથી લખતા અથવા શાહીના ખડિયામાં બરુનો કિત્તો બોળીને લખતા. જ્યારે લખતા ત્યારે રોજની આશરે જેટલી પેન્સિલો વપરાતી એમનું લેખનકાર્ય ૨૦ હજાર પાનાંથી વધુ થયેલું છે. તેઓ લખવા માટે મેજ વાપરતા નહિ. પરંતુ પોતાના ઘૂંટણ ઉપર કાગળ રાખી ટટ્ટાર બેસી લખતા. તેઓ સાધુજીવનમાં ક્યારેય ભીંતને અઢેલી બેઠા નહોતા. આવી એકાગ્રતાથી ચીવટપૂર્વક તેઓ પોતાનું લેખનકાર્ય કર્યે જતા. તેઓ પોતાની રોજનીશી લખતા અને તેમાં પોતે વિહાર વિશે તથા જે ગ્રન્થો વાંચ્યા હોય અથવા જેની જેની સાથે તત્ત્વચર્ચા કરી હોય તેની નોંધ રાખતા.

બુદ્ધિસાગર મહારાજે અષ્ટાંગયોગનો ઊંડો અભ્યાસ કર્યો હતો અને તેમને કેટલીક યોગસિદ્ધિઓ પ્રાપ્ત થઈ હતી. અલબત્ત, તેઓ તેની જાહેરાત કરતા નહિ. પરંતુ કોઈ અધિકારી જિજ્ઞાસુ હોય તો તેને પોતાનો પ્રયોગ ગુપ્ત રીતે બતાવતા. યોગસમાધિમાં લીન થઈ પોતાના શરીરને તેઓ જમીનથી અદ્ધર રાખી શકતા. એમના એ પ્રયોગની નોંધ નજરે જોનારાઓએ લખેલી છે. વડોદરાના સર મનુભાઈ દીવાન અને ડૉ. સુમન્ત મહેતાની વિનંતીથી તેમણે પોતાના હૃદય અને નાડીના ધબકારા બંધ કરી બતાવ્યા હતા. અનેક લોકોને તેમના આશીર્વાદથી કે સ્પર્શથી પોતાનું દુ:ખ દૂર થયાના અનુભવો થયા છે. તેઓ પોતાની ધ્યાનસાધના માટે એકાંત સ્થળ વધુ પસંદ કરતા. ક્યારેક તે માટે નદીકિનારે કે જંગલમાં જતા. ભોયરા જેવી જગ્યામાં બેસતા. વિ. સં. ૧૯૬૭માં ચાતુર્માસ માટે મુંબઈ પધારેલા ત્યારે રસ્તામાં બોરીવલી પાસેની કેનેરીની ગુફાઓની ખબર પડતાં એ ગુફાઓમાં જઈને તેમણે યોગસાધના કરી હતી.

તેઓ જ્યાંજ્યાં વિચરતા ત્યાંત્યાં સર્વધર્મના લોકો તેમનાં દર્શન માટે અને તેમનું વ્યાખ્યાન સાંભળવા એકત્ર થતા. તેમના વિહારનું મુખ્ય ક્ષેત્ર સાબરકાંઠા હતું. વિજાપુર, અમદાવાદ, માણસા, પેથાપુર, મહેસાણા આણંદ, પાદરા વગેરે સ્થળોએ તેમના ચાતુર્માસ થયા હતા એ જમાનો બ્રિટિશ સરકારની સાથે સાથે દેશી રાજાઓનો પણ હતો. ઈડર, માણસા, પેથાપુર, વરસોડા વગેરે રાજ્યના રાજવીઓ, ઠાકોરો તેમને સાંભળવા માટે પધારતા. વડોદરાના સયાજીરાવ ગાયકવાડે ખાસ નિમંત્રણ આપીને પોતાના લક્ષ્મી વિલાસ મહેલમાં એમનું વ્યાખ્યાન ગોઠવ્યું હતું જેથી બીજા લોકો સાથે એમના કુટુંબનો મહિલા વર્ગ મહારાજશ્રીના વ્યાખ્યાનનો લાભ લઈ શકે. મહારાજશ્રીની વ્યાખ્યાનશૈલી એટલી સરળ, રોચક અને પ્રસંગાનુસાર રહેતી કે જેથી કેટલાય રાજવીઓએ શિકાર, માંસ, જુગાર અને મદિરાનો ત્યાગ કર્યો હતો. સયાજીરાવ ગાયકવાડે દશેરાને દિવસે વડોદરામાં થતો પાડાનો વધ, બુદ્ધિસાગરસૂરિજીની પ્રેરણાથી કાયમ માટે બંધ કરાવી દીધો હતો.

સ્વ. બુદ્ધિસાગરસૂરિજીના જીવન અને સાહિત્ય ઉપર આનંદઘનજી, દેવચંદ્રજી અને ઉપાધ્યાય યશોવિજયજીના સાહિત્યની ઘણી ઊંડી અસર પડી છે. એ ત્રણેનું જીવનચરિત્ર એમણે લખ્યું છે. દેવચંદ્રજીના ગ્રંથોનું એમણે સંપાદન કરીને એ ભાગમાં પ્રકાશન કર્યું હતું. આનંદઘનજીનાં પદો ઉપર એમણે સવિસ્તર જે વિવેચન કર્યું છે તે જોતાં તત્ત્વના ઊંડાણમાં જવાની તેમની અધિકારશક્તિ કેટલી મોટી છે તેની પ્રતીતિ કરાવે છે. સ્વ. બુદ્ધિસાગરસૂરિએ પોતે પણ અનેક પદો, સ્તવનો, સજ્ઝાયો, પૂજાઓ વગેરેની રચના કરી છે. જેમાં એમની ભક્તિવૈરાગ્યયુક્ત કવિત્વશક્તિનું સુભગ દર્શન થાય છે. એમણે પચ્ચે તેર વર્ષ પહેલાં વિ. સં. ૧૯૬૭માં ભાખેલી ભવિષ્યવાણી કે રાજાઓ માટી માનવ થશે, રાજાશાહી જશે અને વિજ્ઞાનની વિદ્યાથી એક ખંડની ખબરો બીજા ખંડમાં તત્ક્ષણ આવશે એ સાચી પડી છે.

સ્વ. બુદ્ધિસાગરસૂરિએ જૈનોના વ્યાવહારિક અને ધાર્મિક વિદ્યાભ્યાસ ઉપર ઘણો ભાર મૂક્યો હતો. વણિક જૈનો વેપાર-ધંધામાં જેટલા પ્રવીણ હોય છે તેટલા વિદ્યાભ્યાસમાં નથી હોતા. એ માટે એમની ભાવના જૈન ગુરુકુળો સ્થાપવાની હતી. એમણે પાલિતાણામાં શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળની સ્થાપના અને વિકાસ માટે પ્રેરણા કરી હતી. અમદાવાદમાં તથા વડોદરામાં પણ જૈન બોર્ડિંગની સ્થાપના કરાવી હતી. એમણે જિનાલયોની પ્રાણ-પ્રતિષ્ઠા, ઉપધાન મહોત્સવો, છ'રી પાળતા સંઘો ઇત્યાદિનું આયોજન પણ કરાવ્યું હતું. પાઠશાળાઓ અને ધર્મશાળાઓની સ્થાપના કરાવી હતી. વિજાપુરમાં હસ્તલિખિત ગ્રંથોના ભંડાર માટે 'જ્ઞાનમંદિર'ની સ્થાપના કરાવી હતી. મહુડીનું ઘંટાકર્ણ મહાવીરનું સ્થાનક એ એમની જીવંત સ્મૃતિ સમાન બની ગયું છે. એમની પ્રેરણાથી માણસામાં સ્થપાયેલું 'શ્રી અધ્યાત્મ જ્ઞાન-પ્રસારક મંડળ' સાતેક દાયકાથી એમના ગ્રંથોના પ્રકાશનની પ્રવૃત્તિ આજ દિવસ સુધી કરતું આવ્યું છે.

પૂ. બુદ્ધિસાગરસૂરિએ એમના જમાનામાં જોયું હતું કે કેટલાય દુ:ખી જૈન લોકો પોતાનાં દુ:ખ દૂર કરવા માટે પીર વગેરેની માનતા રાખતા હતા. આથી એમણે લોકોના એ પ્રવાહને વાળવા માટે ઘંટાકર્ણ વીર નામના દેવની સાધના કરીને એનો સાક્ષાત્કાર કર્યો હતો તેમાં પોતાને જેવી આકૃતિ દેખાઈ તે પ્રમાણે મહુડીથી મૂળચંદ મિસ્ત્રીને બોલાવીને તે પ્રમાણે મૂર્તિ કોતરાવીને મહુડીમાં શ્રી પદ્મપ્રભુના જિનાલયની બહાર સ્થાપના કરાવી. ત્યારથી એ તીર્થક્ષેત્ર ઉત્તરોત્તર મહિમાવંતુ બનતું ગયું.

યોગના ઊંડા અભ્યાસી હોવાના કારણે બુદ્ધિસાગર મહારાજને પોતાનો અંતિમકાળ જણાઈ ગયો હતો. વિ. સં. ૧૯૮૨ના જેઠ વદ ૨ના દિવસે તેઓ મહુડીમાં હતા ત્યારે પોતાને વિજાપુર લઈ જવા માટે ભક્તોને કહ્યું હતું. સવારે આઠ વાગે નીકળવાનો સમય જોશીએ કાઢી આપ્યો હતો. તેમાં પોતે ફેરફાર કરાવ્યો અને વહેલા નીકળ્યા. અને જેઠ વદ-૩ના દિવસે સવારે

આઠ વાગતાં પહેલાં વિજાપુર પહોંચી ગયા બધાને બોલાવીને પોતાનો પ્રિય મંત્ર 'ૐ અર્હમ્ મહાવીર'નો જાપ પોતે ચાલુ કર્યો અને શિષ્યો તથા એકત્ર થયેલી માનવમેદની પાસે એ જાપ ચાલુ રખાવ્યો. પદ્માસનમાં બેસી પોતે સમાધિ લીધી અને પ્રાણ રૂંધીને સવા આઠ વાગ્યે દેહ છોડ્યો. એમના કાળધર્મ પામ્યાના સમાચાર ચારે બાજુ પ્રસરી ગયા.

સ્વ. પૂ. બુદ્ધિસાગરસૂરિ મહારાજના જીવનના અનેક પ્રેરક પ્રસંગો છે. એમનું સાહિત્ય અત્યંત વિપુલ છે. એમના જીવન અને સાહિત્યનો અભ્યાસ કરતાં શાસ્ત્રજ્ઞ, મર્મજ્ઞ, બહુશ્રુત, સંયમ-પાલનમાં અત્યંત કડક, અનેકનાં દિલ જીતનાર વાત્સલ્યમૂર્તિ પ પૂ. સ્વ. બુદ્ધિસાગરસૂરિની એક અનોખી છાપ આપણા ચિત્તમાં અંકિત થાય છે. અનેક લોકોને સન્માર્ગે વાળનાર એ મહાત્માનું જીવન કવન સૌ કોઇને માટે પ્રેરણારૂપ થાય તેવું છે.

– રમણલાલ ચી. શાહ

સંઘ સમાચાર

પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે પ્રતિવર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા આ વર્ષે શુક્રવાર, તા. ૨૧-૮-૧૯૮૭ થી શનિવાર તા. ૨૯-૮-૧૯૮૭ એમ નવ દિવસ માટે યોજવામાં આવી છે. આ દિવસો દરમિયાન રોજ સવારના ૮-૩૦ થી ૯-૨૦ અને ૯-૩૦ થી ૧૦-૪૦ સુધી એમ બે વ્યાખ્યાનો રહેશે. વ્યાખ્યાનમાળા બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ-૪૦૦૦૦૭ ખાતે **ડૉ. રમણલાલ ચી. શાહ**ના પ્રમુખસ્થાને યોજવામાં આવી છે.

આ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાતા તરીકે પૂ. મુનિશ્રી યશોભદ્રવિજયજી, પૂ. મોરારીબાપુ, પૂ. સત્યમિત્રાનંદ-ગિરિજી, ડૉ. રમણલાલ ચી. શાહ, ડૉ. ગુણવંત શાહ, શ્રી શશિકાન્ત મહેતા, શ્રીમતી મૃણાલિની દેસાઈ, શ્રીમતી સુનંદાબહેન વોરા, ડૉ. કુમારપાળ દેસાઇ, પ્રા. હરિ-ભાઇ કોઠારી, ડૉ. નરેન્દ્ર ભાણાવત, ડૉ. શેખરચંદ્ર જૈન, શ્રી અનિરુદ્ધ સ્માર્ત વગેરે પધારશે.

વ્યાખ્યાનના વિષયો સહિત વિગતવાર કાર્યક્રમ હવે પછી જણાવવામાં આવશે.

–મંત્રીઓ

પંડિત સુખલાલજી

(પૃષ્ઠ ૬૨ થી ચાલુ)

એ એમનો સ્વીકારેલો જીવનમાર્ગ હતો.

સન્મતિતર્કનું સંપાદન એટલું ઉત્તમ રીતે એમણે કર્યું કે, એ ગ્રંથ ભારતીય દાર્શનિક ચર્ચાઓમાં વિશ્વકોશની ગરજ સારે એવો છે તેથી ભારતીય વિદ્વજ્જગતમાં એમનું નામ થયું. એ ગ્રંથ તો માત્ર જૈનદર્શનનો છે પણ એમાં જે વિષયો ચર્ચાયા છે તે ભારતીય દાર્શનિક વિષયો છે અને તેથી તુલનાત્મક દૃષ્ટિપણોનો અભ્યાસ કરનારને સમગ્ર ભારતીય દર્શનની ગંભીર ચર્ચાઓ સહજમાં એક જ ગ્રંથમાં મળી જાય તેમ છે. આ ગ્રંથ માટે એમણે નવ વર્ષ આપ્યાં. તે જોતાં ગાંધીજીએ એમને એક વર્ષ આરામ કરવાની સલાહ આપી હતી.

'ધર્મવીર મહાવીર અને કર્મવીર કૃષ્ણ' એ પ્રકરણમાં પંડિતજીએ વૈદિક ધર્મ અને જૈન ધર્મની તર્કશુદ્ધ સરખામણી કરી છે અને મહાવીર તથા કૃષ્ણના જીવનપ્રસંગોમાં ભેદ બતાવી બતાવ્યું છે, 'જૈનસંસ્કૃતિમાં વહેમો, ચમત્કારો, કલ્પિત આડંબરો અને કાલ્પનિક આકર્ષણોને જરાય સ્થાન નથી. જેટલે અંશે આવી કૃત્રિમ અને બાહ્ય વસ્તુઓ દાખલ થાય તેટલે અંશે જૈનસંસ્કૃતિનો આદર્શ વિકૃત થાય અને હણાય છે. આ વસ્તુ સાચી હોય તો આચાર્ય સમન્તભદ્રની વાણીમાં કહેવું જોઇએ, ભગવાન મહાવીરની પ્રતિષ્ઠા કોઇ એવી ઘટનાઓમાં અને બાળ-કલ્પનાઓ જેવા દેખાતાં વર્ણનોમાં નથી, કારણ કે એવી દૈવી ઘટનાઓ અને અદ્‌ભુત ચમત્કારી પ્રસંગો તો ગમે તેના જીવનમાં વર્ણવાયેલા સાંપડી શકે છે. તેથી જ્યારે ધર્મવીર દીર્ઘ તપસ્વી મહાવીરના જીવનમાં ડગલે ને પગલે દેવોને આવતા જોઇએ છીએ, દૈવી ઉપદ્રવોને વાંચીએ છીએ અને અસંભવ જેવી દેખાતી કલ્પનાઓના રંગ નિહાળીએ છીએ ત્યારે એમ લાગે કે, ભગવાન મહાવીરના જીવનમાં સ્થાન પામેલી આ ઘટનાઓ અસલમાં વાસ્તવિક નથી પણ પાડોશી વૈદિક-પૌરાણિક વર્ણનો ઉપરથી પાછળથી લેવામાં આવી છે.'

પંડિતજી માને છે કે, તે યુગમાં આ ચમત્કારો સાધારણ શ્રદ્ધાળુ ભક્તો માટે યોગ્ય હતા; પણ આજના યુગમાં ઓપ દૂર કરીને મહાન પુરુષોના જીવનને વાંચીએ તો વધારે સહજતા અને સંગતતા દેખાય અને તેમનું વ્યક્તિત્વ વધારે માનનીય બને છે

કર્મવીર કૃષ્ણના જીવનના આદર્શની વાત મહાવીરના સંપ્રદાયના અનુયાયીઓને પૂર્ણપણે સમજાવવી મુશ્કેલ છે તેમ ધર્મવીર મહાવીરના આદર્શની ખૂબીઓ ગમે તેટલી દલીલોથી કૃષ્ણના સંપ્રદાયના ભક્તોને સમજાવવી મુશ્કેલ છે. તો શું ધર્મ અને કર્મના આદર્શ વચ્ચે કોઇ એવો વિરોધ છે કે, જેથી એક આદર્શના અનુયાયીઓને બીજો આદર્શ તદ્દન અગ્રાહ્ય લાગે ?

વિચાર કરતાં દેખાય છે કે, શુદ્ધ ધર્મ અને શુદ્ધ કર્મ એ બન્ને એક જ આચરણગત સત્યની જુદી જુદી બાજુઓ છે. એમાં ભેદ છે, પણ વિરોધ નથી.

પંડિતજીની આ આખી વાત એટલી સમતોલ, તર્કપૂર્ણ, વૈજ્ઞાનિક તટસ્થતાથી ખચિત અને સમદર્શી લાગે છે કે જેમાં પોતાના સંપ્રદાય માટે નથી માત્ર રાગ કે પરસંપ્રદાય માટે માત્ર દ્વેષ

'જો વિશ્વમાં સત્ય એક જ હોય અને તે સત્ય સિદ્ધ કરવાનો માર્ગ એક જ ન હોય તો ભિન્ન ભિન્ન માર્ગે એ સત્ય સુધી કઇ રીતે પહોંચી શકાય એ સમજવા માટે વિરોધી અને ભિન્ન ભિન્ન દેખાતા માર્ગોનો ઉદાર અને વ્યાપક દૃષ્ટિએ સમન્વય કરવો એ કોઇ પણ ધાર્મિક અને પ્રતિભાશાળી પુરુષ માટે આવશ્યક કર્તવ્ય છે. અનેકાન્તવાદની ઉત્પત્તિ ખરી રીતે આવી જ વિશ્વવ્યાપી ભાવના અને દૃષ્ટિમાંથી થયેલી છે અને તેને તેવી રીતે જ ઘટાવી શકાય.' ખરેખર અહીં આપણને પંડિતજીની ઉદાર અને વ્યાપક સમન્વયદૃષ્ટિનો પરિચય મળે છે.

(છઠ્ઠા જૈન સાહિત્ય સમારોહ, ખંભાતમાં રજૂ થયેલ નિબંધ)

શ્રમમંદિર માટે નોંધાયેલી ભેટની યાદી

૧૬૩૫૦૧-૦૦	ગત અંકમાં પ્રગટ થયેલી યાદી પ્રમાણે
૫૧૦૦૦-૦૦	શ્રી કે એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ (અગાઉની યાદીમાં રૂા. ૫૦૦૦ આવી ગયા છે એ ઉપરાંત આ રકમ છે.)
૬૦૦૦-૦૦	શ્રી ઉમેદચંદભાઇ દોશી
૩૦૦૦-૦૦	,, એ. જે. શાહ
૩૦૦૦-૦૦	,, ગુલાબચંદ ફરમચંદ શાહ
૩૦૦૦-૦૦	,, એ. આર. શાહ H. U. F.
૨૫૦૦-૦૦	,, મહેન્દ્રભાઇ વોરા
૨૦૦૦-૦૦	,, સી. એન. સંઘવી
૧૦૦૧-૦૦	,, અપૂર્વ રાજેન્દ્ર શાહ
૨,૬૫,૦૬૨-૦૦	

પંડિત સુખલાલજી

□ પ્રા. ગુલાબ દેઢિયા

દેખ્યાનો દેશ ભલે લઈ લીધો, નાથ !
પણ કલરવની દુનિયા અમારી !

*

ટેરવાંને તાજી કૈં ફૂટી તે નજરુંના
અનુભવની દુનિયા અમારી !

કવિ ભાનુપ્રસાદ પંડ્યાની આ પંક્તિઓનો પંડિત સુખલાલજીના સંદર્ભે વિચાર કર્યો ત્યારે કાવ્યને પામ્યાની ખુશી કંઈક ઓર હતી.

આંખો ગઈ તેથી દેખ્યાનો દેશ-આસપાસનો પરિચિત પ્રદેશ ગયો પણ પ્રજ્ઞાચક્ષુથી જ્ઞાનની દુનિયા ખૂબ ખૂલી ગઈ.

પંડિતજી ધર્મને જોવાને બહાને ધર્મને જીવ્યા. ગંગાને તીરે ઊભા રહી પ્રવાહદર્શન કરવાને બદલે ગંગામૈયામાં અવગાહન કર્યું. ગંગાનદીમાં નાહ્યા, તર્યા અને ડૂબ્યા નહિ, ડૂબતાં બચી ગયા. ચમત્કારોમાં ન માનતા માનવીએ પોતે ચમત્કાર સર્જ્યો. પુરુષાર્થનો ચમત્કાર. બધાં જ અંધારાંને ઓળંગી જવાનો ચમત્કાર.

પંડિત સુખલાલજીની નજર આજ ઉપર હતી. ધર્મને તેઓ ગઈ કાલની નહિ, ભંડારો, શાસ્ત્રો, સંપ્રદાયો કે સિદ્ધાંતોની નહિ પરંતુ આજની, જિવાતા જીવનની, ચીલાબહારની ખુલ્લા આકાશની વસ્તુ સમજતા હતા.

એમણે વૈજ્ઞાનિક તટસ્થતા, વિશાળદ્રષ્ટિની સમન્વયદૃષ્ટિ અને ઊંડાણ સુધી જવાનો અપ્રમાદી આગ્રહ રાખ્યો. ગાંધીયુગને શોભે એવા પંડિત થયા. આજે પણ એમનાં પુસ્તકો વાંચતાં આપણી વિવેકબુદ્ધિ ખીલે છે. અજ્ઞાનનાં પડ ખરી પડે છે. જ્યારે વિચારતા થઈએ એવું એમનું ચિંતન છે. શ્રદ્ધા સાચા અર્થમાં શ્રદ્ધા બને એવું એમનું દર્શન છે.

અખાએ કહ્યું છે-

પાને પોથે લખિયા હરિ, જ્યમ વેળુમાં ખાંડ વિખરી,
સંતે ખાંધી કાંડી થઈ, વંચક સમુધી વહી.

પંડિતજીએ કાંડી જેવા ઉદ્યમી અને નમ્ર બની રેતીમાં ખાંડ વેરાઈ ગઈ હોય તેમ શાસ્ત્રો-ગ્રંથોમાં નિરૂપાયેલા ધર્મને આત્મસાત કર્યો.

મહાવીરસ્વામીના જીવનચરિત્રમાં જ્યાં ત્યાં ચમત્કારના પ્રસંગો આવે છે તેને એમ ને એમ ન માની લેતાં, તેના હાર્દનો વિચાર કરવાની નિર્ભિકતા પંડિતજીએ બતાવી, એ જ સૂચવે છે કે, તેઓ નર્યા પંડિત નહોતા, જાગૃત વિચારક હતા, દર્શનવિજ્ઞાની હતા. મેરુકંપન મહાવીર જન્મતાવેંત જ કઈ રીતે કરે છે-એ પ્રસંગ કઈ રીતે આવ્યો હશે તેની ચર્ચા પણ એમણે તાત્ત્વિક રીતે કરી છે.

એમને પૂરી ખબર હતી કે, ચમત્કારોને પંડિતો અને જ્ઞાનીઓ પણ જો પીઠબળ આપે તો ચમત્કારો ચડી બેસે. એમાંથી અંધશ્રદ્ધા, ક્રિયાકાંડ, લાલચ, ભય વગેરે સપરિવાર આવે. ધર્મ ધર્મ ન રહે તેથી એમણે ચમત્કારોનો રપષ્ટતાથી ધિક્કાર કર્યો. છતાં શ્રદ્ધાનો તો હંમેશાં ઉષ્માથી પુરસ્કાર કર્યો.

ગાંધીજીએ પોતાના દરબારમાં કેવા કેવા વિદ્વાનોનો ભેગા કર્યા હતા ! કાકાસાહેબ, મશરૂવાળા, ગિદવાણી, ધર્માનંદ કૌસંબી, પંડિત સુખલાલજી, સ્વામી આનંદ, જે ગાંધીજીની આસપાસ ફર્યા કરતા ઉપગ્રહો નહોતા પણ ગાંધીસૂર્યમાળાના તારાઓ હતા, જેમને પોતાનો સ્વતંત્ર પ્રકાશ હતો.

ગાંધીજીએ પંડિતજીને 'હરતીફરતી વિદ્યાપીઠ' કહેલા તે ગાંધીજી જલ્દી કોઈના પર રીઝે એવા તો કર્યા હતા ?

ઘણીવાર એવું બને છે કે, વિશ્વધર્મ, માનવધર્મ કે વસુધૈવ કુટુંબકમની વિશદ ચર્ચા કરનાર પણ પોતાના સાંપ્રદાયિક સંકુચિત વલણને ત્યજી ન શકે, ફરી ફરીને પોતાના પૂર્વગ્રહો પાસે જ આવીને અટકે, જ્યારે પંડિતજી તો જૈન ધર્મની વાત કરતાં કરતાં એનો વિસ્તાર સાધી, ઊંડાણ સુધી જઈ અન્ય ધર્મો સાથેના તુલનાત્મક સ્તરે લઈ ગયા.

પર્યુષણ વ્યાખ્યાનમાળા અને પરિચય ટ્રસ્ટ જેવી સમયની સાથોસાથ ચાલતી પ્રવૃત્તિઓના પ્રેરક-સ્થાપક એ રહ્યા. પ્રજાની વૈચારિક સંપત્તિ વધે એ એમને ગમતું. સત્ય માટેની તાલાવેલી એમનું પ્રેરક બળ હતું. પ્રકાંડ વિદ્વત્તા અને સાથોસાથ વિવેકમંડિત સમદર્શિતા એમના શ્વાસમાં હતાં. આઠમી સદીમાં થઈ ગયેલા સમદર્શી આચાર્ય હરિભદ્રસૂરિની યાદ આપે એવી સમન્વયકારી અને ઉદાર દૃષ્ટિ પંડિતજીમાં હતી.

જ્યાં, જ્યારે, જે કહેવા જેવું લાગ્યું તે કહ્યું, નિર્ભયતાથી કહ્યું, પરિણામની તૈયારી સાથે કહ્યું, દ્વેષરહિત બનીને કહ્યું, કહેવાતા તટસ્થ ભીરુતાનું વરદાન એમને નહોતું મળ્યું. અસત્ય, સંકુચિતતા અને અજ્ઞાન સામે આંગળી ઉઠાવી, જે ત્યારે સહેલું નહોતું. આજે પણ નથી, આમ પણ ક્યારે હોય છે ?

પંડિતજીએ એ વાતને બરોબર સમજી-વિચારીને અમલમાં મૂકી કે જૈન તત્ત્વજ્ઞાન એ ભારતીય તત્ત્વજ્ઞાનનું એક અંગ છે. તેથી અન્ય દર્શનોનો અભ્યાસ કર્યા વગર માત્ર જૈનદર્શનનો અભ્યાસ એકાંગી બની રહે તેથી વૈદિક અને બૌદ્ધદર્શનોનો પંડિતજીએ ગુણગ્રાહી દૃષ્ટિએ અભ્યાસ કર્યો અને તત્ત્વજ્ઞાનના સારને પામીને જંપ્યા.

હેમચન્દ્રાચાર્ય સિદ્ધહેમ વ્યાકરણની રચના વખતે ૬૪ પંડિતો અઘરા - અઘરા હસ્તપ્રતોનું પઠન કરતા જાય અને પોતે એના શબ્દભેદ અર્થભેદ તારવી યોગ્ય પાઠ બેસાડતા પંડિતજીએ પણ સન્મતિતર્કની રચના વખતે ૨૯ જેટલી અલગ અલગ હસ્તપ્રતો અને તેના સંદર્ભમાં આવતા સાહિત્યને મૂળમાં સાંભળી ગયા અને પછી એમાંથી સાર તારવી આપ્યો. આવા પ્રસંગોએ જેમણે આ પુરુષાર્થી પ્રજ્ઞાપુરુષને ડિક્ટેશન આપતા જોયા હશે તે તો હેમચન્દ્રાચાર્ય લઘુ આકૃતિ જોઈને ધન્ય થઈ ગયા હશે.

તર્ક અને અનુકંપાનો અનોખો સંગમ એમના વિચાર અને આચારમાં હતો. એકલો તર્ક પોથીપંડિત બનાવી દે અને માત્ર દયામાં વિવેકભાન ન રહે. પંડિતજીએ એ વચ્ચે વિરલ સમતુલા જાળવી.

આપણા ધર્મગ્રંથોના અગાધ જ્ઞાનનું પાન કરી એમની એક આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં હશે તો સંકુચિતતા અને મિથ્યાભિમાન જોઈ બીજી આંખ રડી હશે. તેથી તો એમણે પૂછ્યું હતું, 'આપણને રાધાકૃષ્ણન જેવા વિદ્વાનો નથી જોઈતા ?' વિદ્વાનોને તેઓ ચેતનત્રયો કહેતા. કોઈ પણ ક્ષેત્રમાં જીવન-ધોરણની સાથે વિદ્યા-ધોરણ ઊંચું આવે એ એમની મથામણ હતી.

એમને જે આર્થિક મદદ મળતી તેમાંથી પોતાને માટે ઓછામાં ઓછો ખર્ચ અને વધારેમાં વધારે કામ કરવાની લગની

(અનુસંધાન પૃષ્ઠ ૧૧ ઉપર)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનભાઈ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 137

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૯ અંક : ૭-૮

મુંબઇ તા. ૬-૮-'૮૭
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૩-૦૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

પરીષહ

'પરીષહ' જૈન પારિભાષિક શબ્દ છે. અને જૈનશાસ્ત્રોમાં તે અનેક સ્થળે વપરાયેલો જોવા મળે છે.

'પરીષહ' શબ્દ પરિ+સહ ઉપરથી આવ્યો છે. પરિ એટલે ચારે બાજુથી અથવા વિશેષપણે. સહ એટલે સહન કરવું. પરિ+સહની સંધિ થતાં પરીષહ થાય છે. (વિકલ્પે પરીસહ, પરિસહ, પરિષહ પણ લખાય છે.)

પરીષહની સાદી વ્યાખ્યા આપતાં કહેવાયું છે કે પરિષહ્યત ઇતિ પરીષહ :। (પરિસહિજ્જંતે ઇતિ પરિસહા।) એટલે જે સારી રીતે સહી શકાય એમ છે અથવા જે સારી રીતે સહન કરી લેવા જોઇએ તે પરીષહ.

સહન કરવાનું કષ્ટોની બાબતમાં હોય છે. કષ્ટો શારીરિક હોય છે અને માનસિક પણ હોય છે. કેટલાંક કષ્ટો ક્ષુધા, તૃષાની જેમ શરીરની અંદરથી ઉત્પન્ન થયેલાં હોય છે. અતિશય ઠંડી કે અતિશય ગરમી જેવાં કેટલાંક કષ્ટો બહારથી ઉદ્ભવેલાં હોય છે.

સામાન્ય માણસોમાં કષ્ટ સહન કરવાની વૃત્તિ નથી હોતી. લાચારીથી મન વગર સહન કરવાં પડે તે જુદી વાત છે. પોતાની શારીરિક કે માનસિક તાકાત વધારવા માટે કેટલાક માણસો સ્વેચ્છાએ કષ્ટ સહન કરવાની ટેવ પાડે અને વધારે છે તે પણ જુદી જ વાત છે. યુદ્ધમાં સૈનિકો ભારે કષ્ટો સહન કરીને, ભૂખ, તરસ વેઠીને, લાંબું અંતર ચાલીને પણ લડી શકે અથવા સાધારણ ઘવાયા હોય તો પણ ઝઝૂમી શકે, એ માટે તેઓને આરંભથી જ મોટા-ભારે કષ્ટો સહન કરવાની વિવિધ પ્રકારની તાલીમ આપવામાં આવે છે. મજૂરો, નોકરચાકરો વગેરે વર્ગ આજીવિકા માટે ભારે વજન ઊંચકવું, સતત ઊભા રહેવું, ઉજાગરા કરવા, ભૂખ્યા રહેવું વગેરે પ્રકારનાં કષ્ટો સહન કરે છે. પરંતુ જો તેમાં લાભ કે સ્વાર્થનું પ્રયોજન ન હોય તો સ્વેચ્છાએ કષ્ટ સહન કરવા બહુ ઓછા માણસો તૈયાર હોય છે.

ધાર્મિક હેતુથી શ્રધ્ધાપૂર્વક કેટલાક માણસો કષ્ટ સહન કરવા તૈયાર હોય છે, પણ તેમાં ઘણીવાર તપશ્ચર્યાની ભાવના હોય છે. અગ્નિમાં ચાલવું, ખીલાની શૈયા પર સૂઇ જવું, શરીરે ચાબખા મારવા, ઊંધા લટકવું વગેરે પ્રકારનાં કષ્ટો તેવા પ્રકારના તપસ્વીઓ સહન કરે છે. 'કાયક્લેશ' એ એક પ્રકારનું તપ છે. યોગીઓ કષ્ટસાધ્ય એવા આસનોમાં લાંબો સમય બેસવાનો મહાવરો રાખે છે. કેટલાક તપસ્વીઓ ઉપવાસ, આયંબિલ, એકટાણું (એકાસણું) વગેરે પ્રકારની તપશ્ચર્યા કરે છે જેમાં શરીરને સ્વેચ્છાએ કષ્ટ આપવાનું હોય છે. પરીષહ અને આ પ્રકારની તપશ્ચર્યામાં ફરક એ છે કે પરીષહમાં કષ્ટ આવી પડે તો અને ત્યારે તેમાંથી દૂર ન ભાગતાં તે સમભાવથી સહી લેવાનું હોય છે, જ્યારે કાયક્લેશાદિ તપશ્ચર્યામાં તેવું કષ્ટ અચાનક આવી પડેલું હોતું નથી, પણ તેવી વ્યકિત સ્વેચ્છાએ, સામેથી તેવું કષ્ટ સહન કરવા માટે તનમનથી સજ્જ થાય છે.

ગૃહસ્થો આવી પડેલાં કષ્ટોને સહન કરવા માટે સામાન્ય રીતે ઉત્સુક હોતા નથી. તેમાંથી મુકત થવા કે રહેવા ઉત્સુક રહેવું તેમને માટે સ્વાભાવિક હોય છે. માટે પરીષહની વાત જૈનધર્મમાં ગૃહસ્થો કરતાં મુખ્યત્વે સાધુઓને લક્ષમાં રાખીને કહેવામાં આવી છે. અલબત્ત, એનો અર્થ એ નથી કે ગૃહસ્થોએ કયારેય પરીષહનો વિચાર કરવાનો નથી. બાર વ્રતધારી શ્રાવકો કે અન્ય જે કોઇ ગૃહસ્થો સ્વેચ્છાએ સમભાવપૂર્વક પરીષહ સહન કરી લે તો તેથી તેમને પણ સંયમ, સંવર, નિર્જરાદિનો લાભ થાય જ છે. આમ વ્રતધારી ગૃહસ્થોને માટે અને ખાસ કરીને સાધુઓ માટે વિવિધ પ્રકારનાં શારીરિક અને માનસિક કષ્ટ – પરીષહ સહન કરવાની વાત વ્યવસ્થિતપણે, સવિગત અને સૈદ્ધાન્તિક દૃષ્ટિએ જો કોઇ ધર્મમાં કરવામાં આવી હોય તો તે જૈનધર્મમાં જ છે.

સાધુઓએ પરીષહ શા માટે સહન કરવા જોઇએ ?

તત્ત્વાર્થસૂત્રમાં વાચક ઉમાસ્વાતિએ પરીષહની વ્યાખ્યા બાંધતાં લખ્યું છે :

માર્ગાચ્યવનનિર્જરાર્થં પરિષોઢવ્યા : પરીષહા :।

અર્થાત્ સંયમના માર્ગમાંથી ચલિત ન થવાને માટે તથા કર્મોની નિર્જરા માટે જે સહન કરવા યોગ્ય છે તેને પરીષહ કહેવામાં આવે છે.

પરીષહની વ્યાખ્યા આપતાં અન્યત્ર કહેવાયું છે કે :

ક્ષુધાદિવેદનોત્પત્તૌ કર્મનિર્જરાર્થં સહનં પરીષહ :।

(ક્ષુધા વગેરે વેદનાની ઉત્પત્તિને કર્મનિર્જરાની દૃષ્ટિથી સહન કરી લેવી તેનું નામ 'પરીષહ' છે.)

જૈનશાસ્ત્રોમાં નીચે પ્રમાણે બાવીસ પ્રકારના પરીષહ ગણાવવામાં આવ્યા છે. નવતત્ત્વ પ્રકરણમાં સંવરતત્ત્વના વિવરણમાં

કહ્યું છે :

खुहा पिवासा सी उन्हं, दंसा चेलारइत्थिओ ।
चरिया निसिहिया सिज्जा, अक्कोस वह जायणा ॥
अलाभरोग तणफासा, मल सक्कार परीसहा ।
पन्ना अन्नाण सम्मत्तं इअ वावीस परीसहा ॥

૧. સુધા ૨. પિપિસા ૩. શીત ૪. ઉષ્ણ ૫. દંશ ૬. અચેલ ૭. અરતિ ૮. સ્ત્રી ૯. ચર્યા ૧૦. નૈષેધિકી ૧૧. શય્યા ૧૨. આક્રોશ ૧૩. વધ ૧૪ યાચના ૧૫. અલાભ ૧૬. રોગ ૧૭. તૃણસ્પર્શ ૧૮. મલ ૧૯. સત્કાર-પુરસ્કાર, ૨૦. પ્રજ્ઞા ૨૧. અજ્ઞાન અને ૨૨. દર્શન.

ઉત્તરાધ્યયન સૂત્રનું આપું બીજું અધ્યયન પરીષહ વિશેનું છે. એમાં આ બાવીસ પ્રકારના પરીષહ સમજાવવામાં આવ્યા છે. એ અધ્યયનમાં સુધર્માસ્વામી જંબુસ્વામીને કહે છે :- इह खलु बावीसं परीसहा समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया, जे भिक्खु सोच्चा नच्चा जेच्चा अभिभुय भिक्खायरियाए परिव्वयंतो पुट्ठो ना विहन्नेज्जा ।

(કાશ્યપ ગોત્રીય શ્રમણ ભગવાન મહાવીરે આ બાવીસ પરીષહ કહ્યા છે, જેને સાંભળીને, જાણીને, જીતીને, પરાભવ કરીને ભિક્ષુ ભિક્ષાચરીમાં જતાં જો સપડાય તો ડાયર ન બને. અર્થાત્ ભિક્ષુ પરીષહથી વિચલિત ન થાય.)

આ બાવીસ પરીષહમાંથી કેટલાક શારીરિક છે, કેટલાક માનસિક છે; કેટલાક અનુકૂળ પરીષહ છે અને કેટલાક પ્રતિકૂળ પરીષહ છે. વસ્તુતઃ જે અનુકૂળ પરીષહ હોય તે અનુકૂળતા કરીને કે ગમવાનો ભાવ ઉત્પન્ન કરીને સાધુને સંયમમાર્ગથી ચલિત કરનાર છે. જે પ્રતિકૂળ પરીષહ છે તે કષ્ટો આપીને ચલિત કરનાર છે. પરંતુ પરીષહથી વિચલિત ન થવું અને સંયમમાર્ગમાં દૃઢ રહેવું એ જ સાધુનું કર્તવ્ય છે.

ભગવાન મહાવીરે સાધુઓને, સાધક આત્માઓને પરીષહ અને ઉપસર્ગ બંને સમતાપૂર્વક સહન કરી લેવાનો બોધ આપ્યો છે. પરીષહ અને ઉપસર્ગ વચ્ચે તાત્ત્વિક ભેદ એ છે કે પરીષહ સામાન્ય રીતે સહ્ય હોય છે. ઉપસર્ગ વધુ ભયંકર હોય છે. કેટલાક ઉપસર્ગોની સામે માણસ ટકી શકે છે, તો કેટલાક ઉપસર્ગો મરણાન્ત હોય છે. પરીષહ કરતાં ઉપસર્ગમાં માણસની વધુ કસોટી થાય છે. જે પરીષહ સહન ન કરી શકે તે ઉપસર્ગ સહન ન જ કરી શકે. પરીષહ કરતાં ઉપસર્ગમાં સામાન્ય રીતે કર્મક્ષયને વધુ અવકાશ રહેલો છે. કેટલાક પરીષહ અતિશય તીવ્ર બનતાં ઉપસર્ગમાં પરિણમે છે.

પરીષહથી કયારેક અશાતાનો, ક્રોધાદિ કષાયોનો અનુભવ થવાનો સંભવ રહે છે. એવે વખતે સાધુઓએ ચિત્તમાં સમતા, સ્વસ્થતા ધારણ કરવી જોઈએ કે જેથી નવાં અશુભ કર્મો બંધાય નહિ, અને ઉદયમાં આવેલાં અશુભ કર્મો ભોગવાઈ જાય. એટલા માટે પરીષહ એ સંવરનું મોટું નિમિત્ત બને છે અને કર્મક્ષય કરવામાં મદદરૂપ થાય છે. એટલા માટે પરીષહ અને ઉપસર્ગ પ્રત્યે સાધકે મિત્રબુદ્ધિથી જોવું જોઈએ; પોતાના ઉપર ઉપકાર થઈ રહ્યો છે એવી ઉપકાર બુદ્ધિથી પરીષહ અને ઉપસર્ગ પ્રત્યે સાધુઓએ, આરાધકોએ વિચારવું જોઈએ.

(૧) ક્ષુધા પરીષહ :

મુનિ મહારાજે ક્ષુધા સંતોષવાને અર્થે ગોચરી વહોરવા જવું પડે છે. મુનિઓએ શાસ્ત્રોમાં બતાવેલા ૪૨ પ્રકારના દોષથી રહિત ભિક્ષા વાપરવાની હોય છે. કોઈ વખત શાસ્ત્રાજ્ઞા અનુસાર ગોચરી ન મળે તો ક્ષુધાનું કષ્ટ વેઠવાનું આવે છે. તેવે વખતે તે પરીષહ ઉલ્લાસપૂર્વક સહન કરી લેવો જોઈએ. આજ્ઞાનું ઉલ્લંઘન કરીને દોષયુક્ત ગોચરી વાપરવી ન જોઈએ. વળી દોષરહિત ગોચરી ન મળે તો તેવી ગોચરી બનાવવા માટે ગૃહસ્થને સૂચના ન કરવી જોઈએ. યોગ્ય ગોચરી મળી હોત તો સારું થાત એવો ભાવ પણ મનમાં ન આણવો જોઈએ. ગોચરી ન મળવાને કારણે મનમાં ખિન્નતા ન આણવી જોઈએ. સાધુ ભગવંતોએ ગોચરીની બાબતમાં એવા ભાવનું સેવન કરવું જોઈએ કે પોતાને જો યોગ્ય ગોચરી મળશે તો સંયમની વૃદ્ધિ થશે અને જ્ઞાનની આરાધના થશે અને જો નહિ મળે તો તપની વૃદ્ધિ થશે અને ક્ષુધા વેદનીય કર્મનો ક્ષય થશે. હંમેશાં ઉદય ભાવમાં રહેતા ક્ષુધા-વેદનીય કર્મને જીતવાનું કાર્ય ઘણું કઠિન છે. સાધુ ભગવંતોએ ક્ષુધા પરીષહ ઉપર વિજય મેળવવાનો છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે :

कालीपव्वंगसंकासे किसे धमणिसंतए ।
मायन्ने असणपाणस्स अदीणमणसो चरे ॥

(ભૂખથી સૂકાઈને શરીર કાગડાના પગ જેવું કૃશ થઈ જાય, નસો દેખાવા લાગે તો પણ આહારપાણીની મર્યાદા જાણનાર સાધુ મનમાં દીનતા લાવ્યા વગર વિચરે.)

(૨) તૃષા (પિપાસા-પીવાસા) પરીષહ :

તરસ લાગી હોય તો મુનિ મહારાજ દોષરહિત સચેત પાણી જ વાપરે. તે ન મળે તો તૃષા સહન કરે, પરંતુ ગમે તેટલી તરસ લાગી હોય તો પણ દોષયુકત કાચું, સચેત પાણી ન વાપરે. એટલું જ નહિ તે વાપરવાની મનમાં ઇચ્છા પણ ન સેવે. આવી રીતે ગમે તેવી તરસ લાગી હોય તો પણ તેઓ પોતાના ચિત્તને સ્વસ્થ રાખે.

(૩) શીત (સીય) પરીષહ :

શિયાળામાં ગમે તેવી કડકડતી ઠંડી પડતી હોય તો પણ મુનિ મહારાજ તે સહન કરે. ઠંડીથી બચવા માટે સગડી કે તાપણું કરાવે નહિ. વળી ઠંડીથી બચવા માટે પોતાની વસ્ત્રની મર્યાદા ઉપરાંત વધુ વસ્ત્રો કામળી, કામળા રાખે નહિ, અને તે માટેની મનમાં ઇચ્છા પણ કરે નહિ. પોતાના મનને સ્વસ્થ અને સ્થિર રાખી શીત પરીષહને તેઓએ સહન કરી લેવો જોઈએ.

(૪) ઉષ્ણ (ઉસિણ) પરીષહ :

પ્રખર ઉનાળામાં ગમે તેટલી ગરમી પડતી હોય તો પણ મુનિ ભગવંત આકુળ-વ્યાકુળ થયા વગર તે ગરમીને સહન કરી લે. ગરમીથી બચવા સ્નાનાદિ ક્રિયા ન કરે કે જળ વગેરેનો ઉપયોગ ન કરે. વળી ઔષધકીય કે અન્ય કોઈ પણ પ્રકારનો શીતોપચાર સેવે નહિ અને તે માટે ઇચ્છા પણ ન કરે.

(૫) દંસ (દંસમસગ) પરીષહ :

શરીર ઉપર ડાંસ, મચ્છર, માખી, માંકડ વગેરે પીડા કરે તો મુનિ ભગવંત તે સમભાવથી સહન કરી લે. તે જીવોને શરીર પરથી ઉડાવવા કે ખસેડવા પ્રયત્ન કરે નહિ અને તે જીવો વિશે મનથી અશુભ પણ ચિંતવે નહિ. ઉત્તરાધ્યયનમાં કહ્યું છે :

न संतसे न वारेज्जा मणं. पि न पओसए ।
उवेह न हणे पाणे भुंजंते मंससोणियं ॥

(માંસ અને લોહીને ચૂસે-ખાય છતાં સાધુ પ્રાણીઓને

સતાવે નહિ, અટકાવે નહિ, હણે નહિ એટલું જ નહિ એ માટે પોતાના મનને પણ દૂષિત ન કરે.)

(૬) અચેલક પરીષહ :

સાધુ મહારાજનાં વસ્ત્રો જૂનાં થઇ ગયાં હોય, ફાટી ગયાં હોય કે ચોર વગેરે ફાડ ઉઠાવી ગયા હોય તો પણ લજ્જા, ચિંતા, અફસોસ ઇત્યાદિ કરે નહિ. વળી સારા વસ્ત્રની ઇચ્છા કરે નહિ. પોતાના શરીર પરનાં જીર્ણ, મલિન કે ફાટેલાં વસ્ત્રને માટે મનમાં ક્ષોભ કે દીનતાનો ભાવ આવવા દે નહિ, અથવા સારાં વસ્ત્રો મેળવવા કે પહેરવા માટેની મનમાં અભિલાષા ન રાખે. જે વસ્ત્ર મળ્યું તે સમભાવથી ગ્રહણ કરે. સારું વસ્ત્ર મળ્યું હોય તો મનમાં રાજી પણ ન થાય, અને હલકું વસ્ત્ર મળ્યું હોય તો મનમાં ખિન્ન પણ ન થાય. જિનકલ્પી સાધુઓ અથવા દિગંબર સાધુઓ વસ્ત્રરહિત હોય તો તેઓએ નગ્નતાને પરીષહ સમજીને સ્વીકારી લેવી જોઇએ. તે માટે મનમાં ક્ષોભ કે લજ્જાનો ભાવ ન આવવા દેવો જોઇએ.

(૭) અરતિ (અરઈ) પરીષહ :

અરતિ એટલે આનંદનો અભાવ; અરતિ એટલે ગ્લાનિ, શોક, ચિંતા વગેરે. સાધુ ભગવંતને સંયમમાર્ગની આરાધનામાં ક્રોધ પણ પ્રતિકૂળ પદાર્થો મળે તો પણ તેથી ચિત્તમાં સંયમમાર્ગ માટે કે તેવા નિમિત્તો માટે અરતિ કે અરુચિનો ભાવ આવવા ન દેવો જોઇએ. પોતાના જીવે પૂર્વજન્મમાં નરક કે તિર્યંચ ગતિમાં જે કંઇ દુઃખો સહન કર્યાં હશે તેની સરખામણીમાં વર્તમાનમાં પ્રતિકૂળ પદાર્થોનું કષ્ટ તો કશી જ વિસાતમાં નથી એવો શુભ ભાવ મનમાં લેવો અરતિ પરીષહને સહન કરી લે.

(૮) સ્ત્રી (ઇત્થી) પરીષહ :

સાધુ ભગવંતોને પાપિણી સ્ત્રીઓ તરફથી પરીષહ સહન કરવાના પ્રસંગો કયારેક આવી પડે છે. બ્રહ્મનિષ્ઠ મહાત્માઓ તરફ વિવિધ બાહ્યસાધનોના કારણે દુરાચારી સ્ત્રીઓને આકર્ષણ થવાના પ્રસંગો દુનિયામાં બન્યા કરે છે. એવી સ્ત્રીઓ સાધુ ભગવંતને હાવભાવ, કટાક્ષ, મધુર વચન વગેરે દ્વારા આકર્ષવા માટેની સરાગ ચેષ્ટાઓ એકાંતમાં કરે છે. તેવે વખતે ભલભલા સાધુઓનું, મન, વચન કે કાયાથી કે એ ત્રણેથી પતન થઇ જાય છે. એટલા માટે સાધુઓએ સ્ત્રીઓ સાથેનો એકાંત પ્રસંગ બિલકુલ રાખવો ન જોઇએ અને બ્રહ્મચર્યવ્રતનું નવવાડપૂર્વક સાચી નિષ્ઠાથી સેવન કરવું જોઇએ. ક્રોધ સ્ત્રી દુરાચારી જણાય તો તેના તરફથી પોતાના મનને નિવૃત્ત કરી લેવું જોઇએ. દશ વૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે-

સમાઈ પેહાઈ પરિવ્વયંતો ।
સિયા મણો નિસ્સરઇ બહિદ્ધા ॥
ન સા મહં નો વિ અહં પિ તીસે ।
ઇચ્ચવે તાઓ વિણએજ્જ રાગ ॥

(સમબુદ્ધિ રાખીને વિચરતાં સ્ત્રીઓ વગેરેને જોઇને કદી સાધુનું મન સંયમથી ખસી ભ્રમિત થઇ જાય તો 'તે મારા નથી અને હું તેમનો નથી' એવો વિચાર કરી તેના પરનો સ્નેહ-રાગ નિવારવો)

આયાવયાહી ચય સોગમલ્લ ।
કામે કમા હિ કમિયં ખુ દુક્ખં ॥
છિંદાહિ દોસં વિણએજ્જ રાગં ।
એવં સુહિહોહિસિ સંપરાએ ॥ ૫ ॥

શરીરનું સુકોમળપણું છોડી સૂર્યની આતાપના લેવી, ઉણોદરી વગેરે બાર પ્રકારનું તપ કરવું, આહાર ઓછો કરવો, ભૂખ સહન કરવી. એમ કરવાથી શબ્દાદિક કામભોગ અને તેનાથી ઉત્પન્ન થતા રાગદ્વેષ દૂર રહેશે અને આત્માને સુખ પ્રાપ્ત થશે.

જેમ સાધુઓએ સ્ત્રીઓ અને કામભોગના પદાર્થોથી વિમુખ રહેવું જોઇએ તેમ સાધ્વીઓએ પણ પુરુષો અને કામભોગના પદાર્થોથી વિમુખ બની સંયમમાર્ગમાં સ્થિર રહેવું જોઇએ. એવા અનુકૂળ પરીષહોથી ન આકર્ષાતાં ચિત્તને દૃઢતાથી ચારિત્રશુદ્ધિમાં એકાગ્ર કરી દેવું જોઇએ.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે :

સંગો એસ મણુસ્સાણં જાઓ લોગમ્મિ ઇત્થિઓ ।
જસ્સ એયા પરિન્નાયા સુકડં તસ્સ સામણ્ણં ॥

(લોકમાં સ્ત્રીઓ મનુષ્યોને આસક્તિના નિમિત્તરૂપ છે એવું જેણે જાણ્યું તેમનું શ્રમણત્વ સફળ થયું સમજવું.)

(૯) ચર્યા (ચરિયા) પરીષહ :

સાધુ ભગવંતોએ એક ગામથી બીજે ગામ વિચરતાં રહેવું જોઇએ. આવી રીતે વિહાર કરવામાં શારીરિક થાક લાગે કે કષ્ટો પડે છે, પરંતુ તે સમભાવપૂર્વક સહન કરી લેવાં જોઇએ, કારણ કે સાધુ મહાત્માઓએ ક્રોધ પણ એક જ સ્થળે લાંબો સમય નિવાસ કરવો ન જોઇએ. તેમ કરવાથી તે સ્થળ અને ત્યાંની વ્યક્તિઓ પ્રત્યે રાગદ્વેષ થવાનાં ઘણાં નિમિત્તો ઊભાં થાય છે. એટલા માટે જિનેશ્વર ભગવાને સાધુઓને એક ગામથી બીજે ગામ વિહારની આજ્ઞા કરેલી છે. ચાતુર્માસમાં ક્રોધ પણ એક સ્થળે ચાર મહિના માટે સ્થિરવાસ કરી શકાય, જેથી એ સ્થળને ધર્મબોધનો વિશેષ લાભ મળે. બાકીના સમયમાં-શેષકાળમાં ક્રોધપણ એક સ્થળે, ખાસ મહત્ત્વનું કે વિશિષ્ટ પ્રયોજન ન હોય તો, એક મહિનાથી વધુ વાસ ન કરી શકાય. એટલે કે શેષકાળના આઠ મહિનામાં ઓછામાં ઓછા આઠ વિહાર તો થવા જોઇએ. ચાતુર્માસનો એક વિહાર અને આઠ મહિનાના આઠ વિહાર એમ વર્ષ દરમિયાન ઓછામાં ઓછો કુલ નવકલ્પી વિહાર સાધુ ભગવંતોએ અવશ્ય કરવો જોઇએ વૃદ્ધ, રોગી અને તપસ્વી સાધુ ભગવંતો માટે અને તેમની વૈયાવચ્ચ કરનાર મુનિઓ માટે અપવાદ રાખવામાં આવ્યો છે તેવી જ રીતે વિદ્યાભ્યાસ માટે ગુરુ ભગવંત કે સંઘની આજ્ઞા સહિત મુનિને માટે એક સ્થળે વધુ સમય વાસ કરવાનો અપવાદ પણ રાખવામાં આવ્યો છે.

(૧૦) નૈષેધિકી (નિસીહિયા) પરીષહ :

સાધુ મહારાજોને વિહારમાં ચાલતાં ચાલતાં રસ્તામાં વિશ્રામ કરવો પડે અથવા કયાંક કાયોત્સર્ગ, પ્રતિક્રમણ ઇત્યાદિ ક્રિયા કરવી પડે. તે વખતે જે સ્થળ મળે તે સમભાવથી સ્વીકારી લેવું જોઇએ. સ્મશાન ભૂમિ હોય, જંગલ, ખંડિયેર કે એવી બીજી ક્રોધ જગ્યા હોય તો તેવા સ્થળ માટે મનમાં ગમા-અણગમાના કે રાગદ્વેષના ભાવ ન ઊઠવા દેવા તેનું નામ નૈષેધિકી પરીષહ છે.

(૧૧) શય્યા (સેજ્જા) પરીષહ :

વિહારમાં કે ચાતુર્માસ દરમિયાન પોતાને બેસવા માટે કે સૂવા માટે મળેલી જગ્યા ઊંચી-નીચી હોય, બહુ તડકો-ટાઢ કે પવનવાળી જગ્યા હોય તો પણ તે માટે મનમાં જરા પણ ઉદ્વેગ

આણવો નહિ અને ભગવાનની આજ્ઞા પ્રમાણે પ્રસન્ન ચિત્તથી તેનો સ્વીકાર કરી લેવો તે શય્યા પરીષહ છે.

(૧૨) આક્રોશ પરીષહ :

સાધુ ભગવંતોનો વેશ એવો છે કે તે જોઇને કૂતરાંઓ ભસે, અદેખા કે અજ્ઞાન માણસો અપમાન કરે; પરધર્મી મનુષ્યો કઠોર વચન કહે; કોઇ તુચ્છકારે; કોઇ નિંદા કરે; કોઇ આળ ચઢાવે કે અપશબ્દો બોલે; કોઇ 'દંભી', 'પાખંડી' કહી ગુસ્સો કરે કે મારે તેવા પ્રસંગે પોતે સામો ગુસ્સો કે આક્રોશ ન કરવો, પરંતુ પોતાનાં અશુભ કર્મોનો ઉદય છે એમ સમજીને તે બધું સમભાવથી સહન કરી લેવું જોઇએ.

(૧૩) વધ પરીષહ :

કોઇ પણ માણસ વધુ પડતા ક્રોધમાં આવી જઇને મારે તો પણ મુનિ મહારાજે શાંત ચિત્તથી તે સહન કરી લેવું જોઇએ. કદાચ કોઇ પોતાનો વધ કરવા આવે તો તે વખતે પણ તેવી વ્યકિત પ્રત્યે કશો પણ અશુભ ભાવ ન ચિંતવતાં 'હું તો અજરામર, અખંડિત આત્મા છું' – એવી ભાવનાનું સેવન કરવું જોઇએ.

(૧૪) યાચના (જાચણા) પરીષહ :

જેમણે સંયમનો માર્ગ ગ્રહણ કરી સાધુજીવન સ્વીકાર્યું છે તેમને નિર્વાહ માટે યાચના કરવાના પ્રસંગો તો અનેકવાર આવે છે. કોઇ રાજકુમારે અથવા શ્રીમંત કે કુળવાન ઘરના દીકરા કે દીકરીએ દીક્ષા લીધી હોય અને પછી એમ વિચાર કરે કે 'હું માગવા માટે કેમ જઉં? મને તો શરમ આવે છે,' તો તે યોગ્ય નથી. તેઓએ એવો ભાવ સેવવો ન જોઇએ. સાધુજીવનમાં ગોચરી, ઔષધ, ઉપકરણ વગેરેની યાચના કરવાના પ્રસંગે અભિમાન, ક્ષોભ કે લજ્જાનો ભાવ આવવા દેવો ન જોઇએ. પોતાનું એ કર્તવ્ય છે એમ સમજી વિનમ્રતાના ભાવથી યાચના કરવી જોઇએ. સાધુ-સાધ્વીઓને માટે કોઇ વટનો પ્રશ્ન હોઇ શકે નહિ. બીજી બાજુ, આવશ્યકતા વિના માગવાના સ્વભાવવાળા પણ ન બની જવું જોઇએ, કારણ કે એથી આત્માનું સત્ત્વ હણાય છે, તૃષ્ણા કે વાસના વધે છે, માગવાનો પોતાનો હક છે એવો ગર્વ રહે છે, સંયમશીલ સંકોચ ચાલ્યો જાય છે. અને આત્માની દીનતા પ્રગટ થાય છે. સાધુ ભગવંતોએ એકંદરે તો અયાચક જ રહેવું જોઇએ પણ યાચના કરવાનો પ્રસંગ આવે ત્યારે તે પરીષહ સહન કરી લેવો જોઇએ.

(૧૫) અલાભ પરીષહ :

સાધુજીવનનો નિર્વાહ યાચનાથી થાય છે. પરંતુ પોતાને ખપતી ગોચરી કે ચીજવસ્તુઓ જ્યાં પોતે જાય ત્યાં તરત જ તે મળી જાય છે એવું નથી હોતું. કોઇ વખત ન પણ મળે. આપવાની શકિત હોવા છતાં ગૃહસ્થ ન પણ આપે. એવે વખતે મનમાં ખેદ કે ગ્લાનિ ન કરવાં જોઇએ. ગૃહસ્થ પ્રત્યે મનમાં તિરસ્કાર કે બીજા કોઇ પ્રકારનો દુર્ભાવ ના આણવો જોઇએ. પોતાનું લાભાંતરાય કર્મ ઉદયમાં આવ્યું છે એમ સમજી સમતા અનુભવવી જોઇએ.

(૧૬) રોગ પરીષહ :

સંયમ લીધા પછી સાધુજીવનમાં ખાવાપીવાની બાબતમાં ઘણી મર્યાદાઓ આવી જાય છે. રાત્રિભોજનનો સર્વથા ત્યાગ હોય છે. કેટલીક વખત પોતાના શરીરની પ્રકૃતિને અનુકૂળ અને અનુરૂપ ગોચરી ન મળે તો પિત્ત-વાયુ વગેરેનો ઉપદ્રવ થાય છે. વૃદ્ધાવસ્થા આવતાં શરીરમાં જાતજાતના રોગ પેદા થવા લાગે છે. રોગ ઉત્પન્ન થાય ત્યારે મુનિઓએ દીનતા ન અનુભવવી જોઇએ. પોતાનાં અશુભ કર્મ ભોગવાઇ રહ્યાં છે એમ ચિંતવી રોગ સહન કરી લેવો જોઇએ. ઉત્તમ મહાત્માઓ તો ઔષધ વગેરેની ઇચ્છા પણ ન કરે. રોગ વખતે સમાધિભાવમાં રહે. આવી રીતે રોગ પરીષહને જીતી શકાય.

(૧૭) તૃણસ્પર્શ (તણફાસ) પરીષહ :

કોઇ વખત ઘાસના સંથારામાં સૂવું પડે અને ઘાસની અણીઓ વાગે તો તે સાહજિકતાથી સહન કરી લેવી એવો તૃણસ્પર્શ પરીષહનો અર્થ છે. સાધુઓની સંયમચર્યા ઘણી કઠિન હોય છે. બેસતાં-સૂતાં ખરબચડી જમીનનો કઠણ સ્પર્શ પોતાના શરીરથી સહન ન થાય તેવે વખતે પણ તે સમભાવથી સહન કરી લેવો જોઇએ. અને પોતાના ગૃહસ્થ જીવનની સુવા-બેસવાની અનુકૂળ સ્થિતિને યાદ ન કરવી જોઇએ.

(૧૮) મલ પરીષહ :

જે મહાત્માઓ બ્રહ્મચર્યવ્રતનું અખંડ પાલન કરે છે તેમને પરસેવો કે મેલ ઓછા થાય છે. જૈન સાધુ – સાધ્વીઓ સ્નાન કરતાં નથી, દંત પ્રક્ષાલન કે કોગળા કરતાં નથી તેમ છતાં તેમના શરીરમાંથી કે મુખમાંથી સામાન્યરીતે દુર્ગંધ આવતી નથી તે તેમના બ્રહ્મચર્યવ્રતના પ્રતાપે જ છે.

જૈન સાધુઓએ સ્નાન કરવાનું હોતું નથી. અવરજવરને કારણે અને સૂવા – બેસવાને કારણે તેમના શરીર ઉપર મેલ ચોંટી જાય અને વસ્ત્રો મેલાં થાય એ સ્વાભાવિક છે. એવે વખતે સાધુઓએ સ્નાન વગેરેની ઇચ્છા ન કરવી જોઇએ. શરીર ઉપરના કે વસ્ત્રો ઉપરના મલને સહન કરી લેવો તે મલ પરીષહ છે.

(૧૯) સત્કાર-પુરસ્કાર (સક્કાર પુરસ્કાર) પરીષહ :

ત્યાગી સાધુ-સાધ્વીઓ સામાન્યરીતે વંદનીય ગણાય છે. તેમ છતાં કોઇ વ્યકિત પોતાને વંદન કે નમસ્કાર ન કરે અથવા કોઇ સ્થળે પોતાનો સરખો આદર-સત્કાર ન થયો હોય તો તેથી સાધુઓએ મનમાં જરા પણ માઠું લગાડવું જોઇએ નહિ. પોતાનો આદર-સત્કાર બરાબર થવો જોઇએ એવી અપેક્ષા તેઓ રાખે નહિ. વખતોવખત અનેક લોકો વંદન કરતા હોય તો તેથી પોતાના મનમાં પોતે કેવી પરમ વંદનીય વ્યકિત છે એવો ગર્વ પણ આણવો જોઇએ નહિ. અનેક શ્રીમંતો અને સત્તાધીશો પોતાને વંદન કરવા આવવાના હોય ત્યારે પોતાનાં વાળ, વસ્ત્ર, શરીર વગેરેની શોભા વધારવાની ઇચ્છા મનમાં ન સેવવી જોઇએ. પોતાની કયાંક પ્રશંસા થતી હોય તો તે વખતે તે ગમવાનો ભાવ મનમાં ન આણવો જોઇએ.

(૨૦) પ્રજ્ઞા પરીષહ :

સાધુ ભગવંતોએ ત્યાગ અને સંયમનો માર્ગ સ્વીકાર્યો હોવાથી જ્ઞાનાભ્યાસ માટે તેમને વિશેષ અવકાશ રહે છે. કેટલાક સાધુ-સાધ્વીઓ નાની ઉંમરમાં ઘણું જ્ઞાન સંપાદિત કરી લે છે. એવે વખતે મોટી ઉંમરની કોઇ વ્યકિત પોતાની પાસે ભણવા માટે કે શંકા-સમાધાન માટે આવે ત્યારે પોતે કેવા મોટા જ્ઞાની છે એવો ગર્વ મનમાં આવવા દેવો નહિ. પૂર્વે થઇ ગયેલા મહાન આચાર્યો પાસે તો પોતે કશી જ વિસાતમાં નથી એમ ચિંતવવું

જોઇએ. જ્ઞાન તો મહાસાગર જેવું છે અને તેમાં પોતાનું જ્ઞાન તો માત્ર બિંદુ સમાન છે એમ સમજવું જોઇએ. પોતે જે કંઇ જ્ઞાન ધરાવે છે તે સર્વજ્ઞ કથિત અથવા તીર્થંકર ભગવાને કહેલું જ છે. એમાં પોતાની માલિકીનું કશું જ નથી એમ વિચારવું જોઇએ. પોતાની પાસે શાસ્ત્રજ્ઞાન વિશેષ હોય એટલે પોતાની પાસે શંકા-સમાધાન માટે અનેક વ્યક્તિઓ આવે અને તેથી પોતાને જોઇએ તેટલો આરામનો સમય ન પણ રહે એવા કષ્ટદાયક પ્રસંગે પણ 'હું ભણ્યો ન હોત તો કેટલું સારું હોત' કે 'હું મૂર્ખ હોત તો આવી તકલીફ ન થાત'-એવો વિપરીત ભાવ પણ મનમાં આવવા દેવો ન જોઇએ.

પોતે જે જાણતા હોય તેનાથી વિરુદ્ધ પ્રકારની દલીલ થાય તો 'હું જ સાચો છું અને તમે ખોટા છો' એવો ઉગ્ર આગ્રહ કે અભિનિવેશ પણ મનમાં રાખવો ન જોઇએ. અપેક્ષાભેદથી વિભિન્ન મત હોઇ શકે એમ વિચારવું જોઇએ. અંતે તો કેવલી ભગવંતો જે જાણે છે તે જ સાચું છે એમ સમજી પોતાનો મતાગ્રહ છોડી દેવો જોઇએ.

(૨૧) અજ્ઞાન (અન્નાણ) પરીષહ :

પૂર્વના જ્ઞાનાવરણીય કર્મના ઉદયને કારણે કેટલાંક સાધુ-સાધ્વીઓને ઘણી મહેનતે પણ જ્ઞાન ચઢતું નથી; કઠિન તત્ત્વજ્ઞાન સમજાતું નથી; સાદી-સરળ વસ્તુઓ યાદ રહેતી નથી. એવે વખતે પોતાના અજ્ઞાનને માટે મનમાં ખેદ આણવો નહિ કે સંક્લેશ કરવો નહિ. કોઇ 'મૂર્ખ' કે 'અજ્ઞાની' કહી સંબોધે તો પણ માઠું લગાડવું નહિ પોતાનો જ્ઞાનાવરણીય કર્મનો ઉદય મોટો છે એમ સમજી, આયંબિલાદિ તપ કરી જ્ઞાનપ્રાપ્તિ માટે ઉદ્યમ કરવો જોઇએ. પોતાનું જીવન વ્યર્થ છે એમ સમજે નહિ અને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપી અષ્ટ પ્રવચન ધરાવનારને પણ ભગવાને 'જ્ઞાની આરાધક' કહ્યા છે તેમ ચિંતવી સંતોષ માનવો જોઇએ.

(૨૨) દર્શન (દંસણ) પરીષહ :

આ પરીષહને 'સમ્યક્ત્વ પરીષહ' તરીકે પણ કહેવામાં આવે છે. 'અદર્શન' પરીષહ પણ તે કહેવાય છે. સાધુ ભગવંતો વિવિધ પ્રકારની તપશ્ચર્યા કરે, સંયમ પાળે, જ્ઞાનની આરાધના કરે એ પછી પોતાને લબ્ધિ સિદ્ધિ રૂપ કોઇ ફળ ન મળે અથવા કોઇ દેવ-દેવીનાં દર્શન ન થાય એટલે કે પોતાની શ્રદ્ધાની કસોટીનો વખત આવે તેવે વખતે તર્ક-વિતર્ક ન કરતાં પોતાની શ્રદ્ધામાં દૃઢ રહે. પોતે જે કંઇ આરાધના કરી છે તેનું ફળ આ નહિ તો ઇતર જન્મમાં અવશ્ય મળવાનું જ છે અને કેવલી ભગવંતોએ જે પ્રકારે જોયું હશે તે પ્રકારે જ બનવાનું છે તેવી શ્રદ્ધા રાખે. ટૂંકમાં પોતાના સમ્યક્ત્વને, સમ્યગ્દર્શનને સાચી શ્રદ્ધાને માટે જ્યારે પણ કસોટીનો પ્રસંગ આવે ત્યારે તે સહન કરી લઇને પોતાની શ્રદ્ધામાંથી ચલિત ન થવું જોઇએ.

નવતત્ત્વ પ્રકરણમાં આ પ્રત્યેક પરીષહ કોણે કોણે ઉત્કૃષ્ટ રીતે સહન કર્યો તે વિશે હસ્તિભૂતિ મુનિ, શર્મા મુનિ, અરણીક મુનિ, ભદ્ર મુનિ, સ્થૂલિભદ્ર મુનિ, સંયમસૂરિ, સોમદત્ત મુનિ, બલભદ્ર મુનિ, સનત્કુમાર ચક્રવર્તી, સાગરાચાર્ય, માતુષમાતુષ મુનિ, અષાઢાચાર્ય વગેરેનાં પ્રેરક દૃષ્ટાન્તો આપવામાં આવ્યાં છે.

આ બાવીસ પરીષહમાં કેટલાક પરીષહ પરસ્પરવિરુદ્ધ અથવા પરસ્પર ભિન્ન છે. એટલે કે એક સમયે તેમાંથી કોઇ એક પરીષહ સહન કરવાનો હોય. ઉ. ત. ઠંડી અને ગરમી એ બે પરીષહમાંથી કોઇ પણ એક સમયે સાધુને એક જ પરીષહ સહન કરવાનો હોય. તેવી રીતે શય્યા, નિષદ્યા અને ચર્યા એ ત્રણમાંથી કોઇ પણ એક જ પરીષહ એક સમયે હોઇ શકે છે. આવી રીતે ઉપરના પાંચમાંથી ત્રણ પરીષહ બાદ થતાં કોઇ પણ સાધુને એક સાથે એક સમયે વધુમાં વધુ ઓગણીસ પરીષહ સહન કરવાના આવી શકે. જો કે એક સાથે ઓગણીસ પરીષહ સહન કરવાનો પ્રસંગ બહુ વિરલ જ હોઇ શકે, પરંતુ તે અસંભવિત નથી.

જૈનધર્મમાં આત્માના ક્રમિક વિકાસની સામાન્ય કક્ષાથી સર્વોચ્ચ કક્ષા સુધીનાં મહત્ત્વનાં ચૌદ પગથિયાં દર્શાવવામાં આવ્યાં છે. એને ગુણસ્થાનક કહેવામાં આવે છે. એમાં એકથી છ-સાત ગુણસ્થાનક સુધીમાં ઘણા જીવાત્માઓ ચડઊતર કરતા હોય છે. ક્રોધ, માન, માયા અને લોભરૂપી તીવ્ર કષાયો હોય ત્યાં સુધી છઠ્ઠા ગુણસ્થાનક સુધી રહેલા આત્માને બધા જ પરીષહ સહન કરવાના આવે છે. સાતમા અને એથી ઉપરના ગુણસ્થાનકે વર્તતા જીવાત્માને ઉત્તરોત્તર ઓછા પરીષહ સહવાના આવે છે. બારમા-તેરમા ગુણસ્થાનકે તો અગિયાર જેટલા પરીષહ માત્ર ઉપચારથી સહન કરવાના આવે છે. વસ્તુતઃ અન્યની દૃષ્ટિએ જે પરીષહ છે તે તેવા ભવ્ય જીવાત્માઓ માટે પરીષહરૂપ રહેતા નથી. બારમે-તેરમે કે ચૌદમે ગુણસ્થાનકે જ્યાં સુધી વેદનીય કર્મ છે ત્યાં શીતોષ્ણાદિ પરીષહ રહેવાના, પરંતુ તે પરીષહ તેમને માટે પરીષહરૂપ રહેતા નથી.

સાધુ ભગવંતોએ આ બધા પરીષહ સમભાવપૂર્વક મધ્યસ્થતાથી સહન કરી લેવા જોઇએ. તેમને માટે પરીષહ આર્ત્ત કે રૌદ્ર ધ્યાનનું નિમિત્ત ન બનવા જોઇએ. જેમ જેમ દેહ ઉપરની મમતા ઓછી થતી જાય તેમ તેમ પરીષહ ઉપરનો વિજય સરળ થતો જાય. દેહ ઉપરનો રાગ ઓછો કરવા માટે, દેહ અને આત્માની ભિન્નતા પ્રતીત કરવાને માટે વૈરાગ્યની અનિત્યાદિ બાર ભાવનાઓ વારંવાર ભાવવી જોઇએ. જેઓ વૈરાગ્યની આ ભાવનાઓનું મનન-સેવન કરે છે તેઓ પરીષહ ઉપર સહજ રીતે વિજય મેળવી શકે છે. વસ્તુતઃ પછી તો એવી ઉચ્ચ આત્મિક દશાએ તેઓ પહોંચે છે કે જ્યારે પરીષહ એમને પરીષહરૂપ લાગતો નથી. પરીષહ તરફ એવા ઉચ્ચ આત્માઓનું લક્ષ સુદ્ધાં જતું નથી. પરીષહજય તેમને માટે સ્વાભાવિક બની જાય છે.

રમણલાલ ચી. શાહ

શ્રી દીપચંદ ત્રિભોવનદાસ ટ્રસ્ટ ગ્રન્થ શ્રેણી
ગ્રન્થ ત્રીજો
સરળ, ભાવવાહી શૈલીએ લખાયેલ
જૈનધર્મ વિષયક લેખોનો સંગ્રહ

જિ ન ત ત્ત્વ

લે. ડૉ. રમણલાલ ચી. શાહ

એક વર્ષના ટૂંકા ગાળામાં વેચાણ થઇ જવાથી,
બીજી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી * પાકું પૂઠું * પૃષ્ઠ-૧૧૪
મૂલ્ય રૂ. ૨૦/-

—: પ્રકાશક :—
શ્રી મુંબઇ જૈન યુવક સંઘ
૩૮૫, સરદાર વી. પી. માર્ગ,
મુંબઇ-૪૦૦૦૦૪.

પર્યુષણ પ્રસંગે ભેટ આપવાલાયક આ પુસ્તક સંઘના કાર્યાલયમાંથી મળી શકશે.

સ્યાદ્‌વાદ

પં. પનાલાલ જગજીવનદાસ ગાંધી

પૂર્ણદર્શનની પ્રાપ્તિ અંગે સમ્યગ્‌દર્શન હોવું જરૂરી છે. એ સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ માટે અસ્યાદ્‌ એવા પૂર્ણ પરમાત્મ સર્વજ્ઞ તીર્થંકર ભગવંતોએ મુમુક્ષુ સાધકોને સ્યાદ્‌વાદદર્શનની અત્યંત મૂલ્યવાન ભક્ષિસ આપી છે.

સ્યાદ્‌વાદદર્શન એટલે એકાંગી દર્શન નહિ પણ સર્વાંગી દર્શન, અથવા તો સ્યાદ્‌વાદદર્શન એટલે સર્વાંગ સંપૂર્ણ એવાં સર્વ તત્ત્વને અનુલક્ષીને અંશતત્ત્વ અર્થાત્‌ દેશતત્ત્વનું દર્શન.

એક હાથી અને સાત સુરદાસની હાથીદર્શન અંગેની વાત વિશ્વવિખ્યાત છે. એ વાત સ્યાદ્‌વાદદર્શનના સંદર્ભમાં જ કહેવાયેલ છે. સમગ્ર હાથીનું સર્વાંગ સંપૂર્ણ દર્શન કરવાને સક્ષમ નયનો જેને મળ્યાં છે તેવી સમર્થ વ્યક્તિએ નયનહીન એવા સાત સુરદાસને સમગ્ર હાથી કેવો હોય તેનું શબ્દદર્શન કરાવ્યું; કે જે સાત સુરદાસોએ માત્ર સ્પર્શેન્દ્રિયના જ્ઞાનથી હાથીના જે જે અંગને સ્પર્શ કર્યો તેવો તેવો હાથી પોતપોતાની દૃષ્ટિએ કલ્પી લીધો હતો. એ જ પ્રમાણે સમગ્ર સંસાર અર્થાત્‌ બ્રહ્માંડના સર્વ ક્ષેત્રના, સર્વ દ્રવ્યોને તેમના સર્વ ભાવ એટલે કે ગુણ પર્યાય સહિત દર્શન કરવા સમર્થ એવાં કેવલદર્શન – કેવલજ્ઞાનના સ્વામી સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મા ભગવંતોએ આપણા સહુ છદ્મસ્થ (અપૂર્ણ)નું દર્શન સમ્યગ્‌ બની રહે તે માટે તથા રાગ-દ્વેષ, કલેશ, કલહથી દૂર સમભાવમાં, શાંત ભાવમાં પ્રવર્તીએ તે માટે થકને જગતમાં અનુપમ અને અદ્વિતીય કહી શકાય એવાં મૌલિક સ્યાદ્‌વાદ દર્શનની ભેટ આપી કે જેના વડે અપૂર્ણ એવાં પણ આપણે તત્ત્વનું સમગ્રતયા દર્શન કરી શકીએ અને કોઇ એક જ બાજુનું અધૂરું-અપકવ્યરું દર્શન કરી રાગ-દ્વેષ-કલેશ-કલહમાં ન સરકી પડીએ.

ત્રણે કાળમાં સ્યાદ્‌વાદ દર્શનની આવશ્યકતા છે. પરંતુ સાંપ્રત સમયમાં જ્યારે અનેક મતમતાંતરો અને વાદ પ્રવર્તે છે અને જ્યારે સ્વમતનો આગ્રહ એટલે કે કદાગ્રહ વધારે છે, દૃષ્ટિ સંકુચિત થઇ ગઇ છે ને મન આળાં થઇ ગયાં છે, ત્યારે સ્યાદ્‌વાદ દર્શનની વિશેષ આવશ્યકતા અને અગત્યતા રહે છે.

સ્યાદ્‌ શબ્દનું પ્રયોજન કરવા દ્વારા આપણા સહુની અપૂર્ણતાનું ભાન કરાવેલ છે. આપણને સ્યાદ્‌ કહેવા દ્વારા ચોંકાવેલ છે કે આપણે છદ્મસ્થ, અપૂર્ણ અને અજ્ઞાની છીએ. અહીં અજ્ઞાનનો અર્થ જ્ઞાનનો અભાવ નથી. પરંતુ કેવલજ્ઞાની પરમાત્મ ભગવંત જે જાણે છે તેથી અનંતુ, –અનંતમાં ભાગનું પણ આપણે જાણતા નથી. તે અર્થમાં અજ્ઞાની કહેલ છે. સ્યાદ્‌વાદ દર્શન આપવા દ્વારા પરમાત્માએ પૂર્ણનું લક્ષ્ય કરાવવા સહતત્ત્વને સમ્યગ્‌ પ્રકારે સમજવાની ચાવી આપી છે.

આ સ્યાદ્‌વાદને અનેકાન્તવાદ અને સાપેક્ષવાદ તરીકે ઓળખાવવાની સામાન્ય ભૂલ ચાલી આવે છે, પરંતુ આ ત્રણે શબ્દો એકબીજાના પર્યાયી શબ્દો નથી. એ ત્રણેમાં સૂક્ષ્મ તાત્ત્વિક ભેદ છે. એ ભેદ સમજવા માટે પંચાસ્તિકાય અને તેના સામાન્ય તથા વિશેષ ગુણધર્મના અભ્યાસની સવિશેષ આવશ્યકતા છે.

આ વિશ્વમાં દ્રવ્ય છે. એ દ્રવ્ય એકથી અધિક છે. અર્થાત્‌ પાંચ અસ્તિકાય દ્રવ્યો જે જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય ને આકાશાસ્તિકાય છે તે તથા છઠું ઉપચરિત દ્રવ્ય કાળ છે. કાળ એ ઉપચરિત દ્રવ્ય છે. તે અસ્તિકાય નથી. વળી, આ દ્રવ્ય સજાતિ અને વિજાતિ એમ ઉભય પ્રકારનાં છે. ઉપરાંત તે દરેક દ્રવ્યના પોતાના ગુણ અને તે પોતાનાં ગુણના પાછા પર્યાય છે. દ્રવ્યના ગુણ જેમ પાછા એકથી અધિક છે તેમ તેમના પર્યાય પણ એકથી અધિક છે. ઉપર જણાવ્યા મુજબ દ્રવ્યના સામાન્ય અને વિશેષ ગુણ છે. તે ગુણ પ્રમાણેનું પ્રત્યેક અસ્તિકાયનું કાર્ય છે. આમ ગુણ દ્રવ્ય ભેદક છે, અને પર્યાય ગુણ ભેદક છે.

પરંતુ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરી શકતું નથી. માટે ત્યાં સ્યાદ્‌ લાગુ પડે છે. એક દ્રવ્ય, સર્વ દ્રવ્યનું કાર્ય નહિ કરી શકે. માટે ત્યાં સ્યાદ્‌ લાગુ પડે છે. એક દ્રવ્ય, સર્વ દ્રવ્યનું કાર્ય નહિ કરી શકે માટે જ કેવલજ્ઞાનને પણ આ સંદર્ભમાં સ્યાદ્‌ કહ્યું છે. કેમકે કેવલજ્ઞાનની સામે મતિ-શ્રુત-અવધિ અને મનઃપર્યવ જ્ઞાનનું પણ અસ્તિત્વ છે. બાકી કેવલજ્ઞાનનું કાર્ય અક્રમથી છે એટલે ક્રાયથી તો કેવલજ્ઞાન અસ્યાદ્‌ છે.

આમ વિશ્વમાં એકથી અધિક દ્રવ્યનું અસ્તિત્વ હોવાને કારણે અને સમગ્ર વિશ્વકાર્ય સર્વ દ્રવ્યના સામૂહિક ગુણકાર્યને લીધે સંભવિત હોવાથી સ્યાદ્‌વાદ દર્શન છે. માત્ર એક જ દ્રવ્યથી સમગ્ર વિશ્વકાર્ય શક્ય નથી. તેથી પ્રત્યેક દ્રવ્ય પોતામાં પોતાના સ્વભાવથી પરિપૂર્ણ હોવા છતાંય તે સમગ્ર વિશ્વકાર્યના સંદર્ભમાં સ્યાદ્‌ છે. જીવાસ્તિકાય, એ ધર્મ, અધર્મ, આકાશ કે પુદ્‌ગલાસ્તિકાયનું કાર્ય કરી શકતું નથી અને આકાશાસ્તિકાય, એ જીવાસ્તિકાય, ધર્મ, અધર્મ કે પુદ્‌ગલાસ્તિકાયનું કાર્ય કરી શકતું નથી તે સંદર્ભમાં સ્યાદ્‌ છે.

આમ સ્યાદ્‌વાદ દર્શન એક સમયે એકથી અધિક દ્રવ્યના અસ્તિત્વનો અને એક જ દ્રવ્યમાં એકથી અધિક ગુણધર્મોનો સ્વીકાર કરે છે. ટૂંકમાં વિશ્વમાં એકથી અધિક દ્રવ્યોનું અસ્તિત્વ છે માટે સ્યાદ્‌ છે અને સ્યાદ્‌વાદ છે.

એકથી અધિક દ્રવ્ય છે, માટે દ્રવ્યની જાતિ છે અને પ્રત્યેક દ્રવ્યમાં ગુણ-દોષ છે. વળી ગુણમાં તરતમતા છે અને ગુણ સામે દોષ છે. એટલે કે સાપેક્ષતા છે. જે સાપેક્ષવાદ છે. સાપેક્ષવાદ એ વેદાંતનો વિવર્તવાદ છે, જે જોવા-જાણવામાં આવે છે તે પૂર્ણ નથી કે પૂર્ણ સત્ય નથી. એ ભાસ રૂપ છે. સાપેક્ષવાદ એ વૈજ્ઞાનિક આઇન્સ્ટાઇને સમજાવેલ Theory of Relativity છે. પરંતુ એ થિયેરી ઓફ રીલેટીવીટી તો અપૂર્ણની, અપૂર્ણ સાથેની સરખામણી કે તુલના છે. ત્યાં પૂર્ણનું લક્ષ્ય કે પૂર્ણનું જ્ઞાન યા ભાન નથી. જ્યારે જૈનદર્શને સમજાવેલ સાપેક્ષવાદ એ અપૂર્ણની અપૂર્ણ સાથેની તુલના તો છે જ પણ અપૂર્ણની અપૂર્ણતા સાપેક્ષતાનો તુલનાત્મક અભ્યાસપૂર્ણ એવાં નિરપેક્ષ તત્ત્વને અનુલક્ષીને કરવામાં આવેલ છે.

એટલું જ નહિ પણ દ્રવ્યમાં એકથી અધિક ગુણોનું અસ્તિત્વ હોવાને કારણે અનેકાન્તવાદ છે; જેમાં દ્રવ્યના સર્વ ગુણોને લક્ષ્યમાં રાખી તે દ્રવ્યનું સર્વાંગી અવલોકન કરવામાં આવે છે.

There is existance of more than one subs-

tance in the cosmos, and the cosmos does not function by one substance alone. Hence there is a theory of **'Syadvad.'**

'Sapexvad' is more comparision of imperfect substance with perfect of imperfect substance.

'Anekantvad' is comptete inspection in to of a complete-perfect substance or incomplete-imperfect substance taking into consideration all the qualities (Vivtues & vices) it possesses.

જૈનદર્શન એના સ્યાદ્‌વાદ દર્શનથી સમસ્ત વિશ્વને ઉભયરૂપ કહેવાનું અને જોવાનું જણાવે છે. ઉભયરૂપ એટલે, અસ્તિ-નાસ્તિ, એક-અનેક, રૂપી-અરૂપી, જીવ-અજીવ, ક્રમિક-અક્રમિક, સત્-અસત્, નિત્ય-અનિત્ય, સાવરણ-નિરાવરણ, ભેદ-અભેદ, ઉપચરિત-અનુપચરિત, સાપેક્ષ-નિરપેક્ષ, સવિકલ્પક-નિર્વિકલ્પક, સગુણ-નિર્ગુણ, સાકાર-નિરાકાર, દ્વૈત-અદ્વૈત ઇત્યાદિ.

સ્યાદ્ એટલે 'કંઇક'-'કથંચિત'. 'કંઇક' એટલે સર્વરૂપ નહિ જે 'કંઇક' હોય તે 'કંઇક' જ કામ કરી શકે. સર્વ કામ નહિ કરી શકે.

સ્યાદ્ એટલે 'સર્વથા નથી' એમ પણ નહિ અને હોવા છતાં તે પદાર્થ 'સર્વ' અર્થાત્ 'બધું જ છે' એમ પણ નહિ.

A Sentence in which there are words such as. If, But, Perhaps, Yet, Only, Or, Also, Little, Less, Few,...is **'SYAD'**

પૂર્ણને સાથે રાખીને અપૂર્ણ તત્ત્વને સમજીશું તો બરાબર સમજાશે. નહિતર અપૂર્ણ તત્ત્વ પણ બરોબર સમજાશે નહિ અને એની અપૂર્ણતાનો પૂરો ખ્યાલ આવશે નહિ. પૂર્ણને સાથે અને માથે રાખી અર્થાત્ પૂર્ણને નજર સમક્ષ રાખી તત્ત્વને સમજવું તેનું જ નામ સ્યાદ્‌વાદ.

પૂર્ણ તત્ત્વ એટલે કે પરમાત્મ તત્ત્વ. અર્થાત્ સિદ્ધ પરમાત્મા-સર્વજ્ઞ કેવલી ભગવંતો. એમને સન્મુખ રાખી. સર્વ તત્ત્વો પૂર્ણ સાપેક્ષ સમજવાય તો અનુપ્રેક્ષા બરોબર આવે.

સ્યાદ્ એટલે ક્રમ. અર્થાત્ ક્રમિક દર્શન, અપૂર્ણ દર્શન, અપૂર્ણ જ્ઞાન.

અસ્યાદ્ એટલે અક્રમ. અર્થાત્ પૂર્ણદર્શન, પૂર્ણ જ્ઞાન, અક્રમિક દર્શન, એટલે કે કેવલદર્શન-કેવલજ્ઞાન જે સિદ્ધત્વ છે. સમગ્ર વિશ્વના સર્વ ક્ષેત્રના, સર્વ કાળના, સર્વ પદાર્થોનું તેના સર્વ ભાવ અર્થાત્ સર્વ ગુણ-પર્યાય સહિતનું સમયમાત્રમાં થતું દર્શન - જ્ઞાન તે કેવલદર્શન - કેવલજ્ઞાન છે. ચિતારા દ્વારા ચિત્રિત થતા ચિત્ર અને અરીસા દ્વારા પ્રતિબિંબિત થતા ચિત્રમાં જેવો ફરક છે તેવો ફરક ક્રમિક દર્શન અર્થાત્ છદ્મસ્થિક દર્શન અને અક્રમિકદર્શન-કેવલદર્શનમાં છે. ક્રમિક છે તે By and By એક પછી એક છે. જ્યારે અક્રમ છે તે All at altime સમસમુચ્ચય છે.

જ્યાં કંઇક, કથંચિત, કોઇક અપેક્ષા આવે ત્યાં સ્યાદ્ આવે.

સ્યાદ્ એટલે કંઇક, કોઇક અપેક્ષાએ અને સર્વ નહિ, તેમજ સર્વ અપેક્ષાએ સર્વ નહિ. એટલું જ નહિ પણ જે પૂર્ણ નથી, પરંતુ અપૂર્ણ અને અંશ છે તે સ્યાદ્ છે.

કેવલી તીર્થંકર ભગવંત સ્વયં તો પૂર્ણ છે. છતાં એમણે જે ધર્મ પ્રકાશ્યો-પ્રરૂપ્યો અને સ્થાપ્યો છે તે આપણે છદ્મસ્થ-સ્યાદ્-અંશરૂપ હોવાથી આપણી અપેક્ષાએ સ્યાદ્‌વાદ ધર્મ સ્થાપ્યો છે.

સ્યાદ્‌વાદ એટલે કેવલી-પૂર્ણજ્ઞાની પરમેશ્વરની નિશ્રાએ વિધાન કરવા-વાતો કરવી અને સ્વયંનો અહં ઓગાળવો. કેવલી ભગવંતની નિશ્રા રાખ્યા વિના વાતો કરવી તે એકાન્તવાદ છે. કેવલી ભગવંતની નિશ્રા રાખીને વાતો કરવી તે સ્યાદ્‌વાદ છે.

સ્યાદ્થી અસ્યાદ્ એવા પરમાત્મ તત્ત્વ સાથે સંબંધ કરવાનો છે પણ સ્યાદ્ નથી બની રહેવાનું. સત્ય કેવલી ભગવંત ઉપર છોડી દેવું અને છદ્મસ્થે શાંતભાવમાં પ્રવર્તવું તેનું જ નામ સ્યાદ્‌વાદ.

સ્યાદ્ એટલે મૌન ધારણ કરવું. ચૂપ રહેવું. સંઘર્ષ નહિ કરવો. સ્યાદ્ એટલે કેવલી ભગવંત ઉપર છોડી દેવું. ભગવાનને શરણે જવું, ભગવાનને જોવા અને ભગવાન ઉપર સઘળું છોડી દેવું.

વિરુદ્ધ તત્ત્વને સમન્વય કરીને સમજવું તે સ્યાદ્‌વાદ છે.

અવળાને સવળા કરી આપે તે સ્યાદ્‌વાદ!

સામેની વ્યક્તિ પાસે અંશે પણ જે સત્ય તત્ત્વ હોય તેને સ્વીકારવું એનું નામ સ્યાદ્‌વાદ શૈલી છે, જે પ્રામાણિકતા છે. આ બાબત કૃષ્ણ વાસુદેવનું દૃષ્ટાંત જોવામાં આવે છે. તેઓ દરેક વસ્તુ-બનાવની સારી-ઊજળી બાજુ જ જોતા. એમની પરીક્ષા કરવા મરી ગયેલ કૂતરાના શબ પ્રતિ અંગુલિનિર્દેશ કરી એમને પૂછવામાં આવ્યું કે એ દૃશ્યમાં તેમને શું જોવા જેવું લાગ્યું? ત્યારે તે ગુણદૃષ્ટિના સ્વામી જવાબ આપે છે કે તે મૃતશ્વાનની દંતપંક્તિ કેવી પ્રવેત અને સુરેખ છે!

સ્વયંની દૃષ્ટિનો દૃષ્ટા બનનાર વ્યક્તિ જ્વાલા બનીને દૃષ્ટિને ભરમ કરે છે. અને તેવા પ્રકારની સાધના દ્વારા તે સાધક સ્વયંના સર્વ વિકારોને અર્થાત્ ઘાતીકર્મોને ખતમ કરે છે. દૃષ્ટના દ્રષ્ટા બનાવનારું દર્શન સ્યાદ્‌વાદ દર્શન છે. ધ્યાનમાં કે વિપશ્યના સાધનામાં સ્વયંનું દર્શન એટલે કે સ્વયંની દૃષ્ટિનું અર્થાત્ પોતામાં ઊઠતા વિચારોનું જ દર્શન હોય છે. જે પ્રક્રિયા દ્વારા અશુભમાંથી શુભમાં જઇ શાંત, પ્રશાંત અને પછી શુદ્ધ, બુદ્ધ ને મુક્ત થવાનું હોય છે.

વાતને સ્યાદ્‌વાદ શૈલીથી મર્યાદા અને અપેક્ષા સાથે સમજવામાં આવે તો વિરુદ્ધ જણાતી વાતો પણ અવિરુદ્ધ જણાશે.

સ્યાદ્‌વાદ એટલે ગુણગ્રાહકતા અને સ્યાદ્‌વાદી એટલે ગુણગ્રાહી.

જીવને સત્ય દૃષ્ટિ-સમ્યગ્‌દૃષ્ટિ આપવા માટે અને સત્ય-પૂર્ણ જ્ઞાતા-દ્રષ્ટા બનવા માટે સ્યાદ્‌વાદ દર્શન છે.

જે જેવું છે, તે તેવું બતાવવું એનું નામ સ્યાદ્‌વાદ.

સ્યાદ્‌વાદમાં મૃદુભાવ છે,-મુલાયમ ભાવ છે. એમાં કઠોર ભાવ નથી એ માધ્યસ્થ ભાવ માટે છે. સ્યાદ્‌વાદ એ સાહકભાવ છે.

સ્યાદ્‌વાદ એટલે પ્રેમ. સ્યાદ્‌વાદ એટલે સર્વતોમુખી દર્શન.

વિશ્વમાં રહેલ ભિન્ન-ભિન્ન પદાર્થોના અસ્તિત્વ, ગુણ અને શક્તિનો તિરસ્કાર નહિ કરતાં સ્વીકાર કરવો તેનું જ નામ સ્યાદ્‌વાદ.

સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષા ન હોય ત્યાં સ્યાદ્‌વાદ

હોવાનો. જ્યાં અદ્વૈત તત્ત્વ હોય છે એટલે કે અદ્વૈતભાવ હોય છે ત્યાં સ્યાદ્ નથી હોતું. જ્યાં દ્વૈત તત્ત્વ દ્વૈતભાવ હોય છે ત્યાં સ્યાદ્વાદ હોય છે. બહુજ્ઞતાએ જીવ અને પુદ્ગલમિશ્રિત કર્મ-જનિત અવસ્થામાં સ્યાદ્ રહેવાનું અને વિરુદ્ધ તત્ત્વ આવવાનું.

સ્યાદ્વાદ એટલે પૂર્ણ તત્ત્વની સાથે બધને વિશ્વની બધી વ્યવસ્થા અને અવસ્થા તપાસવી.

શબ્દ પકડ્યા નહિ કરતાં એના ભાવ-આશય-લક્ષ્યાર્થને વિચારી આત્મભાવ જાળવવા માટે જ સર્વજ્ઞ ભગવંતે સ્યાદ્વાદ દર્શન પ્રરૂપેલ છે.

મોક્ષ એકાન્ત છે, અદ્વૈત સ્વરૂપ છે. જ્યારે મોક્ષમાર્ગની સાધના સ્યાદ્વાદ દૃષ્ટિએ અનેકાન્ત માર્ગ છે. તેથી જ મોક્ષ-લક્ષી સર્વધર્મને આર્ય ધર્મ કહ્યા છે અને એથી પૂર્વાવસ્થાની અપેક્ષાએ જૈનદર્શનમાં સિદ્ધના જે પંદર ભેદ ગણાવેલ છે એમાંનો એક ભેદ અન્ય લિંગે (જૈનદર્શન સિવાયની દર્શન પદ્ધતિએ) સિદ્ધ કહેલ છે.

છદ્મસ્થ જીવો જે જાણે છે તે ભેદ પાડીને ક્રમથી જાણે છે માટે સ્યાદ્વાદ અને સપ્તભંગિ છે.

પૂર્ણ તત્ત્વ બધે બધા વ્યવહારમાં હાજર રહે તે માટે બધને સર્વજ્ઞ ભગવંતે સ્યાદ્વાદ દર્શન પ્રરૂપેલ છે.

સ્યાદ્વાદ એટલે 'તત્ત્વ કેવલિગમ્યમ્'

સ્યાદ્વાદ એટલે સળંગ દૃષ્ટિ રાખીને જોવું. ખંડિત ન જોવું.

સ્યાદ્થી બોટા અહમ્ કાઢવાના છે. ન્યાયાધીશ નથી બનવાનું. અસ્યાદ્ એવા પરમાત્મ તત્ત્વને માથે અને સાથે રાખવાના છે. પરમાત્મ તત્ત્વનું શરણ સ્વીકારવાનું છે.

અરૂપી તત્ત્વમાં ગૂંચો (ગ્રંથિ) ન હોય. રૂપી પદાર્થમાં અને આપણા વિકલ્પોમાં ગૂંચો હોય છે-જે ગૂંચો સ્યાદ્વાદ-શૈલીથી કાઢી નાખવાની છે અને વિકલ્પમાં ઊંચા સ્વરૂપરસ રેડવાના છે. સ્યાદ્દૃષ્ટિથી દૃશ્ય પદાર્થ પ્રતિ શુભ વિકલ્પોનાં બંધન પણ તોડવાનાં છે. અશુભ વિકલ્પો તો બંધનયુકત રહેવાના જ છે, કે જેનાથી તો સાધકે પહેલેથી જ પર થવાનું હોય છે.

જ્ઞાની ભગવંતે આપણને સ્યાદ્વાદશૈલી આપી છે તે આપણા વિકલ્પોને સમતોલ રાખવા અને વિકલ્પોમાં ઊંચો સ્વરૂપરસ પાડવા માટે આપેલ છે.

સ્યાદ્ એ આંધળાની અર્થાત્ છદ્મસ્થની લાકડી છે અથવા તો કહો કે દેખતા થવાના ચશ્મા છે.

દર્શન, દર્શનને જુએ તે દર્શન છે જે સ્યાદ્વાદદર્શન છે. માત્ર બહારના દૃશ્યને જુએ તે દર્શન નથી.

ગાયને બધા ગાય તરીકે જુએ અને ઘોડાને ઘોડા તરીકે જુએ તે સૃષ્ટિ એવી દૃષ્ટિ છે. એ દર્શન છે. પરંતુ ભરવાડ, ખેડૂત, બ્રાહ્મણ, ચમાર, કસાઇ, એ ગાયને પોતપોતાની દૃષ્ટિ અનુસાર જુએ છે તે દૃષ્ટિ એવી સૃષ્ટિ છે, જે દર્શનનું દર્શન છે.

સુખ યા દુઃખ કાલ્પનિક કે માનસિક છે. એ અધ્યસ્થ છે. જ્યારે સુખ-દુઃખનો ભોક્તા એનો અધિષ્ઠાતા છે. એટલે કે સત્તાધીશ છે. માટે જ દુઃખ પણ સુખરૂપ બનાવી શકાય છે એ જ સ્યાદ્વાદદર્શન છે. સ્યાદ્વાદ કલા છે.

રાગ હોય ત્યાં અપેક્ષા હોય. રાગ હોય ત્યાં પરાધીનતા હોય. વીતરાગ કોઇના વિરોધી નથી. તેઓને કોઇની, કશાની, કશી અપેક્ષા નથી. મતિજ્ઞાનમાં મોહનીયના ભેદ ભળે એટલે જ્ઞાન વિકારી બને છે. સાવરણ બને છે, જેથી તે સીમિત રહે છે અને અપૂર્ણ હોય છે. મતિજ્ઞાન ઉપર જે આવરણ છે તે બંધન છે. એમાં પાછો આગ્રહ રાખવો અને સત્યબુદ્ધિ કરવી તે ખોજને છે. મતિજ્ઞાનના વિકલ્પોમાં આપણે સ્યાદ્ લગાડીએ તો બંધન અને બોજા ઓછાં થતાં જશે. સ્યાદ્ એટલે કંઇક. જે અપૂર્ણ છે, સીમિત છે, અધૂરું છે તે બોટું પણ હોઇ શકે, એમ સમજવું. માટે જ મતિજ્ઞાનમાં 'તત્ત્વ કેવલીગમ્યમ્' કહીને મતિજ્ઞાનના ઉપયોગમાં કેવલી ભગવંતની અર્થાત્ પૂર્ણજ્ઞાનની અપેક્ષા રાખવી જોઇએ.

પંચાસ્તિકાય એટલે કે પાંચે દ્રવ્યોનો સમૂહ જે વિશ્વ છે તે એક જ સમયે સર્વત્ર લોકાકાશમાં વિદ્યમાન છે. પાંચે અસ્તિકાય જેમ બધાં પ્રતિ સમય છે તેમ તે બધાં એકક્ષેત્રી છે. સપ્તભંગિથી એટલે કે અસ્તિ-નાસ્તિ ધર્મથી અને સ્યાદ્ કહીને પાંચે અસ્તિકાયની સમકાલીન વિદ્યમાનતાના સ્વીકાર સહિત તે પાંચેય અસ્તિકાયના પોતપોતાના ગુણ અને કાર્યની ભિન્નતાની પણ સ્વીકૃતિ છે.

સ્યાદ્વાદ અર્થાત્ સપ્તભંગિથી આપણે જેમ જગતને-એટલે કે પાંચે અસ્તિકાયને વિશેષે સમજીએ છીએ તેમ સ્યાદ્વાદથી અસ્યાદ્ એવા કેવલજ્ઞાનને પણ સિદ્ધ કરવાનું છે.

પદાર્થને તેના સકલ સ્વરૂપમાં અખંડિત જોવો તે સ્યાદ્વાદ છે. એક પદાર્થને અનેક દૃષ્ટિથી જોવા, તપાસવા અને નક્કી કરવા, જે સર્વાંગદૃષ્ટિ જોઇએ તે સ્યાદ્વાદ છે.

સ્યાદ્વાદશૈલીથી પદાર્થનું સર્વાંગી દર્શન કરવા તેનું સાત પ્રકારે અવલોકન કરવું પડે. જે સાત પ્રકારને સાત ભાંગા અર્થાત્ સપ્તભંગિ કહેવાય છે. એ સાત ભાંગા નીચે મુજબ છે:

(૧) સ્યાત્ અસ્તિ (છે)

(૨) સ્યાત્ નાસ્તિ (નથી)

(૩) સ્યાત્ અસ્તિ-નાસ્તિ (છે, નથી)

(૪) સ્યાત્ અવક્તવ્ય (કહી શકાતું નથી.)

(૫) સ્યાત્ અસ્તિ અવક્તવ્ય (છે પણ કહી શકાતું નથી.)

(૬) સ્યાત નાસ્તિ અવક્તવ્ય (નથી પણ કહી શકાતું નથી.)

(૭) સ્યાત અસ્તિ નાસ્તિ અવક્તવ્ય (છે-નથી પણ કહી શકાતું નથી.)

સાકુંય વિશ્વ જીવ-અજીવ, રૂપી-અરૂપીમાં જેમ સમાઇ જાય છે તેમ જ્ઞેય-જ્ઞાનમાં સાકુંય વિશ્વ આવી જાય.

જીવ-અજીવ, રૂપી-અરૂપી, જ્ઞેય-જ્ઞાનના ત્રણ ભાંગામાં વિશેષતા એ છે કે જ્ઞેય અને જ્ઞાનમાં જેમ જ્ઞેયનું સ્વરૂપ જાણવાનું હોય છે તેમ જ્ઞાનનું વાસ્તવિક સ્વરૂપ શું છે તે તેમાં ફલિત થાય છે. જીવનું સ્વરૂપ જ્ઞાન છે. પરંતુ જ્ઞાનનું સાચું સ્વરૂપ શું? જ્ઞાનનું સાચું સ્વરૂપ શું છે તે સ્વતંત્ર રીતે સમજીએ તો ખ્યાલ આવે. માટે સપ્તભંગિમાં પ્રથમ ત્રણ ભાંગા જ્ઞેયના છે; તે બતાવી બીજા ચાર ભાંગા જ્ઞાનના બતાવ્યા. એનું રહસ્ય આ પ્રમાણે છે કે.....

જ્ઞેયના પ્રથમ ત્રણ ભાંગામાં સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ અસ્તિરૂપ છે અને પાંચે અસ્તિકાય અનાદિ અનંત યુગપદ અસ્તિ ધરાવે છે. તેથી યુગપદ અસ્તિનાસ્તિ ધર્મો ઘટી શકે છે. હવે ચોથો ભાંગો જે અવકતવ્ય (અનિર્વચનીય)નો છે તેમાં વકતવ્ય એટલે વચનયોગ. વચનયોગ ભાષાવર્ગણાના પુદ્ગલોનો બને. પરંતુ જીવના ઉપયોગ વડે કરીને જ ભાષા

વર્ગણાના પુદ્ગલો વચનયોગરૂપે પરિણમે છે. આમ વચનયોગના મૂળમાં જીવનો ઉપયોગ મુખ્ય છે. મન-વચન-કાયાના યોગ બને પુદ્ગલના પણ હોય જીવને એટલા માટે તત્ત્વાર્થના પાંચમા અધ્યાયમાં "યોગ उपयोगौ जीवेषु" જણાવેલ છે. આ રીતે જ્ઞાનના મુખ્ય ત્રણ ભેદ છેઃ સાવરણ-નિરાવરણ, ક્રમિક-અક્રમિક અને પૂર્ણ-અપૂર્ણ. તેમાં પૂર્ણ, અક્રમિક, નિરાવરણ જ્ઞાન કેવલજ્ઞાન છે. સયોગી કેવલી ભગવંતનો વચનયોગ પણ ક્રમિક છે અને છદ્મસ્થનો વચનયોગ પણ ક્રમિક છે. કારણ કે પુદ્ગલ દ્રવ્યનું પર્યાય સ્વરૂપ ક્રમિક જ હોય સર્વજ્ઞ કે અસર્વજ્ઞ વ્યક્તિ પુદ્ગલ સાથે ભળીને ક્રિયા કરે અગર ક્રિયા થાય તો તે ક્રમિક જ હોય. પરંતુ જ્ઞાનમાં એ ભેદ છે કે સર્વજ્ઞનો ઉપયોગ અક્રમિક હોય અને વચનયોગ ક્રમિક હોય. જ્યારે અસર્વજ્ઞ-છદ્મસ્થનો ઉપયોગ પણ ક્રમિક હોય અને વચનયોગ તો ક્રમિક હોય જ. તેથી ચોથા ભાંગા 'સ્યાદ્ અવક્તવ્ય'નો લક્ષ્ય અર્થ એ કરવાનો છે કે વક્તવ્યનું મૂળ જે ઉપયોગ છે તે ક્રમિક અને અક્રમિક એમ બે પ્રકારે છે. આમ પછીના ચાર ભાંગા લક્ષ્ય અર્થથી જ્ઞાનની દશાનું સ્વરૂપ સમજાવે છે. અને તેમાં પણ કેવલજ્ઞાનનું સ્વરૂપ કેવું અક્રમિક છે તે લક્ષમાં લેવું એ ઉદ્દેશ છે. તેથી છાદ્મસ્થિક જ્ઞાનને સ્યાદ્ અવક્તવ્યાદિ ચાર ભાંગા લાગુ પડે. પરંતુ કેવલજ્ઞાનને લાગુ નહિ પડે.

જે જ્ઞેય પદાર્થો છે તે ક્રમિક છે કે અક્રમિક તે વિચારવાનું છે. જે ઉત્પાદ-વ્યય, હાનિ-વૃદ્ધિવાળું છે તે ક્રમિક છે. પુદ્ગલદ્રવ્યો અને સંસારી જીવોની અવસ્થા ક્રમિક છે.

જીવની માંગ અવિનાશી આનંદની છે, જે કેવલજ્ઞાન આપી શકે છે અર્થાત્ અક્રમિક જ્ઞાન આપી શકે છે. જ્ઞાનની પૂર્ણતામાં પૂર્ણ સુખ મળે અક્રમિક જ્ઞાન એ જ્ઞાનની પૂર્ણતા છે. અક્રમિક એવા પૂર્ણ જ્ઞાનનું લક્ષ્ય કરવા માટે ભગવંતે સ્યાદ્વાદ-સપ્તભંગિ આપેલ છે.

જો આ જગતમાં એક જ દ્રવ્ય સર્વ કાર્ય (બધાં દ્રવ્યોનું બધું કાર્ય) કરી શકતું હોત તો સ્યાદ્ તત્ત્વ ન હોત.

જો આ જગતમાં એકથી અધિક દ્રવ્ય ન હોત તો અપેક્ષા ન હોત અને તેથી સાપેક્ષવાદ ન હોત.

જો આ જગતમાં એક જ દ્રવ્યમાં એકથી અધિક ગુણધર્મ ન હોત તો અનેકાન્તવાદ ન હોત.

છતાંય પાછું સ્યાદ્વાદનું મૂળ તો અસ્યાદ્ છે, સાપેક્ષનું મૂળ નિરપેક્ષ છે અને અનેકાન્તનું મૂળ એકાન્ત છે.

પૂર્ણની હાજરીમાં અપૂર્ણ કદી ન રહે, અને અપૂર્ણની હાજરીમાં પૂર્ણ કદી ન રહે. પૂર્ણ અને અપૂર્ણ બંને સાથે કદી ન રહે.

સાપેક્ષવાદ Theory of Relativityમાં આપણે અપૂર્ણની સામે અપૂર્ણ ધટાવીએ છીએ તે અધ્યાત્મ માર્ગ નથી પરંતુ પૂર્ણની ધરી પકડીને અપૂર્ણને સમજવું તે અધ્યાત્મવાદ છે, અધ્યાત્મમાર્ગ છે. અપૂર્ણમાંથી પૂર્ણ બનવા માટે મોક્ષસાધના માર્ગ છે અને સ્યાદ્વાદ છે.

સપ્તભંગિ કેવલજ્ઞાનનું લક્ષ્ય કરાવે છે અને કેવલજ્ઞાનનું સ્વરૂપ સમજાવે છે. છદ્મસ્થજ્ઞાનમાં જેવું અને જેટલું જાણીએ, તેવું અને તેટલું જગત કે જગતના ભાવો નથી. વળી જેટલું જાણીએ છીએ તે બધું ક્રમિકતાએ જાણીએ છીએ. જે જાણીએ છીએ તેનાથી અનંતગુણ ભાવો જે જગતમાં રહેલ છે તે જાણતા નથી. આવું લક્ષ્ય સપ્તભંગિ અને સ્યાદ્વાદ કરાવે છે. આનાથી લાભ એ થાય છે કે જાણીએ તેટલા જ્ઞાનમાં બંધાઇએ નહિ. જો બંધાઇ જઇએ તો રાગ અગર દ્વેષ થયા કરશે. રાગ અને દ્વેષ ઘટતા જાય, ઓછા થતા જાય, દૂર થઇ જાય. મતિજ્ઞાન મોકળું રહે અને મુક્ત થઇ કેવલજ્ઞાનમાં પરિણમે એ સપ્તભંગિને સ્યાદ્વાદનો ઉદ્દેશ છે રહસ્ય છે. મર્મ છે-લક્ષ્યાર્થ છે.

સપ્તભંગિથી જ્ઞાન અને કાળનો વિચાર કરવાનો છે. જ્ઞાનમાં કાળ કેમ ઘૂસી ગયો છે? એ વિચારવાનું છે.

જેમ ચશ્મા વડે કરીને આંખે જુએ છે તેમ આંખ વડે કરીને પોતાના જ્ઞાને કરીને આત્મા જુએ છે. જેથી નાની પુદ્ગલની બનેલી આંખો વડે વિશાળ જગતના નાના-મોટા સર્વ પદાર્થો દેખાય છે, જણાય છે.

સ્યાદ્ શબ્દ પૂર્ણતાનું લક્ષ્ય કરાવવાની સાથે સાથે નિર્મોહી પણ બનાવે છે. જેમ અજીવ શબ્દ જીવનું નિષેધાત્મક (Negative) સ્વરૂપ સમજાવે છે એ જ પ્રમાણે સ્યાદ્ શબ્દ અસ્યાદ્ અર્થાત્ પૂર્ણનું સ્વરૂપ સમજાવે છે-લક્ષ્ય કરાવે છે.

કેવલજ્ઞાનમાં સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયનું અસ્તિત્વ એક જ સમયે અર્થાત્ સમકાળ વિદ્યમાન છે. તેના અસ્તિત્વથી 'સ્યાદ્ અસ્તિ' સમજવાનું છે. તે જ પ્રમાણે છદ્મસ્થજ્ઞાનમાં સર્વ દ્રવ્ય ગુણ-પર્યાય એક જ સમયે સમકાલીન વિદ્યમાન નથી તેના નાસ્તિપણાથી 'સ્યાદ્ નાસ્તિ' સમજવાનું છે.

સપ્તભંગિમાં પૂર્ણ અને સાચી દૃષ્ટિ કરવાની છે જ્યારે સાત નયમાં તે પ્રમાણે સાધના કરવાની છે સપ્તભંગિથી આત્માનો ઉપયોગ નિર્મોહી બનાવવાનો છે. સપ્તભંગિથી આત્માએ દૃષ્ટિમાં સાક્ષીભાવ અકર્તાભાવ લાવવાનો છે. અને જ્ઞાનમાં ભોક્તાભાવ,-કર્તાભાવ હોય તો તેને કાઢવાનો છે. જ્યારે સાત નય એ સાધના છે એનાથી આત્માને પૂર્ણતાએ પહોંચવાની રુચિ કેળવવાની છે.

કોઇપણ તત્ત્વના નક્કી કરેલા ગુણધર્મો વ્યક્તિની દૃષ્ટિ પ્રમાણે સાપેક્ષ છે. તે ગુણધર્મો સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આશ્રિત નથી. તેથી તે પરિવર્તનને પામનારાં છે. આ જ સાપેક્ષવાદ છે અને તે સ્યાદ્વાદ છે.

કેવલજ્ઞાન એક ભેદે છે. તેથી તે એકાંત છે -અદ્વૈત છે, પણ શક્તિ અનંત છે.

કેવલજ્ઞાન સિવાયના બાકીના સર્વ મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ જ્ઞાન ઘણાં ઘણાં ભેદે છે. અને શક્તિ અલ્પ છે.

અનંત એટલે વ્યાવહારિક-વાસ્તવિક અંતો ગયા અને નિશ્ચય-પારમાર્થિક અંત આવ્યો કે જે અંતનો પછી અંત જ નથી એવો અન્ + અંત = અનંતનો અર્થ છે. અનંતમાં નિત્યતા અને સમગ્રતા નિહાળવાની છે. ત્યાં અક્રમિકતા છે.

જેના અનેક અંત છે તે અનેક + અંત = અનેકાન્ત છે. સાદિ-સાન્ત ભાવાવસ્થાના એક કરતાં અધિક્ર અંતો છે અને તેથી તે અનિત્યાવસ્થા છે-અલ્પાવસ્થા-છદ્મસ્થતા છે. ત્યાં ક્રમિકતા છે.

છદ્મસ્થ જ્ઞાનીઓની અનેકાન્ત, ક્રમિક અને ભેદરૂપ દૃષ્ટિ છે.

કેવલી ભગવંતની એકાન્ત અને અનંત શક્તિરૂપ અક્રમિક દૃષ્ટિ છે.

આત્મા, પરમાત્મા બન્યા બાદ, સિદ્ધ થયા બાદ પણ જ્ઞાતા-

દ્રષ્ટા હોવાથી એકો અનંત એટલે કે એક એવો પણ અનંત રૂપ છે અને પાછો અનંતમાં એક છે.

સર્વ જ્ઞેય પદાર્થો સર્વજ્ઞ સિદ્ધ પરમાત્મ ભગવંતના જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. એ અપેક્ષાએ પરમાત્મા 'એકો અનંત' છે.

જ્યારે એ અનંતા જ્ઞેય પ્રતિબિંબો સાથે સર્વજ્ઞ-સિદ્ધ પરમાત્મ ભગવંત ! સંબંધમાં આવવા છતાંય પરમાત્મ ભગવંતની વીતરાગતામાં કે તેમના સ્વરૂપમાં લેશમાત્ર પણ ફેર પડતો નથી. તે અપેક્ષાએ પરમાત્મ ભગવંત અનંતમાં એક છે.

જે અસત્ પદાર્થ છે એમાં રસપૂર્વક નિત્યતા કરીએ છીએ તે જ રાગ છે. અને દ્વેષભાવ છે વૈરાગ્યથી, અનેકાન્ત દૃષ્ટિથી, અનેકાન્તધર્મવાળા પદાર્થને જોવાથી અબદ્ધ અર્થાત્ રાગરહિત થવાય છે અને જગત મિથ્યા, બ્રહ્મસત્યની અનુભૂતિ થાય છે.

સ્યાદ્વાદ દ્વારા આત્માની સિદ્ધિ કરવાની છે કે જે આત્મા અસ્યાદ્ છે અનેકાન્ત દ્વારા એક અને સમરૂપ એકાન્ત એવા આત્માની સિદ્ધિ કરવાની છે.

તીર્થંકર પરમાત્મ ભગવંતે આપેલ સ્યાદ્વાદદર્શન જ સત્ય સામ્યવાદ દર્શન છે કે જે દર્શન કર્મનિરપેક્ષ જીવની સિદ્ધ અવસ્થા સત્તાથી સર્વ જીવોમાં જોવાની દૃષ્ટિ આપે છે અને એટલું જ નહિ પણ એવી સર્વસમાન અવસ્થા જ્યાં છે તે સિદ્ધાવસ્થાના સ્થાન મોક્ષને બતાડે છે અને ત્યાં પહોંચવાના માર્ગને પણ દેખાડે છે.

જે વસ્તુ સાપેક્ષ છે તેની વિરુદ્ધ વસ્તુની-તત્ત્વની અસ્તિ અર્થાત્ હસ્તિ વિશ્વમાં હોય જ. ઉદાહરણ તરીકે...

જીવ સામે અજીવ; જ્ઞાન સામે અજ્ઞાન;

રૂપી સામે અરૂપી; પ્રકાશ સામે અંધકાર;

ઠંડી સામે ગરમી તેમ ક્રમ સામે અક્રમ ઇત્યાદિ. સાપેક્ષ માનેલું ટળી શકે છે અને નિરપેક્ષ માનું કદી ટળતું નથી.

સપ્તભંગિથી કેવલજ્ઞાનનું સ્વરૂપ કેવું છે તેનું જાણપણું પ્રાપ્ત થાય છે. અને એ જાણપણા ઉપર સાત નયોની દૃષ્ટિ અને સાધના છે. જે વડે કાર્યસિદ્ધરૂપ કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરવાની છે, માટે કેવલજ્ઞાનને કાર્યસિદ્ધિનો વિષય બનાવવો જોઈએ. કેમકે સાત નયયુકત આપણું જીવન છે સપ્તભંગિ-યુકત આપણી દૃષ્ટિ છે અને ચાર નિક્ષેપા એ આપણો વ્યવહાર છે.

સપ્તભંગિ અને સાત નયો દ્રષ્ટાએ સ્વયં પોતા ઉપર અને પોતાની દૃષ્ટિ ઉપર લાગુ પાડીને સ્યાદ્-અપૂર્ણ અવસ્થામાંથી જીવે પોતાની પૂર્ણ-અસ્યાદ્-આત્યંતિક એવી પરમ શુદ્ધાવસ્થા પ્રાપ્ત કરવાની છે. આ જ તો અધ્યાત્મવાદ છે. સપ્તભંગિ અને સાત નયો દૃશ્યને લાગુ નથી પાડવાના. એ કામ દૃશ્યવાદીના છે. દ્રષ્ટાના કે સાધકના નહિ. ખંડનાત્મક પદ્ધતિને ખતમ કરવા માટે જ્ઞાની ભગવંતે સ્યાદ્વાદ આપેલ છે. કોઈપણ વિકલ્પમાં ન અંધાઈએ અને અહર્નિશ નિર્વિકલ્પકતા એટલે કે અકર્મિકતાનું લક્ષ્ય રહ્યા કરે અને થયા કરે તે માટે જ્ઞાની ભગવંતોએ સ્યાદ્વાદદર્શન પ્રરૂપેલ છે.

સાપેક્ષવાદની સમજણ જીવે દરેક પરિસ્થિતિમાં સમાધાન કરી સમભાવપૂર્વક જીવવા માટે પ્રાપ્ત કરવાની છે. સાપેક્ષવાદ કોઈ વાદવિવાદ માટે નથી ભણવાનો. સ્યાદ્વાદથી આપણે જ્ઞાન-પ્રકાશ-વિવેકમાં રહીને જીવવાનું છે. કોઈને દુઃખી નથી કરવાના.

પરમાત્મા પાસેથી સ્વરૂપ સત્ય મળે છે, જ્યારે દીન, દુઃખી, દરિદ્રી, પીડિત વ્યકિતઓને જોઈને સ્વરૂપ તત્ત્વ ક્રમ આવરાયેલું છે તે સમજાય છે.

સપ્તભંગિ પૂર્ણતત્ત્વનું લક્ષ્ય કરાવે છે. જ્યારે સાત નયો પૂર્ણ તત્ત્વની પ્રાપ્તિ અંગે વિકાસ કરાવીને પૂર્ણતાએ પહોંચાડે છે. સાત નયોથી સાધકે ઉત્તરોત્તર સાધના કરવાની છે. એકબીજા નયમાં એકબીજાને જોવાના છે.

સપ્તભંગિ અને સાત નયોની સાધના દ્વારા જીવે અહમ્-રહિત થવાનું છે; અને નહિ કે અહમ્ વધારવા, વાદવિવાદ કરવા યા પંડિતાઈ બતાડવા સાધના કરવાની છે.

જ્યાં સુધી હું કેવલજ્ઞાની નથી થયો ત્યાં સુધી હું હારેલો છું મોહરાજાથી હારેલો એવો હું દ્વેષોથી ભરેલો છું. માટે મારી હારને જીતમાં પલટાવવા માટે સાત નયો અને સપ્તભંગિની સાધના કરવાની છે.

સાત નય વગરનું કોઈ જીવનું જીવન નથી. નૈગમ-સંગ્રહ અને વ્યવહાર નય જણાવે છે કે...

હે જીવ ! તું તારા પ્રત્યે અને જગત પ્રત્યે દૃષ્ટિ કર !

ત્યારે આપણે અનાદિકાળથી જગતને આપણા પ્રત્યે દૃષ્ટિ કરાવવા ઇચ્છીએ છીએ અને પોતે સ્વયં પ્રતિ પણ દૃષ્ટિ કરતા નથી.

આપણા મોહભાવો સબળા છે, કઠિન છે કારણ કે આપણે આપણા જ્ઞાનને સ્યાદ્ લગાડતા નથી. જો આપણા જ્ઞાન ઉપયોગમાં સ્યાદ્ લગાડીએ તો આપણા મોહભાવો મૃદુ થાય અલ્પ થાય. આપણું જ્ઞાન સાવરણ જ્ઞાન છે. અપૂર્ણ અને ક્રમિક એવું આંધળું જ્ઞાન છે, માટે અંધિળાને દોરવાને માટે લાકડીની જરૂર હોય છે એમ છદ્મસ્થના સાવરણ-અલ્પ-અપૂર્ણ-ક્રમિક-આંશિક જ્ઞાનને અલ્પ મોહભાવ રહે તે માટે થઈને સ્યાદ્વાદ ભણાવવાનો છે. સ્યાદ્વાદ, જ્ઞાની ભગવંતોએ આપણને નિર્મોહી બનવા માટે તથા નિર્મોહીપણે બનવા માટે તથા નિર્મોહીપણે જીવન જીવવા માટે આપેલ છે, જેથી કરી જ્ઞાનમાં અહમ્ ન રહે અને મોહવિકારો અલ્પ અને અલ્પ થતા જાય.

જ્યાં સુધી આપણા જ્ઞાનમાં મોહવિકારો છે ત્યાં સુધી આપણે આંધળા એટલે કે અજ્ઞાની અર્થાત્ અપૂર્ણ જ્ઞાની છીએ. દેખતા તો તે છે કે જેઓ પ્રત્યક્ષ જ્ઞાની અર્થાત્ પૂર્ણજ્ઞાની-કેવલજ્ઞાની એવા સર્વજ્ઞ છે. જેમના જ્ઞાનમાં જ્ઞાતિજ્ઞાનનાં કોઈ ધર્મો, કોઈ વિચારો, કોઈ સંકલ્પો કે કોઈ વિકલ્પો નથી, જ્યાં જોવા-જાણવાની કોઈ જરૂર નથી, જ્યાં સ્મૃતિ કે વિસ્મૃતિના કોઈ પ્રશ્નો નથી.

સ્યાદ્વાદ આપણા જ્ઞાન ઉપયોગમાં નિરંતર ચાલુ રાખવાથી આપણું કાર્ય ચાલ્યા કરે છે. અને અંતે આપણે સ્વયં દેખતા થઈએ છીએ. માટે જ સર્વજ્ઞ ભગવંતના જ્ઞાનની કિંમત છે. સ્યાદ્વાદ દ્વારા 'तत्त्व केवलगम्यम्' કહી તે સર્વજ્ઞ ભગવંતના સંપૂર્ણ જ્ઞાનનું શરણ લઈ આપણે-નમ્ર-અહમ્રહિત બનીએ છીએ, નમીએ છીએ, ઢળીએ છીએ.

જ્યાં મોહ હોય ત્યાં વિષયના ચડ-ઊતરના ઢાળ હોય, નિર્મોહતા-વીતરાગમાં ઢાળ ન હોય.

ચાર ધર્મ, ચાર નિક્ષેપા, ચાર કારણ, પંચ કારણ, ષટ્, સ્થાનક, સાત નય, સપ્તભંગિ, આઠ કર્મ, નવ તત્ત્વ, ચૌદ

ગુણસ્થાનક, અઢાર પાપ સ્થાનક, વ્યવહાર-નિશ્ચય, દ્રવ્યાર્થિક નય-પર્યાયાર્થિક નય, ઉત્પાદ-વ્યય-ધ્રુવની ત્રિપદી, દ્રવ્યગુણ-પર્યાય, પાંચ અસ્તિકાય, ષડ્ દ્રવ્ય આદિ ત્રિકાલિક તત્ત્વો સર્વજ્ઞ જ્ઞાની ભગવંતોએ આપેલ છે તે સર્વનો સમૂહ એ જ આપણું જીવન છે. વ્યવહાર પણ હું છું અને સાત નય પણ હું છું. સ્યાદ્ છું. ત્યાં સુધી આ સઘળું હું છું. સર્વજ્ઞ થાઉં, એટલે સર્વથી અતીત થાઉં, જે સર્વાતીત અવસ્થા શુદ્ધાત્મદશા-સિદ્ધાવસ્થા છે. અને તે પરમાત્મત્વ છે.

કોઈપણ જીવ જાણે કે અજાણે પુણ્ય બાંધે છે તેના કારણમાં-મૂળમાં સર્વજ્ઞ ભગવંતે શુભ ભાવ કેમ કરવા એ બતાડેલ છે તે કારણભૂત છે.

કોઈને પૂછવા જઈએ એટલે આપણે જ્ઞાનમાં આંધળાં છીએ, -અપૂર્ણ છીએ. કેવલીભગવંત બીજા કેવલી ભગવંતનેય પૂછતા નથી તેમ પ્રશ્ન કર્તાને પ્રશ્ન દ્વારાવવામ જણાવતા નથી. માટે તેઓ પૂર્ણજ્ઞાની છે; સર્વજ્ઞ છે. કેવલજ્ઞાની જાણે બધું પણ એમને જરૂર કાંઈ નહિ. જ્યારે છદ્મસ્થ જ્ઞાનીઓ જાણે ઓછું અને જરૂર ઘણી બધી અને ઘણાબધાની પડે. આપણે જરૂર-આવશ્યકતા બધી મટાડી દઈએ એવી સાધના કરીએ તો આપણું જ્ઞાન પૂર્ણ બને જેને કશાની કાંઈ જરૂર નથી. એને કોઈ પદાર્થને જાણવાનીય જરૂર નથી. ઇચ્છાતત્ત્વ, કામનાતત્ત્વ જ્ઞાનનો આધાર બધને નીકળે છે. અને તે જ્યાં સુધી હોય છે ત્યાં સુધી જ્ઞાન અજ્ઞાન બની રહે છે.

આમ કેવલજ્ઞાનની અપેક્ષાએ ન જોઈએ તો આંધળાં છીએ. પરંતુ કેવલજ્ઞાનની અપેક્ષા રાખીને જોઈએ તો આંધળાં ખરાં પણ કાર્ય થઈ રહેલ છે. આંધળાપણું ટળશે અને દેખતા થવાશે, પરમાત્મા બનાશે.

દરેક જીવનું મતિજ્ઞાન અમુક દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આંધળું હોય છે. માટે સ્યાદ્વાદથી કેવલજ્ઞાનીની અપેક્ષાએ એટલે કે સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ વિચારવા ફરમાવેલ છે જેથી પ્રત્યેક જીવ અને પ્રત્યેક પદાર્થ પ્રતિ સાધકની દૃષ્ટિ વિશાળ-ઉદાર અને ઉમદા બને.

સ્યાદ્વાદ અને સપ્તભંગિનો લક્ષ્યાર્થ શું છે? એ દર્શાવવા પૂરતું જ આ લેખને સીમિત રાખ્યો છે અને તેથી સપ્તભંગિ ઉપર પ્રચલિત શાસ્ત્રીય નિરૂપણની રજૂઆત કરી નથી, જે અન્ય ઉપલબ્ધ પુસ્તકમાંથી જિજ્ઞાસુએ અવગાહન કરી લેવા વિનંતી છે. તેમાંય ન્યાય વિશારદ, ન્યાયતીર્થ, પૂજ્ય મુનિશ્રી ન્યાયવિજયજી રચિત જૈનદર્શનનો પાંચમો અને છઠ્ઠો ખંડ વાંચી જવા વિશેષે ભલામણ છે કેમકે તેમાં સ્યાદ્વાદ-શૈલીથી સર્વ આર્યદર્શનનો સરસ સમન્વય એઓશ્રીએ કરી બતાડી આપણી ઉપર ભારે ઉપકાર કર્યો છે. સપ્તભંગિ ઉપર વિચાર કર્યો. હવે સાત નયો વિષે અવસરે વિચારશું.

સંકલન : સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી

સંઘનાં પ્રકાશનો

* **સત્યમ્ શીવમ્ સુંદરમ્** લે. પરમાનંદ કુંવરજી કાપડિયા
  * મૂલ્ય રૂ. ૩-૦૦ * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૨૫૫
* **ચિંતનયાત્રા** લે. પરમાનંદ કુંવરજી કાપડિયા
  મૂલ્ય * રૂ. ૭-૦૦ * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૩૦૪
* **મહાવીર વાણી** (અપ્રાપ્ય) સંપા. ડૉ. ભગવાનદાસ તિવારી

સંઘની વિવિધ પ્રવૃત્તિઓ

* પ્રબુદ્ધ જીવન (પાક્ષિક)
* પર્યુષણ વ્યાખ્યાનમાળા
* આચાર્યશ્રી વિજય વલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાનશ્રેણી
* શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા
* શ્રી મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્ર
* પરિસંવાદ
* હિન્દી વિચાર ગોષ્ઠિ
* મરાઠી ચર્ચાસભા
* જ્ઞાનગોષ્ઠિ
* સાંસ્કૃતિક મિલન અને સભાઓ
* શ્રી દીપચંદ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટ ગ્રન્થશ્રેણી
* શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક
  ('પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતાં લેખોના શ્રેષ્ઠ પ્રદાન માટે)
* શ્રી મોહનલાલ મહેતા-'સોપાન' સ્મૃતિ પારિતોષિક
  (મુંબઈનાં ગુજરાતી વર્તમાનપત્રોમાં શ્રેષ્ઠ ચિંતનાત્મક લેખના લેખકને પારિતોષિક)
* એકમુપ્રેસર તાલીમ વર્ગ
* આધ્યાત્મિક વર્ગ
* મહિલા વાતૃત્વ તાલીમ વર્ગ
* ભક્તિ સંગીત વર્ગ
* પ્રેમળજ્યોતિ
* અસ્થિ સારવાર કેન્દ્ર
* શ્રી સી. યુ. શાહ મેડિકલ એઇડ ફંડ
* શ્રી જે. વી. મહેતા અનાજ રાહત ફંડ
* શ્રી ધરમપુર આદિવાસી વિસ્તાર કેન્દ્ર
* પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી દત્તક ફંડ
* નેત્રયજ્ઞ
* શ્રી ધીરજબહેન દીપચંદ રમકડાંઘર
* શ્રીમતી સરસ્વતીબહેન ડાહ્યાભાઈ ઝવેરી ચશ્માબેન્ક
* શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય
* સંઘના સભ્યોનું સ્નેહ મિલન

---

* **અવગાહન** (અપ્રાપ્ય) લે. ચીમનલાલ ચકુભાઈ શાહ
* **સમયચિંતન** લે. ચીમનલાલ ચકુભાઈ શાહ
  * મૂલ્ય રૂા. ૩૦ * ડેમી સાઇઝ * પૃષ્ઠ ૨૦૮
* **તત્ત્વવિચાર અને અભિવંદના** લે. ચીમનલાલ ચ. શાહ
  * મૂલ્ય રૂ. ૩૫ * ડેમી સાઇઝ * પૃષ્ઠ ૧૭૬
* **જૈનતત્ત્વ** (બીજી આવૃત્તિ) લે. ડૉ. રમણલાલ ચી. શાહ
  * મૂલ્ય રૂા. ૨૦ * ક્રાઉન સોળપેજી * પૃષ્ઠ ૧૬૪
* **નિહ્નવવાદ** (અપ્રાપ્ય) લે. ડૉ. રમણલાલ ચી. શાહ
  મૂલ્ય રૂ. ૭
* **અર્ધી સદીના આરે** (સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાના પચાસ વર્ષની સવિગત માહિતી આપતું પ્રકાશન)
  સંપા. પન્નાલાલ ર. શાહ મૂલ્ય : રૂ. ૧૦/-
  * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૮૮
* **નિરીક્ષણ અને અર્થઘટન** લે. પન્નાલાલ ર. શાહ
  * મૂલ્ય રૂ ૪૦-૦૦ ડેમી સાઇઝ * પૃષ્ઠ-૧૭૬

ઉપરોક્ત પુસ્તકો મેળવવા માટે સંઘના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.

જૈનધર્મમાં આહાર અને તપ

મુનિ વાત્સલ્યદીપ

દેવો નહિ, દાનવો તો નહિ જ, પશુ-પંખીઓ પણ નહિ, માત્ર માણસ જ ઉચિત અને જરૂરી સાધના કરીને મુક્તિ પામી શકે છે. આથી માનવજીવનનું પરમ લક્ષ્ય છે મોક્ષ. આ લક્ષ્યને સિદ્ધ કરવા માટે શ્રમણ ભગવાન મહાવીરે સાધનામાર્ગનું નિરૂપણ કર્યું.

સાધનામાર્ગનો સરળ અર્થ છે આચારસંહિતા. સાધુ-સાધ્વી માટે પાંચ મહાવ્રત અને શ્રાવક-શ્રાવિકા માટે બાર વ્રત-આચાર છે. આ સાધ્વાચાર અને શ્રાવકાચારને વધુ શુદ્ધ અને સુદૃઢ કરવા માટે આહારસંહિતા [તપ], વિહારસંહિતા [અષ્ટપ્રવચન માતા] અને વિચારસંહિતા [ભાવના]નું પણ નિરૂપણ કર્યું.

* આહારસંહિતા

૧. ઉકાળેલું પાણી : સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાએ હંમેશ માટે ઉકાળેલું પાણી પીવું જોઇએ. વિજ્ઞાને આજે શોધ કરી. શ્રી તીર્થંકર પરમાત્માઓએ હજારો વરસ પહેલાં કહ્યું કે પાણીમાં અસંખ્ય જીવો છે. જીવયુક્ત પાણી પીવાથી જીવોની હિંસા થાય છે અને અનેક શારીરિક રોગો પણ થાય છે. કોલેરા, મેલેરિયા આદિ રોગચાળાના સમયે આથી જ ઉકાળેલું પાણી પીવાનો આગ્રહપૂર્વક જાહેર પ્રચાર થાય છે.

રોગો અને જીવહિંસાથી બચવા માટે ઉકાળેલું પાણી પીવું જોઇએ.

અને કાચું પાણી ગાળીને પછી જ વપરાશમાં લેવું જોઇએ. પાણી ગાળીને તેમજ ઉકાળીને પીવાથી વધુ હિંસાના પાપથી તેમજ સંભવિત રોગોથી બચી શકાય છે.

૨. અભક્ષ્યભક્ષણ ત્યાગ : કહેવત છે, અન્ન તેવો ઓડકાર. ખાટું ખાધું હોય તો ખાટો ઓડકાર આવે. આહાર-પાણીની તન-મન ઉપર, આચાર અને વિચાર ઉપર નિશ્ચિત અસર પડે છે. જે આહાર-પાણી લેવાથી મન વિકૃત બને, વૃત્તિઓ ઉશ્કેરાય, વિચારો બગડે તેથી તેને અભક્ષ્ય ગણવામાં આવ્યા છે. આરાધકોએ-સાધકોએ તેવાં ભોજન-પાણીનો ત્યાગ કરવો જોઇએ.

જૈનધર્મમાં અભક્ષ્ય પદાર્થોનું એક વિસ્તૃત વિજ્ઞાન છે. 'જીવ વિચાર' આદિ ગ્રંથોમાં તેની વિસ્તારથી સમજ અપાઇ છે. સંક્ષેપમાં પણ મુખ્યત્વે આમ છે :

૧. માંસાહારનો ત્યાગ કરવો જોઇએ. કોઇપણ પ્રકારના નાનામોટા જીવોનું માંસ, માછલી તેમજ ઇંડાંનું ભક્ષણ ન કરવું જોઇએ. શક્ય હોય તો એ બધાંનો જેમાં ઉપયોગ થયો હોય એવી દવાઓ અને વસ્તુઓનો ઉપયોગ પણ ન કરવો જોઇએ.

૨. કંદમૂળનો ત્યાગ કરવો જોઇએ. જમીનકંદવાળા પદાર્થોમાં અસંખ્ય જીવો હોય છે. તેમાં ભક્ષણથી જીવહિંસા તો થાય જ છે. તે ખાવાથી મન વિકૃત બને છે. કાંદા, લસણ, આદુ, મૂળા, રીંગણાં વગેરે ૨૨ પ્રકારનાં કંદમૂળ છે. તે ખાવાથી લોહી ગરમ બને છે, મન વાતવાતમાં ઉશ્કેરાય છે અને વૃત્તિઓ વિકૃત બને છે.

૩. મદ્યનિષેધ : દારૂના ઉત્પાદનમાં અસંખ્ય જીવોને મારવામાં આવે છે. દારૂ પીવાથી જીવહિંસા તો થાય જ છે. દારૂ પીનાર વિવેક ગુમાવીને ઘણીવાર ન કરવાનું કરી બેસે છે. બુદ્ધિ તેનાથી કુંઠિત બને છે. વૃત્તિઓ ઝડપથી ઉત્તેજિત થાય છે.

તન-મનને શાંત, સ્વસ્થ અને નિષ્પાપ રાખવા માટે જીવનભર માંસાહાર, કંદમૂળ અને દારૂનો ત્યાગ કરવો જોઇએ.

૪. રાત્રિભોજન ત્યાગ : શક્ય હોય તો સૂર્યાસ્ત થયા બાદ ભોજન અને પાણી બંનેનો ત્યાગ કરવો જોઇએ. પાણીનો ત્યાગ ન થઇ શકે તો રાત્રિભોજનનો ત્યાગ તો અવશ્ય કરવો જોઇએ.

આરોગ્યવિજ્ઞાન પણ કહે છે કે સૂર્યાસ્ત પછી જમેલું બરાબર પચ્યું નથી. ભોજન નહિ પચવાથી અજીર્ણ, કબજિયાત વગેરે રોગો થાય છે. પેટ બગડેલું હોય તો પરમાત્માની ભક્તિ સ્વસ્થ અને પ્રસન્નચિત્તે ન થઇ શકે.

બીજું, રાતે બધુ જીવોની ઉત્પત્તિ ને મૃત્યુ થાય છે. રાત્રિ-ભોજનથી આવા અસંખ્ય જીવોની હિંસા થાય છે. જીવહિંસાના પાપથી બચવા અને આરોગ્યને નિરોગી રાખવા માટે પણ રાત્રિ ભોજનનો ત્યાગ કરવો જોઇએ.

* તપ :

જૈનધર્મમાં તપનું અનિવાર્ય અને આગવું સ્થાન છે. પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવે લાગલગાટ ચારસો દિવસ સુધીના ઉપવાસ કર્યા હતા. ચરમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુએ સાડા બાર વર્ષ સુધી વિવિધ તપસ્યાઓ કરી હતી. ઇન્દ્રિયો અને મનને સંયમિત કરવા માટે વિવિધ પ્રકારનાં તપ કરવામાં આવે છે. તપ કર્મનો ક્ષય કરવા માટે છે. આત્માને નિર્મળ અને નિર્મમ બનાવવા માટે તપ કરવાનું છે.

શ્રમણ ભગવાન મહાવીરે બે પ્રકારનાં તપ કહ્યાં છે: બાહ્ય તપ અને આભ્યંતર તપ.

બાહ્ય તપ એટલે સામેની વ્યક્તિ જોઇને કહી શકે કે આ તપસ્વી છે, એ તપ કરે છે. ત્યાગ અને સહિષ્ણુતા આ તપનાં મુખ્ય લક્ષણ છે. તેના છ પ્રકાર છે :

૧. અનશન: અન્ન, પાણી, મેવો અને મુખવાસ – આ ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો. આ આહારત્યાગ કે અનશન બે પ્રકારે છે: ૧. મર્યાદિત સમય સુધી અનશન કરવું. ૨. યાવજ્જીવ અનશન કરવું.

સમય મર્યાદિત અનશન વિવિધ પ્રકારનું છે. શ્રેણી તપ, પ્રતર તપ, ઘન તપ, વર્ગ તપ અને વર્ગાવર્ગ તપ – એ તેના પાંચ મુખ્ય પ્રકાર છે. આ ઉપરાંત જે સર્વાધિક પ્રચલિત સમય મર્યાદિત અનશન છે. તે આ પ્રમાણે:

(એ) ઉપવાસ : એક આખા દિવસનાં ભોજન-પાણી બંને કે માત્ર ભોજનત્યાગને ઉપવાસ કહે છે.

(બી) છઠ્ઠ : બે સળંગ આખા દિવસનાં ભોજન-પાણી બંને કે માત્ર ભોજનત્યાગને છઠ્ઠ કહે છે.

(સી) અઠ્ઠમ : સળંગ ત્રણ દિવસ સુધી ભોજન-પાણી બંને કે માત્ર ભોજનત્યાગને અઠ્ઠમ કહે છે.

(ડી) અઠ્ઠાઇ : લાગલગાટ આઠ દિવસ સુધી ભોજન-પાણી બંને કે માત્ર ભોજનત્યાગને અઠ્ઠાઇ કહે છે.

(ઇ) માસક્ષમણ : પૂરા એક મહિના સુધી ભોજન-પાણી

બંને કે માત્ર ભોજનત્યાગને માસક્ષમણ કહે છે.

યાવજ્જીવ અનશન બે પ્રકારનું છે: એક, ભક્ત પ્રત્યાખ્યાન. તેમાં અંતિમ શ્વાસ સુધી ચારેય પ્રકારના આહારનો ત્યાગ કરવાનો હોય છે બે, પાદોપગમન. તેમાં ચારેય આહારનો ત્યાગ કરી લાકડાની જેમ હલનચલન કર્યા વિના એક જ આસને રહી આત્મધ્યાનમાં લીન રહેવાનું હોય છે.

વિશિષ્ટતા : ઉપવાસમાં માત્ર ઉકાળેલું જ પાણી પીવાનું હોય છે. સૂર્યાસ્ત પછી પાણીનો પણ ત્યાગ કરવાનો હોય છે અને પાણી પણ એક જગાએ બેસીને જ પીવાનું હોય છે.

* ભોજન અને પાણી બંનેના આખા દિવસના ત્યાગને ચઉવિહાર ઉપવાસ કહે છે.

* પર્યુષણમાં આ તપ વિશેષ પ્રકારે થાય છે. આ પર્વમાં મોટી સંખ્યામાં આરાધકો અઠ્ઠમ, અઠ્ઠાઇ કે માસક્ષમણની તપસ્યા કરે છે.

૨. ઊણોદરી : ભૂખ કરતાં થોડું કે ઓછું ખાવું-પીવું.

૩. વૃત્તિસંક્ષેપ : ભોગોપભોગની તેમજ ખાવાપીવાની ચીજ-વસ્તુઓની મર્યાદા ઘટાડવી. જીવનની જરૂરિયાતો ઘટાડતાં જવી.

૪. રસત્યાગ : મનને દૂષિત અને દોષિત કરે, વૃત્તિઓને વિકૃત કરે તેવા ખાદ્યપદાર્થો, પરિધાન તેમજ પ્રસાધનોનો ત્યાગ કરવો.

૫ કાયકલેશ : દુઃખના પ્રસંગોમાં પણ ચિત્તની શાંતિ, સ્વસ્થતા અને પ્રસન્નતા અખંડ અને અક્ષુબ્ધ રહે છે કે નહિ તેની કસોટી કરવા માટેનો પ્રયોગ. ધોમ તડકામાં ઉઘાડા પગે ને માથે ચાલવું, કડકડતી ઠંડીમાં ઉઘાડા શરીરે ધ્યાન ધરવું. એક જ આસને કલાકો સુધી બેસીને કે ઊભા રહીને ધ્યાન ધરવું વગેરે કાયકલેશ તપ છે.

૬. સંલીનતા : મન વારંવાર અશુભ વિચાર કરે છે. ઇન્દ્રિયો અશુભ આચાર કરે છે. અશુભ વિચાર અને આચાર તરફ દોડી જતા મન અને ઇન્દ્રિયોને શુભ વિચાર અને આચારમાં સ્થિર કરવા તેને સંલીનતા તપ કહે છે.

* આભ્યંતર તપ

આ તપનો મુખ્ય સંબંધ આરાધકના મન સાથે છે, આ તપમાં અંતરની શુભ ભાવનાનું મહત્ત્વ છે. આ ભાવના દેખી શકાતી નથી. આથી આ તપને આભ્યંતર તપ કહ્યું છે. તેના પણ ૬ પ્રકાર છે :

૧. પ્રાયશ્ચિત : જાણતાં કે અજાણતાં માણસથી ભૂલ થઇ જાય છે. પાપ થઇ જાય છે. દોષનું સેવન થઇ જાય છે. આવું જે કંઇ પાપ થઇ ગયું હોય, આવો જે કંઇ દોષ સેવાઇ ગયો હોય તેનો ખરા અંતઃકરણથી પસ્તાવો કરવો. સદ્‌ગુરુ પાસે જઇને એ પાપનો આંસુભીની આંખે એકરાર કરવો, એ પાપની સજાની માગણી કરવી અને થઇ ગયેલું પાપ ફરીથી નહિ કરવાની પ્રતિજ્ઞા કરવી, તેને પ્રાયશ્ચિત તપ કહ્યું છે.

૨. વિનય : જેઓ પોતાનાથી ઉંમરમાં મોટા છે, જેઓ પોતાનાથી વધુ જ્ઞાની અને ગુણવાન છે, તે સૌ વડીલો, સંતો, સજ્જનો આદિનો આદર-સત્કાર કરવો. તેમનું બહુમાન કરવું. તેમનાં ગુણોની પ્રશંસા કરવી. તેને વિનયતપ કહ્યું છે.

૩. વૈયાવચ્ચ : જ્ઞાની, તપસ્વી, વડીલ, વૃદ્ધ, બીમાર આદિની વિવિધ પ્રકારે ઉચિત સેવાભક્તિ કરવી.

૪. સ્વાધ્યાય : આત્માને નિર્મળ અને નિર્મમ બનાવવામાં પ્રેરણા અને બળ આપે, સદ્‌વિચાર અને સદાચારને સુદૃઢ કરે તેવાં ઉત્તમ પુસ્તકોનો અભ્યાસ કરવો. તેનું વાંચન-શ્રવણ કરવું.

૫. ધ્યાન : પવિત્ર ને નિર્દોષ આસન ઉપર સ્થિર ને અડોલ બેસીને કે ઊભા રહીને, એકાગ્ર ચિત્તે પરમાત્માનું ચિંતન-મનન કરવું.

૬. ઉત્સર્ગ : ઘર અને ધંધાની તમામ બાહ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને, આત્મા સિવાયના અન્ય તમામ વિચારોનો ત્યાગ કરીને, નિશ્ચિત સમય સુધી પરમાત્માનું ધ્યાન ધરવું. આ કાયોત્સર્ગ તપ કે ધ્યાન તરીકે તે વધુ પ્રચલિત છે. આ તપમાં કાયાની માયા-મમતાનો ત્યાગ અને આત્મભાવમાં રમણ મુખ્ય છે.

* વિશિષ્ટ તપ :

બાહ્ય તપમાં પહેલું અનશન તપ અને ચોથું રસત્યાગ તપ કહ્યું છે. આ બંને તપને આધારશીલા બનાવીને બંનેની વિશિષ્ટ તપસ્યાનું આયોજન કરાયું છે. તે આ પ્રમાણે :

૧. વરસી તપ : આ તપની સમયમર્યાદા પૂરા ચારસો દિવસની છે. આ તપમાં ચારસો દિવસ સુધી એકાંતરે ઉપવાસ કરવાનો હોય છે. મતલબ કે એક દિવસ ઉપવાસ અને બીજા દિવસે બેસણું કરવાનું હોય છે. બેસણું એટલે એક સ્થિર આસને બેસીને દિવસમાં માત્ર બે ટંક જ જમવાનું. ફાગણ વદ ૮મના રોજ આ તપનો પ્રારંભ થાય છે અને બીજા વરસના વૈશાખ સુદ ત્રીજના દિવસે તેની પૂર્ણાહુતિ થાય છે. તપનું પારણું શેરડીના રસથી કરવાનું હોય છે.

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવે એક વરસના સળંગ ઉપવાસ કર્યા બાદ શેરડીના રસથી પારણું કર્યું હતું. આથી આ વરસી તપ ભગવાનના તપની પ્રતિકૃતિરૂપે કરવામાં આવે છે.

૬૨ વરસે હજારો આરાધકો આ તપ પ્રસન્નચિત્તે કરે છે.

આ તપ કુલ ૪૦૦ દિવસોનું છે.

૨. નવપદ ઓળી: આ તપમાં 'નવપદ' મુખ્ય અને મહત્ત્વના છે. આથી પહેલાં તેનો મિતાક્ષરી પરિચય કરી લઇએ :

આત્માને નિર્મળ અને નિર્મમ બનાવવા માટે 'નવપદ'નું ધ્યાન ખૂબ જ પ્રેરક અને પ્રોત્સાહક બને છે. નવપદના એકાગ્ર ધ્યાનથી આત્મા ઉજ્જવળ અને ઉજમાળ બને છે. આ નવપદની આરાધના અને સાધના માટે સવિસ્તર માર્ગદર્શન અપાયું છે, આ નવપદ આ પ્રમાણે છે :

૧. અરિહંત : જૈનોના આ શ્રદ્ધેય અને આરાધ્ય ભગવાન છે. રાગ દ્વેષ અને મોહ ઉપર જેમણે સર્વથા અને સંપૂર્ણ વિજય મેળવ્યો છે અને જે પૂજ્યાતિપૂજ્ય છે, તે અરિહંત છે. તેમને વીતરાગ, તીર્થંકર, અર્હંત્, જિન, જિનેશ્વર આદિ પુણ્યનામોથી પણ ઓળખાવવામાં આવે છે.

૨. સિદ્ધ : શુભ અને અશુભ તમામ કર્મોનો નાશ કરીને જેઓએ પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી છે તેવા મુક્ત, શુદ્ધ, નિરંજન નિરાકાર આત્માઓને સિદ્ધ કહે છે.

૩. આચાર્ય : જૈન સાધુઓના એક સમુદાયના વરિષ્ઠ નાયકને આચાર્ય કહેવાય છે. જે સાધુ જ્ઞાન, ચારિત્ર અને સંયમની સાધનામાં વિશિષ્ટ, ધર્મવ્યવસ્થાની જવાબદારી વહન કરવામાં સક્ષમ અને સમર્થ હોય તેવા જૈન સાધુને આચાર્યની સર્વોચ્ચ પદવી અપાય છે. આવા આચાર્યનો જીવનવ્યવહાર જ એવો હોય છે કે

તેમનું આચરણ પણ મૌન અને પ્રેરક ઉપદેશ બની રહે છે. અરિહંતની ગેર અનુપસ્થિતિમાં આચાર્ય, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકારૂપ શ્રી ચતુર્વિધ સંઘની જવાબદારીઓનું વહન કરે છે.

૪. ઉપાધ્યાય: જે જૈન સાધુ જ્ઞાન, ચારિત્ર અને સંયમમાં વિશેષ હોય, જેમણે ધર્મ અને દર્શનશાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય, બીજાઓને ભણાવવા જેટલું શાસ્ત્રો પર પ્રભુત્વ મેળવ્યું હોય તેવા સાધુને ઉપાધ્યાય કહે છે. આ પણ એક પદવી છે.

૫. સાધુ : શ્રમણ ભગવાન મહાવીર પ્રરૂપિત પંચ મહાવ્રતોનું પાલન કરી આત્મસાધનામાં રમમાણ રહેતા ભેખધારીને સાધુ કહે છે.

જૈનો અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-આ પાંચને પંચ પરમેષ્ઠિ કહે છે. તેઓ પાંચેયની ભગવાનની જેમ પૂજા-ભક્તિ કરે છે. તેમના પર તેઓ અનહદ આસ્થા અને આદર ધરાવે છે.

૬. દર્શન : દર્શન એટલે અડગ ને સુદૃઢ શ્રદ્ધા. શ્રમણ ભગવાન મહાવીરે ચીંધેલા આત્મસાધના માટેનાં તત્ત્વો, આલંબનો અને માર્ગમાં દૃઢ શ્રદ્ધા રાખવી. તેને દર્શન કહે છે. આ દર્શન સમ્યક્ત્વ, સમકિત અને સમ્યગ્દર્શન કે દૃષ્ટિનાં નામોથી પણ ઓળખાય છે.

૭. જ્ઞાન : આત્માની ઓળખ અને અનુભૂતિ કરાવે તેને જ્ઞાન કહે છે. રાગ, દ્વેષ અને મોહરૂપી અંધકારને દૂર કરવામાં આ જ્ઞાન-આત્મજ્ઞાન ઉપયોગી બને છે.

૮. ચારિત્ર : લશ્કરના સૈનિક ઊંઘતું સહેજ પણ ઓકું ખાધા વિના ખડે પગે દેશના સીમાડાઓની ચાંપતી રક્ષા કરે છે, તે પ્રમાણે થાક્યા કે કંટાળ્યા વિના, ગાફેલ રહ્યા વિના સતત સાવધપણે આત્મભાવમાં જીવવું, આત્મમય બનવું તેને ચારિત્ર કહે છે.

૯. તપ: તન અને મનનાં વૃત્તિ, વિચાર અને આચારને સંયમિત કરવા માટેનું અનુષ્ઠાન કે ક્રિયા તેને તપ કહે છે.

આ નવપદની સળંગ નવ દિવસ સુધી વિધિપૂર્વકની આરાધનાને નવપદની ઓળી કહે છે. આ નવ દિવસ સુધી માત્ર એક જ ટંક અને તે પણ ઘી, દૂધ, દહીં, ગોળ, તેલ અને તળેલી વસ્તુઓ વિનાનું લૂખ્ખું અને રૂક્ષ ભોજન લેવાનું હોય છે. આવા એક ટંકના ભોજનને આયંબિલ તપ કહે છે.

દર વરસે આસો અને ચૈત્ર માસની સુદ ૭ થી પૂર્ણિમા સુધી આ નવપદની આયંબિલના તપ અને અન્ય વિધિ સહિત આરાધના કરવામાં આવે છે.

આ તપ ઓછામાં ઓછું સાડાચાર વર્ષ સુધી કરવાનું હોય છે

વરસી તપ, નવપદ ઓળી ઉપરાંત વર્ધમાન તપ, ચંદનબાળા તપ, અક્ષયનિધિ વગેરે ૧૦૦થી વધુ પ્રકારનાં તપો છે.

આ દરેક તપમાં ઉકાળેલું પાણી પીવાનું હોય છે તેમ જ એ તપમાં જિનદર્શન-જિનપૂજા, ગુરુવંદન-ધર્મશ્રવણ, સવાર-સાંજ બંને સમય પ્રતિક્રમણ તેમ જ જાપ, ધ્યાન વગેરે કરવાનાં હોય છે.

પર્યુષણ પર્વ પ્રસંગે સંઘને મળેલ ભેટ

૫૦૦૦	શ્રી હુંગરશી રામજી ગાલા
૩૦૦૦	,, શૈલેશભાઈ એચ. કોઠારી
૩૦૦૦	,, સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
૩૦૦૦	,, કપુરચંદભાઈ ચંદેરિયા
૩૦૦૦	,, વસનજી લખમશી શાહ
૨૫૦૦	,, રસિકલાલ લહેરચંદ શાહ
૨૫૦૦	,, સી. એન. સંઘવી
૨૫૦૦	,, રજનીભાઈ વોરા
૨૦૦૦	,, માણેકલાલભાઈ સવાણી
૧૫૦૧	,, જયંતીલાલ ફુલચંદ શાહ
૧૫૦૧	,, જયોત્સનાબેન શેઠ
૧૫૦૦	,, રમણલાલ સી. શાહ
૧૫૦૦	,, ચીમનલાલ જે. શાહ
૧૫૦૦	,, સવિતાબેન કે. શાહ
૧૫૦૦	,, ધનવંત ટી. શાહ
૧૫૦૦	,, ગણપતભાઈ એમ. ઝવેરી
૧૫૦૦	,, પ્રવીણચંદ્ર ટી શાહ
૧૫૦૦	,, બિપિનભાઈ જૈન
૧૫૦૦	,, સુલીબેન અનિલભાઈ હીરાણી
૧૫૦૦	,, ગુલાબચંદ કરમચંદ
૧૧૦૦	,, સ્મિતાબેન ગિરીશભાઈ કામદાર
૧૧૦૦	,, જ્યોતિબેન પી શાહ
૧૦૦૧	,, રમાબેન વોરા
૧૦૦૧	,, વિદ્યાબેન મહાસુખભાઈ
૧૦૦૧	,, ચંદ્રકુમાર જે. શાહ
૧૦૦૦	,, પ્રવીણચંદ્ર કે. શાહ
૧૦૦૦	,, સુબોધભાઈ તથા શ્રી નીરૂબેન શાહ
૧૦૦૦	,, મફતલાલ ભીખાચંદ શાહ
૧૦૦૦	,, શામીબેન ભણશાળી
૧૦૦૦	,, રૂપચંદ ભણશાળી
૧૦૦૦	,, અરુણભાઈ પરીખ
૧૦૦૦	,, ચંદ્રકાંત દીપચંદ શાહ
૧૦૦૦	,, મીરાબેન મહેતા
૭૦૦	,, અરવિંદભાઈ ચોકસી
૫૦૧	,, કમલાબેન પીસપાટી
૫૦૧	,, જયાબેન વીરા
૫૦૧	,, ધીરજલાલ કુલચંદ શાહ
૫૦૧	,, ઉષાબેન મહેતા
૫૦૧	,, તરુણભાઈ બિપિનભાઈ શાહ
૫૦૧	,, રમાબેન મહેતા
૫૦૦	,, વસુમતીબેન ભણશાળી
૫૦૦	,, ધીરજબેન વોરા
૫૦૦	,, સરોજબેન મહેતા
૫૦૦	,, રમણલાલ લાલભાઈ લાકડાવાળા
૫૦૦	,, યશોમતીબેન શાહ
૫૦૦	,, એ. જે. શાહ
૩૦૧	,, શાંતિલાલ દેવજી નન્દુ
૩૦૧	,, પુષ્પાબેન પરીખ
૩૦૧	,, પર્ણલેખાબેન દોશી
૨૫૧	,, પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ
૨૫૧	,, બસંતલાલ નરસિંહપુરા
૨૫૧	,, જગમોહનદાસ દાસાણી
૨૦૦	,, ચંપકલાલ અજમેરા
૧૨૫	,, ચંદ્રાબેન હરસુખલાલ
૧૪૮૯૨	

મારા અનુભવો : ભારતીય પ્રજાનું ખમીર અને મર્યાદાનો આલેખ

● સ્વામી અક્ષરાનંદ સરસ્વતી

(ગતાંકથી પૂર્ણ)

સ્વામી સચ્ચિદાનંદનાં કેટલાંક નિરીક્ષણો દિશાસૂચક છે. એમનો માનવતાલક્ષી અભિગમ એમાં કારણભૂત છે. 'મારા અનુભવો' માત્ર આત્મકથા નથી. એમાં બનતી ઘટના પર એમણે ચિંતન કર્યું છે અને એ ચિંતન એમણે અરીસાની માફક આપણી સમક્ષ મૂક્યું છે. ધાર્મિક ક્ષેત્રમાં રહેલી અમાપ ભાવના, શ્રદ્ધા અને તેમાંથી પ્રગટતા દાન અંગે એમણે આવું પ્રગટ ચિંતન કર્યું છે. એમણે કહ્યું છે કે એથી ઘણીવાર વ્યક્તિ, સંસ્થા, વર્ગ કે સમાજ લાભાન્વિત થતો રહે છે. ધાર્મિક ભાવનાથી થતા દાનને વ્યવસ્થિત આકાર આપી શકાયો નથી, તેથી પાણીના બગાડની માફક દાનનો પણ બહુ મોટા પ્રમાણમાં બગાડ થતો રહ્યો છે. જો ધાર્મિક ભાવનાથી થનારા દાનને સમાજલક્ષી કે માનવતાલક્ષી બનાવી શકાયું હોત તો સમાજના તથા માનવજાતની લાચારીના ઘણા પ્રશ્નો ઉકેલી શકાયા હોત એમ એમણે વસવસો કર્યો છે. (પૃષ્ઠ ૪૦૭). માનવતાની જગ્યાએ આપણે વર્ણવાદ તથા વ્યક્તિવાદને મહત્ત્વ આપ્યું, તેનું આ નિશ્ચિત પરિણામ છે. ભાગવત સપ્તાહની ટકાવારીના પ્રસંગે એમના ચિંતનનું આ પરિણામ છે.

ઇ. સ. ૧૯૭૧માં પાકિસ્તાન સાથે ભારતના સંબંધો બગડેલા. પાકિસ્તાનનાં વિમાનોએ એક સાથે આપણા સોળ હવાઇમથકો ઉપર હુમલો કર્યો હતો. આપણે ગફલતમાં હોઇશું એટલે પાકિસ્તાનનું એક પણ વિમાન આપણે તોડી પાડી શક્યા નહિ. એ દિવસે ઉત્તર ગુજરાતના એક ગામમાં સ્વામીજીનું પ્રવચન થયેલું. પ્રવચનના અંતે એમણે પાકિસ્તાનના હુમલાની ઘટના રૂબાને કહી અને સૂચના કરી કે અહીં નજીકમાંથી રેલવે લાઇન પસાર થઇ રહી છે. કોઇ દેશદ્રોહી તત્ત્વ તેને અડપલું ન કરે તે માટે આપણે વારાફરતી આખી રાત પહેરો ભરીએ. લોકોએ આ પ્રસ્તાવનો એવો પ્રતિભાવ આપ્યો કે તેની કોઇ જરૂર નથી. જરૂર હશે તો સરકાર પાસે કયાં માણસો નથી? બેઠાં બેઠાં પગાર ખાય છે તે હવે કામ કરે... વગેરે. આ બાબત પર એમણે ટીકાટિપ્પણ કરતાં જણ્યું છે કે પહેરો ન ભરવાના કારણમાં પૂરતા રાષ્ટ્રવાદનો અભાવ હતો. મારો દેશ, મારું રાષ્ટ્ર અને મારી સ્વાધીનતા પ્રત્યે જે લગની, તન્મયતા હોવી જોઇએ તે ન હતી. પહેરો ભરવા માટે લોકો જ્યારે તૈયાર ન થયા ત્યારે સ્વામી સચ્ચિદાનંદજીએ સ્વયં તત્પરતા બતાવી. એટલે અસંખ્ય ભક્તો રેલવેલાઇન પર પહેરો ભરવા તૈયાર થઇ ગયા. આ પ્રસંગે એમણે આપણી આંખ ખોલી નાખે એવો તર્જનીનિર્દેશ કર્યો છે : 'આ લોકો ગુરુપ્રેમથી આ કાર્ય કરી રહ્યા છે, રાષ્ટ્રપ્રેમથી નહિ. મને દુઃખી થતો અટકાવવા સૌ તૈયાર થયા છે, કારણ કે, ધર્મે જેટલો ગુરુપ્રેમ વિકસાવ્યો છે તેટલો રાષ્ટ્રપ્રેમ નથી વિકસાવ્યો. જો રાષ્ટ્રપ્રેમ ઉપર ભાર અપાયો હોત તો મારા કહ્યા વિના પણ લોકો રેલવેલાઇનનો પહેરો ભરવા ચાલ્યા ગયા હોત. પણ તેવું ન થઇ શક્યું. આપણે સૌએ શાંતિથી વિચારવું પડશે. ધર્મની લાગણીઓને ગુરુ તરફ વાળવાથી ગુરુવાદ સ્થિર થયો છે. આ ગુરુવાદ અંતે વ્યક્તિવાદ થયો છે. વ્યક્તિપૂજા તેવું ભયંકર દૂષણ છે.' આટલું કહ્યા પછી ઉમેરે છે : 'જો રાષ્ટ્રવાદ, માનવતાવાદ કે શુદ્ધ અધ્યાત્મવાદને સ્થિર કરાયો હોત તો ગુરુ કે શ્રદ્ધેય વ્યક્તિ ન હોય, તોપણ સુસ્ત રાષ્ટ્રવાદથી લોકહિતનાં કાર્યો, શુદ્ધ અધ્યાત્મવાદથી પ્રભુનાં કાર્યો કરવાની સહજ પ્રેરણા મળી શકે.' (પૃષ્ઠ – ૪૯૭)

આમ છતાં ન્યાયની એરણ પર એમના વિચારો મૂકીએ તો એમના કેટલાક વિચારોમાં સહમત થઇ શકાય નહિ. એમના બધા વિચારોમાં સહમત થવું જરૂરી પણ નથી. ઇ. સ. ૧૯૬૨માં ચીન સાથેના યુદ્ધમાં આપણને નામોશીભર્યો પરાજય મળ્યો. આ પરાજયના મૂળમાં એમને આપણી વધુ પડતી અહિંસક વિચારસરણી કારણભૂત લાગી. અહીં એમના વિચારોમાં ગૂંચવાડો હોય તેમ જણાય છે તેઓ એક પક્ષે એમ કહે છે કે મહાત્મા ગાંધીજીમાં અમાપ શૌર્ય હતું. એટલે તેઓ અહિંસાની વાતો કરીને જ નહિ, પ્રાણની બાજી લગાવીને પણ અંગ્રેજો સામે ઝઝૂમ્યા હતા. (પૃષ્ઠ ૩૧૩). અને બીજી તરફ એમનું નિદાન એવું છે કે 'આ દેશ બુદ્ધ તથા ગાંધીજીનો છે' એમ એ વખતે, યુદ્ધ પહેલાં, કહેવાતું. એમ કહેવામાં સંદર્ભ અહિંસાવાદનો હતો.

આ ઘટનાથી તેઓ ગાંધીજીના અહિંસાવાદથી થોડા દૂર ખસી ગયા. એમાં એમણે અહિંસાવાદી જડતા વલણ કારણભૂત લેખાવી છે. એ પ્રેરણાના મુખ્ય સ્રોત મહાત્મા ગાંધી હતા એવો એમની માન્યતાના કારણે એમણે આમ કર્યું. (પૃષ્ઠ ૩૦૯ અને ૫૧૪). અહિંસાવાદની જડ નીતિના કારણે, આપણે સેના, શસ્ત્રો તથા યુદ્ધવિજ્ઞાન પ્રત્યે ધ્યાન આપ્યું ન હતું એવું એમનું તારણ છે એ ભૂલભરેલું જણાય છે. પં. જવાહરલાલ નહેરુની પંચશીલની નીતિને ચીને છેહ દીધો અને છેક ઇ. સ. ૧૯૫૯માં જનરલ થીમૈયાએ રાજીનામું આપ્યું હતું ત્યારથી લશ્કરના વડા અને સંરક્ષણ પ્રધાન શ્રી વી. કે. કૃષ્ણમેનન વચ્ચે શસ્ત્રોના આધુનિકીકરણ અને ચીન તરફથી સંભવિત ભય અંગે વિચારભેદ હતો. આઝાદી પછી પાકિસ્તાન સાથે આપણે યુદ્ધ વહોરવું પડ્યું હતું અને તેમાં આપણે પાકિસ્તાનને શિકસ્ત આપી શકયા હતા એ પશ્ચાદ્ ભૂમિકા ભુલાઇ ગઇ લાગે છે અને ઇ. સ. ૧૯૬૧માં પોર્ટુગલ સરથાનો–દીવ, દમણ અને ગોવાનો–લશ્કરી પગલાં દ્વારા કબજો લીધો હતો એ સઘળી હકીકતના સંદર્ભમાં વિચારીએ તો જણાશે કે આપણે ગાંધીજીના અહિંસાવાદની ભૂમિકાથી કુમારનાથ દૂર નીકળી ગયા હતા, ત્યાર બાદ ઇ. સ. ૧૯૬૨માં ચીન સાથે યુદ્ધ થયું. એટલે ગાંધીજીની શૌર્યપૂર્ણ અહિંસાની ભૂમિકાને, એના અનુયાયીઓની જડ વલણના કારણે, ભૂલ ભરેલી નીતિમાં ખપાવવી એ ન્યાયયુક્ત નથી. ધર્મનાં મૂળભૂત તત્ત્વો–સિદ્ધાંતો અને એને ખોટી રીતે અનુસરનારા કે વિકૃત અર્થઘટન કરનારા વચ્ચે જેમ ભેદરેખા સ્પષ્ટ હોવી જોઇએ તેમ ગાંધીજીની અહિંસા અને એને જડતાથી અનુસરનારા વચ્ચે ભેદરેખા દોરવી જોઇએ. સ્વામી સચ્ચિદાનંદના વિચારોમાં આવી ભેદરેખા સ્પષ્ટ ન હોવાથી એમના વિચારોમાં ગૂંચવાડો જણાય છે. ખાદીના અર્થશાસ્ત્ર અંગેના એમના વિચારો પણ પ્રતીતિજનક જણાતા નથી.

સ્વામી સચ્ચિદાનંદે દંતાલીમાં અન્નક્ષેત્ર, દવાખાનું વગેરે માનવતાલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરી છે. સૂઇ ગામમાં દુષ્કાળ

વખતે રાહતકાર્યો હાથ ધર્યાં. ત્યાર બાદ ચોમાસું સારું થયું. દુષ્કાળરાહતનું કાર્ય કરતા વધેલા ત્રીસ હજાર રૂપિયામાંથી હાઇસ્કૂલ બંધાવવા માટે ગામને પ્રેરણા આપી. લોકફાળામાં એટલી રકમ આપવાની શરતે. ફાળામાં રોકડ રકમ થાય એમ હતું નહિ એટલે છેવટે બાજરી ઉઘરાવી અને એમ કરતાં ૧૨૫૦ મણ બાજરી ભેગી થઇ. આમ વાવ તાલુકાના સૂઇ ગામમાં સર્વપ્રથમ પોતાના મકાનવાળી હાઇસ્કૂલ થઇ. દુકાળનું કામ કરતાં કરતાં સ્થાયી પરિણામ માટે પાયાનું કામ કરવા તરફ નજર દોડાવી. એ માટે પ્રજાને પોતાના શોષણનું ભાન થાય એવાં કાર્યો હાથ ધર્યાં. તેમાં ગોળ, કાપડ વગેરે મોટા શહેરોમાંથી જથ્થાબંધ ભાવે મગાવી, પડતર કિંમતે આપવાથી એ થઇ શકયું. એનો સંતોષ વ્યકત કરતાં એમણે લખ્યું છે: 'હિમાલયની એકાદ ગુફામાં બેસીને મેં મારા આ દિવસો પસાર કર્યા હોત તો કદાચ લોકો મને મહાન યોગી સમજી દર્શન માટે દોડી આવત. પણ જનતા વચ્ચે રહીને, જનતાના પ્રશ્નોમાં રસ લઇને, તકલીફો વેઠીને, કેટલાકની દૃષ્ટિએ અળખો થઇને પણ જે કાર્ય થઇ શકયું તે હિમાલયની સાધના કરતાં પણ ચડિયાતું હતું, તેનો મને સંતોષ તથા પ્રતીતિ છે.' (પૃષ્ઠ ૪૬૫). એમના માનવતાલક્ષી કાર્ય અને ગુજ્જર ગ્રન્થરત્ન પ્રકાશનના આ પુસ્તક પ્રકાશનના કાર્યમાં પણ આપણે સંતોષ વ્યકત કરીએ.

બંધ સમય ચિત્ત ચેતીએ રે....

પન્નાલાલ ૨. શાહ

કોઇ પુસ્તકો કે કાગળ પરના અક્ષરો, જો આપણે એ ભાષા કે લિપિ ઉકેલી શકતા હોઇએ, તો એ કેવળ અક્ષરો નથી રહેતા એ પુસ્તક કે કાગળ પરનું લખાણ અંતરતમને સીધા સ્પર્શે એવા વિચારનાં આંદોલનો આપણી હૃદય-ગુહામાં જગાવે છે. કોઇ કલાકાર રેખાંકન કરે કે કોઇ કવિ હૃદયના ઊંડા ભાવોનાં સ્પંદન ઝીલે ત્યારે એ વ્યકિત સાથે સંવાદ કરતું જીવંત તત્ત્વ બની જાય છે. ભાષાનું પોત આટલું મજબૂત અને ટકાઉ છે એટલે તો કહ્યું છે ને કે 'word power is a world power.'

અભિવ્યકિતનાં જુદાં જુદાં માધ્યમ હોઇ શકે: શરીરના હાવભાવ એ દેહની ભાષા છે; મનોવ્યાપારની અભિવ્યકિતનું સબળ માધ્યમ ભાષા છે. પુસ્તક કે લેખ જ્યારે ઉપદેશ આપવા માટે નહિ, પરંતુ આત્મજાગૃતિ માટે લખાયો હોય કે આત્મ-જાગૃતિ માટે એનું પઠન-અધ્યયન થતું હોય ત્યારે એના શબ્દોમાં કે કથાનકોમાં નહિ, પરંતુ એના વાતાવરણમાં, એ શબ્દો પાછળ રહેલા એના રણકારમાં, એના મૌનમાં જ્ઞાન છુપાયેલું હોય છે. મનુષ્યની વાણીમાં એ પૂર્ણતઃ પ્રગટ થઇ શકતું નથી. એટલે જાગૃતિના સ્તરે પહોંચનાર ભાગ્યશાળી સમજે છે કે ઉત્તમ ભાષા મુખેથી ઉચ્ચરાતી નથી. એમાંય જેની વાણી પાછળ ચારિત્ર્યબળ રહેલું છે, એની ભાષા, એના શબ્દો પાછળ ઘણું ઘણું અવ્યકત રહી જાય છે. એ ભાષા પાછળનું અવ્યકત કથન-સત્ય અનુભવ-ગોચર રહે છે. એ ભાષા માત્ર દિશાસૂચન કરે કે ચોકકસ સંકેતો આપે એ દિશા અને સંકેતને પામવા તો આપણે પડે. એ પામવા સહજપણે મથીએ તો તે આપણને જન્મજન્માન્તરના કાર્યકારણના સ્તર પર સંચરણ કરાવે છે. કોઇ સુભગ પળે શ્રી વીરવિજય કૃત ચોસઠ પ્રકારી પૂજામાં જન્મજન્માન્તરના કાર્યકારણના સ્તર પર વિહાર કરાવે એવા ભાવે ઝિલાયા છે: 'બંધ સમય ચિત્ત ચેતીએ રે, શો ઉદયે સંતાપ સલૂણા.'

જૈન ધર્મ પુરુષાર્થનો ધર્મ છે એ પુરુષાર્થના ધર્મને કર્મ તત્ત્વજ્ઞાનનું પીઠબળ છે. અશુભ કર્મનો ઉદય થાય ત્યારે જીવ માત્રને સંતાપ થાય એ સ્વાભાવિક છે એવો સંતાપ એ સપાટી પરની ભૂમિકા છે એ સપાટી પરની ભૂમિકાથી સતત જાગૃતિ અને ચેતનાની ભૂમિકા પર જઇ જવાનું ક્રમિક કર્મ અહીં થયું છે. અશુભ કર્મનો બંધ પડે ત્યારે ચિત્ત ચેતી જાય તો સપાટી પરની ભૂમિકાને વીંધીને અંતરતમને સ્પર્શી શકાય. મુશ્કેલી એ છે કે એવે વખતે ચેતવાની વાત તો બાજુ પર રહી, જે ક્રૂર કર્મબંધન થાય એને સતત વાગોળ્યા કરવાનું, મમળાવ્યા કરવાનું જીવને ગમે છે. એટલે ચીકણાં કર્મો એ હોંશે હોંશે બાંધે છે.

હસવા દરમિયાન પણ આત્મરક્ષણની સજ્ઞાનતા માનવીમાં ટકી રહે છે. અહીં તો સઘળું લુંટાવા બેઠું છે ત્યારે એવી આત્મરક્ષણની સંજ્ઞા તીવ્રપણે જાગૃત કેમ ન થાય? મુશ્કેલી એ છે કે કર્મનો બંધ પડે ત્યારે એના પરિણામની આર્ષ-દૃષ્ટિ નથી, અને એના ઉદય વખતે સંતાપ થાય છે. એવી નોબત ન વાગે એ માટે કર્મનો બંધ પડે ત્યારે જાગૃતિની પળ સાચવવા એલાન થયું છે.

આમ તો જાગૃતિની પળ સાચવવાની વાત છે. પરંતુ કર્મ-બંધન તો દરેક પળે, આંખના પલકારામાં થાય છે એટલે સતત જાગૃતિનો, વૈચારિક દૃષ્ટિએ સતત જાગૃતિનો અહીં મર્મ છુપાયેલો છે અને એનો જ ખરો મહિમા છે. ભગવાન મહાવીરે પણ ગૌતમસ્વામીના માધ્યમ દ્વારા ઉત્તરાધ્યયન સૂત્રમાં આપણને એની જ પ્રરૂપણા કરી છે.

શ્રમ મંદિર માટે આવેલ ભેટની યાદી

૨૬૫૦૦૨	ગત અંકમાં આવેલ યાદીનો સરવાળો
૧૧૦૦૦	શ્રી કાંતિલાલ કેશવલાલ શેઠ
૫૦૦૦	શ્રી જૈન ભારતી મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજીના સ્મરણાર્થે હ: દિલ્હી જૈન સંઘ
૫૦૦૦	મે. રાયચંદ એન્ડ સન્સ હ: શ્રી મનુભાઇ સંઘવી
૫૦૦૦	,, સ્ટાન્ડર્ડ વાયર પ્રોડકટસ
૫૦૦૦	,, જગુભાઇ એચ. દોશી
૩૦૦૧	,, રમેશભાઇ વી. શેઠ
૩૦૦૧	,, શેઠ ચેરીટેબલ ટ્રસ્ટ
૨૫૦૦	,, ધીરજલાલ મોરારજી અજમેરા ચેરિટી ટ્રસ્ટ
૨૦૦૧	,, એક સદ્‌ગૃહસ્થ
૧૦૦૧	,, કાંતિલાલ છગનલાલ શાહના પરિવાર
૧૦૦૦	,, જયાબેન ચેરીટીઝ
૧૦૦૦	,, કિશોરચંદ્ર કલ્યાણજી એન્ડ કું.
૧૦૦૦	,, ઇન્દુમતીબેન કે. મુન્સીફ
૫૦૧	,, નવીનચંદ્ર વાડીલાલ શાહ
૫૦૦	,, કાંતિલાલ ઉજમશીભાઇ એન્ડ સન્સ ચેરીટેબલ ટ્રસ્ટ
૫૦૦	,, જાસુબેન રમણીકલાલ શાહ
૫૦૧	,, એક બેન તરફથી
૫૦૧	,, રવીન્દ્ર મહેતા
૫૦૦	,, જયાબેન ટોકરશી વીરા
૫૦૦	,, રસિલાબેન મહેન્દ્રભાઇ ઝવેરી
૫૦૦	,, પ્રવીણભાઇ મંગળદાસ શાહ
૫૦૧	,, દમયંતીબેન શાહ
૫૦૧	,, અમર જરીવાલા
૫૦૧	,, શાંતિલાલ દેવજી નન્દુ
૫૦૦	,, ઉષાબેન મહેતા
૫૦૦	,, રમાબેન મહેતા
૨૫૧	,, ચંપકલાઇ એમ. અજમેરા
૨૫૧	મે. છેડા જ્વેલરી માર્ટ હ. શ્રી પન્નાલાલ કે. છેડા
૩૧૭૫૧૪	

સંઘની કાર્યવાહક સમિતિ

૧૯૮૭ – ૮૮

પદાધિકારીઓ :-

૧ ડૉ. રમણલાલ ચી. શાહ-ઉપપ્રમુખ
૨ શ્રી ચીમનલાલ જે. શાહ-પ્રમુખ
૩ શ્રી કે. પી. શાહ-મંત્રી
૪ શ્રી પન્નાલાલ ૨ શાહ-મંત્રી
૫ શ્રી પ્રવીણચંદ્ર કે શાહ-કોષાધ્યક્ષ
૬ શ્રીમતી નિરુબહેન એસ. શાહ-સહમંત્રી
૭ શ્રી શૈલેશ એચ કોઠારી ,,
૮ ,, વસુમતીબહેન ભણશાલી ,,

કારોબારી સમિતિ :

૧ પ્રા. તારાબેન ૨. શાહ
૨ શ્રીમતી નિરુબહેન સુબોધભાઇ શાહ
૩ શ્રી સુબોધભાઇ એમ. શાહ
૪ ,, ગણપતભાઇ એમ ઝવેરી
૫ ,, રસિકલાલ લલુભચંદ શાહ
૬ ,, શૈલેશ હિંમતલાલ કોઠારી
૭ ,, અમર જરીવાલા
૮ ,, પ્રવીણચંદ મંગળદાસ શાહ
૯ ,, કમળાબહેન પીયરપાટી
૧૦ ,, મફતલાલ ભીખાચંદ શાહ
૧૧ ,, ડૉ. ધનવંત ટી. શાહ
૧૨ ,, હરિલાલ ગુલાબચંદ શાહ
૧૩ શ્રીમતી રિમતાબહેન શિરિષભાઇ કામદાર
૧૪ શ્રી ધીરજલાલ કુલચંદ શાહ
૧૫ શ્રીમતી જ્યોતિબહેન પ્રમોદભાઇ શાહ

કો-ઓપ્ટ સભ્યો :

૧ શ્રી જયંતીલાલ પી. શાહ
૨ ,, અરવિંદભાઇ મોહનલાલ ચોકસી
૩ ,, જયાબહેન ટોકરશી વીરા
૪ ,, વસુમતીબહેન ભણશાલી
૫ ,, ચંદ્રકાન્ત દીપચંદ શાહ

સહયોગી સભ્યો :

૧ શ્રી એ. જે. શાહ
૨ ,, હુંગરશી રામજી ગાલા
૩ ,, વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલા
૪ ,, ઉષાબહેન મહેતા
૫ ,, શાંતિલાલ દેવજી નન્દુ
૬ ,, જયંતીલાલ કુંવરચંદ શાહ
૭ ,, રમણલાલ લાલભાઇ લાકડાવાલા
૮ ,, માણેકલાલ વી. સવાણી
૯ ,, વસનજી લખમશી શાહ
૧૦ ,, ચંપકલાલ એમ. અજમેરા
૧૧ ,, જેરમન મંગળજી મહેતા
૧૨ ,, સી. એન. સંઘવી
૧૩ ,, બસંતલાલ નરસિંહપુરા
૧૪ ,, પ્રવીણચંદ્ર ટી. શાહ

નિમંત્રિત સભ્યો :

૧ શ્રી બિપિનભાઇ જૈન
૨ ,, કપૂરચંદભાઇ ચંદેરિયા
૩ ,, શમીબહેન ભણશાલી
૪ ,, મીરાંબહેન રમેશ મહેતા
૫ ,, ચંદ્રકુમાર જે શાહ
૬ ,, સુલીબહેન હિરાણી
૭ ,, ગુલાબચંદ કરમચંદ શાહ
૮ ,, તરુણાબહેન બિપિનભાઇ શાહ
૯ ,, જ્યોત્સનાબહેન શેઠ
૧૦ ,, શિરિષભાઇ કામદાર
૧૧ ,, પુષ્પાબહેન પરીખ
૧૨ ,, રજનીભાઇ એલ. વોરા
૧૩ ,, પદ્મલેખાબહેન દોશી
૧૪ ,, જયમોહન દાસાણી
૧૫ ,, ડૉ. અમૂલ શાહ
૧૬ ,, ચંદ્રાબહેન હરસુખભાઇ શાહ
૧૭ ,, રમાબહેન વિનોદભાઇ મહેતા
૧૮ ,, રૂપચંદ ભણશાલી
૧૯ ,, નવીનભાઇ મહેતા
૨૦ ,, સરોજબહેન મહેતા
૨૧ ,, મૃદુલાબહેન જે. શાહ
૨૨ ,, રવીન્દ્ર એચ. મહેતા
૨૩ ,, મુકુન્દભાઇ ગાંધી
૨૪ ,, શાંતિલાલ ભાવચંદ ગાંધી
૨૫ ,, શ્રીપાલ ભંડારી
૨૬ ,, પ્રદીપ એ. શાહ
૨૭ ,, મહેન્દ્રભાઇ વોરા
૨૮ ,, મીનાબહેન એન. શાહ
૨૯ ,, ધીરજબહેન વોરા
૩૦ ,, અરુણભાઇ પરીખ
૩૧ ,, નવનીતભાઇ પરીખ
૩૨ ,, કાંતિલાલ નારણદાસ શાહ
૩૩ ,, કુસુમબહેન ભાઉ
૩૪ ,, દમયંતીબહેન શાહ
૩૫ ,, નાનાલાલ સંઘરાજકા
૩૬ ,, મીરાંબહેન ભંડારી
૩૭ ,, યશોમતીબહેન શાહ
૩૮ ,, રમાબહેન વોરા
૩૯ ,, મધુભાઇ પી. દોશી
૪૦ ,, રસિલાબહેન મહેન્દ્રભાઇ ઝવેરી
૪૧ ,, નલિનીબહેન મહેતા
૪૨ ,, સરલાબહેન પારેખ
૪૩ ,, આશાબહેન મહેન્દ્રભાઇ મહેતા
૪૪ ,, રેખાબહેન દોશી
૪૫ ,, દીપિકાબહેન દોશી
૪૬ ,, શારદાબહેન ગાંધી
૪૭ ,, નટુભાઇ પટેલ
૪૮ ,, મહાસુખભાઇ કે. કામદાર

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી શુક્રવાર, તા. ૨૧-૮-૧૯૮૭ થી શનિવાર, ૨૯-૮-૧૯૮૭ સુધી એમ નવ દિવસની વ્યાખ્યાનસભાઓ બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઈ - ૪૦૦૦૦૭ મધ્યે યોજવામાં આવી છે. આ નવેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૨૦ અને ૯-૩૦ થી ૧૦-૨૦ એમ રોજ બે વ્યાખ્યાનો રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે:

દિવસ	તારીખ	વ્યાખ્યાતા	વિષય
શુક્રવાર,	૨૧-૮-'૮૭	૧ શ્રી સુનંદાબહેન વોહોરા	સુખપ્રાપ્તિ અને દુઃખમુક્તિનો ઉપાય
		૨ શ્રી શશિકાન્ત મહેતા	આજનો યુગધર્મ : જીવનમાં અધ્યાત્મની પ્રતિષ્ઠા
શનિવાર,	૨૨-૮-'૮૭	૧ શ્રીમતી મૃણાલિની દેસાઇ	ઋગ્વેદમાં રાષ્ટ્રીય ભાવના
		૨ પૂ. રમેશભાઇ ઓઝા	કૃણ્વંતો વંદે જગદ્‌ગુરુમ્
રવિવાર,	૨૩-૮-'૮૭	૧ પૂ. મુનિશ્રી યશોભદ્રવિજયજી	मानवजीवन और अध्यात्म
		૨ પૂ વિજયમુનિ પંજાણી	जैन धर्म में तप
સોમવાર,	૨૪-૮-'૮૭	૧ પૂ. રાજીમતીશ્રીજી	स्वस्थ कैसे रहे ?
		૨ ડૉ. શેખરચંદ્ર જૈન	મૃત્યુ મહોત્સવ
મંગળવાર,	૨૫-૮-'૮૭	૧ ડૉ. કુમારપાળ દેસાઈ	મહાવીરનો ધર્મ, મહાવીરથી દૂર
		૨ શ્રી અનિરુદ્ધ સ્માર્ત	સમસ્ત જીવન યોગ છે
બુધવાર,	૨૬-૮-'૮૭	૧ પ્રો. પ્રકાશ ગજજર	આધુનિક જીવન અને ધર્મ
		૨ ડૉ. ગુણવંત શાહ	માણસની દુષ્ટતામાંથી મારી શ્રદ્ધા ઊઠી ગઇ છે
ગુરુવાર,	૨૭-૮-'૮૭	૧ પ્રા. તારાબહેન શાહ	ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ
		૨ પ્રા. હરિભાઇ કોઠારી	ઢાઇ અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોય
શુક્રવાર,	૨૮-૮-'૮૭	૧ પૂ. મોરારીબાપુ	જીવન અને ધર્મ
		૨ ડૉ. નરેન્દ્ર ભાણાવત	पर्यावरण शुद्धि और धर्म
શનિવાર,	૨૯-૮-'૮૭	૧ શ્રી ડોલરભાઇ વસાવડા	ધર્મ, શિક્ષણ અને બિનસામ્પ્રદાયિકતા
		૨ ડૉ. રમણલાલ ચી શાહ	ધર્મધ્યાન

વ્યાખ્યાનમાળાની શરૂઆતમાં દરરોજ પ્રાર્થના અને ભજનો રજૂ કરશે અનુક્રમે શ્રી સંગીતા ગોગટે, શ્રી લીલાબહેન ભાટિયા, શ્રી સંજય શાહ, શ્રી માલતીબહેન શાહ, શ્રી જ્યોત્સ્નાબહેન વોરા, કુ. સોનાલી બાજપાઈ અને કુ. સાધના સરગમ, શ્રી શોભાબહેન જૈન, શ્રીમતી ચંદ્રાબહેન કોઠારી, શ્રીમતી શોભાબહેન સંઘવી.

આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના પેટ્રનો, આજીવન સભ્યો, શુભેચ્છકો તથા મિત્રોને પ્રેમભર્યું નિમંત્રણ છે.

લિ.

રમણલાલ ચી. શાહ, પ્રમુખ	નિરુબહેન એસ. શાહ	કે. પી. શાહ
ચીમનલાલ જે. શાહ, ઉપપ્રમુખ	શૈલેશ એચ. કોઠારી	પન્નાલાલ ૨. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ, કોષાધ્યક્ષ	વસુમતીબહેન સી. ભણશાલી	માનાર્હ મંત્રીઓ
	સહમંત્રીઓ	

કેસેટ લાઇબ્રેરી: જૈન સમાજના સંનિષ્ઠ અગ્રણી શ્રી ગુણવંતભાઇ એ. શાહ તરફથી પૂ. મુનિશ્રી ભંધુ ત્રિપુટીના પ્રવચનોની કેસેટસ સંઘની કેસેટ લાઇબ્રેરીને ભેટ મળેલ છે, જેનો સાભાર સ્વીકાર કરતા આનંદ થાય છે. કેસેટ લાઇબ્રેરીને વિકસાવવાની અમારી ભાવના છે. આ કાર્યમાં ઉમળકાભર્યો સહકાર મળે એવી અપેક્ષા છે. **મંત્રીઓ**

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જમનાદાસ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૯ અંક : ૯

મુંબઇ તા. ૨-૯-'૮૭
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ £ ૨૦ $ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

અધ્યાપકોનાં વેતન

કેટલાંક વર્ષો પછી ભારતની કૉલેજોના અને યુનિવર્સિટીઓના અધ્યાપકોનાં વેતન સુધારવા માટેનો નિર્ણય કેન્દ્ર સરકાર તરફથી લેવાયો છે, પરંતુ છેલ્લા પગારવધારા પછી વધી ગયેલી મોંઘવારીના સંદર્ભમાં આ વેતનસુધારો એટલો બધો અસંતોષકારક છે અને તેની સાથે એવી એવી શરતો જોડવામાં આવી છે કે જેથી સમગ્ર ભારતના અધ્યાપકોને હડતાલ પર ઊતરવાની ફરજ પડી છે. દેશના સુશિક્ષિત ગણાતા, સમજદાર કહેવાતા અને નવી પેઢી માટે માર્ગદર્શક એવા વર્ગને હડતાલ પર ઊતરવાની ફરજ પડે તે પરિસ્થિતિ કેટલી વિકટ છે તેનો ખ્યાલ આવી શકશે.

ભારતમાં શિક્ષણના ક્ષેત્રે ઘણી દુઃશ્ચા પ્રવર્તે છે એ અત્યંત ખેદની વાત છે. આઝાદી મળ્યા પછી ચાર દાયકા થયા છતાં શિક્ષણના ક્ષેત્રે જોઇએ તેવી પ્રગતિ થઇ શકી નથી એવી ફરિયાદ એ ક્ષેત્રના અને અન્ય ક્ષેત્રના અનેક તટસ્થ માણસો પાસેથી સાંભળવા મળશે. ખુદ પંડિત નહેરુની સરકારે પણ શિક્ષણક્ષેત્રના ખાતાને પોતાના પ્રધાનમંડળમાં જોઇએ તેવું મહત્ત્વનું સ્થાન આપ્યું નહોતું રાજ્યકક્ષાએ પણ શિક્ષણખાતું ઓછી સમર્થ વ્યક્તિઓને સોંપાયા કર્યું. પરિણામે સમગ્ર ભારતમાં ઉચ્ચ શિક્ષણની બાબતમાં મંદતા અને અનિશ્ચિતતા જ રહ્યા કરી. ઇન્દિરા ગાંધીની સરકાર દરમિયાન રાજ્યખટપટો જ એટલી બધી હતી કે શિક્ષણખાતા તરફ જોવાની ફુરસદ ઉચ્ચ નેતાગીરી પાસે બહુ ઓછી રહી હતી.

ઘણાં વર્ષો પહેલાં જસ્ટિસ ચાગલાએ કેન્દ્ર સરકારના શિક્ષણ પ્રધાન તરીકે કૉલેજો અને યુનિવર્સિટીના અધ્યાપકોના પગાર સુધાર્યા હતા. એમણે અધ્યાપકોનું સમાજમાં ગૌરવ વધે એવું રતુત્ય પગલું ભર્યું હતું. પરંતુ તુમારશાહી દ્વારા તેનો અમલ થતાં થતાં તો કેટલાંક વર્ષો નીકળી ગયાં એના નિયમોમાં કેટલાંયે ત્રુટિઓ રહી ગઇ. પરિણામે હજારો યોગ્ય શિક્ષકો જસ્ટિસ ચાગલાએ કરેલા પગારવધારાના લાભથી વંચિત રહી ગયા. ત્યારપછી ફરીવાર પગારસુધારા દાખલ કરાયા, પરંતુ તેની સાથે એવી એવી શરતો જોડાઇ કે એક બાજુથી લાભ અપાય અને બીજી બાજુથી છીનવી લેવાય.

જ્યારે જ્યારે અધ્યાપકોનાં વેતન સુધારવાનાં પગલાં લેવામાં આવ્યાં છે ત્યારે એ ક્ષેત્રમાં નવી દાખલ થનાર કેટલીક વ્યક્તિઓને અને નાનાં ગામ કે શહેરના અધ્યાપકોને લાભ જરૂર થયો હશે, પરંતુ મોટા ભાગના સિનિયર અધ્યાપકો માટે અને તેમાં પણ મુંબઇ દિલ્હી, કલકત્તા કે મદ્રાસ જેવાં ખર્ચાળ શહેરોના અધ્યાપકોને માટે તો પગારનાં ધોરણો અસંતોષકારક જ રહ્યાં છે. એની ઘણી માઠી અસર શિક્ષણના વ્યવસાય ઉપર પડ્યા કરી છે. આપણા દેશમાં શિક્ષણક્ષેત્રમાં બહુ દૈવત રહ્યું નથી. એની ચિંતા સત્તાધીશોને ઘણી ઓછી રહી છે. પરંતુ શિક્ષણ અગવડથી આખી પેઢીને નુકસાન થાય છે અને સમગ્ર રાષ્ટ્રના પાયાનું ચણતર કાચું રહી જાય છે એ વાત તેઓને તરત ગળે ઊતરતી નથી કારણ કે એનું પરિણામ લાંબું દેખાય છે.

શિક્ષણના વ્યવસાયની બીજા વ્યવસાયો સાથે સમાંતર ગણના કરવાની સરકારની દૃષ્ટિ દરેક વખતે વાજબી ન ગણી શકાય. અધ્યાપકના કૉલેજના કે યુનિવર્સિટીના કામના જે કલાકો હોય છે એટલા જ કલાકો કામના ન ગણી શકાય. કારણ કે સાચા અધ્યાપકનું સમગ્ર જીવન એના વ્યવસાયરૂપ છે. પોતાના વ્યવસાયને માટે ઘરે કે પુસ્તકાલયમાં કે અન્યત્ર પૂર્વતૈયારી અને સજ્જતા માટે જે સમય અને ભોગ આપવો પડે છે તે જો ગણનામાં ન લેવાય તો સાચા અધ્યાપકને અન્યાય થવાનો સંભવ છે; પરંતુ વર્તમાન સરકાર પાસે એવી દૃષ્ટિની અપેક્ષા રાખવી વ્યર્થ છે. છેલ્લા બે – ત્રણ દાયકામાં કેટલાયે સારા તેજસ્વી અધ્યાપકો શિક્ષણનું ક્ષેત્ર છોડીને અન્ય વ્યવસાયમાં જોડાઇ ગયા છે. અને નવી તેજસ્વી વ્યક્તિ અસંતોષકારક પગારધોરણને લીધે આ વ્યવસાયમાં આવતી અટકી ગઇ છે. મહિલાઓ તેજસ્વી અધ્યાપિકા ન થઇ શકે એવું નથી; પરંતુ ઘરકામ, પતિ અને સંતાનો, કૌટુંબિક વ્યવહારની દેખભાળમાં ડૂબેલી અનેક મહિલાઓ પૂરક કમાણી માટે શિક્ષણના વ્યવસાયને પૂરો ન્યાય આપી શકતી નથી. છેલ્લા બે – ત્રણ દાયકામાં સમગ્ર ભારતમાં મધ્યમ કક્ષાના અધ્યાપકોનું પ્રમાણ ઘણું વધી ગયું છે. એવા અધ્યાપકોની નબળી કામગીરી કે શિથિલતા વગેરે જોઇને સરકાર વધુ કડક નિયમો દાખલ કરે છે અને એનું ચક્ર ચાલવા લાગ્યું છે

શિક્ષણક્ષેત્ર એ માત્ર નોકરીનું ક્ષેત્ર નથી. જે અધ્યાપક પાસે પોતાના વિષયના જ્ઞાન ઉપરાંત જીવન વિષે આદર્શ અને તમન્ના ન હોય તો તેવા અધ્યાપકોની છાપ વિદ્યાર્થીઓ ઉપર કેવી પડવાની ? માત્ર રોટલો રળવા માટે ભણેલા અધ્યાપકો વિદ્યાર્થીના જીવનના અધિકારી કેટલા બની શકે ? તેવા અધ્યાપકો દ્વારા તૈયાર થતા વિદ્યાર્થીઓમાં નૂર જોવા ન મળે એટલે

સરવાળે તો આખા દેશની પ્રતિભા ઝાંખી બનતી જાય છે. એની અવળી અસર બધાં જ ક્ષેત્રો ઉપર પડતી જાય છે. વ્યવસાય પ્રત્યેની નિષ્ઠા, શિસ્ત, પ્રામાણિકતા, નીતિ અને સદાચારનું પ્રમાણ અધ્યાપકો અને વિદ્યાર્થીઓમાંથી પણ દિવસે દિવસે ઘટતું જાય છે. સરવાળે આખો દેશ નીતિમત્તાની દૃષ્ટિએ ગરીબ થતો જાય છે.

સમગ્ર ભારતમાં વર્ષ-પ્રતિવર્ષ નબળા અને નબળા માણસો શિક્ષણના વ્યવસાયમાં આવતા જાય છે, પરિણામે સમગ્ર દેશમાં શિક્ષણના ક્ષેત્રે પણ શિથિલાચાર વધ્યો છે ઓછા પગારના કારણે અધ્યાપકોમાં પૂરક સમયની ઇતર વ્યાવસાયિક પ્રવૃત્તિઓ વધી છે. ટ્યૂશનો અને કોચિંગ ક્લાસનું પ્રમાણ મોટાં શહેરોમાં ઘણું વધી ગયું છે કેટલાક ગાઇડો લખવામાં પડ્યા છે, કેટલક જમીન, મકાન, વીમો, શેર વગેરેની દલાલીમાં પડ્યા છે. પરીક્ષામાં ચોરી અને પરિણામોમાં ઘાલમેલ દ્વારા કમાણી કરવાની ઘટના હવે ઓછી શરમજનક રહી છે. જે ક્ષેત્ર પાસે સમગ્ર દેશના પાયાનું ચણતર કરવાની અપેક્ષા રાખી શકાય એ ક્ષેત્ર ચારિત્રસ્ખલનના પાપને એવો નબળો કરે છે કે જેથી એના ઉપર મંડાયેલી ઇમારત કેટલી મજબૂત અને દીર્ઘજીવી બની શકે એ ગંભીર પ્રશ્ન છે. ભાવિ પેઢીઓને આપણે કેટલું મોટું નુકસાન પહોંચાડી રહ્યા છીએ તેનો ખ્યાલ કયાંથી આવી શકે?

ભારતમાં શિક્ષણનો ફેલાવો ઝડપથી વધ્યો એથી કેન્દ્ર અને રાજ્યોની સરકારો પાસે એ ફેલાવાને પહોંચી વળવા માટે પૂરતાં નાણાંની જોગવાઇ ન રહી. આયોજનમાં પણ ઘણી ખામીઓ રહી ગઇ. અને તેમાં પણ યુનિવર્સિટીઓ અને કોલેજોની યોજનાઓ મંજૂર કરવામાં યોગ્યતા કરતાં લાગવગ અને ભ્રષ્ટાચાર વધુ કામ કરવા લાગ્યાં છે ખુદ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન એટલે અનેક કૌભાંડોનું નિવાસસ્થાન. એની વિવિધ સમિતિઓનાં ભાડાભથ્થાં વધતાં જાય અને માત્ર કાગળ ઉપર કામ અને પ્રગતિનાં મોટાં ચિતરામણ કરાતાં જાય છે. બંધાયાં ન હોય એવાં મકાનો બંધાઇ ગયાં છે એમ સમજી પૈસા ચુકવાઇ ગયા હોય એવી ઘટના બન્યાના અહેવાલો પ્રગટ થયા છે. ખુદ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનો પોતાનો જ વહીવટી ખર્ચ પણ કેટલો મોટો છે! છતાં યુનિવર્સિટીઓની નાની નાની દરખાસ્તો મંજૂર કરવામાં પણ બે-પાંચ વર્ષ લાગી જાય એટલી બધી તુમારશાહી ત્યાં ચાલે છે. એની પંચવર્ષીય યોજનાઓ એટલે વિઘ્નોનો આદર્શ નમૂનો. દરેક બાબતોને લોકશાહી ઢબે સમિતિમાં મૂકવાને કારણે સમિતિના સભ્યોની સફરો જેટલી વધતી રહી છે તેટલાં કાર્યો થતાં નથી અને કેટલાય નિર્ણયોનો અમલ બજેટની કે વહીવટી વર્ષની અને અન્ય પ્રકારની સમયમર્યાદા વટાવી જવાના કારણે મોકૂફ રહ્યા કર્યો છે. યુ. જી. સી.માં છેતરપિંડીઓ પણ એટલી જ ચાલી છે અને ધોળા હાથીઓ પણ ઠેરઠેર બેસાડી દેવામાં આવ્યા છે વસ્તુતઃ રાષ્ટ્રની કેળવણીને સુધારવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનું સદંતર વિસર્જન કરીને નવા કોઇ તેજસ્વી, દૃષ્ટિસંપન્ન સક્રિય એકમની સ્થાપનાની જરૂર શિક્ષણક્ષેત્રે ઊભી થઇ છે.

ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે સ્વતંત્ર અભિગમને અવકાશ બહુ ઓછો અપાયો છે. સરકારની ગ્રાન્ટ્સ બિલકુલ લેવી ન હોય, સારા અધ્યાપકોને વધુ સારા પગારો આપી રોકવા હોય અને સારા વિદ્યાર્થીઓને યોગ્ય ફી લઇ સારું શિક્ષણ પૂરું પાડવું હોય તો તેની વ્યવસ્થા ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં ખાસ કંઇ નથી. બધું જ સરકારને આશ્રિત છે. શિક્ષકોની સગવડતાના નામે અને વર્ગભેદના બહાને સારી શિક્ષણ-સંસ્થાઓને પાંગરવા માટે અનુકૂળ હવામાન ભારતમાં રહેવા દેવામાં આવ્યું નથી. શિક્ષણના ક્ષેત્રે સંસ્થાકીય સ્તરે પુરુષાર્થને કોઇ અવકાશ મળ્યો નથી. બધું જ મધ્યમ કક્ષાનું અને સામાન્ય સ્તરનું બની જવા લાગ્યું છે. વિદેશોની યુનિવર્સિટીઓની સાથે ભારતની શિક્ષણસંસ્થાઓને જ્યારે સરખાવીએ છીએ ત્યારે આપણે હજુ પચાસ વર્ષ કે એક સૈકો પાછળ છીએ એવું લાગ્યા કરે છે. ભારતની યુનિવર્સિટીઓ માટે ગૌરવ લઇ શકાય એવું આપણી પાસે બહુ ઓછું રહ્યું છે એમ નિર્વિવાદપણે ગણી શકાશે

ભારતમાં શિક્ષણના ક્ષેત્રે બહુવિધ ભાષાઓના, અભ્યાસના, વિવિધ ભાષા-માધ્યમોના અને એવા બીજા ઘણા પ્રશ્નો સંકળાયેલા છે. એમાં આર્થિક સમસ્યાનો ખોજો પણ જેવોતેવો નથી. કાબેલ માણસનું મન પણ મુંઝાઇ જાય એવું ગજગજવર અને સમસ્યાસરકાર શિક્ષણક્ષેત્ર બનતું જાય છે. સરકાર ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સ્વયં નિર્ભર સરકારી ગ્રાન્ટ વગરની સ્વાયત્ત શિક્ષણ-સંસ્થાઓને માન્યતા આપીને તેના વિકાસને જેટલો જલદી અવકાશ આપશે તેટલો આ પ્રશ્ન હળવો બનશે અને ભારતના શિક્ષકો અને વિદ્યાર્થીઓનું તેજ વધુ દીપ્તિમંત બનશે.

દુનિયાનાં ઘણાં રાષ્ટ્રોમાં લશ્કરી ખર્ચ પછી કેળવણીના ખર્ચને બજેટમાં સૌથી વધુ મહત્ત્વ અપાય છે. ભારતમાં અતિ વસતિ અને સર્વાંગીણ વિકાસકાર્યોને લીધે શિક્ષણના ક્ષેત્રે ગમે તેટલી રકમ ફાળવવામાં આવે અને તેનું યોગ્ય આયોજન થાય તો ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં વેતનની બાબતમાં પ્રવર્તતો અસંતોષ ઓછો જરૂર કરી શકાય ભારતમાં અધ્યાપન ક્ષેત્રે સારી સ્થિતિ તો ત્યારે આવેલી ગણાય કે પાશ્ચાત્ય દેશોની જેમ તેજસ્વી માણસો મોટી ધંધાદારી કંપનીઓની સારી નોકરી છોડી યુનિવર્સિટીઓમાં અધ્યાપક તરીકેની નોકરી સ્વીકારે (તાજેતરમાં જ અમેરિકામાં આઇ. બી એમ.જેવી કોમ્પ્યુટર બનાવતી સુપ્રસિદ્ધ કંપનીના એક ઉચ્ચ હોદ્દેદાર તે નોકરી છોડી યેલ યુનિવર્સિટીમાં કોમ્પ્યુટરના પ્રોફેસર તરીકે જોડાયા છે.)

રમણલાલ ચી. શાહ

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાનશ્રેણિ

સંઘના ઉપક્રમે શ્રી આત્માનંદ જૈન સભા-મુંબઇના આર્થિક સહયોગથી ઉપર્યુક્ત વ્યાખ્યાનશ્રેણિનું આયોજન કરવામાં આવ્યું છે: જેનો સવિગત કાર્યક્રમ નીચે પ્રમાણે છે:

વ્યાખ્યાતા	વિષય
પૂ. મુનિશ્રી ભુવનચંદ્રજી	સાધર્મિક વાત્સલ્ય

સમય: શનિવાર, તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૮૭
સવારના ૯-૩૦ કલાકે
સ્થળ: બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી,
મુંબઇ ૪૦૦ ૦૨૭

સૌને સપરિવાર ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ છે.

	કે. પી. શાહ
શૈલેશ એચ. કોઠારી	પન્નાલાલ ૨. શાહ
સંયોજક	મંત્રીઓ

પ્રબુદ્ધ રૌહિણેય

● પ્રા. આર. પી. મહેતા

શ્વેતામ્બર સંપ્રદાયના પ્રસિદ્ધ આચાર્ય દેવસૂરિ વાદનિષ્ણાત અને તાર્કિકશ્રેષ્ઠ હતા. તેમના શિષ્ય શ્રીમત્ જયપ્રભસૂરિ શમનિધિ હતા. તેમના શિષ્ય રામભદ્ર સમગ્ર ગુણોથી યુકત અને કવિ હતા. તેમણે આ 'પ્રબુદ્ધરૌહિણેય'ની રચના છ અંકમાં કરી છે.

જાલોરમાં સોનગિરા ચૌહાણ રાજા સમરસિંહ હતો. તેની સભામાં આભૂષણ જેવો મંત્રી શ્રીમત્ પાર્શ્વચન્દ્ર અથવા પાસુ હતો. તેને બે પુત્રો–શ્રી યશોવીર અને શ્રી અજયપાલ – હતા. તેમણ શ્રી યુગાદિદેવનું મંદિર બંધાવ્યું હતું. આ મંદિર દ્વારા પ્રવૃત્ત યાત્રોત્સવ નિમિત્તે મંદિરમાં પ્રેક્ષકો સમક્ષ આનો અભિનય થયો હતો.

'પ્રભાવકચરિત્ર'માં (૧) નોંધ છે, તે મુજબ દેવસૂરિ ઇ. ૧૧૬૦માં દિવંગત થયા. પ્રાચીન જૈન લેખસંગ્રહ (ભાગ–૨)માં (૨) જાલોરદુર્ગનો લેખ આપ્યો છે તેમાં યશોવીરનો ઉલ્લેખ છે. લેખ ઇ. ૧૧૬૫ નો છે. સમરસિંહનો રાજ્યકાળ ઓછામાં ઓછો ઇ. ૧૧૭૩–'૭૫નો (૩) તો છે જ. આ નાટયની રચના ઇ. ૧૧૮૪માં (૪) અને મંદિરમાં તેનો અભિનય ઈ ૧૧૮૬માં (૫) થયો છે.

આની એક માત્ર હસ્તપ્રત પાટણના વાડી પાર્શ્વનાથના પુસ્તકભંડારમાં હતી. સુશ્રાવક વાડીલાલ હીરાચન્દ દલાલ દ્વારા મુનિ પુણ્યવિજયજીને તે પ્રાપ્ત થઇ. તેને આધારે તેમણે આનું સંપાદન કર્યું.

કથાસાર (૬) સંક્ષેપમાં આ પ્રમાણે છે :

મગધમાં પાટનગર રાજગૃહ પાસેના વૈભાર પર્વતની ગુફામાં ડાકુ રૌહિણેય રહેતો હતો. તેને તેના પિતા ડાકુ લોહખુરે મરતી વખતે આદેશ આપ્યો હતો, કે ભૂલથી પણ મહાવીરની વાણી કાને ન ધરતો. તે આપણા કુલાચારનો નાશ કરનારી છે.

તે એકવાર નગરમાં આવ્યો. મકરંદોદ્યાનમાં વસંતોત્સવ નિમિત્તે નાગરિકો તેમની પ્રેયસીઓ સાથે ક્રીડામગ્ન હતા. ડાકુએ વિચાર્યું કે આમાંથી સૌથી વધુ સુંદર તરુણીને ઉપાડી જાઉં. આવી એક તરુણી આમાં ધનસાર્થવાહની પુત્રી મદનવતી તેના ઉપપતિ સાથે હતી. બંને સહેજ છૂટાં પડયાં એટલે ડાકુના સાથી શબરે ઉપપતિને કૃત્રિમ ભય બતાવીને નસાડી મૂકયો. ડાકુ તરુણીને ઉપાડીને પોતાની ગુફામાં જતો રહ્યો.

બીજે દિવસે ડાકુ સુભદ્ર નામના ધનાઢય શેઠને ઘરે પહોંચી ગયો. ત્યાં એના પુત્ર મનોરથના વિવાહ હતા. સૌ વાદ્ય સાથે નૃત્ય કરતાં હતાં. શેઠાણી મનોરમા ઘરમાં તૈયાર થવા ગઇ. ડાકુ શેઠાણીના વેશમાં નૃત્યમાં જોડાઇ ગયો. મનોરથને લઇને નાચવા લાગ્યો. તેણે કપડાંનો બનાવટી સાપ છૂટો મૂકયો. સૌ નાસભાગ કરવા લાગ્યા. આ ધમાલમાં તે મનોરથને લઇને નાસી ગયો. શબર સાથે હતો.

હવે રાજગૃહમાં રાજા શ્રેણિક પાસે મહાજને ફરિયાદ કરી. રાજાએ પોતાના મંત્રી શ્રેષ્ઠ અભયકુમાર પાસે રોષ ઠાલવ્યો. તેને હસ્તપ્રહાર કર્યો. મંત્રીએ આશ્વાસન આપ્યું કે પોતે પાંચ–છ દિવસમાં ચોરને પકડી લાવશે. નગર બહારના મનોરમ ઉદ્યાનમાં મહાવીર પધાર્યા હતા તેથી રાજા ત્યાં પહોંચી ગયો અને તેના વ્યાખ્યાનામૃતનું પાન કરવા લાગ્યો.

ડાકુએ હવે રાજભવનમાં જ હાથ મારવાનું નકકી કર્યું. તે નગર તરફ આવતો હતો. તેણે જોયું કે મહાવીર પ્રવચન આપે છે. તે પોતાના કાનમાં આંગળી ખોસીને ચાલવા માંડયો. તેને પગમાં કાંટો વાગ્યો. દાંતથી કાઢવા પ્રયાસ કર્યો પણ ન નીકળ્યો. આથી તેણે એક હાથેથી ખેંચી કાઢયો. આ ગાળા દરમિયાન તેને કાને મહાવીરવાણી પડી કે દેવોને પ્રસ્વેદ નથી, તેમનાં ચરણ ભૂમિને નથી સ્પર્શતાં, તેમની માળા કરમાતી નથી.

અધી રાતે તે મહેલ પાસે આવ્યો; પણ આરક્ષકોએ તેને ભારે પ્રયાસ પછી ચંડિકા મંદિરમાંથી પકડી પાડયો. તેને રાજા સમક્ષ હાજર કર્યો ત્યારે તેણે કહ્યું કે હું તો શાલિગ્રામનો દુર્ગચંડ નામે ખેડૂત છું. મંદિરમાં રાતવાસો કરતો હતો ત્યાંથી આ લોકો મને પકડી લાવ્યા છે. રાજાએ શાલિગ્રામ તપાસ કરાવી. ડાકુએ ત્યાં 'વ્યવસ્થા' કરી રાખી હતી. ત્યાં બીજાઓએ કહ્યું કે અહીં દુર્ગચંડ રહે છે, હમણાં બહારગામ છે.

અભયકુમારે હવે ડાકુને આસવ પાયો. આજુબાજુ એવી વ્યવસ્થા કરી, જાણે તે સ્વર્ગમાં હોય. વેશ્યાંગનાઓ નૃત્ય કરવા લાગી, જાણે કે ભરતનાં નિર્દેશનમાં નૃત્ય કરતી અપ્સરાઓ હોય. પ્રતીહારે જણાવ્યું કે આપ સ્વર્ગમાં પ્રવેશેલા નવા દેવ છો, એટલે આપે માનવજન્મમાં પૂર્વે કરેલાં શુભાશુભ કર્મોનું નિવેદન કરવાનું રહેશે. પરંતુ મહાવીરની વાણીને આધારે ડાકુને ખ્યાલ આવી ગયો કે આ કોઇ સ્વર્ગવાસીઓ નથી; હું કબૂલાત આપું, તે માટેનું કપટ છે તેણે શુભ કર્મો ગણાવ્યાં અને જણાવ્યું કે મારાં કર્મો અશુભ હોત, તો આ સ્વર્ગ મને મળત જ નહિ. અમાત્યને થયું કે આ પ્રપંચતુરે આપણને છેતર્યા.

હવે રાજા–મંત્રીએ તેને અભય આપીને એકાંતમાં સાચી વિગત પૂછી. ડાકુમાં પરિવર્તન આવ્યું હતું. તેણે કહ્યું: 'નગરમાં તમામ પ્રકારના આતંક મેં કરેલા છે. મને હવે પસ્તાવો છે. મને જિનવાણીએ જ બચાવ્યો છે. ચૌર્ય–પ્રેમમાં મેં જિનવચન ન ગણ્યાં. રસપૂર્ણ આમ્ર છોડી કાગડાની જેમ લીમડામાં પ્રેમ રાખ્યો. મારા પિતાના આદેશને ધિક્કાર છે.' તે રાજા અને લોકોને વૈભાર પર્વતની ગુફામાં લઇ ગયો. રાજા પોતાના હાથી સેચનક પર હતો. સૌને આ સ્થળ વિષે આશ્ચર્ય થયું. સૌને સૌની વ્યકિત–વસ્તુ સોંપી દીધી, રાજા પાસે વીરચરણ સેવાની અનુજ્ઞા માગી. રાજાએ તેની પ્રશસ્તિ કરી.

લેખકે પ્રાચીન આખ્યાનનું નાટયરૂપાંતર કર્યું છે. આચાર્ય હેમચન્દ્રએ 'યોગશાસ્ત્ર'માં દૃષ્ટાન્તરૂપે આ આખ્યાન આપ્યું છે.

'નાયધમ્મકહા'ના પ્રથમ શ્રુતસ્કંધ (જ્ઞાતાધર્મકથાસૂત્ર) માંના પહેલા, બીજા અને અઢારમા અધ્યયનમાં (૮) આ કથા છે :

મગધના પાટનગર રાજગૃહમાં રાજા શ્રેણિક હતો. તેને અભયકુમાર નામે મંત્રી હતો. નગરથી થોડે દુર અગ્નિખૂણે પર્વતની એક વિષમ કંદરાને કિનારે એક મોટી ચોરપલ્લી હતી. તે કોઇની નજરે ચડે તેમ ન હતી. તેમાં વિજય નામે ચોરશ્રેષ્ઠ હતો. નગરમાં ધન્ય નામના ધનવાન વેપારીને પત્ની ભદ્રાથી દેવદત્ત નામે પુત્રની પ્રાપ્તિ થઇ ધન્યના દાસીપુત્રની નજર ચૂકાવીને વિજય દેવદત્તને ઉપાડી ગયો. ઘરેણાં ઉતારીને તેને મારી નાખ્યો. પરંતુ તે પકડાઇ ગયો અને જેલમાં મૃત્યુ પામ્યો. તેનો ઉત્તરાધિકારી ચિલાત હતો. તે અગાઉ ધન્યનો દાસીપુત્ર હતો. તેણે ધન્યનું ઘર લૂટયું અને તેની પુત્રી સુષમાને ઉપાડી ગયો. માર્ગમાં તેણે સુષમાને મારી નાખી અને પોતે પણ મરણ

પામ્યો. મહાવીર રાજગૃહ પાસેના ગુણશીલ ઉદ્યાનમાં આવ્યા. ત્યાં ધન્યએ દીક્ષા ગ્રહણ કરી લીધી.

નાટ્યકથાને ઉપર્યુક્ત કથાસંક્ષેપ સાથે અંશતઃ સામ્ય છે.

નાટ્યકથાના કેટલાક આધારો ઐતિહાસિક છે :

હર્યંકવંશનો સૌથી વધુ મહત્ત્વનો રાજા શ્રેણિક અથવા બિમ્બિસાર હતો. તેનો રાજ્યકાળ ઈ. પૂ. ૫૪૪-૪૯૩ (૯) હતો. તેના સમયમાં મગધની રાજધાની ગિરિવ્રજ હતી. તેની આજુબાજુ પાંચ પર્વતો હતા, તેથી તેને આવું નામ મળ્યું હતું. મહાભારત, જૈનપ્રમાણો અને વાયુપુરાણ– ત્રણેય (૧૦) સંમત છે, કે આમાંનો એક વૈભાર પર્વત હતો. આમાંના એક વિપુલ નામના પર્વતની ઉત્તરે પોતાના નવા રાજમહેલની ચારેય બાજુ શ્રેણિકે નગરી વસાવી, તેને 'રાજગૃહ' નામ આપ્યું. 'અનુત્તરોપપાતિકદશા (૧/૧/૧૦)' અને 'નાયધમ્મકહા (૧/૧)'–બંનેમાં (૧૧) નોંધ છે કે શ્રેણિકને રાણી નન્દાથી પુત્ર અભયકુમારની પ્રાપ્તિ થઈ હતી. રાજાએ તેને મંત્રીપદે સ્થાપ્યો હતો. શ્રેણિકના પટ્ટહસ્તીનું નામ સેચનક હતું. પ્રારંભથી જ રાજાએ જૈનધર્મને રાજાશ્રય આપ્યો હતો. 'ઉત્તરાધ્યયનસૂત્ર' (૧૨) જણાવે છે, કે આ રાજસિંહ ચૈત્યમાં અણગારસિંહ મહાવીર પાસે પોતાની પત્નીઓ, અનુચરો અને સંબંધીઓ સાથે ગયો અને શાસનનો કટ્ટર અનુયાયી બની ગયો. રાજગૃહથી ઇશાનમાં ગુણશિલ નામે ચૈત્ય અને ઉદ્યાન હતાં. મહાવીર ત્યાં અવારનવાર ચાતુર્માસ માટે આવતા. તત્કાલીન સમાજમાં અનાર્ય લોકો દાસનું કામ કરતા. તેમને માટે ચિલાત–કિરાત-શબ્દ હતો.

સુશીલકુમાર દે (૧૩)નો અભિપ્રાય છે, કે આ નાટ્યનું કથાવસ્તુ નિષ્પ્રાણ છે. આની સાથે સંમત થઈ શકાય તેમ નથી. આવું કથાવસ્તુ સમગ્ર સંસ્કૃત નાટ્યસાહિત્યમાં વિલક્ષણ છે. ડાકુની પરિવર્તનકથા નૃત્યસંગીતના સમાયોજનથી આટલી મનોરંજક બની શકે છે, તે અહીં જોવા મળે છે. અહીં કૂટ-નીતિથી ભરપૂર ઘટનાઓની ભરમાર છે. અહીં દ્યૂતભૂમિ, ડાકુ-ઓનો અડ્ડો, ન્યાયાલય, વસંતોત્સવ વગેરે પરિસ્થિતિઓ પ્રદર્શિત થઈ છે.

ડાકુના પરિવર્તનની કથા વાલ્મીકિની યાદ અપાવી શકે તેવી છે. જે રીતે પરિવર્તન થાય છે, તે અજામિલની યાદ અપાવે છે. પુરાણો (૧૪) મુજબ, આ કુકર્મો બ્રાહ્મણનો, દશમા પુત્ર નારાયણના નામોચ્ચારમાત્રથી ઉદ્ધાર થયો હતો.

કથાવસ્તુ જ એ પ્રકારનું છે, જેમાં પાંચ સંધિઓનું આયોજન શક્ય બન્યું નથી. પ્રા. રામજી ઉપાધ્યાયનો (૧૫) અભિપ્રાય છે કે મદનવતી–હરણનો પ્રસંગ અનાવશ્યક છે. ખરેખર આવું નથી. પ્રસંગ નાયકના ઔદ્ધત્યને પ્રગટ કરવાનું પ્રયોજન સાધે છે. રાજા મંત્રીને રોષપૂર્વક હસ્તપ્રહાર કરે, તે અપ્રતીતિકર છે. કારણ કે તે સમયે રાજાઓ મંત્રીઓ માટે સમાદર ધરાવતા હતા.

કથાનાયક એક ડાકુ છે. તેનો ચારિત્રિક વિકાસ નાટ્યકથાની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. કથા એ પ્રકારની છે, જેમાં નાયક માટે કોઈ પ્રકાર નિશ્ચિત થઈ શકે તેમ નથી. તો પણ તેનામાં 'ધીરોદ્ધત' નાયકનાં લક્ષણો લાગે છે. તે વધુ પડતો અભિમાની અને ઈર્ષ્યાળુ, માયાવી, ચંચળ, ભયંકર અને બડાઈખોર હોય છે.

શૃંગાર વગેરે નવરસોનું નિરૂપણ આ રચનામાં છે. આમાંથી અંગી વીરરસ હોય, તેમ લાગે છે; બાકીના ગૌણ.

અર્વાચીન યુગમાં કવિનો આવિર્ભાવ હોવા છતાં, તેની રચનામાં વૈદર્ભી શૈલીનાં લક્ષણો–પ્રસાદ, મધુરતા, અર્થવ્યક્તિ, ઓજસ વગેરે જોવા મળે છે; જેમકે– (૧૬)

> प्रभुत्वं न्यायसंपन्नं सदा दानाद्भुताः श्रियः।
> शौर्यं सद्बुद्धिसंयुक्तं दुर्लभं त्रयमप्यदः॥

(ન્યાયથી યુક્ત પ્રભુતા, દાનથી શોભતી લક્ષ્મી, સદ્બુદ્ધિથી યુક્ત શૌર્ય–આ ત્રણ હંમેશાં મળવાં મુશ્કેલ છે.)

કવિ યુગપ્રભાવથી વંચિત રહી શક્યા નથી, એવું પણ બન્યું છે. છ અંકની આ નાટ્યરચનામાં શ્લોક ૧૭૭ છે. છઠ્ઠા અંકમાં ઉપરૂપક (કૃત્રિમ સ્વર્ગનો પ્રસંગ)નો સમાવેશ કર્યો છે. આ બંનેમાં તત્કાલીન સાહિત્યનો પ્રભાવ છે.

નાટ્યરચનાનું સ્વરૂપ તેના સંપાદકે 'નાટક' જણાવ્યું છે. પરંતુ તે યોગ્ય નથી. કારણ કે આમાં નાયક રાજર્ષિ નથી, કે દિવ્ય નથી ખરેખર તો આ 'નાટક' નથી, 'પ્રકરણ' છે. કારણ કે આમાં નાયક ઉદાત્ત કે દિવ્ય કે રાજસુખો ભોગવનારો નથી. 'પ્રસ્તાવના'માં સૂત્રધારે જ આને 'પ્રકરણ' કહ્યું છે. એ. બેરિદલે-કીથ (૧૭), સુશીલકુમાર દે (૧૮), બળદેવ ઉપાધ્યાય (૧૯) આને પ્રકરણ જ માને છે.

સુશીલકુમાર દે (૨૦) નો અભિપ્રાય છે કે આમાં નાટ્યતત્ત્વનો પૂર્ણતઃ અભાવ છે. ખરેખર આવું નથી. 'પ્રસ્તાવના'માં સૂત્રધારે આ રચનાની જે વિશેષતા ગણાવી છે; તેની સાથે સંમત થઈ શકાય, તેમ છે: (૧) સુશ્રાવ્ય નવીન સૂક્તિરત્નો (૨) વિવિધ રસોનું સંકલન (૩) નિપુણતાનો સમન્વય. લેખક પોતે જૈન છે. તેમણે જે કથાવસ્તુની માવજત કરી છે; તે જૈન છે. તો પણ સમગ્ર નાટ્યરચનામાં જૈનધર્મના પ્રચારનું ભારણ કર્યાય જણાતું નથી. ગૌણભાવે આ રચના જૈનધર્મની ઉત્તમતા પ્રતિપાદિત કરી શકી છે. સાથોસાથ કલાત્મકતાનો નિર્વાહ કરી શકી છે.

(છઠ્ઠા જૈન સાહિત્ય સમારોહમાં રજુ થયેલ નિબંધ).

પાદટીપો

૧ મુનિ પુણ્યવિજય; પ્રબુદ્ધરૌહિણેયમ્; શ્રી જૈન આત્માનન્દ સભા, ભાવનગર; ૧૯૧૮: નિવેદનમ્, પૃ. ૨

૨ એજન; નિવેદનમ્, પૃ. ૨

૩ શાસ્ત્રી દુર્ગાશંકર કેવળરામ; ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ; ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ; ૧૯૫૩; બીજું સંસ્કરણ; પૃ. ૫૩૧

૪–૫ પરીખ રસિકલાલ છોટાલાલ; સોલંકીકાલ; ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ ૯; ૧૯૭૬; પ્રથમ સંસ્કરણ; પૃ. ૩૦૪

૬ મુનિ પુણ્યવિજય; પ્રબુદ્ધરૌહિણેયમ્-આધારસ્થાન

૭ પુરોહિત નર્મદાશંકર ભોગીલાલ; કીર્તિ કૃત સંસ્કૃત નાટક; ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૧૯૬૦, આવૃત્તિ ૧લીનું પુનર્મુદ્રણ; પૃ ૩૭૦

૮ મુનિ હસ્તીમલ 'મેવાડી'; આગમ કે અનમોલ રત્ન; લક્ષ્મી પુસ્તકભંડાર, અહમદાબાદ ૧; ૧૯૬૮; પ્રથમ સંસ્કરણ; પૃ. ૪૬૫–૬૦૧

૯ Majumdar R. C.; The age of Imperial Unity; Bharatiya Vidya Bhavan, Bombay; 1968; fourth edition; P. 38.

૧૦ દોશી મેઘરાજ; ભગવાન મહાવીરની ધર્મકથાઓ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૫૦, દ્વિતીય આવૃત્તિ, ટિપ્પણો, પૃ. ૧૭૩

૧૧ મુનિ હસ્તીમલ 'મેવાડી'; આગમ કે અનમોલ રત્ન; પૃ. ૫૩૯–૮૦

૧૨ Majumdar R. C.; The age of Imperial Unity; P. 21
૧૩ De S. K; A History of Sanskrit Literature; University of Calcutta, Calcutta; 1962; Second edition; P. 476
૧૪ શર્મા રાણાપ્રસાદ; પૌરાનિક કોશ; જ્ઞાનમણ્ડલ લિમિટેડ, વારાણસી; ૧૯૭૨; પ્રથમ સંસ્કરણ; પૃ. ૧૪
૧૫ ઉપાધ્યાય રામજી; મધ્યકાલીન સંસ્કૃત નાટક; સાગર વિશ્વવિદ્યાલય, સાગર; ૧૯૭૪, પ્રથમ સંસ્કરણ; પૃ. ૨૨૦
૧૬ મુનિ પુણ્યવિજય; પ્રબુદ્ધરૌહિણેયમ; ૪-૧૩
૧૭ પુરોહિત નર્મદાશંકર ભોગીલાલ, કીર્તિ કૃત સંસ્કૃત નાટક, પૃ. ૩૬૯
૧૮ De S. K.; A History of Sanskrit Literature; P. 475
૧૯ ઉપાધ્યાય બલદેવ; સંસ્કૃત સાહિત્યકા ઇતિહાસ; શારદા મન્દિર, વારાણસી; ૧૯૬૮; અષ્ઠમ સંસ્કરણ; પૃ. ૬૨૯
૨૦ De S. K.; A History of Sanskrit Literature; P. 476

નગરશેઠ શાંતિદાસ ઝવેરી: ઐતિહાસિક દૃષ્ટિ અને વાર્તાનો સમન્વય

પન્નાલાલ ૨. શાહ

ભારતનાં અન્ય શહેરો કરતાં અમદાવાદ શહેર અનેક રીતે જુદું તરી આવે છે. તેની પ્રજામાં પરંપરાગત સ્વત્વ અને સ્વાશ્રયની ઊંડી તાકાત છે. ભારતનાં અન્ય શહેરો, બહારના ઔદ્યોગિક આક્રમણને કારણે, ભાંગી પડ્યાં, જ્યારે અમદાવાદ તેની સામે ટકી રહ્યું. કારણ કે રાજનગરનો વેપાર – ઉદ્યોગ કોઈ રાજા-મહારાજાના આશ્રયે ખીલ્યો ન હતો. અમદાવાદની જાહોજલાલી ગામડાંના શોષણમાંથી ઊભી થયેલી નથી, પરંતુ તેના વેપાર-ઉદ્યોગને પ્રતાપે છે. અમદાવાદ એટલે કારીગરો, વેપારીઓ અને કારકૂનોનું સંગઠન–મહાજન.

આ મહાજનનું બળ એટલે સંપ અને એકતાનું બળ. પરદેશી સત્તાની સામે ધંધાદારીને તેનાથી રક્ષણ મળ્યું. એણે ઊભી કરેલી પરંપરા મહાજન માટે ઉપયોગી નીવડી. આ મહાજન પ્રથા વંશપરંપરાથી ચાલી આવી છે. તેના શ્રીમંત વણિકોની આર્થિક સત્તા અને સામાજિક પ્રતિષ્ઠા રાજનગરના વ્યક્તિત્વનું અનોખું અંગ છે.

આવી બલિષ્ઠ પરંપરાના રતંભ જેવા શેઠશ્રી શાંતિદાસના જીવન વિષે જાણવાનું કોને કુતૂહલ ન થાય? આ મહાજન પરંપરામાં શેઠશ્રી શાંતિદાસના ઉત્તરોત્તર વારસદારોએ આ પરંપરાને વધુ બલિષ્ઠ બનાવી છે. નગરશેઠ શ્રી લક્ષ્મીચંદ, નગરશેઠ શ્રી ખુશાલચંદ, બંધુમેનડી નગરશેઠ શ્રી નથુશા અને શ્રી વખતચંદ, બાહોશ નગરશેઠ શ્રી હેમાભાઇ, દાનવીર નગરશેઠ શ્રી પ્રેમાભાઇ, સેવાભાવી નગરશેઠ શ્રી મણિભાઇ અને નગરશેઠ શ્રી ચીમનભાઇ અને શ્રી કસ્તુરભાઇ મણિભાઇ વગેરેએ એમનો ઉજ્જવળ વારસો જાળવ્યો છે. શેઠ શાંતિદાસની દશમી પેઢીએ શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇ આવ્યા. આમ દસ દસ પેઢી સુધી અને આજે પણ એક સરખી જાહોજલાલી અને ખાનદાની જળવાઇ રહે એ પ્રબળ પુણ્યોદય હોય તો જ બને.

આવી ગૌરવવંતી પરંપરાના રતંભ અને આદ્યપુરુષ જેવા શેઠશ્રી શાંતિદાસની સાતમી પેઢીના પૂર્વજ પદ્મસિંહ ક્ષત્રિય જાગીરદાર હતા. મુસ્લિમ આક્રમણથી ત્રાસીને એમના પિતા સહસ્રકિરણ રાજસ્થાનથી હિજરત કરી અમદાવાદ આવ્યા. એક ઝવેરીને ત્યાં નોકરી કરતાં, આપબળે ઝવેરી બન્યા. એમનામાં સાહસિકતા, વીરતા અને ઉદારતાના ગુણોનો સમન્વય થયો હતો. રત્નપરખની અસાધારણ કુશળતાથી, અકબર બાદશાહના દરબારમાં એમને શાહી ઝવેરીનું સ્થાન પ્રાપ્ત થયું હતું. અકબરની બેગમ જોધાબાઇ કોઇ કારણસર દિલ્હીથી રીસાઇને અમદાવાદ આવેલાં તે વખતે શાંતિદાસે તેમને પોતાના ઘેર ઉતારો આપી બહેન તરીકે અપનાવી હતી. તેથી જહાંગીર તેમને 'ઝવેરીમામા' કહેતો. આ સંબંધ એમને પેઢી – દર – પેઢી ફળદાયી નીવડ્યો. અકબર, જહાંગીર અને શાહજહાં પાસેથી જૈન ધર્મના, પાલિતાણા તીર્થના અને પોતાની અંગત મિલકતના રક્ષણ માટેનાં ફરમાનો મેળવ્યાં.

શાંતિદાસ મોગલ શાસકોને મોટી રકમ ધીરતા. શાહજહાંએ બનાવેલ મયૂરાસન માટે ૭ કરોડ રૂપિયા ખર્ચેલા. તેમાં શાંતિદાસે ઘણું ઝવેરાત આપ્યું હતું. તેમના પુત્ર લક્ષ્મીચંદે મુરાદને સાડા પાંચ લાખ રૂપિયા ધીરેલા. તે મુરાદ ઔરંગઝેબની સામે હાર્યો. આવે વખતે શેઠ શાંતિદાસ દિલ્હી જઇને ઔરંગઝેબ પાસેથી તે રકમ કુનેહથી કઢાવી લે છે. ધર્માંધ ઔરંગઝેબ પાસેથી જૈન તીર્થ અને તેની સંપત્તિના રક્ષણ માટે પણ ફરમાન મેળવ્યું હતું. આમ એનામાં ક્ષત્રિયનું તેજ અને વણિકની અગમબુદ્ધિ હતી.

આવા ઐતિહાસિક પુરુષના જીવન વિષે જાણવાની સહજ જિજ્ઞાસા થાય. એમાં મુશ્કેલી એ રહે છે કે આવા શ્રેષ્ઠિઓનાં જીવનચરિત્રો કેવળ સાંપ્રદાયિક પરંપરા અને અનુશ્રુતિના આધારે તૈયાર થાય છે. બીજી મુશ્કેલી એ છે કે ઐતિહાસિક પાત્રોની જીવનઘટનાઓને ઐતિહાસિક દૃષ્ટિકોણથી મૂલવવી જોઇએ અને તેની તથ્યાતથ્યતા નક્કી કરવાની હોય છે, એટલે સ્વાભાવિક રીતે ઇતિહાસ લેખનના કાર્યથી રસ નિષ્પત્તિ થતી નથી. જ્યારે લોકો આવાં પાત્રોની ઐતિહાસિક વાર્તા મેળવવા ઇચ્છે છે. પરિણામે ઇતિહાસનું પુસ્તક ભાગ્યે જ લોકપ્રિય બનતું હોય છે. પરંતુ શ્રી માલતીબહેન શાહે નગરશેઠ શાંતિદાસ ઝવેરી વિષેના પુસ્તકમાં ઇતિહાસને વાર્તા જેવી સરળ, લોકભોગ્ય અને હૃદયંગમ શૈલીથી રજૂ કર્યો છે. એમણે વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને ઇતિહાસ નિરૂપ્યો કર્યું છે શેઠ શાંતિદાસ ઝવેરીના કુટુંબ, વંશ અને પૂર્વજો અને શાંતિદાસના જન્મ અને મૃત્યુના સમય વિષે જુદા જુદા વિદ્વાનોનાં મંતવ્યોને સાધાર ટાંકી એની સરસ છણાવટ કરી છે. નગરશેઠપદ અકબર બાદશાહે, જહાંગીર કે ઔરંગઝેબે આપ્યું કે એમણે પોતે નગરશેઠપદ માગ્યું એની તલરપર્શી તપાસ કરી છે.

એમણે દિવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ, શ્રી કુંવરજી ખરમશી સંપટ, શ્રી રત્નમણીરાવ ભીમરાવ, શ્રી એમ. એસ. ક્રોમિસેરિયેટ, જર્મન પ્રવાસી મેન્ડેલસ્લો, ફ્રેન્ચ પ્રવાસી થેવેનો વગેરેના ઐતિહાસિક સંદર્ભો સાથે શેઠ શાંતિદાસ ઝવેરીનું જીવન આલેખ્યું છે. તદુપરાંત લગભગ બે હજાર જેટલા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી સંદર્ભગ્રન્થોનો આ પુસ્તક માટે ઉચિત વિનિયોગ કર્યો છે. મોગલ સમ્રાટ શાહજહાં અને ઔરંગઝેબ પાસેથી મળેલ ફરમાનોની ફોટો નકલ આપીને

લેખિકાએ ખૂબ જ જહેમત ઉઠાવ્યાનો પુરાવો આપ્યો છે. શેઠ શાંતિદાસ ઝવેરીના ગુરુ રાજસાગરસૂરિ સાથેનો એમનો ફોટો ઝવેરીવાડની વાઘણ પોળમાં આયંબિલ શાળાના મકાનમાં સચવાયેલા ચિત્રનો નીચેનો ભાગ છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો ઇતિહાસ ભા. ૧માં પણ શાંતિદાસ ઝવેરીનો એકલાનો ફોટો અને ગુરુ સાથેનો ફોટો આપવામાં આવ્યો છે. તેના આધારે આ બંને ફોટાઓ આ પુસ્તકમાં સામેલ કર્યાં છે. 'ચિંતામણિ પ્રશસ્તિ'ની હસ્તપ્રતનાં (શ્લોક ૧ થી ૮૬) પૃષ્ઠોની ફોટો નકલ પણ આપીને એમણે ઇતિહાસને જીવંત કર્યો છે. દરેક પ્રકરણમાં પાદનોંધો વિગતે આપીને પુસ્તકની ગુણવત્તામાં વધારો કર્યો છે.

ડૉ. હરિવલ્લભ ભાયાણીએ 'શોધ અને સ્વાધ્યાય'ના નિવેદનમાં નોંધ્યું છે કે આપણે ત્યાં ભૂતકાળનાં ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના અભ્યાસ અને સંશોધનની અછત વર્તાતી લાગે છે. એ જોતાં બીક રહે છે કે એ વિષયનું ગમે તેવું લખાણ તદ્‌વિદનું ગણાઈ જાય, ને સાથે એનો વાચક શોધવો પડે એવો સમય દૂર નથી. ડૉ. હરિવલ્લભ ભાયાણીએ દર્શાવેલ ભય અહીં નિર્મૂળ થાય છે. ઇતિહાસ અને તેનું સંશોધન એ લેખિકાનો વિષય ન હોવા છતાં તેમાં એમણે કરેલ ચંચૂપાત સાધિકાર જણાય છે. ડૉ. ભાયાણીના નિરીક્ષણ મુજબ, આ ઘટના અપવાદરૂપ હોય, તો પણ આવકાર્ય છે. અને સંશોધનની દિશા સાવ સૂની પડી રહી છે ત્યારે શ્રી માલતીબેન શાહનો પરિશ્રમ દાદ માગી લે તેવો છે અને આ માટે તેઓ અભિનંદનના અધિકારી છે.

શ્રમ મંદિર માટે આવેલ ભેટની યાદી

૩,૬૭,૫૧૪ ગત અંકમાં આવેલ યાદીનો સરવાળો
૨૫,૦૦૦ મે. ફ્રાન્વેસ્ટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૧૧,૦૦૦ શ્રી મહેન્દ્ર બંધસ
૧૧,૦૦૦ ,, ભોગીલાલ જહેરચંદ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૧,૦૦૦ ,, દામજી લાલજી એંકરવાલા
૧૧,૦૦૦ ,, ભણશાળી એન્ડ કું.
૧૧,૦૦૦ ,, આશીતાબેન કાંતિલાલ કેશવલાલ શેઠ
૧૦,૦૦૦ ,, દીપચંદ ગાર્ડી ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ પ્રિન્સ પ્લાસ્ટિક : શામજી કોરશી ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ પ્રીફેબ્રીકેટેડ સ્ટ્રક્ચર લિ.
૫૦૦૦ શ્રી કસ્તુરલાલ જૈન (અંબાલા)
૫૦૦૦ ,, નટવરલાલ ચુનીલાલ ભણશાળી
૫૦૦૦ ,, બાંદરા સ્પીરીટ ડેપો
૫૦૦૦ ,, નવલબેન મણિલાલ વિરાણી ટ્રસ્ટ
૫૦૦૦ ,, અનુકંપા રાગી
૫૦૦૦ ,, સુરતનિવાસી શ્રી અભયચંદ ગુલાબચંદ ઝવેરી
૫૦૦૦ ,, આ. કેશરસૂરિના સ્મરણાર્થે: હસ્તે શ્રી મુક્તિચંદ્ર શ્રમણ જૈન આરાધના સંઘ
૫૦૦૦ ,, શ્રી શાંતિલાલ નાનચંદભાઇ ચે. ટ્રસ્ટ હસ્તે શ્રી પિયુષભાઇ કોઠારી
૫૦૦૦ ,, પ્રભાવતી રસિકલાલ પરીખ
૫૦૦૦ ,, લલિતભાઇ સી. કોઠારી, મદ્રાસ
૫૦૦૦ ,, મીઠીબેન દાદાભાઇ એલિસ
૫૦૦૦ ,, શૈલાબેન શેખરભાઇ પરીખ: અઠ્ઠાઇ નિમિત્તે
૫૦૦૦ ,, સી. યુ. શાહ
૩૫૫૧ ,, જી. ટી. ગર્લ્સ હાઇસ્કૂલનાં શિક્ષિકાબેન તરફથી
૩૫૦૦ મે. ચીમટ્રા બાયોકેમિકલ્સ
૩૦૦૦ શ્રી મહિપતરાય જાદવજી શાહ
૩૦૦૦ જૈન ભારતી મહત્તરા : માલેર કોટલા સંઘ : સાધ્વીશ્રી મૃગાવતીશ્રીની સ્મૃતિમાં
૩૦૦૦ સાધ્વી શ્રી મૃગાવતીશ્રીના એક ચાહક તરફથી જગાદરી જૈન સંઘ : હરિયાણા
૩૦૦૦ શ્રી વિનુભાઇ ઉમેદચંદ શાહ
૩૦૦૦ શ્રી બંડિયા મેટલ
૩૦૦૦ ,, ચીમનલાલ કેશવજી
૨૫૦૧ શ્રીમતી દયાબેન ગિરજાશંકર શેઠ ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી પ્રવીણચંદ્ર હેમચંદ્ર અમરચંદ
૨૫૦૦ ,, રમણલાલ નગીનદાસ શાહ ચે. ટ્રસ્ટ
૧૫૦૧ મે. ખોમ્બે મશીનરી સ્ટોર્સ
૧૫૦૧ શ્રી એન. એચ. કોઠારી
૧૫૦૧ ,, ગુણવંતબેન મહાસુખભાઇ
૧૧૦૦ ,, ચીનુભાઇ હિંમતલાલ શાહ
૧૦૦૧ ,, હસમુખલાલ હ. દોઢીવાલાના પરિવાર તરફથી
૧૦૦૧ ,, મેહુલ ચીનુભાઇ ચોકસી
૧૦૦૧ સ્વ. યશવંતભાઇ દાદભાવાલાના સ્મરણાર્થે હ. શ્રી અમરભાઇ
૧૦૦૦ શ્રી મંગળાબેન ઝાટકિયા
૧૦૦૦ ,, અંજનાબેન પ્રવીણચંદ્ર ઝવેરી
૧૦૦૦ ,, મહાસુખભાઇ કામદાર
૧૦૦૦ ,, ગુણવંત એ. શાહ
૧૦૦૦ સ્વ. વખતબેન ચુનીલાલ મહેતા
૧૦૦૦ શ્રી રમેશચંદ્ર પ્રતાપરાય મહેતા
૧૦૦૦ મે. ઇનડેકોર હ: શ્રી અરુણભાઇ એમ. વિરાણી
૧૦૦૦ શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી
૧૦૦૦ ,, સુવર્ણાબેન જિતુભાઇ દલાલ
૧૦૦૦ ,, ઉષાબેન શાહ
૧૦૦૦ ,, સુરેશભાઇ નાનાલાલ કોઠારી
૧૦૦૦ ,, નીનાબેન શૈલેષ મહેતા
૧૦૦૦ સ્વ. કેશવલાલ ગિરધરલાલ હ. શ્રી હસમુખભાઇ
૧૦૦૦ શ્રી એચ. ડી. ઇન્ડસ્ટ્રીઝ
૧૦૦૦ ,, હર્ષ નીશીત ચોકસી
૧૦૦૦ ,, વર્ષાબેન શાહ
૧૦૦૧ ,, પાનબાઇ મણિલાલ શાહ
૧૧૧૧ ,, નીરૂ એન્ડ કું
૧૦૦૧ ,, આર. એચ. કોઠારી
૧૦૦૧ ,, વિક્રમભાઇ કોઠારી
૧૦૦૧ ,, એસ્ટન ગ્રીન એન્ડ કું.
૧૦૦૧ ,, સરોજબેન બી. ઘાટલિયા
૧૦૦૧ ,, કાંતિલાલ છોટાલાલ
૧૦૦૦ ,, કાંતાબેન વકીલ
૧૦૦૧ ,, એક બેન તરફથી
૧૦૦૦ ,, એક ભાઇ તરફથી
૧૦૦૦ ,, રેખાબેન શેઠ
૧૦૦૦ ,, રમણીકલાલ પુરુષોત્તમ શાહ

૧૦૦૦ શ્રી ધનદુમતીબેન રમણલાલ શાહ
૧૦૦૦ ,, સ્વ. કાંતાબેન ર. વકીલના સ્મરણાર્થે
૧૦૦૦ ,, શ્રી એક બેન
૭૫૧ ,, ભારતીબેન ભૂપેન્દ્રભાઈ શાહ
૭૦૭ ,, લાભુભાઈ પી. સંઘવીના પરિવાર તરફથી
૭૫૧ ,, એક સદ્‌ગૃહસ્થ
૫૧ ,, લક્ષ્મીચંદ કેશવજી શાહ
૫૦૧ ,, કિરણભાઈ લક્ષ્મીચંદ શાહ
૫૦૧ ,, બાબુભાઈ જવંતીલાલ
૫૦૧ ,, એલ. એન. શાહ
૫૦૧ ,, નગીનલાલ હરખચંદ
૫૦૧ ,, વિમળાબેન કુંવરજી શાહ
૫૦૧ ,, એક બેન
૫૦૧ ,, હીરાબેન હિંમતલાલ વોરા
૫૦૧ ,, પ્રદીપભાઈ ખીમાણી
૫૦૦ ,, શ્રીપાલ કાંતિલાલ ભંડારી
૫૦૦ ,, કલ્યાણજી કપૂરચંદ
૫૦૦ ,, મનહરલાલ વૃજલાલ
૫૦૦ ,, હીરાબેન હિંમતલાલ વોરા
૫૦૦ ,, લક્ષ્મીબેન વૃજલાલ પારેખ
૫૦૦ ,, ઉષાબેન ડી. શાહ
૫૦૦ ,, કાંતિલાલ મોહનલાલ શાહ
૫૦૦ ,, કપિલાબેન મનહરલાલ મહેતા
૫૦૦ ,, ચંપાબેન ખોડીદાસ
૫૦૦ ,, વર્ધમાન પી. તુરખીઆ
૫૦૦ ,, સ્મિતા વૃજ પરીખ
૫૦૦ ,, એક ભાઈ
૫૦૦ ,, ગૌતમ પરીખ
૫૦૦ ,, કિરણભાઈ શાહ
૫૦૧ ,, એક બેન
૫૦૧ ,, વિજય ડી. મહેતા
૫૦૧ ,, ખેતશી માલશી સાવલા
૫૦૧ ,, એક ભાઈ તરફથી
૫૦૧ ,, નવીનચંદ્ર એ. શાહ
૫૦૫ ,, ધીરજલાલ પોપટલાલ શાહ
૫૦૦ ,, શાંતાબેન કાંતિલાલ કાપડિયા
૫૦૧ ,, ત્રિશલા ઇલેકટ્રોનિક્સ
૫૦૧ ,, નીરંજન અમૃતલાલ શાહ
૫૦૧ ,, પદ્મિની શિરીષચંદ્ર મહેતા
૫૦૦ ,, શાંતીજી ચનાભાઈ દેઢીઆ
૪૦૦ ,, સૌભાગ્યબેન ગિરીષભાઈ મહેતા
૩૫૦ ,, અનુબાબેન મૂલચંદ શાહ
૩૨૫ ,, ધનદુબેન તથા શ્રી નીલાબેન
૩૦૧ ,, એલ પી. શાહ
૩૦૧ ,, જગદીશભાઈ જી. માદ્રે
૩૦૦ ,, એક બેન
૨૫૧ ,, રસિલાબેન દિલીપભાઈ ઝવેરાણીઆ
૨૫૧ ,, આર. આર. શ્રોફ એન્ડ કું.
૨૫૧ ,, મીનાક્ષીબેન વિજયભાઈ મહેતા
૨૫૧ ,, એસ. બી પટેલ
૨૫૧ ,, શાહ દેવચંદ એન્ડ કું.
૨૫૧ શ્રી એક ભાઈ
૨૫૧ ,, નીતાબેન દલાલ
૨૫૧ ,, વિજયભાઈ દલાલ
૨૫૧ ,, મોહિનીબેન દલાલ
૨૫૧ ,, હેમકુંવરબેન
૨૫૧ ,, એક બેન
૨૫૦ ,, મધુસુદન હીરાલાલ શાહ
૨૫૦ ,, એક ભાઈ
૨૫૦ ,, પ્રમોદભાઈ એસ શાહ
૨૦૦ ,, ભરતભાઈ ચોકસી
૨૦૦ ,, એક બેન તરફથી
૨૫૧ ,, શીતલ એન્ડ પાવળ
૨૦૧ ,, એક બેન તરફથી
૨૦૦ ,, એક બેન તરફથી
૨૦૧ ,, સલોચનાબેન એન. શાહ
૫૮૦૭૧૨ (વધુ થઈ આવતા અંકે)

અમેરિકા-કેનેડામાં વ્યાખ્યાન યાત્રા

(પૃષ્ઠ ૮૮થી ચાલુ)

અથવા ગયેલો છે. તેઓ દૂર દૂર છૂટાછવાયા વસેલા છે અને કેટલાંય કુટુંબોમાં પતિ – પત્ની બંને નોકરી કરતાં હોય છે. વળી કેટલાંય કુટુંબોની વ્યવહાર ભાષા અંગ્રેજી બની ગઈ છે. કેટલાંય કુટુંબોમાં પતિ-પત્ની માતૃભાષા બોલે છે; પણ સંતાનો અંગ્રેજી સિવાય બીજી ભાષા બોલતાં નથી. કેટલાંક તો સમજતાં પણ નથી. એને પરિણામે આફ્રિકાની નવી યુવાન-ઊગતી પેઢી કરતાં અમેરિકાની નવી યુવાન-ઊગતી પેઢીની લાક્ષણિકતા તદ્દન જુદી જણાય છે. માટે જ આફ્રિકા કે ઇંગ્લેન્ડ કરતાં અમેરિકાના જૈનોને પોતાનાં સંતાનોના ભાવિનો પ્રશ્ન વધુ ગંભીર લાગે તે સ્વાભાવિક છે.

પાંચ અઠવાડિયાના અમારા આ કાર્યક્રમમાં અમેરિકાનાં જુદાં જુદાં શહેરોમાં વસતા જૈનોની વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ મળ્યો હતો. અમેરિકામાં હવે કુટુંબદીઠ કે વ્યક્તિદીઠ મોટર-ગાડીની સુવિધા હોવાથી દૂર દૂર વસતા લોકો પણ આવા કાર્યક્રમોમાં સંતાનો સહિત ભાગ લેતા થયા છે એ ધર્મ જાગૃતિની સારી નિશાની છે. ઘણાં સેન્ટરોએ પોતાના સભ્યોની ડિરેકટરી પ્રગટ કરી છે. બોસ્ટનના સેન્ટરે તો અમેરિકા-કેનેડામાં વસતાં તમામ જૈનકુટુંબોની 'જૈન ડિરેકટરી' પ્રગટ કરી છે; જેમાં સભ્યોનાં કુટુંબીજનોનાં નામ પણ આપ્યાં છે. ન્યૂયોર્ક, ન્યુજર્સી, ટોરાન્ટો વગેરે સ્થળે સેન્ટરનું પોતાનું સ્વતંત્ર મકાન અને દેરાસર થયેલાં છે. સર્વ ફિરકાના અને સર્વ ભાષાના જૈનો સાથે મળી સંપ-સહકારથી કાર્ય કરે છે અને ફેડરેશન તરફથી કન્વેન્શનનાં આયોજન દ્વારા જૈનોના પ્રશ્નોની છણાવટ થાય છે એ કાર્ય પણ સ્તુત્ય છે.

અમેરિકા-કેનેડાની અમારી વ્યાખ્યાનયાત્રા યોજવા માટે તથા ટોરાન્ટોમાં વેજિટેરિયન કોન્ફરન્સમાં ભાગ લેવાની સુવિધા કરી આપવા માટે ચંદરિયા ફાઉન્ડેશનના અને ત્યાંનાં સેન્ટરો તથા ફેડરેશનના કાર્યકર્તાઓના અમે ઋણી છીએ.

સંયુક્ત અંક

દીપોત્સવી પર્વ નિમિત્તે 'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧-૧૦-'૮૭ અને તા. ૧૬-૧૦-'૮૭નો અંક સંયુક્ત અંક તરીકે પ્રગટ થશે. -તંત્રી

અમેરિકા – કેનેડામાં વ્યાખ્યાનયાત્રા

રમણલાલ ચી. શાહ

કેનેડામાં ટોરન્ટો શહેરમાં ત્યાંના વેજિટેરિયન એસોસીએશન તરફથી પમી ઓગસ્ટથી ૯મી ઓગસ્ટ, ૧૯૮૭ દરમિયાન આંતરરાષ્ટ્રીય શાકાહાર પરિષદ યોજવામાં આવી હતી. તે પરિષદમાં ભાગ લેવા માટે મને નિમંત્રણ મળ્યું હતું શ્રી ચંદરયા ફાઉન્ડેશન તરફથી શ્રી કપૂરભાઇ ચંદરયા અને શ્રી કુશુભાઇ ચંદરયાએ આ શાકાહાર પરિષદનું હું ભાગ લઉં અને તેની સાથે સાથે અમેરિકા અને કેનેડામાં જૈનધર્મ વિષે મારાં અને મારાં પત્ની તારાબહેન શાહનાં વ્યાખ્યાનો યોજાય તે માટેની વ્યવસ્થા કરી હતી. અમારા જવા-આવવાના ખર્ચની વ્યવસ્થા ચંદરયા ફાઉન્ડેશન તરફથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કેનેડાના જૈન સોસાયટીના ફેડરેશનના પ્રમુખ શ્રી રમણીકલાલ કેદારીને સોંપવામાં આવ્યું હતું. તેઓએ કેનેડા અને અમેરિકાની વિવિધ જૈન સંસ્થાઓનો સંપર્ક સાધી પંચ અઠવાડિયાને. અમારાં વ્યાખ્યાનો । કાર્યક્રમ ગોઠવ્યો હતો અમેરિકાનાં સેન્ટરોમાં વ્યાખ્યાનો ગોઠવવાની જવાબદારી મુખ્યત્વે શ્રી લક્ષ્મીચંદ ગોગરીએ ઉપાડી હતી.

જુલાઇ અને ઓગસ્ટ ૧૯૮૭ દરમિયાન અમારે માટે ન્યૂયોર્ક, ન્યૂજર્સી, સાનફ્રાન્સિસ્કો, સીઆટલ, વેનકુવર, લોસ એન્જલસ, શિકાગો, સેંટ લુઇસ, ડિટ્રોઇટ, મોરગન ટાઉન, નાયગરા ફોલ્સ (મુનિ સુશીલકુમારે યોજેલી શિબિરમાં), ટોરન્ટો વગેરે સ્થળે એ વ્યાખ્યાનો અથવા ગોષ્ઠિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમેરિકામાં ધર્મજાગૃતિ ઉત્તરોત્તર વધવા લાગી છે અને જૈન સંસ્થાઓ સંગઠિત બની ઝડપથી વિકાસ કરવા લાગી છે. નવી ઊગતી પેઢી સુધી ધર્મ અને સંસ્કાર પહોંચાડવા માટે ગંભીર આકાંક્ષાઓ ઊભી થઇ છે. બીજા વિશ્વયુદ્ધ પછી અભ્યાસ અને વ્યવસાય માટે ગયેલા વડીલોની પેઢીનો જન્મ અને ઉછેર ભારતમાં થયો હતો એટલે તેમની પાસે ધર્મસંસ્કાર સચવાયેલા હતા છે. પરંતુ અમેરિકામાં જન્મેલાં, અમેરિકામાં શિક્ષણ લેતાં અને મુખ્યત્વે અંગ્રેજી ભાષા બોલતાં જૈન સંતાનોની પેઢી ધર્મસંસ્કારથી વંચિત ન રહે એ ત્યાંના વડીલો માટે ચિંતાનો મોટો વિષય બનવા લાગ્યો છે. એટલે આ દિશામાં સવેળા જાગૃત થઇ વડીલોએ સક્રિય પ્રયાસ આદર્યો છે. નવકાર મંત્ર, સ્તવનો, ધાર્મિક વિષયો પર વક્તૃત્વ પ્રાર્થના, આરતી-મંગળદીવો, પાઠશાળામાં સૂત્રપઠન વગેરેનું આયોજન જુદાં જુદાં સેંટરોમાં થતા લાગ્યું છે.

અમેરિકા-કેનેડામા શ્રી લક્ષ્મીચંદભાઇ ગોગરી શ્રી નરેશભાઇ શાહ, શ્રી સનતભાઇ ઝવેરી, શ્રી અરુણભાઇ ઝવેરી, શ્રી ચંદ્રકાન્ત શાહ શ્રી વસ્તુપાલ પરીખ, શ્રી દિનેશભાઇ ડગલી, શ્રી નિરંજન શાહ શ્રી અજિતભાઇ દિનેશલાલ શાહ, શ્રી હરીશભાઇ પરીખ, શ્રી સુરેન્દ્ર સિંઘવી, શ્રી શરદભાઇ શાહ, ડો. હરખચંદ દેઢિયા, શ્રી રમણીકલાલ કેદારી, શ્રી દિનેશ જૈન, શ્રી દિનેશ શાહ વગેરે મિત્રોએ અમારાં વ્યાખ્યાનો કે ગોષ્ઠિના કાર્યક્રમોનું જે આયોજન કર્યું હતું તેની સાભાર નોંધ લઇએ છીએ સમયના અભાવે સંક્લેશવશાત વેશિંગટન, ક્લીવલેન્ડ, બોસ્ટન વગેરે સ્થળોની મુલાકાત લઇ શકાઇ નહોતી એ માટે ત્યાંના સેન્ટરોના ક્ષમાપ્રાર્થી છીએ.

ટોરન્ટોમાં શાકાહાર પરિષદમાં લગભગ ૨૦૦ થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. તેમાં મુખ્યત્વે યુરોપ-અમેરિકામાંથી પધારેલા પ્રતિનિધિઓ હતા ભારતીય પ્રતિનિધિ તરીકે હું એકલો જ હતો. પાશ્ચાત્ય પ્રતિનિધિઓનાં વક્તવ્યો અને ચર્ચાઓ ઉપરથી તે દેશોમાં શાકાહારનો પ્રચાર ક્રમેક્રમે કેટલી દૃઢતાપૂર્વક થઇ વધી રહ્યો છે તેની સાનંદ પ્રતીતિ થતી હતી.

શાકાહાર પરિષદમાં ૭મી ઓગસ્ટની સભામાં Religion & Vegitarianism વિષે મેં મારો નિબંધ રજૂ કર્યો હતો અને તેમાં જૈનધર્મ શાકાહારની બાબતમાં અહિંસાના દૃષ્ટિકોણથી કેટલી સૂક્ષ્મ રીતે વિચારે છે તે જણાવ્યું હતું. પરિષદના અંતિમ દિવસે ૯મી ઓગસ્ટે ફરી સર્વ પ્રતિનિધિઓ માટે ચર્ચાસભા યોજવામાં આવી હતી અને તેમાં વક્તવ્ય અને પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રખાયો હતો. જૈન, હિન્દુ અને બૌદ્ધ ધર્મની દૃષ્ટિએ શાકાહાર વિષે મારું વક્તવ્ય રખાયું હતું અને પ્રતિનિધિઓના એ વિષેના વિવિધ પ્રશ્નોના જવાબો આપ્યા હતા.

અમેરિકા-કેનેડામાં વસેલા જૈનોમાં મુખ્યત્વે ગુજરાતીઓ છે. તદુપરાંત ઉત્તર ભારત, રાજસ્થાન અને પંજાબના જૈનોની સંખ્યા ઠીકઠીક છે. આથી જુદાંજુદાં સેન્ટરોમાં અમારાં વક્તવ્યો શ્રોતાઓની ઉપસ્થિતિ અનુસાર ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં રખાયાં હતાં. નવી પેઢીને અંગ્રેજી સિવાય અન્ય ભાષામાં ખાસ સમજ પડતી નથી એટલે કેટલાંક સેન્ટરોમાં યુવક-યુવતીઓ માટે અંગ્રેજીમાં વ્યાખ્યાનો પણ રખાયાં હતાં.

વિદેશમાં વસવાટ કરીને ધર્મસંસ્કાર જાળવવાનું કાર્ય આપણે ધારીએ તેટલું સરળ નથી પાશ્ચાત્ય ભૌતિકવાદનો પવન ત્યાં ચારે બાજુથી ફૂંકાય છે રહેવાની, ફરવા – ફરવાની, ખાવાપીવાની, મોજશોખની ત્યાં ઉત્તમ પ્રકારની એટલી બધી સગવડો છે કે એમાં અટવાયેલા માણસમાં ધર્મ પ્રત્યે રુચિ જગાડવાનું કાર્ય ઘણું કપરું છે. એમ છતાં એ દિશામાં જૈનોમાં ઘણો સબળ પુરુષાર્થ થઇ રહ્યો છે. શ્રી ચિત્રભાનુ અને મુનિ સુશીલકુમારનું આ દિશામાં સારું યોગદાન અને માર્ગદર્શન મળ્યા કરે છે એ પણ આનંદની વાત છે.

પૂર્વ આફ્રિકા અને ઇંગ્લેન્ડના અમારા અનુભવો કરતાં અમેરિકા-કેનેડાનાં ભારતીય-વિશેષતઃ જૈન લોકોનો અમને થોડો જુદો અનુભવ થયો હતો પૂર્વ આફ્રિકામાં લોકો સાવ નજીક નજીક વસવા હોવાના કારણે અને કુટુંબોમાં ગુજરાતી ભાષા સારી રીતે સચવાયેલી હોવાના કારણે તળ ગુજરાત જેવો અનુભવ થયો હતો. આફ્રિકાથી જ ધસારાબંધ લોકો ઇંગ્લેન્ડમાં જઇને વસેલા હોવાથી ત્યાં પણ કુટુંબોમાં ગુજરાતી ભાષા સારી રીતે સચવાયેલી જોવા મળી છે

પરંતુ અમેરિકામાં મુખ્યત્વે સુશિક્ષિત વર્ગ આજીવિકા

(અનુસંધાન પૃષ્ઠ ૮૭ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૮૬૬ : મુદ્રણસ્થાન : ફ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૯ અંક : ૧૦

મુંબઇ તા. ૧૬-૯-'૮૭

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

ધર્મધ્યાન

'ધરમધ્યાન' (ધર્મધ્યાન) શબ્દ બહુ પ્રચલિત છે અને વિશાળ સામાન્ય અર્થમાં લોકોમાં વપરાય છે. માણસના જીવનમાં અનીતિ, દુરાચાર વગેરે વધી જાય છે ત્યારે વડીલો, મિત્રો તેને ધરમધ્યાન તરફ વળવા માટે ભલામણ કરે છે. કેટલાક નિવૃત્ત માણસોને પોતે સમય કેવી રીતે પસાર કરે છે તે વિષે પૂછવામાં આવે છે ત્યારે તેઓ ધર્મધ્યાનમાં સમય પસાર કરે છે તેવું કહે છે. આમ લોકવ્યવહારમાં વિવિધ પ્રકારની ધર્મપ્રવૃત્તિ માટે 'ધરમધ્યાન' જેવો તળપદો શબ્દ સામાન્ય અર્થમાં રૂઢ થઇ ગયો છે, પરંતુ જેટલી જેટલી ધર્મ-પ્રવૃત્તિ છે તે બધીને ધર્મધ્યાનના પારિભાષિક પ્રકારની પ્રવૃત્તિ નહિ કહી શકાય. પારિભાષિક અર્થમાં 'ધર્મધ્યાન' એ ધ્યાનનો એક વિશિષ્ટ પ્રકાર છે. એટલે બધી જ ધર્મક્રિયાઓને 'ધર્મ ધ્યાન' તરીકે ઓળખાવવી તે શાસ્ત્રીય દૃષ્ટિએ યોગ્ય નથી.

કેટલાક માણસોનો એવો ભ્રમ છે કે જૈનધર્મમાં ધ્યાનને બહુ મહત્ત્વ આપવામાં આવ્યું નથી વ્યવહારમાં અનેક લોકોને વિવિધ પ્રકારની ધર્મક્રિયાઓ અને બાહ્ય તપ કરતા જોઇને કેટલાક એવું માનવા પ્રેરાય છે કે જૈનધર્મમાં ધ્યાનને બહુ સ્થાન નથી. જૈનધર્મ કરતાં બૌદ્ધધર્મમાં ધ્યાનનું સ્થાન વધારે મહત્ત્વનું છે એવું પણ કેટલાક માને છે. પરંતુ વાસ્તવિક રીતે જોઇએ તો જૈન શાસ્ત્રગ્રન્થોમાં ધ્યાનને ઘણું જ મહત્ત્વ અપાયું છે. છ પ્રકારના અભ્યંતર તપમાં પણ ધ્યાનને મહત્ત્વનું સ્થાન અપાયું છે અને કાયોત્સર્ગ ધ્યાનને તેથી પણ સવિશેષ ચડિયાતું ગણવામાં આવ્યું છે. વળી જૈનધર્મના સિદ્ધાંત પ્રમાણે શુકલ ધ્યાન વગર કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી અને શુકલધ્યાન વગર મોક્ષ અથવા નિર્વાણ નથી. એટલે કે મોક્ષ અથવા નિર્વાણ માટે અંતે ધ્યાનની જ અનિવાર્યતા છે એવું પ્રતિપાદન જૈનધર્મમાં કરવામાં આવ્યું છે. એ પરથી પણ જૈનધર્મમાં ધ્યાનનું મહત્ત્વ કેટલું છે તે સમજાશે. એટલે ઘણા લોકોને ઉપવાસાદિ બાહ્ય તપશ્ચર્યા કરતા જોઇને જૈનધર્મમાં ધ્યાનને મહત્ત્વનું સ્થાન નથી અપાયું એમ કહેવું તે માત્ર અજ્ઞાનમૂલક છે.

જૈનધર્મમાં સામાયિક-પ્રતિક્રમણ, ચૈત્યવંદન વગેરે ક્રિયાઓમાં પણ કાયોત્સર્ગ દ્વારા ધ્યાનને સંલગ્ન કરી લેવામાં આવ્યું છે. પરંતુ સમુદાયમાં થતી એ ધ્યાન પ્રક્રિયા જેટલી શુદ્ધ રીતે થવી જોઇએ તેટલી થતી નથી. આમ એક અથવા અન્ય કારણે સૂક્ષ્મ ધ્યાનની પરંપરા ઉત્તરોત્તર જોવા અખંડિત ચાલવી જોઇએ તેવી જૈનધર્મમાં ચાલી આવી નથી. એને લીધે સામાન્ય ગૃહસ્થ જૈન સમાજમાં ધ્યાનમાર્ગની પરંપરા કેટલેક અંશે લુપ્ત થઇ ગયા જેવી છે. સાધુ સમુદાયમાં ધ્યાનની પરંપરા હજુ પણ જોવા મળે છે અને અનેક મહાત્માઓના જીવનમાં આજે પણ ધર્મધ્યાનની પ્રક્રિયા જીવંત જોઇ શકાય છે. જેવા મહાત્માઓ પ્રસિદ્ધિ અને પ્રશસ્તિથી દૂર હોય છે. એટલે ધ્યાનમાર્ગ દ્વારા સાધના કરવા ઇચ્છનારાઓએ પોતે એમની પાસે જવું જોઇએ.

પાતંજલ યોગસૂત્રમાં અષ્ટાંગ યોગનું મહત્ત્વ વિશદ રીતે સમજાવવામાં આવ્યું છે. યોગમાં પ્રવેશ કરનારને માટે અહિંસાદિ વ્રતો કેવાં ઉપકારક નીવડે છે તેનું મહત્ત્વ પણ તેમાં દર્શાવવામાં આવ્યું છે. અષ્ટાંગ યોગમાં યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ ક્રમે યોગની ઉત્તરોત્તર સાધના દર્શાવવામાં આવી છે. એમાં બતાવ્યા પ્રમાણે ધ્યાનની સાધના કરતાં પૂર્વે યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર અને ધારણા સિદ્ધ કરવાં અત્યંત મહત્ત્વનાં છે. વર્તમાન સમયમાં અમુક વર્ગમાં ધ્યાનનો પ્રચાર વધ્યો છે અને કેટલાક લોકો ધ્યાન ધરવાનો સીધો પ્રયત્ન કરતા કે કરાવતા હોય છે. પરંતુ જીવનમાં જ્યાં સુધી યમ-નિયમ ન આવે ત્યાં સુધી ધ્યાનનું બહુ ફળ મળતું નથી. એટલે ધ્યાન ધરનારના પોતાના જીવનમાં નીતિ, સદાચાર, વ્યસનમુક્તિ, વિવિધ પ્રકારની વાસનાઓ અને એષણાઓ ઉપર સંયમ ઇત્યાદિ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી તેને ધ્યાનનું બહુ સારું પરિણામ જોવા ન મળે તે સ્વાભાવિક છે. કદાચ કંઇક ફળ મળે તો પણ તે વધુ વખત ટકતું નથી. જીવનમાં યમ-નિયમ આવ્યા વગર ધ્યાન નથી ધરી શકાતું એમ નહિ. એવી રીતે ધ્યાન ધરવાથી જીવનમાં ક્રમે ક્રમે યમ-નિયમ આવ્યાં હોય, ભૌતિક જીવનમાં કંઇક સારું પરિણામ આવ્યું હોય એવું જોવા મળતું નથી એમ પણ નથી. એટલે યમ-નિયમ અને ધ્યાન પરસ્પરાવલંબી છે એમ એક દૃષ્ટિએ કહી શકાય. તો પણ પ્રથમ યમ-નિયમમાં દૃઢતા આવ્યા પછી ધરેલું ધ્યાન વધુ સારું અને વધુ સ્થિર ફળ આપે છે એમાં સંશય નથી. સાચા આરાધક તો પોતાના જીવનમાં પ્રથમ યમ-નિયમને એટલે કે સંયમ, નીતિ, ત્યાગ, સદાચારને સ્થાન આપવું જોઇએ. બધાં ઇન્દ્રિયસુખો રસપૂર્વક ભોગવવાની લાલસા સહિત ધ્યાન ધરનારના જીવનમાં ખાસ પ્રગતિ થતી નથી.

ધ્યાન એટલે ચિત્તની એકાગ્રતા. મનુષ્યનું ચિત્ત અત્યંત ચંચળ છે. કોઇ એક વિષય ઉપર લાંબો સમય તે સ્થિર થઇ

શકતું નથી કે સ્થિર રહી શકતું નથી. એ માટે અભ્યાસની સતત જરૂર છે. જે વિષયમાં માણસને વધુ રસ પડે તે વિષયમાં માણસ વધુ મગ્ન બની શકે છે. વ્યવહાર – જગતમાં, કારખાનાઓમાં, ધંધામાં, રમતગમતમાં, નાણાંની લેવડદેવડમાં, વાહન ચલાવવામાં, વિદ્યાભ્યાસમાં, રસોઇ બનાવવામાં એમ અનેકવિધ પ્રવૃત્તિઓમાં માણસનું જગતના બાહ્ય અને રૂપી પદાર્થોમાં મગ્ન થવું જેટલું સરળ છે તેટલું અમૂર્ત, અદૃષ્ટ કે કાલ્પનિક પદાર્થોમાં ચિત્તને સતત પરોવેલું રાખવું સરળ નથી.

મનુષ્યનું રાગદ્વેષથી ભરેલું સામાન્ય જીવન સતત બહિર્મુખ રહ્યા કરે છે, એથી એના ચિત્તની એકાગ્રતા બાહ્ય પદાર્થોમાં વિશેષ રહે છે. સ્થૂલ ઇન્દ્રિયાર્થ મનગમતા પદાર્થોમાં એનું ચિત્ત વધારે રોકાયેલું રહે છે. ભૌતિક આનંદને મેળવવા તે વધુ પ્રયત્નશીલ હોય છે. તેમ ન થાય ત્યારે એનું ચિત્ત ઘણું વ્યગ્ર થઈ જાય છે. પોતાની ઇચ્છાનુસાર કાર્ય ન થાય ત્યારે માણસ નિરાશા, સંતાપ, કષ્ટ, પીડા, દુઃખ અનુભવે છે. કયારેક એથી વધુ ઉગ્રતા આવે ત્યારે એના ચિત્તમાં ક્રૂરતા કે નિર્દયતાના ભાવો જન્મે છે; કયારેક એને પરિણામે તે ખૂન, ચોરી, લૂંટ, પ્રપંચ વગેરે પ્રકારનાં અપકૃત્યો પણ કરી બેસે છે. આ પ્રકારની અશુભ એકાગ્રતામાંથી ચિત્તને નિવૃત્ત કરીને શુભ, સૂક્ષ્મ, પારલૌકિક વિષયોમાં એને પરોવવું અને સ્થિર કરવું એ ઘણું અઘરું કાર્ય છે. એવું અઘરું કાર્ય કરનારા પણ અનેક સંતો, મહાત્માઓ આ જગતમાં છે.

ચિત્તના સ્થિર અધ્યવસાયને ધ્યાન કહેવામાં આવે છે. અધ્યવસાયના ત્રણ પ્રકાર છે : (૧) ચિંતા (ચિંતન) (૨) ભાવના અને (૩) અનુપ્રેક્ષા. એક મત અનુસાર ચિંતા અને ભાવનાથી જનિત એવા સ્થિર અધ્યવસાયને ધ્યાન કહેવામાં આવે છે. ચિંતાના તત્ત્વચિંતા, સ્વરૂપચિંતા વગેરે પ્રકાર અને ભાવનાના જ્ઞાનભાવના, દર્શનભાવના વગેરે પ્રકાર દર્શાવવામાં આવ્યા છે.

કોઇ પણ એક વિષય ઉપર ચિંતનધારા સ્થિર થઇ જાય છે ત્યારે તેને ધ્યાન કહેવામાં આવે છે, પરંતુ ચિત્ત જ્યારે એક પદાર્થ ઉપરથી બીજા પદાર્થ ઉપર અને બીજા પદાર્થ ઉપરથી ત્રીજા પદાર્થ ઉપર સહજ રીતે ગતિ કરે છે ત્યારે તેને ભાવના, ચિંતા કે અનુપ્રેક્ષા કહેવામાં આવે છે. એક મત પ્રમાણે ચિત્ત જ્યારે ચિંતા અને ભાવના દ્વારા કોઇ એક પદાર્થમાં સ્થિર થઇ ગયા પછી પાછું ફરે છે અને તે વખતે પદાર્થોનું જે પુનશ્ચિંતન કરે છે તેને અનુપ્રેક્ષા કહે છે. અનુપ્રેક્ષા શબ્દના આધારે પણ આવો અર્થ ઘટાવવામાં આવે છે. અનુપ્રેક્ષામાં સામાન્ય રીતે વૈરાગ્યની અનિત્યાદિ બાર ભાવનાઓનું ચિંતન સવિશેષ હોય છે. એવી અનુપ્રેક્ષા પણ જ્યારે કોઇ એક જ ભાવનામાં સ્થિર થઇ જાય છે ત્યારે તે ફરી પાછી ધ્યાનમાં પરિણમે છે એટલા માટે કેટલાક મહર્ષિઓ અનુપ્રેક્ષાનો પણ ધર્મધ્યાનમાં સમાવેશ કરે છે.

'ધ્યાનવિચાર' નામના ગ્રન્થમાં ધ્યાનના નીચે પ્રમાણે ચોવીસ પ્રકાર દર્શાવવામાં આવ્યા છે :—

(૧) ધ્યાન, (૨) પરમધ્યાન, (૩) શૂન્ય, (૪) પરમશૂન્ય, (૫) કલા, (૬) પરમકલા, (૭) જ્યોતિ, (૮) પરમ જ્યોતિ, (૯) બિન્દુ, (૧૦) પરમબિન્દુ, (૧૧) નાદ, (૧૨) પરમનાદ, (૧૩) તારા, (૧૪) પરમતારા, (૧૫) લય, (૧૬) પરમલય, (૧૭) લવ, (૧૮) પરમલવ, (૧૯) માત્રા, (૨૦) પરમમાત્રા, (૨૧) પદ, (૨૨) પરમપદ, (૨૩) સિદ્ધિ, (૨૪) પરમસિદ્ધિ.

ચિત્તની વિવિધ અવસ્થાઓ, ધ્યાનમાં જવા માટે શ્વાસોચ્છવાસ, નાડીઓ, દૃષ્ટિ વગેરેની પ્રક્રિયા, ધ્યાનના આલંબનરૂપ વિષયો અને તેમાં ચિત્તની લીનતા, ધ્યાન વખતે શરીરમાં ઉત્પન્ન થતા વિવિધ પ્રકારના સૂક્ષ્મ નાદનું શ્રવણ, કર્મક્ષયની પ્રક્રિયા, ગુણસ્થાનક, પંચપરમેષ્ઠિના રૂપમાં પોતાના આત્માનું ચિંતન, સિદ્ધાત્માઓના ગુણોનું ચિંતન ઇત્યાદિ અનુસાર ધ્યાનના આ ચોવીસ પ્રકારના પણ ઘણા જુદા જુદા પેટાપ્રકાર છે. ધ્યાનનો વિષય અત્યંત વિશાળ, ગહન, સૂક્ષ્મ છે અને એમાં અનેક પ્રકારની અનુભૂતિઓ રહેલી છે. શ્વાસોચ્છવાસનું અવલોકન શરીરનાં વિવિધ અંગોપાંગોનું આંતરબાહ્ય અવલોકન, ચિત્તમાં પ્રસાર થતા વિચારોનું અવલોકન, આત્માની વિભિન્ન અવસ્થાઓનું અવલોકન, પરમ સમાધિ, નિર્વિકલ્પતા, શૂન્યતાનો અનુભવ વગેરેનો સમાવેશ ધ્યાનના વિષયમાં આવી જાય છે.

ધ્યાનનો માર્ગ અત્યંત ગહન છે. અનુભૂતિનો એ વિષય છે. ધ્યાનનો અભ્યાસ કરનારા બધા જ ધ્યાતાઓની અનુભૂતિ એકસરખી ન હોઇ શકે. તેમજ એકના એક ધ્યાતાને અમુક કક્ષા સુધી ધ્યાનના દરેક પ્રસંગે એકસરખી અનુભૂતિ ન રહે. એના ચિત્તના અધ્યવસાયોની તરતમતા પણ એકસરખી ન રહે. ધ્યાનની કેટલીક અનુભૂતિ એટલી બધી સૂક્ષ્મ હોય છે કે તે શબ્દમાં સંપૂર્ણપણે વર્ણવી શકાય નહિ. ઉપાધ્યાય યશોવિજયજી લખે છે :

નાગર સુખ પામર નવ જાણે, વલ્લભ સુખ ન કુમારી;
અનુભવ વિણ તેમ ધ્યાનતણું સુખ, કોણ જાણે નરનારી ?

ધ્યાનના આલંબનના વિષયો અનુસાર પણ ધ્યાનની અનુભૂતિમાં વૈવિધ્ય રહે છે. તેવી જ રીતે ધ્યાન સાથે ધ્યાતાના દેહની આકૃતિ અને પ્રકૃતિ અનુસાર પણ ધ્યાનની અનુભૂતિમાં વૈવિધ્ય રહે છે.

ચિત્તની શક્તિ અપાર છે. એનો સંપૂર્ણ તાગ મેળવવાનું વર્તમાન સમયમાં અશકય છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપક્ષમ અનુસાર જુદી જુદી વ્યકિતની ચિત્તશકિત જુદી જુદી કક્ષાની હોવાનો સંભવ રહે છે,

ભગવાન મહાવીરસ્વામી અને એની પૂર્વેના કાળમાં વજ્રઋષભ નારાચસંઘયણનાં પ્રકારના શરીર હતાં. એટલે ધ્યાન ધરવાની તેઓની શકિત તે સમયે ઘણી બધી વિશેષ હતી. એવી શકિતની કલ્પના અત્યારે આપણને ચમત્કાર ભરેલી, સહેલાઇથી માન્યામાં ન આવે એવી લાગવા સંભવ છે.

જૈનધર્મમાં ધ્યાનના મુખ્ય બે પ્રકાર બતાવવામાં આવ્યા છે :

(૧) અશુભ ધ્યાન અને (૨) શુભ ધ્યાન.

અશુભ ધ્યાનના બે પેટાપ્રકાર બતાવવામાં આવ્યા છે : (૧) આર્ત્તધ્યાન અને (૨) રૌદ્રધ્યાન.

શુભ ધ્યાનના પણ બે પેટાપ્રકાર બતાવવામાં આવ્યા છે : (૧) ધર્મ ધ્યાન અને (૨) શુકલ ધ્યાન.

આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનને દ્રવ્યધ્યાન તરીકે, ધર્મધ્યાનને ભાવધ્યાન તરીકે અને શુકલધ્યાનને પરમ ધ્યાન તરીકે પણ ઓળખાવવામાં આવે છે.

આર્ત્તધ્યાનના ચાર પેટાપ્રકાર બતાવવામાં આવ્યા છે : (૧) અનિષ્ટ સંયોગ (૨) ઇષ્ટ વિયોગ (૩) રોગચિંતા (૪) અગ્ર શોચ અથવા ભવાર્ત્ત (ભવિષ્યની ચિંતા).

રૌદ્રધ્યાનના પણ ચાર પેટાપ્રકાર બતાવવામાં આવ્યા છે : (૧) હિંસાનુબંધી (૨) મૃષાનુબંધી (૩) સ્તેયાનુબંધી અને (૪) પરિગ્રહાનુબંધી.

(અનુસંધાન પૃષ્ઠ ૬૭)

અહિંસાનું મહત્ત્વ

(વર્તમાન વિજ્ઞાનમાં)

મૂળ લેખક : શ્રી પ્રવીણકુમાર જૈન

અનુવાદક : પ્રા. અરુણ જોષી

"The sum of Himsa carries all the hosts of darkness such as hatred, anger and malice before himself."

M. K. Gandhi

આજે સમગ્ર વિશ્વ દારૂગોળાના ઢગના ઉપર બેઠેલું છે. શીતયુદ્ધનું વાતાવરણ છે. દરેક રાષ્ટ્ર આતંકિત છે અનેક એવાં આણ્વિક શસ્ત્રોનો આવિષ્કાર થઇ ચૂક્યો છે જેના પ્રયોગથી પલવારમાં સંપૂર્ણ વિનાશ સર્જી શકે. એટમ અથવા હાઇડ્રોજન બોમ્બ અથવા તેનાથી પણ અધિક શક્તિશાળી પ્રક્ષેપકાસ્ત્રોથી સંસારનો નાશ ગમે ત્યારે થઇ શકે તેમ છે. વિજ્ઞાનના ક્ષેત્રે જે સર્વોપરી મહાશક્તિઓ : રશિયા અને અમેરિકા મકકમતાપૂર્વક એકબીજાની સામે ઊભી છે. લગભગ અડધું વિશ્વ યુદ્ધરત છે અથવા તો એકમેક સામે મોરચો માંડીને લડવા તૈયાર છે. કેટલાય દેશો સાંપ્રદાયિક અથવા કોમી દંગલોથી ત્રસ્ત છે. કેટલાક દેશોમાં ગૃહયુદ્ધની જ્વાળા પ્રજ્વલિત છે. સામાજિક અને આર્થિક વિષમતાઓ હિંસક પ્રવૃત્તિને વેગ આપી રહી છે. ભ્રષ્ટાચાર, શોષણ અને દુરાચારની પ્રવૃત્તિઓ મસ્તક ઊંચકી રહી છે. ચારે બાજુ નિરાશાનું વાતાવરણ જોવા મળે છે સમગ્ર માનવ સમુદાય ચિંતિત છે. એવા વાતાવરણમાં આજનો માનવ વૈજ્ઞાનિક અથવા યાંત્રિક માનવ બની ગયો છે. હિંસા ઉપર તેને વિશ્વાસ છે. તે માત્ર પોતાની સુરક્ષા ઇચ્છે છે. ભલે બધા મરે પણ પોતે જીવતો રહેવો જોઇએ. તેથી આ ભયંકર સંહારમાંથી બચી શકાય એવો કોઇ માર્ગ ખોળી કાઢવો જરૂરી છે.

આ વિનાશમાંથી વિશ્વને બચાવી શકે એવું જો કોઇ અમોઘ શસ્ત્ર હોય તો તે અહિંસા. પ્રથમ અને દ્વિતીય મહાયુદ્ધોમાં અપૂર્વ નરસંહાર થઇ ચૂક્યો છે. હિરોશિમા અને નાગાસાકીમાં એટમ બોમ્બે જે કેર વર્તાવ્યો તે જાણીતું છે અને તેની સામે વિશ્વવ્યાપી પ્રતિક્રિયા થઇ છે.

સંસારનાં બધાં રાષ્ટ્રોએ 'લીગ ઓફ નેશન્સ' નામની એક વિશ્વસંસ્થા સ્થાપી અને આજે તે 'સંયુકત રાષ્ટ્ર સંઘ'ના સ્વરૂપે વિદ્યમાન છે. શાંતિપૂર્ણ ઉપાયોથી વિશ્વમાં શાંતિ સ્થાપવાનો તેનો ઉદ્દેશ છે. હિંસા વિનાશ કરી શકે છે, નિર્માણ નહીં એ વાત ઉપરોકત સંસ્થા સ્થાપવા પાછળનો હેતુ છે.

બીજું ઉદાહરણ સમ્રાટ અશોકનું છે, જ્યારે તેણે કલિંગના યુદ્ધમાં હજારો માનવોને પોતાને ઘાટ ઉતાર્યા ત્યારે તેનું મન ધૃણા, ક્ષોભ અને પશ્ચાતાપથી સભર બન્યું. ભગવાન બુધ્ધે આપેલ અહિંસાના મંત્રે તે ક્રુર શાસકને શાંતિનો પૂજારી બનાવ્યો. પોતાના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને શાંતિ અને અહિંસાના પ્રચારાર્થે તેણે ભારત બહાર લંકામાં પણ મોકલ્યાં. કારણ ?

કારણ કે અહિંસા જેવી પ્રાણઘાયિની શકિતના ચમત્કારનો બોધ તેને મળી ચૂક્યો હતો.

ગત મહાયુદ્ધોનું વિશ્લેષણ કરતાં એક વાત તો સ્પષ્ટ થઇ જાય છે-તે એ કે વિશ્વમાં યુદ્ધોનું કારણ સામ્રાજ્યવાદી લિપ્સા અને પૂંજીવાદી પ્રવૃત્તિ છે. પ્રથમ બંને મહાયુદ્ધોને સામ્રાજ્યવાદી વિચારધારાઓનું પરિણામ ગણી શકાય. ત્રીજું મહાયુદ્ધ પૂંજીવાદી તથા સામ્રાજ્યવાદી વિચારધારાઓના પરિણામ રૂપે સંભવશે. સંપૂર્ણ વિશ્વ સામ્યવાદી તથા પૂંજીવાદી અર્થાત્ રશિયા અને અમેરિકાની છાવણીઓમાં વહેંચાયેલ છે બંને જૂથો એકબીજાની તાકાતને નષ્ટ કરવાની પેરવીમાં છે. સૈનિકીકરણની પ્રવૃત્તિથી વિશ્વની શાંતિ ફરી એકવાર જોખમમાં છે.

આવા વાતાવરણમાં માત્ર અહિંસા જ વિશ્વને વિનાશમાંથી બચાવી શકે. અહિંસાનો આધાર લઇને સંપૂર્ણ વાતાવરણ પ્રેમમય બની જાય એવો પ્રયત્ન આજના બધા રાજનીતિજ્ઞોએ કરવો જોઇએ.

બાંડુંગ સંમેલનમાં પંચશીલના સિદ્ધાન્તનો સ્વીકાર કરવાનું મુખ્ય લક્ષ્ય આ જ હતું. કોઇ રાષ્ટ્રે બીજા ઉપર બળનો પ્રયોગ ન કરવો એ તેનો પ્રથમ સિદ્ધાન્ત છે.

એક સમય એવો હતો જ્યારે યુદ્ધમાં પ્રાણ દઇ દેવા એ ક્ષાત્રધર્મ ગણાતો. સ્વર્ગે જવાના સન્માનને મેળવવું એ દરેક વીરનું કર્તવ્ય મનાતું. હેગલ, નીત્શે તથા ડારવિન એમ માનતા કે યુદ્ધ તો વિકાસવાદનું જનક છે. 'શકિતશાળી જીતે છે, કમજોર મરે છે. સૃષ્ટિનો વિકાસ યુદ્ધમાંથી થયો છે. આજે જે કંઇ શોધખોળો થઇ છે તે કોઇને કોઇ રૂપે યુદ્ધનું પ્રદાન છે.' પણ, આવું વિચારનારા એ હકીકત ભૂલી જાય છે કે આજે વિશ્વ વિનાશને કિનારે ઊભું છે અને જો વિનાશ થયો તો કંઇ અવશેષ રહેશે નહિ. યુદ્ધ કરનારો પણ યુદ્ધની વિભીષિકાથી બચી શકશે નહિ. પ્રલયનું પુનરાવર્તન એ જ તેનું પરિણામ હશે.

'કોઇને જીવાડવાની ક્ષમતા જો આપણામાં ન હોય તો કોઇને મારવાનો અધિકાર પણ આપણને નથી.' આ મૂળ સિદ્ધાન્તને આધારે, અહિંસાનું સૂત્ર વિશ્વભરમાં સ્વીકૃતિ પામ્યું છે.

ભગવાન બુદ્ધે અહિંસાનું સૂત્ર દર્શાવતાં કહ્યું છે કે 'મન, વાણી અને કર્મ દ્વારા કોઇ પણ પ્રાણીને કષ્ટ આપવું નહીં.' મહાવીર સ્વામીએ અહિંસાનું સ્વરૂપ એથી પણ વિસ્તૃત રીતે સ્પષ્ટ કર્યું. 'પ્રાણીમાત્રની હિંસા જ દુ:ખોનું મૂળ કારણ છે. માનવે બધાં પ્રાણીઓના જીવનની રક્ષા કરવી જોઇએ.' દુ:ખી હૃદય પણ ઉત્સાહિત ઉમંગથી પુલકિત ભવ્ય અને પવિત્ર સ્થાનમાં આવીને પ્રાણઘાયિની શાન્તિનો અનુભવ કરે છે. એ ગરિમાનો સ્પર્શ પચીસ શતાબ્દી બાદ પણ અજર-અમર છે અને ભાન ભૂલેલા પ્રાણીઓને માર્ગ ચીંધે છે.

યુદ્ધ નહીં શાન્તિ, હિંસા નહીં અહિંસા, તૃષ્ણા નહીં સંતોષ, વાસના નહિ સંયમ, ઉત્તેજના નહીં સહજતા-આ સંદેશો આપનાર ભગવાન મહાવીર અને તેમની અહિંસા આજે જેટલી જરૂરી છે તેટલી કયારેય ન હતી.

અસ્તિત્વ, સંઘર્ષ, સાંસારિક સુખ મેળવવાની અમીટ હોડ તામસીવૃત્તિને જન્માવે છે અને તેનો પરિહાર કરવા માટે મહાવીર સ્વામીની વાણી ગૂંજતી રહે છે.

ઇતિહાસને કૃતજ્ઞ માનવો રહ્યો કારણ કે યુદ્ધ અને હિંસાની કાલિમાના ગહન માર્ગ ઉપર ભગવાન મહાવીર જેવા મહાન તીર્થંકરોનું અહિંસાવર્ધક જીવનરૂપી સુવર્ણતેજ માર્ગને ઉજાળી રહેલ છે અને વિશ્વને એટલા માટે કૃતજ્ઞ માનવું જોઇએ કે જનતામાં સમભાવ, ભાઇચારો, અહિંસા અને સંયમ પ્રત્યે અંગુલી નિર્દેશન કરનાર ભગવાન મહાવીર પણ વિશ્વની જનતામાંના જ એક હતા.

અહિંસા શબ્દનો સાદોસીધો અર્થ હિંસા ન કરવી એ જ છે. હિંસા માનવજાતિનું પણ સહુથી મોટું કલંક છે. અહિંસાનું પાલન માત્ર વાણીથી જ નહીં; પણ મન, વચન અને કર્મથી પણ થવું જોઇએ. પોતાના સ્વાર્થ માટે બીજાનું ખરાબ ઇચ્છવું એ એક માનસિક હિંસા જ છે. મહાત્મા ગાંધી અહિંસાનું સાચું મહત્ત્વ સમજ્યા હતા. જીવનમાં અહિંસાને ક્રિયાત્મક રૂપ દેવાનું શ્રેય રાષ્ટ્રપિતાને ફાળે જ જાય છે. તેઓ અહિંસાના પૂજારી હતા અને તેના અર્થને સમજતા હતા. તેમણે અહિંસાની સુંદર પરિભાષા આપી:

'જો હું મારા વિરોધીને મારું તો તે હિંસા જ છે; પરંતુ સાચા અહિંસક બનવા માટે મારે તેની સાથે પ્રેમ કરવો જોઇએ અને જો તે મને મારે તો પણ તેના (ભલા માટે) માટે મારે પ્રાર્થના કરવી જોઇએ.'

એક બીજા લેખક અનુસાર અહિંસાની પરિભાષા આ પ્રમાણે છે :

'આપણામાં દયા, પ્રેમ, ત્યાગ વગેરે બધી પ્રવૃત્તિઓ મોજૂદ છે. પ્રવૃત્તિઓને વિકસિત કરીને પોતાના સત્ય અને માનવતાના સત્યને એક કરી દેવાં જોઇએ.'

અહિંસા કાયરતા નથી પણ શૌર્યનું જ બીજું નામ અહિંસા છે. અહિંસામાં ન્યાયનું યથોચિત સ્થાન રહેલ છે. ન્યાયના માર્ગે ચાલનાર વ્યક્તિમાં આત્મબળ સ્વાભાવિક રીતે જ આવી જાય છે. આત્મશક્તિનો પ્રભાવ બીજા ઉપર પણ પડે છે. સૂક્ષ્મ જ્ઞાનની ક્ષમતાવાળી વ્યક્તિ મોટે ભાગે આ બાબતનો અનુભવ કરી શકે છે. અહિંસા માનવમાં સહાનુભૂતિ અને કરુણા ઉત્પન્ન કરે છે. આ બધી ઉદાત્ત પ્રવૃત્તિઓનો પ્રભાવ પડે છે–ત્યાગભાવનાનો વિકાસ થાય છે અને સહિષ્ણુતાની શક્તિ આપે છે. આ બધા એવા ગુણો છે જેનો આત્મા સાથે સીધો સંબંધ છે. તેથી તેને આત્માના ગુણ માનવામાં આવેલ છે. કારણ કે પ્રાણીમાત્રનો આત્મા પોતાના શુદ્ધ રૂપે સમાન હોય છે અને સામ્ય ધરાવતી વસ્તુઓ એકમેક પ્રત્યે આકર્ષિત થાય છે. તે અરસપરસના પ્રભાવને ગ્રહે છે તથા સ્વયં પણ પ્રભાવિત થાય છે. તેનું પ્રયોગાત્મક રૂપ નીચે આપેલ ઉદાહરણ પરથી સ્પષ્ટ થાય છે:

જ્યારે જનતાને જાગૃત કરવા ગાંધીજી બિહાર ગયા ત્યારે તેમનો મેળાપ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ સાથે થયેલો. તેઓ એ વખતે વકીલાત કરતા હતા અને વ્યવસાય બહુ જ સરસ રીતે ચાલતો હતો. ગાંધીજી જ્યારે એમના ઘરે ગયા ત્યારે બંને મળી શકયા નહિ. ગાંધીજી પાછા ફર્યા. આ સાંભળી ડૉ. રાજેન્દ્ર પ્રસાદને દુઃખ થયું અને તેઓ ગાંધીજીને મળવા ઉપડયા. ગાંધીજીના ઉતારે બંને મળ્યા. જનતાની સ્વાતંત્ર્ય માટેની જાગૃતિના અનુસંધાને જેલમાં જવાની સમસ્યા પણ સૈદ્ધાન્તિક રૂપે સાથે આવી. ડૉ. રાજેન્દ્ર પ્રસાદ તથા પ્રથમ મુલાકાત વખતે જ જેલયાત્રાનો પ્રસંગ ઉપસ્થિત થતાં તર્ક-વિતર્કમાં પડયા.

પ્રસ્તુત આંદોલન ગોરાઓની વિરુદ્ધમાં હતું તેથી જેલયાત્રા કરવી પડે એ સ્વાભાવિક હતું. એ વખતે બંને વ્યક્તિઓની પરિસ્થિતિ ભિન્ન ભિન્ન હતી. તેથી ગાંધીજીએ તેમને ખૂબ જ વિચાર કરીને નિર્ણય લેવા માટે સમય આપ્યો. અંતે, ડૉ. રાજેન્દ્રબાબુનો નિર્ણય ગાંધીજીના પક્ષમાં જ આવ્યો અને ખૂબ અર્થોપાર્જન કરાવી આપનાર વકીલાતના વૈભવપૂર્ણ ક્ષેત્રને છોડીને બાબુજી કંટકાકીર્ણ સત્યાગ્રહ અને અન્ય આનુષંગિક આંદોલનોમાં કૂદી પડયા. જેલયાત્રા તથા અન્ય સંભાવિત કષ્ટો પણ સાથે આપ્યાં છતાં તેઓ સફળતાપૂર્વક સામનો કરતા રહ્યા.

જોવાનું એ છે કે ગાંધીજીમાં એવી કઇ શક્તિ હતી કે જેથી આટલી હદે તેઓને પ્રભાવિત કરી શકયા ? તે હતી એમની આત્મશક્તિ જે એમણે અહિંસા દ્વારા હસ્તગત કરી હતી. આ શક્તિની તેઓ રાજનૈતિક અને સામાજિક જીવનમાં પરીક્ષા કરી રહ્યા હતા. આમ, અહિંસા માનવમાં આત્મવિશ્વાસ ઉત્પન્ન કરે છે અને વિશ્વાસની મર્યાદાનુસાર તેને સફળતા મળે છે. ફળ આપનાર જો કોઇ હોય તો તે વિશ્વાસ જ છે એમ વિશ્વાસ : ફલદાયક : દ્વારા કહેવામાં પણ આવ્યું છે.

યુદ્ધની અહિંસા હતી. ગાંધીજીની અહિંસા સમષ્ટિગત હતી. ગાંધીજીએ અહિંસાને રાજનૈતિક રૂપ આપ્યું. ધરાતલ ઉપરથી યુદ્ધની વિભીષિકાને સમાપ્ત કરવા માટે ગાંધીજીએ અમોઘ અને પાવન તાકાત આપણને આપી. આ શક્તિના જોરે ભારતે સ્વાતંત્ર્યનાં દર્શન કર્યાં અને વિશ્વની શક્તિશાળી સામ્રાજ્યવાદી તાકાત સામે ટક્કર ઝીલી. વિશ્વમાં અહિંસાનું આથી વધુ પરીક્ષણ કર્યા જોવા મળશે ?

જો ભારતમાં આજે ૪૮ વર્ષ પછી પણ લોકતંત્ર સફળતાપૂર્વક ચાલી રહ્યું હોય તો આના મૂળમાં ગાંધીજીનું અહિંસાત્મક આંદોલન પડેલું છે એ તથ્ય ભુલાવું ન જોઇએ. કોઇ પણ આંદોલન હિંસક ન બને તે પ્રત્યે ગાંધીજી સજાગ હતા. જ્યારે જ્યારે આવું આંદોલન હિંસક બનતું ત્યારે ત્યારે તેને તાત્કાલિક પાછું ખેંચવું શ્રેયસ્કર છે એમ ગાંધીજી માનતા.

જે રાષ્ટ્રોએ ભંડુકના બળે સ્વાતંત્ર્ય મેળવ્યું તે કેટલું ક્ષણિક નીવડયું છે તે બાબત ઇતિહાસ સાક્ષી પૂરે છે એવાં રાષ્ટ્રો આજે પણ તાનાશાહીની હકૂમત હેઠળ છે. આ બાબતનું જવલંત ઉદાહરણ આપણું પડોશી રાષ્ટ્ર 'બંગલાદેશ' છે. કારણ કે હિંસાથી મેળવેલ આઝાદીને હિંસા દ્વારા ગમે ત્યારે રગદોળી શકાય છે.

જે અંગ્રેજ પ્રજા વિરુદ્ધ ગાંધીજી પૂર્ણ અહિંસક સ્વાતંત્ર્ય સંગ્રામ લડયા એ જ પ્રજાના એક અંગ્રેજ રિચર્ડ એટનબરોએ 'ગાંધી' ફિલ્મનું નિર્માણ કરી એમ સાબિત કર્યું કે જો આજે વિશ્વને વિનાશમાંથી બચાવવું હોય તો તેણે ગાંધી ચીંધ્યો માર્ગ જ અપનાવવો પડશે. આપણે સહુ જાણીએ છીએ કે આ ફિલ્મને વિશ્વવ્યાપી સન્માન પ્રાપ્ત થયું છે.

ગાંધીજીએ અહિંસાને સહુથી મોટો ધર્મ ગણેલ છે. તેમણે તેને ધર્મના રૂપે અપનાવી અને જગતને અમૂલ્ય વિચારધારા

આપી. મહાભારતનું પ્રસિદ્ધ વાક્ય છે કે અહિંસા પરમો ધર્મ : । આજ સુધી સંસારમાં એવો કોઇ ધર્મ આવિર્ભાવ નથી પામ્યો કે જેમાં અહિંસાના સિદ્ધાન્તને ન સ્વીકારવામાં આવ્યો હોય. વસ્તુત: અહિંસા વ્યાપક રૂપે પોતે જ એક ધર્મ છે. અહિંસાનું મૂળ તત્ત્વ પ્રેમ છે. ઘૃણા વિનાશકારી શક્તિ છે અને પ્રેમ સર્જનકારી શક્તિ છે. જેમાં પ્રેમની મન્દાકિની કલકલ ધ્વનિ દ્વારા વહી રહી હોય તેવી અહિંસા જીવનનું એક સત્ય છે જીવનમાં પ્રેમને પ્રાથમિકતા આપીને આપણે અહિંસાત્મક શાસન વ્યવસ્થાનો પાયો ચણી શકીએ છીએ. તેમાં સર્વપ્રથમ તો લૂંટમાર અને પારસ્પરિક કલહને માટે તો સંભાવના જ નથી; જો એમનું અસ્તિત્વ સ્વીકારવામાં આવે તો અહિંસાત્મક વૃત્તિઓની ઉત્તરોત્તર વૃદ્ધિ જતે જ તેમને દાબી દેશે. માનવી સેવામાં લીન બનીને સારું આચરણ કરવા માંડશે અને આમ પૃથ્વી ઉપર એક સ્વર્ગ ઊતરી આવશે. જો આપણે અહિંસાના મહત્ત્વને સાચી રીતે સમજવું હોય તો પરસ્પર પ્રેમનો વ્યવહાર કરી મિત્રભાવ ઉત્પન્ન કરવો જોઇએ. ગાંધીજીએ કહ્યું છે કે, અહિંસા પ્રચંડ શસ્ત્ર છે. તેમાં પરમ પુરુષાર્થ છે. તે બીકણથી દૂર નાસે છે. તે વીર પુરુષની દાસી છે. અર્થાત્ તેનું સર્વસ્વ છે. તે શુષ્ક, નીરસ, જડ પદાર્થ નથી, તે ચેતના છે, આત્માનો વિશેષ ગુણ છે. અહિંસાનો માર્ગ તલવારની ધાર ઉપર ચાલવા બરાબર છે. સહેજ પણ ગફલત થઇ કે નીચે પડયા જ સમજો. ઘોર અન્યાય કરનાર ઉપર પણ ક્રોધ ન કરવો; પણ તેના પ્રત્યે પ્રેમ કરવો. તેનું ભલું ઇચ્છવું અને કરવું પણ પ્રેમ કરતી વખતે અન્યાયને વશ ન થવું, અન્યાયનો વિરોધ કરવો અને એમ કરતાં, વિરોધી જો કષ્ટ આપે તો ધીરજ ધારણ કરીને, અન્યાયી પ્રત્યે દિલમાં દ્વેષ રાખ્યા વગર સહન કરી લેવું. 'ઊકળતું દૂધ ઠંડા જળથી જ શાંત થાય છે.' અહિંસામાં લોકકલ્યાણ અને જીવહિતની ભાવના સમાયેલી છે તેથી અહિંસાનો સાચો અર્થ સમજનારો દેશ અન્ય દેશને ક્યારેય કોઇ પ્રકારની હાનિ પહોંચાડવાનું વિચારશે નહિ. તેથી કહી શકાય કે અહિંસા દ્વારા જ વિશ્વમાં શાંતિની સુરમ્ય ધારા પ્રવાહિત થઇ શકે છે.

વિનોબાજીએ પ્રેમ અને હિંસાનો જે સફળ પ્રયોગ ભૂદાન આંદોલન અને ચંબલના ડાકુઓની સમસ્યા અંગે કર્યો તે સર્વજ્ઞાત છે. પ્રેમ અને અહિંસાનો માર્ગ લઇ વિનોબા બુદ્ધ બનીને એ અંગુલિમાલો ગયા. હૃદયપરિવર્તન દ્વારા એમની પાસે આત્મસમર્પણ કરાવ્યું.

પ્રેમ અને અહિંસાની માનવી ઉપર આવી મોટી કેવી જીત હોઇ શકે ?

પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંકલન : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા આ વર્ષે ત્રેપનમાં વર્ષમાં પ્રવેશી છે. સાવ જનિક સંસ્કારપર્વ સમાન આ વ્યાખ્યાનમાળાને છેલ્લાં છએક વર્ષથી શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટનો આર્થિક સહયોગ મળતો રહ્યો છે. આ વર્ષની વ્યાખ્યાનમાળા ડો. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને શુક્રવાર, તા. ૨૧મી ઓગસ્ટ, ૧૯૮૭ થી શનિવાર, તા. ૨૪મી ઓગસ્ટ, ૧૯૮૭ સુધી નવ દિવસ માટે ચોપાટી ખાતે બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાળાનો ટૂંકો અહેવાલ આ પ્રમાણે છે :

વ્યાખ્યાનમાળાના પ્રથમ વ્યાખ્યાતા શ્રી સુનંદાબહેન વોહોરાએ 'સુખપ્રાપ્તિ અને દુ:ખ મુક્તિનો ઉપાય' એ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે આપણા તત્ત્વચિંતકોએ મનુષ્યને જગતનું સર્વ શિરોમણિ સર્જન કહ્યું છે. આ સર્વ જીવોમાં એક મનુષ્ય જ એવો છે કે જેને વિચાર કરવાનો સુયોગ મળ્યો છે. મનુષ્ય જેટલી વિચારશક્તિ કોઇ પ્રાણીમાં નથી. એટલે જ આપણાં ધર્મશાસ્ત્રોએ મનુષ્ય-જન્મને દુર્લભ જન્મ ગણ્યો છે. મનુષ્યજન્મની સાર્થકતા તેના ત્યાગમાં, સંયમમાં અને સદાચારમાં રહેલી છે. પાર્થિવ સુખોની પ્રાપ્તિ તરફથી મોક્ષ સુખ સુધી દોરી જનારાં તત્ત્વો મનુષ્યની અંદર જ પડેલાં છે. તેને ઓળખી મનુષ્યે પોતાનું આચરણ, પોતાની સાધના સબળ બનાવવી જોઇએ.

'આજનો યુગધર્મ : જીવનમાં અધ્યાત્મની પ્રતિષ્ઠા' એ વિષય પર બોલતાં શ્રી શશિકાન્ત મહેતાએ જણાવ્યું હતું કે જે ધનવાન છે તે શ્રેષ્ઠ નથી, જેને પ્રભુ મળ્યા છે તે જ ખરેખર શ્રેષ્ઠિ કહેવાય. તીર્થંકરોનું દર્શન કદી અધૂરું હોતું નથી તેને આપણે વર્તમાન વિચારોથી મૂલવવાનો પ્રયાસ કરીએ છીએ. જૈન કુળમાં સમૃદ્ધિ નહિ હોય તો ક્યાં હશે ? સાચી જૈન વ્યક્તિ સમૃદ્ધ જ હોય. જે લક્ષ્મીનો ઉપયોગ સમાજ માટે કરે છે તે ખરો શ્રેષ્ઠિ છે. આ દેશના એક કરોડ જૈનોનો પ્રભાવ જેટલો વર્તાવો જોઇએ તેટલો વર્તાતો નથી. તેનું કારણ એ છે કે આપણા જીવનમાંથી ન્યાયસંપન્ન વૈભવ દૂર થયો છે. ન્યાયસંપન્ન વૈભવ જૈન સંઘનો મૂલાધાર છે. આપણે તેની પ્રતિષ્ઠા કરવાની છે. પ્રત્યેક જૈન વિશ્વનાગરિક અને વિશ્વમિત્ર બની શકે તેવી તેનામાં ક્ષમતા છે.

બીજે દિવસે શ્રીમતી મૃણાલિનીબહેન દેસાઇએ 'ઋગ્વેદમાં રાષ્ટ્રીય ભાવના' એ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે ઋગ્વેદની રચના રાષ્ટ્રીય ભાવનાને લક્ષમાં રાખીને કરવામાં આવી છે. મનુષ્યે જ્યારે પોતાની જાત ઓળખવાનો પ્રયત્ન કર્યો ત્યારે સર્વ પ્રથમ તેણે પોતાની જાતને પ્રશ્ન પૂછયો કે હું કોણ છું ? ક્યાંથી થયો ? મારું ઘડતર કોણે કર્યું ? અને જગત નિયંતા કોણ છે ? આ બધા જ કોયડામાં ઊંડા ઊતરતાં મનુષ્યને અંતે પ્રતીતિ થઇ, સત્યની ઝાંખી થઇ કે જે મારી અંદર છે તે વિશ્વમાં સચરાચર છે. હું નાનો છું છતાં સર્વશક્તિમાન છું. હું ઇશ્વરનો સાક્ષાત્કાર કરી શકું છું. આમ વ્યક્તિ અને સમષ્ટિ એ બંનેની અંદર એક સુસંવાદે જ રાષ્ટ્રના ચારિત્ર્યનું નિર્માણ કર્યું છે.

ત્યારપછી શ્રી રમેશભાઇ ઓઝાએ 'કૃષ્ણં વંદે જગદ્ગુરુમ્' એ વિષય પર વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે ભગવાન શ્રીકૃષ્ણે વૈશ્વિક કલ્યાણની વાતો પ્રબોધી છે. ભગવદ્ગીતામાં ક્યાંય ધાર્મિક કે સાંપ્રદાયિક સંકુચિતતા નથી. તેના પ્રથમ ૬ અધ્યાયમાં કર્મ, પછીના ૬ અધ્યાયમાં ભક્તિ અને છેલ્લા ૬ અધ્યાયમાં જ્ઞાન એમ ત્રણે માર્ગનો ઉપદેશ છે. આ ત્રણેમાં કોઇ ગૌણ નથી. ત્રણે મુખ્ય છે. ધર્મનો હેતુ દૃષ્ટિની

વિશાળતાનો છે. ગીતાનો ઉપદેશ સમગ્ર વિશ્વના કલ્યાણ માટે છે, તેથી કૃષ્ણ જગદ્‌ગુરુ છે. વસુદેવ એટલે શુદ્ધ હૃદય. દેવકી એટલે દેવમયી બુદ્ધિ. જ્યારે હૃદય શુદ્ધ અને બુદ્ધિ દેવમયી થાય ત્યારે તેમાંથી પરમ ચેતનનો જન્મ થાય છે.

ત્રીજે દિવસે પૂજ્ય મુનિશ્રી યશોભદ્રવિજયજીએ 'માનવજીવન ઔર અધ્યાત્મ' એ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે વિદ્યા, અર્થ અને ધન એ માનવજીવનના ત્રણ હેતુ છે. વિદ્યામાં એટલે કે જ્ઞાનમાં પારંગત થવાથી જીવનનું રહસ્ય પ્રાપ્ત થાય છે. અર્થ એટલે વિચાર, ચિંતન–ઉચ્ચ વૈચારિક ભૂમિકા માનવીને શિવગતિ તરફ લઇ જાય છે. ધન – લક્ષ્મીનો સદ્‌વ્યય માનવીના જીવનને ખરી શાંતિ અર્પે છે, પરંતુ આજે વિદ્યા, અર્થ અને ધનનો એવો ઉપયોગ કર્યા થઇ રહ્યો છે? થોડું જ્ઞાન કે વિદ્વત્તા મળી એટલે માનવી અહમ્‌માં રાચવા લાગે છે. ઊંડી વિચારશક્તિ કેળવવાને બદલે ઉપરછલ્લા વિચારોની દુનિયામાં માનવી ખોવાયેલો છે. લક્ષ્મીની કૃપા થઇ પણ એનો સદ્‌વ્યય માનવીના હાથે જલદી થઇ શકતો નથી. આ વાતની પાછળ અધ્યાત્મની ભૂમિકા બલવત્તર બને તો જ માનવી પોતાના જીવનને ઊર્ધ્વગામી બનાવી શકે. અધ્યાત્મ દ્વારા જ માનવી આત્માને ઓળખી શકે અને આત્માને જે ઓળખી શકે તે સ્વયં પરમાત્મા બની શકે.

'જૈન ધર્મ મેં તપ' એ વિષય પર બોલતાં પૂ. વિજયમુનિ પંન્નણીએ જણાવ્યું હતું કે શરીર દ્વારા આપણે બે રીતે આકર્ષણ કરી શકીએ છીએ: એક તેને સમજાવીને, બીજી રીતે તેને સતાવીને. આજે આપણે અનશન પર ખૂબ જ ભાર મૂકીએ છીએ અને શરીરને સતાવીએ છીએ. તપનો સાચો અર્થ જાગૃત કરવું, ચમકાવવું એવો છે. ભગવાન મહાવીર આત્માને જાગૃત કરનાર યોગી છે. જૈન સમાજમાં આવા યોગીઓ ઓછા છે. આજે જે તપ ચાલે છે તેની પાછળ શાતા પૂછવાની, સેવા કરાવવાની અને પારણાની ધામધૂમ ચાલે છે. જે તપશ્ચર્યા સન્માન કરાવવાની એષણાથી થાય છે તેનાથી કલ્યાણ ન મળે.

ચોથે દિવસે પૂ. રાજીમતીશ્રીજીએ 'સ્વસ્થ કૈસે રહે?' એ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે આજના માનવીએ સ્વસ્થ રહેવું હોય તો સર્વ પ્રકારની ચિંતાઓથી, તનાવોથી મુકત થઇ જવું જોઇએ જો માનવીમાં મન પરનો સંયમ નહીં હોય તો જીવનમાં સ્વસ્થતા પ્રાપ્ત નહીં થઇ શકે. માનવી જો દરેક પરિસ્થિતિમાં પ્રસન્ન રહે, દરેક સુખદુઃખની ઘટનાઓમાં સપ્રમાણ રહે તો તે માનસિક તનાવથી મુકત થઇ શકશે. ચિંતામાં પણ ચિંતન કરવું એ માનવીની સ્વસ્થતાની નિશાની છે. માનવીએ જેમ મનનો સંયમ કરવો જરૂરી છે. તેમ રસલોલુપતા એટલે કે ભોજનનો સંયમ કરવો પણ જરૂરી છે જૈન ધર્મમાં એટલે જ તપશ્ચર્યાનું મહત્ત્વ આંકવામાં આવ્યું છે. તપથી શરીરશુદ્ધિની સાથે મનશુદ્ધિ પણ થાય છે.

ત્યારપછી ડો. શેખરચંદ્ર જૈને 'મૃત્યુ મહોત્સવ' એ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે અન્ય દર્શનોમાં કયાંક કયાંક ઇચ્છા મૃત્યુનું ચિત્રણ જોવા મળે છે. પરંતુ જૈન દર્શનમાં આ ઇચ્છા મૃત્યુ સંલેખના–સંથારાનું જેવું વિધિવત્ વર્ણન જોવા મળે છે તેવું બીજે કયાંય મળતું નથી. આત્મહત્યા અને સંલેખનામાં મૌલિક ભેદ છે. આત્મહત્યા વિકૃતિ છે. સલેખના એ સ્વીકૃતિ છે. આત્મહત્યા ક્રોધથી પ્રેરાઇને રૌદ્રધ્યાનથી થાય છે સંલેખનામાં શરીર પ્રત્યેનું મમત્વ ત્યાગીને સમાધિ તરફ જવાની ભાવના છે.

પાંચમે દિવસે 'મહાવીરનો ધર્મ' મહાવીરથી દૂર' એ વિષય પર બોલતાં ડો. કુમારપાળ દેસાઇએ જણાવ્યું હતું કે આજે આપણે ઉત્સવ, મહોત્સવ અને વરઘોડામાં ડૂબી ગયા છીએ. આપણે જ્ઞાન કરતાં અર્થને–પૈસાને વધુ પ્રાધાન્ય આપી દીધું છે. ભગવાન મહાવીરના અપરિગ્રહના ઉપદેશને આપણે ભૂલી ગયા છીએ. આપણે પૈસો, પ્રશંસા અને પરિગ્રહને જીવન જીવવાની કલા માનીએ છીએ. જૈનશાસ્ત્રોમાં કહ્યું છે કે જ્ઞાન અને ક્રિયા બંનેથી મોક્ષ છે, પરંતુ આજે કેટલેક ઠેકાણે ક્રિયાને વધુ મહત્ત્વ અપાઇ રહ્યું છે.

ત્યાર પછી શ્રી અનિરુદ્ધ રમાતે 'સમસ્ત જીવન યોગ છે' એ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે સમસ્ત જીવન એ પ્રકૃતિનો યોગ છે. પ્રકૃતિ અને પુરુષ એકમેકના સમાગમ દ્વારા ઉત્ક્રાંતિ સર્જે છે. પરમ અણુથી માંડી પરમ આત્મા સુધીની સીડીમાં માનવ મધ્યમાં ઊભો છે. માનવ એ પૂર્ણવિરામ નથી. તેનામાં જે શક્તિ છે તે બંદીખાનામાં છે અને ભોગ તથા રોગ વધવાનું તે જ કારણ છે. અત્યારની આપણી ચેતનાથી ઊંચે ઊઠીને ઊર્ધ્વ ચેતના સાથે જોડાવું તે યોગ છે, તે માટે આપણી ચેતનાને અંતર્મુખ બનાવવાની જરૂર છે. ચેતનામાં જીવતોજાગતો માણસ પરમ ચેતનાને પામી શકે છે.

છઠ્ઠે દિવસે પ્રા. પ્રકાશ ગજ્જરે 'આધુનિક જીવન અને ધર્મ', એ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે આજે ધર્મની વિરુદ્ધ બોલવું તે એક ફેશન થઇ પડી છે. આજે ક્યાં તો આપણે ધર્મનો અર્થ બોધ નાખ્યો છે, ક્યાં તો આપણે ગેરમાર્ગે દોરવાઇ ગયા છીએ અને ક્યાં તો આપણે વ્યર્થ ફિલોસોફીમાં ફાંફાં મારી રહ્યા છીએ. આજે ધર્મની આવશ્યકતા વધતી જાય છે. ધર્મમાં શું સાચું છે, શું બોટું છે તેનું મૂલ્યાંકન કરવાની જરૂર છે. આપણે તો દુર્લભ એવા આ માનવજીવનને સફળ કરવા, જીવનને વધુને વધુ આનંદમય બનાવવામાં લાગી જવું જોઇએ.

'માણસની દુષ્ટતામાંથી મારી શ્રદ્ધા ઊઠી ગઇ છે' એ વિષય પર બોલતાં ડો. ગુણવંત શાહે જણાવ્યું હતું કે આ પૃથ્વી પર જે જલતત્ત્વ છે તેનું મૂલ્ય સકલ જગતની જીવસૃષ્ટિને મળેલી તરસને કારણે જ ટકી રહ્યું છે. આ તરસ પર મને જેટલી શ્રદ્ધા છે તેટલી શ્રદ્ધા જગતના કોઇ ધર્મ પર નથી. જ્યાં સુધી જગતમાં સહજને કિનારે આ તરસધર્મ રહેશે ત્યાં સુધી જળધર્મને કોઇ આંચ નહીં આવે. આ જ છે મારી ભીની ભીની આસ્તિકતા! ધૂળિયા માર્ગ પર ચાલનારા આપણે સૌ કલ્યાણયાત્રીઓ છીએ. સદીઓથી આ જીવનયાત્રા પૃથ્વી પર ચાલી રહી છે, આપણી તરસ સો ટચની હોય એટલે જળધર્મ આપોઆપ જળવાઇ જાય. આપણી તરસ જો અપ્રદૂષિત હોય તો જળનું પ્રદૂષણ આપોઆપ અટકે. આ ણામાં રહેલી દુષ્ટતા એટલે આપણી અંદરનું પ્રદૂષણ.

સાતમે દિવસે પ્રા. તારાબહેન રમણલાલ શાહે 'ઉપાધ્યાય યશોવિજયજી' એ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે પોતાની અપ્રતિમ પ્રતિભાથી જગતને ઝળહળતી મહાન વિભૂતિઓ જ્યારે વિદાય લે છે ત્યારે તેમના દેહનું અવસાન થયું હોય છે, પરંતુ તેમની યશોકાયા દ્વારા તેઓ અમર બની જતા હોય છે. સત્તરમા સૈકામાં થયેલા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ એક સમર્થ સર્જક અને સમર્થ ધર્મગુરુ હતા. માત્ર નવ વર્ષની

બાલ્યવયે તેમણે જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરી હતી તેમણે ૧૧૦ જેટલા ધર્મગ્રન્થો લખ્યા હતા. સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ભાષામાં રચાયેલી તેમની કૃતિઓ એક સમર્થ જ્ઞાની સાધુ અને મહાન કવિ તરીકેની તેમની છાપ ઉપસાવે છે. ગુજરાતીમાં 'દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ' અને 'જંબૂસ્વામી રાસ' જેવી ઉત્તમ કૃતિઓ તેમણે રચી છે. પોતાની તેજસ્વી બુદ્ધિપ્રતિભાથી તેમણે તર્કશિરોમણિ, ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય, દ્વિતીય હેમચંદ્રાચાર્ય, લઘુહરિભદ્રસૂરિ, શ્રુત કેવલી જેવાં બિરુદો મેળવ્યાં હતાં.

'ઢાઇ અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોય' એ વિષય પર બોલતાં પ્રા હરિભાઇ કોઠારીએ જણાવ્યું હતું કે આપણા જીવનમાં પ્રેમ હોવો જોઇએ અને પ્રેમનું પરિણામ તે વિશ્વાસ છે. પ્રેમમાં સમર્પણ, બલિદાન અને ત્યાગ છે. મોહમાં સ્વાર્થ, ભોગ અને અહંકાર છે. સ્નેહ સેતુ બાંધે છે, જ્યારે અહંકાર દીવાલ બાંધે છે. જ્ઞાન પ્રેમમાં પરિણમે તો અહંકાર ચાલ્યો જાય છે, માથે મોટપની મટકી લઇને રાસ રમી શકાય નહિ. પ્રેમનો રાસ એવો છે કે તેમાં મોટાઇ છોડીને ભળી જવું જોઇએ. માતૃત્વનું ગૌરવ કરતું 'માતૃદેવો ભવ' સૂત્ર આપણી સંસ્કૃતિમાં છે. મા શબ્દ કેટલો મહાન છે અને એથી ય મહાન છે માની વાત્સલ્ય-ગંગા. પુનિત પ્રેમની ગંગા. માના પ્રેમ સામે જગતની કોઇ વસ્તુની તુલના ન થઇ શકે.

આઠમે દિવસે પૂ. મોરારીબાપુએ 'જીવન અને ધર્મ' એ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે પરમને પામવા માટે પ્રત્યેક વ્યક્તિ પાસે પૂરતા પ્રમાણમાં સામગ્રી છે, સમય પણ અનુકૂળ છે. તેમ છતાં માનવી તે પામી કેમ શકતો નથી? સમયની સાનુકૂળતા અને સાધનસંપન્ન જીવન છતાં તે દુઃખી કેમ છે? તેનું કારણ એક જ છે કે આપણે જે કરવું છે તે કરતા નથી. રસ્તાનો ખ્યાલ છે છતાં ત્યાં જવામાં આળસ થાય છે. આ ખામી જ આપણી ચેતનાને બધીર કરી દે છે, આપણને પરમ તત્ત્વને પામવાના સુખથી વંચિત રાખે છે. એ ત્રુટિ આપણે જ્યાં સુધી દૂર નહિ કરીએ ત્યાં સુધી આપણે પરમ તત્ત્વના સાન્નિધ્યથી વંચિત રહેવાના. આ વિસ્તરમાં વૃક્ષનો દાખલો જુઓ. વૃક્ષ ઊગે છે, ફળ આપે છે, બીજાને ઉપયોગી થાય છે. ધર્મ પણ એ જ કહે છે – બીજાને માટે જીવો. જીવનને ઊર્ધ્વગામી બનાવવું હોય તો પરોપકારવૃત્તિ અને સેવાપરાયણતા કેળવો.

'પર્યાવરણ શુદ્ધિ ઔર ધર્મ" એ વિષય પર બોલતાં ડો. નરેન્દ્ર ભાણાવતે જણાવ્યું હતું કે પર્યાવરણશુદ્ધિ એટલે મનશુદ્ધિ, આહારશુદ્ધિ અને એ પછી તનશુદ્ધિ આજે આપણે ધર્મને, સંયમને અને અહિંસાને ભૂલી ગયા છીએ. આપણે ભોગવિલાસને ખરું સાધન માનીએ છીએ. જે ધર્મ મનુષ્યને શુદ્ધ ધર્મ તરફ લઇ જવાની તાકાત આપે છે તે રસ્તો જ આપણે ભૂલી ગયા છીએ. આપણે ભૌતિક સુખો તરફ આકર્ષાયા છીએ. આપણાં તપ, સંયમ, બ્રહ્મચર્યમાં વિક્ષેપ પડવા લાગ્યો છે. આપણે સામાયિક-પ્રતિક્રમણ ભૂલી ગયા છીએ. આપણે વૃક્ષની સાથે પ્રેમ કરવાનું ભૂલી ગયા છીએ. વૃક્ષની પરોપકારની ભાવનાને આપણે વિસારી દીધી છે.

નવમે દિવસે શ્રી ડોલરભાઇ વસાવડાએ 'બિનસાંપ્રદાયિકતા' એ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે આજે આપણા રાષ્ટ્રમાં કોમી એકતાની ખૂબ જ જરૂર છે. જો આપણે સમાજને જીવવા લાયક રહેવા દેવા માગતા હોઇએ તો આપણે આપણા પૂર્વગ્રહો, સ્વાર્થવૃત્તિ અને સંકુચિત ભાવનાનો ત્યાગ કરવો પડશે. આજે આપણા દેશમાં સૌથી મોટો પડકાર સાંપ્રદાયિકતાનો છે. આજે ધર્મની વ્યાખ્યા માત્ર એક કોમ પ્રતિ પર્યાય બની ગઇ છે. સમાજના નાગરિકોનું ઘડતર કરે, તેને ઊંચા બનાવે, તેને આગળ લઇ જાય એ જ ધર્મ છે. ધર્મ એટલે સર્વનું કલ્યાણ. આવી કલ્યાણકારી ભાવનાથી જ રાષ્ટ્રનું નવનિર્માણ થઇ શકે આજના સમયની મોટી કરુણતા એ છે કે આ દેશમાં ધર્મના નામે, જ્ઞાતિના નામે, સંપ્રદાયના નામે હિંસક તોફાનો થઇ રહ્યાં છે.

તે દિવસે બીજું વ્યાખ્યાન સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહનું હતું. એમનો વિષય હતો 'ધર્મધ્યાન.' એમણે આપેલા વ્યાખ્યાન વિશેનો લેખ આ અંકમાં પ્રગટ થયો છે તે જોઇ લેવા વિનંતી છે.

વ્યાખ્યાનમાળામાં વડોદરા (સિંધરોટ)ની સંસ્થા 'શ્રમમંદિર'ના રક્તપિત્તના દર્દીઓ માટે રૂપિયા પાંચ લાખના ફંડ માટે અપીલ કરવામાં આવી હતી. એ માટે શ્રમમંદિરના પ્રાણસમા કાર્યકર્તા શ્રી સુરેશભાઇ સોનીએ સંસ્થાનો પરિચય શ્રોતાઓને કરાવ્યો હતો. અમને જણાવતાં હર્ષ થાય છે કે દાતાઓએ ઉત્સાહથી એ ફંડમાં ઘણી સારી રકમ લખાવી હતી અને રૂપિયા સવા છ લાખનું ફંડ એકત્ર થયું હતું.

આ વ્યાખ્યાનમાળામાં દરરોજ વ્યાખ્યાનના પ્રારંભ પહેલાં ભક્તિસંગીતનો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. શ્રી સંગીતા ગોગટે, શ્રી લીલાબહેન ભાટિયા, શ્રી સંજય શાહ, શ્રી માલતી-બહેન શાહ, શ્રી જ્યોત્સ્નાબહેન વોરા, શ્રી શ્યામલી ચક્રવર્તી અને શ્રી દિલીપ ચક્રવર્તી, શ્રી શોભાબહેન જૈન, શ્રીમતી ચંદ્રાબહેન કોઠારી અને શ્રીમતી શોભાબહેન સંઘવીએ અનુક્રમે ભક્તિ-સંગીતનો કાર્યક્રમ આપીને સવારના ખુશનુમા વાતાવરણને વધુ આહલાદક અને ભક્તિમય બનાવ્યું હતું. ભક્તિસંગીતના કલાકારોનો પરિચય સંઘના સહમંત્રી શ્રીમતી નિરુબહેન શાહે આપ્યો હતો. વ્યાખ્યાતાઓનો પરિચય અને વ્યાખ્યાનોની ટૂંકી સમીક્ષા ડો. રમણલાલ ચી. શાહે કરી હતી. શ્રમમંદિર માટે સૌના મળેલા ઉષ્માભર્યા સહયોગ બદલ સંઘના મંત્રીશ્રી કે. પી. શાહે આનંદ વ્યક્ત કર્યો હતો. સંઘની પ્રવૃત્તિ માટે મળેલા આર્થિક સહયોગ સહિત આ વ્યાખ્યાનમાળામાં ઉપયોગી એવા સૌ કોઇનો આભાર સંઘના કોષાધ્યક્ષ શ્રી પ્રવીણ-ચંદ્ર કે. શાહે માન્યો હતો. સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે શાહે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આમ આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં જ્ઞાનયજ્ઞ એવા આ પર્યુષણ વ્યાખ્યાન-માળાની પૂર્ણાહુતિ થઇ હતી.

આગમવાચના

સંઘના ઉપક્રમે પ. પૂ. મુનિશ્રી જંબુવિજયજી મહારાજની નિશ્રામાં આગમવાચનાનો કાર્યક્રમ માગસર સુદ-૧૫, તા. ૫ મી ડિસેમ્બર, ૧૯૮૭ થી રોજથી ત્રણ દિવસ માટે પાલિતાણામાં દશાનીમા વણિક ધર્મશાળામાં રાખવામાં આવ્યો છે.

ધર્મ-તત્ત્વજ્ઞાનમાં રુચિ ધરાવનાર અને તીર્થંકર ભગવાનની વાણીના શ્રવણમાં સમ્યક્ શ્રધ્ધા ધરાવનારને રસ પડે એવા આ કાર્યક્રમમાં જે સભ્યોએ જોડાવું હોય તેઓએ પોતાના નામ રજિસ્ટ્રેશન ફીના રૂ. ૫૦ (પચાસ) ભરીને સંઘના કાર્યાલયમાં તા. ૧૫મી ઓક્ટોબર, ૧૯૮૭ સુધીમાં નોંધાવી દેવા વિનંતી છે.

આ કાર્યક્રમ માટે મર્યાદિત સંખ્યામાં જ સભ્યોને લેવામાં આવશે. પાલિતાણા જવા-આવવાની વ્યવસ્થા દરેક સભ્યે પોતાની મેળે, પોતાના ખર્ચે કરવાની રહેશે. સંઘ તરફથી પાલિતાણામાં ફક્ત ભોજન અને ઉતારાની વ્યવસ્થા કરવામાં આવશે.

આગમવાચના માટે નોંધાયેલા સભ્યોને કાર્યક્રમની વિગતોની જાણ હવે પછી કરવામાં આવશે.

લિ. મંત્રીઓ

સંઘનો સ્નેહમિલન કાર્યક્રમ

પર્યુષણ વ્યાખ્યાનમાળાની સમાપ્તિ બાદ પ્રતિવર્ષ યોજાતો સંઘનો સ્નેહમિલન કાર્યક્રમ આ વર્ષે પણ શનિવાર, તા. ૫-૯-૧૯૮૭ના સાંજના ૭ વાગે યજમાન શ્રી સી. એન. સંઘવીના મરીનડ્રાઇવ ખાતેના નિવાસસ્થાને ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને યોજાયો હતો.

કાર્યક્રમનો પ્રારંભ શ્રીમતી શ્યામલી ચક્રવર્તી અને શ્રી દિલીપ ચક્રવર્તીના ભક્તિસંગીતથી થયો હતો. કાર્યક્રમના યજમાન શ્રી સી. એન. સંઘવીએ સૌનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે જણાવ્યું હતું કે સંઘ દ્વારા જ્ઞાન અને કરુણાનાં જે કાર્યો થઈ રહ્યાં છે તેમાં આપ સૌનો પૂરો સહયોગ છે. સંઘને આવતા વર્ષે ૬૦ વર્ષ પૂર્ણ થાય છે. આપણે સૌ સાથે મળીને ૬૦ વર્ષની હીરક જયંતી ખૂબ જ આનંદ અને ઉત્સાહપૂર્વક ઉજવીએ એવી મારી ભાવના છે.

શ્રી અમરભાઇ જરીવાલાએ જણાવ્યું હતું કે મુંબઇના જાહેર જીવનમાં જૈન યુવક સંઘનું જે સ્થાન છે, તે બદલ હું ગૌરવ અનુભવું છું. આજે કોઇ પણ રાજકીય કે બીજા રાજકીય વિદ્વાનોનાં વ્યાખ્યાનો સંઘ દ્વારા ગોઠવાય છે તેનો પ્રભાવ લોકો ઉપર સારો એવો પડે છે.

સંઘના સહમંત્રી શ્રી શૈલેશ કોઠારીએ જણાવ્યું હતું કે મહાત્મા ગાંધી અને જવાહરલાલ નહેરુના સહઅસ્તિત્વનો સિદ્ધાંત આપણા સંઘમાં જોવા મળે છે તે ખૂબ જ આનંદની વાત છે. સંઘ દ્વારા આપણે એકબીજાના દુઃખની, પ્રશ્નોની આપલે કરી શકીશું તો આજના યુગનું શ્રેષ્ઠ કાર્ય થશે.

શ્રી બસંતલાલ નરસિંહપુરાએ જણાવ્યું હતું કે આજે જૈનોના તમામ ફિરકાઓને એક થવાનો સમય આવી ગયો છે. આજે દિગમ્બર મુનિ શ્વેતામ્બર મંદિરમાં કે શ્વેતામ્બર મુનિ દિગમ્બર સ્થાનમાં વ્યાખ્યાન આપવા જાય તેવા કાર્યક્રમો વધુને વધુ યોજાવા જોઇએ.

શ્રી ચંદ્રકાન્તભાઇ ડી. શાહે જણાવ્યું હતું કે સંઘ દ્વારા જે સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિનો પ્રારંભ થયો છે તેનો મને આનંદ અને આદર છે.

સંઘના અને કાર્યક્રમના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે જણાવ્યું હતું કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના નામમાં ઉત્તરોત્તર શબ્દ મહત્ત્વના છે. મુંબઇ નામનું મહત્ત્વ છે, એથી વધારે મહત્ત્વ જૈન શબ્દનું છે, એનાથી વધારે મહત્ત્વ યુવક શબ્દનું છે અને એનાથીય વધારે મહત્ત્વ સંઘ શબ્દનું છે. આપણા ચરમ તીર્થંકર ભગવાન મહાવીરે સંઘ શબ્દ પ્રયોજ્યો છે. સંઘ એટલે ઐક્યતા, ભાવનાત્મક ઐક્યતા. આજના વિષમ કાળમાં વ્યક્તિની શક્તિનું નહિ, સંઘની શક્તિનું મહત્ત્વ છે. મહાત્મા ગાંધી આ સંઘશક્તિનું મહત્ત્વ સમજતા હતા અને તેનો ઉપયોગ તેમણે આપણા દેશને આઝાદી અપાવવામાં ખૂબ સારી રીતે કર્યો હતો. આજે પાંચ પાંચ દાયકા જેવા દીર્ઘ સમયથી સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં કોઇ પણ જાતની સંપ્રદાય સંકુચિતતા નથી. કોઇ પણ પ્રકારના ફિરકાભેદ કે જ્ઞાતિભેદ પણ નથી. આ વ્યાખ્યાનમાળાનો હેતુ સંઘભાવના ઊભી કરવાનો અને સંવાદિતા સર્જવાનો છે. જૈન ધર્મમાં સંઘને ૨૫ મા તીર્થંકર તરીકે ઓળખવામાં આવે છે. આપણા તીર્થંકર પરમાત્મા જ્યારે દેશના આપવાનો પ્રારંભ કરે છે ત્યારે 'નમો સંઘસ્સ' શબ્દનો પ્રથમ ઉચ્ચાર કરે છે તે બતાવે છે કે જૈન ધર્મમાં સંઘનું કેટલું માહાત્મ્ય છે, કેટલું ગૌરવ છે.

અંતમાં, કાર્યક્રમના યજમાન શ્રી સી. એન. સંઘવી અને શ્રીમતી હંસાબહેન સંઘવીનું ડૉ. રમણભાઇ શાહ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. સંઘના કોષાધ્યક્ષ શ્રી પ્રવીણભાઇ કે. શાહે આભાર માન્યો હતો જ્યારે સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

સંઘ સંચાલિત અસ્થિ સારવાર કેન્દ્ર

સંકલન : **પ્રવીણભાઈ મંગળદાસ શાહ**

સંઘ દ્વારા આ પ્રવૃત્તિની શુભ શરૂઆત તા. ૩૧-૭-૮૩ના રોજ કરવામાં આવી અને તા. ૩૧-૭-૮૭ના રોજ ચાર વર્ષ પૂરાં થયાં અને પાંચમા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

આ રીતે ૨૧૦ રવિવાર દરમિયાન સંજોગોવશાત્ ફક્ત બે જ દિવસ કેન્દ્ર બંધ રાખવામાં આવ્યું હતું.

ડૉ. જે. પી પીઠાવાળા ગુજરાતમાંથી દર રવિવારે સવારે ૯ વાગે સંઘના કાર્યાલયમાં આવી જાય છે.

સવારના ૯-૩૦ થી ૧-૩૦ સુધીમાં આવેલા હાડકાંના કોઇપણ જાતના દર્દીની તપાસ કરી, નિદાન કરી સારવાર આપવામાં આવે છે. દર રવિવારે ૫૦ થી ૫૫ દર્દીઓ આ કેન્દ્રનો લાભ લે છે અને અનેક હઠીલા દર્દવાળા દર્દીઓ પણ ડૉ. પીઠાવાળાની સારવારથી સારા થયા છે. દર્દીઓને આ સારવારથી ખૂબ જ સંતોષ થાય છે એવો તેમનો પ્રતિભાવ જાણવા મળે છે.

કોઇ પણ જાતના નાતજાતના ભેદભાવ વિના આ સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે, પરંતુ દવાની કિંમત લેવામાં આવે છે. એક સાથે ચૌદ દિવસની દવા આપવામાં આવે છે, જેની વધારેમાં વધારે કીંમત રૂા. ૪૦) થતી હોય છે. જેમની શક્તિ દવાના પૈસા ખર્ચી શકે તેમ ન હોય તો તેમને વિના-મૂલ્યે દવા આપવાની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે.

આ કેન્દ્રમાં વધારેમાં વધારે દર્દીઓ લાભ લે એમ ડૉ. પીઠાવાળા હંમેશા કહેતા હોય છે અને અમારી પણ એવી અંતરની ઇચ્છા છે.

વાચકોને વિનંતિ કરવામાં આવે છે કે આવા દર્દીઓને આ કેન્દ્રમાં સારવાર લેવા માટે ભલામણ કરે.

ભક્તિસંગીતનો વર્ગ

સંઘ દ્વારા બહેનો માટે ભક્તિસંગીત-સ્તવન વગેરે શીખવવા માટેના ૭ અઠવાડિયાના વર્ગો નવેમ્બર, ૧૯૮૭માં શરૂ કરવામાં આવશે. આ વર્ગનું સંચાલન શ્રી મંસીબાઇ ખંભાતવાળા કરશે. તો રસ ધરાવતાં બહેનોએ સંઘના કાર્યાલયમાં સંપર્ક કરી પોતાનું નામ નોંધાવી દેવું. વર્ગ શરૂ કરવાની તારીખ નક્કી થયે દરેકને જાણ કરવામાં આવશે.

ઉષાબેન મહેતા — સંયોજક

કે. પી. શાહ
પન્નાલાલ ર. શાહ
મંત્રીઓ

ધર્મધ્યાન (અનુસંધાન પૃષ્ઠ ૯૦થી ચાલુ)

જ્યાં સુધી જીવનમાં અહમ્ અને મમત્વ ઘણો મહત્વનો ભાગ ભજવે છે, રાગ અને દ્વેષની ઉગ્ર પરિણતી ચાલ્યા કરે છે ત્યાં સુધી આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનના પ્રસંગો વારંવાર બન્યા કરે છે.

આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં પ્રવર્તનાર જીવ અનેક પ્રકારનાં દુઃખ અનુભવે છે અને ચાર ગતિ રૂપ સંસારમાં તેનું પરિભ્રમણ સતત ચાલ્યા કરે છે. અશુભ ધ્યાનમાં વર્તતો જીવ પાંચમા કે વધુમાં વધુ છઠ્ઠા ગુણસ્થાનક સુધી પહોંચી શકે છે. એવા અશુભ ધ્યાનમાં ચિત્તની લેશ્યાઓ પણ અશુભ એટલે કે કૃષ્ણ, કાપોત અને નીલ એ ત્રણ પ્રકારની સંભવે છે.

શુભ ધ્યાનમાં ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ અનુક્રમે ચડિયાતાં ધ્યાન છે. ધર્મધ્યાન ઐહિક જીવનમાં સુખશાંતિ પમાડનાર અને પરંપરાએ શુક્લધ્યાન તરફ લઇ જનાર છે.

ધર્મધ્યાનના ચાર પેટાપ્રકાર છે : (૧) આજ્ઞાવિચય (૨) અપાયવિચય (૩) વિપાક વિચય અને (૪) સંસ્થાન વિચય.

શુક્લધ્યાનના પણ તેવી રીતે ચાર પેટાપ્રકાર દર્શાવવામાં આવ્યા છે: (૧) પૃથક્ત્વ વિતર્ક સપ્રવિચાર (૨) એકત્વ વિતર્ક અપ્રવિચાર (૩) સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતિ અને (૪) ઉચ્છિન્ન ક્રિયાનુવૃત્તિ.

જે ધ્યાનધર્મથી યુક્ત હોય એ ધ્યાનને ધર્મધ્યાન કહી શકાય. પરંતુ ધર્મ શબ્દ અત્યંત વ્યાપક અને ગહન છે. જૈન ધર્મ અનુસાર દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી ધર્મ મોક્ષમાર્ગ રૂપ છે. તેમાં પણ પંચ પરમેષ્ઠિની ભક્તિ, તદ્અનુસાર અનુષ્ઠાનો, અહિંસાદિ પાંચ મહાવ્રતો, સમિતિ અને ગુપ્તિ, દાન, શીલ, તપ અને ભાવ, ક્ષમાદિ દસ પ્રકારનો યતિધર્મ ઇત્યાદિ વિવિધ વિષયોનો સમાવેશ ધર્મના વિષયમાં કરાય છે. કર્મક્ષય કરવામાં ઉપયોગી અને નવા અશુભ કર્મબંધને થતાં અટકાવનાર જે જે સાધન કે ક્રિયા તે બધાંનો પણ ધર્મના વિષયમાં સમાવેશ થાય છે.

જ્યાં સુધી આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન જાય નહિ ત્યાં સુધી ધર્મધ્યાન જલદી આવતું નથી. બીજી બાજુ જીવનમાં ધર્મધ્યાનને લાવવાનો જેમ જેમ દૃઢ પુરુષાર્થ કરતા જઇએ તેમ તેમ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન ઓછાં થવાં લાગે. એટલે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન પૂરેપૂરાં જાય પછી જ ધર્મધ્યાન ધરવા માટે રાહ જોનાર જીવ જલદી ધર્મધ્યાન ઉપર આવી શકતો નથી.

આ પાંચમા આરામાં, વર્તમાન કાળમાં શુક્લધ્યાનનો સંભવ નથી, કારણ કે તે માટે જરૂરી એવું શરીર સંહનન મનુષ્ય પાસે નથી. એટલે વર્તમાન કાળમાં આ ભરતક્ષેત્રમાં મનુષ્ય ધર્મધ્યાનની પરંપરા સુધી આવીને અટકી જાય છે.

શુક્લ ધ્યાન વગર કેવળ જ્ઞાન નથી અને કેવળ જ્ઞાન વગર મુક્તિ નથી. તો પછી માણસે અત્યારથી ધર્મધ્યાનની ધમાલમાં પડવાની જરૂર શી?–એવો પ્રશ્ન કદાચ કોઇકને થાય. આ દુષમ કાળમાં મોક્ષ નથી એ વાત સાચી છે, તો પણ મોક્ષની પરંપરા તો જરૂર છે જ. એટલે ધર્મધ્યાન દ્વારા ભવની પરંપરાને ઘટાડીને મોક્ષની પરંપરામાં આગળ ગતિ કરી શકાય છે. શુભ ધ્યાન દ્વારા પોતાની ભવ પરંપરા જીવોએ ઘટાડી હોય એવાં અનેક ઉદાહરણો પ્રાચીન સમયનાં સાંપડે છે. મનુષ્યજન્મની દુર્લભતા છે; તે મળ્યા પછી પણ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ ચારિત્રરૂપી રત્નત્રયીની દુર્લભતા છે. ધર્મધ્યાન દ્વારા મનુષ્યભવ અને રત્નત્રયીની પ્રાપ્તિ ત્વરિત થાય છે. એટલા માટે ધર્મધ્યાનની આવશ્યકતા રહેલી છે.

આજ્ઞાવિચય ધર્મધ્યાન

વિચય એટલે વિચાર. આજ્ઞાવિચય એટલે આજ્ઞાનો વિચાર કરવો. સર્વજ્ઞ ભગવાને જે વચનો કહ્યાં હોય તે વચનોમાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવવી અને તે વચનોને આજ્ઞાની જેમ સ્વીકારવા તેનો અર્થ આજ્ઞાવિચય થાય છે

સર્વજ્ઞ ભગવાનનાં વચનો કયારેય પરસ્પરવિરોધી હોતાં નથી. સંસારના સર્વ જીવોના કલ્યાણને માટે તેઓ ઉપદેશ આપે છે. એમની વાણી દ્વારા સંસારનું સ્વરૂપ સમજાય છે. એમણે છ દ્રવ્યનું સ્વરૂપ, સિદ્ધ સ્વરૂપ, નિગોદનું સ્વરૂપ, ચૌદ રાજલોકનું સ્વરૂપ જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે તેમાં રસ, રુચિ અને હર્ષોલ્લાસ સહિત શ્રદ્ધા ધરાવવી જોઇએ અને એ વચનોને આજ્ઞા રૂપ માનવાં જોઇએ. ભગવાનનાં વચનોને આજ્ઞા રૂપ માન્યા વગર ગમે તેવી કરણી કરવાથી બહુ ફળ મળતું નથી. એટલા માટે 'आणाए धम्मो'–આજ્ઞાથી ધર્મ એમ કહેવાય છે. સર્વજ્ઞ ભગવાને નિશ્ચયધર્મ અને વ્યવહાર-ધર્મ, ઉત્સર્ગ માર્ગ અને અપવાદ માર્ગની પ્રરૂપણા કરેલી છે. એમણે ચાર પ્રકારે નિક્ષેપાનું સ્વરૂપ કહ્યું છે. સાધુના પાંચ મહાવ્રત અને શ્રાવકનાં બાર વ્રત સમજાવ્યાં છે. એમણે પાંચેય મહાવ્રતોની ભાવનાઓ પણ સમજાવી છે વીતરાગ ભગવાને પોતાના કેવળજ્ઞાન વડે જે જે વસ્તુનું કથન કર્યું છે તે સત્ય છે, સર્વ જીવો માટે હિતકારક છે એમ સમજી તે પ્રમાણે વર્તવાથી દુઃખનો નાશ થાય છે, કર્મનો ક્ષય થાય છે, ભવપરંપરાનો અંત આવે છે એવી દૃઢ શ્રદ્ધા થવી જોઇએ.

'ધ્યાનશતક'માં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ જિનેશ્વર ભગવાનની આજ્ઞાની સાક્ષિકતાઓ દર્શાવતાં નીચે પ્રમાણે લખે છે :

> सुनिउणमणाइनिहणं, भयहियं भूयभावणमणग्घं
> अमियमजियमहत्थं-महाणुभावं महाविसयं ॥ ४५ ॥
>
> झाइज्जा निरवज्जं जिणाणमाणं जगप्पईवाणं
> अणिउणजण दुण्णेयं नयभंगपमाणगमगहणं ॥ ४६ ॥

સુનિપુણ, અનાદિ, અનંત, સર્વજીવોનું કલ્યાણ કરવાવાળી, સત્ય, નિરૂપદ્રવવાળી, મહામૂલી, અમૃત સરખી મીઠી, અજિત, મહાઅર્થવાળી, મહાસામર્થ્યવાળી, મહાવિષયવાળી, પાપરહિત, અનિપુણમતિવાળા જીવોથી દુર્જ્ઞેય તથા નય–ભંગ–પ્રમાણ વગેરેથી અતિ ગહન એવી જગતના પ્રદીપ સમાન જિનેશ્વરની આજ્ઞાનું ધ્યાન ધરવું.

ભગવાનની વાણી દરેક મનુષ્યને સમજાય એવું નથી. જૈન કુટુંબમાં જન્મ થયો હોવા છતાં અને જૈનધર્મ મળ્યો હોવા છતાં પણ ભગવાનની વાણીમાં શ્રદ્ધા ન બેસે એવાં અનેક દાખલા જોવા મળે છે એનાં કારણો દર્શાવતા જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણ લખે છે :

> तत्थयमहदोन्नलेणं-तव्विहारिय विरहओवावि
> णेयगहणत्तणेणय णाणावरणोदएणं च ॥ ४७ ॥
>
> हेउदाहरणासंभवेय – सईसुठ्ठुजंनबुझ्झेज्जा
> सव्वण्णुमयमवितहं तहावि तं चितए मईमं ॥ ४८ ॥

(૧) મતિની દુર્બળતાથી (૨) તેવા પ્રકારના કુશળ આચાર્ય

ન મળવાથી (૩) જ્ઞેય પદાર્થની ગહનતાથી (૪) જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી (૪) જિનવચનને સિદ્ધ કરવા તેને અનુરૂપ હેતુ ન મળવાથી (૬) કાલ્પનિક અથવા સાચું ઉદાહરણ ન મળવાથી જિનેશ્વર ભગવાનની વાણી સમજાતી નથી કે સમજવાની રુચિ થતી નથી.

જેઓ નિઃસ્વાર્થ છે, નિસ્પૃહ છે, પરહિતચિંતક છે, લોકકલ્યાણની ભાવનાવાળા છે, શુદ્ધ છે, કપટરહિત છે, સમતાધારક છે એવા માણસોનાં પ્રિય વચનો માણસો આજ્ઞાની જેમ ઉઠાવવા તત્પર બને છે. કોઈ સંત-મહાત્મા પાણી માગે તો તેમને પાણી આપવા દસ જણા દોડાદોડી કરે, અને જેને પાણી આપવાનો લહાવો મળે તે પોતાની જાતને ધન્યભાગ્ય માને. સંતનાં વચનોને તેઓ આજ્ઞાની જેમ ધારણ કરે છે. એવી રીતે તીર્થંકર પરમાત્માએ અર્થાત્ જિનેશ્વર ભગવાને કહેલાં વચનો અનેક જીવો આજ્ઞાની જેમ જીવનમાં ઉતારે છે. એમાં તાબેદારી નથી. અનિચ્છા નથી, કષ્ટ નથી અને હોય તોય તો તે ઇષ્ટ અને પ્રિય છે, સ્વહિતકર છે. એથી જીવનમાં કૃતાર્થતા, ધન્યતા અને ઉલ્લાસ અનુભવાય છે.

અજિતશાંતિ સ્તોત્રમાં કહ્યું છે:

જો ઇચ્છઇ પરમપયં
અહવા કિત્તિં સુવિત્થડં ભુવણે
તા તેલુક્કુદ્ધરણે
જિણવયણે આયરં કુણહ.

(જો તમે પરમપદ મોક્ષની ઇચ્છા કરતા હો અથવા ત્રણ ભુવનમાં વિસ્તાર પામે એવી કીર્તિને ઇચ્છતા હો તો ત્રણ લોકનો ઉદ્ધાર કરનાર જિનેશ્વર ભગવાનનાં વચનોનો આદર કરો.)

અપાય વિચય ધર્મધ્યાન

જિન ભદ્રગણિ ક્ષમાશ્રમણ 'ધ્યાનશતક'માં લખે છે:

રાગદોસ કસાયાસવાદિકિરિયાસુવટ્ટમાણાણં–
ઇહપરલોયાવાઓ ઝાઇજ્જાવજ્જપરિવજ્જો

(રાગ, દ્વેષ, કષાય, આસ્રવ આદિ ક્રિયામાં વર્તતા જીવને લોકમાં અને પરલોકમાં કેવાં દુઃખો પડે છે તેનું ચિંતન કરવું.)

અપાય એટલે કષ્ટ અથવા પીડા. જીવને વિવિધ કારણોને લીધે જે દુઃખ અનુભવવું પડે છે તેનો વિચાર કરતાં કરતાં ધર્મધ્યાન ધરનારે પોતાના શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યમય, અવિનાશી, અનંત જ્ઞાનમય, અનંત દર્શનમય, અનંત ચારિત્રમય એવા આત્મસ્વરૂપનું ચિંતવન કરવું જોઈએ.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ આસ્રવ છે એટલે કે પાપનાં દ્વાર છે. તેનાથી આ લોકમાં અને પરલોકમાં ઘણાં દુઃખ ભોગવવાં પડે છે. આસ્રવ પુદ્ગલરૂપ છે અને અનાદિકાળથી આત્માની સાથે લાગેલાં છે. માટે તેનાથી મુક્ત થવું એ આત્માનો ધર્મ છે. ક્રોધ, માન, માયા અને લોભરૂપી કષાયો ભવપરંપરા તો વધારે છે, પરંતુ ઐહિક જીવનમાં પણ ક્રોધ દ્વારા પ્રીતિનો, માન દ્વારા વિનયનો, માયા દ્વારા મિત્રતાનો અને લોભ દ્વારા સર્વ ગુણોનો નાશ થાય છે. કષાયો આત્માના અધ્યવસાયોને બગાડે છે અને અશુભ કર્મનો બંધ કરાવે છે.

રાગ-દ્વેષને લીધે સંસારના અનેક જીવોને કેટલાં બધાં દુઃખોનો અનુભવ થાય છે; સર્વજ્ઞ ભગવાનના માર્ગની પ્રાપ્તિ ન થવાથી અનેક જીવોને ભવાટવિમાં કેટલું બધું ભટકયા કરવું પડે છે તેનું ચિંતવન કરવા સાથે પોતાને પૂર્વના પુણ્યના ઉદયથી મનુષ્યભવની પ્રાપ્તિ અને સમકિતની ઝાંખી થઈ છે. માટે હવે અપ્રમત્ત ભાવથી પોતે પૌદ્ગલિક સંબંધો ઓછા કરતા જઈ મોક્ષમાર્ગ તરફ વધવાનું છે. સિદ્ધગતિ મેળવવાની છે. એવું ચિંતવન કરવું તે અપાયવિચય ધર્મધ્યાન.

વિપાકવિચય ધર્મધ્યાન

ધ્યાનશતકમાં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ લખે છે:

પયઇઠિઇપએસાણુભાવમિન્નં સુહાસુહ વિહત્તં
જોગાણુભાવ જણિઅં કમ્મવિવાગં વિચિંતેજ્જા
॥ ૫૧ ॥

પ્રકૃતિ, સ્થિતિ, પ્રદેશ અને રસના વિભાગથી ભિન્ન ભિન્ન યોગાનુભાવથી (કષાયોથી) ઉત્પન્ન થયેલ શુભ અને અશુભ કર્મના વિપાકનો વિચાર કરવો.

આ સંસારમાં વિવિધ પ્રકારના જીવોની વિવિધ પ્રકારની ગતિ સતત ચાલ્યા કરે છે. જ્યારે પોતાની બુદ્ધિ કે તર્ક કામ ન કરી શકે એવી અચાનક ભારી કે મોટી ઘટનાઓ બને છે ત્યારે માણસ વિચાર કરતો થઈ જાય છે. જો તેની પાસે સાચી સમજણ હોય તો તેને ખ્યાલ આવે છે કે કોઈ અદૃષ્ટ તત્ત્વને કારણે આ બધી ઘટનાઓ બને છે. જૈનધર્મ માને છે કે આ અદૃષ્ટ તત્ત્વ તે જીવોનાં શુભાશુભ કર્મ છે.

કોઈ પણ જીવ જે કંઈ શુભાશુભ કર્મ કરે છે તે કર્મનો વિપાક કે ઉદય જ્યારે થાય ત્યારે તે ભોગવવાનાં આવે છે. કર્મનાં વિચિત્ર ફળ કેવી રીતે ઉદયમાં આવે છે અર્થાત્ તેનો કેવી રીતે વિપાક થાય છે તેનું ચિંતવન કરવું તે વિપાક વિચય નામનું ધર્મધ્યાન છે. જ્યારે જ્યારે આવાં કર્મોનો વિપાક થાય છે ત્યારે સુખ અથવા દુઃખ જે કંઈ ભોગવવાનું આવે છે તે સમયે આ બધું કર્મના વિપાકને કારણે છે એવી સમદૃષ્ટિ ધર્મધ્યાન ધરનારાઓએ રાખવી જોઈએ.

વિપાકવિચય ધર્મધ્યાન કરનારે કર્મના આઠ મુખ્ય પ્રકારનો તથા પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ એમ ચાર ભેદે બંધાયેલાં કર્મો જ્યારે જ્યારે જેના જેના ઉદયમાં આવે ત્યારે ત્યારે તેને અવશ્ય ભોગવવાં પડે છે તેનો વિચાર કરવો. કર્મના ઉદયથી કોઈ માતા થાય છે; કોઈ પિતા થાય છે; કોઈ પુત્ર કે પત્ની થાય છે; કોઈ રાજા કે રંક થાય છે; કોઈ જળચર કે ખેચર થાય છે; કોઈ ભોગી કે રોગી થાય છે. એમ અનેક પ્રકારે કર્મની ગતિ સંસારમાં ચાલ્યા કરે છે. તીર્થંકર પરમાત્માના જીવને પણ પૂર્વે કરેલાં કર્મો અવશ્ય ભોગવવાં જ પડે છે. પાર્શ્વનાથ ભગવાનને ઉપસર્ગ સહન કરવા પડયા હતા. મહાવીરસ્વામી ભગવાનના કાનમાં ગોવાળે ખીલા ઠોકયા હતા. એક અપેક્ષાએ આત્મા જ કર્મનો કર્તા છે અને આત્મા જ કર્મનો ભોક્તા છે, માટે કર્મ બાંધતાં પહેલાં ખૂબ વિચાર કરવો જોઈએ. હસતાં હસતાં હસતાં બાંધેલાં અશુભ કર્મો ઉદયમાં જ્યારે આવે છે ત્યારે રડતાં રડતાં કષ્ટપૂર્વક ભોગવવાં પડે છે એ લક્ષમાં રહેવું જોઈએ. એટલા માટે જ કહેવાયું છે કે 'બંધ સમય ચિત્ત ચેતીએ રે, ઉદયે શો સંતાપ.'

મિથ્યાત્વ (અજ્ઞાન), અવિરતિ, કષાય અને યોગને કારણે જીવો અનેક પ્રકારનાં કર્મો બાંધે છે. કેટલાક લોકો કર્મ એવા તીવ્ર રસથી બાંધે છે કે જે નિકાચિત પ્રકારનાં બની જાય છે. એવાં કર્મ ઉદયમાં આવ્યે ભોગવ્યા વિના છૂટકો નથી.

આત્મા સ્વભાવે શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યસ્વરૂપ છે, પરંતુ કર્મોને કારણે તેનું સ્વરૂપ દબાયેલું રહે છે. અનંત જ્ઞાન એ આત્માનો ગુણ છે, પરંતુ જ્ઞાનાવરણીય કર્મથી તેનો જ્ઞાનસ્વભાવ દબાયેલો રહે છે. અનંતદર્શન પણ આત્માનો ગુણ છે, પરંતુ

દર્શનાવરણીય કર્મને કારણે આત્માનો તે ગુણ સંપૂર્ણ પ્રગટ થતો નથી. અવ્યાબાધ, અનંત, અક્ષય સુખનો અનુભવ કરવો તે આત્માનો ગુણ છે, પરંતુ વેદનીય કર્મને કારણે તેને તેવો અનુભવ થતો નથી. આત્માના ક્ષાયિક સમકિત ગુણને મોહનીય કર્મ પ્રગટ થવા દેતો નથી. અક્ષય સ્થિતિરૂપી ગુણ આયુષ્યકર્મને લીધે ઢંકાયેલો રહ્યો છે. આત્માનો અરૂપી ગુણ નામકર્મને લીધે પ્રગટ થતો નથી. આત્માના અગુરુ-લઘુ ગુણને ગોત્ર કર્મ આવરે છે. અનંતવીર્ય નામનો આત્માનો ગુણ અંતરાયકર્મથી દબાયેલો રહે છે. આત્મામાં અનંતશક્તિ હોવા છતાં આ આઠેય કર્મ ભેગાં મળીને આત્માને અશક્ત, પરાધીન, ગુલામ જેવો વિવશ બનાવી દે છે.

કર્મના પ્રકાર, કર્મબંધનાં કારણો, ઉદીરણા અને ઉદયનું સ્વરૂપ કર્મક્ષયથી પ્રગટ થતી આત્માની વિશુદ્ધિ ઇત્યાદિનું જેમ જેમ ચિંતન થતું જાય તેમ તેમ આત્મા શુદ્ધ થતો જાય. આમ કર્મવિપાકની એકાગ્રચિત્તથી વિચારણા કરતાં આરાધકનો આત્મા ઉત્તરોત્તર વધુ નિર્મળ થતો જાય છે.

સંસ્થાન વિચય ધર્મધ્યાન

જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ 'ધ્યાનશતક'માં લખે છે:

જિણદેસિયાઇ લક્ખણ સંઠાણાસવિહાઠામાણાઇં ।
ઉપ્પાય ઠિઇ ભંગાઇ પજ્જવા જેય દવ્વાણં ॥
પંચત્થિકાય મઇયં લોગમણાઇનિહણં જિણક્ખાયં ।
ણામાઇ ભેય વિહિયં તિવિહ મહો લોય ભેયાઇં ॥
ખિઇવલય દીવસાગર નરય વિમાણ ભવણાઇ સંઠાણં ।
વોમાઇ પઇટ્ઠાણં નિયયં લોગ ટ્ઠિઇ વિહાણં ॥
ઉવઓગ લક્ખણમણાઇણિહણમસ્યંતરં સરીરાઓ ।
જીવમરૂવિં કારિં ભોયં ચ સયસ્સ કમ્મસ્સ ॥

યોગ્ય સંસ્થાન વિચય ધર્મધ્યાનમાં જિનેશ્વર ભગવાને કહેલ દ્રવ્યોનાં લક્ષણ, સંસ્થાન, આધાર, પ્રકાર, પ્રમાણ અને ઉત્પાદ-વ્યય સ્થિતિ વગેરે પર્યાયોનું ચિંતન કરવું.

વળી જિનેશ્વર ભગવાને કહેલા અનાદિ અનંત એવા પંચાસ્તિકાયમય લોકનું નામાદિ ભેદથી આઠ પ્રકારે તથા ઊર્ધ્વ-અધઃ-તિર્છાલોક એમ ત્રણ પ્રકારે ચિંતન કરવું તથા પૃથ્વી, વલયો, દ્વીપ, સાગર, નરક, વિમાન, ભવન, આકાશ, વાયુ વગેરે યુક્ત એવી શાશ્વત લોકવ્યવસ્થાનું ચિંતન કરવું.

વળી આત્મા ઉપયોગ લક્ષણવાળો છે, અનાદિ-અનંત છે, શરીરથી ભિન્ન છે, અરૂપી છે તથા પોતાનાં કર્મનો કર્તા છે અને ભોક્તા પણ છે એમ ચિંતવવું.

સંસ્થાન એટલે પદાર્થનું સ્વરૂપ જિનેશ્વર ભગવાને પંચાસ્તિકાયરૂપ અનાદિ અને અનંત એવા ચૌદ રાજલોકરૂપ વિશ્વનું સ્વરૂપ જે સમજાવ્યું છે, અને ઉત્પત્તિ, વ્યય અને ધ્રુવયુક્ત સર્વ પદાર્થોનું જે સ્વરૂપ સમજાવ્યું છે તેનું ચિંતવન કરવું તે સંસ્થાન વિચય ધર્મધ્યાન છે.

જિનેશ્વર ભગવાનનાં વચનોમાં સંપૂર્ણ શ્રદ્ધા વગર આ પ્રકારનું ધર્મધ્યાન પ્રાપ્ત થવું સરળ નથી. ચૌદ રાજલોકરૂપ સમસ્ત વિશ્વના એક એક પદાર્થના સવિગત ચિંતવનમાં જેટલો કાળ પસાર થાય તેટલો ઓછો લાગે છે. એ ચિંતનધારા પર ચઢતાં જ આત્મા ઉત્તરોત્તર વિશુદ્ધ થવા લાગે છે.

હેમચંદ્રાચાર્યે ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્રમાં (અજિતનાથ ભગવાનના ચરિત્રમાં) સંસ્થાન વિચય ધર્મધ્યાનના પદાર્થોનું સવિસ્તર વર્ણન કર્યું છે.

હેમચંદ્રાચાર્યે ધર્મધ્યાનના પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એમ ચાર પ્રકારનાં ધ્યેય દર્શાવ્યાં છે. ધર્મધ્યાનના આ બધા ભેદો છે, પરંતુ તે સાલંબન ધ્યાન હોવાથી ગમે ત્યારે ગમે તે પ્રકારે તેના સ્વરૂપનું ચિંતવન કરવામાં પરસ્પર વિરોધ આવતો નથી.

સર્વજ્ઞ ભગવાનનાં વચનોનું આવી જુદી જુદી રીતે ધ્યાન ધરવાથી તત્ત્વનો બોધ થાય છે. એમનાં રહસ્યોનું ચિંતવન કરતાં ચિત્તમાં અપાર શાંતિનો અને અલૌકિક અતીન્દ્રિય સુખનો અનુભવ થાય છે.

કથાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગ એ ચાર પ્રકારનાં શ્રુતજ્ઞાન દ્વારા વસ્તુની ઉત્પત્તિ સ્થિતિ અને નાશનું સ્વરૂપ, તેના ક્રમ અને પર્યાય, તેની અનાદિ-અનંત, અનાદિ-સાન્ત સાદિ-સાન્ત વગેરે વ્યવસ્થાનું જેમ જેમ જ્ઞાન થતું જાય તેમ તેમ ધ્યાતાના અજ્ઞાનનો નાશ થાય છે અને આત્મા નિર્મળ થતો જાય છે.

રાગદ્વેષથી મુક્ત થઇને સમતા ધારણ કરવા, સમત્વ પ્રાપ્ત કરવા માટે ધર્મધ્યાનનો અભ્યાસ કરવામાં આવે છે. ધર્મધ્યાનના વ્યવહારધ્યાન અને નિશ્ચયધ્યાન એવા બે પ્રકાર પણ પાડવામાં આવે છે. આજ્ઞા વિચય, અપાય વિચય અને વિપાક વિચય ધ્યાનને વ્યવહાર ધર્મધ્યાન અને સંસ્થાન વિચય ધર્મધ્યાનને નિશ્ચય ધર્મધ્યાન તરીકે પણ ઓળખવામાં આવે છે. જો કે આ ભેદ પણ એટલા સૂક્ષ્મ છે કે ધર્મધ્યાન વ્યવહારમાંથી નિશ્ચયમાં અને નિશ્ચયમાંથી વ્યવહારમાં ક્યારે સરી પડે છે તેની સ્પષ્ટ ભેદરેખા દોરવી મુશ્કેલ છે.

ધર્મધ્યાન સાલંબન ધ્યાન છે, અને શુક્લધ્યાન નિરાલંબ ધ્યાન છે. નિરાલંબ ધ્યાનમાં જવા માટે સાલંબન ધ્યાનના અભ્યાસની પ્રથમ અપેક્ષા રહે છે. ધર્મધ્યાનના અભ્યાસ માટે શાસ્ત્રોમાં પાંચ પ્રકારનાં આલંબન બતાવવામાં આવ્યા છે: (૧) વાચના-ગુરુ પાસે વિનયપૂર્વક નવો અભ્યાસ કરવો (૨) પૃચ્છના ગુરુ પાસે જે અભ્યાસ કર્યો હોય તેમાં જે કંઇ સંશય થાય તેનું પૂછીને ગુરુ પાસેથી નિરાકરણ મેળવવું (૩) પરાવર્તના -જે કંઇ અભ્યાસ કર્યો હોય તેનું વારંવાર પઠન કરવું. (૪) અનુપ્રેક્ષા - જે અભ્યાસ કર્યો હોય તેનાં રહસ્યોનું મૌલિક ચિંતન, અનુચિંતન કરવું અને (૫) ધર્મકથા-ધર્મોપદેશને જીવનમાં દૃઢ કરે એ પ્રકારનાં ધર્મદૃષ્ટાંતો, ઉદાહરણો જીવનપ્રસંગો વારંવાર યાદ કરવાં.

આ પાંચ પ્રકારનાં આલંબનો ઉપરાંત સામાયિક, પ્રતિક્રમણ, ગુરુવંદન ઇત્યાદિ, ચારિત્રધર્મનાં અનુષ્ઠાનો પણ ધર્મધ્યાનનાં આલંબન તરીકે મહત્ત્વનું કાર્ય કરે છે.

કોઇ એક મંત્રનો જાપ કરવામાં આવે તો તેને ધર્મ-ધ્યાન કહેવામાં આવે કે નહિ એવો પ્રશ્ન કેટલાકને થાય છે. શાસ્ત્રકારો એમ કહે છે કે મંત્રજાપમાં ગણના છે. સત્તાવીશ વાર, એકસો આઠ વાર, કે લાખ વાર એમ મંત્રનો જાપ થાય છે.

આવી જ્યાં ગણના છે ત્યાં એક જ પદાર્થ ઉપર ચિત્ત એકાગ્ર ન કરી શકાય. એટલે એ દૃષ્ટિએ મંત્રજાપનો ધ્યાનમાં સમાવેશ ન થાય. પરંતુ મંત્રજાપમાં ગણના જો છૂટી જાય અને ચિત્ત સ્થિર થઈ જાય અર્થાત્ અજપાજપ જેવી સ્થિતિ થાય તો ધ્યાનમા પરિણમે છે એમ મનાય છે.

ધર્મધ્યાનમાં પ્રવેશ કરવાની પાત્રતા પ્રાપ્ત કરવા માટે જ્ઞાનભાવના, દર્શનભાવના, ચારિત્રભાવના અને વૈરાગ્યભાવના એ ચાર પ્રકારની ભાવનાના અભ્યાસથી પોતાના ચિત્તને ભાવિત કરવું જોઇએ. જ્ઞાનભાવનાથી શ્રુતજ્ઞાનમાં રુચિ થાય છે અને તે વધારવા માટેની નિત્ય પ્રવૃત્તિ ચાલે છે. શ્રુતજ્ઞાન દ્વારા અશુભ વિચારોને કે અશુભ અધ્યવસાયોને રોકવાની શક્તિ ખીલવા લાગે છે; સૂત્ર અને અર્થની વિશુદ્ધિ વધે છે; ભય પ્રત્યે એટલે કે સાંસારિક સુખો પ્રત્યે નિર્વેદ થવા લાગે છે; જીવ-અજીવ વગેરે પદાર્થોને પારખવાની તત્ત્વદૃષ્ટિ ખીલે છે. દર્શનભાવનાથી ચિત્તમાં સંશયરહિતના, સ્થિરતા અને ઉપશમ આવે છે ચારિત્ર-ભાવનાથી ક્રોધાદિ કષાયો પાતળા પડવા લાગે છે; ક્ષમાદિ દસ પ્રકારના ઉત્તમ ધર્મોની આરાધના થાય છે; જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પંચાચારની પવિત્રતા સચવાય છે અને મન, વચન અને કાયાના યોગ ઉપર સંયમ આવી જતાં જૂના કર્મોની નિર્જરા થાય છે અને નવાં કર્મો ઓછાં અને હળવા બંધાય છે વૈરાગ્યભાવના દ્વારા નિઃસંગપણું અને નિર્ભયતા આવે છે; માન-સન્માનની ઇચ્છા જતી રહે છે; આકાંક્ષા અને આશંસા ચાલ્યાં જાય છે અને વૈરાગ્ય માટેની અનિત્યાદિ બાર ભાવનાઓનું સેવન થવા લાગે છે.

ધર્મધ્યાન માટે દેશ, કાળ અને આસનનો કોઇ નિશ્ચિત કડક નિયમ શાસ્ત્રકારોએ દર્શાવ્યો નથી, પરંતુ પોતપોતાની સ્વસ્થતા અનુસાર દેશ, કાળ અને આસન સ્વીકારવાનો અનુરોધ કર્યો છે, કારણ કે ધર્મધ્યાન મન, વચન અને કાયાના યોગની શુદ્ધિ ઉપર વધારે આધાર રાખે છે. એટલે સાધકે દેશ, કાળ અને આસનની પસંદગી પોતાના યોગોની શુદ્ધિ સચવાય એ રીતે, પોતાની પ્રકૃતિ અને ચિત્તની સ્વસ્થતા અનુસાર કરવી જોઇએ. વળી જેમ જેમ ધ્યાનનો અભ્યાસ વધતો જાય તેમ તેમ પણ દેશ, કાળ અને આસનમાં ફેરફાર કરી શકાય છે. એમાં આગળ વધતાં વધતાં એવો પણ અનુભવ થવાનો સંભવ છે કે આરંભમાં જે દેશ, કાળ અને આસન પ્રતિકૂળ લાગતાં હોય તે પછીથી સાવ અનુકૂળ લાગવા માંડે.

થોડીક ક્ષણોમાં જ મનુષ્યનું ચિત્ત ધ્યાનની શુભાશુભ પરંપરામાં કેટલી ઝડપથી ગતિ કરી શકે છે તેના એક ઉત્તમ ઉદાહરણ તરીકે પ્રસન્ન ચંદ્ર રાજર્ષિનો પ્રસંગ ગણી શકાય. કાયોત્સર્ગ સ્થિત ધર્મધ્યાનમાં સ્થિર થયેલા એ મહાત્માના કાને થોડાક શબ્દો પડતાં તેઓ આર્ત્ત અને રૌદ્રધ્યાનની તીવ્રતામાં એટલા બધા સરી પડ્યા છે કે તે જ ક્ષણે જો દેહ છોડે તો નરકગતિ પામે. પરંતુ થોડી જ ક્ષણોમાં સ્વ. સ્વરૂપનો ખ્યાલ આવતાં તેઓ ઝડપથી અશુભ ધ્યાનમાંથી નિવૃત્ત થઇ ધર્મધ્યાનમાં પાછા આવી ગયા. તે ક્ષણે જો તેઓ દેહ છોડે તો ઉત્તમ દેવગતિ પ્રાપ્ત કરે, પરંતુ તેઓ તો ધર્મધ્યાનની ઉત્કૃષ્ટ પરિણતિ દ્વારા શુક્લધ્યાન ઉપર આરૂઢ થઇ કેવળજ્ઞાન પામ્યા અને તે જ ભવમાં મોક્ષના અધિકારી બન્યા. અશુભ અધ્યવસાયોમાં પડી ગયેલા ચિત્તને તેમાંથી મુક્ત કરીને શુભ ઉચ્ચતમ અધ્યવસાયોમાં પ્રસ્થાપિત કરવાનું સરળ નથી. પરંતુ પ્રસન્નચંદ્ર રાજર્ષિએ અલ્પ સમયમાં એટલો જબરો આધ્યાત્મિક પુરુષાર્થ કર્યો કે નરકગતિને બદલે કેવળજ્ઞાન અને મોક્ષના અધિકારી તેઓ થઇ ગયા.

જેના જીવનમાં ધર્મધ્યાન આવવા લાગ્યું હોય તે વ્યક્તિના જીવનમાં સ્વાભાવિક રીતે જ કેટલુંક પરિવર્તન થવા લાગે છે. એવી વ્યક્તિને જિનેશ્વર ભગવાન પ્રત્યે અને એમનાં વચનો પ્રત્યે કુદરતી અનુરાગ થવા લાગે છે; તીર્થંકર પરમાત્માનાં ગુણ-કીર્તન કરવાનું એને મન થાય છે, શ્રુતજ્ઞાન પ્રત્યે એને બહુમાન થાય છે; સંયમમાં રુચિ થાય છે; વિષયવાસના વગેરે વાસનાઓ ક્રમે ક્રમે છૂટી જવા લાગે છે; ચિત્તની પ્રસન્નતા વધે છે; વિષમ પરિસ્થિતિમાં સ્વસ્થતા અને સમતા રહે છે: રાગદ્વેષ ઘટવા લાગે છે; પક્ષપાતી કે અન્યાયી વલણ નીકળી જાય છે; સાધુમહાત્માઓ પ્રત્યે વિનય અને વૈયાવચ્ચના ભાવ જાગે છે; ચિત્તમાં અનેક શુભ ભાવનાઓ થવા લાગે છે; સ્વભાવમાંથી નિષ્ઠુરતા ચાલી જાય છે; વાણી સૌમ્ય અને પ્રિય બને છે; શરીર નિરોગી, કાંતિવાળું અને દુર્ગંધરહિત બને છે; મળમૂત્ર ઓછાં થઇ જાય છે. અને તે પણ દુર્ગંધરહિત બને છે.

હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં ધ્યાતાનાં આ પ્રમાણે લક્ષણ દર્શાવ્યાં છે:

(૧) સંયમી (૨) આત્મદર્શી (૩) પરિષહ સહન કરનાર (૪) મુમુક્ષુ (૫) કષાયજયી (૬) નિર્લેપ (૭) નિષ્કામ (૮) નિઃસ્પૃહ (૯) સંવેગી (૧૦) સમતાવાન (૧૧) કરુણાયુક્ત (૧૨) નિષ્કંપ (૧૩) જ્ઞાનંદાયક (૧૪) નિઃસંગ (૧૫) સુધી (સુ-ધી=સારી બુદ્ધિ ધરાવનાર-પ્રાજ્ઞ.)

ધર્મધ્યાનથી ચિત્તની એકાગ્રતા વધે છે; એથી અનાસક્તિનો, ત્યાગનો, સંયમનો, વૈરાગ્યનો ભાવ જાગે છે. અશુભ યોગો રોકાઇ જાય છે; લેશ્યાની શુદ્ધિ થવા લાગે છે; અશુભ કર્મનો બંધ રોકાઇ જાય છે: કર્મની નિર્જરા થવા લાગે છે અને અતીન્દ્રિય દિવ્ય સુખનો અનુભવ થાય છે, જે સ્વસંવેદ્ય છે. સાનુકૂળ દેશકાળમાં મનુષ્ય ધર્મધ્યાન પરથી શુક્લધ્યાન તરફ જઇ શકે છે, જાય છે. જ્યાં શુક્લધ્યાનનો સંભવ ન હોય ત્યાં પણ તે જીવ ધર્મધ્યાન દ્વારા ઉત્તમ ગતિ અવશ્ય પ્રાપ્ત કરે છે. ધર્મધ્યાનથી ધર્મક્રિયાઓ શુદ્ધ અને સરળ બને છે અને આરાધના ફળવતી બને છે. ધર્મધ્યાનથી આત્મશુદ્ધિ, આત્મશાંતિ અને આત્મનિશ્ચિતતા પ્રાપ્ત થાય છે.

-રમણલાલ ચી. શાહ

(પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલા વ્યાખ્યાનના આધારે)

સંયુક્ત અંક

દીપોત્સવી પર્વ નિમિત્તે 'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧-૧૦-'૮૭ અને તા. ૧૬-૧૦-'૮૭નો અંક સંયુક્ત અંક તરીકે પ્રગટ થશે. તંત્રી

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનભાઇ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

(1)

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૯ અંક:૧૧-૧૨

મુંબઇ તા. ૧-૧૦-'૮૭ અને ૧૬-૧૦-'૮૭
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૩-૦૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

લબ્ધિ

દિવાળીના દિવસે મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા અને કાર્તિક સુદ પ્રતિપદાને દિવસે, નૂતન વર્ષના પ્રભાતે ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું. એટલા માટે દિવાળીના અને નૂતન વર્ષના પર્વનો મહિમા જૈનોમાં વિશિષ્ટ ગણાય છે. દિવાળીના શારદાપૂજનની વિધિમાં જૈન વેપારીઓ પૂજનના મંત્રોમાં જે શુભેચ્છાઓ દર્શાવે છે તેમાં 'ગુરુ ગૌતમસ્વામીની લબ્ધિ હોજો' એમ પણ લખે છે.

ગૌતમસ્વામીને લબ્ધિના ભંડાર તરીકે ઓળખાવવામાં આવે છે. 'અનંતલબ્ધિનિધાન' જેવું વિરુદ પણ એમને માટે વપરાય છે. ગૌતમસ્વામી અષ્ટાપદ પર્વત ઉપર જંઘાચરણ લબ્ધિ વડે સૂર્યનાં કિરણો પકડીને ચડી ગયા હતા. ત્યાંથી પાછા ફર્યા પછી એક પાત્રમાં રહેલી ખીર વડે પંદરસો ત્રણ તાપસોને એમણે પારણું કરાવ્યું હતું. એ પાત્રમાં જમણા હાથનો અંગૂઠો રાખવાથી એમાંની ખીર ખૂટી નહોતી. પોતાની અક્ષીણ – મહાનસીલબ્ધિ વડે તેઓ એમ કરી શક્યા હતા. ગૌતમસ્વામીના જીવનમાં લબ્ધિના ચમત્કારની આવી કેટલીક ઘટનાઓ બની હતી એવું વાંચવા મળે છે. લોકોને આશ્ચર્યમુગ્ધ કરી નાખે એવા ચમત્કારભર્યા શક્તિવિશેષને આપણે 'લબ્ધિ' તરીકે ઓળખાવીએ છીએ.

લબ્ધિ શબ્દ સંસ્કૃત 'લભ્' ધાતુ પરથી આવ્યો છે. 'લભ્' એટલે મેળવવું, પ્રાપ્ત કરવું. 'લબ્ધિ' એટલે 'લાભ' અથવા 'પ્રાપ્તિ.' જે અસામાન્ય વિશિષ્ટ કોટિની શક્તિ વડે ઇચ્છિત વસ્તુઓની ચમત્કારભરી રીતે અનાયાસ પ્રાપ્તિ થાય તે શક્તિને 'લબ્ધિ' તરીકે ઓળખાવવામાં આવે છે. આત્મા ઉપરનાં કર્મનાં ગાઢ આવરણો જેમ જેમ દુર થાય તેમ તેમ આત્મામાં આવી શક્તિઓ, લબ્ધિઓ પ્રગટ થતી જાય છે એમ જૈન ધર્મ માને છે.

'લબ્ધિ' શબ્દ જૈન શાસ્ત્રગ્રન્થોમાં 'અહિંસા'ના અર્થમાં પણ વપરાયો છે. વળી વીર્યાંતરાયના ક્ષય કે ક્ષયોપક્ષમથી પ્રાપ્ત થતી શક્તિના અર્થમાં 'લબ્ધિ' શબ્દ વપરાયો છે, અને જ્ઞાનાવરણીય કર્મના ક્ષય કે ક્ષયોપશમ માટે પણ 'લબ્ધિ' શબ્દ વપરાયો છે.

લબ્ધિની શાસ્ત્રકારોએ નીચે પ્રમાણે જુદી જુદી વ્યાખ્યા આપી છે :

लम्भन लब्धि : । का पुनरसौ । ज्ञानावरणकर्म क्षयोपशमविशेष : ।

(લબ્ધિ એટલે પ્રાપ્ત થવું. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રગટ થતા શક્તિવિશેષને લબ્ધિ કહેવામાં આવે છે.)

इन्द्रियनिर्वृत्तिहेतु : क्षयोपशमविशेषो लब्धि : । यत्सन्निधानादात्मा द्रव्येन्द्रियनिर्वृत्ति प्रति व्याप्रियते स ज्ञानावरण-क्षयोपशम् विशेषो विज्ञायते ।

(ઇન્દ્રિયની નિવૃત્તિના કારણભૂત એવો વિશિષ્ટ ક્ષયોપશમ તે લબ્ધિ. જેના સંનિધાનથી આત્મા દ્રવ્યેન્દ્રિયોના વ્યાપારમાં પ્રવૃત્ત થાય છે એવો જ્ઞાનાવરણના ક્ષયોપશમનો વિશેષ તેને લબ્ધિ કહેવામાં આવે છે.)

मतिज्ञानावरणक्षयोपक्षमोत्था विशुद्धर्जीवस्यार्थग्रहणशक्ति लक्षणलब्धि : ।

(મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી વિશુદ્ધિથી જીવમાં પદાર્થોને ગ્રહણ કરવાની જે વિશિષ્ટ શક્તિ ઉત્પન્ન થાય છે તે લબ્ધિ).

तपोविशेषात्ऋद्धिप्राप्तिर्लब्धि : ।

(તપવિશેષથી પ્રાપ્ત થતી ઋદ્ધિ તે લબ્ધિ).

सम्मददंसण-णाण-चरणेसु जीवस्स समागमो लद्धिणाम ।

(લબ્ધિ એટલે સમ્યગ્દર્શન સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચરિત્ર સાથે જીવનો સમાગમ).

विक्रणा अणिमादयो मुक्तिपर्यन्ता इषुवस्तूपघम्भा लब्धय : ।

(મુક્તિ સુધીની ઈષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ કરાવી આપનાર અણિમાદિ વિક્રિયાઓ તે લબ્ધિ).

गुणप्रत्ययो हि सामर्थ्यविशेषो लब्धिरिति प्रसिद्धि : ।

(ગુણોનો સામર્થ્યવિશેષ લબ્ધિ તરીકે ઓળખાય છે.)

आत्मन : शुभभावावरण क्षयोपशमे लब्धि : ।

(આત્માના શુભભાવના આવરણના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય તે લબ્ધિ).

મનુષ્યમાં વિવિધ પ્રકારની શારીરિક અને માનસિક શક્તિઓ રહેલી છે. જ્યારે કોઇક વ્યક્તિમાં અસાધારણ એવી શક્તિ જોવા મળે તો લોકોને આશ્ચર્ય થાય છે. જ્યારે કેટલીક શક્તિઓ એવી છે કે જેનો પ્રભાવ નજરે ન જોયો હોય તો માન્યામાં

ન આવે. સામાન્ય લોકોને એવી વાત ચમત્કારયુક્ત લાગે અને તેના તરફ શ્રદ્ધા કે અંધશ્રદ્ધાનો ભાવ ધારણ કરે. એવી શક્તિઓની વાત સાંભળીને બૌદ્ધિક લોકોને તે અપ્રતીતિકર, ધતિંગ કે ગપ્પા જેવી લાગે, પણ તેઓને નજરે જોવાની તક મળે અને જાતે ખાતરી કરે તો તેઓ પણ તે માનવા તૈયાર થાય છે. કેટલાક નાસ્તિક માણસો નજરે આવી ઘટના જોયા પછી આસ્તિક કે શ્રદ્ધાવાન બની જાય છે.

એક શબ્દ સાંભળતાં આખી વાત સમજાઈ જવી, દૂર કયાંક બનતી ઘટનાનું જાણે નજરે નિહાળતાં હોય તેમ જોવું અને વર્ણન કરવું, બીજાના મનમાં ઊઠતા વિચારો અને ભાવો બરાબર સમજી લેવા અને તે પ્રમાણે કહેવા, એક ઇન્દ્રિય દ્વારા બીજી ઇન્દ્રિયના વિષયને જાણી લેવો (જેમ કે સુગંધ પરથી પદાર્થનો રંગ કેવો હશે તે કહી આપવું), જમીનથી અદ્ધર રહેવું, આકાશમાં ગમન કરવું, હાથમાંથી કે વાણીમાંથી અમૃત ઝરતું હોય તેવો અનુભવ થવો, પાત્રમાં પડેલું અન્ન ખૂટે નહિ એવો ચમત્કાર થવો, તેજોલેસ્યાની પ્રાપ્તિ થવી (જે વડે કશુંક બાળી શકાય કે ઠંડું કરી શકાય), પોતાના શરીરના મેલ કે પરસેવા દ્વારા બીજાના રોગ મટાડી શકાય, પોતાના ઝાડો કે પેશાબને અત્યંત સુગંધીમય બનાવી શકાય, શરીરના નખ, વાળ, દાંત વગેરે દ્વારા બીજાના રોગો મટાડી શકાય, પોતાની શક્તિથી કુંગરને કંપાયમાન કરી શકાય, ઉપદ્રવ કે સંકટને તત્ક્ષણ શાંત કરી શકાય, વીંછી કે સર્પના ઝેરને ઉતારી શકાય, પોતાના વચન અનુસાર ઘટના કરી શકાય, વશીકરણ, સ્તંભન કે મોચન વગેરે ઘટનાઓ પણ કરી શકાય, પરકાયા પ્રવેશ કરી શકાય, શરીરને નાનું કે મોટું કરી શકાય – આવી આવી ઘટનાઓ જેમના જીવનમાં થતી હોય તેવી વ્યક્તિઓએ કોઈક વિશેષ શક્તિ પ્રાપ્ત કરી છે એમ કહી શકાય. આવી શક્તિ તપના પ્રભાવે કે જ્ઞાનના વિકાસથી, કે અમુક કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. એને લબ્ધિ તરીકે ઓળખાવવામાં આવે છે. વર્તમાન દેશકાળ અનુસાર ઘણી લબ્ધિઓ ક્ષીણ થઇ ગઇ છે અથવા એવી લબ્ધિઓ ધરાવનાર મહાત્માઓ વિરલ થઈ ગયા છે.

વૈદિક દર્શનમાં વિશિષ્ટ પ્રકારની ચમત્કારિક શક્તિને માટે 'વિભૂતિ' શબ્દ વપરાયો છે. વેદો, ઉપનિષદો, પાતંજલ યોગસૂત્ર, ભગવદ્ગીતા, પુરાણો વગેરેમાં વિવિધ પ્રકારની વિભૂતિઓનું વર્ણન જોવા મળે છે. યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ એ દરેક પ્રકારના યોગાંગ દ્વારા અથવા અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, સ્વાધ્યાય, તપ, ઇશ્વર પ્રણિધાન વગેરે દ્વારા આવી વિવિધ વિભૂતિઓ પ્રગટ થાય છે એમ ઉપનિષદો, યોગસૂત્ર, યોગદર્શન, ભગવદ્ગીતા ઇત્યાદિ ગ્રન્થોમાં કહેવામાં આવ્યું છે.

બૌદ્ધ પરંપરાના સાહિત્યમાં પણ લબ્ધિરૂપી વિવિધ ચમત્કારિક શક્તિઓના ઉલ્લેખો મળે છે. આવી લબ્ધિને બૌદ્ધ પરિભાષા પ્રમાણે 'અભિજ્ઞા' નામથી ઓળખાવામાં આવે છે. 'વિશુદ્ધ મગ્ગ' નામના ગ્રન્થમાં બતાવ્યું છે કે અભિજ્ઞાઓ બે પ્રકારની છેઃ (૧) લૌકિક અને (૨) લોકોત્તર. આકાશગમન (ઋદ્ધિવિધ), પશુ–પક્ષીઓની બોલીનું જ્ઞાન (દિવ્યશ્રોત), પરચિત્ત વિજ્ઞાનતા (ચૈતોપર્યેજ્ઞાન), પૂર્વજન્મનું જ્ઞાન (પૂર્વ–નિવાસાનુસ્મૃતિ),, દુર રહેલી વસ્તુઓનું દર્શન (ચિત્યોત્તપાદ) વગેરે અભિજ્ઞાઓ લૌકિક પ્રકારની છે. સાધક જ્યારે અર્હંત અવસ્થાની પ્રાપ્તિ કરે છે અને લોકોને નિર્વાણમાર્ગ સમજાવવાને સમર્થ બને છે ત્યારે તેની તે શક્તિને લોકોત્તર અભિજ્ઞા કહેવામાં આવે છે.

લબ્ધિઓ કેટલી છે? આમ જો જોવા જઇએ તો આત્માની જેટલી શક્તિ તેટલી લબ્ધિઓ છે એમ કહી શકાય. અર્થાત્ અનંત શક્તિમાન એવા આત્મામાંથી અનંત પ્રકારની લબ્ધિઓ પ્રગટ થઈ શકે. એટલા માટે ગૌતમસ્વામીને 'અનંત લબ્ધિ નિધાન' અર્થાત્ અનંત લબ્ધિઓના ભંડાર તરીકે ઓળખાવવામાં આવે છે. પરંતુ કેટલીક વિશિષ્ટ લબ્ધિઓના જે ઉલ્લેખો જુદા જુદા શાસ્ત્ર–ગ્રન્થોમાં જોવા મળે છે એમાં પાંચ, દસ, અઠ્ઠાવીસ, અડતાલીસ, પચાસ કે ચોસઠ પ્રકારની વિભિન્ન લબ્ધિઓ છે.

લબ્ધિના પ્રકારો ભિન્ન ભિન્ન દ્રષ્ટિબિન્દુથી ભિન્ન ભિન્ન દર્શાવવામાં આવ્યા છે.

(૧) ક્ષયોપક્ષમ લબ્ધિ (૨) વિશુદ્ધ લબ્ધિ (૩) દેશના લબ્ધિ (૪) પ્રાયોગ્યતા લબ્ધિ (૫) કરણ લબ્ધિ – એમ મુખ્ય પાંચ પ્રકારની લબ્ધિ બતાવવામાં આવે છે. આ પાંચ પ્રકારની લબ્ધિમાં પ્રથમ ચાર લબ્ધિ ભવ્ય કે અભવ્ય બંને પ્રકારના જીવોને પ્રાપ્ત થાય છે, પરંતુ કરણ લબ્ધિ તો ફકત ભવ્ય જીવોને જ પ્રાપ્ત થાય છે. અને તે પણ સમ્યકત્વની પ્રાપ્તિ પછી.

ક્ષયોપશમને કારણે જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તેને ક્ષયોપશમી લબ્ધિ કહેવામાં આવે છે.

પ્રતિસમય શુભ કર્મોના બંધમાં નિમિત્તભૂત અને અશુભ કર્મોના બંધની વિરોધી એવી લબ્ધિને વિશુદ્ધિ લબ્ધિ કહેવામાં આવે છે. કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ અને ઉત્કૃષ્ટ અનુભાગનો ઘાત કરીને અંતઃકોડાકોડી સ્થિતિમાં અને દ્વિસ્થાનિય અનુભાગમાં અવસ્થાન કરવું તેને પ્રાયોગ્ય લબ્ધિ કહેવામાં આવે છે.

ષડ દ્રવ્ય અને નવતત્ત્વના ઉપદેશરૂપી ઉપદેશ આપવાની શક્તિને દેશના લબ્ધિ કહેવામાં આવે છે. સમ્યગ્ દ્રષ્ટિ મહાત્માઓ જ આવી દેશના લબ્ધિ ધરાવે છે.

કાલ, કરણ, ઉપદેશ, ઉપશમ અને પ્રાયોગ્યતારૂપી પાંચ ભેદોને કારણે લબ્ધિના પણ પાંચ પ્રકાર બતાવવામાં આવે છે

દાન, લાભ, ભોગ, પરિભોગ, વીર્ય, સમ્યકત્વ, દર્શન, જ્ઞાન અને ચારિત્ર એમ નવ પ્રકારની કેવલ લબ્ધિ બતાવવામાં આવે છે. ભગવતી સૂત્રમાં ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને દસ પ્રકારની લબ્ધિ બતાવી છે. જુઓ :

गोयमा ! दसविहा लद्धी पणत्ता. तं जहा नाणलद्धी, दंसणलद्धी, चरितलद्धी, चरिताचरितलद्धी, दाणलद्धी, लाभलद्धी, भोगलद्धी, उवभोगलद्धी, वीरयलद्धी, इंदियलद्धी.

હે ગૌતમ, દસ પ્રકારની લબ્ધિ છે, જેમ કે (૧) જ્ઞાનલબ્ધિ (૨) દર્શનલબ્ધિ (૩) ચારિત્રલબ્ધિ (૪) ચારિત્રાચારિત્ર લબ્ધિ (૫) દાનલબ્ધિ (૬) લાભલબ્ધિ (૭) ભોગલબ્ધિ (૮) ઉપભોગ લબ્ધિ (૯) વીર્યલબ્ધિ અને (૧૦) ઇન્દ્રિયલબ્ધિ.

આ લબ્ધિઓમાં જ્ઞાનલબ્ધિના પાંચ, દર્શનલબ્ધિના ત્રણ, ચારિત્રલબ્ધિના પાંચ એમ દરેકના પેટાપ્રકાર પણ ભગવતી સૂત્રમાં દર્શાવ્યા છે.

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૧ ઉપર)

નોબેલ ઇનામ

● ચન્દ્રવદન ચી. મહેતા

સ્વીડનના જગપ્રખ્યાત નોબલ ઇનામના આયોજનમાં, એની મૂળ કમાણીમાં કયાંક કદાચ સીધો યા આડકતરો એક સોરઠી સાહસિક સજ્જન વેપારીનો હાથ હતો એમ કોઇને કહીએ તો તે એકાએક માને નહીં. આ લેખમાં એ માનવાને કારણ એવી એક-બે સાબિતીઓ રજૂ કરવા ધારું છું. જેને માનવું હોય તે માને; સંશોધકોનું ધ્યાન ખેંચાય અને એ સંશોધન કરે એવી વૃત્તિ રાખવી, આશા રાખવી પણ વ્યર્થ છે. કારણ એવાં સંશોધનોમાં રાજકીય કે વ્યાપારી ધંધામાં પરોવાયેલી વ્યકિતઓને રસ નથી. સંશોધન કરવા ધારત તો સોવિયેત પ્રદેશમાં, મોસ્કોમાં ભારતના એમ્બેસેડર શ્રી કે. પી. એસ. મેનન કરી શકત. એમનું પ્રગટ થયેલું પુસ્તક 'રશિયન પેનોરામા' એમાં બહુ આછો-અછડતો અહેવાલ છે. એ જ્યારે વોલ્ગા નદીના કાસ્પિયનસીને મળવાના બંદરગાહ પર સહકુટુંબ ફરવા નીકળેલા ત્યાં આ ધમારત-આ વહાણોનો કાફલો રાખનાર હિન્દી વિશે ધીરો છે. પણ મોસ્કોમાં બેઠા બેઠા એમણે એ સંશોધન જરૂર કર્યું હોત અને ઘણી વાત જાણવા મળી હોત. પણ દૃષ્ટાંતી રીતે એ રાજકારણમાં ખૂપ્યાં રહેલા એલચીને એ સંશોધવાનો વિચાર ન આવ્યો. એમાં કશું નવાઈ પામવા જેવું નથી.

અંગ્રેજો અમલદારી દરમ્યાન પોતાના મળતા પગાર ઉપરાંત પણ હિન્દમાં હેવન માલકામ જેવા હિન્દનાં ચિત્રો, શિલ્પ, પહાડોનાં સામાન્ય શિખરો, બોદકામ વગેરે વિષયમાં જાતે રસ લઇ ઘણી માતબર માહિતી એકઠી કરી ગયા છે. સર વિલિયમ જોન્સે શકુન્તલાને યુરોપમાં ચમકાવી, ગોથ્ટે, સ્લીગલ જેવા નામાંકિત લેખકોને હાથે એની કિંમત કરાવી ! આવ્યા. પણ આજના આપણા નવા આઈ. સી. એસ. કે એ પાયરીના અમલદારોને પોતા પૂરતા કામ ઉપરાંત સંશોધન દિશામાં રસ નથી એ હકીકત છે એટલે એના બળાપા કરવા નકામા છે.

સોરઠમાં તેમજ કચ્છમાં ઘણા વેપાર અર્થે દરિયો ખેડવા જનારા જાણ્યા છે. મોટા પ્રમાણમાં વેપાર પણ ખેડાય છે. એમાં એક સોરઠના મોહનદાસોવ – દાસોવમાં છેલ્લે 'વ' પ્રત્યય લાગે એટલે મોહનદાસના પુત્ર – અંગ્રેજોના નામમાં રિચાર્ડસન, ટોમસન, વિલિયમસન એમ 'સન' પ્રત્યેક નામમાં ભળી જતાં પુત્રનો ખ્યાલ આવે. એમ સોવિયત રશિયામાં 'વ'–કુશ્ચેવ, એન્ડ્રોવ, ચેર્કાવ, – પુત્ર માટે 'વ' પ્રત્યય. 'વ' સાથે કોઈ સ્વર કે વ્યંજન હોઈ શકે. પણ છેલ્લે 'વ' એટલે એ કુટુંબની ઓળખ પકડાય. એવો એક મોહનદાસોવ – રશિયાનાં પુસ્તકોમાં કાસ્પિયન સી બાકુ, આઝરબેઝાન જે એક વખત ઝરીનની માલિકીનું, તે સંબંધી પુસ્તકોમાં આ મોહનદાસોવ ગુજરાતી નામ નોંધાયેલું મળે છે.

વાત એવી બની કે મોહનદાસોવ વ્યાપાર કરવા કાસ્પુલ-તાસ્કંદને રસ્તે બાકુ પહોંચી ત્યાંથી વોલ્ગા નદીના બારામાં પાંચ મરમીદા વહાણો રાખી વોલ્ગાથી માલ સેન્ટ પીટર્સબર્ગ સુધી એટલે આજના લેનિનગ્રાન્ડ સુધી ચઢાવતા-લાવતા. અહીં એમને તેલનો વ્યાપાર કરનાર પેટ્રોલના ધંધામાં ફાવેલા મિ. નોબેલ સાથે સંબંધ બંધાયો, અને કેટલીક જણસોમાં સહિયારો વેપાર પણ કર્યો હોય. એ પેટ્રોલ બાકુથી આઝરબેઝાન મોકલતા હોય, તાસ્કંદ મોકલતા હોય, કયાંક એ પ્રકારનો વેપાર ચલાવતા હોય તો નવાઇ નહિ મિ. નોબેલ અને મિ. મોહનદાસોવ બે સમૃદ્ધ વેપારી, આપણા રાજદૂત-એલચીને એમણે બાંધેલી કોઠી, વખાર, વહાણો બાંધવાની જગ્યા એ દિશામાં ફરતા જોઈ-એનું ઉપરછલ્લું લખાણ મેનન સાહેબના પુસ્તક 'રશિયન પેનોરામા'માં મળે છે, પણ કશી વધારે વિગતો મળતી નથી.

હવે બીજો અધ્યાય. જાણીતી નવલકથા 'ધી ગુડ અર્થ.' એમાં ચીનની વસાહત, ત્યાં વરસાદ નહીં. હમણાં આ બાજુની સ્થિતિ છે તેમ એ નવલકથાની ફિલ્મમાં નાયકનું કામ કરનાર પોલમુની આબેહૂબ ચીનાનું કામ કરી ગયો. નાયિકામાં લ્યુઈ રેઇનર અને એ ફિલ્મે ઇતિહાસ સર્જેલો. આ પોલમુની પછી ભાતભાતની ફિલ્મોમાં ઝળકયો. પણ મોટા ભાગે એ કેરેકટર રોલ કરે-'લુઈ પારશર'-'એ મેન વીથ સેવન સ્કાર,' 'નેપોલિયન' એવાં એવાં પાત્રો ભજવી ભારે કીર્તિ સંપાદન કરી. પછી કોઇએ-કોઈ એટલે કોઈ અમેરિકાના માલેતુજાર દિગ્દર્શકોએ એને નોબેલનો પાઠ ભજવવા સૂચવ્યું. આમ સૂચના થતાં નોબેલ, એનાં કુટુંબીજનો, એના મિત્રો, એના પત્રો, એનો વ્યાપાર વગેરે માટે ભારે સંશોધન થયું. બે-ત્રણ પટારા ભરી કાગળીઆં એકઠાં થયાં, એમાં બાકુના તેલના કૂવા અને મોહન-દાસોવ સાથેના સંબંધો પણ જાણવામાં આવ્યા.

આ મોહનદાસોવ ગુજરાતી કોણ ? એની તલાશ શરૂ થઇ. એમ્બસી દ્વારા એમ્બસી આવી તલાશ ચાલે, એટલે સ્વીડનના રાજદૂતે ગુજરાતી રાજદૂત સ્વિટઝરલેન્ડના બર્નમાં ખબર કાઢવા સૂચવ્યું. ત્યારે ૧૯૪૮-૪૯માં હું આકાશવાણીમાં નોકરી કરતો, શ્રી ધીરુભાઇ દેસાઇ સાથે મારે એલ્ફિન્સ્ટન કોલેજમાં ભણતા ત્યારની મૈત્રી, શ્રી ધીરુભાઇ સાથે અમારા બધાના દોસ્ત સોલી બાટલીવાલાને સાથે લીધેલા એ હિસાબે હું પણ બર્ન ગયેલો. ત્યાં આ કાગળીઆં ફરે. મિનિસ્ટર દેસાઇએ મારું નામ સૂચવ્યું કે આ સાહિત્ય સંશોધનનો વિષય છે, એટલે શ્રી ચંદ્રવદન મહેતાને પૂછો કે તરત સ્વીડનથી એક ટોળી બર્ન પર આવી. એક હોટલમાં ઊતરી, સાથે કાગળીઆંનો ઢગલો. ત્યારે મોહનદાસોવ વિશે જાણવા મળ્યું. પણ ત્યાં બેઠો બેઠો હું શું કરી શકું ? એટલે અમે મુદત માગી કે ભારત જઇને કંઇક વિગતો આપી શકીએ. એ લોકો પાસે ઠીક ઠીક સામગ્રી-બીજે પક્ષે પોલમુનીને નોબેલ સાહેબના સ્વભાવ વિશે માહિતી એકઠી કરવાની લગની એમાં નોબેલ એક જબરા ધંધાથી, અઢળક દૌલત કમાયો. એ સિવાય એનાં સગાંવહાલાં, ભાણેજ, ભત્રીજી ઉપરાંત કોઈ સાથે પ્રેમ, પ્રણય, મીઠા સંબંધ એ વિશે કશું હાથ ન લાગે. નોબેલ સ્વભાવના મુંજી, સ્ત્રી ટાઇપિસ્ટ સાથે પણ વાતચીત નહિ, કશો અંગત પરિચય નહિ, કુટુંબમાં અતડા, ખાસ મિત્રો નહિ. એ બધું જાણી એ બર્ન આવ્યા. ત્યાં એક-બે મુસલતો થઈ, અને નોબેલના ચારિત્ર્ય કવનમાં કંઈ રોમાન્સ, પરાક્રમ, સાહસ, કલા, ટૂચકા એવું કશું ન મળતાં એણે આ ફિલ્મ થઈ ન શકે એવો અભિપ્રાય આપ્યો અને વાત પડતી મૂકવા નિર્ણય લેવાયો. એ બધી સામગ્રીના પોટલા પછી

હોલીવૂડ ગયા. ત્યાં પણ કથાવાર્તા કરનારાઓને પણ આ ચારિત્ર્યમાં કંઈ લોકરુચિ ને રંજન થા બોધ, થા રસ પડે એવું ન જણાતાં એ સામગ્રીને ફિલ્મ ખૂણામાં 'ફાઇલ' કરવા નકકી થયું.

પરિણામ કંઈ નહિ. મારે હિન્દ આવી આ મોહનદાસ વિષે સંશોધન કરવાનું રહ્યું, પણ મને કોઇ ઠેકાણે એમને વિષે કથાવાર્તા મળી નહિ. રશિયન પુસ્તકોમાં બે-ત્રણ ઠેકાણે આ ઘટનાના ઇશારા હતા અને છે એટલું જાણવા મળ્યું.

મને લાગે છે કે નોબેલ પ્રાઇઝના પુરસ્કર્તા કેવળ એક જ કામમાં પ્રવૃત્ત હશે, સ્વભાવના અતડા હશે, લોકોને બહુ મળતા નહીં હોય એવા જ સ્વભાવના મોહનદાસોવ હશે-એટલે એનો વોલ્ગા નદીને કાંઠે વ્યાપાર પૂરતો જોગ ખાધો હોવો જોઇએ. આમ સ્વભાવને કારણે, દુનિયાભરમાં પ્રકીર્તિત થનારા નોબેલ સાથે મોહનદાસોવનો ફોટો નહીં જેવો નોંધાયો. કદાચ કે. પી. એસ. મેનન સાહેબને પણ એને વિશે વધારે માહિતી ન પણ મળી હોય.

કોઇ જૂના ચોપડામાંથી મોહનદાસોવ અને નોબેલના વ્યાપારી સંબંધની, વોલ્ગા કાંઠેની માહિતી મેળવી લાવશે, તો ઘણું જાણવાનું મળશે.

ભક્તામર સ્તોત્રના પાઠ વિષે

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬મી એપ્રિલ, ૧૯૮૭ના અંકમાં ભક્તામર સ્તોત્રના કેટલાક પ્રશ્નો વિષે મારો લેખ પ્રગટ થયો હતો. તેમાં છઠ્ઠા શ્લોકમાં 'ચૂત' પાઠને બદલે 'ચામ્ર' (च+आम्र) પાઠ ખોટી રીતે આવી ગયો છે તે વિષે લખ્યું હતું. તેના સમર્થનમાં સૂરતથી પ. પૂ. મુનિશ્રી પૂર્ણચંદ્રવિજય ગણિએ નીચે પ્રમાણે વિશેષ કારણ જણાવ્યું છે:

'અર્થની-છંદની દૃષ્ટિએ 'चूत' અને 'चाम्र'ને યોગ્ય ગણવા છતાં, તમે 'चूत'ની તરફેણ કરી છે એ યોગ્ય જ છે. હવે કરવાની વાત એ જ છે કે 'चाम्र' શબ્દ કંઇ રીતે ઘટી શકે? કારણ કે 'तच्चारुचूतकलिका' આ આખો સમાસિક શબ્દ છે. હવે આમાં 'चूत'ને બદલે 'आम्र' શબ્દ કંઇ રીતે ગોઠવાય? યાદ રહે કે, 'चाम्र' નહિ 'आम्र' શબ્દ છે. હવે 'चारु' પછી 'आम्र' લઇએ તો चार्वाम्र આમ સંધિ થાય. માટે 'चूत' શબ્દ જ બરાબર છે. 'आम्र' શબ્દ નહિ.'

પ પૂ મહારાજશ્રીએ આ પાઠ વિશે ધ્યાન દોર્યું છે તે બદલ તેમનો ઋણી છું. -તંત્રી

મહિલા વકતૃત્વ તાલીમ વર્ગ

સંઘના ઉપક્રમે શનિવાર, તા. ૭મી નવેમ્બર, ૧૯૮૭થી વકતૃત્વશકિતની ખીલવણી કરવા બહેનો માટે તાલીમ વર્ગ સંઘના કાર્યાલયમાં શરૂ કરવામાં આવશે. જેની વિગત નીચે પ્રમાણે છે :

(૧) છ સપ્તાહનું આ સત્ર રહેશે. (૨) સમય દર શનિવારે બપોરના ૨-૩૦ થી ૪-૩૦ સુધીનો રહેશે. (૩) સત્ર ફી રૂા. ૫૦/-રાખવામાં આવી છે. (૪) આ વર્ગનું માધ્યમ ગુજરાતી ભાષા રહેશે. (૫) સંઘના સભ્યોને પ્રથમ પસંદગી આપવામાં આવશે. (૬) વર્ગ માટે 'વહેલો તે પહેલો'ના ધોરણે વધુમાં વધુ ૨૦ બહેનો લેવામાં આવશે.

આ વર્ગના અધ્યાપક : પ્રા. ધીરેન્દ્ર રેલિયા

આ તાલીમ લેવા ઇચ્છનારે સંઘના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી.

જ્યોતિબહેન પ્રમોદચંદ્ર શાહ કે. પી. શાહ
સંયોજક પન્નાલાલ ૨. શાહ
મંત્રીઓ

શ્રમમંદિર માટે આવેલ ભેટની યાદી

૫૮૦૭૧૨ ગત અંકમાં આવેલ યાદીનો સરવાળો
૩૦૦૦ શ્રી અંજવાળીબેન નારણદાસ વસરામ સંઘવી
૨૫૦૦ ,, મધુકાંતા ધીરજલાલ અજમેરા
૨૫૦૦ ,, મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ ,, કાંતાગૌરી દોશી
૨૦૦૦ ,, જેરામજી મંગળજી મહેતા
૨૦૦૦ ,, વસંતલાલ કાંતિલાલ શેઠ
૨૦૦૦ ,, રસિકલાલ મોહનલાલ તરફથી હ: તેમના મિત્રો
૨૦૦૦ ,, ચંપાબેન હરિચંદ ગાંધીના શ્રેયાર્થે
ભાવનગર હ: શ્રી રમણિકલાલ હરિચંદ ગાંધી (ચેતન ચશ્માવાળા)
૫૦૧ ,, રમેશભાઇ ડાહ્યાભાઇ કોઠારી
૨૦૦ ,, એક બહેન
૧૫૧ સ્વ. હીરાબેન ત્રિકુલદાસ
૧૫૧ શ્રી રાજારામ માલપેકર
૧૫૦ ,, દ્રુપદ પરેશ સંઘવી
૧૦૧ ,, જયંતીલાલ જગાભાઇ શાહ
૧૦૧ ,, મૃદુલાબેન મહેતા
૧૦૧ ,, વસંતબેન એચ તલસાણિયા
૧૦૧ ,, એક બેન
૧૦૧ ,, જેસલ સંઘવી
૧૦૧ ,, નટવરલાલ એસ. શાહ
૧૦૧ ,, મધુકાંતા એન મહેતા
૧૦૧ ,, પ્રભાવતી જાદવજી મહેતા
૧૦૧ ,, સુરેશચંદ્ર વાડીલાલ
૧૦૧ ,, લીલાધર દ્વારકાદાસ
૧૦૧ ,, ઇન્દુબેન કામદાર
૧૦૧ ,, સુધાબેન રમેશચંદ તોલાટ
૧૦૧ ,, એક ભાઇ
૧૦૧ ,, એક બેન
૧૦૧ ,, ભાઇલાલ તારાચંદ શેઠ
૧૦૧ ,, સુશીલાબેન સી. મહેતા
૧૦૧ ,, એક ભાઇ
૧૦૦ ,, નરેન્દ્રભાઇ નથવાણી
૧૦૦ ,, એક ભાઇ
૧૦૦ ,, એક બેન
૧૦૦ ,, સુધાબેન હકમર
૧૦૦ ,, સુશીલાબેન કાંતિલાલ પટેલ
૧૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૧૦૦ ,, સરસ્વતીબેન ઝવેરી
૧૦૦ ,, એક બેન
૧૦૦ ,, જયંતીલાલ કાલિદાસ શાહ
૧૦૦ ,, શાંતાબેન જયંતીલાલ
૧૦૦ ,, લક્ષ્મીદાસ રણછોડદાસ મરચન્ટ
૧૦૦ ,, ઋષભ દોશી
૧૦૦ ,, પારુ રજનીકાંતની અઠ્ઠાઇ નિમિત્તે
૧૦૧ ,, વિરેન્દ્રભાઇ ગાંધી
૧૦૧ ,, ભદ્રીકલાલ કેશવલાલ શાહ
૧૦૧ ,, મધુરીબેન હંસરાજ શાહ
૧૦૦ ,, ચીમનલાલ દોશી
૧૦૦ ,, વીરલ રમાકાંત શાહ
૫૧ ,, દેશના કે. સંઘવી
૨૫ ,, એક ભાઇ
૨૫ ,, એક શુભેચ્છક

૬૦૪૦૪૬

નય

પં. પનાલાલ જગજીવનદાસ ગાંધી

સ્યાદ્વાદશૈલીથી તત્ત્વ નિરીક્ષણ માટે જેમ સપ્તભંગિનું પ્રદાન કરેલ છે તેમ સાધકને સાધનામાં વિકાસ માટે સાત નય બતાડેલ છે. દૃશ્ય પદાર્થ ઉપરના આપણા મતિજ્ઞાનના ઉપયોગનું નામ જ નય છે. આમ નય એ દૃષ્ટિ છે. પણ સાથે સાથે કર્તા માટે કાર્ય સુધી પહોંચવાનો વિકાસક્રમ છે.

જેટલા પ્રકારનાં વચન છે તેટલા પ્રકારના નય છે.

जावइआ वयणपहा तावइआ चेव होंति णयवाया ।
जावइआ णयवाया तावइआ चेव परसमया ॥

અર્થાત્ – જેટલા વચનમાર્ગો છે તેટલા નયવાદ છે અને જેટલા નયવાદ છે તેટલા પરસમય (મતમતાન્તર) છે.

– સન્મતિતર્ક સિ. દિ.

એક પદાર્થના અનેક ધર્મો હોય છે. તેના એક ધર્મને જોવો અને તે સિવાયના બીજા ધર્મોનો અપલાપ ન કરવો તેને 'નય' કહેવાય છે. પરંતુ જો પદાર્થના અન્ય ધર્મોનો અપલાપ કરવામાં આવે તો તે નયાભાસ છે.

આપણે છદ્મસ્થ એકી સાથે બધું જાણી શકતા નથી. અને એકીસાથે બધાથી બધું બોલી શકાતું નથી. એવા છદ્મસ્થ ક્રમિક ઉપયોગના વિકલ્પનું નામ નય છે. નય એ આપણું બુદ્ધિ-તત્ત્વ છે. નય એ આપણી દૃષ્ટિ છે. ક્રમથી જ્યાં જાણવાનું હોય તેનું નામ નય. જેટલા વિચારો–વિકલ્પના પ્રકારો છે તે બધાં નયો છે. નયને વિચાર, દૃષ્ટિ કે શ્રુત વિકલ્પ પણ કહી શકાય. અભિપ્રાય બતાવનાર શબ્દ, વાક્ય, શાસ્ત્ર કે સિદ્ધાંત એ સર્વને નય કહી શકાય. પોતપોતાની મર્યાદામાં રહેતાં એ નય માનનીય છે. અને બીજાને ખોટાં ઠરાવવા જતાં અમાન્ય ઠરે છે.

ઇન્દ્રિયોની મદદથી કે મદદ સિવાય ઉત્પન્ન થયેલ જ્ઞાન જ્યારે કોઈ વસ્તુને યથાર્થપણે પ્રકાશિત કરે છે ત્યારે તે 'પ્રમાણ' કહેવાય છે. અને પ્રમાણ દ્વારા પ્રકાશિત થયેલી વસ્તુને શબ્દ દ્વારા બીજાને જણાવવા માટે તે વસ્તુના વિષયમાં જે અંશ અંશને સ્પર્શતી માનસિક વિચારક્રિયા થાય છે તે 'નય.' અર્થાત્ શબ્દમાં ઉતારાતી કે ઉતારવાલાયક જે જ્ઞાનક્રિયા તે 'નય' અને તેનો પુરોગામી ચેતના વ્યાપાર તે 'પ્રમાણ.'

'નય' પ્રમાણભૂત જ્ઞાનનું અંશભૂત જ્ઞાન છે. પ્રમાણ વ્યાપારમાંથી જ નય વ્યાપારની ધારાઓ પ્રકટે છે.

ઉપર જણાવ્યું તેમ, પ્રમાણદૃષ્ટિ વસ્તુને અખંડ રૂપે ગ્રહણ કરે છે, અને વસ્તુના જુદા જુદા ધર્મ પરત્વેની મુખ્ય દૃષ્ટિ એ નયદૃષ્ટિ છે. એક વસ્તુને કોઈ, કોઇરૂપે જુએ યા સમજે, એથી એક વસ્તુ પરત્વે જુદા જુદા માણસોનો જુદો જુદો અભિપ્રાય બંધાય છે. 'ક' એક વસ્તુને જે રીતે–જે પ્રકારે સમજ્યો હોય તેની એ જ વસ્તુને જુદી રીતે–જુદા પ્રકારે સમજનાર 'ખ'ને ખબર પણ ન હોય. અને એ જ પ્રમાણે 'ખ'ની સમજની 'ક'ને ખબર ન હોય. પણ એ બન્નેને એક-બીજાની ભિન્નભિન્ન પ્રકારની સમજ માલૂમ પડે તો એમની અધૂરી સમજ પૂરી થાય–જો એ બન્ને જિજ્ઞાસુ હોય તો જ્ઞાન અને ક્રિયા એ બેમાંથી એકની જ ઉપયોગિતાની જેને સમજ હોય અથવા દ્વૈત અને અદ્વૈત જેવા સામસામા દેખાતા સિદ્ધાંતોમાંથી એક જ સિદ્ધાંતની જેને સમજ હોય, તે જો બીજી બાબત તરફ પણ પોતાની વિચારદૃષ્ટિ લગાવે, એના દૃષ્ટિ-બિંદુને પણ યોગ્ય રીતે સમજે તો બીજી બાબતને પણ સ્વીકારે જ.

જેમ 'પ્રમાણ' એટલે શુદ્ધ જ્ઞાન, તેમ 'નય' એટલે પણ શુદ્ધ જ્ઞાન. ફરક એટલો જ કે એક શુદ્ધ જ્ઞાન અખંડ વસ્તુ-સ્પર્શી છે, જ્યારે બીજું વસ્તુના અંશને સ્પર્શે છે. પણ મર્યાદાનું તારતમ્ય છતાં એ બંને જ્ઞાન છે શુદ્ધ. પ્રમાણ-રૂપ શુદ્ધ જ્ઞાનનો ઉપયોગ 'નય'ની વાટે થાય છે. ક્રમકે પ્રમાણ-રૂપ શુદ્ધ જ્ઞાન જ્યારે બીજાની આગળ પ્રકટ કરવામાં આવે છે ત્યારે તે ખાસ મર્યાદામાં આવી જવાથી 'નય' બની જાય છે. વસ્તુની એક બાબત (અંશ)ને સ્પર્શનારી એક નયદૃષ્ટિને એ જ વસ્તુની બીજી બાબત (અંશ)ની ખબર હોય પણ ખરી અને ન પણ હોય. જો હોય તો પણ પોતાના જ વિષયને સ્પર્શવાની એની મર્યાદા છે. ક્રમ કે વ્યવહારમાર્ગ એવો જ હોય છે. જેમકે, જ્ઞાનની મહત્તા અને ઉપયોગિતા બતાવવી હોય ત્યારે જ્ઞાનનું મહત્ત્વ કે ઉપયોગિત્વ જે વર્ણવાય તે, જ્ઞાનદૃષ્ટિરૂપ જ્ઞાનનયને આભારી છે. તે વખતે, ક્રિયાને પણ સ્થાન છે એની ખબર હોવા છતાંય જ્ઞાનનય (પ્રસંગાનુરૂપ) જ્ઞાનની જ મહત્તા વર્ણવે. અને એમ કરવામાં એ કશું ખોટું કરતો નથી. હા, ખોટું કરતો તે ત્યારે કહેવાય કે જ્યારે પોતાની વાતને ગાવાની ધૂનમાં ક્રિયાની ઉપયોગિતાના સ્થાનને નષ્ટ કરી નાખે.

એક જ વસ્તુ પરત્વે જુદી જુદી દૃષ્ટિએ ઉત્પન્ન થતા જુદા જુદા યથાર્થ અભિપ્રાયો, વિચારો, 'નય' કહેવામાં આવે છે. એક જ મનુષ્યને જુદી જુદી અપેક્ષાએ કાકા–ભત્રીજો, મામો–ભાણેજ, પુત્ર–પિતા, સસરો–જમાઈ વગેરે જે માનવામાં આવે છે તે સાદા વ્યવહારુ દાખલાથી 'નય'નો ખ્યાલ આવી શકે છે. વસ્તુમાં એક ધર્મ નથી, અનેક ધર્મો છે. અતએવ વસ્તુગત ભિન્ન ભિન્ન ધર્મોને લગતા જેટલા અભિપ્રાયો તેટલા 'નયો' છે. જગતના વિચારોનાં આદાન–પ્રદાનનો બધો વ્યવહાર 'નય' છે. *

અનેકાન્તદૃષ્ટિથી વસ્તુ એના વ્યાપક સ્વરૂપમાં એ કેવા ધર્મોનો ભંડાર છે તે સમજાય છે, અને વ્યવહારના વખતે એમાંની સમયોચિત બાબત (ધર્મ)નો ઉપયોગ કરવામાં આવે છે, જે, નયનો પ્રદેશ છે.

એક જ ઘટ વસ્તુ, મૂળ દ્રવ્ય–માટીની અપેક્ષાએ વિનાશી નથી. અર્થાત્ નિત્ય છે. પરંતુ તેના આકારાદિરૂપ પર્યાય

---

* જેમ સમુદ્રનું બિંદુ સમુદ્ર ન કહેવાય, તેમ અસમુદ્ર એટલે કે સમુદ્ર બહારનું પણ ન કહેવાય. કિંતુ સમુદ્રનો અંશ કહેવાય. જો સમુદ્રના એક બિન્દુને સમુદ્ર માનવામાં આવે તો એ બિન્દુ સિવાયનો સમુદ્રનો શેષભાગ અસમુદ્ર બની જાય! અથવા જો સમુદ્રના દરેક બિન્દુને એક એક સમુદ્ર ગણવામાં આવે તો એક જ સમુદ્રમાં કરોડો સમુદ્રોનો વ્યવહાર થવા લાગે! હકીકતમાં એવો વ્યવહાર નથી.

એ જ પ્રમાણે આંગળીનું ટેરવું આંગળી ન કહેવાય, તેમ આંગળી નથી એમ પણ ન કહેવાય. છતાંય ટેરવું આંગળીનો અંશ તો છે જ. આમ 'નય' પણ પ્રમાણનો અંશ છે.

(પરિણામ)ની દૃષ્ટિએ વિનાશી છે. આમ એક દૃષ્ટિએ ઘટને નિત્ય માનવો અને બીજી દૃષ્ટિએ અનિત્ય માનવો એ બન્ને નયો છે. અત્રે સમજી લેવું જરૂરી છે કે 'Nothing extinguishes, and even thoee things which seem to us to perish, are, in truth, but Changed'- અર્થાત્ કોઈ પદાર્થ નાશ પામતો નથી. જે પદાર્થ નાશ પામતા આપણને દેખાય છે તે પણ વસ્તુતઃ કેવળ બદલાતા (પરિવર્તન પામતા) હોય છે. ટૂંકમાં Nothing is produced, nothing is distroyed. Eveything Change its form.

આત્મા નિત્ય છે એ નિઃશંક છે. કેમકે આત્માનો નાશ થતો નથી. આત્મા અનાદિ-અનંત, અનુત્પન્ન, અવિનાશી, સ્વયંભૂ છે. પરંતુ તેના સંસારી જીવનમાં હંમેશા પરિવર્તન થતું રહે છે. આત્મા કોઇ વખતે પશુજીવનને પ્રાપ્ત કરે છે તો કયારેક મનુષ્યાવસ્થામાં આવે છે. વળી કયારેક દેવભૂમિનો ભોકતા બને છે તો કયારેક નરકાદિ દુર્ગતિમાં જન્મ પડે છે. એક જ આત્માની કેવી કેવી વિલક્ષણ અવસ્થાઓ! એ આત્માની પરિવર્તનશીલતા સૂચવે છે. અરે! એક જ ભવ એક જ શરીરમાં પણ આત્માની યાત્રા કોઈ ઓછી પરિવર્તનશીલ નથી! અવસ્થા, વિચાર, વેદના, ભાવના, હર્ષ, વિષાદ આદિના બાહ્ય તથા આંતરિક કેટકેટલાં પરિવર્તન થાય છે! દેહધારી આત્મા સતત પરિવર્તનની ઘટમાળમાં ફરતો રહે છે. આ કારણને લીધે નિત્ય દ્રવ્યરૂપ આત્માને કથંચિત અનિત્ય પણ માની શકાય. છતાં આત્માને એકાન્ત નિત્ય કે એકાન્ત અનિત્ય નહિ પરંતુ નિત્યાનિત્ય માની શકાય.

બૌદ્ધદર્શનનું મંડાણ 'જગત ક્ષણિક છે' – 'અનિત્ય છે' એવા અનિત્યતના મત ઉપર થયેલ છે. જ્યારે વૈદિક દર્શનનું મંડાણ 'બ્રહ્મ સત્ય જગત મિથ્યા' એ નિત્યતાના મત ઉપર થયેલ છે. વાસ્તવિક તો જગત જૈનદર્શને જણાવ્યા મુજબ નિત્યાનિત્ય ઉભય છે. પ્રવાહથી અનાદિ અનંત હોઇ તે નિત્ય છે. ઘટના-બનાવથી સાદિ સાન્ત હોઇ તે અનિત્ય છે, પરંતુ વીતરાગતાની પ્રાપ્તિ સાધક કરવા ધારે તો બૌદ્ધદર્શનના અનિત્યવાદથી પણ કરી શકે છે. અને વૈદિક દર્શનના નિત્યવાદથી પણ કરી શકે છે. સાધકને મતલબ વીતરાગતા પ્રાપ્ત કરવાથી છે. વીતરાગતા પ્રાપ્ત થાય તો સર્વજ્ઞતા અને નિર્વિકલ્પતાની પ્રાપ્તિ થાય અને પરમાત્મા બનાય. વસ્તુના વિનાશી અર્થાત્ અનિત્ય-સ્વરૂપને લક્ષમાં લઇ વિનાશને જ દુઃખરૂપ સમજીએ અને તે પ્રત્યે વૈરાગ્ય કેળવી તે વિનાશી પદાર્થથી છૂટવાની-પર થવાની સાધના સાધક કરી શકે અને વીતરાગ બની શકે.

તે જ પ્રમાણે સાધક વસ્તુના નિત્ય સ્વરૂપને લક્ષમાં લઇ નિત્યતા-અવિનાશીતામાં જ સુખ છે એમ સમજીને નિત્યસ્વરૂપની પ્રાપ્તિની સાધના કરી સાધક નિત્યથી અભેદ થઈ શકે, અર્થાત્ વીતરાગ બની શકે.

આમાં પ્રથમ વિકલ્પ નિષેધાત્મક છે. જ્યારે બીજો વિકલ્પ વિધેયાત્મક છે. જૈનદર્શનમાં ઉભય વિકલ્પથી સાધના બતાવી છે. નિત્ય છે તેને નિત્ય સ્વરૂપે બતાડેલ છે. અને અનિત્ય છે તેને અનિત્યતાથી સ્વરૂપે બતાડેલ છે. અનિત્યથી છૂટવા અને નિત્યથી જોડાવા જણાવેલ છે. 'સ્વમાં વશ અને પરથી ખસ' અને 'સ્વને ભજ ને પરને તજ' એ આ સંદર્ભમાં જ ફરમાવેલ છે. સ્વભાવ સ્વ છે તે અવિનાશી છે. આવવા-જવાના સ્વભાવવાળું નથી. જ્યારે પર છે તે વિનાશી છે એનો સંયોગ પણ છે અને વિયોગ પણ છે. પર આવવા-જવાના સ્વભાવવાળું છે. પર એ આપ્રાપ્ત છે. જ્યારે સ્વ તો પ્રાપ્ત જ છે. માત્ર તે આવૃત્ત છે. જેને અનાવૃત્ત કરવાનું છે. અર્થાત્ પ્રાપ્તની પ્રાપ્તિ કરવાની છે. આમ જૈનદર્શને વીતરાગતા તરફનું બે પાંખે ઉડ્યન બતાડેલ છે કે જેનાથી લક્ષને શીઘ્ર આંબી શકાય છે. જૈનદર્શને સ્વનિત્યનું લક્ષ્ય કરવા અને પુદ્ગલદ્રવ્યની અનિત્યતા પ્રતિ વૈરાગ્ય કેળવવા ફરમાવેલ છે.

દૂધ જેને અપેક્ષિત છે તેને દૂધ સાથે સંબંધ છે. ગાયના રંગ સાથે સંબંધ નથી. ગાય ધોળી, લાલ, કે કાબરચીતરી હોય તોય દૂધ સહુ ગાયનું શ્વેત જ હોય છે. તે જ પ્રમાણે વીતરાગતાનાં ઇચ્છુક સાધકને વીતરાગતાની પ્રાપ્તિથી મતલબ છે પછી તે વિનાશી પ્રત્યેના વૈરાગથી આવે અથવા સ્વયંની અવિનાશીતાના લક્ષ્યપૂર્વક વીતરાગી પરમાત્મા પ્રત્યેના અનુરાગ-ભક્તિથી આવે. ટૂંકમાં સાધકને મમથી મતલબ છે, ટપ-ટપથી નહિ.

જે દૃષ્ટિએ (દ્રવ્યદૃષ્ટિએ) આત્મા નિત્ય છે તે દૃષ્ટિ અને જે દૃષ્ટિએ (પર્યાયદૃષ્ટિએ) આત્મા અનિત્ય છે તે ઉભય દૃષ્ટિ 'નયો' કહેવાય છે. વૈદિક દર્શને પણ આત્માને નિત્ય કુટસ્થ કહેલ છે એટલે કે જેમ હથોડા ટીપાવા છતાં એરણ તો એની એ જ અને એવી ને એવી જ એક આકારની રહે છે તેમ આત્મા તો એનો એ જ રહે છે. આકાર એરણ ઉપર જે બદલાય છે તે તો લોઢાના બદલાય છે. તેમ ભવચક્રમાં પીસાતો અને ટીપાતો આત્મા એ જ રહે છે પણ જે બદલાય છે તે તો આત્માનાં કલેવરો છે જે પુદ્ગલના બનેલાં હોય છે. ટીપાવા-પીસાવા છતાં આત્મા અજરામર, અવિનાશી, નિત્ય જ રહે છે.

નય જેમ દૃષ્ટિ અને વિકલ્પ છે તેમ સાધકને માટે તે દૃષ્ટિ-વિકલ્પ-નય એ અસાધારણ અભ્યંતર પોતીકું સાધન પણ છે. દૃષ્ટિ-વિચાર-વિકલ્પ આત્માના પોતાના આધારે ઉપન્ન થાય છે. અને પોતામાં જ સમાય છે. જ્યારે શરીર એ સંયોગી પદાર્થ છે જે સંયોગ બાદ વિયોગને પામે છે. શરીર એ પર-દ્રવ્ય એવાં પુદ્ગલ દ્રવ્યના સ્કંધોનું બનેલ હોય છે. શરીર કાંઇ આત્મામાંથી બનતું નથી કે આત્મામાંથી ઉત્પન્ન થતું નથી.

આવા આ નયોનું નિરૂપણ એટલે વિચારોનું વર્ગીકરણ. નયવાદ એટલે વિચારમીમાંસા. આમ વિકલ્પ-દૃષ્ટિ કે જેને નય કહેવાય છે તે નયના અનંતા ભેદ છે. એ અનંત નયોનો સમાવેશ સાતસો નયોમાં થાય છે. અને એ સાતસો નયોનો સમાવેશ મુખ્ય સાત નયોમાં કરવામાં આવે છે જે શાસ્ત્રીય પરિપાટી છે. બાકી એ સાત નયોનો સંક્ષેપ માત્ર બે નયોમાં પણ થાય છે જે બે નયો 'દ્રવ્યાર્થિક નય' અને 'પર્યાયાર્થિક નય' તરીકે પ્રસિદ્ધ છે. વળી એક બીજી વિચારસરણી અનુસાર એ સાત નયોનું વર્ગીકરણ 'વ્યવહાર નય' અને 'નિશ્ચય નય' પણ થાય છે.

'What is it?' અર્થાત્ 'તે શું છે?' પ્રશ્નથી દ્રવ્યને જાણી શકાય છે અને 'How is it?' 'તે કેવું છે?' પ્રશ્નથી દ્રવ્યના પર્યાયને જાણી શકાય છે. આપણા સહુ સંસારીનું વાસ્તવિક જીવન 'શું?' અને 'કેવું?' એ જ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય યુક્ત છે :

સાત નય નીચે મુજબ છે:

(૧) નૈગમ નય (૨) સંગ્રહ નય (૩) વ્યવહાર નય (૪) ઋજુસૂત્ર નય જેના બે વિભાગ સ્થુલ અને સૂક્ષ્મ છે. (૫) શબ્દ નય (૬) સમભિરૂઢ નય અને (૭) એવંભૂત નય.

આમાંના પ્રથમ ચાર નયો 'દ્રવ્યાર્થિક નય' છે. જ્યારે પછીના ત્રણ નયો 'પર્યાયાર્થિક નય' છે. આ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયના ભેદ સ્થુલ અને સૂક્ષ્મની અપેક્ષાએ છે. દ્રવ્યાર્થિક નયો અભોગ્ય છે. જ્યારે પર્યાયાર્થિક નયો ભોગ્ય છે.

કાર્યની શરૂઆત (આદિ) એ નૈગમ નય છે. જ્યારે કાર્યની પૂર્ણતા (સમાપ્તિ) એ એવંભૂત નય છે. અને કાર્યના વચલા તબક્કા (Stages) જે છે તે ઉપર જણાવ્યા મુજબના બીજાથી લઈ છઠ્ઠા સુધીના પાંચ નયો છે. વળી જે ઉત્તરોત્તર વિકાસના કાર્યકારણના તબક્કા છે.

(અ) નૈગમનય એટલે બધાં કારણ-કાર્યનું બીજ અર્થાત્ પાયો છે.

(બ) વચલાં બધાં નયો એ કારણ-કાર્યની પરંપરા છે.

(ક) જ્યારે એવંભૂત નય એ અંતિમ કાર્ય છે.

સંસારમાં પારમાર્થિક એવંભૂત નય છે જ નહિ. કેમકે ત્યાં કાર્ય-કારણની પરંપરા ચાલુ રહે છે અને આત્યંતિક એવી અંતિમ સિદ્ધિ ત્યાં છે જ નહિ.

પારમાર્થિક એવંભૂત નય માત્ર મોક્ષમાર્ગમાં સિધ્ધત્વ અર્થાત્ પરમાત્મત્વની પ્રાપ્તિ થવી તે છે.

આ નયોમાં મોહનીયના ૧૬ કષાયો અને ૯ નોકષાયોને હણવા માટે જે નય સાધનામાં કામમાં આવે તે સુનય છે. સુનયને સાધન બનાવીને આપણે અવિકારી, અવિનાશી, વીતરાગી બની પારમાર્થિક એવંભૂત નયમાં જવાનું છે.

પદાર્થના ગુણધર્મને અનુલક્ષીને સુનય-કુનયના ભેદ નથી. 'શું જોઇએ છે?' એના સંદર્ભમાં સંસાર નથી. પરંતુ દૃશ્ય પદાર્થ જોઇને એના સ્વ પરત્વે કેવાં ભાવ કરીએ છીએ એ ઉપર સંસારભાવ કે મોક્ષભાવ સમજવાનો છે. માટે જ દેહભાવ એ કુનય છે અને આત્મભાવ એ સુનય છે.

કોઇપણ પદાર્થને રાગપૂર્વક જોવો જાણવો નહિ. અને જોયા-જાણ્યા પછી રાગ કરવો નહિ એ 'સુનય દૃષ્ટિ' છે, જ્ઞાતા-દ્રષ્ટા ભાવ એ 'સુનય દૃષ્ટિ' છે. રાગભાવ હટાવવા તે 'સુનય' છે.

સંસારમાં જેટલા જેટલા આપણા દેહભાવ-મોહભાવ છે, તે સઘળા 'કુનય' છે, જે 'મિથ્યા દર્શન' છે. આત્મભાવ, આધ્યાત્મિક ભાવ એ 'સુનય' છે.

અગાઉ જણાવ્યા મુજબ આ નયોની વહેંચણી બીજા બે ભેદ નિશ્ચયનયમાં અને વ્યવહારનયમાં પણ કરવામાં આવી છે. નિશ્ચય એટલે અભ્યંતરદશા. અર્થાત્ : અભ્યંતર એવું અંતઃકરણ કે મનોયોગ જ્યારે વ્યવહાર એટલે દેહ અને દેહ થકી થતી ક્રિયા.

નિશ્ચયનય એટલે દ્રવ્યની સાથે ગુણ-પર્યાયનો વિચાર. અર્થાત્ આત્માની સાથે જ્ઞાન - દર્શન - ચારિત્રનો વિચાર કરવો તે નિશ્ચયનય. એ ગુણ અને ગુણીની અભેદતા પ્રતિ નિર્દેષ કરે છે. જ્યારે વ્યવહારનય ગુણ અને ગુણી અર્થાત્ ગુણ-પર્યાય અને દ્રવ્ય વિષેના ભેદ પ્રતિ નિર્દેષ કરે છે.

નિશ્ચયનયનું કાર્ય કરવા માટે વ્યવહાર નયનો આશ્રય લેવો પડે છે. પૂર્ણ નિશ્ચય પામ્યા પછી વ્યવહાર નયના ટેકાની આવશ્યકતા રહેતી નથી. કાંઇ કરવાનું જ્યાં હોય ત્યાં ટેકા જોઇએ. સક્રિયતા છે ત્યાં વ્યવહાર છે. શુધ્ધ નિશ્ચય સ્વરૂપ અક્રિય સ્વરૂપ છે.

(૧) નૈગમ નય :-

॥ ન એક ગમ ઇતિ નૈગમ ॥

નૈગમ એટલે કે નિગમ અર્થાત્ કલ્પના. નૈગમનયને તથી ભૂતકાળની મર્યાદા કે તથી ભવિષ્યકાળની મર્યાદા. નૈગમનય ઉપચરિત સત્ય માને છે. નૈગમનય અંશ, આરોપ (ઉપચાર) સંકલ્પને જેમ માને છે તેમ જડ દ્રવ્યને ચૈતન્ય માને છે અને ચેતન દ્રવ્યને જડ માને છે. નૈગમનય ઉપચરિત સત્યને માને છે, તે અનુપચરિત સત્યની અપેક્ષાએ ખોટું ઠરે છે. બાકી વ્યવહારની અપેક્ષાએ સાપેક્ષપણે ઉપચરિત સત્ય પ્રમાણે જ્ઞાનનો વિષય અને વેદનનો વિષય બને છે. આત્મા અને પુદ્ગલ સ્કંધ (દેહ-શરીર)નું જે મિશ્રણ થયેલું છે, એમાં જડ અને ચૈતન્યનો ભેદ સમજવો સહેલો છે, પરંતુ રૂપી (પુદ્ગલ સ્કંધ) અને અરૂપી (આત્મા)નો ભેદ સમજવો ઘણો કઠિન છે. છતાં જડને ચેતન કહેવું અને ચેતનને જડ કહેવું તે ધર્માંતર નૈગમનય અથવા આરોપ નૈગમનય છે, અત્રે ઉપચરિત શબ્દનો ખુલાસો કરી લઇએ કે જે નીકળી જાય, ટળી જાય છે તે ઉપચરિત કહેવાય છે. સાધ્ય પ્રાપ્ત થતાં સાધના નીકળી જાય. -ટળી કે છૂટી જાય છે. એટલે સાધના ઉપચરિત કહેવાય. સાત નયોમાં જો નૈગમનય નહિ સ્વીકારીએ તો જગતવ્યવહાર ચાલી નહિ શકે. 'હું શરીર છું.' એ જડમાં ચેતનનો આરોપ-ઉપચાર છે અને 'હું સિદ્ધ સ્વરૂપ છું.'-'अहं ब्रह्माऽस्मि!' એ સંકલ્પ છે. જડ-ચેતન, ચેતન-જડ એ બધું નૈગમનય આશ્રિત ઘટે છે. ન એટલે એક નહિ. એકથી અધિક દૃષ્ટિએ એટલે નૈગમનય. એક દૃષ્ટિ બતાવે તેને નય કહેવાય. પણ બીજી દૃષ્ટિએ જો અપલાપ કરે તો તે નયાભાસ કહેવાય.

નૈગમનયના મુખ્ય ત્રણ પેટા ભેદ છે :

(અ) સંકલ્પ નૈગમ (બ) અંશ નૈગમ (ક) આરોપ (ઉપચાર) નૈગમ.

(અ) સંકલ્પ નૈગમ :- એક વ્યકિત સુરત જવાની તૈયારીમાં છે તે સમયે તેનો કોઇ સંબંધી આવી પૃચ્છા કરે કે શું કરો છો? ત્યારે તે જવાબ દેશે કે 'હું સુરત જાઉં છું!'

અથવા એક વ્યકિતએ ચોરી કરવાનો સંકલ્પ કર્યો, તો તેને ધર્મશાસ્ત્ર ચોરી ન કરી હોવા છતાંય ચોરી કર્યા જેવો દોષ લાગ્યો એમ ફરમાવશે. આ નય અનુસાર 'क्रियमाणं कृतम्' કરાતું હોય તે કર્યું કહેવાય છે.

"સહજાનંદી શુધ્ધ સ્વરૂપી અવિનાશી હું આત્મસ્વરૂપી!" "अहं ब्रह्माऽस्मि!" "હું સિધ્ધ સ્વરૂપ છું" એ સંકલ્પ નૈગમનય છે.

(બ) અંશ નૈગમ :- એક પુરૂષના ઘોતિયાને કે એક

સ્ત્રીની સાડીને સહેજ અગ્નિનો તણખો લાગતાં કે જરા બળતાં તે પુરુષ કે તે સ્ત્રી એકદમ ચીંખી જઈ બોલે છે 'મારું ઘોતિયું બળી ગયું' કે 'મારી સાડી બળી ગઇ.' એ જ પ્રમાણે ખુરશીનો એક પાયો ભાંગી જતાં ખુરશી ભાંગી ગયાનું કહેવાય છે.

(૬) આરોપ નૈગમ :- ઉપચાર નૈગમ :-

આજે દિવાળીના દિવસે તીર્થંકર ભગવંત મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા, અથવા આજે ચૈત્ર શુદી તેરસે ભગવાન મહાવીર જન્મ્યા એ કથનમાં વર્તમાન ઉપર ભૂતકાળનો આરોપ-ઉપચાર કરવામાં આવે છે. પ્રતિમાની અંજનશલાકા અર્થાત્ પ્રાણપ્રતિષ્ઠાએ પ્રતિમામાં પરમાત્મ ભગવંતનો આરોપ-ઉપચાર છે. પ્રતિદિન પ્રભુ જન્મોત્સવની ઉજવણી તે સ્નાત્રમહોત્સવ એ પણ ઉપચાર નૈગમ નય છે.

જડ એવા શરીરને હું માનવું તે જડમાં ચૈતનનો આરોપ છે. આને દેહાત્મક બુદ્ધિ અર્થાત્ શરીરમાં આત્મબુદ્ધિ-સચ્ચિદાનંદભાવ કર્યો કહેવાય. જેમ શરીરમાં આત્મબુદ્ધિ જીવ કરે છે તેમ ભોગ-સામગ્રી-ધનાદિમાં પણ જીવ આત્મબુદ્ધિ કરે છે. આ જ કારણથી એટલે કે આ નયને અનુસરીને જ શરીરમાં આત્મ-બુદ્ધિ હોવાથી શરીરની હાનિને જીવહિંસા ગણાવેલ છે. અને ભોગસામગ્રીમાંની આત્મબુદ્ધિને કારણે-ભોગસામગ્રી-ધનાદિના અપહરણને ચોરી ગણાવેલ છે.

જીવે જેમાં આત્મબુદ્ધિ કરી છે તેની હિંસા, ચોરી કરવા નહિ અને તે માટે થઇને જૂઠું બોલવું નહિ. હિંસા-ચોરી-અસત્યાચરણ (જૂઠું) કરવા નહિ ને તે માટે કરીને પોતે કશાનો પરિગ્રહ રાખવો નહિ યા તો અલ્પ રાખવો તેમજ કશાની કામના-ઇચ્છા (મૈથુન) રાખવી નહિ.

(૧) હિંસા કરવી નહિ (૨) ચોરી કરવી નહિ (૩) જૂઠું બોલવું નહિ (૪) પરિગ્રહ (સંઘરો) રાખવો નહિ (૫) ભોગ ભોગવ-વાની ઇચ્છા અર્થાત્ કામના રાખવી નહિ. એ પાંચ વ્રત (પ્રતિજ્ઞા પચ્ચખાન)ની પાલના તે પાંચ બાહ્ય વ્રત છે એ નૈગમનયને અનુ-સરીને છે. બાકી આત્મા મરતો નથી. હણાતો નથી તો આત્માને હણ્યો-હિંસા કરી કેમ કહેવાય ? બધું પર છે. કોઇનું કાંઇ નથી તો ચોરી કરી કેમ કહેવાય ? એ સ્થિતિ તો નિશ્ચય સ્વરૂપની છે. આત્માના પરમ આત્મા સ્વરૂપની એ સ્થિતિ છે, જ્યાં સાધના નથી પણ સિદ્ધ અવસ્થા છે. વર્તમાનમાં તો જીવ સાધક છે. અને સાધકને સાધનામાં નયાશ્રિત વ્યવહાર હોય જેને અનુસરીને એ પાંચ વ્રત છે. નયાતીત, દેહાતીત થઇ અદેહી સિદ્ધ થયે નય વ્યવહાર ન રહે.

'કવિ કાલીદાસ હિન્દનો શેકસપિયર છે,' સુખદુઃખના સાથીને કહેવું કે તે મારો જમણો હાથ છે, વહાલી પુત્રીને આંખની કીકી કહી સંબોધવી, સુંદર સ્ત્રીને મૂર્તિમાન્ સૌંદર્ય તરીકે લેખવી કે

'त्वं जीवितं, त्वमसि मे हृदयं द्वितियं
त्वं कौमुदी नयनयोरमृतं त्वमङ्गे ।'

તું મારું જીવિત છે, મારું બીજું હૃદય છે, મારાં નેત્રોની ચન્દ્રિકા છે, મારા અંગને અમૃતરૂપ છે એવા ઉદ્બોધન કરવા તે સર્વ ઉપચાર નૈગમ નયનાં ઉદાહરણ છે. 'પુરુષસિંહાણ', 'પુરુષવર પુંડરિયાણં', 'પુરુષવર ગંધહત્થિણં' એ ભગવાનનાં વિશેષણો ઉપચાર નૈગમનય છે. ઋગ્વેદ મેંકનાં કાગળિયાં કે ચેકથી થતો નાણાવ્યવહાર એ પણ ઉપચાર નૈગમનય છે.

આમ વિવિધ લોકરૂઢિ અને લૌકિક સંસ્કારના અનુસરણ-માંથી જન્મનારા વિચારો-વાગ્વ્યાપારો નૈગમનયની કોટીમાં મુકાય છે.

નૈગમનય ધર્મ અને ધર્મી બેમાંથી કોઈ એકને ગૌણરૂપે અને બીજાને મુખ્યરૂપે ગ્રહણ કરે છે. જેમકે જીવના ભેદ-પ્રભેદના નિરૂપણમાં એના જ્ઞાનાદિ ગુણોના વર્ણનમાં જીવ ગૌણરૂપ હોય છે.

ગુણ-ગુણી, ક્રિયા-ક્રિયાવાન, અવયવ-અવયવી તથા જાતિ-જાતિમાન્ એમની વચ્ચેના તાદાત્મ્ય (અભેદ-તદ્રૂપતા)ને આ નય સ્પર્શતો નથી. એ બધાં વચ્ચે (જેમ કે ગુણ અને ગુણી વચ્ચે) એ ભેદને જુએ છે. એમનામાંના (ગુણ-ગુણી વગેરેમાંના) કોઇ એકને મુખ્યપણે તો બીજાને ગૌણપણે કલ્પવાની આ નયની સરણી છે.

આ નૈગમનય દ્વારા સાધક સાધનામાં આત્માને પરમાત્મા માની તેનું લક્ષ્ય કરવાનું છે અને નૈગમનયથી સંસારમાં સંસાર-ભાવે દેહને આત્મા માની જીવીએ છીએ તેવા જીવનથી છૂટવાનું છે. સંસારીજીવ ભલે સ્વરૂપ અજ્ઞાનમાં વર્તતો હોય તો પણ જેમ એનામાં દેહભાવ પ્રવર્તે છે તેમ સાથે સાથે એનામાં સત્તામાં સિદ્ધ સ્વરૂપ પણ પ્રવર્તે છે એવું નૈગમનય જણાવે છે.

પ્રતિક્ષણે કોઈ જીવ સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં નથી વિચરતો. પરંતુ જીવ બીજા એટલે કે પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં જ બહુધા વિહરતો હોય છે. આથી નૈગમનય અજીવને જીવ પણ કહે છે અને જીવને અજીવ પણ કહે છે. એટલે કે નૈગમનય ઉપચારથી બધું બધામાં ઘટાવી આપે છે. ઉપચરિત તત્ત્વથી અનુપચરિત તત્ત્વનો ખ્યાલ આવી શકે; જે સાધકને સાધનાનું સાધન છે. ત્રણે કાળના એટલે કે સર્વકાળનાં સર્વ દ્રવ્યો, સર્વ ક્ષેત્ર અને સર્વ ભાવોનું સમસ્તીકરણ અર્થાત્ એકીકરણ (બીચડો) નૈગમનય કરે છે. 'શું, શું નથી ?' 'બધું, બધું છે !' એમ નૈગમનય કહે છે. જ્ઞાતા-દ્રષ્ટાભાવને સમસ્ત વિશ્વ સાથે એક જ સમયે સંબંધ છે. તેમ કર્તા-ભોકતાભાવે સમસ્ત વિશ્વ સાથે કર્મ-ક્રિયા-અને ક્રમથી સંબંધ છે. નૈગમનય મૂળથી ઉઠાવે છે અને કાર્ય સુધી પહોંચાડે છે.

પૂર્ણ જ્ઞાતા-દ્રષ્ટા ભાવ કે જેમાં સમગ્ર વિશ્વનું જ્ઞાન અક્રમથી એક સમયે છે તેમજ પોતાના સ્વ સ્વરૂપનું સ્વયંને વેદન એક જ સમયે અક્રમથી એકસરખું છે. જ્યારે કર્તા-ભોકતાભાવ કે જેમાં બધું છે પરંતુ ક્રમથી છે, એક પછી એક છે અને કર્મસંયોગથી છે.

(૨) સંગ્રહનય :-

'સામાન્ય' તત્ત્વને આશ્રીને અનેક વસ્તુઓનું સમેટીને એકરૂપે ગ્રહણ કરવું એ સંગ્રહનય છે. જડ અને ચેતનરૂપ અનેક વ્યક્તિઓમાં જે સત્રૂપ 'સામાન્ય' તત્ત્વ રહેલું છે તે તત્ત્વ ઉપર નજર રાખી બીજા વિશેષોને લક્ષમાં નજર રાખી બીજા વિશેષોને લક્ષમાં ન લેતાં એ બધી વિવિધ વ્યક્તિઓને એકરૂપ સમજી એમ વિચારવું કે સત્રૂપ વિશ્વ એક છે (કારણ કે સત્તા વિનાની કોઇ વસ્તુ નથી), તે સંગ્રહનયની દૃષ્ટિ છે.

'એક આત્મા છે' એ કથનથી વસ્તુતઃ બધાનો એક આત્મા સિદ્ધ થતો નથી. પ્રત્યેક શરીરમાં આત્મા જુદો જુદો છે. છતાં બધા આત્માઓમાં રહેલ સામાન્ય ચૈતન્યત્વને આશ્રીને 'એક

આત્મા છે' એવું કથન થાય છે, જે સંગ્રહનયની દૃષ્ટિ છે. સર્વ આત્માનું પરમ આત્મ સ્વરૂપ એકસરખું છે એ દૃષ્ટિએ પણ 'એક આત્મા છે' એ કથન સંગ્રહનય છે.

અથવા તો સમાનતાનું – એકાત્મતાનું જે દર્શન છે તે સંગ્રહનય છે. એ અભેદદૃષ્ટિ છે. અને તે દિવ્યદૃષ્ટિ છે. જ્યારે વિષમતાનું દર્શન એ વિશેષતા–વિશિષ્ટતાનું દર્શન છે એ વ્યવહાર નય છે અને તે ભેદદૃષ્ટિ છે યા પર્યાયદૃષ્ટિ છે.

જીવ માત્રને જીવ તરીકે જોવા એ દ્રવ્યદૃષ્ટિ–અભેદ દૃષ્ટિ છે. જે સંગ્રહનય છે. પણ તેમાં પ્રાણી,–પશુપંખી, માનવ, દેવ, એશિયાવાસી, યુરોપવાસી, અમેરિકાવાસી, ગોરા–કાળા, ઊંચા–નીચા, જાત–કુળ, ભારતી, ચીની, રૂસી, યુરોપી, અમેરિકી, હિંદુ–મુસ્લિમ–જૈન–બૌદ્ધ,–ક્રિસ્ચિઅન, સ્ત્રી–પુરુષ, સંન્યાસી–સંસારી, રમણલાલ, પન્નાલાલ, ઇંદિરા–કમલા આદિના ભેદ પાડી જોવું તે પર્યાયદૃષ્ટિ છે જે વ્યવહાર નય છે.

સંગ્રહનય સામાન્ય તત્ત્વને આશ્રિત હોઇ, સામાન્ય જેટલું વિશાળ તેટલો તે સંગ્રહનય વિશાળ. અને સામાન્ય જેટલું નાનું તેટલો તે સંગ્રહનય ટૂંકો. પણ જે જે વિચારો સામાન્ય તત્ત્વને લક્ષને વિવિધ વસ્તુ–જૂથોનું એકીકરણ કરવા તરફ પ્રવર્તતા હોય તે બધા જ સંગ્રહનયની શ્રેણીમાં મૂકી શકાય.

સંગ્રહનય દ્વારા જેમ સંસારમાં બધાને સંસારી જીવો માનીએ છીએ એમ સાધનામાં સાધકે સર્વે જીવોને સિદ્ધ સ્વરૂપે જોવા જોઇએ. ॥ सर्वं खलु इदं ब्रह्मं ॥ आत्मवत् सर्व भूतेषु पश्यति सपश्यति ॥ બધે બ્રહ્મદૃષ્ટિ કેળવવી જોઇએ. આ સંગ્રહનયની સાધના છે

(૩) વ્યવહારનય :–

સામાન્યરૂપે નિર્દિષ્ટ કરાયેલી વસ્તુ વિગતવાર ન સમજી શકાય માટે તેની વિશેષ સમજ આપવા માટે વિશેષ પ્રકારે તેના ભેદ પાડી તેનું પૃથક્કરણ–વિભાજીકરણ કરી બતાવનાર વિચાર 'વ્યવહારનય' છે. ટૂંકમાં એકીકરણરૂપ બુદ્ધિવ્યાપાર એ સંગ્રહનય છે અને પૃથક્કરણરૂપે બુદ્ધિવ્યાપાર એ વ્યવહારનય છે. ઉપરાંત લોકરૂઢિ અનુસારનું કથન પણ વ્યવહારનય છે. એટલું જ નહિ પણ જે પ્રમાણેનું મંતવ્ય અભિપ્રાય છે, જ્ઞાન છે તે પ્રમાણેનું વર્તન તે વ્યવહારનય છે.

'ધઉં વીણ!' એ કથન લોકરૂઢિ અનુસારના વ્યવહાર નયનું ઉદાહરણ છે. ક્રિયા કાંકરા વીણી છૂટા પાડવાની થાય છે પણ વ્યવહાર 'ધઉં વીણ!' એમ કહેવાનો છે. મા, બા, ભાભી કે કાકી યા બેન કહેવાનો રિવાજ છે. મા એ બાપની પત્ની છે તે સાચી વાત છે પણ એ રીતે માની ઓળખ આપવાનો વ્યવહાર નથી.

સંસારમાં સરખે સરખાના સહવાસમાં રહીએ છીએ. જે કાંઈ કલા આદિ મેળવવા, કેળવવા હોય તે કલાગુરુ, કલાકાર કલા–પીપાસુના સાન્નિધ્યમાં–સંયોગમાં આવીએ છીએ તેમ સાધકે સાધનામાર્ગે સત્સંગ કરવો જોઇએ. જેઓએ બ્રહ્મદૃષ્ટિ કેળવી છે, જેઓ બ્રહ્મશ્રોત્રી (પંડિત), બ્રહ્મવિદ્ (જ્ઞાની), બ્રહ્મનિષ્ઠ (સર્વજ્ઞ) છે તેઓના સંપર્કમાં આવવું, તેઓનાં સાન્નિધ્યમાં રહેવું, એમનાં પડખાં સેવવાં જોઇએ. એ માટે થઇને જ દર્શનાચારનું પાલન છે. એમ કરવાથી લક્ષ્યાંતર થતું નથી અને લક્ષ પ્રતિ આગેકૂચ જારી રહે છે. અધઃપતન ન થતાં મેળવેલા ગુણનું રક્ષણ–પાલન થાય છે અને ગુણમાં વિકાસ થાય છે–ઉત્થાન થાય છે.

મંદિર–મૂર્તિ–આગમનું સેવન–પૂજન કરવું, દેવ–ગુરુ–ધર્મનાં આદર, સત્કાર, બહુમાન કરવાં, આત્માના સાચા પરમ આત્મસ્વરૂપને જાણવું ને એનો નિર્ણય કરવો તથા તેનું લક્ષ્ય રાખીને લક્ષ પ્રાપ્ત કરવા પ્રવૃત્ત થવું–તત્પર થવું તેમજ લક્ષ્યાંતર ન થઇ જાય તે માટે થઇને જ દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર એ પાંચ પંચાચારનું સેવન અને પાલન કરવારૂપ વ્યવહાર છે. જેને મોક્ષની ઇચ્છા છે અને જેને મોક્ષનું લક્ષ્ય થયું છે તે જ સાચો, ખરો ધર્મી છે–સાધક છે.

ચતુર્વિધ (સાધુ – સાધ્વી શ્રાવક અને શ્રાવિકા) સંઘની સેવામાં રહેવાથી લક્ષ્યાંતર થતું અટકે છે અને લક્ષ પ્રતિ પ્રગતિ થાય છે. અસતનો સંગ છૂટી જાય તો સત્સંગ થયો કહેવાય. આ છે સાધકનો સાધનામાર્ગનો વ્યવહાર.

(૪) ઋજુસૂત્ર નય :–

વસ્તુના માત્ર વર્તમાન પર્યાય તરફ આ નય લક્ષ ખેંચે છે. જે વિચાર ભૂત અને ભવિષ્યકાળને બાજુએ મૂકી માત્ર વર્તમાનકાળને સ્પર્શે તે 'ઋજુસૂત્ર' નય છે. આ નય કેવળ વર્તમાનકાળને માન્ય રાખે છે. ભૂતકાળ અને ભવિષ્યકાળનો તે અપલાપ કરે છે. આ નયની દૃષ્ટિએ વર્તમાન સમૃદ્ધિ સુખનું સાધન થતી હોવાથી તેને સમૃદ્ધિ કહી શકાય. પરંતુ ભૂત સમૃદ્ધિની સ્મૃતિ કે ભાવી સમૃદ્ધિનાં સપનાં વર્તમાન સમયે સુખસગવડ પૂરી પાડનાર ન હોવાથી તેને સમૃદ્ધિ ન કહી શકાય. એ તો નવાબી ગઇ અને નવાબ રહી ગયા કે ભેંસ ભાગોળે ને છાશ છાગોળે જેવી વાત કહેવાય. કોઇ ગૃહસ્થી સાધુધર્મની શુભ મનોદશા-વાળો હોય ત્યારે તેને આ નય સાધુ કહે. અને કોઇ સાધુના વેષમાં રહેવા છતાં અસંયમી વૃત્તિવાળો હોય ત્યારે તેને આ નય સાધુ ન કહેતાં અવ્રતી જ કહે. સામાયિકમાં રહેલી વ્યક્તિ જો બૂરા વિચારમાં હોય તો તે આ નય અનુસાર 'ઢેઢવાડે ગયો' કહેવાય.

આ ઋજુસૂત્ર નયના પાછા બે ભેદ સ્થૂલ ઋજુસૂત્ર નય અને સૂક્ષ્મ ઋજુસૂત્ર નય છે. એક સમય માત્રના વર્તમાન પર્યાયને ગ્રહણ કરનાર સૂક્ષ્મ ઋજુસૂત્ર નય છે જે shar present tense–તત્સમયને જ સ્વીકારે છે. અર્થાત્ વર્તમાન પળના પર્યાયને જ ગ્રહણ કરે છે. જ્યારે સ્થૂલ ઋજુસૂત્ર નય અનેક સમયના વર્તમાન પર્યાયને ગ્રહણ કરે છે; ઉદાહરણ તરીકે મને ૪૯ વર્ષ થયાં એ સ્થૂલ ઋજુસૂત્ર નય અનુસારનું કથન છે જ્યારે મને ૫૦ મું વર્ષ ચાલે છે એમ કહેવું તે સૂક્ષ્મ ઋજુસૂત્ર નય અનુસારે કથન છે.

યુધિષ્ઠિરે જ્યારે યાચકને થોડા સમય બાદ આવવા કહ્યું અને તે સાંભળી ભીમે ઘંટનાદ કર્યો જેનું કારણ યુધિષ્ઠિરે વિચારતાં ભીમે ખુલાસો કર્યો, કે આપે કાળ ઉપર વિજય મેળવ્યો તેની ખુશાલીનો ઘંટનાદ છે તે આ ઋજુસૂત્ર નયનું ઉદાહરણ છે. સાધુભગવંતો 'વર્તમાન જોગ' શબ્દનો પ્રયોગ કરે છે તે પણ આ ઋજુસૂત્ર નયનું ઉદાહરણ છે. સ્થૂલ ઋજુ-સૂત્ર નય રાજગાદીએ રહેલ રાજાને જ રાજા કહે છે અને સૂક્ષ્મ ઋજુસૂત્ર નય રાજચિહ્નયુક્ત ગાદીનશીન રાજસૂતા સહિતના રાજાને જ રાજા કહે છે. આમ નિશ્ચિત વર્તમાન સ્વરૂપ

વર્તમાનકાળને જ ઋજુસૂત્રનય પ્રધાનતા આપે છે જે વર્તમાનકાળને જ આવશ્યક સાધન ગણવા તરફ નિર્દેશ કરે છે. સૂક્ષ્મ ઋજુસૂત્ર નય અને એવંભૂતમાં નયના વર્તમાનકાળનો ભેદ એ છે કે સૂક્ષ્મ ઋજુસૂત્ર નય માનસિક છે જ્યારે એવંભૂત નયનો વર્તમાન અંતિમ બાહ્યદ્રશ્ય સહિત કાર્યરૂપ છે.

(૫) શબ્દનય :-

શબ્દનયમાં શબ્દ એટલે આખું વ્યાકરણશાસ્ત્ર આવે. શબ્દનયમાં લિંગભેદ એટલે કે પુરુષ (પુલ્લીંગ), સ્ત્રી (સ્ત્રી લીંગ), નપુંસક, કાળભેદ અર્થાત્ ભૂતકાળ, ભવિષ્યકાળ, વર્તમાનકાળ, વચનભેદ એટલે કે એકવચન, બહુવચન તથા કારકભેદ એટલે કે સાત વિભક્તિ આવે છે.

આ નય પર્યાય (એકાર્થ)વાચી શબ્દોને એકાર્થવાચી માને છે. પણ કાળ, લિંગ વિગેરેનો ભેદ જો પડતો હોય તો તે ભેદને લીધે એકાર્થવાચી શબ્દોનો પણ અર્થભેદ માને છે. પોતાના સમયમાં મુંબઈ નગરી મોજૂદ હોવા છતાં પૂર્વકાળની મુંબઈ નગરી જુદા પ્રકારની હોવાથી તે સમયની મુંબઈ નગરીનું વર્ણન કરવું લેખકને પ્રસ્તુત હોવાથી તેને 'હતી' લખે છે તે કાળભેદે અર્થભેદનો વ્યવહાર આ નયને આભારી છે.

જે શબ્દ જે અર્થનો (વસ્તુનો) વાચક કે સૂચક હોય તે અર્થને – તે વસ્તુને દર્શાવવા તે જ શબ્દ વાપરવાની 'શબ્દનય' કાળજી રાખે છે. એ વસ્તુ ગમે તે વ્યક્તિ (પ્રાણી અથવા પદાર્થ) હોય, ગુણ હોય, ક્રિયા હોય કે સંબંધ હોય. પ્રાણીઓ – વ્યક્તિઓમાં નર અથવા નારી કે નાન્યતરનો (લિંગનો) ભેદ હશે તો તે દર્શાવવા પ્રસ્તુત નય જુદા જુદા શબ્દનો પ્રયોગ કરશે. જેમકે પુરુષ–સ્ત્રી; પોપટ-મેના, મોર–ઢેલ, પુત્ર–પુત્રી આદિ. એકબીજાની સરખામણીમાં મોટા–નાનાના પરિમાણભેદ દર્શાવવા આ નય જુદા જુદા શબ્દોનો પ્રયોગ કરશે. જેમકે ટેકરો, ટીંબો, ડુંગર, પહાડ, પ્યાલો–પ્યાલી ઇત્યાદિ એક જ વ્યક્તિ જુદી જુદી વ્યક્તિના સંબંધે જુદું જુદું સગપણ ધરાવતો હશે તો તે વ્યક્તિના સંબંધમાં બોલાતા પ્રત્યેક સગપણ સંબંધ જુદા જુદા જણાવવા જુદા જુદા શબ્દો જેવા કે કાકા–ભત્રીજો, મામા–ભાણેજ, પતિ–પત્ની, પિતા–પુત્ર, સસરા–જમાઈ આદિનો ઉપયોગ કરશે. કોઈ ક્રિયા ભૂતકાળમાં થઈ હોય તો ભૂતકાળ, વર્તમાનકાળમાં થતી હોય તો વર્તમાનકાળ અને ભવિષ્યકાળમાં થવાની હોય તો ભવિષ્યકાળ વાપરવાની કાળજી શબ્દનય લેશે. વસ્તુ કે વ્યક્તિ એક હશે તો એકવચન અને એકથી અધિક હશે તો બહુવચન યા તો માનાર્થે બહુવચની શબ્દનો પ્રયોગ કરશે. કારક સંબંધ હશે તો તે દર્શાવવા તેને અનુરૂપ વિભક્તિ 'શબ્દનય' વાપરશે.

અહીં પ્રસંગત : જણાવવું ઉપયોગી છે કે જે પ્રસંગે જે નય ઉપયોગી હોય તે પ્રસંગે તે નયનું પ્રાધાન્ય સ્વીકાર્યા સિવાય છૂટકો જ નથી. વ્યવહારનયના પ્રસંગે સંગ્રહનયનો ઉપયોગ કરીએ તો પત્ની, માતા, બહેન, પુત્રી, શેઠ, નોકર આદિનો ભેદ રહેશે નહિ અને અનેક ગોટાળા થશે. સંગ્રહનયના સ્થળે કેવળ વ્યવહારનો ઉપયોગ કરવામાં આવે તો ઠામ ઠામ જુદાઈ જ જુદાઈ જણાશે. અને પ્રેમભાવનાનો હ્રાસ થઈ છીનાઝપટીને ઉત્તેજન મળશે. ત્યાં શબ્દનયની ઉપયોગિતા છે ત્યાં નૈગમનયને લાગુ પાડતાં જેનામાં સાધુત્વના કાંઈ નહિ હોય એવા કેવળ સાધુવેશધારીને નૈગમનયવાળો સાધુ કહેશે, જ્યારે વેશ ઉપરાંત બાહ્યસાધ્વાચાર – બાહ્યક્રિયાનું પાલન કરનારને વ્યવહારનયવાળો સાધુ કહેશે; પરંતુ શબ્દનયવાળો તો તે ઉભયને દંભી ગણી અસાધુ જ કહેશે અને જેમાં ખરી સાધુતા હશે તેને જ સાધુ કહેશે. આવા પ્રસંગે મુખ્યતા શબ્દનયની છે. એટલે કયા પ્રસંગે કયા નયનો ઉપયોગ યોગ્ય ઠરશે તેનો વિવેકપૂર્વક વિચાર કરવાની પ્રત્યેક પ્રસંગે આવશ્યકતા રહેશે.

શબ્દનય એક અર્થને કહેનાર અનેક જુદા જુદા પર્યાયવાચી શબ્દોમાંથી કોઈ પણ એક શબ્દને તે અર્થ દર્શાવવા વાપરવાનું અયોગ્ય લેખતો નથી. પરંતુ ઉપર જણાવ્યા મુજબ તે કાળ, લિંગ, સંખ્યા આદિના ભેદે અર્થભેદ માને છે.

જેમ જ્ઞાન માટે શબ્દની જરૂર છે તેમ ભોગ માટે પણ શબ્દની જરૂર છે. વ્યવહાર શબ્દનયથી કરાય છે. જે પદાર્થ, જેની પૂર્તિ કરે છે તે પદાર્થ તેનાથી વિશેષ અને આગળ કહેવાય. ઋજુસૂત્ર નય વર્તમાનકાળના ભોગ વેદનની અપેક્ષાએ છે. એમાં શબ્દનય વધારે પૂર્તિ–સ્પષ્ટતા કરે છે. શબ્દનય, ઋજુસૂત્રનયથી વધારે ચોકકસ–નિશ્ચિત અને સૂક્ષ્મ Accurate છે. ઉદાહરણ તરીકે ચીપિયો લાવવા કહેવું તે ઋજુસૂત્રનય છે પરંતુ 'કોલસા પકડવાનો ચીપિયો લાવ!' છે; કે 'હીરા છોંટવાનો ચીપિયો લાવ!' એમ કહેવું તે શબ્દનય છે.

(૬) સમભિરૂઢનય :-

આ નયની દૃષ્ટિમાં પ્રત્યેક શબ્દનો અર્થ જુદો જુદો છે. 'શબ્દનયે' કાળ, લિંગ આદિના ભેદથી અર્થભેદ માન્યો પણ કાળ આદિનો ભેદ ન હોવા છતાં ઉપર જણાવ્યા મુજબ પર્યાયવાચી શબ્દોમાં અર્થભેદ નથી માન્યો. જ્યારે સમભિરૂઢનય તો શબ્દભેદે અર્થભેદ માને છે. શબ્દ ફરે એટલે અર્થ ફરે. જેમ કે રાજા, નૃપ, ભૂપતિ, સમ્રાટ, ચક્રવર્તી આદિ રાજા. એવા એકાર્થવાચી મનાતા પર્યાય શબ્દોનો પણ એમની શબ્દ વ્યુત્પત્તિ પ્રમાણે જુદો જુદો અર્થ કલ્પે છે. સમભિરૂઢનય જણાવે છે કે રાજચિહ્નોથી રાજે (શોભે) તે 'રાજા' અથવા રાજી રાખે તે 'રાજા'. માણસોનું રક્ષણ કરે તે 'નૃપ.' પૃથ્વીનું પાલન, પોષણ, રક્ષણ કરે તે 'ભૂપતિ'. સામ્રાજ્યનો ધણી તે સમ્રાટ, છ ખંડનો માલિક અને ચક્ર ધારણ કરેલ છે તે ચક્રવર્તી અથવા તો છ યે ખંડ ઉપર જેનું શાસનચક્ર ચાલે છે તે ચક્રવર્તી. એ જ પ્રમાણે ઇન્દ્રિયોને કૃષ કરનાર ઋષિ, આત્માની યતના કરનાર યતિ, મૌન ધારણ કરનાર મુનિ અને સંસારત્યાગી તે સંન્યાસી એવા જુદા જુદા શબ્દના જુદા જુદા અર્થ સમભિરૂઢ કરે છે.–શાસ્ત્રના વાદવિવાદ અને કોર્ટ – કચેરીના કજિયા આ શબ્દનય અને સમભિરૂઢનયના છે.

પ્રત્યેક શબ્દ મૂળ તો પૃથક્ અર્થ બતાડનાર હોય છે. પછી કાલાન્તરે અને સમૂહમાં પ્રયુકત થતાં થતાં પર્યાયવાચી બની જાય છે. સમભિરૂઢનય એમના પર્યાય વાચિત્વને નહિ ગણકારતાં એ પ્રત્યેક શબ્દના મૂળ અર્થને પકડે છે.

સમભિરૂઢનય એક જ પર્યાયવાચી શબ્દોના ભેદને માને છે તે આપણા જીવનવ્યવહારમાં કેવી રીતે ઉપયોગી અને સત્ય છે તે દૃષ્ટાંતથી સમજીએ.

પ્રભુદાસભાઈ નામની એક વ્યક્તિ છે. એ વ્યક્તિ પાસે મેલિક વોરન્ટ લઈને આવે છે અને પૂછે છે કે ભગવાનદાસ-ભાઇ આપ છો ? ત્યારે તે વ્યક્તિ જણાવે છે કે, ભઈ ના ! મારું નામ તો પ્રભુદાસ છે. ત્યારે મેલિક એમ ના કહી શકે કે ભગવાનદાસ એટલે પ્રભુદાસ કેમકે ભગવાન અને પ્રભુનો અર્થ એક જ છે માટે ભગવાનદાસભાઈનું વોરન્ટ આપ ઉપર બજાવું છું.

આ રીતે પણ સમભિરૂઢનય સત્ય છે અને શબ્દનય કરતાં વધુ સૂક્ષ્મ છે. એ અનુભવ ગમ્ય છે. એ જ પ્રમાણે મફતલાલ, ફોગટલાલ અને અમથાલાલ એવાં ત્રણ ખાતાં આપણી ખાતા-વહીમાં છે. ત્રણે નામનો અર્થ એક થતો હોવા છતાં કાંઈ મફતલાલની રકમ અમથાલાલના ખાતે નહિ ખતવી શકાય.

(૭) એવંભૂતનય :- આ નય કહે છે કે જો વ્યુત્પત્તિ-ભેદથી અર્થભેદ માનવામાં આવે તો એમ પણ માનવું જોઇએ કે જ્યારે વ્યુત્પત્તિસિદ્ધ અર્થ ઘટતો હોય ત્યારે જ તે શબ્દનો અર્થ સ્વીકારવો અને તે શબ્દ વડે એ અર્થનું કથન કરવું. અન્ય નહિ.

આ કલ્પના પ્રમાણે રાજચિહ્નોથી શોભવાની યોગ્યતા ધરાવવી, અને મનુષ્યરક્ષણની જવાબદારી રાખવી એટલું જ 'રાજા' કે 'નૃપ' કહેવડાવવા માટે પર્યાપ્ત નથી. પરંતુ તેથી આગળ વધી જ્યારે ખરેખર રાજચિહ્નોથી શોભિતપણું વિદ્યમાન હોય ત્યારે જ અને ત્યાં સુધી જ રાજા કહેવડાવી શકાય અને એ જ પ્રમાણે પ્રજાનું-મનુષ્યનું રક્ષણ કરાતું હોય ત્યારે જ અને તેટલી જ વાર નૃપ કહેવડાવી શકાય. સેવાકાર્ય ચાલુ હોય ત્યારે જ અને તેટલી જ વાર પૂરતું સેવા કરનારને સેવક કહેવાય, અન્યથા નહિ.

આ પ્રમાણે જ્યારે વાસ્તવિક કામ થતું હોય ત્યારે જ અને તેટલી જ વાર તેને લગતું વિશેષ્ય નામ કે વિશેષણ વાપરી શકાય એવું એવંભૂતનય માને છે. ક્રિયાના અભાવમાં તે શબ્દને એવંભૂત અપ્રોજ્ય લેખે છે.

એવંભૂતનયનું સચોટ ઉદાહરણ રાજ્ય વ્યવહારમાં-સરકારી વ્યવહારમાં જોવામાં આવે છે કે... રાજ કર્મચારી-સરકારી કર્મચારી જ્યાં સુધી પોતાની ફરજ ઉપર (on duty) હોય છે ત્યાં સુધી-તે સમય પૂરતું જ તેને સરકારી સંરક્ષણ મળે છે, અન્યથા નહિ.

આમ એવંભૂતનય અંતિમ પરિણામ, આત્યંતિક અવસ્થાનો નિર્દેશ કરે છે. વ્યવહારમાં જે એવંભૂતનય છે તે પારમાર્થિક નથી; કેમકે વ્યવહારમાં વ્યાવહારિક પૂર્ણ થયેલ દેખાતા કાર્યની પારમાર્થિક પૂર્ણતા નથી. એ કાર્ય વળી તેના પછીના કાર્યનું કારણ બની રહે છે. કાર્યકારણની પરંપરા વ્યવહારમાં સતત ચાલુ રહે છે, જ્યાં કાર્યની પરંપરા છે. ત્યાં કાર્યસિદ્ધિ નથી, એ અંતિમકાર્ય નથી. ત્યાં કૃતકૃત્યતા નથી. અંતિમકાર્ય તો તે કાર્યને કહેવાય કે જે કર્યા બાદ કાંઈ કરવાપણું ન હોય, કે થવાપણું યા હોવાપણું ન હોય. એવી આત્યંતિક-અંતિમ ફલશ્રુતિ કૃતકૃત્યતા અર્થાત્ પારમાર્થિક કાર્યસિદ્ધિ કેવલ મોક્ષમાર્ગમાં જ શક્ય છે કે જ્યાં મુક્ત થઈ, સિદ્ધ થયા બાદ પછી કાંઈ સિદ્ધ કરવાનું રહેતું નથી અને આગળ કાંઇ કરવાપણું, થવાપણું કે હોવાપણું બાકી બચતું નથી. માટે જ પારમાર્થિક એવંભૂતનય માત્ર મોક્ષમાર્ગમાં જ ઘટે છે.

જીવનવ્યવહારમાં તો એક વ્યક્તિનો એવંભૂતનય બીજી વ્યક્તિનો નૈગમનય પણ હોઇ શકે છે. જેમકે એક વ્યક્તિ બીજી ખેડૂત વ્યક્તિને કપાસિયા વેચે છે. કપાસિયા વેચનાર વ્યક્તિને તો એના કપાસિયાના પૈસા અંતિમ કાર્યરૂપ મળી ગયા એટલે એના સંબંધે એને એ એવંભૂતનય થયો. જ્યારે કપાસિયા ખરીદનાર ખેડૂતને માટે તો કપાસિયાની ખરીદી એ નૈગમનય થયો કેમકે ખરીદેલા કપાસિયાનું બીજ રૂપે વાવેતર આદિ આગળનાં કાર્યો બાકી રહ્યાં.

એ જ પ્રમાણે ચાંદીના સટ્ટામાં સટોડિયાને ચાંદીની ખરીદી અને વેચાણ કરતાં નફાનો આંકડો નિશ્ચિત થઇ ગયો; પણ એવંભૂતનય અનુસાર વલણ પતે અને નફાની રકમ હાથમાં આવે નહિ ત્યાં સુધી નફો કર્યો કહેવાય નહિ કેમકે કંઈક વલણ અદ્ધર થઇ ગયાના દાખલા આપણા જીવનવ્યવહારમાં જોઇએ છીએ.

અરે ! મંડપે આવેલી જાન કન્યાને લઇને વિદાય થાય નહિ ત્યાં સુધી એવંભૂતનય અનુસાર લગ્નપ્રસંગ રંગેચંગે પાર પડી ગયો કહેવાય નહિ; કેમકે વરકન્યા ઉભય પક્ષે વ્યવહાર-વાંધા ઊભા થતાં તોરણે આવેલી જાન પાછી ગયાનાં કેટલાંય દૃષ્ટાંતો મોજૂદ છે. આ બધાં ઉદાહરણો આપણા જીવન-વ્યવહારમાં પણ એવંભૂતનયને જાણતા ન હોવા છતાંય તે એવંભૂતનય કેવો મહત્ત્વનો ભાગ ભજવે છે તેનું સૂચન કરે છે.

સાત નયોમાંના પ્રથમ ત્રણ નૈગમ-સંગ્રહ-વ્યવહાર નયો ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળની અપેક્ષાએ તથા શક્યતાઓ અને સંભાવનાની અપેક્ષાએ આરોપ કરે છે. તે આરોપ જીવો અને પુદ્ગલ સ્કંધોના બધા પર્યાયોમાં કરે છે.

જ્યારે ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂત-નય વર્તમાનકાળના પર્યાયોને જ સ્વીકારે છે. કાર્યરૂપ અને ક્રિયારૂપ પર્યાયોનો જ સ્વીકાર કરે છે. આ ચાર નયો ભોગપ્રધાન અને વેદનપ્રધાન નયો છે.

નૈગમનયથી આપણે જે આપણા શરીરમાં તથા ભોગ-સામગ્રીમાં આત્મબુદ્ધિ કરી સચ્ચિદાનંદભાવ સ્થાપેલ છે તેને મુમુક્ષુ સાધકે પલટાવીને સાધનામાર્ગે મોક્ષપ્રાપ્તિ માટે અન્ય જીવોએ પણ આપણી જેમ શરીરમાં અને ભોગસામગ્રીમાં આત્મબુદ્ધિ કરેલ છે તે જીવો માટે થઇને પોતાના શરીરનો અર્થાત્ પોતાની સુખશીલતાનો અને પોતાની ભોગસામગ્રીનો ત્યાગ કરવાનો છે. યાવત્ ઉપદ્રવ કાળે સાધકે પોતાના દેહનું મમત્વ ઉતારીને સ્વમાં લીન થવાનું છે.

સાધકે સાધનામાર્ગે વિધેયાત્મક નૈગમનય એ સ્વીકારવાનો છે કે...'હું સિદ્ધ સ્વરૂપી છું' અને 'હું શરીર છું' તથા 'ભોગસામગ્રી મારી છે' એ નિષેધાત્મક સંસારક્ષેત્રના નૈગમ-નયનો ત્યાગ કરવાનો છે.

જે સ્વરૂપ, જે વેદના વર્તમાનકાળે હોય નહિ છતાં તેની શક્યતા છે, સંભાવના છે તેથી તે શક્ય સ્વરૂપ યા વેદનનો કે સંભવિત સ્થિતિનો ઉપર જણાવ્યા મુજબ નૈગમનય તથા વ્યવહારનય સ્વીકાર કરે છે. જ્યારે ઋજુસૂત્રનય સંભાવના અને શક્યતાનો સ્વીકાર કરતો નથી.

એવંભૂત નય તો Sharp present tenseનો એટલે કે તત્ક્ષણે પ્રવર્તતા વર્તમાન પર્યાયનો જ કાર્યરૂપે સ્વીકાર કરે છે. જ્યારે ઋજુસૂત્રનય વર્તમાનકાળના બધાય પ્રગટ પર્યાયનો સ્વીકાર કરે છે અને નૈગમનય, શક્યતા તથા સંભાવનાની અપેક્ષાએ અપ્રગટ પર્યાયનો પણ સ્વીકાર કરે છે. દ્રૈત પદાર્થ ક્રમથી ક્રિયાત્મક હોય છે. એવંભૂતનય વર્તમાનકાળે જે પર્યાય ક્રિયાત્મક હોય તેને જ માને છે અને સ્વીકારે છે. ઋજુસૂત્રનય વર્તમાનના બધાય પ્રગટ પર્યાયોને ભલે માને પણ પ્રગટ પર્યાયો એકી સાથે ક્રિયાત્મક નથી હોતા.

નૈગમ, સંગ્રહ અને વ્યવહારનય એ જ્ઞાનપ્રધાન નયો છે. જ્યારે ઋજુસૂત્રનયથી વર્તમાનની શરૂઆત થાય છે, જે ભોગપ્રધાન અને વેદનપ્રધાન છે. ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ ચાર વેદનપ્રધાન નયો છે. આમ આ સાત એટલે જ્ઞાન તથા ભોગ – વેદનનું સ્પષ્ટિકરણ – પૃથક્કરણ– કે વિભાગીકરણ છે.

નૈગમનય અને વ્યવહારનયમાં ઉપચાર આવે છે. જ્યારે ઋજુસૂત્રનયથી એવંભૂતનયમાં ઉપચાર નહિ ચાલે.

નૈગમ–સંગ્રહ–વ્યવહાર એ ત્રણ સ્થૂલ નયો છે. જ્યારે ઋજુસૂત્ર–શબ્દ–સમભિરૂઢ–એવંભૂત એ ચાર નયો સૂક્ષ્મ નયો છે. સ્થૂલનય દ્રવ્યાર્થિકનયો કે વ્યવહારનયો કહેવાય છે. જ્યારે સૂક્ષ્મનયો પર્યાયાર્થિક કે નિશ્ચય નયો કહેવાય છે. સ્થૂલનયો સામાન્યગામી છે. જ્યારે સૂક્ષ્મનયો વર્તમાનના ગ્રાહક હોવાથી વિશેષગામી છે.

મુખ્યત્વે બે પ્રકારની જ દૃષ્ટિ કામ કરે છેઃ અભેદ દ્રષ્ટિ અને ભેદદ્રષ્ટિ. દ્રવ્યાર્થિક નય અભેદ દ્રષ્ટિ પર અને પર્યાયાર્થિક નય ભેદદ્રષ્ટિ પર છે.

સાતે નયો એ સીડીના–વિકાસક્રમનાં પગથિયાં પ્રગતિ પથ સોપાન છે. સાતે નયો કારણ–કાર્ય–ભાવ રૂપ છે. પરમાત્મતત્ત્વમાત્ર કાર્યરૂપ છે, કૃતકૃત્ય છે

સંસારમાં સાત નયો સાપેક્ષ ઘટે છે. જ્યારે મોક્ષમાર્ગમાં છ નયો સાપેક્ષ ઘટે છે અને સાતમો એવંભૂતનય નિરપેક્ષ ઘટે છે. કેમકે મુક્તિ – મોક્ષ બાદ કાર્ય – કારણની પરંપરાનો અંત આવી જાય છે.

નૈગમ–સંગ્રહ–વ્યવહાર નયો સ્થૂલ ક્રિયાત્મક છે અને બાહ્ય સાધનપ્રધાન છે. જ્યારે ઋજુસૂત્ર–શબ્દ–સમભિરૂઢ અને એવંભૂત એ ચાર નયો મનોયોગ પ્રધાન છે.

આ સાત નયો એ કર્તા–ભોકતાભાવવાળા જીવોના જીવનમાં સાત પગથિયાંરૂપ સીડી છે,–સાધના છે–જીવન છે. જેને દૃષ્ટિ મળેલ છે તે દૃષ્ટિ કરે છે, એવા સંસારી જીવ માટેની આ સાત નયની વાત છે. એ વાત સર્વજ્ઞ એવા કેવલિ ભગવંતની છે. પરંતુ છે તો સંસારીજીવ માટે. કેમકે કેવલિ ભગવંતો તો પોતે પૂર્ણ જ્ઞાતા–દ્રષ્ટા છે–વીતરાગ છે, અને તેથી તેઓ નયાતીત છે. સર્વવિરતિરૂપ ચારિત્રધર્મ મોક્ષમાર્ગ–સાધનામાર્ગ સર્વ નયાશ્રિત છે. આ બધા ગુણો આત્મભાવ રૂપ છે. જ્યારે શુદ્ધ સ્વરૂપ આત્મધર્મ એ સર્વ નયાતીત છે, અને સર્વ પ્રમાણરૂપ છે.

નય એ દૃષ્ટિ છે. એ દૃષ્ટિ તો જીવની એક જ છે. પરંતુ દ્રષ્ટા એવા જીવના ભાવને અનુલક્ષીને તેની સાત નયમાં વહેંચણી કરી છે. એ જ પ્રમાણે જીવની દૃષ્ટિનું એક બીજી અપેક્ષાએ સાધનામાર્ગે આઠ દૃષ્ટિમાં વિભાજન કરી તે દૃષ્ટિના વિકાસક્રમનાં આઠ સોપાન બતાડેલ છે જે નીચે મુજબ છે :

(૧) મિત્રા (૨) તારા (૩) બલા (૪) દિપ્તા (૫) સ્થિરા (૬) કાન્તા (૭) પ્રભા અને (૮) પરા.

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજશ્રીએ એમના યોગશાસ્ત્ર નામના ગ્રંથમાં વિગતે વિચારણા આ આઠ દ્રષ્ટિ વિશે કરેલ છે. એ આઠ દ્રષ્ટિ જે બતાડેલ છે તે દ્રષ્ટિ તો એક જ છે. પરંતુ ચિત્તના આઠ દોષો જે છે તે આઠ દોષો એકેક કરીને જતાં દ્રષ્ટિમાં જે સુધારો થાય તે અનુસાર તે દ્રષ્ટિનાં આઠ નામ જણાવેલ છે,

જ્યાં નૈગમનયનું કાર્ય પૂરું થાય છે ત્યાંથી સંગ્રહનયની શરૂઆત થાય છે. જ્યાં સંગ્રહનયનું કાર્ય પૂરું થાય છે ત્યાંથી વ્યવહારનયની શરૂઆત થાય છે. જ્યાં વ્યવહારનયનું કાર્ય પૂરું થાય છે ત્યાંથી ઋજુસૂત્રનયની શરૂઆત થાય છે. જ્યાં ઋજુસૂત્રનયનું કાર્ય પૂરું થાય છે ત્યાંથી શબ્દનયની શરૂઆત થાય છે. જ્યાં શબ્દનયનું કાર્ય પૂરું થાય છે ત્યાંથી સમભિરૂઢની શરૂઆત થાય છે. જ્યાં સમભિરૂઢનયનું કાર્ય પૂરું થાય છે ત્યાંથી એવંભૂતનયની શરૂઆત થાય છે.

સાતે સાત નયને કર્તા–ભોકતા ભાવમાં ઘટાવવાના છે. જે દૃષ્ટિ છે તે દ્રષ્ટિના ચાર ભાવ છે.....

(૧) કર્તાભાવ (૨) ભોકતાભાવ (૩) જ્ઞાતાભાવ (૪) દ્રષ્ટાભાવ.

જે દ્રશ્યને જોઈને દ્રષ્ટિમાં દ્રશ્યની યા તો ઘટનાની અસર દ્રષ્ટાને પહોંચે તો ત્યાં કર્તાભોકતાભાવ ઘટાડવો. પરંતુ જો દ્રષ્ટિ પર દ્રશ્યની કશી અસર દ્રષ્ટાને થતી નથી તો ત્યાં માત્ર જ્ઞાતા–દ્રષ્ટા ભાવ લેવો.

જ્ઞાતા જ્ઞેયને જાણે છે. જ્ઞેય તત્ત્વો ફરતાં રહે છે. પરંતુ જ્ઞાતા તો ઊભો રહે છે. જ્ઞાતા એ દ્રવ્ય છે. માટે જ્ઞાતાને અર્થાત્ જોનારાને જાણવો તે સ્વપ્રતિ સ્વયંની સત્ય દ્રવ્યદ્રષ્ટિ છે. અને તે દિવ્ય દૃષ્ટિ છે. દૃષ્ટિ અને દ્રષ્ટા એક થઈ અવિનાશીપણાને પ્રાપ્ત કરે તે સાધના છે.

"Nothing is produced nothing is distroyed but everything change it's forms.' આ દ્રવ્યદૃષ્ટિ છે. દ્રવ્ય નથી તો ઉત્પન્ન થતું કે નથી તો નાશ પામતું. જે ઉત્પન્ન થતું અને નાશ પામતું દેખાય છે–જે ઉત્પાદ અને વ્યય દેખાય છે તે તો દ્રવ્યના આધારે જ દ્રવ્યમાંથી–ઉત્પન્ન થતા અને પાછા દ્રવ્યમાં જ લય પામતા તે તે દ્રવ્યના પર્યાયો છે. આથી તો વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવંતોએ ત્રિપદી ફરમાવતાં કહ્યું કે 'उत्पाद व्यय ध्रुव युक्तं सत्' । દ્રવ્ય તો અનાદિ અનંત, અનુત્પન્ન, અવિનાશી, સ્વયંભૂ છે.

વ્યવહારમાં આપણે ઘાસને, દૂધ–દહીં–માખણ–ઘી આદિને ગોરસ પદાર્થોથી ઓળખીએ છીએ; પરંતુ ઘાસને અગર તો દૂધ–દહીં–માખણ–ઘીને મૂળ પુદ્ગલ પરમાણુ તરીકે નથી નિહાળતા ઘાસને ઘાસ તરીકે, દહીંને દહીં તરીકે અને માખણ–ઘીને માખણ–ઘી તરીકે જ જોવાની જે આપણી દૃષ્ટિ છે

તે પર્યાયદૃષ્ટિ છે. એ આપણી ભેદદૃષ્ટિ છે. જ્યારે સર્વજ્ઞ-કેવલિ ભગવંતો તે સર્વને પુદ્‌ગલદ્રવ્ય તરીકે પણ જુએ છે.

કર્તા-ભોકતાભાવયુકત જીવો પદાર્થને તેના મૂળ અસ્તિકાય રૂપે જોતા નથી. માટે જ અજ્ઞાન અને મોહવશ તેઓ કર્તાભાવ, ભોકતાભાવ રાખે છે. કેમકે દ્રવ્યદૃષ્ટિ (મૂળ દૃષ્ટિ અભેદદૃષ્ટિ) ન રાખતાં પર્યાય દૃષ્ટિ (ભેદદૃષ્ટિ) રાખે છે.

આપણે આપણા આત્માને તેમજ અન્ય જીવોને સિદ્ધ સ્વરૂપે (પરમાત્માના સ્વરૂપે) કે જીવાસ્તિકાય તરીકે નિહાળતા નથી. તેમ અચિત (જડ) પુદ્‌ગલને પુદ્‌ગલ પરમાણુરૂપે જોતાં નથી. આપણામાં આ મૂળદૃષ્ટિ-દ્રવ્યદૃષ્ટિ વર્તતી નથી તે જ કર્તા-ભોકતાભાવનું કારણ છે. આપણામાં દ્રવ્યદૃષ્ટિ નથી. આપણો બધો વ્યવહાર અને સમજ પર્યાયથી છે. તેથી જ તો તીર્થંકર ભગવંતોની દેશના પર્યાયાર્થિક નયથી છે.

સંસારમાર્ગે તેમજ મોક્ષમાર્ગે સંસારી જીવોનું જે જીવન છે એમાં પ્રયોજન છે અને તેથી જ કાર્ય-કારણ ભાવો છે. તે માટે જ સાત નયો છે. મોક્ષમાર્ગે-સાધનામાર્ગે સાત નયો એ આત્મભાવ માટેનું સાધન છે. જ્યારે સંસારમાર્ગે સાત નયો કર્તા-ભોકતાભાવે વિચાર માટેનું સાધન છે.

આપણી ઇચ્છાઓ, સંકલ્પો, વિકલ્પો, અનુભવો, કાર્યો આપણે સાત નયોમાંથી તારવવાનાં છે. સાત નયો આપણું કાર્ય છે. સાત નયો આપણી શકયતાઓ, સંભાવનાઓ અને સંવેદનાઓ છે.

જ્યાં નૈગમનય આદિ ઉપયોગમાં-દૃષ્ટિમાં વર્તે છે ત્યાં મતિજ્ઞાન છે. નૈગમાદિ નયો આપણા જીવનના વિભાગરૂપ છે. સાત નય, સપ્તભંગી, ચાર કારણ, પાંચ કારણ, ચાર નિક્ષેપા આદિ સર્વે આપણા જીવનના વિભાગ છે. આપણું જીવન તે મય છે. માટે તે સર્વને શાસ્ત્રથી જાણી સ્વક્ષેત્રે જોવાના-તપાસવાના છે. સાત નય યુકત આપણું જીવન છે. સપ્તભંગી યુકત આપણી દૃષ્ટિ છે અને ચાર નિક્ષેપા આપણો વ્યવહાર છે.

આપણે નયોને સિદ્ધ નથી કરવાના; પરંતુ નયો દ્વારા આપણા સ્વરૂપકાર્યને સિદ્ધ કરવાનું છે. નયોને સાધન બનાવવાના છે. નય એ સાધ્ય નથી પરંતુ ક્રિયા અને વિકલ્પરૂપ સાધન છે. સાધ્ય તો નિર્વિકલ્પકતા છે.

સાત નયો-માત્ર દ્રવ્ય રૂપ વિશ્વના પદાર્થોમાં નથી ઘટાવવાના. પરંતુ સાત નય જીવનું જીવન છે અને તેથી સત્‌બનવા માટેના માર્ગરૂપ એને સમજીને સ્વદર્શનદૃષ્ટિ અને ભાવ માટે પોતામાં સાતે નયોને ઘટાવવાના છે.

સાત નયો દ્વારા, સપ્તભંગી દ્વારા આપણે આત્માને સમજવાનો છે. આધ્યાત્મિક પુરુષો હંમેશાં આત્માર્થ કરે છે. જ્યારે પંડિતો શાસ્ત્રાર્થ અને વાદવિવાદ કરે છે. જ્યાં સુધી પરમાત્મા ન બનીએ ત્યાં સુધી આપણે બધાય ખોટા છીએ એમ આધ્યાત્મિક સાધક પુરુષો જણાવે છે. જ્યારે પંડિતો પોતાને સાચા કહે છે અને બીજાને ખોટા કહે છે.

સાત નયોની સમજણ મેળવી સાધનાક્ષેત્રે જીવે નૈગમનયથી એવંભૂતનય સુધી પ્રગતિ કરવાની છે. જ્યારે સંઘર્ષો ટાળવા, વિકલ્પોના આગ્રહ છોડવા માટે એવંભૂત નયથી ઊતરતાં ઊતરતાં નૈગમનયમાં આવી જવાનું છે. એમ કરવાથી આગ્રહ રહે નહિ, સંઘર્ષ ટળી જાય અને વીતરાગતા પ્રતિ આગળ વધાય.

સંસાર ક્ષેત્રે સાત નયો શાના માટે છે? જીવોનો જે કર્તાભાવ-ભોકતાભાવ છે તે સમજવા માટે છે. અને પુદ્‌ગલદ્રવ્યની સામગ્રી ભોગયોગ્ય બને એવા પર્યાયોને પામે તે માટે છે, સાતે નયો આપણા જીવનમાં જે કારણકાર્યની પરંપરાઓ ચાલે છે તે દર્શાવતી અવસ્થાઓ છે. સાતે નયો, સાત દૃષ્ટિ છે. સાતે નયો એ સાધના પણ છે તેમ સાતે નયો સાધન પણ છે. સાતે નયો કારણ-કાર્યની સ્થૂલ-સૂક્ષ્મ પરંપરારૂપ છે. સિદ્ધ અવસ્થામાં કારણ-કાર્યની પરંપરાનો અભાવ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને સિદ્ધ પરમાત્માઓ જેઓ નિત્ય પર્યાયને પામ્યા છે તે સઘળાંને સાત નયો કે ચાર નિક્ષેપા અનુપરિત રીતે લાગુ નથી પડતા. ઉપયોગ સ્વરૂપમાં વીતરાગતાની પ્રાપ્તિ એ સમભિરૂઢ નય છે. જ્યારે કેવલજ્ઞાનની પ્રાપ્તિ એ એવંભૂત નય છે. જો કેવલજ્ઞાનની પ્રાપ્તિનું લક્ષ્ય રાખી તેને સાધ્ય તરીકે સ્વીકારી સાધક સાધના કરે તો તે નૈગમનય-વ્યવહારનય છે.

સાતે નયોના આપણે કર્તા છીએ અને તેના ભોકતા છીએ. સાતે નયોનો આપણે ઉપયોગ કરીએ ત્યારે તે આપણને કાર્યરૂપ બને છે. વ્યકિત પોતાની વૃત્તિ પ્રમાણે, કર્તા-ભોકતા-ભાવ પ્રમાણે અને પોતાના સ્વાર્થ પ્રમાણે જુદા જુદા નયોનો ઉપયોગ કરે છે. જીવના આ સાત દૃષ્ટા ભાવો તેમજ જીવના કર્તા-ભોકતા ભાવોને સાથે રાખી જગતને સમજીશું તો જગતનું સ્વરૂપ સમજાશે.

જીવ અને શરીર પુદ્‌ગલ દ્રવ્ય) એ બંને ભિન્ન ભિન્નદ્રવ્યો છે. તે બંનેનો સાંયોગિક સંબંધ પ્રવાહથી ચાલ્યા કરે છે. સંયોગ-સંબંધો સર્વથા જુદા કરી શકાય છે. બાકી તદ્‌રૂપ સંબંધ જુદા કરી શકાતા નથી. જેનું જ્ઞાન ચૈતન્ય છે તેનું નામ આત્મા છે! આત્મા અને જ્ઞાનનો સંબંધ તદ્‌રૂપ સંબંધ છે. તે કદી એકબીજાથી જુદા પડે નહિ. [સંયોગ દૃષ્ટાંત હીરાની વીંટી, હીરો અને વીંટી જુદાં પાડી શકાય. તદ્‌રૂપ દૃષ્ટાંતઃ સોનું અને તેની પીળાશ જુદાં પાડી શકાય નહિ.]

સાતે નયો દ્વારા આધ્યાત્મિક સાધના થઈ શકે છે અને પોતાના સ્વરૂપને નિરાવરણ કરી શકાય છે. અર્થાત્ વિકારી અને વિનાશી એવા મતિજ્ઞાનને અવિકારી-અવિનાશી એવા કેવલજ્ઞાનમાં પરિણુમન કરી શકાય છે.

'હું શરીર છું' એમ કહીએ છીએ તેને બદલે હું સિદ્ધ સ્વરૂપ છું'-'અહં બ્રહ્માસ્મિ' એમ વિચારીએ તો આધ્યાત્મિક સાધના કરી શકાય. નૈગમનયમાં જડને ચેતન ગણાવી શકાય અને ચેતનમાં જડનો આરોપ-ઉપચાર કરી શકાય.

હું શરીર છું, જડમાં ચેતનનો આરોપ હું સિદ્ધ છું, પરમાત્મતત્ત્વમાં આત્માનો આરોપ. નૈગમનયથી ભૂત અને ભવિષ્યને વર્તમાનરૂપ માની શકાય છે. જ્યારે કેવલજ્ઞાનમાં તો ભૂત-ભવિષ્ય બધુંય વર્તમાનરૂપ જ છે માટે તો કેવલજ્ઞાન અકાલ એટલે કે કાલાતીત છે.

નૈગમનયથી સંકલ્પ કરીએ કે 'હું સિદ્ધસ્વરૂપ છું.'-'હું બ્રહ્મસ્વરૂપ છું'- 'અહં બ્રહ્માડસ્મિ' એનો સાચો અર્થ એ છે કે આપણામાં રહેલ અસિદ્ધપણું-સંસારીપણું એટલે કે દેહભાવ અને દેહાધ્યાસ ઉત્તરોત્તર ઘટતા જવા જોઈએ.

નૈગમનથી કરેલો તે સંકલ્પ સાચો ત્યારે કે જ્યારે સંગ્રહનયથી સર્વ જીવોને-પ્રાણી માત્રને સિદ્ધસ્વરૂપ-બ્રહ્મસ્વરૂપ લેખીએ અને તે મુજબનો તેઓ પ્રતિ વર્તાવ કરીએ. નૈગમનયના સંકલ્પ બાદ સંગ્રહનયમાં બ્રહ્મદૃષ્ટિ-આત્મવત્ સર્વ ભૂતેષુની દૃષ્ટિ સાધકમાં આવવી જોઇએ.

વ્યવહારનયમાં આગળ ઉપર જેવી દૃષ્ટિ નૈગમનય અને સંગ્રહનયમાં કરી છે તેવો વર્તાવ-આચરણ જીવનમાં થવું જોઇએ. જ્ઞાનદૃષ્ટિ પ્રમાણેની જ્ઞાનક્રિયા જીવનના પ્રત્યેક ક્ષેત્રે થવી જોઇએ. જીવમાત્રને સિદ્ધસ્વરૂપે માનવા અને બધામાં સિદ્ધ ભાવને જોઇને-'। सर्वं खल्लु इदं ब्रह्म ।'ને જીવનસૂત્ર બનાવી જીવમાત્રને દુઃખી ન કરવા, અને તેમનાં દુઃખોને દુર કરી તેઓ સુખ અને આનંદને વેદે તેવો યથાશક્તિ પ્રયત્ન મુમુક્ષુ સાધક કરે ત્યારે નૈગમનયથી 'હું સિદ્ધ સ્વરૂપ છું'નો કરેલો સંકલ્પ અને સંગ્રહનયથી મારી જેમ 'પ્રાણી માત્ર સિદ્ધ સ્વરૂપ છે'ની સ્થાપેલી દૃષ્ટિનું વ્યવહારનયમાં અવતરણ થયું કહેવાય.

જ્ઞાનાચાર દ્વારા નિર્ણય કરીએ કે 'હું સિદ્ધ સ્વરૂપ છું.' તેને વ્યવહારનય સ્વીકાર ત્યારે કરે છે કે જ્યારે સ્વ પરત્વે ગમે તેટલી પ્રતિકૂળતા આવે છતાંય દુઃખી ન થતાં સાધક સ્વરૂપાનંદને વેદે અને સર્વત્ર સર્વકાળે સર્વ પ્રાણીને પોતાના જેવાં જ સિદ્ધ સ્વરૂપ સમજી તે સર્વ પ્રતિ સદ્વર્તાવ રાખે.

એથી આગળ 'હું સિદ્ધ સ્વરૂપ છું.' એમ ઋજુસૂત્રનય અને શબ્દનય ત્યારે સ્વીકારે કે જ્યારે મુમુક્ષુ સાધકનો વીતરાગ-સર્વજ્ઞ-નિર્વિકલ્પ પર્યાયની સમીપતાની પ્રાપ્તિ થઇ હોય.

અને શબ્દનયથી આગળ સમભિરૂઢનય 'હું સિદ્ધ સ્વરૂપી છું' એ પર્યાયમાં હું સંયોગી-સિદ્ધ-સાકાર પરમાત્મા (૧૩મું ૧૪મું ગુણસ્થાનક) છું કે હું અયોગી-સિદ્ધ-નિરાકાર પરમાત્મા (અરૂપી-સિદ્ધાવસ્થા) છું ના ભેદને જણાવે છે.

અંતે એવંભૂતનય 'હું સિદ્ધ સ્વરૂપ છું'ના સંકલ્પનો સ્વીકાર ત્યારે જ કરે કે જ્યારે મુમુક્ષુ સાધકને પ્રગટ સિદ્ધ સ્વરૂપનું વેદન હોય.

પદાર્થને એક દૃષ્ટિથી જોવું તેને નય કહેવાય અને અનેક નયથી તે પદાર્થને જોવો તેને પ્રમાણ કહેવાય. નયોનો સમુહ તેનું નામ પ્રમાણ! 'प्रमीयतेऽनेनेति प्रमाणम्' જે વડે પદાર્થ બરાબર જણાય તેને પ્રમાણ કહેવાય. સાચું જ્ઞાન થતાં સન્દેહ, ભ્રમ કે મૂઢતા દુર થાય છે અને વસ્તુસ્વરૂપ ઠીક ઠીક સમજાય છે તે જ્ઞાન 'પ્રમાણ' ગણાય છે. નય અંશ અથવા દેશરૂપ અધુરો હોય. પ્રમાણ પૂર્ણ હોય.

પ્રમાણના મુખ્ય બે ભેદો પ્રત્યક્ષ અને પરોક્ષ છે. પ્રત્યક્ષના બે ભેદ ઇન્દ્રિય પ્રત્યક્ષ અને માનસ પ્રત્યક્ષ છે. ઇન્દ્રિયપ્રત્યક્ષમાં પણ ચક્ષુ સિવાયની ઇન્દ્રિયો દ્વારા પ્રાપ્ત જ્ઞાન પ્રાપ્યકારી છે જ્યારે ચક્ષુથી પ્રાપ્ત જ્ઞાન અપ્રાપ્યકારી છે કેમકે વસ્તુના સંયોગ સિવાય ચક્ષુ દ્વારા જ્ઞાન થાય છે. વ્યવહાર અનુભવિત પ્રત્યક્ષોને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહેવાય છે. એના વળી ચાર જે ભેદ છે તે અવગ્રહ, ઇહા, અવાય અને ધારણા છે.

દુરથી વૃક્ષ જેવી ઊંચી વસ્તુ દેખાવી તે 'અવગ્રહ.' પછી તે માણસ છે કે ઠુંઠું? એવો સંશય થતાં વિશેષ લક્ષણો દ્વારા નિશ્ચયગામી પરામર્શ થવો કે 'આ માણસ હોવો જોઇએ' તો તે 'ઇહા.' ઇહા પછી પૂર્ણ નિશ્ચય થવો કે 'આ માણસ જ છે' તે 'અવાય.' અને 'અવાય' દૃઢીભૂત થવો અર્થાત્ કિંચિતકાલ ટકી રહેવો તે 'ધારણા.'

આ અવગ્રહ-ઇહા-અવાય-ધારણા પાંચ ઇન્દ્રિયો અને મન એમ છથી થાય છે.

આ લૌકિક કે વ્યવહારિક – સાંવ્યવહારિક પ્રત્યક્ષોથી જુદા પ્રકારનું પ્રત્યક્ષ જે ઇન્દ્રિય તથા મનની અપેક્ષા રાખતું નથી પણ માત્ર આત્મશક્તિની અપેક્ષા રાખે છે. એ પારમાર્થિક પ્રત્યક્ષ કહેવાય છે. તેના ત્રણ ભેદો છે. અવધિ, મનઃપર્યય અને કેવલ જ્ઞાન. અવધિજ્ઞાન દેવો અને કેવલ જ્ઞાન, અવધિજ્ઞાન દેવો અને નારકોને ભવ પ્રત્યયી જન્મ-સિદ્ધ હોય છે. જ્યારે મનુષ્યો અને તિર્યંચોને યમ-નિયમાદિ ગુણોના વિશિષ્ટ સાધનથી તથા પ્રકારની આત્મશુદ્ધિ થયે પ્રાપ્ત થાય છે. અને મનઃપર્યય જ્ઞાન જે ઋજુમતિ અને વિપુલમતિ એમ બે પ્રકારનું છે તે વિશિષ્ટ સર્વવિરત સંયમી મહાત્માને થાય છે. જ્યારે કેવલજ્ઞાન એ અપ્રતિપાતિ પૂર્ણ અને સ્થિર નિર્વિકલ્પક જ્ઞાન છે. વાસ્તવિક પરમાર્થિકતાએ માત્ર કેવલ જ્ઞાન જ પ્રમાણ જ્ઞાન છે. છદ્મસ્થ જ્ઞાન અનુપચરિત પ્રમાણ જ્ઞાન નથી-અનાદિ અનંતને જોનારું-રૂપી-અરૂપીને જોનારું કેવલ જ્ઞાન અનુપચરિત પ્રમાણજ્ઞાન છે.

પરોક્ષ પ્રમાણના પાંચ ભેદો પાડવામાં આવ્યા છે. (૧) સ્મરણ (સ્મૃતિ (૨) પ્રત્યભિજ્ઞાન (૩) તર્ક (૪) અનુમાન અને (૫) આગમ (શાસ્ત્ર).

સ્મરણ અને પ્રત્યભિજ્ઞાન :-અનુભવ કરેલી વસ્તુ યાદ આવે તે સ્મરણ છે ખોવાઈ ગયેલી વસ્તુ જ્યારે હાથ લાગે છે ત્યારે 'તે જ આ!' એવું જે જ્ઞાન સ્ફુરે છે તે પ્રત્યભિજ્ઞાન છે.

સ્મરણ થવામાં પૂર્વે થયેલ અનુભવ જ કારણ છે. જ્યારે પ્રત્યભિજ્ઞાન થવામાં અનુભવ અને સ્મરણ બંને ભાગ લે છે. 'તે જ આ!' માં 'તે જ' ભાગ સ્મરણરૂપ છે અને 'આ' ભાગ ઉપસ્થિત વસ્તુ દેખવારૂપ અનુભવ છે. આ અનુભવ અને સ્મરણ એ બંનેના સહયોગથી પેદા થતું 'તે જ આ!' એવું સંકલિતજ્ઞાન 'પ્રત્યભિજ્ઞાન' છે. એ પ્રત્યભિજ્ઞાન નો વળી બે પેટા ભેદ સાદૃશ્ય (સાલક્ષણ્ય) પ્રત્યભિજ્ઞાન અને વૈસદૃશ્ય (વૈલક્ષણ્ય) છે.

તર્ક અને અનુમાન :- અનુમાનમાં વ્યાપ્તિજ્ઞાનની જરૂર છે. 'વ્યાપ્તિ' એટલે અવિનાભાવ સંબંધ અથવા નિયત સહચર્ય. જેના વગર જેનું ન હોવું તેની સાથેનો તેનો તે પ્રકારનો સંબંધ તે અવિનાભાવ સંબંધ. દાખલા તરીકે અગ્નિ વિના ધૂમનું ન હોવું એ પ્રકારનો અગ્નિ સાથેનો ધૂમનો સંબંધ છે. આ વ્યાપ્તિ સંબંધમાં ધૂમ અગ્નિનો વ્યાપ્ય છે જ્યારે અગ્નિ વ્યાપક છે.

વ્યાપ્ય (ધૂમ)થી વ્યાપક (અગ્નિ)ની સિદ્ધિ થતી-અનુમાન થતું હોવાથી વ્યાપ્યને 'સાધન' કે 'હેતુ' કહેવામાં આવે છે. અને વ્યાપક (અગ્નિ)ને સાધ્ય કહેવામાં આવે છે.

જ્યાં સાધ્ય અને સાધન બન્ને પરસ્પર સરખી રીતે વ્યાપ્યતા હોય ત્યાંની વ્યાપ્તિ સમવ્યાપ્તિ કહેવાય. જેમકે રૂપથી રસનું અથવા રસથી રૂપનું અનુમાન કરી શકાય છે.

વ્યાપ્તિ તર્કથી નિર્ણીત થાય છે. દાખલા તરીકે ધૂમ અગ્નિ વિના હોતો નથી. ધૂમ છે માટે અગ્નિ હોવો જોઇએ. કાં તો કાર્યથી કારણનું અનુમાન થાય કે પછી કારણથી કાર્યનું અનુમાન થાય.

અહમ્પથી, આગ્રહથી, બીજાની પરીક્ષા કરવા કે પોતાની પંડિતાઇનું પ્રદર્શન કરવા યા તો સામાને ઉતારી પાડવા આદિના ઇરાદાથી પ્રશ્ન પૂછવામાં આવે કે તર્ક કરવામાં આવે તો તે કુતર્કમાં જાય.

અનુમાન પ્રયોગના કેટલાક નમૂના આ પ્રમાણે છે:

(૧) અમુક પ્રદેશ અગ્નિવાળો છે, ધુમાડો હોવાથી.

(૨) શબ્દ અનિત્ય છે, ઉત્પન્ન થતો હોવાથી.

(૩) વીજળી થાય છે માટે વરસાદ થવો જોઇએ.

(૪) રોહિણી ઊગશે, કૃતિકા ઊગ્યું છે માટે.

(૫) અમુક ફળ રૂપવાન છે માટે રસવાન હોવું જોઇએ...ઇત્યાદિ.

આગમ પ્રમાણ:—જે શ્રુત હોય પણ દૃષ્ટ ન હોય તો તે આગમથી માનવું જોઇએ. દાખલા તરીકે મેરુ પર્વત.

બુદ્ધિથી અગમ્ય હોય તેને પણ આગમ (શાસ્ત્ર)થી માનવું જોઇએ. દાખલા તરીકે સમય, નિગોદના સ્વરૂપ ઇત્યાદિની વાતો.

અંશ અને નયે પ્રમાણથી વિરુદ્ધ ન જવું જોઇએ. પ્રમાણને અનુરૂપ નય હોવો જોઇએ. દુર્નય, કુનય, નયાભાસ એ પ્રમાણથી વિરુદ્ધ હોય છે. પ્રસ્તુત નય સિવાયના અન્ય નયોનો અપલાપ કર્યા વિના એકેક નયથી પદાર્થના એકેક ભાગને જાણવો અથવા એક નયથી પદાર્થના એક ભાગને જાણવો. પદાર્થના અન્ય ધર્મોનો અપલાપ કરવો તે નયાભાસ છે.

પ્રમાણ-પ્રમેય અને પ્રમાતા એટલે જ જ્ઞાન-જ્ઞેય અને જ્ઞાતા. વાસ્તવિક પ્રમાણ જો કોઇ હોય તો તે જ્ઞાન જ છે. અર્થાત્ જ્ઞાન જ પ્રમાણ છે. અને એમાંય માત્ર કેવલજ્ઞાન જ પ્રમાણભૂત છે. કેમકે કેવલજ્ઞાન કોઇ અન્ય પ્રમાણ વડે પ્રમાણિત નથી. કેવલજ્ઞાન સ્વયંસિદ્ધ અને સ્વસંવેદ્ય છે. જ્યારે કેવલજ્ઞાન સિવાયના પ્રમાણ અન્ય પ્રમાણ વડે પ્રમાણિત છે. બીજા પ્રમાણ બાબત તો એવું બને છે કે વસ્તુ જોઇએ કાંઇ અને સ્મરણ કરીએ કાંઇ. દાખલા તરીકે સફેદ સાડલા પહેરેલ મહિલા-વૃંદને જોતાં સ્મરણ કોકના મરણનું થાય. અહીં દૃશ્ય અને સ્મરણ જુદાં છે.

કેવલજ્ઞાન સર્વપ્રમાણ છે કેમકે કેવલજ્ઞાન તો સાકાર, નિરાકાર, એકાકાર, સર્વાકાર અને શૂન્યાકાર છે. માટે જ સ્વયંસિદ્ધ છે. કેવલજ્ઞાન, વિશેષ ઉપયોગ હોવાને કારણે સાકાર છે; અમૂર્ત હોવાને કારણે નિરાકાર છે, સર્વ કાંઇ, સર્વ ગુણપર્યાય સહિત કેવલજ્ઞાનમાં પ્રતિબિંબિત થવા છતાં કેવલજ્ઞાની સ્વરૂપ રમમાણ જ રહે છે તેમજ કેવલજ્ઞાન સાદિ-અનંત એનું એ જ અને એવું ને એવું જ રહેતું હોવાને કારણે એકાકાર છે; સર્વ કાંઇ તેની સર્વ ગુણ પર્યાય સહિત યુગપદ પ્રતિબિંબિત થતું હોવાના કારણે સર્વાકાર છે અને સર્વ કાંઇ તેના સર્વ ગુણ પર્યાય સહિત કેવલજ્ઞાનમાં પ્રતિબિંબિત થવા છતાં કેવલજ્ઞાનીની વીતરાગતાને કે કેવલજ્ઞાનને તેની કોઇ અસર થતી નથી તેથી શૂન્યાકાર છે.

કેવલ જ્ઞાન જ પ્રમાણ છે એ સંદર્ભમાં ભગવાન મહાવીર સ્વામીજીના સ્તવનમાં અવધૂત યોગીશ્રી આનંદઘનજી મહારાજે ગાયું છે કે.....

'નય નિક્ષેપે રે જેહ ન જાણીએ જિહાં પ્રસરે ન પ્રમાણ.'

જે પદાર્થનું અસ્તિત્વ છે તેનું કાર્ય છે. તે જ્ઞાનનો વિષય પણ છે તેમજ સંસારી જીવના અનુભવનો પણ વિષય બને છે. જે પદાર્થનું અસ્તિત્વ નથી તેનું કોઇ કાર્ય નથી. જ્ઞાનનો તે વિષય પણ નથી અને જીવના અનુભવનો પણ વિષય નથી. જ્યારે નય એ જીવોનું જીવન છે.

જે ઇન્દ્રિયોથી અતીત થયાં છે તેઓ જેમ રાગ-દ્વેષથી પર વીતરાગ છે એમ ઇન્દ્રિય જનિત સુખદુઃખથી પણ પર એવાં તૃપ્ત-પૂર્ણકામ આનંદ સ્વરૂપ છે.

આધ્યાત્મિક સાધના પામવા માટે સાત નયોને સમજવાના છે. શરીરમાં જેમ આત્મબુદ્ધિ કરી સંસારભાવ કરીએ છીએ તેમ આત્માને પરમાત્મા માનીને નિરાવરણ બની સ્વયં પરમાત્મા થવા માટે સાધના કરવાની છે.

નય તથા સ્યાદ્વાદનો અર્થ માધ્યસ્થતા-ઉદારતા-વિશાળતા છે. અને માધ્યસ્થતા-ઉદારતા-વિશાળતા વિના વીતરાગતા સંભવિત નથી. સહુ કોઇ નયવાદ-સ્યાદ્વાદને સમજી વીતરાગતા પ્રતિ વિકાસ કરો એવી હાર્દિક શુભકામના!

—સંકલન: સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી

'પ્રબુદ્ધ જીવન' અંગે સૂચનાઓ

* 'પ્રબુદ્ધ જીવન'માં સામાન્ય રીતે કાવ્ય, વાર્તા અને નાટક ઇત્યાદિ લેવાતાં નથી. ધર્મ, અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, સમાજ, રાજકારણ, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન, આદિ જીવનનાં વિવિધ ક્ષેત્રો અને વિષયો પરના લેખોને આ પત્રના ધોરણ અનુસાર સ્થાન અપાય છે.

* પ્રગટ થતા લેખોને યોગ્ય પુરસ્કાર આપવામાં આવે છે.

* લખાણ સારા અક્ષરે ફૂલસ્કેપ કાગળ પર શાહીથી એક બાજુ લખાયેલું હોવું જરૂરી છે. અસ્વીકૃત લખાણ પાછું મોકલાતું નથી. તેથી લેખકોએ લેખની એક નકલ પોતાની પાસે રાખવી. ટપાલમાં કે અન્ય કારણે ગુમ થયેલ લેખ માટે અમે જવાબદાર નથી.

* વિષયોનું વૈવિધ્ય અને પૃષ્ઠસંખ્યાની મર્યાદા જળવીને લેખો પ્રગટ કરવામાં આવે છે. લેખ કયારે પ્રગટ થઇ શકશે તે ચોકકસ જણાવવાનું મુશ્કેલ છે.

* 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતા લેખોમાં રજૂ થતા વિચારો તે તે લેખકોના છે. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીની કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની તે વિચારો સાથે સહમતી હોવાની જવાબદારી રહેશે નહિ.

* લેખ મોકલવાથી માંડીને વ્યવસ્થા અંગેનો તમામ પત્રવ્યવહાર 'સંઘ'ના કાર્યાલયના સરનામા પર કરવા વિનતિ.

—તંત્રી

મહામાત્ય વસ્તુપાલ રચિત સ્તોત્રો

ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા

આબુ અને ગિરનાર ઉપરનાં સુપ્રસિદ્ધ જૈન મંદિરો બાંધનાર, મહામાત્ય વસ્તુપાલ (સમય વિક્રમનો ૧૩મો સૈકો) એક નિપુણ રાજપુરુષ અને કાર્યદક્ષ મંત્રી હતો, એટલું જ નહીં પણ તે વિદ્યાકલાનો આશ્રયદાતા હતો અને સ્વયં પણ સંસ્કૃત ભાષાનો એક નોંધપાત્ર કવિ હતો. એની કૃતિઓમાં 'નરનારાયણાનંદ' નામનું સંસ્કૃત મહાકાવ્ય છે, જેમાં નર અને નારાયણ-અર્જુન અને શ્રીકૃષ્ણનું રૈવતક પર્વત ઉપર પરિભ્રમણ તથા અર્જુને કરેલું સુભદ્રાનું હરણ-એ વિષય વર્ણવેલો છે. માઘ કવિના 'શિશુપાલવધ'ની શૈલીએ રચાયેલું આ કાવ્ય સંસ્કૃત મહાકાવ્યોમાં ગુજરાતનું એક વિશિષ્ટ અર્પણ છે.

આ ઉપરાંત વસ્તુપાલે ચાર સંસ્કૃત સ્તોત્રો રચ્યાં છે :

(૧) આદિનાથ સ્તોત્ર : પહેલા તીર્થંકર આદિનાથ અથવા ઋષભદેવને ઉદ્દેશીને લખાયેલું ૧૨ શ્લોકનું આ સ્તોત્ર છે. આ સ્તોત્રને 'મનોરથમય' કહ્યું છે, કેમ કે ધાર્મિક અને આધ્યાત્મિક વિષયો પરત્વે પોતાના ઊંડા મનોરથો વસ્તુપાલે તેમાં વ્યક્ત કર્યા છે. આ સ્તોત્રના છેલ્લા શ્લોકમાં કવિ પોતાને 'ગુર્જર ચક્રવર્તી સચિવ' કહે છે.

(૨) નેમિનાથ સ્તોત્ર : આબૂસમા તીર્થંકર નેમિનાથને ઉદ્દેશીને લખાયેલું આ ૧૦ શ્લોકનું સ્તોત્ર છે. આ સ્તોત્રને 'અષ્ટક' પણ કહેવામાં આવે છે, કારણ કે ખરું સ્તોત્ર તો આઠ શ્લોકમાં જ છે, જ્યારે બાકીના બે શ્લોકમાં કર્તાએ પોતાનો પરિચય આપ્યો છે. એમાં (શ્લોક ૯) કવિએ પોતાને 'શારદાધર્મ-સૂનુ' અર્થાત્ સરસ્વતીનો ધર્મપુત્ર કહ્યો છે.

(૩) અંબિકા સ્તોત્ર :- તીર્થંકર નેમિનાથની શાસનદેવી તથા વસ્તુપાલ જે જ્ઞાતિનો હતો તે પ્રાગ્વાટ-'પોરવાડ' જ્ઞાતિની કુળદેવી અંબિકાને ઉદ્દેશીને લખાયેલું આ ૧૦ શ્લોકનું સ્તોત્ર છે. આ પણ, ખરું જોતાં, 'નેમિનાથ સ્તોત્ર'ની જેમ, અષ્ટક જ છે, કારણ કે ૯મા શ્લોકમાં ભક્ત ઉપર અનુગ્રહ કરવા માટે દેવીને પ્રાર્થના છે અને ૧૦મા શ્લોકમાં કર્તાનો ઉલ્લેખ છે એમાં અંબિકાને 'હિમાલય પર અવતાર લેનાર' અને 'હૈમવતી' (શ્લોક ૧), 'કુષ્માંડી' (શ્લોક ૨, ૩, ૪), 'પુરુષોત્તમ વડે સન્માનિત' (શ્લોક ૬) અને વળી 'સરસ્વતી' (શ્લોક ૯) એવાં વિશેષણો વડે વર્ણવેલી છે. એ બતાવે છે કે પાછળના સમયમાં દેવતાવિષયક જૈન માન્યતાઓ ઉપર બ્રાહ્મણ ધર્મની પણ કેટલી અસર થઈ હતી.

(૪) આરાધના : ૧૦ શ્લોકનું આ સાદું વૈરાગ્યમય કાવ્ય છે, તેમાં સંસારની ક્ષણભંગુરતાનો અને એકમાત્ર તરણોપાય તરીકે ધર્મનો નિર્દેશ છે. એને એક શ્લોક (न कृतं सुकृतं किञ्चित् सतां संस्मरणोचितम्) આપણને 'પ્રબન્ધચિંતામણિ', 'પ્રબન્ધકોશ' અને પુરાતનપ્રબન્ધ સંગ્રહ' મળે છે. અને ત્યાં એ શ્લોક, વસ્તુપાલ મરણપથારીએ પડેલો છે એ પ્રસંગે તેના મુખમાં મુકાયેલો છે. પ્રબન્ધોમાંના આ પ્રકારના ઉલ્લેખને ઐતિહાસિક સત્યનો આધાર હોય એમ જણાય છે, કારણ કે 'આરાધના'ના છેલ્લા કર્તા આહારનો ત્યાગ કરી શાન્તિથી મરણને ભેટવાનો નિશ્ચય કરે છે. 'આરાધના' એ ઘણું કરીને વસ્તુપાલની છેલ્લી કૃતિ છે.

'નરનારાયણાનંદ'માં વસ્તુપાલ મહાકાવ્યના સાહિત્યપ્રકારના એક વિશિષ્ટ રચયિતા તરીકે દેખાય છે. તો આ સ્તોત્રોમાં આપણે એને ઉત્તમ ઊર્મિકવિ તરીકે જોઈએ છીએ. એનાં ચારેય સ્તોત્રો ભક્તિભાવથી પરિપ્લાવિત છે એ સાથે સાહિત્યિક શૈલી ઉપર પણ કર્તાનો કાબૂ એ વ્યક્ત કરે છે. બે - ત્રણ ઉદાહરણો જોઈએ. 'આદિનાથ સ્તોત્ર'માં કર્તા પોતાના મનોરથો આમ વ્યક્ત કરે છે :

संसारव्यवहारतो रतिमडतिव्यावर्त्य कर्तव्यता
वार्तामात्मपहाय चिन्मयतया त्रैलोक्यमालोकयन्
श्रीशत्रुंजयशैलगह्वरगुहामध्ये निबद्धस्थितिः
श्रीनाभेय कदा लभेय गलितज्ञेयाभिमानं मनः

અર્થાત્ સંસાર વ્યવહારમાંથી પ્રીતિ પાછી ખેંચી લઈને, કામકાજની વાત દઈને, ચિન્મયપણે ત્રૈલોક્યનું આલોકન કરીને, શત્રુંજય પર્વતની એકાદ ગુફામાં સ્થિતિ કરીને, હે નાભિના પુત્ર ઋષભદેવ! મારા મનને હું અભિમાનરહિત ક્યારે બનાવી શકીશ :

आस्यं कस्य न वीक्षितं ? कव न कृता सेवा ? न के वा स्तुताः ?
तृष्णापूरपराहतेन विहिता केषां न चाभ्यर्थना ? ।
तत् त्रातर्- विमलाद्रिनन्दनवनीकल्पैकपल्पद्रुम
त्वामासाद्य क्वा कदर्थनमियं मूर्योऽपि नाहं सहे ॥

અર્થાત્ કોના મોં સામે નથી જોયું ? ક્યાં સેવા નથી કરી ? કોની સ્તુતિ નથી કરી ? તૃષ્ણાના પૂરમાં અટવાઈને કોની અભ્યર્થના નથી કરી ? હે ત્રાતા! વિમલાદ્રિ-શત્રુંજયારૂપી નન્દનવનમાંના કલ્પવૃક્ષ! તને હું ક્યારે પ્રાપ્ત કરીશ ? અને મારી કદર્થનાનો ક્યારે અંત આવશે ?

અને 'નેમિનાથ સ્તોત્ર'માં કવિએ કરેલું નેમિનાથનું ગૌરવશાળી વર્ણન જુઓ-

जयत्यसमसंयमः शमितमन्मथप्राभवो
मवोदधिमहातरिर्दुरितदावपायोधरः ॥
तपस्तपनपूर्वदिक् कलुषकर्मवल्लीगजः ।
समुद्रविजयाऽङ्गजस्त्रिभुवनैकचूडामणिः ॥ (શ્લોક ૧)

અર્થાત્ અસમ સંયમવાળા, મન્મથને શાન્ત કરનાર, ભવોદધિ માટે મહાન નાવ, પાપરૂપી દાવાનળ માટે મેઘ, તપરૂપી સૂર્ય માટે પૂર્વ દિશા સમાન અને કલુષિત કર્મવલ્લીનો નાશ કરવા માટે ગજ સમાન, ત્રિભુવનના એક માત્ર ચૂડામણિ, સમુદ્રવિજયના પુત્ર (નેમિનાથ) જય પામે છે. *

સંઘ દ્વારા બે નેત્રયજ્ઞ

* સંઘના આર્થિક સહયોગથી શ્રી વિશ્વવત્સલ ઔષધાલય અને શ્રી ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ-ચુંદી દ્વારા ગુજરાતમાં સાણંદ તાલુકાના માણકોલ ગામે રવિવાર, તા. ૧લી નવેમ્બર, ૧૯૮૭ના સવારે ૯-૦૦ વાગે નેત્રયજ્ઞ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ, ઉદ્ઘાટક શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ અને અતિથિવિશેષ શ્રી શાંતિલાલ ખાવચંદ ગાંધી છે.

* કડોદ હરિપુરા વિભાગ વેલફેર સોસાયટી સંચાલિત શ્રી દામોદર ગાંધી હોસ્પિટલ દ્વારા અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આર્થિક સહયોગથી સુરત જિલ્લાના કડોદ ખાતે શનિવાર, તા. ૭મી નવેમ્બર, ૧૯૮૭ના સવારના ૯-૦૦ વાગે નેત્રયજ્ઞ યોજવામાં આવ્યો છે.

રોબર્ટ પેનવોરેન અને કવિતા

• ડા. પ્રવીણ દરજી

કવિતાના શોખીનોએ અમેરિકન કવિ રોબર્ટ પેનવોરેનનું નામ જરૂર સાંભળ્યું હશે. જીવનના આઠ દાયકા વીતાવી ચૂકેલા આ સર્જકે કવિતા ઉપરાંત નવલકથા, વિવેચન વગેરે ક્ષેત્રોમાં પણ મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું છે. રોબર્ટ પેનવોરેને માત્ર ઉત્તમ કવિતા આપી છે. એટલું જ નહિ, ઉત્તમ કવિઓનું ઘડતર પણ કર્યું છે, ને ઉત્તમ કવિતાને પામવાની ચાવીઓ પણ શીખવી છે. આવો પ્રભાવક સર્જક અંદર કેવી મથામણો અનુભવતો હશે અથવા તો કયાં પરિબળોએ તેને આવો મહાન સર્જક બનાવ્યો હશે–એ જાણવાની માનવસહજ વૃત્તિ આપણામાં રહી હોય છે. વૉરેન જેવા બહુમુખી સર્જક માટે તો ખાસ અહીં એના જ શબ્દોમાં એની લાક્ષણિક પ્રતિભા વિશે થોડીક વાતો કરીશું:

કવિતા વિકાસ પામતા જતા મારા જીવનનો જ એક ભાગ હતી. મારા પિતા એક નાના ગામડામાં વેપારી હતા અને કેન્ટુકીમાં એક સ્થાનિક બેંક ચલાવતા હતા. બાળકો સામે દરરોજ તેઓ મોટેથી કવિતાઓ વાંચતા. મારાં મા પણ એ પ્રકારે જ કવિતા વાંચતાં. ઉનાળો ગાળવા માટે દાદીમા પાસે જતો ત્યારે તે પણ કવિતાની પંક્તિઓ મને સંભળાવતાં. અમારું ઘર હકીકતમાં, પુસ્તકોથી ઉભરાતું હતું.

એક દિવસે પુસ્તકોના ઘોડામાં, દીવાલને અડીને પડેલી, કાળા પૂંઠામાં બંધાયેલી એક વિચિત્ર ચોપડી મળી આવી. એ 'અમેરિકાના કવિઓ' નામનું પુસ્તક હતું. એ ખોલીને જોયું તો એમાં મારા પિતાજીની છબી હતી. બાવીસેક વર્ષની ઉંમરનો, તેમની ભરજુવાનીનો એ ફોટો હતો અને એની સાથે એમનાં થોડાંક કાવ્યો એમાં છાપેલાં હતાં. મેં તરત એ પુસ્તક લઈને પિતાજીને બતાવ્યું. એમણે તો 'તે મને આપી દે' એમ કહીને પુસ્તક મારી પાસેથી લઈને ચાલતી પકડી. પછી એ પુસ્તક ફરીથી જોવા જ ન મળ્યું. એમણે જ્યારે કાયદાનો અને ગ્રીક ભાષાનો અભ્યાસ આદર્યો હતો ત્યારે એ રચનાઓ સર્જી હતી.

તેમણે કયારેય કવિતા વિશે મારી સાથે વાત કરી નથી. પણ એકવાર કોઈ એક સામયિકમાં મારી કવિતા દેખી હશે ત્યારે મીઠી ટકોર કરી હતી. મેં એ કાવ્યની નીચે 'પેનવોરેન' શબ્દોમાં સહી કરી હતી. એમણે તેથી કહ્યું, 'એ પૂરું નામ નથી. શું તને રોબર્ટ નામ પસંદ નથી?' મેં કયારેય એકલું 'પેનવોરેન' લખ્યું નથી.

પછી, એ લગભગ એંશીએ પહોંચ્યા હશે ત્યારે પીળા રંગના ટાઇપિંગ કાગળના બંધામાં હું પડ્યો. એ અરસામાં, જૂના કાગળ ઉપર 'આર. એફ. ડબ્લ્યુ'ની ટૂંકી સહી સાથે લખાયેલી તેમની કેટલીક કવિતાઓ મને મળી આવી.

કવિ થવાનું મારા મનમાં જ નહોતું. મારો ધરાદો તો દાદાજીને પગલે લશ્કરી અફસર થવાનો હતો. નૌકાદળના અધિકારી થવા માટે એનાપોલીસ તેમજ મેરીલેન્ડ પણ ગયો હતો. કોંગ્રેસમેન તરફથી નિમણૂક માટેનું તે અંગે વચન પણ મળ્યું હતું. પણ એક અકસ્માતે ડાબી આંખમાં પથ્થર વાગતાં, અફસર માટેની જરૂરી એવી શારીરિક કસોટીમાંથી હું પસાર ન થઈ શકયો. પરિણામે હું વાન્ડરબિલ્ટ વિશ્વવિદ્યાલયમાં જોડાયો. અહીં અંગ્રેજી વિભાગમાં અસાધારણ પ્રતિભાવાળા જહોન ક્રોવ રેન્સમ જેવા શિક્ષક હતા, તો એલેન ટેટ જેવા કેટલાક તેજસ્વી વિદ્યાર્થીઓ પણ હતા.

દક્ષિણનો આ પ્રદેશ માટે, પ્રથમ વિશ્વયુદ્ધ વખતનો આ દિવસો સર્વ રીતે ઉચાટભર્યા હતા. બધાં જ ક્ષેત્રોમાં–વૃત્તિ વલણોમાં–પ્રશ્નો જ પ્રશ્નો હતા. પણ ક્રમશઃ પરિસ્થિતિ પછી બદલાય છે અને સાચી દિશામાં પણ કેટલીક ગતિ થતી જોવાય છે.

મારું પ્રથમ કાવ્ય પ્રસિદ્ધ થયું, હું સત્તરે પહોંચ્યો ત્યારે. વાન્ડરબિલ્ટમાં હતો ત્યારે સિટીઝન મિલિટરી ટ્રેઇનિંગમાં હું દાખલ થયો હતો. કેટલાંક નકલી યુદ્ધો અમે ત્યારે લડ્યા હતા, અને કલાકો સુધી રાઇફલ રેંજ ઉપર પણ કામ કર્યું હતું. આ વખતે પુષ્કળ સમય ફાજલ મળતો હતો. વળી તે સમયે પ્રકટ થતા એક સામયિકમાં દર અઠવાડિયે લખવા માટે પણ ટ્રેઇનિંગના અંતે મને કહેવામાં આવ્યું, મેં તે માટે હા પાડી. દરેક કાવ્ય કેવી રીતે જન્મ્યું, એ વિશે પણ મારે કહેવાનું આવતું.

ઘણીવાર વાસ્તવિક પ્રસંગમાંથી કોઈક પંક્તિ ટપકી આવે છે. માતા સાથે જોયેલી એક સ્મશાનયાત્રાનો પ્રસંગ વર્ષો પછી કવિતાનું નિમિત્ત બન્યો હતો. એકવાર બરફીલા રસ્તા ઉપરથી પસાર થતો હતો ત્યાં જ લગભગ મને અડીને સુસવાટાબંધ એક તેતર ચાલી ગયું ને આથમતા સૂર્યમાં ઊડીને કોઈક અદૃશ્ય થઈ ગયું. કેટલાક દિવસ પછી આ અનુભવ કવિતામાં પરિણમ્યો. કેટલીકવાર કોઈક વાક્યખંડ કે ઉક્તિ આવી મળે, એનો કોઈ અર્થ પણ ન નીકળે છતાં પાછળથી કાવ્ય-સર્જનમાં એ ઘણી બધી રીતે ઉપયોગી બને. ઘણીવાર દૂર સુધી તરવા જતો ત્યારે પણ આવા ઘણા વિચારો આવતા. એ બધા હજારો વિચારોને મગજમાં સંઘરી રાખું છું ને પછી એને જાતથી અલગ કરીને ઉધડવા દઉં છું. લગભગ બધાં જ કાવ્યો આત્મવૃત્તાંતની સુવાસ લઈને જ કોઈક ને કોઈકે રીતે આવતાં હોય છે, ચિત્રમાં પડેલા પ્રસંગો એની રીતે વર્ષો પછી પણ ખૂલે, કયાંક, કોઈકે રીતે એ બધું જોડી આપે, સર્જી આપે–આપમેળે.

એક અર્થમાં દરેક કાવ્ય એક પ્રતીક છે. સર્જક કે ભાવકને અભિપ્રેત છે એના કરતાં પણ એ કંઈક વધુ અર્થ ધરાવે છે. જો એમ ન હોય તો કાવ્ય તરીકે એનું અસ્તિત્વ જ ન ટકે. ભાવકમાં રહેલા એના પોતાના કાવ્યને જગવી આપે એવો સંકેત કવિતાએ બનવાનું હોય છે.

પછી એક લાંબા ગાળા સુધી, એટલે કે ૧૯૪૦થી આરંભીને ૧૯૫૦ સુધીનાં વર્ષોમાં, મેં લગભગ કવિતા લખવાનું બંધ કર્યું, માત્ર અપવાદરૂપે 'બ્રધર્સ ટુ ડ્રેગન્સ' એ એક જ કાવ્ય થયું હતું. આ વર્ષોમાં હું કથાસાહિત્યના લેખન તરફ વળી ગયો હતો.

એ પછી મેં લગ્ન કર્યાં. પત્ની સાથે ઘણો બધો સમય પછી તો ઇટાલીમાં વીતાવ્યો. સત્તરમી સદીમાં મોટા પાયા ઉપર નષ્ટ થયેલા લશ્કરી કિલ્લાઓ વિશે, ગમે તે કારણે, પણ મારી

પત્નીને તેની મોટી જાણકારી હતી. ત્યાં પણ અમે અમારો ઘણો સમય વ્યતીત કર્યો, સાગરકાંઠાના એવા કિલ્લામાં. જિંદગી ભરપૂર આનંદનું રૂપ છે, એવું ત્યારે હું પ્રતીત કરતો હતો. અમે પૂરું એક વર્ષ ત્યાં રહ્યાં. અમારી પુત્રી પણ એ દરમ્યાન એક વર્ષની થઇ ગઇ હતી. સાગરકિનારાના આ કિલ્લામાંના નિવાસ દરમ્યાન કયા પ્રકારની લાગણીઓ થઇ આવતી હતી, તેને હું સમજી શકતો નહોતો. પણ મેં આ સ્થળ વિશે કાવ્ય લખવાનો પ્રયત્ન કર્યો. એ વખતે મારી આ નાની દીકરીને ત્યાં એક જૂના, લોહી છંટકાયેલા પથ્થર પાસે, ઊભી રહેલી જોઇ. બસ, પછી તો એક જ દિવસમાં મેં 'સિરોકકો' કાવ્ય લખ્યું સોનેટનો ઘાટ ધરીને એ રચના બની આવી હતી. ને મેં એકાએક તેમાંની એક સોનેટ પંક્તિને તોડી અને ત્યાં તો પેલું કાવ્ય આખું ને આખું સ્વપ્નની જેમ સરી આવ્યું. એ ક્ષણથી, કવિતા લખવાનું મેં ખરેખરું શરૂ કર્યું, પછી તો કવિતાના પંદરેક સંગ્રહો પ્રકાશિત કર્યા.

કવિતા સમગ્ર ચેતના દ્વારા 'ફીલ' કરવાની વસ્તુ છે. એલેકઝાન્ડરનું એક કાવ્ય લો. એ કહે છે તેમ, 'આરોપી અપરાધી પુરવાર થયો ને ફાંસીએ દેવાયો.' કારણ કે જયુરીના માણસ બીજા દિવસની કંટાળાભરી બપોર સુધી બેસી શકે તેમ નહોતા. તેમને બપોરનું ખાણું લેવાની ઇચ્છા પણ હતી. પંક્તિ કંઇક આવી હતી : 'કંગાળ માણસોને ટૂંપો દેવાયો જેથી જયુરીના માણસો ભોજન લઇ શકે.' આ પંક્તિની આખી ગતિ તલવારની અણીની જેમ, આપણને ખૂંપી રહે તેવી છે. આપણા શરીરને એકદમ જે સ્પર્શી રહે છે તે એનો સ્પર્શ છે. કલ્પન વગેરેનું બીજું અનુભવવિશ્વ પણ કવિતામાં હોઇ શકે. પણ પાયા રૂપે આપણને જમૈયાની માફક ખૂંપીને જે અનુભવ કરાવે છે એ વાત કવિતામાં મહત્વની છે. મોટા ભાગના માણસો આ વસ્તુ સમજતા નથી. તે તો એમ જ માને છે કે કવિતા એટલે બધું સુન્દર, સુન્દર. જૂઠ, કવિતા તો જીવન છે, એક મર્મસ્પર્શી અનુભવ છે.

કાવ્ય સમજવાની સાચી યુક્તિ એ છે કે કવિતા પોતાની જાતે વાંચવી જેથી તેના વાચનની સાથે રચનાને આપણે સાંભળી પણ શકીએ. શબ્દોને કશું કહેવાનું નથી. શબ્દની સમગ્ર હલચલ સ્નાયુઓ દ્વારા જ સિદ્ધ થતી જણાશે. મારે એ જોવું છે કે એ કેવી રીતે આસ્વાદાય છે, કેવી રીતે સ્નાયુઓનું નાટક રચનાને 'ફીલ' કરાવે છે, અંદરથી હલાવી મૂકે છે. ભાષા માત્ર કાગળ ઉપરની સંજ્ઞા નથી. એનું કામ કશુંક સંભળાવવાનું છે જે અવાજ આપણા શરીરને પેલા ભાવજગતની પ્રતીતિ તો કરાવે જ સાથે આપણી નજર સામે એને જીવતું-જાગતું-દેખાતું કરી મૂકે. એથી જ કાવ્યને પુનઃ પુનઃ યાદ કરવું જોઇએ, મોઢે કરવું જોઇએ ને મોટેથી તેનો પાઠ કરવો જોઇએ. કાવ્યસમજ માટે એ સૌથી વધુ મહત્વની બાબત છે.

જ્યારે હું શાળામાં હતો, ત્યારે કાવ્યોના આવા મુખપાઠ ઉપર ગુણ આપવામાં આવતા હતા. વાન્દરબિલ્ટમાં, અંગ્રેજીના અભ્યાસક્રમમાં મારે એક સત્રમાં પાંચસો જેટલી પંક્તિઓ મોઢે કરવાની આવતી હતી. આજે આપણા યુવાનોને આવું કશું કહેવામાં આવતું નથી. યેલ યુનિવર્સિટીમાં અધ્યાપનકાર્ય દરમ્યાન સેમિનારમાં વિદ્યાર્થીઓને હું અચુક આવી પંક્તિઓ બોલવાનું કહેતો. એક જ વખત મને એવી વ્યકિત મળી હતી, જેણે આવી પંક્તિઓની પંક્તિઓ મને સંભળાવી, આધુનિક જુવાનિયાને કવિતા વિશે શીખવાની કોઇ તક જ મળતી નથી. દુનિયાની વારતવિકતા હવે એ થઇ પડી છે કે શિક્ષણમાં જીવવું કે ભુલાઇ ગઇ છે કે નષ્ટ થઇ ગઇ છે.

કોંગ્રેસના એક ઠરાવથી લાઇબ્રેરી ઓફ કોંગ્રેસમાં 'કન્સલ્ટન્ટ ઇન પોએટ્રી'ની જગા ઊભી કરવામાં આવી છે. આજે એને કેમ તે શીખવાડાતું નથી અથવા તો જીવનને કેવી રીતે ઘડવું તે બતાવાતું નથી. પંડના ઘડતર માટેની આખી બાજુ જ જાણે 'પોએટ લોરીએટ' કહેવામાં આવે છે. આ હોદ્દો એક જાતની નોકરી-ધંધો છે. મેં પણ ૧૯૪૪ અને ૧૯૪૫માં એ હોદ્દો ભોગવ્યો છે એ જગા માટે હું બીજો હતો.

લોકોએ મને પૂછ્યું કે, 'આવી જગા કવિતા માટે કોઇ રીતે ફળદાયી બની શકે ?'-મને ખબર નથી કે તે ઉપયોગી બની શકે કે કેમ ? આવાં કોઇ કાર્યોથી અમેરિકન સમાજની પ્રકૃતિ ન બદલી શકાય. એથી કવિતાની આસ્વાદક્રિયામાં પરિવર્તન થઇ શકતું નથી કે કવિતા વધુ મહત્તા પામશે એમ પણ નથી. પ્રશ્ન એનાથી પણ વધુ ઊંડો-સમાજના મૂળમાં પડેલો છે.

પહેલાં કરતાં કવિતા હવે વધુ વંચાય છે. સારાં, રૂપકડાં પ્રકાશનો થાય છે. કેટલાક એવાં પુસ્તકો ખરીદે છે, કેટલાક એને વાંચે પણ છે, પણ તેઓ ખરેખર શું વાંચે છે ? ભયજનક બાબત એ છે કે ઘણી બધી નબળી કવિતાઓ લખાય છે ને પ્રશંસાય છે. જેમ્સ ડીકી, રિચાર્ડ એબરહાર્ટ, રિચાર્ડ વીલ્બર અને એડવર્ડ હીર્સ જેવા કેટલાક સારા, જુવાન કવિઓને મેં હમણાં વાંચ્યા. પણ આગળની સદીમાં એઝરા પાઉણ્ડ કે ટી. એસ. એલિયટમાં બન્યું છે તેમ, આપણા આજના સમયમાં કાવ્યસર્જનના કેન્દ્રમાં કશું ક્રાન્તિકારી લાગતું નથી. પોતાના પૂર્વસૂરિઓના કરતાં એક ભિન્ન એવા જુદા જ વિશ્વનો આજના કવિને અનુભવ છે તો પણ! એલિયટ કે પાઉણ્ડના કાવ્ય વિશેના સર્વસામાન્ય અભિપ્રાયો સાથે હું સંમત થતો નથી, પણ તેમણે સમાજ અને ભાષા વચ્ચેના સંબંધનો જે મૂળભૂત વિભાવ રજૂ કર્યો હતો. તેની સાથે હું સંમત છું. *

'પ્રબુદ્ધ જીવન' અંગે

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન અને વાર્ષિક સભ્યો, શુભેચ્છકો, 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો અને ચાહકો, લેખક-મિત્રો અને વિવિધ સંસ્થાઓના કાર્યકર્તાઓને નમ્ર અરજ છે કે-

(૧) 'પ્રબુદ્ધ જીવન'માં કોઇપણ ધંધાદારી પેઢી કે કોઇપણ સામાજિક, ધાર્મિક વગેરે પ્રકારની સંસ્થાઓની કોઇ પણ જાહેર ખબર (Advertisement) લેવામાં આવતી નથી.

(૨) 'પ્રબુદ્ધ જીવન'માં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ સિવાય અન્ય કોઇ સંસ્થાના કાર્યક્રમોની વિગતો કે સમાચાર (Anouncement) લેવામાં આવતાં નથી.

(૩) 'પ્રબુદ્ધ જીવન'માં 'સંઘ' સિવાયની અન્ય કોઇ સંસ્થાઓના થઇ ગયેલ કાર્યક્રમોના અહેવાલ પ્રગટ કરવામાં આવતા નથી.

(૪) અન્ય કોઇ પણ સંસ્થાઓ માટેની દાનની અપીલો છાપવામાં આવતી નથી.

(૫) સામાન્ય રીતે કોઇ પણ વ્યક્તિની અંગત સિદ્ધિઓના સમાચાર લેવામાં આવતા નથી. (અપવાદરૂપ સંજોગોમાં કાર્યવાહક સમિતિ તેનો નિર્ણય લઇ શકે છે.)

(૬) 'પ્રબુદ્ધ જીવન'માં ચિંતનાત્મક લેખો આપવામાં આવે છે; એટલે વ્યાખ્યાનો વગેરેના અહેવાલો લેખના સ્વરૂપના હશે અને 'પ્રબુદ્ધ જીવન'ના ધોરણને અનુરૂપ લાગશે તો જ સ્વીકારી શકાશે. લિ. **મંત્રીઓ**

મહાદેવી વર્મા

✍ મંજુ હગલી

હિન્દી સાહિત્યનાં સર્વાધિક પ્રતિભાવાન કવયિત્રી અને યુગ પ્રવર્તક ગદ્યકાર મહાદેવી વર્માએ સાહિત્ય ઉપરાંત સ્ત્રીકેળવણી, સમાજસેવા અને રાષ્ટ્રજાગૃતિના ક્ષેત્રે આગવું પ્રદાન કરીને બહુમુખી પ્રતિભાનો પરિચય કરાવ્યો છે. ત્રણેક વર્ષ પહેલાં તેમના 'યામા' કાવ્યસંગ્રહને જ્ઞાનપીઠ પારિતોષિક એનાયત થયું ત્યારે શ્રીમતી થેચરના હસ્તે એ સ્વીકારતી વેળા તેમણે કહેલું: 'કવિતા માનવમનની આબોહવા બદલવાની સમર્થ શક્તિ ધરાવે છે...સ્નેહ, સમતા, સમાનતા, બંધુત્વ અને માનવગૌરવ વિનાનું જીવન માનવજાત માટે વિનાશકારી બનશે.'

મહાદેવીનો જન્મ ૧૯૦૭ની ચોવીસમી માર્ચે, હોળીના તહેવારના દિવસે ઉત્તર પ્રદેશના ફારુકાબાદમાં થયેલો. એમની કાયસ્થજાતિમાં દહેજના ડરથી દીકરીને જન્મતાં જ દૂધ પીતી કરી દેવાનો રિવાજ હોવા છતાં આ કુટુંબમાં ૨૦૦ વર્ષે એક દીકરી જીવતી રહેવા પામી એટલું જ નહિ, એનો ઉછેર પણ લાડ-પ્યારમાં થયો. એમના દાદાની દુર્ગામાતા પ્રત્યેની આસ્થાને કારણે નામ મહાદેવી પડ્યું. વિદ્વાન પિતા ગોવિંદપ્રસાદની કાળજીભરી દેખરેખ નીચે મહાદેવી ચિત્ર, સંગીત, હિન્દી, ઉર્દૂ અને અંગ્રેજી ભણવા લાગ્યાં. માતા હેમરાનીદેવીના ભક્તિનિષ્ઠાવાળા સંસ્કારે તેમનામાં સંગીત અને ભજનનો રસ જગાડ્યો અને ૬-૭ વર્ષની ઉંમરે જ નાની કવિતાઓ અને જોડકણાં રચવા લાગ્યાં. મેટ્રિક થતા સુધીમાં તો એ તેજસ્વી વિદ્યાર્થિનીએ ઘણાં કાવ્યોની રચના કરી નાખેલી. ૧૯૩૨માં સંસ્કૃત વિષય સાથે એમ. એ.માં પ્રથમ વર્ગમાં પ્રથમ આવ્યાં ત્યારે તેમના બે કાવ્યસંગ્રહો પ્રકાશિત થઈ ચૂક્યા હતા અને કવિ તરીકે સારી પ્રસિદ્ધિ પણ મળી ચૂકેલી.

મહાદેવી બી. એ. થયાં પછી એમને સાસરે મોકલવાની તૈયારી કરતાં માતાપિતાને આ દૃઢ મનોબળવાળી કન્યાએ કહી દીધું, 'મારી અણસમજમાં થયેલાં લગ્ન મને માન્ય નથી અને હું સાસરે જવાની નથી.' મહાદેવીના લગ્ન એમના દાદાએ કાયસ્થ જાતિમાં જ એમની ૮-૯ વર્ષની ઉંમરે કરી દીધેલાં. એ સમયના સમાજમાં દીકરી સાસરે જવાની ના પાડે એ મોટો આંચકો આપનારું હતું. એમ. બી. બી. એસ. થયેલા એમના પતિએ પણ મહાદેવીને સમજાવ્યાં. પણ પોતાના મન વિરુદ્ધ કશું ન કરવાનો મહાદેવીનો દૃઢ સંકલ્પ હતો. એમના દિલમાં ન પતિ માટે આકર્ષણ જાગેલું, ન પરિણીત જીવન માટે. ૫૫-૬૦ વર્ષ પહેલાં કાયસ્થ જાતિમાં ક્રાંતિકારી ગણાય એવું પગલું લઈ પરિણીત મહાદેવીએ અપરિણીત અને પતિથી સ્વતંત્ર જીવન સ્વીકાર્યું.

બાળપણથી જ સંવેદનશીલ મહાદેવીના મનમાં સમાજમાં બહેનોને સહન કરવી પડતી યાતનાઓનું દુઃખ હતું, અને સાથે જ બૌદ્ધ ધર્મ સ્વીકારી બૌદ્ધ સાધ્વી થઈ પાલી સાહિત્યનું અને ધર્મનું ઊંડું જ્ઞાન સંપાદન કરવાની ઝંખના પણ હતી. સાધ્વી થવાનો નિર્ણય કરી તેઓ બૌદ્ધ સ્થવિરને મળવા ગયાં. વાતચીત દરમ્યાન આ ગુરુએ પંખાનો એક પડદો પોતાના ચહેરા આડે ધરી રાખેલો. પાછળથી એમના શિષ્યને પૂછતાં જાણવા મળ્યું કે ગુરુ મહારાજને સ્ત્રીનું મુખ પણ ન જોવાની પ્રતિજ્ઞા છે. બૌદ્ધ ગુરુઓની સ્ત્રીઓ પ્રત્યેની ઉપેક્ષાવૃત્તિ મહાદેવીથી સહન ન થઈ અને બૌદ્ધ સાધ્વી થવાની તેમની ઇચ્છા પર જ પડદો પડી ગયો. અને એ જ મહાદેવીએ ગાંધીજી પાસેથી કર્મયોગની દિક્ષા ગ્રહણ કરી. નાનપણથી જ ગાંધીજીના સંપર્કમાં તો હતાં જ. દિક્ષાવાળો પ્રસંગ સાંભળી ગાંધીજીએ કહ્યું: 'તારામાં તો શક્તિ છે, તારે બહેનોને ભણાવવાનું કામ ઉપાડી લેવું જોઈએ.' આ શબ્દોએ ચમત્કારી અસર કરી. સ્ત્રીશિક્ષણનું કામ કરવા તેઓ સંકલ્પબદ્ધ થયાં. અધ્યાપન-કાર્ય આરંભી દીધું.

તેઓ એમ. એ થયાં કે તરત જ, ૨૫ વર્ષની ઉંમરે પ્રયાગની મહિલા વિદ્યાપીઠમાં આચાર્ય તરીકે તેમની નિમણૂક થઈ, વિદ્યાર્થિનીઓમાં આત્મવિશ્વાસ અને કલા પ્રત્યેની અભિરુચિ જગાડવા સાથે એમણે જે પડકાર રૂપ કાર્ય કર્યું એ હતું ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે માતૃભાષાને માધ્યમ બનાવવાનું. અંગ્રેજીનું વર્ચસ્વ જ્યારે પૂરબહારમાં હતું ત્યારે હિન્દીને માતૃભાષા બનાવીને બહેનો માટે ઉચ્ચ શિક્ષણનાં દ્વાર ખોલી આપ્યાં.

આ જ સંસ્થામાં મહાદેવી ૧૯૬૦માં વાઇસ ચાન્સેલર નિમાયાં. સાડાચાર દાયકા અવિરત એક જ સંસ્થામાં નિષ્ઠાપૂર્વક કાર્યરત રહી મહાદેવી શિક્ષણના ભેખધારી બની રહ્યાં

આ વિદ્યાપીઠ પૂરતું જ એમનું જ એમનું શિક્ષણકાર્ય સીમિત નહોતું. અલાહાબાદની આજુબાજુનાં ગામડાંઓમાં જઈ, ત્યાંનાં બાળકોને ભેગાં કરી કથાવાર્તા કહેવી, અક્ષરજ્ઞાન આપવું, સ્વચ્છ અને સુઘડ રહેવાની પ્રેરણા આપવી, ગામડાંની બહેનોમાં ભળી જઈ તેમની મૂંઝવણો સાંભળવી, ઉકેલવી, આર્થિક મદદ કરવી, બહારગામ ગયેલા તેમના સ્વજનોને પત્ર લખી આપવા એ અભ્યાસકાળથી જ મહાદેવીની પ્રિય પ્રવૃત્તિ રહી હતી. તેઓ એક હરતીફરતી વિદ્યાપીઠ જેવાં બની રહ્યાં. ગામડાના લોકોના સુખદુઃખનો પરિચય મહાદેવીના ગદ્યસાહિત્યમાં બહુ સરસ ઝિલાયો છે.

આઝાદીની લડત વખતે જેલવાસ ભોગવતા સત્યાગ્રહીઓના કુટુંબીજનોની સારસંભાળ લેવાનું તથા જીવના જોખમે ક્રાંતિકારીઓને સાચવવાનું ભલભલા ડરી જાય એવું કામ કરતાં તેઓ અચકાયાં નથી પોલીસે બાળી દીધેલાં ગામડાંઓના લોકોની મદદ માટે પણ આ નીડર નારી પહોંચી ગઈ હતી.

સમાજમાં બધે વહેમ, અજ્ઞાન, ક્રૂર રૂઢિરિવાજો તથા પુરુષ વર્ગના ત્રાસ અને અત્યાચારનો ભોગ બનતી સ્ત્રીઓની અવદશા અને દુઃખ દર્દ જોઈ તેમનું દિલ દ્રવી ઊઠતું. નારી-જાગૃતિ અને સ્ત્રીઓની સમસ્યાઓ વિષે તેમણે ઘણા લેખો લખવા માંડ્યા. પણ આ ટૂંકું ચિંતન તેમને સળગતા ધરની આગની જ્વાલાને ખેતાં ખેતાં બુઝાઈ જવાની આજ્ઞા દેવા જેવું લાગ્યું. તેમની સક્રિય સંવેદના જાગૃત થઈ, નિરાશ અને હતાશ બહેનોને મળી, તેમના પ્રશ્નો સમજી, તેનો ઉકેલ લાવવાનું તેમણે શરૂ કર્યું. ઘણી અભણ બહેનોને શિક્ષણ કે બીજા

ઉદ્યોગોની તાલીમ અપાવી પગભર બનાવી. ઘણી યે વાર નિઃસહાય ફસાયેલી લાચાર બહેનોને અને તેમનાં નવજાત બાળકોને પોતાને ઘરે લઈ આવી કુટુંબના સભ્યની જેમ સાચવ્યાં છે.

અન્યાય પ્રત્યે સ્વભાવથી જ અસહિષ્ણુ મહાદેવીજીએ નારી શોષણ વિરુદ્ધ પદ્ધતિસરની જેહાદ જગાવતા લખેલા નિબંધો ('શૃંખલાકી કડિયાં') માં પૂરેપૂરો આક્રોશ ઠાલવ્યો છે. તેમાં તેમણે દરેક વર્ગની સ્ત્રીઓના પ્રશ્નો વિચાર્યા છે તથા તટસ્થ-ભાવે ઉકેલો પણ સૂચવ્યા છે. સ્ત્રીનું અજ્ઞાન અને આર્થિક પરાવલંબન તેમની સમસ્યાઓની જડ હોઈ તેમને શિક્ષિત અને સ્વાવલંબી બનાવવા સાથે કાયદાની દૃષ્ટિએ સ્ત્રીને વારસદાર બનાવવા પર ભાર મૂક્યો છે. પુરુષની હરીફ તરીકે નહિ, પણ સ્વત્વથી ભરેલું સ્ત્રીનું સ્વતંત્ર વ્યક્તિત્વ ખીલે એ માટે ક્રાંતિકારી વિચારો આપ્યા છે. દહેજ અને બળાત્કાર વિરુદ્ધ સમાજમાં આમુલાગ્ર ક્રાંતિની તરફેણ કરી છે.

અનેક સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના પ્રેરણાસ્રોત સમાં મહાદેવીજીએ બે સાહિત્યિક સંસ્થાઓનું નિર્માણ કરેલું. એમાં પ્રથમ છે પ્રયાગમાં ગંગાને કિનારે 'સાહિત્યકાર સંસદ.' એની સ્થાપના પાછળનો હેતુ હતો ગરીબ, બીમાર તથા પીડિત સાહિત્યકારોને આશ્રય મળે અને તેમનું સાહિત્યસર્જન ચાલુ રહે. આ સંસ્થાને આશ્રયે તેમણે ૧૯૫૧માં અખિલ ભારતીય સાહિત્યકાર સંમેલન યોજી ભારતના બધી ભાષાના સાહિત્યકારોને પ્રથમવાર એક મંચ પર એકત્રિત કર્યા હતા. ચિત્તભ્રમ જેવી હાલતમાં મુકાઈ ગયેલા કવિ નિરાલાજીને આ સંસ્થામાં રાખી વાત્સલ્યભાવે તેમની સેવા – સુશ્રુષા કરી હતી. મહાદેવીજીના સહતંત્રીપદે 'સાહિત્યકાર' નામના સામયિકનું પ્રકાશન પણ આ સંસ્થામાં શરૂ થયું હતું. હિન્દીની નાટ્યસંસ્થાની ખોટ પૂરી કરવા એમણે 'રંગવાણી' નામની એક સંસ્થાની પણ સ્થાપના કરેલી. હિન્દી જગત માટે સ્વયં મહાદેવી એક વ્યક્તિ નહિ, સંસ્થા પુરવાર થઈ છે.

મહાદેવીજીના પાંચ કાવ્યસંગ્રહો અનુક્રમે 'નિહાર', 'રશ્મિ', 'નીરજા', 'સાંધ્યગીત' તથા 'દીપશીખા' ૧૯૩૦ થી '૪૨ સુધીમાં પ્રકાશિત થયા. એમાં સંખ્યાબંધ કાવ્યગીતોની રચના કરીને ગીતરચનાને તેમણે વિકાસના શિખરે પહોંચાડી છે. ભાષાને ઘડી ઘડીને સ્નિગ્ધ, કોમળ તથા મધુર બનાવી છે. પ્રબળ ભાવપક્ષ તથા સમૃદ્ધ કળાપક્ષ સાથે તેમણે હિન્દી સાહિત્યમાં અનન્ય સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેઓ એક સારાં ચિત્રકાર પણ હોવાથી હિન્દીમાં ચિત્રકાવ્યની નૂતન શૈલીનો તેમણે આરંભ કર્યો. 'દીપશીખા'માં બધાં કાવ્યોની પૃષ્ઠભૂમિમાં કવિતાના ભાવને વ્યક્ત કરતાં સુંદર સ્વરચિત ચિત્રો પણ આપ્યાં છે. કવિતા, સંગીત અને ચિત્રની ત્રિવેણીસમી 'દીપશીખા'નું પ્રકાશન એ હિન્દી સાહિત્યની એક ઘટના છે.

હિન્દી કવિતાના છાયાવાદી યુગ (૧૯૧૫ થી ૧૯૪૦)માં કાવ્ય-સર્જન ઉત્કૃષ્ટ કોટિનું થયું છે. તેમાં રત્નભ સમા કવિઓ ગણાયા પ્રસાદ, પંત, નિરાલા અને મહાદેવી. છાયાવાદમાં રહસ્યવાદી રચનાકારોમાં પ્રમુખસ્થાન મહાદેવીનું રહ્યું છે. મહાદેવીએ રહસ્યવાદી ઊર્મિકાવ્યો દ્વારા ઉચ્ચતર અધ્યાત્મને આજના કવિની વાણીમાં મુખરિત કર્યું છે. સચરાચરમાં વ્યાપી અજ્ઞાત, અલૌકિક, નિર્ગુણ, નિરાકાર ઈશ્વરને પ્રિયતમ સ્વરૂપે તેમણે આરાધ્યો છે. ઘણા તેમને આધુનિક મીરા પણ કહે છે. તેમનો અધ્યાત્મભાવ સંતો જેવો શુષ્ક નહિ પણ જગત પ્રત્યે શ્રદ્ધા અને કુદરત પ્રત્યેના અસીમ પ્રેમથી ભરેલો છે. ચિર, સુંદર, નિત્યનવીન, બ્રહ્માંડના કણેકણમાં વ્યાપ્ત પ્રિયતમથી એમનું દિલ અભિન્ન, એકાકાર છે. એનો પરિચય શી રીતે આપવો? કવયિત્રી કહે છે:

તુમ મુઝમેં પ્રિય ફિર પરિચય ક્યા?
ચિત્રિત તૂ મૈં હું રેખાક્રમ
મધુર રાગ તૂ મૈં સ્વર સંગમ.
તૂ અસીમ મૈં સીમાકા ભ્રમ
કાયા છાયામેં રહસ્યમય
પ્રેયસી પ્રિયતમકા અભિનય ક્યા?

એમના પ્રસિદ્ધ કાવ્ય 'ક્યા પૂજન ક્યા અર્ચન રે'માં કહ્યું છે કે પોતાનું જીવન જ એક મંદિર છે. શ્વાસે શ્વાસે ઈશ્વરનું અભિવાદન થાય છે. વિરહવેદના એ જ ચંદન અને આંસુ એ જ અભિષેકનું જળ છે. ભારતીય દર્શનશાસ્ત્ર અને બધા ધર્મોના ઊંડા અભ્યાસી આ કવયિત્રી કોઈ પરંપરાગત રૂઢિ કે સંપ્રદાયમાં બંધાયાં નહોતાં. સૌન્દર્યાનુભવની પૃષ્ઠભૂમિ પર જ એમનો આધ્યાત્મિક રહસ્યભાવ કાવ્યનું ઝરણું બનીને વહી રહ્યો છે. એમનાં કાવ્યોમાં પ્રિયતમના મિલનની ઝંખના, એની પ્રાપ્તિની આરાધના તથા એના વિયોગની વિરહવ્યથાની સૂક્ષ્મ સઘન, કરુણમધુર અનુભૂતિઓનું પ્રાધાન્ય છે. દીપક અને વાદળી એમની કવિતાનાં મુખ્ય બે પ્રતીકો છે. એક બાજુ એમનો આત્મદીપક ઈશ્વર-પ્રાપ્તિને માર્ગે પ્રકાશ પાથરે છે તો એમનો જીવનદીપ પ્રાણી માત્ર પ્રત્યે કરુણા અને પ્રેમ પાથરે છે. એમનું જીવન તો સૂકી ધરતીને હરીભરી કરવા વરસી જતી અને વિસરાઈ જતી વાદળી સમું છે. 'મૈં નીર ભરી દુખકી બદલી' એ કલાત્મક કાવ્યગીતની અંતિમ પંક્તિઓ છે.

વિરતૃત નભકા કોઈ કોના
મેરા કભી નહીં અપના હોના
પરિચય ઇતના ઇતિહાસ યહી
ઉમડી કલ થી મિટ આજ ચલી...મૈં નીર ભરી

વેદના અને કરુણા સાથે દુઃખ પણ મહાદેવીજીની કવિતાનો એક મુખ્ય ભાવ છે. માનવમનને આર્દ્ર બનાવતા દુઃખ માટે તેમણે કહ્યું છે: દુઃખ મારે મન એક એવું કાવ્ય છે જે સમસ્ત સંસારને એક સૂત્રે બાંધી રાખવાની ક્ષમતા ધરાવે છે. આપણા અસંખ્ય સુખ આપણને માનવતાને એક પગથિયે પણ પહોંચાડી શકતાં નથી, જ્યારે આપણાં આંસુનું એક ટીપું પણ જીવનને વધુ ઉપયોગી, વધુ મધુર બનાવીને જ ટપકે છે.' મહાદેવીનાં પ્રેરણાગીતો જીવનને કર્મમાં પ્રવૃત્ત રાખવા આશા – ઉત્સાહ પ્રેરનારાં છે.

સમર્થ કવિ હોવા સાથે કુશળ ગદ્યકાર મહાદેવીના ગદ્યલેખને હિન્દી સાહિત્યમાં આગવું અને ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ખાસ કરીને એમણે લખેલાં વિવિધ રેખાચિત્રો ભાષા-શૈલી અને શિલ્પની દૃષ્ટિએ એક નવી જ ભાત ઉપસાવે છે. દીન-દરિદ્ર અને ઉપેક્ષિતોનાં રેખાચિત્રો હિન્દીમાં પહેલી જ વાર આ

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૪)

લબ્ધિ (અનુસંધાન પૃષ્ઠ ૧૦૨થી ચાલુ)

'આવશ્યક નિર્યુક્તિ'માં તથા 'પ્રવચન સારોદ્ધાર'માં ૨૮ પ્રકારની લબ્ધિ બતાવવામાં આવી છે. દિગમ્બર પરંપરાના ગ્રન્થ 'ષટખંડાગમ'માં ૪૪ પ્રકારની, 'વિદ્યાનુશાસન'માં ૪૮ પ્રકારની, 'મંત્રરાજ રહસ્ય'માં તથા 'સૂરિમંત્રબૃહત્કલ્પ વિવરણ'માં ૫૦ પ્રકારની અને 'તિલોય પણ્ણતી'માં ૬૪ પ્રકારની લબ્ધિ બતાવવામાં આવી છે. કોઈ કોઈ ગ્રન્થોમાં કોઈક લબ્ધિનાં નામોમાં અથવા એના પેટા વિભાગોમાં ફરક જોવા મળે છે.

સિદ્ધચક્રની આરાધનામાં પણ લબ્ધિઓનો મહત્ત્વનો ઉલ્લેખ છે. એમાં લબ્ધિધારકોને નમસ્કાર કરવામાં આવે છે. સિદ્ધચક્રમાં, એના યંત્રમાં એક આવર્તનમાં સોળ લબ્ધિપદ હોય છે. એ રીતે ત્રણ આવર્તનમાં સુપ્રસિદ્ધ એવાં ૪૮ લબ્ધિપદ આવે છે. ૐ હ્રીં અર્હં ણમો–એ મંત્રપદ સહિત લબ્ધિધારકોને પ્રત્યેકને નમસ્કાર કરવામાં આવે છે.

'પ્રવચન સારોદ્ધાર'માં બતાવ્યા પ્રમાણે ૨૮ લબ્ધિઓ નીચે પ્રમાણે છે. આ લબ્ધિઓ તપના પરિણામથી પ્રગટ થાય છે. જયશેખરસૂરિએ 'ઉપદેશ ચિંતામણિ'માં લખ્યું છે તે પ્રમાણે: परिणामतवबसेणं, एमाइं हुंतिं लद्धिन। (તપના પરિણામના વશથી આ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે.)

(૧) આમર્ષ ઔષધિ (આમોસહિ)

'આમર્ષ' એટલે સ્પર્શ. જે સ્પર્શ રોગનું નિવારણ કરનાર હોવાથી ઔષધિરૂપ હોય એને 'આમર્ષ ઔષધિ લબ્ધિ' કહેવામાં આવે છે. જે સાધકો પોતાના સ્પર્શમાત્રથી રોગનું નિવારણ કરવાની શક્તિ ધરાવતા હોય તેઓ આવી લબ્ધિવાળા કહેવાય છે.

(૨) વિપ્રૂષૌષધિ (વિપ્પોસહિ)

'વિપ્રુષ' એટલે વિષ્ટા અને મૂત્ર. જે યોગીઓનાં મળ-મૂત્ર ઔષધિ તરીકે કામ લાગે અને રોગનું નિવારણ કરી શકે તેવા યોગીઓ વિપ્રુષ લબ્ધિવાળા કહેવાય છે.

(૩) ખેલૌષધિ

'ખેલ' એટલે શ્લેષ્મ અથવા બળખો. જે સાધકોના ખેલ એમની લબ્ધિને કારણે સુગંધિત થઈ જાય છે અને તે વડે તેઓ બીજાના રોગનું નિવારણ કરવાને માટે સમર્થ બને છે તે ખેલૌષધિ લબ્ધિવાળા કહેવાય છે.

(૪) જલ્લૌષધિ

'જલ્લ' એટલે મેલ. આ લબ્ધિવાળા સાધકોનો શરીરનો મેલ લબ્ધિના કારણે સુગંધિત થઇ જાય છે અને બીજાના રોગોનું નિવારણ કરવાને માટે સમર્થ બને છે. તેઓ જલ્લૌષધિ લબ્ધિવાળા કહેવાય છે.

(૫) સર્વૌષધિ

જે સાધકોનાં મળ–મૂત્ર–શ્લેષ્મ, મેલ, નખ અને વાળ સુગંધવાળાં અને વ્યાધિનો નાશ કરવા માટે સમર્થ હોય તેમની લબ્ધિ સર્વૌષધિ લબ્ધિ તરીકે ઓળખાય છે.

(૬) સંભિન્નશ્રોતી

'સંભિન્ન' એટલે પ્રત્યેક. આ પ્રકારની લબ્ધિવાળા યોગીઓ માત્ર કાનથી જ નહિ શરીરના કોઈ પણ અંગ દ્વારા સાંભળવાને સમર્થ હોય છે. એમની જુદી જુદી ઇન્દ્રિયો એક–બીજાનું કાર્ય કરવાને શક્તિમાન હોય છે.

(૭) અવધિજ્ઞાન

જે મહાત્માઓને વર્તમાન તથા ભૂત, ભવિષ્યના રૂપી પદાર્થોનું દર્શન થાય છે અને ઉપયોગ મૂકી તે પ્રમાણે કથન કરવાને સમર્થ હોય છે તેઓની એ લબ્ધિને 'અવધિજ્ઞાન લબ્ધિ' કહેવામાં આવે છે.

(૮) ઋજુમતિ

'ઋજુ' એટલે સામાન્યથી. આમ આ લબ્ધિ મનઃપર્યવ જ્ઞાનવાળા મુનિઓને પ્રાપ્ત થાય છે. એ દ્વારા તેઓ સંજ્ઞી જીવોના મનોગત ભાવોને સામાન્ય રૂપથી જાણી શકે છે.

(૯) વિપુલમતિ

'વિપુલ' એટલે વિસ્તારથી. મનઃપર્યવ જ્ઞાનવાળા મુનિઓ આ લબ્ધિ દ્વારા ઘટપટ વગેરે વસ્તુના ઘોળા, રાતા વગેરે સમસ્ત પર્યાયોને ગ્રહણ કરી શકે છે.

(૧૦) ચારણ લબ્ધિ (જંઘા–ચારણ–વિદ્યાચારણ)

આ લબ્ધિવાળા સાધકો આકાશમાં આવવા–જવાની વિશિષ્ટ શક્તિ ધરાવે છે. જે મુનિઓ સૂર્યનાં કિરણો પકડીને એક પગલું ઉપાડીને તેરમા રુચક દ્વીપ જાય છે અને ત્યાંથી પાછા ફરતાં પહેલું પગલું ઉપાડીને નંદીશ્વર દ્વીપે અને બીજું પગલું ઉપાડીને પોતાના સ્થાને પાછા આવે છે તેઓ જંઘાચારણ લબ્ધિવાળા કહેવાય છે. આવી લબ્ધિવાળા ઊર્ધ્વગતિમાં એક પગલું ઉપાડીને પાંડુક વનમાં જાય છે અને ત્યાંથી પાછા ફરતાં પહેલું પગલું ઉપાડીને નંદનવનમાં જાય છે, અને બીજું પગલું ઉપાડીને પોતાના સ્થાનમાં પાછા આવે છે.

જે મુનિઓ પોતાની લબ્ધિથી પહેલું પગલું ઉપાડીને મનુષ્યોત્તર પર્વતે જાય છે અને બીજું પગલું ઉપાડીને નંદીશ્વર દ્વીપે જાય છે અને ત્યાંથી પાછા ફરતાં એક પગલું ઉપાડીને પોતાના સ્થાનકે પાછા આવી જાય છે તેઓ વિદ્યાચારણ લબ્ધિવાળા કહેવાય છે. આ લબ્ધિવાળા મુનિઓ ઊર્ધ્વગતિમાં પહેલું પગલું ઉપાડીને નંદનવનમાં અને બીજું પગલું ઉપાડીને પાંડુકવનમાં જાય છે. ત્યાંથી પાછા ફરતાં એક જ પગલું ઉપાડીને પોત ના સ્થાને આવી જાય છે.

(૧૧) આશીર્વિષ

આ લબ્ધિવાળા યોગીઓ ફક્ત એક વચન બોલીને શાપ (અથવા આશીર્વાદ) આપવાની શક્તિ ધરાવે છે.

(૧૨) કેવલી

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતીકર્મોના ક્ષયથી કેવળજ્ઞાન રૂપ લબ્ધિ પ્રગટ થાય છે.

(૧૩) ગણધર

આ લબ્ધિ પ્રાપ્ત કરનાર તીર્થંકર ભગવાનના ગણધરનું પદ મેળવવાને સમર્થ બને છે.

(૧૪) પૂર્વધર

આ લબ્ધિ મેળવનાર મહાત્માઓ અંતરમુહૂર્તમાં ચૌદ-પૂર્વનું જ્ઞાન મેળવી શકે છે.

(૧૫) અરિહંત

આ લબ્ધિ દ્વારા અરિહંત ભગવાનનું પદ મેળવી શકાય છે.

(૧૬) ચક્રવર્તી

આ લબ્ધિ દ્વારા ચક્રવર્તીનું પદ મેળવી શકાય છે. ચક્રવર્તી એટલે ૬ ખંડ ધરતીના સ્વામી અને ચૌદ રત્નના ધારક કહેવાય છે.

(૧૭) બલદેવ

આ લબ્ધિ દ્વારા બલદેવના પદની પ્રાપ્તિ થાય છે.

(૧૮) વાસુદેવ

આ લબ્ધિ દ્વારા વાસુદેવના પદની પ્રાપ્તિ થાય છે.

(૧૯) ક્ષીરમધુસર્પિરાશ્રવ

'ક્ષીર' એટલે ચક્રવર્તીની ગાયનું દૂધ, 'મધુ' એટલે સાકર વગેરે પદાર્થો, 'સર્પિ' એટલે અતિશય સુગંધવાળું ઘી, આવી લબ્ધિવાળા મહાત્માઓની વાણી સાંભળનારા માણસોને દૂધ, મધ તથા ઘીની મધુરતા જેવો અનુભવ થાય છે.

(૨૦) કોષ્ટકબુદ્ધિ

'કોષ્ટક' એટલે કોઠાર. કોઠારમાં રાખેલું ધાન્ય ઘણા લાંબા સમય સુધી એવું ને એવું સારું રહે છે અને બગડી જતું નથી. તેવી રીતે ગુરુના મુખથી એક વખત શ્રવણ કરેલાં વચનો સ્મૃતિમાં એવાંને એવાં હંમેશને માટે સચવાઈ રહે તેને કોષ્ટક બુદ્ધિ લબ્ધિ કહેવામાં આવે છે.

(૨૧) પદાનુસારિણી

શ્લોકના કોઈ પણ એક પદને સાંભળવાથી આખા શ્લોકના બધાં પદો સમજાઈ જાય તેને પદાનુસારિણી લબ્ધિ કહેવામાં આવે છે.

(૨૨) બીજબુદ્ધિ

એક અર્થ પરથી ઘણા અર્થોને ધારણ કરનારી બુદ્ધિ તે બીજબુદ્ધિ લબ્ધિ કહેવાય છે.

(૨૩) તૈજસી (તેજોલેશ્યા)

ક્રોધે ભરાયેલા સાધુ જેના ઉપર ક્રોધ કર્યો હોય તેવા માણસોને અથવા સ્થૂળ કે સૂક્ષ્મ પદાર્થોને, પર્વત કે મોટાં નગરોને પોતાના મુખમાંથી નીકળેલી જ્વાળા વડે બાળી નાખવાને સમર્થ હોય તે તેજસી લબ્ધિવાળા (તેજોલેશ્યાવાળા) કહેવાય છે.

(૨૪) આહારક

શરીરના પ્રકારોમાં એક પ્રકાર તે આહારક શરીરનો છે. આહારક લબ્ધિવાળા મહાત્માઓ પોતાના સંશયનું નિવારણ કરવાને માટે અથવા તીર્થંકર ભગવાનનું સાક્ષાત્ દર્શન કરવાને માટે પોતાના શરીરમાંથી એક હાથ જેટલું પોતાની આકૃતિનું શ્વેત પૂતળું પોતાના મસ્તકમાંથી બહાર કાઢી તીર્થંકર ભગવાન પાસે મોકલે અને સંશયનું સમાધાન કરી, દર્શન કરી પાછું આવી એ પૂતળું પોતાના શરીરમાં દાખલ થઈ જાય છે. આવી લબ્ધિ આહારક લબ્ધિ તરીકે ઓળખાય છે.

(૨૫) શીતલેશ્યા

તેજોલેશ્યાથી રક્ષણ કરવા માટે પ્રાપ્ત થયેલી શક્તિ તે શીતલેશ્યા કહેવાય છે. એ જ્યારે છોડવામાં આવે છે ત્યારે શીતળતા પ્રસરે છે. એથી તેજોલેશ્યા ખાસ અસર કરી શકતી નથી.

(૨૬) વૈક્રિય દેહધારી

આ લબ્ધિથી શરીરને નાનું, મોટું, હલકું કે ભારે કરી શકાય છે અને શરીરનું રૂપ પણ બદલી શકાય છે.

(૨૭) અક્ષીણ મહાનસી

આ પ્રકારની લબ્ધિથી નીપજાવેલું ભોજન પોતે ખાય તો જ ખૂટે, પરંતુ બીજા અનેક માણસો ખાય તોપણ ખૂટે નહિ. અર્થાત્ લબ્ધિધારી યોગી પોતે જ્યાં સુધી આહાર ન કરે ત્યાં સુધી ખાવાનું ખૂટતું નથી.

(૨૮) પુલાક

આ લબ્ધિ દ્વારા સાધક એવી શક્તિ પ્રાપ્ત કરે છે કે પોતાના દંડમાંથી પૂતળું કાઢીને શત્રુની સેનાને પરાજિત કરી શકે છે. ચક્રવર્તીનો પણ નાશ કરવાને તે સમર્થ થાય છે.

શ્રી જિનપ્રભુસૂરિ કૃત 'સૂરિમન્ત્રબૃહત્કલ્પવિવરણ'માં નીચે પ્રમાણે પચાસ લબ્ધિનો ઉલ્લેખ છે :

પ્રાગવનમોયુક્તજિન,	અવધિ,	પરમાવધિ,	
અનન્ત,	અનન્તાન્ત,	સર્વાવધિ,	બીજ,
કોષબુદ્ધિ,	પદાનુસારિ,	સંભિન્ન,	રવીર,
મહુઆ,	અમયાસવ,		અવરવીણ,
આમોસ,	વિપ્પો,	ખેલ,	જલ્લ,
સવ્વોસહિ	વેઉવ્વિય,		સવ્વલદ્ધિ,
ઉજ્જુમઇ,	વિઉલમઇ,	ચંધા,	વિજ્જા
પણ્હસમણ,	વિજ્જાસિદ્ધ,		આગાસગામિ,
તત્તલેસ,	સીઅલેઅ,		તેઉલેસ,
વયણવિસ,	આસીવિસ,		દિટ્ઠિવિસ,
ચારણ,	મહાસુમિણ,		તેઉગનિસગ્ગ,
વાઇ,	અટ્ઠંગનિમિત્ત,		પડિમાપડિવન્ન
જિણકપ્પ,	પડિવન્ન,		અણિમાઇસિદ્ધ,
સામન્ન,	ભવત્થ,		અભવત્થકેવલિ,
ઉગ્ગતવ,	દિત્તતવ,		ચ્ચઉદ્ધસપુવ્વી,
દસપુવ્વી,	એગારસંગી ।,		

આ પચાસ લબ્ધિ નીચે પ્રમાણે છે :-

(૧) જિનલબ્ધિ (૨) અવધિલબ્ધિ (૩) પરમાવધિલબ્ધિ (૪) અનન્તાવધિલબ્ધિ (૫) અનન્તાન્તાવધિલબ્ધિ (૬) સર્વાવધિલબ્ધિ (૭) બીજબુદ્ધિ લબ્ધિ (૮) કોષ્ટબુદ્ધિ લબ્ધિ (૯) પદાનુસારી લબ્ધિ (૧૦) સંભિન્ન શ્રોતલબ્ધિ (૧૧) ક્ષીરાસ્રવલબ્ધિ (૧૨) મધ્વાસ્રવલબ્ધિ (૧૩) અમૃતાસ્રવલબ્ધિ (૧૪) અક્ષીણમહાનસીલબ્ધિ (૧૫) આમર્ષૌષધિલબ્ધિ (૧૬) વિપુષૌષધિલબ્ધિ (૧૭) શ્લેષ્મૌષધિલબ્ધિ (૧૮) જલ્લૌષધિલબ્ધિ (૧૯) સર્વૌષધિલબ્ધિ (૨૦) વૈક્રિયલબ્ધિ (૨૧) સર્વજ્ઞલબ્ધિ (૨૨) ઋજુમતિલબ્ધિ (૨૩) વિપુલમતિલબ્ધિ (૨૪) જંઘા ચારણલબ્ધિ (૨૫) વિદ્યાચારણલબ્ધિ (૨૬) પ્રજ્ઞાશ્રમણલબ્ધિ (૨૭) વિદ્ધસિદ્ધ-લબ્ધિ ૨૮) આકાશગામિ લબ્ધિ (૨૯) તપ્તલેશ્યા લબ્ધિ (૩૦) શીતલેશ્યા લબ્ધિ (૩૧) તેજોલેશ્યા લબ્ધિ (૩૨) વાગ્વિષ લબ્ધિ (૩૩) આશીવિષ લબ્ધિ (૩૪) દ્રષ્ટિવિષ લબ્ધિ (૩૫) ચારણ લબ્ધિ (૩૬) મહાસ્વપ્ન લબ્ધિ (૩૭) તેજ-ઝિનિસર્ગ લબ્ધિ (૩૮) વાદિલબ્ધિ (૩૯) અષ્ટાંગ નિમિત્ત કુશલ લબ્ધિ (૪૦) પ્રતિમાપ્રતિપન્ન લબ્ધિ (૪૧) જિનકલ્પ પ્રતિપન્ન લબ્ધિ (૪૨) અણિમાદિસિદ્ધિલબ્ધિ (૪૩) સામાન્ય કેવલિ લબ્ધિ (૪૪) ભવત્થ કેવલિ લબ્ધિ (૪૫) અભવત્થ કેવલિ લબ્ધિ (૪૬) ઉગ્રતપ લબ્ધિ (૪૭) દીપ્ત તપ લબ્ધિ (૪૮)

ચતુર્દશપૂર્વલબ્ધિ (૪૯) દશપૂર્વ લબ્ધિ (૫૦) એકાદશાંગ (શ્રુત) લબ્ધિ.

જૈન ધર્મમાં આમ પચાસ પ્રકારની લબ્ધિનો મહિમા બહુ વર્ણવાયો છે. ઉગ્ર તપશ્ચર્યાથી પ્રગટ થતી આ વિશિષ્ટ લબ્ધિઓ છે. આપણા ધાર્મિક સાહિત્યમાં નીચેનો દુહો પ્રચલિત છે:

કર્મ ખપાવે ચીકણાં,
ભાવ મંગલ તપ જાણ;
પચાશ લબ્ધિ ઉપજે,
નમો નમો તપ ગુણ ખાણ.

(તપને ભાવ મંગલ જાણવું, કારણ કે તે ગમે તેવા ચીકણાં કર્મો ખપાવી દે છે અને પચાસ લબ્ધિઓને ઉત્પન્ન કરે છે. આવા મહાન ગુણના સ્થાનરૂપ તપને વારંવાર નમસ્કાર હો.)

આ બધી લબ્ધિઓમાંથી શ્વેતામ્બર પરંપરાની માન્યતાનુસાર અરિહંતલબ્ધિ, ચક્રિલબ્ધિ, વાસુદેવલબ્ધિ, બલદેવલબ્ધિ, સંભિન્નલબ્ધિ, ચારણલબ્ધિ, પૂર્વલબ્ધિ, ગણધરલબ્ધિ, પુલાકલબ્ધિ અને આહારકલબ્ધિ અભવ્ય પુરુષોને, અભવ્ય સ્ત્રીઓને અને ભવસિદ્ધિક સ્ત્રીઓને પ્રાપ્ત થતી નથી વળી અભવ્ય પુરુષો અને અભવ્ય સ્ત્રીઓને કેવલીલબ્ધિ, ઋજુમતી લબ્ધિ અને વિપુલમતિ લબ્ધિ પણ પ્રાપ્ત થતી નથી. ભવસિદ્ધિક સ્ત્રીઓને અરિહંત લબ્ધિ જો પ્રાપ્ત થતી નથી તો મલ્લિનાથ સ્ત્રી તરીકે તીર્થંકર કેવી રીતે થયા એવા પ્રશ્નના જવાબમાં શાસ્ત્રકારો કહે છે કે એ અપવાદરૂપ છે અને એટલા માટે એ ઘટનાની ગણના 'અચ્છેરા'માં થાય છે.

લબ્ધિ વિવિધ પ્રકારની ઉગ્ર તપશ્ચર્યાઓ દ્વારા પ્રાપ્ત થાય છે. લબ્ધિની પ્રાપ્તિ માટે 'લબ્ધિવિધાન'ના પ્રકારની એક તપશ્ચર્યાનો ઉલ્લેખ પણ શાસ્ત્ર-ગ્રન્થોમાં મળે છે. એમાં વિશેષત: ભાદ્રપદ, મહા અને ચૈત્ર મહિનાની અમુક નિશ્ચિત તિથિએ એક ઉપવાસ અને પારણું અથવા બે ઉપવાસ અને પારણું અથવા ત્રણ ઉપવાસ અને પારણું અથવા એક ઉપવાસ અને એકાસણું અથવા એક કે બે ઉપવાસ અને એકાસણું એમ વિવિધ રીતે તપ કરવાનું હોય છે. સતત સળંગ આવી ૭ વર્ષ સુધી તપશ્ચર્યા કરવામાં આવે અને દિવસમાં ત્રણ વખત 'ૐ હ્રીં મહાવીરાય નમ:' એ મંત્રનો જાપ કરવામાં આવે તો એ પ્રકારના તપ અથવા વ્રતને 'લબ્ધિ વિધાન' તપ તરીકે ઓળખવામાં આવે છે. તેજોલેશ્યાની લબ્ધિની પ્રાપ્તિ માટે બ્રહ્મચર્યવ્રત સહિત છઠ્ઠને પારણે છઠ્ઠ કરવામાં આવે અને પારણામાં એક મૂઠી બાફેલા અડદ અને એક અંજલિ જેટલું પાણી લેવામાં આવે છે.એ પ્રકારની 'અપાનકેન' નામની તપશ્ચર્યા અમુક વર્ષ સુધી કરવાનું વિધાન છે. પરંતુ એવી તપશ્ચર્યા કરવા માટે જોઇતુ શરીરબળ વર્તમાન સમયમાં રહ્યું નથી એમ મનાય છે.

લબ્ધિ મેળવવાની લાલસાથી ઉગ્ર તપશ્ચર્યા કરવામાં આવે એ એક સ્થિતિ છે અને કર્મક્ષયના આશયથી, મોક્ષપ્રાપ્તિના ધ્યેયથી ઉગ્ર તપશ્ચર્યા કરવામાં આવે અને એમ કરવા જતાં સહજ રીતે લબ્ધિઓ પ્રગટ થવા લાગે એ બીજી સ્થિતિ છે. આત્માને માટે આ બીજી સ્થિતિ જ વિશેષ હિતકર છે.

વિશિષ્ટ પ્રકારની ચમત્કારિક શક્તિ માટે 'લબ્ધિ' ઉપરાંત 'વિદ્યા' શબ્દ પણ જૈન શાસ્ત્ર ગ્રન્થોમાં વપરાયેલો જોવા મળે છે. ત્યાં 'વિદ્યા'નો અર્થ છે એકસરખા વિષયની જુદી જુદી લબ્ધિઓનો સમૂહ. આમ 'વિદ્યા' શબ્દમાં લબ્ધિનો અર્થ સમાવિષ્ટ છે. આઠ જુદા જુદા પ્રકારની વિદ્યા માટે કઇ કઈ લબ્ધિઓ પ્રગટ થયેલી હોવી જોઇએ તે માટે નીચે પ્રમાણે ઉલ્લેખ મળે છે:

(૧) બંધમોક્ષિણી વિદ્યા (બંધનમાંથી છોડાવવાની વિદ્યા) માટે-જિનલબ્ધિ, અવધિલબ્ધિ, પરમાવધિ લબ્ધિ. અનન્તાવધિ-લબ્ધિ, અનન્તાન્તાવધિલબ્ધિ, સ્વયંબુદ્ધ લબ્ધિ, પ્રત્યેક બુદ્ધ-લબ્ધિ અને બુદ્ધબોધિતલબ્ધિ એ આઠ લબ્ધિઓ જોઇએ.

(૨) પરવિદ્યોચ્છેદની (બીજાઓની વિદ્યાઓનો ઉચ્છેદ કરનારી) વિદ્યા માટે-ઉગ્ર તપ-લબ્ધિ, ચારણલબ્ધિ, દીપ્તતપલબ્ધિ અને પ્રતિમાપતિપન્તલબ્ધિ એ ચાર લબ્ધિઓ જોઇએ.

(૩) સરસ્વતી (જ્ઞાન વધારનારી) વિદ્યા માટે-ચતુર્દશ-પૂર્વલબ્ધિ, દશપૂર્વલબ્ધિ, એકાદશાંગલબ્ધિ, પદાનુસારીલબ્ધિ, ઋજુમતિલબ્ધિ અને વિપુલમતિલબ્ધિ એ ૬ લબ્ધિઓ જોઇએ.

(૪) રોગાપહારિણી (રોગ મટાડનારી) વિદ્યા માટે-શ્લેષ્મૌષધિ લબ્ધિ, વિપુષૌષધિલબ્ધિ, જલ્લૌષધિલબ્ધિ, આમર્શૌષધિલબ્ધિ, સર્વૌષધિલબ્ધિ એ પાંચ લબ્ધિઓ જોઇએ.

(૫) વિષાપહારિણી (વિષ ઉતારનારી) વિદ્યા માટે-વિદ્યા સિદ્ધલબ્ધિ, ક્ષીરાસ્રવલબ્ધિ, અને મધ્વાસ્રવલબ્ધિ અમૃતાસ્રવ-લબ્ધિ એ ચાર લબ્ધિઓ જોઇએ.

(૬) શ્રી સંપાદિની (લક્ષ્મી વધારનારી) વિદ્યા માટે-બીજ બુદ્ધિલબ્ધિ, કોષ્ઠ બુદ્ધિલબ્ધિ, સંભિન્ન શ્રોત લબ્ધિ, અક્ષીણ મહાનસીલબ્ધિ અને સર્વ લબ્ધિ એ પાંચ લબ્ધિઓ જોઇએ.

(૭) દોષ નિર્નાશિની (ભૂતપ્રેતાદિના દોષ નિવારનારી) વિદ્યા માટે-વૈક્રિયલબ્ધિ, આકાશગમન લબ્ધિ, જંઘાચારણ લબ્ધિ અને વિદ્યાચારણ લબ્ધિ એ ચાર લબ્ધિઓ જોઇએ.

(૮) આશિવોપશમની (ઉપસર્ગો શાંત કરનારી) વિદ્યા માટે તેજોલેશ્યાલબ્ધિ, શીતલેશ્યાલબ્ધિ, તપ્તલેશ્યાલબ્ધિ, દૃષ્ટિવિષલબ્ધિ, આશીવિષલબ્ધિ, વાગ્વિષલબ્ધિ, ચારણલબ્ધિ, મહાસ્વપ્નલબ્ધિ અને તેજોનિસર્ગલબ્ધિ એ નવ લબ્ધિઓ જોઇએ.

લબ્ધિ શબ્દની સાથે સિદ્ધિ શબ્દ પણ વપરાય છે. વસ્તુત: લબ્ધિ એ જ સિદ્ધિ છે. લબ્ધિની સિદ્ધિ અથવા લબ્ધિની પ્રાપ્તિ એ લબ્ધિસિદ્ધિ તરીકે ગણાવવામાં આવે છે. આમ છતાં આઠ પ્રકારની મહાસિદ્ધિઓ નીચે પ્રમાણે દર્શાવવામાં આવે છે જેનો સમાવેશ એક અથવા બીજી લબ્ધિમાં થઈ શકે છે:

(૧) અણિમા-અણુ જેટલા થઇ જવાની શક્તિ
(૨) લઘિમા-હલકા થઈ જવાની શક્તિ
(૩) મહિમા-પર્વત જેટલા મોટા થઇ જવાની શક્તિ
(૪) પ્રાપ્તિ-દૂરની વસ્તુને પાસે લાવવાની શક્તિ
(૫) પ્રાકામ્ય-ઇચ્છા અવશ્ય પાર પડે જ એવી શક્તિ
(૬) વશિત્વ-વશ કરવાની શક્તિ
(૭) ઇશિત્વ-બીજા ઉપર સત્તા ચલાવવાની શક્તિ
(૮) યત્રકામાવસાયિત્વ-બધા સંકલ્પો પાર પાડવાની શક્તિ

એક વખત લબ્ધિ પ્રગટ થઇ એટલે તે કાયમને માટે રહે જ એવું હંમેશા બનતું નથી. મન, વચન અને કાયાના અશુભ – અશુદ્ધ યોગને કારણે આત્મા જ્યારે ફરી પાછો મલિન થવા લાગે છે ત્યારે લબ્ધિઓનું બળ ઘટવા લાગે છે,

એટલે કે ચમત્કારિક શક્તિઓ ઓસરવા લાગે છે. એક વખત લબ્ધિ પ્રગટ થાય અને માણસને પોતાને એની ખાતરી થાય તે પછી આત્માને સંયમમાં રાખવાનું કામ ઘણું અઘરું છે. જેઓ પરકલ્યાણ અર્થે ગુપ્ત રીતે લબ્ધિનો ઉપયોગ કરે છે અને રાગદ્વેષ રહિત એવી પોતાની દશાને ટકાવી રાખે છે તેઓની લબ્ધિ ઝાઝો સમય અથવા કાયમને માટે સચવાઈ રહે છે. પરંતુ જેઓ લોકેષણા પાછળ પડી જાય છે, વારંવાર પોતાની તેવી શક્તિનો ઉલ્લેખ કરવા લાગી જાય છે, તે વડે બીજાને ડરાવવા કે વશ કરવા લાગે છે, જાહેરમાં તેના પ્રયોગો કરવા લલચાય છે ત્યારે તેઓની તેવી લબ્ધિ શક્તિ ક્ષીણ થવા લાગે છે. એક વખત પ્રગટેલી લબ્ધિ લુપ્ત થઈ ગયા પછી ફરી પાછી તેવી લબ્ધિ તે જ જન્મમાં મેળવવાનું કાર્ય દુર્લભ બની જાય છે.

ગુણસ્થાનકની દૃષ્ટિએ વિચારીએ તો આત્મા જેમ જેમ નિર્મળ થતો જાય તેમ તેમ ઉપરના ગુણસ્થાનકે ચડતો જાય છે. એમાં દસમા ગુણસ્થાનકે પહોંચેલા આત્માને જાતજાતની લબ્ધિઓ પ્રગટ થવા લાગે છે. પરંતુ આ લબ્ધિ પ્રત્યે જો તે આકર્ષાય તો ફરી પાછો તે નીચે પડવા લાગે છે. મોહનીય કર્મનો સદંતર ક્ષય થયો નથી હોતો, એટલે જીવ પોતાનામાં પ્રગટ થયેલી આવી અદ્‌ભુત શક્તિઓ જોઈને રાજી થાય છે, તેમાં રાચે છે અને તેના પ્રયોગો કરવા માટે લલચાય છે. એટલે કે આ લબ્ધિઓને વાપરવા માટેનો સૂક્ષ્મ લોભ હજુ ગયો નથી હોતો. માટે આ ગુણ સ્થાનકને સૂક્ષ્મ સંપરાય તરીકે ઓળખાવવામાં આવે છે. લબ્ધિ-સિદ્ધિઓની દૃષ્ટિએ ભવ્યાત્માઓની કસોટી કરનારું આ મહત્ત્વનું ગુણસ્થાનક છે.

પોતાનામાં પ્રગટ થયેલી લબ્ધિઓ પ્રત્યે અનાસક્ત રહેવું તે સાધક માટે અત્યંત મહત્ત્વનું છે. સામાન્ય રીતે સાચા સાધકો પોતાનામાં પ્રગટ થયેલી લબ્ધિઓનું ગોપન કરે છે. પરહિત માટે, યુદ્ધ, દુકાળ કે અન્ય પ્રકારની આપત્તિ આવી પડે ત્યારે આવી લબ્ધિનો તેઓ ઉપયોગ કરે છે. પરંતુ એ લબ્ધિઓનો પોતાના સ્વાર્થ માટે કે વાસનાઓના સંતોષ માટે કયારેય ઉપયોગ કરતા નથી. સનતકુમાર ચક્રવર્તીની જેમ લબ્ધિઓ પ્રત્યે પણ તેઓ નિસ્પૃહ રહે છે. દશમા ગુણસ્થાનકમાં આવી લબ્ધિઓ જ્યારે પ્રગટ થઈ હોય ત્યારે તે માટે મનથી પણ રાજી ન થવાનો ભાવ રાખવાનો હોય છે, કારણ કે એવી લબ્ધિશક્તિ માટેનો સૂક્ષ્મ લોભ પણ આત્માને નીચો પાડે છે. જેઓ આ કસોટીમાંથી પાર પડે છે, તેઓ ઉપરના ગુણસ્થાનકે ચડી શકે છે. એટલા માટે ઊંચી આધ્યાત્મિક સાધનાના વિષયમાં અર્થાત્ મોક્ષપ્રાપ્તિ માટેના પુરુષાર્થમાં આવી લબ્ધિઓનું બહુ મૂલ્ય નથી.

–રમણલાલ ચી. શાહ

(**મહાદેવી વર્મા** * પૃષ્ઠ ૧૨૦ થી ચાલુ)

લેખિકાને હાથે લખાયાં છે. જેમાં અજ્ઞાનતા, ગરીબી અને શોષણ તથા સ્ત્રીઓની વિવશ – પરાધીન હાલત પ્રત્યે વ્યથા અને વેદના વ્યક્ત થયાં છે. આ વિવશ પાત્રો એમને જીવનમાંથી સાંપડેલાં છે, 'અતીતકે ચલચિત્ર' અને 'સ્મૃતિકી રેખાએં' એ પુસ્તકોમાં આવતાં પાત્રો–એમનો નાનપણનો નોકર રામો, સેવિકા ભકિતન, દુઃખી બાળ વિધવા, મૂંગી ગામડિયણ, બદલુ કુંભાર, ચીની ફેરિયો, હરિજન છોકરો ઘીસા વગેરેને સમાજ તરફથી જેટલી ક્રૂરતાનો અનુભવ થયો છે એટલી જ કરુણાથી મહાદેવીએ તેમને સાહિત્યિક અમરત્વ આપ્યું છે.

એવી જ અનુઠી ભાષાશૈલીમાં એમણે સમકાલીન સાહિત્યકારોનાં રેખાચિત્રો 'પથકે સાથી'માં આપ્યાં છે, જેમાં સાહિત્યકારોના જીવનસંઘર્ષનું અને આંતરિક ખુમારીનું ચિત્રણ થયું છે. મહાદેવીજીની સંવેદનશીલતાએ એમના પરિવારના સભ્યો જેવાં પશુપક્ષીઓની અમોલ લાગણીઓને મર્મસ્પર્શી વાણી આપી છે 'મેરા પરિવાર'માં. આ રેખાચિત્રોમાં લેખકોનાં પ્રાણીજગત પ્રત્યેના નિઃસ્વાર્થ, નિર્વ્યાજ પ્રેમનો પડઘો છે.

આ ઉપરાંત તેમણે લલિત નિબંધો અને વિચારોત્તેજક ગદ્ય પણ આપ્યું છે. સાહિત્યની આલોચના માટે નવા માપદંડ આપ્યા છે. ગદ્યમાં તેમણે એક ઊંચી વૈચારિક ભૂમિકા રજૂ કરી છે. કાવ્યોમાં ઊંડું આત્મદર્શન વ્યક્ત કરતી આ કવયિત્રીના ગદ્યમાં વ્યાપક જીવનદર્શન મળે છે.

મહાદેવીજીનું ભાષણ સાંભળવું એ એક લહાવો ગણાતો. આ પ્રખર વકતાના નિર્ભકતાપૂર્ણ અને બુદ્ધિપ્રતિભાયુકત ભાષણો છપાયાં પણ છે. સંસ્કૃત અને પ્રાચીન સાહિત્યનો અનુવાદ કરવો એ પણ એમણે આવશ્યક કાર્ય ગણેલું. ઋગવેદ અને રઘુવંશનો તો તેમણે થોડા સમય પહેલાં જ અનુવાદ કર્યો હતો.

પદ્મભૂષણ અને જ્ઞાનપીઠ પારિતોષિક વિજેતા મહાદેવીની સાહિત્યસાધનાને બીજા પણ ઘણા પુરસ્કારો અને સન્માનો પ્રાપ્ત થયાં છે. બધાં પારિતોષિકોની રકમ એમણે પોતે જ બનાવેલા સાહિત્ય સહકાર ટ્રસ્ટ દ્વારા શિક્ષણ અને સાહિત્યની સેવામાં જ વપરાય એવી વ્યવસ્થા એમણે કરી છે.

મહાદેવીજીએ પોતાના જીવન અને કવન દ્વારા વિનાશને આરે ઊભેલા આજના યુગને શ્રદ્ધા અને પ્રેમની, શોષિત માનવોને સ્નેહ અને સંવેદનાની તથા વ્યક્તિત્વવિહીન આજની બહેનોને ખુમારીભર્યા વ્યક્તિત્વની દીપશીખા ધરી છે.

અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘના ઉપક્રમે નિષ્ણાત અસ્થિ ચિકિત્સક **ડૉ. જે. પી. પીઠાવાલા** દ્વારા હાડકાંના રોગોની નિઃશુલ્ક સારવાર દર રવિવારે સવારના ૯–૩૦ થી ૧–૩૦ સુધી પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો–ઓપરેટીવ સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામની સામે, પ્રાર્થના સમાજ, મુંબઈ–૪૦૦૦૦૪ [ફોન : ૩૫૦૨૯૬] ખાતે આપવામાં આવે છે.

આ ઉપરાંત સંઘના ઉપક્રમે દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૨–૩૦ થી ૫–૦૦ સુધી શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, જાલાવાડનગર, સી. ડી. બરફીવાલા માર્ગ, જુહુ લેન, અંધેરી (પશ્ચિમ), મુંબઈ–૪૦૦૦૫૮ ખાતે ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા ઉપરોકત સારવાર વિનામૂલ્યે અપાય છે. જરૂરિયાતવાળા દરદીઓ અવશ્ય તેનો લાભ ઉઠાવે તેવી વિનંતી છે.–**મંત્રીઓ**

(શિક્ષણ અને કેળવણી ☞ પૃષ્ઠ ૧૨૬ થી ચાલુ)

અને ગુજરાત સાહિત્યસભા જેવી પ્રતિષ્ઠિત સંસ્થાએ પ્રસિદ્ધ કરેલા એક સંદર્ભગ્રંથમાં અનેક હકીકતદોષો રહેલા છે–એક જીવતા લેખકની મૃત્યુતિથિ પણ અપાઈ છે! એ ગ્રંથ પ્રસિદ્ધ થયાને સાત-આઠ વર્ષ થઈ ગયાં, પણ તેમાં રહેલી ભૂલો સુધારી લેવાનો ઉપાય આજ સુધી સંસ્થાના સંચાલકોએ વિચાર્યો નથી, સંચાલકોમાં શ્રી અનંતરાય રાવળ છે છતાં, જેઓ પોતાનાં લખાણોમાં વીગતોની સચ્ચાઈ વિશે પૂરી કાળજી રાખે છે અને આપણી સાહિત્ય પરિષદ જે સાહિત્યકોશ તૈયાર કરાવી રહી છે તેમાંય હકીકતોની સચ્ચાઇ વિશે તે ચુસ્ત આગ્રહ રાખતી નથી તેનો હું સાક્ષી છું.

હકીકતોના તથ્ય વિશે આવી શિથિલતા આપણી એ ગંભીર પ્રજાકીય નિર્બળતાની સૂચક છે. એક પ્રજા તરીકે આપણે હંમેશાં આકાશમાં ઊડવાનાં સ્વપ્ન સેવતા રહ્યા છીએ, પણ પૃથ્વી ઉપર સ્થિર પગલે ચાલતાં આપણને આવડતું નથી અને તે શીખવાની જરૂર સમજતા નથી. આપણી આ પ્રજાકીય નિર્બળતા, જેણે આપણને બહુ નુકસાન કર્યું છે, તેને સુધારવાનું આપણી શિક્ષણસંસ્થાઓનું પ્રથમ કર્તવ્ય છે.

ઉપયોગી જ્ઞાનનું બીજું નૈતિક મૂલ્ય વિદ્યાર્થીઓમાં સ્વતંત્ર વિચારશક્તિ કેળવવાનું છે. ભૌતિક વિજ્ઞાનો ને ગણિત જેવી ચોકકસ જ્ઞાનશાખાઓમાં પણ આજે સર્વસ્વીકૃત મનાતાં કોઇ તારણ કે સિદ્ધાંત સંપૂર્ણ સત્ય નથી–ન હોઈ શકે. ભૂતકાળમાં એવાં ઘણાં બધાં તારણો ને સિદ્ધાંતો પાછળથી ખોટાં કે અપૂર્ણ જણાયાં છે. વિજ્ઞાનના બધાં તારણો અમુક સ્વીકૃત માહિતી – data – ઉપર આધારિત હોય છે. એ સ્વીકૃત માહિતી કયારેક સંપૂર્ણ સાચી ન હોઇ શકે. વળી તારણો કાઢવાની તર્કપ્રક્રિયા પણ અમુક ગૃહીતો, assumptions, ઉપર આધારિત હોય છે. Data અને assumptions બન્ને કે એમાંથી એક દૂષિત હોવાનો હંમેશાં સંભવ રહેવાનો, વિદ્યાર્થીઓને ગણિત ને વિજ્ઞાન એવી રીતે શીખવવાં જોઇએ કે તેઓ એ સંભવ પ્રત્યે જાગ્રત રહે. આપણાં શાળા–કોલેજોમાં આ નથી થતું. એટલે વૈજ્ઞાનિકોની સંખ્યાની દ્રષ્ટિએ દેશ દુનિયાના દેશોમાં પહેલી હરોળમાં હોવા છતાં સંશોધનના ક્ષેત્રમાં આપણું પ્રદાન બહુ નોંધપાત્ર નથી રહ્યું. ઘણીબધી બાબતોમાં આપણે પશ્ચિમના દેશોમાં થતાં સંશોધનો ઉપર આધાર રાખીએ છીએ અને વિજ્ઞાન સિવાયનાં અભ્યાસક્ષેત્રોમાં પણ આપણે પશ્ચિમમાં થતા અભ્યાસની સરખામણીમાં કયાં ઊભા છીએ? આપણી પ્રાચીન સંસ્કૃતિનાં વિવિધ અંગો, અધ્યાત્મ ને ધર્મદર્શનો, તત્ત્વચિંતનો, વૈજ્ઞાનિક સિદ્ધિઓ, કળાઓ, સમાજવ્યવસ્થા, ઇત્યાદિ Oriental Studies ને Indology નાં અભ્યાસક્ષેત્રોમાં જર્મની ને અમેરિકાના સમૃદ્ધ પ્રદાનની સરખામણીમાં આંપણા વિદ્વાનોનું પ્રદાન, કેટલાક જાણીતા અપવાદો સિવાય, ઝાંખું પડી જાય છે. છેલ્લાં પંદરેક વર્ષ દરમિયાન લગભગ દરેક શિયાળામાં ભારતની યાત્રાએ આવેલા પશ્ચિમના કોઇ કોઇ યુવાનો મળતા રહ્યા છે. તેમની સાથેની વાતચીતમાં પશ્ચિમની સંસ્કૃતિના ઇતિહાસનું તેમનું જ્ઞાન અને વર્તમાનની તેની સમસ્યાઓની વિચારપૂર્ણ જાણકારીના પરિચયે હું આશ્ચર્ય પામું છું તેમની સરખામણીમાં આપણા પ્રથમ વર્ગના ગ્રેજ્યુયેટ યુવાનો ને યુવતીઓનું આપણી સંસ્કૃતિના ઇતિહાસ અને તેની વર્તમાન સમસ્યાઓનું 'અગાધ' (!) અજ્ઞાન ખેદ ઉપજાવે છે. અધ્યાપકોના જ્ઞાનનું સ્તર પણ વિદ્યાર્થીઓ કરતાં બહુ ઊંચું નથી હોતું. તેમનામાંથી બહુ ઓછામાં સ્વતંત્ર વિચારશક્તિનો ચમકારો જોવા મળે છે. આપણી શિક્ષણસંસ્થાઓ આ સ્થિતિ સુધારે એવી પ્રજાએ તેમની પાસેથી અપેક્ષા રાખવી જોઇએ. વિદ્યાર્થીઓમાં નૈતિક ચારિત્ર્ય કેળવવાની તેમની પાસેથી અપેક્ષા રાખવી વ્યર્થ છે એ તેમનું કામ નથી. એવી કેળવણી વ્યકિતના સર્વાંગી વિકાસનું એક પાસું છે અને એવા વિકાસનાં સાધન સ્વતંત્ર વિચારણાનો વિષય છે.

એ વિચારણા અહીં વીગતે કરવી શકય નથી, પણ તેના મુદ્દાઓનો માત્ર નિર્દેશ કરીશ. વ્યકિતના સર્વાંગી વિકાસમાં ચાર વસ્તુઓ ઉપર ધ્યાન આપવું જોઇએ–તેની શારીરિક શકિતઓ, બૌધ્ધિક શકિત, નીતિભાવના અને ધર્મભાવના. વિકાસનાં આ ચાર અંગોમાંથી શરીરની શકિતઓનો સ્વસ્થ અને સમતોલ વિકાસ એ બીજાં અંગોનો વિકાસનો પાયો છે. શરીરનાં બધાં અવયવો અને તેની બધી કર્મેન્દ્રિયોને પોતપોતાની શકિતઓના પૂરા વિકાસ માટે અવકાશ મળવો જોઇએ. તે શરીરશ્રમ દ્વારા જ મળે. વ્યાયામ અને રમતોનો શરીર કેળવવાનાં સાધનો તરીકે ઉપયોગ થાય છે ખરો, પણ એ રીતે શરીરની શકિતઓ સમતોલ નથી કેળવાતી અને એ બુદ્ધિની કેળવણીનું સાધન નથી બની શકતી. ઉપયોગી કામમાં થતા શરીરશ્રમમાં જ એવી ક્ષમતા છે. Basic education અર્થાત્ બુનિયાદી કેળવણી તરીકે ઓળખાતી શિક્ષણવ્યવસ્થામાં ગાંધીજીએ શરીરશ્રમને કેન્દ્રસ્થાન આપ્યું હતું પણ તેમાં બૌધ્ધિક જ્ઞાન ગૌણ બની ગયું અને શરીરશ્રમનો પ્રકાર પણ કાંતણ અને સુથારીકામ જેવાં કારીગરીકામ પૂરતો મર્યાદિત રહ્યો. તેવી બુનિયાદી કેળવણી શહેરમાં વસતા વિદ્યાર્થીઓની જરૂરિયાતોને અનુકૂળ ન રહી અને ગ્રામવિસ્તારના કેટલાક વિદ્યાર્થીઓને જ આકર્ષી શકી. પરિણામે બુનિયાદી કેળવણી આપણી શિક્ષણવ્યવસ્થાના માળખામાં ઊતરતા વર્ગનું સ્થાન પામી. તેથી શહેરો અને ગ્રામવિસ્તાર બન્નેના વિદ્યાર્થીઓને નુકસાન થયું છે. બેય વર્ગના વિદ્યાર્થીઓએ અનુકૂળ આવે એવી શરીરશ્રમ અને બુદ્ધિના જ્ઞાનની સમતુલાવાળી વ્યવસ્થા વિચારવી જોઇએ.

ઊગતી પેઢીને નૈતિક કેળવણી આપવાની જવાબદારી આખા સમાજની છે. તેને માટે કોઈ સંસ્થાઓ ન હોવી જોઇએ. સંસ્થાઓમાં અપાતી નૈતિક કેળવણી વિદ્યાર્થીઓમાં નીરોગી નીવિભાવના અને સ્વતંત્ર વિવેકશુદ્ધિ કેળવવાને બદલે તે તે સંસ્થાઓએ સ્વીકારેલાં નૈતિક મૂલ્યોના આગ્રહી ને જડ પક્ષકારો બનાવી દે છે. એવા નાગરિકો દેશના નૈતિક વાતાવરણમાં વિકૃતિઓ ઉત્પન્ન કરે છે અને સમાજની નૈતિક પ્રગતિને રૂંધે છે. જીવતી અને પ્રબળ નીતિભાવનાઓવાળા નાગરિકો જ સમાજના નૈતિક વાતાવરણને સ્વચ્છ રાખી શકે અને તેમાં ઉત્તરોત્તર સુધારો કરી શકે એવી વ્યકિતઓ સમાજનો વિરોધ સહન કરીને પણ લોકસંગ્રહની ભાવનાથી પોતાના નૈતિક વિચારોનો પ્રચાર કર્યા કરશે. જે સમાજમાં આવી વ્યકિતઓ ગણનાપાત્ર સંખ્યામાં ન હોય એ સમાજનું નૈતિક ભવિષ્ય અંધકારમય રહેવાનું.

જો નીતિની કેળવણી સમગ્ર સમાજની જવાબદારી છે, તો ધાર્મિક કેળવણી દરેક કુટુંબની પોતાની જવાબદારી છે. સંસ્થાઓએ કેળવેલી ધાર્મિક શ્રદ્ધા ધર્મઝનૂનીઓ ઉત્પન્ન કરશે અને એ શ્રદ્ધા પ્રજાના ઉત્કર્ષનું સાધન બનવાને બદલે સાંપ્રદાયિક દ્વેષ ને સંઘર્ષનું નિમિત્ત બનશે. ધાર્મિક કેળવણીનું કામ આ રીતે કુટુંબનું છે, તો આધ્યાત્મિક કેળવણી જ્ઞાની ગુરુ જ આપી શકે. એવો ગુરુ દરેક વ્યકિતએ પોતે શોધવો રહ્યો. તે સાચુ વ્યકિતની સ્વતંત્ર વિચારશકિત ને વિવેકબુદ્ધિ પૂરી કેળવાયેલી હોવી જોઇએ, નહિ તો વ્યકિત અંધશ્રદ્ધાના ખાડામાં પડી પોતાના જીવનને વેડફી નાખશે.

શિક્ષણ અને કેળવણી

ડૉ. ગો. ચી. ના. પટેલ

જ્યારથી મેકૉલેની કલ્પનાનું અંગ્રેજી શિક્ષણ દેશમાં દાખલ થયું ત્યારથી દેશના વિચારશીલ વર્ગમાં તેને વિશે અસંતોષ રહ્યો છે અને તેનાં કેટલાંક પરિણામોની કડક ટીકાઓ થતી આવી છે. (મેકૉલેએ શિક્ષણનીતિ વિશેની તેની બહુ જાણીતી બનેલી નોંધ ૧૮૩૫માં લખી હતી અને તેણે સૂચવેલી શિક્ષણ-વ્યવસ્થા ૧૮૫૪ પછી અમલમાં મુકાઈ હતી.) સ્વરાજ આવ્યા પછી જૂની શિક્ષણપદ્ધતિ સુધારવા કમિશનો નિમાયાં અને હજુ હમણાં એકાદ વર્ષ ઉપર ટ્રેઇનગારાંની જાહેરાત સાથે એક નવા પ્રયોગનો અમલ શરૂ થયો છે, પણ શિક્ષણનાં ધોરણો સુધરે એવાં આજે કોઈ ચિહ્ન દેખાતાં નથી. શિક્ષકોના અને અધ્યાપકોના પગારો અને વિદ્યાર્થીઓને અપાતી સવલતો વધતાં જાય છે, પણ એ બધા ખર્ચનું પરિણામ શૂન્ય રહ્યું છે. વિદ્યાર્થીઓને ભણવું નથી, માત્ર યેનકેન પ્રકારેણ સારા નંબરે પરીક્ષાઓ પાસ કરવી છે. શિક્ષકો ને અધ્યાપકોમાં પણ કેટલાને નિષ્ઠાપૂર્વક ભણાવવાની તમન્ના છે તે શંકાસ્પદ છે. આમ આપણી શિક્ષણસંસ્થાઓનાં વાતાવરણ ને સ્થિતિ ઉત્તરોત્તર કથળતાં ગયાં છે અને જાય છે તેનું એક કારણ એ છે કે એ સંસ્થાઓ પાસેથી આપણે શેની અપેક્ષા રાખીએ છીએ તે વિશે આપણે સ્પષ્ટ નથી અને તેથી તેમની સ્થિતિ સુધારવાના યોગ્ય ઉપાય વિચારી શકતા નથી. અસ્પષ્ટતા શિક્ષણ અને કેળવણી વચ્ચેનો ભેદ ધ્યાનમાં નહીં રાખવાથી આવી છે.

શિક્ષણ (teaching એ વિદ્યાર્થીઓને અમુક માહિતી આપવાની ક્રિયા છે, જ્યારે કેળવણી (educating) તેમનામાં રહેલી શક્તિઓને જાગ્રત કરી વિકસાવવાની પ્રક્રિયા છે. બે એક નથી, પણ એકબીજા સાથે સંકળાયેલી છે. સારો શિક્ષક એના ક્ષેત્રમાં સારો કેળવણીકાર હોવો જોઈએ. કેવા અર્થમાં તે સારો કેળવણીકાર હોવો જોઈએ એ મુદ્દો મેકૉલે-યોજનાની શિક્ષણપદ્ધતિના દોષોની ટીકાઓમાં ભારપૂર્વક ધ્યાનમાં લેવાયો નથી અને હજુ લેવાતો નથી.

આજના શિક્ષકને ઘણી વાર જૂના સમયના ગુરુ સાથે સરખાવી તેની ઊણપોની ટીકા કરવામાં આવે છે. પણ આમાં તર્કદોષ રહેલો છે. જૂના સમયમાં શિષ્યો ગુરુઓ પાસે ધાર્મિક ને આધ્યાત્મિક જ્ઞાન માટે જતા અને તેમના કુટુંબીઓ જેમ રહી તેમની સેવા કરતા. કયારેક અને અમુક પ્રમાણમાં તેમને જીવનવ્યવહારમાં ઉપયોગી જ્ઞાન મળતું, પણ તે ગૌણ રહેતું. મુખ્ય ઉદ્દેશ ધાર્મિક અને આધ્યાત્મિક જ્ઞાનનો હતો. આજના વિદ્યાર્થીઓનો ઉદ્દેશ આજીવિકા માટે ઉપયોગી જ્ઞાનનો છે, અને તે વડે તે વધુમાં વધુ આર્થિક લાભ અને સામાજિક પ્રતિષ્ઠા મેળવવાની મહત્ત્વાકાંક્ષા રાખે છે. નૈતિક મૂલ્યની દ્રષ્ટિએ આ ઉદ્દેશો આદર ઉપજાવે એવો નથી, પણ તે અનિવાર્ય છે; એટલું જ નહિ, આજની જીવનવ્યવસ્થાને તે ઉપકારક છે. છેલ્લાં બસો વર્ષ દરમિયાન ભૌતિક વિજ્ઞાનની સિદ્ધિઓએ જગતભરની પ્રજાઓમાં અને તેની જીવનવ્યવસ્થામાં ધરમૂળનું પરિવર્તન કરી નાખ્યું છે. નવા પ્રકારના શિક્ષિતોની સેવાઓ વિના વર્તમાન જીવનવ્યવસ્થા ટકાવી રખાય એમ નથી અને તેમાંથી ઊભા થતા અસંખ્ય પ્રશ્નોના ઉકેલ શોધી શકાય નહિ.

પણ ઉપયોગી જ્ઞાન તેય જ્ઞાન છે, અને જ્ઞાનમાત્રનું નૈતિક મૂલ્ય છે. પહેલું મૂલ્ય વીગતોની કાળજીભરી ચોકસાઈનું છે. તબીબી અને ઇજનેરી વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓમાં એવી ચોકસાઈ કેળવવામાં ન આવે તો એવા અર્ધશિક્ષિત ડૉકટરો ને ઇજનેરો સમાજને માટે કેવા ભયરૂપ અને એ સર્વ કોઈ સમજી શકશે. અમદાવાદનો એલિસ પુલ બંધાયાને સો વર્ષ ઉપર થઈ ગયાં. તે સમયે બસો ને ટ્રક્કો નહોતી, એટલે તે હલકાં વજનનાં વાહનો માટે બાંધવામાં આવ્યો હતો. આજે પણ તે એવા વજનનાં વાહનો માટે સહીસલામત છે. પણ નહેરુ પુલ બંધાયા પછી થોડાં જ વર્ષોમાં તેની મરામત કરવાની જરૂર પડી. મોટાં શહેરોમાં બહુમાળી મકાનોના બાંધકામમાં રહી જતી કચાશ વિશે કયારેક સમાચાર વાંચીએ છીએ, અને કોઈ કોઈ બંધની રચનામાં ખામી રહી ગઈ હોવાની શંકા ઊભી થાય છે. આવા પ્રસંગો આપણી ઇજનેરી કૉલેજોના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો બન્નેની બેજવાબદારીના સૂચક છે. વિદ્યાર્થીઓને ઇજનેરી શાસ્ત્રનું જ્ઞાન મળે છે તે કાચુંપાકું હોય છે અને જે જ્ઞાન મળે છે તેનોય નિષ્ઠાપૂર્વક કેવી રીતે ઉપયોગ કરવો તેની કેળવણી નથી મળી હોતી. વીગતોની પાકી ચોકસાઈવાળું જ્ઞાન મેળવવાની અને તે જ્ઞાનનો પૂરી નિષ્ઠાથી ઉપયોગ કરવાની કેળવણી લેવાની તેમને કોઈ ઇચ્છા નથી હોતી. અધ્યાપકોને પક્ષે એવું જ્ઞાન અને એવી કેળવણી આપવાની ધગશ બહુ ઓછામાં હોય છે. તે આપવાની તેમની સજ્જતા પણ કાચી હોય. તબીબી શાસ્ત્રનું નૈતિક મૂલ્ય અને તબીબી વ્યવસાયની જવાબદારીની કેળવણી વિનાના ડૉકટરો બધા દેશોમાં દવા બનાવનારી કંપનીઓ સાથે હાથ મિલાવી અને બીજી રીતે સમાજને કેટલું નુકસાન કરી રહ્યા છે તે જગજાહેર વાત છે. કોઈ નિષ્ઠાવાન ડૉકટર જ તે વાત પૂરી વીગતે કહી શકે.

ગણિત ને વિજ્ઞાનના પાયાવાળી વિદ્યાશાખાઓમાં વીગતોની ચોકસાઈ વિના ન ચાલે આ વાત સહુ કોઈ સ્વીકારશે. પણ વિનયન ને સામાજિક વિદ્યાશાખાઓમાં પણ વૈજ્ઞાનિક ચુસ્તતાથી વીગતોની ચોકસાઈ કેળવવાની જરૂર બહુ ઓછા શિક્ષકો ને અધ્યાપકો સમજે છે. એવી વીગત નિષ્ઠાના અભાવનાં પરિણામ સાહિત્યની દુનિયામાં સવિશેષે વરતાય છે. કનૈયાલાલ મુનશીની 'પાટણની પ્રભુતા' અને દર્શકની 'એરે તો પીધાં છે જાણી જાણી' અને 'સોક્રેટિસ' નવલકથાઓમાં સંખ્યાબંધ વીગતદોષો રહેલા છે, અને તે તરફ વાચકોનું ધ્યાન પણ ખેંચવામાં આવ્યું છે. પણ વાચકોએ દોષોને ક્ષમ્ય ગણ્યા છે. માત્ર વાચકો જ નહિ, આપણા વિદ્વાનો પણ આ બાબતમાં ઉદાસીન હોય છે. સંદર્ભગ્રંથોમાં તો વીગતોની ચોકસાઈ હોવી જ જોઈએ. પણ આપણી સાહિત્ય પરિષદના ચાલુ પ્રમુખ અને વિદ્વાન પંડિત શ્રી કે. કા. શાસ્ત્રીએ સંપાદિત કરેલા

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૫ ઉપર)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનભાઈ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. 137

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૯ અંક : ૧૩

મુંબઇ તા. ૧-૧૧-'૮૭ | મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

વાર્ષિક લવાજમ રૂા. ૩૦,- છૂટક નકલ રૂા. ૧-૫૦ | પરદેશમાં વાર્ષિક રૂા. ૬૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

સ્વ. શ્રી વિજયભાઇ મર્ચન્ટ

શ્રી વિજયભાઇ મરચન્ટનું મંગળવાર, તા. ૨૭મી ઓકટોબરના રોજ અવસાન થતાં ક્રિકેટના ક્ષેત્રની અને સમાજ-સેવાના ક્ષેત્રની એક તેજસ્વી વ્યકિતની આપણને ખોટ પડી છે. એમની ચિરવિદાયથી અમારા જૈન યુવક સંઘ માટે સમાજ-સેવાના ક્ષેત્રે એક મુરબ્બી–માર્ગદર્શકની ખોટ સાલશે.

વિજયભાઇના નિકટના સંપર્કમાં આવવાનું મારે સમાજ-સેવાના નિમિત્તે બન્યું. ક્રિકેટના ક્ષેત્રમાંથી નિવૃત્ત થયા પછી વિજયભાઇએ મુંબઇમાં માનવતાનું, સમાજસેવાનું કાર્ય વેગથી ઉપાડયું. અનેક દુઃખી લોકોના સંપર્કમાં તેઓ આવ્યા અને તેમના જીવનમાં સુખશાંતિ કેવી રીતે આણી શકાય એ માટેની વિવિધ યોજનાઓ તેઓ ઘડવા લાગ્યા. એમનો અનુભવ પણ દિવસે દિવસે સમૃદ્ધ બનવા લાગ્યો. એમની પાસે સાંભળતાં પૂરા ન થાય એટલા કિસ્સાઓ ગરીબ લોકોના દુઃખના હતા. અમારા જૈન યુવક સંઘના ઉપક્રમે ચાલતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે વિનંતી કરવા અમારા સંઘના મંત્રી શ્રી કે. પી. શાહની સાથે હું વિજયભાઇની ઓફિસમાં કેટલાંક વર્ષ પહેલાં ગયો હતો. એક ગર્ભશ્રીમંત, સુખી, તેજસ્વી માણસ, વળી ક્રિકેટના ક્ષેત્રની નામાંકિત વ્યકિત ગરીબ લોકોના દુઃખમાં સાચા દિલથી રસ લઈ કંઈક કરી છૂટવા ધારે છે એ જાણીને આનંદ થયો હતો. કેટલાયે શ્રીમંતોનો અને રમતગમતના ક્ષેત્રની નામાંકિત વ્યકિતઓનો નિવૃત્તિકાળ કલબ અને પાર્ટીઓમાં વીતતો હોય છે. જેણે જાતે ગરીબી વેઠી ન હોય તેવી વ્યકિતને ગરીબોની યાતનાઓનો વાસ્તવિક ખ્યાલ ઓછો આવે છે. કયારેક તો વિચાર સુદ્ધાં પણ આવતો નથી. વિજયભાઇ પાસેથી એમનાં સેવાકાર્યોની થોડીક ઝલક સાંભળીને એમના પ્રત્યે બહુ આદર થયો. તેઓ પોતાની ઓફિસમાં પોતાનું કામ કરતા જાય અને અમારી સાથે વાતનો દોર પણ ચાલુ રાખે. ટેબલ પર આવતા-જતા કાગળો અને ફાઇલો ઉપર નજર ફેરવતા જાય અને પોતાના અનુભવો વર્ણવતા જાય. વાંચવા માટે બેતાળાં ચશ્માં જોઇએ અને વાતચીત કરવા માટે ચશ્માની જરૂર રહે નહિ. એટલે કાં તો ઘડીએ ઘડીએ ચશ્માં ઉતારવાં પડે અથવા બાયફોકલ ચશ્માં પહેરવાં પડે. વિજયભાઇ એવા ચશ્માં પહેરતા કે જેમાં નીચેના અર્ધા ભાગમાં વાંચવા માટેનો કાચ હોય અને ઉપરનો અર્ધો ભાગ ખાલી હોય એટલે તેઓ જ્યારે ટેબલ પર બેસીને કામ કરતા અમારી સાથે વાત કરતા હોય ત્યારે ચશ્માની ફ્રેમમાથી ઉપરના અડધા ખાલી ભાગમાંથી નરી આંખે નિહાળતા. એમની એ લાક્ષણિક મુદ્રા ચિરાંકિત બની ગઇ હતી.

વિજયભાઇ નેશનલ એસોસીએશન ફોર બ્લાઇન્ડ નામની સંસ્થામાં પ્રમુખ હતા. એમની ભલામણથી અમારા સંઘના ઉપક્રમે અંધ અને અપંગ લોકોને આર્થિક રીતે પગભર બનવા માટે સ્ટોલ, ટેલિફોન બૂથ, સીવવાના સંચા વગેરે આપવાની યોજના હાથ ધરવામાં આવી હતી. એ યોજના માટે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં 'વિજયભાઇના પ્રેરક ઉદ્બોધન પછી અમને દાતાઓ તરફથી અમારી અપેક્ષા કરતાં ઘણો બધો સારો સહકાર મળ્યો હતો. ત્યારપછી એ યોજનાનુસાર જ્યારે પણ અંધ કે અપંગ વ્યકિતને સ્ટોલ કે ટેલિફોન બૂથ કરાવી આપવાનો પ્રસંગ આવે ત્યારે વિજયભાઇ તે માટે ખાસ કાર્યક્રમ ગોઠવતા અને દાતાઓને હાથે તેનું ઉદ્ઘાટન કરાવતા. એવા ઘણા બધા કાર્યક્રમોમાં અમે સંઘના હોદ્દેદારો અને અન્ય સભ્યો વિજયભાઇને મળતા. આવા કાર્યક્રમો વખતે વિજયભાઇનો આનંદ સમાતો નહોતો. એમના વ્યકિતત્વ અને વકતવ્યમાંથી એ સ્પષ્ટ જણાઈ આવતું. એક મિશનરીની ધગ્ને એમણે આ કામ ઉપાડયું હતું.

ગરીબો માટેની યોજનાઓ વિશે વિચારણા કરવા માટે અમારા મંત્રી શ્રી કે. પી. શાહ સાથે વિજયભાઇને મળવા માટે સી. સી. આઇ.માં મિટિંગ ગોઠવાતી. વિજયભાઇએ 'નાસિઓહ' નામની સંસ્થાની સ્થાપનામાં સક્રિય કાર્ય કર્યું. ચેમ્બુરમાં આવેલી એ સંસ્થાની મુલાકાત લેવા માટે વિજય-ભાઇએ સંઘને નિમંત્રણ આપ્યું. અપંગોને તાલીમ આપી સ્વાશ્રયી અને પગભર કરવા માટેની આ એક પ્રતિષ્ઠિત સંસ્થાને રાજ્ય અને કેન્દ્રની સરકાર તરફથી તથા વિદેશી સંસ્થાઓ તરફથી ઘણો સારો આર્થિક સહકાર સાંપડયો હતો. સંઘના ઉપક્રમે અપંગોને આર્થિક સહાય આપવાની યોજના કરવામાં આવી અને એ નિમિત્તે પણ વિજયભાઇને મળવાનું ઘણીવાર બન્યું. દુઃખી લોકોનું દુઃખ હળવું કરવા માટે તેઓ કેટલો જબરો પુરુષાર્થ કરી રહ્યા છે તે જોઇ હર્ષ થતો.

વિજયભાઇની સમાજસેવાનું ક્ષેત્ર અંધ અને અપંગોને પગભર કરવા માત્રમાં સીમિત રહ્યું નહોતું. એવી વ્યક્તિઓની યોગ્યતાનો વિચાર કરીને ક્યારેક તેઓમાં તેઓ લગ્ન પણ ગોઠવી આપતા. કોઇ સ્ત્રીને ધણીનો ત્રાસ હોય કે કોઈ દુઃખી સ્ત્રી-પુરુષને ઘર કે જમીનના પ્રશ્નો હોય, કોઇને છૂટાછેડા લેવા હોય તો તેવા ગરીબ માણસોને પરગજુ વિજયભાઈ વકીલની મફત સેવા મેળવી આપી કોર્ટના કામકાજમાં પણ સહાય કરતા. આટલું બધું કામ કરનારી વ્યક્તિને માથે પત્ર દ્વારા કે ટેલિફોન દ્વારા કે રૂબરૂ મુલાકાત દ્વારા સમય ફાળવવાનો આવે તો તેને ક્યારેક થાક પણ લાગે, પરંતુ વિજયભાઈ દુઃખી વ્યક્તિ પોતાની એકની એક વાત વારંવાર કહે તો પણ કંટાળતા નહિ. બલકે સમભાવ અને સહાનુભૂતિથી પૂરો સમય આપી વાત સાંભળતા અને યોગ્ય માર્ગદર્શન કે સલાહ-સૂચન આપતા. આટલું બધું કામ કરતા હોવા છતાં એમનાં વાણી અને વર્તનમાં, એમના ખાનદાન ભાટિયા કુટુંબની સ્વાભાવિક વિનમ્રતા ડગલે ને પગલે દેખાતી.

ક્રિકેટના ખેલાડી તરીકે વિજયભાઇની પ્રતિભા અને પ્રતિષ્ઠા અનોખી હતી. ક્રિકેટમાં પણ તેઓ ખેલદિલ અને સિદ્ધાંતવાદી હતા. એક બાજુ ખેલાડી તરીકે પોતાની પ્રતિષ્ઠાનું હિત હોય અને બીજી બાજુ આખી ટીમનું હિત હોય તો તેઓ ટીમના હિતને ખાતર પોતાની અંગત સિદ્ધિને જતી કરતા, ટીમને ખાતર પોતાને સદી કરવાની તક મળી હોય તો તે પણ તેઓ જતી કરતા. ક્રિકેટની ટેસ્ટમેચોમાં ઓપનિંગ બેટ્સમેન તરીકે વિજયભાઇની ખ્યાતિ ઘણી મોટી હતી. તેઓ દૃઢ વિશ્વાસપૂર્વક ઘણા રન કરી શકતા ક્રિકેટના ઇતિહાસમાં રનની સરેરાશની દૃષ્ટિએ બ્રેડમેન પછી વિજયભાઇનું નામ ગણાય છે. 'લેગ - કટ'ના પ્રકારના ફટકા મારવાની એમની શૈલી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલી હતી. કોમેન્ટેટર તાલ્યારખાન એને 'વિજુલા-કટ' તરીકે ઓળખાવતા. કુનેહ તથા તાકાતથી જરા પણ સંક્ષોભ પામ્યા વગર પૂરી સ્વસ્થતાથી રમવાની એમની પદ્ધતિએ ક્રિકેટના ક્ષેત્રમાં એમને ઘણી મોટી સિદ્ધિ અપાવી છે. પ્રતિષ્ઠાની ટોચે હતા ત્યારે જ તેઓ ક્રિકેટમાંથી નિવૃત્ત થઇ ગયા. તેઓ કહેતા કે સારા ખેલાડીએ પ્રતિષ્ઠાની ટોચે પહોંચતાં જ નિવૃત્ત થઈ જવું જોઇએ. કોઈપણ સ્થાનને ઝાઝો વખત વળગી રહીને ઝાંખું પાડવું તે યોગ્ય નથી. એમની એ સૂઝ અને સમજ આદરને પાત્ર ગણાઈ છે.

વિજયભાઈની મુખ્ય કારકિર્દી તો ક્રિકેટના ખેલાડી તરીકેની હતી. પરંતુ સમાજસેવાના ક્ષેત્રે ઝંપલાવ્યા પછી તેઓ કહેતા કે 'ક્રિકેટ એ જો મારા જીવનની પહેલી ઇનિંગ છે તો સમાજ-સેવા એ બીજી ઇનિંગ છે. ઉપરવાળો છેલ્લો બોલ નાખશે એટલે આપણે આઉટ થઈ જવાનું.'

સમાજસેવાનું કાર્ય કરવાની સાથે સાથે વિજયભાઇનો ક્રિકેટનો રસ સાદ્યંત જળવાઇ રહ્યો હતો. ઘણાં વર્ષો સુધી એમણે રેડિયો ઉપરથી ટેસ્ટ મેચોની રનિંગ કોમેન્ટરી આપી હતી. સ્પષ્ટ બુલંદ અવાજે પૂરી સમજ સાથે અપાતી એમની કોમેન્ટરી સાંભળવી એ પણ એક લહાવો હતો. અવાજ અને શૈલીથી તરત જ ખબર પડે કે આ કોમેન્ટરી વિજય-ભાઇની છે. ટી. વી. ઉપર મેચનું પ્રસારણ શરૂ થયા પછી વિદેશમાં રમાતી મેચ જોવા માટે અડધી રાતે પણ જાગીને તેઓ ટી. વી. ચાલુ કરતા. દુનિયાભરની ક્રિકેટની પ્રવૃત્તિથી તેઓ જીવનના અંતિમ સમય સુધી પૂરેપૂરા માહિતગાર રહ્યા હતા, અને તે માટેની વિવિધ સમિતિઓમાં સક્રિય સભ્ય તરીકે સેવા આપી હતી.

ઉંમર અને કામના બોજાના કારણે વિજયભાઇની તબિયત ઉપર અસર પહોંચેલી. હૃદયરોગના ગંભીર હુમલાનો ભોગ તેઓ ત્રણવાર બન્યા હતા. પરંતુ એથી એમની સેવાની લગની ઓછી થઈ ન હતી. એકવાર વાત નીકળી ત્યારે તેમણે કહેલું કે, મારા શરીરનો બહુ ભરોસો નથી; પરંતુ કેટલાંક વર્ષોથી મેં મુંબઇની બહાર જવાનું બંધ કરી દીધું છે. મુંબઇમાં ભલે ગમે ત્યાં હોઉં, હૃદયરોગની કંઇ પણ તકલીફ થાય તો થોડીવારમાં જ ડાકતરી સારવાર મળી શકે કે જેથી કરીને રોગ ઉગ્ર ન બની જાય. ખાવાપીવામાં અને સવારે ચાલવામાં એટલો જ નિયમિત રહું છું. ત્રણ ત્રણ હુમલા પછી પણ હું આટલું કામ કરી શકું છું તેનું કારણ મારી ચીવટ છે.' તેઓ કહેતા કે ખાવાપીવામાં પણ તેઓ બહુ નિયમિત થઇ ગયા છે. કેટલાક સમયથી ડાકતરની સલાહ અનુસાર પાણી પીવાનું પણ તેમણે બંધ કરી દીધું હતું. શરીરને જરૂરી એટલું પાણી ફળ અને દહીંમાંથી તેઓ મેળવી લેતા. ઘરેથી બહાર જતી વખતે ટિફિનમાં પપૈયું અને દહીં સાથે જ રાખેલાં હોય. જ્યારે જરૂર પડે ત્યારે લઈ લેતા.

સ્વ. વિજયભાઇનાં અનેક સંસ્મરણો નજર સામે તરવરે છે. તેઓ પોતાના જીવનને સમૃદ્ધ અને સાર્થક બનાવીને ગયા. એમના આત્માને શાંતિ હો એ જ પ્રાર્થના.

રમણલાલ ચી. શાહ

દિગમ્બર જૈનાચાર્ય પૂ. બાહુબલી મહારાજનું વ્યાખ્યાન

સંઘના ઉપક્રમે **શુક્રવાર, તા. ૧૩-૧૧-૧૯૮૭**ના રોજ નીચે પ્રમાણે એક જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું છે:

વ્યાખ્યાતા : પૂ. આચાર્યરત્નશ્રી બાહુબલી મહારાજ

વિષય : માનવતા કા સુખ

સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ
૩૮૫, સરદાર વી. પી. માર્ગ, રસધારા કો-ઓપ. સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામ સામે, મુંબઈ-૪૦૦૦૦૪

સમય : બપોરના ૩-૩૦ કલાકે

સૌને સમયસર પધારવા હાર્દિક નિમંત્રણ છે.

બસંતલાલ નરસિંહપુરા — સંયોજક
કે. પી. શાહ
પન્નાલાલ ૨. શાહ
મંત્રીઓ

અંતિમ ધ્યેય

© તનસુખ ભટ્ટ

(સર્વપલ્લી ડૉ. રાધાકૃષ્ણન કૃત ગીતાની અંગ્રેજી પ્રસ્તાવનાના આધારે)

ગીતા આત્માના જીવનની પૂર્ણતા માટે આગ્રહ રાખે છે. આ પૂર્ણતાને તત્ત્વજ્ઞાનની પ્રજ્ઞામાં, નિષ્કામમય પ્રીતિમાં અથવા તો પરિશ્રમપૂર્ણ કૃતિ (કર્મ)માં વિભાજિત કરી શકતી નથી. કર્મ, જ્ઞાન અને ભક્તિ, લક્ષ્યપ્રાપ્તિના પ્રયત્નમાં તેમજ લક્ષ્ય-સિદ્ધિના અંત પછીયે પરસ્પર પૂરક છે. આપણે બધા એક જ પંથે પ્રવાસ ખેડતા નથી. પરંતુ આપણે બધા જેને ખોળીએ છીએ તે તો એક જ છે. ભલે આપણે ભિન્ન ભિન્ન કેડીઓ વડે એક જ શિખર ઉપર ચડાઈ કરીએ, પરંતુ શિખર ઉપરથી દેખાતું દૃશ્ય બધાંને માટે એક જ છે. ઋતંભરા પ્રજ્ઞાને શરીરિણી કલ્પીએ તો જ્ઞાન તેનો દેહ છે અને પ્રેમ તેનું હૃદય છે. જ્ઞાન, ધ્યાન, પ્રેમ અને સેવાપૂજનની વિભિન્ન કલાઓ ધરાવતો યોગ તમસ્‌માંથી જ્યોતિ તરફ તથા મૃત્યુમાંથી અમૃત તરફ લઈ જતો પ્રાચીન રાજમાર્ગ છે.

પરમાત્માની કે વિશ્વાતીતની પ્રાપ્તિ એટલે બ્રહ્મલોક પ્રતિ આરોહણ અથવા તો બ્રાહ્મી સ્થિતિની ઉપલબ્ધિ છે, તેનું એક પાસું કૈવલ્ય છે. ગીતા આ બધાયે મતો પ્રતિ અંગુલિનિર્દેશ કરે છે તેના ઘણાયે શ્લોકખંડો એમ સૂચવે છે કે બ્રહ્મભાવમાં કે બ્રાહ્મીસ્થિતિમાં દ્વૈતભાવે અદૃશ્ય થાય છે અને મુક્ત જીવ પૂર્ણ પુરુષોત્તમ સાથે, પુરાણ પુરુષ સાથે, એકરૂપ બને છે. તે સ્થિતિ મુક્ત, ભાવાતીત અને શાંતિમય હોઈ બધા યે ગુણોની અને ભાવોની પેલે પાર આવેલી છે. જો આપણને દેહ વળગ્યો છે તો ખાલી કોચલું જેમ ફેંકાઈ જાય તેમ તે પડી જાય ત્યાં સુધી પ્રકૃતિ તેની પ્રતિક્રિયાશીલ રહેવાની જ. બાહ્ય સંસારમાં ગુંચવાયા વિના જીવન્મુક્ત પુરુષ તેની ઘટનાઓ વિષે પ્રતિક્રિયા કરતો રહે છે, આ મત પ્રમાણે, દેહ-આત્માનું સદ્ભાય પરસ્પર વિરોધી દ્વૈત છે તથા મુક્ત આત્માનું કોઈ સ્વતંત્ર કર્મ સંભવી ન શકે.

ગીતા આવી માન્યતા ઉપર મુખ્ય ભાર નથી મૂકતી. ગીતાના મતાનુસાર મુક્ત દશા એટલે પરમાત્મા સાથેના દિવ્ય સાધર્મ્યના સામર્થ્યમાં તથા તેમના શાશ્વત નિયમોમાં આપણા માનવીય વ્યક્તિત્વનું પરિવર્તન છે. ગીતાએ જીવાત્માના પરમાત્માની સાથેના સાયુજ્યની કલ્પના નથી કરી. મુક્ત આત્મ દિવ્ય પ્રજ્ઞા વડે તથા દિવ્ય સંકલ્પ વડે પ્રેરિત થાય છે, પ્રવૃત્તિશીલ બને છે. આવો મુક્ત આત્મા ઈશ્વરભાવની પ્રાપ્તિ કરે છે. તેનો વિશુદ્ધ થયેલો સ્વભાવ દિવ્ય આત્મા તુલ્ય બને છે. જે કોઈ માનવ આ પરાત્પર દશાને પ્રાપ્ત કરે છે તે યોગી છે, સિદ્ધ પુરુષ છે, સાક્ષાત્કારધન્ય છે, જીવન્મુક્ત છે, જિતાત્મા છે, યુક્તચેતસ્ છે, યોગયુક્ત છે, બ્રહ્મનિર્વાણમાં રમમાણ છે. અનંત, અનહદ તેના આંગણામાં આવી ઊભું છે. જર્મન માનસશાસ્ત્રી ફ્રોઇડની સંજ્ઞામાં કહીએ તો તેનું શરીર, મન, આત્મા, અંતઃકરણ, જ્ઞાતમાનસ, સુપ્ત માનસ તથા અજ્ઞાત માનસ, સર્વે અસ્ખલિતપણે સંવાદમય દશામાં વહે જાય છે. આનંદસમાધિમાં અભિવ્યક્ત થતા લયની તે પ્રાપ્તિ અર્થાત્ સિદ્ધિ મેળવે છે. તે જ્ઞાનની પરમ જ્યોતિની તથા શક્તિની પ્રચંડતાની અનુભૂતિ કરે છે. મુક્તિનો અર્થ અમર આત્માનું મર્ત્ય જીવનથી અળગાપણું ને અતડાપણું નથી. પરંતુ મુક્તિનો અર્થ માનવના સમગ્ર વ્યક્તિત્વનું સ્વરૂપાન્તર ને ઉન્નયનમય પરિવર્તન છે. માનવજીવનના ક્લેશોનું સ્થિત્યંતર પરમ પરિવર્તન સાધવાથી મુક્તિ મળે છે, ક્લેશોને ટાળવા માત્રથી નહિ.

ગીતા સ્વીકારે છે કે સત્ય પરબ્રહ્મ છે; પરંતુ સંસારની દૃષ્ટિએ તે સર્વવ્યાપી ઈશ્વર છે. આ જ એવી દૃષ્ટિ છે જે વડે મનુષ્યનો મર્યાદાશીલ વિચાર સર્વસ્વામી પરમ સત્યની કલ્પના કરી શકે.

ગીતાનું બ્રહ્મલોકનું નિરૂપણ એવું છે કે બ્રહ્મલોક સ્વયં શાશ્વત સ્વરૂપ નથી પરંતુ સૃજનની તે સુદૂરતમ પરિસીમા છે. આનંદ આપણા વિકાસની મર્યાદા છે. આપણે વિજ્ઞાનમાંથી આનંદમાં પ્રવેશ પામીએ છીએ. આનંદ સંસારમય સૃજનનો જ આવિર્ભાવ છે. પરબ્રહ્મ સ્વયં નથી. આનંદમય આત્મા કે નથી દિવ્યભાવમય આત્મા. વિશુદ્ધ આત્મા અન્ન-પ્રાણ-મન- વિજ્ઞાન- આનંદરૂપી પંચકોશોથી વિભિન્ન છે. જ્યારે સંસારના સર્જનનો હેતુ સિદ્ધ થાય છે, જ્યારે સંસારમાં રામરાજ્ય સ્થપાય છે, જ્યારે ભગવાન વિષ્ણુનું વૈકુંઠ અવની ઉપર ઊતરે છે, જ્યારે જીવ માત્રને પરમાત્માની પ્રજ્ઞા થાય છે અને જન્મમરણની ભૂમિકાથી પર થાય છે. જ્યારે આ પરિદૃશ્યમાન સૃજનની પેલે પાર આવેલા અજ્ઞાત તત્ત્વમાં આ કૃતકૃત્ય સંસાર સમેટાઈ જાય છે.

સાભાર સ્વીકાર

[] **જયવંતસૂરિકૃત શૃંગાર મંજરી** * લે. પ્રા. જયંત કોઠારી * ડેમી સાઇઝ * પૃષ્ઠ-૨૨ * મૂલ્ય રૂ. ૫-૦૦ * પ્રકાશક - મંગળા કોઠારી, શબ્દ મંગલ, ૨૪, સત્યકામ સોસાયટી, સુરેન્દ્ર મંગળદાસ માર્ગ, અમદાવાદ - ૪૦૦૦૧૫ [] **જૈનગુર્જર કવિઓ ભાગ-૩ જો** * સંગ્રાહક અને સંપ્રયોજક : શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇ * સંપાદક : પ્રા. જયંત કોઠારી * ડેમી સાઇઝ * પાકું પૂઠું * પૃષ્ઠ-૩૯૫ * મૂલ્ય રૂ. ૭૫/- * પ્રકાશક : શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૪૦૦૦૩૬ [] **શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો ઇતિહાસ : ભાગ બીજો** * લે. શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ. * ક્રાઉન આઠ પેજી * પાકું પૂઠું * પૃષ્ઠ-૩૬૦ * મૂલ્ય રૂ. ૫૦ * પ્રકાશક : શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, પટ્ટણીની ખડકી, ઝવેરીવાડ, અમદાવાદ-૩૮૦૦૦૧ [] **નગરશેઠ શાંતિદાસ ઝવેરી** * લે. માલતી શાહ * ડેમી સાઇઝ * પાકું પૂઠું * પૃષ્ઠ-૨૧૫ * મૂલ્ય રૂ. ૫૦-૦૦ * પ્રકાશક : ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, રતનપોળ નાકા, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧ [] **આપણી ભજનવાણી** * સંપા. ગંગાદાસ પ્રાગજી મહેતા * ડેમી સાઇઝ * પાકું પૂઠું * પૃષ્ઠ-૨૫૬ * મૂલ્ય રૂા. ૪૦-૦૦ * પ્રકાશક : કુસુમ પ્રકાશન ૬૧/એ. નારાયણનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી. અમદાવાદ - ૩૮૦૦૦૧ [] **જૈન દૃષ્ટિએ વિપશ્યના** * આચાર્યશ્રી વિજય જનકચંદ્રસૂરિ * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૫૨, મૂલ્ય રૂા. ૫૦-૦૦ * પ્રકાશક : મહેન્દ્રભાઈ મોહનલાલ શાહ, ભારત મહાલ, બ્લોક નં. ૩, લાલા લજપતરાય માર્ગ, વિલેપાર્લા (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૬. ○ **મસ્તવિલાસ** * લે. શ્રી વા. મો. શાહ * સંપા. ડૉ. સુધા પંડ્યા * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૪૦૪ * પાકું પૂઠું * મૂલ્ય રૂા. ૫૦ * પ્રકાશક : નિરંજન એમ. પંડ્યા. ૧૦, અધ્યાપક નિવાસ, પ્રતાપગંજ, વડોદરા-૩૯૦૦૦૨.

સિદ્ધિનો ધર્મ, સંયમનો ધર્મ

• રોહિત શાહ

જૈન ધર્મ એ અન્ય ધર્મોની અપેક્ષાએ ઉગ્ર અને તીવ્ર સંયમનો ધર્મ છે. જૈન સિદ્ધાંતોની સૂક્ષ્મતા અન્ય કોઈપણ ધર્મના સિદ્ધાંતોની સૂક્ષ્મતા માટે પડકારરૂપ છે તેમ અતિશયોક્તિ વિના જરૂર કહી શકાય.

અનેક વ્યાવર્તક લક્ષણો, જૈન ધર્મને અન્ય ધર્મોથી જુદો અને કદાચ મુઠ્ઠી ઊંચેરો પણ પુરવાર કરે છે. ચમત્કાર અને આડંબરથી પર, એવા આ સંપ્રદાયના તીર્થંકરોની મૂર્તિ હંમેશા નિઃશસ્ત્ર હોય છે. અન્ય સંપ્રદાયના ભગવાનોની મૂર્તિ હાથમાં ચક્ર, ધનુષ્ય, ગદા કે અન્ય કોઈ હથિયાર સાથે દર્શાવવામાં આવે છે. હથિયાર શક્તિનું પ્રતીક ભલે હોય, અહિંસાનું પ્રતીક ક્યારેય નથી ! અહિંસાનો બોધ, હાથમાં શસ્ત્ર સાથે ઊભેલ દેવ શી રીતે આપી શકે ?

અન્ય ધર્મના ભગવાન સાથે તેમની પત્ની કે અન્ય સ્ત્રીશક્તિનું નામ સંકળાયેલું ઘણે ભાગે જોવા મળે છે. જેમ કે સીતા–રામ, રાધા–કૃષ્ણ, શિવ–પાર્વતી ઇત્યાદિ. જૈન તીર્થંકરોનાં નામ સ્વાયત્ત અને સ્વતંત્ર હોય છે.

અન્ય ધર્મો ઉપવાસ વખતે આહારમાં અમુક પ્રમાણમાં છૂટ લે છે. જૈન ધર્મના ઉપવાસની ઉગ્રતા વિશે કોઇ ઉલ્લેખ જરૂરી નથી. એટલું જ નહીં, જૈન ધર્મમાં કંદમૂળ ખાવાની મનાઈ છે. જેમાં વધારે જીવ હોય તે લાંબા વખત સુધી બગડે નહીં. જેમ કે કાંદા (ડુંગળી), બટાકા, લસણ વગેરે. એટલે કે તેવાં કંદમૂળમાં જીવ વધુ પ્રમાણમાં હોઇ તે ખાવાં વર્જ્ય છે. જ્યારે એ જ પદાર્થો અન્ય સંપ્રદાયમાં ઉપવાસનું પવિત્ર વ્રત કરે છે ત્યારે ખાય છે ! બટાકાને ફળાહારમાં (ફરાળ) ગણીને ખાય છે.

આમ જૈન ધર્મ એ સંયમનો છે, અને તેથી જ તેમાં સિદ્ધિનો મર્મ છે.

આવા ઊંડા ધર્મનો કોઇપણ સિદ્ધાંત છીછરો હોઇ જ કેમ શકે ?

મારે અત્રે અપરિગ્રહ વ્રતની થોડીક જ વાત કરવી છે. માનવીના આત્મિક ઉત્થાન માટે જે પાંચ મહાવ્રતો દરેક સંપ્રદાયે સ્વીકાર્યાં છે તેમાં અપરિગ્રહ કેન્દ્રસ્થાને છે. નિઃસ્વાર્થપણાની ભાવના ઉપર જ આ મહાવ્રત ટકી રહેલું છે. 'અપરિગ્રહ' વ્રતના ગૂઢાર્થને પામવાનો મારો આ નમ્ર પ્રયાસ છે.

'અપરિગ્રહ' શબ્દનો અર્થ વ્યાપક ભૂમિકાએ લેવાને બદલે આપણે સ્થૂળ અર્થમાં લઇને એની ઘોર અવહેલના કરી મૂકી છે. અનિવાર્ય આવશ્યકતાઓના નિભાવ પૂરતું રાખીને, બાકીનું અન્યને માટે વાપરવું એટલો જ અર્થ માત્ર લઇએ, તો એ તો સ્થૂળ અર્થ થયો ગણાય.

એક ભાઈ વાતે વાતે કહેતા હતા કે, મેં દસ વર્ષ પહેલાં મારા પિતાની મિલકતના વારસામાંથી રૂપિયા પાંચ લાખનું દાન કરી દીધું હતું !

દસ વર્ષ પહેલાં જે દાન કર્યું છે તે વાતને મનમાં પંપાળી પંપાળીને એ ભાઈ ઉછેર્યા કરે છે. તેને સાચા અર્થમાં અપરિગ્રહ શી રીતે કહી શકાય ?

જે વસ્તુને હાથથી છોડી દીધી, તે જ વસ્તુને મનથી પકડી લીધી !

અપરિગ્રહના વ્રતનો તો ભંગ થયો જ !

એટલે મૂળ વાત મનથી અપરિગ્રહી બનવાની છે. પરિગ્રહ ન કરીને પણ, મનથી માનવી પરિગ્રહ સેવ્યા કરતો હોય તો તે સાચો અપરિગ્રહ નથી.

બીજી મહત્ત્વની વાત એ છે કે અપરિગ્રહ કેવળ સ્થૂળ વસ્તુઓનો જ નહીં, સૂક્ષ્મ ભાવનાઓ–વાંછનાઓ અને વાસનાઓનો પણ સેવવો જોઇએ. 'અધિક'ની વૃત્તિ હોવી અર્થાત્ વધુ માટે મનની પ્રવૃત્તિ થવી તે પરિગ્રહની જ પરંપરા ગણાય. અંતરમાં અધિકની અપેક્ષા ન સેવે તે જ સાચો અપરિગ્રહી.

માનવી વાંછનાઓનાં વળગણોથી લથબથ છે. અમુક હદથી વધુ ધનની જરૂર નથી એમ સમજીને માનવી અધિક ધનનું દાન કરી દે છે ખરો, પણ અમુક હદથી વધુ વાહવાહ મારે ન ખપે, એવા અપરિગ્રહનું વ્રત કોઇએ લીધું જાણ્યું નથી. પદ અને પ્રતિષ્ઠાનો તો એણે બેસુમાર પરિગ્રહ મનથી સદાય સેવ્યા કર્યો છે.

આગળ વધીને એમ પણ કહી શકાય કે પોતાનાં સ્વજન અને પોતાનાં સંતાનો વધુ સુખ પામે એવી પણ લાગણી માનવીને હોય છે. અપરિગ્રહી માનવી માત્ર પોતાનાં સ્વજનોનું જ નહીં, સમગ્ર વિશ્વનું કલ્યાણ ઝંખે છે. 'शिवमस्तु सर्व जगत :'માં જે વ્યાપક ભાવના પ્રબોધાયેલી છે, તેને અનુસરવામાં જ અપરિગ્રહપણાનું ઝળહળતું ગૌરવ છે.

ડોકટર પાસે આવેલો એક માનવી વેદનાથી પીડાય છે. ડોકટર પૂછે છે : 'શું થયું ભાઈ? કહો, શી તકલીફ છે ?'

પેલો દર્દી કહે છે, 'સાહેબ ! એક તકલીફ હોય તો કહું, પણ હવે તો આ યાતનાઓ નથી જીરવાતી ! ક્યારેક દમ પીડે છે ને ક્યારેક વા નો હુમલો થાય છે, ક્યારેક બ્લડપ્રેશરની મુસીબત હેરાન કરે છે તો ક્યારેક ચામડીનાં દર્દો ઘેરો ઘાલે છે ! દર્દોએ ભેગાં મળીને મને ભાંગી નાખ્યો છે.

ડોકટર દવા આપે છે. પણ એક રોગની દવા અસર કરે છે ત્યાં બીજું દર્દ માથું ઊંચકે છે !

મુકિતનો કોઈ આરો કે ઓવારો નથી !

પરિગ્રહથી પામર બનેલા માનવીનું પણ એવું જ છે. દર્દીને જેમ દર્દ વધુ તેમ પીડા વધારે હતી તેમ પરિગ્રહી માનવીને પરિગ્રહના પ્રમાણમાં પરેશાનીઓ ભોગવવાની હોય છે.

સ્વાભાવિક બાબત છે કે જેટલી આકાંક્ષાઓ વધુ તેટલી યાતનાઓ વધુ. કારણ કે આકાંક્ષાઓ તો અનંત છે, ને જીવનને અંત હોય છે. મર્યાદિત જીવનમાં અનંત આકાંક્ષાઓ શી રીતે સાકાર થાય ? ને અપેક્ષા સાકાર ન થાય, ત્યારે નિષ્ફળતાની વ્યથા તો માનવીને થાય જ !

અપરિગ્રહ અપેક્ષાઓ ઘટાડનારો હોવો જોઇએ. જ્યાં સુધી અપેક્ષાઓનું પ્રાબલ્ય હશે, ત્યાં સુધી પરિગ્રહવૃત્તિનું પ્રાધાન્ય પણ હોવાનું જ. પરિગ્રહની માનવીને આદત પડેલી છે. કયાંક અહમ્નો પરિગ્રહ છે તો ક્યાંક કષાયનો પરિગ્રહ છે, કયાંક નિંદાનો પરિગ્રહ છે તો કયાંક નિદ્રાનો પરિગ્રહ છે, કયાંક સ્વાર્થનો પરિગ્રહ છે તો કયાંક અસત્યનો પરિગ્રહ છે. પરિગ્રહના પરિઘમાં માનવી કેદ છે.

ને એ કેદમાંથી મુકિત તો તેને જ મળે છે, જે મનથી–હૃદયથી અપરિગ્રહનું વ્રત આદરે છે, અને આચરે છે !

જૈન ધર્મ, અગાઉ કહ્યું તેમ સૂક્ષ્મતાનો ધર્મ છે. 'અપરિગ્રહ'ની આ સૂક્ષ્મતાને ભીતરમાં ભાવીએ ને જીવનમાં ઉતારીએ !

(જૈન સાહિત્ય સમારોહ–ખંભાતમાં રજૂ થયેલો નિબંધ)

અહિંસામાં શ્રદ્ધા દૃઢ કરતી કલામયતા

સ્વામી અક્ષરાનંદ સરસ્વતી

શ્રી દિલીપ રાણપુરાની અગાઉની કૃતિ 'આંસુભીનો ઉજાસ'માં પીડિત સમાજને બેઠો કરવા મથતા આદર્શ યુવકની કથા હતી. એમાં કથાનાયક દેવરાજ કેન્દ્રમાં હતો અને એક પ્રદેશના પીડિત લોકોના આર્તનાદનો એમાં પડઘો પડયો હતો. 'આ કાંઠે તરસ'માં કુ. મંદારિકા શાહ તાલુકા ડેવલપમેન્ટ ઓફિસર છે અને તે સતત એકલાં છે. એમના દ્વારા વર્તમાન વિભીષિકા સામે સમસ્ત પીડિત માનવતાનો અવાજ પડઘાય છે. રાજકારણ, વહીવટી તંત્ર અને ભ્રષ્ટાચારને અવિનાભાવ સંબંધ છે. એકબીજાના પર્યાય છે. એની સામે વહીવટી તંત્રના જાગ્રત અધિકારીએ સાવધ રહેવું, પ્રસંગ આવ્યે પડકાર ઝીલવો એવો સંદેશ લઈને આ નવલકથા આવે છે. એમાં હંમેશા વિજય મળે એમ નહીં, પરંતુ એથી અહિંસામાં, કરુણામાં અને સમાજમાં આપણી શ્રદ્ધાનાં મૂળ ઊંડાં અને દૃઢ થાય છેઃ સમાજ તંદુરસ્ત રહે છે. કારણ, દુષ્કૃત્યો સગડ મૂકતાં જાય છે ને સમય નામનો પગી એને પકડી પાડે છે, એને તારવી આપે છે.

'આ કાંઠે તરસ' (લે. દિલીપ રાણપુરા, પ્રકા. આર. આર. શેઠની કું.)માં ખરા કથાનાયક તો દોલુભા અને ડૉ. નિર્મળ છે. એમણે સમાજને જાગૃત કરવાનું કામ કર્યું છે એટલું જ નહિ પરંતુ પોતાની પાછળ પોતાના જેવી ભાવનાશીલ કેડર તૈયાર કરવાનો માર્ગ ચીંધ્યો છે. ડૉ. નિર્મળ પરોક્ષ રીતે મંદારિકામાં અને પ્રત્યક્ષ રીતે સાવિત્રી, સંજય અને ગોપાલમાં પોતાની ભાવનાઓનું સંક્રમણ કર્યું છે. ડૉ. નિર્મળ તો દરિદ્રનારાયણ વચ્ચે સતત ઘૂમતા રહ્યા છે. ઓરિસ્સામાં તો એમણે સીધા સંઘર્ષમાં ભાગ લીધો અને શહીદ થયા. ત્યાં કેટકેટલા લોકોને એમણે પ્રેરણા આપી હશે! એવું જ દોલુભાનું છે. આખી જિંદગી એ સંઘર્ષ કરતા રહ્યા અને આખરે ખપી ગયા. પણ એમણે અગરસંગ, કાસમ, બીજલ જેવાને સંઘર્ષનો રાહ ચીંધ્યો છે. આ રીતે સમાજના વધુ ને વધુ લોકો જાગૃત થાય અને સંઘર્ષમાં જોડાય એવું આ નવલકથામાં ધ્વનિત છે. દોલુભા અને નિર્મળ પાર્શ્વભૂમાં ઓગળી ગયેલાં પાત્રો છે. એમણે સમષ્ટિ માટે જાત ઘસી નાખી, જિંદગી ફના કરી, એના સંદર્ભે જ એમનું પાત્રનિરૂપણ થયું છે.

મંદારિકા શાહના સંજય પાઠક તરફના વર્તન દ્વારા લેખક એક આછેરા રહસ્યનું વાતાવરણ રચે છે. એથી કથા વાચનક્ષમ બની છે. આગળ જતાં લેખક મંદારિકા અને ડૉ. નિર્મળના સંબંધોનાં પૃષ્ઠ ધીરે ધીરે ખોલે છે અને મંદારિકાના આંતરિક જીવનનાં પડ જમ જેમ ઉઘેળે છે તેમ તેમ કથા રસપ્રદ અને હૃદયસ્પર્શી થતી જાય છે. અલબત્ત, કથાને વાચનક્ષમ બનાવવાની આ તો એક યુક્તિ છે. કથાની પાછળ તો દસે દિશામાં ફાલીફૂલી અને વકરી રહેલી ભ્રષ્ટતા, સ્વાર્થાંધતા અને મૂલ્યહ્રાસ, થોડાંક માથાભારે તત્ત્વો કેવી કેવી અધમતાઓ દ્વારા હજારો માનવીનું શોષણ કરે છે, ભયંકર ગુનાઓ કરીને પણ કેવા છટકી જાય છે અને પીડિત જનતા કેવી ઘોર હતાશા અનુભવે છે તે દર્શાવવાનો હેતુ છે. એ હેતુ કેટલો બર આવે છે તે ઘણાં પરિબળો પર નિર્ભર છે.

સામાન્ય વાચક તો પ્રેમકથા વાંચવા ટેવાયેલો છે. એને મંદારિકા-નિર્મળની પ્રેમકથા મુખ્યત્વે સ્પર્શી જાય. શહેરી વાચકો નાનાં ગામડાંઓની આપદાઓથી પરિચિત ન હોય એટલે એમને કેટલીક વાતો ન સમજાય એ સ્વાભાવિક છે. વર્ષો સુધી અન્યાય વેઠયા પછી ઘણાખરા લોકોને અન્યાય, રાજકીય ગુંડાગીરી વગેરે કાઢે પડી ગયાં છે. આવા લોકોનાં ચિત્તતંત્રને આ કથા કેટલે અંશે સંક્ષુબ્ધ કરે, હચમચાવી મૂકે એ શંકાસ્પદ રહે છે. કથા વાંચીને કેટલાક સંવેદનશીલ અને વિચારશીલ યુવાનો ખળભળી ઊઠશે. બધા નિર્મળ ન બની શકે પણ થોડાક સંજય પાઠક બનવા પ્રેરાય તોય ઘણું. દોલુભાનો વારસો અગરસંગ અને એના સાથીઓમાં સચવાયો છે. તેઓ હજુ ય અન્યાય સામે ઝઝૂમી રહ્યા છે એ એક આશાવાદી ઇશારો છે.

કુ. મંદારિકા શાહ ટી. ડી. ઓ.માંથી ડેપ્યુટી ડી. ડી.ઓ. અને ડી. ડી. ઓ. થયાં પણ એ પંદર વર્ષમાં એમની સત્તાવીશ તાલુકામાં બદલી થઈ અને સાત વર્ષમાં ચાર જિલ્લામાં બદલી થઈ. રાજકારણીના હિતની આડે જે અધિકારી આવે એની દૂરનાં ગામડાંઓમાં સતત બદલી થતી રહે. વહીવટતંત્રના અધિકારીએ ખામોશીની ભાષા શીખવી પડે. એવી ખામોશીને બદલે સહન કરવાની તત્પરતા સાથે મંદારિકા શાહ પ્રમુખશ્રી અજિતસિંહ સામે ટક્કર ઝીલતાં ખુમારીથી કહે છેઃ 'અન્યાય સહન કરીને માણસનું શરીર તૂટી જતું હોય છે; પણ પ્રાણ તો પ્રજ્વળ બનતો હોય છે. એ પ્રજ્વળતા જ એમને તૂટી ગયેલાં શરીર સાથે જિવાડતી હોય છે. એમના કણસાટમાંથી ક્રાંતિની આગ ભભૂકતી હોય છે. લોકોનાં અજ્ઞાન, લાચારી, નિર્બળતા આપણી સમૃદ્ધિનાં સાધન ન બનવાં જોઈએ.' (પૃષ્ઠ ૬૩) આમ મંદારિકા શાહ આજના ભ્રષ્ટ વહીવટી તંત્રમાં પણ આશાનું કિરણ છે.

લેખકની 'સૂકી ધરતી, સૂકા હોઠ'માં આપણાં ગામડાંના વાસ્તવનો અને ગામડાંનાં જરૂરી તત્ત્વો માનવીની માનવતાને શોષી લઈને એને કેવી રીતે પશુ બનાવી દે છે એનો કલામય ચિતાર આપ્યો છે. એમાં કથાનાયક જયંતીની જે સ્થિતિ થઈ, એ સ્થિતિને પોતાના પતનને, જયંતી સ્વીકારી લે છે. આખી કથા પર નૈરાશ્યનું પડ ઘેરાયેલું રહે છે તો 'આંસુભીના ઉજાસ'માં એક વ્યક્તિનો પોતાને રૂંધતાં પરિબળો સામેનો સંઘર્ષ જોવા મળે છે જ્યારે 'આ કાંઠે તરસ'માં દોલુભા અને ડૉ. નિર્મળ જેવાં પાત્રો અને તેમનાથી પ્રેરાયેલાં પાત્રો દ્વારા અન્યાય અને અનિષ્ટનાં પરિબળો પર પ્રહાર જોવા મળે છે અને છેલ્લે ડૉ. નિર્મળ નિષ્કામ) સશસ્ત્ર બંડ ઉઠાવે છે એનો સંકેત પણ કથામાં આવી જાય છે. ડૉ. નિર્મળ (નિષ્કામ) મંદારિકા શાહ પરના પત્રમાં લખે છેઃ 'હવે લાગે છે, શસ્ત્ર વગર શોષણ નહિ અટકે. શસ્ત્ર વગર ભ્રષ્ટ રાજકારણીઓ અને રાજસત્તા નહિ બદલી શકાય...ને છતાંય હજુ અહિંસામાંથી, કરુણામાંથી, સમાજમાંથી મારી શ્રદ્ધાનાં મૂળિયાં ઊખડી નથી ગયાં...' (પૃષ્ઠ ૨૬૬) આમ આ નવલકથા દ્વારા લેખકે રાજકીય કાવાદાવાથી પીડાતી પ્રજાની વ્યકત થવા મથતી વેદનાઓને ઝીલવાની, સમાનુભૂતિ અનુભવવાની આપણને તક આપી છે એ માટે તેઓ અભિનંદનના અધિકારી છે. *

ફેકારવ બેચેન બનાવી દે છે

* ગુલાબ દેઢિયા

રાજા તો મેઘ રાજા, ભોજ રાજા કાય કા? એ વાત આજે દુકાળિયા પ્રદેશમાં આવીને આંખે વળગે છે. પોતાના તરફ તૃષાતુર મંડાયેલી આંખોને આકાશ સહન નથી કરી શકયું. હવે દિવાળી વખતે આકાશમાં કયારેક રડીખડી પસાર થતી સફેદ વાદળીઓ ભારે નિર્લજ્જ લાગે છે.

સવારના પહોરમાં કયાંક ખળભળાટ થાય છે ને નિર્જનતામાં બેઠેલા મોરલાઓ એને મેઘગર્જના સમજી 'મેઆવ' 'મેઆવ' એવો ટહૂકાર કરી ઊઠે છે. એક સાથે કેટકેટલા અવાજો! એ ફેકારવ બેચેન બનાવી દે છે. મોર બોલે ને બેચેન બની જઈએ એ જ દુકાળ! એ જ દુકાળ!

ધરતીનાં ધાવણ ખૂટયાં છે. ભૂમિપુત્રોએ ત્રણસો ફૂટ ઊંડે સુધી બોર નાખી દીધા છે. કયાંક લીંબડા જોઈને થાય છે: લીંબડા પાણીની શોધમાં પી. વી. સી. નાં મૂળિયાં કયાંથી લાવતા હશે!

કવિ ઉશનસ્‌ના કાવ્ય 'વળાવી બા આવી'માં વિરહ આગલી રાતે જ બધાની વચ્ચે બેસી ગયો હતો તેમ, લોકોની બધી વાતોના કેન્દ્રમાં દુકાળ છે. આખરે વાત દુકાળ પાસે આવીને અટકે છે. લાખો નિરાશામાં એક વધુ મહાનિરાશા છુપાઈ છે કે, પ્રજા નિરાશામાં ડૂબીને માનવા લાગી છે કે, આવતે વર્ષે દુકાળ પડશે તો? બસ આ પ્રશ્નની આગળ વિચારવાની હિમ્મત કયાં છે? જગદુશા દાતારની વાતો લોકો મલાવી મલાવીને ફરી ફરીને કહી રહ્યા છે.

દિવસે ગામડાની શેરીએ શેરીએ ફરી વળો, કોઇ માણસ જોવા ન મળે. માત્ર મકાનોના પડાછાયા નાનીમોટી ભૌમિતિક આકૃતિઓ રચતા જોવા મળે છે.

સીમમાં કયાંક કાંટાળા થોર, ઝાંખરાં, બાવળ, લીલો રંગ બોળને માત્ર જિદ્દ કરી ધૂળના બોળામાં ઊભાં છે.

પસાર થતી બસને જોઈ, કોઈ બાલિકા દૂરથી નાનકડી માટલી પાણી ભરીને લાવી છે, તે ઊભી રહી પસાર થતી બસને હાથ ઊંચો કરી વિદાય આપે છે.

પીવાનું પાણી ભરવા માથે બેડાં લઈ સ્ત્રીઓ માઇલો સુધી ચાલે છે. એ લોકો જ્યારે પોતાના જ રાષ્ટ્રના અન્ય ભાગમાં અતિવૃષ્ટિના સમાચાર વાંચે કે પાણીમાં ડૂબેલા વિસ્તારોના ફોટોગ્રાફ જુએ ત્યારે કેવી લાગણી અનુભવતા હશે!

આઝાદીનાં ચાળીસ વર્ષ પછી પણ અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિનો પ્રશ્ન આ દેશમાં નથી ઉકેલાયો. નદીઓને નાથવાની વાતો થાય છે અને વાતો જ થાય છે. લીલા કે સૂકા દુકાળ વખતે તત્પૂરતી મદદનાં થીગડાંથી પરિસ્થિતિને ઢાંકી દેવામાં આવે છે. લોકમાતાઓનાં પાણી દરિયામાં ભલે ઠલવાય પણ સૂકા વિસ્તારોમાં ન જ પહોંચે એવો નિર્ધાર કરીને તો આપણે નથી બેઠા ને? યુદ્ધના ધોરણે અહીં યુદ્ધ જ થાય છે. શાંતિકાર્ય નથી થતું.

ઝહીર કુરેશી નામના કવિએ લખ્યું છે:

દશ્ય ઊડતે વિમાનસે દેખા,
બાઢકા ધ્વસ્તીનાનસે દેખા.
ઉસને સત્તાકે અશ્વ પર ચઢકર,
જો ભી દેખા-વો શાનસે દેખા.

હેલિકોપ્ટરમાં બેસીને ડૂબેલા પ્રદેશનું વિહંગાવલોકન અને રાજકારણીઓના બેચાર શ્રમજીવીઓ સાથેની વાતોને રેડિયો અને દૂરદર્શન પરથી ફુલાવી ફુલાવીને રજૂ કરવામાં આવે છે. મહાનગરના નાગરિકોને ગામડાંઓના દુકાળની ઊની આંચ સુદ્ધાં નથી આવતી. નવી સીરિયલો અને નવી જાહેર ખબરો બધું બહુરંગી બનાવી દે છે. રંગીન ટી. વી.નો લીલો રંગ દુકાળને ઢંકવા દેતો નથી.

અમે નાના હતા ત્યારે પહેલા વરસાદ પછી ધરતી પર ફરતા લાલ લાલ મખમલિયાને જોઈ ભારે વિસ્મય પામતા. અમે એ મખમલિયા-ઇન્દ્રગોપ-ને વરસાદના મામા કહેતા. ત્યારે દૃઢપણે માનતા કે, વરસાદના મામાની આસપાસ સાત કુંડાળાં કરવામાં આવે અને એ એમાંથી બહાર નીકળી જાય તો બહુ વરસાદ પડે. મખમલિયાને જોતાંની સાથે જ કુંડાળાં બનાવવા મંડી પડતા.

ત્રણ વર્ષથી જ્યાં વરસાદ એકે વખત નથી પડયો ત્યાં વરસાદના મામા કયાંથી જોવા મળે?

સાત કુંડાળાં આંગળીઓમાં જ ગુંચળું વાળીને પડેલાં છે. ઇન્દ્રગોપનો સુકોમળ સ્પર્શ હવે કયારે મળશે?

શહેરો પર ભલે ગમે તેટલો ફિટકાર વરસાવીએ છતાં એ શહેરીજનો જ આવા કપરા કાળમાં મદદનો હાથ લંબાવે છે. હજી અનુકંપા લીલીછમ છે, એ જ મોટો સધિયારો નથી શું?

ભકિત-સંગીતના વર્ગો

સંઘના ઉપક્રમે બહેનોને ભકિત સંગીત – સ્તવન વગેરે શીખવવા માટેના ૭ અઠવાડિયાંના વર્ગોનો પ્રારંભ થાય છે.

ઉદ્‌ઘાટન: શુક્રવાર, તા. ૧૩-૧૧-૧૯૮૭

સમય : સાંજના ૫-૦૦ વાગે

સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, એસ. વી. પી. રોડ, રસધારા કો-ઓપ. સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામની સામે, પ્રાર્થના સમાજ, મુંબઇ-૪૦૦૦૦૪ ફોન : ૩૫૦૨૯૬

ભકિત-સંગીતના આ વર્ગનો સમય દર બુધવારે સાંજના ૪-૦૦ થી ૫-૦૦નો રહેશે. **શ્રી બંસીભાઈ ખંભાતવાલા** આ વર્ગના અધ્યાપક તરીકે સેવા આપશે. રસ ધરાવતાં બહેનોને સંઘના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી છે.

કે. પી. શાહ

ઉષાબહેન મહેતા સંયોજક

પન્નાલાલ ૨. શાહ મંત્રીઓ

સ્વ. ડૉ. ગોપાણી અને સ્વ. વેણીબહેન કાપડિયા

© રમણલાલ ચી. શાહ

ડૉ. અમૃતલાલ સવચંદ ગોપાણીનું થોડા સમય પહેલાં મુંબઈમાં ૮૦ વર્ષની વયે અવસાન થતાં આપણે જૈન વિદ્યાના ક્ષેત્રે એક તેજસ્વી વિદ્વાન લેખક ગુમાવ્યા છે.

ડૉ. ગોપાણીનું નામ તો કૉલેજમાં અભ્યાસ કરતો હતો ત્યારથી સાંભળ્યું હતું. પરંતુ એમને પ્રત્યક્ષ મળવાનું તો ઘણું મોડું થયું હતું. પત્ર દ્વારા અમે ઘણીવાર મળતા, પરંતુ બે જાહેર કાર્યક્રમોમાં મારે એમની સાહિત્યસેવા માટે બોલવાનું પ્રાપ્ત થયું હતું તે નિમિત્તો એમના વિશેષ નિકટના સંપર્કમાં આવવાનું બન્યું હતું.

કેટલાંક વર્ષ પહેલાં એમની સાહિત્યસેવાને બિરદાવવાનો એક કાર્યક્રમ ભારતીય વિદ્યાભવનમાં ગોઠવાયો હતો. ડૉ. ગોપાણીએ ભારતીય વિદ્યા ભવનમાં દીર્ઘકાળની સેવા આપી હતી. એટલે ભારતીય વિદ્યા ભવન તરફથી યોજાયેલા એ કાર્યક્રમમાં મારે ડૉ. ગોપાણી વિષે બોલવાનું પ્રાપ્ત થયું હતું. ત્યાર પછી ડૉ. ગોપાણીએ ઉપાધ્યાયજી મહારાજ યશોવિજયજીના સુપ્રસિદ્ધ ગ્રન્થ 'જ્ઞાનસાર'નું અંગ્રેજીમાં ભાષાંતર કર્યું હતું. તે ગ્રન્થના વિમોચન પ્રસંગે દાદરના શાંતિનાથ ભગવાનના મંદિરના ઉપાશ્રયમાં જૈન સાહિત્ય વિકાસ મંડળ તરફથી પ. પૂ. ભુવનભાનસૂરિજી મહારાજની નિશ્રામાં યોજાયેલા કાર્યક્રમમાં બોલવાનો અવસર મને મળ્યો હતો. ડૉ. ગોપાણી સાથેના આ બંને પ્રસંગોનું સ્મરણ તાજું જ છે.

ડૉ. ગોપાણીને જોવાના કે મળવાના પ્રસંગો ઘણાને ઓછા સાંપડ્યા હશે તેનું કારણ તેમની નાજુક તબિયત હતી. શરદી અને અશક્તિને કારણે તેઓ ઘરબહાર જવાનું ટાળતા, અને ઘરે રહીને જાહેર વ્યાખ્યાનોનાં નિમંત્રણો સ્વીકારતા નહિ તબિયત સાચવતા. તેઓ પોતાનો સમય વાંચન અને લેખનમાં પસાર કરતા. નિવૃત્તિકાળ દરમિયાન તેમની લેખનપ્રવૃત્તિ સારી ચાલી હતી.

બોટાદમાં જન્મેલા ડૉ. ગોપાણી નોકરી કરતાં કરતાં અભ્યાસમાં આગળ વધ્યા હતા. એમ. એ. થયા પછી સંસ્કૃત અને પ્રાકૃતના અધ્યાપક તરીકે પોતાની કારકિર્દી આરંભી હતી. જૈન સાહિત્ય અને જૈન તત્ત્વજ્ઞાન એમના રસના વિષયો હતા. એમણે ભારતીય વિદ્યાભવનમાં મુનિ જિનવિજયજી સાથે જૈન સાહિત્યના સંશોધન-સંપાદનમાં મહત્ત્વનું કાર્ય કર્યું હતું.

ડૉ. ગોપાણીએ ૪૦ જેટલા ગ્રન્થો અને બીજા સંખ્યાબંધ સંશોધન લેખો લખ્યા છે. 'ધર્મબોધ કથાઓ', 'હેમચંદ્રાચાર્ય કૃત યોગશાસ્ત્ર', 'સમણ-સુત્તમ', 'ભાવના શતક', 'જૈનીઝમ' વગેરે ગ્રન્થો ગુજરાતી અને અંગ્રેજીમાં લખ્યા છે. એમણે કેટલાક ગ્રન્થોનું અંગ્રેજીમાં ભાષાંતર પણ કર્યું છે.

જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાન ઉપરાંત ભારતીય સંસ્કૃતિના પણ તેઓ ઊંડા અભ્યાસી હતાં. એ વિષય ઉપર મુંબઈ યુનિવર્સિટીમાં અનુસ્નાતક વર્ગમાં તેઓ વ્યાખ્યાનો પણ આપતા. એમણે 'સમ આસ્પેક્ટસ ઑફ ધન્ડિયન કલ્ચર' નામનો અંગ્રેજીમાં એ વિષે ગ્રન્થ પણ લખ્યો છે. વિદેશની કેટલી યુનિવર્સિટીઓના આ વિષયના અધ્યાપકો ડૉ. ગોપાણી સાથે પત્ર દ્વારા સંપર્ક રાખતા.

ધર્મ અને તત્ત્વજ્ઞાન ઉપરાંત જ્યોતિષ અને આયુર્વેદ એ બંને વિષયોમાં પણ ડૉ. ગોપાણી ઊંડો રસ ધરાવતા અને એ વિષય ઉપર પણ તેમણે કેટલાય લેખો લખેલા છે.

ડૉ. ગોપાણી એટલે ભારતીય વિદ્વદ્ પરંપરાના એક બહુશ્રુત તેજસ્વી વિદ્વાન. અનેક શ્લોકો અને ગાથાઓ એમને કંઠસ્થ હતાં. ભારતીય સંસ્કૃતિ વિષે અનેક વિષયોની માહિતી એમના સ્મૃતિપટમાં તાજી રહેતી. તેઓ જે કંઈ લેખન કરે તે શાસ્ત્રીય પદ્ધતિથી અને પૂરી ચીવટથી કરતા. જીવનમાં પણ તેઓ નિયમિત અને અત્યંત ચીવટવાળા હતા. તેઓ શરીરે નબળા હતા, પરંતુ એમનો અવાજ બુલંદ અને રણકારવાળો હતો. એમની સાથે વાતચીત કરતાં એમના અવાજમાં ઉષ્માનો અનુભવ થતો.

સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, ગુજરાતી અને અંગ્રેજી ભાષા ઉપર એકસરખું પ્રભુત્વ ધરાવનાર ડૉ. ગોપાણીના અવસાનથી એ ક્ષેત્રની એક મહત્ત્વની વ્યક્તિની આપણને ખોટ પડી છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ આપે.

* *

શ્રી જૈન યુવક સંઘના ભૂતપૂર્વ મંત્રી શ્રીમતી વેણીબહેન વિનયચંદ કાપડિયાનું થોડા સમય પહેલાં પોંડિચેરી ખાતે અવસાન થયું છે.

સ્વ. વેણીબહેન કાપડિયાએ સન ૧૯૩૦થી ૧૯૫૦ના ગાળામાં જૈન યુવક સંઘમાં સક્રિય કાર્ય કર્યું હતું. એમના જમાનાની અપેક્ષાએ તેઓ એક પ્રગતિશીલ, સુશિક્ષિત, તેજસ્વી મહિલા હતાં. તેઓ સ્વ મોતીચંદ ગિરધરલાલ કાપડિયાના પુત્રવધૂ હતાં. શ્રી મોતીચંદભાઈએ મુંબઈના જાહેર જીવનમાં અગ્રગણ્ય ભાગ લીધો હતો. ગાંધીજીની આઝાદીના લડતના રંગે રંગાયેલા, આજીવન ખાદીધારી એવા મોતીચંદભાઈએ રાજકારણ, સામાજિક ક્ષેત્ર તથા ધર્મ અને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં એમના જમાનામાં ઘણું મહત્ત્વનું કાર્ય કર્યું હતું. એમના હાથ નીચે તાલીમ પામેલાં સ્વ. વેણીબહેને પણ આઝાદીની લડતમાં ગૌરવવંતુ કાર્ય કર્યું હતું. તેઓ પણ ખાદીધારી હતાં. તેઓ ચિંતક અને સારા વકતા હતાં. ભક્તિ સંગીતનો પણ તેમને ઘણો શોખ હતો. સ્વ. વેણીબહેન કાપડિયા જ્યારે મુંબઇ જૈન યુવક સંઘમાં જોડાયાં ત્યારે તેમની શક્તિને પારખીને સ્વ. પરમાનંદભાઈ કાપડિયાએ તેમને સંઘની કાર્યવાહક સમિતિમાં સ્થાન અપાવ્યું હતું. ત્યાર પછી સન ૧૯૪૬-૪૭-૪૮ એમ ત્રણ વર્ષ માટે તેઓ સંઘના મંત્રીપદે પણ રહ્યાં હતાં. આ રીતે સંઘના તેઓ પ્રથમ મહિલા મંત્રી હતાં.

સ્વ. વેણીબહેનને ધર્મ અને તત્ત્વજ્ઞાનમાં ઊંડો રસ હતો. સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેમણે વ્યાખ્યાનો આપ્યાં હતાં. શ્રી અરવિંદ અને માતાજીના સંપર્કમાં તેઓ આવ્યા હતાં અને ત્યારથી પોંડિચેરી તરફનું તેમનું આકર્ષણ વધ્યું હતું. દર વર્ષ તેઓ નિયમિત પોંડિચેરીમાં જઈને સ્થાયી થતાં હતાં. શ્રી અરવિંદ જન્મ શતાબ્દી પ્રસંગે સ્વ. વેણીબહેન સાથે મારે પણ પોંડિચેરી જવાનું બન્યું હતું. તે સમયે વેણીબહેનની પોંડિચેરીમાં કેટલી બધી સુવાસ છે તેની પ્રત્યક્ષ પ્રતીતિ થઈ હતી.

જૈન સમાજની આ એક વિદુષી તેજસ્વી, સંનિષ્ઠ મહિલા કાર્યકરને જૈન યુવક સંઘ તરફથી હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

અભયદાન

ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજી મહારાજ સાહેબ

અનંત ઉપકારી દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માઓ અભયદાતાઓમાં શ્રેષ્ઠ છે. એ પરમાત્માના સેવક તરીકે ઓળખાનારા આપણામાં જીવોને અભયદાન આપવાની ભાવના જીવતી અને જાગતી રહે. અભયદાન આપવામાં ધન, કુટુંબ કે શરીરની મમતા આડી આવતી હોય તો દૂર થઈ જાય, આવા એક શુભ હેતુની પુષ્ટિ માટે અભયદાતા પરમાત્માની વિશિષ્ટ ભક્તિ અને સકળ કર્મનાશક તપ-ધર્મની સામુદાયિક આરાધનાનો કાર્યક્રમ આજે યોજાયો છે.

છેલ્લાં બે વર્ષથી ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, બનાસકાંઠા, રાજસ્થાન તેમજ મહારાષ્ટ્ર વગેરે પ્રદેશોમાં મોટા ભાગે દુષ્કાળ જેવી સ્થિતિ પ્રવર્તે છે, તેમાં હવે આ ત્રીજા વર્ષે પણ એવો જ ભય તોળાઈ રહ્યો છે. બે વર્ષમાં જીવદયાપ્રેમીઓએ જીવદયા માટે લાખો રૂપિયા ખર્ચ્યા છે તે હું જાણું છું, જો કે તમે બધાએ તમારી શક્તિ મુજબ ખર્ચ્યા છે, એમ તો હું નથી કહેતો પણ કાંઈ ને કાંઈ કર્યું છે એમાં ના નથી, પરંતુ હવે પરિસ્થિતિ વધુ વિકટ બની રહી છે. ત્યારે શક્તિસંપન્નો પોતાની શક્તિ મુજબ પૈસા લાવીને દુઃખી માનવો અને અબોલ પ્રાણીઓને બચાવવા નીકળી પડે તો જૈનશાસનની સુંદર પ્રભાવના થાય, તેવો આ પ્રસંગ આવી લાગ્યો છે. દુષ્કાળ આવ્યો જ તે સારું નથી થયું પણ સૌના જીવોના પાપોદયે જ્યારે એ આવ્યો જ છે ત્યારે તેના દારુણ પરિણામોથી દુઃખી માનવો અને અબોલ જીવોને પરમાત્માની આજ્ઞા મુજબ બચાવી લેવાના પ્રયત્નોમાં જૈનો કચાશ રાખે નહિ. અભયદાનની ભાવનાને જીવંત બનાવીને આવો પુરુષાર્થ કરવાથી જૈનધર્મનો જયજયકાર થઈ જાય અને અનેક જીવોને જૈનધર્મ ઉપર પ્રીતિ પેદા થઈ જાય, એવી આ પુણ્ય તક જીવદયાપ્રેમી જૈનોએ અવશ્ય ઝડપી લેવા જેવી છે.

ધન કમાવાની મોસમમાં તમે બીજાં બધાં કામ ભૂલીને ઘર-કુટુંબ-પરિવાર અને ગામ છોડીને પણ ધનની કમાણી કરવા ગમે તેવા દૂર દેશમાં પણ પહોંચી જાઓ છો, તેમ અત્યારે આ અભયદાન કરવાની મોસમ તમારે માટે આવી લાગી છે ત્યારે જરૂર પડયે ગામ ઘર-કુટુંબ વગેરેને થોડા સમય માટે છોડીને જ્યાં જ્યાં દુઃખી માનવો અને ભૂખ્યાં-તરસ્યાં જાનવરો રીબાતાં હોય ત્યાં તેમનાં દુઃખ દૂર કરવા પહોંચી જવાની તૈયારી રાખવી જોઈએ. અભયદાનનું પુણ્ય કમાવાની આ મોસમમાં શરીર કે કુટુંબની મમતા અને ધનની કૃપણતા કયાંય આડે ન આવે તેની કાળજી રાખજો. આ મોસમમાં થોડી તકલીફ વેઠવી પડે તો વેઠીને પણ બીજાના દુઃખને દૂર કરવા બનતાં પ્રયત્ન કરજો, આ વાત સમજવામાં જ મળેલી સમજનો સાચો ઉપયોગ છે.

ગૃહસ્થને ધનની જરૂર પડે, પરંતુ જરૂર કરતાં અધિક ધન કમાવાની ઇચ્છા એ લોભ નામનું પાપ છે. જ્યારે મળેલાં ધનનો પ્રસંગે શક્તિ મુજબ દાનમાં વ્યય કરવો એ ધર્મ છે. તમે પૈસા કમાવા અનેક કષ્ટો વેઠો છો, તે હું જાણું છું, તો અવસરે દાન કરવા અને અનેક જીવોને બચાવવા કષ્ટ વેઠવા કેમ તૈયાર ન થાઓ ? મારે આ ભાવના તમારામાં પેદા કરવી છે.

શક્તિસંપન્નો શક્તિ મુજબ આ બધા દુઃખી જીવોની દયા કરે. પોતાની શક્તિ ન પહોંચે તો અન્ય શક્તિસંપન્નો પાસે પહોંચી તેમની સહાય મેળવીને પણ આવા દયાનાં કામ કરે. દુઃખી માનવો તો બોલીને માગશે, પણ મૂંગાં પ્રાણીઓ શી રીતે માંગે ? તેમની વતી તો તમારે માગવા પણ જવું પડે. પોતાની શક્તિ મુજબ આપ્યા પછી આવા કામ માટે માંગવા જવામાં નાનપ નથી, શક્તિ મુજબ આપ્યા પછી કોઈ પાસે માંગવા જશો તો તેને પણ તમારા પ્રત્યે બહુમાન પેદા થશે. એને વિચાર થશે કે-કેવા ભાગ્યશાળીઓ છે કે પોતાનો ભોગ આપી, ઘરનાં કામધંધા છોડી, આવા પરોપકારનાં કામ માટે નીકળ્યા છે તો તેમને આપણે પણ શક્તિ મુજબ અવશ્ય સહાય કરી સંપૂર્ણ પ્રોત્સાહન આપવું જોઈએ. આ માટે મારે તમને તૈયાર કરવા છે. મારે તમારા મોઢે સાંભળવું છે કે 'અમે અમારી શક્તિ મુજબ આપીશું, બીજા પાસે જઈ તેમને પ્રેરણા કરીને અપાવીશું અને આ દુષ્કાળના સમયમાં એક પણ માણસને કે જનાવરને ભૂખે કે તરસે મરવા નહિ દઈએ, તેની જુમ્મેદારી અમે લઈએ છીએ.'

ગમે તેવો દુષ્કાળ આવ્યો પણ તમને કાંઈ નડ્યો ? તો તમારા જેવા પુણ્યશાળીઓ જેટા હોય ને દુષ્કાળ કોઈને નડે ખરો ? જીવોના પાપના ઉદયે દુષ્કાળ પડે પરંતુ તમારા જેવા પુણ્યશાળીઓ તે વખતે પોતાનું કર્તવ્ય અદા કરે, એટલે એ દુષ્કાળ કોઈને નડે નહિ, તેથી જ હું તમને તમારું કર્તવ્ય યાદ કરાવું છું. ભૂતકાળમાં ઘણા દયાવાન દાનવીરો જૈન શાસનમાં થઈ ગયા છે જેમણે આવા સમયે પોતાના ધન અને ધાન્યના ભંડારો સમસ્ત પ્રજા માટે ખુલ્લા મૂકી દીધા હતા. એ પુણ્યશાળીઓનો વારસો તમારે જાળવવાનો છે. ભગવાન શ્રી સંભવનાથસ્વામીના આત્માએ પૂર્વના ત્રીજા ભવમાં ભયંકર દુષ્કાળના સમયમાં એવી સાધર્મી ભક્તિ કરી કે એક પણ સાધર્મીને દુષ્કાળની ખબર પડવા ન દીધી. દુકાળ પણ સુકાળથી યે સારો બનાવી દીધો. સાથે સાથે દીનદુઃખી અને અબોલ પ્રાણીઓને પણ દુષ્કાળની અસર જણાવા ન દીધી. એ મહાન પુણ્યકાર્યના પ્રતાપે એ આત્માએ શ્રી તીર્થંકરનામ-કર્મની નિકાચના કરી.

આવા મહાપુણ્યને ઉપાર્જન કરવાનો સુઅવસર તમારા માટે આવી લાગ્યો છે, તો હવે આવેલી તક ચૂકતા નહિ. ઘરબાર કુટુંબ, શરીર અને ધન આદિની આમાં કયાંય આડે ન આવે તેની કાળજી રાખજો. શક્તિસંપન્નો સ્વયં લાભ લે, શક્તિ ન હોય તો અન્યને પ્રેરણા કરી લાભ લેવડાવે અને એ રીતે કોઈને કોઈ પ્રકારે અભયદાનની આરાધના કરી તમે સૌ સંપૂર્ણ અભયપદને પ્રાપ્ત કરનારા બનો એ જ શુભાભિલાષા.

જે સમયે જે ક્ષેત્રમાં વિશેષ જરૂર હોય તે સમયે તે ક્ષેત્રમાં ધનનો વિશેષ વ્યય કરવાની શાસ્ત્રની આજ્ઞા છે. એ આજ્ઞાને લક્ષમાં રાખી અભયદાનના કાર્યમાં પોતાની શક્તિને ગુમાવ્યા વગર અને જરૂર પડે થોડું કષ્ટ વેઠીને પણ ધનવ્યય કરનારા પુણ્યાત્માઓ પુણ્યબંધ મારો કરશે; પોતાના સંસારને ટૂંકો બનાવશે; દુર્ગતિનાં દ્વાર બંધ કરી સદ્ગતિના દ્વાર ખુલ્લાં કરશે અને પરંપરાએ પરમપદ-સંપૂર્ણ અભયપદના સ્વામી બનશે. તમે સૌ આવાં સત્કાર્યો કરવા દ્વારા એ પદને પામવાના સામર્થ્યને પામો એ જ મંગલકામના.

(મુંબઈમાં શ્રીપાળનગરના ઉપાશ્રયમાં કરેલું ઉદ્બોધન)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૩૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ - ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. 137

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૯ અંક : ૧૪

મુંબઇ તા. ૧૬-૧૧-'૮૭

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

નિરામિષાહાર – જૈન દૃષ્ટિએ

આમિષ એટલે માંસ. આહાર તરીકે આમિષનો ઉપયોગ કરનારા આમિષાહારી કહેવાય. પોતાના આહારમાં માંસનો ઉપયોગ ન કરનાર નિરામિષાહારી કહેવાય છે.

પોતાના આહારમાં ફક્ત વનસ્પતિનો ઉપયોગ કરનાર માણસો વનસ્પત્યાહારી-Vegetarian-કહેવાય છે. એમને માટે 'શાકાહારી' શબ્દ ખોટી રીતે રૂઢ થઈ ગયો છે, કારણ કે શાકાહારી ફક્ત શાક ખાઇને જ જીવતા નથી. અનાજ વગેરે પણ તેઓ ખાય છે અને ગાય, ભેંસ કે બકરીનું દૂધ પણ તેઓ વાપરે છે. પરંતુ ગુજરાતીમાં 'શાકાહાર' શબ્દ રૂઢ અને વધુ પ્રચલિત બની ગયો હોવાથી તે વાપરી શકાય છે.

પશ્ચિમના કેટલાક દેશોમાં ચુસ્ત વનસ્પત્યાહારી લોકો વનસ્પતિ સિવાય બીજું કશું આહાર તરીકે લેતા નથી. દૂધ અને દૂધમાંથી બનેલાં દહીં, માખણ, ચીઝ તેમજ દૂધ-દહીંની મીઠાઇઓ વગેરે પણ લેતા નથી. એવા ચુસ્ત વનસ્પત્યાહારી લોકો 'Vegas' તરીકે ઓળખાય છે.

દુનિયામાં ખાદ્યાખાદ્યના નિયમો જુદા જુદા પ્રદેશોમાં જુદી જુદી રીતે જુદા જુદા ધાર્મિક, સામાજિક વગેરે દૃષ્ટિકોણથી પ્રચલિત છે. પશુપંખીઓ પોતાનો આહાર પોતાને માટે યોગ્ય છે કે કેમ તે જોવા-સૂંઘવાથી સમજી શકે છે. પ્રત્યેક જીવને આહારસંજ્ઞા મળેલી હોય છે. દરેક પ્રકારના જીવોને પોતાનો ખોરાક મળી રહે એવી કુદરતની વ્યવસ્થા છે. કીડીને કણ અને હાથીને મણ એ ન્યાયે દરેક જીવો સામાન્ય રીતે પોતપોતાનો આહાર મેળવી લે છે.

સમસ્ત જીવસૃષ્ટિમાં મનુષ્ય સર્વોચ્ચ કક્ષાએ છે. મનુષ્ય સૌથી વધુ બુદ્ધિશાળી પ્રાણી હોવાથી આહારની બાબતમાં એની પસંદગી ઘણી મોટી રહી છે. વનસ્પતિ અને પશુ-પંખી સાથેનો એનો સંબંધ આદિકાળથી ગાઢ રહેલો છે. એના ઉપરનું એનું વર્ચસ્વ પણ એટલું જ રહેલું છે. એટલે મનુષ્યની ખોરાકની પસંદગીને કોઈ સીમા નથી.

આદિકાળનો માણસ માંસાહારી હતો. શિકાર દ્વારા પોતાનું પેટ તે ભરતો. મનુષ્યજીવનમાં માંસાહારની પરંપરા ઓછેવત્તે અંશે આજ દિવસ સુધી સતત ચાલતી આવી છે. આખી દુનિયા સંપૂર્ણપણે શાકાહારી થઈ ગઈ હોય એવો કાળ કયારેય આવ્યો નથી કારણ કે સમસ્ત માનવ પણ સંપૂર્ણપણે જ્ઞાની થઈ જાય એવો કાળ કયારેય આવ્યો નથી, આવવાનો નથી.

બુદ્ધિશાળી મનુષ્યે અનેક પ્રયોગો દ્વારા હજારો વર્ષ દરમિયાન અનેક વનસ્પતિઓના ગુણધર્મોના અભ્યાસ અનુસાર ખાદ્યાખાદ્યના અવનવા પ્રયોગો કરેલા છે. વિવિધ ખાદ્યપદાર્થોને ખાંડવા, દળવા, શેકવા, બાફવા, તળવા, સૂકવવા, ઉકાળવા, મિશ્ર કરવા એમ જાતજાતના પ્રયોગો કરીને અને તેમાં મસાલા જેવા વિવિધ પદાર્થોને ભેળવીને સ્વાદિષ્ટ બનાવવા માટે અનેકવિધ પ્રયોગો કરેલા છે. એમાં પણ સમયે સમયે નવાં નવાં સાધનોની શોધ થતાં કેટલીયે નવીન વાનગીઓ પ્રચલિત બનતી જાય છે. આપણી કલ્પનામાં ન આવે એવી એવી વાનગીઓ એકવીસમી સદીને અંતે માણસ ખાતોપીતો થઈ ગયો હશે !

માનવજાતે પોતાના ખોરાકને માટે જેમ સંશોધન કર્યું છે તેમ ઊંડું ચિંતન-મનન પણ કર્યું છે. હજારો વર્ષના અનુભવના આધારે પથ્યાપથ્યનો વિચાર પણ મનુષ્યજાતિએ કર્યો છે.

આહારનો સૌથી પહેલો સંબંધ આરોગ્ય સાથે છે. દેહનાં પોષણ અને શક્તિસંચયની દૃષ્ટિએ આહારની વિચારણા થયેલી છે. તનની સાથે મનને પણ સ્વસ્થ અને તંદુરસ્ત પણ રાખવાની દૃષ્ટિએ ધર્માચાર્યો દ્વારા અને સમાજશાસ્ત્રીઓ દ્વારા આહાર મીમાંસા થયેલી છે. આહારથી થતી તન અને મનની વિકૃતિઓનો વિચાર થયેલો છે. મનુષ્યજીવન સદાચારી અને સંયમિત રહે એ દૃષ્ટિએ પણ આહારનો વિચાર થયો છે. એ દૃષ્ટિએ કેટલાક ખાદ્યપદાર્થો વર્જ્ય ગણવામાં આવ્યા છે. સત્વ, રજસ્ અને તમસ્ એ ત્રિગુણની દૃષ્ટિએ પણ પથ્યાપથ્યનો વિચાર કરાયો છે.

ખાદ્ય પદાર્થોની વિચારણા આર્થિક દૃષ્ટિએ પણ થયેલી છે. વનસ્પત્યાહાર આર્થિક દૃષ્ટિએ સસ્તો છે એ વિષે મતભેદ નથી. પોષક તત્ત્વોની દૃષ્ટિએ પણ વનસ્પત્યાહારમાં બધું જ મળી રહે છે એ વિષે પણ હવે વિવાદ નથી. દુનિયાના ઘણા ધર્મોએ ધાર્મિક દૃષ્ટિએ આહારનો વિચાર કર્યો છે અને કેટકેટલા વિધિનિષેધો ફરમાવ્યા છે. સૃષ્ટિદેવ માટે અગ્નિ તરીકે પ્રાણીઓનો વધ પણ કયાંક થાય છે, તો પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા ન આચરવાની દૃષ્ટિએ માંસાહારનો ત્યાગ કરવાનું કેટલાક ધર્મોમાં કહેવામાં આવ્યું છે. પશ્ચિમના દેશોમાં જ્યાં ઘણાખરા લોકો માંસાહારી છે ત્યાં પણ પ્રાણીદયાની ભાવનાથી પ્રેરાઇને કેટલાય લોકો શાકાહારી બની ગયા છે અને તેમની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે.

જૈનધર્મમાં આહારનું અતિ સૂક્ષ્મ વિશ્લેષણ ધાર્મિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ કરાયું છે. અહિંસાની ભાવના

સર્વોપરી છે. એટલે માણસે પોતાનો જીવનવ્યવહાર શક્ય તેટલી ઓછી હિંસા દ્વારા ચલાવવો જોઇએ. ભગવાન મહાવીરે કહ્યું છે કે દરેક જીવને જીવવું ગમે છે. કોઇને મરવું ગમતું નથી. માટે પ્રાણીઓનો વધ કરવો નહિ.

જૈનધર્મ માને છે કે માત્ર પશુ – પંખીઓમાં જ નહિ, વનસ્પતિમાં પણ જીવ છે. હવા, પાણી અને માટીમાં પણ સૂક્ષ્મ જીવો રહેલા છે. પોતાના નિર્વાહ માટે માણસે ઓછામાં ઓછી હિંસા કરવી જોઇએ. અહિંસાનું મહાવ્રત ધારણ કરનાર સાધુ–સાધ્વીઓના જીવનમાં શક્ય તેટલી ઓછામાં ઓછી જીવહિંસા રહેલી હોય છે. બિનજરૂરી, સ્થૂલ કે સૂક્ષ્મ હિંસા કરવી એ પણ મોટું પાપ છે. પૃથ્વી, પ્રાણી, વાયુ, અગ્નિ વગેરેમાં સૂક્ષ્મમાતિસૂક્ષ્મ જીવો છે. વનસ્પતિમાં પણ જીવ છે. અનાજના પ્રત્યેક દાણામાં, વૃક્ષના પ્રત્યેક પાંદડામાં જીવ છે. ગાય, ભેંસ, ઘેટું, મરઘી વગેરેમાં રહેલો આત્મા અને ઘાસના તણખલામાં કે અનાજના દાણામાં રહેલો આત્મા આત્મતત્ત્વની દ્રષ્ટિએ સમાન છે.

ગાય, ઘેટું કે મરઘીમાં જેમ જીવ છે તેમ શાકભાજીમાં અને ઘઉં–ચોખા વગેરેના પ્રત્યેક દાણામાં પણ જીવ છે. તો પછી શાકાહારીઓના વનસ્પતિના આહાર દ્વારા જેટલા જીવોની હિંસા થાય છે તેના કરતા માંસાહારીઓ દ્વારા ઓછા જીવોની હિંસા થાય છે એમ ન કહી શકાય? એક ઘેટું મારીને આહાર કરનાર માણસ એક જીવનો વધ કરે છે, ત્યારે રોટલી, દાળ, ભાત ખાનાર વ્યક્તિ કેટલા બધા દાણાનો–અર્થાત્ કેટલા બધા જીવોનો વધ કરે છે? તો આ બેમાં વધુ હિંસા કોની? આવો પ્રશ્ન આજે જ ઊઠયો છે એવું નથી. હજારો વર્ષ પહેલાં આ પ્રશ્નની વિચારણા થયેલી છે. બહુ પ્રાચીન સમયમાં તાપસોનો એક પંથ હતો જે 'હસ્તિ તાપસ' નામે ઓળખાતો હતો. એક હાથીને મારીને એનું માંસ ખાઇને ઘણા તાપસો કેટલાક દિવસ સુધી નિર્વાહ કરતા. તેઓ એમ કહેતા કે 'અમે ઘણા બધાએ ભેગા મળીને ફકત એક જ જીવનો વધ કર્યો છે અને તેનું પાપ પણ અમારામાં ઘણા બધા વચ્ચે વહેંચાઈ ગયું છે. એટલે દરેકને ભાગે બહુ ઓછું પાપ આવે છે.' આ હસ્તિ તાપસનો પંથ લાંબો સમય ચાલ્યો નહિ, કારણ કે જીવવધની બાબતમાં માત્ર સંખ્યાનો જ વિચાર કરવાનો નથી હોતો. જો ફકત જીવની સંખ્યાનો જ વિચાર કરાતો હોય તો માંસાહરી કરતા શાકાહારી લોકો વધુ જીવોની હિંસા કરે છે એમ થાય. પરંતુ સંખ્યા ઉપરાંત વેદનાનો સિદ્ધાંત પણ સ્વીકારવામાં આવ્યો છે.

જૈનધર્મે સમગ્ર જીવસૃષ્ટિનું વર્ગીકરણ ઇન્દ્રિય અનુસાર કર્યું છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરેન્દ્રિય, પંચેન્દ્રિય એમ ઇન્દ્રિયની સંખ્યા અનુસાર જીવસૃષ્ટિના પ્રકાર પાડવામાં આવ્યા છે. જેમ વધુ ઇન્દ્રિય તેમ તે વધુ શકિતશાળી જીવ. એકેન્દ્રિયમાં માત્ર સ્પર્શની ઇન્દ્રિય હોય છે. તમામ વનસ્પતિને માત્ર સ્પર્શેન્દ્રિય હોય છે. બેઇન્દ્રિય જીવોને સ્પર્શ તથા રસના (જીભ) એ બે ઇન્દ્રિયો હોય છે. ત્રણ ઇન્દ્રિયવાળા જીવોમાં તદુપરાંત ઘ્રાણેન્દ્રિય (નાક) હોય છે. ચઉરેન્દ્રિય જીવોને તદુપરાંત ચક્ષુ હોય છે. પંચેન્દ્રિય જીવોને તદુપરાંત શ્રવણ (કાન) હોય છે. પંચેન્દ્રિય જીવોમાં પણ મનવાળા (સંજ્ઞી) અને મન વગરના (અસંજ્ઞી) એમ બે પ્રકાર પડે છે. મનવાળા જીવોમાં પણ વિકસિત વાચા–ભાષાવાળા અને અવિકસિત વાચાવાળા જીવો હોય છે. જૈન ધર્મ કહે છે કે જીવની પાસે જેમ વધુ ઇન્દ્રિય તેમ સુખ કે દુઃખને અનુભવવાની એટલે કે વેદનાની તેની શકિત વધારે. મનુષ્યો પાંચે ઇન્દ્રિયો, મન અને વાચા દ્વારા ભૌતિક સુખોનો વધુમાં વધુ અનુભવ કરી શકે છે. તે જ પ્રમાણે દુઃખનો પણ તે વધુમાં વધુ અનુભવ કરે છે. એકાદ મર્મભેદક શબ્દથી પણ મનુષ્યના પ્રાણ હરાઇ જાય છે. જ્યારે ઘણા પ્રહાર કરવા છતાં પણ કેટલાંક પશુઓને એટલી વેદના થતી નથી અને થયેલી વેદનાનું ઘડીકમાં વિસ્મરણ થાય છે. આ દ્રષ્ટિએ મનુષ્યની હિંસામાં સૌથી વધુ પાપ રહેલું છે.

મનુષ્યમાં પણ બાળક, વૃદ્ધ, ચોર કે સંત–મહાત્માના વધનું એકસરખું પાપ નથી. સંત–મહાત્માના વધનું વધુ પાપ ગણાય છે. વળી મારતી વખતના સંજોગો અને મનના ભાવો પણ લક્ષમાં લેવાય છે. એટલે હિંસા દ્વારા થતાં પાપોમાં પણ ઘણી તરતમતા હોય છે.

જેમ ઇન્દ્રિય ઓછી તેમ વેદન ઓછું. પરિપૂર્ણ પાંચેય ઇન્દ્રિયોવાળા મનુષ્ય કરતાં આંધળો, બહેરો અને મૂંગો માણસ સુખદુઃખને ઓછાં અનુભવી શકે છે. એકેન્દ્રિય જીવોને માત્ર સ્પર્શેન્દ્રિય હોય છે. વનસ્પતિને માત્ર સ્પર્શેન્દ્રિય હોય છે અને એ જીવોની ચેતના સુષુપ્ત દશામાં હોય છે. આથી વનસ્પતિના આહાર માટે તે તે જીવોની જ્યારે હિંસા થાય છે ત્યારે તેમને પહોંચેલી કુલ વેદનાનું પ્રમાણ ઘણું જ ઓછું હોય છે. એક મરઘીની હિંસાથી એ જીવને જેટલી વેદના પહોંચાડાય છે તેના કરતાં અનાજના હજાર દાણાને પહોંચાડેલી કુલ વેદના ઘણી જ ઓછી હોય છે. એટલે શાકાહારમાં જીવોની સંખ્યા વધુ હોય છે તો પણ હિંસા દ્વારા તેઓને પહોંચાડાતી વેદના ઘણી જ ઓછી હોય છે. વનસ્પતિમાં પણ સૂકી વનસ્પતિ કરતાં લીલી વનસ્પતિ વધુ વેદના અનુભવે છે. એટલા માટે, આ જ સિદ્ધાંતને લંબાવીને લીલી વનસ્પતિનો–લીલોતરીનો આહાર શક્ય ઓછો કરવા તરફ જૈનોનું લક્ષ્ય હોય છે. કેટલાક જૈનો આજીવન લીલોતરીનો ત્યાગ કરે છે, તો કેટલાક પાંચમ, આઠમ, ચૌદશ જેવી પર્વતિથિએ લીલોતરીનો ત્યાગ કરે છે. એ ત્યાગમાં એકેન્દ્રિય જીવોને પણ પોતાના તરફથી શક્ય તેટલી ઓછી વેદના પહોંચાડાય આવી શુભ ભાવના રહેલી હોય છે. સાધુ–સાધ્વીઓ આ ભાવનાનો અમલ વધુ ઊંચી કોટિએ કરે છે. તેઓ તો સૂકી વનસ્પતિમાં પણ કેટકેટલી વસ્તુઓનો ત્યાગ કરવાના નિયમવાળા હોય છે. અલબત્ત, ફકત આહારમાં જ ધર્મના બધા નિયમો આવી જાય છે એવું નથી. જીવનવ્યવહાર અને ધર્માચરણમાં બીજી અનેક વસ્તુઓ સંકળાયેલી છે. કેટલાક ગતાનુગતિક ધર્માચરણ કરતા હોય તો તેથી સિદ્ધાંત ખોટો ઠરતો નથી.

માંસાહાર કરતાં શાકાહાર ચડિયાતો છે એમ માનનારા કેટલાક લોકો જે જુદી જુદી દલીલો કરે છે તેમાં કેટલીક વિવાદમય દલીલો પણ હોય છે. કેટલાક શાકાહારી લોકો માને છે કે પશુ–પક્ષીમાં જેમ જીવ છે તેમ વનસ્પતિમાં પણ જીવ છે; અનાજના પ્રત્યેક દાણામાં જીવ છે. આવું માનનારાઓને માંસાહારી લોકો કહે છે: 'જો તમને પશુ–પક્ષીના માંસનો આહાર કરવાથી પાપ લાગે તો તે પ્રમાણે વનસ્પતિમાં જીવ હોવાથી તેનો આહાર કરવાથી પણ પાપ લાગે જ.'

એના જવાબમાં કેટલાક શાકાહારીઓ એમ કહે છે કે 'તમે તો મરેલાનું માંસ ખાવ છો, જ્યારે અમે તો જીવતા જીવોને ખાઇએ છીએ. મરેલાનું માંસ ખાવા કરતાં જીવતા જીવને ખાવાનું અર્થાત્ શાકાહાર કરવાનું શ્રેષ્ઠ છે; તમે જો જીવતાં વાઘ–વરુ ખાવ તો તમે ચડિયાતા ગણાવ. મરેલાનું માંસ ખાવામાં કંઇ બહાદુરી નથી.'

શાકાહારીઓની આ દલીલ ભ્રામક છે, કારણ કે જીવતા

(અનુસંધાન પૃષ્ઠ ૧૪૩ ઉપર)

મૃત્યુ મહોત્સવ

ડૉ. શેખરચંદ્ર જૈન

સામાન્ય રીતે સંસારનું દરેક પ્રાણી દુઃખોથી જીવવા માગે છે. મૃત્યુથી આ મનુષ્ય જ નહિ, આખું પ્રાણીજગત ભયભીત છે. કેટલું વિચિત્ર છે–જે જીવન આપણે જીવી રહ્યા છીએ તે સાયાભાસ છે અને મૃત્યુ ચિરંતન સત્ય, પરંતુ આપણે આભાસને સત્ય માનીને ચિરંતન પ્રત્યે બેધ્યાન રહીએ છીએ. સત્યને ખોટું પાડવાનો ઉપક્રમ કરી રહ્યા છીએ, ભૂમિકા બાંધી રહ્યા છીએ. સંસારમાં આસકત અને સંસારથી અનાસકત વ્યકિતમાં મૂળ અંતર જ આ છે કે એક નાશવંત જીવન જેનો અંત મૃત્યુ છે તેના પ્રત્યે આસકત રહીને આત્માને ભૂલી જાય છે જ્યારે બીજો મૃત્યુના સત્યને સમજીને તેની પરવા કર્યા વિના આત્માને પરમાત્મા બનાવવાની યાત્રામાં આગળ વધતો રહે છે.

ભારતીય મનીષા તેમજ સંસ્કૃતિમાં જન્મથી મૃત્યુ સુધીના જે સોળ સંસ્કાર માનવામાં આવ્યા છે તેમાં 'મૃત્યુ'ને પણ સંસ્કાર માન્યું છે. જન્મના આનંદની જેમ મૃત્યુને પણ આનંદસ્વરૂપ જ માન્યું છે. તેને વર્તમાન જીવનનો અંત માનવામાં આવ્યું છે તો આવનારા જીવનનું તે પ્રથમ પગથિયું પણ છે. સમય જતાં આ 'નિર્મોહ'ભાવ ઓછા થતા ગયા અને મૃત્યુ પ્રત્યે કથિત વિદ્વાન અથવા પંડિત વર્ગે એક એવું રૂપ કર્યું જે ભયંકર, ઘૃણાસ્પદ તેમજ દુઃખદાયક રહ્યું. મૃત્યુની કલ્પના જ દુઃખદ અને ડરામણી થઇ ગઇ. સારો માણસ પણ મૃત્યુની શંકાથી અધમૂઓ–વિહ્વળ થઇને રહેવા લાગ્યો. બીજા શબ્દોમાં કહીએ તો મૃત્યુ ભયનું પર્યાયવાચી બની ગયું. બળવાન નિર્બળને મારી નાખવાની ધમકી દેવા લાગ્યો. ભૌતિક સુખોની લાલસાથી વ્યકિત પરસ્વ-હરણ જ નહીં; બીજાને મૃત્યુનો ભય દેખાડવા લાગ્યો અને મારવા પણ લાગ્યો. ચોર–લુંટારા મૃત્યુનો ડર બતાવીને અનિષ્ટ કરવા લાગ્યા. સત્ય માટે લડવાવાળા પણ મૃત્યુના ભયથી પોતાના ધ્યેયથી પાછા ફરવા લાગ્યા. અરે ! આ ગુંડાગીરીને છોડો... ધર્મના ઠેકેદાર પંડિત મનુષ્યને મૃત્યુનો ભય બતાવીને તેનાથી બચવાના ઉપાય બતાવીને ધન પડાવવાનો ઉપાય કરવા લાગ્યા. ભોળા માણસો એ કયાં નથી સમજતા કે મૃત્યુનો સમય પંડિતોના જપ–તપની લાલચથી નથી ટળી શકતો ! હા, મૃત્યુ ! લુચ્ચા માટે ભરણ–પોષણનું સાધન બની ગયું. આ બધાને એમ કહો કે આ પુદ્ગલ પર્યાયી પંચતત્ત્વના હાડ–માંસના શરીર પ્રત્યે અમારા મોહે અમને ભયભીત બનાવ્યા કરીને જીવવાનું શીખવ્યું. કર્તવ્યથી વિમુખ કર્યા, પરંતુ જે સત્યને સમજી શકયો – મૃત્યુને જીવનનો જ સ્વાભાવિક પટાક્ષેપ માની શકયો તે નિર્ભય બન્યો. તેને કોઈ પંડા કે પંડિત ભયભીત બનાવી ન શકયા. શહીદી એના પગ ચૂમતી રહી. મૃત્યુ તેની સામે હાથ જોડીને ઊભું રહ્યું. સંસારની બધી શોધો અને ઉપલબ્ધિઓનું શ્રેય તેઓ જ પ્રાપ્ત કરી શકયા જેને મૃત્યુનો ડર નહોતો. જે જીવ હાથમાં રાખીને માથા ઉપર કફન બાંધીને નીકળી પડયા–સિદ્ધિઓએ તેમના ચરણ ચૂમ્યા. શરીરથી મર્યા પછી પણ તેઓ અમર થઇ ગયા. મૃત્યુના આ ભયથી ભયભીત–પરંતુ તેના ભયને દૂર કરવા માટે સિદ્ધાર્થે ઘર છોડયું અને બુદ્ધત્વ પ્રાપ્ત કર્યું. પાર્શ્વનાથ–મહાવીર વગેરે મહાપુરુષોની તપશ્ચર્યાના મૂળમાં નિર્ભીકતા અને મૃત્યુ પ્રત્યે ઉપેક્ષા જ હતી. ગાંધી આ યુગના એવા જ મૃત્યુંજયી યુગ-પુરુષ રહ્યા. આઝાદીના ધડવૈયા શહીદ તે કોટિના હતા.

જ્યારે આપણે પ્રાચીન ગ્રંથોનો અભ્યાસ કરીએ છીએ તો તેમાં સ્વૈચ્છિક મૃત્યુ–વરણનો ઉલ્લેખ મળે છે. આ સ્વૈચ્છિક મૃત્યુ–વરણ જ વાસ્તવમાં મૃત્યુ મહોત્સવ અથવા મૃત્યુ પર વિજયની પ્રાપ્તિ છે. પરંતુ સાવધાન એ બાબતથી રહેવાનું છે કે તેમાં કયાંય આત્મહત્યા અથવા આત્મદાહને જોડી ન લે.

મેં મૃત્યુ સાથે મહોત્સવ શબ્દનો પ્રયોગ કર્યો છે. આ દૃષ્ટિએ મૃત્યુ દુઃખદ અથવા મુશ્કેલી ઊભી કરવાવાળા તત્ત્વ તરીકે રહેતું જ નથી. જ્યાં ઉત્સવ છે ત્યાં આનંદ છે–પ્રસન્નતા છે. આથી સૌથી મહત્ત્વપૂર્ણ તથ્ય છે મનની પ્રસન્નતા. અમે મૃત્યુના આ પ્રસન્ન તત્ત્વ પર વિચાર કરીએ તો એ પહેલાં ટૂંકમાં મૃત્યુનાં વિવિધ સ્વરૂપો પણ જાણી લઇએ. ૧ આત્મ-હત્યા. ૨ બીમારી વગેરેના કારણે મૃત્યુ. આત્મહત્યા જો કે મૃત્યુનો પોતે કરેલો સ્વીકાર છે પરંતુ તેમાં પ્રસન્નતા નથી હોતી, પરંતુ એના બદલે ક્રોધ, ભય અથવા માનસિક વિકૃતિ જ હોય છે. જ્યારે હળવા હૃદયનો માણસ પોતાની અનુકૂળ પરિસ્થિતિઓ અને વાતાવરણ ન મેળવી શકે ત્યારે તેમાં નિરાશા, કુંઠા, ભય અને ક્રોધની દુર્ભાવનાઓ વિકાસ પામે છે. મનુષ્ય એટલો બધો માનસિક રીતે ત્રાસી જાય છે, હેરાન થઈ જાય છે કે તેને કોઈ માર્ગ જ નથી સૂઝતો. તેની નિર્ણયશકિત નાશ પામવા લાગે છે. તેને જીવન બોજારૂપ લાગે છે. સંસારના સંઘર્ષો સામે લડવાની તેની શકિત ક્ષીણ થઈ જાય છે. તેને લાગે છે કે આવા જીવન કરતાં તો મરી જવું સારું. બસ! આ વિચારનું આક્રમણ થતાં જ તે ચેતનાથી અળગો થવા લાગે છે અને મૃત્યુને ચાહવા લાગે છે–આત્મહત્યા કરે છે. કયારેક-કયારેક સામાજિક રૂઢિઓની વિરુદ્ધ અવાજ ઉઠાવે છે પરંતુ ટકી શકતો નથી અને માત્ર બદનામીના ડરથી પણ આત્મહત્યાનો માર્ગ અપનાવે છે. આ રીતે કોઇ ભ્રષ્ટાચાર અને ઉચાપત વગેરે દુષ્કાર્યના પ્રતિકારથી શકિતહીન થવાને કારણે મરી જવું પસંદ કરે છે. આ બધાથી પણ મહત્ત્વપૂર્ણ કારણ તેના કષાય ભાવોમાં ક્રોધની તીવ્રતા હોય છે. 'ક્રોધ' કષાયોમાં બધાથી ભયંકર કષાય છે. મનુષ્ય પોતાની બુદ્ધિ–વિવેક બધું ભૂલી જાય છે. તેમાં માનસિક નબળાઇ પરાકાષ્ઠા પર હોય છે બીજાનું અહિત કરવું તેનો એક માત્ર ધ્યેય બની જાય છે. ક્રોધની તીવ્રતાથી શારીરિક પ્રક્રિયાઓના કારણે તેને હૃદયરોગના શિકાર બનવું પડે છે અથવા તો બીજાની હત્યા કરે છે અને પોતે પણ આવા રૌદ્ર ધ્યાનમાં મરી જાય છે. આવો ક્રોધ વ્યકિત, સમાજ, રાષ્ટ્ર કોઇના પ્રત્યે પણ થઈ શકે છે. સ્વાભાવિક આવું મૃત્યુ ખૂબ કરુણ અને ભયંકર તથા દુઃખદાયક હોય છે.

આપણે જે મૃત્યુની ચર્ચા કરવાનું ઇચ્છીએ છીએ તેને સમસ્ત જ્ઞાન, સમજ અને સદ્‌ભાવના તથા શુકલધ્યાનમાં કરવામાં આવેલું આહ્વાન છે, જેને સંલ્લેખના કહેવામાં આવ્યું છે, જે બીજા ધર્મો અથવા સંપ્રદાયોમાં ઇચ્છામૃત્યુ

છે. આવું મૃત્યુ હવે જૈન ધર્મમાં જોવા મળે છે. ફ્રેટલાય લોકો ગેરસમજણથી આને આત્મહત્યા કહે છે, પરંતુ હકીકતમાં તેઓ આના મર્મને જ નહીં સમજતા હોય અને એના ભેદને પણ નહિ. આત્માહત્યાનાં કારણો તો હું આપને ઉપર બતાવી ચુકયો છું. બન્નેના મૂળ ભેદમાં રાગદ્વેષની તીવ્રતા તેમજ મંદતા છે. એકમાં ક્રોધ-ભય મુખ્ય છે તો બીજામાં સંતોષ, સમજણ, વિરાગ તેમજ મમતાનો ત્યાગ છે. એકમાં આર્ત-રૌદ્રભાવ છે તો બીજામાં શુભ પરિણતિ તેમજ શુકલધ્યાન છે. એકમાં અભાવની વેદના છે તો બીજામાં પરિતૃપ્તિનો સંતોષ છે. આચાર્યોએ આ સંલ્લેખનાની જુદી જુદી વ્યાખ્યા કરતા કહ્યું છે-**સર્વાર્થસિદ્ધિમાં**- 'સારી રીતે કાય અને કષાયનું લેખન અર્થાત્ ક્ષીણ કરવું તે સંલ્લેખના છે. બહારના શરીરને અને અંદરના કષાયોને પુષ્ટ કરવાવાળાં કારણોને ઘટાડતા સારી રીતે ક્ષીણ કરવા-કૃશ કરવા સંલ્લેખના છે.' આની જરૂરિયાતના સંદર્ભમાં કહ્યું છે કે 'ખૂબ જ ઘરડા અથવા અસાધ્ય રોગગ્રસ્ત થઈ જઈએ ત્યારે અથવા જેનો સામનો ન થઈ શકે એવા અપ્રતિકાર ઉપસર્ગ-દૈવ ઉત્પાત આવી પડે ત્યારે અથવા દુકાળ વગેરે આવે ત્યારે સાધક સામ્યભાવપૂર્વક અન્તરંગ કષાયોનો સમ્યક્ પ્રકારે દમન કરતાં ભોજન વગેરેનો ત્યાગ કરીને, ધીરે ધીરે શરીરને નબળું પાડતા એનો ત્યાગ કરી દે છે. સમ્યગ્દષ્ટિવાળા લોકો માટે યથાર્થરૂપે સંભવ હોવાથી આને પંડિતમરણ કહે છે.

ભગવતી આરાધનામાં આ સંલ્લેખનાના બે પ્રકાર માન્યા છે: એક આંતરિક અને બીજો બાહ્ય. આંતરિક સંલ્લેખના કષાયોમાં હોય છે અને બાહ્ય શરીરમાં અહીંયા માત્ર શરીરને ક્ષીણ નથી કરવાનું, પરંતુ સાથોસાથ આંતરિક કષાયોની ક્ષીણતા ઉપર જોર દીધું છે. આ આંતરિક કષાયોની ક્ષીણતા જ મૃત્યુને આનંદમય બનાવે છે. **પંચાસ્તિકાય**માં આને જ થોડું સમજાવતાં કહ્યું છે-'આત્મસંસ્કારના અનન્તર તેના માટે જ ક્રોધાદિ કષાયરહિત અનંત જ્ઞાનાદિ ગુણલક્ષણ પરમાત્મ પદાર્થમાં સ્થિર થઈને રાગાદિ વિકલ્પોને ક્ષીણ કરવા અર્થાત્ ભોજનાદિનો ત્યાગ કરીને શરીરને નબળું કરવું દ્રવ્યસંલ્લેખના છે.'

શરીરને નબળું પાડવાના ઉપાયોનું પણ વિષદ વર્ણન છે. પરંતુ ટૂંકમાં કહીએ તો-સાધક સૌથી પહેલાં આ પુદ્ગલ શરીર પ્રત્યે મમતા વિનાનો થવા લાગે છે. તે ભૂખ પર સંયમની મહત્ત્વપૂર્ણ લગામ લગાવે છે. ધીરે ધીરે શરીરની એષણા (મમતા) - ભૂખને ઓછી કરે છે. આ અન્ન વગેરેની કમીમાં તેની સંયમની ભાવના જ કારણભૂત હોય છે અને પોષાક પણ હોય છે. ભૂખ ઉપર સંયમ બધાથી અઘરો સંયમ છે. જો આપણને એક દિવસ ભોજન ન મળે તો ક્રોધ-કષાયભાવ જન્મે છે. ચોરીની ભાવના-છીનવી લેવાની વૃત્તિ જન્મે છે. ભીખની લઘુતાગ્રંથિ ઉત્પન્ન થાય છે. અરે, ઉકરડા પરથી પણ વીણીને ખાવા તૈયાર થઈ જઈએ છીએ. પરંતુ અન્ન હોવા છતાં પણ તેના પ્રત્યે સ્વાદની મમતા છોડીને ભૂખ ઉપર વિજયપ્રાપ્તિનો પ્રયાસ જ સંલ્લેખનાના કેન્દ્રમાં હોવાથી સાધક ક્રમથી અનશનાદિ તપને વધારતા શરીરને નબળું કરીને શરીર સંલ્લેખના કરે છે. પ્રત્યેક દિવસે લેવામાં આવેલા નિયમ અનુસાર ક્યારેક ઉપવાસ, ક્યારેક વૃત્તપરિસંખ્યાન, આ ક્રમથી તપશ્ચરણ કરીને ક્ષપક પોતાનું શરીર નબળું કરે છે. નાના પ્રકારના રસવર્જિત, અલ્પ, રૂક્ષ, આવાં આયામ્બલ ભોજનોથી પોતાની તાકાત અનુસાર ક્ષપકમુનિ દેહને નબળો પાડે છે. નાના પ્રકારના ઉગ્ર નિયમ લઘુ-લઘુને સંયમની વિરાધના ન કરતા પોતાની શકિત અનુસાર શરીરને નબળું કરે છે-ક્ષીણ કરે છે.'

આ ઉલ્લેખથી પણ સ્પષ્ટ થાય છે કે સલ્લેખમાં સ્વયં-શકિત તેમજ આત્મપ્રેરણાથી જ સંલ્લેખનાવ્રત લેવામાં આવે છે. સંલ્લેખના બળપૂર્વક કરાવવામાં નથી આવતી પરંતુ પ્રીતિ રહેવાથી (હોવાથી) પોતે જ સંલ્લેખના કરે છે. એનાથી પણ એ સ્પષ્ટ થઈ જાય છે કે સંલ્લેખનામાં 'બળ'નું કામ નથી, અન્યથા તે હત્યા થઈ જશે. જૈન દર્શન તો સ્થૂળથી સૂક્ષ્મ અને સૂક્ષ્માતિસૂક્ષ્મની તરફ વધે છે. એટલા માટે તેમાં ઉલ્લેખ છે કે સંયમના વિનાશના ભયથી શ્વાસોચ્છ્વાસનો વિરોધ કરવાવાળાને સંલ્લેખના નથી મળતી. 'અહીંયા શ્વાસ રોકીને મરવામાં 'ભય' મૂળમાં છે. આથી આ પણ આત્મહત્યા જ છે. લૌકિકરૂપથી આપણે તેની પ્રશંસા કરી શકીએ છીએ પરંતુ આ 'સલ્લેખના' મૃત્યુની શાંતિ અને નિર્ભયતાની અન્તર્ગત નથી આવતી એટલા માટે બાહ્યસલ્લેખનાથી વધારે આંતરિક સલ્લેખનાનું મહત્ત્વ માન્યું છે. કારણ કે અંતરની સલ્લેખના સાધવાથી બહારની સધાઈ જશે. આ તથ્યને નિરૂપિત કરતા કહે છે-'અનેકવિધ શરીર સલ્લેખનાવિધિ કરતા પણ ક્ષપક એક ક્ષણ માટે પણ પરિણામોની વિશુદ્ધિને ન છોડે, કષાયથી કલુષિત મનમાં પરિણામોની વિશુદ્ધિ નથી થતી અને પરિણામોની વિશુદ્ધિ વિના કરવામાં આવેલું તપ પણ ઢોંગ છે. જે સાધુ શરીરની સલ્લેખના તો નિરતિચાર કરે, પરંતુ અંતરંગમાં રાગદ્વેષાદિરૂપ ભાવપરિગ્રહ નિવાસ કરે છે તેનાં પરિણામોની સંકલેષતાને કારણે સંસારભ્રમણ નથી છૂટતું.'

જૈન દર્શનમાં લેશ્યા એક મહત્ત્વપૂર્ણ મનોવૈજ્ઞાનિક ભાવ છે. વૃત્તિ અનુસાર તેના શરીર-ચહેરા ઉપર પ્રભાવ હોય છે. એમાં શુકલ શ્રેષ્ઠ લેશ્યા છે. અર્થાત્ આંતરિક-બાહ્ય કષાયોને નાશ કરીને. મમતા વિના, ઉત્કૃષ્ટ ભાવોને ગમતાં પરિણામોની શુદ્ધતાથી સલ્લેખના દ્વારા શરીર છોડવાવાળા ઉત્કૃષ્ટ શુકલ લેશ્યા યુકત હોય છે. આ ક્રમમાં શુભ બે અન્ય લેશ્યાઓની પરણતિ છે. અશુભ લેશ્યા તો દુઃખ કષાયની પ્રતીક છે જે આત્મહત્યાની જ પ્રતિક્રિયાને દર્શાવનારી છે.

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે સંલ્લેખના સાધુ જ ધારણ કરે છે પરંતુ આવું નથી. સંયમી ગૃહસ્થ પણ આને ધારણ કરી શકે છે. રાજવાર્તિકમાં આનું પ્રમાણ છે. ગૃહસ્થ અને સાધુ બન્ને જ ભકતપ્રત્યાખ્યાનને યોગ્ય માનવામાં આવે છે. ગૃહસ્થ પણ વ્રત અને ચારિત્રની રક્ષા કરવા માટે સલ્લેખના ધારણ કરે છે. શ્રાવક પ્રીતિપૂર્વક મરણાન્તિકી સંલ્લેખના ધારણ કરે છે.

'હું મૃત્યુસમયમાં ચોકકસ સમાધિકરણ કરીશ.' શ્રાવકે આવી ભાવના ભાવવી જોઈએ.

સલ્લેખનાના યોગ્ય સમય અને અવસર :-આના માટે ચાતુર્માસથી હેમંતને ઉત્તમ સમય માનવામાં આવ્યો છે તથા જ્યારે મહાપ્રયત્નથી ચિકિત્સા દુરુત્તર થઈ જાય ત્યારે, શ્રામણ્યને નુકસાન કરવાવાળી અતિશય વૃદ્ધાવસ્થા આવવાથી, નિ:પ્રતિકાર દેવ, મનુષ્ય અથવા તિર્યંચકૃત ઉપસર્ગ આવી પડવાથી, લોભ વગેરેના વશીભૂત શત્રુ જ્યારે ચારિત્રનો નાશ કરવા માટે

તૈયાર હોય, ભયંકર દુકાળ પડવાનો હોય ત્યારે, હિંસક પશુઓથી પૂર્ણ ભયાનક વનમાં દિશા ભૂલી જાય ત્યારે, આંખ, કાન અને જંઘાનું બળ અત્યંત ક્ષીણ થઈ જાય ત્યારે ગૃહસ્થ અથવા મુનિ સંલ્લેખનાને યોગ્ય માનવામાં આવ્યા છે.' આવા જ ઉલ્લેખ રત્નકરન્ડ શ્રાવકાચાર, ભગવતી આરાધના, રાજવાર્તિક વગેરે ગ્રંથોમાં છે. કહ્યું છે 'જરા (ઘડપણ), રોગ, ઇન્દ્રિય અથવા શરીર-બળનું નુકસાન તથા પડાવશ્યકનો નાશ થવાથી સલ્લેખના થાય છે. કહેવામાં આવ્યું છે–સ્વકાલપાક દ્વારા અથવા ઉપસર્ગ દ્વારા નિશ્ચિત રૂપથી જીવનનો અંત નજીક હોવાથી યથાવિધિ રૂપથી સન્યાસમરણ ધારીને સર્વે ક્રિયાઓને સફળ કરવી જોઇએ. અસાધ્ય દેહ આદિ વિકારો ઊભા થવાથી ઉંમરનો નાશ નકકી થઈ જવાથી નિશ્ચય આરાધના ચિંતવનમાં મગ્ન થઈ જવું જોઇએ. ક્યારેક ક્યારેક એવું પણ થાય છે કે દુકાળ, રોગ વગેરેનો ભય ન હોવાથી પણ સાધુ એ વિચારીને કે આ ભયંકર પરિસ્થિતિમાં કદાચ હું સલ્લેખના નહીં કરી શકું–આવું વિચારવાવાળો સાધુ પણ સલ્લેખનાને યોગ્ય માનવામાં આવ્યો છે. આમ તો આવા ગૃહસ્થ અથવા સાધુને સલ્લેખના લેવી જોઇએ નહિ.

'–ગૃહસ્થનો જો અંતિમ સમય આવી જાય અને તે સમયે પણ જો નિયમપૂર્વક સલ્લેખના ધારણ કરી લે તો પણ તે સાધક કોટિનો છે.' કારણ કે નિયમબદ્ધ થતાં જ કષાયમોહ વિકારોથી મુકત થવા લાગે છે. પછી આસન્ન મૃત્યુનો ભય નથી લાગતો. જૈનાચાર્યોએ તો લખ્યું છે કે કોઈ જીવનમાં જો સલ્લેખનાના યોગ્ય સમયે અથવા પરિસ્થિતિમાં તેને ધારણ ન કરે અથવા ન કરી શકે તો પણ જો તે અંતિમ સમયે તેને ધારણ કરે તો પણ તેને તેનું સારું ફળ પ્રાપ્ત થાય છે. ઉદા. જેમ કોઇ આંધળાને રત્ન ભથી ટકરાવાથી નેત્ર ખૂલવાના-દ્રષ્ટિપ્રાપ્તિના નિમિત્ત ભાગ્યવશ મળી જાય તેવી જ રીતે અંત સમયમાં પણ શરીરનો મોહ–કષાયોથી મુકિતના ભાવ જાગી જાય તો રત્નત્રયનિધિ રૂપી દ્રષ્ટિપ્રાપ્તિનો યોગ મળી જાય. **સાગારધર્મામૃત**માં કહ્યું છે–'ચિરકાળથી આરાધવામાં આવેલો ધર્મ પણ જો મરવાના સમયે છોડી દેવામાં આવે અને તેની વિરાધના કરવામાં આવે તો તે નિષ્ફળ થઈ જાય છે અને જો મરવા સમયે તે ધર્મની આરાધના કરવામાં આવે તો તે ચિરકાળના એકઠા થયેલાં પાપોનો પણ નાશ કરી નાખે છે.'

જો કે અંતિમ સમયની આરાધનાનું મહત્ત્વ છે પરંતુ એકાએક અંતિમ સમયે લેવામાં આવેલ વ્રતની સાધના અધરી પડે છે. આ સિદ્ધિ અકસ્માત મળી જાય તે બીજી વાત છે–અન્યથા ઘણી મુશ્કેલી પડે છે. આથી ભેદવિજ્ઞાન દ્રષ્ટિના વિકાસથી જ વ્યકિતને ક્રમશઃ આખા જીવન સુધી એનો અભ્યાસ કરવો જોઇએ. અર્થાત્ સંયમ, કષાયોની મંદતા, ભોજન પર સંયમ, દેહની ક્ષીણતા વગેરેનો અભ્યાસ કરતા રહેવાથી અંતિમ સમય કાયકલેશ અથવા માનસિક કલેશ નથી થતો. આ કલેશમુકિત જ 'મરણનું સૌંદર્ય' પ્રાપ્ત કરવાવાળું તત્ત્વ છે. સાધુ અને નિર્મોહી ગૃહસ્થ ક્રમશઃ સંયમમાં સવાર થઇને ઉત્તરોત્તર તેને દઢ કરે છે. આવો સાધક વિચારે છે કે આ એક સલ્લેખના જ મારા ધર્મ રૂપી ધનને મારી સાથે લઈ ચાલવામાં સમર્થ છે. આવી રીતે ભકિત કરીને મરણ સુધીની સલ્લેખનાની નિરંતર ભાવના હોવી જોઇએ. 'હું મૃત્યુ સમયે ચોકકસ શાસ્ત્રોકતવિધિથી સમાધિમરણ કરીશ.' આવી રીતે ભાવનારૂપ પરિણતિ કરીને મરણકાળ પ્રાપ્ત થતાં પહેલાં જ સલ્લેખનાવ્રત પાલન કરવું જોઇએ. આવી રીતે નિરંતર અભ્યાસ અને અંત સમય માટે લીધેલા વ્રત બન્નેનું ઉત્તમ પરિણામ તો મળે જ છે. જો સાધનાકાળમાં જીવનમાં કોઈ વિરાધના થઇ ગઈ હોય તો પણ મરણકાળમાં રત્નમયમાં પરિણતિ કરવી જોઇએ. આ અંતિમ સમયમાં પણ આ આરાધના કર્મનો સંવર અને નિર્જરા કરાવે છે.

સલ્લેખનાનાં પરિણામોનો ઉલ્લેખ કરતાં કહેવામાં આવ્યું છે કે આવું મરણ પ્રાપ્ત કરવાવાળા સ્વર્ગનું સુખ ભોગવીને ત્યાંથી ગમન કરી મનુષ્યભવમાં જન્મ ધારણ કરીને સંપૂર્ણ ઋધિઓને પ્રાપ્ત કરે છે. તેઓ જ જિનધર્મ અર્થાત્ મુનિપદને માટે યોગ્ય બને છે. શુકલલેશ્યાની પ્રાપ્તિ કરીને કર્મરૂપી કવચને ફોડીને શુકલધ્યાનમાં સંસારથી મુકત થઇ જાય છે. જેણે ધર્મરૂપી અમૃત પીધું છે એવા સલ્લેખનાધારી જીવ સમસ્ત પ્રકારનાં દુઃખોથી મુકત બની અપાર દુસ્તર અને ઉત્કૃષ્ટ ઉદયવાળા મોક્ષરૂપી સુખના સમુદ્રનું પાન કરે છે. ગૃહસ્થ પણ ધર્મનું પાલન કરતા સમાધિમરણ પ્રાપ્ત કરે તો તેને દેવપર્યાય પ્રાપ્ત થાય છે. અને ત્યાંથી અવતાર ધારણ કરી મનુષ્યભવમાં સંયમ ધારણ કરી મુકિત મેળવે છે.

સમાધિમરણ ધારણ કરવાવાળો જીવ અનેક ભવોને ધારણ કરવાના કષ્ટથી બચીને ૭–૮ ભવમાં જ મુકિત મેળવી લે છે.

સલ્લેખના મરણના પ્રકાર :– પંડિતમરણના ભકત-**પ્રત્યાખ્યાન, ઇંગિની** અને **પ્રાયોપગમન** ત્રણ ભેદ છે. એમાં ભકતપ્રત્યાખ્યાનના **સવિચાર** અને **અવિચાર** બે ભેદ છે. અવિચાર **ત્રણ** પ્રકારનો છે–**નિરુદ્ધ–નિરુદ્ધતર–પરમનિરુદ્ધ, ભગવતી આરાધનામાં–અથાલન્દવિધિ,** ભકતપ્રતિજ્ઞા, ઇંગિની મરણ, પરિહારવિશુદ્ધિ, ચરિત્ર, પાદોપગમન. મરણ અને જિનકલ્પા-વસ્થા પ્રકાર કહ્યાં છે. સાધુને પોતાની અવસ્થા અનુસાર રત્નત્રય ધારણ કરી સમાધિમરણ કરવું જોઇએ. **ધવલા**માં ભકત પ્રત્યાખાનને સમજાવતાં કહ્યું છે કે ભોજનનો ક્રમિક ત્યાગ કરીને શરીરને દુબળું કરવાની અપેક્ષા (ને બદલે) ત્રણેય સમાન છે. અંતર છે. શરીર પ્રત્યે ઉપેક્ષાભાવમાં ત્યાં પોતાના અને બીજાના ઉપકારની અપેક્ષા વિના જે સમાધિમરણ થાય તેને પ્રાયોપગમન કહે છે. જે સંન્યાસમાં પોતાના દ્વારા કરવામાં આવેલા ઉપકા-રની અપેક્ષા રહે છે પરંતુ બીજા દ્વારા કરવામાં આવેલા વૈયાવૃત્ત (સેવે) આદિ ઉપકારની અપેક્ષા સર્વથા નથી રહેતી તેને ઇંગિની સમાધિ કહે છે. જે સંન્યાસમાં પોતાના અને બીજાના એમ બન્ને દ્વારા કરવામાં આવેલા ઉપકારની અપેક્ષા રહે છે તેને ભકતપ્રત્યાખાન સંન્યાસ કહે છે.

પાદોપગમન મરણ અર્થાત્ પોતાના પગ દ્વારા સંઘથી નીકળીને યોગ્ય પ્રદેશમાં જઇને જે મરણ કરવામાં આવે છે. અહીંયા ભાવાર્થ લઇએ તો ભવનો અંત કરવા યોગ્ય એવા સંસ્થાન અને સંહનનને પ્રાયોગ્ય કહે છે. એની પ્રાપ્તિ થવી પ્રાયોગ્યગમન છે. ભકત શબ્દનો અર્થ આહાર છે અને પ્રતિજ્ઞા શબ્દનો અર્થ ત્યાગ થાય છે. અર્થાત્ આહારનો ત્યાગ કરીને મરણ કરવું તે ભકત પ્રત્યાખ્યાન છે. પોતાના અભિપ્રાયને ઇંગિત કહે છે. પોતાના અભિપ્રાય પ્રમાણે સ્થિર થઇને પ્રવૃત્તિ કરતાં જે મરણ થાય છે તેને ઇંગિની મરણ કહે છે. આ કાળમાં ભકત પ્રત્યાખ્યાન મરણ જ ઉપયુકત છે. બાકી બે યોગ્ય સંહનન (શકિત)ના અભાવમાં નથી થતા. ઇંગિની મરણને ધારણ કરનાર

મુનિ વજ્રઋષભ, નારાચ, વજ્રનારાચ વગેરે સંહનનોમાં કોઈ એકના ધારક હોય છે. ભક્ત-પ્રત્યાખ્યાનનું ઉત્કૃષ્ટ કાળપ્રમાણ બાર વર્ષ માન્યું છે. જઘન્ય અન્તરમુહૂર્ત અને મધ્યમ એની વચ્ચેનું.

સલ્લેખનાવ્રતમાં ધારણા (અનુમાન) :- પ્રત્યાખ્યાન અથવા સમાધિમરણ ધારણ કરવાવાળો પ્રતિજ્ઞા કરે છે કે તે સર્વપ્રથમ હિંસા વગેરે પાંચ પાપોનો ત્યાગ કરે. બધા જીવો પ્રત્યે સમતાભાવ ધારણ કરે. બધી આકાંક્ષાઓનો ત્યાગ કરીને સમાધિમરણનો સ્વીકાર કરે. તે પ્રતિજ્ઞા કરે કે-'હું બધું અન્નપાણી વગેરે આહારની અવધિને, આહારસંજ્ઞાને, સંપૂર્ણ આશાઓને કષાયોના અને સર્વ પદાર્થોમાં મમત્વભાવનો ત્યાગ કરું છું.' સલ્લેખનાધારી શીત-ઉષ્ણમા હર્ષ-વિષાદ ન કરે. સ્નેહ, વૈર, પરિગ્રહ છોડીને શુદ્ધ બની પ્રિય વચનોથી પોતાના કુટુંબીઓ અને નોકરોથી ક્ષમા કરાવે (માફી અપાવે). અને પોતે પણ બધાને ક્ષમા કરે. છળકપટ રહિત અને કૃત-કારિત, અનુમોદના સહિત કરેલા સમસ્ત પાપોની આલોચના કરીને મરણપર્યંત રહેવાવાળા સમસ્ત મહાવ્રતોને ધારણ કરે. શોક, ભય, વિષાદ, રાગ, કલુષતા અને અરતિનો ત્યાગ કરીને પોતાના બળ અને ઉત્સાહને પ્રકટ કરીને સંસારના દુઃખરૂપી સંતાપને દૂર કરવાવાળા અમૃતરૂપ શાસ્ત્રોનું શ્રવણ કરે. ધીમે ધીમે આહારને છોડી-દૂધ-છાસને વધારે અને છેલ્લે દુગ્ધાદિકને છોડીને કાંજી અને ગરમ જળને વધારે. ત્યારબાદ ગરમ પાણીનો પણ ત્યાગ કરીને શક્તિ અનુસાર ઉપવાસ કરીને પંચનમસ્કાર મંત્રને મનમાં ધારણ કરતા શરીરને છોડે.

શ્રાવકના સમાધિકરણના સંદર્ભમાં વસુનંદીશ્રાવકાચારમાં ઉલ્લેખ છે કે-રાગદ્વેષનો ત્યાગ, સમતાધારણ અને પરિજનોથી ક્ષમાયાચના વગેરે પછી વસ્ત્ર માત્ર પરિગ્રહ માટે રાખી અવશિષ્ટ પરિગ્રહ છોડીને પોતાના જ ઘરમાં અથવા જિનાલયમાં રહીને જે શ્રાવક ગુરુની નજીકમાં મન-વચન-શરીરથી પોતાની યોગ્ય રીતે આલોચના કરીને પાણી સિવાય બાકી ત્રણ પ્રકારના આહારનો ત્યાગ કરે છે તેને સલ્લેખના નામનું વ્રત હોય છે. સમતા, ક્ષમાભાવ-આલોચનાના મહત્ત્વની ચર્ચા કરવી સાધકે બાર ભાવનાઓને ભાવવી જોઈએ. ભવ-ભવના ફેરા તેના જન્મ-મરણનું ચિંતવન કરવું જોઈએ. સાધકે મૌન ધારણ કરવું જોઈએ. ગુરુ, આચાર્યની સાથે બોલે, વિવેકી સમ્યક્‌દૃષ્ટિની સાથે જરૂરિયાત પ્રમાણે બોલે પરંતુ મિથ્યાદૃષ્ટિ વગેરેથી સાથે બિલકુલ મૌન રહે.

બાર વર્ષ કેમ વીતાવશે :- પ્રથમ ચાર વર્ષ અનેક પ્રકારનાં શરીર-દુઃખો (કાયકલેશો) દ્વારા વીતાવે. આગળનાં ચાર વર્ષમાં દૂધ-દહીં-ઘી-ગોળ વગેરે રસોનો ત્યાગ કરીને શરીર નબળું કરે. બે વર્ષ સુધી અચામ્લ અને નિર્વિકૃત ભોજન ગ્રહણ કરતો રહે. એક વર્ષ માત્ર અચામ્લ ભોજન ગ્રહણ કરે. છ મહિના સુધી મધ્યમ તપો દ્વારા શરીરને દુબળું કરે છે અને છેલ્લા છ મહિના ઉત્કૃષ્ટ તપ દ્વારા શરીરને નબળું પાડી દે છે.

ઉત્તમ આહાર જોઈતે પણ તેના પ્રત્યે આસક્ત ન બને. અન્નથી મમત્વત્યાગનો જ મુખ્ય ભાવ હોય. આત્મચિંતનની પ્રધાનતા હોય. ભલે ગમે તેટલી ક્ષીણ અવસ્થા હોય તો પણ ક્યારેય મનમાં ક્લેશ ન વ્યાપે.

આવી રીતે જે મૃત્યુનું વરણ કરે છે તેનું મૃત્યુ મહોત્સવમાં બદલી જાય છે.

સમાજ વ્યવસ્થાની સુરક્ષા અને મર્યાદા

પન્નાલાલ ૨. શાહ

સમાજ-જીવનમાં સંસ્કાર અને વ્યવહાર એટલાં દૃઢ છે કે ચોકકસ ધોરણની મર્યાદા બહારના વ્યકિતના વર્તન અને જીવનને સમાજ સ્વીકારી શકતો નથી, જીરવી શકતો નથી. પરિણામે આવી વ્યકિત 'અ-સામાજિક' રહે છે, અથવા તો આવી વ્યકિતના જીવનમાં વિકૃતિ આવે છે. આપણા સાંસ્કૃતિક વારસાનું એ પરિણામ એટલું બધું વ્યાપક અને ઊંડું છે કે આવી વ્યકિત સમાજ જીવનના ધોરણમાં પુનઃ સ્થિર થવા માગે તો એવા પરિવર્તનની આડે સમાજ દીવાલ બનીને અડીખમ ઊભો રહે છે. આ બાબત આપણી સમાજ વ્યવસ્થાને જાળવનારી છે તેમ એની મર્યાદા પણ છે.

જૈન ધર્મ ગુણપૂજનનો ધર્મ છે. એના સત્ય, અહિંસા, અદત્તાદાન, બ્રહ્મચર્ય અને અપરિગ્રહાદિ પાંચ મહાવ્રતો અને અણુવ્રતો અને અનેકાન્ત દૃષ્ટિથી એ વિશ્વધર્મ બની શકે એવી ક્ષમતા છે. આવી ઉદાત્ત વિચારસરણીના કારણે કોઈ વ્યકિત જૈન ધર્મ સ્વીકારે તો એને સામાજિક સ્વીકૃતિ મળે ખરી? 'ભારતમાં કોઈ મુસ્લિમ કે ખ્રિસ્તી કે અન્ય ધર્મનો અનુયાયી જૈન ધર્મ સ્વીકારે તો આપણે ગૌરવ લઈએ!' પરંતુ વ્યાવહારિક ભૂમિકાએ તાળી-મિત્ર જેવું પુરવાર થાય છે, એવા કુટુંબને, રોટી-બેટીના વ્યાવહારિક સંદર્ભમાં, આપણે સ્વીકારી શકીએ ખરાં? આ પ્રશ્ન ચકાસવા જેવો છે. આજે આંતરજ્ઞાતિય, આંતરપ્રાંતિય લગ્ન સ્વીકૃત બન્યાં છે ત્યારે પણ એની સ્વીકૃતિ પ્રેમલગ્નો પૂરતી મર્યાદિત રહી છે એ દૃષ્ટિએ આ પ્રશ્નને ચકાસવો જોઈએ. આજે પણ રોટી-બેટીનો વ્યવહાર જ્ઞાતિ અને ધર્મના ચોકઠામાં વ્યાપકપણે અથવા સમગ્રતયા સીમિત રહ્યો છે. કારણ કે, પ્રાગતિકોને પણ આવા પ્રશ્ને એમાં સલામતી અને સુરક્ષા જણાય છે. એટલે વૈચારિક ભૂમિકા પરથી વ્યાવહારિક સિદ્ધિની કક્ષાએ આ પ્રશ્ન પહોંચ્યો જ નથી. જૈનેતર વ્યકિત, જૈન ધર્મ અપનાવવાની સાથે જ દીક્ષિત થયાના છેલ્લા સૈકા અને દાયકાઓમાં કેટલાંય ઉદાહરણો મળે છે એ આ દૃષ્ટિએ મૂલવવા જેવું છે. રોટી-બેટીના વ્યવહારની આ મર્યાદાના કારણે જ કેટલાંય નાગર કુટુંબો જૈન ધર્મ પાળતાં હોવા છતાંય એમને જ્ઞાતિના ઠેકેદારોએ પોતાની જ્ઞાતિમાં સમાવવાનો ઈન્કાર કરવાથી એમને જૈન ધર્મ છોડી દેવાની ફરજ પડી છે. આ બાબતની પં. અમૃતલાલ મોહનલાલ ભોજકે 'વડનગરનો નાગર જૈન સંઘ' એ વિષેના લેખમાં વિગતો આપી છે. આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી કૃત 'જૈન ધાતુ પ્રતિમા લેખસંગ્રહ'માં પણ એવા સંકેતો મળે છે. હિન્દુ ધર્મમાંથી ધર્માંતર દ્વારા મુસ્લિમ કે ખ્રિસ્તી ધર્મના સ્વીકારમાં, બહુધા સામૂહિક ધર્મ પરિવર્તન થતું હોવાથી, આવો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એ સમૂહમાં જ રોટી-બેટીનો વ્યવહાર પરસ્પર સ્થાપિત થાય છે અને એમાંથી જ નવી જ્ઞાતિઓ વિકાસ પામી છે, પામે છે.

આપણે ત્યાં દીક્ષિત જીવનની ઊંચી પ્રતિષ્ઠા છે.

૧. જુઓ : શ્રી મહાવીર જૈન વિદ્યાલય, સુવર્ણ મહોત્સવ ગ્રંથ છે અને તે વાંચ્યો છે. પરંતુ મોહનીય કર્મના ઉદયથી સાધુ ધર્મના કડક પરીષહોનું પાલન ન થાય, ન થઈ શકે ત્યારે તે વ્યક્તિ સાહજિકતાથી ગૃહજીવન શરૂ કરી શકે એવું વાતાવરણ, એવી સ્વસ્થતા આપણા સમાજ-જીવનમાં જોવા મળતી નથી. એકાદ, એકલદોકલ વ્યક્તિના સાધુજીવનના ત્યાગથી જાણે કે ધર્મ અને સમાજ પર આભ ફાટી પડ્યું હોય, ધર્મ જાણે કે રસાતળ થવા બેઠો હોય એવી કાગારોળ થાય. કદાચ આજે એને બહુ મહત્ત્વ ન અપાતું હોય એવું લાગે ખરું, પરંતુ રોટી-બેટીના વ્યવહારના સંદર્ભમાં એવી વ્યક્તિને સામાજિક સ્વીકૃતિ મળતી નથી, કારણ કે મોહનીય કર્મનાં આવરણો હટતાં આવી વ્યક્તિ ક્યારે પુનઃ દીક્ષિત થાય એ કહી શકાતું નથી. આવા (પુનઃ દીક્ષિત થયાનાં) કેટલાંય ઉદાહરણો આપણા કથા-સાહિત્યમાં અને વર્તમાનમાં પણ જોવા મળે છે. એનો આનુષંગિક લાભ પણ છે. સમાજ-જીવનની આવી તાસીરના કારણે જીવનમાં આવેલી નબળી ક્ષણને તે વ્યક્તિ અતિક્રમી જાય છે અને સાધુજીવનમાં સ્થિર થઈ જાય છે. ક્યારેક એવું બને કે તેવી વ્યક્તિ નબળી ક્ષણને અતિક્રમી ન શકે અને સાધુજીવન છોડી પણ ન શકે તો વિકૃતિ આવે. એટલે જ સંયમની આરાધનાને અતિ દુષ્કર કહી છે. એની ત્રણ વખત પુનરુક્તિ કરીને એમ કહ્યું છે. અહીં એક સ્પષ્ટતા જરૂરી છે. સાધુજીવનના ઉચ્ચ આચાર અને આદર્શના ત્યાગને લેશમાત્ર પ્રોત્સાહન આપવાનો ભાવ નથી. સાધુજીવનનો ત્યાગ કરનારી વ્યક્તિ માટે અનુકંપા હોય.

આમ, સમાજજીવનમાં, ભાવિને વીંધીને જોઈ શકનારી વ્યક્તિની દ્રષ્ટિને સમાજ પારખી કે આંખી શકતો નથી અને સ્વીકૃત મર્યાદાથી આગળ જઈ જનારા વિચારને આત્મસાત્ કરી શકતો નથી કે સાંખી શકતો નથી એ જેમ પરિવર્તનની પ્રક્રિયાનું ઘાતક પરિબળ છે તેમ ચોકકસ ધોરણની મર્યાદા બહારના પરંતુ અપેક્ષિત ધોરણથી ઊતરતી કક્ષાના વ્યક્તિના આચાર અને વ્યવહારને પણ સમાજ સ્વીકારી શકતો નથી, જીરવી શકતો નથી. આ બાબત પણ પરિવર્તનની પ્રક્રિયામાં રૂકાવટ કરનારું પરિબળ છે. જેમ સમાજવ્યવસ્થાને જાળવનારું એ તત્ત્વ છે અને એટલે એ આભૂષણરૂપ છે એમ એવી જડતાના કારણે સમાજને મર્યાદામાં જકડી રાખનારું તત્ત્વ પણ છે. એમાં વ્યક્તિગત કિસ્સામાં ગુણવત્તાના ધોરણે, જેટલી પ્રવાહી સ્થિતિ રહે અને સમાજના સ્વીકૃત ધોરણમાં જડતા ન આવે એટલું એ સમાજને પોષક અને ઉપકારક બની રહે.

સંઘ દ્વારા નેત્રયજ્ઞ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આર્થિક સહયોગથી અને શ્રી ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ સંચાલિત વિશ્વવત્સલ ઔષધાલય-ગુંદીના ઉપક્રમે સાણંદથી ૧૫ કિ. મિ.ના અંતરે આવેલ માણકોલ ગામમાં શનિવાર, તા. ૩૧-૧૦-૧૯૮૭ના રોજ એક નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. માણકોલની શ્રી ઉત્તર બુનિયાદી સંસ્કાર વિદ્યાલયના મકાનમાં યોજાયેલ આ નેત્રયજ્ઞમાં ૬૭ મોતિયાનાં, ૫ વેલનાં, ૫ પરવેળનાં, ૧ ઝામરના એમ ૭૮ ઓપરેશનો થયાં હતાં. તેમાં ૨૭ પુરુષો હતા અને ૫૧ સ્ત્રીઓ હતી. ડો. વિનુભાઈ પટેલની પેનલે આ નેત્રયજ્ઞમાં સેવા આપી હતી.

દીપ પ્રગટાવીને નેત્રયજ્ઞનું ઉદ્‌ઘાટન કરતા સંઘના પ્રમુખ ડો. રમણલાલ સી. શાહે કહ્યું હતું કે પૂજ્ય ગુરુદેવ શ્રી સંત-બાલજીએ જનસેવાની જ્યોત ભાલ નળકાંઠા વિસ્તારમાં જગાવી ઉત્તમ કાર્ય કર્યું છે. અને આજે પણ કાશીબહેન મહેતા જેવાં નિષ્ઠાવંત કાર્યકરો પૂજ્યશ્રીનું એ કાર્ય આગળ ધપાવવા પૂરો શ્રમ ઉઠાવી રહ્યાં છે એ આનંદની વાત છે. લોકસેવાનું, લોકોના કલ્યાણનું કાર્ય કરવું એ કંઈ સહેલી વસ્તુ નથી. આવાં કાર્યો કરવામાં અનેક મુશ્કેલીઓ નડે છે. શ્રી કાશીબહેન છેલ્લા સાડાચાર દાયકા જેટલા દીર્ઘ સમયથી પૂજ્ય ગુરુદેવે ચીંધેલ માનવસેવાનું વિશેષતઃ નેત્રયજ્ઞનું આ પુણ્યકાર્ય કરી રહ્યાં છે તે ધન્યવાદને પાત્ર છે. માણસના શરીરનાં વિવિધ અંગો છે તેમાં આંખ કેન્દ્રસ્થાને છે. આંખ ન હોય તો જીવન અકારું લાગે. આંખ વિના માનવી પરવશ બની જાય. આંખોની જે રીતે કાળજી લેવાવી જોઈએ તે રીતે આપણા આમજનોમાં લેવાતી નથી. આંખોની અસહાય, અપંગ પરિસ્થિતિને દૂર કરવા આવા નેત્રયજ્ઞો જરૂરી અને ઉપકારી બની રહ્યા છે. આજે વિશ્વમાં વિજ્ઞાને હરણફાળ ભરી છે. રોયલ કોમનવેલ્થ સોસાયટી નામની સંસ્થાએ મોતિયાનાં ઓપરેશન માટે વિશ્વમાં જુદા જુદા વિસ્તારો નકકી કર્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ આખી દુનિયામાંથી અતિ દુષ્કર જણાતા મોટા બળિયાના રોગનો નાશ કર્યો છે અને એ રોગ હવે કોઈને થતો નથી. વિજ્ઞાને પ્લેગ નામના મહાભયંકર રોગ ઉપર પણ વિજય મેળવી લીધો છે. કેટલાંય વર્ષથી આ વિશ્વમાંથી પ્લેગ અદૃશ્ય થઈ ગયો છે. હવે વિશ્વ આરોગ્ય સંસ્થાની આખી દુનિયામાંથી બાળ-લકવાને સદંતર નાબૂદ કરવાની યોજના છે. આજે બાળક જન્મે ત્યાર પછી તેને પોલિયોની રસી પીવરાવવામાં આવે છે. અને પછી મુકરર સમયે ફરી ફરી એ રસી આપવામાં આવે છે. અને આ રીતે બાળકને બાળલકવા સામે પૂરતું રક્ષણ મળી રહે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાની આ યોજના જો બરાબર કામ કરે તો સન ૧૯૯૫ની સાલ પછી બાળલકવાના નવા દર્દીઓ આ દુનિયામાં નહિ હોય તેમ લાગે છે. આપણે ત્યાં કેટલાક રોગો તો અજ્ઞાન, અસ્વચ્છતા કે કેટલીક કુટેવોને લીધે થાય છે. તેને અટકાવવાનો ઉપાય આપણી જાત માટે જાગૃત રહીએ તે જ છે. ભગવાન મહાવીરે કહ્યું છે કે માંદાની જે સેવા કરે છે તે મારી જ સેવા કરે છે. આમ સેવાના કાર્યને સૌથી ઉત્તમ અને મહત્ત્વનું ગણવામાં આવ્યું છે. કાશીબહેને આ વિસ્તારમાં સેવાની જે જ્યોત પ્રગટાવી છે તે વધુ પ્રજ્વલિત બની રહો એ જ શુભેચ્છા.

સંઘનાં સહમંત્રીશ્રી નિરુબહેન શાહે કહ્યું હતું કે કાશીબહેનના આ સેવાકાર્યથી અમે ખૂબ પ્રસન્ન થયા છીએ. સંઘના બીજા સહમંત્રીશ્રી વસુબહેન ભણશાલીએ જણાવ્યું હતું કે નેત્ર આપણું રતન છે. તેના વિના શે જીવાય? આ સેવાકાર્ય ખૂબ સુંદર રીતે થઈ રહ્યું છે. શ્રી ધીરજ-બહેન વોરાએ જણાવ્યું હતું કે આજનું નેત્રયજ્ઞનું કાર્ય જોઈને મને થાય છે કે ભારતદેશનો હંમેશ ઉત્કર્ષ થતો રહેશે. આટલી સરસ સ્નેહ અને સમર્પણની ભાવના હોય તે દેશ કદી પાછળ ન રહે. શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહે જણાવ્યું હતું કે કાશીબહેન વિશેની પુસ્તિકા વાંચી ત્યારથી આ સેવા-મૂર્તિનાં દર્શન કરવાની તાલાવેલી હતી; જે આજે પૂર્ણ થઈ છે.

ભાલ નળકાંઠાના ગ્રામ્યવિસ્તારોમાં કાશીબહેન માનવસેવાનું જે કાર્ય કરી રહ્યાં છે તે ધન્યવાદને પાત્ર છે. શ્રી રસિકલાલ લહેરચંદ શાહે જણાવ્યું હતું કે આંખમાં મોતિયો આવતો હોય કે આંખમાં બીજો કોઈ રોગ થયો હોય તેથી દૈવી કોપ થયો છે તેવી માન્યતાથી હવે ગ્રામજનોએ મુક્ત થવાની જરૂર છે. દવા કરાવવાથી, સારવાર લેવાથી આંખોને જરૂર સારું થાય છે. સાણંદના સુપ્રસિદ્ધ લોકસેવક ડો. શાંતિભાઈ પટેલે જણાવ્યું હતું કે પૂજ્ય સંતબાલજીના સેવાકાર્યનો પ્રારંભ આ નાનકડા માણકોલ ગામથી થયો છે. મુખ્યત્વે આ વિસ્તારમાં કોળી પટેલ કોમ વસે છે. ગરીબ છતાં દિલના અમીર એવા કોળી પટેલ શ્રી ગોરધનભાઇએ પોતાની જમીનનું દાન કરતા અહીં અમે ઉત્તર બુનિયાદી સંસ્કાર વિદ્યાલય ઊભું કર્યું છે.

સેવાપરાયણ શ્રી કાશીબહેન મહેતાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ઉપરાઉપરી દુષ્કાળ કેમ પડી રહ્યો છે તેનાં કારણો તપાસીએ તો સર્વ પ્રથમ એ જ કારણ છે કે આપણે ધરતીનું ધ્યાન જ નથી રાખ્યું આપણાં ધર્મશાસ્ત્રોમાં ચાર માતાઓ કહી છે: ધરતી, જન્મદાતા સ્ત્રી, વૃક્ષ અને ગંગા (એટલે કે નદી). આ ચારે તરફ આપણે ઉપેક્ષા જ સેવ્યા કરી છે, પછી પરિણામ શું આવે? સેવાને આજે આપણે ભૂલી રહ્યા છીએ. આપણે દુઃખી-પીડિતોને શક્ય સહાય કરીએ. હરિજન હલકો નથી. સારા-નરસા કામથી જ માણસનું મૂલ્યાંકન થાય છે એ વાત ન વીસરીએ. આપણે ન્યાય-નીતિથી ચાલીએ અને કરુણાનાં કાર્યોમાં હંમેશાં સાથ આપતા રહીએ તો સૃષ્ટિ ઉપર સ્વર્ગ ખડું કરી શકાશે. આજે મુંબઇથી આટલી બધી તકલીફ લઇને તમે બધા પધાર્યા છો અને આ નેત્રયજ્ઞ માટે જે આર્થિક સહયોગ આપો છો તે બદલ તમારો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

કાર્યક્રમનો પ્રારંભ વિદ્યાલયનાં બાળકોની પ્રાર્થનાથી થયો હતો. શ્રી પન્નાબહેન કીર્તિભાઈ મહેતાએ સંદેશાનું વાંચન કર્યું હતું. વિદ્યાલયના આચાર્યશ્રી શામજીભાઈ દેવજીભાઈ પટેલે કાર્યક્રમના અંતે આભાર માન્યો હતો.

આ નેત્રયજ્ઞમાં શ્રી જૈન યુવક સંઘના પ્રતિનિધિઓ સર્વશ્રી ડો. રમણલાલ ચી. શાહ, નિરુબહેન શાહ, વસુબહેન ભણશાલી, રસિકલાલ લહેરચંદ શાહ, ચંદ્રકાન્ત દીપચંદ શાહ, શાંતિભાઇ ગાંધી, જયાબહેન વીરા, સ્મિતાબહેન કામદાર, સુલીબહેન હિરાણી, ધીરજબહેન વોરા, સૂરજબહેન ગાંધી, શાંતિભાઇ ઠાકરશી શાહ અને ચીમનલાલ કલાધરે હાજરી આપી હતી અને આ નેત્રયજ્ઞની કાર્યવાહી નિહાળી હતી.

મહિલા વકતૃત્વ તાલીમ વર્ગનું ઉદ્‌ઘાટન

આપણા સમાજની બહેનોમાં વકતૃત્વશકિત ખીલે, બહેનો સારાં વકતા બને તે હેતુથી સંઘ દ્વારા છેલ્લાં ત્રણ વર્ષથી મહિલા વકતૃત્વ તાલીમ વર્ગની પ્રવૃત્તિનો પ્રારંભ કરવામાં આવ્યો છે અને અત્યાર સુધીમાં ઘણી બહેનોએ આ વર્ગનો લાભ લઇ વકતૃત્વકલાની તાલીમ મેળવી છે.

પ્રા. ધીરેન્દ્ર રેલિયાના અધ્યાપન અને માર્ગદર્શન હેઠળ છ સપ્તાહ સુધી ચાલનારા વકતૃત્વકલાના આ વર્ગનો ઉદ્‌ઘાટન સમારોહ ડો. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને શનિવાર, તા. ૭ મી નવેમ્બર, ૧૯૮૭ના રોજ પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજાયો હતો.

કાર્યક્રમના પ્રારંભે દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરતાં અતિથિવિશેષ શ્રીમતી જ્યોત્સનાબહેન શેઠે જણાવ્યું હતું કે વકતૃત્વ એક કલા છે. જીવનમાં ક્યારે, શું, કેમ, કેટલું અને કેવું બોલવું એ મહત્ત્વની વાત છે. બોલવામાં પણ સંયમ, ચીવટ હોવા સાથે સ્પષ્ટ વાત સહજ રીતે, સરળતાથી કહેવી તેનું નામ વકતૃત્વકલા છે. કોઇ પણ વિષય પર બોલવાનું થાય ત્યારે પૂરેપૂરું Home work કરીને જવું જોઇએ. બહેનો માટે આ તાલીમ આજના યુગમાં ખૂબ જ જરૂરી અને મહત્ત્વની છે.

સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે પોતાની લાક્ષણિક શૈલીમાં બોલતાં જણાવ્યું હતું કે વકતૃત્વકલા જીવનમાં પ્રત્યેક ક્ષણે આચરવાની કલા છે. ડો. રમણભાઇએ વડલા જેવું વટવૃક્ષ ઊભું કર્યું છે. એમાં વકતૃત્વકલાના વર્ગો માટે અમારી જ્યોતિબહેન પી. શાહ જેવી બહેન સરસ કાર્ય કરી રહી છે. આ તાલીમ લેનારી બહેનો સરસ વકતા બનીને સમાજની સેવા કરે એ જ અભ્યર્થના.

શ્રી ઉષાબહેન મહેતાએ જણાવ્યું હતું કે બોલવું અને તે પણ સમયમર્યાદામાં, વિષયને સંપૂર્ણ આવરીને બોલવું તે મુશ્કેલ છે, પણ અસાધ્ય નથી અને તેના માટે સઘન તાલીમ જરૂરી છે. બહેનો માટે આ તાલીમ ખૂબ જ મહત્ત્વની છે.

પ્રા. ગુલાબભાઈ દેઢિયાએ જણાવ્યું હતું કે બોલવું સહેલું છે અને અઘરું પણ છે. સહજભાવે બોલવું, સ્વયંભૂ બોલવું એ અઘરી વાત છે, પણ માણસ ધારે તો તેને સાધ્ય કરી શકે છે. શ્રી સુબોધભાઈ શાહે જણાવ્યું હતું કે આ બધી બહેનો વકતૃત્વ તાલીમ લેવા અહીં આવી છે તે ખૂબ જ આનંદની વાત છે. વકતૃત્વકલામાં આલંકારિક, આડંબરી ભાષા કરતાં સાદી, સરળ છતાં સચોટ ભાષાને પ્રાધાન્ય અપાય તો આ તાલીમ વધુ દીપી નીકળશે.

ડો. રમણલાલ ચી. શાહે જણાવ્યું હતું કે બહેનો જાહેર જીવનમાં બોલતાં શીખે તે જરૂરી છે. આઝાદીની લડત વખતે ગાંધીજીએ આખા દેશમાં કેટલી બધી મહિલાઓને જાહેરમાં બોલતી કરી દીધી હતી. ઘણા શ્રોતાઓની હાજરીમાં ઊભા થઈ વ્યવસ્થિત બોલવું તે કલા છે, અને જેમની પાસે તે કલા સાધ્ય છે તે સારા વકતા બની શકે છે. જેમની પાસે આ કલા નથી તે પણ જો મહેનત કરવા લાગે તો સારા વકતા જરૂર બની શકે છે. સારા વકતા થવું જેમ કુદરતી બક્ષિસ છે તેમ મહાવરાથી પણ સારા વકતા થઇ શકાય. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ તેના ઉદાહરણરૂપે આપણી સામે જ છે. વકતૃત્વ-કલામાં ભાષાનો આડંબર ન હોવો જોઇએ વધુ પડતા અંગ્રેજી શબ્દો પણ બોલવામાં ન આવી જવા જોઇએ. આપણે જે કોઇ ભાષામાં બોલીએ તે ભાષામાં શુદ્ધ વકતવ્ય હોવું જોઇએ. પૂ. મહાત્મા ગાંધી હંમેશાં સરળ અને સંયમિત ભાષામાં બોલતા, છતાં તેમનો પ્રભાવ દરેક ઉપર ખૂબ જ સારો પડતો.

આ પ્રસંગે કુ. સ્નેહા રેલિયાએ તથા કુ. અનિષા પંચમિયાએ 'મહાત્મા ગાંધીનું પ્રિય ભજન' એ વિષય પર પાંચ-પાંચ મિનિટનું સુંદર પ્રવચન આપ્યું હતું. કાર્યક્રમનું સુંદર સંચાલન કરતા વર્ગના અધ્યાપક પ્રા. ધીરેન્દ્ર રેલિયાએ જણાવ્યું હતું કે આપણા રાષ્ટ્રનું ભાવિ નાનાં બાળકોના હાથમાં છે અને તેથી જ તેમને વકતૃત્વકલાની તાલીમ આપી સારા વકતા બનાવવા જોઇએ. બહેનોની સુપ્ત વકતૃત્વશકિતને સતેજ કરવા માટે આ તાલીમ વર્ગ શરૂ કરીને જૈન યુવક સંઘે સરસ કાર્ય કર્યું છે તે માટે સંઘના તમામ કાર્યકર ભાઈ-બહેનોને મારા ધન્યવાદ.

આ વર્ગનાં સંયોજક શ્રીમતી જ્યોતિબહેન પી. શાહે કાર્યક્રમના અંતે આભાર માન્યો હતો.

સંકલન : ચીમનલાલ એમ. શાહ-'કલાધર'

નિરામિષાહાર–જૈન દૃષ્ટિએ (પૃષ્ઠ ૧૩૬થી ચાલુ)

પ્રાણીને ખાનારને જો ચડિયાતા ગણવામાં આવે તો ચીન અને ફ્રારિયામાં ફેટલાય એવા જંગલી માણસો છે કે જે જીવતા ઉંદર કે સાપને ખાઈ જાય છે. ઉત્તર ધ્રુવમાં ફેટલાય એસ્કિમો છે જે સીલ નામના પ્રાણીને જીવતું ખાઇ જાય છે. મેકિસકોમાં ફેટલાક આદિવાસીઓ છે જે જીવતી માખીઓને ખાઈ જાય છે. આફ્રિકામાં મગરનું માંસ ખાનારા આદિવાસીઓ પણ છે. જો જીવતાને પકડીને ખાનારને ચડિયાતો ગણવામાં આવે તો તેવા જંગલી આદિવાસીઓને ચડિયાતા ગણવા પડશે. વળી, વાઘ, સિંહ, બિલાડી, સાપ વગેરે હિંસક પશુઓને આ દલીલ અનુસાર શાકાહારી મનુષ્યો કરતાં ચડિયાતાં ગણવાં પડશે. માટે એવી દલીલ કરવી તે વ્યર્થ છે.

ફેટલાક એવી દલીલ કરે છે કે 'માંસાહાર કરતાં શાકાહાર શ્રેષ્ઠ છે કારણ કે પશુને જીવતું કે મરેલું દફનાવી દેવામાં આવે તો તેમાંથી કશું ઉત્પન્ન થતું નથી. જ્યારે અનાજના દાણાને દાટવામાં આવે તો તેમાંથી અનાજ, વનસ્પતિ વગેરે ઊગે છે; એક દાણામાંથી બીજા અનેક દાણા પ્રાપ્ત થાય છે.' પરંતુ આ દલીલ પણ પૂરી તર્કયુકત નથી. દરેક જાતિના જીવોનો ઉત્પત્તિનો જે ક્રમ છે તે દૃષ્ટિએ વિચાર થવો જોઇએ. બધા જીવોનો માત્ર જમીનમાં દાટવાની દૃષ્ટિએ વિચાર ન કરાય. દરેક જીવમાં બીજા જીવોને ઉત્પન્ન કરવાની શકિત પોત-પોતાની યોનિ, જાતિ, પ્રકૃતિ અનુસાર રહેલી હોય છે. વનસ્પતિની ઊગવાની પ્રક્રિયા જમીન સાથે સંકળાયેલી છે. માછલીની ઉત્પત્તિ પાણી સાથે સંકળાયેલી છે. અનાજના ફેટલાક પ્રકારના દાણા પાણીમાં નાખવાથી કે શેકવાથી નષ્ટ થઈ જાય છે. જ્યારે માછલી પાણીમાં રહીને બીજી અનેક માછલીઓ ઉત્પન્ન કરી શકે છે. ફેટલાક સૂક્ષ્મ જીવો હવામાં ઉત્પન્ન થાય છે અને માછલી પાણીની બહાર હવામાં મૃત્યુ પામે છે. એટલે અન્ય જીવોને ઉત્પન્ન કરવાની દૃષ્ટિએ શાકાહારને માંસાહાર કરતાં ચડિયાતો બતાવવાનો તર્ક અયોગ્ય છે.

સંસારના તમામ જીવોને આહારસંજ્ઞા વળગેલી છે. જીવો જે આહાર ગ્રહણ કરે છે તેનું રૂપાંતર શરીરમાં થાય છે. આહાર એના એ સ્વરૂપે શરીરમાં રહેતો નથી. રૂપાંતરની આ પ્રક્રિયા મુખ્યત્વે સાત પ્રકારની બતાવવામાં આવી છે. એને સાત ધાતુ કહેવામાં આવે છે. એ ધાતુનો ક્રમ આ પ્રમાણે છે: (૧) રસ (૨) રુધિર (૩) માંસ (૪) મેદ (૫) અસ્થિ (૬) મજ્જા અને (૭) શુક્ર.

બધા જીવોના શરીરમાં ધાતુઓના આ સાતે તબકકા હોતા નથી. ફેટલાક જીવોને ફકત એક જ ધાતુ હોય છે અને તે ફકત રસ ધાતુ જ. કીડી વગેરે ફેટલાકને રસ અને રુધિર હોય છે, પરંતુ માંસ, મેદ, અસ્થિ વગેરે હોતાં નથી. મનુષ્યમાં સાતેસાત ધાતુ હોય છે

એકેન્દ્રિય જીવોમાં ફકત રસ ધાતુ જ હોય છે. વનસ્પતિ એકેન્દ્રિય જીવ છે. અને તે પોતાનું પોષણ પૃથ્વી, પાણી, વાયુ, પ્રકાશ વગેરેમાંથી મેળવે છે તેમાંથી માત્ર રસ દ્વારા જ તેના દેહની વૃદ્ધિ થાય છે. વનસ્પતિમાં રુધિર હોતું નથી. વેદના રુધિરની સાથે ગાઢપણે સંકળાયેલી છે. તેમાં પણ રુધિર સાથે અન્ય ધાતુઓ હોય તો વેદનાની અનુભૂતિનું પ્રમાણ વધી જાય છે. એટલે આહાર માટે એકેન્દ્રિય જીવોની થતી હિંસાથી તે જીવોને જેટલી વેદના પહોંચે છે તેના કરતાં બેઇન્દ્રિય વગેરે જીવોની હિંસા દ્વારા તે તે જીવોને ઘણી બધી વેદના પહોંચે છે. રુધિરનું દૃશ્ય મનુષ્ય માટે અસહ્ય થઈ પડે છે. માંસાહારી લોકોને પણ પોતાની આહારની વાનગીમાંથી જો લોહી ટપકતું હોય તો તેવી વાનગી ખાવાની ગમતી નથી. એટલા માટે જેમાં રુધિર ન હોય તેવો આહાર જે માણસોએ લેવો હોય અને રુધિર દ્વારા પહોંચાડાતી વેદનાથી દૂર રહેવું હોય તો તેવા માણસોએ માંસાહારનો ત્યાગ કરીને શાકાહાર સ્વીકારવો જોઇએ. રસ અને પોષણની દૃષ્ટિએ શાકાહારમાં એટલું બધું વૈવિધ્ય છે કે માણસને માંસાહાર તરફ જવાની કોઈ જરૂરિયાત રહેતી નથી.

જૈનધર્મે અહિંસાના સિદ્ધાંતની દૃષ્ટિએ, મન, વચન અને કાયાના સંયમની દૃષ્ટિએ તેમજ આત્માના વિશુદ્ધપણાની દૃષ્ટિએ આહારની બાબતમાં જેટલી સૂક્ષ્મ અને તલસ્પર્શી મીમાંસા કરી છે તેટલી અન્ય કોઇ ધર્મમાં કરવામાં આવી નથી. જૈનધર્મ માંસાહારનો નિષેધ તો કરે જ છે; પરંતુ શાકાહારમાં પણ બત્રીસ પ્રકારના અનંતકાય સહિત બાવીસ પ્રકારની અભક્ષ્ય વસ્તુઓનો નિષેધ પણ કરે છે. વનસ્પતિના બે પ્રકાર છે. પ્રત્યેક વનસ્પતિકાય અને સાધારણ વનસ્પતિકાય. પ્રત્યેક વનસ્પતિકાયમાં પ્રત્યેકમાં એક જીવ હોય છે. સાધારણ વનસ્પતિકાયમાં એક શરીરમાં અનંતજીવો રહેલા હોય છે. તેવી વનસ્પતિઓને અનંતકાય કહેવામાં આવે છે. બટાટા, કાંદા, લસણ, સુરણ, લીલું આદુ, લીલી હળદર, રતાળુ, ગરમર, ગાજર, મૂળા વગેરે પ્રકારની વનસ્પતિ અનંતકાય છે. એવી વનસ્પતિનો આહાર કરવાથી એક સાથે એક સમયે અનંતાઅનંત સૂક્ષ્મ જીવોની હિંસા થાય છે. વળી રીંગણા, ટેટા વગેરે બહુબીજ, ઘોળવડા (વિદળ), માખણ, મધ, મદિરા વગેરે જેમાં એક સાથે ઘણા જીવો રહેલા હોય છે અથવા અલ્પ સમયમાં બહુ જીવોની ઉત્પત્તિ થતી હોય છે તેવી વસ્તુઓને જૈનધર્મમાં અભક્ષ્ય તરીકે ઓળખાવવામાં આવી છે. આ ઉપરાંત રાત્રિના સમય દરમિયાન આહારમાં સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ ઘણી બધી વધી જતી હોવાને કારણે રાત્રિભોજનનો નિષેધ પણ જૈનધર્મમાં કરવામાં આવ્યો છે. ગૃહસ્થોએ તેમજ સાધુઓએ આહારનો આ નિયમ પાળવાનો હોય છે. એમાં સાધુ-સાધ્વીઓ તો અત્યંત કડક અને ચુસ્તપણે આ નિયમનું પાલન કરે છે. તેઓ પાણી પણ ઉકાળેલું, જીવરહિત થયેલું વાપરે છે. આહાર – પાણીની આટલી બધી સૂક્ષ્મ મર્યાદા દુનિયાના અન્ય કોઇ ધર્મમાં જોવા મળતી નથી. અલ્પત્તમ હિંસાથી કર્મનો અલ્પત્તમ બંધ થાય છે અને આત્મા જેમ જેમ કર્મનાં બંધનોમાંથી મુકત થતો જાય તેમ તેમ સંપૂર્ણ કર્મ-ક્ષય કરી, વિશુદ્ધ સ્વરૂપને પામી, મોક્ષ ગતિ મેળવે છે. મોક્ષ-પ્રાપ્તિ પછી આત્માને ફરી પાછા જન્મમરણના ચકકરમાં સંસારના પરિભ્રમણમાં આવવાનું રહેતું નથી. મોક્ષનું લક્ષ્ય પ્રાપ્ત થવું, એ માટે મનુષ્યજન્મ મળવો, જન્મ-જન્માંતરની વાતમાં શ્રદ્ધા બેસવી વગેરે ઘણી દુર્લભ વાત છે.

જૈનધર્મ માને છે કે આત્મા સ્વભાવે અણાહારી છે. અનાદિકાળના સંસ્કારને કારણે જીવને આહારસંજ્ઞા વળગેલી છે, પરંતુ આત્માના મૂળ અણાહારી સ્વભાવ તરફ જવાનું લક્ષ્ય સુદૃઢપણે નક્કી થઈ જાય તો તેવા જીવોને આહારમાં પછી રસ પડતો નથી. આહારની રસલોલુપતા તે આત્માના અણાહારી પદના વિસ્મરણની નિશાની છે.

આહારની બાબતમાં અહિંસાની ભાવનાની દૃષ્ટિને અને કર્મક્ષયના સિદ્ધાંતને લક્ષમાં રાખીને જૈનધર્મમાં ઘણી સૂક્ષ્મ વિચારણા વિવિધ દૃષ્ટિકોણથી થયેલી છે. એના વિસ્તારમાં જવાને અહીં અવકાશ નથી. સાચી રુચિ અને સાચી દૃઢ શ્રદ્ધા વગર તેમાં પ્રવેશ કરવાનું સરળ નથી.

–રમણલાલ ચી. શાહ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી

પૂ. પંન્યાસ શ્રી પ્રદ્યુમ્નવિજયજી

વિક્રમનો સત્તરમો સૈકો ઐતિહાસિક ઘટનાઓથી ઉભરાતો છે. રાજકારણ, સાહિત્ય, સમાજ, શિક્ષણ બધાં ક્ષેત્રમાં નામાંકિત વ્યક્તિઓ મળી આવે છે.

સાહિત્યના જ ક્ષેત્રની વાત કરીએ તો, જેની રચેલી ચોપાઓ અમર થવા સર્જાઈ છે તે ગોસ્વામી તુલસીદાસ, ભીતરી ચોટ લગાવવામાં વખણાયા તે સતસઈ, દોહરા રચનાર બિહારી કવિ, મરાઠી ભાષામાં પણ વિષ્ણુદાસ, કવિ મુકતેશ્વર, સંત કવિઓમાં એકનાથ, તુકારામ, સમર્થ રામદાસ પણ આ સમયે થયા અને જૈન પરંપરામાં શીલપ્રજ્ઞાથી શોભતા સમર્થ વિદ્વાન શ્રી યશોવિજયજી પણ આ જ અરસામાં થયા જેમના સ્વર્ગારોહણની આ વર્ષે ત્રિશતાબ્દી છે.

ગુજરાતમાં મહેસાણાથી મોઢેરાના રસ્તે કનોડા ગામમાં, નારાયણ અને સૌભાગ્યદેવીને ત્યાં જસવંતનો જન્મ થયો. નાની વયથી જ પ્રજ્ઞાના ચમકારા દેખાયા. નાના-મોટા બન્ને ભાઈ વૈરાગ્ય પામ્યા. જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિજીની પરંપરાના શાંતમૂર્તિ શ્રી નયવિજયજી મહારાજના ચરણે દીક્ષા – શિક્ષા પામ્યા. મુનિ શ્રી પદ્મવિજયજી, મુનિ શ્રી યશોવિજયજી નામ રાખ્યાં. દીક્ષાભૂમિ અણહિલપુર પાટણ, વિ. સં. ૧૬૮૮. તે કાળે સાધુસંસ્થામાં સંસ્કૃત-પ્રાકૃત ભાષા, સાહિત્ય, ન્યાયાદિ-દર્શન અને તદુપરાંત જૈનદર્શન-દાર્શનિક પ્રવાહોનું અધ્યયન પ્રવર્તતું હતું.

તીક્ષ્ણ પ્રજ્ઞા જોઈ ધનજી શૂરા વગેરે સદ્‌ગૃહસ્થોની વિનંતીથી કાશીમાં જઈ ગહન અધ્યયન કરાવવાનું નક્કી થયું. કાશીપ્રવેશ પહેલાં ગંગાના કાંઠે સાધના કરી સરસ્વતી-દેવીને પ્રસન્ન કર્યાં. 'તર્ક-કાવ્યનો અભિરામ વર' પામ્યા.

કાશીમાં ત્રણ વર્ષમાં નવ્ય ન્યાયના પારગામી વિદ્વાન બન્યા. એક પ્રસંગે વાદીને વાદમાં જીતીને પંડિત મંડલીનાં દિલ જીતી લીધાં. પંડિતોએ ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ બિરુદ એનાયત કર્યાં. પછી આગ્રામાં મીમાંસાદર્શનશાસ્ત્રના બહુશ્રુત વિદ્વાન પાસે ન્યાયાદિદર્શનશાસ્ત્રના પદાર્થોનું સ્થિરીકરણ, દૃઢીકરણ થયું. ચાર વર્ષ ત્યાં રહ્યા. વિદ્યાના અધ્યયન પછી માત્ર પોથીપંડિત ન બની રહ્યા પણ તર્ક-તુલના-ઇતિહાસ અને વિજ્ઞાનથી બુદ્ધિને પરિષ્કૃત કરી સ્વયં સત્યાસત્યનો વિવેક થાય તેવી પકવ બનાવી.

પછી સર્જનનો અન્તઃસ્રોત એવો તો શતમુખે પ્રસર્યો કે સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી, ગદ્ય-પદ્ય-સાહિત્ય કાવ્ય, નવ્યન્યાયના ગહન વિષયો, સ્તવન, ઢાળ, રાસ, ચોપાઈ, ભાતભાતના ગ્રન્થોનું દિવસ-રાત નિર્માણ ચાલ્યું. સાહિત્યના ઇતિહાસમાં મહત્ત્વનાં પાનાં ઉમેરાયાં.

સ્વદર્શનવત્ પરદર્શનનું તલસ્પર્શી જ્ઞાન ભાગ્યે જ કોઈ વિદ્વાનને હોય છે. આમને સ્વ-પર દર્શનપ્રવાહોનું અવગાહન વ્યાપ અને ઊંડાણ બન્ને રીતે અજોડ કહી શકાય તેવું કર્યું હતું. પ્રાચીન હસ્તપ્રતોની રક્ષાનું કાર્ય પણ તેઓએ એવું જ કર્યું છે.

તેઓના હરેક જ્ઞાનશાખાનાં તમામ કાર્યોમાં ગુરુ શ્રી નય-વિજયજી મહારાજનો સાથ સતત રહ્યો છે. કેટલાય ગ્રન્થોની કાચી કોપીમાંથી સ્વચ્છ કોપી ગુરુજીના હસ્તાક્ષરમાં મળે છે. તેમાં ત્રણ ગ્રન્થો તો મુખ્ય છે-પ્રતિમાશતક, દ્રવ્યગુણ પર્યાયનો રાસ અને નયરહસ્ય. તેઓનું ધર્મવિષયક દર્શન અને ચિંતન નીતર્યા નીર જેવું બિલકુલ સ્પષ્ટ હતું. પ્રવૃત્તિમાં સતત સ્વાધ્યાય-યોગ અને વૃત્તિમાં સ્વાતંત્ર્યપૂર્ણ નિર્દંભયોગ એ તેમના જીવનનો વિશેષ ગુણ હતો. સર્વ સત્યાર્થીઓને શિખામણ તેઓની આ જ હતી.

વિ. સં. ૧૭૧૮માં આચાર્ય શ્રી વિજયપ્રભસૂરિજીએ તેઓને ઉપાધ્યાય-પદારૂઢ કર્યા. તેઓને નવ શિષ્યો અને પાંચ પ્રશિષ્યો હતા.

પંડિત જયસોમ વગેરે વિદ્વાનો તેઓ પાસે સતત અધ્યયનાર્થે વસતા હતા. વિ. સં. ૧૭૪૨માં સુરતમાં મંગલ શ્રુત રૂપચંદ તથા માણેકશા પરિવારને અગિયાર આગમગ્રન્થો અર્થ સાથે સમજાવ્યા.

વિ. સં. ૧૭૪૩ માં ડભોઇ ચોમાસુ રહ્યા. પંચાવન વર્ષનું સંયમજીવન પાળી જીવનલીલા સંકેલી લીધી.

ડભોઇની નાંદોદી ભાગોળે શીતલ તલાવડી પાસે એક રતૂપની રચના કરવામાં આવી. પ્રતિવર્ષ કાળધર્મ-સ્વર્ગવાસના દિવસે એ રતૂપમાંથી નવ્યન્યાયની અક્ષરદેહકાર્કચ્છિન્ન વગેરે વર્ણસમૂહરૂપ ન્યાયનો ધ્વનિ સંભળાતો હતો. સમકાલીનોમાં પણ તેઓ માનનીય અને ઉપાદેય બની રહ્યા હતા.

તેઓનું સર્જનક્ષેત્રે પ્રદાન ઘણું વિપુલ છે. તેને સ્થૂલ રીતે ત્રણ ભાગમાં વહેંચી શકાય-દર્શનશાસ્ત્ર, અધ્યાત્મ-ભક્તિ અને કાવ્યસાહિત્ય, ત્રણેમાં થઈને તેઓએ રચેલાં અને અત્યારે મળતા નાનામોટા ગ્રન્થોની સંખ્યા શતાધિક છે.

સ્યાદ્‌વાદ કલ્પલતા જેવા આકરગ્રન્થો દાર્શનિક સાહિત્યમાં આવે છે તો અધ્યાત્મસાર, જ્ઞાનસાર વગેરે કાળની સામે ટકી રહે તેવા ગ્રન્થો અધ્યાત્મક્ષેત્રનાં છે. શ્રીપાળરાસ ચતુર્થ ખંડમાં તો તેઓનું અધ્યાત્મવિષયક ઉત્તમોત્તમ ચિંતન નિષ્કર્ષરૂપે શબ્દબદ્ધ થયેલું છે. જ્યારે સાહિત્યમાં તો તેઓના 'વૈરાગ્યરતિ'નાં ઋતુવર્ણનો વાંચતાં આપણે માઘને સંભારીને પછી ભૂલી જઈએ અને આર્ષમીય મહાકાવ્યના સર્ગમાંથી પસાર થઈએ ત્યારે શ્રીહર્ષના નૈષધને તો નથી વાંચતા ને! એમ મનને પૂછવું પડે. અને પછી તો મોંમાંથી અનાયાસ જ સરી પડે: **श्रीहर्ष एषः किमु माघ एषः** । જેવું સંસ્કૃતમાં તેવું જ જૂની ગુજરાતીમાં, પણ **समं लीलायते भारती** જેવું છે. તમે તેઓની સમુદ્ર – વહાણ, સંવાદ નામની રચના જુઓ. ઘોઘામાં વિ. સં. ૧૭૧૭માં સમુદ્રકિનારે વહાણોની અવરજવર જોઈ. સ્ફુરણા થઈ, અને સત્તરઢાળમાં એક સુંદર સાહિત્યિક કૃતિ રચાઈ ગઈ, તેમાં સમુદ્રનું અભિમાન અને વહાણની નમ્રતા પ્રકટ કરી છે. વચ્ચે વચ્ચે રસમધુર સુભાષિતો, પ્રાસંગિક પ્રચ-લિત કહેવતો અને લલિત ઉક્તિઓ, એવી રીતે ગૂંથી છે કે તેથી કૃતિની નિરૂપણરીતિ વાચકનું મન હરી લે છે અને રચના, રસ અને જિજ્ઞાસાથી સતત નીતરતી બની રહે છે.

તેઓની લેખિનીનું એવું સૌભાગ્ય છે કે તે જે કોઈ, કર્કશ તર્કને કે સુકુમાર કાવ્યને સ્પર્શે છે, તે બધાં સદ્યઃ પ્રફુલ્લિત પારિજાતની જેમ મહેકી ઊઠે છે.

આજીવક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૮૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૮ અંક : ૧૧

મુંબઇ તા. ૧-૧૨-'૮૭

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

શ્રીલંકા અને ભારત

પ્રાચીન ભારતીય સંસ્કૃતિની દ્રષ્ટિએ શ્રીલંકા અને ભારત આર્યાવર્તનાં અંગ રહ્યાં છે. ભૌગોલિક દ્રષ્ટિએ કોઇપણ મોટા ખંડ કે ઉપખંડને કિનારે આવેલા ટાપુઓ ઉપર તે ખંડ કે ઉપખંડનું જ સાર્વભૌમત્વ સદીઓથી રહ્યા કર્યું છે. ગ્રેટ બ્રિટન, ફિલિપાઇન્સ, ઇન્ડોનેશિયા, ફીજી, ન્યુઝિલેન્ડ વગેરે નાનાં રાષ્ટ્રોના કિનારે સમુદ્રમાં આવેલા અનેક ટાપુઓ ઉપર તેની જ રાજ્યસત્તા પ્રવર્તે છે. જો કે વર્તમાન સમયમાં કેટલાંય સ્વતંત્ર ટાપુરાષ્ટ્રો અસ્તિત્વમાં આવ્યાં છે. ખંડ કે ઉપખંડની સાથે આવેલા ટાપુરાષ્ટ્રના ભૌગોલિક અને આંતરરાષ્ટ્રીય સંબંધોનું વિશિષ્ટ મહત્ત્વ રહેલું છે. બંનેને પરસ્પર ગરજ ઘણી રહે છે. બંનેની પ્રજાઓ વચ્ચે અવરજવર પણ ઘણી રહે છે. એકબીજાના આંતરિક પ્રશ્નો પરત્વે ઉપેક્ષા સેવવાનું તેઓને પોષાય તેવું હોતું નથી. શ્રીલંકાની સમસ્યામાં ભારતીય તામિલોનો પ્રશ્ન ઘણો મહત્ત્વનો છે. એ પ્રશ્ન એટલો મોટો અને વ્યાપક છે કે ભારત જો તેની ઉપેક્ષા કરે તો તેનાં માઠાં પરિણામો તેને જ ભોગવવાનાં આવે. ૧૯૪૮માં શ્રીલંકા સ્વતંત્ર થયું ત્યારથી જાગેલી તામિલોની સમસ્યાએ અંતે યુદ્ધનું સ્વરૂપ ધારણ કર્યું.

એક સમયે શ્રીલંકા (સિલોન) અને બ્રહ્મદેશ-બર્મા સુદ્ધાં ભારતનો જ એક ભાગ હતા; પરંતુ અંગ્રેજોએ ભારતને નબળું પાડવા અને પોતાની વહીવટી કાર્યક્ષમતા વધારવા બર્મા અને સિલોનને ભારતથી છૂટાં પાડ્યાં. અંગ્રેજોને પોતાની સલ્તનતના પ્રદેશો ક્રમને છોડવા પડ્યા, પરંતુ જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં સ્થાનિક વિભિન્ન વર્ગોને માંહોમાંહે લડાવી મારવાની મેલી નીતિ તેઓએ અપનાવેલી હતી. શ્રીલંકાનાં આજની સમસ્યાનાં મૂળ આઝાદી પૂર્વેના અંગ્રેજ શાસનના સમયમાં જોઈ શકાય છે. પોતાના ચાના બગીચાઓ માટે સસ્તી મજૂરી કરનાર તામિલ મજૂરોને શ્રીલંકા લઈ જઇને વસાવ્યા. (જેમ શેરડીનાં ખેતરો અને કારખાનાંઓમાં કામ કરવા માટે ભારતીય મજૂરોને ફીજીમાં લઈ જવામાં આવ્યા હતા.) અને હોશિયાર નીવડેલા કેટલાયે તામિલોને સરકારમાં ઉચ્ચ સત્તાસ્થાને બેસાડ્યા. દેશ સિંહાલી લોકોનો, પણ ઉચ્ચ વહીવટી સત્તા સિંહાલી કરતાં તામિલો વધુ ભોગવે એવી પરિસ્થિતિ હતી. આથી સ્વતંત્રતા મળ્યા પછી તામિલ લોકો સિંહાલીઓના દ્વેષનો ભોગ બને એ સ્વાભાવિક હતું.

દુનિયાના કેટલાય દેશોમાં ભાષા, ધર્મ, જાતિ કે એવા બીજા કોઇકને કોઇકે નિમિત્તો વખતોવખત સમસ્યાઓ ઊભી થયા કરે છે અને હિંસક સ્વરૂપ પકડે છે. કોઈ પણ એક જૂથની પ્રજાને માથે પોતાના હિતના રક્ષણનો કે ખુદ અસ્તિત્વનો પ્રશ્ન જ્યારે અતિ ગંભીર બની જાય છે અને પોતાની સલામતી જોખમમાં મુકાય છે ત્યારે ઉગ્ર આંદોલનો થાય છે. તેમાંથી હિંસાત્મક અથડામણો ઊભી થાય છે. કોઇ પણ એક પ્રદેશમાં બહારથી આવેલી વસતિનો વર્ગ વધતો જાય અને સ્થાનિક વસતિને માટે આર્થિક, સામાજિક વગેરે પ્રકારનાં ભયસ્થાનો ઊભાં થાય છે ત્યારે આવા પ્રશ્નો મોટું સ્વરૂપ ધારણ કરે છે. આખી દુનિયાનું ધ્યાન તે તરફ ખેંચાય છે. પાડોશી રાષ્ટ્રો સહિત લાગતાવળગતાં કેટલાંક રાષ્ટ્રો ત્યારે તેમાંથી લાભ ઉઠાવવા કોશિશ કરે છે.

આજીવિકા રળવા માટે જુદી જુદી પ્રજાઓની સ્થળાંતરોની ઘટના સતત ચાલ્યા કરે છે. એકબે પેઢીના વસવાટ પછી એનાં મૂળ ઊંડાં જાય છે અને પોતાને વતન પાછા ફરવાનું અણગમતું કે મુશ્કેલ બની રહે છે. ભારતીય વંશના ઘણા લોકો ઝાંઝીબાર, ઇંડન, યુગાન્ડા, બર્મા વગેરે દેશોમાં એ સમસ્યાઓનો ભોગ બન્યા છે. ફીજી અને શ્રીલંકામાં વસેલા ભારતીય લોકોનો પ્રશ્ન હજુ સળગતો છે. જ્યારે મોટા પાયે હિજરતો થાય છે ત્યારે અનેક લોકો રાજ્યવિહીન (Stateless) કક્ષાના બની જાય છે. એવા નિરાશ્રિત લોકોનો દુનિયામાં ક્યાંકને ક્યાંક સમાવેશ થઈ જાય છે અને ફરી પાછા નવી ધરતીમાં નવાં મૂળ નખાય છે. સ્થાનિક પ્રજાના સંસર્ગમાં આવવાથી ઉત્પન્ન થયેલી વર્ણસંકર પ્રજાનો પ્રશ્ન પણ મોટો હોય છે, પરંતુ તે એટલું ઉગ્ર સ્વરૂપ પકડતો નથી. માત્ર ભારતીય પ્રજાના જ આ પ્રશ્નો છે એવું નથી. આફ્રિકનો, આરબો, યુરોપિયનો, ચીનાઓ, કોરિયનો, જાપાનીઓ, તિબેટિયનો વગેરે પણ દુનિયાના જુદા જુદા દેશોમાં કેટલી પેઢીઓથી વસેલા છે અને તે દરેકને નાનામોટા પ્રશ્નો તો હોય જ છે.

શ્રીલંકામાં કેટલાયે સૈકાઓથી વસેલા 'શ્રીલંકા તામિલો' અને બીજા વિશ્વયુદ્ધ પહેલાં વસેલા 'ભારતીય તમિલ' મળીને સંખ્યા ૩૦ લાખથી પણ વધુ છે. ઉત્તર શ્રીલંકામાં સમગ્ર જાફના વિસ્તાર કેવળ તામિલ લોકોના વસવાટવાળો છે. પૂર્વમાં પણ તામિલ – બહુમતીવાળા વિસ્તારો છે. આ ઉપરાંત શ્રીલંકાના જુદા જુદા વિસ્તારોમાં તામિલ લોકો

વસેલા છે અને ચાના બગીચાઓમાં મજૂરો તરીકે તામિલ લોકો મોટી સંખ્યામાં કામ કરે છે. શ્રીલંકાના આર્થિક વિકાસમાં તામિલ લોકોનો પણ મહત્ત્વનો હિસ્સો છે એટલે સમસ્ત તામિલ પ્રજાને શ્રીલંકાની બહાર કાઢવાનો પ્રયાસ કરવો એ એટલું સહેલું પણ નથી અને એ એના પોતાના જ હિતમાં નથી એ ત્યાંના રાજદ્વારી નિષ્ણાતો સારી રીતે જાણે છે. સિંહાલી લોકોમાં મોટાભાગના લોકો બૌદ્ધધર્મી છે. તદુપરાંત મુસલમાન અને ખ્રિસ્તી લોકોની સંખ્યા પણ ઠીક ઠીક છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી તામિલ હિન્દુઓ અને સિંહાલી બૌદ્ધ લોકો વચ્ચે ધર્મ અને ભાષાને કારણે સંઘર્ષો ચાલ્યા કરતા હતા. ૧૯૪૮ માં આઝાદી મેળવ્યા પછી શ્રીલંકાની સરકારે જ્યારથી તામિલ લોકોને અન્યાય કરનારા કાયદાઓ ઘડવા માંડયા ત્યારથી આ સંઘર્ષ વધુ ઉગ્ર બનતો ગયો છે. ભારતીય તામિલોના મતાધિકાર છીનવી લેવામાં આવ્યા; તબીબી અને ઇજનેરી કોલેજોમાં અગાઉ સમાન ધોરણે બધા નાગરિકોને પ્રવેશ અપાતો હતો, તેને બદલે તામિલ વિદ્યાર્થીઓ માટે મર્યાદિત બેઠકો કરી નાખવામાં આવી; લશ્કર અને પોલીસમાં તામિલોને એક-બે ટકા જેટલું જ સ્થાન આપવામાં આવ્યું; સરકારી નોકરીઓમાં તામિલ લોકોનું સ્થાન કાયદેસર ઘટાડી દેવામાં આવ્યું; સિંહાલી ભાષા તામિલ વિદ્યાર્થીઓ માટે ફરજિયાત બનાવવામાં આવી; તામિલ વિસ્તારોમાં એમની બહુમતી ઘટાડી દેવા માટે સિંહાલી લોકોની વસાહતો ધરાદાપૂર્વક ઊભી કરવામાં આવી—આવાં આવાં પગલાં સેનાનાયક અને ભંડાર-નાયકની સરકાર દરમિયાન લેવાયાં. ત્યારથી તામિલ લોકો પોતાના વાજબી હકક માટે, પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે વધુ સભાન થવા લાગ્યા હતા. આમ ખુદ શ્રીલંકાની સરકારે પેટ ચોળીને તામિલોની સમસ્યાઓનું શૂળ ઊભું કર્યું હતું. 'તુલ્ક' અને 'ટાઇગર્સ' જેવા પક્ષો અસ્તિત્વમાં આવ્યા અને સરકારી પગલાંઓનો વિરોધ કરવા સહિત સ્વાયત્તતા કે સ્વતંત્ર તામિલ રાજ્ય (ઇલિમ) માટે માગણી કરવા લાગ્યા.

બીજા વિશ્વયુદ્ધ પછી મોટાં રાષ્ટ્રોનું વિભાજન થવાને કારણે અથવા મોટી સત્તાનાં સંસ્થાનો સ્વતંત્ર થવાને કારણે દુનિયામાં ઘણાં નાનાં નાનાં રાષ્ટ્રો અસ્તિત્વમાં આવ્યાં છે. એવાં કેટલાંક રાષ્ટ્રોએ કંઈક આર્થિક પ્રગતિ કરી છે, તો પણ જ્યારે આંતરિક સંઘર્ષ અથવા આંતરવિગ્રહ જેવી પરિસ્થિતિ સર્જાય છે ત્યારે તેની સરકાર પાસે આખા દેશને અંકુશમાં લેવા જેટલી લશ્કરી તાકાત હોતી નથી. એથી પરિસ્થિતિ ચૂંચવણભરી બને છે અને બહારની લશ્કરી સહાયની અપેક્ષા રહે છે. અમેરિકા કે રશિયા જેવી મોટી સત્તાઓ તો આવી તકની રાહ જ જોતી હોય છે. એક વખત પગપેસારો કર્યો કે પછી તેમાંથી નીકળવાનું મન મોટી સત્તાઓને થતું નથી. પરસ્પર વિરુદ્ધ વ્યૂહરચના માટે પણ આવાં નાનાં રાષ્ટ્રોમાં સ્થાપેલાં પોતાનાં લશ્કરી થાણાં બહુ ઉપયોગી થઈ પડે છે; પછી ભલે તે નાના રાષ્ટ્રની જે દુર્દશા થવાની હોય તે થાય. રશિયાએ અફઘાનિસ્તાનની, ચીને તિબેટની કે અમેરિકાએ ફિલિપાઇન્સની જે દુર્દશા કરી છે તેનાં ઉદાહરણો જાણીતાં છે. શ્રીલંકામાં ભારત જો દાખલ ન થાય તો અમેરિકા કે અન્ય કોઈ સત્તા એક યા બીજા નિમિત્તે અવશ્ય ઘૂસી જાય અને તેમ થાય તો ભારતને માટે સતત ચિંતાનો વિષય રહે. પાકિસ્તાન દ્વારા અમેરિકા ભારત ઉપર સતત લશ્કરી દબાણ રાખવાનો પ્રયત્ન કરે છે. એવી રીતે શ્રીલંકામાં જો અમેરિકી સત્તા ઘૂસે તો ભારતને એક સાથે બે દિશા સંભાળવી કઠિન થઈ પડે. આંતરરાષ્ટ્રીય વ્યૂહરચનાની દૃષ્ટિએ પણ ભારતે શ્રીલંકામાં શાંતિસેના મોકલી છે એમાં ડહાપણ રહેલું છે એમ નિરીક્ષકો માને છે. ભારતીય મહાસાગર ઉપર અમેરિકાનું લશ્કરી વર્ચસ્વ વધવું ન જોઈએ, એ વિશે સોવિયેત રશિયા પણ સતત ચિંતાતુર રહે છે.

બીજા વિશ્વયુદ્ધ પછી શસ્ત્રોની સુલભતાને કારણે દુનિયા-ભરમાં ગેરીલા પ્રવૃત્તિઓ વધી ગઈ. બે દુશ્મન સેનાઓ સામ-સામે યુદ્ધ કરે તો એનો મોડોવહેલો અંત આવે, પરંતુ નાની નાની ટુકડીઓ જંગલોમાં છુપાઈને પોતાના જનતા જોખમે અચાનક છાપો મારે અને પચીસ-પચાસ સૈનિકોને મારી નાખે એ પ્રવૃત્તિને નાથવાનું કામ ઘણું અઘરું છે. તામિલ ટાઇગરો સામે શ્રીલંકાની સરકારે બાથ ભીડી હતી, પરંતુ ચાર વર્ષે પણ તેનો અંત આવ્યો નહિ. નિર્દોષ નાગરિકોનો ઉભય પક્ષે અચાનક મોટી સંખ્યામાં સંહાર થઈ જતો, પરંતુ તેથી સમસ્યા તો ઊલટી વધારે ઘેરી બનતી. સિંહાલી સૈનિકો ઉપર અચાનક હુમલાઓ થવાને કારણે અને મોટી સંખ્યામાં મૃત્યુ પામવાને કારણે ખુદ સિંહાલી સૈનિકો પણ તામિલ વિસ્તારોમાં જતા ડરતા હતા. જ્યારથી સિંહાલી સૈનિકોએ જાફનામાં ૧૯૭૪માં યોજાયેલી વિશ્વ તામિલ પરિષદ વખતે કેટલાક તામિલોને મારી નાખ્યા હતા, ત્યારથી તામિલ ટાઇગરોનું આંદોલન ચાલુ થયું હતું અને કેટલીયે તામિલ માતાઓએ પોતાનો એક પુત્ર તામિલ ટાઇગરોને ચરણે ધરી દીધો હતો. હાથમાં મોતને લઈને નીકળેલા લડાયક જુસ્સાવાળા એ જુવાનોનું જૂથ ઉત્તરોત્તર વધતું ચાલ્યું. લડાયક શસ્ત્રોની તાલીમ અને શસ્ત્રોનું ઉત્પાદન એ બંને જેમ જેમ વધતાં ગયાં તેમ તેમ ટાઇગર સેના મોટી થતી ગઈ અને સિંહાલી સરકારને માટે માથાના ભયંકર દુઃખાવારૂપ પુરવાર થઈ. ભારતની લશ્કરી સહાય લીધા વિના છૂટકો નહોતો. અંતે શાંતિકરાર થયા. ભારતીય શાંતિસેનાની કાર્યવાહીને સિંહાલી અને તામિલ આમજનતાનો બહુમતી ટેકો મળ્યો.

શ્રીલંકાના પ્રમુખ જયવર્ધનની સરકારના તમામ સભ્યોએ ભારતીય શાંતિસેનાના પ્રવેશને આવકાર્યો છે એવું નથી. શ્રીલંકાના વડા પ્રધાન પ્રેમદાસે કોલંબોમાં પાર્લામેન્ટમાં ભારતીય શાંતિસેના વિરુદ્ધ શબ્દો ઉચ્ચાર્યા હતા અને તેમ કરવામાં પંડિત જવાહરલાલ નહેરુએ અંગ્રેજો વિરુદ્ધ જે વાક્યો લખ્યાં હતાં તે ટાંકી બતાવ્યાં હતાં. ખુદ પ્રમુખ જયવર્ધનની ભારત સાથેની નીતિ પણ ઉપરથી જેટલી સહકારભરી દેખાય છે તેટલી અંદરથી વાસ્તવિકપણે હશે કે કેમ તે પણ શંકાસ્પદ છે. શ્રીલંકામાં પોતાની સત્તા ટકાવી રાખવા માટે જયવર્ધનને ઘણાં નાટક કરવાં પડે એવું છે. એક બાજુ રાજીવ ગાંધી અને ભારતીય શાંતિસેના, બીજી બાજુ જેના વિશેષ ટેકાથી પોતે સત્તા પર આવ્યા છે તે તામિલ લોકો, ત્રીજી બાજુ સિંહાલી સામાન્ય પ્રજાજનો; ચોથી બાજુ લડાયક સિંહાલી આતંકવાદીઓનો પક્ષ, પાંચમી બાજુ સતત વિરોધ કરનાર શ્રીમતી ભંડારનાયક અને તેના ટેકેદાર નેતાઓ તથા પોતાની સરકારમાં પોતાની જ વિરુદ્ધ હિલચાલ કરનાર પ્રધાનો અને અધિકારીઓ—આવી ઘેરી પરિસ્થિતિ વચ્ચે જયવર્ધનનાં વચનોમાં કેટલો વિશ્વાસ મૂકી શકાય એ પણ પ્રશ્ન છે. એક વખત ભારતીય

(પૃષ્ઠ ૧૫૩ ઉપર)

વિશેષનામોનું લીલાવૈવિધ્ય

● પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

નાસ્તામાં સેન્ડવિચ બનાવવાં કે આપવાં એ તો હવે આજની સભ્યતાનું લક્ષણ થઈ પડ્યું છે પાઉંની બે પાતળી કાતળી વચ્ચે માખણ કે પનીરની ચટણી, કાકડી-ટમેટાંના ટુકડા કે માંસના ટુકડા, ઈંડા વગેરે મૂકીને વ્યવસ્થિત કકડા પાડીને અપાતો આ નાસ્તો બધે જ સેન્ડવિચ નામે ઓળખાય છે.

આ નામ હકીકતમાં તો ઇન્ગ્લેંડના એક ઊંચા ખાનદાનના અમીરનું છે. એ કામકાજ કરતાં આનંદપ્રમોદમાં વધુ રાચતા. જુગારનું એવું જબરું વ્યસન કે કલાકો નીકળી જાય. એકવાર તો એવા જામ્યા કે ચોવીસ કલાક જુગારના ટેબલ પર જ થઈ ગયા. દરમિયાન જમવાની અવેજીમાં ચાલે એવું કંઈક તો જોઇએ ને! એટલે પાઉંની બે કાતળી વચ્ચે રાંધેલા માંસના ટુકડા મૂકીને નાસ્તો આવ્યો. અમીર એ આરોગતા ગયા ને રમત ચાલતી રહી. આ અમીર, અર્લ ઑફ સેન્ડવિચ ખાનદાનના ચોથા નબીરા હતા, એમને માટે પહેલીવાર બનેલી આ વાની ત્યારથી સેન્ડવિચ નામે ઓળખાતી થઈ છે.

કોઈ વ્યક્તિના નામ પરથી કે કોઇ વિશેષ પ્રસંગ કે ઘટનાને લઇને વ્યવહારમાં આવાં ઘણાં નામો વિવિધ રીતે વ્યવહારમાં પ્રચલિત થાય છે.

એક જમાનામાં ગાંધીજીએ 'અહિંસકાર'ના અર્થમાં ગાજતો કરેલો 'બોયકોટ' શબ્દ પણ મૂળ તો વ્યક્તિનું નામ જ છે. આયર્લેન્ડના મેયો પ્રદેશમાં 'લેંડ એજંટ' તરીકે કામ કરતા કેપ્ટન ચાર્લ્સ કનિંગહેમ બોયકોટે, એકવાર મહેસૂલ એટલું વધારી દીધું કે સામાન્યજનો પણ વિફર્યા ને એનો એવો બહિષ્કાર કર્યો કે કંઇ જ કોઈ એને વેચે નહીં; કપડાં ધોવડાવવાં, હજામત કરાવવી, બધું જ અટકી ગયું. અંતે હેરાન થઇ એ ઇન્ગ્લેંડ ચાલ્યો ગયો. આ સમાચાર એના નામ સાથે છાપાં ઓમાં પહેલે પાને ચમકયા. બસ, ત્યારથી એનું 'બોયકોટ' નામ બહિષ્કારના અર્થમાં પ્રચલિત થઇ ગયું.

આપણે ત્યાં મહિલાઓમાં એક વખત અત્યંત લોકપ્રિય થયેલું કાપડ 'જયોર્જેટ' પણ આવું વ્યક્તિનામ જ છે. વસ્ત્રોમાં નવી નવી ફેશનો દાખલ કરવાનો વ્યવસાય કરતી પેરિસની મહિલા મેડમ જયોર્જેટે ૧૯મી સદીમાં પહેલીવાર આ બારીક, કંઇક પારદર્શક, સુંવાળું, ને ગમી જાય તેવી વિશિષ્ટ કરચોળીવાળું કાપડ, વસ્ત્રોમાં વાપરવા માંડ્યું. અત્યંત લોકપ્રિય થઈ પડેલું આ વિશિષ્ટ કાપડ એ મહિલાના નામ પરથી બધે જ જયોર્જેટ નામે ઓળખાયું.

કંઇક વિશિષ્ટ, અત્યંત અસાધારણ, અનોખું, એવા, અર્થમાં આપણે ત્યાં એક વખત છૂટથી વપરાતો 'અફલાતૂન' શબ્દ પણ મૂળ વ્યક્તિનામ છે. તત્વજ્ઞાનને ક્ષેત્રે વિશ્વભરમાં અનોખું સ્થાન ધરાવતા ગ્રીક તત્વજ્ઞાની 'પ્લેટો'નું નામ તો જાણો છોને! આ નામ અરબી ભાષામાં પ્રવેશ્યું ત્યારે એના મૂળ ગ્રીકરૂપ 'પ્લેટોન' જોડે, ત્યાં આદરસૂચક 'અલ' ઉમેરાયો ને એણે 'અલ-પ્લાતૂન' રૂપ ધારણ કર્યું, – જે પછી ઉર્દૂ-હિંદીમાં ને એ દ્વારા આપણે ત્યાં પણ 'અફલાતૂન' રૂપે પ્રચલિત થયું.

ધોતિયાનું નામ પડે એટલે સુશિક્ષિતથી માંડીને અશિક્ષિત લોકોમાં, નાના-મોટા વેપારીઓમાં ને ગુમાસ્તા કે મહેતાજીઓમાં પણ, એ 'મર્સરાઇઝડ' છે કે નહીં, એવું અવશ્ય પુછાય છે. અશિક્ષિતોમાં મસરાઇ કે મસરાઇસિ રૂપે ઓળખાતો આ મૂળ અંગ્રેજી શબ્દ આપણે એવો વ્યાપક રીતે અપનાવ્યો છે કે હવે એ આપણો જ બની ગયો છે, એમ કહીએ તો ચાલે.

આ, સૂતર પર થતી એક વિશિષ્ટ પ્રક્રિયા છે- જેને લઇને કપડું રેશમ જેવું મુલાયમ, કંઇક ચમકતું ને વધુ મજબૂત બને છે

આ પ્રક્રિયાની શોધ કરનાર હતા ઇન્ગ્લેંડના એક રંગારી જહોન મર્સર. મૂળ તો કપડું, રંગવા માટે વધુ અનુકૂળ થાય, એ માટેની જ આ શોધ હતી; પણ આવી પ્રક્રિયા થયેલું કાપડ એટલું લોકપ્રિય ને અનુકૂળ થઈ પડ્યું કે રંગવાનું ન હોય એવું કાપડ પણ આવી પ્રક્રિયા થયેલા સૂતરથી બનવા માંડ્યું. આ પ્રક્રિયાના શોધકના નામ પરથી આ પ્રક્રિયા 'ટુ મર્સરાઇઝ' નામે ઓળખાય છે.

જેને આપણે વશીકરણ વિદ્યા કે સંમોહનવિદ્યા કહીએ છીએ તે આપણે ત્યાં હજુ યે વ્યાપકપણે મેસ્મેરિઝમ નામે ઓળખાય છે. પોતાના દરદીઓની સારવાર માટે એક ઓસ્ટ્રિયન તબીબે વિકસાવેલી આ પ્રક્રિયાનો, શરૂઆતમાં તો પ્રચંડ વિરોધ થયો હતો. પણ ઘણા વખત પછી, એ પણ એક શાસ્ત્રીય પદ્ધતિ છે, એવો એનો સ્વીકાર થયો. દરદીઓની સારવાર માટે પહેલીવાર આ પદ્ધતિનો ઉપયોગ કરનાર ડૉ. એફ. એ. મેસ્મરના નામ પરથી આ પ્રક્રિયા 'મેસ્મેરિઝમ' નામે ઓળખાય છે

આ તો આપણે ત્યાં સારા એવા પ્રચલિત થયેલા વિદેશી શબ્દોની વાત થઈ; પણ વ્યક્તિનામો આ રીતે વ્યવહારમાં સામાન્ય શબ્દો તરીકે વાપરવાની વૃત્તિ તો બધે જ પ્રવૃત્ત હોય છે. એટલે આવાં તો ભારતીય નામો પણ મળી રહે એમ છે.

સખત પરિશ્રમ ને દીર્ઘ સાધના માગી લેતાં કામોને આપણે 'ભગીરથ કાર્ય' કહીએ છીએ ને! તે આ ભગીરથ પણ એવું જ નામ છે. સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુળના રાજા સગરના પુત્રો, પિતાના અશ્વમેધ યજ્ઞના ઘોડાની રક્ષા કરતા ફરતા હતા. ઇર્ષ્યાળુ ઇન્દ્રે એમનો ઘોડો ચોરી કપિલ મુનિના આશ્રમમાં બાંધી દીધો. સગરપુત્રોએ સારા એવા પરિશ્રમ પછી ઘોડો શોધી કાઢ્યો ને ચોરી જનાર કપિલ મુનિ છે, એવું માનીને એ સમાધિસ્થ ઋષિનું અપમાન કર્યું. પરિણામે ઋષિના શાપથી એ બધા પુત્રો ભસ્મીભૂત થઇ ગયા.

પછી એમના ઉદ્ધાર માટે તપ શરૂ થયું. પણ સિદ્ધિ પ્રાપ્ત ન થતાં વંશજોએ તપશ્ચર્યા ચાલુ રાખી. અંતે ભગીરથની તપશ્ચર્યા ફળી, ગંગાએ પૃથ્વી પર અવતરણ કર્યું ને એનાં પુનિત વારિથી સગરપુત્રોનો ઉદ્ધાર થયો. આવી દીર્ઘ ને ઉગ્ર તપશ્ચર્યાને અંતે સિદ્ધિ પ્રાપ્ત કરનાર ભગીરથના નામ પરથી ગંગા 'ભાગીરથી' કહેવાઇ, એટલું જ નહીં પણ પછી, સખત ને દીર્ઘ સાધના માગી લેનારાં કામ 'ભગીરથ કાર્ય'

કહેવાતાં થયાં છે.

ભક્ત કવિ સુરદાસનું નામ તો હવે ભારત બહાર પણ જાણીતું થઈ ગયું છે. હિંદીમાં વ્રજભાષાના કવિઓમાં એમનું સ્થાન અનન્ય છે. આ અંધ કવિના જીવન વિશે અનેક વાતો પ્રચલિત છે. આ અત્યંત લોકપ્રિય ને આદરણીય કવિનું નામ આપણા સંસારજીવનમાં એવું દૃઢ સ્થાન પામ્યું છે કે પછી કોઈપણ અંધજન, સહાનુભૂતિપૂર્વક 'સુરદાસ' એવા આદરભર્યા નામે ઓળખાય છે.

કોઈ જબરા, માથા ફરેલ, તોરી ને અભિમાની રાજા કે અત્યંત ઊંચું સ્થાન કે અધિકાર ધરાવતી વ્યક્તિ માટે ઘણીવાર આપણે માંધાતા–'માંધાતા' વિશેષણ વાપરીએ છીએ. આ 'માંધાતા' શબ્દ પણ આપણી પૌરાણિક કથાઓમાંની એકમાંના પાત્રનું નામ જ છે. સૂર્યવંશી રાજા યુવનાશ્વનો આ મહા-પ્રતાપી પુત્ર માંધાતા, સર્વ વિદ્યાઓમાં પારંગત, દાનવીર, વિદ્વાનોને આશ્રય આપનાર ને પ્રખર યોદ્ધો હતો. અનેક યજ્ઞયાગાદિ કરનાર આ રાજાએ સર્વ ભૂમિપર પોતાની આણ વર્તાવી હતી.

એની આવી ગુણસમૃદ્ધિને લક્ષમાં પછીયે, અતુલ બલવાન, પરાક્રમી ને મહાપ્રતાપી વ્યક્તિ માટે આ નામ વપરાતું રહ્યું, પણ વખત જતાં, એની પ્રચંડ શક્તિઓ જ ધ્યાનમાં રહી; પરિણામે આવી શક્તિ જોડે સંકળાયેલા સત્તાપ્રિયતા, ઘમંડ ને તોરના ભાવોનું એમાં આરોપણ થયું. એટલે હવે આ શબ્દ કંઈક અળખામણા અર્થમાં વપરાતો થયો છે.

વ્યવહારમાં કંઈક ઓછો પરિચિત ને જલ્લે જ વાંચવા કે સાંભળવા મળતો એક શબ્દ છે 'વ્યંડલ' એટલે નપુંસક; કેટલાંક આની જોડણી વ્યંડલ, ને કેટલાંક વળી વ્યંઢળ પણ કરે છે. જરા વિચિત્ર લાગે એવું છે પણ આ શબ્દનું મૂળ આપણને મહાભારતના અર્જુને અનિવાર્ય પરિસ્થિતિમાં ધારણ કરેલા નામમાં મળે છે.

પાંડવોના બાર વરસના વનવાસ પછી, એક વરસ એમણે અજ્ઞાતવાસમાં ગાળવાનું હતું. આ માટે એમણે જુદાં જ નામ ને રૂપ ધારણ કરી, વિરાટ રાજાને ત્યાં ચાકરી સ્વીકારી હતી. અર્જુન ત્યારે ત્યાં નૃત્યાચાર્ય તરીકે રહ્યો હતો. એણે અંતઃપુ-રમાં સ્ત્રીઓને નૃત્ય શીખવવાનું હતું એટલે નપુંસક તરીકે એણે આ કામ માથે લીધું હતું. ને એ માટે 'બૃહન્નલ' નામ ધારણ કર્યું હતું. આ બૃહન્નલ નામનું અપભ્રંશ ભાષામાં વિહંદ્દલ રૂપ થયું જેણે અંતે 'વ્યંડલ' રૂપ ધારણ કર્યું. પણ અર્જુનનું આ નામનું રૂપ નપુંસક વ્યક્તિ તરીકેનું હોવાથી, પછી આ શબ્દે 'નપુંસક' એવો સામાન્ય અર્થ ધારણ કર્યો છે.

એક એવું યે વ્યક્તિનામ છે જે ભારતીય સંસ્કૃતિએ ફારસી ભાષાને આપ્યું છે. ગઝલ ને કવ્વાલીના શોખે આપણે ત્યાં ઘણાંને ઉર્દૂ ભાષામાં રસ લેતા કર્યાં છે. એમાં એમને બુતખાના, બુતકદા ને બુતપરસ્તી જેવા શબ્દોનો પણ પરિચય થાય છે. આમાં 'બુત' એટલે મૂર્તિ થાય છે. બુતકદા કે બુતખાના એટલે મંદિર, દેવાલય જેમાં મૂર્તિની પૂજા થતી હોય; બુતપરસ્તી એટલે મૂર્તિપૂજા.

આ 'બુત' એટલે મૂર્તિ, એ તો ખરું જ; પણ એના આવા અર્થની શરૂઆત, પૂજા કરવા માટેની મૂર્તિ, એવા અર્થથી થઈ છે. એટલે જ ફારસી ને ઉર્દૂમાં પણ આ શબ્દ પ્રિયપાત્ર, પ્રિયતમા, માશૂકા વગેરે અર્થમાં પણ વપરાયો છે.

જરા નવાઈ લાગે એવું છે પણ આ 'બુત' શબ્દના પાયામાં ભગવાન બુદ્ધનું નામ જ રહેલું છે. બૌદ્ધ ધર્મનો પ્રચાર, લોકસંપર્કનાં ટાંચા સાધનોવાળા એ જમાનામાં પણ, ભારત બહાર દૂર દૂર સુધી થયો હતો–આમાં ઈરાન ને અફઘા-નિસ્તાન પણ ખરા ! આ પ્રચાર વિશેષે એની મહાયાન શાખાનો થયો હતો એટલે જોડે જોડે જ મહાયાન શાખામાં પ્રચલિત બુદ્ધમૂર્તિની પૂજાની પ્રથા પણ એટલો પ્રચાર પામી પરિણામે ઠેર ઠેર બુદ્ધમંદિરો પણ બન્યાં ને ઠેર ઠેર બુદ્ધમૂર્તિની પૂજા થવા માંડી.

આરબોએ ઈરાન પર વિજય મેળવ્યો ત્યારે ત્યાં બુદ્ધની આવી અનેક મૂર્તિઓ એમણે જોઈ. ત્યારે 'બુદ્ધ' શબ્દે ફારસી ભાષામાં ધારણ કરેલું 'બુત' રૂપ ત્યાં પ્રચલિત હતું જ. તે પરથી 'બુત' એટલે મૂર્તિ એવો સામાન્ય અર્થ તારવી લેવાયો. પરિણામે હવે કોઈ પણ મૂર્તિ તે 'બુત' એવો અર્થ પ્રચલિત થયો–જે હજુયે પ્રચલિત છે.

ને છેલ્લે આમાં એક એવું નામ પણ ઉમેરીએ જે વિશેષ પ્રચલિત નથી, પણ વિદ્વાનોમાં એ ખાસ વિચારણીય બન્યું છે

૧૯૭૫ની સાલમાં, સંસ્કૃત પ્રશિષ્ટ નાટકો વિશે એક સરસ વ્યાખ્યાનશ્રેણી યોજાઈ હતી. આ પ્રસંગે પ્રમુખસ્થાન શોભાવ-નાર વિદ્વાન પ્રાધ્યાપક શ્રી વેલણકરે એક ધ્યાન ખેંચે એવી વાત રજૂ કરી હતી: અને તે એ, કે ભરતમુનિએ સંસ્કૃતમાં નાટયશાસ્ત્ર રચ્યું, એ ખરું ! પણ કાલિદાસ રચિત 'વિક્રમો-વર્શીય' તથા ભવભૂતિ રચિત 'ઉત્તર રામચરિત'માં જે ભરતનો ઉલ્લેખ થયો છે, તે ભરત કોણ ?

આ અંગે એમણે અંગત મત રજૂ કરતાં સૂચવ્યું હતું કે સંસ્કૃત નાટયશાસ્ત્ર રચનાર ભરતમુનિના નામ પરથી, પછીથી, નાટક રજૂ કરનારના નિર્માતા–એટલે કે પ્રોડ્યુસર પણ ધીમે ધીમે 'ભરત' કહેવાતો થયો હોય – એટલે કે એવી પરંપરા વિકસી હોય !

આવું હકીકતમાં બન્યું હતું કે કેમ, તે જાણવાનો કોઈ આધાર નથી; પણ આવું બન્યાનો ઘણો મોટો સંભવ હોઈ શકે !

વ્યક્તિગત વિશેષનામો, વ્યવહારમાં વ્યાપી કેવું લીલા-વૈવિધ્ય રચે છે !

કડોદમાં નેત્રયજ્ઞ

સંઘના આર્થિક સહયોગથી કડોદ–હરિપુરા વિભાગ વેલ્ફેર સોસાયટીના ઉપક્રમે કડોદમાં દામોદરદાસ ગાંધી હોસ્પિટલ દ્વારા નેત્રયજ્ઞનું આયોજન તા. ૧૫મી નવેમ્બર, ૧૯૮૭ના રોજ કરવામાં આવ્યું હતું.

આ નેત્રયજ્ઞમાં સૂરત જિલ્લાના માંડવી, બારડોલી, વ્યારા, વાલોડ, માંગરોળ વગેરે તાલુકાનાં ગામડાંઓના લગભગ ૧૨૫ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. મુંબઈથી આંખના દર્દોના નિષ્ણાત ડો. દસ્તુર અને એમના સાથી ડોકટરો મોતિયાનાં ઓપરેશન માટે પધાર્યા હતા.

નેત્રયજ્ઞના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી કરસનભાઈ પટેલ, શ્રી રણછોડભાઈ પટેલ, શ્રી હીરાભાઈ ગાંધી, શ્રી મોહિતભાઈ, શ્રી ધનસુખભાઈ સી. શાહ, શ્રી છગનભાઈ શાહ–ઓલપાડ મિલ-વાળા વગેરે સૂરત જિલ્લાના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સંઘ તરફથી ડો. રમણલાલ ચી. શાહ, પ્રવીણભાઈ મંગળદાસ શાહ, શિરીષભાઈ કામદાર, રિમતાબહેન કામદાર, સુલીબહેન હીરાણી, જયાબહેન વીરા, રમાબહેન મહેતા વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને નેત્રયજ્ઞની કાર્યવાહી નિહાળી હતી.

હૈયા સોંસરવી – કથાઓ ભીતરની

– ગુલાબ દેઢિયા

'મૃત્યુ મરી ગયું'નાં લેખિકા તરીકે જેને ગુજરાતી વાચકો ઓળખે છે એ ઉષાબહેન શેઠે 'કથાઓ ભીતરની' નામે યશસ્વી કૃતિ સર્જી છે. મહિલાશ્રમની દુનિયાનો વાસ્તવિક ચિતાર આ નિબંધોમાં છે. લોહીના સંબંધોને બદલે સ્વેચ્છાએ અપનાવેલા સંબંધોની દુનિયા તે આશ્રમ છે. સમાજમાંથી દુઃખ મળે, દગો મળે, ત્યારે અહીં એ જ સમાજની અન્ય વ્યક્તિઓ પાસેથી હૂંફ અને આધાર મળે છે. દયા નહિ પણ સહાનુભૂતિ, સમાનુભૂતિ કે સમસંવેદનનો ભાવ અહીં હોય છે. આ કથાઓ ઢોકર ખાવાની કે પતનની જ નથી પરંતુ પડયા પછી ઊભા થવાની છે, અગ્નિપરીક્ષાની છે.

જેઓ આશ્રમના નિકટના પરિચયમાં ન હોય, માત્ર રસ્તે આવતાં–જતાં આશ્રમના નામનું બોર્ડ વાંચે કે, આશ્રમની બારી, ગેલેરીમાં ઊભેલી, કંઈક કામ કરતી, બાળાઓ–સ્ત્રીઓને જુએ અને એમના પૂર્વજીવનના સંજોગોનો જ વિચાર કરી પૂર્વગ્રહ સેવતા હોય છે, એમના મનનાં જાળાં દૂર થાય, આશ્રમની ભીતરી દુનિયા નજર સામે આવી જાય એવું આ પુસ્તક છે. આ મહિલાશ્રમની પ્રગતિનો અહેવાલ કે માહિતી નથી; સર્જકતાનો સ્પર્શ છે, તેથી જ ઉપદેશ કે શુષ્કતામાં અટવાઈ જવાનો ભય નથી. કથાઓ જેટલી વાસ્તવદર્શી છે આલેખન પણ એટલું જ નિરાડંબરી શૈલીમાં થયું છે. ઉષાબહેન પોતે સત્તર વર્ષથી મહિલાશ્રમની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલાં છે છતાં 'હું કર્યાનો અહંકાર બનીને નથી આવતો. સમગ્ર લખાવટ અતિશયોક્તિ અને પૂર્વગ્રહથી મુક્ત છે. પોતે નામના ખાતર કે સમય પસાર કરવા ખાતર મહિલાશ્રમમાં સેવાઓ આપનાર સમાજસેવિકા નથી; પરંતુ આશ્રમ સાથે સ્નેહનો નાતો બાંધી લીધો છે. એમનામાં કુનેહભરી ધીરજ, સમયસૂચકતા અને સૂઝ છે તે દાદ માગી લે એવાં છે. જાહેર જીવનમાં ભાગ લેનાર કે લેવા ઇચ્છનાર સૌને ઉપયોગી થાય એવું પુસ્તક છે. જરા જુદી રીતે કહેવું હોય તો, માબાપ, સમાજશાસ્ત્રીઓ અને સમાજની સુખાકારી ઇચ્છનાર સૌને વાંચવું ગમે એવું પુસ્તક છે.

આપણામાંથી ઘણાં વિમાનમાં ન બેઠા હોય, ગામડામાં રહેનાર કોઇક એવા હોય જેમણે શહેર ન જોયું હોય, પરંતુ કોઇ એમ કહે, 'બહેન, હું પહેલી વાર એક ઘર જોઉં છું' તો આપણને જરૂર નવાઇ લાગે. જેણે ઘર ન જોયું હોય એવી વ્યક્તિ કોઇ હોઇ શકે? હા, શૈશવકાળથી જ આશ્રમમાં ઉછરેલી મીનાને ઘર, કુટુંબ એનો કોઇ જ અનુભવ ન હતો.

આશ્રમની સુવર્ણ જયંતી ઉજવવાના પ્રસંગે સીવણકામ, ભરતકામ, ચિત્રકામ તથા હસ્તકલાનું પ્રદર્શન ગોઠવવાનું હતું. આશ્રમમાં તોફાની છોકરીઓ એકચિત્તે કામ કરતી ન હતી, તેથી ઉષાબહેને પાંચ–પાંચ છોકરીઓને પોતાને ઘેર બોલાવવાનું નક્કી કર્યું. ત્યારે એક છોકરીએ કહેલું, 'બહેન, હું પહેલી વાર એક ઘર જોઉં છું.' આશ્રમની ભીતરની કથાની આપણને ખબર જ કયાંથી હોય?

એ છોકરીએ ઘરનો અનુભવ પહેલીવાર કઈ રીતે કર્યો, 'ચલચિત્રોમાં એણે કંઇક ઘર જોયાં હતાં પરંતુ આજે એ પોતે, એક ઘરમાં પ્રવેશી હતી. સોફા પર બેઠી હતી, ગાલીચા પર ચાલી હતી. ભીંત પરનાં ચિત્રો ને બારી પરના પડદાને, ટેબલ પરની ફૂલદાનીને એ સ્પર્શી હતી. નાના બાળકની કુતૂહલતાથી એ બધું જોતી હતી.'

શ્રી મનુભાઈ પંચોળી દર્શકે પ્રસ્તાવનામાં લખ્યું છે તેમ, 'આ વાતો જુદી જ દુનિયા બોલી આપે છે. સમાજના અન્યાયો, અત્યાચાર, અપમાન કે અજ્ઞાનથી ત્યજાયેલાં સૌની નહકર, કઠીબદ્ધ છતાં હૃદયને હલાવી મૂકે, બુદ્ધિને બાળસ તજવા ફરજ પાડે તેવી જીવનદાયિની કુશળતાથી કથનીઓ વર્ણવી છે.'

અનાથ, ત્યજાયેલાં બાળકો, કુંવારી માતાઓ, વૃદ્ધાઓ આ બધા આશ્રમવાસીઓ સાથે કામ પાડનાર સાવજોશીનું ભારે માર્મિક ચરિત્રલેખન થયું છે. સાવજોશી આશ્રમની વ્યવસ્થા, દાતાઓ સાથેના સંપર્કો અને ખરીદીકાર્યમાં ભારે કુશળ સાવજોશી પ્રવાસવશ હતાં ત્યારે આશ્રમના એક કાયમી દાતા, દાન આપ્યા વગર જ ચાલ્યા ગયા, ફરી આવ્યા ત્યારે વૃદ્ધાવસ્થા તરફ જઈ રહેલાં સાવજોશીએ ઢીલા અવાજે કહ્યું, 'હું ન હોઉં તોયે તમારે મારા આશ્રમને, મારી છોકરીઓને મદદ કરવાની જ..' પોતાના વ્યક્તિગત જીવનમાં છિન્નભિન્ન થઈ જનાર સાવજોશી આશ્રમના વિશાળ પરિવારમાં જીવન–સમર્પણ કરે છે. તો વૃદ્ધાશ્રમ સંભાળનાર સૌમ્ય ચહેરો અને નાજુક બાંધો ધરાવનાર કૃષ્ણાતાઈ કોઈ માની પણ ન શકે કે હિન્દુ સમાજમાં જેને પુરુષનું કાર્ય ગણવામાં આવ્યું છે એવું કાર્ય–મૃતદેહને સ્મશાને લઈ જવાનું, લાકડાં ગોઠવવાનું અને અગ્નિદાહ દેવાનું કાર્ય એ પાર પાડે છે. અહીં વિકટ પરિસ્થિતિઓ સામે લમણે હાથ દઈ બેસી રહેનાર લાચાર ચહેરાઓ નથી પરંતુ ઉકેલ લાવનાર જાતઅનુભવે ઘડાયેલી મહિલાઓ છે. સબલાઓ છે.

આપણી સાથે જ, આપણી વચ્ચે જ છતાં આપણાંથી અજાણી એવી આશ્રમની દુનિયાનો સમ્યક્ પરિચય કરાવવા બદલ લેખિકાને અભિનંદન!

ભકિત સંગીતના વર્ગનું ઉદ્ઘાટન

સંઘના ઉપક્રમે બહેનોને ભકિત સંગીત શીખવવા માટે છ અઠવાડિયાંના વર્ગનો ઉદ્ઘાટન કાર્યક્રમ શુક્રવાર, તા. ૧૩–૧૧–૧૯૮૭ના રોજ સાંજના પાંચ વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં ડો. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમના પ્રારંભે શ્રી બંસીભાઈ ખંભાતવાલાએ સુમધુર સ્વરોમાં પ્રાર્થના રજૂ કરી હતી. સંઘની સમિતિના સભ્ય શ્રી ગુલાબચંદ કરમચંદ શાહે મંગલદીપ પ્રગટાવીને આ વર્ગનું ઉદ્ઘાટન કરતાં જણાવ્યું હતું કે આ પ્રકારની પ્રવૃત્તિ જીવનને વધુ પુલકિત બનાવશે. ડો. રમણલાલ ચી. શાહે જણાવ્યું હતું કે પ્રભુભકિત દ્વારા પ્રીતિ અનુષ્ઠાનથી અસંગ અનુષ્ઠાન સુધી પહોંચી શકાય છે. ભકિત પરંપરાએ ત્યાગ અને સંયમ દ્વારા જ્ઞાનનું નિમિત્ત બનવી જોઇએ. સંઘના મંત્રીશ્રી કે. પી. શાહ, શ્રી સુબોધભાઈ શાહ, શ્રીમતી સ્મિતાબહેન કામદાર, શ્રી વસુબહેન ભણુશાલી આદિએ પોતાનાં વકતવ્યો દ્વારા ભકિત સંગીતના આ વર્ગની જરૂરિયાત ઉપર ભાર મૂકયો હતો. આ વર્ગના સંયોજક શ્રી ઉષાબહેન મહેતાએ કાર્યક્રમના અંતે આભાર માન્યો હતો.

મારું જીવન

@ સુશીલા ઝવેરી

જીવન છ અંકી પુસ્તક છે. આયુષ્ય પૂર્ણ હોય તો છએ અંક પૂરા થાય. વૃદ્ધત્વ સુધી પહોંચતા પહેલાં ચાર અંકમાંથી પસાર થવાનું હોય છે. સૌથી પહેલું શૈશવ: એનો આધાર ભાગ્ય ઉપર. ક્યાં કોને ત્યાં કેવા સંજોગોમાં જન્મવું એ માણસના હાથમાં નથી.

મેં મારા શૈશવકાળ–એક મધ્યમ વર્ગના કુટુંબમાં વીતાવ્યો. મોસાળમાં માતા એકનું એક સંતાન અને તેનું હું પહેલું સંતાન, એટલે ખૂબ લાડકી, પણ એ લાડ વધુ ન છાજ્યા. સાત વર્ષ પૂરાં કરું ન કરું ત્યાં તો લાડ કરનારાં માતા–નાની ને સ્નેહની સહભાગી નાની બહેન પણ...એ મહિનામાં ત્રણ વ્યક્તિ ગુમાવી. વળી પિતૃપક્ષે પણ પિતા બાર સંતાનમાં એક જ જીવેલ એટલે કાકા, મામા, માસી, ફોઈ કોઈ નહીં એટલે લાગણીના પ્રદેશમાં નાદારી નોંધવી શૈશવ અંક પૂરો કર્યો

કિશોરાવસ્થામાં ઉછેર માતાના માસી–માતાના મામા પાસે, જેઓ બારડોલી તાલુકા પાસે વાલોડમાં રહે. નદીકિનારે ઘર, અને સુંદર પ્રકૃતિભર્યું વાતાવરણ પિતા સુરતમાં રહે સાથે દાદા, પણ એઓ મને સાચવી નહીં શકે એથી ઉછેર વાલોડમાં થાય એવું માતાએ જ નક્કી કરેલું. સુરતમાં અક્ષર-જ્ઞાન બાળપોથી ભણી વાલોડમાં એકથી ત્રણ ધોરણ પૂરાં કર્યાં, સમયને એનું વ્યક્તિત્વ હોય છે તેમ સમાજ કુટુંબને પણ હોય છે. એ બધાએ નક્કી કર્યું કે મને પત્ર લખતાં વાંચતાં આવડે એટલું શિક્ષણ પૂરતું છે, કારણ સ્ત્રી જીવનમાં સાસરે જઈ સુખદુઃખનો પત્ર લખી શકે એ જ એના ઉદ્ધારનું બારું.

બચપણમાં હું ખૂબ ડરપોક હતી; એના પરિણામે દસ વર્ષની ઉંમરે મગજ અસમતોલ બની ગયું. એમાંથી ઉગર્યા પછી નક્કી કર્યું કે સમતોલ ચૂકી જવાય એટલી હદે ડરવું એ શરમજનક છે. ને એમાંથી ઉગરવા મેં સંકલ્પ કરી અંધારામાં જવાના પ્રયોગો કરવા માંડ્યા ને ડરને જીવનભર માટે જીતી લીધો, પછી ચૌદમે વર્ષે પ્રભુતામાં પગલાં માંડ્યાં અને વાલોડથી પ્રકૃતિનો પ્રેમ લઈ સુરત આવી. બચપણથી લાગતું હતું કે હું બધાથી જુદી છું. એ ભાન સાસરે આવીને પણ અનુભવ્યું. એટલું જ નહીં, કેમ છું ? એ પ્રશ્ન પણ થતો. જે મેં આગળ કહ્યું કે સમયને ને સમાજને પોતાનું વાતાવરણ હોય છે હું એવા સમાજમાં આવી હતી કે જ્યાં સાવ સામાન્ય ઘરેલુ સ્ત્રી–પુરુષો સિવાય અન્ય વાતાવરણ ન મળે સાહિત્ય શબ્દ તો મારે પલ્લે પણ બહુ મોડો પડ્યો, અભાનપણે થોડી કવિતાઓ લખ્યા પછી કવિ–લેખક થઈ શકાય એવી કલ્પના પણ ગાંઠે બંધાઈ નહોતી કે જેનાં દિવાસ્વપ્નોમાં રાચી શકાય. છતાંય કોઈને ઓળખતી નહીં એવા સમયે, હાથવગાં છાપાંના સરનામે કવિતા મોકલતી ને છપાતી. ખાસ કરીને અમદાવાદના છાપામાં. આવી વીસેક કૃતિનાં કટીંગ સાચવી રાખ્યાં છે.

મન કશુંક શોધતું, અતૃપ્તિ અનુભવતું; પણ બે દીકરા મોટા કરવામાં ને ઘર ચલાવવામાં જિંદગીનાં કિંમતી વર્ષો વીતી ગયાં. ત્યારે નોટેશન શીખી ને નવરાશના સમયે ચોપડી વાંચી હારમોનિયમ કલાકો સુધી વગાડતી. મારે અદીઠ લક્ષ્ય પ્રાપ્ત કરવું હતું. અદીઠ માર્ગે ચાલવું હતું ને તે કયો છે એની જાણ નહોતી.

ચૌદ વર્ષે લગ્ન: સોળે માતા: ને સવા વર્ષે બીજો દીકરો; પણ ત્યારે નક્કી કર્યું કે ત્રીજું બાળક નહીં જોઈએ. નાની વયના લગ્ન એથી યૌવનકાળ લાંબો ચાલ્યો. જ્યારથી સમજ આવી ત્યારથી મનમાં તરંગ કે જીવન કયારેય જૂતું લાગવું ન જોઈએ અને ખાસ કરીને લગ્નજીવનના સંદર્ભમાં: એ એટલો પ્રબળ હશે કે સામે પૂરે તરતાં, એ ભીતરના જીવનનું નાવીન્ય ટકી રહ્યું. બત્રીસ વર્ષની ઉંમરે ત્રીજું સંતાન, દીકરીને જન્મ આપ્યો ને જોતજોતામાં દીકરા પરણવા જેવડા થયા. દીકરાઓનાં લગ્ન પછી બન્ને પુત્રવધૂઓને એક જ દિવસે ઘરમાં સત્કારી તે દિવસે પ્રૌઢત્વપ્રવેશનો અછડતો અનુ-ભવ કર્યો. એ પણ ઠીકઠીક પ્રલંબાયો.

અને એમ બેધ્યાનપણે વૃદ્ધત્વે પ્રવેશ કર્યો. આપણી જાણ બહાર જ એ પ્રવેશી જાય છે. એ પહેલાં સર્જનક્ષેત્રે કવિતા, વાર્તા, નવલકથા ને બાળસાહિત્યનું સર્જન થતું રહ્યું. મારા સર્જ-નમાં બચપણમાં માણેલું આકાશ, અંધારું, ચાંદની, વૃક્ષો, નદીનાં ઋતુઋતુનાં મોજાં, પશુ–પક્ષીઓ સતત મારી સાથે રહ્યાં છે. ૧૯૮૭માં સડસઠ પૂરાં થવાની તૈયારીમાં છે. પગ દોડવાની રજા નથી આપતા એ પૂરતું વૃદ્ધત્વ સાલે છે. જો કે એ બિચારા માથે મોટું તહોમત છે. પગે મન સાથે બહુ વર્ષોથી વિગ્રહ શરૂ કર્યો છે. પણ મન કહે છે તારાથી થાય તે કર. હું તારું દાસ કદી નહીં બનું. પણ વૃદ્ધત્વ કેવળ અંગત જ નથી પીડતું, સમાજમાં સર્જાતાં દ્રશ્યો આપણી આંખ ને હૃદય રોકી લે છે, એમાં સુખદ ને દુઃખદ બન્ને.

જો આયુષ્ય પૂર્ણપણે જીવાય તો વૃદ્ધત્વ પ્રત્યેકને આવે પણ મોટે ભાગે યુવાન પેઢી બુદ્ધનો ઉપદેશ: "વર્તમાનમાં જીવો" એ પોતાના વડીલોની સામે એનો ઉપયોગ યથાર્થ કરે છે. તમે વૃદ્ધો નિરુપયોગી છો, એવું ભાન વર્તન દ્વારા કરાવતાં રહે છે. પરિવારમાં વૃદ્ધોનું જીવનબળ ટકાવી રાખવા ઓછા સ્વાર્થી પરિજનો કમમાં કમ આટલું કરી શકે. આખા દિવસમાં પુત્રો બહાર જતા પહેલાં ને બહારથી આવીને માતા-પિતાની મુલાકાત બેચાર વાક્ય વડે લે, રજાના દિવસે અડધો કલાક અનુકૂળતા પ્રમાણે સાથે ગાળે. પુત્રવધૂઓ દિનચર્યામાં બેચાર વાક્યોથી દૈનિક કાર્યોની જાણકારી આપે, ને એમ કરી ઘર સાથે સંકળાયેલાં હોવાનો વૃદ્ધોને અહેસાસ કરાવી શકે.

જે બાનાં માસી પાસે હું ઉછરી હતી તેઓ પોતાના જીવનની અનેક દ્વિધામાં, મને લાડ કરવાનો એમની પાસે સમય નહોતો; પણ પ્રેમાળ અને પ્રામાણિક વ્યક્તિત્વ તેમનું હતું. પરણ્યા પછી વર્ષમાં એકવાર અચૂક જાઉં. વાંચવાની ટેવ, ત્યાંની લાઇબ્રેરીમાંથી હવે તો પુસ્તકો ઘરમાં આવતાં તે વાંચ્યા કરું. અને એમને અસંતોષ રહ્યા કરે. તું અહીં વાંચવા માટે આવે છે ? હું તરત જ સમજી ગઇ. પછી તો અડધો કલાક અવાર-નવાર પાસે બેસી પગ દબાવું, પીઠ પંપાળું ને એ સંતોષની વાત એમના દીકરાના દીકરાઓ મુંબઈથી આવે એને ગર્વથી કહેતાં.

તો મારા પરિચયમાં એક માનસશાસ્ત્રી ડૉક્ટર એમનાં વૃદ્ધ દાદીને સાંજે દવાખાનેથી આવી પંદરેક મિનિટ દાદીના કરચલીવાળા હાથ પંપાળે ને દાદીના મુખ પર સંતોષની લહેરો દેખાય.

માતાપિતા પોતાના ભરપૂર યૌવનના દિવસોમાં કેવળ સંતાનોની ચિંતામાં જીવનનો મોટો હિસ્સો વિતાવે છે. ત્યારે મોટાં થયેલાં સંતાનો પોતાનું બધું જ સાચવીને પણ તેમને માનસિક રાહત મળે એમ વર્તે તો ખોટું નથી. પણ પુરુષોનો બધો આધાર પરણ્યા પછી આવનાર વ્યક્તિ ઉપર હોય છે. જો પુરુષ, સ્ત્રી અને માતાપિતા વચ્ચે સેતુ બની શકે તો બેય પક્ષ સંતુષ્ટ રહે. પણ એ શિરસ્તો તુરત જ સ્થાપી શકાય તો, આવનાર જરાક નબળાઈ જોઈ જાય તો બધું વ્યર્થ. કેટલાંક કુટુંબોમાં દાદા-દાદીને ચહાવાનું સ્વાભાવિક બની રહે છે. ત્યારે કેટલાંક કુટુંબોમાં વડીલો અસ્પૃશ્ય હોય એવું વર્તન કેળવાય છે. જેમાં બન્ને પક્ષ ભણેલા, કેળવાયેલા, સંસ્કારી હોવા છતાં એક જ સંતાનનાં માતાપિતા હોય ત્યારે એને દીકરાનાં નાનાં સંતાનો સાથે વાત્સલ્યભર્યું જીવન જીવવાની ઝંખના હોય એ તડપનની હદે પહોંચી જાય, છતાં બાળકોને વહુથી છાનાં બોલાવવા મળે તો મળે. ત્યારે સાચેસાચ તો બન્ને પક્ષ મોટી ખોટ ખમે છે. આ સમાજના વૃદ્ધત્વનાં થોડાં ઉદાહરણ જોયાં, જે સંપૂર્ણ સત્ય છે.

અવાવરુ ખૂણા જેવા જીવનમાં પ્રકૃતિએ રસ જાગૃત કર્યો. બે પ્રસંગોમાં કોને સારો કહેવો ? મન ગુનાહિત ભાવ અનુભવે છે. માતા મૃત્યુ પામી ન હોત તો વાલોડની ગ્રામપ્રકૃતિનો લાભ ન મળત; ને માતા જીવિત હોત તો કદાચ આટલી વેદના ન હોત, જેણે મને સર્જક બળ આપ્યું. સડસઠ વર્ષની ઉંમરે પણ પ્રેમકાવ્યો સર્જાય છે કારણ એને વય સાથે કોઈ સંબંધ નથી. પ્રેમતત્ત્વ સનાતન છે, એનું વ્યક્તિગત નિરૂપણ કલ્પવાની આપણને આદત પડી ગઈ છે.

જીવનભર લાગણીની ઓછપમાંથી કોઈ અપ્રગટ સંસ્કારે એક એવી સભરતા પણ આપી છે કે જે આપણી પાસે ન હોય; એ બીજા પાસે હોય તો આપણી પાસે જ તે છે એવો આનંદ અનુભવું છું. એ જીવનનું જમા પાસું, મનની શાંતિમાં ભાગ ભજવે છે, તો બીજી બાજુ લાગણીની તરસ રણમાંના મૃગ જેવી છે અને એ કેવળ પામીને જ નહિ, આપીને પણ તૃપ્ત થવું હોય છે એ કાતિલ ઉનાળો આજીવન અનુભવું છું. એનું કારણ શોધ્યું છે કે નાની વયે માતા ગુમાવી એ પ્રેમની અધૂરપ બ્યાજ સાથે બદલો માગે છે. પણ મૂરખને ખબર નથી કે એકનો દંડ બીજું શા માટે ભોગવે ?

સાહિત્યની દ્રષ્ટિએ સામાન્ય કુટુંબમાં જન્મી અસામાન્યપણું પ્રાપ્ત કરવા હવાતિયાં માર્યાં. એ પણ પેલા પ્રેમની અધુરપનો જ એક ભાગ હશે. એક માન્યતા હતી કે ભણેલા તો બધું જ સમજે એથી એમની પાસેથી કશુંક મેળવવા અધીરી થતી ને એમની મર્યાદા જાણી નિરાશ થતી. પછી સમજાયું કે ભણેલા માત્ર પાસે સર્જન વિશેની સંપૂર્ણ સમજની અપેક્ષા રાખી શકાય નહિ. મારામાં રહેલું દૈવત પ્રગટ થવા મથતું હતું. આ વાત બુદ્ધિના સ્તરની નહિ, મારી અંદરની કોઈ અદીઠ ઝંખના હતી. એથી આગળ કહું તો આ આંતરિક અવસ્થા હતી. અને મારો અભ્યાસ જાણી, મુખ જોઈ પ્રતીતિ ન અનુભવતા સર્જકોને મારી શક્તિની જાણ કરવા મારે મથવું પડ્યું છે એથી કયારેક ગેરસમજને પણ અવકાશ મળ્યો હશે અને એનો ફાયદો એ થયો કે કેટલાંક સંકલનોમાં મારી જાણ બહાર મારી કૃતિ સ્થાન પામી છે.

ઔપચારિકતા સંબંધોની કયારેય માફક નથી આવી. સંબંધોમાં નિષ્ઠાનું તત્ત્વ અપરિસીમિત રહ્યું. નિષ્ઠાહીનતાથી મન દુભાવ્યું છે, ને નિષ્ઠા જોઈ મસ્તક નમી પડ્યું છે. સુખ-દુઃખની લાગણીથી મન સાવ વિરકત નથી બની શકયું પણ વૈચારિક ઉચાટથી તે સહ્ય બનાવી શકાય છે. હવે મન સ્વીકારતું થયું છે કે બીજા પાસે આપણા જ વિચારની અપેક્ષા રાખી શકાય નહિ.

આધ્યાત્મિકતા તરફનો મારો ઝોક-અભિગમ જીવન વિશે ચિંતન કરવું, અને એ પ્રાર્થના-ભજનમાં વ્યકત કરવું. જીવન પ્રવૃત્તિ દરમ્યાન સાચાખોટાનું મૂલ્યાંકન પોતાને માટે કરતાં રહેવું ને મન સાથે કબૂલતા રહેવું. આમેય મણકાની તકલીફને લઈ કલાક સુધી પલાંઠી વાળી બેસી રહેવું સુગમ નથી છતાં ધ્યાન લાગી જાય એવી આંતરિક અવસ્થા પ્રાપ્ત થાય એ કલ્પના રમ્ય લાગે છે. છતાં એ માર્ગ હાલ બુદ્ધિ ને હૃદયની વચ્ચે છે.

બહુ બચપણથી સંસારની જવાબદારીઓ ઉપાડી હતી. હવે એમાંથી મુકત છું. કેવળ વાંચવું – લખવું ને મનગમતી પ્રવૃત્તિ કરવી એની સુગમતા અભિજાત પુત્રવધૂઓએ અને પુત્રોએ કરી આપી છે જેટલો સમય મળે એમાં વાંચવું, લખવું માનવસ્વભાવના વિધવિધ પાસા આત્મસાત કરવા. અમુક પ્રકારના માણસોને મળવું મને ગમે છે. શાળાની અધૂરપ સાહિત્યના કાર્યક્રમોમાંથી જાણે પરિતૃપ્ત કરું છું. અમુક માણસોના અમુક રીતે બોલાયેલાં વાકયો મારું જ્ઞાન બની જાય છે અથવા તેમની મર્યાદા જાણી શકું છું. ભજનમાં આધ્યાત્મિકતા બે પ્રકારે ગુંથાઈ છે. એક જે મેળવવું છે એ વાત અને બીજી સ્વભાવગત ક્ષતિ-માનવ-મનની.

મિત્રોની ખોટ ખૂબ અનુભવેલી. દસ વર્ષે શાળા છૂટી પછી મિત્રો હતા જ નહિ. પરણ્યા પછી પણ અવકાશ નહોતો. કારણ ઘર ચલાવવા સિવાયનો સમય પતિ સાથે ફરવા, નાટક-સિનેમા જોવામાં વીતતો. ઘરેલુ સ્ત્રીઓ સાથે ફાવતું નહિ પણ ૧૯૬૨ પછી જે મિત્રો મેળવ્યા એ જીવનાધાર બની શકયા છે. જેમના કુટુંબની એક સભ્ય તરીકે તેઓએ મને સ્વીકારી છે. છતાંય મારે તો મારા જેવા થોડા ગાંડા મિત્રોની જરૂર હતી. જે ઉછળતા દરિયા-કિનારે બેસી મને મોજાં જોવામાં સાથ આપે. એક બાળક જેમ રકાબેથી આવી પોતાની બધી વાત કહે એમ મારા મનમાં સર્જન વિશે ને સર્જક વિશેના પ્રતિભાવ જાણી શકે. માણી શકે ને વિચાર-વિનિમય કરી શકે, સ્ત્રીઓ માટે એ દુર્લભ છે ને તેમાં અભણ સ્ત્રી માટે ખાસ એની પાસે શિક્ષકો કે અધ્યાપકોનું વર્તુળ હોતું નથી. મારે એ માટે ખૂબ ઝઝુમવું પડ્યું છે પણ એ નિષ્ફળ નથી ગયું એમ જરૂર કહી શકું.

બીજાને સુખી કરી નાખવાની, ઝટ દુઃખ દૂર કરી નાખવાની વૃત્તિ ઘેલછાની હદે રહી છે, ગુરુ શબ્દનો મહિમા

મારે મન ઘણો છે પણ તન, મન, ધન ઓવારી દઉં એવા ગુરુની ઓળખ હજુ પડી નથી. સદ્‌ગુણ જોઉં ત્યાં મસ્તક નમાવી લઉં છું. સંન્યાસી હોય કે સંસારી. બીજાને કહી ચાલવાનો સ્વભાવ નહિ. દરેક વસ્તુ બુદ્ધિથી તોળીને જ ઉપયોગમાં લેવી એવી જન્મજાત કુટેવ. એનાં લાભ અને નુકસાન બન્ને હોઈ શકે. શ્રદ્ધાનો અભાવ નહિ. જૈન ધર્મના સિદ્ધાંતો પ્રત્યે વિશેષ રુચી, પણ સાંપ્રદાયિક સંકુચિતતાથી પર રહેવાનો પ્રયત્ન રહ્યો છે. વૃદ્ધત્વ બધું હોવા છતાં કશુંક ઓછું થયાનો ભ્રમ જરૂર ઊભો કરે છે. શરીર પહેલાં મન વૃદ્ધ બને તો ચિંતાનો વિષય ગણાય, શારીરિક મર્યાદા મનની નથી બની ત્યાં સુધી તાઝગી અનુભવાય છે. એ નિજી પ્રકૃતિનો આવિર્ભાવ છે; જબરદસ્તીથી ઉપસ્થિત કરેલ નહિ.

પ્રત્યેક વ્યકિતનું શરીર ને મન જુદાં હોય છે. એમાં વાનર નકલ કામ નથી આવતી. મારા મનની બનાવટ એની એ જ છે, ખૂબ કરવું છે સતત કશુંક થતું રહે છે. મહત્વાકાંક્ષા ને વિરામ લેવાનું મંજૂર નથી. બાળસહજ ઝાડને ઝુલે ઝુલવું, આકાશને આશ્ચર્યમુગ્ધ નજરે નિહાળવું, એના રંગરૂપમાં ખોવાઈ જવું હજુ ય ગમે છે. અને એટલે જ બાળકાવ્યોને બાળવાર્તામાં મારી અંદરનું એ બાળક શ્વસે છે.

સાંઠ વર્ષ પછી શારીરિક મર્યાદાઓ નડતી હોય છે ઓછે-વત્તે અંશે; ત્યારે ઈશ્વર પ્રત્યેનો અભિગમ પણ નિકટ જવા પ્રેરે...

નવી પેઢી સમજે કે વૃદ્ધત્વ, પૂર્ણ જીવે તો, પ્રત્યેકને આવે. અને વડીલો સાથેનો તેમનો વર્તાવ જોઈ તેમનાં સંતાન નોંધ લેવાનાં જ. પ્રત્યેક પેઢીને તેમના પૂર્વજો સામે થોડો વિદ્રોહ હોય છે જ, પણ અતિ મોડર્ન સોસાયટીમાં બધું મર્યાદા બહાર છે. છતાંય ત્યાં પણ કયાંક કયાંક સંસ્કારને કારણે વૃદ્ધોની પૂજા પણ થાય છે, મારું શૈશવ સ્પર્ધા વિના પસાર થઈ ગયું. કિશોરાવસ્થા પણ નહીંવત્ ભોગવી. નાની વયના લગ્નને લઈને ને માનસિક બંધારણને કારણે યુવાવસ્થા લાંબી પહોંચી ને એ જ કારણે પ્રૌઢાવસ્થાએ લાંબો સમય મારું ધ્યાન રાખ્યું. હાલ પાંચમા અંકમાં પ્રવેશી છું એ પ્રૌઢાવસ્થાના સંધિકાળ જેવો લાગે છે. છઠ્ઠા અંક માટે એક અભિલાષા છે. સતત ઉપયોગી ને સર્જનાત્મક પ્રવૃત્તિ થતી રહે ને અંતે જવાનો સમય નજીક છે જાણી બધાને પ્રેમપૂર્વક મળી ને છેલ્લી વિદાય લઈ શકાય એવું મૃત્યુ હું ઈચ્છું છું. 'મૃત્યુ હું તને ચાહું છું, એટલું મનને સમજાવવા મેં જિંદગી ખર્ચી છે...

દિગમ્બર જૈનાચાર્યનું વ્યાખ્યાન

સંઘના ઉપક્રમે દિગમ્બર જૈનાચાર્ય પૂ. બાહુબલી મહારાજનું 'માનવતાનું સુખ' એ વિષય પરનું વ્યાખ્યાન શુક્રવાર, તા. ૧૩મી નવેમ્બર, ૧૯૮૭ના રોજ બપોરના ૩-૩૦ વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવ્યું હતું. શ્રોતાઓની ઉપસ્થિતિ એટલી મોટી સંખ્યામાં હતી કે ઘણાં ભાઈ-બહેનોને ઊભા રહેવું પડ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ જૈન સંગીતકાર શ્રી બંસીભાઈ ખંભાતવાલાની પ્રાર્થનાથી થયો હતો. સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે પૂ. આચાર્યશ્રીને આવકાર આપ્યો હતો. સમિતિના સભ્ય અને આ કાર્યક્રમના સંયોજક શ્રી બસંતલાલ નરસિંહ પુરાએ પૂ. આચાર્યશ્રીનો પરિચય આપ્યો હતો.

પૂ. બાહુબલી મહારાજે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે ભગવાન મહાવીરે વિશ્વના સર્વ જીવોના કલ્યાણ અર્થે ઉપદેશ આપ્યો હતો. માનવતાના સુખ માટે, માનવકલ્યાણ અર્થે ભગવાન મહાવીરે પ્રરૂપેલી કરુણાને આજે હૃદયમાં ધરવાની જરૂર છે. ભગવાને કહ્યું છે કે આ સૃષ્ટિ પર કોઈ પણ પ્રાણી મરવાની ઇચ્છા ધરાવતું નથી. તો પછી તેને મારવાનો આપણને શો અધિકાર છે? હા, એ પ્રાણી પર ઉપકાર કરવાનો, એને કલ્યાણ માર્ગે લઈ જવાનો આપણો જરૂર અધિકાર છે. જગતમાં આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચાર વસ્તુ દરેક પ્રાણીમાં છે તે વાત બરાબર છે, પરંતુ આ ચારે વસ્તુથી પર થવું એમાં મનુષ્યજન્મની સાર્થકતા છે.

શાસ્ત્રોમાં બે પ્રકારનાં સુખ બતાવ્યાં છે. એક આત્મિક સુખ, બીજું બાહ્ય સુખ. તેમાં આત્મિક સુખ, એટલે આત્માનું સુખ, આધ્યાત્મિક સુખ, પરમાત્મામય બનવાનું સુખ. બાહ્ય સુખ એટલે ભોગવિલાસ વગેરે પ્રકારનું ભૌતિક સુખ. આત્મિક સુખ કર્મબંધનથી પ્રાણીને મુકત કરે છે, જ્યારે બાહ્ય સુખ પ્રાણીના કર્મબંધનનું મુખ્ય કારણ બની રહે છે. સંસાર છોડવો સહેલી વસ્તુ નથી પરંતુ આત્મિક સુખ માટે તે કર્તવ્ય બની જાય છે. આજે અમારા દિગમ્બર સાધુની દિનચર્યા જુઓ. દિવસમાં એક વખત ઊભા ઊભા આહાર લેવો. પછી ચોવીસ કલાક પાણી પણ ન પીવાનું, દવા વિગેરે લેવાનો નિષેધ. પદયાત્રા, વસ્ત્રોનો ત્યાગ અને અનેક પ્રકારના પરિષહો આવે તો તે ચૂપચાપ સહન કરવા. આત્મિક શકિત વિના આ સંભવી ન શકે.

આત્માના શીલ, સત્ય વગેરે ગુણો સાથે બંધુભાવ કેળવ્યા વિના બાહ્ય જગતનો વાસ્તવમાં ત્યાગ થઈ શકતો નથી. બાહ્ય જગતનો ત્યાગ કરવો એટલે હિંસા, જૂઠ, ચોરી, દુરાચાર, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ વગેરે દોષોનો ત્યાગ કરવો. એનો ત્યાગ કરવા અહિંસા, સત્ય, અચૌર્ય, શીલ, નિષ્પરિગ્રહતા, ક્ષમા, નમ્રતા, સરળતા, નિર્લોભતા વગેરે ગુણોને સ્વીકાર કરવો પડે. તેને સ્થિર કરવા પડે, તેનો જ આશ્રય કરીને જીવવું પડે. પછી જીવનના પ્રશ્નો હલ કરવા માટે ક્રોધાદિ કષાયોનો આશ્રય ન લેવાય, હિંસાદિ પાપોના શરણે ન જ જવાય.

કાર્યક્રમના અંતે સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે આભાર-વિધિ કરી હતી. સંકલન : **ચીમનલાલ કલાધર**

ભારત અને શ્રીલંકા

(પૃષ્ઠ ૧૫ થી ચાલુ)

આવશે તે અત્યારથી કોણ કહી શકે? હાલ તો તામિલ લોકો નિઃશસ્ત્ર થઈ રહ્યા છે અને પોતાનું રાબેતા મુજબનું રોજિંદું જીવન જીવવા લાગ્યા છે. આપણે આશા રાખીએ કે ભારતે આપેલો પોતાના અનેક સૈનિકોનો ભોગ અને તામિલ લોકોએ ગુમાવેલા અનેક તામિલપ્રેમી યુવાનોનો ભોગ નિરર્થક નહિ નીવડે.

કુદરતે પોતાની સૌન્દર્યસંપત્તિ જ્યાં અઢળક વેરી છે એવા હરિયાળા, મનોહર દેશમાં પણ લોકો શાંતિથી રહી નથી શકતા એ માનવજાત માટે કેટલો બધો શોચનીય વિષય છે. સ્વર્ગ જેવી સોહામણી ભૂમિ અને ભગવાન બુદ્ધના મૂળમાર્ગ હીનયાનને સાચવી રાખનાર અહિંસાપ્રેમી પ્રજાજનોની ધરતીમાં માનવોના સંહાર દ્વારા રકતપાતથી નદીઓનાં નીર અભડાયાં છે એ કેટલી દયનીય વાત છે!

-રમણલાલ ચી. શાહ

શ્રીલંકા અને ભારત

(પૃષ્ઠ ૧૪૬ થી ચાલુ)

શાંતિસેના શ્રીલંકા છોડે ત્યાર પછી જો શ્રીલંકામાં રાજદ્વારી પરિસ્થિતિ બદલાય તો એ પછી સત્તા પરની વ્યકિત શાંતિકરારના દસ્તાવેજી કાગળને કચરાની ટોપલીમાં ફેંકી દેવા જેવો બનાવી દે તો પણ નવાઈ નહિ. શાંતિકરારના અમલ માટે ભારતીય શાંતિસેના ભવિષ્યમાં શ્રીલંકામાં જો ફરીથી પ્રવેશ કરે તો તે આક્રમણ રૂપે જ લેખાય, સિવાય કે શ્રીલંકાને પોતાને એની ગરજ રહે.

શ્રીલંકામાં સિંહાલી બૌદ્ધ લોકોની બહુમતી છે. બૌદ્ધ લોકો અહિંસાપ્રેમી છે. શ્રીલંકાએ અત્યાર સુધી શાંતિપ્રિય દેશ તરીકે સારી ખ્યાતિ મેળવેલી છે. પરંતુ તામિલો સાથેના સંઘર્ષ પછી સિંહાલી બૌદ્ધ લોકોએ ભારત વિરુદ્ધ ઘણો અવળો પ્રચાર કર્યો છે. ભારતીય હિન્દુઓએ બૌદ્ધધર્મને ભારતમાંથી હાંકી કાઢયો, દક્ષિણ ભારતના ચોલા અને પાંડય રાજાઓએ શ્રીલંકાના બૌદ્ધધર્મીઓ ઉપર આક્રમણો કર્યાં હતાં ઇત્યાદિ સૈકાઓ પહેલાં બનેલી ઘટનાઓના ઇતિહાસની યાદ તાજી કરીને તામિલ હિન્દુઓ વિરુદ્ધ તેઓ જોરદાર પ્રચાર કરતા રહ્યા છે. અહિંસક સિંહાલી બૌદ્ધધર્મગુરુઓમાંથી પણ કેટલાકે હિંસાત્મક ઉદ્બોધનો કર્યાં છે, એટલું જ નહિ, હિંસાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ પણ લીધો છે. વસ્તુતઃ એમ કરવાની તેમને ફરજ પડી છે તે બતાવે છે કે તામિલો અને સિંહાલીઓ વચ્ચેનો સંઘર્ષ કેટલો ઉગ્ર બની ગયો છે. નિર્દય કતલ કરવામાં તામિલોએ શાંતિપ્રિય બૌદ્ધ ધર્મગુરુઓને પણ છોડયા નથી એ હકીકત છે.

શ્રીલંકામાં ખુદ તામિલો વચ્ચે પણ પોતાની સમસ્યાઓ ઓછી નથી પ્રાચીન સમયના ' અનેક પેઢીઓથી વસવાટ કરેલા 'શ્રીલંકા તામિલો' અને બે-ત્રણ પેઢીથી વસવાટ કરેલા નવા 'ભારતીય તામિલો' વચ્ચે પણ પૂરેપૂરો મનમેળ નથી. નવા તામિલોમાં પણ શાંતિપ્રિય તામિલો છે, જે અમૃતલિંગમના 'તુલ્ફ' પક્ષને અનુસરે છે અને લડાયક મિજાજના તામિલો છે જે પ્રભાકરનના ટાઇગર પક્ષને અનુસરે છે. તેઓની વચ્ચે પણ પોતાની લડત માટે પણ એકમતી નથી. અન્ય વિસ્તારોમાં રહેતા, ઉચ્ચ સરકારી હોદ્દો ધરાવતા તામિલો અને જાફના વિસ્તારના ગરીબ તામિલો વચ્ચે પણ એકસરખી વિચારસરણી નથી. એટલે આખી પરિસ્થિતિ ઉપર લડાયક અંતિમવાદી, ધાકધમકીવાળા ટાઇગરો વર્ચસ્વ મેળવી જાય એ કુદરતી છે.

ભારતીય શાંતિસેનાની કાર્યવાહીમાં ટાઇગર પક્ષના અનેક તામિલ યુવાનો મૃત્યુને ભેટયા છે. અનેક તામિલ યુવાનોએ પોતાની માતૃભૂમિને ખાતર મોતના સોગંદ લીધા છે. અનેક તામિલ યુવાનો ગળામાં સાઇનાઇડ (ઝેરનું માદળિયું પહેરીને નીકળી પડયા છે અને વિકટ પરિસ્થિતિમાં પકડાવાનો વખત આવે ત્યારે ગુપ્ત માહિતી ન કહી દેવી પડે માટે માદળિયું ચૂસીને મોતને શરણ ગયા છે. ટાઇગર તામિલો ભારતીય શાંતિસેના સામે સંઘર્ષ કરવામાં કદાચ ગેરરસ્તે દોરવાઈ ગયા હશે. એમનું પગલું કદાચ ગેરકાયદાપણભરેલું લેખાશે, તો પણ તેમની શહીદી અને સ્વાપર્ણની ભાવના કંઈક જુદી જ લેખાશે. થિલિપન અને એવા બીજા કેટલાક યુવાનોએ આમરણાંત ઉપવાસ કરીને માતૃભૂમિને કાજે જીવન સમર્પિત કરી દીધું છે, આવી તો અનેક છૂટીછવાઈ ઘટનાઓ શ્રીલંકાના તામિલોના સ્વાપર્ણની જોવા મળશે. એક બાજુ વિપક્ષોને હંફાવવા માટે બોમ્બ ધડાકાઓ દ્વારા અનેક નિર્દોષ માણસોનો સંહાર કરનાર અને અન્ય પક્ષે પોતાના બાંધવો માટે તત્કાળ મૃત્યુને ભેટવા દ્વારા સ્વાપર્ણની ભાવના ધરાવનાર એમ બે અંતિમ કોટિનાં લક્ષણ તામિલોમાં જોવા મળે છે.

શ્રીલંકામાં લડાયક તામિલ યુવાનોની તાકાતને નાબૂદ કરવામાં આવે એટલાથી શ્રીલંકાની સમસ્યા પૂરી ઉકેલાઇ જશે એમ માનવું યોગ્ય નથી, કારણ કે જેમ એક બાજુ લડાયક ગેરીલા તામિલો છે તેમ બીજી બાજુ લડાયક સિંહાલી ગેરીલાઓ પણ છે. ભારતીય શાંતિસેના શ્રીલંકામાંથી નીકળવાની ઉતાવળ કરશે તો નિઃશસ્ત્ર બનેલા તામિલ નાગરિકો સિંહાલી ગેરીલાઓના અત્યાચારોનો સતત ભોગ બનતા રહેશે. લડાયક તામિલ ટાઇગરોને જેમ પોતાનું સ્વાયત્ત તામિલ રાજ્ય જોઇએ છે તેમ લડાયક ગેરીલા સિંહાલીઓ તામિલોને શ્રીલંકામાંથી સદંતર હાંકી કાઢવા ઇચ્છે છે. બંને પક્ષોનું સ્વપ્ન સિદ્ધ થાય એવું સરળ નથી, તો પણ એના છાંટા લાંબા સમય સુધી ઊડયા કરે એ અસંભવિત નથી. આવી પરિસ્થિતિમાં ભારતીય શાંતિ સેનાને શ્રીલંકામાં કેટલા સમય સુધી રાખવી એ પ્રશ્નનો ગંભીર વિચાર થવો ઘટે. એમાં લોકમતને અનુસરી ઉતાવળિયું પગલું ભરવા જતાં પાછળથી પસ્તાવાનો વખત ન આવે એ ભારતે ખાસ જોવું જોઇશે. શ્રીલંકાની સરકારે પણ એમાં ભૂલથાપ ખાવા જેવું નથી.

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં કોઈ પણ બે દેશ કાયમને માટે મિત્ર કે કાયમને માટે શત્રુ રહેતા નથી. સ્વાર્થ અને બદલાતી પરિસ્થિતિના સંદર્ભમાં પરસ્પર સંબંધોમાં ભરતીઓટ આવ્યા કરે છે. 'શત્રુનો શત્રુ તે આપણો મિત્ર' એવી રાજકારણની નીતિ ઠેઠ પ્રાચીનકાળથી ચાલી આવે છે. વર્તમાન સમયમાં દરેક રાજદ્વારી ઘટનાને પરસ્પર વિરુદ્ધ દ્રષ્ટિકોણથી નિહાળનાર રાજદ્વારી નિરીક્ષકો હોય છે. 'ભારત નેપાળ, ભૂતાન, સિક્કિમ અને બાંગલા દેશના આંતરિક કારભારમાં દખલગીરી કર્યા પછી હવે પોતાની લશ્કરી તાકાતના જોરે શ્રીલંકામાં દાખલ થયું છે'- એવી ટીકા પણ કેટલાક પાશ્ચાત્ય રાજદ્વારી પુરુષોએ અને શ્રીલંકાના કેટલાક નેતાઓએ કરી છે. પડોશી દેશોને લશ્કરી સહાય કરવા જતાં ભારતે ભૂતકાળમાં જે જે ભોગ આપ્યો છે, તેના બદલામાં તેને યશની સાથે અપયશ પણ ઘણો મળ્યો છે. શ્રીલંકાનાં નિમંત્રણથી ત્યાંની પરિસ્થિતિને થાળે પાડવા માટે લશ્કરી મદદ કરવામાં ભારતને જેવોતેવો ભોગ આપવો પડયો નથી. ભારતીય શાંતિસેનાના અનેક જુવાનો આ સંઘર્ષમાં માર્યા ગયા છે અને લશ્કર તથા રાહતકાર્ય નિમિત્તે ભારતને રોજના લાખો રૂપિયાનું ખર્ચ ઉઠાવવું પડયું છે (જેની ઘણી વિગતો લશ્કરી દ્રષ્ટિએ ગુપ્ત રખાય છે.) આમ છતાં ભવિષ્યમાં શ્રીલંકા ભારતનું કાયમનું દુશ્મન બની જાય તો પણ નવાઈ નહિ.

આમ શ્રીલંકાના આંતરિક સંઘર્ષમાં શાંતિ સ્થાપવા ભારતે શાંતિસેના મોકલી છે; મોકલવી પડે તે અનિવાર્ય હતું. તો પણ આ અતિશય ખર્ચાળ ફાલાનું ભાવિ પરિણામ કેવું

(પૃષ્ઠ ૧૫૨ ઉપર)

માનવધર્મ

પ. પૂ. શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

માનવધર્મને સમજવા માટે, મનુષ્યત્વને શાથી મહત્ત્વનું માનવામાં આવ્યું છે? એ વસ્તુનો ખ્યાલ પેદા થવો એ અતિશય જરૂરી છે. મનુષ્યત્વ મહાન છે. તો મનુષ્યત્વની મહત્તા કોના આધારે છે એ સમજવું જ જોઇએ. જેના આધારે મનુષ્યત્વને મહાન માનવામાં આવ્યું હોય, તેનો અભાવ દેખાય કે તેના ખ્યાલનો પણ અભાવ દેખાય, તેની બેદરકારી દેખાય, તેનો વિરોધ દેખાય કે તેના ખ્યાલનો પણ અભાવ દેખાય, તો મનુષ્યત્વ, મહાન હોવા છતાં પણ, તે પ્રકારના મનુષ્યત્વને કેવી રીતે મહાન ગણાય? જે મહાપુરુષોએ મનુષ્યત્વની મહત્તાને વર્ણવી છે, તેઓએ મનુષ્યના ધ્યેયનું અને મનુષ્યોનાં કર્તવ્યોનું વર્ણન પણ કર્યું છે.

દુન્યવી સાધના અથવા દુન્યવી વૈભવ આદિની પ્રાપ્તિ, રક્ષા અને તેના ભોગવટાની અપેક્ષાએ મનુષ્યત્વની મહત્તા આંકવામાં આવી નથી. જે ધર્મની આરાધના, આરાધના કરનારનું અને જગતના જીવોનું પણ એકાન્તે કલ્યાણ સાધનારી નીવડે છે, તે ધર્મની ઉત્તમમાં ઉત્તમ કોટિની આરાધના અને પ્રચારણા આદિ મનુષ્યત્વને પામેલા પુણ્યવાનો જ કરી શકે છે. એ જ એક કારણે તત્ત્વજ્ઞાનીઓએ બીજા જીવો કરતાં મનુષ્યને ઉચ્ચ કક્ષાનો જીવ માનેલો છે. મનુષ્ય નિશ્ચયપૂર્વક યોગ્યતા કેળવીને જે જાતની ધર્મસાધના કરી શકે છે, તે જાતની ધર્મસાધના દુનિયાની બીજી કોઇ પણ જાતિના જીવો કરી શકતા નથી. આમ છતાં મનુષ્યપણાને પામેલાઓ જો ધર્મના વિચારથી પણ વંચિત રહે, હું માનવ છું અને મારું માનવ તરીકેનું વર્તન કેવું હોવું જોઇએ એનો જીવનના અન્ત સુધી વિચાર સરખોય ન કરે, કેવળ કમાવું, ભોગવવું અને એશઆરામમાં જીવન પુરું કરવું એ જ ધ્યેયથી વર્ત્યા કરે, તો એ મનુષ્યો ભલે આકારે મનુષ્ય હોય પણ વાસ્તવિક કોટિના મનુષ્યો નથી જ. મનુષ્યત્વ મહાન છે એવું માનનારે, પોતાના મનુષ્યત્વને મહાન તરીકે પુરવાર કરી આપવાનો પ્રયત્ન કરવો જોઇએ. અને એ, માનવધર્મને સમજ્યા, વિચાર્યા અને આચર્યા વિના શક્ય નથી.

આજે ચોમેર અશાંતિનો દવ સળગ્યો છે, શાંતિ શોધીય જડતી નથી. જીવન અશાંતિમય બની ગયું છે. આવી ફરિયાદ આજે તો લગભગ બધા જ તરફથી કરવામાં આવે છે. આની સામે સૌથી પહેલો પ્રશ્ન એ છે કે શાંતિ એકલા તમને જ જોઇએ છે કે સારાય જગતને? જો સૌ કોઇ શાંતિને ઇચ્છે છે, તો તમે તમારા માટે એવો નિયમ કર્યો છે ખરો કે 'મારે મારી શાંતિ એવી રીતે શોધવી અને સાધવી કે જેથી બીજા કોઇની પણ શાંતિનો ભંગ થવા પામે નહિ?' તમે વિચાર કરો છો કે 'મારે સુખ જોઇએ છે, મારે શાંતિ જોઇએ છે,' પણ સાથે સાથે એ વિચાર પણ કરો છો ખરા કે જેમ મારે સુખ અને શાંતિ જોઇએ છે, તેમ વિશ્વમાં સૌ કોઇને સુખ અને શાંતિ જ જોઇએ છે?

આજે તો લગભગ એ સ્થિતિ છે કે મારે શાંતિ જોઇએ છે એ વિચાર એટલો બધો વેગમાં આવી ગયો છે કે બીજાને પણ મારી જેમ સુખ અને શાંતિ જોઇએ છે એ વાત જ ભુલાઇ ગઇ છે. એક જ વાત પ્રધાન બની છે કે બીજાનું ગમે તે થાઓ: અરે, બીજાના સુખ-શાંતિના ભોગે પણ મને સુખ-શાંતિ મળવાં જોઇએ! જ્યાં આવી સ્વાર્થીલી મનોવૃત્તિ વધે, ત્યાં શાંતિ પ્રગટે કે હોય તેટલી શાંતિ પણ ભાગવા માંડે? ડાહ્યો માણસ તો તે ગણાય કે જે પોતાનાં સુખ-શાંતિ સાધે, તે એવી રીતે સાધે કે જેથી બીજાનાં સુખ-શાંતિનો ભંગ ન થાય. એટલું જ નહિ, પણ બીજાઓ પણ એના પ્રયત્નથી સુખ-શાંતિનો ભંગ ન થાય, એ માટે કારમી આફતોને પણ પ્રસન્નતાથી સહી લે.

તમને કોઇ કહે કે તમે અમુક રીતે વર્તશો તો તમને તો શાંતિ નહિ મળે, પણ જગતના બીજા જીવોને શાંતિ મળશે. તો એ રીતે વર્તવાને તૈયાર કેટલા? અને જગતના બીજા જીવોની શાંતિના ભોગે પણ પોતાની કલ્પિત સુખશાંતિને મેળવવા માટે તત્પર બનનારા કેટલા? જો કે જગતના જીવોનાં સુખશાંતિનો ભંગ ન થાય એવી રીતે વિવેકમય આચરણ કરનારાઓ અનુપમ સુખશાંતિનો ભોગવટો કરી શકે છે, પણ જ્યાં બીજાઓનાં સુખશાંતિની દરકાર જ નથી ત્યાં શું થાય? તમે મનુષ્ય છો, તો તમારામાં બીજાઓનાં સુખશાંતિની દરકાર હોવી ઘટે. જ્યાં સુધી એ દરકાર નહિ પ્રગટે ત્યાં સુધી તમારી પાસે માનવધર્મની ચાહે તેટલી વાતો કરવામાં આવશે, તો ય તે તમારા હૈયામાં ઊતરી શકશે નહિ.

આથી જ તમારા માટે માનવધર્મ તરીકે સૌથી પહેલી વાત મૈત્રી કેળવવાની મૂકવામાં આવે છે. મૈત્રી એટલે આજે તમે જેને મૈત્રી માની બેઠા છો તેવી મૈત્રી નહિ. સાથે હરવું-ફરવું, ખાવું-પીવું, બેસવું-ઊઠવું, મળવું-ભેટવું આદિ રૂપ જ મૈત્રી નહિ, આજના એવા મિત્રો તો કેટલીકવાર છૂપા દુશ્મનોની પણ ગરજ સારે છે, હૈયામાં દુશ્મનાવટ હોય, તે છતાં પણ એવી મૈત્રી તો રાખી શકાય છે, આપણે તો જીવ માત્ર સાથે મૈત્રીભાવ ધારણ કરવાની વાત કરીએ છીએ. જીવ માત્રના કલ્યાણની ભાવના, એનું નામ મૈત્રીભાવના છે.

મૈત્રીભાવ, પ્રમોદભાવ અને કરુણાભાવ-એ ત્રણની સાથે એક ચોથા ભાવની પણ જરૂર છે અને તે માધ્યસ્થભાવ. દોષિતને સુધારવાનો પ્રયત્ન કરવો એ આપણો ધર્મ છે, પણ ગમે તેટલો પ્રયત્ન કરવા છતાંય દોષિત ન સુધરે તો એનો તિરસ્કાર કરવો એ આપણો ધર્મ નથી. એના તરફ મધ્યસ્થતા ધારણ કરવી. એ સુધરે અને કલ્યાણ સાધે-એવી ભાવના સાથે, એના તરફ ઉપેક્ષાભાવ સેવવો. દુષ્ટને પણ શિષ્ટ બનાવવાનો કોઇ માર્ગ હોય તો તે આ જ માર્ગ છે.

આ ચાર ભાવનાને પોતાના હૃદયમાં સ્થાન આપનાર મનુષ્ય, પોતાના મનુષ્યપણાને સાર્થક બનાવી શકે છે, ઉજાળી શકે છે અને ક્રમશ: વધતાં વધતાં તેનો આત્મા પરમાત્મ-સ્વરૂપને પામી શકે છે.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૮૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No 137

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૮ અંક : ૧૬

મુંબઇ તા. ૧૬-૧૨-'૮૭ મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦ પરદેશમાં વાર્ષિક રૂા. ૨૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

નામકરણ

વ્યક્તિઓ, અટકો, સંસ્થાઓ, મકાનો, દુકાનો, સામયિકો, ગ્રામ-નગરો, રેટોરાંનો, રસ્તાઓ કે કુદરતી સ્થળો વગેરેના નામમાં જ્યારે કંઈક વિચિત્રતા, વિસંગતિ, વિરોધાભાસ, અતિશયોક્તિ, અભિમાન, દંભ, ઉપહાસ, કટાક્ષ, ટીખળ, લઘુતા, હીનતા ઇત્યાદિ એક અથવા વધુ લક્ષણ જોવા મળે છે ત્યારે સમસ્ત વિશ્વમાં નામકરણની પ્રવૃત્તિ કેવી કેવી લીલા કર્યા કરે છે તેના વિચારો સ્ફુરે છે.

મનુષ્યના પરસ્પર વ્યવહાર માટે ભાષાનું માધ્યમ ઘણું સમર્થ અને સમૃદ્ધ છે. મુખ અને ગળાના વિવિધ અવયવોના સંકોચ અને વ્યાપન દ્વારા, પ્રાણવાયુની મદદ વડે વિવિધ ધ્વનિઓનું ઉચ્ચારણ કરવાની શક્તિ મનુષ્ય પાસે છે. ઇતર પ્રાણીઓમાં એવી શક્તિ ઘણી અલ્પ પ્રમાણમાં છે. વિવિધ પ્રકારના સ્વર અને વ્યંજનના ઉચ્ચારણ અને મિશ્રણ દ્વારા અનેકવિધ શબ્દોનું સર્જન મનુષ્ય કરી શકે છે અને તે દ્વારા પોતાની વિચારશક્તિને અભિવ્યક્તિ આપે છે. પોતાના ચિત્તમાં વિચાર ઉદ્‌ભવે પરંતુ તે વ્યક્ત કરવા માટે જો ભાષાનું માધ્યમ ન હોય તો સામી વ્યક્તિને સમજાવવામાં કેટલો શ્રમ પડે છે તે વ્યવહારમાં આપણે જોઈ શકીએ છીએ. છ-આઠ મહિનાના બાળક પાસે ભાષા હોતી નથી, છતાં કેટલાક ઇશારા અને અવાજો દ્વારા તે પોતાની જાતને અભિવ્યક્ત કરે છે. રુદન એ બાળકનું અભિવ્યક્તિ માટેનું સૌથી પ્રથમ અને પ્રબળ માધ્યમ છે. ભૂખ લાગી છે, તરસ લાગી છે, ઊંઘ આવે છે, પેટમાં દુખે છે, ટાઢ વાય છે, ગરમી લાગે છે ઇત્યાદિ તમામ સંવેદનો માટે સાવ નાનાં બાળકો પાસે રુદન એ જ એક માત્ર માધ્યમ કે ઉપાય છે. એના ઉપરથી સમજી શકાશે કે ભાષાનું માધ્યમ ન હોય તો અભિવ્યક્તિમાં મનુષ્યને કેટલું બધું કષ્ટ પડી શકે.

દુનિયાની જુદી જુદી ભાષાઓ પાસે પોતાની જુદી જુદી લિપિ છે. દરેક ભાષા પાસે વર્ણાક્ષરો છે. એના સંયોજન દ્વારા ઘણા બધા શબ્દો પ્રયોજી શકાય છે. સંસ્કૃત ભાષામાં સૌથી વધુ સ્વર-વ્યંજનો છે. એ સ્વર-વ્યંજનના સંમિશ્રણ દ્વારા શબ્દોનું અપાર વૈવિધ્ય યોજી શકાય છે. શબ્દગુચ્છો દ્વારા બોલાતાં કે લખાતાં વાક્યો વડે વિચારની અભિવ્યક્તિનું વૈવિધ્ય સાધી શકાય છે. આ પ્રક્રિયામાં વિશેષ નામોના અપાર નાવીન્ય અને વૈવિધ્યની શક્યતા રહેલી છે.

જેમ જેમ મનુષ્યનો વ્યવહાર વધુને વધુ જટિલ બનતો જાય છે તેમ તેમ તેને અવનવા શબ્દોની જરૂર પડતી જાય છે. પ્રત્યેક જન્મતા બાળક માટે કોઈ એક નામની અપેક્ષા રહે છે. ઘણું ખરું પરંપરાગત નામો સ્વીકારાય છે, તો પણ વખતોવખત નવાં નવાં નામો અસ્તિત્વમાં આવે છે અને પ્રચલિત થાય છે. દુનિયાની જુદી જુદી ભાષાઓમાં મળીને માણસ માટેનાં નામોની સંખ્યા કરોડોની થતી હશે. નવા જન્મેલા બાળકનું નામ એ નામકરણના ક્ષેત્રે સૌથી વધુ વૈવિધ્યસભર પ્રવૃત્તિ ધરાવે છે.

નામ સાંભળતાં તે નરજાતિનું નામ છે કે નારીજાતિનું તેનો સંકેત પણ જૂજ અપવાદ સિવાય મળી રહે છે. નામકરણમાં આધુનિકતા શહેરોમાંથી ગામડાઓ તરફ, સુશિક્ષિતો તરફથી અશિક્ષિતો તરફ અને શ્રીમંતો તરફથી ગરીબોમાં સામાન્ય રીતે ગતિ કરે છે

બાળકનું જ્યારે નામ પાડવામાં આવે છે ત્યારે બાળકને તેની સાથે કશી નિસ્બત હોતી નથી. મુખ્યત્વે માતા-પિતા કે કોઈ કે અન્ય સ્વજનો બાળકનું નામ નક્કી કરે છે. મોટું થતું બાળક પોતાના નામને સહજ રીતે સ્વીકારીને ચાલે છે. ક્યારેક કોઈક યુવક-યુવતી પોતાના અણગમતા નામને બદલાવે છે. પરંતુ એવા અપવાદરૂપ પ્રસંગો વિરલ હોય છે. એકંદરે તો નામ વ્યક્તિના અસ્તિત્વ સાથે એવું સજ્જડ જોડાઈ ગયું હોય છે કે ક્યારેય અન્યથા વિચાર આવતો નથી.

દુનિયાના ઘણા દેશોમાં ધાર્મિક પરંપરાનાં નામો પાડવાનો મહિમા વધુ પ્રચલિત છે. ઉત્તર ભારતમાં હિન્દુઓમાં ભગવાન રામનું નામ જોડીને નામ પાડવાનો મહિમા ઘણો મોટો છે. મુસલમાનોમાં મહમ્મદ અને અન્ય પવિત્ર મહાત્માઓનાં નામ વારંવાર પડાય છે. ખ્રિસ્તી લોકોમાં બાઇબલમાં આવતા સંતોનાં નામો વારંવાર પ્રયોજાય છે. કેટલાક ખ્રિસ્તી કુટુંબોમાં નવા બાળકને દાદાનું નામ અપાય છે. ચીન, જાપાન, કોરિયા વગેરે દેશોમાં કે જ્યાં બૌદ્ધ ધર્મનો પ્રચાર ઘણો છે ત્યાં ભગવાન બુદ્ધ માટે વપરાયેલા નામો કે વિશેષણો વધુ પ્રચલિત છે. દુનિયાની આદિવાસી જાતિઓમાં પણ પોતાના ઇષ્ટદેવતાનાં નામો કે વિશેષણો વધુ પ્રચલિત છે.

પૌરાણિક પવિત્ર નામો વખતોવખત પુનરાવર્તન પામે છે.

પ્રાચીન નામો ફરી પાછા નવીનતા પામી પ્રચલિત થાય એવું ઘણા દેશોમાં બને છે. કેટલાંક નામો પૌરાણિક-ઐતિહાસિક દ્રષ્ટિએ એટલાં બધાં વગોવાઈ ગયાં હોય છે કે તે પાડવામાં આવતાં નથી. રાવણ, કંસ, દુર્યોધન, ગોશાલક વગેરેમાંથી કોઇ નામ પાડવાનું કોઇ માતા-પિતાને ગમશે નહિ. હિટલર કે મુસોલિની જેવું નામ પણ પશ્ચિમ દેશોમાં જલદી પડશે નહિ.

દુનિયામાં જેટલાં બાળકોનાં નામ પાડવામાં આવે છે તે યોગ્ય, યથાર્થ, સમુચિત હોય તેવું નથી. કેટલાંક નામોમાં દેખીતી રીતે અતિશયોક્તિ કે અસંગતિ પણ જોવા મળે છે. તો કેટલાંક નામોનું તે વ્યક્તિના જીવન સાથે સુસંગતપણું હોતું નથી. એટલા માટે જૂના વખતમાં નીચેનો દૂહો પ્રચલિત બન્યો હતો :

'લખમી છાણાં વીણતી,
ભીખ'તો ભૂપાલ;
અમર મર'તો દીઠિયો,
ભલો મારો ઠણુઠણ ગોપાલ.'

પોતાના પતિનું નામ 'ઠણુઠણ ગોપાળ' હતું અને તે ગમતું ન હતું એવી કોઇક યુવતીએ બીજાનાં નામોની તપાસ કરી તો તેને લક્ષ્મી નામની કન્યા જોવા મળી, પરંતુ તે છાણાં વીણતી હતી. ભૂપાળ (રાજા) નામનો યુવાન હતો, પરંતુ તે ભીખ માગતો હતો. કોઇકનું નામ અમર હતું, પરંતુ તે મૃત્યુ પામ્યો હતો. આવી વિસંગતિઓ જોઇને તે યુવતીએ પોતાના પતિનું અણગમતું નામ ગમાડી લીધું.

નામકરણમાં માણસ જ્યારે નવીનતા ખાતર નવીનતા આણે છે પરંતુ અર્થની કે મહિમાની એને ખબર નથી હોતી ત્યારે કેટલીક વિસંગતિઓ દેખાય છે. કોઇ કન્યાનું નામ કાદમ્બરી પાડવામાં આવ્યું હોય પરંતુ તે કન્યા અત્યંત જાડી, કાળી, કદરૂપી હોય તો તે નામ તેને લજ્જાવનારું બને છે. એનું એક કારણ એ પણ છે કે એ નામ હજુ એટલું પ્રચલિત બન્યું નથી. રંભા કે ઉર્વશી જેવાં નામો એટલાં બધાં પ્રચલિત થઈ ગયાં છે કે કોઈ કદરૂપી કન્યાનું એ નામ હોય તો પણ તે હવે ખૂંચતું નથી. કોઇ કોઇ બાળકનું નામ 'નિહાર' પાડવામાં આવે છે, પરંતુ શૌચક્રિયા માટેનો તે શબ્દ છે એવી ખબર નામ પાડનારને હોતી નથી. અમિષ કે અમિષા, અમિષી જેવાં નામ પાડવામાં આવે છે, પરંતુ તે માંસ માટે વપરાતો શબ્દ છે તે ઘણાની જાણમાં હોતું નથી. (અલબત્ત 'અમિષા'ના અન્ય અર્થ પણ થાય છે પણ તે પ્રચલિત નથી.) હમણાં હમણાં આડાઅવળા વ્યંજનો જોડી નવું નામ બનાવવામાં આવે છે, જેનો ખાસ કોઈ અર્થ હોતો નથી.

ભારતમાં નામ પાડવાની બાબતમાં પણ કેટલીક અંધશ્રદ્ધા હજુ પણ પ્રવર્તે છે. કોઈ સ્ત્રીનાં બાળકો જીવતાં ન રહેતાં હોય તો કોઇકની નજર લાગે છે એવી માન્યતા સાથે નવા બાળકનું નામ ગાંડાલાલ, ભીખાલાલ, કચરાલાલ, મફતલાલ કે એવું કોઈ નામ પાડવામાં આવે છે, જેથી બાળકને કોઇની નજર ન લાગે.

વર્તમાન સમયમાં આંતરરાષ્ટ્રીય સંપર્ક ઉત્તરોત્તર વધતો જાય છે અને દુનિયાના ઘણા દેશોમાં ભારતીય લોકોએ વસવાટ કરેલો છે. એવાં કેટલાંય કુટુંબોમાં ત્યાંના સ્થાનિક લોકોનાં નામોમાંથી કેટલાંક નામો પાડવામાં આવે છે. કેટલાક ભારતીય લોકોને પાશ્ચાત્ય નામો ગમે છે, તો પશ્ચિમના કેટલાક લોકો ભારતીય નામો સ્વીકારવા લાગ્યા છે. બાળકો માટે નવાં નવાં નામોની આયાત-નિકાસ દુનિયાભરમાં વધવા લાગી છે.

દુનિયામાં મનુષ્યોની વસ્તી તો અબજોની છે. એટલે એક-સરખાં બે નામવાળી વ્યક્તિઓ નજીક નજીકમાં હોય તો પણ તે કંઠે એવી પરિસ્થિતિ નથી. કેટલાંક કુટુંબોમાં તો નજીકના સગાનું નામ હેતુપૂર્વક સરખું રાખવામાં આવે છે. કેટલીક કોમમાં નામોની સમૃદ્ધિ એટલી નથી હોતી એટલે એકનું એક નામ અનેક ઘરે જોવા મળે છે. એવી વ્યક્તિઓને ઓળખવા માટે પછી એમના નામ સાથે પિતાનું નામ, અટક, ગામનું નામ વગેરે જોડવામાં આવે છે. કચ્છમાં કેટલાંય કુટુંબોમાં પિતાનું નામ અને અટક પણ મળતાં આવે છે. એટલે ગામના નામથી ઓળખવાનો શિરસ્તો ઘણાં વર્ષોથી પડી ગયો છે.

જેમ વ્યક્તિની બાબતમાં તેમ ગ્રન્થોની બાબતમાં નવાં નવાં નામની અપેક્ષા રહે છે. કોઇ પણ ગ્રન્થ માટે જૂના નામનું પુનરાવર્તન કરવામાં આવે તો તેથી ગેરસમજ થવાનો સંભવ છે. પોતાનામાં કંઇક ભાષાશક્તિ હોય તો જ માણસ સારો ગ્રન્થકાર થઇ શકે છે. એટલે ગ્રન્થકારોને માટે પોતાના ગ્રન્થનું નામ આપવાનું એટલું અઘરું નથી. તો પણ કેટલાક ગ્રન્થોનાં નામ એક સરખા જોવા મળે છે, અજાણતાં તે અપાયાં હોય એમ પણ બની શકે. એવા ગ્રન્થો ઓળખવા માટે કર્તાનું નામ આવશ્યક થઈ પડે છે.

જમાને જમાને પ્રત્યેક ભાષામાં અનેક સર્જકો પોતાની કૃતિઓનું સર્જન કરે છે અને તેને મનગમતું એવું કોઇ કોઇ સરસ નવીન નામ આપે છે, પરંતુ તે દરેક નામની પણ આયુષ્ય-મર્યાદા હોય છે તેવી સર્જનકૃતિઓમાં પણ બાલમરણ કે યુવામરણનું પ્રમાણ સવિશેષ હોય છે.

સામાન્ય રીતે રસ્તાઓનાં નામ એની કોઈ મશહૂર નિશાનીના આધારે પડી જાય છે. પછી એ નામ એટલાં બધાં રૂઢ અને પ્રચલિત થઇ જાય છે કે મશહૂર નિશાની ચાલ્યા ગયા પછી પણ એ નામ તો ચાલુ જ રહે છે. 'લાલબાવાનો લીમડો' નામ રસ્તાનું પડ્યું હોય, પરંતુ પછીથી ત્યાં લાલબાવા પણ ન હોય અને લીમડો પણ ન હોય. લાલ દરવાજા પાસે કોઈ લાલ દરવાજો ન રહ્યો હોય અથવા કોઠી પોળમાં કોઠીનાં ઝાડ ન રહ્યાં હોય એવું બની શકે. કયાંક ઘોબી તળાવ નામના સ્થળે નથી તળાવ હોતું કે નથી ધોબી હોતા. લંડનમાં કેટલાયે રસ્તાઓનાં નામ 'ચર્ચ સ્ટ્રીટ' છે, પરંતુ એમાંના કેટલાક રસ્તાઓ ઉપર હવે કોઈ ચર્ચ રહ્યાં નથી. આવી વિસંગતિ તો દુનિયામાં અનેક ગામ-નગરોમાં જોવા મળશે. આઝાદી મળ્યા પછી ભારતની નગરપાલિકાઓમાં રસ્તાઓનાં નવાં નામ પાડવાની પ્રવૃત્તિ જોશભેર ચાલુ થઇ છે; પરંતુ તેવાં નવાં નામો અમરપટો લખાવીને આવ્યાં નથી હોતાં; એમાં સમયે સમયે ફેરફારો થયા કરે છે. પરિસ્થિતિ બદલાતાં જૂનાં નામો લુપ્ત થાય છે અને ફરી પાછાં નવાં નામો અપાય છે. કયારેક તો નવાં નામો અપાયાં છતાં લોકો તો વર્ષો સુધી એ રસ્તાઓને જૂના નામથી જ ઓળખતા હોય છે.

કોઈ પણ ગુલામ દેશની પ્રજા જ્યારે સ્વતંત્ર બને છે ત્યારે શાસક વિદેશી પ્રજાએ રસ્તાઓનાં કે મકાનોનાં

(પૃષ્ઠ પાના ૧૬૪ ઉપર)

જૈન કાવ્યની એક ઝલક

❖ મુનિ વાત્સલ્યદીપ

યુગે યુગે રચાતી કૃતિઓ માનવમનને બળ આપે છે. સાહિત્યની ગંગોત્રીમાં જૈન કવિઓનું અર્પણ અદ્‌ભુત અને અવિ મરણીય રહ્યું છે. એ અર્પણ, સૈકે સૈકે બોધપાત્ર બનતું રહ્યું છે તેમ કહી શકાય; તેમ છતાં, ડો. ક્રાલ્યુકે પોતાના પ્રસિદ્ધ શોધગ્રંથમાં[1] મેજર મેકેન્ઝીને પહેલીવાર પત્રરૂપે નિબંધ લખીને જૈન સાહિત્યનો પરિચય આપ્યો અને ત્યારબાદ વિદ્વાનો એ સાહિત્યને મૂલ્યાંકન સુધી દોરી લાવ્યા. અનેક જૈન ગ્રંથકારોએ અસંખ્ય કૃતિઓ રચીને ભાષા અને દેશના સીમાડા ઓળંગ્યા છે, સાહિત્યના ક્ષેત્રમાં આ બળકટ પ્રદાનને અદ્‌ભુત લોકપ્રિયતા પણ મળી છે. એક માન્યતાનુસાર, અપ્રકટ એવી વીસ લાખ હસ્તપ્રતો હજીય દેશના વિવિધ જૈન ગ્રંથાલયો અને વિદેશમાં કેટલેક સ્થળે ઉપલબ્ધ છે અને તે તમામ જિજ્ઞાસુ સંશોધકની પ્રતિક્ષા કરે છે! ભારતીય સાહિત્યના સંશોધક ડો. જોહન્સ[2] હર્ટલ માને છે કે, આ એક જ એવું વિશાળ સાહિત્ય છે કે તે તમામ પ્રકારના જનસમૂહમાં એક સાથે લોકપ્રિય અને ઉપકારક થયું છે.

જૈન કવિઓની ગ્રંથરચનાના બે ઉદ્દેશ મુખ્ય છેઃ એક, જ્ઞાનસાધના. બે, ધર્મભક્તિ. ધર્મભક્તિને જીવન સમર્પિત કરનાર આ કવિઓએ કથા, રૂપકકથા, તત્ત્વ, ઉપદેશ, ભક્તિ, બોધ– જેવાં તમામ ક્ષેત્રે સફળ ખેડાણ કર્યું છે. મધ્યકાલીન બ્રાહ્મણ કવિઓએ પ્રધાનત: કોઇકને કોઇકિ રાજા, શ્રેષ્ઠિ માટે રચેલાં સાહિત્ય[3] કરતાં આ સાહિત્ય તદ્દન ભિન્ન અને ગૌરવપૂર્ણ છે. આથી, ધર્મ, સમાજ કે દેશને જ માત્ર નહિ પણ, સમગ્ર સંસ્કૃતિને જૈન સાહિત્યે ચેતના આપી.

આ સાહિત્યમાં કવિતાનું વિશેષ ખેડાણ થયું છે. જૈન સાહિત્યની કાવ્યકૃતિઓ પ્રચુર સંખ્યામાં હોવા છતાં તે એકાંગીન બની રહી તેનું કારણ ગ્રંથકારોના વિશાળ દ્રષ્ટિબિંદુ અને દીર્ઘદ્રષ્ટિ નિમિત્તભૂત છે. આટલી વિશાળ કાવ્યકૃતિઓ બીજા કોઈ ધર્મ કે સાહિત્યમાં ઉપલબ્ધ નથી: આ કાવ્યકૃતિઓમાં તમામ રસ પોષાયા છે. તેમાં, કથાનો આધાર મુખ્ય છે. વાર્તાનું વિશ્વમાં ત્રૈકાલિક વશીકરણ રહ્યું છે. ડો. હર્ટલના કહેવા પ્રમાણે 'જૈન પંચાખ્યાન', 'શુકસિ–તરિ' આદિ જૈન કથાગ્રંથો એટલા લોકપ્રિય થયા અને એશિયન ભાષાઓમાં ફેલાયા છે કે તેના કર્તા જૈન સાધુઓ છે તે જૈનો ભૂલી ગયા છે! આ સંશોધનમાં, કથાવાર્તા કેટલી લોકપ્રિય હોઇ શકે તેનો પણ નિર્દેશ મળે છે. આજે પણ અનેક વિદેશી વાર્તા અને નાટકોનાં મૂળ ભારતીય અને જૈન કથાઓમાં મળે છે.

જૈન કાવ્યોમાં કથાની જેમ જ કેટલાક કથાનાયકો પણ મુખ્ય રહ્યાં છે અને યુગે યુગે કવિઓને આકર્ષતા રહ્યા. પ્રાચીન અને મધ્યકાલીન સાહિત્યમાં રચાયેલાં રાસા,[4] સજઝાય, પદ, સ્તવન કે સંસ્કૃત, પ્રાકૃત અથવા માગધી કાવ્યોનાં અનેક ક્ષેત્રોમાં વિચરતી આ રસધારામાં નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીરસ્વામી, સ્થૂલિભદ્ર, રાજુલ–રહનેમિ, ગણધર ગૌતમસ્વામી સમરાદિત્યનાં કથાનકોનો વિપુલ ઉપયોગ થયો છે. જૈન સંઘના આદિગુરુ ગણધર ગૌતમ હોવા છતાંય તેમના વિશે ઓછામાં ઓછાં કાવ્યો રચાયાં છે, અને વિશેષ લોકપ્રિય પણ તે જ છે.

શૃંગારરસભર અનેક કાવ્યોમાં વિરહ અને વૈરાગ્યનું પ્રાબલ્ય સ્થૂલિભદ્ર અને કોશાનાં કથાગીતોમાં જોવા મળે છે.

નેમિનાથ અને સ્થૂલિભદ્રનાં વધુ કાવ્યો મળે છે તે માટે એમ કહી શકાય કે તેઓએ કામવિજેતા બનવાનો કરેલો સફળ પુરુષાર્થ નિમિત્ત છે. જૈન કવિઓ જે કોઈ ભાષામાં નેમિનાથ, સ્થૂલિભદ્ર કે સાધ્વી રાજુલ વિશે વર્ણન આપે છે, તેને અલંકારિક રીતે વર્ણવે છે, તે માટે ઉત્તમ પ્રતીકો પણ યોજે છેઃ

લોક હસે વલી ગુણ સવિ નિકસે,
વિકસે દુર્ગતિ બારી
ધમ જાણીને કહો કુણ સેવે
પાય પંક પરનારી,
દેવરિયા મુનિવર છેડો નાંજી...
(જ્ઞાનવિમલસૂરિ/૧૮મો સૈકો)

એકજ કડીમાં પહાડની ગુફામાં મુનિને વિનવતી એક સતી સ્ત્રી નજર સામે તરી આવે છે. પરનારી સંગથી દુર્ગતિ મળે, લોક હસે, ગુણો ચાલ્યા જાય: ઉત્તમ પ્રતીકો સાથે કવિ રસ પણ જોડે છે. ગૌતમસ્વામીના વિલાપની એક પંક્તિ આમ છે;

હા, હા, વીર! તેં રયું કિયો
જી રે ગૌતમ કરતો અનેક વિલાપ રે,
જેતલો કીજે નેહલો
જી રે જીવડા તેતલો હુયે પછતાપ રે...વીરજી,
મુજને મૂકયો દૂર રે...
(સમયસુંદર / ૧૭મો સૈકો)

આ પંક્તિમાં ગુરુ ગૌતમસ્વામીને જે મનોવ્યથા થઇ તેનું હૃદયંગમ વર્ણન કવિ કરુણરસ દ્વારા સિદ્ધ કરે છે. મધ્યકાલીન જૈન કવિઓમાં ખ્યાત કવિ ઋષભદાસ, વાનો, સમયસુંદર, યશોવિજયજી, વધુમાં વધુ કવિતા રચે છે પણ કોશાનાં કાવ્યોમાં એમણે જે શૃંગારથી વૈરાગ્ય સુધીની યાત્રા કરાવી છે તે અપૂર્વ છે. સત્તરમા સૈકામાં થયેલા પ્રસિદ્ધ કવિ સહજસુંદરની એક રચના આમ છે:

એણે આંગણે મેં પીઉ રમીયો, રસ લાઈ ભમર પર ભમીયો
આજ એકલડો વીસમીયો રે ચાંદલીયા! ૧

ચાંદલીયા! તું વેગે આવે, જઈ–કરીને સમાચાર લ્યાવે
માહરો રૂઠડો નાહ મનાવે રે ચાંદલીયા! ૨

તું તો વાહન વેગો ચલાવે, સ્થૂલભદ્રને વાત જણાવે
માહરો કામ કરી ઘેર આવે રે, ચાંદલીયા! ૩

પ્રાંહ પ્રીત કહરયું ન કરીઇ, ધરીઇ તો છેહ ન કરીઇ
વિણઓલ્યા કિમ વિછડીઇ રે, ચાંદલીયા! ૪

જેહ વિચે હાર ન માતો, વિરહો પિણુખિણુ ન ખમાતો
તેહ વિણ દિસે કાલ જાતો રે, ચાંદલીયા! ૫

દોઢ માસ દેઢ ગયો તાલી, પપિયડે વાચ્યું ન પાલી
ધમ જપે કોશ્યા બાલી રે, ચાંદલીયા! ૬

કવિ સહેજસુંદર ધમ ભાષે, જે શીયલ ગુણે કરી વાસે
તેહની વાટ જોઉં ચોમાસે રે, ચાંદલીયા! ૭૫

કવિ કલ્પનાના આકાશમાં નથી, એમને કોશાની ભીતર લહેરાતી વેદનાની વાદળીઓ દેખાય છે તેથી આટલું સચોટ વર્ણન તેઓ કરે છેઃ જેના વિના રહેવાતું નહોતું. પળપળ વીતતી નહોતી તેના વિના કાળ વહે છે. જો પ્રીત કરવી તો નિભાવવી: નહીં તો કરવી નહીં. કોશા પૂછે છેઃ અધડા વિના તડછોડવું શું યોગ્ય છે? એ આક્રન્દમાં કહે છેઃ પાપિયડે વાચ્ય ન પાલી! કવિ પદને ઝડપથી ટૂંકાવે છે પણ અંતમાં વૈરાગ્યનો ભાવોદ્રેક સુંદર લહેરાવે છેઃ જે શિયળનો સંગાથી છે તેવાની વાટ ચોમાસે કોશા જુએ છે! માત્ર એક જ કડીમાં સ્થૂલિભદ્ર અને કોશાના જીવનની મહાનતા કવિ વ્યકત કરી દે છે. મહાપુરુષોને વર્ણવવા ગ્રંથ જ નહીં, વાકય પણ સમર્થ હોય છે.

તો વળી, એ જ સત્તરમા સૈકાના પૂર્વાર્ધના ખ્યાત કવિ નયસુંદર કોશા-સ્થુલિભદ્રના ગીતમાં કોશાની વિનંતી અલગ રીતે રજૂ કરે છેઃ આ સમગ્ર રચનામાં પણ 'ચંદ્ર'નો જ પ્રતીક તરીકે ઉપયોગ થયો છે તે, શૃંગારના એક જ અલંકારના ભાગ-રૂપ હોવા છતાં સહજસુંદર અને નયસુંદર બન્ને સમાન ગૌરવે પ્રતીક, પ્રસંગનો વિનિયોગ કરે છે તે નોંધનીય છે. આમ છતાં આ ગીત સહજસુંદરના વિરહગીત કરતાં વિશેષ સંપૂર્ણ લાગે છે. જુઓ:

કોશા કામિનિ કહે ચંદાને, ચંદા! તું પરઉપગારી રે,
મુઝ પિયુ પાસે જાય જો, ચંદા! વીનતડી સુણજો મારી-રે ૧
ગોદ બિછાઈ પાય પડું, ચંદા! એતલિ કરજો સાર રે,
વચન કહું તે જઇ કહેજો, ચંદા! પ્રીછવ પ્રાણ આધાર રે. ૨
ચાર ઘડી મુનિ કહિ ગયો ચંદા! થુલભદ્ર વહાલો હમારો રે,
ચિત ચોરીને ચાલીયો ચંદા! થુલભદ્ર પ્રાણ આધારો રે. ૩
બાર વરસની પ્રીતડી ચંદા, ક્ષણમાં કીધિ વિસરાવો રે,
એકલડી મેલી ગયો ચંદ, બલતી ન કીધિ સંભાલો રે. ૪
સંજમ નારિયે ભોલાવ્યો ચંદા, હું ચિત્તથી ઉતારી રે,
એક સંદેસો ન મોકલ્યો ચંદા પૂરવ પ્રીત વિસારી રે. ૫
સુણો દેખાડ ને આપણો ચંદા કાલ જ જો ઉમેલી રે,
પીઉ વિના તે કુણ ઓલાવે, ચંદા કસું કરું સાહેલી રે. ૬
સુના મિંદ્ર (મંદિર) માલીયાં ચંદા સુની ચિત્રાસાલી રે,
પીઉ વિણ સુના ઓરડા ચંદા સુની સેજ સુહાલી રે. ૭
કંચન ત્રોટી કસી કરું ચંદા ઝાલિ તે ગાલ ન ગમે રે,
હાર તે ભાર કરે ઘણો ચંદા ઝાંઝરિઓ મને દમે રે. ૮
ખિટલડી ખટકે ઘણું ચંદા ચાક તે થાક ચઢાવે રે,
કટમેલા મેખલા થઇ, ચંદાવીજિયડા વિંછી થાવે રે. ૯
ભૂખ તરસ ગઇ વીસરી, ચંદા ભોજન અન્ન ન ભાવે રે,
સાકર કાકર સમ થઈ, ચંદા એક પિઉ દરસન ભાવે રે. ૧૦
મણિ માણુક મોતી ઘણાં, ચંદા સોવનરૂપ ભંડારો રે,
પીઉ વિના તે સું કીજીએ ચંદા સુનો એ સંસારો રે. ૧૧
જે દેખી મન ઉલસે ચંદા નયણે નેહ જણાવે રે,
સો સજ્જન વહી ગયા, ચંદા અવર ન કો ચિત આવે રે. ૧૨
દિવસ દોહિલે નીગયું, ચંદા વેરણ રાતિ ન જાવે રે,
વિરહ દાવાનલ પ્રજલ્યો ચંદા, કંતજી મેહને આવે રે. ૧૩
કામણગારો નાહલો ચંદા કામણહું મુને કીધું રે,
પરીત ઉતાપો કરિ ઘણો, ચંદા ચંદન ન ગમે દીહું રે. ૧૪
ખટકીએ વાટ જોઉં ઘણી, ચંદા પંથીને પુછું સંદેશો રે,
પંખ હોય તો આવી મલું ચંદા એ નિશ ધરતી સંદેશો રે. ૧૫
એ સવી મારી વીનતી, ચંદા થુલભદ્રને જાઇ ભાખો રે,
વાલમ વહેલા આવજો ચંદા જો મુઝને જીવતી રાખો રે. ૧૬
સદ્‌ગુરુને આદેસડે ચંદા થુલભદ્ર ચોમાસું આવે રે,
કોશા હરખી હિયલડે, ચંદા મોતીડે થાલ વધાવે રે. ૧૭
રહી ચોમાસું જુઝવી ચંદા કોસાને સમકીત દીધો રે,
મયણ મહાભડે કરી ચંદા સુરનરમાં જસ લીધો રે. ૧૮
નામ ચહાવ્યું આપણું ચંદા ચોરાસી ચોવીસી રે,
નયણ સુંદર પંડિત કહે ચંદા ગુણગાવે નિસ દીસો રે.૧૯[૬]

આમ, જૈન કવિઓએ તમામ રસ દ્વારા ભારતીય સાહિત્યના ક્ષેત્રમાં જે પ્રદાન કર્યું છે તે નિત્ય સ્મરણીય છે. જૈન કવિઓએ જે સંસ્કૃતિની ધરતી પર સુવર્ણ પગલાં પાડ્યાં છે તેનું આ તો ઉપલક દર્શન છેઃ એના આત્માને સ્પર્શવા માટે તો જીવન-તર્પણ કરવું પડે.

'પ્રબુદ્ધ જીવન'-પ્રજાસત્તાક અંક

'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧૬મી જાન્યુઆરી, ૧૯૮૭નો અને તા. ૧લી ફેબ્રુઆરી, ૧૯૮૭નો અંક સંયુકત અંક તરીકે-પ્રજાસત્તાક અંક તરીકે તા. ૨૬મી જાન્યુઆરી આસપાસ પ્રગટ કરાશે. -તંત્રી

પાદનોંધ:

૧: Asiatic Researches: ૧૮૦૭

૨, ૩: ડૉ. જોહન્સ હર્ટલ, જૈનયુગ, ૧૯૮૨

૪: રત્નસિંહસૂરિના શિષ્ય વિનયચંદ્રગણિએ 'નેમિનાથ ચતુષ્પાદિકા' નામે સં. ૧૩૨૭માં સૌ પ્રથમ ગુજરાતી રાસ રચ્યો, જુઓ 'જૈન રાસમાળા.'

૫, ૬: જૈનયુગ, ૧૯૮૨.

શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ કૃત: 'સામાયિકસૂત્ર'

❖ પ્રા. કાંતિલાલ બી. શાહ

શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇએ 'જૈન ગૂર્જર કવિઓ' અને 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' દ્વારા જૈન સાહિત્યની –સમગ્ર ગુજરાતી સાહિત્યની તો સેવા કરી જ છે; સાથે જૈન દર્શન-તત્ત્વ વિચારણા પ્રત્યે એમને કેટલો ઊંડો લગાવ હતો એની પ્રતીતિ એમના 'સામાયિકસૂત્ર' પુસ્તક દ્વારા મળે છે. આ પુસ્તક એક કાળે કેટલું લોકપ્રિય અને ઉપયોગી બન્યું હશે એનો ખ્યાલ એક જમાનામાં એની ત્રણ આવૃત્તિઓ થયેલી એના પરથી આવી શકે.

પ્રથમ આવૃત્તિ ૧૯૧૧માં પ્રગટ થઇ. એની ૨૦૦૦ નકલો બહાર પડેલી.

બીજી આવૃત્તિ ૧૯૨૭માં પ્રગટ થઇ. એની ૧૦૦૦ નકલો બહાર પડેલી અને ત્રીજી શાલોપયોગી આવૃત્તિ ૧૯૩૭માં પ્રગટ થઇ. એની ૧૦૦૦ નકલો બહાર પડેલી. આ શાલોપયોગી આવૃત્તિ પણ થોડીક કાપકૂપ અને સંક્ષેપ સાથે શ્રી મોહનલાલે જ તૈયાર કરી આપેલી.

આ પુસ્તક એ કેવળ સામાયિક-સૂત્રોનું સંકલન કે સંગ્રહ માત્ર નથી. સામાયિક લેતાં કે પારતાં બોલવાનાં સૂત્રો, એનો ક્રમ ને એની વિધિ જ અહીં રજૂ થયાં હોત તો આ પુસ્તકનું કોઈ વિશેષ મહત્ત્વ ન હોત. પણ આ પુસ્તક વિશેષ ઉદ્દેશથી રચવામાં આવ્યું છે.

શ્રી મોહનલાલે પ્રસ્તાવનામાં લખ્યું છે કે 'પરંપરાએ ચાલી આવેલું માટે તે કર્તવ્ય છે એટલું જ સ્વીકારી લેવાનું નથી; પરંતુ તેમાં કંઇ હેતુભૂત રહસ્ય રહેલ છે તે શોધી કાઢવાની જરૂર છે.' અહીં લેખકનો ઉદ્દેશ સ્પષ્ટ થાય છે. આપણે પરંપરાએ ચાલી આવતી જે સામાયિક-ક્રિયા કરીએ છીએ, જે સૂત્રો બોલીએ છીએ, નિશ્ચિત ઘડીનો જે સ્વાધ્યાય-કાળ વીતાવીએ છીએ તેની પાછળનું શું રહસ્ય છે, કયો તત્ત્વ-વિચાર છે તેના ઉપર પ્રકાશ પાડવાનો આ પુસ્તક પાછળનો લેખકનો ઉદ્દેશ છે અને તે પાર પાડવામાં લેખક સફળ રહ્યા છે. મોહનલાલ દ. દેશાઇ સંશોધન અને શાસ્ત્રીય અભિગમના માણસ હોઇને એમનું કાંઈ પણ લખાણ કદી નિરાધાર હોતું નથી. એટલે સામાયિક વિચારની રજૂઆત માટે એમણે સંસ્કૃત-પ્રાકૃત –અપભ્રંશ-ગુજરાતી શાસ્ત્રો અને સાહિત્યનો પૂરતો આધાર લઇને સામાયિકચિંતનને પુષ્ટિ આપી છે.

આ પુસ્તકમાં બે વિભાગો અને પાંચ પરિશિષ્ટો મુકાયાં છે. એમાંનો પહેલો વિભાગ છે 'સામાયિકવિચાર.' આ વિભાગમાં રજૂ થયેલું સામાયિકચિંતન આ પુસ્તકને આગવી વિશેષતા અર્પે છે. એમાં સામાયિકનું સ્વરૂપ, સામાયિકનું સ્થાન, સામાયિકનાં લક્ષણ, શબ્દાર્થચર્ચા, સામાયિકનું માહાત્મ્ય અને ફલસિદ્ધિ વ. વિશેની તાત્ત્વિક વિચારણાની છણાવટ જરૂરી વર્ગીકરણો, પૃથક્કરણો અને ક્વચિત કોઠા સહિત કરવામાં આવી છે. આ ચર્ચાને લેખકે કુલ ૧૦૨ પેટાવિભાગોમાં ગૂંથવી છે.

સામાયિકના સ્થાનની વાત કરતાં એમણે સામાયિકને ૧૨ વ્રતોમાંનું એક વ્રત ગણાવ્યું છે અને તેને શિક્ષાવ્રત કહ્યું છે. એટલે કે તેમાં સુંદર ધર્માભ્યાસ સાધી શકાય છે. એ એવું વ્રત છે જેનાથી ચારિત્રાચાર અને વીર્યાચારની શુદ્ધિ થાય છે.

'સામાયિક' શબ્દની શબ્દાર્થચર્ચા કરતાં એના ત્રણ અર્થ બતાવાયા છે :

(૧) મોક્ષસાધન પ્રત્યે જેમનું સમ (સરખું) સામર્થ્ય છે તેવાં સમ્યક્-દર્શન-ચારિત્ર એ ત્રણનો આય (લાભ) જેમાં છે તે સામાયિક.

(૨) રાગદ્વેષને ટાળીને, સમ્યક્દર્શન આદિ જેનું લક્ષણ છે એવો લાભ જેમાં છે તે સામાયિક. અહીં 'સમ'નો અર્થ મધ્યસ્થપણું–રાગદ્વેષરહિતતા એમ કરવામાં આવ્યો છે.

(૩) સર્વ જીવો પ્રત્યેના મૈત્રીભાવનું લક્ષણ જેનું છે એવો લાભ જેમાં છે તે સામાયિક.

સામાયિકનું લક્ષણ બાંધતાં લેખક નીચેનો સંસ્કૃત શ્લોક ટાંકે છે :

સમતા સર્વભૂતેષુ સંયમ : શુભ ભાવના,
આર્તરૌદ્રપરિત્યાગસ્તદ્ધિ સામાયિક વ્રતં.

આ શ્લોકનો આધાર લઇને લેખકે વિસ્તારથી સામાયિકનાં લક્ષણોની ચર્ચા કરી છે સર્વ જીવો પ્રત્યેની સમતા, ઇંદ્રિય-નિગ્રહ દ્વારા સંયમ, શુભભાવના, આર્ત-રૌદ્ર ધ્યાનનો પરિત્યાગ કરી શુકલ ધ્યાનને ધ્યાવવું–તે સામાયિકનાં લક્ષણો છે. લેખક સમતાનું સ્વરૂપ, વિષયમાં ખૂબ ઊંડા ઊતરીને સમજાવે છે. ઉપાધ્યાય યશોવિજયજીના 'શમાષ્ટક'માંથી સંસ્કૃત શ્લોકનો લેખકે આધાર લીધો છે.

જ્ઞાનધ્યાનતપઃશીલ સમ્યક્ત્વસહિતોઽપ્યહો,
તં નાપ્નોતિ ગુણં સાધુર્ય પ્રાપ્નોતિ શમાન્વિતઃ

[કોઇ જ્ઞાની, ધ્યાની, તપસ્વી, શીલવંત અને સમકિતવાળા સાધુ હોય તે છતાં તેને, જેટલો લાભ સમતાવંત પ્રાપ્ત કરે છે તેટલો લાભ મળતો નથી.]

આનંદઘનજીના એક 'શાંતિનાથ સ્તવન'માંથી લેખક નીચેની પંક્તિઓ ટાંકે છે :

સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ–મણિ ભાવ રે,
મુક્તિ-સંસાર બેઉ સમ ગણે, મુણે ભવજલનિધિ નાવ રે.

અને એક પ્રાકૃત શ્લોક પણ ટાંકે છે :

જો સમો સવ્વ ભૂએસુ, તસેસુ થાવરેસુ ય,
તસ્સ સામાઇયં હોઇ, ઇયં કેવલિ ભાસિયં.

[સર્વ પ્રાણીમાત્ર જે ત્રસ તથા સ્થાવર જીવો છે તેને વિશે જે સમતા પરિણામ રાખે તેનું સામાયિક છે એમ કેવલી ભગવાને કહ્યું છે.]

આમ મોહનલાલે તત્ત્વજ્ઞાન જેવા વિષયને વિવિધભાષી શાસ્ત્રોનો આધાર લઇ, દૃષ્ટાંતો દ્વારા વિશદ, રસાળ અને સરળ બનાવ્યો છે જેમાં લેખકની અભ્યાસશીલતા, સાહિત્યરુચિ

અને વિદ્વત્તાનો પરિચય મળી રહે છે.

તે પછી લેખક સામાયિકવ્રતના પાંચ અતિચારની વાત કરે છે. જેમાંના ત્રણ આ પ્રમાણે છેઃ ૧. મનોદુઃપ્રણિધાન ૨. વચનદુઃપ્રણિધાન ૩. કાયદુઃપ્રણિધાન. દુઃપ્રણિધાન એટલે પાપકર્મમાં પ્રવર્તવું તે. આ ત્રણ અતિચાર એટલે મન-વચન-કાયાનું પાપકર્મમાં પ્રવર્તન. ચોથો, અનાદાર. એટલે પ્રમાદાદિ દોષથી સામાયિક જેમતેમ કરવું કે પછી કરવાનો આરંભ કરી ઝટપટ સમાપ્ત કરવું. પાંચમો, સ્મૃત્યનું સ્થાપન (સ્મૃતિનાશ) સામાયિક કર્યું કે નહીં અથવા કરવાની સ્મૃતિનો નાશ.

તે પછી લેખક સામાયિકના ૩૨ દોષનું વિશ્લેષણ આપે છે. આ વિશ્લેષણ કરતાં પહેલાં લેખક વીરવિજ જી રચિત સામાયિકના ૩૨ દોષની સઝાય રજૂ કરે છે. ચોપાઈમાં રચાયેલી 'શુભગુરુ ચરણે નામી શિશ, સામાયિકના દોષ બત્રીશ' પંક્તિથી આરંભાતી આ ખૂબ જાણીતી સઝાય આપીને, વાચકોને વિષય રસાવહ અને સઝાઘ બને એવો માર્ગ લેખક શોધે છે. મનના ૧૦, વચનના ૧૦ અને કાયાના ૧૨ દોષ મળી કુલ ૩૨ દોષની લેખકે વિસ્તૃત છણાવટ કરી છે.

અહીં સામાયિકના પ્રથમ લક્ષણ સમતાની વાત પૂરી થાય છે, જેને માટે લેખકે ૨૫ જેટલા પેટાવિભાગો રોકયા છે. પછી અનુક્રમે સંયમ, શુભભાવના, આર્ત-રૌદ્ર ધ્યાનનો ત્યાગની વિચારણા લેખક કરે છે.

હરિભદ્રસૂરિનો આધાર લઈને લેખકે સામાયિકને મોક્ષનું અંગ કહી છે. ક્રમકે ચારિત્ર મોક્ષનું અંગ છે, ને સમતા ચારિત્રનો પાયો છે. સમતાનું લક્ષણ સામાયિકમાં પ્રાધાન્યે હોવાથી સામાયિક પણ મોક્ષનું અંગ છે.

પછી લેખકે સામાયિકનાં આઠ નામો અને તે દરેક ઉપર અલગ અલગ દૃષ્ટાંતકથાઓ રજૂ કરી છે.

લેખક સામાયિકના ૪ પ્રકાર દર્શાવે છેઃ ૧. શ્રુત સામાયિક ૨. સમ્યકૃત્વ સામાયિક ૩. દેશવિરતિ સામાયિક અને ૪. સર્વવિરતિ સામાયિક. તે ઉપરાંત સામાયિકના દ્રવ્યસામાયિક અને ભાવસામાયિક એવા બે ભેદ પણ લેખકે દર્શાવ્યા છે.

પછી આવે છે સામાયિકમાં આવશ્યક એવાં ઉપકરણોની વીગતો. એમાં ચરવળો, કટાસણું, મુહપત્તી, પુસ્તકાદિ, સ્થાપનાચાર્ય અને અન્ય ઉપધિઓનો સમાવેશ થાય છે. નવકારવાળીને પણ એક ઉપકરણ ગણ્યું છે ને તે વિશેની એક સઝાય પણ રજૂ કરાઈ છે.

સામાયિકનાં ચાર સ્વરૂપો લેખકે બાંધ્યાં છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી કરાતી સામાયિક આ ઉપરાંત સામાયિકનો કાળ કેવી રીતે ગાળવો, સામાયિક-નથની અપેક્ષાએ, 'સામાયિક'નાં પર્યાય શબ્દો, સાધુની અને શ્રાવકની સામાયિક વચ્ચેનો ભેદ વ.ની ચર્ચા કરી, આ વિભાગમાં છેલ્લે લેખક સામાયિકનું માહાત્મ્ય-ફલ દર્શાવે છે. સામાયિક મોક્ષનું અંગ છે એ તો એનું ઉચ્ચતમ માહાત્મ્ય ખરું જ. વળી સામાયિક કરનાર આણું કોડી, ઓગણસાઠ લાખ, પચીસ હજાર, નવસો, પચીસ પલ્યોપમ દેવગતિનું આયુષ્ય બાંધે છે. વળી એક પ્રાકૃત શ્લોકનો આધાર લેખક આપે છે :

દિવસે દિવસે લક્ખં, દેઇ સુવન્નસ ખંડિયં એગો,
એગો પુણ સામાઇયં કરેઇ ન પહુપ્પએ તસ્સ.

[કોઈ દરરોજ લાખ ખાંડી સોનૈયાનું દાન આપે, અને કોઈ રોજ એક સામાયિક કરે, પણ સામાયિક કરનારની તોલે લાખો સોનૈયાનું દાન દેનારો આવતો નથી.]

સામાયિક પારતાં 'સામાઇયવયજુત્તો' સૂત્રમાં બોલાય છે કે-
સામાઇઅંમિ ઉ કએ, સમણોઇવ સાવઓ હવઈ જમ્હા,
એએણ કારણેણં બહુસો સામાઇયં કુજ્જા.

[સામાયિક કરવાથી શ્રાવક સાધુ જેવો થાય છે. માટે બહુવાર સામાયિક કરવું.]

આમ, મોક્ષનું અંગ બની શકવાની ક્ષમતા ધરાવતા અને ચંદક્ષણો માટે પણ શ્રાવકને સાધુત્વ અર્પતા, સામાયિકના આ માહાત્મ્ય સાથે લેખક 'સામાયિક વિચાર' વિભાગ સમાપ્ત કરે છે.

આ ગ્રંથનો બીજો વિભાગ છે 'સામાયિકસૂત્ર.' પણ એ કેવળ સામાયિક લેતાં કે પારતાં ઉપયોગમાં લેવાનાં સૂત્રોનો સંગ્રહ કે સંકલન માત્ર નથી, પણ પ્રત્યેક મૂળ સૂત્ર આપવા ઉપરાંત એની સંસ્કૃત છાયા, એનો અર્થપાઠ અને એનો વિસ્તૃત વિવેચનપાઠ પણ અહીં અપાયાં છે. પ્રથમ નવકારસૂત્રમાં જે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવ્યા છે તે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ વિશે અતિવિસ્તારી માહિતી અહીં અપાઇ છે. અરિહંતના ૧૨, સિદ્ધના ૮, આચાર્યના ૩૬, ઉપાધ્યાયના ૨૫ અને સાધુમુનિરાજના ૨૭ ગુણની પંક્તિપૂર્વકની છણાવટ લેખકે કરી છે. 'પંચિંદિય' સૂત્ર વિશેના વિવરણમાં પાંચ ઇંદ્રિયોના ૨૩ વિષય અને ૨૫૨ વિકારોનું વિભાગીકરણ કોઠો દર્શાવીને કરવામાં આવ્યું છે. 'ઇચ્છામિ ખમાસમણો' સૂત્ર પરની ચર્ચામાં ૩૨ પ્રણિપાતદોષનું તથા તે-તે દોષવર્જનથી થતા ગુણનું વિવરણ કરવામાં આવ્યું છે. 'ઇરિયાવહિયં' સૂત્રમાં જે ૫૬૩ પ્રકારના જીવો પ્રત્યે મિચ્છા મિ દુક્કડં દેખાય છે તે જીવોના ભેદનું વર્ગીકરણ લેખક નોંધે છે. 'તસ્સઉત્તરી' સૂત્રમાં કાયોત્સર્ગનો જે સંકલ્પ અને હેતુ છે તેનું વિવરણ અહીં થયું છે. 'અન્નત્થ ઊસસિએણં' સૂત્રના વિવેચનપાઠમાં કાયોત્સર્ગ દરમ્યાન ટાળવાના ૧૯ દોષોનું વિવરણ થયું છે. ૧૯ દોષની જ્ઞાનવિમલસૂરિની એક સઝાય પણ અહીં રજૂ થઈ છે. 'લોગસ્સ' સૂત્રમાં જે ૨૪ તીર્થંકરોની સ્તુતિ કરવામાં આવી છે તે તમામ તીર્થંકરો વિશે લેખકે પરિચયનોંધો આપી છે. 'ઇચ્છાકારેણ'માં મુહપત્તી પડિલેહવાનો આદેશ છે. તેનું વિવરણ કરતાં લેખક મુહપત્તી પડિલેહવાનો હેતુ તથા રીતિ વિશે નોંધ આપે છે. મુહપત્તીના ૫૦ બોલની બે સઝાયો પણ અહીં રજૂ થઈ છે. 'કરેમિ ભંતે' સૂત્રમાં ગુરુ પાસે સામાયિકનું પચ્ચખાણ (પ્રત્યાખ્યાન) માગવામાં આવે છે. 'સામાઇયવયજુત્તો' એ સામાયિક પારવાનું સૂત્ર છે એમાં પ્રગટતો સામાયિકનો મહિમા લેખકે નોંધ્યો છે.

પરિશિષ્ટ ૧ માં ગુરુભગવંતને સુખશાતાની પૃચ્છા કરતું સૂત્ર 'ઇચ્છકાર સુહરાઈ..' અપાયું છે.

પરિશિષ્ટ ૨ માં 'પંચિંદિય' સૂત્રમાં નવવિધ બ્રહ્મચર્ય-શીયળની નવ વાડોનો જે ઉલ્લેખ આવે છે તેનું અહીં વિસ્તૃત વિવરણ કરાયું છે. આ પરિશિષ્ટની વિશેષતા એ છે કે ઉદયરત્ને લખેલી શીયળની નવ વાડો વિશેની દશ ઢાળોને અહીં ચાલુ વિવરણમાં યથાસ્થાને ગૂંથી લેવાઈ છે.

પરિશિષ્ટ ૩ માં સામાયિક કરતાં બોલવાનાં તમામ સૂત્રોનો

(અનુસંધાન પૃષ્ઠ ૬૧ ઉપર)

નવમો જૈન સાહિત્ય સમારોહ

* અહેવાલ : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

[૧]

પૂર્વભૂમિકા

શ્રી 'શત્રુંજય તીર્થ' એટલે જૈનોનું પવિત્રતમ તીર્થ-તીર્થાધિરાજ. આ તીર્થમાં કાંકરે કાંકરે અનંત આત્માઓ સિદ્ધિપદને પામ્યા છે, અને તેથી જ આ ભૂમિની અણુએ અણુ અતિ પવિત્ર મનાય છે. પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવની નિર્વાણભૂમિ અષ્ટાપદને, બારમા વાસુપૂજ્યસ્વામીની નિર્વાણભૂમિ ચંપાપુરીને, બાવીસમા નેમિનાથ પ્રભુની નિર્વાણભૂમિ ગિરનાર-પર્વતને, ચોવીસમા મહાવીરસ્વામીની નિર્વાણભૂમિ પાવાપુરીને અને બાકીના વીસ તીર્થંકરોની નિર્વાણભૂમિ સમેતશિખર તીર્થને વંદન કરતા જે પુણ્યફળ પ્રાપ્ત થાય છે તે કરતાં સો ગણુ એકલા શ્રી શત્રુંજયતીર્થને વંદન કરવાથી પ્રાપ્ત થાય છે એમ 'શત્રુંજય લઘુકલ્પ'માં કહેવામાં આવ્યું છે. આમ જૈન ધર્મમાં શ્રી શત્રુંજય તીર્થનું આવું અચિંત્ય માહાત્મ્ય અને અદ્‌ભુત પ્રભાવ છે. અને તેથી જ જૈનો શ્રદ્ધાપૂર્વક આનંદોલ્લાસથી આ તીર્થની યાત્રા કરી જીવનમાં કૃતાર્થતા અનુભવે છે. જૈનોના આવા મહાન, પવિત્ર અને શાશ્વતા તીર્થધામ શ્રી શત્રુંજય તીર્થમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને શ્રી સિદ્ધક્ષેત્ર જૈન સાહિત્ય મંદિરના સંયુક્ત ઉપક્રમે સાહિત્યકલારત્ન પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબના પ્રમુખસ્થાને (નિશ્રામાં) તા. ૨૧, ૨૨, નવેમ્બર, ૧૯૮૭ના રોજ પાલિતાણા ખાતે શ્રી સિદ્ધક્ષેત્ર જૈન સાહિત્ય મંદિરના ધર્મવિહાર સભાગૃહમાં નવમા જૈન સાહિત્ય સમારોહનું આયોજન થયું હતું.

સમારોહની તૈયારી અને વ્યવસ્થા

પાલિતાણા જૈન સંઘના અગ્રણીઓ શ્રી નગીનદાસ ઓધવજી ગાંધી, શ્રી વૃજલાલ પાનાચંદ વોરા, શ્રી શાંતિલાલ ચત્રભુજ ગાંધી, શ્રી ધરમશી જાદવજી વોરા, શ્રી વેણીલાલ પોપટલાલ દ્વોશી, પ્રા. જયંતીલાલ એમ. શાહ, શ્રી આર. કે. શાહ આદિએ સતત જહેમત ઉઠાવીને સમારોહની ભોજનઉતારા સહિત તમામ વ્યવસ્થા ગોઠવી હતી.

ઉદ્‌ઘાટન બેઠક

શનિવાર, તા. ૨૧મી નવેમ્બર, ૧૯૮૭ના રોજ સવારના નવ વાગે શ્રી સિદ્ધક્ષેત્ર જૈન સાહિત્ય મંદિરના ધર્મવિહાર સભાગૃહમાં ઉદ્‌ઘાટન બેઠકનો પ્રારંભ થયો હતો. આ વખતનો સમારોહ પ. પૂ. આ. શ્રી યશોદેવસૂરિજી મહારાજની નિશ્રામાં અને પ. પૂ. શ્રી જંબુવિજયજી મહારાજ, પ. પૂ. શ્રી મિત્રાનંદસૂરિજી મહારાજ, પ. પૂ. પં. શ્રી વાચસ્પતિવિજયજી મહારાજ, પ. પૂ. શ્રી મણિપ્રભસાગરજી મહારાજ વગેરે સાધુ ભગવંતોની ઉપસ્થિતિમાં યોજાયો એ એની વિશિષ્ટતા હતી.

સ્વાગત

પાલિતાણા જૈન સંઘના અગ્રણી અને શ્રી સિદ્ધક્ષેત્ર જૈન સાહિત્ય મંદિરના ટ્રસ્ટી શ્રી વૃજલાલ પાનાચંદ વોરાએ સૌનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે આટલા બધા વિદ્વાનો અમારા આંગણે પધાર્યા છે તે અમારું મોટું સદ્‌ભાગ્ય છે.

આવકાર

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી શ્રી સેવંતીલાલ કેશવલાલ શાહે મહેમાનોને આવકાર આપતાં જણાવ્યું હતું કે છેલ્લા સાડાસાત દાયકાના ઇતિહાસમાં વિદ્યાલયે સમાજના ચરણે ડોકટરો, વકીલો, સ્થપતિઓ, અર્થશાસ્ત્રીઓ, ઉદ્યોગપતિઓ અને સાહિત્યકારો ધર્યા છે. આગમ પ્રકાશન અને સાહિત્ય સમારોહની પ્રવૃત્તિથી વિદ્યાલય જ્ઞાન અને વિદ્યાના ક્ષેત્રે અજવાળાં પાથરી રહ્યું છે. આ સંસ્થાનો અમૃત મહોત્સવ થોડા સમયમાં ઉજવાશે તે સમયે આવતાં પચાસ વર્ષને નજર સામે રાખીને વિદ્યાલય દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરવાની ભાવના છે.

જૈન સાહિત્ય સમારોહની રૂપરેખા

આ સમારોહના સંયોજક ડો. રમણલાલ ચી. શાહે જૈન સાહિત્ય સમારોહની ભૂમિકા સમજાવતાં જણાવ્યું હતું કે આ પ્રવૃત્તિનો પ્રારંભ સન ૧૯૭૭માં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના હીરક મહોત્સવ પ્રસંગે મુંબઇમાં થયો હતો. એ પછી મહુવા, સુરત, સોનગઢ, માંડવી (કચ્છ), ખંભાત, પાલનપુર અને સમેતશિખર તીર્થ ખાતે આવા સાહિત્ય સમારોહ યોજાયા હતા. વિદ્યાલયના ઉપક્રમે યોજાતા આ સાહિત્ય સમારોહ માટે

શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ કૃત: 'સામાયિકસૂત્ર'

(પૃષ્ઠ ૧૬૦થી ચાલુ)

મૂળ પાઠ (સામાયિક લેવાની અને પારવાની વિધિ સહિત) આપવામાં આવ્યા છે આમ તો 'સામાયિક સૂત્ર' વિભાગમાં સૂત્રોના મૂળ પાઠ અપાયા જ હોઇ અહીં પુનરાવર્તન થયું છે ખરું; પણ જે શ્રાવક-શ્રાવિકાઓને સૂત્રો કંઠસ્થ નથી, અને સામાયિક કરતી વખતે તે-તે સૂત્રોના કેવળ મુદ્રિત પાઠની ઉપયોગિતા છે તેમનું કામ આ પરિશિષ્ટથી સરે એમ છે.

પરિશિષ્ટ ૪માં મોહનલાલે સૂત્રોના ગુજરાતી પદ્યાનુવાદનું એક અતિ મહત્ત્વનું કરવા યોગ્ય કામ કર્યું છે. સામાયિકનાં તમામ સૂત્રોનો એમણે ગુજરાતી ભાષામાં સરળ, રસાળ પદ્યાનુવાદ કર્યો છે. દોહરા છંદ એમને વિશેષ અનુકૂળ આવ્યો છે. તો 'લોગસ્સ' સૂત્રનો સમશ્લોકી (અનુષ્ટુપમાં પ્રથમ શ્લોક અને આર્યામાં બાકીની ગાથાઓ) અનુવાદ કર્યો છે. તો એ જ લોગસ્સ સૂત્રને ગુજરાતી ગેય ઢાળમાં ઢાળવાનો પ્રયોગ પણ લેખકે કર્યો છે. આમ આ પરિશિષ્ટમાં લેખકની પદ્યાનુવાદક તરીકેની નિપુણતા પણ સુપેરે પ્રગટ થતી દેખાય છે.

પરિશિષ્ટ પમાં આપણા જૂના સાધુકવિઓનાં કેટલાંક સુપ્રસિદ્ધ ચૈત્યવંદન-સ્તવન-સ્તુતિ-સઝાય આદિનો સંગ્રહ છે.

જૈન કુટુંબોમાં ઘરઘરમાં થતી રોજિંદી ધાર્મિક ક્રિયા-વિધિઓમાંની એક તે સામાયિક. તેની પાછળની તત્ત્વવિચારણા જેને જાણવી-સમજવી છે તેને માટે શાસ્ત્રાધાર સહિતની વિસ્તૃત વિવેચના કરતું, વિભાગીકરણ – પૃથક્કરણની સહાયતા સમગ્ર વિચારણાને સરળ – વિશદ તે ગ્રાહ્ય બનાવતું, ધર્મ, તત્ત્વજ્ઞાન અને સાહિત્યનો સુમેળ સાધતું શ્રી મોહનલાલ દ. દેશાઇનું 'સામાયિકસૂત્ર' પુસ્તક ખરેજ એક ઉમદા અને ઉપયોગી પુસ્તક છે. શ્રાવકનું કોઇ પણ ઘર આ પુસ્તકથી વંચિત હોવું ન જ ઘટે.

કોઈ ઔપચારિક માળખું ઘડવામાં આવ્યું નથી. સમારોહનું કોઈ બંધારણ નથી કે તેના સભ્યપદનું કોઈ લવાજમ નથી. આ એક રચૈરપણે વિકસતી સાહિત્યિક પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિમાં કોઈ ફિરકાભેદ નથી કે જૈન-જૈનેતર એવી સામ્પ્રદાયિક સંકુચિતતા પણ નથી. જૈન વિષયો પર લખનારા જૈન-જૈનેતર લેખકો આમાં ભાગ લઈ શકે છે. આ સમારોહ નિમિત્તે વિદ્વાનો પોતાના નિબંધ તૈયાર કરવા નવા નવા વિષયોનો અભ્યાસ કરે છે. અહીં પરસ્પર સંપર્ક વધે છે. વિચાર-વિનિમય થાય છે. તેથી જૈન સાહિત્ય અને તત્ત્વજ્ઞાનની દિશામાં નવા નવા અભિગમ જન્મે છે. આ આખી પ્રવૃત્તિ વિદ્યાલય, વિદ્વાનો અને નિમંત્રક સંસ્થાઓના સહયોગથી ચાલે છે. જૈન સાહિત્ય સમારોહનું એક મુખ્ય ધ્યેય તો જૈન સાહિત્ય માટે અભિરુચિ જાગે અને વધે એવું વાતાવરણ પ્રસરાવવાનું છે.

મંગલદીપનું પ્રાગટ્ય

દીપક પ્રગટાવીને સમારોહનું ઉદ્ઘાટન કરતા જાણીતા જૈન અગ્રણી શ્રી વસનજી લખમશી શાહે જણાવ્યું હતું કે આજના કપરા સમયમાં જૈન સંસ્કારો અને કુળને ટકાવી રાખવા હશે તો જીવનમાં સાહિત્યની અભિરુચિ કેળવવી જ પડશે. વિદેશમાં વસતા જૈનોમાં પણ આપણા ધર્મ-સંસ્કાર ટકી રહે તે માટે પંડિતો-વિદ્વાનો તૈયાર કરી ત્યાં મોકલવા પડશે. જૈન સાહિત્ય સમારોહ દ્વારા આ કાર્ય થઈ શકશે તો આ યુગનું એક ચક્રવર્તી કાર્ય થયું ગણાશે.

ભગવાન મહાવીરનો સંદેશ

જૈન આગમોના પ્રકાંડ વિદ્વાન પૂ. મુનિવર્ય શ્રી જંબુવિજયજી મહારાજે પોતાના વિદ્વત્તાપૂર્ણ ઉદ્ઘાટન પ્રવચનમાં જણાવ્યું હતું કે શ્રમણ ભગવાન મહાવીર જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં ત્રણ મુદ્દા પર દેશના આપતા હતા : (૧) જગતના જીવો બંધાય છે કેવી રીતે ? (૨) જગતના જીવોને કેવાં કર્મો ભોગવવાં પડે છે ? અને (૩) જગતના જીવોનો તેમાંથી કેવી રીતે છુટકારો થઈ શકે ? પરમાત્માની આજ્ઞા મુજબ આ ત્રણે વાતનું રહસ્ય પામીને જે જીવો ધર્મરત રહે છે તે અવશ્ય ભવદુઃખને ટાળે છે. આજે આપણા દેશમાંથી સંસ્કૃત અને પ્રાકૃતભાષાનું અધ્યયન લુપ્ત થતું જાય છે. આપણા સાહિત્યનો મૂળ ખજાનો સંસ્કૃત અને પ્રાકૃતમાં છે. એટલે આપણે જો સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના અધ્યયન તરફ દુર્લક્ષ સેવીશું તો ભવિષ્યમાં આપણા એ અમૂલ્ય જ્ઞાનવારસાને સાચવી શકીશું નહિ. શાસ્ત્રવિશારદ વિજયધર્મસૂરિજી મહારાજે એ દિશામાં સારું કાર્ય કર્યું હતું અને તેમનાં સુપ્રયત્નોથી સમાજને પં. હરગોવિંદદાસ, પં. સુખલાલજી અને પં. બેચરદાસજી જેવા પ્રકાંડ પંડિતોની ભેટ મળી હતી. મારી એક ભાવના છે કે શિવપુરીની સુષુપ્ત પડેલી પાઠશાળાને અહીં પાલિતાણા લાવવામાં આવે અને શિવપુરીની જેમ જ અહીં પણ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાને ઉત્તમ કોટિનો જ્ઞાનાભ્યાસ કરાવાય તો વર્તમાન સમયનું એક આવશ્યક ઉત્તમ કાર્ય થશે. અહીં સિદ્ધક્ષેત્ર-પાલિતાણામાં આજે બધી રીતની સાનુકૂળતા છે અને તેથી જ આ સૂચન પર વિચાર કરવા જેવો છે. આપણા જ્ઞાનભંડારોમાં આજે ૭૫ લાખથીય વધારે હસ્તપ્રતો સંગ્રહાયેલી છે. આપણા જ્ઞાનના આ અમૂલ્ય વારસા તરફ આપણે ઓછું લક્ષ આપીએ છીએ. મારા સંસારી પિતાશ્રી અને ગુરુદેવ પૂ. ભુવનવિજયજી મહારાજ કહેતા કે જૈનોએ શસ્ત્રો સરકારને અને શાસ્ત્રો સાધુને સોંપ્યાં છે. આપણે દરદાગી-નાની જેટલી સંભાળ રાખીએ છીએ, વેપારધંધામાં જેટલી કાળજી રાખીએ છીએ તેટલી કાળજી જો જ્ઞાનભંડારોની અને તે દ્વારા જ્ઞાનપ્રાપ્તિની રાખતા થઈ જઈએ તો જૈનધર્મને વિશ્વમાં વધુ યશોજ્જવલ અને વધુ ઉન્નત બનાવી શકીએ.

પરમાત્માની વાણીનો પ્રસાર અને પ્રચાર

જૈન ધર્મની ત્યાગભાવનાના સાક્ષાત પ્રતીકરૂપ જોધપુરથી પધારેલા પૂ. જોહરીમલ પારેખે પ્રભાવશાળી પ્રવચન કરતાં જણાવ્યું હતું કે અસાર આ સંસારનાં દુઃખોથી મુક્ત થવા માટે તીર્થંકર પરમાત્માએ સમય સમય પર પોતાની અમૃતવાણી વહેવડાવી આ સૃષ્ટિ પર પરમ ઉપકાર કર્યો છે, અને એથી જ એ પરમાત્મા પ્રણિત ધર્મ અને જ્ઞાનની પ્રભાવના કરવી એ આપણી સૌની ફરજ બની રહે છે અને એમણે બતાવેલા ઉત્કૃષ્ટ માર્ગ બધાને સુલભ અને સુગમ થાય તેવા પ્રયત્નો કરવા એ આપણું સૌનું કર્તવ્ય બની રહે છે. આવી મહાન લોકોત્તમ વિભૂતિઓના વિચારો કોઈ સંપ્રદાય અથવા અન્ય કોઈ સંકુચિત મનોવૃત્તિમાં બાંધી લેવા હિતાવહ નથી. કારણ કે તેમનાં આપ્તવચનો તો કોઈપણ પ્રાદેશિક જાતિ, લિંગ, ભાષા અને અન્ય ભેદભાવથી પર હોઈ સૌને માટે કલ્યાણકારી છે. સાહિત્ય એક એવી કડી છે કે જે ભિન્ન ભિન્ન સંપ્રદાયોને તેમાં જોડી એક મંચ પર લાવે છે. સાહિત્યકારોનો આશય કોઈપણ પૂર્વગ્રહ કે ગ્રન્થિથી મુક્ત રહીને સાહિત્ય સર્જવાનો હોવો જોઈએ.

સાચા જૈનત્વની પ્રાપ્તિ

આ સમારોહના પ્રમુખસ્થાનેથી મનનીય પ્રવચન આપતાં સાહિત્યકલારત્ન પ પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબે જણાવ્યું હતું કે એક સમય એવો હતો કે આ આર્યાવર્તની ભૂમિમાં કન્યાકુમારીથી કંદહાર (કાબુલ) સુધી નવકારમંત્રનું સતત ગુંજન થતું. જૈનધર્મની આભા સર્વત્ર વિસ્તરેલી હતી. જૈનધર્મનો પ્રભાવ સર્વત્ર જોવા મળતો હતો. જૈન શ્રમણોની મહાન પરંપરા હતી. અને તેની તરફ લોકો પ્રેમ, લાગણી અને આદરથી જોતા હતા. આજે સમય બદલાયો છે. જૈન ધર્મનું ક્ષેત્ર માત્ર ગુજરાત, રાજસ્થાન કે મહારાષ્ટ્રના થોડા વિસ્તારો પૂરતું સીમિત થઈ ગયું છે. જે થઈ ગયું છે તેનો રંજ કર્યા વિના હવે જે છે તેને જાળવવામાં આપણે મગ્ન બનીએ તે જરૂરી છે. આજે તો આપણો સમાજ અર્થપ્રધાન બની ગયો છે. માત્ર અર્થપ્રાપ્તિ જ જીવનની સાર્થકતા નથી. એમની સાથે જ્ઞાનની પ્રાપ્તિ, સાચા ધર્મની, સાચી સમજણની પ્રાપ્તિ એ જ જીવનનું પરમ લક્ષ હોવું જોઈએ.

પ. પૂ. યશોદેવસૂરિજીએ પ્રમુખસ્થાનેથી રજૂ કરવા માટેના શ્રી તીર્થંકરદેવની પ્રતિમાજી ઉપરનાં ત્રણ છત્ર વિષેના પોતાના સંશોધનાત્મક લેખમાંથી કેટલાક મુદ્દા રજૂ કર્યા હતા. અષ્ટપ્રાતિહાર્યમાં એક પ્રાતિહાર્ય તે છત્ર છે. તીર્થંકરના મસ્તક ઉપર ત્રણ છત્રની રચના તેઓ કરે છે. એ ત્રણે છત્રનો ક્રમ ઉપરથી નાનો, મોટો અને વધુ મોટો એ પ્રમાણે છે કે મોટો, નાનો અને વધુ નાનો એ પ્રમાણે છે ? તે વિદ્વાન સાધુ ભગવંતોના વિભિન્ન મત છે. પ. પૂ. યશોદેવસૂરિજીએ ઘણું સંશોધન કરી અને અકાટ્ય પુરાવા આપીને આ લેખ દ્વારા સાબિત કરી આપ્યું છે કે તીર્થંકરદેવની મૂર્તિ ઉપર જે ત્રણ છત્રો છે

તેના ક્રમમાં સૌથી ઉપર નાનું છત્ર હોય છે અને નીચે સૌથી મોટું છત્ર હોય છે.

આ પ્રસંગે પ્રો. તારાબહેન રમણલાલ શાહ, શ્રી નટવરલાલ એસ. શાહ, શ્રી મનુભાઇ શેઠ, શ્રી વસંતભાઈ શેઠ વગેરેએ સમારોહ અંગે પ્રાસંગિક વકતવ્યો કર્યાં હતાં.

અભિવાદન

પાલિતાણાનાં ધાર્મિક અને સાહિત્યક ક્ષેત્રે દીર્ઘકાલીન સેવા આપનાર સંનિષ્ઠ કાર્યકરો (૧) ડો. ભાઈલાલભાઈ એમ. બાવીશી (૨) શ્રી સોમચંદભાઈ ડી. શાહ (૩) પં. કપૂરચંદભાઇ રણછોડદાસ વારૈયા (૪) પ્રા. જયંતીલાલ એમ. શાહ (૫) પં. મનસુખલાલ હરિચંદ મણિયાર અને (૬) પં. પોપટલાલ કેશવજી શાહનું આ સમારોહની ઉદ્‌ઘાટન બેઠકમાં શ્રી સિદ્ધક્ષેત્ર જૈન સાહિત્ય મંદિર તરફથી શાલ ઓઢાડીને સન્માન કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ છએ મહાનુભાવોનો પરિચય શ્રી ચીમનલાલ પાલિતાણાકરે આપ્યો હતો. સન્માનનો પ્રત્યુત્તર પં. કપૂરચંદભાઈ વારૈયાએ આપ્યો હતો.

ઉદ્‌ઘાટન સમારોહનું સંચાલન શ્રી મનુભાઇ શેઠે તથા પ્રા. જયંતીલાલ એમ. શાહે કર્યું હતું અને આભારવિધિ શ્રી ચીમનલાલ કલાધરે કરી હતી.

તત્ત્વજ્ઞાન વિભાગની બેઠક

શનિવાર તા. ૨૧મી નવેમ્બર, ૧૯૮૭ના બપોરના ત્રણ વાગે પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબના પ્રમુખસ્થાને (નિશ્રામાં) પ. પૂ આ. ભગવંત શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબની ઉપસ્થિતિમાં તત્ત્વજ્ઞાન વિભાગની બેઠકનો પ્રારંભ થયો હતો. જેમાં પં. શાંતિલાલ કેશવલાલ, ડો. રમણલાલ ચી. શાહ, પ્રા. મલૂકચંદ રતિલાલ શાહ, પ્રા. અરુણ જોશી, પ્રા. ઉત્પલાબહેન મોદી, શ્રી નટવરલાલ એસ. શાહ, શ્રી ગોવિંદજી લોડાયા, શ્રી ઉષાબહેન મહેતા વગેરેએ પોતાના નિબંધો કે વકતવ્યો રજૂ કર્યાં હતાં.

જૈન તત્ત્વજ્ઞાન

પં. શાંતિલાલ કેશવલાલે આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે વિશ્વના બધા ધર્મોમાં ઈશ્વરને કર્તા માનવામાં આવ્યા છે. ઈશ્વરને સર્વ જીવોને કલ્યાણનો માર્ગ બતાવનારા માનવામાં આવ્યા છે. જૈન ગ્રન્થોમાં 'તારે તે તીર્થ' એમ કહેવામાં આવ્યું છે તેમ જ તીર્થ પ્રવર્તનારને તીર્થંકર કહેવામાં આવ્યા છે. જિનપ્રતિમા અને જિનઆગમો વર્તમાન સમયે સૌના માટે આલંબનરૂપ છે અને તેના વડે જ ભવસમુદ્રને પાર કરી શકાય છે.

સ્વાધ્યાય

ડો. રમણલાલ ચી. શાહે સ્વાધ્યાયની જુદી જુદી શાસ્ત્રીય વ્યાખ્યાઓ સમજાવીને કહ્યું હતું કે જૈનધર્મમાં સ્વાધ્યાયને અભ્યંતર તપના એક પ્રકાર તરીકે સ્વીકારવામાં આવ્યો છે. 'સ્વ'નુ અધ્યયન તે સ્વાધ્યાય. એટલે સ્વાધ્યાયથી આત્મસ્વરૂપની ઉપલબ્ધિ થવી જોઇએ. ગમે તે પ્રકારના સાહિત્યનું વાંચન તે જૈન દૃષ્ટિએ સ્વાધ્યાય નથી. તે માત્ર વાંચન છે. તે સમ્યગ્ શ્રુતનું હોય કે મિથ્યા શ્રુતનું પણ હોય. સ્વાધ્યાયમાં ફકત સમ્યગ્ શ્રુતનું વાંચન જ હોવું જોઇએ. એના અભ્યાસમાં પુનરુક્તિનો દોષ શાસ્ત્રકારોએ ગણાવ્યો નથી, બલકે પુનરુક્તિને ગુણરૂપે દર્શાવી છે. વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એમ સ્વાધ્યાયના પાંચ પેટાપ્રકાર દર્શાવ્યા છે. સાધુઓએ દિવસ અને રાત્રે મળીને વધુમાં વધુ સમય સ્વાધ્યાયમાં ગાળવો જોઇએ એવું વિધાન છે. સ્વાધ્યાયથી કર્મની ઘણી નિર્જરા થાય છે અને તેથી મોક્ષમાર્ગમાં તે ભવ્ય જીવોને અનન્ય ઉપકારક થાય છે.

સૂક્ષ્મધર્મ અહિંસા

પ્રા. મલૂકચંદ ર. શાહે આ વિષય પર પોતાનું વકતવ્ય રજૂ કરતાં જણાવ્યું હતું કે અહિંસાનું પ્રતિપાદન સર્વધર્મમાં જોવા મળે છે પરંતુ 'અહિંસા પરમોધર્મ' કહીને જૈનધર્મમાં તેને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું છે અને તેનું સૂક્ષ્મ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જૈનોમાં તો અહિંસા ધર્મની યથાર્થતા સાથે જ બધાં મહાવ્રતો અને સાધના છે. ઉત્કૃષ્ટ ધર્મના અંગરૂપ સંયમ અને તપ અહિંસાની સિદ્ધિને અર્થે છે.

આદર્શ શ્રાવક

પ્રા. અરુણ જોશીએ આ વિષય પર બોલતાં જણાવ્યું કે જૈનધર્મના અનુયાયીને શ્રાવક કહેવામાં આવે છે. જિનેશ્વરને આરાધ્યદેવ ગણનારો, રાગદ્વેષથી અલિપ્ત રહેનારો, સર્વ પ્રત્યે પ્રીતિ રાખનારો, સમતા અને ક્ષમાને ધારણ કરનારો, દયાને મહત્ત્વ આપનારો, પાપકર્મનો નાશ કરી મોક્ષમાર્ગે સંચરનારો શ્રાવક આદર્શ શ્રાવક કહેવાય છે. હેમચંદ્રાચાર્ય રચિત 'યોગશાસ્ત્ર'માં શ્રાવકના માર્ગાનુસારીપણાના પાંત્રીસ ગુણ વર્ણવવામાં આવ્યા છે.

જૈનધર્મ અને તપશ્ચર્યા

પ્રા. ઉત્પલાબહેન કાંતિલાલ મોદીએ આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે તપ એ આત્માની શુદ્ધિનો શ્રેષ્ઠ ઉપાય છે. જૈન ધર્મમાં તપનું ભારે મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે બાહ્યતપ અને અભ્યંતર તપની જૈન ધર્મની ભાવના મોક્ષલક્ષી છે. તપ એ જૈન સંસ્કૃતિનું પ્રાણતત્ત્વ છે. તપથી કર્મની નિર્જરા થાય છે, આત્માની મલિનતા ધોવાય છે અને સંપૂર્ણ કર્મક્ષય કરી જીવાત્મા મોક્ષગતિ પામી શકે છે.

જીવન જીવવાની કળા: જૈન ધર્મની દૃષ્ટિએ

શ્રી નટવરલાલ એસ. શાહે આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે જૈન ધર્મની દૃષ્ટિએ સર્વ દુઃખોનું મૂળ પરિગ્રહ છે. સંતોષ એ જીવનનું પરમ ધન છે, પરંતુ આજે સંતોષ છે કયાં? માત્ર અર્થપ્રાપ્તિ જ જીવનનું લક્ષ નથી. જૈનધર્મ ત્યાગપ્રધાન ધર્મ છે. તપ અને સંયમનું જૈનોમાં ભારે મહત્ત્વ છે. જીવન જીવવાની બરી ચાવી જૈનધર્મે દર્શાવેલા શ્રાવકનાં બાર વ્રતોમાં છે. સમતાની પ્રાપ્તિ માટે સામાયિક જેવી ક્રિયાનું અને દિવસ તથા રાત્રે લાગેલા દોષોના પ્રાયશ્ચિતરૂપે દેવસી અને રાઇ પ્રતિક્રમણનું જૈનધર્મમાં ભારે મહત્ત્વ છે.

રાજમાર્ગ: શ્રીમદ્ રાજચંદ્ર પ્રકાશિત વિતરાગ માર્ગ

શ્રી ગોવિંદજી જીવરાજ લોડાયાએ આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે આજના કપરા કાળમાં શ્રીમદ્ રાજચંદ્ર વિરચિત તત્ત્વચિંતન અધ્યાત્મ માર્ગના પ્રવાસીઓ માટે પરમ શાંતિરૂપ ગણાવી શકાય. આ યુગપુરુષનું કથન, કવન અને કલાપૂર્ણ તત્ત્વ વિશ્લેષણ ભવદુઃખને દૂર કરવાનું સામર્થ્ય ધરાવે છે.

(ક્રમશ:)

નામકરણ

(પૃષ્ઠ ૧૫૬ ચાલુ)

આપેલાં નામો ઝટ ઝટ બદલાવીને પોતાના નેતાઓનાં નામ આપે છે. એમાં પણ કયારેક દ્વેષ, સ્પર્ધા, અહંકાર, સંકુચિતતા ભાગ ભજવી જાય છે.

થોડા સમય પહેલાં દક્ષિણ ભારતના એક શહેરમાં વિશ્વ ધર્મ પરિષદમાં ઉપસ્થિત રહેવાનું થયું હતું. ત્યાં ગયો ત્યારે જોવા મળ્યું કે એ પરિષદમાં ભારત બહારથી કોઈ પ્રતિનિધિ આવ્યા ન હતા. ખુદ ભારતમાંથી પણ મારા જેવા સાત-આઠ પ્રતિનિધિઓથી વધારે ન હતા. ત્રણસો જેટલા શ્રોતાઓ એ શહેરના પોતાના જ હતા. લગભગ બધા જ હિન્દુ ધર્મના પ્રતિનિધિ હતા. ઈસ્લામ, યહૂદી કે બૌદ્ધ ધર્મના કોઈ પ્રતિનિધિ ન હતા. વસ્તુત : બહારની વ્યકિતઓને ખાસ નિમંત્રણો અપાયાં જ નહોતાં. ખર્ચની-ભોજન-ઉતારાની ઘણી મર્યાદા હતી, છતાં એક ધર્મ નેતાના અહંકારને સંતોષવા ખાતર પરિષદને વિશ્વધર્મ પરિષદ એવું નામ અપાયું હતું. હમણાં હમણાં દુનિયામાં આવી કેટલીય પરિષદો અને સંમેલનો યોજાય છે કે જેમાં નામ ઘણું મોટું હોય છે પરંતુ કાર્ય કે કાર્યક્ષેત્ર તો અલ્પ માત્ર હોય છે. વર્લ્ડ કોન્ફરન્સો કે અખિલ ભારતીય સંમેલનો વારંવાર યોજાય છે, પરંતુ તેમાં પ્રતિનિધિત્વ તો તે નગરનું પણ પૂરું હોતું નથી. કેટલાક ઉદ્યોગપતિઓ, સાહિત્યકારો, પત્રકારો, અર્થશાસ્ત્રીઓ, કેળવણીકારો પોતાના દંભી આત્મસંતોષને ખાતર આવી પરિષદોને ઈરાદાપૂર્વક મોટાં ભ્રામક નામો આપે છે અને લોકો છાપાઓમાં એના અહેવાલો વાંચી ઘડીભર અંજાઈ જાય છે; પરંતુ જે જાણે છે તે જાણે છે અને આત્મવંચનાને માણે છે.

નામકરણની બાબતમાં અનુકરણની વૃત્તિ લોકોમાં વિશેષપણે રહેલી હોય છે. કોઈ એક નામ બહુ પ્રખ્યાત થઈ ગયું હોય તો તે નામ માટેની પોતાની યોગ્યતા હોય કે ન હોય તે વિચાર્યા વગર તે પાડવા માટે માણસો લલચાય છે. વર્લ્ડ ટ્રેડ સેન્ટર ન્યુયોર્કમાં પ્રખ્યાત થયા પછી મુંબઈ અને અન્ય સ્થળે એવાં નામ વપરાયાં છે, પરંતુ તે ઉપહાસપાત્ર બની રહ્યાં છે.

પોતાની નવી દુકાન કે કંપનીને શું નામ આપવું એ પણ કેટલાકને મૂંઝવતો પ્રશ્ન છે. દુનિયામાં કરોડો દુકાનો, કંપનીઓ, ઉદ્યોગો, પેઢીઓ છે. એમાં કેટલાંય નામ સાવ સામાન્ય પ્રકારનાં છે. નવાં નામો બહુ ચલણી બની જતાં ઘડીકમાં જૂનાં થઈ જાય છે. હમણાં હમણાં ગુજરાતમાં દુકાનોનાં નામ માટે 'કોર્નર' કે 'સેન્ટર' જેવા અંગ્રેજી શબ્દો વધુ પ્રચલિત થયા છે. કેટલીય દુકાનોનાં 'સેન્ટર' નામ હોય પરંતુ તે સેન્ટરમાં જ હોય અથવા તે જ સેન્ટર હોય એવું નથી. દુકાનનું નામ 'કોર્નર' હોય તો પણ તે કોર્નરમાં હોય નહિ. 'જલારામ પાન કોર્નર' નામની દુકાન હોય, પરંતુ તેથી તે કોર્નરમાં છે અથવા તે કોર્નર જ છે એવું હોતું નથી.

હમણાં એક ચોપાનિયું ટપાલમાં આવ્યું. નામ હતું 'વિશ્વ હિન્દુ ટાઇમ્સ.' ચાર પાનાંના એ ચોપાનિયામાં વિશ્વની કોઈ વાતો ન હતી. સમગ્ર ભારતની વાતો પણ ન હતી. હિન્દુ ધર્મ અને હિન્દુ સમાજની પણ તેમાં ખાસ કોઈ વાતો ન હતી. ઓળખાણનો લાભ લઈ, જાહેરખબરો મેળવી થોડાં પૈસા અને પ્રસિદ્ધિ મેળવી લેવા સિવાય બીજી કોઈ ગુંજાયેશ એ પત્રમાં નહોતી. આટલા નાના પતાકડાને આખા વિશ્વનું નામ આપવા પાછળ શો આશય હશે એવો વિચાર કરીએ તો કેટલાય ગંભીર અને રમૂજી તર્ક કરી શકાય.

દુનિયાની ઘણી બધી ભાષાઓમાં છાપાંઓ અને સામયિકો પ્રગટ થાય છે. વખતોવખત નવાં નવાં નામ અસ્તિત્વમાં આવે છે, પરંતુ તે જો કંઈ સામર્થ્ય બતાવે છે તો જ તેનું નામ પ્રચલિત બને છે અને તે લોકજીભે ચઢી જાય છે; નહિ તો થોડા સમયની આવરદા ભોગવી કાળના ગર્ભમાં તે વિલીન થઈ જાય છે

શાળાઓ, કોલેજો, હોસ્પિટલો, ધર્મશાળાઓ, હોટલો, ધર્માદા સંસ્થાઓ, દુકાનો, મારકેટો કે એવા પ્રકારની બીજી સંસ્થાઓનાં મકાનોને જે નામો અપાય છે એમાં પણ વખતોવખત પરિવર્તન થયા કરે છે. ધર્માદા સંસ્થાઓમાં જૂના દાતાઓનાં નામ, ફોટા કે પૂતળાં જીર્ણ થઈ જાય છે અને નવા દાતાઓનાં નામ, ફોટા કે પૂતળાં પ્રસ્થાપિત થઈ જાય છે. એ બધાનું આયુષ્ય મકાનના આયુષ્ય જેટલું, સૈકા-બે સૈકાથી વધુ સમય ભાગ્યે જ રહેતું હોય છે.

તાજમહાલ, કુતુબમિનાર, રાણકપુર, દેલવાડા, અજન્ટા-ઇલોરા, શ્રવણ-બેલગોડા વગેરે ભવ્ય નામાંકિત પ્રાચીન કૃતિઓ પોતાના નામથી હજારેક વર્ષથી વધુ સમય પ્રસ્થાપિત રહી શકે છે; પરંતુ એવી કૃતિઓની પણ આયુષ્ય મર્યાદા હોય છે. નદી, પર્વત, કે તારાઓનાં મહિમાવંત નામો જેટલા લાંબા સમય સુધી રહે એટલાં આવી કૃતિનાં નામ ટકી શકતાં નથી. કુદરતમાં ચારે બાજુ જીર્ણતાનું તત્ત્વ સતત કાર્ય કરે છે અને અનેક મોટી મોટી કૃતિઓ, આકૃતિઓ કે મોટાં મોટાં નામો કાળના યજ્ઞમાં હોમાઈ જાય છે.

જે સંસ્થા, સામયિક કે એવી બીજી કોઈ પ્રવૃત્તિના પાયામાં પુણ્યશાળી વ્યકિતઓની અહંકારરહિત, નિઃસ્વાર્થ, સર્વના કલ્યાણની શુભ ભાવના રહેલી હોય છે તેવી પ્રવૃત્તિનાં મૂળ ઊંડાં અને લાંબા સમય સુધી સજીવ રહ્યા કરે છે. તેવી પુણ્યશાળી વ્યકિત તો ચાલી જાય છે, પરંતુ એની પ્રવૃત્તિને પોષણ આપનારી નવી સંનિષ્ઠ, સેવાભાવી પેઢીઓ સમયે સમયે તેમને મળતી રહે છે.

'What is there in a Name?' અથવા 'નામ તેનો નાશ છે!' જેવી કેટલીક ઉકિતઓ લોકપ્રચલિત છે. નામનો મહિમા નથી એમ ન કહી શકાય, પરંતુ નામમાં જ સર્વસ્વ આવી જાય છે એમ પણ ન કહી શકાય. વસ્તુતઃ નામ બહુ સરસ, ચમત્કૃતિભરેલું, આકર્ષક હોય કે સાવ સામાન્ય હોય: વ્યકિત કે કૃતિનું સામર્થ્ય જ નામને વધુ જીવંત બનાવી દે છે. મહાન વ્યકિતઓ કે કૃતિઓ પોતાના અસામાન્ય સૌરભભર્યા, સામર્થ્યયુકત કાર્યથી પોતાનાં નામનો મહિમા ચારે બાજુ પરિમલની જેમ પ્રસરાવી શકે છે.

—રમણલાલ ચી. શાહ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૮૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦ ૦૦૪.